# સજ્ઝાય સરિતા



: સંપાદક :

આ. વિ. યોગતિલક સૂરિ મ.

॥ ૐ હ્રીં શ્રીં ધરણેન્દ્રપદ્માવતી પરિપૂજિતાય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી બુદ્ધિ-તિલક-શાંતિચન્દ્ર-કનકપ્રભ-સોમચન્દ્ર-જિનચન્દ્રસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

# સજ્ઝાય સરિતા

## (તરંગ ૧ થી ૭)

❉ ❉ ❉

-: સંપાદક :-
પ.પૂ. આશ્રિતગણ નેતા આચાર્યદેવેશ
**શ્રીમદ્ વિજય જિનચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
પ.પૂ. વાત્સલ્ય વારિધિ આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય સંયમરત્ન સૂરીશ્વરજી મહારાજાના**
**શિષ્યરત્ન આ.વિ. યોગતિલક સૂરિ**

❉ ❉ ❉

-: પ્રકાશક :-
સંયમ સુવાસ

# સજ્ઝાય સરિતા

પ્રથમાવૃત્તિ: ૧૦૦૦ પ્રત: વિ.સં. ૨૦૬૧

પ્રાપ્તિ સ્થાન

**"સંયમ સુવાસ"**

શેઠ જમનલાલ જીવતલાલ

જૂનાગંજ બજાર, ભાભર,

જિ. બનાસકાંઠા, પીન : ૩૮૫૩૨૦.

ફોન : ૨૨૨૧૨૭/૨૨૨૦૨૭

✻ ✻ ✻

**દીનેશભાઈ સોહનલાલ શાહ**

૨૦૩, કેન્ટ ગાર્ડન, જામલી ગલી,

ટી.પી.એસ. ૩, બોરીવલી (વેસ્ટ),

મુંબઈ-૪૦૦ ૦૯૨.

ફોન : ૩૧૦૭૮૫૪૦



-: આર્થિક સહકાર :-

**શ્રી ભાભર શ્વે. મૂ.**

**જૈન સંઘના**

**જ્ઞાન**

**ખાતામાંથી**



## -: પ્રાસ્તાવિકમ્ :-

પરમાત્માનું શાસન અજોડ છે. શાસનની આરાધના કર્યા વગર કોઈ જીવ આત્મહિત કરી શકતો નથી. આરાધના પરમાત્મ શાસનના રહસ્યો પામ્યા સિવાય શક્ય નથી. રહસ્યોને શાસ્ત્રોમાંથી પામવા અતિદુષ્કર છે કારણ કે શાસ્ત્રો અતિગહન છે અને તે પણ સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં ગ્રંથસ્થ છે.

આબાલ-ગોપાલ સર્વે જીવો પરમાત્મ-શાસનના ગહન રહસ્યો સહેલાઈથી પામી શકે તે માટે મહાપુરુષોએ અતિરોચક શૈલીમાં કાવ્યરૂપે સજ્ઝાયોનું સર્જન કરી અનન્ય ઉપકાર કર્યો છે સ્વસ્વાધ્યાય કે પ્રતિક્રમણાદિ અવસરે બોલાતી આ સજ્ઝાયો અનેક આત્માઓને સન્માર્ગની પ્રાપ્તિ પાપનો પ્રતિઘાત અને ગુણોનું આધાન કરાવનારી બની છે.

પ.પૂ. આશ્રિતગણહિતચિંતક આચાર્યદેવ શ્રીમદ્ વિજયજિનચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રથમ શિષ્ય તરીકે જેમને સૌભાગ્ય સાંપડ્યું હતું તે પૂ.મુ.શ્રી જયેશવિજયજી મ. મોટી ઉંમરે દીક્ષા લીધા પછી સજ્ઝાયો દ્વારા સ્વ-પર અનેક જીવોને લાભ કરનારા બન્યા હતા. તેમની સજ્ઝાય પ્રત્યેના પ્રેમને કારણે જ આ પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે.

વર્તમાનમાં વધુ પ્રસિદ્ધ તેમજ ઉપયોગી એવી ૪૩૨ સજ્ઝાયોનું સંકલન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

આ સજ્ઝાયોને સરળતા અને વિષયાનુકૂળતા અને ઉપયોગિતા ધ્યાનમાં રાખીને ૭ તરંગ (વિભાગ)માં વહેંચવામાં આવી છે.

તરંગ પ્રથમમાં વિવિધ ચરિત્રોની (૧ થી ૨૦૨) સજ્ઝાય છે.
તરંગ દ્વિતીયમાં આગમોની (૨૦૩ થી ૨૦૭) સજ્ઝાય ઢાળ રૂપે છે.
તરંગ ત્રીજામાં પર્વતિથિઓની (૨૦૮ થી ૨૨૦) ૧૩ સજ્ઝાય છે.
તરંગ ચોથામાં પાપસ્થાનકની (૨૨૧ થી ૨૩૫) ૧૫ સજ્ઝાય છે.
તરંગ પાંચમામાં આત્મગુણપોષકની (૨૩૬ થી ૨૫૭) ૨૨ સજ્ઝાય છે.
તરંગ છઠ્ઠામાં વૈરાગ્યની (૨૫૮ થી ૩૨૮) ૭૧ સજ્ઝાય છે.
તરંગ સાતમામાં વૈવિધ્યસભર (૩૨૯ થી ૪૩૨) ૧૦૪ સજ્ઝાય છે.

★ અનુક્રમણિકામાં સજ્ઝાયોને સળંગ નંબર આપ્યા છે દરેક તરંગમાં સજ્ઝાયોના નામ અકારાદિના અનુક્રમે જ આપવામાં આવ્યા છે.

★ પ્રુફ તૈયાર થયા પછી કેટલીક ઉપયોગી સજ્ઝાય જરૂરી લાગવાથી પાછળથી ઉમેરી છે અનુક્રમ નંબર બદલવા મુશ્કેલ હોવાથી જે-તે અનુક્રમ નંબરમાં જ (ક)-(ખ) રીતે ઉમેરેલ છે.

★ કયા વિભાગમાં (તરંગ) કઈ સજ્ઝાય છે ? તેનો નિર્ણય આ પુસ્તકનો ઉપયોગ કરનારને કદાચ ખ્યાલમાં ન આવે તો તેમની સુવિધા માટે દરેક સજ્ઝાયમાં આવતાં દુહા, સજ્ઝાયના પ્રથમ પદ અને દરેક ઢાળના પ્રથમ પદની અકારાદિ પ્રમાણે અનુક્રમણિકા બનાવી પરિશિષ્ટ તરીકે મૂકવામાં આવી છે. તેથી સજ્ઝાય શોધવી સરળ બનશે.

★ અમુક સજ્ઝાયો વાસ્તવિક રીતે રાસની ઢાળો છે છતાં સજ્ઝાય તરીકે પ્રસિદ્ધ છે. તેમાં જે રાસોનો આધાર મળ્યો છે તે તે સજ્ઝાયની નીચે લખેલ છે.

★ જૈન ગુર્જર કવિ ભા. ૧ થી ૧૦ અને સજ્ઝાય સાગર ભા. ૧ થી ૪ આ બેના આધારે સજ્ઝાય પ્રાચીન છે કે અર્વાચીન કે અન્ય ગચ્છીય-તેનો વિચાર કરવાનો યત્ન કર્યો છે.

તેમાં જે સજ્ઝાય અંગે નિર્ણય થયો છે તે અંગે પ્રાચીન સજ્ઝાયમાં કોઈ નિશાની કરવામાં આવી નથી. જ્યારે અન્યગચ્છીય સજ્ઝાય અંગે સજ્ઝાયના નામની બાજુમાં 'x' આવું નિશાન કરવામાં આવ્યું છે જ્યારે અર્વાચીન સજ્ઝાય અંગે સજ્ઝાયના નામની બાજુમાં '+' આવું નિધાન કરવામાં આવ્યું છે જ્યારે અન્યગચ્છીય કે અર્વાચીનનો નિર્ણય થઈ શક્યો નથી. તેવી સજ્ઝાયોના નામની બાજુમાં '?' આવું નિશાન કરવામાં આવ્યું છે.

સજ્ઝાયના પુસ્તકો આજ સુધી ઘણા પ્રગટ થઈ ચૂક્યા છે પરંતુ સર્વને માટે ઉપકારક હોવાથી આવા સંસ્કરણો હંમેશાં આદરણીય બન્યા છે. અનેક પ્રાચીન સજ્ઝાયોથી સમૃદ્ધ આ સંસ્કરણ પણ આદરનીય બનશે એ બાબત નિ:શંક છે.

સજ્ઝાયના પરમાર્થ સ્વરૂપ 'સ્વ આત્મામાં વસવું' આ ભાવને સૌ પામે એ જ એક અભિલાષા.

## -: સજ્ઝાય સંખ્યા :-

| ક્રમાંક | વિષય | સંખ્યા | ચિહ્ન |
|---|---|---|---|
| ૧ | પ્રાચીન તપાગચ્છીય | ૩૩૫ | કંઈ નહીં. |
| ૨ | શંકિત | ૬૨ | (?) |
| ૩ | અન્યગચ્છીય | ૩૧ | (X) |
| ૪ | નવ્ય | ૧૦ | + |
| | કુલ | ૪૩૮ | |

## -: અર્વાચીન સજ્ઝાયો :-

| ક્રમાંક | કર્તા | સજ્ઝાય ક્રમાંક |
|---|---|---|
| ૧ | શ્રી ઉદય વિજય-ઉદયસૂરિજી (શ્રી નીતિસૂરિ શિષ્ય) | ૧૦૯, ૧૯૮, ૨૯૨, ૩૫૨ |
| ૨ | શ્રી કનકવિજય-કનકસૂરિજી (શ્રી હીરવિજયજી શિષ્ય) | ૧૯૯ |
| ૩ | શ્રી કપૂરવિજયજી (સદ્‌ગુણાનુરાગી) | ૩૫૮ |
| ૪ | શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી મહારાજ) (શ્રી ચારિત્રવિજયજી શિષ્ય) | ૨૧૩ (ક) |
| ૫ | શ્રી ન્યાયસાગરજી (શ્રી સાગરાનંદસૂરિ પ્રશિષ્ય) | ૧૫૪, ૩૭૩ |
| ૬ | શ્રી બુદ્ધિસાગરસૂરિ | ૩૮૯ |

## -: અન્ય ગચ્છીય સજ્ઝાયો :-

| ક્રમાંક | કર્તા | ગચ્છ | સજ્ઝાય ક્રમાંક | આધાર સ્થાન |
|---|---|---|---|---|
| ૧. | કનક કીર્તિ | ખ. | ૧૦૭ | જૈ.ગુ.ક.ભા. ૩ પે.નં. ૨૯૬ |
| ૨. | કાન્હમુનિ | લો. | ૪૦૮ | જૈ.ગુ.ક.ભા. ૫ પે.નં. ૬૦ |
| ૩. | ક્ષમાકલ્યાણ | ખ. | ૧૭૦ | જૈ.ગુ.ક.ભા. ૫ પે.નં. ૧૨૬ |
| ૪. | જિનરાજ | ખ. | ૪૧ | જૈ.ગુ.ક.ભા. ૫ પે.નં. ૪૦૭ |
| ૫. | જિનહર્ષ | ખ. | ૬૩,૮૫,૧૮૪,૨૯૮,૪૧૯ | જૈ.ગુ.ક.ભા. ૪ પે.નં. ૮૨ |
| ૬. | પદ્મરાજ | ખ. | ૩૭૬ | જૈ.ગુ.ક.ભા. ૨ પે.નં. ૨૬૪ |
| ૭. | ભાવપ્રભસૂરિ | પૌ. | ૧૬૪, ૨૪૭ | જૈ.ગુ.ક.ભા. ૫ પે.નં. ૧૬૫ |
| ૮. | મતિહંસ | ખ. | ૨૧૫ | જૈ.ગુ.ક.ભા. ૪ પે.નં. ૩૧૩ |
| ૯. | મહમદ | મુ. | ૪૦૨ | (હસ્તપ્રત ઝેરોક્ષ અમારી પાસે) |
| ૧૦. | મહાનંદ | લો. | ૧૯૧, ૪૨૫ | જૈ.ગુ.ક.ભા. ૬ પે.નં. ૨૬ |
| ૧૧. | માલમુનિ | લો. | ૨૧ | જૈ.ગુ.ક.ભા. ૬ પે.નં. ૩૯ |
| ૧૨. | મેઘરાજ | ખ. | ૧૫૦ | જૈ.ગુ.ક.ભા. ૩ પે.નં. ૪ |
| ૧૩. | રાયચંદ (રામચંદ) | લો. | ૫૨ (ક), ૧૧૮ | જૈ.ગુ.ક.ભા. ૬ પે.નં. ૧૯ |
| ૧૪. | વિદ્યાકીર્તિ | ખ. | ૭૪ | જૈ.ગુ.ક.ભા. ૩ પે.નં. ૧૪૭ |
| ૧૫. | શ્રીદેવ | ખ. | ૭૫ (ક) | જૈ.ગુ.ક.ભા. ૫ પે.નં. ૪૧૦ |
| ૧૬. | સમયસુંદર | ખ. | ૯,૨૭,૧૦૨,૩૭૨,૩૮૩ | જૈ.ગુ.ક.ભા. ૨ પે.નં. ૩૦૬ |
| ૧૭. | સાકળચંદ | શ્રા. | ૩૦ | જૈ.ગુ.ક.ભા. ૪ પે.નં. ૨૨૪ |
| ૧૮. | સુંદરમુનિ | લો. | ૯૦ | જૈ.ગુ.ક.ભા. ૫ પે.નં. ૩૪૯ |
| ૧૯. | સુરીન્દુ (સૂરચંદ) | ખ. | ૧૯૦ | જૈ.ગુ.ક.ભા. ૨ પે.નં. ૩૮૭ |

## -: સંકેત સૂચિ :-

ખ. - ખરતર, લો. - લોંકા, પૌ. - પૌર્ણમિક, મુ. - મુસલમાન, શ્રા. - શ્રાવક,

જૈ.ગુ.ક.ભા.-જૈન ગુર્જર કવિઓ ભાગ, પે.નં. - પેજ નંબર



પ.પૂ. વેયાવચ્ચી મુનિરાજ શ્રી જયેશવિજયજી મ.સા.

આશ્રિતગણહિતૈકલક્ષી **પરમ પૂજ્ય આચાર્યદેવેશ**

**શ્રીમદ્ વિજય જિનચન્દ્રસૂરીશ્વરજી મહારાજના** પ્રથમ શિષ્યરત્ન પરમવેયાવચ્ચી

**મુનિરાજ શ્રી જયેશ વિજયજી મ.સા.**ની

# જીવન ઝાંખી

**ગરવા ગુજરાતના બેમિશાલ બનાસકાંઠામાં પ્રખ્યાત પાંથાવાડા નગરે.**

શ્રેષ્ઠિવર્ય શ્રી જેતમલજીના ગૃહે શુભદિવસે ને શુભચોઘડીયે એક પુત્ર રત્નનો જન્મ થયો અને તે બાળકનું નામ હતું કેશરીમલ. સંસારના નિયમાનુસાર યૌવનવયને પામેલાં તે કેશરીમલને એક ધર્મીકન્યા સાથે માતા-પિતાએ લગ્ન કરાવ્યું, તે કન્યાનું નામ હતું નાનુબેન.

કેશરીમલ અને તેમના અર્દ્ધાંગીની નાનુબેન બંન્નેના લગ્નજીવનનો પ્રારંભ અને તેના ફળરૂપે થયેલ એક પુત્રીનો જન્મ. ત્યારબાદ વ્યવસાયાર્થે નજીકનું શહેર નવાડીસામાં કરેલ વસવાટ. ત્યાં પણ નાનુબેનની ધર્મભાવનાઓની થયેલ વૃદ્ધિ અને કેશરીમલભાઈ તો વ્યસનોના સેવન દ્વારા સંસારમાં કરેલ આગેકૂચ. આમ બંન્ને પતિ-પત્નીની દિશા વિરૂદ્ધ હોવાં છતાં તેમાં નાનુબેનનો થયેલ વિજય.

''સત્યમેવ જયતે'' એ સનાતન સત્ય અનુસાર કાંઈક ધર્મ તરફ વળેલાં કેશરીમલભાઈ. દેરાસર-ઉપાશ્રય જવું, સામાયિક-પ્રતિક્રમણ કરવું... વગેરે કરવા છતાં મન ન ચોટે. પણ કો'ક એવી શુભપળે કેશરીમલભાઈના જીવનમાં આમૂલચૂલ પરિવર્તન આવ્યું અને તે ભાવવાં લાગ્યા દીક્ષાના ભાવ.

વિ.સં. ૨૦૩૪ના શુભ વર્ષે, વૈશાખ સુદ ૧૪ના શુભ દિવસે પાંથાવાડા નગરના શુભ સ્થળે **આ.શ્રી. વિજય રત્નશેખર સૂરિ મ.સા., પં. શ્રી સોહનવિજયજી ગણી., મુ. શ્રી જિનચંદ્ર વિજયજી મ.સા.** આદિ ગુરૂભગવંતોની શુભનિશ્રાએ કેશરીમલભાઈ અને નાનુબેન બંન્ને પુણ્યાત્માઓએ સ્વીકારી ભાગવતી પ્રવ્રજ્યા.

કેશરીમલભાઈ બન્યાં **મુનિરાજ શ્રી જિનચન્દ્ર વિજયજી મ.સા.** ના પ્રથમશિષ્ય **મુનિ શ્રી જયેશવિજયજી મ.સા.** અને નાનુબેન બન્યાં **સા. શ્રી ગુણલતાશ્રીજી મ.સા.**ના શિષ્યા **સા. શ્રી. ગિરિરત્નાશ્રીજી મ.સા.**

ત્યારબાદ જેઠ સુદ ૧૧ના શુભ દિવસે તેઓએ પ્રાપ્ત કરી વડી દીક્ષા. ગુરુભક્તિ, વૈયાવચ્ચ, સરળતા આદિ ગુણોને આત્મસાત્ કરવા દ્વારા મુક્તિ પંથના પથિક બન્યાં મુનિશ્રી, તેમના વૈયાવચ્ચ ગુણની તો શું વાત કરૂં, પ્રાય: ૮૨ વર્ષની જૈફ વયે પણ ગોચરી જવાનું જ પછી ભલેને શ્વાસ ચડે. પં.શ્રી સોહન વિજયજી મ.સા.ની ખૂબ સેવા કરી અંતે પોતાના ગુરૂદેવ **શ્રી વિજય જિનચંદ્રસૂરિ મ.સા.**ની પણ અપૂર્વ સેવા કરી, જીવનયાત્રાના અંતિમ દિને પણ નવકારશીની ગોચરી પણ પોતેજ લાવીને વપરાવી વળી પોતાનાથી નાના સહવર્તીઓની પણ એજ રીતે વૈયાવ્રચ્ચ કરતાં એ પ્રમાણે અત્યંત કર્મનિર્જરા કરવા દ્વારા બન્યા તેઓ સિદ્ધિના સાધક.

તેમની જ્ઞાનસાધના પણ અપૂર્વ હતી, મોટી ઉંમરે પણ સંયમગ્રહીને શ્રમણ ક્રિયાના સૂત્રો અને ૫૦ જેવી સજ્ઝાયો વગેરે કરવા દ્વારા બન્યા જ્ઞાનના ઉપાસક.

વિ.સં. ૨૦૫૨નું એ અંતિમ ચાતુર્માસ થયું ભાભર નગરની ભવ્ય ભૂમિ પર, તે ચાતુર્માસમાં ભાભર નગરને તીર્થ બનાવી જતો શતાબ્દી મહોત્સવ થયો અને તે મહોત્સવના સુવર્ણ વર્ષાથી અદ્દભૂત બનેલા છઠ્ઠા દિવસની રાત્રિએ સંથારા પોરસી ભણાવ્યાં બાદ ૧૧.૦૫ કલાકે હૃદય રોગના હુમલાથી સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા અને બીજા દિવસે સવારે હજારોના માનવ મહેરામણ વચ્ચે બેન્ડ, ઢોલ, શરણાઈ વગેરે વિવિધ વાજીંત્રો સહિત પાલખી નીકળી અને સારા ચડાવાઓ સાથે અગ્નિસંસ્કાર થયો. એ રીતે તેમનું મૃત્યુ પણ બન્યું મહોત્સવ.

**કોટી-કોટી વંદન તે મુનિવરને.....**



# સજ્ઝાય સરિતા

## -: વિષયાનુક્રમ :-


| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | | તરંગ - ૧<br>(વિવિધ ચરિત્રોની સજ્ઝાયો) | | | |
| ૧ | અઈમુત્તા મુનિની | વીર જિણંદ વાંદીને ગૌત્તમ | ૨૩ | શ્રી રત્નસાગરજી | ૨ |
| ૨ | અઈમુત્તા મુનિની | સંયમ રંગે રંગ્યું જીવન | ૬ | શ્રી જ્ઞાનવિમલજી | ૩ |
| ૩ | અઢાર નાતરાંની | મથુરા નગરીરે કુબેરસેના | ૧૦ | શ્રી નયવિમલજી | ૪ |
| ૪ | અઢાર નાતરાંની | પહેલાં તે સમરૂં પાસ પંચાસરો | ૧૨ | શ્રી હેતવિજયજી | ૫ |
| | ઢાળ - ૨ | એક દિન બેઠા માળીયે રે લાલ | ૧૪ | શ્રી હેતવિજયજી | |
| | ઢાળ - ૩ | ઈણ અવસર નાનો બાલુડો રે | ૧૦ | શ્રી હેતવિજયજી | |
| ૫ | અઢાર નાંતરાંની | વીર ધીર ગંભીરવર (દુહો) | ૫ | શ્રી કીર્ત્તિવિજયજી | ૯ |
| | ઢાળ - ૧ | હારે મારે વર્તુલાકારે વિસ્તરીયો | ૧૩ | શ્રી કીર્ત્તિવિજયજી | |
| | દુહા | તવ મંજુષા તિહાં થકી | ૩ | શ્રી કીર્ત્તિવિજયજી | |
| | ઢાળ - ૨ | નગરી તે માંહે વાસો વસે | ૧૩ | શ્રી કીર્ત્તિવિજયજી | |
| | દુહા | અહો ! વિધાતા મુજ એહનું | ૫ | શ્રી કીર્ત્તિવિજયજી | |
| | ઢાળ - ૩ | તાત કહે સુણ કુંઅરી | ૧૯ | શ્રી કીર્ત્તિવિજયજી | |
| | દુહા | કઠીન ઈમ નિર્જર કરી | ૧૦ | શ્રી કીર્ત્તિવિજયજી | |
| | ઢાળ - ૪ | હાલો વીરા ! હાલો બાંધવ ! | ૧૧ | શ્રી કીર્ત્તિવિજયજી | |
| | દુહા | સાધ્વી કહે સુણજો સહુ | ૫ | શ્રી કીર્ત્તિવિજયજી | |
| | ઢાળ - ૫ | તારો હો, અમ તારો તરણ | ૧૩ | શ્રી કીર્ત્તિવિજયજી | |
| ૬ | અનાથી મુનિની | બંભસારે વનમાં ભમતાં | ૧૦ | શ્રી ઉદયરત્નજી | ૧૯ |
| ૭ | અમકા સતીની | અમકાતે વાદળ ઉગીયો સૂર | ૨૩ | શ્રી વીરવિજયજી | ૨૦ |
| ૮ | અમરકુમારની | રાજગૃહી નગરી ભલી | ૫૨ | "કવિયણ" | ૨૧ |
| ૯ | અરણિક મુનિની | અરણીક મુનિવર ચાલ્યા | ૧૦ | શ્રી સમયસુંદરજી | ૨૫ |
| ૧૦ | અરણિક મુનિની | મુનિ અરણીક ચાલ્યા ગોચરી | ૭ | શ્રી લબ્ધિવિજયજી | ૨૬ |
| ૧૧ | અર્જુનમાળીની | સદ્ગુરૂ ચરણે નમી કહું સાર | ૧૬ | "કવિયણ" | ૨૭ |
| ૧૨ | અંજના સુંદરીની | અંજના વાત કરે છે મારી સખી | ૧૮ | શ્રી માણેકવિજયજી | ૨૯ |
| ૧૩ | અંજના સુંદરીની | કર્મની કથની ભારી હો રાજ | ૧૫ | શ્રી જ્ઞાનવિમલજી | ૩૦ |
| ૧૪ | અષાઢાભૂતિ મુનિની | ગુરૂ આદેશે ગોચરી | ૮ | શ્રી જિનવિજયજી | ૩૧ |
| ૧૫ | આનંદ શ્રાવકની | ઋદ્ધિથી ભરપૂરનેં રૂડું વણિક | ૨૨ | "અજ્ઞાત" | ૩૨ |
| ૧૬ | અવંતિસુકુમાલની | મનોહર માલવદેશ | ૪૦ | શ્રી જ્ઞાનવિમલજી | ૩૪ |
| ૧૭ | અવંતિસુકુમાલની | સુહસ્તી નામે દશ પૂરવધર | ૨૪ | શ્રી મહાનંદ ગણી | ૩૭ |
| ૧૮ | આદ્રકુમારની (દુહો) | શાંતિકરણ શાંતિ કરો | ૩ | શ્રીમાન સાગરજી | ૪૦ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ - ૧ | વીણા પુસ્તક હાથ હંસા | ૧૧ | શ્રીમાન સાગરજી | |
| | ઢાળ - ૨ | હવે આદનપુર અભિરામજી | ૧૫ | શ્રીમાન સાગરજી | |
| | ઢાળ - ૩ | જિનવચનેં બુઝીયા | ૨૭ | શ્રીમાન સાગરજી | |
| ૧૯ | આષાઢાચાર્યની ઢાળ-૫ | દુહા : દર્શન પરિષહ બાવિસમો | ૨ | મુનિરાયચંદ | ૪૬ |
| (ક) | ઢાળ-૧ | આષાઢાચાર્ય અણગાર | ૨૦ | મુનિરાયચંદ | |
| | દુહા | આષાઢાચાર્ય ચિત્ત ચિંતવે | ૨ | મુનિરાયચંદ | |
| | ઢાળ-૨ | આષાઢાચાર્ય ઈમ ચિંતવે | ૧૧ | મુનિરાયચંદ | |
| | ઢાળ-૩ | રાય પડાવ વિકુર્વ્યોએ | ૧૬ | મુનિરાયચંદ | |
| | ઢાળ-૪ | સામ સામીરે ખેંચતા | ૧૦ | મુનિરાયચંદ | |
| | દુહા | વાડી ફરી જયું બાગમેં | ૫ | મુનિરાયચંદ | |
| | ઢાળ-૫ | રૂપ કીયો દેવતા તણો રે | ૧૨ | મુનિરાયચંદ | |
| ૧૯ | આર્ય સુહસ્તિ સૂરિ | | | | |
| (ખ) | મહારાજ ની | ભવિતુમે વંદો રે | ૧૩ | શ્રી દીપવિજયજી કવિ | ૫૨ |
| ૨૦ | ઈલાચીકુમારની | નામે ઈલાચી પૂત્ર જાણીએ | ૧૫ | શ્રી લબ્ધિવિજયજી | ૫૩ |
| ૨૧ | ઈલાચીકુમારની | ઈલાચીકુમાર ચિત્ત ચિંતવે | ૧૦ | શ્રીમાલમુનિ | ૫૪ |
| ૨૨ | ઈલાચીકુમારની | નટવો નાચે ચોકમાંને | ૮ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૫૫ |
| ૨૩ | ઋષભદેવના ૫ કલ્યાણની | ક્યાંથી રે ઋષભ પ્રભુ અવતર્યા | ૧૨ | શ્રી પદ્મવિજયજી | ૫૫ |
| ૨૪ | ઢાળ - ૧ | સદ્ગુરૂ ચરણ કમલ નમીજી રે | ૧૨ | શ્રી વિજયાનંદ સૂરિ | ૫૬ |
| | ઢાળ - ૨ | જુઓ જન્મ થયો જિનનો | ૬ | શ્રી વિજયાનંદ સૂરિ | |
| | ઢાળ - ૩ | જુઓ ઋષભદેવજી દીક્ષા | ૧૦ | શ્રી વિજયાનંદ સૂરિ | |
| | ઢાળ - ૪ | દીક્ષા લેઈને એક વરસ ભમ્યા | ૪ | શ્રી વિજયાનંદ સૂરિ | |
| ૨૫ | કપિલમુનિની | કપિલ નામે કેવળી રે | ૭ | શ્રી ઉદય રતનજી | ૫૯ |
| ૨૬ | કયવન્ના શેઠની | આદિ જિનવર ધ્યાઉં ગાઉં દાન | ૧૪ | શ્રી લાલવિજયજી | ૬૦ |
| ૨૭ | કરકંડુ-પ્રત્યેકબુદ્ધની | ચંપા નગરી અતિ ભલી હું | ૫ | શ્રી સમયસુંદરજી | ૬૩ |
| ૨૮ | કલાવતી સતીની | બહેન લીલાવતી તમને વિનવું | ૨૨ | શ્રી સુમતિવિજયજી | ૬૪ |
| ૨૯ | કલાવતી સતીની | નગરી કૌશાંબીનો રાજા કહીએ | ૧૩ | શ્રી હીર વિજયજી | ૬૬ |
| ૩૦ | કામલતાની | શી કહું કથની મારી રાજ | ૨૫ | શ્રી સાંકળચંદજી | ૬૭ |
| ૩૧ | કુરગડુ મુનિની | ઉપશમ આણો ઉપશમ આણો | ૧૩ | શ્રી ધન વિજયજી | ૬૯ |
| ૩૨ | કૃષ્ણ વાસુદેવની | | | | |
| | દુહા | અરિહંત પદ પંકજ નમી | ૩ | શ્રી પદ્મવિજયજી | ૭૦ |
| | ઢાળ - ૧ | ગ્રીષ્મ કાળના જોરથી | ૫ | શ્રી પદ્મવિજયજી | |
| | દુહા | જરા કુમાર ભાખે હવે | ૧ | શ્રી પદ્મવિજયજી | |
| | ઢાળ - ૨ | વસુદેવ રાય રાણી જરા રે | ૪ | શ્રી પદ્મવિજયજી | |
| | દુહા | પૂછે વાસુદેવને | ૧ | શ્રી પદ્મવિજયજી | |
| | ઢાળ - ૩ | દુ:ખભર હૈડે રોવતાં રે | ૬ | શ્રી પદ્મવિજયજી | |

| ક્રમાંક | સજઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | દુહા | શીખ લેઈ વાસુદેવની | ૧ | શ્રી પદ્મવિજયજી | |
| | ઢાળ - ૪ | જરાકુમાર એમ સાંભળી રે | ૫ | શ્રી પદ્મવિજયજી | |
| | દુહા | કરતાં એમ અનુમોદના | ૨ | શ્રી પદ્મવિજયજી | |
| | ઢાળ - ૫ | રાજીમતી રૂક્મિણી પમુહારે | ૫ | શ્રી પદ્મવિજયજી | |
| ૩૩ | કૃષ્ણ વાસુદેવની | નગરી દ્વારિકામાં નેમિ જિનેસર | ૧૦ | શ્રી ઈંદ્રવિજયજી | ૭૪ |
| ૩૪ | કઠીયારાની | વીર જિનેશ્વર રે ગોતમને કહે | ૭ | શ્રી ગુણવિજયજી | ૭૫ |
| ૩૫ | કુંભારની નારની (દુહો) | શ્રી રાજ ગૃહી નગરી વિષે | ૩ | શ્રા માણેકમુનિ | ૭૭ |
| | ઢાળ - ૧ | જેના ઘરમાં કુંભારની નાર | ૧૫ | શ્રી માણેકમુનિ | |
| ૩૬ | કોણિકરાજાની | કિયા રે ભવનું વેર કપૂત તેં | ૧૩ | શ્રી "હર્ષ" | ૭૮ |
| ૩૭ | ખડગકુમારની | અવંતી નગરી સોહામણી રે | ૧૪ | શ્રી વિનયવિજયજી | ૭૯ |
| ૩૮ | ખંધક મુનિની (૧) | નમો નમો ખંધક મહામુનિ | ૮ | શ્રી મોહનવિજયજી | ૮૦ |
| (ક) | ઢાળ - ૨ | રાય સેવક તવ કહે સાધુને | ૧૨ | શ્રી મોહનવિજયજી | |
| ૩૮ | ખંધક મુનિની (૨) | દુહા : શ્રી મુનિસુવ્રત જિન નમું | ૧૧ | ઋષભવિજયજી | ૮૨ |
| (ખ) | ઢાળ - ૧ | ખંધક સાધુ વિચાર | ૧૧ | ઋષભવિજયજી | |
| | દુહા | દેખી ચિંતે રાજીયો | ૨ | ઋષભવિજયજી | |
| | ઢાળ - ૨ | તવ પાલક સુખ પામતો | ૧૨ | ઋષભવિજયજી | |
| | દુહા | લખિત ભાવ ટળે નહિ | ૧ | ઋષભવિજયજી | |
| | ઢાળ - ૩ | બાળક મારે વચનથી રે | ૮ | ઋષભવિજયજી | |
| ૩૯ | ગજસુકુમાલની | સોના કેરા કાંગરાને રૂપા કેરો | ૧૯ | શ્રી વિનયવિજયજી | ૮૫ |
| ૪૦ | ગજસુકુમાલની | ગજસુકુમાલ મહામુનિજી | ૬ | શ્રી ધર્મરત્નજી | ૮૭ |
| ૪૧ | ગજસુકુમાલની | સંવેગ રંગમાં ઝીલતો રે | ૯ | શ્રી જિનરાજ | ૮૭ |
| ૪૨ | ગોશાળાની | કંચન કેરી કિંમત જ્યારે | ૧૪ | શ્રી રૂપવિજયજી | ૮૮ |
| ૪૩ | ગોભદ્ર શેઠ-શાલિભદ્રની | ચોદસેં બાવન ગણપતિ | ૯ | શ્રી દીપવિજયજી કવિ | ૮૯ |
| | ઢાળ - ૨ | જંબુદ્વિપે ભરત મોઝાર | ૮ | શ્રી દીપવિજયજી કવિ | |
| | ઢાળ - ૩ | તેજપાલ એક દિન એમ ચિંતે | ૮ | શ્રી દીપવિજયજી કવિ | |
| | ઢાળ - ૪ | ધ્યાવે સ્થાવર તીર્થને રે | ૧૨ | શ્રી દીપવિજયજી કવિ | |
| ૪૪ | ગૌતમસ્વામીની | તારા વિના વીર! કોની સાથે | ૫ | શ્રી રૂપવિજયજી | ૯૨ |
| ૪૫ | ગૌતમસ્વામીની | હે ઈન્દ્રભૂતી તારા ગુણો | ૫ | શ્રી ધર્મજીતજી | ૯૨ |
| ૪૬ | ગૌતમસ્વામીની | આધારજ હતો એક મને તાહરો | ૧૫ | શ્રી રંગવિજયજી | ૯૩ |
| ૪૭ | ચંદનબાળાની | વીર પ્રભુજી પધારો નાથ | ૧૦ | શ્રી વિનયવિજયજી | ૯૪ |
| ૪૮ | ચંદનબાળાની | તારા મુખડા ઉપર જાઉં વારી | ૧૧ | શ્રી પદ્મવિજયજી | ૯૫ |
| ૪૯ | ચંદનબાળાની | બાળકુંવારી ચંદનબાળા | ૧૩ | શ્રી કુંઅરવિજયજી | ૯૫ |
| ૫૦ | ચંદ રાજાની | આભા રે નગરી ઉદ્યાનમાં | ૧૩ | શ્રી સૌભાગ્યવિજયજી | ૯૬ |
| ૫૧ | ચંદ રાજા ગુણાવલીએ | સ્વસ્તિ શ્રી મરૂદેવીનાજી | ૩૩ | શ્રી દીપવિજયજી કવિ | ૯૮ |
| | દુહા | શ્રી વરદા જગદંબિકારે | ૫ | શ્રી દીપવિજયજી કવિ | |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ - ૨ | સ્વસ્તિ શ્રી વિમલાપુરે | ૩૭ | શ્રી દીપવિજયજી કવિ | |
| ૫૨ | ચંદ્રગુપ્ત રાજાના | - - - | | | |
| (ક) | ૧૬ સ્વપ્નની | સુપન દેખી પહિલડે | ૧૭ | શ્રી રાયચંદ ઋષિ | ૧૦૪ |
| ૫૨(ખ) | ચંદ્રાવતીની | જસ સોહે સરસ્વતી માય | ૨૧ | હરખવિજય | ૧૦૫ |
| ૫૩ | ચંપા શ્રાવિકાની | વાસી દિલ્હી રે નયરના | ૨૫ | શ્રી દીપવિજયજી કવિ | ૧૦૬ |
| ૫૪ | જગડુશા શેઠની | જંબુદ્વીપ સોહે સુવિચાર | ૨૬ | શ્રી કેશરકુશલજી | ૧૦૮ |
| ૫૫ | જયભૂષણ મુનિ | નમો નમો જયભૂષણ મુનિ | ૮ | શ્રી જ્ઞાનવિમલજી | ૧૧૦ |
| ૫૬ | શ્રી જંબુસ્વામીની | બોધ સુણી સુધર્મા સ્વામીનો | ૧૫ | શ્રી વિનયવિજયજી | ૧૧૧ |
| ૫૭ | શ્રી જંબુસ્વામીની | રાજગૃહી નગરી વસે | ૧૫ | શ્રી હેતવિજયજી | ૧૧૧ |
| ૫૮ | શ્રી જંબુસ્વામીની | સરસ્વતી સ્વામીને વિનવું | ૧૦ | શ્રી ભાગ્યવિજયજી | ૧૧૩ |
| ૫૯ | શ્રી જંબુસ્વામીની | ત્રિશલાના જાયા જિનજી | ૧૬ | શ્રી વિનય વિજયજી | ૧૧૩ |
| ૬૦ | જિનપાલિત જિનરક્ષિતની | અનંત સિદ્ધ (દુહો) | ૫ | "કવિયણ" | ૧૧૫ |
| | ઢાળ - ૧ | ચંપા નગરી સોહમણી | ૧૨ | "કવિયણ" | |
| | દુહો | રયણા દેવી તેણે અવસરે | ૮ | "કવિયણ" | |
| | ઢાળ - ૨ | હાથ જોડીને એમ કહે રે લાલ | ૧૦ | "કવિયણ" | |
| | દુહો | દોનું ભાઈ ચિત્ત ચિંતવે | ૮ | "કવિયણ" | |
| | ઢાળ - ૩ | હરિ લાલ ! દોનું ભાઈ | ૧૮ | "કવિયણ" | |
| | દુહો | યક્ષે ડગીયો જાણીને ઢાળી | ૫ | "કવિયણ" | |
| | ઢાળ - ૪ | જિન પાલિતે મનમેં ધારી | ૬ | "કવિયણ" | |
| ૬૧ | ઝાંઝરીયા મુનિની | ઝાંઝરીયા મુનિવર જગ જયો | ૮ | શ્રી ધર્મરત્નજી | ૧૨૦ |
| ૬૨ | ઝાંઝરીયા મુનિની | મહિયલમાં મુનિવર કહુંજી | ૩૭ | શ્રી લબ્ધિવિજયજી | ૧૨૧ |
| ૬૩ | ઢંઢણ ઋષિની | ઢંઢણ ઋષિને વંદના હું વારી | ૯ | શ્રી જિનહર્ષજી | ૧૨૩ |
| ૬૪ | દુહા | કૃષ્ણ નારી હવે ઢંઢણા | ૬ | શ્રી પદ્મવિજયજી | ૧૨૪ |
| | ઢાળ - ૧ | સાંભળો સાધુ સોહમણા રે | ૧૫ | શ્રી પદ્મવિજયજી | |
| ૬૫ | ત્રિશલા માતાને સખીની હિતશિક્ષાની | શીખ સુણો સખી માહરી | ૭ | શ્રી હીરવિજયજી | ૧૨૫ |
| ૬૬ | થાવચ્ચાકુમારની | આદીશ્વરને રે પાય પ્રણમી | ૧૯ | શ્રી ધીર વિજયજી | ૧૨૬ |
| ૬૭ | દર્શાણભદ્રની (દુહા) | પંકજ ભૂતનયા નમી | ૩ | શ્રી વીરવિજયજી | ૧૨૭ |
| | ઢાળ - ૧ | મુદિતા લોકવસે ઝાઝા | ૧૧ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૨ | રાજા મનમોદે કરી રે | ૧૧ | શ્રી વીર વિજયજી | |
| | ઢાળ - ૩ | માન કરશ્યો નવિ માનવીજી | ૧૨ | શ્રી વીર વિજયજી | |
| | ઢાળ - ૪ | પ્રભુ આગળ નૃપ બેઠો | ૧૨ | શ્રી વીર વિજયજી | |
| | ઢાળ - ૫ | ઉપશમ સુખકંદો જ્ઞાનાનંદો | ૧૫ | શ્રી વીર વિજયજી | |
| ૬૮ | દેવાનંદાની | જિનવર રૂપદેખી મનહરખી | ૧૨ | શ્રી સકલચંદજી | ૧૩૩ |
| ૬૯ | દ્રોપદીની | કૃષ્ણજી તમને કહું કરજોડકે | ૨૨ | શ્રી નયવિજયજી | ૧૩૪ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૭૦ | દ્રોપદીની | લજ્જા મોરી રાખો રે દેવ ખરી | ૭ | શ્રી જિન વિજયજી | ૧૩૬ |
| ૭૧ | દ્રોપદીની | દ્રોપદી ધ્રુજે સભામાંહિ | ૧૫ | શ્રી જ્ઞાનવિમલજી | ૧૩૬ |
| ૭૨ | દ્વારિકા નગરીની | દોનું બાંધવ આરડે (દુહા) | ૨ | શ્રી મેરૂવિજયજી | ૧૩૭ |
| (ક) | ઢાળ - ૧ | બળતી દ્વારિકા દેખીને રે ભાઈ | ૧૯ | શ્રી મેરૂવિજયજી | |
| ૭૨ | દ્વારિકા નગરીની | | | | |
| (ખ) | (ઢાળ - ૪) | દુહા : શારદા ગુરૂ જિનવર નમી | ૫ | પદ્મવિજયજી | ૧૩૯ |
| | ઢાળ - ૧ | હવે બોલે નેમિ જિણંદ | ૨૧ | પદ્મવિજયજી | |
| | દુહા | ઈણ અવસર ફલ ફલથી | ૧૧ | પદ્મવિજયજી | |
| | ઢાળ - ૨ | કૃષ્ણ કહે એમ વયણડાં | ૨૧ | પદ્મવિજયજી | |
| | દુહા | કોઈક કરે એકાંતરા | ૫ | પદ્મવિજયજી | |
| | ઢાળ - ૩ | દ્વારે જે જે પુતળી | ૨૮ | પદ્મવિજયજી | |
| | દુહા | રામ કૃષ્ણ બેઉ નીકળ્યા | ૫ | પદ્મવિજયજી | |
| | ઢાળ - ૪ | મ્હારું બલ પરાક્રમ કિહાં ગયું | ૨૧ | પદ્મવિજયજી | |
| ૭૩ | ધન્ના અણગારની | ચરણ કમલ નમી વીરના રે | ૮ | શ્રી મેરૂવિજયજી | ૧૪૭ |
| ૭૪ | ધન્ના અણગારની | ધન ધન્નો મુનિ વંદીએ રે લાલ | ૭ | શ્રી વિદ્યાકીર્ત્તિજી | ૧૪૮ |
| ૭૫ | | | | | |
| (ક) | ધન્ના અણગારની | જિન વચનેં વૈરાગીયો હો ધન્ના | ૧૫ | "શ્રીદેવ" | ૧૪૯ |
| ૭૫ | ઢાળ - ૧ | શીયાળામાં શીત ઘણી રે ધન્ના | ૨૩ | શ્રીમાન વિજયજી | ૧૫૦ |
| (ખ) | ઢાળ - ૨ | વીર બત્રીસ કામિની રે ધન્ના | ૧૫ | શ્રીમાન વિજયજી | |
| ૭૬ | ધન્ના-શાલિભદ્રજી | રાજગૃહી નગરી ભલી | ૧૨ | શ્રી વીરવિજયજી | ૧૫૩ |
| ૭૭ | ધન્ના-શાલિભદ્રજી | રાજગૃહી નગરી મોઝારોજી | ૫૦ | કવિયણ | ૧૫૪ |
| ૭૮ | ધન્ના-શાલિભદ્રજી | સરસ્વતી સ્વામીને વિનવું રે | ૧૮ | શ્રીમાન વિજયજી | ૧૫૭ |
| ૭૯ | ધર્મરૂચિ અણગારની | સાધુજીને તુંબડું વહોરાવીયુંજી | ૧૦ | શ્રી જસવિજયજી | ૧૫૯ |
| ૮૦ | (કડવા તુંબડાની) " | ચંપા નગરી અતિમનોહાર | ૧૩ | શ્રી રત્નચંદ્રજી | ૧૫૯ |
| ૮૧ ક | નળ-દમયંતીની | નથી ડરતી હો નલરાજાની | ૯ | શ્રી માણેકવિજયજી | ૧૬૦ |
| ૮૧ ખ | નળ-દમયંતીની | સમરી રંગે શ્રુતની દેવી | ૧૬ | અમૃતવિજય | ૧૬૧ |
| ૮૨ | નારદની | આવ્યા નારદમુનિવર | ૧૧ | શ્રી હરખ વિજયજી | ૧૬૨ |
| ૮૩ | નંદ મણીહારની | સ્વસ્તિ શ્રી કમલા ભજે (દુહા) | ૨ | શ્રી રામવિજયજી | ૧૬૪ |
| | ઢાળ - ૧ | રાજગૃહી નગરી ભલી | ૧૬ | શ્રી રામવિજયજી | |
| | દુહા | શેઠ શરીરે અન્યદા | ૫ | શ્રી રામવિજયજી | |
| | ઢાળ - ૨ | તવ તે દેડક રાય | ૫ | શ્રી રામવિજયજી | |
| | ઢાળ - ૩ | એણી પેરે જિનની સ્તવના | ૯ | શ્રી રામવિજયજી | |
| ૮૪ | નંદા સતીની | બેનાતટ નયરે વસે | ૧૦ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૧૬૭ |
| ૮૫ | નંદિષેણની | સાધુજી ન જઈએ રે પરઘર | ૧૦ | જિનહર્ષ | ૧૬૮ |
| ૮૬ | ઢાળ - ૧ | રાજગૃહી નગરીનો વાસી | ૫ | શ્રી મેરૂવિજયજી | ૧૬૯ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ – ૨ | થેં તો ઉભા રહીને | ૫ | શ્રી મેરૂવિજયજી | |
| | ઢાળ – ૩ | ભોગ કરમ ઉદય તસ આવ્યો | ૬ | શ્રી મેરૂવિજયજી | |
| ૮૭ | નાગકેતુની | જિનવર ચરણેં નમીરે | ૧૫ | શ્રી વિનયવિજયજી | ૧૭૦ |
| ૮૮ | નાગદત્ત શેઠની | નગરી ઉજ્જયિની રે નાગદત્ત | ४૭ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૧૭૧ |
| ૮૯ | નાગિલાની | ભૂદેવ ભાઈ ઘેર આવીયા રે | ૧૬ | શ્રી સંઘ વિજયજી | ૧૭૫ |
| ૯૦ | નેમ–રાજીમતીની | રાણી રાજુલ કરજોડી કહે | ૧૫ | શ્રી સુંદરજી | ૧૭૬ |
| ૯૧ | પાંચ પાંડવની | હસ્તિનાપુર વર ભલું | ૧૯ | કવિયણ | ૧૭૭ |
| ૯૨ | પુંડરીક–કંડરીકની | સ્વસ્તિ શ્રી વર દાયિની (દુહા) | ૫ | શ્રી ઉત્તમવિજયજી | ૧૭૯ |
| | ઢાળ – ૧ | તિણ નગરીએ અન્યદા રે | ૮ | શ્રી ઉત્તમવિજયજી | |
| | ઢાળ – ૨ | હે પ્રાણી ! ભવસાગર ભમતાં | ૧૩ | શ્રી ઉત્તમવિજયજી | |
| | ઢાળ – ૩ | શુભ ધ્યાને કાઉસગ્ગ રહ્યા | ૧૧ | શ્રી ઉત્તમવિજયજી | |
| | ઢાળ – ४ | થયો ચારિત્ર વંતો | ૯ | શ્રી ઉત્તમવિજયજી | |
| | ઢાળ – ૫ | ઈમ કોમલ વચને કરી રે | ૧૧ | શ્રી ઉત્તમવિજયજી | |
| | ઢાળ – ૬ | પુંડરીક હવે ચિંતવે | ૧૫ | શ્રી ઉત્તમવિજયજી | |
| ૯૩ | પૃથ્વીચંદ–ગુણસાગરની | શાસન નાયક સુખ કરૂં (દુહા) | ४ | શ્રી જીવ વિજયજી | ૧૮૫ |
| | ઢાળ – ૧ | નગરી અયોધ્યા અતિ ભલી | ૨૧ | શ્રી જીવ વિજયજી | |
| | દુહા | કૌતુક ભેતાં બહુ ગયો | ૨ | શ્રી જીવ વિજયજી | |
| | ઢાળ – ૨ | આવ્યા ગજપુર નગરથી | ૨४ | શ્રી જીવ વિજયજી | |
| | દુહા | પૃથ્વી ચંદ્ર તે સાંભળી | ૨ | શ્રી જીવ વિજયજી | |
| | ઢાળ – ૩ | ધન ધન મુનિવર જે ધ્યાનેં રમે | ૧૫ | શ્રી જીવ વિજયજી | |
| ૯४ | પ્રદેશી રાજાની | સદ્‌ગુરૂ સંગતિ કરજો ભાઈ | ૫ | પં. સુખવિજયજી | ૧૯૧ |
| ૯૫ | પ્રદેશી રાજાની | પ્રદેશી રાજા ! આવો સાંભળીયે | ૧૮ | શ્રી ઉત્તમવિજયજી | ૧૯૨ |
| ૯૬ | પ્રદેશી રાજાની | શ્રી શંખેશ્વર પ્રણમું પાસ | ૩૧ | શ્રી મેરૂવિજયજી | ૧૯४ |
| ૯૭ | પ્રદેશી રાજાની | જીહો, પરમ પુરૂષ પરમેશ્વર | ૧૭ | શ્રી જીતવિજયજી | ૧૯૬ |
| ૯૮ | પ્રસન્નચંદ્ર રાજર્ષિની | પ્રણમું તુમારા પાય પ્રસન્નચંદ્ર | ૬ | શ્રી રૂપવિજયજી | ૧૯૭ |
| ૯૯ | બળદેવની | માસખમણને મુનિવર | ૭ | શ્રી સત્યવિજયજી | ૧૯૮ |
| ૧૦૦ | બળદેવની | માસખમણને પારણે | ૧४ | શ્રી ઉદયરત્નજી | ૧૯૯ |
| ૧૦૧ | બાહુબલીની | આદિ જિણંદ વાણી સુણી | ૧૧ | શ્રી મેરૂ વિજયજી | ૨૦૦ |
| ૧૦૨ | બાહુબલીની | રાજ્ય તણા અતિ લોભીયાજી | ૭ | શ્રી સમયસુંદર | ૨૦૧ |
| ૧૦૩ | બાહુબલીની | બ્હેની બોલે હો બાહુબલિ | ૫ | શ્રી માણેક વિજયજી | ૨૦૧ |
| ૧૦४ | બાહુબલીની | વીરાજી માનો મુજ વિનંતિ | ૯ | શ્રી જ્ઞાન સાગરજી | ૨૦૨ |
| ૧૦૫ | બાહુબલીની | તક્ષશિલા નગરીનો નાયક | ૧૨ | શ્રી જ્ઞાનવિમલ (સુયશવિમલજી) | ૨૦૨ |
| ૧૦૬ | ભરતચક્રીની | આભરણ અલંકાર સઘળા | ૧૧ | પં. વીરવિજયજી | ૨૦૩ |
| ૧૦૭ | ભરતચક્રીની | મનમેં હી વૈરાગી, ભરતજી | ૫ | શ્રી કનક કીર્ત્તિ મુનિ | ૨૦४ |
| ૧૦૮ | ઢાળ – ૧ | સ્વસ્તિ શ્રી શારદા ભણી | ૧૫ | શ્રી રામવિજયજી | ૨૦૫ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ - ૨ | જારે, શું તુજ મારૂં દૂત | ૧૫ | શ્રી રામવિજયજી | |
| | દુહા | અનિમિષ નયણે જોવતાં | ૧૨ | શ્રી રામવિજયજી | |
| | ઢાળ - ૩ | તવ ભરતેશ્વર વિનવે રે ભાઈ | ૧૩ | શ્રી રામવિજયજી | |
| ૧૦૯ | ભરત-બાહુબલીની | ભરતજી કહે કરજોડી | ૧૪ | શ્રી ઉદયવિજયજી | ૨૧૦ |
| ૧૧૦ | ભાવડશા શેઠની | શેઠ ભાવડ નામે વાણીયો રે | ૧૩ | શ્રી વિનય વિજયજી | ૨૧૨ |
| ૧૧૧ | ભીલડીની | સરસ્વતી સ્વામીને વિનવું | ૧૯ | શ્રી ઉદયરત્નજી | ૨૧૩ |
| ૧૧૨ | મદન મંજુષાની | વહાણમાં રૂવે રે મદનમંજુષા | ૯ | શ્રી વીર વિજયજી | ૨૧૪ |
| ૧૧૩ | મનકમુનિની | નમો નમો મનક મહામુનિ | ૧૦ | શ્રી લબ્ધિવિજયજી | ૨૧૫ |
| ૧૧૪ | મનોરમા સતીની | મોહનગરી મનોરમા | ૫ | શ્રી જ્ઞાનવિમલજી | ૨૧૬ |
| ૧૧૫ | મયણરેહાસતીની | નયર સુદર્શન મણિરથ રાજા | ૧૩ | શ્રી જ્ઞાન વિમલજી | ૨૧૬ |
| ૧૧૬ | મરૂદેવી માતાની | મરૂદેવી માતા રે એમ ભણે | ૭ | ઉ. વિનયવિજયજી | ૨૧૭ |
| ૧૧૭ | મરૂદેવી માતાની | તુજ સાથે નહિં બોલું રે ઋષભજી | ૫ | ઋષભદાસ | ૨૧૮ |
| ૧૧૮ | ઢાળ - ૧ | માતાજી મરૂદેવા રે ભરતને | ૯ | ઋષિ રાયચંદજી | ૨૧૮ |
| | ઢાળ - ૨ | ઓળંભા ઈણવિધ સુણી દાદી | ૧૦ | ઋષિ રાયચંદજી | |
| | ઢાળ - ૩ | નગરી અયોધ્યામાં રે આજ | ૧૧ | ઋષિ રાયચંદજી | |
| | ઢાળ - ૪ | ઈણ હી જંબુદ્વીપે હો ભરત | ૧૫ | ઋષિ રાયચંદજી | |
| ૧૧૯ | મહસેન મુનિની | સહજ સોભાગી હો સાધુ | ૮ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૨૨૪ |
| ૧૨૦ | મૃગાપુત્રની | ભવિ ! તુમે વંદો રે | ૧૪ | શ્રી રામવિજયજી | ૨૨૪ |
| ૧૨૧ | મૃગાપુત્રની | સુગ્રીવ નગર સોહામણુંજી | ૩૪ | ''અજ્ઞાત'' | ૨૨૫ |
| ૧૨૨ | મેઘકુમારની | ધારણી મનાવે રે મેઘકુમારને રે | ૬ | શ્રી પ્રીતવિમલજી | ૨૨૮ |
| ૧૨૩ | ઢાળ - ૧ | સમરી શારદ સ્વામિની | ૭ | શ્રી જિનસાગરજી | ૨૨૯ |
| | ઢાળ - ૨ | મેઘ જઈ કહે માંને ઉમાહ્યો | ૧૦ | શ્રી જિનસાગરજી | |
| | ઢાળ - ૩ | ભણે મેઘ ધર્મની ઢીલ ન કીજે | ૭ | શ્રી જિનસાગરજી | |
| | ઢાળ - ૪ | ઊઠી ઉલટમાં મસું | ૧૦ | શ્રી જિનસાગરજી | |
| | ઢાળ - ૫ | ધારણી ઉરસર હંસલો | ૯ | શ્રી જિનસાગરજી | |
| | ઢાળ - ૬ | એક દિન દવ બળતો બહુ | ૧૯ | શ્રી જિનસાગરજી | |
| ૧૨૪ | મેતારજ મુનિની | ધનધન મેતારજ મુનિ | ૧૫ | શ્રી રામવિજયજી | ૨૩૪ |
| ૧૨૫ | મેતારજ મુનિની | શમદમ ગુણના આગરૂજી | ૧૪ | શ્રી રામવિજયજી | ૨૩૫ |
| ૧૨૬(ક) | મેતારજ મુનિની | વીર જિણેસર ચરણ સરોરૂહ | ૧૫ | શ્રી મેરૂવિજયજી | ૨૩૭ |
| ૧૨૬ | શ્રીયશો વિજય | | | | |
| (ખ) | મહોપાધ્યાય | (ઢાળ-૪) | | | |
| | ઢાળ - ૧ | પ્રણમી સરસ્વતી સામિનીજી | ૧૯ | શ્રી કાંતિવિજય | ૨૩૮ |
| | ઢાળ - ૨ | ધનજી સૂરા શાહ | ૧૧ | શ્રી કાંતિવિજય | |
| | ઢાળ - ૩ | કાશીથી પાઉધારે શ્રી ગુરૂજી | ૧૩ | શ્રી કાંતિવિજય | |
| | ઢાળ - ૪ | શ્રી યશોવિજય વાચક તણા | ૯ | શ્રી કાંતિવિજય | |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૧૨૭ | રત્નમાલાના ૫ બાંધવની | રત્નવતી નયરી ભલી | ૯ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૨૪૩ |
| ૧૨૮ | રહનેમિ રાજીમતીની | દુહા : રાજુલ સતી અણજાણતાં | ૪ | શ્રી પદ્મવિજયજી | ૨૪૪ |
| | ઢાળ : | રાજીમતી ગુણવંતી બોલે | ૧૩ | શ્રી પદ્મવિજયજી | |
| ૧૨૯ | રહનેમિ રાજીમતીની | નાજી-નાજી-નાજી છેડોનાજી | ૬ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૨૪૫ |
| ૧૩૦ | રહનેમિ રાજીમતીની | કાઉસગ્ગ ધ્યાને મુનિ રહનેમિ | ૮ | શ્રી રૂપવિજયજી | ૨૪૬ |
| ૧૩૧ | રહનેમિ રાજીમતીની | રહનેમિ રાજુલ દિયર ભોજાઈ | ૧૩ | શ્રી વીરવિજયજી | ૨૪૭ |
| ૧૩૨ | રહનેમિ રાજીમતીની | ધિગ્ ધિગ્ ધિગ્ મુનિ તુમને | ૧૮ | શ્રી ક્ષમા વિજયજી | ૨૪૮ |
| ૧૩૩ | રાજીમતીની | નેમ નેમ કરતી નારી | ૧૩ | શ્રી રત્નવિજયજી | ૨૫૦ |
| ૧૩૪ | રાવણ-મંદોદરીની | સુણ મંદોદરી ! નારાયણ | ૫ | શ્રી માણેક મુનિ | ૨૫૧ |
| ૧૩૫ | ઢાળ - ૧ | અહો રાણાજી ! કહ્યું માનો તો | ૩ | શ્રી પ્રેમવિજયજી | ૨૫૧ |
| | ઢાળ - ૨ | સુણ મંદોદરી ! નારાયણ | ૫ | શ્રી પ્રેમવિજયજી | |
| | ઢાળ - ૩ | કહ્યું રે માનો રાય લંકેશ્વર | ૧૨ | શ્રી પ્રેમવિજયજી | |
| | ઢાળ - ૪ | રાવણ કહે સુણ મંદોદરી | ૧૫ | શ્રી પ્રેમવિજયજી | |
| ૧૩૬ | રૂક્મિણીની | વિચરંતા ગામોગામ નેમિ | ૧૭ | શ્રી રામ(જ)વિજયજી | ૨૫૪ |
| ૧૩૭ | રૂક્મિણીની | કહે સીમંધર સ્વામ | ૨૬ | શ્રી મોહનવિજયજી | ૨૫૬ |
| ૧૩૮ | રેવતી શ્રાવિકાની | સોનાને સિંહાસન બેઠા રેવતી | ૧૦ | વીર કિંકર | ૨૫૭ |
| ૧૩૯ | રેવતી શ્રાવિકાની | ઓષધ દાન તે દીજીયે | ૧૦ | આણંદમુનિ | ૨૫૮ |
| ૧૪૦ | વ્રજસ્વામીની | સાંભળજો તુમે અદ્‌ભૂત વાતો | ૧૪ | શ્રી પદ્મવિજયજી | ૨૫૯ |
| ૧૪૧ | વ્રજસ્વામીની દુહા : | નવ વરસ વયમેં કુંવરે | ૫ | શ્રી દીપવિજયજી | ૨૬૦ |
| | ઢાળ | એક દિન ઉજ્જેણીને મારગ | ૧૫ | શ્રી દીપવિજયજી | |
| ૧૪૨ | વ્રજસ્વામીની | શ્રી ધનગિરિમુનિ ગોચરી જાતા | ૧૬ | શ્રી દીપવિજયજી | ૨૬૨ |
| ૧૪૩ | વરદત્તકુંવરની | વિચરંતા નેમિ જિણેસર આવીયા | ૭ | શ્રી વિમલદીપજી | ૨૬૩ |
| ૧૪૪ | વંકચૂલની | જંબુદ્રીપમાં દીપતું રે લાલ | ૧૦ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૨૬૩ |
| ૧૪૫ | વિજયશેઠ-વિજયાશેઠાણીની | પ્રહ ઉઠી રે પંચ પરમેષ્ઠી | ૫ | શ્રી હર્ષકીર્તિસૂરિ | ૨૬૪ |
| | ઢાળ - ૨ | વિમલ કેવલી તામ ચંપા નયરીયે | ૫ | શ્રી હર્ષકીર્તિસૂરિ | |
| | ઢાળ - ૩ | કેવલીનેં મુખ સાંભળી | ૧૦ | શ્રી હર્ષકીર્તિસૂરિ | |
| ૧૪૬ | વિજયશેઠ-વિજયાશેઠાણીની | શુકલ પક્ષ વિજયા વ્રત લીનો | ૮ | શ્રી રતનચંદજી | ૨૬૭ |
| ૧૪૭ | શાલ-મહાશાલની | શારદ ગુરૂ ચરણેં નમી | ૯ | અમૃત | ૨૬૮ |
| ૧૪૮ | શાલિભદ્રની | બોલો બોલો રે શાલિભદ્ર | ૮ | શ્રી ઉદયરત્નજી | ૨૬૯ |
| ૧૪૯ | શાલિભદ્રની | મહીમંડલમાં વિચરતા રે | ૧૧ | શ્રી વિજયલક્ષ્મી સૂરિ | ૨૬૯ |
| ૧૫૦ | શાલિભદ્રની | શાલિભદ્ર મોહ્યો રે શિવરમણી | ૧૧ | શ્રી મેઘરાજ મુનિ | ૨૭૦ |
| ૧૫૧ | શાલિભદ્રની | સુભદ્રા માતા ઈમ ભણે | ૧૧ | શ્રી ધનવિમલજી | ૨૭૧ |
| ૧૫૨ | શિવકુમારની | પદ્મરથ રાય વીત શોકાપુરી | ૧૬ | શ્રી રૂપવિજયજી | ૨૭૨ |
| ૧૫૩ | શ્રીપાળ-મયણા | હિરણ્યપુર નામે નયરમાં રે | ૧૪ | શ્રી અમૃતવિજયજી | ૨૭૩ |
| ૧૫૪ | ઢાળ - ૧ | આસો માસે તે ઓળી આદરી | ૪૪ | શ્રી ન્યાયસાગરજી | ૨૭૪ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ - ૨ | રાજા ચાલ્યો રયવાડીએ | ૨૩ | શ્રી ન્યાયસાગરજી | |
| | ઢાળ - ૩ | તાત આદેશે મયણા ચિંતવે | ૪૯ | શ્રી ન્યાયસાગરજી | |
| | ઢાળ - ૪ | મયણા સિદ્ધચક્ર આરાધે | ૨૨ | શ્રી ન્યાયસાગરજી | |
| ૧૫૫ | શ્રીપાળ-મયણા | સરસ્તી માતા મયા કરો | ૧૨ | શ્રી વિમલહેમ | ૨૮૨ |
| ૧૫૬ | શ્રેણિક રાજાની દુહા : | હવે ઈણ અવસર અન્યદા | ૫ | શ્રી લક્ષ્મીવિજયજી | ૨૮૩ |
| | ઢાળ | રાજા શ્રેણીક પોઢ્યો મંદિર રે | ૧૪ | શ્રી લક્ષ્મીવિજયજી | |
| ૧૫૭ | સનત્કુમાર ચક્રીની | કુરૂદેશે ગજપુર ઠામે | ૭ | શ્રી ઉદયરત્નજી | ૨૮૪ |
| | ઢાળ - ૨ | એવડો શો અંતર દીસે | ૬ | શ્રી ઉદયરત્નજી | ૨૮૬ |
| | ઢાળ - ૩ | શઠ સેનાપતિ વાધીયા રે | ૭ | શ્રી ઉદયરત્નજી | |
| | ઢાળ - ૪ | ધન્ય ધન્ય સનતકુમારને | ૭ | શ્રી ઉદયરત્નજી | |
| ૧૫૮ | સનત્કુમાર ચક્રીની | સરસતી સરસ વચન રસ માગું | ૧૭ | શ્રી શાંતિકુશલજી | ૨૮૬ |
| ૧૫૯ | સનત્કુમાર ચક્રીની | જોતે વિચારી એવું રે, આ | ૫ | શ્રી કેવલ મુનિ | ૨૮૮ |
| ૧૬૦ | સંગ્રામ સોનીની | દુહા : શ્રી શંખેશ્વર પાય નમી | ૩ | શ્રીભાણચંદ મુનિ | ૨૮૮ |
| | ઢાળ | મારગ માથે આમ્રવૃક્ષ ઉગ્યો | ૧૯ | શ્રીભાણચંદ મુનિ | |
| ૧૬૧ | સીતા સતીની | જનક સુતા સીતા સતી રે | ૭ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૨૯૦ |
| ૧૬૨ | સીતા સતીની | જનક સુતા હું નામ ધરાવું | ૮ | શ્રી ઉદયરત્નજી | ૨૯૧ |
| ૧૬૩ | સીતા સતીની | મને કહી સંભળાવો વાત | ૧૭ | શ્રી માણેકવિજયજી | ૨૯૧ |
| ૧૬૪ | સીતા સતીની | છળે કરી સીતાને ઝાલી લંકા | ૧૩ | શ્રી ભાવપ્રભ સૂરિ | ૨૯૩ |
| ૧૬૫ | સીતા સતીની | જટા રે મુગટ તારે પાયે નમું | ૯ | શ્રી હીર વિજયજી | ૨૯૪ |
| ૧૬૬ | સીતા સતીની | આવું નોતુ જાણ્યું રે મારા મનમાં | ૧૪ | શ્રી માણેકવિજયજી | ૨૯૪ |
| ૧૬૭ | સુકુમાલિકાની | વસંતપુર સોહામણું રે | ૧૦ | શ્રી રામવિજયજી | ૨૯૫ |
| | ઢાળ - ૨ | હવે એક સમયે આવ્યો પરદેશી | ૧૫ | શ્રી રામવિજયજી | |
| | ઢાળ - ૩ | મનમાં સમજ્યા દોય | ૭ | શ્રી રામવિજયજી | |
| ૧૬૮ | સુકોશલ મુનિની | જંબુદ્વીપ મોઝાર રે | ૫૧ | શ્રીદિવચંદજી | ૨૯૮ |
| ૧૬૯ | ઢાળ - ૧ | જંબુદ્વીપના ભરતમાં રે | ૧૩ | શ્રી દીપવિજયજી | ૩૦૦ |
| | ઢાળ - ૨ | અન્ય દિવસ રવિરાજને રે લાલ | ૧૪ | શ્રી દીપવિજયજી | |
| | ઢાળ - ૩ | તત્ક્ષણ ઉઠ્યો રાય સુકોશલ | ૨૧ | શ્રી દીપવિજયજી | |
| ૧૭૦ | સુદર્શન શેઠની | શીલ રતન જતનેં ધરો રે લો | ૧૧ | શ્રી ક્ષમા કલ્યાણજી | ૩૦૬ |
| ૧૭૧ | ઢાળ - ૧ | સંયમ ધીર સુગુરૂ પય વંદી | ૧૨ | શ્રી સુયશ વિમલજી | ૩૦૭ |
| | ઢાળ - ૨ | અનુક્રમેં ગર્ભપ્રભાવ | ૮ | શ્રી સુયશ વિમલજી | |
| | ઢાળ - ૩ | એક દિન ઈંદ્ર મહોત્સવે | ૧૧ | શ્રી સુયશ વિમલજી | |
| | ઢાળ - ૪ | હવે અભયા થઈ આકરી રે | ૧૦ | શ્રી સુયશ વિમલજી | |
| | ઢાળ - ૫ | અભયા કામ વિકાર | ૧૪ | શ્રી સુયશ વિમલજી | |
| | ઢાળ - ૬ | શેઠ સુદર્શન ગજ ઉપર ચઢ્યા | ૧૨ | શ્રી સુયશ વિમલજી | |
| ૧૭૨ | સુનંદા-રૂપસેનની | ખેટમુનિ કહે-ધન્ય તુમે સાતે | ૨૯ | શ્રી વીરવિજયજી | ૩૧૩ |

| ક્રમાંક | સજઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | દુહા | બીજે દિવસે ગવેષવા | ૬ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૨ | પરણી નૃપ રથપુર લેઈ ગયો | ૨૬ | શ્રી વીરવિજયજી | |
| ૧૭૩ | સુબાહુકુમારની | હવે સુબાહુકુમાર એમ વિનવે | ૧૭ | શ્રી સૌભાગ્યવિજયજી | ૩૧૮ |
| ૧૭૪ | સુભદ્રા સતીની | મુનિવર સ્હેજે વિચરતાં જીવના | ૨૨ | શ્રી કાંતિવિજયજી | ૩૨૦ |
| ૧૭૫ | સુભદ્રા સતીની | હું પભણું શી એહની વાત | ૩૪ | શ્રી વીર વિમલજી | ૩૨૨ |
| ૧૭૬ | સુભદ્રા સતીની | ધન ધન જિનદત્ત અંગજા | ૮ | અમૃત | ૩૨૪ |
| ૧૭૭ | ઢાળ - ૧ | નયરી તે એક ચંપાવતી | ૫ | શ્રી હીરવિજય ગુરૂ | ૩૨૫ |
| | ઢાળ - ૨ | મે જાણ્યું વહુ છે નાનેરૂં બાળ | ૩ | શ્રી હીરવિજય ગુરૂ | |
| | ઢાળ - ૩ | સાસુએ પુત્રને તેડાવીઓ | ૪ | શ્રી હીરવિજય ગુરૂ | |
| | ઢાળ - ૪ | સતી મનમાં ચિંતવે એમ | ૪ | શ્રી હીરવિજય ગુરૂ | |
| | ઢાળ - ૫ | ઈંદ્ર તણું આસન ચલ્યુ રે | ૧૭ | શ્રી હીરવિજય ગુરૂ | |
| | ઢાળ - ૬ | પહેલી તે પોળે સતી આવીયા | ૪ | શ્રી હીરવિજય ગુરૂ | |
| ૧૭૮ | સુલસા સતીની | ધન ધન સુલસા સાચી | ૧૦ | શ્રી કલ્યાણ વિમલજી | ૩૨૮ |
| ૧૭૯ | સુલસા સતીની | શીલ સુરંગી રે સુલસા મહાસતી | ૮ | શ્રી જ્ઞાનવિમલજી | ૩૨૯ |
| ૧૮૦ | સુંદરીની | સરસ્વતી સ્વામિની કરો | ૮ | શ્રી કાંતિવિજયજી | ૩૨૯ |
| ૧૮૧ | સુંદરીની | રૂડે રૂપે રે શીલ સોહાગણ | ૧૧ | શ્રી જ્ઞાનવિમલજી | ૩૩૦ |
| ૧૮૨ | સૂરિકાંતાની | સરસ્વતી સ્વામિને વિનવું રે | ૯ | શ્રી હીરવિજય હીરલો | ૩૩૧ |
| ૧૮૩ | સોહગ દેવી સતીની | પદ પંકજ નમી જિનતણાં | ૧૮ | શ્રી જય વિજયજી | ૩૩૨ |
| ૧૮૪ | સ્થુલભદ્ર-કોશાની | પિઉડા ! આવો હો મંદિર | ૯ | શ્રી જિન હર્ષ | ૩૩૫ |
| ૧૮૫ | સ્થુલભદ્ર-કોશાની | ઉઠ સખી ઉતાવળી રે | ૫ | શ્રી માણેક મુનિ | ૩૩૬ |
| ૧૮૬ | સ્થુલભદ્ર-કોશાની | લાભ સનેહી રે સ્થુલિભદ્ર | ૫ | શ્રી રૂપવિજયજી | ૩૩૬ |
| ૧૮૭ | સ્થુલભદ્ર-કોશાની | એક દિન કોશ્યા ચિત્ત રંગે | ૧૩ | શ્રી ખુશાલ વિજયજી | ૩૩૭ |
| ૧૮૮ | સ્થુલભદ્ર-કોશાની | પ્રીતડી ન કીજે રે | ૬ | કવિયણ | ૩૩૮ |
| ૧૮૯ | સ્થુલભદ્ર-કોશાની | શ્રી સ્થુલિભદ્ર મુનિગણમાં | ૧૭ | ઋષભ | ૩૩૮ |
| ૧૯૦ | સ્થુલભદ્ર-કોશાની | વેશ જોઈને સ્વામી આપનો | ૩૪ | સુરીન્દુ | ૩૪૦ |
| ૧૯૧ | સ્થુલભદ્ર-કોશાની | અહો મુનિવરજી માહરી ઉપર | ૧૧ | ધર્મરંગ (મહાનંદ) | ૩૪૩ |
| ૧૯૨ | સ્થુલભદ્ર-કોશાની | લાછલ દે માત મલ્હાર | ૧૭ | શ્રી લબ્ધિવિજયજી | ૩૪૪ |
| ૧૯૩ | સ્થુલભદ્ર-કોશાની | એકને આંગણ વાદળી રે | ૯ | શ્રી લબ્ધિવિજયજી | ૩૪૫ |
| ૧૯૪ | સ્થુલભદ્ર-કોશાની | દુહા : સરસ્વતીને ચરણે નમી | ૨ | શ્રી પ્રીતિવિમલજી | ૩૪૬ |
| | ઢાળ | કોશા કહે સ્થૂલભદ્રજી રે | ૧૬ | શ્રી પ્રીતિવિમલજી | |
| ૧૯૫ | સ્થુલભદ્ર-કોશાની | દુહા : સુખ સંપત્તિ દાયક સદા | ૮ | શ્રી ઉદયરત્નજી | ૩૪૭ |
| | ઢાળ - ૧ | તમને મારા બાપના સમ જાવા | ૫ | શ્રી ઉદયરત્નજી | |
| | ઢાળ - ૨ | આવ્યો અષાઢો માસ ના'વ્યો | ૫ | શ્રી ઉદયરત્નજી | |
| | ઢાળ - ૩ | મારા મનમાંહિ લાગે મીઠો | ૭ | શ્રી ઉદયરત્નજી | |

| ક્રમાંક | સજઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ - ૪ | મેં જોગ તમારો જાણ્યો રે | ૭ | શ્રી ઉદયરત્નજી | |
| | ઢાળ - ૫ | માંડ્યો નાટારંભ મહારંગ વરસે | ૫ | શ્રી ઉદયરત્નજી | |
| | ઢાળ - ૬ | તું શાને કરે છે ચાળા રે | ૭ | શ્રી ઉદયરત્નજી | |
| | ઢાળ - ૭ | સાંભળી તારા વયણાં રે થઈ | ૭ | શ્રી ઉદયરત્નજી | |
| | ઢાળ - ૮ | મેં પરણી સંયમ નારી રે | ૯ | શ્રી ઉદયરત્નજી | |
| | ઢાળ - ૯ | પામી તે પ્રતિબોધ ચોથું રે | ૯ | શ્રી ઉદયરત્નજી | |
| ૧૯૬ | દુહા | સયલ સુહંકર પાસજી | ૭ | શ્રી વીરવિજયજી | ૩૫૩ |
| | ઢાળ - ૧ | પાટલીપુરમાં રે પ્યારે | ૬ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૨ | વાર વધુ સોહામણી રૂપે રંગે | ૧૩ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૩ | કાલ ગયો નવિ જાણીયો રે | ૬ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૪ | કોશા વેશ્યા કહે રાગીજી | ૮ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૫ | કરકોલ કરીને કે ચાલ્યા | ૧૭ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૬ | હો સજની રે ! પ્રીતમજી પ્યારો | ૭ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૭ | વેશ્યાયે વધાવ્યા સ્વામી રે | ૨૦ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૮ | રાજ પધારો મેરે મંદિર | ૮ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૯ | મેં જોગ તમારો જાણ્યો રે | ૯ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૧૦ | રમણીશું રંગરસે રમતાં | ૬ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૧૧ | જોઈ જોઈ રે જોગતણી દશા | ૬ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૧૨ | સ્થુલિભદ્ર કહે સુણ બાળા રે | ૧૨ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૧૩ | કોશ્યા કહે સુણજો સુમને | ૧૮ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૧૪ | મુનિરાજ કહે સુણ વેશ | ૧૭ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૧૫ | મજ્જન ચીર તિલક આધંત | ૧૬ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૧૬ | મેધરાગ ઓર ભૈરવ રાત્રે | ૯ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૧૭ | મિથ્યાત્વ વામી કોશ્યા સમકિત | ૭ | શ્રી વીરવિજયજી | |
| | ઢાળ - ૧૮ | ગાયો ગૌત્તમ ગોત્ર મુણિંદ | ૭ | શ્રી વીરવિજયજી | |
| ૧૯૭ | હરિકેશી મુનિની | સોવાંગ કુળમાં ઉપન્યા | ૧૫ | શ્રી ઋષભદાસ | ૩૭૦ |
| ૧૯૮ | હરિચંદ્ર રાજાની | દુહા : સદ્ગુરૂપદ પંકજ નમી | ૧ | શ્રી ઉદયવિજયજી | ૩૭૨ |
| | ઢાળ-૧ | સત્ય શિરોમણી હરિચંદ્ર | ૩૦ | શ્રી ઉદયવિજયજી | |
| ૧૯૯ | ઢાળ - ૧ | ઈણ અવસર તિહાં આવીયા | ૨૪ | શ્રી કનકવિજયજી | ૩૭૪ |
| | ઢાળ - ૨ | સાધુ કહે સુણ માતા ગંગા | ૧૦ | શ્રી કનકવિજયજી | |
| | ઢાળ - ૩ | બોલી રાણી પાપિણી | ૯ | શ્રી કનકવિજયજી | |
| | ઢાળ - ૪ | સાધુ કહે નિજ જીવને | ૧૫ | શ્રી કનકવિજયજી | |
| ૨૦૦ | હરિચંદ્ર રાજાની | ઉગતો સૂરજ તપે નહીં રે | ૧૩ | શ્રી હીર વિજયજી | ૩૭૮ |
| ૨૦૧ | હરિચંદ્ર રાજાની | માતા ઉમિયાને અંગે પ્રગટ | ૧૫ | શ્રી રામવિજયજી | ૩૭૯ |
| ૨૦૨ | હેમચંદ્રાચાર્ય-કુમારપાળની | બારમું વ્રત એમ પાળતો | ૧૮ | શ્રી રામવિજયજી | ૩૮૧ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | | તરંગ - ૨ | | | |
| | | (આગમોની સજ્ઝાયો) | | | |
| ૨૦૩ | અગીયાર અંગની | આચારંગ પહેલું કહ્યું રેલો | ૬ | ઉ. યશોવિજયજી | ૩૮૪ |
| | ઢાળ - ૨ | સૂયગડાંગ હવે સોભવોજી | ૬ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૩ | ત્રીજું અંગ હવે સાંભળો | ૭ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૪ | ચોથું સમવાયાંગ તે સાંભળો | ૬ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૫ | અંગ પાંચમું સાંભળો તુમે | ૧૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૬ | જ્ઞાતાધર્મકથા છઠ્ઠું અંગ | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૭ | સાતમું અંગ ઉપાસક દશા | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૮ | આઠમું અંગ અંતગડ દશા | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૯ | નવમું અંગ હવે ભવિ સાંભળો | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૦ | પ્રશ્ન વ્યાકરણાંગ તે દશમો | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૧ | અંગ અગ્યારમો સાંભળો | ૯ | ઉ. યશોવિજયજી | |
| | કળશ | અંગ અગ્યારે સાંભળ્યા રે | ૬ | ઉ. યશોવિજયજી | |
| ૨૦૪ | આગમની | આગમની આશાતના નવિ | ૫ | શ્રી વીરવિજયજી | ૩૯૧ |
| ૨૦૫ | ઉત્તરાધ્યયનની દશમા | સમવસરણ સિંહાસનેથી | ૮ | શ્રી કરણવાચકજી | ૩૯૧ |
| ૨૦૬ | ઉત્તરાધ્યયની | પવયણ દેવી ચિત્ત ધરીજી | ૮ | શ્રી ઉદયવિજયજી | ૩૯૨ |
| | ઢાળ - ૨ | સોહમ સામી જંબુ પ્રતેં | ૮ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૩ | પ્રથમ માનવભવ દોહિલો | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૪ | અજરામર જગ કો નહિં | ૭ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૫ | પંચમ અધ્યયને કહેએ | ૭ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૬ | સંસારે રે જીવ અનંતભવે કરી | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૭ | અજ જિમ કોઈક પાષે આંગણ | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૮ | કેવલ નાણ ગુણ પૂરીયો | ૭ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૯ | દેવતણી ઋદ્ધિ ભોગવી આવ્યો | ૮ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૦ | પંડુર પાન થયે પરિપાકે | ૭ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૧ | વીર જિણંદની દેશના | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૨ | ઋષિ વનવાસી સુરવર સેવિત | ૧૫ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૩ | ચિત્ર અને સંભૂત એ | ૧૧ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૪ | દેવતણી ઋદ્ધિ ભોગવી રે | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૫ | તપ કરતાં મુનિ રાજીયા લાલા | ૫ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૬ | બ્રહ્મચર્યના દશા કહ્યાં સ્થાનક | ૫ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૭ | શ્રી જિનધર્મ સુણી ખરો | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૮ | કંપિલપુરનો રાજીઓ | ૧૨ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૧૯ | સુગ્રીવ નયર વર વનવાડી આરામ | ૮ | શ્રી ઉદયવિજયજી | |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ - ૨૦ | મગધ દેશ રાજગૃહી નગરી | ૧૩ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૨૧ | નયરી ચંપામાં વસે | ૯ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૨૨ | શૌરીપુર અતિ સુંદર | ૧૪ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૨૩ | શિષ્ય જિણેસર પાસના | ૮ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૨૪ | સમિતિ ગુપ્તિ સૂધી ધરો ભવિ | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૨૫ | વાણારસી નગરી વસે | ૯ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૨૬ | દશ આચાર મુણિંદના | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૨૭ | વીર ગોપમને ઈમ કહે | ૫ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૨૮ | વર્ધમાન જિનવર કહે | ૫ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૨૯ | સોહમ જંબુને કહે | ૧૩ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૩૦ | શ્રી વીરે તપ વર્ણવ્યો | ૭ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૩૧ | વર્ધમાન જિન ઉપદિશે | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૩૨ | વીર કહે બત્રીશમેં રે | ૮ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૩૩ | કેવલ નાણે જાણતો રે લો | ૬ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૩૪ | કિસન નીલ કાપોતે એ | ૭ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૩૫ | વીર કહે ભવિ લોકને | ૫ | શ્રી ઉદયવિજયજી | |
| | ઢાળ - ૩૬ | સોહમ સ્વામી એમ કહે રે | ૮ | શ્રી ઉદયવિજયજી | |
| ૨૦૭ | દશવૈકાલિકની | સદ્‌ગુરૂ પદ પંકજ નમીજી | ૫ | શ્રી વૃદ્ધિ વિજયજી | ૪૧૮ |
| | ઢાળ - ૨ | નમવા નેમિ જિણંદને | ૧૫ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | ઢાળ - ૩ | આધાકર્મી આહાર ન લીજીયે | ૧૨ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | ઢાળ - ૪ | સ્વામી સુધર્મા રે કહે જંબુ | ૧૩ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | ઢાળ - ૫ | સુઝતા આહારનો ખપ કરોજી | ૧૩ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | ઢાળ - ૬ | ગણધર સુધર્મા ઈમ ઉપદેશે | ૭ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | ઢાળ - ૭ | સાચું વયણ જે ભાખીયે રે | ૯ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | ઢાળ - ૮ | કહે સદ્‌ગુરૂ સાંભળો ચેલા રે | ૧૫ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | ઢાળ - ૯ | વિનય કરજો ચેલા વિનય કરજો | ૧૦ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | ઢાળ - ૧૦ | તે મુનિ વંદો તે મુનિ વંદો | ૧૧ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | ઢાળ - ૧૧ | સાધુજી ! સંયમ સૂધો પાળો | ૭ | શ્રી વૃદ્ધિ વિજયજી | |
| | | **તરંગ - ૩** | | | |
| | | **(પર્વતિથિઓની સજ્ઝાયો)** | | | |
| ૨૦૮ | અગ્યારસની | ગોયમ પૂછે વીરને સુણો સ્વામીજી | ૧૫ | શ્રી રૂપવિજયજી | ૪૨૮ |
| ૨૦૯ | અગ્યારસની | આજ મારે એકાદશી રે નણદલ | ૧૨ | શ્રી ઉદયરત્નજી | ૪૨૯ |
| ૨૧૦ | આઠમની | શ્રી સરસ્વતીને ચરણેં નમું | ૭ | શ્રી દેવવિજયજી | ૪૩૦ |
| ૨૧૧ | આઠમની | અષ્ટમી પર્વ આરાધો પ્રીતેં | ૧૦ | શ્રી કુશલદીપજી | ૪૩૦ |
| ૨૧૨ | દિવાળીની | દુઃખ હરણી દીપાલિકા રે લાલ | ૯ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૪૩૧ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૨૧૩ક | દિવાળીની | દિવાળી રુડીયાળી પર્વ સોહામણું | ૧૧ | શ્રી દર્શનવિજયજી | ૪૩૨ |
| ૨૧૩ખ | દિવાળીની | વાંદી વીર જિનેશ્વર પાય | ૨૫ | શ્રી દેવચંદજી | ૪૩૨ |
| ૨૧૪ | પન્નર તિથિની (દુહા) | શ્રીમદ્ ગોડી જગધણી | ૮ | શ્રી લબ્ધિવિજયજી | ૪૩૪ |
| | ઢાળ - ૧ | પહેલી તિથિ એણી પેરે વદે રે | ૭ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૨ | બીજ કહે ભવ્ય જીવને રે લો | ૭ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૩ | ત્રીજ કહે મુજ ઓળખી રે | ૬ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૪ | ચોથ કહે ભવિ સાંભળો રે | ૭ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૫ | પુનરપિ પાંચમ એમ વદે રે | ૮ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૬ (દુહા) | ઈણવિધ પાંચે તિથિ ભણી | ૨ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૬ | છઠ્ઠી કહે મુજ ઓળખી રે | ૬ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૭ | સાતમ કહે શાંત આતમા | ૧૨ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૮ | આઠમ કહે આઠ મદના | ૯ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૯ | જીરે, નવમી કહે નમીયેં સદા | ૧૦ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૧૦ | દશમીયેં દુશ્મન વારીયેં | ૫ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૧૧ (દુહા) | ઈણ દશ તિથિ અધિકાર | ૨ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૧૧ | હવે એકાદશી ઈમ વદે ભવિજન | ૭ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૧૨ | દ્વાદશી કહે ભવિ ભાવશું | ૯ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૧૩ | તેરસ શ્રોત આગળે | ૭ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૧૪ | હવે ચૌદશ તિથિ ઈમવદે રેહાં | ૯ | શ્રી લબ્ધિવિજયજી | |
| | ઢાળ - ૧૫ | પૂનમ કહે ભવ્ય જીવને રે | ૧૬ | શ્રી લબ્ધિવિજયજી | |
| ૨૧૫ | પર્યુષણ પર્વની | પર્વ પજુસણ આવીયા રે લાલ | ૧૧ | શ્રીમતિહંસજી | ૪૪૬ |
| ૨૧૬ | ઢાળ - ૧ | પર્વ પજુસણ આવીયા | ૯ | શ્રી માણેકવિજયજી | ૪૪૭ |
| | ઢાળ - ૨ | પહેલે દિન બહુ આદરઆણી | ૧૨ | શ્રી માણેકવિજયજી | |
| | ઢાળ - ૩ | ઈંદ્ર વિચારે ચિત્તમાંજી | ૯ | શ્રી માણેકવિજયજી | |
| | ઢાળ - ૪ | દેખી સુપન તવ જાગી રાણી | ૯ | શ્રી માણેકવિજયજી | |
| | ઢાળ - ૫ | ધનદ તણે આદેશથી રે | ૯ | શ્રી માણેકવિજયજી | |
| | ઢાળ - ૬ | જિનનો જન્મ મહોત્સવ | ૧૫ | શ્રી માણેકવિજયજી | |
| | ઢાળ - ૭ | ચારિત્ર લેતાં ખંધે મુક્યું | ૨૧ | શ્રી માણેકવિજયજી | |
| | ઢાળ - ૮ | કાશીદેશ વાણારસી સુખકારી | ૯ | શ્રી માણેકવિજયજી | |
| | ઢાળ - ૯ | શૌરીપુર સમુદ્ર વિજય ઘરે | ૧૧ | શ્રી માણેકવિજયજી | |
| | ઢાળ - ૧૦ | ઈક્ષ્વાકુ ભૂમે નાભિકુલકર ઘરેજી | ૧૫ | શ્રી માણેકવિજયજી | |
| | ઢાળ - ૧૧ | સંવચ્છરી દિન સાંભળો એ | ૯ | શ્રી માણેકવિજયજી | |
| ૨૧૭ | પાંચમની | સદ્ગુરૂ ચરણ પસાઉલે રે લાલ | ૭ | શ્રી કાંતિવિજયજી | ૪૫૮ |
| ૨૧૮ | ઢાળ - ૧ | શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર વયણથી રે | ૩ | શ્રી વિજયલક્ષ્મી સૂરિ | ૪૫૮ |
| | ઢાળ - ૨ | ગુરૂ કહે વૈતાઢ્ય ગિરિવરે રે | ૪ | શ્રી વિજયલક્ષ્મી સૂરિ | |

| ક્રમાંક | સજઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ - ૩ | ચૈત્ર વદિ પાંચમ દિને સુણો | ૪ | શ્રી વિજયલક્ષ્મી સૂરિ | |
| | ઢાળ - ૪ | હારે મારે જ્ઞાની ગુરૂના વચણ | ૩ | શ્રી વિજયલક્ષ્મી સૂરિ | |
| | ઢાળ - ૫ | જ્ઞાનીના વચણથી ચારે બેની | ૩ | શ્રી વિજયલક્ષ્મી સૂરિ | |
| ૨૧૯ | ઓળી સિદ્ધચક્રની | દેશ મનોહર માલવો | ૧૦ | શ્રી મુક્તિ વિજયજી | ૪૬૧ |
| | ઢાળ - ૨ | સદ્‌ગુરૂ વયણે તપ કરે રે લાલ | ૭ | શ્રી મુક્તિ વિજયજી | |
| | ઢાળ - ૩ | રાજગૃહી ઉદ્યાન સમોસર્યા | ૯ | શ્રી મુક્તિ વિજયજી | |
| ૨૨૦ | ઓળી સિદ્ધચક્રની | રાજગૃહી ઉદ્યાન સમોસર્યા | ૧૦ | શ્રી ઉત્તમસાગર શિષ્ય | ૪૬૨ |
| | | **તરંગ - ૪** | | | |
| | | **(પાપસ્થાનકની સજઝાયો)** | | | |
| ૨૨૧ | અઢાર પાપ સ્થાનકની | પાપ સ્થાનક પહેલું કહ્યું રે | ૬ | ઉ. યશોવિજયજી | ૪૬૪ |
| | ઢાળ - ૨ | બીજું પાપનું સ્થાન | ૬ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૩ | ચોરી વ્યસન નિવારીએ | ૬ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૪ | પાપ સ્થાનક ચોથું વરજીએ | ૧૧ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૫ | પરિગ્રહ મમતા પરિહરો | ૮ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૬ | ક્રોધ તે બોધ નિરોધ છે | ૮ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૭ | પાપ સ્થાનક કહે સાતમું | ૬ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૮ | પાપ સ્થાનક કહ્યું આઠમું | ૮ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૯ | જીરે મારે, લોભ તે દોષ અથોભ | ૮ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૦ | પાપ સ્થાનક દશમું કહ્યું રાગ રે | ૯ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૧ | દ્વેષ ન કરીએ લાલન ! દ્વેષ | ૯ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૨ | કલહ તે બારમું પાપનું સ્થાન | ૭ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૩ | પાપ સ્થાનક તે તેરમું છોડીએ | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૪ | પાપ સ્થાનક હોકે ચૌદમું | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૫ | જિહાં રતિ કોઈક કારણેજી | ૭ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૬ | સુંદર ! પાપ સ્થાનક તજો | ૯ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૭ | સત્તરમું પાપનું ઠામ | ૧૨ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૧૮ | અઢારમું જે પાપનું સ્થાનક | ૮ | ઉ. યશોવિજયજી | |
| ૨૨૨ | અઢાર પાપ સ્થાનકની | રે પ્રાણી ! જીવની હિંસા નિવાર | ૮ | શ્રી માણેક મુનિ | ૪૭૫ |
| ૨૨૩ | આઠ મદની | મદ આઠ મહામુનિ વારીએ | ૧૧ | શ્રી માનવિજયજી | ૪૭૬ |
| ૨૨૪ | માનની | રે જીવ માન ન કીજીએ | ૫ | શ્રી ઉદયરત્નજી | ૪૭૭ |
| ૨૨૫ | ચાર કષાયની | જીવ ! ક્રોધ મ કરજે | ૮ | શ્રી લાવણ્ય સમયજી | ૪૭૮ |
| ૨૨૬ | ક્રોધની | કડવાં ફળ છે ક્રોધના | ૬ | શ્રી ઉદયરત્નજી | ૪૭૮ |
| ૨૨૭ | ક્રોધની | ક્રોધ ન કરીએ ભોળા પ્રાણી | ૯ | શ્રી ભાવ સાગરજી | ૪૭૯ |
| ૨૨૮ | તેર કાઠિયાની (દુહા) | પાસ જિણેસર પય નમી | ૪ | શ્રી વિશુદ્ધ વિમલજી | ૪૭૯ |
| | ઢાળ - ૧ | આળસ અંગથી પરિહરો | ૧૩ | શ્રી વિશુદ્ધ વિમલજી | |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા – | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ – ૨ | મોહે વાહયો પ્રાણીયો રે | ૧૧ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૩ | જીહો, અવજ્ઞા કરતાં જીવડા | ૧૦ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૪ | માન ન કીજે માનવી રે | ૧૦ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૫ | પાંચમો કાઠીયો પરિહરો પ્રાણી | ૧૦ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૬ | છઠ્ઠો કાઠીયો છંડીયે | ૯ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૭ | કૃપણપણાથી બીહતો રે | ૯ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૮ | કર્મ ઉદય હોય જેહને હો રાજ | ૮ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૯ | શ્રી વીર વાણી ચિત્ત ધરો | ૯ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૧૦ | અજ્ઞાન પણાને હો જો રે કેઈ | ૧૨ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૧૧ | રાતદિવસ વ્યાક્ષેપમાં લાલ | ૯ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૧૨ | કુતુહલ વાહયો પ્રાણીયો | ૧૧ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| | ઢાળ – ૧૩ | જગમાં જાલમી જોર | ૧૩ | શ્રી વિશુદ્ધ વિમલજી | |
| ૨૨૯ | માયાની | સમકિતનું મૂળ જાણીએજી | ૬ | શ્રી ઉદયરત્નજી | ૪૯૦ |
| ૨૩૦ | માયાની | ભવિયણ ! માયા મૂળ | ૭ | શ્રીભાવ સાગરજી | ૪૯૧ |
| ૨૩૧ | માયાની | માયા મનથી પરિહરી રે | ૭ | શ્રી મણિવિજયજી | ૪૯૧ |
| ૨૩૨ | કલહ-કજીયાંની | રાડકલહ સવિ મૂલે નિવારે | ૧૧ | શ્રી ઉદયરત્નજી | ૪૯૨ |
| ૨૩૩ | લોભની | લોભ ન કરીએ પ્રાણીયા | ૭ | શ્રી ભાવસાગરજી | ૪૯૩ |
| ૨૩૪ | લોભની | આશા દાસી વશ પડ્યા | ૭ | શ્રી રૂપવિજયજી | ૪૯૩ |
| ૨૩૫ | પ્રમાદની | અજરામર જગ કો નહી | ૭ | શ્રી ઉદયવિજયજી ગણિ | ૪૯૪ |
| | | **તરંગ – ૫** | | | |
| | | **(આત્મગુણ પોષક સજ્ઝાયો)** | | | |
| ૨૩૬ | અષ્ટ પ્રવચન માતાની | વનજ વદન વાગેશ્વરી (દુહા) | ૭ | શ્રી રૂપવિજયજી | ૪૯૬ |
| | ઢાળ – ૧ | પ્રથમ અહિંસા વ્રતની જાણીએ | ૯ | શ્રી રૂપવિજયજી | |
| | દુહા | હિત મિત મધુર મ તુચ્છતા | ૧ | શ્રી રૂપવિજયજી | |
| | ઢાળ – ૨ | સમિતિ બીજી મુનિ આદરો | ૯ | શ્રી રૂપવિજયજી | |
| | દુહા | મુનિ મુગતિ પદ સાધવા | ૧ | શ્રી રૂપવિજયજી | |
| | ઢાળ – ૩ | ત્રીજી સમિતિ સમાચરોજી | ૧૦ | શ્રી રૂપવિજયજી | |
| | દુહા | ચોથી સમિતિ સોહામણી | ૧ | શ્રી રૂપવિજયજી | |
| | ઢાળ – ૪ | સાધુજી સમિતિ ચોથી ધરો | ૯ | શ્રી રૂપવિજયજી | |
| | દુહા | સંવર વંત સુસંયમી | ૧ | શ્રી રૂપવિજયજી | |
| | ઢાળ – ૫ | પારિઠ્ઠાવણીયા નામથી રે | ૯ | શ્રી રૂપવિજયજી | |
| | દુહા | ક્રોધ શમન ઈંદ્રિય દમન | ૧ | શ્રી રૂપવિજયજી | |
| | ઢાળ – ૬ | પંચ સમિતિ સમિતા સદા | ૯ | શ્રી રૂપવિજયજી | |
| | દુહા | વચન વદે મુખથી મુનિ | ૧ | શ્રી રૂપવિજયજી | |
| | ઢાળ – ૭ | સાધુજી ! વયણ ગુપ્તિ ધરો | ૯ | શ્રી રૂપવિજયજી | |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | દુહા | ઈંદ્રિય દમન આતમ રસી | ૧ | શ્રી રૂપવિજયજી | |
| | ઢાળ - ૮ | ગુપ્તિ ત્રીજી રે સાધુજી સાચવો | ૮ | શ્રી રૂપવિજયજી | |
| | દુહા | પંચ સમિતિ સમિતા મુનિ | ૧ | શ્રી રૂપવિજયજી | |
| | ઢાળ - ૯ | આજ સફળ દિનમુનિ મને મળીયા | ૧૦ | શ્રી રૂપવિજયજી | |
| ૨૩૭ | આઠ યોગદષ્ટિની | શિવસુખ કારણ ઉપદિશી | ૧૫ | ઉ. યશોવિજયજી | ૫૦૪ |
| | ઢાળ - ૨ | દર્શન તારા દષ્ટિમાં | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૩ | ત્રીજી દષ્ટિ બલા કહીજી | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૪ | યોગદષ્ટિ ચોથી કહીજી | ૨૩ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૫ | દષ્ટિ થિરા માંહે દર્શન નિત્યે | ૬ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૬ | અચપલ રોગ રહિત નિષ્ઠુર | ૯ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૭ | અર્ક પ્રભાસમ બોધ પ્રભામાં | ૫ | ઉ. યશોવિજયજી | |
| | ઢાળ - ૮ | દષ્ટિ આઠમી સાર સમાધિ | ૩ | ઉ. યશોવિજયજી | |
| | ઉપસંહાર | એ અડદિઠી કહી સંક્ષેપે | ૫ | ઉ. યશોવિજયજી | |
| ૨૩૮ | આઠ દષ્ટિની | ચિદાનંદ પરમાતમ રૂપ | ૧૪ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૫૧૧ |
| ૨૩૯ | ઉપશમની | ભગવતી ભારતી મનધરીજી | ૨૩ | શ્રી લક્ષ્મીકલ્લોલ મુનિ | ૫૧૨ |
| ૨૪૦ | ચૌદ ગુણસ્થાનકની | જ્ઞાન દિવાકર ભાખીયો રે લો | ૮ | શ્રી મણિવિજયજી | ૫૧૪ |
| | ઢાળ - ૨ | બીજું ગુણઠાણું સુણો રે | ૬ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૩ | મિશ્ર ગુણઠાણું હવે ત્રીજું | ૭ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૪ | હવે ગુણઠાણું સમકિત ધરીયે | ૬ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૫ | પંચમ નાણી રે જિનવર ઈમ | ૬ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૬ | છઠું ગુણ ઠાણું હવે | ૬ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૭ | શ્રી જિનવર ઈમ ઉપદિશે | ૬ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૮ | ગુણઠાણું હવે આઠમું | ૭ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૯ | અનિવૃત્તિ નવમું આદરો ગુણ | ૮ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૧૦ | સૂક્ષ્મ સંપરાય નામે દશમું | ૫ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૧૧ | હવે સુણજો ભવિયણ પ્રાણી | ૫ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૧૨ | શ્રી જિનવીરજી એમ બોલે | ૬ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૧૩ | ગુણઠાણું હવે તેરમું રે | ૮ | શ્રી મણિવિજયજી | |
| | ઢાળ - ૧૪ | અયોગી નામેં ચૌદમું એ | ૧૦ | શ્રી મણિવિજયજી | |
| | કળશ | પૂજો પૂજો રે પ્રભુ પાસજીને | ૭ | શ્રી મણિવિજયજી | |
| ૨૪૧ | બાર ભાવનાની | પાસ જિનેસર પયનમી | ૫ | શ્રી જયસોમ મુનિ | ૫૨૩ |
| | ઢાળ - ૧ | પહેલી ભાવના એણી પેરે | ૯ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | પલ પલ છીજે આઉખું | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૨ | બીજી અશરણ ભાવના | ૬ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | થાવચ્ચ સુત શ્ચરહ્યોં | ૨ | શ્રી જયસોમ મુનિ | |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ - ૩ | ત્રીજી ભાવના એણી પેરે | ૮ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | ઈમ ભવો ભવ જે દુઃખ | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૪ | ચોથી ભાવના ભવિયણ મન | ૮ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | ભવ સાયર બહુ દુઃખ જલે | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૫ | પાંચમી ભાવના ભાવીયે રે | ૮ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | મોહ વશી (શેં) મુન મંત્રવી | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૬ | છઠ્ઠી ભાવના મન ધરો | ૭ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | તન છિદ્દર ઈંદ્રિય મચ્છા | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૭ | આશ્રવ ભાવના સાતમી રે | ૯ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | શુભ માનસ માનસ કરી | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૮ | આઠમી સંવર ભાવનાજી | ૭ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | દઢ પ્રહારી દઢ ધ્યાન ધરી | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૯ | નવમી નિર્જર ભાવના | ૭ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | મન દારૂ તન નાલી કરી | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૧૦ | દશમી લોક સ્વરૂપ રે | ૧૧ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | વાર અનંતી ફરસીઓ | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૧૧ | દશ દષ્ટાંતે દોહિલો રે | ૭ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | પરિહર હરિહર દેવ સવિ | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | ઢાળ - ૧૨ | ધન ધન ધર્મ જગહિત કરૂ | ૬ | શ્રી જયસોમ મુનિ | |
| | દુહા | તપગચ્છપતિ વિજય દેવગુરૂ | ૨ | શ્રી જયસોમ મુનિ | |
| | કળશ | તુમે ભાવો રે ભવિ ! | ૪ | શ્રી જયસોમ મુનિ | |
| ૨૪૨ | અશરણ ભાવનાની | કો નવિ શરણં કો નવિ | ૮ | શ્રી સકળચંદજી | ૫૩૪ |
| ૨૪૩ | એકત્વ ભાવનાની | આવ્યો પ્રાણી એકલો રે | ૭ | "અજ્ઞાત" | ૫૩૫ |
| ૨૪૪ | શીલની | શીયલ સમું વ્રત કો નહિં | ૫ | શ્રી ઉદયરત્નજી | ૫૩૬ |
| ૨૪૫ | શીલની | તે તરીયા ભાઈ તે તરીયા | ૫ | શ્રી પદ્મવિજયજી | ૫૩૬ |
| ૨૪૬ | શીલની | ગીરૂઆ રે ગુણ શીયલના | ૫ | શ્રી સુખવિજયજી | ૫૩૭ |
| ૨૪૭ | શીયલની | નવવાડ મુનીસર ! મન ધરો | ૧૧ | શ્રીભાવપ્રભસૂરિ | ૫૩૭ |
| ૨૪૮ | સમકિત ૬૭ બોલની | સુકૃત વલ્લિ કાંદબિની (દુહા) | ૪ | શ્રી યશોવિજયજી | ૫૩૮ |
| | ઢાળ - ૧ | ચઉ સદ્દહણા તિલિંગ છે | ૫-૧૦ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૨ | ત્રણ લિંગ સમકિત તણાં રે | ૧૧-૧૪ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૩ | અરિહંત તે જિન વિચરતાંજી | ૧૫-૧૯ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૪ | ત્રણ શુદ્ધિ સમકિત તણી રે | ૨૦-૨૨ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૫ | સમકિત દૂષણ પરિહરો | ૨૩-૨૭ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૬ | આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા | ૨૮-૩૫ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૭ | સોહે સમકિત જેહથી | ૩૬-૪૦ | શ્રી યશોવિજયજી | |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| | ઢાળ - ૮ | લક્ષણ પાંચ કહ્યાં સમકિત | ૪૧-૪૫ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૯ | પર તીર્થી પરના સુર જેણે | ૪૬-૫૦ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૧૦ | શુદ્ધ ધરમથી નવિ ચળે | ૫૧-૫૫ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૧૧ | ભાવી જે રે સમકિત જેહથી | ૫૬-૫૯ | શ્રી યશોવિજયજી | |
| | ઢાળ - ૧૨ | ઠરે જિહાં સમકિત તે થાનક | ૬૨-૬૮ | શ્રી યશોવિજયજી | |
| ૨૪૯ | સિદ્ધ ભગવંતની | અષ્ટ કરમ ચૂરણ કરી રે લાલ | ૬ | શ્રી દેવવિજયજી | ૫૪૬ |
| ૨૫૦ | વિનયની | વિનય કરો ચેલા ગુરૂ તણો | ૫ | શ્રી વિબુધવિમલ સૂરિ | ૫૪૭ |
| ૨૫૧ | વિનયની | પવયણ દેવી ચિત્ત ધરીજી | ૮ | શ્રી ઉદય વાચક | ૫૪૭ |
| ૨૫૨ | વિનયની | શ્રી જંબુ મુનિ વીનવ્યા રે | ૧૧ | શ્રી રામવિજયજી | ૫૪૮ |
| ૨૫૩ | સમતાની | જબ લગ સમતા ક્ષણ | ૧૨ | શ્રી યશોવિજયજી | ૫૪૯ |
| ૨૫૪ | સુપાત્ર દાનની | પ્રણમી શ્રી ગોયમ ગણધર | ૭ | શ્રી દીપવિજયજી | ૫૫૦ |
| ૨૫૫ | તપની | કીધા કર્મ નિકંદવા રે | ૭ | શ્રી ઉદયરત્નજી | ૫૫૧ |
| ૨૫૬ | ભાવની | રે ભવિ ભાવ હૃદયે ધરો | ૬ | શ્રી ઉદયરત્નજી | ૫૫૧ |
| ૨૫૭ | વાણી સંયમની | ચેતનજી, વાણીનો સંયમ | ૭ | શ્રી રંગવિજયજી | ૫૫૨ |
| | | **તરંગ - ૬** | | | |
| | | **(વૈરાગ્યની સજ્ઝાયો)** | | | |
| ૨૫૮ | આપ સ્વભાવની | આપ સ્વભાવમાં રે અવધૂ | ૭ | શ્રી જીવવિજયજી | ૫૫૪ |
| ૨૫૯ | આત્મા નિંદા-ગર્હાની | શી કહું કથની મારી | ૬ | શ્રી ઉદયરત્નજી | ૫૫૪ |
| ૨૬૦ | આત્માને ઉપદેશની | તનનો ભરોસો નથી રે ચેતન | ૧૧ | શ્રી ઉદયરત્નજી | ૫૫૫ |
| ૨૬૧ | આત્માને ઉપદેશની | ક્યાં તન માંજતા રે એકદિન | ૬ | શ્રી આનંદઘનજી | ૫૫૬ |
| ૨૬૨ | આત્માને ઉપદેશની | હો ચેત જીવલડા ! મ કરતું | ૯ | શ્રી વિનીત વિજયજી | ૫૫૬ |
| ૨૬૩ | આત્માને ઉપદેશની | ચેતે તો ચેતાવું તને રે પામર | ૯ | ''અજ્ઞાત'' | ૫૫૭ |
| ૨૬૪ | આત્માને ઉપદેશની | જાવું જરૂર મરી જીવડા | ૧૧ | શ્રી વીર મુનિ | ૫૫૮ |
| ૨૬૫ | આત્માને ઉપદેશની | તને સંસાર સુખ કેમ સાંભરે રે | ૬ | શ્રી કવિ દાસજી | ૫૫૯ |
| ૨૬૬ | આત્માને ઉપદેશની | રાત દિવસ કાયા મૂઢ પોષે રે | ૭ | શ્રી વીરવિજયજી | ૫૬૦ |
| ૨૬૭ | આત્માને ઉપદેશની | કહાં કરૂં મંદિર કહાં કરૂં ડમરાં | ૫ | શ્રી વિનયવિજયજી | ૫૬૧ |
| ૨૬૮ | આત્માને ઉપદેશની | અવધૂ ઐસો જ્ઞાન વિચારી | ૬ | શ્રી આનંદઘનજી | ૫૬૧ |
| ૨૬૯ | આત્માને ઉપદેશની | તે ગિરૂઆ ભાઈ તે ગિરૂઆ | ૭ | શ્રી લાવણ્ય સમયજી | ૫૬૧ |
| ૨૭૦ | આત્માને ઉપદેશની | તે ગિરૂઆ ભાઈ તે ગિરૂઆ | ૭ | શ્રી લબ્ધિવિજયજી | ૫૬૨ |
| ૨૭૧ | અમૃતવેલની | ચેતન ! જ્ઞાન અજુવાળીએ | ૨૯ | શ્રી યશોવિજયજી | ૫૬૩ |
| ૨૭૨ | અમૃતવેલની | ચેતન ! જ્ઞાન અજુઆળજે | ૧૯ | શ્રી યશોવિજયજી | ૫૬૫ |
| ૨૭૩ | મરણ વિષેની | મરણ ન છૂટે રે પ્રાણીયા | ૮ | શ્રી ધર્મરત્નજી | ૫૬૬ |
| ૨૭૪ | મરણ વિષેની | ચેતન ! ચેતજો રે; એ કાળ | ૧૫ | શ્રી વિશુદ્ધ વિમલજી | ૫૬૭ |
| ૨૭૫ | મરણ વિષેની | સુણ સુણ સાહેલી રે કહું હૃદયની | ૮ | શ્રી સમય સુંદરજી | ૫૬૮ |
| ૨૭૬ | વૈરાગ્યની | મારૂં મારૂં મ કર જીવ તું | ૭ | શ્રી હર્ષવિજયજી | ૫૬૯ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૨૭૭ | વૈરાગ્યની | માનમાં માનમાં માનમાં રે | ૧૧ | શ્રી કેવલ મુનિ | ૫૭૦ |
| ૨૭૮ | વૈરાગ્યની | ઉંચા તે મંદિર માળીયા | ૮ | શ્રી ઉદયરત્નજી | ૫૭૦ |
| ૨૭૯ | વૈરાગ્યની | આવ્યો ત્યારે મૂઠી વાળી | ૯ | શ્રી ઉદયરત્નજી | ૫૭૧ |
| ૨૮૦ | વૈરાગ્યની | તું થોડું ફાટી જા કોણ છે થોરી રે | ૮ | શ્રીરામવિજય શિષ્ય | ૫૭૨ |
| ૨૮૧ | વૈરાગ્યની | જંજાળી જીવડા ! જાગતું | ૨૦ | શ્રી રૂપવિજયજી | ૫૭૨ |
| ૨૮૨ | વૈરાગ્યની | જેને તું પાટણ જેવા | ૧૧ | શ્રી રત્નવિજયજી | ૫૭૪ |
| ૨૮૩ | વૈરાગ્યની | જાઉં બલિહારી વૈરાગ્યની | ૭ | શ્રી ધર્મરત્નજી | ૫૭૪ |
| ૨૮૪ | વૈરાગ્યની | તન ધન જોબન કારમુંજી | ૭ | શ્રી ધર્મરત્નજી | ૫૭૫ |
| ૨૮૫ | વૈરાગ્યની | જીવ તું ઘેન માહે પડ્યો | ૫ | શ્રી સત્યવિજયજી | ૫૭૬ |
| ૨૮૬ | વૈરાગ્યની | જીવડા ચૂપ કરીને ચેતો | ૭ | શ્રી રામવિજયજી | ૫૭૬ |
| ૨૮૭ | વૈરાગ્યની | કોરા કાગજની પૂતળી મન | ૮ | શ્રી લબ્ધિવિજયજી | ૫૭૭ |
| ૨૮૮ | વૈરાગ્યની | અહિંસા ધર્મકા ડંકા | ૫ | શ્રી ખાંતિવિજયજી | ૫૭૭ |
| ૨૮૯ | વૈરાગ્યની | આ સંસાર અસાર છે ચિત્ત | ૬ | શ્રી ધર્મરત્નજી | ૫૭૮ |
| ૨૯૦ | વૈરાગ્યની | નથી સાર જગતમાં ભાઈ | ૧૧ | શ્રી ધર્મરત્નજી | ૫૭૮ |
| ૨૯૧ | વૈરાગ્યની | આ સંસાર અસાર છે | ૧૦ | શ્રી સિદ્ધિવિજયજી | ૫૭૯ |
| ૨૯૨ | વૈરાગ્યની | પર્ષદા આગે દીયે મુનિ દેશના | ૧૧ | શ્રી ઉદયવિજયજી | ૫૮૦ |
| ૨૯૩ | વૈરાગ્યની | સગું તારૂં કોણ સાચું રે | ૫ | શ્રી ઋષભદાસ | ૫૮૧ |
| ૨૯૪ | વૈરાગ્યની | સાર નહિં રે સંસારમાં | ૮ | શ્રી સૌભાગ્ય વિજયજી | ૫૮૨ |
| ૨૯૫ | વૈરાગ્યની | કેના રે સગપણ કેની રે માયા | ૯ | શ્રી વિનયવિજયજી | ૫૮૨ |
| ૨૯૬ | વૈરાગ્યની | આતમ રામે રે મુનિ રમે | ૫ | શ્રી મણીચંદજી | ૫૮૩ |
| ૨૯૭ | વૈરાગ્યની | સજીધર બાર સારૂ મિથ્યા | ૧૧ | શ્રી રત્નવિજયજી | ૫૮૪ |
| ૨૯૮ | વૈરાગ્યની | ભમી ભમીને ભવ અટવીમાં | ૨૪ | શ્રી જિનહર્ષજી | ૫૮૪ |
| ૨૯૯ | વૈરાગ્યની | હારે લાલ, સિદ્ધ સ્વરૂપી | ૯ | શ્રી પ્રમોદ મુનિ | ૫૮૫ |
| ૩૦૦ | વૈરાગ્યની | ખબર નહીં આ જગમેં | ૧૦ | શ્રી અવિચલ | ૫૮૬ |
| ૩૦૧ | વૈરાગ્યની | તારૂં ધન રે જોબન ધૂળ થાશે | ૭ | શ્રી જ્ઞાનવિમલજી | ૫૮૭ |
| ૩૦૨ | વૈરાગ્યની | ભરોસે શું રહ્યા ભુલી | ૮ | શ્રી શુભવિજયજી | ૫૮૮ |
| ૩૦૩ | વૈરાગ્યની | પુણ્ય સંયોગે પામીયો જીરે | ૭ | શ્રી ધર્મરત્નજી | ૫૮૮ |
| ૩૦૪ | વૈરાગ્યની | આપ અજવાળજો આત્મા | ૬ | શ્રી લબ્ધિવિજયજી | ૫૮૯ |
| ૩૦૫ | વૈરાગ્યની | સુણ આતમા મત પડ મોહ | ૬ | શ્રી રૂપવિજયજી | ૫૮૯ |
| ૩૦૬ | વૈરાગ્યની | આ તન છે રંગ પતંગી | ૬ | શ્રી વીરવિજયજી | ૫૯૦ |
| ૩૦૭ | વૈરાગ્યની | અમે તો આજ તમારા બે | ૬ | શ્રી પદ્મવિજયજી | ૫૯૧ |
| ૩૦૮ | વૈરાગ્યની | ચેત ચેત ચેત પ્રાણી | ૫ | શ્રી ઉદયરત્નજી | ૫૯૧ |
| ૩૦૯ | વૈરાગ્યની | ચેતન અબ કુછ ચેતીએ | ૫ | શ્રી નયરત્નજી | ૫૯૨ |
| ૩૧૦ | વૈરાગ્યની | પંથીડા પ્યારા મુસાફર ખાનું | ૫ | શ્રી સાંકળચંદજી | ૫૯૨ |
| ૩૧૧ | વૈરાગ્યની | મુસાફર જીવડા ! કાયાનો મહેલ | ૫ | શ્રી સિદ્ધાનંદજી | ૫૯૩ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૩૧૨ | વૈરાગ્યની | રે... નર ! જગ સપને કી માયા | ૫ | શ્રી સિદ્ધાનંદજી | ૫૯૩ |
| ૩૧૩ | વૈરાગ્યની | હતું બાળક પણું | ૬ | શ્રી હિરવિજયજી | ૫૯૪ |
| ૩૧૪ | વૈરાગ્યની | જગત હૈ સ્વાર્થ કા સાથી | ૫ | શ્રી ખાન્તિવિજયજી | ૫૯૪ |
| ૩૧૫ | વૈરાગ્યની | સંસાર ધુમાડાનાં બાચકા રે | ૫ | શ્રી વીરવિજયજી | ૫૯૫ |
| ૩૧૬ | વૈરાગ્યની | જબ લગે વિષયતૃષ્ણા | ૫ | શ્રી લબ્ધિવિજયજી | ૫૯૫ |
| ૩૧૭ | વૈરાગ્યની | મોઘેરો દેહ આ પામી | ૬ | શ્રી ચિદાનંદજી | ૫૯૬ |
| ૩૧૮ | વૈરાગ્યની | કાં નવિ ચિંતે હો ચિત્તમાં | ૭ | શ્રી લબ્ધિવિજયજી | ૫૯૬ |
| ૩૧૯ | વૈરાગ્યની | તુમે શ્રી જિનના ગુણ | ૮ | શ્રી હીરવિજયજી | ૫૯૭ |
| ૩૨૦ | વૈરાગ્યની | આતમ ધ્યાનથી રે સંતો | ૮ | શ્રી ચિદાનંદજી | ૫૯૭ |
| ૩૨૧ | વૈરાગ્યની | જીવડા સુકૃત કરજે | ૮ | શ્રી સત્યવિજયજી | ૫૯૮ |
| ૩૨૨ | વૈરાગ્યની | ગરભાવાસમાં ચિંતવે | ૮ | શ્રી ખીમાવિજયજી | ૫૯૯ |
| ૩૨૩ | વૈરાગ્યની | અરે કિસ્મત તું ઘેલું | ૭ | શ્રી શુભવિજયજી | ૬૦૦ |
| ૩૨૪ | વૈરાગ્યની | સુરતરૂની પરે દોહીલો રે | ૯ | શ્રી દેવ સૂરિજી | ૬૦૦ |
| ૩૨૫ | વૈરાગ્યની | સદ્ગુરૂ ચરણ પસાઉલે | ૧૭ | શ્રી ધર્મમુનિ | ૬૦૧ |
| ૩૨૬ | વૈરાગ્યની | વૃથા કરે તું ગુમાન | ૧૨ | શ્રી જ્ઞાનવિમલજી | ૬૦૨ |
| ૩૨૭ | વૈરાગ્યની | શત્રુ-મિત્ર સમાન | ૫ | ''અજ્ઞાત'' | ૬૦૩ |
| ૩૨૮ | વૈરાગ્યની (હરીયાળી) | નાવમેં નદીયાં ડૂબી જાય | ૭ | શ્રી આનંદઘનજી | ૬૦૪ |
| | | **તરંગ - ૭** | | | |
| | | **(વૈવિધ્યસભર સજ્ઝાયો)** | | | |
| ૩૨૯ | અનંતકાયની | અનંતકાયના દોષ અનંતા | ૧૨ | શ્રી ભાવસાગરજી | ૬૦૬ |
| ૩૩૦ | અન્નદેવતાની | મારા અન્નદેવતા ! વેગે પધારો | ૫ | શ્રી આનંદઘનજી | ૬૦૭ |
| ૩૩૧ | અન્નદેવતાની | સર્વ દેવ દેવમેં પ્રત્યક્ષ દેવ રોટી | ૧૧ | શ્રી દીપવિજયજી | ૬૦૭ |
| ૩૩૨ | અનુભવની | અનુભવિયાના ભવિયા રે | ૧૫ | શ્રી ઋષભદાસ | ૬૦૮ |
| ૩૩૩ | અફીણ વર્જવાની | શ્રી જિનવાણી મનધરી | ૨૩ | શ્રી માણેકવિજયજી | ૬૦૯ |
| ૩૩૪ | અંધેરી નગરીની | અજ્ઞાન મહા અંધેર નગરે | ૧૧ | શ્રી ઉદયરત્નજી | ૬૧૧ |
| ૩૩૫ | આયંબિલ તપની | સમરી શ્રુતદેવી શારદા | ૧૧ | ઉ. વિનયવિજયજી | ૬૧૨ |
| ૩૩૬ | આયંબિલ તપની | ગુરૂ નમતાં ગુણ ઉપજે | ૯ | મોહન | ૬૧૩ |
| ૩૩૭ | આહારી-અણાહારી | સમરૂં ભગવતી ભારતી | ૨૧ | ઉ. યશોવિજયજી | ૬૧૩ |
| ૩૩૮ | ઈરિયાવહીની | ગુરૂ સન્મુખ રહી વિનય | ૧૪ | શ્રી શુભવીરજી | ૬૧૫ |
| ૩૩૯ | ઈરિયાવહીની | નારી મેં દીઠી એક આવતી રે | ૧૬ | શ્રી વીરવિજયજી | ૬૧૬ |
| ૩૪૦ | ઉણોદરી વ્રતની | સાસુને વહુ મંદિરે ગયાં'તાં | ૧૬ | શ્રી વીરવિજયજી | ૬૧૬ |
| ૩૪૧ | ઉત્તમ મનોરથની | ધન ધન તે દિન ક્યારે આવશે ? | ૧૪ | શ્રી બુદ્ધિ વિજયજી | ૬૧૭ |
| ૩૪૨ | ઋતુવંતી સ્ત્રીની | સરસ્વતી માતા આદે નમીરે | ૧૧ | શ્રી ઋષભવિજયજી | ૬૧૯ |
| ૩૪૩ | ઋતુવંતી સ્ત્રીની | પવયણ દેવી સમરી માત | ૧૬ | વિજય લક્ષ્મી સૂરિ | ૬૧૯ |
| ૩૪૪ | ઓઘાની | એ કોણ પુરુષ કહાયો સુગુણનર | ૬ | શ્રી રવિવિજયજી | ૬૨૧ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૩૪૫ | ગૌતમ પૃચ્છાની | ગૌતમ સ્વામી પૃચ્છા કરે | ૨૧ | શ્રી રૂપવિજયજી | ૬૨૧ |
| ૩૪૬ | કર્મની | પ્રભુજી મારા કર્મો લાગ્યા છે | ૯ | પં. રત્નવિજયજી | ૬૨૩ |
| ૩૪૭ | કર્મની | જુઓ જુઓ કર્મે શું કીધું રે | ૮ | શ્રી હંસરાજજી | ૬૨૩ |
| ૩૪૮ | કર્મની | દેવ-દાનવ-તીર્થંકર-ગણધર | ૨૬ | ઋષિહર્ષ | ૬૨૪ |
| ૩૪૯ | કર્મની | સુખ દુ:ખ સરજ્યાં પામીયે રે | ૮ | શ્રી દાનમુનિ | ૬૨૬ |
| ૩૫૦ | કર્મની | કેઈ કેઈ નાચ નચાવે | ૭ | શ્રી આનંદઘનજી | ૬૨૭ |
| ૩૫૧ | કલિયુગની | સરસ્વતી સ્વામિની પાય નમીને | ૧૧ | શ્રી પ્રીતિવિમલજી | ૬૨૮ |
| ૩૫૨ | કાયાની | કામણગારી કાયાનારી | ૧૦ | શ્રી ઉદયવિજયજી | ૬૨૮ |
| ૩૫૩ | ખામણાંની | અરિહંતજીને ખામણાં રે | ૧૪ | શ્રી અમીકુંવરજી | ૬૩૦ |
| ૩૫૪ | ખાદ્ય વસ્તુના કાળ માનની | પ્રવચન અમરી સમરી સદા | ૨૫ | શ્રી જ્ઞાનવિમલજી | ૬૩૧ |
| ૩૫૫ | ઘડપણની | ઘડપણ કાંતુ આવીયો રે | ૧૪ | શ્રી રૂપવિજયજી | ૬૩૨ |
| ૩૫૬ | ઘડીયાળાની | જોબનીયાની મોજો ફોજો | ૬ | શ્રી ઉદયરત્નજી | ૬૩૪ |
| ૩૫૭ | ચરણસિત્તરી-કરણસિત્તરીની | પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ | ૭ | શ્રી સુયશવિમલજી | ૬૩૪ |
| ૩૫૮ | ચાદેવીની | તારી જાઉં બલિહારી હો ચાદેવી | ૧૦ | શ્રી કપૂરવિજયજી | ૬૩૫ |
| ૩૫૯ | છઠ્ઠા આરાની | છઠ્ઠો આરો એવો આવશે | ૭ | શ્રી મેઘવિજયજી | ૬૩૬ |
| ૩૬૦ | છત-અછતની | છત-અછત દો બેનડી | ૮ | શ્રી પદ્મવિજયજી | ૬૩૬ |
| ૩૬૧ | છીંક વિચારની | છીંક શુકનનો કહું વિચાર | ૧૫ | "અજ્ઞાત" | ૬૩૭ |
| ૩૬૨ | જીભલડીની | બાપલડી રે જીભલડી તું | ૮ | શ્રી લબ્ધિવિજયજી | ૬૩૮ |
| ૩૬૩ | જીવદયાની | આદિ જિનેશ્વર પાય પ્રણમેવ | ૨૩ | શ્રી શિવસાગરજી | ૬૩૯ |
| ૩૬૪ | જીવદયાની | ગજભવે સસલો ઉગારીઓ રે | ૯ | શ્રી ધર્મરત્નજી | ૬૪૧ |
| ૩૬૫ | જૈન ધર્મની | સાંભળ સયણાં સાચી સુણાવું | ૫ | શ્રી પદ્મવિજયજી | ૬૪૨ |
| ૩૬૬ | જૈનત્વની | જૈન કહો કયું હોવે ? પરમગુરૂ | ૧૦ | ઉ. યશોવિજયજી | ૬૪૨ |
| ૩૬૭ | જૈનત્વની | જુઓ રે જુઓ, જૈનો કેવા | ૧૦ | શ્રી વીરવિજયજી | ૬૪૩ |
| ૩૬૮ | દશ ચંદરવા | સમરી સિદ્ધ અનંત મહંત | ૧૫ | શ્રી માનવિજયજી | ૬૪૪ |
| | ઢાળ - ૨ | કિણી પેરે દઉં મુનિવરને દાન | ૧૦ | શ્રી માનવિજયજી | |
| | ઢાળ - ૩ | દેવદત્ત વ્યવહારીયો રે | ૧૬ | શ્રી માનવિજયજી | |
| ૩૬૯ | દાન ધર્મની | ચોત્રીસ અતિશયવંત | ૯ | શ્રી ઉદયરત્નજી | ૬૪૭ |
| ૩૭૦ | દાન-શીલ-તપ-ભાવની | શ્રી મહાવીરે ભાખીયા | ૫ | શ્રી ઉદયરત્નજી | ૬૪૮ |
| ૩૭૧ | દીવાની | દીવામાં દિવેલ ખૂટ્યું | ૭ | શ્રી લબ્ધિવિજયજી | ૬૪૮ |
| ૩૭૨ | ધોબીડાની | ધોબીડા ! તું ધોજે મનનું | ૬ | શ્રી સમયસુંદરજી | ૬૪૯ |
| ૩૭૩ | નટવાની | નટવો થઈને નાટક એવા નાચ્યો | ૯ | શ્રી ન્યાયસાગરજી | ૬૪૯ |
| ૩૭૪ | નરકના દુ:ખની | સુણ ગોયમજી વીર પયંપે | ૯ | શ્રી વીરવિજયજી | ૬૫૦ |
| ૩૭૫ | નવકારની | એ નવકાર તણું ફળ સાંભળી | ૧૪ | શ્રી જ્ઞાનવિમલજી | ૬૫૧ |
| ૩૭૬ | નવકારની | શ્રી નવકાર જપો મનરંગે | ૯ | શ્રી પદ્મરાજ ગણી | ૬૫૨ |
| ૩૭૭ | નવકારની | સમર રે જીવ ! નવકાર નિત્ય | ૫ | શ્રી કીર્તિવિમલજી | ૬૫૩ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૩૭૮ | નવકારની | કહેજો ચતુર નર ! એકોણ નારી | ૫ | શ્રી રૂપવિજયજી | ૬૫૩ |
| ૩૭૯ | નવકારની | બાર જપું અરિહંતના | ૯ | શ્રી લબ્ધિવિજયજી | ૬૫૪ |
| ૩૮૦ | નાણાવટીની | હો નાણાવટી ! નાણું નિર્ભય | ૮ | શ્રી વિવેક વિજયજી | ૬૫૫ |
| ૩૮૧ | નિદ્રાની | વેરણ નિદ્રા તું ક્યાંથી રે આવી | ૫ | શ્રી આનંદઘનજી | ૬૫૫ |
| ૩૮૨ | નિયાણું નિવારણની | સુધા સાધુજી રે તમે | ૭ | શ્રી ઉદયરત્નજી | ૬૫૬ |
| ૩૮૩ | નિંદાની | નિંદા મ કરજો કોઈની પારકી રે | ૫ | શ્રી સમયસુંદરજી | ૬૫૬ |
| ૩૮૪ | પચ્ચખાણની | નવકારસી કરૂં તો મારે મન | ૫ | શ્રી જ્ઞાનવિમલજી | ૬૫૭ |
| ૩૮૫ | પરસ્ત્રી વર્જવાની | પ્રભુ સાથે જો પ્રીતવંછો તો | ૧૦ | શ્રી ઉદયરત્નજી | ૬૫૭ |
| ૩૮૬ | પંચ પરમેષ્ઠીની | વારી જાઉં શ્રી અરિહંતની | ૭ | શ્રી જ્ઞાનવિમલજી | ૬૫૮ |
| | ઢાળ – ૨ | નમો સિદ્ધાણં બીજે પદે રે | ૮ | શ્રી જ્ઞાનવિમલજી | |
| | ઢાળ – ૩ | આચારી આચાર્યનોજી | ૯ | શ્રી જ્ઞાનવિમલજી | |
| | ઢાળ – ૪ | ચોથે પદે ઉવજ્ઝાયનું | ૧૦ | શ્રી જ્ઞાનવિમલજી | |
| | ઢાળ – ૫ | તે મુનિને કરૂં વંદન ભાવે | ૭ | શ્રી જ્ઞાનવિમલજી | |
| ૩૮૭ | પાંજરાની | પાંજરૂ પોતાનું પોપટ જાળવે | ૫ | શ્રી કાંતિવજયજી | ૬૬૧ |
| ૩૮૮ | પુણ્યફળની | સરસતિ સામિણી પય નમીજી | ૧૫ | શ્રી લાવણ્ય સમયજી | ૬૬૧ |
| ૩૮૯ | પૈસાની | પૈસા પૈસા પૈસા તારી વાત | ૮ | શ્રી બુદ્ધિસાગરજી | ૬૬૩ |
| ૩૯૦ | પૈસાની | દેશ મુલકને પરગણે | ૧૧ | શ્રી દીપવિજયજી કવિ | ૬૬૩ |
| ૩૯૧ | પ્રતિક્રમણની | કર પડિકમણું ભાવશુંજી | ૯ | શ્રી રૂપવિજયજી | ૬૬૫ |
| ૩૯૨ | પ્રતિક્રમણની | કર પડિકમણું ભાવશું | ૭ | શ્રી ધર્મસિંહ મુનિ | ૬૬૫ |
| ૩૯૩ | પ્રતિક્રમણની | ગૌતમ પૂછે શ્રી મહાવીરને રે | ૧૩ | ઉ. યશોવિજયજી | ૬૬૬ |
| ૩૯૪ | પાંચ ગતિની | આરંભ કરતો રે જીવ, | ૬ | ''અજ્ઞાત'' | ૬૬૭ |
| ૩૯૫ | પાંચ ગતિની | આરંભ કરતો જીવડો રે | ૧૨ | ''અજ્ઞાત'' | ૬૬૮ |
| ૩૯૬ | ફૂલની માળાની | એકનારી દોય પુરૂષ મળીને | ૬ | શ્રી ઉદયરત્નજી | ૬૬૯ |
| ૩૯૭ | બીડીની | દેખા દેખીએ ચાલતાંજી | ૭ | શ્રી ધર્મરત્નજી | ૬૬૯ |
| ૩૯૮ | ભવિષ્યની | ભવિષ્યમાં લખ્યું હોય તે થાય | ૯ | શ્રી લબ્ધિવિજયજી | ૬૭૦ |
| ૩૯૯ | મનની | કયા કરૂં ? મનસ્થિર નહિં | ૫ | શ્રી આનંદઘનજી | ૬૭૧ |
| ૪૦૦ | મનની | મન માંકડલું આણા ન માને | ૬ | શ્રી પ્રીતિવિમલજી | ૬૭૧ |
| ૪૦૧ | મનની | મનાજી ! તું તો જિનચરણે | ૫ | શ્રી આનંદઘનજી | ૬૭૧ |
| ૪૦૨ | મનની | ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો | ૧૬ | ''મહમદ'' | ૬૭૨ |
| ૪૦૩ | રત્નચિંતામણીની | આ ભવ રત્નચિંતામણી | ૧૩ | શ્રી અભયરામજી | ૬૭૩ |
| ૪૦૪ | મનુષ્યભવની | મનુષ્ય ભવનું ટાણું રે કાલે | ૯ | શ્રી હિરવિજયજી | ૬૭૪ |
| ૪૦૫ | માંકડની | માંકડનો ચટકો દોહિલો | ૭ | શ્રી માણેક મુનિ | ૬૭૫ |
| ૪૦૬ | મુનિની | તે સુખીયા ભાઈ તે સુખીયા | ૯ | શ્રી નયવિમલજી | ૬૭૬ |
| ૪૦૭ | મુનિની | અવધૂ નિરપક્ષ વિરલા કોઈ | ૫ | શ્રી ચિદાનંદજી | ૬૭૬ |
| ૪૦૮ | મુનિની | તે ભણીયા રે ભાઈ તે | ૫ | શ્રી કાન્હ મુનિ | ૬૭૭ |

| ક્રમાંક | સજ્ઝાય | પ્રથમપદ | ગાથા | રચયિતા | પેજ નં. |
|---|---|---|---|---|---|
| ૪૦૯ | મુનિની | સમતા સુખના જે ભોગી | ૧૧ | શ્રી જિનવિજયજી | ૬૭૭ |
| ૪૧૦ | મુરખાની | મુરખો ગાડી દેખી મલકાએ | ૮ | શ્રી મોહનજી | ૬૭૮ |
| ૪૧૧ | મુરખાની | જ્ઞાન કદી નવ થાય મૂરખને | ૯ | શ્રી મયાવિજયજી | ૬૭૯ |
| ૪૧૨ | મોક્ષ નગરની | મોક્ષ નગર મારૂં સાસરૂં | ૫ | શ્રીસમયસુંદર/જ્ઞાનવિમલજી | ૬૭૯ |
| ૪૧૩ | વણઝારાની | વણઝારો ધૂતારો કામણગારો | ૮ | શ્રી આનંદઘનજી | ૬૮૦ |
| ૪૧૪ | વર્ધમાન તપની | પ્રભુ તુજ શાસન અતિ ભલું | ૬ | શ્રી ધર્મરત્નજી | ૬૮૦ |
| ૪૧૫ | વર્ધમાન તપની | મોરા ચેતન હોકે કહું | ૧૦ | શ્રી ધર્મરત્નજી | ૬૮૧ |
| ૪૧૬ | વહુની | ઉત્તર દિશાથી રે સાધુજી | ૬ | શ્રી કાંતિવિજયજી | ૬૮૧ |
| ૪૧૭ | વાણિયાની | વાણીયો વણજ કરે છે | ૧૦ | શ્રી વિશુદ્ધવિમલજી | ૬૮૨ |
| ૪૧૮ | શિખામણની | અણસમજુને શી શિખામણ | ૮ | શ્રી રૂપવિજયજી | ૬૮૩ |
| ૪૧૯ | શ્રાવક કરણીની | શ્રાવક તું ઉઠે પરભાત | ૨૩ | શ્રી જિનહર્ષજી | ૬૮૩ |
| ૪૨૦ | સટોડીયાની | સુણ સટોડીયા ! સટ્ટાના કુસંગે | ૧૩ | શ્રી કેશવ ગણી | ૬૮૫ |
| ૪૨૧ | સર્વાર્થ સિદ્ધ વિમાનની | સાંભળજો મુનિ સંયમ રાગે | ૮ | શ્રી વીર વિજયજી | ૬૮૬ |
| ૪૨૨ | સહજાનંદીની | સહજાનંદી રે આતમા | ૧૧ | શ્રી વીરવિજયજી | ૬૮૭ |
| ૪૨૩ | સાધુ સમુદાયની | પ્રણમું શાસનપતિ શ્રી વીર | ૧૯ | શ્રી નયવિમલજી | ૬૮૮ |
| ૪૨૪ | સુધર્મા દેવલોકની | સુધર્મા દેવલોકમાં રે | ૧૧ | શ્રી ઉદયરત્નજી | ૬૯૦ |
| ૪૨૫ | સુમત-કુમતિના સંવાદની | હો દુરમતડી ! વેરણ થઈ લીધો | ૭ | શ્રીમહાનંદમુનિ | ૬૯૧ |
| | ઢાળ – ૨ | હો સુમતિજી ! મુજને એવડો | ૬ | શ્રીમહાનંદમુનિ | |
| ૪૨૬ | સોબતની | લોઢું લાલ અને અગ્નિ સંગથી | ૧૬ | શ્રીરામમુનિ | ૬૯૨ |
| ૪૨૭ | સત્સંગની | સત્સંગનો રસચાખ | ૧૧ | શ્રી જ્ઞાનવિમલ સૂરિ | ૬૯૩ |
| ૪૨૮ | સોદાગરની | સુણ સોદાગર બે દિલકી બાત | ૬ | શ્રી વિરવિજયજી | ૬૯૪ |
| ૪૨૯ | સ્ત્રીને હિતશિક્ષાની | નાથ કહે તું સુણને ગોરી | ૧૩ | શ્રી ઉદયરત્નજી | ૬૯૪ |
| ૪૩૦ | સ્થાપના ચાર્યકલ્પની | પૂર્વ નવમાંથી ઉદ્ધરી | ૧૫ | ઉ. યશોવિજયજી | ૬૯૫ |
| ૪૩૧ | હોકાની | હોકો રે હોકો શું કરો રે | ૧૩ | શ્રી ખુશાલ રત્નજી | ૬૯૭ |
| ૪૩૨ | હોંશનો અતિરેક ન કરવાની | હોંશીડા ભાઈ ! હોંશ ન કીજે | ૬ | શ્રી હર્ષ મુનિ | ૬૯૮ |


## -: પરિશિષ્ટ :-


સજ્ઝાયોના પ્રથમ પદનો અકારાદિ અનુક્રમ ૬૯૯

# સજ્ઝાય સરિતા

## વિવિધ ચરિત્રોની સજ્ઝાયો

## તરંગ - ૧

**સજ્ઝાય ૧ થી ૨૦૨**

# ૧. અઈમુત્તામુનિની સજ્ઝાયો (૧)

(રાગ : એક લાલ દરવાજે તંબુ તાણીયા રે લોલ)

વીર જિણંદ વાંદીને ગૌતમ, ગોચરીએ સંચરીયા,
પોલાસપુર નગરીમાં મુનિવર, ઘર ઘર આંગણ ફરીયા...
આઘા આમ પધારો પૂજ્ય અમ ઘર વહોરણ વેળા... ૧

ઈણ અવસર અઈમુત્તે રમતાં, મનગમતા મુનિ દીઠા
કંચનવરણી કાયા નિરખી, મનમાં લાગ્યા મીઠા... આઘા૦૨
બોલ્યો કુંવર અમીરસ વાણી, એક કહો અભિરામે,
ખરે બપોરે પાય અડવાણે, ભમવો તે કુણ કામે ?... આઘા૦૩
સાંભળ રાજકુંવર સોભાગી, શુદ્ધ ગવેષણા કીજે,
નિર્દૂષણ ને નિરતિચાર, ઘર ઘર ભિક્ષા લીજે... આઘા૦૪
આવો આજ અમારે મંદિર, કહેશો તે વિધ કરશું,
જે જોઈએ તે જુગતે કરીને, ભાવસું ભિક્ષા દેશું... આઘા૦૫
ઈમ કહી ઘર તેડી ચાલ્યો, આવ્યા મુનિ આણંદે,
અઈમુત્તા શું ગૌતમ દેખી, શ્રીદેવી પાય વંદે... આઘા૦૬
આજ અમારે રતન ચિંતામણી, મેહ અમીરસ વૂઠા,
આજ અમ આંગણ સુરતરૂ ફળીયો, જે ગૌતમ નયણેં દીઠા... આઘા૦૭
રે બાલુડા ! બહુ બુદ્ધિવંતા, ગણધર ગૌતમ આવ્યા,
થાળ ભરીને મોદક મોટા, ભાવ સહિત વહોરાવ્યા... આઘા૦૮
વાંદી પાય કુંવર મુનિવરના, હાથ મેલાવ્યો માથે,
વોળાવું હું કહેતો મુનિને, ઈમ કહી ચાલ્યો સાથે... આઘા૦૯
કુંવર કહે આ ભાજન આપો, ભાર ઘણો તુમ પાસે,
ગૌતમ કહે હું તેહને આપું, જે ચારિત્ર લે ઉલ્લાસે... આઘા૦૧૦
ચારિત્ર લેઈશ હું તુમ પાસે, ઝોળી દીઓ મુજ હાથે,
ગૌતમ પૂછે-અનુમતી કેહની ?, માંયે મોકલ્યો તુમ સાથે... આઘા૦૧૧
વીર વાંદી જિનવાણી સુણીને, આવ્યા ઘર ઉલ્લાસે,
અનુમતિ આપો માતા મુજને, દીક્ષા લેઉં પ્રભુ પાસે... આઘા૦૧૨
શ્રીદેવી કહે સુણ નાનડીયા, સંયમની શી વાતો,

શું જાણે તું બાળપણમાં, આગમના અવદાતો... આધા૦૧૩
વિનય કરીને માત-પિતાને, કહે કુંવર કુળભાનું,
જે જાણું તે હું નવિ જાણું, નવિ જાણું તે જાણું... આધા૦૧૪
એક દિવસનું રાજ્ય કરીને, માય મનોરથ પૂરે,
સંયમ લીધો વીર જિન પાસે, દુર્ગતિ કરવા દૂરે... આધા૦૧૫
ગુરુજ્ઞાની ગૌતમ મન જાણી, દીક્ષા દીધી તેહને,
વૃદ્ધ મુનિને ભળાવી દીધા, મુનિ મારગ દીધો તેહને... આધા૦૧૬
મુનિ સંઘાતે અઈમુત્તો ચાલ્યો, સ્થંડિલ ભૂમીયે વનમાં,
નાનું સરોવર નીરે ભરીયું, તે દેખી હરખ્યો મનમાં... આધા૦૧૭
નાનું સરોવર નાનું ભાજન, નાવ કરી અઈમુત્તો,
વળતાં સાધુજી દેખીને, બાળક રમ્મત કરતો... આધા૦૧૮
બોલાવી કહે મુનિ બાળકને, એ આપણ નવિ કીજે,
છ કાય જીવની વિરાધના કરતાં, દુર્ગતિનાં ફળ લીજે... આધા૦૧૯
લાજ ઘણી મનમાંહે ઉપની, સમોવસરણમેં આવ્યો,
ઈરિયાવહી પડિકમતાં અઈમુત્તો, ધ્યાન શુકલ મન ધ્યાયો... આધા૦૨૦
સ્થવિર જઈ ભગવંતને પૂછે, કેટલા ભવ તે કરશે ?,
ચરમશરીરી છે અઈમુત્તો, ઈણ ભવે મુગતિ વરશે... આધા૦૨૧
પંચાચાર મનશુદ્ધે પાળી, અંગ અગીયાર મુખ કીધાં,
ગુણરત્ન સંવત્સર તપ કીધો, અંતગડ કેવલી સિધ્યાં... આધા૦૨૨
અંતગડ ભગવતી મધ્યે, એક કહ્યો અધિકાર,
રત્નસાગર કહે એહ મુનિ વંદુ, અઈમુત્તો અણગાર... આધા૦૨૩

## [?] ૨. અઈમુત્તામુનિની સજ્ઝાય (૨)

સંયમ રંગે રંગ્યું જીવન નાના રાજકુમાર વંદો અઈમુત્તા અણગાર... ૧
ગૌતમસ્વામી ગોચરી આવે નાના બાળકને મન ભાવે
પ્રેમ થકી નિજ ઘર બોલાવે ભાવધરી મોહક વહોરાવે
મારે પણ ગૌતમ સમ થાવું એમ કરે વિચાર... વંદો૦ ૨
મનની ઈચ્છા પૂરણ કીધી માતપિતાની આજ્ઞા લીધી
રાજ્યતણી છોડી ઋદ્ધિને ગૌતમ પાસે દીક્ષા લીધી
રહે ઉમંગે ગુરૂને સંગે વહેતા સંયમ ભાર... વંદો૦ ૩

તલાવડી એક જલની આવી બાલ મુનિને મન બહુ ભાવી
પાત્રતણી નૌકા ખેલાવી ગુરૂને દેખી લજ્જા આવી
અણઘટતું મેં કારજ કીધું પામ્યા ક્ષોભ અપાર... વંદો૦ ૪
સમવસરણમાં પ્રભુજી સામે ઈરિયાવહી પડિક્કમી પ્રમાણે
ચાર કર્મની ગતિ વિરામે કેવલજ્ઞાન તિહાં મુનિ પામે
દેવ દેવી સહુ ઉત્સવ કરતા વર્ત્યો જય જયકાર... વંદો૦ ૫
ક્ષણમાં સઘળાં કર્મો ખપાવ્યા એવા અઈમુત્તા મુનિરાયા
ભવ્ય જીવોને બોધ પમાડી અંતે મુક્તિપુરી સિધાવ્યા
જ્ઞાનવિમલ એ મુનિને વંદે થાયે બેડો પાર... વંદો૦ ૬

## ૩. અઢાર નાતારાંની સજ્ઝાયો (૧)

મથુરા નગરી રે, કુબેરસેના ગણિકા વસે;
મન હરણી રે, તરૂણી ગુણથી ઉલ્લસે,
તિણે જાયો રે, યુગલ ઈક સુત ને સુતા;
નામ દીધો રે, કુબેરદત્ત કુબેરદત્તા. ૧

ઉથલો : મુદ્રાલંકૃત વસ્ત્ર વિંટી, યુગલ પેટીમાં ઠવ્યો;
એક રાત્રિમાંહિ નદી પ્રવાહે, જમુનાનાં જળમાં વહ્યો;
સૌરિયપુર પ્રભાત શેઠે, સંગ્રહી વ્હેંચી કરી;
એક પુત્ર ને પુત્રીય બીજે, રાખતાં હરખે ધરી. ૨

ચાલ : બિહું શેઠે રે, ઓચ્છવ કીધો અતિ ઘણો;
કર્મ યોગે રે, કરીયો વિવાહ બિહું તણો;
સારી પાસા રે, રમતાં બિહું મુદ્રા મિલી;
નિજ બંધવ રે, જાણીને થઈ આકળી. ૩

ઉથલો : આકુળી થઈ તવ ભગિની, વિષય વિરક્તા તે થઈ;
સાધ્વી પાસે ગ્રહી સંયમ, અવધિ નાણી સા થઈ;
વ્યવસાય કાજે કુબેરદત્ત હવે, અનુક્રમે મથુરા ગયો;
વળી કર્મ યોગે વિષય ભોગે, વિલસતાં અંગજ થયો. ૪

ચાલ : નિજ બંધવ રે, પ્રતિબોધનને સાહુણી;
વેશ્યા ઘર રે, આવીને સા સાહુણી;

ધર્મશાળા રે, પારણાની પાસે રહી;
હુલરાવે રે બાળકને સા ઈમ કહી. ૫

ઉથલો : ઈમ કહી પુત્ર-ભત્રીજ-બંધવ-દેવર-કાકો-પોતરો;
ઈમ નાતરા ષટ તુજ સાથે, રૂદન કરતી ઉચ્ચર્યો.
પતિ-પિતા-બંધવ-જેઠ-સસરો, પિતરીયો ઈણી પેરે કહી;
કુબેરદત્ત શું સાધવી ષટ્, નાતરા ઈણી પેરે લહી. ૬

ચાલ : ભોજાઈ રે, શોકય માતા સાસુ વહુ;
વડી આઈ રે, ઈણી પરે ષટ સગપણ લહુ;
તવ ભાખે રે, સાધ્વીને વેશ્યા ઈશ્યું;
અસમંજસ રે, શું ભાખે છે એ કિશ્યું. ૭

ઉથલો : કિશ્યું ભાખે લાજ ન રાખે, સાધ્વી વેશ્યાને કહે;
મંજૂષ માંહિ ઠવીય મેલ્યા તેહ વીતક સબ કહે;
ઈમ સુણીય ગણિકા લીયે સંયમ, પાર પામી ભવ તણો;
સાધ્વી ઈમ ઉપદેશ દીધો, કરી ઉપકાર અતિ ઘણો. ૮

ચાલ : સુણ પ્રભવા રે, ઈણીપરે સહુ સંસારમે;
સંબંધે રે, એમ સગપણ સંસારમેં;
એક્કેકે રે, સગપણ દશ અડ ઈમ કહ્યા;
ચિહું જણના રે, ગણતાં ઈમ બહોંતેર થયા. ૯

ઉથલો : થયા બહોંતેર ઈમ પડુત્તર, કહે જંબૂ કુમાર એ;
સંસાર વિષય વિકાર વિરૂઆ, દુ:ખના ભંડાર એ;
તેહ સુણી સંયમ ગ્રહે પ્રભવો, સુખ તેણી પેરે ઉલ્લસે;
કવિરાજ ધીરવિમલ સેવક, નયવિમલ ઈમ ઉપદિશે. ૧૦

(શ્રીજંબુસ્વામી રાસ ઉદ્ધૃત)

## ૪. અઢાર નાતારાંની સજ્ઝાય (૨) (ઢાળ-૩)

### ઢાળ ૧

પહેલાં તે સમરૂં પાસ પંચાસરો રે, સમરી સરસતી માય;
નિજ ગુરૂ કેરા રે ચરણ નમી કરી રે, રચશું રંગે સજ્ઝાય. ૧

ભવિ તુમે જોજો રે સંસારી નાતરાં રે, એક ભવે હુઆ અઢાર.
એહવું જાણીને દૂરે નિવારજો રે, જિમ પામો સુખ અપાર. ભવિ૦ ૨
નગરમાં મોટું રે મથુરા જાણિયે રે, તિહાં વસે ગણિકા એક,
કુબેરસેના રે નામ છે તેહનું રે, વિલસે સુખ અનેક. ભવિ૦ ૩
એક દિન રમતાં પરશું પ્રેમમાં રે, ઉદરે રહ્યું ઓધન,
પૂરણ માસે પ્રસવ્યું જોડલું રે, એક બેટો, બેટી સુજાણ. ભવિ૦ ૪
વેશ્યા વિમાસે આપણને ઘેર રે, કુણ જાળવશે એ બાળ;
ક્ષણ ક્ષણ જોવા ધોવાં ને ધવરાવવાં રે, કુણ કરે સાર સંભાળ ભવિ૦ ૫
એહવું વિમાસી રે પેટીમાં લઈ રે, ઘાલ્યા બાળક દોય;
માંહે તે મેલી નામાંકિત મુદ્રિકા રે, નદીમાં ચલાવે સોય ભવિ૦ ૬
જમુનામાં વહેતી રે આવી સૌરીપુરે રે, વહાણું વાયું તે વાર;
તવ તિહાં આવ્યાં રે દોય વ્યવહારિયા રે, નદી કાંઠે હર્ષ અપાર. ભવિ૦ ૭
દૂરથી દીઠી રે પેટી આવતી રે, હૈડે વિમાસે દોય;
એહમાં જે હોશે રે તે આપણ બિહું રે, વહેંચી લેશું સોય. ભવિ૦ ૮
બોલ બધ કીયા રે દોય વ્યવહારિયે રે, પેટી કાઢી તે બહાર;
પેટી ઉપાડીને છાની સોડમાં રે, લેઈ આવ્યા નગર મોઝાર. ભવિ૦ ૯
પેટી ઉઘાડી તેમાં નિહાળતા રે, દીઠાં બાળક દોય;
મનમાં વિચારે રે દોય વ્યવહારિયા રે, શું જાણે પુર કોય ભવિ૦ ૧૦
જેને સુત નહિં હતો તેણે બેટો લીયો રે, બીજે બેટી હો લીધ;
મુદ્રિકા મેળે રે નામ કુબેરદત્ત દિયો રે, કુબેરદત્તા વળી દીધ ભવિ૦ ૧૧
અનુક્રમે વાધ્યાં રે દોય ભણ્યા ગણ્યા રે, પામ્યા જોબન સાર;
માત તાતે જોઈને પરણાવિયાં રે, વિલસે સુખ અપાર. ભવિ૦ ૧૨

## ઢાળ ૨

એક દિન બેઠા માળિયે રે લાલ, નરનારી મળી રંગ રે રંગીલા કંત
સાર પાસે રમતાં સોગઠે રે લાલ, આણી મનમાં ઉમંગરે રં૦ ૧
આવોને પિયુડા આપણ ખેલિયે રે, કહું છું ઘણી મનોહાર રે; રં૦
*હાસ્ય વિનોદ કરે ઘણાં રે લાલ, માને નિજ ધન્ય અવતાર રે.*
રં૦ આવોને૦ ૨

રમત રમે ખુશીમાં ઘણા રે લાલ, દાવ નાંખે ભરતાર રે. રં૦
દીઠી નામાંકિત મુદ્રિકા રે લાલ, હિયડે વિમાસે નાર રે. રં૦આ૦ ૩
બેહુ રૂપે બેહુ સારિખા રે લાલ, સરખા વીંટીમાં નામરે; રં૦
નારી વિચારે ચિત્તમાં રે લાલ, મેં અ કીધો અકામ રે. રં૦આ૦ ૪
રમત મેલી પિયરમાં ગઈ રે લાલ, પૂછે માતને વાત રે; રં૦
માતા કહે હું જાણું નહિં રે લાલ, જાણે તાહરો તાત રે. રં૦આ૦ ૫
તાત કહે સુણજો સુતા રે લાલ, સંક્ષેપે સઘળી વાત રે; રં૦
પેટીમાંહેથી વહેંચીયા રે લાલ, બાળક દોય વિખ્યાત રે. રં૦આ૦ ૬
કુબેરદત્તા મન ચિંતવે રે લાલ, મેં કીધો અપરાધ રે; રં૦
ભાઈ વર્યો ને ભાઈ ભોગવ્યો રે લાલ, એ સવિ કર્મની વાત રે રં૦આ૦ ૭
એમ ચીંતવીને સંયમ લીયો રે લાલ, પાળે પંચાચાર રે; રં૦
સમિતિ ગુપ્તિનો ખપ કરે રે લાલ, છ કાય રક્ષા સાર રે. રં૦આ૦ ૮
કુબેરદત્ત મન ચિંતવે રે લાલ, આ નગર માંહે ન રહેવાય રે; રં૦
બેન વરીને બેન ભોગવી રે લાલ, ઘર ઘર એ કહેવાય રે. રં૦આ૦ ૯
કુબેરદત્ત તિહાંથી ચાલિયો રે લાલ, આવ્યો મથુરા માંય રે; રં૦
વેશ્યા મંદિરે આવીયો રે લાલ, કરે વેશ્યા શું અન્યાય રે. રં૦આ૦ ૧૦
કુબેરદત્ત નિજ માતશું રે લાલ, સુખ વિલસે દિન રાત રે; રં૦
એમ કરતાં સુત જનમીયો રે લાલ, એ સવિ કર્મની વાત રે, રં૦આ૦ ૧૧
તપ જપ સંયમ સાધતાં રે લાલ, પાળતાં કિરિયા સાર રે; રં૦
કુબેરદત્તાને અવિધિ ઉપન્યું રે લાલ, દીયે તિહાં જ્ઞાન વિચાર રે.
રં૦આ૦ ૧૨
અવિધિ જ્ઞાને સાધવી રે લાલ, દેખે મથુરા મોઝાર રે; રં૦
નિજ જનનીથી સુખ વિલસતોરે લાલ, ધિક ધિક તસ અવતાર રે.
રં૦આ૦ ૧૩
ગુરૂણીને પૂછી કરી રે લાલ, આવી મથુરા ગામ રે; રં૦
વેશ્યા મંદિર જઈ ઉતરી રે લાલ, કરવા ધર્મનું કામ રે. રં૦આ૦ ૧૪

## ઢાળ ૩

ઈણ અવસર નાનો બાલુડો રે કાંઈ,
પારણે પોઢ્યો જેહ - "ગાઉં હાલરૂવા,"

હાલો હાલો કહી હુલરાવતી રે કાંઈ;
સાધવી ચતુર સુજાણ - ''ગાઉં હાલરૂવા''. ૧
સગપણ છે તારે માહરે કાંઈ
સાંભળ સાચીવાત ''સુણ તું બાલુડા''
કાકો ભત્રીજો પોતરો રે કાંઈ,
દીકરો દેવર જેઠ ''સુણ તું બાલુડા'' ૨
સગપણ છે તારે માહરે કાંઈ,
ષટ્ બીજા કહું તેહ ''સુણ તું બાલુડા''
બન્ધવ પિતા ને વડવો રે કાંઈ,
સસરો સુત ભરતાર ''સુણ તું બાલુડા'' ૩
સગપણ છે તારે માહરે કાંઈ,
ખટ ત્રીજા કહું તેહ ''સુણ તું માતાજી''
માતા કહું સાસુ કહું રે કાંઈ,
વળી કહું શોક્ય ભોજાઈ ''સુણ તું માતાજી'' ૪
વડીઆઈ વળી પુત્ર વધુ રે કાંઈ,
તુજ મુજ સગપણ એહ ''સુણ તું માતાજી''
એહ સંબંધ સવિ સાંભળી રે કાંઈ,
ઘરમાંથી આવ્યા દોય ''સુણ તું શ્રમણીજી'' ૫
અછતા આળ ન દીજીએ રે કાંઈ,
તુમ મારગ નહીં એહ ''સુણ તું શ્રમણીજી''
શ્રમણી કહે સુણો દોય જણા રે કાંઈ,
ખોટું નહીંય લગાર ''રે તુમે સાંભળજો'' ૬
પેટીમાં ઘાલી મૂકીયા રે કાંઈ,
જમુનામાં વહેતી જોય ''રે તુમે સાંભળજો''
શૌરીપુર નગર તિહાં વળી રે કાંઈ,
પેટી કાઢી સોય ''રે તુમે સાંભળજો'' ૭
એમ નિસુણી તે દોય જણે રે કાંઈ,
સંયમ લીધો તેવી વાર ''રે તમે સાંભળજો''
સંયમ લેઈ તપ આદરી રે કાંઈ,

દેવલોકે પહોંચ્યા સાર રે "મન રંગીલા" ૮
તપથી સવિ સુખ સંપજે રે કાંઈ,
તપથી પામે જ્ઞાન રે "મન રંગીલા
તપથી કેવળ ઉપજે રે કાંઈ,
તપ મોટું વરદાન રે "મન રંગીલા" ૯
તપગચ્છપતિ ગુણ ગાવતાં રે કાંઈ,
ઋદ્ધિ વૃદ્ધિ ઘર થાય રે "મન રંગીલા"
પંડિત દાનવિજય તણો રે કાંઈ,
હેતવિજય ગુણ ગાય રે "મન રંગીલા" ૧૦

## ૫. અઢાર નાતારાંની સજ્ઝાય (૩) (ઢાળ-૫)

### દુહા

વીર ધીર ગંભીરવર, વાસિત જે પદ શિવઃ
અકલ અરૂપી અઘહરણ, વંદુ ભુવણ પઈવ... ૧
નમતાં નિશ્ચય મન થકી, વિનયાદિક ગુણે જેહ;
સકલ વસ્તુ તવ સંપજે, જિમ એક પુક્ખલ મેહ... ૨
ચરમ ધરમ જેમ ધરમમાં ચરમ ધ્યાન જિમ ધ્યાન;
ચરમ એમ પરમાતમા, નમું સુરતરૂ સમાન... ૩
ભાજન જેમ મંજન કરે, રજ હુંતી ઉદ્યોત;
તેમ ગુરૂપદ રજથી મટે, મંદ બુદ્ધિની છચોત... ૪
તે માટે તસપદ નમી, મન ચિંતિત સવિ થાય;
અષ્ટાદશ નાતર તણી, કહેશું સરસ સજ્ઝાય... ૫

### ઢાળ ૧

હાંરે મારે વર્તુલાકારે, વિસ્તરીયો ભૂમધ્ય જો;
જંબૂ રે દ્વીપ, નામે દ્વીપ વખાણીએ રે લો;
હારે મારે લાખ જોયણનો, ભાખ્યો શ્રી ભગવંત જો;
સાત ક્ષેત્ર ખટકુલગિરિ, મળી પ્રમાણીએ રે લો. ૧
હાંરે મારે દ્વીપ અસંખ્યે, વીંટી લીધો તાસ જો;
માનું રે રખવાળું સહુ તેહનું કરે રે લો.

હરિ તસ મધ્ય મેરૂથી દક્ષિણ દિશી અભિરામ જો;
ભરત નામે છે ક્ષેત્ર તેહીજ સહુકો શિરે લો. ૨
હારે તિહાં નિરૂપમે શોભિત નુયરી મથુરા નામ જો;
દેખી રે તસ અલકા ભય વલખા કરે રે લો;
હરિ મારે ગઢ-મઢ મંદિર કૂપ તટાક ને તીથ્થ જો;
દ્રવ્યે રે તસ આગે શ્રી અંબુ ભરે રે લો. ૩
હારે મારે રાજ કરે તિહાં અરિમર્દન મહારાજ જો;
ભયથી રે તસ અરિ સહુ ગિરિ ડરીને ભજે રે લો;
હાંરે મારે દાને માને ધ્યાને જાણ સુજાણ જો;
રૂપે રે જસ આગે હરિ મનમાં લજે રે લો. ૪
હાંરે મારે તે નયરીમાં અપરિગ્રહિતા એક જો,
નામે રે તસ કુબેરસેના ઈમ જાણીયે રે લો;
હાંરે મારે રાતી માતી કૂડ કપટનો કોટ જો,
કડવી રે મધ્યે બાહ્ય મીઠી વાણીએ રે લો. ૫
હારે મારે દુર્જય કામના સૈન્ય ચઢાવણ હાર જો,
વધે રે દગના શર અબ્રહ્મચારીને રે લો;
હારે મારે આ ભવ અપજશ રડવડે દ્રમક સમાન જો,
પરભવમાં તે પામે નરકની બારીને રે લો. ૬
હારે મારે લોભે વાહી ન ગણે નીચ ને ઉંચ જો;
ખૂટે રે ધન ત્રુટે જનમની પ્રીતડી રે લો;
હારે મારે એક ગ્રહે એક છંડે દિન ઈમ રાત જો,
જાણે રે જગ સહુ એ વેશ્યા રીતડી રે લો. ૭
હાંરે ઈમ રસભર રમતા તે વેશ્યાને કુખ જો;
એક દિવસ ઉત્પત્તિ થઈ બિંહુ બાલની રે લો,
હાંરે તે દિન કેતા ઈમ રહેતા અશુચિમાંહિ જો,
પોંહતી રે સ્થિતિ તેહને પૂરણ કાળની રે લો. ૮
હારે તવ પ્રસવ્યા વેશ્યે બેહુ બાળકની જોડ જો;
અભિનવ ને રૂપાળા સુત અને સુતા રે લો,
હારે ગ્રહ પૂછે પંડિત એમ બોલ્યો મુખ વાણ જો;

મૂલે રે જનમ્યા તે માય ને દુઃખતા રે લો. ૯
હરિ ઈમ સાંભળી વેશ્યા ભય પામી તત્કાલજો,
હા ! હા ! રે એહવા બાળકને શું કરૂ રે લો;
હરિ કિમ ન થયા જનકને દુઃખદાયક મુઝ કેમ ? જો,
કરે રે નિજ શિર ઉતરતી તે ખરૂં રે લો. ૧૦
હરિ સહુ કહે છે. તાતથી માત તણું ઘણું હેત જો,
નિર્દય રે નર નારી હોય દયામણી રે લો;
હરિ પણ વિષય તણે વશ નિજ સુત હણવા ફંદ જો;
જો જો રે ઘણું કીધા રાણી ચૂલણી રે લો. ૧૧
હરિ હવે આપ ઉગારવા વેશ્યાયે કરી બુદ્ધિ જો,
મંજુષા નિપાઈ કાષ્ટ તણી ભલી રે લો;
હરિ તવ પટકુલ વીંટી મુદ્રા સહિત ઠવ્યા બાળ જો,
ભીડી રે મંજુષા નવિ ભેદે પલી રે લો. ૧૨
હરિ વળી પેટી ગ્રહીને આવી જમુના તટ જો;
મેલી રે તેણે તરતી જલમાંહી તદા રે લો,
હરિ ઈમ પુનરપિ હરખિત આવી નિજ આવાસ જો,
આખર રે કોઈ કેહની નહિં નારી સદા રે લો. ૧૩

**દુહા**

તવ મંજુષા તિહાં થકી, ચાલી ઉદક મઝાર,
પવન વેગ વાહી ઘણું, ક્ષણ એકમાં ગઈ દૂર. ૧
ચાર જામ ચાલી તદા, તવ રયણી ગઈ દૂર,
નગર ખબ્બર કરવા ભણી, માનું ઉગ્યો સૂર. ૨
એહવે આવ્યું તે સમે, નગરી સૌરીપુર નામ,
જાણે ભૂ શોભાવવા, વાસ્યું ચપલા ધામ. ૩

**ઢાળ ૨**

નગરી તે માંહે વાસો વસે, વ્યવહારી દોય જોડ;
ધન સારથવાહ અવર તે, સાગરદત્ત ધન કોડ. ૧
સાંભળો કર્મ વિચિત્રતા, કહેવા ખેલે છે ખેલ;

આ ગતિ કર્મ આશ્રવ થકી, જિમ ગરનાળેથી રેલ. સાંભળો૦ ૨
પરસ્પર દોય બાંધવા, પ્રીતિ બની જલખીર;
ભૂમિ અરણ્ય દોય નીસર્યા, આવ્યા તટિનીને તીર. સાંભળો૦ ૩
નિરખે કૌતુક જલ તણાં, તવ પેખી પેટી ખાસ;
ચર જલ ભીતર પેસી ગ્રહી, આણી શેઠની પાસ. સાંભળો૦ ૪
તવ બોલ્યા દોય બાંધવા, વસ્તુ હશે માંહિ જેહ;
આધો આધ તે વહેંચીને, લેશું આપણે તેહ. સાંભળો૦ ૫
પરઠી ઈમ પેટી તણી, મુદ્રા ઉઘાડી જામ;
જનમ માત્ર સોહામણાં, દીઠાં બાલક તામ. સાંભળો૦ ૬
તવ હરખી દોય બોલીયા, એકને પુત્રની ખોટ;
પુત્રી ખોટ છે એકને, એમ વહેંચ્યાં દોય જોટ. સાંભળો૦ ૭
નિરખી નિજ નિજ બાળને, દીઠી મુદ્રિકા દોય;
કુબેરદત્ત ને કુબેરદત્તા, નામ લિખિત માંહિ સોય. સાંભળો૦ ૮
તવ તિહાં નામ તેહી જ ઠવ્યાં, સોંપ્યા નિજ ઘેર જાય;
લાડ લડાવે ઉત્સંગમાં, અનુક્રમે મોટેરા થાય સાંભળો૦ ૯
જોબન વય તે પામ્યા જદા, અતિરૂપ લાવણ્ય હોય;
સરખી જોડી તે નગરમાં, ન મલે નિરખતાં કોય. સાંભળો૦ ૧૦
દોય જણે મન ચિંતવી, પરણાવ્યા તવિ તેહ;
વિધિએ રચના એસી હુઈ, વાધ્યો અધિક સનેહ. સાંભળો૦ ૧૧
હસે રમે ક્રીડા કરે, ભોગવે ભોગ રસાલ;
એક દિન બેઠા ગવાક્ષમાં, ચોપાટ ખેલે વિશાલ. સાંભળો૦ ૧૨
સારી સારતાં કુમરીએ, વીંટી વરણ ગ્રહ્યા તામ;
નામ દોય એક જાણીયા, વદન પડી તવ ઝાંમ. સાંભળો૦ ૧૩

**દુહા**

અહો ! વિધાતા મુઝ એહનું, એક જ દીસે રૂપ,
સર્વ ચિહ્ન એક જ અ છે, વય પણ સરખી અનૂપ. ૧
ફલ એક જ તરૂવર તણાં, એક ઉદરે ઉત્પત્ય,
ભગિની બંધવ સંભવે, એ સહી દીસે સત્ય. ૨

વિલખાણી વિલપે ઘણું, મૂકે મુખ નિસાસ,
તનુ શૃંગાર સવિ પરિહરિ, પહોંતી જનકની પાસ. ૩
પૂછે નિજ નિજ તાતને દોય જણા તેણીવાર,
અમ બેહું મેળાવડો, કિમ કીધો કિરતાર ? ૪
તાતજી સાચું બોલજો, અલિક મ કહેશ્યો વાણ
જો સાચું બોલો નહિ, તો દેવગુરૂની આણ. ૫

## ઢાળ ૩

તાત કહે સુણ કુંઅરી, શું પૂછે હો મુજને તુઝ વાત કે;
અમે તો કાંઈ જાણું નહિં, શી ભાંખુ હો તુજ જાત ને ભાત કે;
વાત સુણો રે એક ચિત્તશું. ૧
એક પેટીમાં દોય જણાં, અમે લાધ્યા હો કાલિંદ્રી તીરકે;
જોબનવય પરણાવીયા, અમે બેહુ હો મનથી થઈ ધીરકે. વાત૦ ૨
પેટી તુમ માત પિતા, નવિ જાણું હો અમે આધી વાત કે;
તુમ પૃચ્છાથી ભાંખીયો, જે હુંતો હો તુમચો અવદાત કે. વાત૦ ૩
તવ કુંવરી ધરણી ઢળી, મુખ ભાંખે હો હૈ ! હૈ ! કિરતાર કે;
એક અંબા અમ દોયની, કોઈ કારણે હો નાખ્યા છે વારિકે. વાત૦ ૪
વાત ઘણી વિરૂઈ થઈ, સુખ વિલસ્યા હો ભગિનીયે ભ્રાતકે;
શી ગતિ હોશે ? અમતણી, ઈમ કુમરી હો ઝુરે દિન રાતકે. વાત૦ ૫
ગર્ભથી કંઈ ગળ્યા નહિં, નવિ બૂડ્યાં હો કાં તટિની મોઝારકે;
ઈમ ચિંતવતા તપોધની, સુવ્રતા હો લેવા આવ્યા આહાર કે. વાત૦ ૬
વંદન વિધિતિહાં સાચવે, વિનયાદિકે હો વહોરાવે અન્નકે;
આજ કૃતારથ હું થઈ, તુમ દરીસણે હો શીતલ મુજ તન્નકે. વાત૦ ૭
બૂડી છું હું અનાદિથી, ભવ સાયર હો નવિ પામું પારકે;
તે માટે મુઝ તારીએ, મનમાંહી હો આણી ઉપગાર કે. વાત૦ ૮
તુમ પાસે માગું અછું, મુઝ દીઝે હો દીક્ષા મહાભાગ કે;
સુણ બાઈ ગુરૂણી કહે, માય તાયની હો તું અનુમતિ માગકે. વાત૦ ૯
સમજાવી પરિકર સવી, ઉચ્ચરીયાં હો પંચ મહાવ્રત સારકે;
છઠ્ઠ અઠ્ઠમ દશમ દુવાલસ, તપે તપસ્યા હો ચાલે નિરતિચારકે, વાત૦ ૧૦
ઈમ સંયમ લહી વિચરે સુખે, હવે સાંભળો હો કુંઅર અધિકારકે;

નગરલોક નિંદે ઘણું, ફિટ પાપી હો ભગિની ભરથારકે. વાત૦ ૧૧
ઈમ સાંભળી કહે જનકને, તવ પિતા હો દિયે એમ આદેશકે;
કુંઅર ! કરીઆણું લઈને, તુમ જાઓ હો ઈહાંથી પરદેશકે. વાત૦ ૧૨
લેઈ શીખ તવ ચાલિયો, કર્મ જોગ હો આવ્યો મથુરા ઉદ્યાનકે;
કાનન માંહિ ઉતર્યો, કરી ભોજન હો મુખે ચાવતો પાનકે. વાત૦ ૧૩
તેહવે વન જોવા તિહાં, રથ બેસી હો કુબેરસેના વેશ કે;
દેખી કુંઅર સોહામણો, સા નિરખે હો એકત્ર પ્રદેશ કે. વાત૦ ૧૪
નયણે નાખ્યો ભોળવી, તવ બોલ્યો હો કુંવર મુખ વાણકે;
રે વેશ્યા ! મુઝ ઘટ થકી, જઈ વસીયા હો તુઝ ઘટ મુઝ પ્રાણકે. વાત૦ ૧૫
તવ વેશ્યા કહે વાલ્લહા, તુઝ દીઠે હો હું થઈ મગન્ન કે;
આજથી મેં નિશ્ચે કરી, તુઝ સોંપ્યું હો તન મન ધન્નકે. વાત૦ ૧૬
મેરૂ તોલે કોઈ ત્રાજુએ, ભુજથી હો તરે સાયર જેહકે;
ભુમિ છત્રાકારે કરે, નારીયે કર્યા રાંકડા તેહકે. વાત૦ ૧૭
જાઈ વસ્યો વેશ્યા ઘરે, સુખ વિલસે હો જનનીશું રસાલકે;
ગર્ભ ધર્યો વેશ્યા તિહાં, નવ માસે હો જનમ્યો તસ બાળકે. વાત૦ ૧૮
સુખભર દિન તિહાં નિગમે, હવે સાંભળો હો સાધવી વિરતંતકે;
ખંત્યાદિક ગુણે કરી, સહે પરિસહ હો કઠીન અત્યંતકે. વાત૦ ૧૯

## દુહા

કઠીન ઈમ નિર્જર કરી, ધરતાં ધરમનું ધ્યાન,
શુદ્ધ ચરણ પરિણામથી, ઉપનું અવધિજ્ઞાન. ૧
જોઉં બંધવ કિહાં અછે, માતશું ધરતો ભોગ,
રડવડશે ગતિ ચારમાં, વિષય કરમગતિ જોગ. ૨
ખૂંત્યો વિષયના પંકમાં, હવે કાઢું જઈ એહ,
લેઈ આણા ગુરૂણી તણી, વિચરે પંથે તેહ. ૩
પોંહોંતી મથુરા નગરીમાં, ગઈ વેશ્યાને ધામ,
રે બાઈ ! અમ દીજીયે, રહેવા નિરવદ્ય ઠામ. ૪
વેશ્યા કહે રે સાધવી ! ઈહાં નહિં તુમ કામ,
ઈમ કહેતાં પિઉ આવીયો, વંદી આપ્યું ઠામ. ૫
દુરબલ તન તપસ્યા કરી, વેશ પરાવર્ત જેહ,

તે કારણથી કુંઅરે, નવિ ઓળખીયાં તેહ. ૬
ઈરિયાવહિ પડિક્કમી, બેઠી સાધવી તેહ,
મુખ આગળ નિરખ્યું તદા, પારણે બાલક ગેહ. ૭
બોલાવ્યો ભોજન સમે, વેશ્યાએ ભરથાર,
મુખ આગે બેઠા તદા, કરવા પવન પ્રચાર. ૮
રૂદન કર્યું બાલક તિસ્યે, બોલે વેશ્યા તામ,
હીંચોળો નહિં કાં તુમે, જીવદયા પરિણામ. ૯
ઈમ સાંભળી કહે સાહૂણી, જો હુઓ તુમ આદેશ,
તો હવે અમે હિંચોળશું, રે સાંભળ તું વેશ. ૧૦

## ઢાળ ૪

હાલો વીરા હાલો બંધવ મ મ રૂઓ;
હસતાં બાંધ્યા રોતાં કર્મ ન છૂટીયે;
તુજ મુજ માતા એક ભણી મુઝ વીરો રે,
મુઝ વલ્લભ સુત તેણે મુઝ પુત્ર વખાણીયે;
લઘુ બંધવ મુઝ વાલમકેરો થાયે રે;
લાડકવાયા, મુઝ દેવર તું પ્રમાણીયે. હાલો૦ હ૦ ૧
મુઝ બંધવ સુત, તિણે તું થયો ભત્રીજો રે;
માત પતિ તિણે કાકો માહરો;
શોકનો સુત તું તિણે મુઝ સુત ઓરમાન રે;
ખટ સંબંધે હાલરો ગાયો તાહરો. હાલો૦ હ૦ ૨
તુજ મુજ સાથે એહ થયો સંબંધ રે;
ખટ સંબંધ કુબેરદત્તના હવે કહું,
આપણ બેહું એક કુખે ઉત્પન્ન રે;
તિણે રે હું ભગિની તું બંધવ-લહું. હાલો૦ હ૦ ૩
જનની પતિ તું તિણે મુજ થાયે તાત રે;
વળી રે વડાયો મુજ કાકાનો તું પિતા;
બહુ લાડે પરણાવ્યા આપણ દોય રે;
તિણે રે હું સાચી તારી યોષિતા. હાલો૦ હ૦ ૪

શોકલડીનો સુત તું તિણે મુજ જાત રે;
મુજ દેવરનો તાત તેણે સસરો ગણું;
તુમશું અમશું ખટ નાતરાં થાયે એહ રે;
તે કારણથી એ સગપણ થયું તુમ તણું. હાલો૦ હ૦ ૫
ત્રટકી બોલી અપરિગૃહિતા તામ રે;
અસમંજસ શું ભાંખો કિમ નથી લાજતા;
હા વેશ્યાજી હું પુત્રી તુમે માતા રે;
તુમે કાં નવિ લાજ્યા મુજ જનમ થતા. હાલો૦ હ૦ ૬
માહરા બાપની તું છે સાચી માતા રે;
તેણે રે વડીબાઈ થાયે માહરી,
દયિતા ભ્રાતની તેણે તું મુઝે ભોજાઈ રે;
સાંભળ રે હું નણદી થાઉં તાહરી. હાલો૦ હ૦ ૭
મુજ શોકલડી પુત્ર તણી તું નારી રે,
તેણે રે તું માહરી કહેવારે વહુ;
મુજ વલ્લભની જનની થાયે સાચી રે;
હું વધૂ ને તુમે પુનરપિ સાસૂ કહું. હાલો૦ હ૦ ૮
માહરા પિઉની પ્રેમદા તિણે મુજ શોક્ય રે;
રે વેશ્યા ખટ સગપણ, તુજ મુજ એ કહ્યા;
ખટ બાળકના ખટ બંધવ ખટ તુજ રે;
મેળવતા અષ્ટાદશ નાતરાં એ થયાં. હાલો૦ હ૦ ૯
એહવા વયણ સુણી વેશ્યા ઘરમાંથી રે;
ઉઠી રે નિજ દ્વારે આવી ઉતાવળી;
ઘર છંડી તુમે થયા સાધવી તોહી રે;
મુખથી રે શું ભાંખો છો ? મોટું અલી. હાલો૦ હ૦ ૧૦
સાંભળ વેશ્યા સર્વથી છંડ્યું અસત્ય રે;
તો કિણ કારણ મોટું જૂઠું અમે કહું ?
અચરિજ પામ્યા સાંભળી સાધ્વી બોલ રે;
કરજોડી કહે ભાંખો સવિ કારણ લહું. હાલો૦ હ૦ ૧૧

### દુહા

સાધવી કહે સુણજો સહુ, કરમતણી કહું વાત,
કાર્ય અકાર્ય જ આદરે, ન ગણે જાત કુજાત. ૧
અમે બેહું તુમ જનમથી, મેલ્યા તટિની માંહિ,
સૌરી પુર શેઠે ગ્રહ્યાં, કરમે પરણ્યા ત્યાંહી. ૨
વૈરાગ્યે થઈ સાધવી, બંધવ ઈહાં તુજ ભોગ,
તિણે સગપણ સહુ નીપનો, હે હે કર્મના જોગ. ૩
જ્ઞાને કરી જાણું અછું, હું સઘળી એ વાત,
એ કારણ એહવું બન્યું, રહેશે જગ વિખ્યાત. ૪
તે નિસુણી ચિત્ત ચમકીયા, મન ભેદ્યો વૈરાગ,
બૂડયા કાલ અનાદિથી, ભવ નિધિ ન લહ્યો તાગ. ૫

### ઢાળ પ

તારો હો અમ તારો તરણ જહાજ;
સાચી હો હવે સાચી પોતાવટ ગણોજી.
દાખો હો હવે દાખો અમ ઉપગાર;
સાચો હો હવે સાચો આલંબન તુમ તણોજી. ૧
વિષયે હો ઘણું વિષયે તીવ્ર પરિણામ;
સેવ્યાં હો ઘણું સેવ્યાં, અઢારે ઉજમ ભરેજી;
કરમ હો ઘણું કરમ નચાવે મુજ;
નચવ્યો હો ઘણું નચવ્યો મરકટની પરેજી. ૨
દુષ્કૃત હો મેં દુષ્કૃત સંચ્યો સંચ;
મુંધો હો મેં મુંધો સુકૃત ખાણનેજી,
અતિ ઘણું હો જે અતિ ઘણું પાપનું ઠામ;
પહોંચીશ હો હું પહોંચીશ, અપઈઠાણનેજી. ૩
દરિસણ હો તુમ દરિસણ અનુભવ ગેહ;
ફેડે હો જે ફેડે ભવભય તાપનેજી;
ભાષા હો તવ ભાષાસમિતિએ વેણ;
સાધવી હો કહે સાધવી ટાળવા પાપનેજી. ૪
મેલો હો હવે મેલો સકલ ઉપાધિ;

શિવસુખ હો હવે શિવસુખ ચરણને આદરોજી,
આરજ હો હવે આરજ પામી ઠામ.
મનુભવ હો હવે મનુભવને સફલો કરોજી. ૫
સાંભળી હો ઈમ સાંભળી મીઠી વાણ;
મહાવ્રત હો પંચ મહાવ્રત સર્વથી ઉચ્ચરેજી;
ત્રિકરણ હો તિહાં ત્રિકરણ જોગે શુદ્ધ;
જે વિધ હો ગુરૂ જે વિધ, ભાખે તે વિધ કરેજી. ૬
નિજ નિજ હો સહુ નિજ નિજ મારગ જેહ;
વિચર્યા હો તે વિચર્યા વાયુ તણી પરેજી;
બારે હો તપ બારે ભેદે જેહ;
તપતા હો વલી તપતા આજ્ઞા ખપ કરેજી. ૭
બાહ્ય હો તપ બાહ્ય કરે ઘણું કોય,
અંતર હો જિહાં અંતર તપ ખટ નવિ ધર્યોજી;
તિહાં લગે હો નહિં તિહાં લગે આતમ શુદ્ધ,
કનક હો જિમ કનકકુંભ વિષે ભર્યોજી. ૮
જાણી હો ઈમ જાણી દુવિધ પ્રકાર;
સેવે હો પણ સેવે સમતાથી ફળેજી;
પાળી હો ઈમ પાળી નિરતિચાર,
ઉપના હો તે ઉપના સુરલોકે ભલેજી. ૯
ભોગવી હો તે ભોગવી સુરના ભોગ,
વિદહે હો મહાવિદેહે શિવપુર જાયશેજી;
ધન ધન હો જગ ધન ધન તે નરનાર;
રસના હો શુદ્ધ રસના ગાતા થાયશેજી. ૧૦
વીરે હો જિન વીરે વખાણ્યો ભાવ;
શ્રેણીક હો ઈમ શ્રેણીક આગળે હિત કરૂજી;
જંબૂ હો ઈમ જંબૂ ચારિત્રમાં ભાવ;
સાંભળી હો ભવી સાંભળી ચિત્ત ધરજો ખરૂંજી. ૧૧
સંવત હો હવે સંવત શશી ને ખાણ;
વિષય હો જે વિષય વરસ પ્રમાણીએજી,

ત્રયોદશી હો મધુ ત્રયોદશી ઉત્તમ પક્ષ;
વારે હો દ્વિજ વારે ચિત્તમાં જાણીયેજી. ૧૨
તપગચ્છ હો નભ તપગચ્છ દિણંદ સમાન,
સૂરિવર હો શ્રી સૂરિવર દાનરત્ન સૂરિજી;
વાસિત હો પદ વાસિત તાસ પસાય;
પામી હો જસ પામી કીરતિ વિસ્તરીજી. ૧૩

**કલશ**

એક ભવે સગપણ એમ સાંધ્યાં, પરભવે વળી જોગવે,
ગતિ ચારમાંહી જીવ એણી વિધ, કાળ અનાદિ ભોગવે,
ઈમ સુણી વાણી ભવિક પ્રાણી, સંસાર નિર્વેદ જે લહે,
સુખ શ્રેણી ધામી તેહ પામે, ઋદ્ધિ વૃદ્ધિ કીરતિ કહે. ૧

## • ૬. અનાથીમુનિની સજ્ઝાય

બંભસારે વનમાં ભમતાં, ઋષિ દીઠો રયવાડી રમતાં;
રૂપ દેખીને મન રીજયો, ભારે કર્મી પણ ભીંજયો. ૧
કર જોડીને એમ પૂછે, સંબંધ તમારો શું છે;
નરનાથ હું છું અનાથ,નથી માહરે કોઈ નાથ. ૨
હરખે જોડી કહે હાથ, હું થાઉં તમારો નાથ;
નરનાથ તું છે અનાથ, શું મુજને કરે છે સનાથ. ૩
મગધાધિપ હુંછું મોટો, શું બોલે છે ભૂપ ખોટો;
તું નાથપણું નવિ જાણે, ફોગટ શું આપ વખાણે. ૪
નયરી કૌશમ્બીનો વાસી, રાજપુત્ર હું છું વિલાસી;
એક દિન મહારોગે ઘેર્યો, કેમે તે પાછો ન ફર્યો. ૫
માતાપિતા છે મુજ બહુ મહિલા, વહેવરાવે આંસુના વહેલા;
વડા વાડા વૈદ્યો તેડાવે, પણ વેદના કોઈ ન હઠાવે. ૬
એહવું જાણી તવ શૂલ, મેં ધાર્યો ધર્મ અમૂલ;
રોગ જાય જો આજની રાત, તો સંયમ લેઉં પ્રભાત. ૭
એમ ચિંતવતા વેદના નાઠી, આખર બાંધી મેં કાઠી;
બીજે દિન સંયમભાર, લીધો ન લગાડી વાર. ૮

અનાથ સનાથનો વહેરો, તુમને દાખ્યો કરી ચહેરો;
જિનધર્મ વિના નરનાથ, નથી કોઈ મુગતિનો સાથ. ૯
શ્રેણિક તિહાં સમકિત પામ્યો, અનાથીને શીર નામ્યો;
મુગતે ગયા મુનિરાય, ઉદયરત્ન વંદે ઉવજ્ઝાય. ૧૦

## [?] ૭. અમકાસતીની સજ્ઝાય

અમકા તે વાદળ ઉગીયો સૂર, અમકા તે પાણીડાં સંચર્યા રે
સામા મળીયા દોય મુનીરાય, માસખમણનાં પારણા રે ૧
બેડું મેલ્યું સરોવરીયા પાળે, અમકાએ મુનિને વાંદીયા રે
ચાલો મુનિરાજ આપણે ઘેર, માસખમણનાં પારણાં રે ૨
ત્યારે ઢળાવું સોવન પાટ, ચાવળ ચાકળા અતિ ઘણાં રે
આછા માંડા ને ખોબલે ખાંડ, માંહે તે ઘી ઘણા લચપચા રે ૩
લ્યો લ્યો મુનીરાજ ન કરો ઢીલ, અમ ઘર સાસુજી ખીજશે રે
બાઈરે પાડોસણ તું મારી બેન, મારી સાસુ આગળ ન કરીશ વાતડી રે ૪
કે તને આપું મારા કાનની ઝાલ, હાર આપું હીરા તણો રે
કાનની ઝાલ તારે કાને સોહાય, હાર હીરાનો મારે અતિઘણો રે ૫
મારે છે વાત કર્યાની ઘણી ટેવ, વાત કર્યા વિના નહીં રહું રે
પાડોસણ આવી ખડકી રે માંહિ, બાઈ રે પાડોસણ સામી ગઈ રે ૬
પાડોસણ બાઈ તને કહું એક વાત તારી વહુએ મુનિને વહોરાવીઓ રે
નથી ઉગ્યો હજી તુલશીનો છોડ બ્રાહ્મણે નથી કર્યાં પારણાં રે ૭
સોવન સોવન મારો પુત્ર, ઘરમાંથી કાઢો ધર્મ ઘેલડી રે
લાતુ મારી ગડદા મારો રે માંય, પાટુએ પરિસહ કર્યા રે ૮
બે બાળક ગોરીએ લીધા છે સાથ, અમકા તે બારણે નીસર્યા રે
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઈએ દીઠી મહીયર વાટડી રે ૯
ડાબી દિશે ડુંગરીયા હેઠ, જમણી દિશે મહિયર વાટડી રે
આણા વિના કેમ મહીયર જાઉં, ભોજાઈઓ મેણાં બોલશે રે ૧૦
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઈએ દીઠી મહિયર વાટડી રે
ડાબી દિશે ડુંગરીયા હેઠ, ઉજ્જડ વાટે જઈ વસ્યા રે ૧૧
સૂકા સરોવર લ્હેરે જાય, વાંઝીયો આંબો ત્યાં ફળ્યો રે

નાના રૂષભજી તરસ્યા થાય, મોટા ઋષભજી ભૂખ્યા થયા રે ૧૨
નાના ઋષભજીને પાણી પાય મોટા ઋષભજીને ફળ આપીયાં રે
સાસુજીજુએ ઓરડા માંહે, વહુ વિના સૂનાં ઓરડાં રે ૧૩
સાસુજી જુએ પરશાલ માંહે, પુત્ર વિના સૂનાં પારણાં રે
સાસુજી જુએ રસોડામાંહે, રાધી રસોઈઓ સંગે ભરી રે ૧૪
સાસુજી જુએ માટલા માંહે, લાડુલીના ઢગ-વળ્યા રે
સાસુજી જુએ કોઠલા માંહે, ખજાનાં ખડકા થયાં રે ૧૫
સોવન સોવન મારો પુત્ર, તેડી લાવો ધર્મ ઘેલડી રે
ચાલો ગોરાદેવી આપણે ઘેર, તુમ વિના સૂનાં છે ઓરડાં રે ૧૬
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કિહાં રે વસે ધર્મ ઘેલડી રે
ડાબી દિશે ડુંગરીયા હેઠ, જમણી દિશે ધર્મ ઘેલડી રે ૧૭
ચાલો ઋષભજી આપણે ઘેર, તુમ વિના સૂનાં પારણાં રે
સાસુજી ફીટીને માંય જ થાય, તોય ન આવુ તુમ ઘરે રે ૧૮
પાડોસણ ફીટીને બેની રે થાય, તોય ન આવું તુમ ઘરે રે
બાઈ રે પાડોસણ તું મારી બેન, ઘર રે ભાંગવાં ક્યાં મલી રે ૧૯
ફણીધર ફીટીને ફુલમાળા થાય, તોય ન આવું તુમ ઘરે રે
કાંકરો ફીટીને રતન જ થાય, તોય ન આવું તુમ ઘરે રે ૨૦
બે બાળક ગોરીએ લીધાં છે સાથ, અમકાએ જળમાં ઝંપલાવીયું રે
બે બાળક ગોરીનો પડ્યો રે વિયોગ, ઘરે રે જઈને હવે શું કરું રે ૨૧
સગાં સંબંધી હસશે લોક, પિત્રાઈ મેણાં બોલશે રે
પછવાડેથી પડ્યો બાઈનો કંથ, પડતાં વેંત જ થયો ફેસલો રે ૨૨
આળ દીધાનાં એ ફળ હોય, તેહ મરીને થયો કાચબો રે
હીરવિજય ગુરૂ હીરલો હોય, વીરવિજય ગુણ ગવાંતા રે ૨૩

૨૯

## ૮. અમરકુમારની સજ્ઝાય

રાજગૃહી નગરી ભલી, તિહાં શ્રેણિક રાજા રે, . કર્મ૦ ૩૦
જિનધર્મનો પરિચય નહીં, મિથ્યા મતમાંહે રાચ્યાં રે,
કર્મ તણી ગતિ સાંભળો, કર્મ કરે તે હોય રે... કર્મ૦ ૩૧
સ્વારથનાં સહુ કો સગાં, વિણસ્વારથ નહીં જા રે
રાજા શ્રેણીક એકદા, ચિત્ર શાળા

અનેક પ્રકારે માંડણી, દેખંતા મન ભાવે રે... કર્મ૦ ૩
દરવાજો ગિર ગિર પડે રાજા મન પસ્તાવે રે
પૂછે જોષી પંડિતો બ્રાહ્મણ એમ બતાવે રે... કર્મ૦ ૪
બાળક બત્રીસ લક્ષણો હોમીજે ઈણ ઠાણો રે
તો એ મહેલ પડે નહીં ઈમ ભાખે વચણ અજાણો રે... કર્મ૦ ૫
રાજા ઢંઢેરો ફેરવે જે આપે બાળ કુમારો રે
તોલી આપું હું બરોબરી સોનૈયા ધન સારો રે... કર્મ૦ ૬
ઋષભદત્ત બ્રાહ્મણ તિહાં વસે ભદ્રા તસ ઘરણી જાણો રે
પુત્ર ચાર સોહામણા નિર્ધનિયો પુણ્ય હીણો રે... કર્મ૦ ૭
ઋષભદત્ત કહે નારીને આપો એક કુમારો રે
ધન આવે ઘર આપણે થઈએ સુખિયાં સારો રે... કર્મ૦ ૮
નારી કહે વેગે કરો આપો અમર કુમારો રે
મ્હારે મન અણભાવતો આંખ થકી કરો અળગો રે... કર્મ૦ ૯
વાત જણાવી રાયને રાજા મનમાં હરખ્યો રે
જે માગે તે આપીને લાવો બાળ કુમારો રે... કર્મ૦ ૧૦
સેવક પાછા આવીયા ધન આપ્યો મનમાન્યો રે
અમર કહે મોરી માતાજી મુજને મત આપીજે રે... કર્મ૦ ૧૧
માતા કહે તને શું કરું મ્હારે મન તું મૂવો રે
કામ કાજ કરે નહિં ખાવાને જોઈએ સારો રે... કર્મ૦ ૧૨
આંખે આસું નાખતો બોલે બાળ કુમારો રે
સાંભળો મોરા તાતજી તુમે મુજને રાખો રે... કર્મ૦ ૧૩
તાત કહે હું શું કરું ? મુજને તો તું પ્યારો રે
માતા વેચે તાહરી, મ્હારો નહિં ઉપાયો રે... કર્મ૦ ૧૪
ગાય... ો પણ પાસે હતો, કાકી મુજને રાખો રે;
ડાબી દિ... હે હું શું જાણું, મ્હારે તું શું લાગે રે... કર્મ૦ ૧૫
આણા વિના સાંભળી, માસી ફૂવા (ભૂઆ) તે આવે રે;
ગાયના ગોવાળ ...ાં બેઠી હતી, કોઈક મુજને રાખો રે... કર્મ૦ ૧૬
ડાબી દિશે ડુંગ...થ કરે ધન પડાવે વાટે રે
સૂકા સરોવર લ્હેરે ...ભીયો મરીને દુર્ગતિ જાય રે... કર્મ૦ ૧૭

હાથ પકડીને લઈ ચાલ્યા કુંવર રોવણ લાગ્યો રે
મુજને રાજા હોમશે ઈમ બાળક બહુ ઝૂરે રે... કર્મ૦ ૧૮
બાળકને તવ લેઈ ચાલ્યા આવ્યા ભરબજાર રે
લોક સહુ હા હા કરે વેચ્યો બાલ ચંડાલે રે... કર્મ૦ ૧૯
લોક તિહાં બહુલાં મલ્યાં જુઓ બાલ કુમારો રે
બાળક કહે મુજ રાખી લ્યો થાસું દાસ તુમારો રે... કર્મ૦ ૨૦
શેઠ કહે રાખું સહી ધન આપી મુંહ માગ્યો રે
રાયે મંગાવ્યો હોમવા તે તો નહીં રખાય રે... કર્મ૦ ૨૧
બાળકને તે લઈ ગયા રાજાજીની પાસે રે
ભટ્ટજી પણ બેઠા હતા વેદશાસ્ત્રના જાણ રે... કર્મ૦ ૨૨
ભટ્ટજીને રાજા કહે દેખો બાલ કુમારો રે
બાળકને શું દેખવો કામ કરો મહારાજા રે... કર્મ૦ ૨૩
બાળ કહે કરજોડીને સાંભળો શ્રી મહારાજા રે
પ્રજાના પિતા છો તુમે મુજને કિમ હોમીજે રે... કર્મ૦ ૨૪
રાજા કહે મેં મૂલ દીયો મ્હારો નહીં અન્યાય રે
માતા પિતાએ તુંને વેચીયો મેં હોમવા કાજ આણ્યો રે... કર્મ૦ ૨૫
ગંગોદકે નવરાવીને, ગળે ઘાલી ફુલની માળા રે
કેશર ચંદન ચરચીને, બ્રાહ્મણ ભણતાં તવ વેદો રે... કર્મ૦ ૨૬
અમરકુમાર મન ચિંતવે, મુજને શીખવીઓ સાધુ રે
નવકાર મંત્ર છે મોટકો, સંકટ સહુ ટળી જાશે રે... કર્મ૦ ૨૭
નવપદ ધ્યાન ધરતાં થકાં, દેવ સિહાસન કંપ્યો રે
ચાલી આવ્યો ઉતાવળો, જીહાં છે બાલ કુમારો રે... કર્મ૦ ૨૮
અગ્નિ જવાળા ઠંડી કરી, કીધો સિંહાસન ચંગો રે
અમરકુમારને બેસાડીને, દેવ કરે ગુણ ગ્રામો રે... કર્મ૦ ૨૯
રાજાને ઉંધો નાંખીયો, મુખે છુટ્યાં લોહી રે
બ્રાહ્મણ સહુ લાંબા પડ્યા. જાણે સુકાં કાષ્ટ રે... કર્મ૦ ૩૦
રાજસભા અચરિજ થઈ, એ બાળક કોઈ મ્હોટો રે
પગ પૂજીજે એહના, તો એ મૂવા ઉઠે રે... કર્મ૦ ૩૧
બાળકે છાંટો નાખીયો, ઉઠ્યા શ્રેણીક રાજા રે

અચરિજ દીઠો મોટકો, એ શું હુવો કાજ રે... કર્મ૦ ૩૨
બ્રાહ્મણ પડિયા દેખીને, લોક કહે પાપ જુઓ રે
બાળ હત્યા કરતા હતા, તેહના ફળ છે એહો રે... કર્મ૦ ૩૩
બ્રાહ્મણ સહુ ભેળા થયા, દેખે એમ તમાસો રે
કનક સિંહાસન ઉપરે બેઠો અમર કુમારો રે... કર્મ૦ ૩૪
રાજા સહુ પરિવાર શું, ઉઠ્યો તે તત્કાળ રે
કરજોડી કહે કુમારને, એ રાજ્ય ઋદ્ધિ સહુ તારી રે... કર્મ૦ ૩૫
અમર કહે સુણો રાજવી, રાજશું નહીં મુજ કાજ રે
સંયમ લેશું સાધુનો, સાંભળો શ્રી મહારાજ રે... કર્મ૦ ૩૬
રાય લોક સહુ એમ કહે, ધન ધન બાળ કુમારો રે
ભટજી પણ સાજા હુવા, લાજ્યા તે મનમાંહે રે... કર્મ૦ ૩૭
જય જયકાર હુઓ ઘણો, ધર્મ તણે પરસાદે રે
અમરકુમારે મન સોચતો, જાતિ સમરણ જ્ઞાનો રે... કર્મ૦ ૩૮
અમરકુમાર સંયમ લીયો, કરે પંચપુષ્ટિ લોચ રે
બાહિર જઈ મસાણ મેં, કાઉસ્સગ્ગ રહ્યો શુભ ધ્યાને રે... કર્મ૦ ૩૯
માત પિતા બાહિર જઈને, ધન ધરતી માંહી ઘાલ્યો રે
કાંઈક ધન વ્હેંચી લીયો, જાણે વિવાહ મંડાણો રે... કર્મ૦ ૪૦
એટલે દોડતો આવીને, કોઈક બાળ કુમારે રે
માત પિતાને ઈમ કહે, અમરકુમારની વાત રે... કર્મ૦ ૪૧
માત પિતા વિલખાં થયાં, ભૂંડો થયો એ કામ રે
ધન રાજા લેશે સહુ કાંઈક કરીએ ઉપાય રે... કર્મ૦ ૪૨
ચિંતાતુર થઈ અતિઘણી રાતે નિંદ ન આવે રે
પૂરવ વૈર સંભારતી, પાપિણી ઉઠી તિણ વારો રે... કર્મ૦ ૪૩
શસ્ત્ર હાથ લેઈ કરી, આવી બાળક પાસે રે
પાળીયે કરીને પાપિણી, માર્યો બાળ કુમારો રે... કર્મ૦ ૪૪
શુકલ ધ્યાન સાધુએ કર્યું, શુભ મન આણી ભાવ રે
કાળ કરીને અવતર્યો, બારમાં સ્વર્ગ મોઝાર રે... કર્મ૦ ૪૫
બાવીશ સાગર આઉખો, ભોગવી વાંછિત ભોગ રે
મહાવિદેહમાં સીઝશે, પામશે કેવળ નાણ રે... કર્મ૦ ૪૬

હવે તે માતા પાપિણી, મનમાંહિ હરખી અપાર રે
ચાલી જાય આનંદ મે, વાઘણ મળી તે વાર રે... કર્મ૦ ૪૭
ફંફોડી નાખી તિહાં, પાપિણી મુઈ તિણ વારો રે
છઠ્ઠી નરકે ઉપની, બાવીશ સાગર આયુ રે... કર્મ૦ ૪૮
જુઓ જુઓ મંત્ર નવકારથી, અમરકુમાર શુભ ધ્યાને રે
સુર પદવી લહી મોટકી, ધરમ તણે પરસાદે રે... કર્મ૦ ૪૯
નરભવ પામી જીવડા, ધરમ કરો શુભ ધ્યાનો રે
તો તુમે અમર તણી પરે, સિદ્ધ ગતિ લેશો સારી રે... કર્મ૦ ૫૦
કરજોડી કવિયણ ભણે, સાંભળો ભવિજન લોકો રે
વેર વિરોધ કોઈ મત કરો, જિમ પામો ભવપારો રે... કર્મ૦ ૫૧
શ્રી જિનધર્મ સુરતરૂ સમો, જેહની શીતળ છાયા રે
જેહ આરાધે ભાવશું, થાશે મુક્તિના રાયા રે કર્મ૦ ૫૨

## • [X] ૯. અરણિકમુનિની સજ્ઝાયો (૧)

અરણિક મુનિવર ચાલ્યા ગોચરીએ, તડકે દાઝે શીશોજી;
પાય અડવાણે રે વેળુ પરજળે, તન સુકુમાળ મુનિશોજી. અરણિક૦ ૧
મુખ કરમાણું રે માલતી ફૂલ જયું, ઉભો ગોખની હેઠોજી;
ખરે બપોરે દીઠો એકલો, મોહી માનિની દીઠોજી. અરણિક૦ ૨
વયણ રંગીલી રે નયણે વીંધીયો, ઋષિ થંભ્યા તેણે ઠાણોજી;
દાસીને કહે જારે ઉતાવળી, ઋષિ તેડી ઘર આણોજી. અરણિક૦ ૩
પાવન કીજે ઋષિ ઘર આંગણું, વોહરો મોદક સારોજી;
નવ જોબન રસ કાયા કાં દહો, સફળ કરો અવતારોજી. અરણિક૦ ૪
ચંદ્ર વદનીયે ચારિત્રથી ચૂકવ્યો, સુખ વિલસે દિન રાતોજી;
બેઠો ગોખે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતોજી. અરણિક૦ ૫
અરણિક અરણિક કરતી મા ફરે, ગલિયે ગલિયે બજારોજી;
કહો કોણે દીઠો મહારો અરણિકો, પૂંછે લોક હજારોજી. અરણિક૦ ૬
હું કાયર છું રે માહરી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી;
ધિગ્ ધિગ્ વિષયા રે માહરા, જીવને મેં કીધો અવિચારોજી. અરણિક૦ ૭
ગોખથી ઉતરી રે જનનીને પાય પડયો, મનશું લાજ્યો અપારોજી;
વત્સ તુજ ન ઘટે ચારિત્રથી ચૂકવું, જેહથી શિવસુખ સારોજી. અરણિક૦૮

એમ સમજાવી રે પાછો વાળીયો, આણ્યો ગુરુની પાસોજી;
સદ્‌ગુરુ દીયે રે શીખ ભલી પરે, વૈરાગે મન વાસોજી. અરણિક૦ ૯
અગ્નિ ધખંતી રે શીલા ઉપરે, અરણિકે અણસણ કીધુંજી;
સમયસુંદર કહે ધન્ય તે મુનિવર, જેણે મનવાંછિત લીધુંજી. અરણિક૦ ૧૦

## [?] ૧૦. અરણિકમુનિની સજ્ઝાયો (૨)

મુનિ અરણિક ચાલ્યા ગોચરી રે વનના વાસી
એનું રવિ તપે રે લલાટ, મુનિવર વૈરાગી
ઉંચા મંદિર વેશ્યા તણા રે, વન૦
જઈ ઊભા રહ્યા ગોખની હેઠ મુનિ૦ ૧
દાસીને મોકલી ઉતાવળી રે, વન૦
પેલા મુનિને અહીં તેડી લાવ, મુનિ૦
મુનિ મંદિરે ચાલ્યા મલપતા રે વન૦
ત્યાં જઈ દીધો ધર્મલાભ મુનિ૦ ૨
મુનિ પચરંગી બાંધો પાઘડી રે, વન૦
તુમે મેલો ઢળકતા તાર મુનિ૦
મુનિ નિત્ય નિત્ય લેઉં વારણાં રે વન૦
તમે જમો મોદકનો આહાર મુનિ૦ ૩
મુનિની માતા શેરીએ શોધતાં રે, વન૦
તિહાં જોવા મળ્યા બહુ લોક મુનિ૦
કોઈએ દીઠો મારો અરણિકો રે, વન૦
એ તો લેવા ગયો છે આહાર મુનિ૦ ૪
મુનિ ગોખે બેઠાં રમે સોગઠે રે, વન૦
ત્યાં તો સાંભળ્યો માતાજીનો શોર, મુનિ૦
મુનિ ગોખેથી હેઠા ઉતર્યા રે, વન૦
જઈ લાગ્યો માતાજીને પાય મુનિ૦ ૫
મુનિ ન કરવાના કામ તમે કર્યા રે વન૦
તમે થયા ચારિત્રના ચોર મુનિ૦
અમે શીલા ઉપર કરશું સંથારો રે, વન૦
મને ચારિત્ર નહિં રે પળાય મુનિ૦ ૬

મુનિએ શીલા ઉપર કર્યો સંથારો રે  વન૦
તિહાં પામ્યા કેવલજ્ઞાન  મુનિ૦
'મુનિ હીરવિજય' ગુરુ હીરલો રે,  વન૦
એમ લબ્ધિવિજય ગુણ ગાય  મુનિ૦ ૭

## ૧૧. અર્જુનમાળીની સજઝાય

સદ્‌ગુરુ ચરણે નમી કહું સાર,
અર્જુનમાળી મુનિ અધિકાર;  ભવિ સાંભળો
રૂડી રાજગૃહી પુરી જાણ,
રાજ્ય કરે શ્રેણીક મહિરાણ.  ભવિ સાંભળો ૧
નગરી નિકટ એક વાડી અનૂપ,
સકળ તરૂ જીહાં શોભે સુરૂપ;  ભવિ સાંભળો
દીપે મુદ્‌ગર યક્ષ તિહાં દેવ,
અર્જુનમાળી કરે તસ સેવ.  ભવિ સાંભળો ૨
બંધુમતી, ગૃહિણી તસ જાણ,
રૂપ યૌવને કરી રંભા સમાન;  ભવિ સાંભળો
એકદા અર્જુન ને ત્રિયા દેવગેહ,
ગયા વાડીયે બિહું ધરી નેહ.  ભવિ સાંભળો ૩
ગોઠિલ ષટ્ નર આવ્યા તિવાર,
વિકળ થયા દેખી બંધુમતી નર;  ભવિ સાંભળો
અર્જુનને બાંધી એકાંતે,
ભોગવી બંધુમતી મનની હો ખાંતે.  ભવિ સાંભળો ૪
અર્જુન ચિંતે મુદ્‌ગરપાણિ આજ,
સેવકની કરજે તું સાજ;  ભવિ સાંભળો
ઈમ નીસુણી યક્ષ પેઠો હો અંગ,
બંધન તોડી ચાલ્યો મન રંગ.  ભવિ સાંભળો ૫
ગોઠિલ ષટ્‌નર સાતમી નાર,
મુદ્‌ગરશું મારીને ચાલ્યો તે વાર;  ભવિ સાંભળો
દિન દિન ષટ્‌નરને એક નાર,
હણ્યા છ માસ લગે એક હજાર.  ભવિ સાંભળો ૬

બારસે સાઠ વળી ઉપર જાણ,
હણ્યા તે માણસ મુદ્‌ગર પાણ; ભવિ સાંભળો
વિસ્તરી નગરી માંહે તે વાત,
લોક બીન્યા તે બહાર ન જાત. ભવિ સાંભળો ૭
તિણ અવસર રાજગૃહી ઉદ્યાન,
સમવસર્યા મહાવીર સુજાણ; ભવિ સાંભળો
શેઠ સુદર્શન સુણી તત્કાળ,-
વંદનને ચાલ્યા સુકુમાળ. ભવિ સાંભળા ૮
દેખી દોડયો યક્ષ હણવાને કાજ,
શેઠે પ્રતિજ્ઞા કરી પંથ જ માંહી; ભવિ સાંભળો
ઉપસર્ગથી જો ઉગરૂં એણીવાર,
પાળું સહિ તો જાવજ્જીવ ચોવિહાર.ભવિ સાંભળો ૯
કરી નમુત્થુણં ધરે હવે ધ્યાન,
ઉપાડ્યો હણવા મુદ્‌ગર પાણ; ભવિ સાંભળો
ધર્મ પ્રભાવે હાથ થંભ્યો આકાશ,
ગયો અર્જુન દેહથી યક્ષ નાશ. ભવિ સાંભળો ૧૦
ધરતી ઉપર પડ્યો અર્જુન દેહ,
ચિત્ત વળ્યું ઘડી એકને છેહ; ભવિ સાંભળો
શેઠ પ્રતિજ્ઞા અર્જુન પેખી,
કિહાં જાશો પૂછે સુવિશેષ. ભવિ સાંભળો ૧૧
વાંદવા જાશું શ્રી મહાવીર,
સાંભળી સાથે થયો સુધીર; ભવિ સાંભળો
વાણી સુણી ઉપન્યો વૈરાગ્ય,
લીધું ચારિત્ર અર્જુને ધરી રાગ. ભવિ સાંભળો ૧૨
કીધા રે કર્મ ખપાવવા કાજ,
રાજગૃહી પાસે રહ્યા ઋષીરાજ; ભવિ સાંભળો
યક્ષ રૂપે હણીયા જે જીવ,
તેહનું વૈર વાળી મારે સદૈવ. ભવિ સાંભળો ૧૩
થપાટ પાટુ ને મુઠીના માર,

નિબિડ જોડા ને પત્થર પ્રહાર; ભવિ સાંભળો
ઝાપટ ઈંટ કોરડા નહિં પાર,
હણે લાઠી કેઈ નર હજાર. ભવિ સાંભળો ૧૪
શુભ પરિણામે સાધુ સહે સદૈવ,
ત્હારાં કીધાં તું ભોગવ જીવ; ભવિ સાંભળો
અભ્યાસે આણી શુભધ્યાન,
કેવળ લહી પામ્યા શિવથાન. ભવિ સાંભળો ૧૫
સંવત સત્તર સુડતાળે ઉલ્લાસ,
શહેર રાણકપુર કર્યું ચોમાસ; ભવિ સાંભળો
કહે કવિયણ કરજોડી હેવ,
મુક્તિ તણાં ફળ દેજ્યો દેવ. ભવિ સાંભળો ૧૬

## ૧૨. અંજનાસતીની સજઝાયો (૧)

અંજના વાત કરે છે મારી સખી રે, મને મેલી ગયા છે મારા પતિ રે;
અંતે રંગમહેલમાં મેલી રોતી, સાહેલી મોરી કર્મે મલ્યો વનવાસ,
સાહેલી મોરી પુણ્ય યોગે તુમ પાસ. સાહેલી૦ ૧
લશ્કર ચઢતા મેં શુકન જ દીધાં, તે તો નાથ મારે નવિ લીધા;
ઢીંકા પાટુ પોતે મને દીધાં. સાહેલી૦ ૨
સખી ચકવાનો સુણી પોકાર, રાતે આવ્યા પવનજી દરબાર;
બાર વર્ષે લીધી છે સંભાળ. સાહેલી૦ ૩
સખી કલંક ચઢાવ્યું મારે માથે, મારી સાસુએ રાખી નહિ પાસે;
મારા સસરાએ મેલી વનવાસે. સાહેલી૦ ૪
પાંચસે સખીઓ દીધી મ્હારા બાપે, તેમાં નથી એકે મારી પાસે;
એક વસંતબાળા મારી સાથે. સાહેલી૦ ૫
કાળો ચાંદલો રાખડી કાળી, રથ મેલ્યો છે વન મોઝારી;
હવે સહાય કરો દેવ મારી. સાહેલી૦ ૬
મારી માતાએ લીધી નહિ સાર, મારા પિતાએ કાઢી ઘર બાર;
સખી ન મલ્યો પાણીનો પાનાર. સાહેલી૦ ૭
મને વાત ન પૂછી મારા વીરે, મ્હારા-મનમાં રહેતી નથી ધીરે;
મારા અંગે ફાટી ગયા ચીરે. સાહેલી૦ ૮

મને દિશા લાગે છે કાળી, મ્હારી છાતી જાય છે ફાટી;
અંતે અંધારી અટવીમાં કર્મે નાંખી. સાહેલી૦ ૯
મારું જમણું ફરકે છે અંગ, નથી બેઠી હું કોઈની સંગ;
આ તે રંગમાં શ્યો પડ્યો ભંગ. સાહેલી૦ ૧૦
સખી ધાવતાં છોડાવ્યા હશે બાળ, નહિતર કાપી હશે કુંપળ ડાળ;
તેના કર્મે પામી ખોટી આળ. સાહેલી૦ ૧૧
વનમાં ભમતાં દીઠાં મુનિ આજ, પૂરવ ભવની પૂછે છે વાત;
જીવે શ્યારે કર્યાં હશે પાપ. સાહેલી૦ ૧૨
બેની હસતાં રજોહરણ તુમે લીધાં, મુનિરાજને દુઃખબહું દીધા;
તેના કર્મે વનવાસ તમે લીધા. સાહેલી૦ ૧૩
પૂર્વે હતો શોકયનો બાળ, દેખી મનમાં ઉછળતી ઝાળ;
તેના કર્મે જોયા વનમાં ઝાડ. સાહેલી૦ ૧૪
સખી વનમાં જન્મ્યો છે બાળ, કયારે ઉતરશે મારી આળ;
ઓચ્છવ કરશું માને મોસાળ. સાહેલી૦ ૧૫
વનમાં ભમતાં મુનિ દીઠાં આજ, અમને ધર્મ બતાવો ગુરુરાજ;
કયારે સરશે અમારા કાજ. સાહેલી૦ ૧૬
વનમાં મળશે મામા મામી આજ, ત્યાં પવનજી કરશે સાજ;
પછી સરસે તમારા કાજ.સાહેલી૦ ૧૭
મુનિરાજની શીખ જ સારી, સર્વે લેજો ઉરમાં અવધારી;
માણેકવિજયને જાઉં બલિહારી. સાહેલી૦ ૧૮

## [?] ૧૩. અંજનાસતીની સજ્ઝાયો (૨)

કર્મની કથની ભારી હો રાજ કર્મની કથની ભારી
અંજના નામે મહાસતી થઈ... કર્મે પતિનો વિયોગ...
પ્રથમ દિવસથી તેતો પામી... એહવો કર્મનો યોગ. હો રાજ. ॥૧॥
કર્મ ન કરશો ડરશો હો ભાઈ... કર્મથી થાયે તવાઈ...
ઉંચા નીચા કુળે આથડવું... કરવી પડે છે ભવાઈ. હો રાજ. ॥૨॥
પતિ લડવા કાજે જાતાં... ચકવા ચકવી વિયોગ...
જોઈ તરફડતા તે પ્રાણી ને... તેં કર્યો અંજના સહભોગ. હો રાજ. ॥૩॥
નિશાન રૂપી વીંટી આપી... ગયા સૈન્ય મોજાર...

ગર્ભ રહ્યો તે દિવસથી તેને... જામી ચર્ચા ચારે કોર. હો રાજ. ॥૪॥
માતા-પિતાએ પણ તેને કાઢી... પ્રીતી હતી જેની ગાઢી...
કર્મની કથની છે અતિ ભારી... નાખી છે જ્યાં ધન ઝાડી.
હો રાજ. ॥૫॥
સાસુ સસરાએ પણ તેને કાઢી... વીંટીની વાત ન માની...
કર્મની લીટી જ્યાં આવે આડી... ત્યાં આવે ખેંચા તાણી. હો રાજ. ॥૬॥
પુત્ર પ્રસૂતી થઈ છે જ્યારે... કોઈ નહિ તસ સાથે...
અતિદુઃખ પામી તે મહાસતી... પણ કર્મે દીધા દુઃખ ભારી.
હો રાજ. ॥૭॥
પૂર્વ ભવે જિનરાજની મૂર્તિ... નાખી છે કાજા માંહિ...
શોક ઉપર અતિ દ્વેષ કરીને... કર્મ બાધ્યું છે ત્યાંહિ. હો રાજ. ॥૮॥
પુરૂં થયું તવ મામા મલીયા... દિવસ પુન્યના વળિયા...
નિજસ્થાને લઈ જઈ સુખ અતિ આપ્યું... આપીયું હૃદય હલબેલી.
હો રાજ. ॥૯॥
પવનંજય શત્રુને જીતિ... નિજ ઘરે જ્યાં આવે...
પૂછ્યું ક્યાં છે મારી નારી... ત્યારે તાત ગભરાયા. હો રાજ. ॥૧૦॥
તારા અભાવે થઈ સગર્ભા... તેથી મેં કાઢી મૂકી...
તમે કર્યું એ ખોટું અકાર્ય... નીતિ ગયા છો ચુકી. હો રાજ. ॥૧૧॥
ગર્ભ હતો તે મારો તાત... વસીયો છે છેલ્લી રાત...
સેનામાંથી પાછો આવી... વીંટી આપી તસ હાથ. હો રાજ. ॥૧૨॥
એ વાત મેં ખોટી માની... ક્રોધ કર્યો બહુ ભારી...
જંગલમાં મેં કાઢી મૂકી... કર્મે વસે સહુ પ્રાણી. હો રાજ. ॥૧૩॥
શોધ ખોળથી અંજના મળી... પવનંજય નું થયું કામ...
મરણભાવથી ત્યાં તે બચીયો... સતીનું વધાર્યું છે માન. હો રાજ. ॥૧૪॥
મહાસતીના ગુણ ગાતાં... હૈયે હર્ષ ન માય...
જ્ઞાનવિમળ કહે શીયળ પ્રભાવે... પ્રગટે મંગળ માળ. હો રાજ. ॥૧૫॥

## ૧૪. અષાઢાભુતિની સજ્ઝાય

(રાગ : તેરે સુર ઔર મેરે)

ગુરુ આદેશે ગોચરી, આષાઢાભુતિ અણગાર રે;

નયરી રાજગૃહીમાં ફરે, શુદ્ધ ગવેષણ આહાર રે,
આષાઢાભુતિ ગાઈએ, પામીએ પરમ આણંદો. ૧
ફરતાં ફરતાં આવીયા, નાટકીયાને દ્વાર રે;
નાટકણી ઉભી થઈ, પ્રણમે તે વારંવાર રે. ૨
મોદક વ્હોરાવીને કહે, સાંભળ તું અણગાર રે;
બાલપણે સંયમ કીશ્યું, ભોગવો ભોગ વિલાસ રે. ૩
લલચાણો મુનિ મોદકે, પદ્મિની પડીયો પાસ રે;
સદ્‌ગુરુ શીખ હૈયે ધરી, નારી રહ્યો આવાસરે. ૪
ભુવનસુંદરી, જયસુંદરી, સાથે કેલી કરંત રે;
મદિરા માંસ નિવારતો, વિચરે એણી પેરે સંત રે. ૫
અન્ય દિવસ પરદેશીયા, વાદિ આવ્યા જાણ રે;
જીત્યા તે સહુ દેખતાં, ઉતાર્યો તસ માન રે. ૬
પાછળ દોડે કામિની, અભક્ષ્ય અપેયને ખાય રે;
તે પેખી પાછા વળ્યા, સદ્‌ગુરુ પાસે જાય રે. ૭
પુનરપિ સંયમ આદર્યું, સુરલોકે સુર થાય રે;
પ્રેમવિજય કવિરાયનો, જિનવિજય ગુણ ગાય રે. ૮

## [?] ૧૫. આનંદ શ્રાવકની સજ્ઝાય

ઋદ્ધિથી ભરપૂર નેં રૂડું વણિક ગામ
પ્રજા પુત્રસમ પાળતો જીતશત્રુ રાજન ૧
તે નગરીમાં નેત્રને આનંદકર આનંદ
વસતો શોભા શા કહું જાણે ભૂપર ચંદ ૨
ગાથાપતિ આનંદની શિવનંદા શુભ નાર
રૂપવંત નીતિવંત ને પતિવ્રતા હિતકાર ૩
સોળ ક્રોડ સોનાતણા સિક્કા આનંદ પાસ
ચાર ક્રોડ વ્યાજે ફરે ચાર ખજાને ખાસ ૪
ઘર વખરીમાં ચારને ચાર ક્રોડ વ્યાપાર
નાણું એમ વળી હતાં ગોકુળ ચાર શ્રીકાર ૫
ક્યો જૈન આજે દીસે આવો વૈભવવંત

વધવાને વેપારમાં જૈનો રાખો ખંત ૬
ઈશાનકોણે ગામથી હતો એક સન્નિવેસ
નામ હતું કોલાગને નગર સમીપે બેશ ૭
વીર પ્રભુ ત્યાં વિચર્યા સુંદર શુભ ઉદ્યાન
જિતશત્રુ રાજા અને આનંદને થયું જાણું ૮
આવી વાંધા વીરને સુણ્યો શુભ ઉપદેશ
મધુર પ્રભુની દેશના સુણી હરખ્યું ચિત્ત બેશ ૯
આનંદે હર્ષિત થઈ શ્રાવકના વ્રત બાર
ગ્રહણ કર્યા પ્રભુ સાક્ષીએ ધાર્યો અર્થ વિચાર ૧૦
શિવનંદા સુણી ઘેરથી આવી વીરની પાસ
ગ્રહ્યા બાર વ્રત તેણીએ રાખી અતિ હુલ્લાસ ૧૧
આનંદે પ્રિય પાળીયો શુદ્ધ શ્રાવક આચાર
ચૌદ વર્ષ પછી પુત્રને સોંપ્યો સર્વ કારભાર ૧૨
વ્યાવહારિક ચિંતા બધી છોડીને એકાંત
પૌષધશાળાએ જઈ રહ્યો આનંદ થઈને શાંત ૧૩
ધર્મધ્યાનમાં ચિત્તને રોકયુ શાળામાંય
ધર્મકાર્ય કરતાં ગૃહી શ્રાવકની પડિમાંય ૧૪
શરીર થયું કૃશ તેહનું થયો ધ્યાનમાં લીન
સંથારો કર્યા પછી વિચર્યા ત્યાં વીર જિન ૧૫
આનંદને ઉપજયું રૂડું સુંદર અવધિ જ્ઞાન
ગૌતમ આવ્યા ગામમાં જે છે મહામતિમાન ૧૬
આનંદને ઉપજ્યું સુણી અવધિ જ્ઞાન એ વાર
શ્રાવકને કેમ ઉપજે ગૌતમ કહે તે ઠાર ૧૭
ગૌતમ આવી વીરને કહે છે સઘળું ગ્યાન
શ્રાવકને એ ઉપજે જ્ઞાન કહે ભગવાન ૧૮
આવ્યા આનંદ પાસે તે ગૌતમ ફરી સુજાણ
આનંદ ઉપજ્યું સત્ય છે તમને અવધિ જ્ઞાન ૧૯
કૃપા ગુરૂની એ બધી કહે છે એમ આણંદ
ચરણસ્પર્શ કરી વંદના કરતો એ ગુણવૃંદ ૨૦

કરી અણસણ મૃત્યુ પછી થયો છેજ એ દેવ
મહાવિદેહી થઈ પછી મુક્ત થશે તતખેવ ૨૧
ધન્ય ધન્ય આનંદજી ધન્ય કર્યો વ્યાપાર
ધન્ય ધર્મકાર્યે રહી પામ્યા ભવનો પાર ૨૨

## ૧૬. અવંતિ સુકુમાલની સજ્ઝાયો (૧)

મનોહર માલવ દેશ, તિહાં બહુનંયર નિવેશ
આજ હો અછે રે ઉજ્જેણી નયરી સોહતીજી... ૧
તિહાં નિવસે ધનશેઠ, લચ્છી કરે જસ વેઠ,
આજહો ભદ્રા રે તસ ઘરણી મનડું મોહતીજી... ૨
પૂર્વભવે ઝખ એક, રાખ્યો ધરીય વિવેક
આજહો પામ્યો રે તસ પુણ્ય પંચમ કલ્પમાંજી... ૩
નલિની ગુલ્મવિમાન, ભોગવી સુખ અભિરામ
આજહો તે ચવી ઉપન્યો ભદ્રા કુખેજી... ૪
નામે અવંતિ સુકુમાર, પુત્ર અતિ સુકુમાર
આજહો દીપે રે જીપે નિજ રૂપે રતિપતીજી... ૫
રંભાને અનુકારી, પરણ્યો બત્રીસ નારી
આજહો ભોગી રે ભામિનીશું ભોગ જ ભોગવેજી... ૬
નિત્ય નવલા શણગાર, સોવન જડિત સફાર
આજહો પહેરે રે સુવાળું ચીવર સાવટુંજી... ૭
નિત નવલા તંબોળ, ચંદન કેશર ઘોળ
આજહો ચર્ચે રે જસ અંગે આંગી ફુટડીજી... ૮
એક પખાલે અંગ, એક કરે નાટક ચંગ
આજહો એક રે સુંવાળી સેજ સમારતીજી... ૯
એક બોલે મુખ આખ, મીઠી જાણે દ્રાખ
આજહો લાવણ્યે લટકાળા રૂડા બોલડાજી... ૧૦
એક કરે નયન કટાક્ષ, એક કરે નખરા લાખ
આજહો પ્રેમે રે પનોતી પિયુ પિયુ ઉચ્ચરેજી... ૧૧
એક પીરસે પકવાન, એક સમારે પાન

આજહો પીરસે રે એક સારા સારા સાલણાંજી... ૧૨
એક વળી ગુંથે ફૂલ, પંચવરણ બહુમૂલ
આજહો જામે રે કેશરીયે કસ એક બાંધતીજી... ૧૩
એક કહે જી જીકાર કરતી કામ વિકાર
આજહો રૂડી રે રઢીયાળી વીણ બજાવતીજી... ૧૪
ઈત્યાદિક બહુ ભોગ, વિલસે સ્ત્રી સંયોગ
આજહો જાણે રે દોગુંદક પૃથ્વી મંડલેજી... ૧૫
એવે સમે સમતાપૂર શ્રી આર્યગિરિ સૂર
આજહો આવ્યા રે ઉજ્જેણા પૂરને પરીસરેજી... ૧૬
વસતી અનુગ્રહ હેત, ચેલા ચતુર સંકેત
આજહો મેલે રે ભદ્રા ઘર સ્થાનક યાચવાજી... ૧૭
વારૂ વાહનશાળ, પોઢી વળી પટશાળ
આજહો આપે રે ઉતરવા કાજે સાધુનેજી... ૧૮
શિષ્ય કથન સુણી એમ, સંપરીવાર ધરી પ્રેમ
આજહો પુણ્યે રે પટશાળે આવી ઉતર્યાજી... ૧૯
સકલ મુની સમુદાય, કરે પોરિસી સજ્ઝાય
આજહો સુણિયાં રે શ્રવણે સુખ નલિનીગુલ્મનાંજી... ૨૦
તેહ સુણી વૃત્તાંત, જાતિ સમરણવંત
આજહો ચિંતે રે ચિત્તમાંહી એ કિમ પામીએજી... ૨૧
પૂછે ગુરૂને નેહ, કેમ લહીયે સુખ એહ
આજહો ભાખે રે ગુરૂ તવ વયણ સુધારશેજી... ૨૨
ચરણથી નિશ્ચે મોક્ષ, જો પાળે નિર્દોષ
આજહો અથવા રે સરાગે વૈમાનિકપણુંજી... ૨૩
કહે ગુરૂને દીયો દીખ, ગુરૂ કહે વિણું માય શીખ
આજહો ન હુવે અનુમતિ વિણ સંયમ કામનાજી... ૨૪
તિહાં માતા આલાપ, સ્ત્રીનાં વિરહ વિલાપ
આજહો કહેતા રે તે સઘળો પાર ન પામીએજી... ૨૫
આપે પહેરે વેષ, લહી આગ્રહ સુવિશેષ
આજહો ધારે તે તિહાંપંચમહાવ્રત ગુરૂકનેજી... ૨૬

જિમ કર્મ ખેરુ થાય, દાખો તેહ ઉપાય
આજહો આપે રે ઉપયોગ ગુરૂ પરીષહ તિહાંજી... ૨૭
કંથેરી વન માંહી, પહોંતો મન ઉત્સાહી
આજહો કરે રે કાઉસગ્ગ કર્મને તોડવાજી... ૨૮
માછીભવની નાર, કરી ભવ ભ્રમણ અપાર,
આજહો થઈ રે શિયાલણી વાઘણની પરેજી... ૨૯
નવ પ્રસૂતિ વિકરાલ, આવી વનહ વિચાલ
આજહો નિરખી રે તે મુનિને રીસે ધડહડેજી... ૩૦
નિશ્ચલ મને મુનિ તામ, કર્મ દહનને કામ
આજહો ભૂખેં રે ભડભડતી મુનિ ચરણે અડેજી... ૩૧
ચારે પહોર નિશિ જોર, સહયો પરીસહ ઘોર
આજહો કરડી રે શિયાલણે શરીર વલૂરીયુંજી... ૩૨
ધરતો ધર્મનું ધ્યાન, નલિનીગુલ્મ વિમાન
આજહો પહોંતો રે પનોતો પુણ્ય પ્રભાવથીજી... ૩૩
સુરભિ કુસુમ જલવૃષ્ટિ, સુર કરે સમકિતદષ્ટિ
આજહો મહિમા રે તે ઠામે સઘળો સાચવેજી... ૩૪
ભદ્રાને સવિ નાર, પ્રભાતે તેણિવાર,
આજહો આવી રે ગુરૂ વાંદી પૂછે વાતડીજી... ૩૫
ગુરૂ કહે એક રાત માંહિ, સાધ્યા મનનાં ઉત્સાહ
આજહો નિસુણી રે દુઃખવારે સંયમ આદરેજી... ૩૬
ગર્ભવતી એક પુત્ર, તેણે રાખ્યું ઘર સૂત્ર
આજહો થાપે રે મુનિ કાઉસગ્ગ ઠામે સુંદરુજી... ૩૭
તે મહાકાલ પ્રાસાદ, આજ લગે જસવાદ
આજહો પાસ જિણેસર કેરો રૂયડો તિહાંજી... ૩૮
ધન ધન તે મુનિરાજ, સાધ્યા આતમ કાજ
આજહો વરશે રે શિવરમણી ભવને આંતરેજી... ૩૯
ધીરવિમલ કવિ શિષ્ય, લળી લળી નામે શીશ
આજહો તેહનારે નિત નયવિમલ ગુણગાવે ઘણાજી... ૪૦

## ૧૭. અવંતિ સુકુમાલની સજ્ઝાયો (૨)

સુહસ્તી નામે દશ પૂરવધર નાણી,
ઉજ્જેણી નયરી પાઉધાર્યા ગુણ ખાણી,
સુભદ્રા પાસે જાચે વર પટશાળી,
ધન ધન કરી ઉઠી, વંદે અંગડુંવાળી ૧

ઉથલો : અંગડુંવાળી મુખ નિહાળી, કરે પંચાંગ પ્રણામ
લહી આદેશ સુભદ્રા કેરો, સદ્‌ગુરુ કરે વિશ્રામ
શિષ્ય પ્રત્યે દીયે રયણી અંતર સૂત્ર વાચના સાર
જીણે અધ્યયને કહ્યો છે નિર્મલ, નલિનીગુલ્મ વિચાર ૨

ઢાળ : ઈણ સમય વળી સૂતો, શ્રી અવંતી સુકુમાલ
તસ સેવા કરતી સુંદર બત્રીશ બાલ
એક બીડું આપે પહેરી સયલ શણગાર
એક ચામર ઢાળે, કરતી રમઝમ કાર ૩

ઉથલો : રમઝમ કરતી પિયુની આગળ મૂકે મેવા થાળ
કંત તણે કંઠે ઠવતી, કરી કુસુમની માળ
એક અબળા અલવેસરશું આવી દેખાડે આરિસો
એક ભૃંગાર ભરીને પૂછે, સ્વામી અમૃત પીશો ? ૪

ઢાળ : એક ચંદન શું વળી ચર્ચે સ્વામીને દેહ
એક ગજગઈ ગામીની, દેખાડે બહુ નેહ
ઈમ ઈંદ્ર તણી પરે સુખભોગવે નિશ દીશ
જાણે પૂરવભવે પૂજ્યા શ્રી જગદીશ ૫

ઉથલો : પૂજા શ્રી જગદીશ કેરી કીધી ભાવ વિશાલ
શાલિભદ્ર સમોવડી અવતરીઓ, શ્રી અવંતીસુકુમાલ
ગુરુ ભણતાં દેખી નયણે પેખી નલિનીગુલ્મ વિચાર
તવ કુંવર મનમાંહિ ચિંતવે સમરી પૂર્વ અવતાર ૬

ઢાળ : પૂરવભવ દેખી ચિંતે ચિત્ત મઝાર
તવ નિશ્ચય જાણે માનવ સુખ અસાર
કિમ પામીશ હું વળી નલિનીગુલ્મ વિમાન
મનમાંહિ ચિંતવતો ઉઠ્યો બુદ્ધિ નિધાન ૭

ઉથલો : ઉઠ્યો બુદ્ધિ નિધાન તતક્ષણ, આવ્યો ગુરુની પાસે
વિનય કરીને પાયે લાગ્યો, ગુરુ કર મૂક્યો વાંસે
સૂરી પ્રત્યે કહો કુણ આવ્યો, જાણે તેહની વાત
સુગુરુ કહે તું તિહાંથી આવ્યો, ઈમ ભણે અવદાત ૮

ઢાળ : તવ કુંઅર જંપે કહો મુનીસર તે આજ
કિમ પામીશ હું વળી નલિનીગુલ્મનું રાજ
તવ સૂરી પભણે ચારિત્રથી વચ્છ એહ
સુણી કુંવર સુકોમળ લીધું વ્રત સસનેહ ૯

ઉથલો : લીધું વ્રત સસનેહ જબ જાણી સુગુરુ દીયે આદેશ
પંચ મુષ્ટિ લોચ કરીને, દીયે મુનીવર વેશ
સુગુરુ ભણે જો વેગે જાવું, નલિનીગુલ્મ વિમાન
તો કંથેરી કુડંગ મસાણે, કરજો કાઉસગ્ગ ધ્યાન ૧૦

ઢાળ : પૂરવલાં ભવની દુહવી નારી કિરાડી
તે વૈર વહંતી હુઈ વિકટ શિયાલી
નવ પ્રસવી આવી, ભૂખી ભૂત ભરાડી
જિહાં મુનીવર ઉભો કંથ કુડંગ કિરાડી ૧૧

ઉથલો : કંથ કુડંગ કિરાડી ઉભો દેખી સાધુ અકંપ
મુની ઉપર રોષે ધમધમતી, દેતી મોટી જંપ
તિહાં ચડચડ ચડચડ કરતી, ચુંટે ચર્મ ચંડાળ
તિહાં ઝરઝર ઝરઝર કરતી ઝરે રૂધિરની નાળ ૧૨

ઢાળ : તવ કોમલ કાયા કીધી ખંડો ખંડ
રાક્ષસણીની પરે ખાયે માંસ તે રંડ
શુભ ધ્યાન ન ચૂક્યો, મુનીવર માંહિ પ્રધાન
લહ્યું કાળ કરીને, નલિનીગુલ્મ વિમાન ૧૩

ઉથલો : નલિનીગુલ્મ વિમાન પામ્યો, કીધો ઉપશમ સાર
ઈમ મુનિવર જે ઉપશમ ધરશે, તે તરશે સંસાર
મુનિવર દુઃખ ધરતો જાણી, ચંદ્ર હુઓ ક્ષીણ
રોષ ભરે રાતો રવિ ઉગ્યો, મુનિ ઉપશમ દુઃખ દીણ ૧૪

ઢાળ : ઈણ સમય વળી સૂતી ઉઠી બત્રીશ બાળ
નયણે નવિ નિરખે તત્ક્ષણ નિજ ભરથાર
વલવલતી આવી લાગી સાસુને પાય
પ્રીતમવિણ દીસે સૂનું મંદિર માય ૧૫

ઉથલો : માય સૂનું મંદિર દેખી, કરે વિલાપ અપાર
ધસમસતી આવીને પૂછે, ભદ્રાશ્રી અણગાર
કહો મુનિવર કિહાં ગયો એ, શ્રી અવંતી સુકુમાળ
ગુરુ ભણે તેણે ચારિત્ર લેઈ, કિયો મસાણે કાળ ૧૬

ઢાળ : હાહારવ કરતી પડી ભૂમી અપાર
મુજ બાળ સુકોમળ કિમ ખમીએ વ્રત ભાર
વલવલતી લેઈ ચાલી બત્રીશ બાળ
શોધંતા દીઠા હાડ રૂધિર વિકરાળ ૧૭

ઉથલો : હાડ રૂધિર વિકરાળ દેખી, કરે બહુ વિલાપ
હે હે વચ્છ ! શું તે કીધો, ઈમ સહ્યો સંતાપ
મહાકષ્ટ કુમરનો જાણી, મન આણ્યો વૈરાગ
ધિગ્ ધિગ્ આ સંસાર અસારે અમ રહેવા નિહ લાગ ૧૮

ઢાળ : એકનારી સગર્ભા મૂકી નિજ ઘરબાર
એકત્રીશ સંગાથે, ભદ્રા લીએ વ્રતભાર
મનશુદ્ધે પાળે સંયમવ્રત નિધાન
અંતે કાળ કરીને પામ્યા અમર વિમાન ૧૯

ઉથલો : પામ્યા અમર વિમાન બત્રીશ, ભોગવી સુરવર ભોગ
લઘુકર્મા તે મુગતેં જાશે પામી સંયમ યોગ
ગર્ભવતી તે રહી ઘરવાસે, સુત હુઓ તાસ ઉદાર
લક્ષણવંત લલિત ગુણ ભરીયો, રૂપેં મયણ અવતાર ૨૦

ઢાળ : અમ તાત ન દીસે કારણ કહો અમ માય
વળતું સા પભણે, સાંભળ વચ્છ ! તુજ તાય
સંયમ લેઈને ચાલ્યો કંથ કુડંગ
વૈરણ શિયાલણે ખાધું સઘળું અંગ ૨૧

ઉથલો : ખાધું સઘળું અંગ જબ જાણી-કુમાર દુઃખ અપાર

નયણેં નીર ભરંતો બોલે, ધન ધન તસ અવતાર
મહાકાળ જિહાં તાતે કીધો, તિણ કારણ મહાકાળ
નામ પ્રાસાદ કરાવી થાપ્યો પાર્શ્વજીણંદ રસાળ ૨૨

ઢાળ : ઈમ ગાયો મુનિવર શ્રી અવંતિસુકુમાળ
જીણે ક્ષમા કરીને દીધી સુરલોક ફાળ
તપગચ્છ દિવાકર શ્રી વિજયસેનસૂરીશ
તસ પટ્ટપ્રભાકર શ્રી વિજય દેવ મુનીશ ૨૩

ઉથલો : વિજયદેવસૂરિ ચિત્ત મહોદધિ, ચંદ્ર તણો અવતાર
વિવેકહર્ષ પંડિત ગણી ગિરૂઆ, સકલ પંડિત શિરદાર
તસપદ પંકજ મધુકર સરિખો બોલે ગણિ મહાનંદ
એ મુનિવરના જે ગુણ ગાશે તસ ઘર પરમાનંદ ૨૪

## ૧૮. આર્દ્રકુમારની સજ્ઝાયો (ઢાળ-૩)

### દુહા

શાંતિ કરણ શાંતિ કરો અચિરા સુત અરિહંત
તસ પદ પંકજ સેવતાં લહીએ સુખ અનંત... ૧
દાન દીધું વિદ્યા તણો વિદ્યા ગુરૂ ગુણવંત
કીર્તિનો પણ ખપ કરી મોટકીઓ મતિવંત... ૨
તાસ તણે ચરણેં નમી આણી અધિક ઉલ્લાસ
આર્દ્રકુમાર ઋષિ ગાવતાં પહોંચે મનની આશ... ૩

### ઢાળ ૧

વીણા પુસ્તક હાથ હંસા ગજ ગામિની
આપો અવિરલ વાણી સેવકને સ્વામીની
આર્દ્રકુમાર મુણિંદ ચરિત્ર કહેશું મુદા
થાયે જન્મ પવિત્ર લેહ સુખ સંપદા... ૧
દેશમાં અનુપમ દેશ મગધ મહિમા નીલો
નયર માંહે પરધાન વસંતપુર તિહાં ભલો
*સામયિક ઈણ નામે કુટુંબી તિહાં વસે*
પ્રમદાશું બહુ પ્રેમ વિષયસુખ અતિરસે... ૨

તિણ અવસરે સુખકાર વિહારે વિચરતાં
ધર્મઘોષ અણગાર, આવ્યા તિહાં મલપતા
દીયે સદ્‌ગુરુ ઉપદેશ મધુર ધ્વનિ ગાજતા
પાપ તિમિર અંધકાર ઘણાં તિહાં લાજતાં... ૩
ડાભ અણી જલબિંદુ આયુષ્ય છે વળી
સંપદા સમુદ્ર કલ્લોલ સમાન જાણો ભલી
એ સંસાર અસાર કહે જીનવર ઈસ્યો
જન્મ મરણે કરી પૂર્યો નહિં શું પછે કિસ્યો... ૪
સુણી સદ્‌ગુરુ ઉપદેશ ભવિક મન થરહરે
સામયિક નિજનાર સહિત સંયમ વરે
લે વૈરાગ્ય દીક્ષા શિક્ષા સદ્‌ગુરુ તણી
સાધુ સહિત તિહાં નગરે વિહાર કરે મુનિ... ૫
આયો વ્હોરણ કાજ ગઈ એકણ સમે
સામયિક નિજ નાર દેખી ચિત્તમાં રમે
દેખી રૂપ સરૂપ અનૂપ આર્યા તણું
વિષયા રસ લયલીન થયો મુનિવર ઘણું... ૬
પૂરવલી બહુ પ્રીત સંભારે અહર્નિશે
ચારિત્રના ગુણ ક્ષીણ કરે વિષયારસે
દ્રુમ મધુકર રસ લીન ચંપક વરણી પ્રિયા
છાંડી જાયે કેમ પૂરવ સુખ મેલીયા... ૭
નેહ નજર નિજ નારી દેખી મલકે હસે
હાવ ભાવ નિજ અંગ કામક્રીડા વસે
કામાતુર પતિ દેખી આર્યા અણસણ કરે
થાયે વ્રતનો ભંગ ગળે ફાંસો લીએ... ૮
સ્વર્ગ ભવન અવતાર લહ્યો તિહાં મહાસતી
સામયિક મુનિ વાત સુણી તેહની છતી
કરી અણસણ પચ્ચક્ખાણ થયો સુર તે વલી
સ્વર્ગ ભુવન સુખ ભોગ ભોગવે મનકલી... ૯
ચવી લીધો અવતાર વસંતપુર મહાસતી

શેઠ તણી સુતા હોઈ નામે શ્રીમતી
ભરયૌવન મનરંગ સખીશું પરિવરી
કેલી કરે દેવાણે બહુ ભાતે જપ કરી... ૧૦
હવે સામયિક સાધુ સરસ(સુર) સુખ ભોગવી
લહી માનવનો અવતાર આયુ સવિ જોગવી
પહેલી ઢાળ સુચંગ કેદારામાં કહી
માનસાગર બહુ પ્રીત અભંગે રહે સહી... ૧૧

## ઢાળ ૨

હવે આર્દ્રપુર અભિરામજી 'ગુણ ગિરૂઆ તણા'
નરપતિ આર્દ્રક નામેજી ગુણ૦ હુઓ સુત આર્દ્રકુમારજી ગુણ૦
દેવલોકથી લીધો અવતારજી ગુણ ગિરૂઆ તણા ૧
કુલચંદ્રકુંવર ચવસંતજી ગુણ૦ જાયો કુલ દીપક હંસજી ગુણ૦
કુંવર કેલિ કરે મન ખંતજી ગુણ૦ તે હીંડે ભલી ભાતજી ગુણ૦ ૨
લેઈ પંડિત પાસે ભણીયોજી ગુણ૦ ભરયૌવનમાં પરણાવ્યોજી ગુણ૦
વિષયારસમાં સુખ માણેજી ગુણ૦ કલા પુરૂષની બહોંતેર જાણેજી ગુણ૦ ૩
ઈણ અવસર શ્રેણીક રાજજી ગુણ૦ તેહના ચડત દિવાજાજી ગુણ૦
આર્દ્રપુર દૂત પઠાયોજી ગુણ૦ મેલ્યો ભેટયો જે મનભાયોજી
ગુણ૦ ૪
ભેટ દેખી કુંવર નરિંદજી ગુણ૦ દેખી પામ્યા પરમાનંદજી ગુણ૦
હવે કુંવર કહે સુણ દૂતજી ગુણ૦ શ્રેણીક સુતકવણ વિદિતજી ગુણ૦ ૫
કહે સુણ મંત્રી અભયકુમારજી ગુણ૦ બહુ બુદ્ધિ તણો ભંડારજી ગુણ૦
તેહસ્યુ મારે બહુ મિત્રાઈજી ગુણ૦ કરવા બહુ વસ્તુ પઠાઈજી ગુણ૦ ૬
ઉપઢોકતી ઢાંકણ માંગેજી ગુણ૦ બહુ મહેનત કરી પગે લાગેજી ગુણ૦
ઈમદૂત સંદેશો લાવેજી ગુણ૦ બિહુને વાત કરી સમજાવેજી ગુણ૦ ૭
ઈસ્યો અભયકુમાર વિચારેજી ગુણ૦ ભવ્ય પ્રાણીને નિરધારેજી ગુણ૦
પણ દેશ અનારજ જાયોજી ગુણ૦ તેણે જિનવર ધર્મ ન પાયોજી ગુણ૦ ૮
પુંજણી-પાઠણી-પ્રતિમા પેટીજી ગુણ૦ લેઈ આર્દ્રકુમારને મૂકીજી ગુણ૦
દેખી આર્દ્રકુમાર મનભાયોજી ગુણ૦ મોહે ભૂષણ મિત્ર પઠાયોજી ગુણ૦ ૯

ઉર મસ્તક ભૂષણ બાંધેજી ગુણ૦ ઈહાપોહ મનમાં સાધેજી ગુણ૦
ઈમ જાતિસ્મરણ પામીજી ગુણ૦ ઓળખ્યા આદીશ્વર સ્વામીજી ગુણ૦ ૧૦
જાણ્યો સંસાર અસારજી ગુણ૦ વિરતો વિષય વિકારજી ગુણ૦
વૈરાગ્ય તણી મતિ આણીજી ગુણ૦ હવે માતપિતાએ વાત જાણીજી
ગુણ૦ ૧૧
શતપંચ સુભટ મૂકયા તેણી પાસજી ગુણ૦ ચોકી કરે મન ઉલ્લાસેજી ગુણ૦
ઈણ અવસરે અશ્વ ખેલાવેજી ગુણ૦ તિણ સમે નીસરી જાવેજી ગુણ૦ ૧૨
સેના સહુ પૂંઠે જાવેજી ગુણ૦ શોધ કુમરતણી નવિ પાવેજી ગુણ૦
જિન પ્રતિમાથી પ્રતિ બૂઝયોજી ગુણ૦ વૈરાગ્ય સંયમ સૂઝયોજી ગુણ૦ ૧૩
જિનશાસન દેવી વારેજી ગુણ૦ હજી ભોગ કરમ છે તારેજી ગુણ૦
દેવીનો કથન નવિ કીધોજી ગુણ૦ મનશુદ્ધે ચારિત્ર લીધોજી ગુણ૦ ૧૪
એ બીજી ઢાલ રસાલજી ગુણ૦ ગાઈ માન સાગરે સુવિશાલજી ગુણ૦
ઈણી પરે ચારિત્ર પાળેજી ગુણ૦ મન માન્યા સુખ પામેજી ગુણ૦ ૧૫

## ઢાળ ૩

જિનવચને પ્રતિબુઝીયા નામે આર્દ્રકુમારે રે
જાણી અથિર સંસાર રે આર્દન દેશ તણો ધણી
છાંડી ધન પરિવાર રે લીધો સંયમ ભાર રે...
મોહન ગારો રે સાધુજી૦ ૧

મયગલની પરે મલપતો વિચરે દેશ વિદેશ રે
મુનિવર છે લઘુ વેશ રે મુક્તિ મારગ અવગાહતો
ટાળે કરમ કલેશ રે લોભ નહિ લવલેશ રે મોહન૦ ૨
સાહેલી મળી સહુ સામટી રમવા કારણ રંગ રે
દેવળે મુનિ કાઉસગ્ગ રહ્યો નિર્મલ ગંગ તરંગ રે મોહન૦ ૩
રૂપે જેમ અનંગ રે મોહન ગારો રે સાધુજી
તે આવી તિણે સ્થાન કે વરની રમત વ્યાજ રે
છાંડી મન તણી લાજ રે ચારે ચાર થંભા વર્યા
પાંચમીએ મુનિરાજ રે મુનિવરમાં શિરતાજ રે મોહન૦ ૪
ચાર સખી મન ચિંતવે ઈણે વરીયો અણગાર રે

એહનો એ ભરથાર રે ખડ ખડ હસતી ઈમ કહે
થાશે કવણ પ્રકાર રે ઈમ વદે તે વારંવાર રે મોહન૦ ૫
શેઠ સુતા મન ગહગહી ઈણભવ એ મુજકન્ત રે
ગિરૂઓ એ ગુણવંત રે લેખ વિધાતાએ લેખીયો
મોટો એહ મહંત રે પરણાવ્યો મન ખંત રે મોહન૦ ૬
માતપિતા આવીને કહે તું કિહાં એ કુણવેશ રે
દીસે છે દરવેશ રે ધનવંત શેઠની તું સુતા
ઈણને તું કાંઈ કરીશ રે પરણાવું તો નરેશ રે મોહન૦ ૭
શ્રીમતી કહે સૌ સાંભળો ઈણ સમ કો નહિં સંસાર રે
મયણ તણો અવતાર રે મુજ મન મોહ્યો રે એહ શું
એ મુજ હઈડાનો હાર રે આણા દીયો કિરતાર રે મોહન૦ ૮
કાઉસગ્ગ પારી કરુણા કરી બોલે અમૃત વાણ રે
સુણજો ચતુર સુજાણ રે અમે ઈચ્છું નહિં નારીને
છોડે કુલવટ કોણ રે હોવે ચારિત્ર્ય હાણ રે મોહન૦ ૯
મુનિવર ઘાલી રે ઘુમણી ન લહે જાવાનો જોગ રે
ઈમ કહે સહુ લોગ રે પ્રીતે પરણો રે એહને
ભોગવી ભોગ સંયોગ રે આદરજો વળી જોગ રે મોહન૦ ૧૦
નયનબાણ નારી તણાં છૂટા કરી કુચોટ રે
દેઈ ઘુંઘટ ઓટ રે મુનિવર તનમન ભેદીઓ
દીધી નયણારી ફોટ રે સાધુ થયો લોટપોટ રે મોહન૦ ૧૧
અણીઆળા પણ તે હુવા રમણી આગળ રંકરે
માનો તેહ નિઃશંક રે રાવણ સરીખા રે રાજવી
કીધી દહવટ લંક રે લાગ્યો કુલમાં કલંક રે મોહન૦ ૧૨
મહીયલ પૂજે રે માનવી દેવમાંહી મહાદેવ રે
કરતા સુરનર સેવ રે નારી આગળ નાચીયો
કરજોડી તતખેવ રે નાચ કરે નિત્યમેવ રે મોહન૦ ૧૩
નંદીષણ સરીખા મુનિ કીધો ગર્વ અખિયાત રે
પણ પડીઓ ઈણ વાત રે ઈંદ્ર અહલ્યાએ ભોગવ્યો
તો માણસ કુણ માત રે જાલિમ નારીની જાત રે મોહન૦ ૧૪

બાર વરસના રે બોલડા કીધા આર્દ્રકુમાર રે
મંડાવ્યો સત્રાગાર રે બાર વરસમાંહી આવશું
ઓળખશે મુજ નાર રે તો રહેશું ઘરબાર રે મોહન૦ ૧૫
સાત્રાગાર મંડાવીયો આવે નવ નવા વેશ રે
કેઈ યોગી દરવેશ રે પાય પખાલે રે દૂધશું
કુમરી હર્ષ ધરેશ રે અટક નથી લવલેશ રે મોહન૦ ૧૬
વેશ અનેક રે એકલો આવ્યો આર્દ્રકુમાર રે
આખર જીહાં સત્રાગાર રે પગ તળે પદ્મથી ઓળખ્યો
કુમરી કહે તેણી વાર રે એ મુજ પ્રાણ આધાર રે મોહન૦ ૧૭
માતપિતાએ પરણાવીઓ સુખ વિલસે તે સંસાર રે
મનગમતાં સુખ ભોગવે બહુ મન પ્રીત અપાર રે સાથ રહે સંસાર રે મોહન૦ ૧૮
ઈમ કરતાં દિન કેટલે એક થયો અંગ જાત રે
વર્ષ થયાં પાંચ સાત રે કાઢી ચારિત્ર વાત રે મોહન૦ ૧૯
વાત સુણી વનિતા ગ્રહ્યો રેંટીયો દિન રાત રે
ફેરે સબલ અખિયાત રે બાળક મનમાંહે ચિંતવે
સૂતો છે દિનરાત રે ત્રાગ વીંટયા પાંચ સાત રે મોહન૦ ૨૦
બાળક કહે સુણો માતાજી તાતજી વીંટયા છે આજ રે
કિહાં જાશે હવે ભાજ રે બાર વરસ વળી મોહીયો
બાળક ઉપર રાગ રે ન લહે જાવાનો માગ રે મોહન૦ ૨૧
મોહે મોહયો રે માનવી કુણ કાયર કુણ ધીર રે
રહેતાં એકણ તીર રે અવતારે કુણ શુર રે
મોહે છળ્યા મહાવીર રે જે હુંતા સાહસધીર રે મોહન૦ ૨૨
બાર વરસ બમણા રહી લેઈ નારી આદેશ રે મોહ મહાભટ જીતવા
લીધો સંજમ વેશ રે જેણે સંસાર તરેસ રે મોહન૦ ૨૩
ક્રોધ માન માયા તજી નિર્મમ નિરહંકાર રે
છાંડી સયલ સંસાર રે મુક્તે પહોંચ્યા રે સાધુજી
પાળી સંજમ ભાર રે ધન ધન આર્દ્રકુમાર રે મોહન૦ ૨૪
ઉડુપતિ વહ્નિ મુનિ ચંદ્રમા એ સંવત્સર જાણ રે
સ્તવિઓ એ મુનિ ભાણ રે માગશર માસ વખાણીએ

નયર સખર સૂરરાણ રે દિન દિન કોડી કલ્યાણ રે મોહન૦ ૨૫
શ્રી તપગચ્છ ગુરુરાજીયો શ્રી વિજયસેન સૂરીંદ રે
પ્રણમે સુરનર વૃંદ રે તસ પટ્ટ તેજ દિવાકરુ
શ્રી વિજય પ્રભમુણીંદ રે પ્રતાપ જ્યું રવિચંદ રે મોહન૦ ૨૬
તપગચ્છમાં મહિમાનીલો જયસાગર ઉવજઝાય રે
જીતસાગર ગણીરાય રે માન કહે સુખસંપદા
ગાતાં એ ઋષિરાય રે નામે નવનિધિ થાય રે મોહન૦ ૨૭

## [X] ૧૯. (ક) આષાઢાચાર્યની સજઝાય
## (ઢાળ-૫)

### દુહા

દર્શન પરિષહ બાવીસમો, કાઠો તેહનો કામ
શંકા દૂષણ પરિહરો, પાકા રાખો પ્રણામ... ૧
ઉત્તરાધ્યયન કથા મધ્યે, અષાઢાચાર્ય સૂરીશ
પહેલા પરિણામ પોચા પડ્યા પછે શ્રેષ્ઠ કર્યા શિષ્ય... ૨

### ઢાળ-૧

આષાઢાચાર્ય અણગાર, બહુ શિષ્યને પરિવાર
મનમોહન સ્વામી, આચારજ ઢળતી કળાએ... ૧
આગમ અર્થ અપાર, હેતુ દષ્ટાંત વિચાર
મનમોહન સ્વામી, પેલા ભણાવે ચોપાશું રે... ૨
એક શિષ્ય કિયો રે સંથાર, ગુરૂ બોલ્યા તેણી વાર
સુણ ચેલા મોરા, જો તું હોયે દેવતા એ... ૩
મુજને કહેજે આય, ઢીલ મ કરજે કોય
સુણ ચેલા મોરા, ગુરૂ સમ જગમાં કો નહિ એ... ૪
કહ્યો ઈમ દો તિન વાર, કિણહી ન કીધી સાર
સુણ ચેલા મોરા, કિણહી આપ કહ્યા નહિ એ... ૫
તું ચેલો ચોખો હોય, તુજ સમ અવર ન કોય
સુણ ચેલા મોરા, મેં તુને પાર ઉતારીયો એ... ૬
તું મારે શિષ્ય સુવિનીત, પૂરી છે પરતીત

સુણ ચેલા મોરા, તું તો વહેલો આવજે એ... ૭
ચેલે છંડ્યા પ્રાણ, ઉપન્યો દેવ વિમાન
સુણ ચેલા મોરા, ઋદ્ધિ વૃદ્ધિ પામ્યો ઘણી એ... ૮
ઝગમગ મહેલની જ્યોત, જાણે સુરજ ઉદ્યોત
સુણ ચેલા મોરા, જાળી ઝરૂખાં ઝીલ રહ્યાં એ... ૯
થાંભા પૂતળી સાર, મહેલની માંહિ અપાર
સુણ ચેલા મોરા, રત્નજડિત છે આંગણા એ... ૧૦
બાજોઠ રતનમય જોય, ઈસ ઉપલા સોવનમય હોય
સુણ ચેલા મોરા, રત્નજડિત છે આંગણા એ... ૧૧
ફુલે પાથરી સેજ, દીઠાં ઉપજે હેજ
સુણ ચેલા મોરા, સુંવાળી માખણ સારખી એ... ૧૨
ચુઆ ચંદન ચંબેલ, મહેકે સુગંધી તેલ
સુણ ચેલા મોરા, ગુલાબ ચંપેલી ખૂબ રહ્યાં એ... ૧૩
મહેલની ચૌ દિશી બાગ, વળી છત્રીશે રાગ
સુણ ચેલા મોરા, નાટક વિધ બત્રીશના એ... ૧૪
કપડામાંહિ ગુલતાન, ઘરેણાં તણો નહિ પાર
સુણ ચેલા મોરા, દેખતાં લોચન ઠરે એ... ૧૫
દીપતી દેવની દેહ, લાગ્યો નવલ સનેહ
સુણ ચેલા મોરા, દેવીઓ શું મોહ્યા દેવતાએ... ૧૬
એક નાટક ધમકાર, વર્ષ જાય દો હજાર
સુણ ચેલા મોરા, ગુરૂ તો યાદ આવે કહાં એ... ૧૭
લાગ્યો સુખનો ઠાટ, ગુરૂ જુવે ચેલાની વાટ
સુણ ચેલા મોરા, દેવતા તો આયો નહિ એ... ૧૮
ચેલો તો ભૂલ ગયો એહ, ગુરૂને ઉપન્યો સંદેહ
સુણ ચેલા મોરા, સમકિતમાં સાંસો પડ્યો એ... ૧૯
એ થઈ પહેલી ઢાળ, મુનિ રામચંદ્ર રસાળ
સુણ ચેલા મોરા, આગે નિર્ણય સાંભળો એ...૨૦

### દુહા

આષાઢાચાર્ય ચિત્ત ચિંતવે, નહિ સરગ નહિ મોક્ષ

નિશ્ચે કો કેહનો નહિ, સઘળી વાતો ફોક... ૧
ચોથા ચેલાશું હતો, પૂરો માહરે પ્રેમ
સૂત્ર વચન સાચા હવે, તે પાછો ન આવે કેમ... ૨

## ઢાળ-૨

આષાઢાચાર્ય ઈમ ચિંતવે પાછો જાઉં હો માહરે ઘરવાસ કે
સુંદરીશું સુખ ભોગવું, વિલસીજે હો વળી લીલ વિલાસ કે... ૧
ચારિત્રથી મન ચળ ગયો, ઘર ચાલ્યા હો થઈ શ્રદ્ધા ભ્રષ્ટ કે
અરિહંત વચન ઉત્થાપને, ખાલી હુઓ હો ખોઈ સમકિત દષ્ટિ કે... ૨
તિણે સમે આસન કંપીયો, દેવે દીધો હો તિહાં અવધિજ્ઞાન કે
ગુરૂને દીઠાં ઘેર જાવંતા નાટક માંડ્યો હો મારગમાં પ્રધાન કે... ૩
માસ છ નાટક નીરખીયો, આચારજ હો હુઓ મન ઉલ્લાસ કે
પૂરો હુઓ એ નાટક પાંગર્યો, વિહાર કરતાં હો આયો વનવાસ કે... ૪
દયાતણી પરીક્ષા ભણી, દેવે દીધા હો નાનડીયા બાળ કે
ઘરેણાં બહુ પહેરાવ્યા, રમઝમ કરત હો આયા સુકુમાળ કે... ૫
છએ છોકરા બોલ્યા તિણે સમે, પાયે લાગી હો જોડી દોનું હાથ કે
શાતા છે પૂજ્ય આપને, ખમાવું છું હો સ્વામી કૃપાનાથ કે... ૬
પૃથ્વી પાણી તેઉ વાય રે, વનસ્પતિ હો છઠો ત્રસ સ્વામ કે
ગુરૂને કહે છ એ છોકરા, માત તાત દીધા હો મુજ નામ કે... ૭
દયા પાળી છ કાયની, નહિ કાંઈ હો દયામાં ભલી વાર કે
પૂણ્યને પાપના ફળ નહિ, છોકરાના હો લેઉં ઘરેણા ઉતારકે... ૮
ગૃહસ્થને ધન વિણ નવિ સરે, પાને પડીયો હો મ્હારે મોકળો માલ કે
પાતરા ધનશું પૂરણ ભરી, મલકંતો હો ચાલ્યો મન ખુશીયાલ કે... ૯
દયા પણ દિલશું ગઈ, દેવે દીઠો હો ગુરૂએ કીધો અકાજ કે
હું આજ મારગ આણશું, જો એહને હુંશે આંખમાં લાજ કે... ૧૦
એ બીજી ઢાળ પૂરી થઈ, મુનિ રામચંદ હો વળી ભાખે એમ કે
ચતુરાઈ જુઓ એલાતણી, નિજ ગુરૂને હો ઠામ આણે છ કેમકે... ૧૧

## ઢાળ-૩

રાય પડાવ વિકુર્વ્યો એ, લિયા ઘણા નર નાર કે

હાથી ઘોડા ઘણા એ, રથ પાળાનો નહિ પાર કે
પૂજ્ય પધારીયા એ... ૧
ભૂપતિ વંદણ આવતાં એ, સાથે નિજ પરિવાર કે
પ્રદક્ષિણા દેઈ કરી એ, વંદે વારંવાર કે. પૂ૦...૨
મેં તો સામા વંદણ આવતા એ, મ્હારે પૂજયશું છે બહુ રાગ કે
આપ આવી મિલીયા એ, મ્હારા મોટા ભાગ્ય કે. પૂ૦... ૩
મેં દરિશણ દીઠો આપનો એ, મ્હારે વૂઠીયા દૂધડે મહેકે
મનવંછિત ફળીયા એ, આજ પાવન હઈ દેહ કે. પૂ૦... ૪
ઈણ દરિશણને હું વારણે એ, વારંવાર હજાર એ
સૂઝતો લીજીએ એ, વિવિધ પ્રકારનો આહાર કે. પૂ૦... ૫
ગુરૂ કહે રાજન સુણો એ, તાહરે ધર્મશું રાગ એ
આહાર વહોરણ તણો એ, માહરે નહિ તિલ ભાવ કે. પૂ૦... ૬
ભાવ નહિ વહોરણ તણો એ, કયુ કરો ખેંચતાણ એ
હઠ નવિ કીજીએ એ, તુમે અવસરનાં જાણ કે. પૂ૦... ૭
વળતા ભૂપતિ એમ કહે એ, જોડી દોનું હાથ કે
હઠ લીધો ઘણો એ, કિમ ખેંચો એ વાત કે. પૂ૦... ૮
દેવ ચારિત્ર દેખાડીયો એ, ત્હારે હુઓ ભિક્ષાનો કાળ
મધ્યાસ હઈ ગયો એ, રૂચતાં લીજે મુનિ આહાર કે. પૂ૦... ૯
આ દ્રાક્ષનો ધોવણ ભલો એ, પૂરો ભરી લ્યો પાત્ર એ
મીઠાઈ લીજીયે એ, પીવા લ્યો મિસરી જાત કે. પૂ૦... ૧૦
ગુરૂને વિણ વહોરાવીયા એ, મારે જમણનો નિમ છે કે
કાઢો પાતરાં એ, તુમે ઝોળી ન ખોલો કેમ કે. પૂ૦... ૧૧
તુમે મુઝે ઝોળી પકડ રસા એ, એ નહિ જોરાવરનો કામ કે
કિમ વહોરાવશો એ, મારે નિશ્ચય નહિ પ્રમાણ કે. પૂ૦... ૧૨
તુમે શ્રાવણ મોટકા એ, મુજને લીધો ઘેર કે
જાવણ દિયો નહિ એ, હું હઈ ગયો મણનો શેર કે. પૂ૦... ૧૩
મે શ્રાવણ ઘણા દેખીયા એ, ઉત્તમ ક્ષેત્ર મઝાર કે
હઠ લીધી નહિ એ, એહવી ઈણહિજ ઠાર કે. પૂ૦... ૧૪
મુનિસર સુણો તુમે પાધરાએ, માંડે પાત્ર જ એહ કે

ઢીલ નવિ કીજીએ એ, ઉલ્લસે માહરો દેહ કે. પૂ૦... ૧૫
પ્રશ્ન પડુત્તર એટલા એ, ત્રીજી ઢાળ મોઝાર કે
મુનિ રામચંદ કહે એ, આગે સુણો અધિકાર કે. પૂ૦... ૧૬

## ઢાળ-૪

સામ-સામી રે ખેંચતા ઝોળી, ખુલ ગઈ નીઠ ગુરૂજી
પાત્રામાં ઘરેણા ભર્યાં, તતક્ષણ રાયે દીઠ ગુરૂજી
થેં ઘરેણાં કીહાંથી લાવીયા... ૧
કહે તારા મનની વાત ગુરૂજી, થેં વેષ લજાયો લોકમાં
કહો કિહાં લગે જાત ગુરૂજી. થે૦... ૨
વળતા રાય-રાણી કહે, અમે પુત્રના માય-તાય ગુરૂજી
ઘરેણાં જાવે તો આ ઘડી, પણ બાળક ધ્યાને બતાય. ગુરૂજી. થે૦... ૩
રાય-રાણી કહે રોવતાં, મ્હારા સુતના કાંઈ હવાલ ગુરૂજી
જળી જાવે મુજ કાળજો, દેખું નહિ જો બાળ ગુરૂજી. થે૦... ૪
વેગે મુજને બતાય દ્યો, હૈડો મારો કુમળાય ગુરૂજી
થેં છાના કઠે ગોપવ્યા, જીવ મારો બળી જાય ગુરૂજી. થે૦... ૫
જીવતાં હોય તો જોઈ લેઉં, મુઆ હોય તો દેઉં દાગ ગુરૂજી
ગુરૂ આંખો મીંચી રહ્યા, આવી લાજ અથાગ ગુરૂજી. થે૦... ૬
જો ધરતી ફાટી પડે, તો પેસી જોઉં પાતાળ ગુરૂજી
મોટો અકારજ મેં કીયો, માર્યા નાનડીયા બાળ ગુરૂજી. થે૦... ૭
દેવે મનમાં વિચારીયો, હજી ગુરૂમાં છે લાજ ગુરૂજી
લાજથી મારગ આવશે, લાજે સુધરશે કાજ ગુરૂજી. થે૦... ૮
અરિહંત સિદ્ધ મુનિ ધર્મના, ચિંતવે શરણા ચાર ગુરૂજી
અબ ઈહાં વેળાને વિષે, આપ તણો આધાર ગુરૂજી. થે૦... ૯
સમજાવણને કારણે, ચોથી ઢાળે ચરિત્ર સાર ગુરૂજી
મુનિ રામચંદ કહે સાંભળો, આગે ચેલા તણો અધિકાર ગુરૂજી. થે૦... ૧૦

## દુહા

વાડી ફરી જયું બાગમેં, ગુરૂ હુઆ ભયભ્રાંત
દેવે મનમાં જાણીયો, આવી મિલ્યો સબ તાંત... ૧

તવ સહ માયા સમેટને, સાધુ રૂપ બનાય
મત્થેણ વંદામિ મુખ કહી, ઉભો સન્મુખ આય... ૨
આપ એતા કીહાં અટકીયા, કાંઈ દીઠો મારગ માંય
ગુરૂ કહે નાટક નિરખીયો, એક પલક પગ કાય... ૩
પલક કહો કિંણ કારણે, નાટક પડ્યો છ માસ
દેખો સૂરજનો માંડલો, જોયો હૃદય વિમાસ... ૪
ઈમ કહી દેવ અદશ્ય થયો, ગુરૂ ચિંતે તેણીવાર
ઈહાં કોઈક છળ ઉપન્યો, કહેતાં વાત વિચાર... ૫

## ઢાળ-૫

રૂપ કીયો દેવતા તણો રે લાલ કરી ઋદ્ધિ વિસ્તાર હો ગુરૂજી
ધર્મ તણાં ફળ એ સહી રે લાલ, શંકા મ કરો લગાર ગુરૂજી
સમકિતમાં સેઠો રહો રે લાલ... ૧
હું ચિત્તવલ્લભ ચેલો આપનો રે લાલ ઉપન્યો સરગ મોઝાર હો ગુરૂજી
જઘન્ય પદ દેવતા તણો રે લાલ, ઉત્કૃષ્ટો મોક્ષ સાર હો ગુરૂજી... ૨
રાખો અરિહંત વચણની આસથા રે લાલ ટાળો સમકિત દોષ હો ગુરૂજી
સરગ નરક સત્ય જાણજો રે લાલ, કર્મ ખપાવ્યા હોવે મોક્ષ હો ગુરૂજી... ૩
હું સંયમપાળી હવો દેવતા રે લાલ, રત્નજડિત વિમાન હો ગુરૂજી
દોય હજાર વરસાં લગે રે લાલ એક નાટકનો પ્રમાણ હો ગુરૂજી... ૪
થેં નાટકમાં મોહિ રહ્યા રે લાલ હું મોહિ રહ્યો તેમ હો ગુરૂજી
હું તમને ભૂલી ગયો રે લાલ લાગ્યો નવલો સનેહ હો ગુરૂજી... ૫
સમકિત મેં સેંઠા કીયા રે લાલ કાઢ દીયો મિથ્યા સાલ હો ગુરૂજી
ગુરૂશું ઓશિંગણ હવો રે લાલ હવો જિનધર્મ મેં લાલ હો ગુરૂજી... ૬
દેવ પ્રતિબોધી ગયો રે લાલ ગુરૂએ સંયમ લીધો ભાર હો ગુરૂજી
ચારિત્ર પાળી નિર્મળો રે લાલ અવરને કીયો ઉપકાર હો ગુરૂજી... ૭
આષાઢાચાર્યએ ભલીપરે રે લાલ, જિનમારગ દીધો દિપાય હો ગુરૂજી
અંતસમય અણસણ કરે રે લાલ મોક્ષ ગયા કર્મ ખપાય હો ગુરૂજી... ૮
આષાઢાચાર્ય જેમ દઢ હવો રે લાલ, તિમ રહેજો ચતુર સુજાણ હો ગુરૂજી
દર્શન પરિષહ જિતજો રે લાલ, જિમ પહોંચ્યા પદ નિર્વાણ હો ગુરૂજી... ૯
ઉતરાધ્યયન બીજે કહ્યો રે લાલ, કથામાંહિ અધિકાર હો ગુરૂજી

તિણ અનુસાર મેં કીયો રે લાલ, મુનિ રામચંદ પર ઉપગાર હો ગુરૂજી... ૧૦
સમકિત દઢ પંચ ઢાળીયો રે લાલ, અન્યથા કોઈ હઈ ગયો રે લાલ
મિચ્છામિ દુક્કડં મોય હો ગુરૂજી... ૧૧
સંવત અઢાર છત્રીસમાં રે લાલ
આસો વદિ દશમને દિન હો ગુરૂજી
રાખે સમકિત નિર્મળુ રે લાલ
તે જગ જાણ્યો ધન્ય હો ગુરૂજી... ૧૨

## ૧૯. (ખ) આર્યસુહસ્તિસૂરિ મહારાજાની સજ્ઝાય

ભવિ તુમે વંદો રે, પટધારી ગચ્છરાયા
આઠમા પટધર રે, ભવિજનને સુખદાયા
આર્યસુહસ્તિસુરી વિચરંતા આતમ કાજ સુધાર્યા
બહુ મુનિ પરિવારે, પરિવર્યા નયરી ઉજેણી પધાર્યા
ભવિ તુમે વંદો રે... ૧

કુંવર અવંતિસુકુમાલ તિહાં, વાંધા ગુરૂ મન ભાવે
દીક્ષા લઈ સંયમ તપ સાધી, નલિની ગુલ્મ સુર થાવે. ભ૦... ૨
મુનિ કાઉસ્સગ નિર્વાણ ઠેકાણે, પાર્શ્વ અવંતિ કેરો
ભદ્રામાતા કરાયો દેવલ, નાદે ગાજે ગુહિરો. ભ૦... ૩
એકદિન રથયાત્રા વરઘોડે, સંઘ સહિત ગુરૂ સાથે
સન્મુખ સંપ્રતિરાય સવારી, ગુરૂ દેખી મન ભાવે. ભ૦... ૪
ચિંતવતા હુઓ જાતિસ્મરણ, પૂરવભવ નૃપ દેખે
ઉતરી મહેલથી ગુરૂ પ્રણમે, ધન દિન આજ વિસેખે. ભ૦... ૫
ભિક્ષુક ભવે ગુરૂદેવ પસાયે, એક દિન સંયમ પાલે
તેથી સંપ્રતિ નૃપતિ થયો હું, ગુરૂ ઉપકાર સંભાલે. ભ૦... ૬
ગુરૂ કહે સંપ્રતિ સંયમ સાધન, પંચમ પદને નમીયે
બાર માસ પર્યાય જેહને, અનુત્તર સુખ વ્યતિક્રમીયે. ભ૦... ૭
એક દિવસનું સંયમ પાળે, દેવગતિ તસ થાવે
તું નૃપતિ થયો એ અધિકારે, અમર મોક્ષપદ પાવે. ભ૦... ૮
વીર જગતગુરૂ નમવા પટધર, હું છું સંપ્રતિ સુણીયે
શ્રેણિક કોણિક નવમો પટધર, સંપ્રતિ તુંહીજ ગણીયે. ભ૦... ૯

ગુરૂ ઉપદેશ સુણી રાય સંપ્રતિ, વિકટ અનાર્ય દેશે
સુલભ વિહાર કીધાં મુનિવરનાં, ભવિજન લાભ વિશેષે. ભ૦...૧૦
લાખ સવા પ્રાસાદ કરાવ્યાં, દાનશાલા શત સાત
એણીપરે જિનશાસન અજુવાલ્યા, રાખ્યા નામ વિખ્યાત. ભ૦... ૧૧
વીર પ્રભુ નિર્વાણ સંવત્સર, વરસ દોયસેં જાણ
અધિક વરસ ઉપર એકાણું, તે સમે સંપ્રતિ ભાણ. ભ૦... ૧૨
અષ્ટમ પટધર આર્ય સુહસ્તિ, સોહમ પટદાર છાજે
ઈહાં નિર્ગ્રંથ બિરૂદ એ પહેલું, દીપવિજય કવિરાજે
ભવિ તુમે વંદો રે... ૧૩

## • [?] ૨૦. ઈલાચીકુમારની સજ્ઝાયો (૧)

નામે ઈલાચી પુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર,
નટવી દેખીને મોહીયો, નવિ રાખ્યું ઘર સૂત્ર;
કર્મ ન છૂટે રે પ્રાણીયા, પૂરવ સ્નેહ વિકાર,
નિજ કુલ છંડી રે નટ થયો, નાણી શરમ લગાર. કર્મ૦ ૧
માતાપિતા કહે પુત્રને, નટ નવિ થઈએ રે જાત;
પુત્ર પરણાવું રે પદ્મિણી, સુખ વિલસો તે સંઘાત.
કર્મ૦ ૨
કહેણ ન માન્યું રે તાતનું, પૂરવ કર્મ વિશેષ;
નટ થઈ શીખ્યો રે નાચવા, ન મટે લખ્યા રે લેખ. કર્મ૦ ૩
એક પૂર આવ્યો નાચવા રે, ઊંચો વાંસ વિશેષ;
તિહાં રાય જોવાને આવીયો, મલીયા લોક અનેક. કર્મ૦ ૪
ઢોલ બજાવે રે નટડી, ગાવે કિન્નર સાદ;
પાય તલ ઘુઘરા રે ઘમઘમે, ગાજે અંબર નાદ, કર્મ૦ ૫
દોય પગ પહેરી રે પાવડી, વંશ ચઢ્યો ગજ ગેલ;
નોંધારો થઈ નાચતો, ખેલે નવા નવા ખેલ. કર્મ૦ ૬
નટડી રંભા રે સારખી, નયણે દેખે રે જામ;
જો અંતેઉરમાં એ રહે, જન્મ સફળ મુજ તામ. કર્મ૦ ૭
તવ તિહાં ચિંતે રે ભૂપતિ, લુબ્ધો નટડીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટડી કરું મુજ હાથ. કર્મ૦ ૮

કર્મ વશે રે હું નટ થયો, નાચું છું નિરાધાર;
મન નવિ માને રે રાયનું, તો શું કરવો વિચાર. કર્મ૦ ૯
દાન ન આપે રે ભૂપતિ, નટે જાણી તે વાત;
હું ધન વંછુ રે રાયનું, રાય વંછે મુજ ઘાત. કર્મ૦ ૧૦
દાન લહું જો હું રાયનું, તો મુજ જીવિત સાર;
એમ મનમાંહે રે ચિંતવી, ચઢીઓ ચોથી રે વાર. કર્મ૦ ૧૧
થાલ ભરી શુદ્ધ મોદકે, પદ્મિણી ઉભેલી બાર;
લ્યો લ્યો કહે છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કર્મ૦ ૧૨
એમ તિહાં મુનિવર વહોરતા, નટે પેખ્યા મહાભાગ્ય;
ધિક્ ધિક્ વિષયા રે જીવને, એમ નટ પામ્યો વૈરાગ્ય. કર્મ૦ ૧૩
સંવર ભાવે રે કેવલી, થયા તે કર્મ ખપાય;
કેવલ મહિમા રે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય. કર્મ૦ ૧૪

## [X] ૨૧. ઈલાચીકુમારની સજ્ઝાયો (૨)

(રાગ : બાબુલ કી દુવાએ.....)

ઈલાચીકુમાર ચિત્ત ચિંતવે રે, ઈન્દ્રાણી અવતારો રે;
ધન્ય ધન્ય એ મુનિરાય ને રે, નવી જુએ નયણે વિકારો રે. ૧
અહો અહો સમતા એહની રે, નિર્લોભી નિર્ગ્રન્થ રે,
નીરખે નહીં એ નારીને રે, અહો અહો સાધુનો પંથ રે. ૨
એ કુલવંતી સુંદરી રે, કંચનવરણી કાયા રે;
અદ્ભુત રૂપ ઉભી અછે રે, પણ મુનિ મન ન ડગાયા રે. ૩
એક માયે એહને જણ્યો રે, એક જણ્યો મુજ માય;
સરસ મેરૂનો આંતરો રે, કિહાં હું કિહાં મુનિરાય રે. ૪
ભારે કર્મી હું ઘણો રે, મેલી કુલ આચારો રે;
નીચ નાટકણીને કારણે રે, છોડી દીધો વ્યવહાર રે. ૫
એ નારીના સંગથી રે, વંશ ચઢ્યો આકાશ રે;
જો ચ્યવું એહના ધ્યાનથી રે, તો પહોંચુ નરકાવાસ રે. ૬
દાન લેવાને કારણે રે, ક્રોડ કરું ઉપાય રે;
તોયે પણ દેતા નથી રે, મોહ ફંદે એ રાય રે. ૭
સાધુને આપે શ્રાવિકા રે, મોદક મનને ઉલ્લાસ રે;

લ્યો લ્યો કહે છે લેતા નથી, તો ધન્ય એહને શાબાશ રે. ૮
ધન્ય વેળા ને ધન્ય ઘડી રે, મૂકું મોહની જાળ રે;
થઈએ મુનિવર સારીખો રે, છોડી આળ પંપાળ રે. ૯
મોહ તણે જોરે કરી રે, નાટક ફરી ફરી કીધ રે;
પાંચમી ઢાળ સોહામણી રે, મુનિ માલ કહે સુપ્રસિદ્ધ રે. ૧૦

## [?] ૨૨. ઈલાચીકુમારની સજ્ઝાયો (૩)

નટવો નાચે ચોકમાં હો... લોક બજાવે તાલી રે...
ઢમ ઢમ કરતી ઢોલ વગાડે... નટ કન્યા રૂપાલી રે... નટવો..૧
ધનદત્ત શેઠ
તણો એ લાડીલો... નામે ઈલાચી કુમાર...
નટકન્યા દેખીને મનમાં... પ્રગટ્યો મોહ વિકાર રે... નટવો..૨
એક કન્યા મેળવવા માટે... ઘર સામે નહીં જોયું...
નટવો થઈને નાચ્યું એણે... કુળનું ગૌરવ ખોયું રે... નટવો..૩
રાજા રીઝે ને દાન આપે... તો એ કન્યા પામે...
નટના ટોળા સાથે ફરતો... એકથી બીજા ગામે રે... નટવો..૪
રાજ તણા દરબાર જઈને... વિધવિધ ખેલ બતાવે...
લોક રિઝયા પણ રાય ન રીઝયો... સહુને અચરીજ થાય રે...
નટવો..૫
ચોથી વખતે વાંસ પર ચઢતાં... નટ સમજ્યો સહુ વાત...
નટકન્યા પર રાજા મોહ્યા... નટનો ઈચ્છતો ઘાત રે... નટવો..૬
દૂર દૂર દ્રશ્ય જોઈને... ચોટ હૃદયમાં લાગી રે...
પદ્મિની મોદક વહોરાવે... સામે મુનિવર ત્યાગી રે... નટવો..૭
તેજ ક્ષણે કર્મો ભેદાય... કેવલી પોતે થાય...
જ્ઞાનવિમલ ગણિ એમ વિચારે... મુનિ ઈલાચી કુમાર રે... નટવો..૮

## ૨૩. ઋષભદેવના પાંચેય કલ્યાણકની સજ્ઝાયો (૧)

ક્યાંથી રે ઋષભપ્રભુ અવતર્યા ક્યાં લીધો અવતારજી
સરવારથ સિદ્ધ થકી ચ્યવી ભરતક્ષેત્રે અવતારજી...
તારો રે તારો દાદા ઋષભજી... ૧

ચોથ ભલી રે અષાઢની જનની કુખે અવતારજી
ચૌદ સુપન નિરમલ લહી જાગ્યા જનની તેણીવારજી... તારો૦ ૨
ચૈત્ર વદિ આઠમને દિને જન્મ્યા ત્રિભુવનનાથજી
છપ્પન દિગકુમારી મળી કરે શુચિકર્મ તેણીવારજી... તારો૦ ૩
ચોસઠ ઈંદ્ર તિહાં આવીયા નાભિરાયા દરબારજી
પ્રભુને લેઈ મેરૂ ગયા સ્નાત્ર મહોત્સવ કરે સારજી ... તારો૦ ૪
પ્રભુનો સ્નાત્ર ઉત્સવ કરી લાવ્યા જનનીની પાસજી
અવસ્વાપિની નિદ્રા હરી કરી રત્નનો ગેડી દડો મૂકેજી... તારો૦ ૫
ત્યાસી લાખ પૂરવ ગૃહે વસ્યા પરણ્યા દોય જ નારીજી
સંસારી સુખ વિલસી કરી સાધ્યું આતમ કાજજી... તારો૦ ૬
લોકાંતિક સુર આવીને વિનવે ત્રિભુવન નાથજી
દાન સંવત્સરી આપીને લીધો સંયમ સારજી... તારો૦ ૭
પંચમહાવ્રત આદરી ચૈત્ર વદિ આઠમ જાણજી
ચાર હજાર સાથે સંયમી ઉપન્યું ચોથું નાણજી... તારો૦ ૮
કર્મ ખપાવી કેવલ લહી લોકાલોક પ્રકાશજી
સંશય ટાળી જીવના લેવા શિવરમણી સારજી... તારો૦ ૯
ખોટ ખજાને તારે કાંઈ નથી દેતાં લાગે શું વારજી
કાજ સરે નિજ દાસનાં એ આપનો ઉપકારજી... તારો૦ ૧૦
ધરનાને તાર્યા તેમાં શું કર્યું બાહુબલિ ભરત નરેશજી
મુજ સરિખાને જો તારશો તો કલ્પવૃક્ષ બિરૂદ વિશેષજી... તારો૦ ૧૧
શરણે આવ્યાને પ્રભુ તારજો આવ્યો છું હજુરજી
પદ્મવિજયની વંદના માનજો છું ઘણો દૂરજી... તારો૦ ૧૨

## ૨૪. ઋષભદેવના પાંચેય કલ્યાણકની સજ્ઝાયો (૨)

### (ઢાળ-૪)

### ઢાળ ૧

સદ્‌ગુરુચરણ કમલ નમીજી રે સમરી સરસ્વતી માય
શ્રી ઋષભદેવને ગાવતાંજી રે હિયડે હરખ ન માય
આદીશ્વર મુજ મન મોહન વેલ ૧

નયરી અયોધ્યા જાણીયેજી રે ઈંદ્રપુરીથી સાર
નાભિકુલગર રાજીયોજી રે વિશ્વતણો આધાર... આદીશ્વર૦ ૨
સુખ ભુવન સુખ સેજડીજી રે પોઢ્યાં મરૂદેવી માત
સર્વાર્થ સિદ્ધથી ચવીજી રે ઉતર્યા ઉદર મોઝાર... આદીશ્વર૦ ૩
અખોજ નિદ્રામાં છતાંજી રે સુપન દીઠાં છે શ્રીકાર
ચૌદ સુપન પૂરા લહ્યાંજી રે ફલ ભાખો ભરથાર... આદીશ્વર૦ ૪
પહેલે સુપને હાથિયોજી રે બીજે વૃષભ જિણંદ
ત્રીજે સિંહ સોહામણોજી રે ચોથે લક્ષ્મી સાર... આદીશ્વર૦ ૫
ફુલમાળા છે પાંચમેજી રે છટ્ઠે ઉજ્જવલ ચંદ
સાતમે દિનકર દીપતોજી રે આઠમે ધ્વજા આણંદ... આદીશ્વર૦ ૬
રજત કળશ નવમે ભર્યાજી રે દશમે પદ્મસર ખાસ
સમુદ્ર અગિયારમે સુંદરૂજી રે બારમેં અમર વિમાન... આદીશ્વર૦ ૭
રયણરેલ વળી તેરમેજી રે ચઉદમે અગ્નિ પ્રધાન
દશ ચાર સુપન એ સહીજી રે મેં તો દીઠા એમ... આદીશ્વર૦ ૮
સુપન પાઠક તો છે નહિંજી રે નાભિ કરે મનશું વિચાર
ત્રૈલોક્ય સુત હાંસે ભલોજી રે સુપન તણે અનુસાર... આદીશ્વર૦ ૯
મરુદેવા તિહાં હરખીયાજી રે સાંભળી ભૂપતિ વેણ
નિજ થાનક આવી રહ્યાજી રે ગર્ભ વાસે ગુણ ગેહ... આદીશ્વર૦ ૧૦
નવ માસ વાડે વલ્યાજી રે ઉત્તરાષાઢા નક્ષત્ર
ચૈત્ર વદની આઠમ દિનેજી રે પ્રસવ્યો પુત્ર પવિત્ર... આદીશ્વર૦ ૧૧
જન્મ ઓચ્છવસુરે કર્યોજી રે આવી છપ્પન કુમારી
જન્મ વિશેષ એણીપરે કરીજી રે ગયા નિજનિજને ઠામ. આદીશ્વર૦ ૧૨

## ઢાળ ૨

જુઓ જન્મ થયો જિનનો જાણી રે દેવ સુર ભરે ધન આણી રે
જિનની તિહાં ધનરાશિ લખાય રે માય બાપને હર્ષ ન માય રે... ૧
જિનજી રમત વંછે જિહાંરે દેવ છોકરાં થાય તિહાંરે
જિનજી રમતાં તે કોઈ ન હાર રે જિનના અતિશય જન્મના ચાર રે... ૨
અનુક્રમે યૌવન આવે રે દોય હરિ-કન્યા પરણાવે રે

ઋષભ પરણી નિજ ઘર આવે રે ઈંદ્રાણી સુખે ગીત ગાવે રે... ૩
સમય રાજ્યનો અવસર જાણી રે લેવા ગયાં જુગલીયા પાણી રે
જલ લાવ્યા જુગલીયા જામ રે દીઠો નવરો અંગુઠો તામ રે... ૪
પાણી નાંખ્યું તેહને ઠામ રે વિનીતા નગરી તે દીધાં નામ રે
ત્યાસીલાખ પૂરવ ઘરવાસે રે જિનને સહુકો કહે તેણી વાર રે... ૫
સો પુત્ર દોય પુત્રી સાર રે તિહાં લગે રહે દરબાર રે
ભોગવી સુખ સંસાર રે - દીક્ષાની ભાવના થાય રે... ૬

## ઢાળ ૩

જુઓ જુઓ ઋષભદેવજી દીક્ષા લીએ વૈરાગી વડવીરોજી
એકસો પુત્રને રાજ જુદા જુદા વહેંચી તે આપે ધીરોજી... ૧
દીન પ્રત્યે દાન એટલું દીયે આઠ લાખ એક કોડીજી
જિનનું તે દાન જે નર લેશે તેની તે ભવગતિ થોડીજી... ૨
ગોત્રીને જો ભાગજ આપે સાર્યાં વાંછિત કાજજી
મણિ મુકતાદિક ધનને છંડી લેવા મુક્તિનાં રાજજી... ૩
વરસીદાન ઋષભજી આપે સાંભળો થઈ સાવધાનજી
ત્રણસે ક્રોડ અઠયાસી ઉપરે એંસી લાખ કહ્યો માનજી... ૪
સબલ સુગંધક પાણી ઉગતડાં ઋષભને નવરાવેજી
બહુ આભરણ અલંકાર પહેરાવી શિબિકામાં પધરાવેજી... ૫
ઈંદ્રધ્વજ આગળથી આવે અષ્ટ માંગલિક વળી જોડેજી
ગજરાજ ઘોડાને બહુ પાખરિયાં જુએ લોક મન કોડેજી... ૬
સૌધર્મને ઈશાનના ઈંદ્ર બિહું પાખે ચામર વીંઝેજી
તેના રે દંડ મણિમાણેક જડ્યા જોતાં સહું મન રીઝેજી... ૭
પંચવરણનાં ફુલ વિખેરીયાં દુંદુભિ વાજા વાગેજી
ચાર નિકાયના દેવતા મળીયા સહુ મોહ્યા તેના નાદેજી... ૮
વિનીતા નગરી માંહે થઈને દીક્ષા લેવાને જાયજી
લઘુ પતાકા ઝાઝેરી દીસે સોહાગણ નારી મંગળ ગાયજી... ૯
વન સિદ્ધારથ અશોકતીર હેઠે દીક્ષા લેવાને પ્રભુ ઠાયજી
ચઉમુષ્ઠિએ લોચજ કરીયો દીક્ષા લીધી શ્રી આદિનાથજી ૧૦

## ઢાળ ૪

દીક્ષા લઈને એક વરસ ભમ્યા વૈરાગીજી પછી વહોર્યા ઈક્ષુ આહાર
ધન ધન ઋષભજી
શ્રેયાંસ ઘેર કર્યું પારણું વૈરાગીજી પંચદિવ્ય થયા સાર ધન૦ ૧
ત્રિગડે બેસી જિનવરૂ વૈરાગીજી પ્રભુ પામ્યા કેવલ જ્ઞાન ધન૦
ગણધર ચોર્યાસી સ્થાપિયા વૈરાગીજી તિહાં મળી રે પર્ષદાબાર ધન૦ ૨
સંઘસ્થાપના સહુ પરે કરી વૈરાગીજી તિહાં વર્ત્યો જય જયકાર ધન૦
દશહજાર સાધુ સાથ શું વૈરાગીજી પ્રભુ પામ્યા પદ નિર્વાણ ધન૦ ૩
શ્રી વિજય આનંદ સુરીશ્વરૂ વૈરાગીજી શ્રી વિજય પાટ સુરંગ ધન૦
અષ્ટાપદગિરિ વિહાર કર્યા વૈરાગીજી તસ વિજય પાટ સુરંગ ધન૦ ૪

## ૨૫. કપિલ કેવળીની સજ્ઝાય

(રાગ : મહીમંડળમાં વિચરતાં રે...)

કપિલ નામ કેવળી રે ઈણિપરે દીયે ઉપદેશ
ચોરસય પાંચને ચાહીને રે વિગતે વયણ વિશેષ રે
નાચ ન નાચીએ, ચાર ગતિને ચોકે રે, રંગ ન રાચીએ... ૧
નાટક દેખાડ્યું નવું રે ભવ નાટકને રે ભાવ
જે નાચે સવિ જીવડા રે જ્યારે જે પ્રસ્તાવ રે...નાચ ન નાચીએ ૨
પંચ વિષયને પરિહરી રે ધરો મન સાથે રે ધીર
કાયરનું નહીં કામ એ રે નર-જે જે હોય વીર રે...નાચ ન નાચીએ ૩
ભવ દરીઓ તરીઓ દુ:ખ રે નિરમલ સંજમ નાવ
ત્રણ ભુવનને તારવા રે બાકી સર્વ બનાવ રે...નાચ ન નાચીએ ૪
મન-વચનાદિક વશ કરી રે જયણા જે કરે જાણ
દુરગતિના દુ:ખ તે દળી રે પામે પરમ કલ્યાણ રે...નાચ ન નાચીએ ૫
લાભે લોભ વાધે ઘણો રે દો માસા લહી દામ
કોડી ધન-મન કામના રે તૃષ્ણા ન શમી તામ રે...નાચ ન નાચીએ ૬
તસ્કર તે પ્રતિ બુઝીયા રે કપિલ ઋષિ ઉપદેશ
ઉદયરતન વાચક વદે રે અરથ એહ લવલેશ રે...નાચ ન નાચીએ ૭

## ૨૬. કયવન્ના શેઠની સજ્ઝાય

આદિ જિનવર ધ્યાઉં ગાઉં દાન પ્રભાવ
કયવન્નાની પરે વાંછિત ઋદ્ધિ આવે
શ્રીપુરવાસી એક વ્યવહારીઓ વસે નેસ
ગંગાદે ઘરણી ગંગદત્ત પુત્ર વિશેષ
વિશેષ પિતા જવ મરણ જ પામ્યો માબેટે દુઃખ સહિયાં
આવ્યાં કામકરાં થઈ મજુરીએ શ્રીપુરશેઠ તણે ઘર રહિયાં
એકદા ખીર ખાંડ ધૃત સાકર બેટો માં કને માગે
ઉનું જમ્યા થયા છ મહિના રોવે સુત માં આગે ૧
પાડોસણિ ચિહુંયેં ચાર વસ્તુ તસ દીધી
ખીર રાંધી પીરસી માગે કામ પ્રસિદ્ધી
જો દાન ન દીધું તો દોહિલી આ પામી
કોઈ મુનિવર આવે તો આપું શીર નામી
શીરનામી એમ ચિંતે ગંગદત્ત માસ ખમણીઓ આવ્યો
બિલિઢી કાઢી ત્રણ ભાગ્ગ કરી સઘળી ખીર વહોરવી
વળીમાંયે પીરસ્યું જીમ્યો ગંગદત્ત વિશુચિકાયે વિપન્નો
રાજગૃહ ધન્નાવહ સુભદ્રા ઘરે સુતપણેં ઉપન્યો ૨
શુભદિવસે જન્મ્યો ઓચ્છવ મહોત્સવ કિયો
સહુ સ્વજન સંતોષી નામ કયવન્તો દીધો
યૌવનભરી આવ્યો તાતે તે પરણાવ્યો
વેશ્યાઘરે મૂકયો મદનમંજરી ભાવ્યો
ભાવ્યો બાર વરસ તિહાં રહીયો બારકોડી ધન વિલસી
માયબાપ તે મરણ જ પામ્યાં પણ ન લહું તે ણિકરસી
ધન લેવા એક દાસી મોકલી ઘરિણી બેઠી કાંતે
એક કુંડલ કરલો પુણીનો છાબમાંહે લેઈ ધાતે ૩
વેશ્યાએ જાણ્યું ધનનો આવ્યો છેહ
બેટીને કહે તવ ઈહાંથી કાઢો એહ
રજપુંજી કાઢ્યો અપમાન્યો ઘરે જાયે
નારી ઓળખીયો તેડ્યો ઘરે ઉચ્છાંહ

ઉચ્છાંહે કહે કિહાં માવિત્તર વડઈ ગામંતર ચાલ્યાં
ધન પુઠે ગયું ઘર જીરણ થયું પ્રથમ લહી દુઃખ સાલ્યાં
ઈમ કરતાં છ મહિના વોળ્યા કાંત્યામાં સુખ વિલસ્યાં
ગર્ભ રહ્યો તવ કહે ધણિયાણી ધન પાખે શું કરસ્યાં ૪
બાલધ તવચાલે ગૃહિણી ધન કાંઈ લેઈ
ઘરણી મોકલાવી ચાલ્યો શીખ જ દેઈ
એહવેં તેણે નયરે વાંઝિયો વણિગ વિપન્નો
ખણીખાડે ઘાત્યોમાંહિ મતિસંપન્નો
સંપન્ને ચારે વહુ તેડી બાલધમાં જઈ નિરખે
ઉંઘ્યો ઉપાડયો સાસુ વહુએં ઘરમાં મેલ્યો હરખિ
ચિહું પાસે ચારે મન હરણી કહે સુખ વિલસો આંહિ
લીહી ગઈ સુખનો ખંડ આવ્યો ગામાઠમ કહિ નાહિં ૫
ઈમ સુખ ભોગવતાં બાર વરસ તિહાં જાવે
સુત ચારે હુઆ બાલધિ આવી સુધી પાવે
એહનાં જે કોઈ તે ખપ કરસ્યે હેજ
નહીં દેખે તિવારે રાય દેખાડશે તેજ
તેજવંત બેટા છે ચારે લખમીના ધણી થાપ્યા
કાઢસ્યેં નર એહને વહુએ એહનો હોય તે આપો
સજાઈ કીધી મોદક બાંધ્યા છાના રતન લેઈ ભેલે
ઉંઘ્યો ઉપાડયો સાસુયેં બાલધિમાં જઈ મહેલે ૬
ધરણી ધરણી કહે બેટા બાલધિ આવી
પાડોશી પૂછ્યા સુદ્ધિ કશી નવિ પામી
ટાંડે જઈ સુતસું પૂછયા કિહ નવિ દીઠો
રોવે તવ ઝુરે મનમાં દુઃખ પેઠો
દુઃખે રોવે જોવે તરુણી ખાટલડી તે દીઠી
પુરૂષ જગડયો તવ ઓળખીયો તે વેળા થઈ મીઠી
બાર વરસસ્યુ સૂઈ રહીઆ સાથ ઉપરાજી વલીઓ
દેહ ભલું છે સુતો ન્હોતો સાથ અનેરો મિલીઓ ૭
સ્ત્રી કહે સ્યું લાવ્યા ઉપરી જણ નવિ દેખું

ધણી કહે પાછલિ છે આવે કરસ્યું લેખું
સંદેહ હજી છે ન મલે તિહાં લગે સાચું
હવે ઘરે પધારો તુમ્હે દીઠે અમ્હે રાચું
રાચું તાત સુખડી આપો ખડીઆમાં છે ખાઓ
વચ વહિલો વલિ જિમવા આવે પણિ નિશાળે જાઓ
મોદક ખાતાં રતન નીસર્યું ઘુંટો થાસ્યેં કહ્યું
વાટમાં જતાં જલમાં પડિયું તે જલ દોહેયિ દિસિ થયું ૮
કંદોઈયેં દીઠું દગફાલી મણિ એહ
વિહારી લીધું લાડુ દે તેહ
એહવે રાયનો હસ્તી તુંતુ જીવે સાહ્યો
તે હાથ ચોરાસી લાંબો જલચર જાયો
જોઈનેં કુંતા રે જણાવ્યો રાયે પડહો વજડાવ્યો
બેટી પરણાવું ધન આપું બહુ જઈ કરી કોયેં મેહલાવો
પડહો છબ્યો કંદોઈએ જાણ્યો કહો કન્યા કિમ દેસ્યું
અભયકુમાર કહે મમ બોલો કામ સરેં વિધિ કરસ્યું ૯
કંદોઈયે જલમાં રતન મેલી છોડાવ્યો
જય જય તવ હુઓ કંદોઈ કહે પરણાવો
જણતેડી બાંધ્યો કિહાં ચોર્યાં કિહાં લીધું
મારતાં કહે તવ કયવન્ના સુત કન્હે લીધું
લીધું રતન નાતિમાં પરણે સાત વાર પરણાવ્યો
કુસલેં ખેમેં જાવા દિયો ધરી જાજા ઘાઢા ફાવ્યા
કયવન્નો તેડી પરણાવ્યો સકલ મનોરથ ફળિયા
લીહી ગઈ સુખનો ખંડ આવ્યો અભયસું વાતે મિલિયા ૧૦
તુજ બુદ્ધિ તો સાચી જો મુજ કુટુંબ મલાવે
આ નગરમહિ છે ચાર સ્ત્રી ચાર સુત ફાવે
એક ડોશી સાસુ બાર વરસ તેણે રાખ્યો
પછી બાહિર કાઢ્યો ગામઠામ નવિ ભાખ્યો
ભાંખ્યો તો મેલાવું વહિલું કાં ન કહ્યું મુજ પહેલું
ચીતારા પાસે રૂપ કયવન્નાનું કરી દેઉલ મેહલાવ્યું

ઢંઢેરો ફેરવ્યો નયરીમેં કુંટુંબ સહિત સહુ આવો
પાંચ પાંચ મોદક સહુ લાવો યક્ષ ભેટી સહુ જાવો ૧૧
સહુ આવે-જાવેં ક્રોચ ઉપરી રહિયા જોવેં
ડોકરડી ચિંતે કિમ કરવું વહુ હવેં સાંજે નીસરીયા
રથે બેસાર્યા બેટા વહુ ચારે ડોશી જઈ યક્ષને ભેટ્યા
ભેટ્યા અભય કુટુંબ એ માહરૂં મંત્રી મેં ઓળખીયા
બેટા બાપ બાપ કહિવા લાગા વહુનાં મન ઓલસીયા
સાસુ કહે મકરો આશાતના પાછા તાણી લીધા
ધવ ધવરથ બેસી નીસરિયા પુઠે ગયા પસિદ્ધા ૧૨
જોયું પાછલિ જરડી કરની દ્રષ્ટિ ગાજી
તુજ પુત્ર બહુની ઠાંઠલી કરી કરી ભાંજી
તું કહાં ગયો'તો વળતો ના'વ્યો વહિલો
આઈ જુહાર કરૂં છું લેવા આવ્યો ફિરતો
ફિરતો આવ્યો ઘેરે સિધાવો બેટા વહુ-સહુ હરખ્યાં
સાર વસ્તુ ઘરમાંથી લીધી ડોશી થયા ઘર સરિખાં
લાખ એક ખાવાને આપ્યો જીવે તિહાં ધરિ આપ્યાં
સાતે સ્ત્રી સુખ ભોગવતાં દુઃખતણાં દલ કાપ્યાં ૧૩
એહવે વીર આવ્યા સાતેં સ્ત્રી જુઓ સાથિ
દીક્ષા લીધી તિહાં સાચા શ્રીગુરૂ હાથિ
પાળે એકમના કર્મ સર્વેને ટાળી
કેવલ પામીનેં મુક્તિ લહસ્યે લટકાળી
લટકાળી તે મુગતિ લહસ્યેં તે તો દાન પ્રભાવે
ઉત્તમના ગુણ લેઓ એઓ સજ્ઝાય કર્યો શુભ ભાવેં
શ્રી વિજયાણંદ સૂરિ રાજ્યે ઉસમાં પુરમાં કિયો
સંવત સોલ અઈસીયેં મનોરથ વિજયપખ્યાનો સીધો
શુભવિજય પંડિત પાયસેવી લાલવિજય કહે પ્રાણી
ભાવસહિત દાન દીઓ ભલીપરે હઈડે ઉલટ આણી ૧૪

## [X] ૨૭. કરકંડુ (પ્રત્યેક બુદ્ધ)ની સજ્ઝાય

ચંપાનગરી અતિભલી હું વારીલાલ દધિવાહન ભૂપાલ રે હું વારીલાલ

પદ્માવતી કૂખે ઉપન્યો હું વારીલાલ કર્મે કીધો ચંડાલ રે હું વારીલાલ ૧
કરકંડુને કરૂં વંદના હું વારીલાલ પહિલો પ્રત્યેક બુદ્ધ રે હું વારીલાલ
ગિરૂઆના ગુણ ગાવતાં હું વારીલાલ સમકિત થાયે શુદ્ધ રે હું વારીલાલ ૨
લીધી તે વાંસની લાકડી હું વારીલાલ થયો કંચનપુર રાય રે હું વારીલાલ
બાપ શું સંગ્રામ માંડીયો હું વારીલાલ સાધવી દીયો સમજાય રે હું વારીલાલ ૩
વૃષભ રૂપ દેખી કરી હું વારીલાલ પ્રતિબોધ પામ્યો નરેશ રે હું વારીલાલ
ઉત્તમ સંયમ આદર્યો હું વારીલાલ દેવતાએ દીધો વેષ રે હું વારીલાલ ૪
કર્મ ખપાવી મુક્તે ગયા હું વારીલાલ કરકંડુ ઋષિરાય રે હું વારીલાલ
સમયસુંદર કહે સાધુને હું વારીલાલ પ્રણમ્યાં પાતક જાય રે હું વારીલાલ ૫

## [?] ૨૮. કલાવતીની સજ્ઝાયો (૧)

બ્હેન લીલાવતી તમને હું વિનવું સ્વામીની સેવા કરજો
પતિ પરમેશ્વર આપણો છે બેની ઝાઝા તે કરજો જતન હો.
બેન કર્મ કરે તે સહેવું.

સત્યપણાથી સવળું રે બોલી અવળું રે સમજ્યા છે સ્વામી
વાંક એમા નથી કશો સ્વામીનો લખ્યા છે લેખ લલાટે... હો બ્હેન૦ ૨
પરણીને આવી ત્યારથી જરી લાડમાં નથી રાખી ખામી
માન આપ્યું છે અમને ઘણું એ એમાં નથી રહી ખામી... હો બ્હેન૦ ૩
હું જાવું છે વન વિષે હવે ઝાઝા પ્રણામ છે તમને
સર્વ બેનોની ક્ષમા માગું છું મારે જાવું છે વન મોઝાર... હો બ્હેન૦ ૪
પ્રભુ પ્રતાપે સંતાન દીધું કર્મે કીધું કેવું
ભર જંગલમાં જન્મ જ દેશું હે પ્રભુ શરણ તમારૂં... હો બ્હેન૦ ૫
કાળો રથ ને કાળા છે માફો કાળા બળદ કાળા વસ્ત્ર
ગળીનો ચાંલ્લો કીધો કપાળે ત્યાંથી તે ચાલ્યા જાય... હો બ્હેન૦ ૬
ચાલતાં ચાલતાં રે અટવી આવી ભર જંગલ ઘોર વન
ત્યાંથી સતીને હેઠે ઉતાર્યા આંખે આંસુડાની ધાર... હો બ્હેન૦ ૭
સુભટે સંભળાવ્યું બ્હેન લીલાવતી રાજાનો હુકમ એવો
કહેતા અમારી કાયારે કંપે બેરખાં કાપીને આપો... હો બ્હેન૦ ૮
રોતા રોતા સતીજી બોલ્યા બેરખા કાપીને લ્યોને
બેરખા કાપીને કહેજો સ્વામીને પાળી છે આજ્ઞા તમારી... હો બ્હેન૦ ૯

બેરખા કાપ્યા ત્યારથી તો સતીને દુઃખ જ થાય
અફસોસ કરતાં મૂર્છા રે આવી સારવાર નથી કોઈ પાસે... હો બ્હેન૦ ૧૦
સવા નવ માસે પુત્ર જન્મીયો ચંદ્ર સૂરજ બેઉ શોભે
ભર જંગલમાં જન્મજ દીધો રે પ્રભુ શરણ તમારૂં... હો બ્હેન૦ ૧૧
દેવલોક માંહે દેવ સિંહાસન ચલાયમાન જ થાય
દેવે વિચાર્યું સતી છે દુઃખ જાવ દેવ દેવી સહાયે... હો બ્હેન૦ ૧૨
દેવો આવીને નમન કરે છે સતીને દુઃખ જ થાય
બાળક લીધું સતીએ હાથમાં સતીને તેડી જાય... હો બ્હેન૦ ૧૩
સાવ સોનાનો મહેલ બનાવ્યો ફરતા બેઠા છે દેવો
સતી આજ્ઞા વિના કોઈ ન આવે એવો શીયલનો પ્રભાવ... હો બ્હેન૦ ૧૪
સાવ સોનાની માંચીયે બેસી બાળકને ધવરાવે
બાળક ધવરાવતા અફસોસ કરતા સ્વામી હશે સુખી કે દુઃખી... હો બ્હેન૦ ૧૫
નિમિત્તને વેશે દેવ પધાર્યા આવ્યા રાજદ્વાર
રાજમાં આવીને પ્રણામ કરીને બેઠા છે રાજને પાસે... હો બ્હેન૦ ૧૬
નિમિત્તજી બોલ્યા અરે રાજાજી કિમ ઉદાસ દેખાઓ
રાજનજી બોલ્યા અરે નિમિત્તજી કલાવતી નીચ બુદ્ધિ જાણી... હો બ્હેન૦ ૧૭
બેરખા પહેર્યા ત્યારે મેં પૂછ્યું કહો રાણીજી ! આ ક્યાંથી
તેણે અમોને ઉત્તર આપ્યો જે માટે મન તેણે મોકલ્યો... હો બ્હેન૦ ૧૮
મારાથી બળીયો કોણ વસે છે એવું જાણી કાઢી વનવાસે
બેરખાં કાપીને ભંડારે મૂકયાં તે તમને દેખાવું... હો બ્હેન૦ ૧૯
બેરખા જોઈને નિમિત્તજી બોલ્યા ભુંડું થયું તે રાજન
જય વિજય બે બાંધવા દેહના સીમંત અવસરે મોકલ્યા... હો બ્હેન૦ ૨૦
નામ છાપેલુ જુઓ રાજાજી વગર વિચાર્યું કર્યું કામ
એટલું સાંભળતાં મૂર્છા રે આવી સેવકો છે તેની પાસે... હો બ્હેન૦ ૨૧
મૂર્છા ઉતરતાં રાજાજી બોલ્યા શું કરૂં નિમિત્તજી
આજ ભર જંગલમાં શું રે થયું હશે વગર વિચાર્યું કર્યું કામ... હો બ્હેન૦ ૨૨
જાઓ જાઓ સેવકો સતીની શોધમાં ચારે તરફ ફરી આવો
જે કોઈ સતીને શોધીને લાવે તેને મોં માગ્યું આપું દાન... હો બ્હેન૦ ૨૩
નિમિત્તને રાજન તિહાંથી ચાલ્યા, આવ્યા છે વન મોઝાર

ચાલતાં ચાલતાં અટવી રે આવી દેવતાઈ મહેલ જોય... ૨૩
સામે કલાવતી ગોખમા બેઠા, ખોળામાં પુત્ર તેની પાસે
છેટેથી આવતા રાજન જોયા હરખનો નથી રહ્યો પાર... ૨૫
પાસે આવીને દર્શન કર્યો હર્ષે આંસુડાની ધાર
પુત્રને દીધો સ્વામીના હાથમાં હરખનો નથી રહ્યો પાર... ૨૬
તેવે સમે વનમાં મુનિ પધાર્યા પૂછે બેરખડાની વાત
કહોને મુનિ મે તો શા પાપ કર્યો હશે તે કર્મ ઉદયે આવ્યું આજ... ૨૭
તું રે હતી બાઈ રાજાની કુંવરી, એ હતો સુડીલાનો જાવ
તેં એ સુંડાની પાંખો છેદાવી તે કર્મે ઉદયે આવ્યું આજ... ૨૮
તમે તમારી વસ્તુ સંભાળો અમે લઈશું સંયમ ભાર
દીક્ષા લીધી શ્રી મહાવીરની પાસે પહોંચ્યા છે મુક્તિ મોઝાર... ૨૯
સુમતિ વિજય કહે શિયલ પ્રભાવથી દુઃખી તે સુખી થાય
સર્વ જનોને નમન કરૂં છું તેથી ઉતરશે ભવપાર... ૩૦

## [?] ૨૯. કલાવતીની સજ્ઝાયો (૨)

નગરી કોસાંબીનો રાજા કહીએ નામે જયસંગ રાય
બેન ભણી જેણી બેરખા મોકલ્યા કરમાં તે ભાઈના કહેવાય રે
કલાવતી સતીય શિરોમણિ નાર ૧
પહેલી રયણીએ રાજા મહેલે પધાર્યા થાયે બેરખાની વાત
કહોને સ્વામી તમે બેરખા ઘડાવ્યા સરખી ન રાખી દોય નાર રે " ૨
બીજી રયણીએ રાજા મહેલે પધાર્યા પૂછે બેરખાની વાત
કહોને કોણે તમને બેરખા ઘડાવ્યા તું નથી શીયલવતી નાર રે " ૩
ઘણું રે જીવો જેણે બેરખા ઘડાવ્યા અવસર આવ્યો એહ
અવસર જાણી જેણે બેરખા મોકલાવ્યા તે મેં પહેર્યા છે એહ રે " ૪
મારે મન એહને હું તેહને મન તેણે મોકલીયા એહ
રાત દિવસ મારે હઈડે ન વીસરે દીઠે હરખ ન છેહ રે " ૫
ઈણ અવસર રાજા રોષે ભરાણો તેડાવ્યા સુભટ બે-ચાર
સૂકી નદીમાં છેદન કરીને કર લેઈ આવો આવાર રે " ૬
બેરખા જોઈને રાજા મનમાં વિસામે મેં કીધો અપરાધ
વિણ અપરાધે મેં છેદન કરાવ્યાં તે મેં કીધો વિરોધ રે " ૭

ઈણ અવસર રાજા ધાન ન ખાયે મોકલ્યા સુભટ બે ચાર
રાત દિવસ રાજા મનમાં વિમાસે જો આવે શીયલવતી નાર રે " ૮
સૂકું સરોવર લહેરે રે જાય વૃક્ષ નવપલ્લવ થાય
કર નવા આવે ને બેટડો ધવરાવે તે શીયલ તેણે સુપસાય રે " ૯
એણે અવસરે મહાવીરજી પધાર્યા પૂછે પૂર્વ ભવની વાત
શા શા અપરાધ મેં કીધા પ્રભુજી તે મને કહો અવદાત રે " ૧૦
તું રે હતી બાઈ ! રાજાની કુંવરી એ હતો સૂડો પંખી જાણ
સહેજે સહેજે તે સૂડલીયાના પાંખ ભાંગી તાહરે બાણ રે " ૧૧
તમે તમારી વસ્તુ સંભાળો મારે સંયમ કેરા ભાવ
દીક્ષા લઈશું મહાવીરજીની પાસે પામશું મુગતિનું નાવ રે " ૧૨
પુત્ર હતો તે રાયને સોંપ્યો પોતે લીધો સંયમ ભાર
હીરવિજયગુરૂ એણી પેરે બોલે અમને ઉતારો ભવપાર રે " ૧૩

## [X] ૩૦. કામલતાની સજ્ઝાય

શી કહું કથની મારી રાજ, શી કહું કથની મારી,
મને કર્મે કરી મહિયારી રાજ. શી૦ ૧
શિવપુરના માધવદ્વિજની, હું કામલતાભિધ નારી;
રૂપ કલા ભરયૌવન ભારી, ઉરવશી રંભા હારી. રાજ શી૦ ૨
પારણે કેશવ પુત્ર પોઢાડી, હું ભરવા ગઈ પાણી;
શિવપુરી દુશ્મન રાયે ઘેરી, હું પાણિયારી લુંટાણી. રાજ શી૦ ૩
સુભટોએ નિજ રાયને સોંપી, રાયે કરી પટરાણી;
સ્વર્ગના સુખથી પણ પતિ માધવ, વિસરી નહિ ગુણ ખાણી. રાજ શી૦ ૪
વરસ પંદરનો પૂત્ર થયો તવ, માધવ દ્વિજ મુજ માટે;
ભમતો યોગી સમ ગોખેથી દીઠો જાતાં વાટે. રાજ શી૦ ૫
દાસી દ્વારા દ્વિજને બોલાવી, દ્રવ્ય દેઈ દુઃખ કાપ્યું;
ચૌદસ દિન મહાકાળી મંદિરમાં, મળશું વચન મેં આપ્યું. રાજ શી૦ ૬
કારમી ચુંકે ચીસ પોકારી, મહિપતિને મેં કીધું;
એકાકી મહાકાળી જાવા, તુમ દુઃખે મેં વ્રત લીધું. રાજ શી૦ ૭
વિસરી બાધા કોપી કાળી, પેટમાં પીડા થઈ ભારી;
રાય કહે એ બાધા કરશું, તતક્ષણ ચૂંક મટી મારી. રાજ શી૦ ૮

ચૌદશને દિન રાજા રાણી, એકાકી પગપાળે;
મહિપતિ આગળ ને હું પાછળ, પહોંચ્યા બેઉ મહાકાળી. રાજ શી૦ ૯
રાજાએ નિજ ખડ્ગ વિશ્વાસે, મારા કરમાં આપ્યું;
જબ નૃપ મંદિર માંહિ પેસે, તવ મેં તસ શિર કાપ્યું. રાજ શી૦ ૧૦
રાયને મારીને પતિને જગાડું, ઢંઢોલતા નવિ જાગે;
નાગ ડસ્યો પતિ મરણ થયો તવ, ઉભય ભ્રષ્ટ થઈ ભાગી.રાજ શી૦ ૧૧
નાઠી વનમાં ચોરે લૂંટી, ગ્રણિકાને ઘેર વેચી;
જાર પુરુષથી જારી રમતાં, કર્મની વેલ મેં સિંચી. રાજ શી૦ ૧૨
માધવ સુત કેશવ પિત્રુ શોધે, ભમી ગણિકાને ઘેર આવે;
ધન દેખી જેમ દુગ્ધ મંજારી, ગણિકાને મન ભાવે. રાજ શી૦ ૧૩
ગણિકાએ દ્વિજ મુજને સોંપ્યો, જાણ્યું ન મેં લલચાવ્યો;
ધિક્ ધિક્ પુત્રથી જારી ખેલું, કર્મે નાચ નચાવ્યો. રાજ શી૦ ૧૪
જારી રમતાં કાલ વીત્યો બહુ, એક દિન કીધી મેં હાંસી;
કયાંના વાસી કયાં જવાના, તવ તેણે અથ ઈતિ પ્રકાશી.રાજ શી૦ ૧૫
દૃઢ મન રાખી વાત સુણી મેં, ગૃહ્યા મેં રાખી મારી;
પુત્રને કહ્યું તુમે દેશ સિધાવો, મેં દુનિયા વિસારી.રાજ શી૦ ૧૬
પુત્ર વળાવી કહ્યું ગણિકને, હા-હા ધિક્ તુજ મુજને;
મહાપાતિકની શુદ્ધિ માટે, અગ્નિનું શરણ હો મુજને. રાજ શી૦ ૧૭
સરિતા કાંઠે ચ્હેં સળગાવી, અગ્નિ પ્રવેશ મેં કીધો;
કર્મે નદીના પુરમાં તણાણી, અગ્નિએ ભોગ ન લીધો. રાજ શી૦ ૧૮
જલમાં તણાતી કાંઠે આવી, આહિરે બહાર કાઢી;
મુજ પાપીણીને નદીએ ન સંઘરી, આહિરે કરી ભરવાડી. રાજ શી૦ ૧૯
તે ભરવાડણ દહીં દૂધ લઈને, વેચવા પુરમાં પેઠી;
ગજ છૂટયો કોલાહલ સુણીને, પાણીયારી ને હું નાઠી. રાજ શી૦ ૨૦
પાણીયારીનું બેડું ફુટ્યું, ધ્રુસકે રોવા લાગી;
દહીં દૂધની મમ મટકી ફુટી, હું તો હસવા લાગી. રાજ શી૦ ૨૧
હસવાનું કારણ તે પૂછયું, વીરા ! મેં અથ ઈતિ કીધું;
કેને જોવું ને કેને રોવું હું, દૈવે દુઃખ મને દીધું, રાજ શી૦ ૨૨
મહિયારીની દુઃખની કહાણી, સુણી મૂર્છા થઈ દ્વિજને;

મૂર્છા વળી તવ હા-હા ઉચરે, દ્વિજ કહે ધિક્ ધિક્ મુજને. રાજ શી૦ ૨૩
મા-દીકરો બેહું પસ્તાવો કરતાં, જ્ઞાની ગુરુ તવ મળીયા;
ગુરુની દીક્ષા શિક્ષા પામી, ભવના ફેરા ટળિયા. રાજ શી૦ ૨૪
એક ભવે ભવ બાજી રમતાં, ઉલટ સુલટ પડે પાસા;
નાનાવિધ ભવોભવ સાકળચંદ, ખેલે કર્મ તમાશા. રાજ શી૦ ૨૫

## • ૩૧. કુરગડુમુનિ (ઉપશમ)ની સજ્ઝાય

ઉપશમ આણો ઉપશમ આણો, ઉપશમ તપ માંહી રાણો રે;
વિણ ઉપશમ જિન ધર્મ ન શોભે, જિમ જગ નરવર કાણો રે. ૧
તુરમિણી નયરી કુંભ નરેસર, રાજ કરે તિહાં સુરો રે;
તસ નંદન લલિતાંગ મહાપતિ, ગુણમણી મંડિત પૂરો રે. ૨
સુગુરુતણી વરવાણી શ્રવણે, સુણી સંવેગ ન માયો રે;
રાજઋદ્ધિ રમણી સહુ છંડી, ચારિત્ર નીરે ન્હાયો રે. ૩
દેશ વિદેશ ગુરુ સંઘાતે, વિહાર કરે મુનિ મોટો રે;
સહે પરિસહ દોષ નિવારે, ઋષિ ઉપશમ રસ લોટો રે. ૪
અન્ય દિવસ તસ ક્ષુધા વેદનીય, કરમે ન સહી જાય રે;
ઈંદ્ર ચંદ્ર વિધાધર મુનિવર, કર્મ કરે તેમ થાય રે. ૫
કૂર ઘડો દિન પ્રત્યે લાવે, એષણા દોષ નિવારી રે;
કૂરગડુ તે માટે કહેવાયા, સંયમ શોભા વધારી રે. ૬
દિવસ પજુસણ ગુરૂ આદેશે, વોહરી કૂર સુસાધુ રે;
ચાર શ્રમણ ચઉમાસી તપીયા, દેખાડે નિરાબાધ રે. ૭
તે ચારે તસ પાત્રમાં થુંકે, રોષે લવે તું પાપી રે;
આજ પજુસણ કાં તું વિમાસે, દુરગતિશું મતિ થાપી રે. ૮
કૂરગડુ સમતા રસના ભરીયા, હૈયે વિમાસે રૂડું રે;
લુખો આહાર જાણી તે મુનિવર, ઘી નાંખ્યું નવિ કૂડું રે. ૯
આહાર કરી નિજ આતમ નિંદે, શુકલધ્યાન લય લાગી રે;
ઘનઘાતી ચઉ કર્મ નિવારી, કેવલજ્ઞાની મહાભાગી રે. ૧૦
શાસનદેવી ક્ષપકને પૂછે, કૂરગડુ કિહાં ધ્યાએ રે;
રોષ ભર્યા જલ્પે તે મુનિવર, ઓ જા ખુણે ખાયે રે. ૧૧
દેવ દુંદુભી ગયણે વાજી, ક્ષપક ખમાવે જાણી રે;

કેવલ પામી મુક્તિ સિધાવે, વાત સિદ્ધાંતે લખાણી રે. ૧૨
શ્રી વિજયદાન સૂરીશ્વર રાજ્યે, વિમલહર્ષ ઉવજ્ઝાયા રે;
આણંદવિજય પંડિતવર શિષ્યે, ધનવિજય ગુણ ગાયા રે. ૧૩

## ૩૨. કૃષ્ણ-વાસુદેવ-બલદેવની સજ્ઝાય
## (ઢાળ-૫)

### દુહા

અરિહંત પદ પંકજ નમી કર્મતણી ગતિ જેહ
વર્ણવશું ભલી રીતથી સુણજો ભવિ ! સસનેહ ૧
કર્મે સુખ-દુઃખ પામીયે કર્મે ભવજંજાળ
કર્મ સકળ દૂરે ટળે લહીએ સુખ સુવિશાળ... ૨
દાધી નગરી દ્વારિકા નાઠા હલી મોરાર
વનમાં વસતાં દુઃખ સહ્યા ભાખું તે અધિકાર... ૩

### ઢાળ ૧

ગ્રીષ્મ કાળના જોરથી રે લાગી તૃષ્ણા અપાર
કૃષ્ણ કહે બલભદ્રને રે શોધી લાવો તુમે વાર રે
સૂકે તાળવું આવાર રે નહિં ચાલી શકાય લગાર રે
બલભદ્ર કહે તેણી વાર રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૧
લેઈ આવું પાણી અમે રે તુમે રહેજો સાવધાન
એમ કહીને ચાલીયા રે જોવે પાણીના થાન રે
હરિસુતા તેહી જ રાન રે આવી નિદ્રા અસમાન રે
એક પિતાંબર પરિધાન રે કર્મતણીગતિ એહવી મેરે લાલ... ૧
બલભદ્ર બોલે એમ વળી રે ઉંચું વદન નિહાળ
બાંધવની રક્ષા કરો રે વનદેવી તુમે રખવાળ રે
તુમ શરણે છે એ બાળ રે તેને જાળવજો સંભાળ રે
હું આવું છું તત્કાળ રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૩
હલી તો પાણી લેવા ગયા રે આવ્યો જરા કુમાર
ભાવિ ભાવના યોગથી રે રહ્યો વૃક્ષાંતર અવિકાર રે
હરિપાદને મૃગલો ધાર રે બાણ મૂક્યું આકર્ષી ત્યાર રે

વિંધાણો પાદ મોરાર રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૪
સહસા ઉઠી હરિ ભણે રે કોણે કીધો છલ એહ
મારી કોઈએ નવિ હણી રે એટલા દિન પહેલા રેહ રે
નામગોત્ર કહો તુમે કેહ રે તવ બોલ્યો એણી પરે તેહ રે
તું સાંભળજે સસનેહ રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૫

## દુહો

જરા કુમાર ભાખે હવે નિજ અવદાત તે વાર
કૃષ્ણ નરેસર સાંભળે પગમાં પીડા અપાર... ૧

## ઢાળ ૨

વસુદેવ રાયરાણી જરા રે માયતાય મુજ જાણ
રામ કૃષ્ણનો ભાઈ વડો રે તે મુજ ભ્રાતા ગુણખાણ રે
મૈં સાંભળી જિનની વાણ રે તસ રક્ષા હેતે ઈણ ઠાણ રે
ભૂખ્યો-તરસ્યો રહું રાન રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૧
મુજને બાર વરસ ગયા રે સહેતાં બહુલા કલેશ
નર નવિ દીઠો ઈણ વને રે તું કોણ અછે શુંભ વેશ રે
તવજલ્પે કૃષ્ણ નરેશ રે ભાઈ આવ આવ સુવિશેષ રે
તારો ફોક થયો સવિ કલેશ રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૨
તેહીજ કૃષ્ણ તું જાણજે રે તાહરો જે લઘુભાત
જિણ અરથે તુ વન રહે રે ભાવિભાવ તેહ આયાત રે
જિન વયણ ન ફોગટ થાત રે જે દી' જગ પલટાઈ જાત રે
જિનવયણ નવિ પલટાત રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૩
જરા કુમાર નિસુણી ઈસ્યું રે કહે શું કૃષ્ણ એ ભાય
આવી દીઠા કૃષ્ણને રે મૂર્છાગત તે તિહાં થાય રે
વળ્યું ચેત તો રૂદન કરાય રે હા કૃષ્ણ ! કિહાંથી એ ઠાય રે
જેહથી નાશીયેંત આય રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૪

## દુહો

પૂછે વાસુદેવને દ્વારિકાનો અધિકાર
જેમ જેમ જરાકુમાર સુણે હઈડે દુ:ખ અપાર... ૧

## ઢાળ ૩

દુ:ખભર હૈડે રોવતો રે પૂછે કૃષ્ણને એમ
દ્વારિકા શું દાધી ખરી રે જદુ કેરો ક્ષય થયો કેમ રે
મળ્યું સર્વે કહ્યું જિન નેમરે તુજ દેખીને ચિંતુ એમ રે
ભાઈ એહ બની ગયું કેમ રે ? કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૧
કૃષ્ણે પણ માંડી કહ્યો રે દ્વારિકા કેરો દાહ
સાંભળી રૂદન કરે ઘણું રે રોવરાવે વૃક્ષની સાહ રે
તસ ઉપન્યું દુ:ખ અથાહ રે ભાઈ માર્યો વિણ અપરાધ રે
મુજ હોશે નરકનો રાહ રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૨
રૂડું કરતાં ભૂંડું થયું રે પૃથ્વી આપો માગ
એહ શરીરે નરકમાં રે અમને છે દુ:ખનો લાગ રે
મુજ નરકથી અધિક દુ:ખ લાગ રે મુજ કૃષ્ણ ઉપર બહુ રાગ રે
તેહને માર્યો વિણ આગ રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૩
પ્રભુએ જ્યારે ભાખીયું રે મરણ ન પામ્યો કેમ
મુજ મરતાં ઓછું કિશ્યું રે તુજ જીવતાં જગ ખેમ રે
તવ કૃષ્ણ કહે ધરી પ્રેમ રે મત શોક કરો તુમ એમ રે
નીપજ્યું પ્રભુએ કહ્યું તેમ રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૪
કૌસ્તુભ લેઈ જાઓ તુમે રે વહેલાં પાંડવ પાસ
આગળ પાછળ જોવતો રે કહેજો દ્વારિકાનો નાશ રે
વહેલો તું ઈહાંથી નાશ રે નહિં તો બળદેવની પાસ રે
જમરાયને આધીન થાસ રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૫
વિપરીત પગલાં થાપજો રે જેમ નાંવે પુંઠે રામ
પાંડવને ખમાવજો રે અમચો અપરાધ તમામ રે
રાજય અંધ ગરવને ધામ રે દૂરે આપ્યું રહેવા ઠામ રે
અન્યાય કર્યો અમે તામ રે દ્રોપદી લઈ વળીયા જામ રે... ૬

## દુહો

શીખ લેઈ વાસુદેવની જરા કુમાર હવે જાય
પાછું વાળી જુએ બહુ અંતરમાં અકળાય... ૧

## ઢાળ ૪

જરા કુમાર એમ સાંભળી રે કાઢ્યું પગથી બાણ
કૌસ્તુભ લઈને તે ગયો રે પગલાં વિપરીત મંડાણ રે
વેદના હરિને અપ્રમાણ રે તૃણ સંથારો કરી રાણ રે
બોલે એમ અવસરના જાણ રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... કર્મ૦ ૧
જિનવરને નમું હર્ષથી રે શક્રે પ્રણમિત પાય
શાશ્વત સુખ પામ્યા જીકે રે તે સિદ્ધ નમું નિરમાય રે
આચારજ ઉવજઝાય રે વળી સાધુતણાં સમુદાય રે
શિવ સાધન સીધે ઉપાય રે... કર્મ૦ ૨
નમીએ નેમિ જિનેશ્વરૂ રે મુજને જસ ઉપકાર
ભવ્ય જીવ પ્રતિબોધતાં રે મુજને દેખો ઈણ ઠાર રે
તુમે જગવત્સલ હિતકાર રે જ્ઞાનાદિક ગુણ ભંડાર રે
અતિશય વર ચોત્રીસ ધાર રે... કર્મ૦ ૩
જેહ કરી આશાતના રે તેહ ખમાવું સ્વામ
તુમ ઉપકાર ન વીસરૂં રે વારંવાર નમું શિરનામ રે
જીવડા ! સહુ જીવને ખામ રે સહુ ગણજે મિત્રને ઠામ રે
એમ પામીશ શાશ્વત ધામ રે... કર્મ૦ ૪
બેસી સંથારે ચિંતવે રે ધન્ય શ્રી નેમિ જિણંદ
વરદત્તાદિક રાજવી રે તજી ગેહ થયા મુણીંદ રે
જસ દૂર ટળ્યા દુઃખ દંદ રે શાંબાદિક કુમરના વૃંદ રે
ધન્ય ચિંતવે એમ ગોવિંદ રે... કર્મ૦ ૫

## દુહો

કરતાં એમ અનુમોદના ઉત્તમ ધર્મની સાર
એહવે મનમાં આવતી લેશ્યા દુષ્ટ તેણી વાર... ૧
ગતિ તેહવી મતિ સંપજે જેણે અશુભાયુ બદ્ધ
શુભ લેશ્યા દૂરે ગઈ તીવ્ર વેદન પ્રતિબદ્ધ... ૨

## ઢાળ ૫

રાજીમતી રૂકિમણી પમુહારે ધન્ય જાદવની નાર

ગૃહવાસ છાંડીને જેણે રે લીધો વર સંયમ ભાર રે
ઈમ ભાવે ભાવ ઉદારે પણ વેદનાનો નહિં પાર રે
થયો વાત પ્રકોપ પ્રચાર રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૧
તે દુઃખમાં વલી સાંભરી રે દ્વારિકા નગરીની ઋદ્ધ
સહસ વરસ મુજને થયા રે પણ એ મુજને કિણહી ન કીધ રે
જેમ દ્વીપાયને દુઃખ દીધ રે હું એકલ મલ્લ પ્રસિદ્ધ રે
પણ એ દુઃખ દેવા ગીદ્ધ રે કર્મ તણી ગતિ એહવી મેરે લાલ... ૨
જો દેખુ હવે તેહને રે તો ક્ષય આણું તાસ
તાસ ઉદરથી હું સવે રે કાઢુ પુર ઋદ્ધિ ઉલ્લાસ રે
ઈમ રૌદ્ર ધ્યાન અભ્યાસ રે છૂટે તિહાં આયુ પાસ રે
મરી પહોંચ્યા નરકવાસ રે કર્મતણી ગતિ એહવી મેરે લાલ... ૩
સોલ વરસ કુમરપણે રે છપ્પન વળી મંડલીક
નવસેં અઠ્યાવીસ જાણીયે રે વાસુદેવ પણે તહકીક રે
તિહાં કર્મ કીધાં ઠીક ઠીક રે ત્રીજી નરકે દુઃખ ભીક રે
પહોંત્યા તેહમાં ન અલીક રે કર્મ તણી ગતિ એહવી મેરે લાલ...
કર્મ૦ ૪

તપગચ્છ સિંહ સૂરીશના રે સત્યવિજય ગુણમાલ
કપૂર ક્ષમા વિજયાભિધા રે જિન વિજય ગુરૂ ઉજમાળ રે
ગુરૂ ઉત્તમ વિજય દયાળ રે તસ પદ્મવિજય કહે બાળ રે
સુણતાં હોયે મંગળ માળ રે ભવિ ! છોડો કર્મ જંજાળ રે... કર્મ૦ ૫

## ૩૩. કૃષ્ણમહારાજાની સજઝાય

નગરી દ્વારીકામાં નેમિ જિનેસર, વિચરંતા પ્રભુ આવે;
કૃષ્ણ નરેશર વધાઈ સુણીને, જિત નિશાન બજાવે,
હો પ્રભુજી ! નહિ જાઉં નરકની ગેહે.
નહિ જાઉં નહિ જાઉં હો પ્રભુજી, નહિ જાઉં નરકની ગેહે. ૧
અઢાર સહસ સાધુજીને, વિધિશું, વાંદ્યા અધિકે હરખે;
પછી નેમિ જિણેસર કેરાં, ઉભા મુખડાં નિરખે. હો પ્રભુજી૦ ૨
નેમિ કહે તુમે ચાર નિવારી, ત્રણ તણાં દુઃખ રહીયાં;
કૃષ્ણ કહે હું ફરી ફરી વાંદુ, હર્ષ ધરી મન હઈયાં. હો પ્રભુજી૦ ૩

નેમિ કહે એહ ટાળ્યા ન ટળે, સો વાતે એક વાત;
કૃષ્ણ કહે મારા બાળ બ્રહ્મચારી, નેમિ જિણેસર ભ્રાત. હો પ્રભુજી૦ ૪
મહોટા રાજાની ચાકરી કરતાં, રાંક સેવક બહુ રળસે;
સુરતરુ સરીખા અફળ જશે ત્યારે, વિષ વેલડી કેમ ફળશે. હો પ્રભુજી૦ ૫
પેટે આવ્યો તેહ ભોરીંગ વેઠે, પુત્ર કપુત્ર જ થાય;
ભલો ભૂંડો પણ જાદવકુળનો, તુમ બાંધવ કહેવાય. હો પ્રભુજી૦ ૬
છપ્પન ક્રોડ જાદવનો રે સાહિબો, કૃષ્ણ જો નરકે જાશે;
નેમિ જિનેસર કેરો રે બાંધવ, જગમાં અપયશ થાશે. હો પ્રભુજી૦ ૭
શુદ્ધ સમકિતની પરીક્ષા કરીને, બોલ્યા કેવલજ્ઞાની;
નેમિ જિનેસર દિયો રે દિલાસો, ખરો રૂપૈયો જાણી. હો પ્રભુજી૦ ૮
નેમિ કહે તુમે ચિંતા ન કરશો, તુમ પદવી અમ સરખી;
આવતી ચોવીશીમાં હોશો તીર્થંકર, હરિ પોતે મન હરખી. હો પ્રભુજી૦ ૯
જાદવકુળ અજવાળ્યું રે નેમિજી, સમુદ્રવિજય કુળ દીવો;
ઈંદ્ર કહે રે શિવાદેવીના નંદન, ક્રોડ દીવાળી જીવો. હો પ્રભુજી૦ ૧૦

## ૩૪. કઠીયારાની સજ્ઝાય

વીર જિનવર રે ગૌતમ ગણધરને કહે ગુરૂવાણી રે પુણ્યવંત પ્રાણી સદ્દહે
કઠીયારો રે પરદેશી દુર્બોધ એ તે તો નિશ્ચયરે નવિ પામે પ્રતિબોધ એ
પ્રતિબોધ નિશ્ચે નવિ પામે જીવ તે દુર્બોધ એ
ધન કર્મ મર્મ જાગે જડને ધર્મ સાથે વિરોધ એ
તવ કહે ગૌતમ સ્વામી ગણધર સંપુટ કરી મનોહાર એ
દષ્ટાંત કઠીયારા તણો મુજ કહો જગદીધાર એ... ૧
તવ જલ્પે રે ચરમ જિનેશ્વર તેહ ભણી સુણ ઉત્તમ રે ગૌતમ ગોત્ર તણા ધણી
કઠીયારો રે કોઈક એક પુર રહે તે તો અનુદિન રે મૂળી લેવા વન વહે
વન વહે ઈંધણ કાજે એક દિન ગિરિ ગહ્વરમાં ગયો
અતિ સરલ સુંદર તરૂ નિહાળી હૈડામાં હરખીત થયો
તે તુરત છેધો મૂલ ખણતાં નીકળી કનક એક માટલી
વરપાંચ રત્નજડિત અદ્‌ભૂત જાતિરૂપતણી ભલી... ૨
શિરમૂળીરે વાંસે તે માટલીધરી ઘરે આવતાં રે વૃષ્ટિ થઈ અતિ આકરી

મૂળી વેચી રે ન શક્યો તે ઘરમાં ઠવી ખોળ ખાવારે આવ્યો દીનપણું ચવી
ચવી દિનપણું મુરખ વિપણથી ઉછીનો ખોળ આણીઓ
કનક માટલી માંહે ઘાલી રાંધે મૂરખ પ્રાણીયો
મૂળી કેરા ખંડકાપી અગ્નિમાં ક્ષણક્ષણ ધરે
તેહ તણો પરિમલ અતિઅનર્ગલ સબળ સઘળે વિસ્તરે... ૩
એહવે એકરે ધનદસમ અવતારીઓ ઈણવખતે રે તેહપંથે વ્યવહારીયો
જાતાં થકાં રે ગંધ તેને ઘણો આવીયો વન ભીતર રે ભારે વિસ્મય પામીયો
પામીયો તે ગંધ ક્યાંથી બાવના ચંદન તણો
એહવો ઉદાર છે કવણ ભોગી દ્રવ્ય એમ કેહને ઘણો
તે ગંધને અનુસાર આવે ગેહ કઠીયારા તણે
વગર વિચાર્યું કાર્ય દેખી શેઠ શિખામણ ભણે... ૪
અરે મૂરખ રે મમ કર તું અકાજ રે કાંઉ બાળે રે બાવના ચંદન આજ રે
તુંને આપું રે તોલી કનક બરોબરે સુખ ભોગવ રે ભામિની સુંદર મંદિરે
મંદિર સુંદર જયું પુરંદર કરે વિનોદ વિલાસ રે
એ રયણ રૂડા જાળવે તો પૂરવું તુજ આશ રે
મૂર્ખ સમજે નહિં અકિંચન રયણ વિણસાડે જડો
મન ખેદ ધરતો ઘર સિધાવે શેઠ એ ઉપનય વડો... ૫
ભવ પાટણ રે વિસ્તાર ભૂમિ વખાણીએ મતિ જાડી રે જીવકબાડી જાણીએ
રૂડીકાયા રે કનકતણી એ માટલી પાંચ ઈંદ્રિય રે જ્યોતિ રત્ન ઉપર વળી
ઉપર વળી રૂચી રત્ન કેરી વિષય ખોલ અસાર એ
તેહ તણે કાજે આયું ચંદન દહે મૂઢ ગમાર એ
નિજ કાય ઈંદ્રિય કનક રયણ કાંતિ સકલ કહે વૃથા
એહવાત જગ વિસ્તાર પામી તેલ જળમાંહે યથા... ૬
શેઠ સદ્‌ગુરૂ રે પ્રીતી ધરે પ્રતિબોધવા ઉપગારી રે દીયે ઉપદેશ તે નવનવા
નવિ બૂઝે રે ભારેકર્મી જીવડો જાતી અંધો રે શું કરે તસ દીવડો
દીવડો શું કરે સદ્‌ગુરૂ વિષય અંધા જે જના
એ કળા સારી ગુરૂ કેરી વૃથા નિર્મલ દલ વિના
એહ સુણી ઉપનય વિષય વિષ સમ વિષય ખોળ સવિ વામીએ
ગુણવિજય અધિપતિ વીર જંપે પરમપદવી પામીએ... ૭

## ૩૫. કુંભારજા નારની સજઝાય

**દુહા**

શ્રી રાજગૃહી નગરી વિષે વસે એક નરનાર,
માધવ તેનો દિકરો વિનય તણો ધરનાર... ૧
ભણી ગણી મોટો થયો માતા કરે વિચાર,
વહુ હવે ઘેર લાવવી શોભાવે સંસાર... ૨
પરણી લાવ્યો પ્રેમદા મનમાં ધરી ઉન્માદ,
પણ તે નિકળી કુંભારજા સુણો હવે સંવાદ... ૩

**ઢાળ**

સગાં સબંધી થી શત્રુ બનાવે... પાડોશીથી લડનારી
માત પિતાની માજા ન રાખે... સાચવી સાપની ભારી
જેના ઘરમાં કુંભારજા નાર તેનો એળેગયો અવતાર ૧
કોણે કહ્યું હતું આવજે પરણવા... પહેલાં વાત ન વિચારી
પાણી પીને હવે પૂછો છો ઘરને... ચોક્ખી મૂર્ખાઈ છે તમારી... જેના૦ ૨
સાચી છે વાત ભૂલ કીધી અમે તો... જાણી જોઈને જક્ખમારી
માટે બોલો તો બોલ જો વિચારી... નહિતો થાશે તમારી ખુંવારી...
જેના૦ ૩
જાજો નખોદ મારા સગપણ કરનારનું... કીધી આ જિંદગી ખારી
માનો ઉપકાર માત-પિતાનો... કીધા તમોને ઘરબારી... જેના૦ ૪
બાંધી મુંઠી હવે તો રાખો... નહિ તો વેચાશે આબરુ તમારી
માટે બોલો તો બોલજો વિચારી... નહિતો થાશે તમારી ખુંવારી... જેના૦ ૫
આબરુના કાંકરા ક્યારના થયા છે... પણ ચાલી ન હોંશિયારી
આથી ઘણા હતા ફક્કડ અમે તો... ભલી વાંઢાની જિંદગી અમારી...
જેના૦ ૬
માંગા સત્તરશો મારા હતા પણ... વાતો નસીબની ન્યારી
અક્કલ હિણાને પનારે નાખીને... ઉંડા કુવામાં ઉતારી... જેના૦ ૭
માન્યું હતું કે ઘેર લક્ષ્મી પધારશે... નિત્ય રસોઈ કરશે સારી
પણ અહિંતો રંધાય છે કાળજાં મારાં... આવી તું લોહીની પીનારી...
જેના૦ ૮

મારા જેવી ભૂંડી નથી કહ્યું... છેવટની વાત નિરધારી
ઝાઝું કહેશો તો જોયા જેવું થશે... નક્કી હું કુવે પડનારી... જેના૦ ૯
જાઓ ખુશીથી જવું હોય ત્યાં... હું નહિ ધરુ લાચારી
તારા વિના રહીશ એકલી... સાચી છે વાત અમારી... જેના૦ ૧૦
ચાલી કુંભારજા કુવાના કાંઠે... અંદર જુએ છે તે પાણી
હિમ્મત ન ચાલી જોતાં પાછી ફરી ભમરાળી... જેના૦ ૧૧
લોભ જાગ્યો ત્યાં ઢોલીના દિલમાં... દીધાં આભુષણ ઉતારી
કંકણ લેવાને ગળે ફાંસી બતાવ્યો... કીધી પોતાની ખુંવારી... જેના૦ ૧૨
લટકી રહ્યો ઢોલી ફાંસાના દોરડે... જુએ કુંભારજા નારી
આભુષણ લઈને પાછી આવી ઘેર... નાથ! ઉઘાડો દ્વારની બારી...
જેના૦ ૧૩
આજ થકી નાથ પજવું નહિ તમને... લાગું છું પાય હાથ જોડી
અનુભવ જ્ઞાનથી સમજું છું સાનમાં... જોઈ દશા કફોડી... જેના૦ ૧૪
વર્ણવ્યો સંવાદ આ કુંભારજા નારનો... સાથે છે લોભની ખુંવારી..
કંચન-કામિનીથી જે નર દુર રહેશે... માણેકમુનિ કહે વરે શિવનારી...
જેના ઘરમાં...૧૫

## [?] ૩૬. કોણિકરાજાની સજઝાય

(રાગ : હો ભાઈ ! શું આ વેરલું વાળ્યું...)

કિયા રે ભવનું વૈર કપુત આ તે વાળ્યું;
તારા જનકને પિંજર નાંખી, પેટ જ મારૂં બાળ્યું રે. કિયા૦ ૧
આવું કરતાં તુજને પાપી, લાજ ન આવી કાંઈ;
બુદ્ધિ કુબુદ્ધિ તેં ઉપજાળી, રાજય લોભે લલચાઈ રે. કિયા૦ ૨
ગર્ભે આવ્યો તું મુજ જ્યારે, તેની શું વાત જ કહેવી;
તારા પિતાનું માંસ જ માંગ્યું, બુદ્ધિ તે કીધી એવી રે. કિયા૦ ૩
પાપીષ્ઠ તારો જનમ થાતાં, રીસ ચઢેલ અપારી રે;
ઉકરડે તુજને નંખાવ્યો, દુષ્ટ પુત્ર મેં ધારી રે. કિયા૦ ૪
શ્રેણીક રાયે વાત જ જાણી, તુર્ત તુને મંગાવ્યો;
પુત્ર પ્રતિ અતિ હેત જ આણી, અતિ તને હુલરાવ્યો રે. કિયા૦ ૫
સ્નેહ આવો તુજ ઉપર રાખ્યો, ત્યારે તેં આવું કિધું;

ફીટ ફીટ હો પાપીષ્ઠ તુજને, કલંક કુળને દીધું રે. ક્રિયા૦ ૬
આવું સમજી મેં તો તુજને, પહેલા નાંખી દીધો;
તુજ પિતાએ સ્નેહે તુજને, તોએ મોટો કીધો રે. ક્રિયા૦ ૭
હર્ષ ધરે શું તું મુજ પાસે, તાત ને પિંજર નાખી;
લાજી મરૂં છું તુજ થકી હું, વાત સુણતાં આખી રે. ક્રિયા૦ ૮
નિજ પિતાનો સ્નેહ ન જાણ્યો, રાજ લેવાને ધાયો રે;
સ્વાર્થ થકી તેં જગમાં પાપી, અપયશ અધિકો પાયો રે. ક્રિયા૦ ૯
દુષ્ટ દુર્મુખ તું જા અહિંયાથી, શું તુજ મુખ બતાવે;
અપકૃત્યો સહુ તારાં દેખી, દુઃખ જ મુજને થાએ રે. ક્રિયા૦ ૧૦
અપ્રિય વાચા સુણી માતાની, કોણિક ત્યાંથી જાએ;
કરવા બંધન મુકત પિતાને, દોડતો તે તો આવે રે. ક્રિયા૦ ૧૧
આવતો પાસે પુત્ર જ દેખી, શ્રેણીક મનમાં બીધો;
તાલકુટ મુદ્રિકા મુખે, ચૂસી કાળ જ કીધો રે. ક્રિયા૦ ૧૨
સ્વાર્થ જુઓ આ દુનિયા કેરો, કોઈ તણું નવ કોઈ;
હર્ષ ધરી મન શોધો સુખને, જગની રચના જોઈ રે. ક્રિયા૦ ૧૩

## ૩૭. ખડગકુમારની સજઝાય

અવંતી નગરી સોહામણી રે રાજા કેતુ યુવરાજ
વન ગયા મુનિને વાંદવાજી રે મનવસિયો વૈરાગ-
મુનીશ્વર ! જુઓ જુઓ ભગવંતના વેણ૦ ૧
ઘેર આવી કહે માયનેજી રે અમે લેશું સંયમભાર
કુંવર અમારો બાલુડોજી રે એ અણઘટતું થાય..મનીશ્વર૦ ૨
વાઘ સિંહ વનમાં વસેજી રે ખડ્ગ કુમાર કેમ જાય,
પાંચસે સુભટ આગળ કર્યા રે મેલ્યા કુમારની સાથ.. મુનીશ્વર૦ ૩
સાવત્થી નગરીમાં આવીયાજી રે શ્રાવક હરખ્યા અપાર,
આ નગરી બનેવી તણી રે ડર નહિં કોઈ લગાર.. મુનીશ્વર૦ ૪
જન સઘળા જમવા ગયાજી રે મુનિને મેલ્યા રે એક,
રાયને રાણી નિરખતાંજી રે નયણે છુટ્યા નીર.. મુનીશ્વર૦ ૫
આવો હતો મારો બાંધવો જી રે ક્રોધ ચઢ્યો અપાર,
રાયે સેવકને બોલાવીયા જી રે યતિને ઘો પ્રહાર.. મુનીશ્વર૦ ૬

મસાણ ભૂમિ લઈ ગયા જી રે કંપ્યા નહિં રે લગાર,
ત્વચા ઉતારી જીવતાંજી રે હણ્યો નાનેરો બાળ.. મુનીશ્વર૦ ૭
જન સઘળા જમી આવીયાજી રે શોધવા લાગ્યા રે ત્યાંય.
તે નયણે દેખે નહિંજી રે હૈડા ફાટી રે જાય.. મુનીશ્વર૦ ૮
જન જઈ રાયને મલ્યાજી રે રાજા પૂછે રે વાત,
કઈ નગરીના કિહાં વસોજી રે રહેતા કોની રે પાસ.. મુનીશ્વર૦ ૯
અવંતી નગરી સોહામણીજી રે રાજા કેતુ યુવરાય,
ખડ્ગ કુમારે દીક્ષા ગ્રહીજી રે રહેતા તેહની રે પાસ..મુનીશ્વર૦ ૧૦
વિના વિચારે મેં કર્યુંજી રે હણતાં ન કર્યો વિચાર,
હા ! અણઘટતું મેં કર્યુંજી રે હણ્યો રાણીનો રે વીર.. મુનીશ્વર૦ ૧૧
રાણીયે સંયમ આદર્યોજી રે રાજા જંપ ન થાય,
ઘેર જવું ગમતું નથીજી રે લીધો સંયમ ભાર.. મુનીશ્વર૦ ૧૨
પાંચસે સુભટ ભેળા થઈજી રે મળીને કરે રે વિચાર,
પંચ સમિતિ ત્રણ ગુપ્તિનોજી રે મળીને કીધો વિચાર.. મુનીશ્વર૦ ૧૩
કર્મ ખપાવી હુઆ કેવલજી રે પૂર્યા મનનાં કોડ,
વિનયવિજયની વિનતિજી રે સુમતિવિજયની રે જોડ.. મુનીશ્વર૦ ૧૪

## ૩૮. (ક) ખંધકમુનિની સજ્ઝાયો

### ઢાળ ૧

નમો નમો ખંધક મહામુનિ, ખંધક ક્ષમા ભંડાર રે;
ઉગ્ર વિહારે મુનિ વિચરંતા, ચારિત્ર ખડ્ગની ધાર રે, નમો૦ ૧
સમિતિ ગુપ્તિને ધારતો, જિતશત્રુ રાજાનો નંદ રે;
ધારણી ઉદરે જનમિયો, દર્શન પરમાનંદ રે. નમો૦ ૨
ધર્મઘોષ મુનિ દેશના, પામીયો તેણે પ્રતિબોધ રે;
અનુમતિ લેઈ માયતાતની, કર્મ શું યુદ્ધ થઈ યોદ્ધ રે. નમો૦ ૩
છઠ અઠમ આદે અતિ ઘણા, દુષ્કર તપ તનુ શોષ રે;
રાત દિવસ પરિસહ સહે, તો પણ મન નહિ રોષ રે. નમો૦ ૪
દવ દીધા ખીજડા દેહમાં, ચાલતાં ખડખડે હાડ રે;
તો પણ તપ તપે આકરા, જાણતાં અથિર સંસાર રે. નમો૦ ૫

એક સમે ભગિની પૂરી પ્રતે, આવીયા સાધુજી સોય રે;
ગોખે બેઠી ચિંતે બેનડી, એ મુજ બંધવ હોય રે. નમો૦ ૬
બેનને બાંધવ સાંભર્યો, ઉલટ્યો વિરહ અપાર રે;
છાતી લાગી છે ફાટવા, નયણે વહે આંસુડાની ધાર રે. નમો૦ ૭
રાય ચિંતે મનમાં ઈસ્યું, એ કોઈ નારીનો જાર રે;
સેવકને કહે સાધુની, લાવોજી ખાલ ઉતાર રે. નમો૦ ૮

## ઢાળ ૨

રાય સેવક તવ કહે સાધુને, ખાલડી જીવથી હણશું રે,
અમ ઠાકુરની એહ છે આણા, એ અમે આજ કરીશું રે;
અહો અહો સાધુજી સમતાના દરિયા, મુનિ ધ્યાન થકી નવિ ચલિયા રે. ૧
મુનિવર મનમાંહિ આણંદ્યા, પરિષહ આવ્યો જાણી રે;
કર્મ ખપાવવાનો અવસર એહવો, ફરી નહીં આવે પ્રાણી રે. અહો૦ ૨
એતો વળી સખાઈ મલીયો, ભાઈથકી ભલેરો રે;
પ્રાણી તું કાયરતા પરિહરજે, જિમ ન થાયે ભવ ફેરો રે. અહો૦ ૩
રાય સેવકને તવ કહે મુનિવર, કઠણ ફરસ મુજ કાયા રે;
બાધા રખે તુમ હાથે થાયે, કહો તિમ રહીએ ભાયા રે. અહો૦ ૪
ચારે શરણાં ચતુર કરીને, ભવ ચરમ આવર્તે રે;
શુકલધ્યાનશું તાન લગાવ્યું, કાયાને વોસિરાવે રે. અહો૦ ૫
ચડચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલે રે;
ક્ષપકશ્રેણિ આરોહણ કરીને, કઠિણ કરમને પીલે રે. અહો૦ ૬
ચોથું ધ્યાન ધરંતા અંતે, કેવળ લઈ મુનિ સિધ્યા રે;
અજર અમરપદ મુનિવર પામ્યા, કારજ સઘળાં સિધ્યા રે. અહો૦ ૭
એહવે તે મુહપત્તિ લોહીએ ખરડી, પંખીડે આમિષ જાણી રે;
લેઈને નાંખી તે રાજદુવારે, સેવકે લીધી તાણી રે. અહો૦ ૮
સેવક મુખથી વાત જ જાણી, બ્હેને મુહપત્તિ દીઠી રે;
નિશ્ચય ભાઈ હણાયો જાણી, હઈડે ઊઠી અંગીઠી રે. અહો૦ ૯
વિરહ વિલાપ કરે રાય રાણી, સાધુની સમતા વખાણી રે;
અથિર સંસાર સંવેગે જાણી, સંજમ લીયે રાય રાણી રે. અહો૦ ૧૦
આલોઈ પાતકને સવિ છંડી, કઠિન કર્મને નિંદી રે;

દુષ્કર તપ કરી કાયા ગાળી, શિવ સુખ લહે આણંદી રે. અહો૦ ૧૧
ભવિયણ એહવા મુનિવર વંદી, માનવભવ ફળ લીજે રે;
કરજોડી મુનિ મોહન વિનવે, સેવક સુખિયા કીજે રે. અહો૦ ૧૨

## ૩૮. (ખ) ખંધકમુનિની સજ્ઝાય (૨)
## (ઢાળ-૩)
### દુહા

શ્રી મુનિસુવ્રત જિન નમું, ચરણયુગલ કરજોડી
સાવત્થિપુર શોભતું, અરિ સબળા બળ તોડી... ૧
જિતશત્રુ મહીપતિ તિહાં, ધારિણી નામે નાર
ગોરી ઈશ્વર સુનું સમ, ખંધક નામે કુમાર... ૨
સ્વસા પુરંદરા મનોહરૂં, રૂપે જીત્યો અનંગ
દિનકર ઈંદુ ઉતરી, વસીયો અંગોપાંગ... ૩
કુંભકાર નયરી ભલી, દંડકરાય વરિટ્ઠ
જીવ અભવ્યનો દુષ્ટધી, પાલક અમાત્ય કુધિટ્ઠ... ૪
માત પિતા સવિ મલી કરી, પુરંદર કન્યા જેહ
આપી દંડકરાયને, પામી રૂપનો છેહ... ૫
એક દિન વિહરંતા પ્રભુ, સાવત્થિ ઉદ્યાન
વીસમા ભવિ પ્રતિબોધતા, સમોસર્યા જિનભાણ... ૬
સુણી આગમ ખંધક વિભુ, નમે ભગવંતને આય
સુણી દેશના દર્શન લહી, નિજ નિજ સ્થાનક જાય... ૭
કુંભકાર નયરી થકી, કોઈક રાયને કાજ
પાલક સાવત્થિ ભણી, આવ્યો સભાએ રાજ... ૮
પાલક બોલે સાધુડા, અવગણના ભંડાર
નિસુણી ખંધક તેહને, દીધી શિક્ષા લગાર... ૯
પાલક ખંધક ઉપરે, થયો રે ક્રોધાતુર
પછી તે નિજસ્થાનક ગયો, દંડકરાયને પૂર... ૧૦
એહવે મુનિસુવ્રત કને, નમી ખંધક લીયે વ્રત
પંચ શત નરની સંગતે, બહુલ કર્યું સુકૃત... ૧૧

### ઢાળ-૧

ખંધક સાધુ વિચાર, આપે વાચના સાર, આજ હો૦
એક દિન પૂછે મુનિસુવ્રતનેજી... ૧
સ્વામી સાધુ સવેશ, જાઉં બેનને દેશ, આજ હો૦
પ્રભુજી આજ્ઞા હવેજી... ૨
કહે જિન સાધુ સર્વ, મરણાંત હોશે ઉપસર્ગ, આજ હો૦
નિસુણી ખંધક વિનવેજી... ૩
નવિ જીવિત અમ દુઃખ સહશું મોક્ષના સુખ, આજ હો૦.
લોક લાયક અમે પામશુંજી... ૪
સ્વામી કહે તે વાર, તુજ વિણ સવિ પરિવાર, આજ હો૦
દુઃખિત તે બહુ થાયશેજી... ૫
તે સુણી મુનિ પંચ શત, સહ ચાલ્યો ધૂરે આદિત, આજ હો૦
અનુક્રમે નયરી પામીયોજી... ૬
પૂરવ વૈર સંભાર, ગોપવ્યા સહસ હથિયાર, આજ હો૦
પાલકે તે ઝટ ગહનમાંજી... ૭
ઉઠ તું વાંદવા કાજ, ભાખે અમાત્ય મહારાજ, આજ હો૦
કાં તુજ ધારણા કિહાં ગઈજી... ૮
પાંચસે સુભટને સાજ, લેવા આવ્યો રાજ, આજ હો૦
વેષ ધરી સાધુતણોજી... ૯
પ્રગટ કરી તે શસ્ત્ર, વાંદવા જાઈશ તત્ર, આજ હો૦
હણી તુજ લેશે રાજનેજી... ૧૦
જોવા આવે રાય, શસ્ત્રની ધોરણી બતાય, આજ હો૦
સ્થાનકે કપટ જ કેળવ્યાંજી... ૧૧

### દુહા

દેખી ચિંતે રાજીયો, ક્રોધે દીસે તમ
સર્વ યતિજન બાંધીને, સોપ્યા પાલક ગુમ... ૧
કહે રાજા મંત્રીશ્વરૂં, જે રૂચે તે ધાર
હરખ્યો પાલક પામીને, ઉંદર જિમ માંજાર... ૨

## ઢાળ-૨

તવ પાલક સુખ પામતો, પ્રભુધ્યાવો લાલ
લાવે ઘાણી સમીપ રે, પ્રભુ ધ્યાવો લાલ
કુવચનને તે બોલતો, પ્રભુ૦ પીલીશ યંત્ર તનુ દીપ રે... પ્રભુ૦ ૧
કહે છે તે મંત્રીશ્વરૂ, પ્રભુ૦ એકક શ્રમણને યંત્ર રે પ્રભુ
ઘાણી ઘાલી પીલતો, પ્રભુ૦ માઠી બુદ્ધિ અત્યંત રે... પ્રભુ૦ ૨
ખંધક શિષ્યોને પિલતાં, પ્રભુ૦ દેખી દાઝે દેહ રે પ્રભુ
પાલકે ખંધક નિર્બિહથી, પ્રભુ૦ બાંધ્યો ઘાણીયે તેહ રે... પ્રભુ૦ ૩
તે સાધુના ઉછળે, પ્રભુ૦ રૂધિર કેરા બિન્દુ રે, પ્રભુ
પાપ તે દેખી અંબ રે, પ્રભુ૦ કંપે સૂરજ ચંદ રે... પ્રભુ૦ ૪
ખંધક તો મન લેખવે, પ્રભુ૦ તે અમૃતરસ બિંદુ રે પ્રભુ
દુષ્કૃત દેખી સુરનરા, પ્રભુ૦ થર થર કંપે ઈન્દ્ર રે... પ્રભુ૦ ૫
શાત વચને શિષ્યને પ્રભુ૦ નિર્યામે સમતાવંત રે પ્રભુ
જીવ તે શરીરથી ભિન્ન છે પ્રભુ૦ ધરશો નહી દુઃખ સંત રે... પ્રભુ૦ ૬
એ ઉપસર્ગને પામીયા, પ્રભુ૦ તે પૂરવકૃત કર્મ રે, પ્રભુ
સુખ કારણ એ ભોગવો, પ્રભુ૦ કોઈ ન કરશો ગર્વ રે... પ્રભુ૦ ૭
નિર્મમત્વ મન જેહનાં, પ્રભુ૦ નિર્યામે સદ્ભગવંત રે, પ્રભુ
જિમ જિમ પીલે પાપીયો, પ્રભુ૦ તિમ તિમ સમતાવંત રે... પ્રભુ૦ ૮
ઉજ્જવળ ધ્યાને ધ્યાવતાં, પ્રભુ૦ પામે કેવલ તુર્ત રે પ્રભુ
એમ તે મંત્રીએ હણ્યા, પ્રભુ૦ મુનિ એક ઉણ પંચ શત રે... પ્રભુ૦ ૯
ખંધક બોલે બાળ એ, પ્રભુ૦ દેખી દુઃખ ન ખમાય રે, પ્રભુ૦
તે કારણ મુજ પ્રથમ તું, પ્રભુ૦ હણ પછી એહની કાય રે... પ્રભુ૦ ૧૦
પાપી પાલક સાંભળી, પ્રભુ૦ દેવાને ઘણું દુઃખ રે પ્રભુ૦
ગુરૂ દેખતાં શીઘ્રપણે, પ્રભુ૦ પીલે પાલક મન સુખ રે... પ્રભુ૦ ૧૧
કેવળ પામી મોક્ષને, પ્રભુ૦ વરીયો બાળક શિષ્ય રે, પ્રભુ૦
દેખી ખંધક મુનિવરા, પ્રભુ૦ કરે કલ્પાંત મુનીશ રે... પ્રભુ૦ ૧૨

## દુહા

લખિત ભાવ ટળે નહિ, ચળે યદી જો ધ્રુવ
કર્મરેખા અપિ નવિ ટળે, કહે વીતરાગ એ ધ્રુવ... ૧

## ઢાળ-૩

બાળક મારે વચનથી રે, ન રાખ્યો ક્ષણમાત્ર
કરમની જુઓ ગતિ રે, વિપરીત છે કિરતાર... ૧
સપરિકર મુજ શિષ્યને રે, માર્યા એણે દુષ્ટ
રાજા હણવો મંત્રીને રે, ભરીયો કોપે કષ્ટ... કરમ૦ ૨
જો તે ફળ મુજને હોવે રે, તો દાહક કરનાર
થાઓ ભવ મુજ આવતે રે, નિયાણું કર્યું ધરી પ્યાર... કરમ૦ ૩
તવ મૃત ખંધક મુનિવરા રે હુઆ અગ્નિકુમાર
વાત સુણી એમ ચિંતવે રે, પુરંદરયશા નાર... કરમ૦ ૪
ઓઘો ખરડ્યો રકતથી રે, જાણી ભક્ષને હેત
અંબર ચડીય ગીધ ચંચથી રે, પડીયો સ્વસા છે જેત... કરમ૦ ૫
રજોહરણ તે ઓળખી રે, નિજ ભ્રાતનો તે જાણ
એ શું કીધું કારમું રે, રાજા પાપી અજાણ... કરમ૦ ૬
વ્રત લહી પરલોક સાધીયો રે, પુરંદરયશા દેવ
અવધિયે જાણી કરી રે, અગ્નિમ મૃત્યુ સચિવ... કરમ૦ ૭
દંડકરાયનો દેશ છે રે, કરે પ્રચંડ અગ્નિધાર
એકે ઉણા પાંચસે રે, પરિષહ સહ્યાં તિહાં સાર... કરમની જુઓ ગતિ રે ૮

## કળશ

વધ પરિષહ ઋષિએ ખમ્યા, ગુરૂ ખંધક જેમ એ
શિવસુખ ચાહો જો જંતુઓ, તો તમે કોય ન કરશો એમ એ
સંવત સમ મુનીશ્વરે, વસુ ચંદ્ર વર્ષે પોષ એ
માસ ષષ્ટિ પ્રેમ રામે, ઋષભવિજય એમ ભાસ એ... ૧

## ૩૯. ગજસુકુમાલની સજ્ઝાયો (૧)

સોના કેરા કાંગરા ને રૂપા કેરા ગઢ રે;
કૃષ્ણજીની દ્વારીકામાં, જોવાની લાગી રઢ રે,
ચિરંજીવો કુંવર તમે ગજસુકુમાલ રે, આ પુરાં પુન્યે પામીયા. ૧
નેમિજિણંદ આવ્યા, વંદન ચાલ્યા ભાઈ રે;
ગજસુકુમાલ વીરા, સાથે બોલાઈ રે. ચિરંજીવો૦ ૨

વાણી સુણી વૈરાગ્ય ઉપન્યો, મન મોહ્યું એમાં રે;
શ્રી જૈન ધર્મ વિના, સાર નથી શેમાં રે. ચિરંજીવો૦ ૩
ઘેર આવી એમ કહે, રજા દીયો માતા રે;
સંયમ સુખે લહું, જેહથી પામું શાતા રે. ચિરંજીવો૦ ૪
મુર્છાણી માડી કુંવર, સુણી તારી વાણી રે;
કુંવર કુંવર કેતાં આંખે, નથી માતા પાણી રે. ચિરંજીવો૦ ૫
હૈયાનો હાર વીરા, તજ્યો કેમ જાય રે;
દેવનો દીધેલો તુમ વિણ, સુખ કેમ થાય રે. ચિરંજીવો૦ ૬
સોના સરિખા વાળ તારા, કંચન વરણી કાયા રે;
એહવી રે કાયા એક દિન, થાશે ધુળધાણી રે. ચિરંજીવો૦ ૭
સંયમ ખાંડા ધાર, તેમાં નથી સુખ રે;
બાવીસ પરિષહ જીતવા, છે અતિ દુષ્કર રે. ચિરંજીવો૦ ૮
દુઃખથી બળેલો દેખું, સંસાર અટારો રે;
કાયાની માયા જાણે, પાણીનો પરપોટો રે. ચિરંજીવો૦ ૯
જાદવ કૃષ્ણ એમ કહે, રાજ્ય વીરા કરો રે;
હજારો હાજર ઉભાં, છત્ર શિર ધરો રે. ચિરંજીવો૦ ૧૦
સોનૈયાના થેલા કાઢો, ભંડારી બોલાવો રે;
ઓઘા પાત્રા લાવો વીરા, દીક્ષા દીયો ભાઈ રે. ચિરંજીવો૦ ૧૧
રાજપાટ વીરા તુમે, સુખે હવે કરો રે;
દીક્ષા આપો હવે મને, છત્ર તુમે ધરો રે. ચિરંજીવો૦ ૧૨
આજ્ઞા આપી ઓચ્છવ કીધો, સંયમે લીધો આપે રે;
દેવકી કહે ભાઈ, સંયમ ચિત્ત સ્થાપો રે. ચિરંજીવો૦ ૧૩
મુજને તજીને વીરા, અવર માત મત કીજે રે;
કર્મ ખપાવી ઈહભવે, વહેલી મુકિત લીજે રે. ચિરંજીવો૦ ૧૪
કુંવરે અંતેઉર મેલી, સાધુવેષ શીદ લીધો રે;
ગુરુ આજ્ઞા લઈને, સ્મશાને કાઉસ્સગ્ગ કીધો રે. ચિરંજીવો૦ ૧૫
જંગલે જમાઈ જોઈને, સોમીલ સસરા કોપ્યા રે;
ખેરના અંગારા લઈને, મસ્તકે સ્થાપ્યા રે. ચિરંજીવો૦ ૧૬
મોક્ષપાઘ બંધાવી સસરાને, દોષ નવિ દીધો રે;

વેદના અનંતી સહી, સમતા રસ પીધો રે. ચિરંજીવો૦ ૧૭
ધન્ય જન્મ ધર્યો તુમે, ગજસુકુમાલ રે;
કર્મ ખપાવ્યા તુમે, હૈયે ધરી હામ રે. ચિરંજીવો૦ ૧૮
વિનયવિજય એમ કહે, એવા મુનિને ધન્ય રે;
કર્મના બીજ બાળી, જીતી લીધું મન્ન રે. ચિરંજીવો૦ ૧૯

## ૪૦. ગજસુકુમાલની સજઝાય (૨)

ગજસુકુમાલ મહામુનિજી સ્મશાને કાઉસ્સગ્ગ;
સોમીલ સસરે દેખીને જી, કીધો મહાઉપસર્ગ રે,
પ્રાણી ધન ધન એહ અણગાર, વંદો વારંવાર રે. પ્રાણી૦ ૧
પાળ બાંધી શિર ઉપરે જી, ભર્યા અંગારા રે ત્યાંય;
ભડભડ જવાળા સળગતી જી, ઋષિ ચડિયા ઉત્સાહ રે. પ્રાણી૦ ૨
એ સસરો સાચો સગો જી, આપે મુકિતની પાઘ;
ઈણ અવસર ચુકું નહિ જી, ટાળું કર્મવિપાક રે. પ્રાણી૦ ૩
મારું કાંઈ બળતું નથી જી, બળે બીજાનું રે એહ;
પાડોશીની આગમાં જી, આપણો અળગો ગેહ રે. પ્રાણી૦ ૪
જન્માન્તરમાં જે કર્યા જી, આ જીવે અપરાધ,
ભોગવતાં ભલી ભાત શું જી, શુકલધ્યાન આસ્વાદ રે. પ્રાણી૦ ૫
દ્રવ્યાનલ ભાવાનલે જી, કાયા કર્મ દહંત;
અંતગડ હુવા કેવળી જી, ધર્મરત્ન પ્રણમંત રે. પ્રાણી૦ ૬

## [X] ૪૧. ગજસુકુમાલની સજઝાય (૩)

સંવેગરંગમાં ઝીલતો રે, મનશું કરે રે આલોચ;
પ્રભુવાણી સુણીને થયો રે, દીક્ષા લીયે સોલ વર્ષ.
યાદરવરાય ! ધન ધન ગજસુકુમાલ, તેહને કરું વંદના ત્રણ કાળ. ૧
પ્રભુ પાસે સંયમ આદર્યો, તેના ચઢતા છે પરિણામ;
મન વચ કાયા વશ કરી રે, જો હું પામુ કેવળજ્ઞાન. ૨
મુકતે જાવા મુનિ ઉતાવળો રે, પૂછે પ્રભુને એમ;
કેવલ કયારે આવશે રે, પ્રભુ ભાખે રાત્રે આજ. ૩
સ્માશાનમાં જઈ કાઉસગ્ગ રહ્યા રે, તેણે સાંજે ગજસુકુમાલ;

બીજા મુનિઓ એમ ચિંતવે રે, ધન બાલમુનિના ભાવ. ૪
મુજ પુત્રી વિણ અવગુણે તજી રે, સોમિલ બ્રાહ્મણ થયો ક્રોધી;
સગડી રચે મસ્તક ઉપરે રે, ચઉ દિશિ બાંધી માટીની પાળ. ૫
વેદના જેમ અધિકી વધે રે, વધ્યા શુભ પરિણામ;
ચૌદમે ગુણઠાણે ચઢયાં રે, મુનિ પામ્યા કેવળજ્ઞાન. ૬
દેવકી રાણીને થઈ રે, રાત્રી તે વર્ષ હજાર;
વાંદવા આવી પ્રભાત સમેરે, પૂછે મારો પ્રાણ આધાર. ૭
પૂછતા પ્રભુ માંડી કહે રે, રાત્રીની વિગત વાત;
કૃષ્ણ દેખી હૈયુ ફુટશે રે, તેણે કર્યો ઋષિનો ઘાત. ૮
ઉપશમ સુધારસ સેવતા રે, પામ્યા અવિચલ રાજ;
મન રંગે સાધુ મહંતના રે, ગુણ ગાવે શ્રી જિનરાજ. ૯

## [?] ૪૨. શ્રી ગોશાળાની સજઝાય

કંચન કેરી કિંમત જ્યારે.. કસોટીએ અંકાય છે..
એમ જ સાચા સંતની.. અગ્નિ પરીક્ષા થાય રે.
મહાવીર ને પણ મલ્યો ગોશાળો.. ૧
એક વખતનો શિષ્ય હતોને.. પછી ભાંડતો ગાળો..
વીરની સાથે વનવગડામાં.. વિચરંતો પગપાળો રે.. મહાવીર૦ ૨
શિષ્ય હતો તે સાથે ફરતો.. સુખ દુઃખ સાથે સહતો..
કઈ કઈ વેળાએ ટાઢ તાપમાં.. ભૂખ્યો તરસ્યો રહેતો રે.. મહાવીર૦ ૩
ગુરૂની સાથે રહી ગોશાળાએ.. ઘણું મેળવ્યું જ્ઞાન..
જ્ઞાન નહિ જીરવાયું ત્યારે.. ઉભરાયું અભિમાન રે.. મહાવીર૦ ૪
વીરની જેમ સર્વજ્ઞ પણાનો.. કરવા માંડ્યો ચાળો..
મુજથી બળીયો કોણ છે જગમાં.. ઘણું જાણવા વાળો રે.. મહાવીર૦ ૫
સંત મહાત્મા થઈને બેઠો.. સંઘની સ્થાપના કીધી..
વીરની સાથે હરીફાઈની.. ચેષ્ટા એણે કીધી રે.. મહાવીર૦ ૬
ફરતા ફરતા એકદિવસ ત્યાં.. મહાવીર સ્વામી પધાર્યા..
લડાઈના રસિયા લોકોએ.. અંગારા સળગાવ્યા રે.. મહાવીર૦ ૭
ગર્જતો ગોશાળો આવ્યો.. ભરતી મોટી ફાળો..
ઉશ્કેરાયા વીરના સાધુ.. સહન ન થઈ ગાળો રે.. મહાવીર૦ ૮

વાદવિવાદે વીફરેલો ત્યાં.. ભાન ભૂલી ને બોલે..
મૌન ધરીને મહાવીર ત્યારે.. મુખથી કશું ન બોલે રે.. મહાવીર૦ ૯
ગુરુએ શીખવાડેલી વિદ્યા.. ગુરૂ ઉપર અજમાવે..
ભીષણ તેજો લેશ્યા છોડી.. જ્વાલાઓ પ્રગટાવે રે.. મહાવીર૦ ૧૦
વીરની પાસે ચાર કુદરડી.. ફરતી આગની જ્વાલા..
આગ ન અટકી વીરના અંગે.. ગોશાળાને બાળે રે.. મહાવીર૦ ૧૧
હાથનાં કર્યાં હૈયે વાગે.. ચીસો કારમી પાડે..
બળી જળીને ઘોર પાખંડી.. થયો કોલસો કાળો રે.. મહાવીર૦ ૧૨
આટ આટલું વીત્યું તોયે.. વીરે સમતા ધારી..
મૃત્યું ટાણે પ્રેમ ધરીને.. દીધી શીખામણ સારી રે.. મહાવીર૦ ૧૩
આવા જ્ઞાની ગુરૂ હતા ને આવો હતો ગોશાળો..
"રૂપ" કહે એવા ગુરૂને વાંદો.. ભવજલ પાર ઉતારો રે મહાવીર૦ ૧૪

## ૪૩. ગોભદ્રશેઠ તથા શાલિભદ્રની ઋણાનુબંધે સજ્ઝાય

## (ઢાળ-૪)

### ઢાળ પહેલી

ચૌદસે બાવન ગણપતિ તેહના પ્રણમીને પાય રે
શાલિભદ્ર ગોભદ્ર શેઠના વર્ણવું ગુણ સમુદાય રે... ૧
ઋણ મત કરજો રે માનવી દેણું મોટી બલાય રે
દીધા વિણ છટે નહિં કીજે કોટી ઉપાય રે... ઋણમત ૨
સુખમાં કદીય સૂવે નહિં જેહને માથે છે વેર રે
રણીયો ને વ્યભિચારી વળી ઘણું ભણ્યો વળી શૂર રે... ઋણમત ૩
એ પાંચે રહે દૂબળા રાત-દિવસ લહે તાપ રે
ધન્ય ધન્ય ધન્ય મુનિરાજને તજ્યા પાંચે સંતાપ રે... ઋણમત ૪
એક ભવે દશ સો ભવે લીયે લેણદાર તેહ રે
દેણદાર દુઃખથી દીયે એહમાં નહિ સંદેહ રે... ઋણમત ૫
રૂપિયો અગ્યારમો પ્રાણ છે લોક કહે સુજાણ રે
લેઈને પાછો નવિ દીયે ત્યારે દુઃખે દશ પ્રાણ રે... ઋણમત ૬
માયા મોટી આજીવિકા સગા સણીજા છે હેઠ રે

માયા વિના જગમાં બહુ દીઠા કરતાં વેઠ રે... ઋણમત ૭
લ્હેણું શાલિભદ્ર શેઠજી લીધું એકે સંકેત રે
ગોભદ્રશેઠે રે આપીયું પેટી નવાણું સુહેત રે... ઋણમત ૮
દીપવિજય કવિરાજજી પૂરવ સૂરિ મહારાજ રે
પૂરવભવ ત્રણ વર્ણવ્યા તિમ વર્ણવું સુસાજ રે... ઋણમત ૯

## ઢાળ બીજી

જંબુદ્વીપે ભરત મોઝાર જયપુર નગર વસે મનોહાર
ગઢમઢ મંદિર રે દીપે માનું અલકાપુર ને ઝીપે... જંબુ૦ ૧
જયસેન રાજા રે રાજે છત્રપતિ આણ નિષ્કંટક છાજે
રાણી ગુણવંતી જસ નામ દોયકુલ નિર્મલ ગુણ વિસરામ... જંબુ૦ ૨
તેહ નગરનો છે રહેવાસી લક્ષ્મી કોટી ધ્વજ સુવિલાસી
ધનધત્ત નામે રે વાણી અભંગદ્વાર ને સુકૃત કમાણી... જંબુ૦ ૩
સાત પુત્રને સહુ પરિવારે જૈન ધરમ વાસિત જયકાર
તપ-જપ-કિરિયા-વ્રત-પચ્ચખાણ પરભવ સુકૃત તણાં મંડાણ... જંબુ૦ ૪
એહવે બીજા નગરનો વાસી રાજપાલ નામે ગુણરાશી
જયપુર નગરમાં આવ્યા ધનદત્તશેઠ તણે મન ભાવ્યા... જંબુ૦ ૫
પુત્ર છે રાજપાલને એક તેજપાલ નામેં સુવિવેક
તેજપાલને પુત્ર છે ચાર એણીપેરે પુત્ર-પિતા પરિવાર... જંબુ૦ ૬
ધનદત્ત શેઠની રે પાસે વાણોત્તર થઈ રહ્યા ઉલ્લાસે
નહિં વાણોતર શેઠ વડાઈ ધારે શેઠજી ધરમ સગાઈ... જંબુ૦ ૭
માતપિતા સગપણ પરિવાર વાર અનંતી હુઆ અવતાર
દીપવિજય કવિરાજ પ્રધાન સાહમીનું સગપણ પુણ્ય નિધાન... જંબુ૦ ૮

## ઢાળ ત્રીજી

તેજપાલ એક દિન ઈમ ચિંતે તીરથ ને અનુસરીએ
જેહથી તરીએ તેહ જ તીરથ સેવી ભવજલ તરીએ
ધન્ય જિનશાસન રે તીરથ જગ ઉપગારી ધન્ય૦-તીરથ ભવજલ તારી...૧
તેહમાં જંગમ થાવર તીરથ દોય ભેદે છે વારૂ
જંગમ તીરથ છે બહુ ભેદે વર્ણવું તેહ ઉદારૂ... ધન્યજિન ૨

અરિહંત ગણધર નિયમા તીરથ તીર્થપતિ જસ નામ
અરિહંત સૂરિ પાઠક મુનિવર ચઉવિહ તીરથ ધામ...ધન્યજિન ૩
શ્રુતકેવલી દશપૂર્વી ગણધર પ્રત્યેક બુદ્ધ જિન કહીએ
એ ચઉવિહસંઘ તીરથ પ્રભુની આણા શિરપર વહીએ... ધન્યજિન ૪
દરશન નાણ ચરણ એ તીરથ રત્નત્રયી જસ નામ
તીરથ સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા ગુણ વિસરામ... તીરથ૦ ૫
દ્વાદશાંગી પ્રવચન સંઘ તીરથ અરિહા ઓપમ જેહને
વિશેષાવશ્યક વળી ભગવતી ટીકા નમો તિત્થસ્સ કહે એહને... તીરથ૦ ૬
જ્ઞાની જ્ઞાન થકી જે તરીઆ પ્રવચન સંઘ પસાય
પ્રવચન સંઘ શ્રીતીરથરાજજી નમો તિત્થસ્સ કહેવાય... તીરથ૦ ૭
એ સહુ જંગમ તીરથ પ્રભુને વંદો વાર હજાર
તેજપાલ ઈમ પ્રણમે તીરથ દીપવિજય જયકાર... તીરથ૦ ૮

## ઢાળ ચોથી

ધ્યાવે થાવર તીર્થને રે તેજપાલ એક ધ્યાન
સિદ્ધાચલ ગિરનારજી રે સમેતશીખર બહુમાન રે
ભવિયાં ! વંદો તીરથરાજ જેહથી સીઝે વંછિત કાજરે ભવિયાં ૧
પાંચ કલ્યાણક ભૂમિકા રે બહુ મુનિવર નિર્વાણ
પાદુકા પ્રતિમા વંદીએ રે દેખી તે અહિઠાણ રે... ભવિયાં ૨
તેજપાલ ઈમ ચિંતવી રે હરખ્યો તીરથ કાજ
ધનદત્ત શેઠને વિનવે રે અનુજ્ઞા દિયો ગુણપાજ રે... ભવિયાં ૩
અગીયાર હજાર ને પાંચસે રે તેત્રીસ સોનૈયા લીધ
નામે ઉધારે લખાવીને રે પંથ પ્રયાણ તે કીધ રે... ભવિયાં ૪
યાત્રા કરી ઘેર આવતાં રે મારગમાં તેજપાલ
મરણ લહ્યું શુભગતિ હુઈ રે દેણાનો રહ્યો જંજાલ રે... ભવિયાં ૫
ધનદત્તશેઠ મરણ લહી રે સંગમો થયો ગોવાળ
મુનિદાન ખીર પ્રભાવથી રે હુઓ શાલિભદ્ર પુણ્યપાલ રે... ભવિયાં ૬
તેજપાલ તીર્થ પ્રભાવથી રે ગોભદ્રશેઠ હુઓ નામ
પુત્રપિતા દોય અવતર્યા રે રાજગ્રહી શુભ ઠામ રે... ભવિયાં ૭
દેણું તેજપાલ ભવતણું રે દીધું શેઠ ગોભદ્ર

લેણું ધનદત્ત ભવ તણું રે લીધું તે ઋણ શાલિભદ્ર રે... ભવિયાં ૮
પેટીનવાણું નિત દીયે રે સ્વર્ગથી પુત્રને કાજ
માતાને બત્રીસ ભારજા રે વિલસે પુણ્યનાં રાજ રે... ભવિયાં ૯
કોઈ રાગે કોઈ રોષથી રે લહેણું લીયે સહુ કોય
તે માટે ઋણ મત કરો રે એહ શિખામણ જોય રે. ભવિયાં ૧૦
ગુર્જર દેશનો શેઠજી રે શાલિભદ્ર ઓપમ જામ
હેમાભાઈના રાજમાં રે કીધો વર્ણન ખાસ રે... ભવિયાં ૧૧
લ્હેણાદેણા ઋણ ઉપરે રે વરણવી એહ સજઝાય
સંવત અઢાર એકાણુંએ રે દીપવિજય કવિરાય રે... ભવિયાં ૧૨

## [?] ૪૪. ગૌતમસ્વામીના વિલાપની સજઝાયો (૧)

તારા વિના વીર ! કોની સાથે બોલશું ?
શ્મશાનવત્ લાગે છે આ સંસાર જો
વિધ વિધ શાસ્ત્રતણો આલાપ કરૂં કિહાં
ભોજન પણ નવિ ભાવે તુમ વિના નાથ જો... તારા૦ ૧
કાર્ય સકલ કરવા તુજ અનુમતિ માગતો
એહવી હે વીર ! કોનાથી પ્રાપ્ત જ થાય જો
પ્રેમ પ્રકર્ષે હર્ષ હતો મુજ અંતરે નિરાશ્રય કરી આપ ચાલ્યા શિવ સ્થાન જો
અમૃત અંજન સમ પ્રભુ દર્શન તાહરૂં કરવા અતિઅમ અંતર ઈચ્છા થાય જો
સ્વામી નિરાગી છતાં હું તમને વિનવું શિષ્ય ગણી લ્યો સાથે દીન દયાલ જો
રાગદશાએ બંધન આ સંસારનું એહવી તારી વાણીનો વિસ્તાર જો
આજ ખરેખર અનુભવથી અવગાહી મેં બાહ્ય દૃષ્ટિથી સ્વામી શિષ્ય ગણાય જો
કોના વીર ને કોના સ્વામી જાણવા શ્રીયુત ગૌતમ એ ભાવે તદ્રુપજો
નિજસ્વરૂપી કેવલ કમલા તું વર્યો ભવિ ! પ્રગટાવો એ ભાવે નિજ રૂપ જો

## • [?] ૪૫. ગૌતમસ્વામીની સજઝાય (૨)

હે ઈન્દ્રભૂતિ ! તારા ગુણો કહેતાં હરખ ન માય રે,
હે ગુણદરિયા ! સૂરવધુ કરજોડી તુમ ગુણ ગાય રે.
જે શંકર વિરંચીની જોડી, વળી મોરલીધરને વિછોડી,
તે જિનજી સાથે પ્રીત જોડી. હે ઈન્દ્રભૂતિ૦ ૧

વેદના અર્થ સુણી સાચા, વીરના ચેલા થયા જાચા,
કોઈ લબ્ધિએ ન રહ્યા કાચા. હે ઈન્દ્રભૂતિ૦ ૨
પરિગ્રહ નવવિધના ત્યાગી, તુમચી જાગરણ દશા જાગી,
ધર્મધ્યાન શુક્લધ્યાનના રાગી. હે ઈન્દ્રભૂતિ૦ ૩
અનુયોગ ચારના બહુ જાણ, તેને નિર્મળ પ્રબળ તુજ નાણ,
અમૃત રસ સમ મીઠડી વાણ. હે ઈન્દ્રભૂતિ૦ ૪
જે કામનૃપને રમવા દડી, ત્રણ ગતિ ત્રિવટે તેહ પડી,
તે રમણી તુજને નવિ નડી. હે ઈન્દ્રભૂતિ૦ ૫
અતિ જાગરણ દશા જ્યારે જાગી, ભાવઠ સઘળી ત્યારે ભાગી,
કહે ધર્મજિત નોબત વાગી. હે ઈન્દ્રભૂતિ૦ ૬

## ૪૬. ગૌતમસ્વામીના વિલાપની સજ્ઝાય (૩)

આધાર જ હતો રે એક મને તાહરો રે હવે કોણ કરશે રે સાર ?
પ્રીતડી હતી રે પહેલા ભવ તણીરે તે કેમ વિસરી રે જાય ?..આધાર૦ ૧
મુજને મેલ્યો રે ટળવળતો ઈહાં રે કોઈ નહીં આંસુ લૂનાર
ગૌતમ કહીનેરે કોણ બોલાવશે રે કોણ કરશે મોરી સાર ?.. આધાર૦ ૨
અંતર જામી રે અણઘટતું કર્યું રે મુજને મોકલીયો ગામ
અંતકાળે રે હું સમજ્યો નહિં રે જે છેહ દેશે મુજ આમ... આધાર૦ ૩
ગઈ હવે શોભા રે ભરતના લોકની રે હું અજ્ઞાની રહ્યો છું આજ
કુમતિ મિથ્યાત્વી રે જિમ તિમ બોલશે રે કુણ રાખશે મોરી લાજ.. આધાર૦ ૪
વળી શૂલપાણી રે અજ્ઞાની ઘણો રે આપ્યુ તુજને રે દુઃખ
કરૂણા આણીરે તેહના ઉપરે રે આપ્યું બહોળું રે સુખ... આધાર૦ ૫
જે અઈમુત્તો રે બાળક આવીયો રે રમતો જળશ્યું રે તેહ
કેવળ આપી રે આપ સમો કીયો રે એવડો શ્યો તસ નેહ... આધાર૦ ૬
જે તુજ ચરણે રે આવી ડંસીયો રે કીધો તુજને ઉપસર્ગ
સમતાવાળી રે તે ચંડકોશીયે રે પામ્યો આઠમો રે સ્વર્ગ... આધાર૦ ૭
દિન બ્યાસીના રે માત પિતા હુવા રે બ્રાહ્મણ બ્રાહ્મણી દોર
શિવપુર સંગી રે તેહને તેં કર્યા રે મિથ્યામલ તસ ધોય... આધાર૦ ૮
ચંદન બાળા રે અડદના બાકુળા રે પડિલાભ્યા તુમે સ્વામ
તેહને કીધી રે સાહુણીમાં વડી રે પહોંચાડી શિવ ધામ... આધાર૦ ૯

અર્જુન માળી રે જે મહા પાતકી રે કરતો મનુષ્ય સંહાર
તે પાપીને પ્રભુ તમે ઉદ્ધર્યો રે કીધો ઘણો સુપસાય... આધાર૦ ૧૦
જે જલચારી રે હતો એક દેડકો રે તે તુમ ધ્યાન સહાય
સોહમ વાસી રે તેં સુરવર કીયો રે સમકિત કેરે સુપસાય... આધાર૦ ૧૧
અધમ ઉદ્ધાર્યા રે એહવા તેં ઘણા રે કહું તસ કે'તા રે નામ
માહરે તારા નામનો આશરો રે તે મુજ ફળશે રે કામ... આધાર૦ ૧૨
હવે મેં જાણ્યું રે પદ વીતરાગનું રે જો તેં ન ધર્યો રે રાગ
રાગ ગયેથી ગુણ પ્રગટયા સવે રે તુજ વાણી મહા ભાગ...આધાર૦ ૧૩
સંવેગ રંગી રે ક્ષપક શ્રેણીએ ચઢ્યા રે કરતા ગુણનો જમાવ
કેવલ પામ્યા રે લોકાલોકના રે દેખે સઘળા રે ભાવ... આધાર૦ ૧૪
ઈંદ્રે તિહાં આવી રે જિન પદે થાપીયા રે દેશના દીયે અમૃતધાર
પર્ષદા બોધી રે આતમ રંગથી રે વરીયા શિવપદ સાર... આધાર૦ ૧૫

## ૪૭. ચંદનબાળાની સજ્ઝાયો (૧)

વીર પ્રભુજી પધારો નાથ, વીર પ્રભુજી પધારો,
વિનંતી મુજ અવધારો નાથ, વીર પ્રભુજી પધારો;
ચંદનબાળા સતી સુકુમાળા, બોલે વચન રસાલા,
હાથ અને પગમાં જડ દીયા તાળા, સાંભળો દીનદયાળા. નાથ વીર૦ ૧
કઠણ છે મુજ કર્મની કહાણી, સુણો પ્રભુજી મુજ વાણી;
રાજકુંવરી હું ચૌટે વેચાણી, દુઃખ તણી નથી ખામી. નાથ વીર૦ ૨
તાત જ મારો બંધન પડીયો, માતા મરણ જ પામી;
મસ્તકની વેણી કતરાણી, ભોગવી મેં દુઃખ ખાણી. નાથ વીર૦ ૩
મોંઘી હતી હું રાજ કુટુંબમાં, આજે હું ત્રણ ઉપવાસી;
સુપડાને ખૂણે અડદના બાકુલા, શું કહું દુઃખની રાશિ. નાથ વીર૦ ૪
શ્રાવણ ભાદરવા માસની પેરે, વસરે આંસુડાંની ધારા;
ગદ્‌ગદ્ કંઠે ચંદનબાળા, બોલે વચન કરૂણા. નાથ વીર૦ ૫
દુઃખ એ સઘળું ભુલું પૂર્વનું, આપના દર્શન થાતા;
દુઃખ એ સઘળું હૈયે જ આવે, પ્રભુ તુમ પાછા જાતા. નાથ વીર૦ ૬
ચંદનબાળની અરજ સુણીને, નીર નયનમાં નિહાળે;
બાકુળા લઈ વીર પ્રભુજી પધારે, દયા કરી દીનદયાળે. નાથ વીર૦ ૭

સોવન કેરી ત્યાં થઈ વૃષ્ટિ, સાડી બાર કોડી સારી;
પંચ દિવ્ય તત્કાલે પ્રગટ્યા, બંધન સર્વ વિદારી. નાથ વીર૦ ૮
સંજમ લઈને કાજ સુધાર્યાં, ચંદનબાળા કુમારી;
વીર પ્રભુની શિષ્યા પહેલી, પંચમહાવ્રત ધારી. નાથ વીર૦ ૯
કર્મ ખપાવી મુકિત સીધાવ્યા, ધન્ય સતી શિરદાર;
વિનયવિજય કહે ભાવ ધરીને, વંદું હું વારંવાર. નાથ વીર૦ ૧૦

## [?] ૪૮. ચંદનબાળાની સજ્ઝાય (૨)

(વીર પ્રભુનો ચૂડો)

(રાગ : ઓલી ચંદનબાળાને બારણે)

તારા મુખડા ઉપર જાઉં વારી રે, વીર મારાં મન માન્યા,
તારા દર્શનની બલિહારી રે વીર, મુઠી બાકુળા માટે આવ્યા રે;
મને હેત ધરી બોલાવ્યા રે. વીર. ૧
પાયે કીધી ઝાંઝરની ઝેણ વીર, માથે કીધી મુગટની વેણ રે; વીર.
પ્રભુ શાસનનો એક રૂડો રે વીર. મેં તો પહેર્યો તારા નામનો ચૂડો રે. ૨
એ ચૂડો સદાકાળ છાજે રે, વીર. મારા માથે વીર ધણી ગાજે રે; વીર.
મને આપી જ્ઞાનની હેલી રે વીર. પહેલા થયા ચંદનબાળા ચેલી રે. ૩
એને ઓઘો મુહપત્તિ આલ્યા રે વીર. તિહાં મહાવીર વિચરતાં આવ્યા રે;
મને આપી જ્ઞાનની હેલી રે, વીર. બીજા થયાં મૃગાવતી ચેલી રે. ૪
તિહાં દેશના અમૃત ધારા રે, વીર. ભવિ જીવનો કીધો ઉપકાર રે; વીર.
ચંદ્ર સૂર્ય મૂળ વિમાને આવ્યા રે વીર. ચંદનબાળા ઉપાશ્રયે આવ્યા રે. ૫
ચંદ્ર સૂર્ય સ્વસ્થાને જાય રે વીર. મૃગાવતી ઉપાશ્રયે આવ્યા રે; વીર.
ગુરુણીજી બાર ઉઘાડો રે વીર. ગુરુણીએ કીધો તાડો રે. ૬
ગુરુણીને ખમાવવા લાગ્યા રે, વીર. કેવળ પામ્યા ને કર્મ ભાગ્યા રે;
એણે આવતાં સર્પને દીઠો રે, વીર. ગુરુણીજીનો હાથ ઊંચો લીધો રે. ૭
ગુરુણીજી ઝબકીને જાગ્યા રે, વીર. સાધ્વીને પૂછવા લાગ્યા રે; વીર.
તને એ શું કેવળ થાય રે, વીર. ગુરુણીજી તમારે પસાય રે. ૮
ચંદનબાળા ચેલીને ખમાવ્યા રે,વીર તિહાં ખામતાં તે કેવળ પામ્યા રે; વીર.
ગુરુણી ને ચેલી મોક્ષ પાયા રે,વીર તેમ પદ્મવિજય ગુણ ગાયા રે. ૯

## ૪૯. ચંદનબાળાની સજ્ઝાય (૩)

બાલકુંવારી ચંદનબાળા બોલે બોલ રસાળા રે

રૂપ અનુપમ નયણ વિશાળા ગંગાજળ ગુણ માલા રે... બાલ૦ ૧
શેઠ ધનાવહ મંદિર આણી બેટીની પરે જાણી રે
અણખ અદેખાઈ મનમાં આણી તસ ઘરણી દુહવાણી રે... બાલ૦ ૨
મૂળા કુમતિતણી છે કુંડી ચંદના મસ્તક મૂંડી રે
બેડી જડીને જોઈ મતિ ઊંડી તાળું દેતી ભૂંડી રે... બાલ૦ ૩
આયો શેઠ ત્રણ દિન અંતે દિવસ બપોરે ચડતે રે
અડદ બાકુળા દઈ એકાંતે સુપડા ખૂણે ખાંતે રે... બાલ૦ ૪
પાંચ દિન ઉણો છમાસી તપ અભિગ્રહ વીર અભ્યાસી રે
આવ્યા આંગણે યોગવિલાસી દેખી કુંવરી ઉલ્લાસી રે... બાલ૦ ૫
એક પગ ઉંબરા બહાર રાખી નયણે આંસુડા નાખી રે
બાકુલા પડિલાભ્યા મન સાખી મુક્તિતણી અભિલાષી રે... બાલ૦ ૬
સાડી બાર કોડિ પરસિદ્ધિ વૃષ્ટિ સોનૈયાની કીધી રે
અનુક્રમે સંયમ કમળા લીધી મૃગાવતીને દીક્ષા દીધી રે... બાલ૦ ૭
એક દિન વીર કૌશંબી આવ્યા ચંદ્ર સૂરજ મન ભાયા રે
મૂળ વિમાને વાંદવા આવ્યા તેજ અધિક તસ કાયા રે... બાલ૦ ૮
ઉઠો સ્થાનક આપણે ચેલી જાશું બે જણ વહેલી રે
એવી વાણી મેલી ન વિજયે આવી ગુરૂણી એકેલી રે... બાલ૦ ૯
ઘોર ઘપટ અંધારે આઈ રહી પગે લગાઈ ખમાઈ રે
કેવલ લઈ નિજ કર્મ ખપાઈ ગુરૂણીએ ખબર ન પાઈ રે... બાલ૦ ૧૦
હાથ ઊંચો લઈ ચંદના જગાઈ આવે નાગ ઉજાઈ રે
તેં અંધારે ખબર કિમ પાઈ કેવલજ્ઞાન ઉપાઈ રે... બાલ૦ ૧૧
મેં એ કીધી માઠી કરણી જ્ઞાનીની આશાતના કરણી રે
ચેલી પગે લાગે તસ ગુરૂણી તું હીજ તારણ તરણી રે... બાલ૦ ૧૨
ગુરૂણી ચેલી કર્મ વિછોડી પહોંચી મુક્તિશું જોડી રે
નય વિજય પંડિતની જોડી, શિષ્ય કુંવર કહે કરજોડી રે...
બાલ૦ ૧૩

## ૫૦. ચંદ રાજાની સજ્ઝાયો (૧)

આભારે નગરી ઉદ્યાનમાં જીહો મુનિસુવ્રત જિનરાજ
વિચરંતા આવી સમોસર્યા જીહો તિહાં મિલિયાજી સુરનર રાજ

આજ સીધાંજી વંછિત કાજ જીહો હવે લહેસુંજી વંછિત રાજ
હિતકારી રે સુણો દેશના જીહો આભા૦ ૧
પ્રભુ રે આગળની વારતા જીહો સાંભળીને નૃપચંદ
બહુ પરિવારે પરવર્યો જીહો વાંદી બેઠોજી પામી આણંદ
આજ ઉલટયાંજી હરખના વૃંદ જીહો આજ પ્રગટયોજી પુણ્યનો કંદ ૨
કહે રે પ્રભુ સુણો પ્રાણીઆ જીહો ચેતો ચિત્ત મઝાર
તન ધન જોબન કારિમું જીહો તે જાતાજી ન લાગે વાર
શું મોહયાજી અથિર સંસાર જીહો તમે છાંડજ્યોજી વિષય વિકાર
જિન રે વાણી સુણી ચંદજી જીહો પામ્યા મન વૈરાગ ૩
કહે પ્રભુ મુજને ઉદ્ધરો જીહો જીમ પામોજી ભવ જલત્યાગ
વળી ટળે મોહનો દાગ જીહો જેહથી ઉપજેજી શિવવધુરાગ
પ્રભુ રે વાંદી ઘરે આવીયા જીહો તેડી ગુણાવલી નારિ
વળી તેડી પ્રેમલા લચ્છી જીહો કહે લેસ્યું જી મહાવ્રત સારિ ૪
પરિહરશ્યુંજી આશ્રવભાર જીહો આદરસૂંજી પંચ આચાર
નારિ કહે પીઉ વ્રતતણી જીહો વાત મ કાઢો આલ
હૃદય વિમાસીને જૂઓ જીહો લઘુવય છેજી તુમતણાં બાલ
કુણ કરસ્યેજી તેહની સંભાલ જીહો આવી નડસેજી વેરીના સાલ ૫
ચંદ રે કહે સુણો હે પ્રિય ! જીહો એ સવિ મોહની જાળ
કહેના છોરૂ રે કહેના વાછરૂ જીહો દીસેછેજી આળ પંપાલ
અમ્હે છાંડસુજી સકલ જંજાલ જીહો ચારિત્ર લેસુંજી થઈ ઉજમાલ ૭
કહે રે ગુણાવલી પ્રેમલા જીહો સોલ વરસ વિયોગ
દુઃખ દીધું વામા તજી જીહો તે તો હોસ્યેજી કર્મનો ભોગ
હવે મિલિયોજી પુણ્યે સંયોગ જીહો મત દાખોજી સ્વામી વિયોગ ૮
ગુણવંતા રે પિઉઘરે રહ્યો જીહો આ સુર રે અસુર કિન્નર ભવે
જીહો ભોગવ્યા ભોગ અપાર જીહો નવિ પામ્યોજી ભવતણો પાર ૯
જોરે પ્રિઉ તુમે વ્રત ગ્રહો તો અમ્હે પિણ તુમ્હ સંગ ચારિત્ર લેઈને પાળસુ
નિરતિ ચારેજી ધરિય ઉમંગ જીહો મન ભીનુંજી વૈરાગ્યને રંગ
અમ્હે કરસ્યુંજી વિરતિનો સંગ જીહો
રાજ્ય રે ઠવી નિજપુત્રને જીહો સુમતિ મંત્રી ચંદરાય

શિવનટ શિવમાલા વલી જીહો રાણી સાતસેંજી પ્રીઉ સંગ થાય
મલિ આવેજી જિહાં જિનરાય જીહો સંયમ લીધુંજી અતિ સુખદાય
ચંદ રે સુમતિ પ્રેમલાલચ્છી જીહો ચોથી ગુણાવલી નારિ
કેવલ લહી મુગતે ગયા જીહો બીજા જીવનેજી એક અવતાર
તે સીઝસેજી વિદેહ મઝારિ જીહો સવિ પામ્યાંજી ભવતણો પાર ૧૨
ચંદ રે ઋષિ ગુણગાઈઆ જીહો લીંબડી રહી ચોમાસ
સૌભાગ્ય કહે મહિમા ઘણો જીહો સંઘને હોજોજી લીલ વિલાસ
ગુણાવલીજી પૂગજો આસ જીહો ધરિ લખમી કરજો નિવાસ ૧૩

## ૫૧. ચંદ રાજાએ ગુણાવલીને લખેલો પત્ર (૨)

## (ઢાળ-૨)

### ઢાળ ૧

સ્વસ્તિ શ્રી મરૂદેવીનાજી પુત્રને કરૂં રે પ્રણામ
જેહથી મનવાંછિત ફલ્યાજી ઉપગારી ગુણધામ...
ગુણવંતી રાણી વાંચજો લેખ ઉદાર ૧
સ્વસ્તિ શ્રી આભાપુરેજી સર્વે ઉપમા ધીર
પટરાણી ગુણાવલીજી સજ્જન ગુણે ગંભીર... શેણવંતી૦ ૨
શ્રી વિમલાપુર નયરથીજી લીખીતંગ ચંદ નરિંદ
હિત આશિર્વાદ વાંચજોજી મનમાં ધરી આનંદ... શેણવંતી૦ ૩
અહીં તો કુશલ ક્ષેમ છે જી નાભિનંદન સુપસાય
જગમાં જશકીર્તિ ઘણીજી સુરનર સેવે છે પાય... શેણવંતી૦ ૪
તુમચા ક્ષેમકુશલ તણોજી કાગળ લખજો સદાય
મળવું જે પરદેશમાંજી તે તો કાગળથી રે થાય... શેણવંતી૦ ૫
સમાચાર એક પ્રીછજોજી મોહન ગુણમણિમાળ
ઈહાં તો સુરજ કુંડથીજી પ્રગટી છે મંગલમાળ... શેણવંતી૦ ૬
તેહની હર્ષ વધાઈનોજી રાણી એ જાણજો લેખ
જો મનમાં પ્રેમ જ હુવે તો લખજો કાગળ દેખ... શેણવંતી૦ ૭
તુમ (સ્વજન) સજ્જન ગુણ સાંભળેજી ક્ષણ-ક્ષણમાં સો વાર
પણ તે દિન નવિ વિસરેજી કણેરની કંબા બે ચાર... શેણવંતી૦ ૮

જાણી નહીં મુજ પ્રીતડીજી થઈ તું સાસુને આધીન
તે વાતો સંભારતાંજી મન પામ્યું છે રે દિન્ન... શેણવંતી૦ ૯
પણ તું શું કરે કામિનીજી શું કહીએ તુજ નાર
સ્ત્રી હોવે નહિં કોઈનીજી ઈમ બોલે છે સંસાર... શેણવંતી૦ ૧૦
સુતા વેચે કંતને જી હણે વાઘને ચોર
બીએ બીલાડીની આંખથીજી એહવી નારી નિષ્ઠુર... શેણવંતી૦ ૧૧
ચાલે વાંકી દ્રષ્ટિથીજી મનમાં નવા-નવા સંચ
એ લક્ષણ વ્યભિચારીનાંજી પંડિત બોલે પ્રપંચ... શેણવંતી૦ ૧૨
એક સમજાવે નયણથીજી એક સમજાવે રે હાથ
એહ ચરિત્ર નારી તણાંજી જાણે શ્રી જગનાથ... શેણવંતી૦ ૧૩
આકાશે તારા ગણેજી તોલે સાયરના નીર
પણ સ્ત્રી ચરિત્ર ન કહી શકેજી સુરગુરૂ સરિખો રે ધીર... શેણવંતી૦ ૧૪
કપટી-નિસ્નેહી કહીજી વલી તે નારી સર્વ
ઈંદ્ર-ચંદ્રને ભોળવ્યાજી આપણે કરીએ શ્યોગર્વ... શેણવંતી૦ ૧૫
નદીના નીર ભુજબળે તરેજી કહેવાયે છે રે અનાથ
એક વિષયને કારણેજી હણે કંથ નિજ હાથ... ગુણવંતી૦ ૧૬
ગામમાં બીહે શ્વાનથીજી વનમાં ઝાલે છે વાઘ
નાશે દોરડું દેખીનેજી પકડે ફણીધર નાગ... ગુણવંતી૦ ૧૭
ભર્તૃહરિ રાજા વળીજી વિક્રમરાજ મહાભાગ
તે સરિખા નારી તણાજી કદીએ ન પામ્યા તાગ... ગુણવંતી૦ ૧૮
તો રાણી તુજ શું કહુંજી એ છે સંસારની રીત
પણ હું એમ નવિ જાણતોજી તુજને એહવી અવિનીત... ગુણવંતી૦ ૧૯
તુજને ન ઘટે કામિનીજી કરવો અંતર એમ
માહરી પ્રીત ખરી હતીજી તું પલટાણી કેમ... ગુણવંતી૦ ૨૦
મુજથી છાની ગોઠડીજી સાસુથી કરી જેહ
જિમ વાવ્યાં તિમ તેં લણ્યાજી ફલ પામી તું એહ... ગુણવંતી૦ ૨૧
હું વ્હાલો નહિં તાહરેજી વ્હાલી સાસુ છે એક
તો વહુને સાસુ મલીજી મોકળે મ્હાલજો છેક... ગુણવંતી૦ ૨૨
દોષ કિસ્યો તુઝ દીજીએ જી જોતાં હિયડે વિમાસ

ભાવિ ભાવ મટે નહિજી લખિયા જે કર્મ તમાસ... ગુણવંતી૦ ૨૩
તુજ અવગુણ સંભારતાંજી મનમાં આવે છે રોષ
પ્રીતિ દશા સંભારતાંજી બહુ ઉપજે છે સંતોષ... ગુણવંતી૦ ૨૪
કાગળ થોડો ને હિત ઘણુંજી મુજથી લખીયું ન જાય
સાગરમાં પાણી ઘણુંજી ગાગરમાં ન સમાય... ગુણવંતી૦ ૨૫

"અર્થ સમશ્યા ૧"

ગહુની પહેલાં નીપજેજી પીળું તરૂવર તાસ;
પહેલે ચોથી માતરાજી તે છે તુમારી પાસ... ગુણવંતી૦ ૨૬

"ઉત્તર" (જીવ)

"સમશ્યા-૨"

દો નારી અતિ શ્યામળીજી પાણીમાંહે વસંત
તે તુજ સજ્જન દેખવાજી, અલજો અતિશે ધરંત... ગુણવંતી૦ ૨૭

"ઉત્તર" (આંખની કીકી)

"સ" ૩.

મઠમાંહે તાપસ વસેજી, વિચે દીયે રે જીકાર;
તુમ-અમ એહવી પ્રીતડીજી, જાણે છે કીરતાર... ગુણવંતી૦ ૨૮

ઉત્તર (મજીઠ)

"સ" ૪.

સાત-પાંચ ને તેરમાંજી, મેળવજો દોય ચાર;
તેહની પાસે તુમે વસ્યાજી, સ્નેહ નહીય લગાર... ગુણવંતી૦ ૨૯

ઉત્તર (૩૧ માણસ)

એ ચારે સમસ્યા તણોજી, કરજો અર્થ વિચાર;
પ્રીતિ દશા જિમ ઉલ્લસેજી, પ્રગટે હર્ષ અપાર... ગુણવંતી ૩૦
કાગળ વાંચી એહનોજી લખજો તુરત જવાબ
સાસુને ન જણાવશોજી જો હોય ડહાપણ આપ... ગુણવંતી ૩૧
વલી હલકારા મુખ થકીજી સહુ જાણજો અવદાત
કાગળથી અધિકી ઘણીજી કહેશે મુખથી વાત... ગુણવંતી ૩૨
ઈણિપરે ચંદ નરેશરેજી લખીઓ લેખ શ્રીકાર
દીપવિજય કહે સાંભળોજી આગળ વાત રસાળ... ગુણવંતી ૩૩

## દુહા

શ્રી વરદા જગદંબિકા શારદા માત દયાળ,
સુર-નર જસ સેવા કરે વાણી જાસ રસાળ... ૧
ત્રિભુવન મેં કિરતિ સદા વાહન હંસ સુહાય,
જડ બુદ્ધિ પલ્લવ ક્રિયા બહુ પંડિત કવિરાજ... ૨
પુસ્તક વીણા કર ધરે શ્રી અંજારી ખાસ,
કાશ્મીર ભવઅચ્ચ મેં, તેહનો ઠામ નિવાસ... ૩
શ્રીજગદંબા પદ નમી વર્ણવું બીજો લેખ,
શ્રોતાને સુણતાં થકાં પ્રગટે હર્ષ વિશેષ... ૪
ચંદ લેખ વાંચી કરી ગુણાવલી નિજનાર,
ઉત્તર પાછો કંથને લેખ લખે શ્રીકાર... ૫

## ઢાળ ૨

સ્વસ્તિ શ્રી વિમલાપુરે વીરસેન કુલચંદ રે
રાજ રાજેસર રાજિયા સાહિબ ચંદ નરિંદ રે, વાંચજો લેખ મુજ વાલહા
શ્રી આભાપુરી નયરથી હુકમી દાસી સકામ રે
લિખિતં રાણી ગુણાવલી પ્રીછજો મારી સલામ રે... વાંચજો ૨
સાહિબ પુણ્ય પસાયથી ઈહાં છે કુશલ કલ્યાણ રે
વ્હાલાના ક્ષેમકુશલ તણાં કાગળ લખજો સુજાણ રે... વાંચજો ૩
સમાચાર એક મુજ પ્રીછજો ક્ષત્રિય વંશ વજીર રે
મુજ દાસીની ઉપરે કૃપા કરી વડ ધીર રે... વાંચજો ૪
વ્હાલાએ જે લેખ મોકલ્યો સેવક ગિરધર સાથ રે
ક્ષેમ કુશળે તે આવિયો પહોંચ્યો છે હાથોહાથ રે... વાંચજો ૫
વ્હાલાનો કાગળ દેખીને ટળીયા દુઃખના વૃંદ રે
પિયુને મળવા જેટલો ઉપજ્યો છે આનંદ રે... વાંચજો ૬
સુરજ કુંડની મ્હેરથી સફલ થયો અવતાર રે
તે સહુ કુશલ કલ્યાણના આવ્યા છે સમાચાર રે... વાંચજો ૭
સોલ વરસના વિયોગનું પ્રગટ્યું તે દુઃખ અપાર રે
કાગળ વાંચતાં-વાંચતાં ચાલી છે આંસુડાની ધાર રે... વાંચજો ૮
જે વ્હાલાએ લેખમાં લખીયા ઓળંભા જેહ રે

મુજ અવગુણ જોતાં થકાં થોડા લખિયા છે એહ રે... વાંચજો ૯
સાહિબ લખવા જોગ છો હું સાંભળવા જોગ રે
જેહવા દેવ તેહવી સેવના સાચી કહેવત લોક રે... વાંચજો ૧૦
સમસ્યા ચાર લખી તુમે તે સમજી છું સ્વામ રે
મનમાં અર્થ વિચારતાં હરખે છે આતમ રામ રે... વાંચજો ૧૧
હું તો અવગુણની ભરી અવગુણ ગાડાં લાખ રે
જેમ કોઈ વાયુ જોગથી બગડી આંબા શાખ રે... વાંચજો ૧૨
મુજ અવગુણ જોતાં થકાં આવવી ન જોઈએ મહેર રે
પણ ગિરૂઆ ગંભીર છો જેહવી સાગર લહેર રે... વાંચજો ૧૩
ગિરૂઆ સહેજે ગુણ કરે કંત અકારણ જાણ રે
જલ સીંચી સરોવર ભરે મેઘ ન માગે દાણ રે... વાંચજો ૧૪
પથ્થર મારે છે તેહને ફલ આપે છે આંબ રે
તેમ તુમ સરિખા સાહિબા, ગિરૂઆ ગુણની લુંબ રે... વાંચજો ૧૫
કાપે ચંદન તેહને આપે સુગંધ અપાર રે
મુજ અવગુણ ન આણ્યા હિયે ધન્ય-ધન્ય તુમ અવતાર રે...વાંચજો ૧૬
મુજ સરિખી કોઈ પાપિણી દીસે નહિ સંસાર રે
માન્યું સાસુનું કહ્યું છેતરીયો ભરથાર રે... વાંચજો ૧૭
મેં જાણ્યું નહિ એહવું હું તો ભોળી નાર રે
સાસુને કાને ચઢી સમજી નહીંય લગાર રે... વાંચજો ૧૮
મેં આગળ થી લહી નહિ સાસુ એહવી નાથ રે
ખાવી ગાંઠની ખીચડી જાવું ઘેલાની સાથ રે... વાંચજો ૧૯
કાંઈક કાચા પુણ્યથી સદ્બુદ્ધિ પણ પલટાય રે
જેમ રાણીને ખોળનું ખાધાનું મન થાય રે... વાંચજો ૨૦
કરી પ્રપંચ ઈણ સાસુએ ઘણો દેખાડ્યો રાગ રે
પછી તો વાત વધી ગઈ થયો પીંછનો કાગ રે... વાંચજો ૨૧
કિહાં આભા કિહાં વિમલાપુરી જોયા જેહ તમાસ રે
હાંસીની ખાંસી થઈ કરવા પડિયા વિમાસ રે... વાંચજો ૨૨
પરણ્યાની સહુ વાતડી મુજને કહી પ્રભાત રે
જો તે ઠેકાણે દાટતી તો એહવું નહિ થાત રે... વાંચજો ૨૩

મિંઢલની સહુ વાતડી મેં કહી સાસુ ને કાન રે
પછી તો ઝાલ્યું નવિ રહ્યું પ્રગટ્યું ત્રીજું તાન રે... વાંચજો ૨૪
માહરૂં કર્યું મુજને નડ્યું આડું ન આવ્યું કોય રે
ચોરની માતા કોઠીમાં, મુખ ઘાલી જેમ રોય રે... વાંચજો ૨૫
પસ્તાવો શ્યો કરવો હવે કહ્યું કાંઈ નવ જાય રે
પાણી પી ઘર પૂછતા લોકમાં હાંસી થાય રે... વાંચજો ૨૬
જે કાંઈ ભાવિ ભાવમાં જે વિધિ લખિયા લેખ રે
તે સવિ ભોગવવા પડે તિહાં નહી મીન મેખરે... વાંચજો ૨૭
સાસુના જાયા વિના શોળ વરસ ગયાં જેહ રે
મુજ મનડાની વાતડી જાણે કેવલી તેહ રે... વાંચજો ૨૮
પણ કુર્કુટથી જે નર થયા તે વિસ્તરશે વાત રે
સાસુ સાંભળશે તદા વળી કરશે ઉત્પાત રે... વાંચજો ૨૯
તે માટે સાવધાનથી રહેજો ધરિય ઉલ્લાસ રે
જેહવા-તેહવા લોકનો કરશો નહીં વિશ્વાસ રે... વાંચજો ૩૦
સાસુને કહેવરાવજો ઈહાં આવ્યાનો ભાવ રે
પછી જેહવા પાસા પડે તેહવા દેજો દાવ રે... વાંચજો ૩૧
મુજ અવગુણની ગાંઠડી નાખજો ખારે નીર રે
નિજ દાસી કરી જાણજો મુજ નણદીના વીર રે... વાંચજો ૩૨
કાગળ લખજો ફરી ફરી કૃપા કરી એક મન્ન રે
વહેલાં દરિસણ આપજો શરીરનાં કરજો જતન્ન રે... વાંચજો ૩૩
મુજ બહેની વ્હાલી ઘણી પ્રેમલાલચ્છી જેહ રે
તેહને બહુ હેતે કરી બોલાવજો ધરી નેહ રે... વાંચજો ૩૪
સમસ્યા-રાધા પતિકે કરે વસે પાંચજ અક્ષર લેજો રે
પ્રથમ અક્ષર દૂર કરી વધે તે મુજને દેજો રે... ૩૫૭ (સુદરશન)
જો હવે સુરજ કુંડથી વિઘ્ન થયાં વિસરાલ રે
તો સહુ પુણ્ય પસાયથી ફળશે મંગળ માળ રે... વાંચજો ૩૬
ઈમ લખી લેખ ગુણાવલિ પ્રેષ્યો પ્રીતમ પાસરે
દીપવિજય કહે ચંદની હવે સહુ ફળશે આશ રે... વાંચજો ૩૭

## [X] ૫૨. (ક) ચંદ્રગુપ્તરાજાના ૧૬ સ્વપ્નની સજ્ઝાય

સુપન દેખી પહેલડે ભાંગી છે કલ્પવૃક્ષની ડાળ રે
રાજા સંજમ લેશે નહિ, દુષમ પંચમ કાલ રે... ચંદ્રગુપ્ત રાજા સુણો૦ ૧
અકાલે સૂરજ આથમે તેનો શ્યો વિસ્તાર રે
જન્મ્યો તે પંચમકાળમાં તેને કેવળ નવિ હોશે રે... ચંદ્રગુપ્ત૦ ૨
ત્રીજે ચંદ્રમા ચારણી તેનો શ્યો વિસ્તાર રે
સામાચારી જુદી જુદી હશે બારે વાટે ધર્મ હોશે રે... ચંદ્રગુપ્ત૦ ૩
ભૂતપ્રેતાદિ દીઠા નાચતા ચોથા સુપનનો વિસ્તાર રે
કુદેવ કુગુરૂ કુધર્મની માન્યતા ઘણી હોશે રે... ચંદ્રગુપ્ત૦ ૪
નાગ દીઠો બાર ફેણો તેનો શ્યો વિસ્તાર રે
વરસ થોડાંને આંતરે હોશે બાર દુકાળ રે... ચંદ્રગુપ્ત૦ ૫
દેવ વિમાન છઠ્ઠે વર્યા તેનો શ્યો વિસ્તાર રે
વિદ્યા તે જંઘાચારણી, લબ્ધિનો વિચ્છેદ હોશે રે... ચંદ્રગુપ્ત૦ ૬
ઊગ્યું તે ઉકરડા મધ્યે સાતમે કમળ વિમાસે રે
એક નહિ તે સર્વ વણીયા જુદાં જુદાં મન હોશે રે... ચંદ્રગુપ્ત૦ ૭
થાપના થાપશે આપ આપણી પછી વિરાધક ઘણા હોશે રે
ઉચ્છેદ હોશે જૈન ધર્મનો વચ્ચે મિથ્યાત્વ ઘોર અંધાર રે... ચંદ્રગુપ્ત૦ ૮
સૂકાં સરોવર દીઠાં ત્રણ દિશે દક્ષિણ દિશે ડોળાં પાણી રે
ત્રણ દિશે ધર્મ હોશે નહિ દક્ષિણ દિશે ધર્મ હોશે રે (?)... ચંદ્રગુપ્ત૦ ૯
સોનાની થાળી મધ્યે કૂતરા ખાવે ખીર રે
ઊંચતણી લક્ષ્મી ઘણી નીચતણે ઘેર હોશે રે... ચંદ્રગુપ્ત૦ ૧૦
હાથી માથે બેઠો રે વાંદરો તેનો શ્યો વિસ્તાર રે
મ્લેચ્છી રાજા ઉંચા હોશે અસલી હિન્દુ હેઠા હાથ રે... ચંદ્રગુપ્ત૦ ૧૧
સમુદ્રે મર્યાદા મૂકી બારમે તેનો શ્યો વિસ્તાર રે
શિષ્ય ચેલા પુત્ર પુત્રીઓ નહિ રાખે મર્યાદા લગાર રે... ચંદ્રગુપ્ત૦ ૧૨
રાજકુંવર ચઢ્યો પોઠીએ તેનો શ્યો વિસ્તાર રે
ઉંચો તે જૈન ધર્મ છાંડીને રાજા નીચ ધર્મ આદરશે રે... ચંદ્રગુપ્ત૦ ૧૩
રત્ન ઝાંખા રે દીઠા તેરમે તેનો શ્યો વિસ્તાર રે
ભરતક્ષેત્રના સાધુ સાધવી હેત મેળાવા થોડા હોશે રે... ચંદ્રગુપ્ત૦ ૧૪

મહારથે જુત્યા વાછડા તેનો શ્યો વિસ્તાર રે
બાળક ધર્મ કરશે સદા બુઢ્ઢા પરમાદી પડ્યા રહેશે રે... ચંદ્રગુપ્ત૦ ૧૫
હાથી લઢેરે માવત વિના તેનો શ્યો વિસ્તાર રે
વરસ થોડાને આંતરે માગ્યા નહિં વરસે મેહરે... ચંદ્રગુપ્ત૦ ૧૬
વ્યવહાર સૂત્રની ચૂલિકા મધ્યે ભદ્રબાહુ મુનિ એમ ભાખેરે
સોળ સુપનનો અર્થ એ સાંભળો રાય સુધીર રે... ચંદ્રગુપ્ત૦ ૧૭

## પર. (ખ) ચંદ્રાવતીની સજઝાય

જસ મુખ સોહે સરસ્વતી માય, પ્રણમી વીર જીનેશ્વર પાય
સાધુ સહુકો સૂણજો એહ, મંત્ર યંત્ર તંત્રાદિક તેહ... ૧
વૈધક પોતીક કુટી કર્મ, મુખથી ન કહીએ એહનો મર્મ
અનરથ ઉપજે તેહથી ઘણાં, જેમ એહથી મુવા પાંચે જણા... ૨
કુંડલપુર ખત્રી એકઠામ, ભીમસેન છે તેહનું નામ
નારી તેહની ચંદ્રાવતી, દોષ ન દીસે તેહમાં રતિ... ૩
ચંદ્રાવતી મૂકી ઘરબાર, એક દિવસ તે થયો અસવાર
ચાલ્યો ચતુર તે કીક મોજાર, ચંદ્રાવતી તે કરે વિચાર... ૪
એક મને જો કીજે ધર્મ, તો નિકાચિત છૂટે જે કર્મ
ઘર પાસે તિહાં મુનિવર રહે, ચંદ્રાવતીને ધર્મ જ કહે... ૫
પ્રતિબોધી કીધી શ્રાવિકા થઈ તે જિનશાસન ભાવિકા
વહોરવા આવ્યા તેહ મુનિરાય, ચંદ્રાવતી પ્રણમી પાય... ૬
નયણે નીર ઝેર તે ઘણું, દુઃખ દેખી દિલ દુભાવે આપણું
ઘણા દિવસ પિયુ ચાલ્યે થયા, ખર્ચી બીજી નવી મેલી ગયા... ૭
દીન વચન તેહનું તે સુણ્યું, દુઃખ થયું તે મુનિવરને ઘણું
જોષ જોઈને કર્યો વિચાર, દિવસ સાતમે આવે ભરથાર... ૮
જોષ જોઈને મુનિવર ભણ્યા, કહેલ દિવસે કંતજ મલ્યા
ત્યારે ખુશી થયું ચંદ્રાવતીનું મન, તેણે રાધ્યું સુંદર અન્ન... ૯
પ્રથમ પડિલાભ્યા મુનિરાજ, નિમિત્ત કરી સારો મુજ કાજ
ભીમસેન મન ભટકે બોલ્યો, એ પાંખડી એટલે મલ્યો... ૧૦
એહને એવું આપ્યું અન્ન, જો એ બેહનું એક જ મન
ખડગ કાઢીને મારવા ધસ્યો, દેખી મુનિવર મનમાં હસ્યો... ૧૧

નારી કહે નવિ કીજે રોષ, ઈણે પ્રકાશ્યો તારો જોષ
તે માટે મે આપ્યું અન્ન, સુણી વચન તુમે વાળો મન... ૧૨
જુઓ જોષ મુનિવર તત્કાળ આ ઘોડી શ્યું જણશે બાળ
જોષ જોઈને કહે તત્કાળ તે બેઉને ઉપજશે કાળ... ૧૩
જોષ જોઈને મુનિવર ભણ્યો, ઉદર વધે રહ્યો ઘોડી તણી
ધોળા પગલે રાતું અંગ, લીલવટ ટીલું છે તરંગ... ૧૪
સૂણી વાત તેણે તત્કાળ, ઉદર વધેરી કાઢ્યો બાળ
અનરથ દેખી ચંદ્રાવતી, વિષ ખાઈ મુઈ મહાસતી... ૧૫
ભીમસેન મન પડીયો ફાળ, આપે હતે કરીયો કાળ
હત્યાચારે હુઈ જે કાળે, દુઃખ કરવા લાગ્યો તે ટાળે... ૧૬
હે હે મેં કીધું કાજ, અનરથ ચારે કીધા આજ
અન્નપાણી મુનિવર પરિહરી, કાળ કીધો નિશ્ચલ મન કરી... ૧૭
એહવા દોષ કહ્યા છે ઘણાં, મંત્ર યંત્ર તંત્રાદિક તણા
મૂકે ન માયા મમતા મોહ, ચારિત્ર નહિ ચઢાવે સોહ... ૧૮
જેમાં દોષ ન હોય રતિ, તે કહે મુજને શુદ્ધ પતિ
ઈણ અવસર સહુકો મુનિવર ભણે, દોષ રહિત તે શિવપુર વરે... ૧૯
વાર્ધિક નામે વડો ઋષિ હુવો, ચંદ્રપ્રદ્યાતે નિમિત્ત કહ્યો
કુલ વાલુમો નિમિત્ત જે ભણે, થુભ પાડી લીધી દુર્ગતિ ગણે... ૨૦
તપગચ્છપતિ શ્રી હીરસૂરિંદ પટ્ટધર વિજય સેનસૂરિંદ
હરખ્યા પંડિત તે વર શિષ્ય, હરખવિજય ભજો જગદીશ... ૨૧

## ૫૩. ચંપા શ્રાવિકાની સજ્ઝાય

વાસી દિલ્હી રે નયરનાં થાનસિંગ માનસિંગ રિદ્ધ રે
માતા ચંપાદે તેહની તપસ્યા છમાસી કીધ રે, થે મન મોહયો ગુરૂ હીરજી ૧
એક દિન ફુલેકો નીસર્યો બાઈ ચંપાદે માત રે
સામે અસવારીઓ આવીયો અકબ્બર શાહ સુદાત રે... થે મન૦ ૨
પૂછે એ કૌન લોક છે શ્યો છે મહોત્સવ એહ રે
બોલે કામેતિ શેઠીયા હજરત સુણીયે સસનેહ રે... થે મન૦ ૩
રોજા ધરીયા છમાસના બાઈ ચંપાદે નામ રે
તેહનો ફુલેકો એહ છે સહુ રોજા ઈતમામ રે... થે મન૦ ૪

સાંભળી અકબર બોલીયો એહમાં અધિકાઈ કાંઈ રે
બાળક નાના રોજા ધરે મહિનો રમજાન માંહી રે... થે મન૦ ૫
બોલે કામેતી શેઠીયા ઉન્હા પાણી ઉપવાસ રે
એહવા રોજા છે એહના અન્ન ન લેવું છમાસ રે... થે મન૦ ૬
ચમક્યો અકબ્બર સાંભળી આવ્યો ચંપાદે પાસ રે
દેખ્યો દુર્લભ દેહને પૂછે અકબર તાસ રે... થે મન૦ ૭
બોલે ચંપાદે માવડી દેવ ગુરૂ ધર્મ પસાય રે
રોજા ધરીયા મેં સાહિબા એ સહુ તેહનો પસાય રે... થે મન૦ ૮
તે ગુરૂ શહેર ગંધાર છે સપરિવાર ચૌમાસ રે
નિસુણી અકબર રીઝીયો હુઓ મળવા ઉલ્લાસ રે... થે મન૦ ૯
અકબર ફરમાન મોકલે હીરજી વાંચીને જોય રે
વહેલા આવજો ગચ્છરાયજી વિલંબ ન કીજેજી કોય રે... થે મન૦ ૧૦
કારતિક ચોમાસું ઉતરે સૂરિહીરજી નિર્ગ્રંથ રે
સહુ પરિવાર શું પાંગર્યા ચાલીયા દિલ્હીને પંથ રે... થે મન૦ ૧૧
દૂર દેશાંતર જાણીને રાજનગર શુભ ઠામ રે
પટ્ટધર થાપ્યા રે પ્રેમશું સેન સૂરિ વડ નામ રે... થે મન૦ ૧૨
પાલનપુરથી આગળે રોહ સહોત્તરા ગામ રે
ઠાકોર આહેડે આવીયો એહને બોધ્યો ગુણ ધામ રે... થે મન૦ ૧૩
એણી પેરે પંથે રે ચાલતાં કરતાં બહુ ઉપગાર રે
આગ્રાનગર પધારીયા વંદે સહુ નર નાર રે... થે મન૦ ૧૪
માલમ હુઈ પાતશાને હુઓ ઉલ્લસિત અંગ રે
સંવત અગીયાર તેરસે જેઠ વદિ તેરસ રંગ રે... થે મન૦ ૧૫
પરીક્ષા જોવાને કારણે ભૂમી ખણી તેહમાંહિ રે
બકરી ઘાલી છે જીવતી ઉપર આસન ઠાય રે... થે મન૦ ૧૬
ગુરૂ મળવા બોલાવીયા દીધો ગુરૂ ઉપયોગ રે
એ આસન નહિં અમ કામનાં માંહે સચિત્ત સંયોગ રે... થે મન૦ ૧૭
એ આસનતળે મોટા તીન પંચેદ્રિય હોય રે
અકબર શાહ મન ચિંતવે પૂરા સમજી નહિ સોય રે... થે મન૦ ૧૮
ચિંતવી ભોંયરૂં ઉઘડાવીયું બકરી જોવાને કાજ રે

બચ્ચા દોય છે માવડી દીઠો ત્રણેનો સાજ રે... થે મન૦ ૧૯
અકબ્બર શાહ મન ચિંતવે પ્રત્યક્ષ પરવર દીગાર રે
પ્રણમે પાય ગચ્છ રાયનાં ધર્મ શ્રવણ મન ધાર રે... થે મન૦ ૨૦
એક પ્રહર લગે શાહને ઉપદેશે સૂરિરાય રે
હિંસા પાતિક સાંભળી પરિણતી કુણી થાય રે... થે મન૦ ૨૧
અરજ કરે છે સુલતાનજી નિઃસ્પૃહ થેં સૂરિરાય રે
ધનમણિ કંચન લ્યો નહિં મુજ પ્રાર્થના કુણ કાજ રે... થે મન૦ ૨૨
પુસ્તક તુમચા રે ધર્મના વહોરો શ્રી ગચ્છરાય રે
શાહવચનથી તે વહોરીયાં પુસ્તક આગમ શ્રુત રાજ રે... થે મન૦ ૨૩
આગ્રાનગર ભંડાર મેં પુસ્તક ઠવીયાં છે એહ રે
પ્રથમ ચોમાસુ તિહાં રહ્યાં જાણી ધર્મ સનેહ રે... થે મન૦ ૨૪
આગ્રા શહેરના સંઘને ઉપદેશ્યો સૂરિરાય રે
દીપવિજય કવિરાજજી હીરસૂરિ ગચ્છરાજ રે... થે મન૦ ૨૫

## ૫૪. જગડૂશાશેઠની સજ્ઝાય

### દુહા

પાસ જિનેસર પાયનમી પ્રણમી સદ્ગુરૂ પાય,
જગડૂશા સરલા તણા ગુણ ગાતાં સુખ થાય... ૧
રાજા કરણ મરી કરી પોંહતો સરગ મઝાર,
કંચન દાન પ્રભાવથી પગ પગ રહે મનોહાર... ૨
માનવ ભવ જો પામીયેં તો સહી દીજે અન્ન,
દેવલોકથી અવતર્યો જગડૂશા ધન ધન્ન... ૩

### (ચોપઈ)

જંબુદ્વીપ સોહે સુવિચાર દક્ષિણ ભરત તિહાં મનોહાર
સાડા પચવીસ આરજદેશ ધર્મ કરે શ્રાવક સુવિશેષ... ૧
લાટ ભોટ અને કરણાટ ગુજજર માલવ ને મેવાડ
કચ્છ દેશમાં જગડૂ થયો શ્રીમાલી કુલ દીવો કહ્યો... ૨
ભદ્રેસર પાટણ સુપ્રસિદ્ધ ધણ-કણ-કંચન ઋદ્ધ સમૃદ્ધ
ચોરાસી ચહુટા સુવિશાલ દેવળ દીઠે ઝાકઝમાલ... ૩

વ્યવહારી વાસે ત્યાં વસે શાહ સુરલાકર્મી ઉલ્લાસે
જેહને કોટી એકસો આઠ તેહને જાચે ચારણ ભાટ... ૪
વહાણ ચલ્યાં ઘરથી દશ દોય દેશ-પરદેશે કીરતિ હોય
સુખ ભોગવતાં નારી ગર્ભ લહે અનુક્રમે નામ તે જગડૂ કહે... ૫
એક દિન વિચરંતો અણગાર ચોમાસું રહેવા તેણિવાર
આચારજ આચારે કરી આતમ રાખે નિજ સંવરી... ૬
પૂરવ કર્મ તણે સયોગ ધન ખૂટ્યું વળી કર્મને યોગ
નવકાર મંત્ર સદા મન ધરે સામાયિક પડિકમણું કરે... ૭
શ્રાવક વ્રત પારી ઘર જાય જગડૂ બેઠો એકાંતે આય
ચોક માંહે ગુરૂ આવ્યા વહી સંકટ વેધ દેખે તિહાં સહી... ૮
તારા મંડલ દેખી ધૂણે સીસ ચેલો પૂછે નામી શીસ
ગુરૂ કહે-ચેલા ! સાંભળ વાત મહિયલ કાલ હોશે પાંચ-સાત... ૯
તો કિમ કરશે સયલ સંસાર જગડૂ કરશે દીનોદ્ધાર
પાય લાગીને નિજઘર જાય જગડૂ મનમાં અચરિજ થાય... ૧૦
શુભ દિવસ ગુરૂ જોઈ દીયે મંત્રાદિક મંત્રે કરિ લીયે
એકવીસ કળશા ધરતીમાંહિ આકજ ઉગ્યો ધોળો જયાંહિ... ૧૧
પ્રગટ્યો પુણ્યતણો અંકુર પામ્યા લક્ષ્મી પ્રબળ પંડૂર
વાણોતર ધન લેખો કરે ધન દેઈને એ કણ સંચ કરે... ૧૨
જહાજ ચલાવે જગડુ બહાર પુણ્ય સંયોગે પહોંતા પાર
લખ ગમે લાભ થાયે જિહાં અવર કરિયાણાં લીધા તિહાં... ૧૩
બાવન ગજની શીલા દોય લાખ ટકા દઈ લીધી સોય
અવર વસ્તુ વણજી છે બહુ કિમ કરી આવે દ્વીપે સહુ... ૧૪
અર્ધમારણ આવ્યાતે વહી તેજિમ તૂરી દીઠી સહી
નાંગર નાંખી સંચય કરી તેજિમ તૂરી વહાણે ભરી... ૧૫
અનુક્રમે આવ્યા નિજપુર ભણી ખબર કરાવે ધાન્યજ તણી
દેશ દેશાંતર સેવક ગયા ધાન્ય લઈને કોઠા ભર્યા... ૧૬
પત્ર લખાવી તાંબાતણા દીન હીન લેઈ રાંકજ તણા
જે આવીને માંડે હાથ તેહને આપે હાથો હાથ... ૧૭
સંવત બાર પનરો તેરો કાળ પડીયો ચિહુખંડ માંહે દુકાળ

રાય વિસલ દે પાટણ ધણી ખબર કરાવે અન્નજ તણી... ૧૮
વણિક તેડાવી કહે રાજન રાય સાધારણ સુણ્યા છે કાન
પૂરો અન્ન કે મૂકો બિરૂદ ઈમ બોલ્યા વિસલ દે રૂદ... ૧૯
જગડુ કહે કોઠારે ઘણાં ધાન્ય ભર્યાં છે અન્નજ તણા
રાંક વડો છું હું તાહરો કાર્ય સમારો એ માહરો... ૨૦
વડ ભીખારી વીસલરાય આઠ સહસ્રમૂડા દેવરાય
નગર છઠાનો રાય હમીર બાર સહસ મૂડા દે ધીર... ૨૧
એકવીસ દીધાં ગજ સુલતાન અઢાર સહસ માલવપતિ જાણ
મેદ પાટનો રાય પ્રતાપ બત્રીસ સહસ મૂડા મુજ આપ... ૨૨
શત્રુંજય ગિરનારે વહી દાન શાળાઓ મંડાવે સહી
ચારે ખંડમાંહે જગડુ શાહ પુણ્યે લીયેં લખમીનો લાહ... ૨૩
ઈંદ્ર ચંદ્ર કે સુરતરૂ સાર માનવ નહીં એ સુર અવતાર
ધન ધન જાતિ શ્રીમાલિતણી જેહની કીરતિ ચિહું દિશિભણી... ૨૪
સત્તર નભ ષટ શ્રાવણમાસ એહ સંબંધ કહ્યો ઉલ્લાસ
સાંતલપુર ચોમાસું રહી શ્રાવકજનને આદરેં કહીં... ૨૫
પંડિત માંહે પ્રવર પ્રધાન વીર કુશલ ગુરૂ પરમ નિધાન
સૌભાગ્યકુશલ સદ્ગુરૂ સુપસાય તાસ શિષ્ય કેશર ગુણ ગાય... ૨૬

## • ૫૫. જયભૂષણમુનિની સજ્ઝાય

નમો નમો જય ભૂષણ મુનિ દૂષણ નહિંય લગાર રે
શોષણ ભવજલ સિંધુના પોષણ પુણ્ય પ્રચાર રે... નમો નમો ૧
કીર્તિ ભૂષણ કુલ અંબરે ભાસન ભાનુ સમાન રે
કોસંબી નયરીપતિ માત સ્વયં પ્રભા નામ રે... નમો નમો ૨
પરણી નિજ ઘરે આવતાં સાથે સવિ પરિવાર રે
જયધર કેવલી વંદીયા નિસુણી દેશના સાર રે... નમો નમો ૩
પૂરવ ભવની માતડી પરણી તેં ગુણ ગેહ રે
જયસુંદરીએ સ્વયંવરા આણી અધિક સનેહ રે... નમો નમો ૪
તે નિસુણીને પામીયો જાતિસમરણ તેહ રે
સંયમ લ્યે સહસ પુરૂષસ્યું વનિતા સાથે અછેહ રે... નમો નમો ૫
એક અનંતપણે હોઈ સંબંધે સંસારી રે

એણી પેરે ભાવના ભાવતાં વિચરે પૂરવધારી રે... નમો નમો ૬
ઘાતી કર્મક્ષયે ઉપનું કેવલ જ્ઞાન અનંત રે
પર ઉપકાર કરે ઘણા સેવે સુરનર સંત રે... નમો નમો ૭
ઈમ વિરમે જે વિષયથી વિષસમ કટુફલ જાણી રે
જ્ઞાનવિમલ ચઢતી કળા થાયે તે ભવિ પ્રાણી રે... નમો નમો ૮

## ૫૬. જંબુસ્વામીની સજ્ઝાયો (૧)

બોધ સુણી સુધર્મા સ્વામીનો, જબૂં કહે રજા ઘો માય,
કુંવરજી ! કેમ કરી સહેશો જોગને જંબૂ રે. ૧
સંયમ સોહીલું છે નહી રે, કંચન કાયા જાશે કરમાય. કુંવર૦ ૨
બાવીશ પરીસહ છે અતિ આકરા રે, ખમશો કેમ કરી કુમાર. કુંવર૦ ૩
પંચ મહાવ્રત છે મેરૂ તુલ્યના રે, જાણજો ખાંડા કેરી ધાર. કુંવર૦ ૪
સુશોભિત શ્યામ વર્ણા કેશને રે, ચુંટ ભાજી પાલાની જેમ, કુંવર૦ ૫
ત્યાં નથી ગાદી કે ગાલમસુરીયાં રે, નથી કાંઈ હેમ હીંડોલા ખાટ. કુંવર૦ ૬
થાશે પાછળથી તને ઓરતો રે, કીધો મેઘકુમારે જેમ. કુંવર૦ ૭
માનો કહ્યું કુંવર આ માહરૂં રે, ઘડાશે પછી ત્યાં અવળાં ઘાટ. કુંવર૦ ૮
ઘર ઘર ભીક્ષા માંગવી દોહીલી રે, દોહીલી શરમ તજવી ત્યાંય. કુંવર૦ ૯
જંબૂ કહે હું શીયાળીયો રે, થાઈશ ત્યાંહ સિંહ સમાન.
માતાજી ! એમ કરી સહેશું જોગને. ૧૦
આઠે સુંદરીયો આવી એમ કહે રે, અમને કેમ તજો પ્રાણનાથ;
*સ્વામીજી ! કેમ કરી સહેશો જોગને. ૧૧*
જંબૂ કહે જો હોય ઘણી પીતડી રે, તો તુમ ચાલો અમારી સાથ,
સુંદરીઓ ! એમ કરી સહેશું જોગને રે. ૧૨
બુઝવ્યા માત પિતાદિ સાસુ સસરા રે, તેમ વળી બુઝવી આઠે નાર; ૧૩
બુઝવ્યા પ્રભવાદિક પાંચશો ચોરને રે, પ્રભાતે લીધો સંયમભાર. ૧૪
સંયમ લેઈને કર્મ ખપાવીયા રે, પહોંચ્યાં શિવપુર પાટણ માંહિ.
ભાવ ધરીને ભાવાપુર બંદરે રે, મુનિ વિનયવિજય ગુણ ગાય. કુંવર૦ ૧૫

## • ૫૭. જંબૂસ્વામીની સજ્ઝાયો (૨)

રાજગૃહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે;

તસ સુત જંબૂકુમાર નમું, બાળપણે બ્રહ્મચારી રે. ૧
જંબૂ કહે જનની સુણો, સ્વામી સુધર્મા આયા રે;
દીક્ષા લેશું તે કને, અનુમતિ દ્યો મોરી માયા રે. જંબૂ૦ ૨
માય કહે સુણ બેટડા, વાત વિચારી કીજે રે;
તરૂણપણે તરૂણી વરી, છાંડી કેમ છૂટીજે રે ? માય૦ ૩
આગે અરણિક મુનિવરા, ફરી પાછા ઘરે આવ્યા રે;
નાટકણી નેહે કરી, આષાઢાભૂતિ ભોળાયા રે. માય૦ ૪
વેશ્યા વશ પડિયા પછી, નંદિષેણ નગીનો રે;
આર્દ્રદેશનો પાટવી, આર્દ્રકુમાર કાં કીનો રે. માય૦ ૫
સહસ વરસ સંજમ લીયો, તો હી પાર ન પાયા રે;
કંડરીક કરમે કરી, પછી ઘણું પસ્તાયા રે. માય૦ ૬
મુનિવર શ્રી રહનેમીજી, નેમિસર જિન ભાઈ રે;
રાજીમતી દેખી કરી, વિષયતણી મતિ આઈ રે. માય૦ ૭
દીક્ષા છે વચ્છ દોહિલી, પાળવી ખાંડાની ધાર રે;
અરસ નિરસ અન્ન જમવું, સૂવું ડાભ સંથાર રે. માય૦ ૮
દીક્ષા છે વચ્છ ! દોહિલી, કહ્યું અમારું કીજે રે;
પરણો પનોતા પદ્મિણી, અમ મનોરથ પૂરીજે રે. માય૦ ૯
જંબૂ કહે જનની સુણો, ધન્ય ધન્નો અણગારો રે;
મેઘ મુનિસર મોટકો, શાલિભદ્ર સંભારો રે. જંબૂ૦ ૧૦
ગજસુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધન કીધો રે;
ષટ્‌માસી તપને પારણે, ઢંઢણે કેવળ લીધો રે. જંબૂ૦ ૧૧
દશાર્ણભદ્ર સંયમ લહી, પાય લગાડ્યો ઈંદો રે;
પ્રસન્નચંદ્ર કેવલ લહી, પામ્યો છે પરમાનંદો રે. જબૂં૦ ૧૨
એમ અનેક મુનિવર હુઆ, કહેતા પાર ન પાવે રે;
અનુમતિ દ્યો મોરી માવડી, ક્ષણ લાખીણો જાય રે. જંબૂ૦ ૧૩
પાંચસે સત્તાવીશ સાથે, જંબૂકુમાર પરવરીઓ રે;
પંચ મહાવ્રત ઉચ્ચરી, ભવજલ સાયર તરીયો રે. જંબૂ૦ ૧૪
જંબૂ ચરમ જ કેવલી, તાસ તણાં ગુણ ગાયા રે;
પંડિત લલિતવિજય તણા, હેતવિજય સુપસાયા રે. જંબૂ ૦ ૧૫

## ૫૮. જંબૂસ્વામીની સજ્ઝાય (૩)

સરસ્વતી સ્વામીને વિનવું, સદ્‌ગુરૂ લાગું છું પાય;
ગુણ રે ગાશું જંબુસ્વામીના, હરખ ધરી મનમાંય.
ધન ધન જંબૂસ્વામીને. ૧
ચારિત્ર છે વચ્છ દોહિલું, વ્રત છે ખાંડાની ધાર;
પાયે અડવાણેજી ચાલવું, કરવાજી ઉગ્ર વિહાર. ૨
મધ્યાહન પછી કરવી ગૌચરી, દિનકર તપે રે નિલાડ;
વેળુ કવળ સમ કોળિયા, તે કિમ વાળ્યા એ જાય. ૩
કોડી નવ્વાણું સોવન તણી, તમારે છે આઠેજી નાર;
સંસારતણાં સુખ જાણ્યા નહીં, ભોગવો ભોગ ઉદાર. ૪
રામે સીતાને વિજોગડે, બહોત કીધા રે સંગ્રામ;
છતી રે નારી તુમ કાંઈ તજો, કાંઈ તજો ધન ને ધામ. ૫
પરણીને શું પરિહરો, હાથ મલ્યાના સંબંધ;
પછી તે કરશો સ્વામી ઓરતો, જિમ કીધો મેઘ મુણીંદ. ૬
જંબૂ કહે નારી સુણો, અમ મન સંયમ ભાવ;
સાચો સ્નેહ કરી લેખવો, તો સંયમ લો અમ સાથ. ૭
તેણે સમે પ્રભવોજી આવીયો, પાંચસે ચોર સંઘાત;
તેને પણ જંબૂસ્વામીએ બુઝવ્યો, બુઝવી માત ને તાત. ૮
સાસુ સસરાને બુઝવ્યા, બુઝવી આઠે નાર;
સુધર્માસ્વામી પાસે આવીયા, લીધોજી સંયમભાર. ૯
પાંચશે સત્તાવીશશું, વિચરે છે મન ઉલ્લાસ;
કર્મ ખપાવી થયા કેવલી, પહોંત્યા મુક્તિ આવાસ ૧૦
સંવત સત્તર છાસઠે, કડુપુર નગર મોઝાર,
સૌભાગ્ય વિજય ઈમ ભણે, જંબુ-નામે જયકાર... ૧૧

## ૫૯. જંબૂસ્વામીની સજ્ઝાય (૪)

ત્રિશલાના જાયા જિનજી, તાર્યા નરનારી,
ચૌદ ચોમાસા કીધાં રાજગૃહી પધારી રે;
ધન્ય ધન્ય જંબૂસ્વામી, જેને મોહ વાર્યો રે,
આતમ કારજ સાધીયા. ૧

ઋષભદત્ત તાત જેના, ધારણીના જાયા રે;
ગુણી કુમાર જંબૂ જેની, કંચન વરણી કાયા રે. ધન્ય૦ ૨
સુધર્મા સ્વામીની વાણી, સાંભળી ગુણ ખાણી રે;
ચરણમાં ચિત્ત આણી, મીઠી લાગી વાણી રે. ધન્ય૦ ૩
માતા અનુમતિ આપો, ભાવે સંજમ લેશું રે;
નાણ ને ચરણ સાધી, શિવ સુખ વરશું રે. ધન્ય૦ ૪
ધરણી આઠ પરણી બેટા, હોંશ પૂરો મારી રે;
પછી સંયમ સુખે લેજો, કુલ અજુવાલી રે. ધન્ય૦ ૫
માતા વયણે પરણી ધરણી, જાણી ગુણ ખાણી રે;
પ્રીતમ આગે ઉભી પ્યારી, મીઠી જેહની વાણી રે.ધન્ય૦ ૬
જંબૂ કહે નારી પ્રત્યે, સંયમ શું મુજ ભાવે રે;
સંસારમાં સુખ નથી, અસ્થિર બનાવે રે. ધન્ય૦ ૭
કર જોડી કહે નારી, પ્રાણના આધાર રે;
એમ કેમ છોડી જાઓ, અમને નિરાધાર રે. ધન્ય૦ ૮
પરણીને શું પરિહરો, હાથનો સંબંધ રે;
પાછળથી પસ્તાવો થાશે, મન હોશે મંદ રે. ધન્ય૦ ૯
જુઠી કાયા જુઠી માયા, જુઠ મેં ભરમાયા રે;
બહુ કાલ ભોગ કીધો, તોયે તૃપ્તિ ન પાયા રે. ધન્ય૦ ૧૦
સડી જાશે પડી જાશે, વનમાં થાશે વાસ રે;
માટીમાં તન મલી જાશે, ઉપર ઉગશે ઘાસ રે. ધન્ય૦ ૧૧
આઠે નારી બુઝવીને, વળી માત ને તાત રે;
સાસુ સસરા સાથે બુઝ્યા, બાંધી ધર્મ ધ્વજ રે.ધન્ય૦ ૧૨
પાંચશો ચોરોની સંગે, પ્રભવોજી આવ્યા રે;
તેને પણ પ્રતિબોધી, વ્રતે મન ભાવ્યા રે. ધન્ય૦ ૧૩
પાંચસો સત્યાવીશ સાથે, ભાવે સંયમ લીધું રે;
સુધર્મા સ્વામીની સંગે, સહુનું કારજ સીધ્યું રે. ધન્ય૦ ૧૪
થયા બાળ બ્રહ્મચારી, વાંછી નહીં નારી રે;
ચરમ કેવળી ઈણ ચોવીશી, પામ્યા ભવપારી રે. ધન્ય૦ ૧૫
તત્ત્વ સિદ્ધિ અંક ઈહું, ગુણી ગુણ ગાયા રે;
વિનયવિજય નિત્ય વંદે, જેણે છોડી માયા રે. ધન્ય૦ ૧૬

## ૬૦. જિનપાલિત જિનરક્ષિતની સજ્ઝાય (ઢાળ-૪)

**દુહા**

અનંત સિદ્ધ આગે હુઆ વળી હોવંતા જેહ
અનાગતે જે હોયશે હું પ્રણમું ધરી નેહ... ૧
પાપ અઢારે અતિ બૂરા પરિગ્રહ મહા વિકરાળ
પ્રીતિ મિત્રાઈ ગણે નહીં સહુ ગુણને દિયે બાળ... ૨
દુઃખ દાતા છે પરિગ્રહો મોટી માયા જાલ
દોનું ભાઈએ દુઃખ સહ્યાં જિનરક્ષિત જિનપાલ... ૩
ઘરમાં ધન છે અતિ ઘણું તોય ન પહોંચી હામ
પચી રહ્યા છે પ્રાણીયા કિમ પામે તે ઠામ... ૪
કોણ નગરી વસતા હતા કિમ દુઃખ સહ્યાં અપાર
સાવધાન થઈ સાંભળો તેહનો કહું વિસ્તાર... ૫

**ઢાળ ૧**

ચંપા નગરી સોહામણી દીઠે હરખિત થાય રે
લોક વ્યાપારી અતિ ભલા વળી શેઠ ઘણા તિણમાંય રે...
ધનના લોભી વાણીયા ૧
શેઠ માકંદીના દીકરા દોનું વડા વ્યાપારી રે
નાવા લેઈને સમુદ્રમાં ઉતર્યા વાર અગીયારી રે... ધનના૦ ૨
લાભ કમાઈ લાવીયા મેળવી માયા ભારી રે
લોભ મટ્યો નહીં માંહ્યલો બારમીવાર તૈયારી રે... ધનના૦ ૩
આવી મા-બાપને ઈમ કહે અમે જાઈશું સમુદ્ર વ્યાપારો રે
માત પિતા તવ ઈમ કહે ભળી નહીં બારમી વારો રે... ધનના૦ ૪
ઘરમાં ધન છે અતિ ઘણું તેહને લગાડો લેખે રે
સાત પેઢી લગે નહિં ટળે અણઘટતાં દુઃખ કોણ દેખે રે... ધનના૦ ૫
મા બાપે વચન કહ્યાં ઘણા પણતે નહી કાંઈ પાળે રે
કરિયાણા લેઈ તિહાં થકી સમુદ્રમાંહે તે ચાલે રે... ધનના૦ ૬
અનેક યોજન ગયા પછી ઉઠ્યો ઉલ્કાપાતો રે
દેખીને મન ચમકીયા એ તો બંગડી દીસે છે વાતો રે... ધનના૦ ૭

અકાળે વીજ ગાજીયો નાવા કંપણ લાગી રે
વાયરે ચડી હેઠી પડી કાંઈક નાંગર ભાંગી રે... ધનના૦ ૮
વિદ્યાધરની દિકરી વિદ્યા વિસર્યાં પસ્તાવે રે
ગરૂડ દેખી સરપણ છીપે દર બાહિર જિમ નાવે રે... ધનના૦ ૯
ભરતારે ફૂટીનાર તે કાંઈ કોલાહલ શબ્દ પોકારે રે
નાવા સમુદ્રમાં બૂડતાં રોવતા રીવ પાડે રે... ધનના૦ ૧૦
હાહાકાર હુઓ ઘણો તિહાં પાટીયું હાથ જ આય રે
બીજા તો ધ્રસકી પડ્યા બે ભાઈ તરંતા જાય રે... ધનના૦ ૧૧
રત્નદ્વીપે તે આવીયા તિહાં મન માન્યા ફળ ખાય રે
નાળીયેર ફોડી તેલ કાઢીને ચોપડે બેઠાં છાંય રે... ધનના૦ ૧૨

## દુહા

રયણાદેવી તેણે અવસરે વસતી દ્વીપ મઝાર
પાપ કરી હર્ષિત હુવે અધરમ સેવણ હાર... ૧
નિત્ય નવા સુખ ભોગવે રહે વિષય રસ લાગી
મહેલ અતિ રળીયામણો તસ ઘર ચૌદિશિ બાગ... ૨
બે ભાઈ ચિંતા કરે પૂરવ વાત વિચાર
આર્ત ધ્યાન કરતાં થકાં દેવી આવી તેણિવાર... ૩
ખડ્ગ છે તેના હાથમાં કીધું રૂપ કુરૂપ
નયણાં દોય ફાટી થકી ભૂંડી દીસે વિરૂપ... ૪
અહો ! માકંદીના દિકરા માનો વચન નિરાધાર
તમે મુજશું સુખ ભોગવો નહીં તો કરીશ નિહાર... ૫
માન્યું વચન એ બેહુ જણે લેઈ ચાલી આવાસ
અશુભ પુદગલ સહુ કાઢીને ભોગવે ભોગ વિલાસ... ૬
નિત્ય અમૃતફળ ભોગવે નિતનિત નવલા વેશ
કાળ કેતો'એક નિર્ગમ્યો આવ્યો ઈંદ્ર આદેશ... ૭

## ઢાળ ૨

હાથ જોડીને એમ કહે રે લાલ સાંભળો માહરી વાત રે-વાલમ મોરા
ઈંદ્રે હુકમ ફરમાવીયો રે લાલ સમુદ્ર વારણ જાય રે મુજ વિનતિ અવધારજો રે લાલ

જો ઈહાં અરતિ ઉપજે રે લાલ તો જાજ્યો પૂરવ બાગ રે લાલ
દોય ઋતુનાં ફળ ખાવજો રે લાલ કરજો મનમાન્યા રંગ રાગ રે લાલ... ૨
એ ફળને ખાધાં થકાં રે લાલ જાગશે વિષય વિકાર રે લાલ
કામ દીપાવણ એહ છે રે લાલ મન ઈચ્છા પૂરણહાર રે લાલ... ૩
વાવ ઘણી છે એ બાગમાં રે લાલ સરોવર ઘણાં તિણ ઠાણ રે લાલ
મોર બપૈયા કોયલ લવે રે લાલ જેહની મીઠી વાણ રે લાલ... ૪
તિહાં કદી અરતિ ઉપજે રે લાલ તો બાગ ઉત્તરમાં જાય રે લાલ
દોય ઋતુનાં સુખ ભોગવો રે લાલ જિહાં ચકવા-ચકવી શબ્દ થાય રે લાલ..૫
તિમ હીજ પશ્ચિમ બાગમાં રે લાલ દોય ઋતુનાં ફળ ખાઓ રે લાલ
ક્રીડા કરજો મન ગમી રે લાલ પણ દક્ષિણ બાગ મત જાઓ રે લાલ... ૬
તેહમાં સર્પ છે મોટકો રે લાલ ચંડરૌદ્ર કાળિનાગ રે લાલ
રખે પીડા તુમને કરે રે લાલ મુજ તુમ ઉપર રાગ રે લાલ... ૭
દાંત છે લોહજ સારિખા રે લાલ જીભ તડગ્રહ જાણ રે લાલ
તિણ કારણ વર્જું અછું રે લાલ રખે લીયે તુમ પ્રાણ રે લાલ... ૮
એમ એ ત્રણ્યે બાગમાં રે લાલ સર્વકાળ ગહઘાટ રે લાલ
સુખ શાતા ઘણી પામશો રે લાલ જો જ્યો માહરી વાટ રે લાલ... ૯
એમ શિખામણ દેઈ કરી રે લાલ કહીને વારંવાર રે લાલ
રયણાદેવી ચાલી સહી રે લાલ વાંસે એકલડા નિરધાર રે લાલ... ૧૦

### દુહા

દોનું ભાઈ ચિત્ત ચિંતવે આરતિ મનમાં થાય
સુખ પામે જેમ આતમા પૂરવ બાગમેં જાય... ૧
તિમહીજ પશ્ચિમ ઉત્તરે પણ સુખ ન લહે લગાર
તવ મનમાંહે ચિંતવે બેહુ ભાઈ તેણિવાર... ૨
દક્ષિણ દિશિના બાગમાં જતાં વાર્યા બહુવાર
તેહનું કારણ શું હશે ઈમ કહી ચાલ્યા તિવાર... ૩
તેહમાં દુર્ગંધ અતિ ઘણી હાડ ઘણા તિણમાંય
શૂળીએ પુરૂષને દેખીને સાંધા ઢીલા થાય... ૪
કોણ નગરી વસતા હતા કિમ વશ પડિયા આય
કોણ અન્યાય તુમે કર્યો શૂળીએ દીધા ચડાય... ૫

હું કાકંદીનો વાણીયો કરિયાણા વેચણ કાજ
વહાણ ભાંગ્યું અહિં આવીયો રયણા વશ પડ્યો આજ... ૬
સંસારનાં સુખ ભોગવ્યા કાળ કે'તો એક જાય
થોડો વાંક પડ્યે થકે મને શૂળીયે દીધો ચડાય... ૭
જો વંછો ચંપા ભણી તો પૂરવ બાગમાં જાઈ
શેલક યક્ષને પૂજશો તો ઘર દેશે પહુંચાઈ... ૮

## ઢાળ ૩

હરે લાલા ! દોનું ભાઈ રોવે ઘણા એ તો ભૂંડી દીસે છે નાર રે લાલા
હરે લાલા ! જો એ પાપિણી જાણશે તો દેશે આપણને માર રે લાલા નારીનો નેહ

નિવારજો૧

હરે લાલા ! પૂરવ બાગમાં આવીયા કાંઈ યક્ષ આવ્યો તેણી વાર રે લાલા
હરે લાલા ! કેહને ઉતારૂં ઈહાં થકી આ સાગરની પાર રે લાલા નારીનો૦ ૨
હરે લાલા ! હાથ જોડીને એમ કહે અમે દોનું દુઃખીયા અપાર રે લાલા
હરે લાલા ! કૃપા કરી અમ ઉપરે દુઃખમાંથી પાર ઉતાર રે લાલા નારીનો૦ ૩
હરે લાલા ! દેવીનો મોહ મત આણજો મારી પીઠે બેસો આય રે લાલા
હરે લાલા ! જો મન ડોલ્યું જાણશું તો દેશું તુમને ઢાળી રે લાલા નારીનો૦ ૪
હરે લાલા ! ધીરજ ધરી પીઠે ચડ્યા દેવી આવી તેણિ વાર રે લાલા
હરે લાલા ! હાથમાં ખડગ બીહામણું મુખથી બોલે માર માર રે લાલા નારીનો૦ ૫
હરે લાલા ! કરડાં વચન કહ્યાં ઘણાં પણ ડર્યા નહીંય લગાર રે લાલા
હરે લાલા ! તવ શણગાર સોળે સજી ઘુંઘટ કાઢ્યો તેણી વાર રે લાલા નારીનો૦ ૬
હરે લાલા મીઠાં વચન કહ્યાં ઘણાં મને કાંઈ મેલી નિરધાર રે કંતા
ઈણ અટવી ઉજાડમા મને કોણ દેશે આધાર રે કંતા.

અબળા સાહમું જોઈએ૦ ૭

હરે લાલા ! સુખ ભોગવો સંસારનાં એમ કેમ દીયો છો છેહ રે કંતા
હરે લાલા ! પ્રીત વિચારો પાછલી મારી દુઃખણી દેખો દેહ રે લાલા નારીનો૦ ૮
હરે લાલા અવધિજ્ઞાને જોઈયું જિનરક્ષિત ડગીયો જાણ રે લાલા
હરે લાલા ચળાવવાને કારણે તે ઈણવિધ બોલે વાણ રે લાલા નારીનો૦ ૯
હરે લાલા જિનપાલિત કઠોર છે એને દયા નહીં દિલ માંય રે કંતા
હરે લાલા જિનરક્ષિત તું માહરે પ્રાણ આધારજ થાય રે કંતા

અબળા સાહમું જોઈએ૦ ૧૦

હાંરે લાલા અંતર દ્વેષ રૂદન કરે વળી કરે આક્રંદ પોકાર રે કંતા
હારે લાલા આડી નજરે જગાવતી હું દેખું તુજ અણુહાર રે લાલા નારીનો૦ ૧૧
હાંરે લાલા ફુલતણી વૃષ્ટિ કરે વળી ગંધ ચૂરણનો મેહ રે લાલા
હારે લાલા તીન ઘંટા વજડાવતી એ તો બોલે વચન સનેહ રે લાલા નારીનો૦ ૧૨
હારે લાલા મેં ઉપકાર કિયા ઘણા તમે વિસારી મત જાઓ રે લાલા
હારે લાલા જે ચૂકી તે બતલાય ઘો એવા નિર્લજ્જ તમે ન થાઓ રે લાલા નારીનો૦ ૧૩
હાંરે લાલા કિમ મુજથી લુખા થયા મારૂં હૈડું ફાટી જાય રે લાલા
હારે લાલા તમારૂ દરિસણ દેખીને હું તો પગ પૂજુ ચિત્ત લાય રે લાલ નારીનો૦ ૧૪
હારે લાલા ભર સમુદ્રમાં કાં મૂકો મને એકલડી નિરધાર રે લાલા
હારે લાલા પ્રાણ તજું તુમ ઉપરે મારે બીજો કવણ આધાર રે લાલા નારીનો૦ ૧૫
હારે લાલા મુજને ન મેલો એકલી તમે દયા કરો મહારાજ રે લાલા
હારે લાલા તુમ વિણ જીવાશે નહીં મહારાં સફળ કરોને કાજ રે લાલા નારીનો૦ ૧૬
હારે લાલા એમ ગુણ ગાન કિયા ઘણા એકવાર તું નયણે નિહાળ રે લાલા
હારે લાલા વચન વિષયનાં સાંભળી જિનરક્ષિત જુએ ભાળ રે લાલા નારીનો૦ ૧૭
હારે લાલા દેવી સામું જોતાં થકાં તિહાં જાગ્યો મોહ વિકાર રે લાલા
હારે લાલા દુઃખ પડ્યાં તે સાંભળો કહે કવિજન વારંવાર રે લાલા નારીનો૦ ૧૮

## દુહા

યક્ષે ડગીયો જાણીને ઢાળી દીધો તેણી વાર
દેવી આવી ઉતાવળી વચન કહે નિરધાર... ૧
ક્રોધ કરી ત્રિશૂળ વડે ખંડો ખંડ કરી ધાર
દશદિશી ઉછાળતી હર્ષિત હુઈ તેણી વાર... ૨
જિનરક્ષિત દુઃખીયો થયો જોયાનાં ફળ જાણ
ચંપા પણ પહોંત્યો નહીં વચમાં છોડયા પ્રાણ... ૩
વૈરાગ્યે ઘર નવિ તજયું હુઈ શરમ નહિં ભાલ
શિવનગરી પહોંત્યો નહીં નરકે ગયો તતકાળ... ૪
રયણી દેવી કામિની શેલક યક્ષ તે સાધ
ચંપા તે મુક્તિ ભલી સંસાર સમુદ્ર અગાધ... ૫

## ઢાળ ૪

જિનપાલિતે મનમેં ધારી એ તો કપટી દીસે છે નારી

પૂરવનો મોહ નવિ આણ્યો એ તો કાચો સગપણ જાણ્યો... ૧
યક્ષ ઉપર નિશ્ચય ધાર્યો તેણે ચંપા બાગ ઉતાર્યો
યક્ષ કહે ચંપાયે જાઓ સુખ હોશે તુમને સવાયો... ૨
જિનપાલિતે નિજ ઘર આવી સઘળાને વાત સુણાવી
જિનરક્ષિતનો શોક જ કીધો કેંતા કાળ લગે પરસિદ્ધો... ૩
એહવે વીર ચંપાયે આવ્યા તે તો સઘળાને મન ભાવ્યા
પાલિત દેશના સુણવા લાગ્યો ઘર વાસ થકી મન ભાંગ્યો... ૪
મન શિવરમણી શું લાગ્યો સંયમ લઈ થયો વૈરાગીયો
અંગ અગીયાર તે ભણીયો પહેલે દેવલોકે અવતરીયો... ૫
એણે તપ કરી કાયા ગાળી મહાવિદેહે મનુષ્ય હોશે મ્હાલી
તિહાં દિક્ષા લેઈ કેવલ પાશે સહુદોષ ટાળી મોક્ષે જાશે... ૬

## ૬૧. ઝાંઝરીયામુનિની સજ્ઝાયો (૧)

ઝાંઝરીયા મુનિવર જગ જયો, બ્રહ્મચારી ભગવાન મેરે લાલ;
ગોચરી વહોરણ નીકળ્યા, પહોંચ્યા શેઠ મકાન મેરે લાલ. ૧
શેઠાણી સત્કારથી, લાવે મોદકના થાળ મેરે લાલ;
રૂપ પુરંદર દેખીને, ઉપની મોહજંજાળ મેરે લાલ. ૨
લઘુવયમાં આ કષ્ટથી, કિમ સંતાપો દેહ મેરે લાલ;
યૌવન વય સફલો કરો, શોભાવો અમ ગેહ મેરે લાલ. ૩
અમ ભાગ્યે તમે સાંપડ્યા, નિર્ભય વિલસો ભોગ મેરે લાલ;
મધુકર માલતી સંગ જયું, સફલ કરો સંજોગ મેરે લાલ. ૪
પણ મુનિ સન્મુખ નવિ જુવે, નારી કરે મનોહાર મેરે લાલ;
શામ દામ ઉપચારથી, ન ચળ્યો મહાવ્રત ધાર મેરે લાલ. ૫
પ્રેમ વિલુદ્ધિ પદ્મિની, રૂઠી મહાવિકરાલ મેરે લાલ;
મુનિ પગમાં ઝાંઝર ધરી,મુનિ ઉપર ધરે આળ મેરે લાલ. ૬
રાજા નિરખે ગોખમાં, જાણે મુનિ નિર્દોષ મેરે લાલ;
આવી પ્રણમે ભૂપતિ, મુનિવર પહોંત્યા મોક્ષ મેરે લાલ. ૭
એવા મુનિવર વંદતા, જીવ પામે વિશ્રામ મેરે લાલ;
મુજને હોજો ભવે ભવે, ધર્મરત્ન પરિણામ મેરે લાલ. ૮

## ૬૨. શ્રી ઝાંઝરીયામુનિની સજ્ઝાય (૨)

મહિયલમાં મુનિવર કહુંજી કહેશું તમારાં વખાણ
મુનિવર રૂપ કલેવરૂજી આરાધ્યું કેવલ નાણ
ઝાંઝરીયા મુનિવર ! ધન ધન તુમ અવતાર ૧
પેઠણપુર પાટણ ધણીજી મોટો મકરધ્વજ રાય
મદન બ્રહ્મ તસ બેટડોજી સ્હેજ સુકોમલ કાય... ઝાંઝરીયા૦ ૨
એક દિન ક્રીડા કારણેજી કુમર વનાંતર જાય
પહોંતો તિહાં મુનિવર મિલ્યોજી વાંધા ચરણ ઉત્સાહ... ઝાંઝરીયા૦ ૩
તાસ વયણ શ્રવણે સુણીજી બૂઝયો વનમાં અપાર
માત-પિતા સુત સુંદરીજી સયલ સંસાર અસાર... ઝાંઝરીયા૦ ૪
ઈમ જાણી સંયમ લઈજી મહિયલ કરે રે વિહાર
સમતા રસ ગુણ આગરૂજી રૂપે મયણ અવતાર... ઝાંઝરીયા૦ ૫
વિચરંતા ત્રંબાવટીજી આવ્યા અવસર એણ
વિરહિણી કહે કામિનીજી પેખી ગહગહી એણ... ઝાંઝરીયા૦ ૬
સુંદરી કહે સખિ ! સાંભળોજી તેડી લાવો અણગાર
ઉભો ઘરની છાંયડીજી પગે દાઝે કોમલ કાય... ઝાંઝરીયા૦ ૭
સુણીય સખી ઋષિકને જઈજી કહેતી તે ઋષિરાજ
વહોરણ વેળા વહી ગઈજી આવો અમારે ઘરે આજ... ઝાંઝરીયા૦ ૮
સ્વામિનીને સખી વિનવેજી હું તેડી આવી અણગાર
તતક્ષણ તે પાછી વળીજી દીધા ઘરના બેઉ દ્વાર... ઝાંઝરીયા૦ ૯
ભાગ્ય યોગે ભગવન મિલ્યાજી તુમે આવ્યા દેવ સમાન
કે વહોરાવું લાડવાજી કે વહોરાવું અમૃત પાન... ઝાંઝરીયા૦ ૧૦
પદમિણી પોયણ પાતળીજી ચંપા વરણી દીસે દેહ
રૂપે રંભા હરાવતીજી બોલી તે આણી નેહ... ઝાંઝરીયા૦ ૧૧
અવર નહિં કાંઈ સુઝતોજી મુનિ ! તુમ સરીખો આહાર
દોષ રહિત હું કામિનીજી કરો કરગ્રહી નિસ્તાર... ઝાંઝરીયા૦ ૧૨
સુંદરી ! મુજને મૂકીએજી મુજ મત કરો રે પરાણ
શીયલ સન્નાહ મેં પહેરીયુંજી તુમ લાગે તીખાં બાણ... ઝાંઝરીયા૦ ૧૩
હાવભાવ કામિની તણેજી જાણીં મુનિ ચકોરા જામ

વિરહ વિલુધી કામિનીજી આલિંગે મુનિ તામ... ઝાંઝરીયા૦ ૧૪
પગે આંટી કરે કામિનીજી નાખે ભૂંઈ કર સાહી
ચરણે ચરણ ભરાવતીજી ઝાંઝરીયું આવ્યું પગમાંહી... ઝાંઝરીયા૦ ૧૫
માનિની મુજ કેડે રખેજી આવે ઓચિંતી આજ
તિણકારણ મુનિ પાંગર્યોજી રાખી કુલતણી લાજ... ઝાંઝરીયા૦ ૧૬
અનુક્રમે ઉજ્જેણી ગયોજી વહોરણ પહોંતો જામ
ઘર ઘર મુનિ ભમંતોજી રાયરાણી દીઠો રે તામ... ઝાંઝરીયા૦ ૧૭
ચકિત હુઈ રાણી જુએજી એ શું મુનિ પુંગવ હોય
સારીપાસા રમતી રહીજી મનડું મલાઈ મુનિ સોય... ઝાંઝરીયા૦ ૧૮
રાજા મનમાં ચિંતવેજી ઋષિ રૂપે મોહી નાર
જોએ ઋષિ જીવતો રહેજી તો ભેટે કામિની અણગાર... ઝાંઝરીયા૦ ૧૯
તેહ સંકેત સેવક પ્રત્યેજી ભૂપતિ દીયે રે આદેશ
એ ઋષિને તમે મારજ્યોજી નહિ મારો તો તુમને વધેશ... ઝાંઝરીયા૦ ૨૦
માની વચણ સેવક સુણીજી આવ્યા જિહાં ઋષિરાય
ભક્તિભાવ કરી ભેટીયાજી મદન બ્રહ્મ કેરા પાય... ઝાંઝરીયા૦ ૨૧
આજ અમારે ગોઠડીજી પુર બાહિર છે અણગાર
તિણ કારણ તુઝ સૂઝતોજી નિર્દોષ મિલે આહાર... ઝાંઝરીયા૦ ૨૨
રાજપુરૂષ અપરાધથીજી કપટ રહિત જાણી ભેદ
તે મુનિવર વધ સ્થાનકેજી બોલે પણ મન ખેદ... ઝાંઝરીયા૦ ૨૩
એક એક સન્મુખ જોઈનેજી એ તુમ સરીખું કામ
મુનિ રામકી નયણેં જોઈનેજી તવ મુખ દીઠો રે શ્યામ... ઝાંઝરીયા૦ ૨૪
મુનિ ભણે ભાઈ તુમ તણીજી ઝાંખી દીસે તેહ
વળતું તે મુનિ પ્રત્યે ભણેજી તુમ ઉપર રાય રૂઠો એહ... ઝાંઝરીયા૦ ૨૫
એ ઋષિને તુમે મારજોજી એવું કહ્યું છે ગુણી વાણ
ઈષ્ટદેવ આરાધજોજી નહિં મારો તો તુમને હાણ... ઝાંઝરીયા૦ ૨૬
શરણ એક અરિહંતનુંજી કાઉસગ્ગ ધ્યાન મનમાંહિ
મૌન કરી મુનિવર રહ્યોજી ભાવે તે કરો ઉછાંહિ... ઝાંઝરીયા૦ ૨૭
દુર્ભર ઉદરને કારણેજી તજ્યો કુલતણો આચાર
ક્ષમાવંત અણગારનેજી તેણે પાપીએ કીધો રે પ્રહાર... ઝાંઝરીયા૦ ૨૮

ક્ષપક શ્રેણીએ ઋષી ચડયાજી પામ્યા તે મુક્તિનું રાજ
મદન બ્રહ્મ મુનિવર તણાંજી સિધ્યારે જન્મના કાજ... ઝાંઝરીયા૦ ૨૯
ઋષિવર લોહી ભીનો હુવોજી ઓઘો આમિષ સમાન
સમળી સંઘરતા પડ્યોજી રાયરાણી રમે તિણ ઠામ... ઝાંઝરીયા૦ ૩૦
ચકિત થઈ રાણી કહેજી સેવકશ્યું જોય રે ઢંઢોલ
ધર્મોપકરણ છોડતાંજી દીઠીરે અક્ષર તણી ઓલ... ઝાંઝરીયા૦ ૩૧
પેઠણપુર પાટણ તણોજી મોટો રે મકરધ્વજ ભૂપ
તસ સુત મદન બ્રહ્મ તણોજી ઓઘો વળી એહ અનૂપ... ઝાંઝરીયા૦ ૩૨
ઓઘા શૂલ અક્ષરો થયાજી ભાંગી મુજ પીયરની વાટ
એ તુજ હવણાં શું થયાંજી વિલવંતી મૂકીરે આચાર... ઝાંઝરીયા૦ ૩૩
રાજા મનમાં લાજીયોજી ઘોરકર્મથી થયોરે સશંક
જ્યાં ઋષી હણ્યો તિહાં ગયોજી રાજા પાય પડે જેમ રંક...ઝાંઝરીયા૦ ૩૪
તાર તારમુનિ તારકાજી અપરાધી તારો હું એહ
ભવસાગર મુજ તું મિલ્યોજી નાવ સમાન તારો દેહ... ઝાંઝરીયા૦ ૩૫
ઈમ બહુ ભાવે ખમાવતાજી કલેવરથી લહ્યું કેવલનાણ
રાજા મુનિમુક્તિ ગયાજી ભાવતણા જુઓ પ્રમાણ... ઝાંઝરીયા૦ ૩૬
ઝાંઝરીયા ઋષિરાયનીજી ભણે સહુસંત સજ્ઝાય
મુનિ ગુણહર્ષ કવીશ્વરૂજી લબ્ધિવિજય ગુણગાય... ઝાંઝરીયા૦ ૩૭

## • [X] ૬૩. શ્રી ઢંઢણઋષિની સજ્ઝાયો (૧)

ઢંઢણ ઋષિણે કરૂં વંદના હું વારી લાલ, ઉત્કૃષ્ટો અણગાર રે હું૦
અભિગ્રહ લીધો આકરો હું૦ લબ્ધે લેશું આહાર રે હું૦ ૧
દિન પ્રત્યે જાવે ગોચરી હું૦ ન મલે શુદ્ધ આહાર રે હું૦
ન લીએ મૂળ અસુઝતો હું૦ પિંજર હુવો ગાત્ર રે હું૦ ૨
હરિ પૂછે શ્રી નેમને હુ૦ મુનિવર સહસ અઢાર રે હું૦
ઉત્કૃષ્ટો કુણ એહમા, હું૦ મુજ ને કહો કૃપાળ રે હું૦ ૩
ઢંઢણ અધિકો દાખીયો હું૦ શ્રી મુખ નેમિ જિણંદ રે હું૦
કૃષ્ણ ઉમાયો વાંદવા હું૦ ધન્ય જાદવ કુળચંદ રે હું૦ ૪
મારગમાંહે મુનિવર મલ્યાં હું૦ વાંદે કૃષ્ણ નરેશ રે હું૦
કિણહી મિથ્યાત્વીને દેખીને, હું૦ આવ્યો ભાવ વિશેષ હું૦ ૫

આવો અમ ઘર સાધુજી હું૦ લ્યો મોદક છે શુદ્ધ રે હું૦
ઋષિજી લેઈ આવીયા હું૦ પ્રભુજી પાસ વિશુદ્ધ રે હું૦ ૬
મુજ લબ્ધે મોદક મલ્યા હું૦ મુજને કહો કૃપાળ રે હું૦
લબ્ધિ નહી વત્સ તાહરી હું૦ શ્રીપતિ લબ્ધિ નિહાળ રે હું૦ ૭
તો મુજને લેવો નહિ હું૦ ચાલ્યો પરઠણ કાજ રે હું૦
ઈટ નિભાડે જઈને હું૦ ચૂર્યા કર્મ સમાજ રે હું૦ ૮
આવી શુદ્ધ ભાવના હું૦ પામ્યા કેવળ નાણ રે હું૦
ઢંઢણઋષિ મુગતે ગયા હું૦ કહે જિનહર્ષ સુજાણ હું૦ ૯

## ૬૪. ઢંઢણઋષિની સજ્ઝાય (૨) (ઢાળ-૧)

### દુહા

કૃષ્ણ નારી હવે ઢંઢણા ઢંઢણ નામ કુમાર
યૌવણ વય પરણ્યો ઘણી રૂડી રાજ કુમારી... ૧
સાંભળી પ્રભુની દેશના પામ્યો તે વૈરાગ
કૃષ્ણનરેશ મહોત્સવ કરે દીક્ષા લીએ મહાભાગ... ૨
કર્મ ઉદય આવ્યું તદા નામે જે અંતરાય
મુનિવર સાથે જાય પણ તેહને લાભ ન થાય... ૩
મુનિવર પૂછે નેમને પ્રભુજી કેરો શિષ્ય
કૃષ્ણ પુત્ર જગ જાણીયો ઢંઢણ નામ મુનીશ... ૪
ધર્મી લોક વસે ઘણાં મહા ધનવંત ઉદાર
ઈણ નગરી પામે નહીં ભિક્ષા માત્ર લગાર... ૫
સ્વામી કહો કારણ કિશ્યું કિશ્યું કર્મ કર્યું એણ
તવ પ્રભુ પૂરવ ભવ કહે કર્મ સફલ નહિં જેણ... ૬

### ઢાળ - ૧

સાંભળો સાધુ સોહામણા, રે લોલ કર્મ કર્યાં ઇણે અતિ ઘણાં રે લોલ
ધન્ય પૂરક નગરી વડો રે લોલ વિપ્ર પારાસર પરગડો... રે લોલ ૧
ખેતર વવાવે રાજયનાં રે લોલ પાંચસેં હળ સમુદાયનાં રે લોલ
ચાસ એકેક તણાવતો રે લોલ નિજ ખેતરે તે વવરાવતો રે લોલ... ૨
ભોજન અવસર પણ થયે રે લોલ સહુ જીવને અંતરાય કરે રે લોલ

કર્મ બંધાયું આકરૂ રે લોલ ઉદય આવ્યું તે પાધરૂ.... રે લોલ ૩
તે સાંભળી વૈરાગીયો રે લોલ ઢંઢણ શુભમતિ જાગીયો રે લોલ
કરે અભિગ્રહ એહવો રે લોલ નિજલબ્ધે આહાર લેયવો... રે લોલ ૪
એમ સહેતાં માસ ષટ થયા રે લોલ હરિ નેમને વંદન ગયા રે લોલ
પૂછે જિન એ મુનિવરા રે લોલ એહમાં કોણ દુષ્કર કરા... રે લોલ ૫
પ્રભુજી કહે ઢંઢણ મુનિ રે લોલ પરીસહ સહે છે મહા ગુણી રે લોલ
પ્રભુ વાંદી પાછા વળ્યા રે લોલ પુરમાં આવ્યા ઉતાવળા... રે લોલ ૬
ઢંઢણ ઋષિ સામા આવતાં રે લોલ દેખી હરિ મન ભાવતા રે લોલ
ગજથી ઉતરીને વંદીયા રે લોલ હર્ષે મુનિ ગુણ ગાવતા... રે લોલ ૭
મુજ અવતાર સફલ થયો રે લોલ તુમે નમતાં મુજ દુઃખ ગયા રે લોલ
તિહાં એક શેઠ દેખી ચિંતવે રે લોલ કૃષ્ણ ઇણિ પરે જે સ્તવેરે... રે લોલ ૮
તે પ્રાણી ધન્ય માનવી રે લોલ ઘર તેડીને આણીએ રે લોલ
એમ ચિંતી તેડયા ઘરે રે લોલ મોદક ઠામ લીયેં કહે રે... રે લોલ ૯
કરી મનોહારા વહોરાવીયા રે લોલ ઋષિ જિનપાસે આવીયા રે લોલ
સ્વામી ! તુટયું કે નહિં રે રે લોલ અંતરાય કર્મ જે સહિ રે લોલ ૧૦
તવ બોલ્યા જ્ઞાની ગુરૂ રે લોલ કર્મ હજી તુજ છે ઉરૂ રે લોલ
કૃષ્ણ લબ્ધિ એ જાણજો રે લોલ નિજ લબ્ધિએ મત માનજો... રે લોલ ૧૧
*પરની લબ્ધિ જાણી હવે રે લોલ આહાર એકાંતે પરઠવે રે લોલ*
પરઠવતાં ધ્યાને ચડયા રે લોલ કર્મ ક્ષયે ભાવે અતિ વધ્યા...
રે લોલ ૧૨
કેવલ જ્ઞાન ઉપન્યું તિહાં રે લોલ લોકાલોક વ્યપિત થયા રે લોલ
નેમજીને પ્રદક્ષિણા દેઈ રે રે લોલ બેસે કેવલી પર્ષદા રે લોલ
દેશના દીયે નેમનાથજી રે લોલ બાંધ્યા કર્મ નવિ છૂટે રે રે લોલ
વિહાર કરે પ્રભુ અન્યદા રે લોલ પાંચમી ઢાળ પદમે કહી.. રે લોલ ૧૩

(શ્રીનેમિશ્વર રાસ ખંડ-૪/અધિકાર-૨/ઢાળ-૫)

## [?] ૬૫. ત્રિશલામાતાને સખીઓની હિતશિક્ષાની સજ્ઝાય

શીખ સુણો સખી ! માહરી બોલોને વચન રસાળ
તુમ કુખડીયે રે ઉપન્યા સોભાગી સુકુમાલ..

ત્રિશલા ગર્ભને સાચવે ૧
તીખું કડવું કસાયલું ખાટા ખારાની જાત
મધુરા રસ નવિ સેવીયે વમુ મલય પરિહાર.. ત્રિશલા૦ ૨
અતિઉનું અતિ શીતલડું નયણેં કાજળ રેખ
અતિ ભોજન નવિ કીજીયે તેલ ન ચોપડીયે રેખ.. ત્રિશલા૦ ૩
સ્નાન વિલેપન તાહરૂં મન જાણી દુઃખ માય
હળવે મધુરે બોલીયે આસી સુખની વાડ.. ત્રિશલા૦ ૪
ગાડા વ્હેલ વિંડોળતા ધબ ધબ ચાલ મ ચાલ
અતિ શીયલ જગ સેવના વિણસે પુત્રના કાજ.. ત્રિશલા૦ ૫
જેમ જેમ દોહલા ઉપજે તેમ તેમ દેજો બહુમાન
ભોગ સંયોગને વારજો હોશે પુત્ર નિદાન.. ત્રિશલા૦ ૬
એણીપેરે ગર્ભને પાળતાં જન્મ્યા શ્રી જિનરાય
સંઘમાં જય જય સહુ કરે હીરવિજય ગુણ ગાય. ત્રિશલા૦ ૭

## ૬૬. થાવચ્ચા મુનિની સજ્ઝાય

આદીશ્વરને રે પાય પ્રણમી કરી વળી નમી નિજ ગુરૂ પાયજી
થાવચ્ચાનો રે નંદન ગાઈએ નામે નવ નિધિ થાયજી... ભાવે વંદો રે ૧
ભાવે વંદો રે થાવચ્ચા મુનિ નેમિ જિનેશ્વર શિષ્યોજી
શ્રી શેત્રુંજા ઉપર સિદ્ધ થયા હું પ્રણમું નિશદીશોજી... ભાવે ૨
દ્વારિકા નગરી રે કૃષ્ણ નરેશ્વરૂ થાવચ્ચો ધનવંતોજી
બહુ ધન ખરચીરે સુત પરણાવીયો નારી બત્રીસ ગુણવંતીજી... ભાવે ૩
ગઢ ગિરનારની પાસે જાણીએ નંદનવન અભિરામોજી
બહુ પરિવારે રે નેમિ સમોસર્યા હરિ મન હરખ્યા તામજી... ભાવે ૪
વંદન આવે રે સબલ આડંબરે યાદવનો પરિવારોજી
કુંવર થાવચ્ચો રે તિહાંવળી આવીયો સુર નરનો નહિં પારોજી... ભાવે ૫
વાણી સુણીને રે મન વૈરાગીયો થાવચ્ચો નિજ ગેહોજી
તિહાંથી આવીરે માયને પાય પડ્યો માત સુણો સસને હોજી... ભાવે ૬
આ સંસાર અસાર તે જાણીએ અનુમતિ ઘો મોરી માતજી
જિમ હું સંયમ મારગ આચરૂં ક્ષણ લાખેણી જાયજી... ભાવે ૭

વયણ સુણીને હઈડે ડહડહી આંસુડાં ઉભરાયોજી
સંયમ મારગ બેટા દોહિલો તું છે કુમળી કાયોજી... ભાવે ૮
ધન કણ કંચન માલ અછે ઘણો વળી બત્રીસ વહુવારોજી
ભોગ સંયોગ વચ્છ ! તુમે ભોગવો પછી તજજો સંસારોજી... ભાવે ૯
થાવચ્ચો કહે સુણો મોરી માવડી વચન કહું વિશાલોજી
તન ધન જોબન એ સવિ કારમું જાણો સુપન જંજાલોજી... ભાવે ૧૦
જી જી કરતાં રે દિનકર આથમે કિમ ખમશો ટુંકારોજી
ખિણ ખિણ ભોજનનું કુણ પૂછશે અરસ નીરસ આહારોજી... ભાવે ૧૧
જંગલ માંહે રે સુણ મોરી માવડી ભૂખ તરસ સહે અપારોજી
પાણી ભોજન કહો એ કુણ કરે વન વગડાની સારોજી... ભાવે ૧૨
નારી બત્રીસે રે વળી વળી વિનવે અલવેસર અવધારોજી
અવગુણ અમને રે કુણ કહે વાલમાં કાં મેલો નિરાધારોજી... ભાવે ૧૩
પહોંચે સ્વારથ જયાં લગે જેહનો કુણ નારી કુણ માતોજી
સ્વારથ વિણસે રે કોકેહનો નહિં માનો માનુની વાતોજી... ભાવે ૧૪
જબ લગે જીવું રે સુણ મોરા નાનડા મ કરીશ વ્રતની વાંતોજી
વળતું સંયમ તુજને જો રૂચે તો લેજે ભલી ભાંતોજી... ભાવે ૧૫
પહેલાં પુંઠે રે ખબર ન કો પડે તું છે ભોળી માતાજી
ડાભ અણીજલ ચંચલ આઉખું ખિણ મેં વિણસી જાયેજી... ભાવે ૧૬
લેઈ અનુમતિ રે કુંવર હજારસું નેમિ જિનેશ્વર શિષ્યોજી
સંયમ પાળી રે તન મન વશ કરી છોડી તન ધન સારોજી... ભાવે ૧૭
પાળે સંયમ સાધુ ક્રિયા કરી ભણીયા અંગ અગીયારોજી
અવસર જાણી રે અણસણ આદરે સાથે સાધુ હજારજી... ભાવે ૧૮
*શ્રી શેત્રુંજય રે ઉપર સિદ્ધ થયા મુગતે ગયા દુઃખ છોડીજી*
વિબુધ શિરોમણી દીપવિજય તણો શ્રી ધીરનમે કરજોડીજી... ભાવે ૧૯

## ૬૭. દશાર્ણભદ્રમુનિની સજઝાય (ઢાળ-૫)

### દુહા

પંકજ ભૂતનયા નમી શુભ ગુરુ ચરણ પસાય
વિશદ દશારણ ભદ્રજી થુણસ્યું મહામુનિરાય... ૧

માને માનવ દુઃખ લહે ચરણ કરણ ગુણ ફોક
આઠ શિખર આડા વળે ના'વે વિમલા લોક... ૨
અહો માને મુનિવર હુઆ છાંડી રાજ્ય સમૃદ્ધ
શક્રેંદ્ર વંદન કરે માન ત્યજી સ્તવ કીધ... ૩

## ઢાળ ૧

મુદિતા લોક વસે ઝાઝા દશાર્ણનગર ધણી માજા
દેશ દશારણનો રાજા
રમણીક ઋદ્ધિપતિ રાજે ઉપમા લંકાપતિ છાજે રે... ૧
ભૂપ દશારણ ભદ્ર લહયો અરિજનનો ભય દૂર વહયો
ધર્મી ધર્મ ભણી ઉમહયો રે... રમણીક૦ ૨
રાગને રોષ નહિં દિલમાં રોગનો અંશ નહિં તનમાં
વીર સમોસરીયા વનમાં રે... રમણીક૦ ૩
કોલાહલ સુરનો મચીયો પ્રભુ આગળ નાચે શચીયો
દેવે સમવસરણ રચીયો રે... રમણીક૦ ૪
રૂપ અનન્ય અનુપવેરો શોભિત સિંહાસન બેસે
જલ-થલ કુસુમ વૃષ્ટિ વિકસે રે... રમણીક૦ ૫
દેત વધાઈ વનપાલે લાખ વધાઈ ભૂપાળે
ઉઠી સભા સહુ તત્કાલે રે... રમણીક૦ ૬
ચાલજ્યો સર્વજના સાજે જિનવર વંદનને કાજે
ઈમનગરે પડહો વાજે રે... રમણીક૦ ૭
જિનવાણી સુણતાં રંજીએ મિથ્યામતિ દૂરે તરે તજીએ
હયગય રથ ભૂષણ સજીએ રે... રમણીક૦ ૮
વીર ચરણકજ અનુસરીએ દક્ષિણ પ્રદક્ષિણા ફરીએ
નરનારી એમ ઉચ્ચરીએ રે... રમણીક૦ ૯
વંદુ રિદ્ધિ લેઈ સર્વે જિમ કોઈ નવિ વાંધા પૂરવે
ભૂપ ચિંતે ઈણીપેરે ગર્વે રે... રમણીક૦ ૧૦
વળી મનના સંશય વમશું અનુભવ રંગરસે રમશું
શ્રી શુભવીર ચરણ નમશું રે... રમણીક૦ ૧૧

## ઢાળ ૨

રાજા મનમોદે કરી રે સૈન્ય સજે તેણી વાર
ભદ્રક જાતી મદ ભર્યા રે કુંજર સહસ અઢાર રે
માનગજે ચઢ્યો દશારણભદ્ર ભૂપાલ રે... માનગજે૦ ૧
ચોવીસ લાખ તુરંગમાં રે અશ્વરતન અનુહાર
રવિરથ પરે હરિ જોતર્યા રે રથ એકવીસ હજાર રે... માનગજે૦ ૨
યુધિષ્ઠિર ભટ પાયકા રે કોડી એકાણું સફાર
એક હજાર અંતેઉરી રે બેઠી સુખાસન સાર રે... માનગજે૦ ૩
મુગટ બદ્ધ અવનીપતિ રે પંચસયા પરિવાર
પંચવરણ ફરકે તિહાં રે ધ્વજવર સોલ હજાર રે... માનગજે૦ ૪
ચિંહુ દિશે ચામર ઢળે રે ઉજવલછત્ર ધરંત
પટ્ટગજે પૃથવીપતિ રે બેઠો લીલ કરંત રે... માનગજે૦ ૫
નાટક નાદ રસે ચઢ્યો રે નિજઋદ્ધિ સઘળી રે જોય
મનચિંતે મહિમાનીલો રે મુજ સમ અવર ન કોય રે... માનગજે૦ ૬
સોહમપતિ અવધે કરી રે ચિંતે અચરીજ દેખ
ભૂપતિ જિનવંદન કરે રે પણ અભિમાન વિશેષ રે... માનગજે૦ ૭
તીર્થંકર અરિહા પ્રભુ રે વંદિત અમ નરિંદ
કેવલજ્ઞાન દિવાકરૂ રે જગત શરણ જિનચંદ રે... માનગજે૦ ૮
ભરત સગર કેશવ વળી રે પૂર્વે વાંદ્યા જિણંદ
તે આગળ એ નરપતિ રે જિમ રવિ આગળ ચંદ રે... માનગેજ૦ ૯
સાહમ્મીના સગપણ ભણી રે સમજાવું એક તાન
ટાળું જિન આશાતના રે ગાળું એહનું માન રે... માનગેજ૦ ૧૦
ઐરાવણ સુર તેડીયો રે પરિપરિ તસ સમજાય
ઋદ્ધિ વિકુર્વી અભિનવી રે વીર નમન હરિ જાય... માનગેજ૦ ૧૧

## ઢાળ ૩

માન કરશ્યો નવિ માનવીજી માનથી નીચગતિ જોય રે
ભૂપ અભિમાન ભંજન ભણીજી વિહિત વાસવ બલ સોય રે... માન૦ ૧
ચોસઠ સહસ હસ્તિ ભલાજી ઉન્નત અંગ મનોહાર રે
દંતી દંતી પ્રતિ જુજુઆજી મસ્તક પાંચસે બાર રે... માન૦ ૨

શિર પ્રત્યે આઠ દંત શૂલાજી દંતપ્રતિ વાપિકા આઠ રે
પુષ્કરિણી વાવી પ્રત્યેકમાંજી કમલ કંચન મયી આઠ રે... માન૦ ૩
પાંખડી લાખ પંકજ પ્રત્યેજી શબ્દ નાટક તણા થાય રે
ગાયન ગીત સુર ગાવતાજી દેવદુંદુભિ વજડાય રે... માન૦ ૪
કમલ વિચે ડોડક ઉપરેજી ચિહું મુખો એકપ્રાસાદ રે
આઠ ઈંદ્રાણીસ્યું સુરપતિજી તિહાં રહ્યા લહત આહ્લાદ રે... માન૦ ૫
ગણિત સંખ્યા સુણજો હવેજી એક એક ગજપ્રતે સાર રે
સહસ ચઉછન્નુ દંતશૂલાજી રતન રવિકંતિ ઝલકાર રે... માન૦ ૬
પુષ્કરિણી બત્રીસ સહસ છેજી સાતસેં અડસઠ જોય રે
કમલ લખ દો સહસ બાસઠીજી એકસો ચુમ્માલીસ હોય રે... માન૦ ૭
કમલ પર ધવલ પ્રાસાદ છેજી વીસ લાખ સત્તાણુ હજાર રે
એકસો બાવન હરિતણીજી અપછરાનો પરિવાર રે... માન૦ ૮
દો સહસ છસય એકવીસ છેજી જોડજ્યો કોડીત્રિક ઠાણ રે
લાખ ચુમ્માલીસ સોહતીજી પાંખડી કમલની જાણ રે... માન૦ ૯
બત્રીસ બદ્ધ નાટક હુઈજી પંકજ દલતણો અંક રે
તીન લાખ છત્તીસ સહસ છેજી આત્મરક્ષક ભટર્વક રે... માન૦ ૧૦
ચઉસઠ સહસ ગુણી ઋદ્ધિસ્યુંજી પરિવર્યો દેવનો રાય રે
જામ ભૂપાલ ઉપવેશીઓજી પ્રણમે પરમેશ્વર પાય રે... માન૦ ૧૧
ઉર્ધ્વ વદને કરી જોવતોજી હૃદયે ચિંતે ગઈ મામ રે
શુભવિધિ વીરવંદન કરેજી સોહમ સ્વામી શિરનામ રે... માન૦ ૧૨

## ઢાળ ૪

પ્રભુ આગળ નૃપ બેઠો ચિંતા સાયરમાં પેઠો રે
હરિ જીતણને કાજે મનડો અડીરહયો અભિમાને
વળી જગમાં જસ કીર્તિ ઘણી વરગાજે રે
મારો ગર્વ ગવેખી હરિએ મુજ ઋદ્ધિ ઉવેખી રે, મનડો ૧
તારાચંદ વિવેક રાજહંસની આગળ ભેક રે મનડો
અંધકારને ઉધોત જિમ સૂરજને ખધોત રે મનડો ૨
નંદન વન કાંતાર પિત્તલ મુક્તાફલ હાર રે મનડો
ગુરૂ ઉપમ હરિરાય લઘુ ઉપમ મુજ કહેવાય રે મનડો ૩

હરિએ કીધી હાણ મુજ જીવિત તો અપ્રમાણ રે મનડો
હવે કરવો કુણ કાજ સુરનરમાં રહે જિમ લાજ રે મનડો ૪
માન થકી જગ પ્રાણી અપમાન લહે ગુણહાણી રે મનડો
માન તજી મુનિરાયા સુખીયા શિવસૈધ સુહાયા રે મનડો ૫
સંયમ લેઈ પ્રભુ હાથે વિહરશું અરિહા સાથે રે મનડો
એમ ચિંતવી હૃદયારામે ઉઠી પ્રભુપય શિરનામે રે મનડો ૬
સર્વ વિરતિ મુજ આજે ઉચરાવો અવિચલ રાજે રે મનડો
જિનવાણી રસ ગૃદ્ધિ વૈરાગ્યે દીક્ષા લીધી રે મનડો ૭
ઈંદ્ર તદા માન મોડી મુનિ ચરણ નમે કરજોડી રે મનડો
માન સકલ મુનિ વિત્યો હું હાર્યો ને તું જીત્યો રે મનડો ૮
હું માને કરી દુહવાણો મુનિ માન કરી તમે જાણ્યો રે મનડો
તુમ રિદ્ધિ અક્ષય ખજાનો મુજ ઋદ્ધિ છાર સમાનો રે મનડો ૯
જ્ઞાન ધ્યાન હય દંતી શ્રુત તપજપ બહુપરિ તંતી રે મનડો
સહસ શીલાંગ રથ અઢાર ઉપશમ રિદ્ધિ નહિં પાર રે મનડો ૧૦
કાજ સકલ મુજ વ્યક્તિ વર ચરણ ગ્રહણ નહિં શક્તિ રે મનડો
સમતા સાયર સાધ ! મુજ ખમજો કૃત અપરાધ રે મનડો ૧૧
ઈમ કહી ક્ષણ ક્ષણ વંદે નિજ દુષ્કૃત ક્ષણ ક્ષણ નિંદે રે મનડો
વીર ચરણ કજ સેવ તુમે માંડી શિવ ફલ લેવા રે મનડો ૧૨

## ઢાળ ૫

ઉપશમ સુખ કંદો જ્ઞાનાનંદો મોહના વારૂજી
સંસારે અલુદ્ધો દંસણ શુદ્ધો સંયમી તારૂજી
તુમે નિજ ગુણના રસીયા ગુરૂકુલે વસીયા મોહના વારૂજી
મન મોહન સ્વામી છો વિસરામી ભવ્યના તારૂજી... મોહના ૧
પરપુદગલ સંગે માનને રંગે મોહના વારૂજી
મેં ઋદ્ધિ વિકુર્વી ઉર્વી ગુર્વી લોકમાં તારૂજી
તુમે નિજ ઘટ ઋદ્ધિ પ્રગટ જ કીધી મોહના વારૂજી
શુચિ સહજની શોભા રહે થિર થોભા ભૂષણે તારૂજી... મોહના ૨
સંવેગી ત્યાગી તુ સોભાગી મોહના વારૂજી
સો વાર એક સાસે વંદના તોસે માહરી તારૂજી

કૃત અપરાધ ખમાવી શીશ નમાવી મોહના વારૂજી
નિજનાક સધાવે હરિ મુનિભાવે સંસ્તવી તારૂજી... મોહના ૩
દમી શાંત પ્રશાંતો બાહ્ય ને અંતો મોહના વારૂજી
કૃતકર્મને ગાળે સંયમ પાળે સંયમી તારૂજી
ક્રોધ કંડક ખંડે ઉપશમ દંડે મોહના વારૂજી
માન માયા ગાળી વહ્નિ પ્રજાળી અજજાવિ તારૂજી... મોહના ૪
તૃષ્ણા જલ શોષે વૃષતરૂ પોષે મોહના વારૂજી
ભવ શ્રોત વર્તા મોહની ગર્તા લંઘીયા તારૂજી
કામ ચિંતન ચુક્કા કલિમલ મુક્કા મોહના વારૂજી
કુક્ષી સંબલ પત્તા મુનિ અપ્રમત્તા ભાવસ્યું તારૂજી... મોહના ૫
ઉદ્દેશિક આદે દુગવન્ન ભેદે મોહના વારૂજી
અનાચીરણ નિહાલે દશવઈકાલે તે કહ્યા તારૂજી
ઈચ્છાદિક પાલે દશચક્કવાલે મોહના વારૂજી
પરીષહે ન ઉભગ્ગા સુર ઉવસગ્ગા ઝીપીયા તારૂજી... મોહના ૬
ષટકારણ આહારી ષટ અણાહારી મોહના વારૂજી
સામુદાણી ભિકખા અલિસમ સિકખા આચરી તારૂજી
ભાવંત મુનીશા જે પણવીસા મોહના વારૂજી
પણવીસ અશુચિ ભાવના રૂચિ નો કદા તારૂજી... મોહના ૭
સિત્તરી ગુણ ચરણે સેવત કરણે મોહના વારૂજી
વિકસંત ઉદાસી શ્રુત અભ્યાસી અર્થથી તારૂજી
ચક્રી ને દાસ પૂર વન વાસ મોહના વારૂજી
અરિ મિત્ત વિયોગો હુઈ સંયોગો ઈષ્ટનો તારૂજી... મોહના ૮
મણિ તરણું જેમ પત્થર હેમ મોહના વારૂજી
સમભાવે વિચારે શિવ સંસારે સાધુને તારૂજી
ધર્મ ધ્યાનાસીનો ખવગે લીનો મોહના વારૂજી
મલ સંત વિનાશી શ્રેણી પ્રકાશી ખાયગો તારૂજી... મોહના ૯
અપથ્ય પચ્ચકખાણી ચઉચઉ જાણી મોહના વારૂજી
સોલ પગઈ અંતર આઠ ક્ષયંકર મૂલથી તારૂજી
નપુ ઈત્થી વેદો ષટહાસ ભેદો મોહના વારૂજી

નર વેદ ઉચ્છેદે ક્રોધને ભેદે સંજવલો તારૂજી... મોહના ૧૦
માન માયા ટાળી લોભ પ્રજાળી મોહના વારૂજી
દુગ નિંદ નસાવે દુગ પય ધ્યાવે શુકલતા તારૂજી
ક્ષીણ ચરમ સમયમાં છેદત લયમાં મોહના વારૂજી
નાણ દંસણ વિગ્ધા વરણજ સિગ્ધા ચૌદ જે તારૂજી... મોહના ૧૧
ધુરસમય સયોગી કર્મ વિયોગી મોહના વારૂજી
હુઆ કેવલ નાણી કેઈ ભવિ પ્રાણી તારીયા તારૂજી
પંચાસી વિનાશી શિવપુર વાસી મોહના વારૂજી
સુખ સિદ્ધ એકાંતે સાદિ અનંતે ભંગસ્યું તારૂજી... મોહના ૧૨
અહો માન જ કરીઓ તો શિવ વરીઓ મોહના વારૂજી
જસ નામ રસાલા મંગલ માલા સંઘને તારૂજી
ગુરૂ ખીમા વિજય જસ શુભ વિજયો તસ મોહના વારૂજી
વન્હિ રસદંતી તિણ હિમ કંતી વત્સરે તારૂજી... મોહના ૧૩
મેર તેર વાસર સાધુ સુહંકર મોહના વારૂજી
ગુરૂવારે ધ્યાયા એ મુનિરાયા નામથી તારૂજી
*ભવતાપને હરજ્યો મંગલ હોજ્યો મોહના વારૂજી*
કવિ વીરવિજયે ગુણમાલ ગુંથી ઉત્તરાધ્યયનેથી કહ્યા તારૂજી...મોહના ૧૪

## • ૬૮. દેવાનંદા માતાની સજઝાય

જિનવર રૂપ દેખી મન હરખી સ્તનસેં દુધ ઝરાયા
તબ ગૌતમકું ભયા અચંબા પ્રશ્ન કરણકું આયા,
ગૌતમ ! એ તો મેરી અમ્મા. ૧
તસ કુખે તુમે કાહુ ન વસિયા કવણ કિયા ઈણ કમ્મા, ગૌતમ૦
મોહવશે જીવ સમઝે નહિ મરમ કમ્મા ને ધમ્મા... ગૌતમ૦ ૨
ત્રિશલાદે દેરાણી હુંતી દેવાનંદા જેઠાણી , ગૌતમ૦
વિષય લોભ વશ કાંઈ ન જાણ્યું કપટ વાત મન આણી... ગૌતમ૦ ૩
એસા શાપ દિયા દેરાણી તુમ સંતાન ન હોજ્યો, ગૌતમ૦
કર્મ આગળ કોઈનું નવ ચાલે ઈદ્ર ચક્રવર્તિ જોજ્યો... ગૌતમ૦ ૪
દેરાણીકી રત્ન દાબડી બહુલાં રત્ન ચોરાયા, ગૌતમ૦
ઝગડો કરતાં ન્યાય હુઓ જબ તબ કુછ નાણા પાયા... ગૌતમ૦ ૫

ભરતરાય જબ ઋષભને પૂછે એહમેં કોઈ જિણંદા, ગૌતમ૦
મરિચી પુત્ર ત્રિદંડી તેરો હોશે ચોવીસમા જિણંદા... ગૌતમ૦ ૬
કુળનો ગર્વ કીયો મેં ગૌતમ ભરત રાય જબ વાંધા, ગૌતમ૦
મન વચન કાયાએ કરીને હરખ્યો અતિ આણંદા... ગૌતમ૦ ૭
કર્મ સંયોગે ભિક્ષુક કુલ પાયા જનમ ન હોવે કબહી, ગૌતમ૦
ઈંદ્ર અવધિએ જોતાં અપહર્યો દેવ ભુજંગમ તબહી... ગૌતમ૦ ૮
ત્યાસી દિન તિહાંકણે વસિયો હરિણગમેષી જબ આયા, ગૌતમ૦
સિદ્ધારથ રાય ત્રિશલાદે રાણી તસ કુખે છટકાયા... ગૌતમ૦ ૯
ઋષભદત્તને દેવાનંદા લેશે સંયમ ભાર, ગૌતમ૦
તવ ગૌતમ એ મુગતે જાશે કહ્યો ભગવતી સૂત્ર મોઝાર... ગૌતમ૦ ૧૦
સિદ્ધારથ રાય ત્રિશલાદે રાણી અચ્યુત દેવલોકે જાશે, ગૌતમ૦
બીજે ખંડે આચારાંગે તે સૂત્રે કહેવાશે... ગૌતમ૦ ૧૧
તપગચ્છપતિ શ્રી હીર વિજય સૂરી દિયો મનોરથ વાણી, ગૌતમ૦
સકલચંદ પ્રભુ ગૌતમ પૂછે ઉલટ મનમાં આણી... ગૌતમ૦ ૧૨

## ૬૯. દ્રૌપદીની સજ્ઝાયો (૧)

કૃષ્ણજી ! તમને કહું કરજોડ કે સુણો પ્રભુ વિનતિ રે લોલ
પ્રભુજી નહિં કાંઈ માહરો દોષ કે નઠોર થયા મુજપતિ રે લોલ૦ ૧
પ્રભુજી તમને એવડી રીસ કે કરવી કેમ ઘટે રે લોલ
પ્રભુજી લખીયા છઠ્ઠીના લેખ કે મટાડયા નવિ મટે રે લોલ૦ ૨
પ્રભુજી દોષ તમારો નહિં કાંઈ કે કિરતાર એક મને ગમે રે લોલ
પ્રભુજી છોરૂ કછોરૂ થાય કે માવતર તોયે ખમે રે લોલ૦ ૩
બાંધવ તુજથી મોટી લાજ કે કાજ વિચારીએ રે લોલ
પ્રભુજી વિનવું ગોદ બિછાવી કે રોષ નિવારીએ રે લોલ૦ ૪
પ્રભુજી તુમે મોટા મહારાજ કે મનમાં જાણીએ રે લોલ
પ્રભુજી પોતાનો પરિવારકે દીલમાં આણીએ રે લો૦ ૫
પ્રભુજી મોટા હોય દાતારકે મુખે બોલે મીઠડું રે લોલ
પ્રભુજી મોટા ન મૂકે આળકે કરે અણદીઠડું રે લોલ૦ ૬
દ્રોપદી તારા પતિના બોલ કે ક્ષણ ક્ષણ સાંભરે રે લોલ
દ્રોપદી એણે જે કીધા કામ કે વૈરી પણ નવિ કરે કે લોલ૦ ૭

એહને બળ દેખાડું આજ કે મનમાં રીસ ચડે રે લોલ
સુણી રાણી મનમાં વિલખાણી કે આંખે આંસુ ઢળે રે લોલ૦ ૮
ભાઈ ? એવડો ન રાખો રોષ કે ઉભી એમ ટળવળે રે લોલ
પ્રભુ કાંઈ કુંતા માતની લાજ કે દિલમાં આણજો રે લોલ૦ ૯
પ્રભુજી પાંડુરાય નિહાળી કે મનમાં જાણજો રે લોલ
પ્રભુજી ગૌ બ્રાહ્મણ પ્રતિપાલ કે સૌ તમને કહે રે લોલ૦ ૧૦
પ્રભુજી તુમ ચરણે જે આવે કે સૌ નરવીર બને રે લોલ
પ્રભુજી કઠોર થયા તુમે આજ કે કિમહોંશ હવે સરે રે લોલ૦ ૧૧
પ્રભુજી કઠીન કરમની વાત કે વાંક કોઈનો નહિં રે લોલ
પ્રભુજી માણસ હોશે એહ કે વાદી ઘણા થશે રે લોલ૦ ૧૨
પ્રભુજી બ્રહ્મા કેરી લાજ કે રાખી હેત ધરી રે લોલ
પ્રભુજી કરણીતણાં ફલ એહ કે વિનવે તમારી બેનડી રે લોલ૦ ૧૩
પ્રભુજી પૂર્વભવના પાપ કે તાસ વેળા પડી રે લોલ
પ્રભુજી એવડી તમારી થિતિ કે હવે હું કેમ સહું રે લોલ૦ ૧૪
પ્રભુજી હૈયે એવું ન રાખો કે ઝાઝું શું કહું રે લોલ
પ્રભુજી રાખો માહરી લાજ કે છોરૂ કરી છોડજો રે લોલ૦ ૧૫
પ્રભુજી મૂકો મનની રીશ કે વહેલો રથ જોડજો રે લોલ
પ્રભુજી એવા વચન સુણી જદુરાય કે મનમાં વિચારજો રે લોલ૦ ૧૬
પ્રભુજી રાખો એહવી ધીર કે એમ મન વાળજો રે લોલ
પ્રભુજી કેશવે ઉપાડી લોહ દંડ કે કોપ કરી તિહાં રે લોલ૦ ૧૭
પ્રભુજી પાંચે રથને કર્યા ચકચૂર કે પાંડવ ઉભા રહ્યા રે લોલ
ભાખે રોષ ધરી હરિરાય કે આણ મારી વહી રે લોલ૦ ૧૮
પાંડવ સુણો તમારો પરિવાર કે રહેવા નહિં દીયે રે લોલ
રહેજો દષ્ટિ થકી તુમે દૂર કે પાસે મત આવજો રે લોલ૦ ૧૯
પ્રભુજી મન તૂટ્યું ન સંધાય વૈ સહિ એમ જાણજો રે લોલ
પ્રભુજી મર્દનને કામ કે કોટ વસાવીએ રે લોલ૦ ૨૦
પ્રભુજી સૈન્ય સકલ તેણીવાર કે સન્મુખ આવજો રે લોલ
પ્રભુજી દ્વારાપુરી ચાલ્યા સહુસાથ કે પહોંચ્યા તે સહી રે લોલ૦ ૨૧
પ્રભુજી એકસો પચાસમી ઢાળ કે ગુણ ભરી કહી રે લોલ

પ્રભુજી નય વિજયની શીખ કે ભવિજન ધારજો રે લોલ
એવા ગુણી તણાં જે ગુણ કે દિલમાં આણજો રે લોલ૦ ૨૨

## ૭૦. દ્રૌપદીસતીની સજઝાય (૨)

લજ્જા મોરી રાખો રે દેવ ખરી, દ્રૌપદી રાણી યું કર વિનવે;
કર દોય શીશ ધરી, ધૂત રસે પ્રીતમ મુજ હાર્યો, વાત કરી ન ખરી. ૧
દેવર દુર્યોધન દુઃશાસન, એહની બુદ્ધિ ફરી;
ચીવર ખેંચે મોટી સભામેં, મનમેં દ્વેષ ધરી રે. લજ્જા૦ ૨
ભીષ્મ દ્રૌણ કર્ણાદિક સર્વે, કૌરવ ભીક ભરી;
પાંડવ પ્રેમ તજી મુજ બેઠા, જે હતા જીવ જૂરી રે. લજ્જા૦ ૩
અરિહંત એક આધાર અમારે, શીયલ શું સંગ ધરી;
પત રાખો પ્રભુજી ઈણ વેળા, સમકિતવંત સૂરિ. લજ્જા૦ ૪
તતખિણ અષ્ટોત્તર શત ચીવર, પૂર્યાં પ્રેમ ધરી;
શાસનદેવી જયજય રવ બોલે, કુસુમની વૃષ્ટિ કરી. લજ્જા૦ ૫
શીયલ પ્રભાવે દ્રૌપદી રાણી, લજ્જા લીલ વરી;
પાંડવ કુંતાદિક સહુ હરખ્યા. કહે ધન્ય ધીર ધરી. લજ્જા૦ ૬
સત્ય શીલ પ્રભાવે કૃષ્ણા, ભવજલ પાર તરી;
જિન કહે શીયલ ધરે તસ જનને, નમીયે પાય પડી રે. લજ્જા૦ ૭

## [?] ૭૧. દ્રૌપદીની સજઝાય (૩)

દ્રૌપદી ધ્રુજે સભામાંહિ... કરે અતિશય વિલાપ
દાદા મને મુકીને જાસો નહિ... મને છોડાવો મા બાપ... દ્રોપદી૦ ॥૧॥
રાંકડી તન હું તુમ તણી... મારે તમારો આધાર
જુવો શરીર તમે માહરું નથી જીરવાનો ભાર... દ્રોપદી૦ ॥૨॥
દાદા જાવો જવું હોય તો... મને મારીને ઠેસ
ગરીબ ગાવડી ન મુકશો... કુડા કૌરવ ને ઘેર... દ્રૌપદી૦ ॥૩॥
નથી બેની બાપ કે બાંધવો... નથી પીયરમાં કોઈ...
સાસરીયા માં સસરો નથી... પડ્યા ભરથાર ભોંય... દ્રોપદી૦ ॥૪॥
નથી દેખી પગ તણી પાનીને... તે તો દેખશે અંગ...
બળ્યું અમારું આ જીવવું મને કાઢો તમે સંગ... દ્રૌપદી૦ ॥૫॥

અરે રે ! રણવિષે રોળશે... લેશે લંપટ લાજ
સતીના સત રે છોડાવશે... હશે તન મારૂં તાજ... દ્રૌપદી૦ ॥૬॥
દીકરી ઉપાય ની માહરો... તારા ભવિષ્યની ભુલ
થાશે મોં કાળાં કૌરવ તણાં... જાણે જમડાને તુલ્ય... દ્રૌપદી૦ ॥૭॥
ચોધાર આસું ચક્ષુ ભર્યા... સતી રોવે હૈયા ફાટ
દાદાએ દાબી છે હૃદય માં... હું મરીશ તુજ કાજ... દ્રૌપદી૦ ॥૮॥
દિકરી ઉપાય નથી માહરો... તારા ભવિષ્યના લેખ
તારા સ્વામીના અક્ષરો... તે પર કેમ મારૂં મેખ... દ્રૌપદી૦ ॥૯॥
એમ કરીને શીર કૂડીયું... થવા લાગ્યા વિદાય...
તરુણી ત્રાસીને નાશતી... છોડ્યા વજ્રના સ્વામ... દ્રૌપદી૦ ॥૧૦॥
તવ દુઃશાસન કરગર્યો ખેંચી લીધી છે પાસ
કૌરવ કે પ્યારે દુર્યોધન... પડ્યો પ્રિયાની પાસ... દ્રૌપદી૦ ॥૧૧॥
તવ આવ્યા હરિ સભા માંહે... સતીને દર્શન દીધ...
સભા કોઈ દેખે નહિ... સતી દેખે એક ધીર... દ્રૌપદી૦ ॥૧૨॥
ઉઠ્યો દુઃશાસન ક્રોધથી... ચીર ખેંચે છે આજ
ત્રાંહિ ત્રાહિ પોકા રીયો... હરી રાખે તેની લાજ... દ્રૌપદી૦ ॥૧૩॥
નવસેં નવ્વાણું ચીર પુરીયાં... સતીને પુરી છે હામ...
એવી સતીને સંસારમાં... સંકટ રહ્યાં અપાર... દ્રૌપદી૦ ॥૧૪॥
શીયળ વ્રત જેણે પાળિયું... પામે ભવતણો પાર
જ્ઞાનવિમલ સૂરી એમ કહે... એવી સતીરે નાર... દ્રૌપદી૦ ॥૧૫॥

## [?] ૭૨. (ક) દ્વારિકા નગરીની સજ્ઝાયો (૧)

### દુહા

દોનું બંધવ આરડે દુઃખ ધરતા મનમાંય
બળતી દેખી દ્વારિકા કીજે કવણ ઉપાય... ૧
રત્ન ભીત સુવર્ણ તણી તેહ બળે તત્કાળ
સુવર્ણ થંભા કાંગરા જાણે બળે પરાળ... ૨

### ઢાળ

બળતી દ્વારિકા દેખીને રે ભાઈ થયા ઘણા દિલગીર

છાતી તે લાગી ફાટવારે ભાઈ નયણેં વછુટયાં નીર રે... માધવ એમ બોલે ૧
બે બંધવ મળીને તિહાં રે ભાઈ વાત કરે કરૂણાય
દુઃખ સાલે દ્વારિકા તણું રે ભાઈ અબ કીજે કવણ ઉપાય રે... માધવ૦ ૨
ક્યાં રે દ્વારિકાની સાહયબી રે ભાઈ કિહાં ગજદલનો થાટ
સ્વજન મેળાવો કિહાં ગયો રે ભાઈ ક્ષણમાં હુઆ ઘણા ઘાટ રે... માધવ૦ ૩
સારથી ઘોડા રથ બળે રે ભાઈ બેંતાલીસ બેંતાલીસ લાખ
અડતાલીસ કરોડ પાળા હતા રે ભાઈ ક્ષણમાં હુઈ ગયા રાખ રે... માધવ૦ ૪
હળધરને હરિજી કહે રે ભાઈ ધિક કાયરપણું મોય
નગરી બળે મુજ દેખતાં રે ભાઈ મુજ જોર ન ચાલે કોય રે... માધવ૦ ૫
નગરી બળે મુજ દેખતાં રે ભાઈ રાખી ન શકું રે જેમ
ઈંદ્ર ધનુષ મેં ચડાવીયું રે ભાઈ એ બળ ભાંગ્યું કેમ રે... માધવ૦ ૬
જિણે દિશે જોતાં તેણી દિશે રે ભાઈ સેવક સહસ્ત્ર અનેક
હાથ જોડી ઉભા ખડા રે ભાઈ આજ ન દીસે એક રે... માધવ૦ ૭
મોટા મોટા રાજવી રે ભાઈ શરણે રહેતા આંહી
ઉલટો શરણો તાકીયો રે ભાઈ વેરણવેળા આંહીં રે... માધવ૦ ૮
વાદળ વીજ તણી પરે રે ભાઈ બુદ્ધિ બદલાયે સોય
ઈણ દુનિયામાં આપણો રે ભાઈ સગો ન દીસે કોય રે... માધવ૦ ૯
મહેલ ઉપગરણ આયુધ બળે રે ભાઈ બળે સહુ પરિવાર
આ આપદા પૂરી પડી રે ભાઈ કીજે કવણ વિચાર રે... માધવ૦ ૧૦
વળતાં હળધર ઈમ કહે રે ભાઈ પ્રગટયાં પૂર્વના પાપ
બીજું તો સઘળું રહ્યું રે ભાઈ માંહીબળે માય ને બાપ રે... માધવ૦ ૧૧
દોનું બંધવ માંહી ધસ્યા રે ભાઈ નગરીમાં ચાલ્યા જાય
રથ જોડીને તેણે સમે રે ભાઈ માંહી ઘાલ્યા માત ને તાત રે... માધવ૦ ૧૨
દોનું બંધવ જુતીયા રે ભાઈ આવ્યા કોટ ને માંય
દોનું બંધવ બહાર નીકળ્યા રે ભાઈ દરવાજો પડીયો આંય રે... માધવ૦ ૧૩
પાછું વળીને જુએ તિહાં રે ભાઈ થયા ઘણા દિલગીર
છાતી તે લાગી ફાટવા રે ભાઈ નયણેં વછૂટ્યા નીર રે... માધવ૦ ૧૪
હળધરને હરિજી કહે રે ભાઈ સાંભળ બાંધવ વાત
કેણી દિશે આપણે જાઈશું રે ભાઈ તે દિશા મને બતાવ રે... માધવ૦ ૧૫

વચન સુણી બાંધવ તણા રે ભાઈ હળધર બોલે એહ
પાંડવ ભાઈ કુંતા તણા રે ભાઈ ચાલો હવે તેહને ઘેર રે... માધવ૦ ૧૬
વયણ સુણી હળધરતણાં રે ભાઈ માધવ બોલે એમ
દેશવટો દેઈ કાઢીયા રે ભાઈ તે ઘર જાવું કેમ રે... માધવ૦ ૧૭
તેં તેહનાં કારજ કીધાં રે ભાઈ ધાતકી ખંડ મેં જાય
દ્રૌપદી સોંપી આણીને રે ભાઈ તે કેમ ભૂલશે ભાય રે... માધવ૦ ૧૮
પાંડવ મથુરા પ્રગટી જિહાં રે ભાઈ અગ્નિપૂર્ણ સમુદ્રવીર
તે નગરી ભણી ચાલીયા રે ભાઈ બાંધવ બેહુ સુધીર રે... માધવ૦ ૧૯

## ૭૨. (ખ) દ્વારીકાનગરીની સજ્ઝાય (૨) (ઢાળ-૪)

### દુહા

શારદા ગુરૂ જિનવર નમી, હવે ત્રીજો અધિકાર
ચોથા ખંડતણો કહું, સુણતાં જય જયકાર... ૧
એકદિન નેમિ સમોસર્યા, કરતાં ભવિ ઉપકાર
હરિ સામગ્રી મોટકી, વંદન કરે તે વાર... ૨
તિણ અવસર દ્વારાપુરી, દીઠી ઘેલી ઉદ્દીઠ
યાદવ પણ સુખીયા ઘણા, નિજ નયણે કરી દીઠ... ૩
જઈ વંદુ નેમીશ્વરૂં, અવસર પામી એમ
પૂછે પ્રાંજલી પુટ કરી, સ્વામી ભાખો નેમ... ૪
સ્વામી એહવી દ્વારિકા, એ યાદવ સમુદાય
રહેશે કે એ ક્ષય થશે, તે ભાખો જિનરાય... ૫

### ઢાળ-૧

હવે બોલે નેમિ જિણંદ, સાંભળ તું નરવર ઈંદ
જગ સ્થિર નહિ ઈંદ કે ચંદ, હો રાજ...
સાંભળો વચન હમારા ૧
તુજ દેખતા ક્ષય થાશે, તેહનો કોઈ આધાર ન થાશે
ઉગરશે જે વ્રત વાસે, હો રાજ... સાંભળો૦ ૨
તબ બોલે કેશવરાય, એ કોણ થકી ક્ષય થાય
તવ બોલે ત્રિભુવન રાય, હો રાજ... સાંભળો૦ ૩

પારાસર તાપસ નામે, તે નિંદ કન્યા એક પામે
લઈ જાયે યમુના દ્વીપ ઠામે, હો રાજ... સાંભળો૦ ૪
તેણે પુત્ર એક ભલો જાયો, તેનું નામ દ્વૈપાયન ઠાયો
છઠ ભોજી બંધ ધરાયો, હો રાજ... સાંભળો૦ ૫
તેનાથી સહુ કેરો નાશ, વળી મદિરા કારણ તાસ
તેણે ધર્મ કરો સુવિલાસ, હો રાજ... સાંભળો૦ ૬
નારાયણ ભાખે એમ, મુજ વાત કરી જિન નેમ
મુજ મરણ સ્વભાવે કે કેમ ? હો રાજ... સાંભળો૦ ૭
તવ બોલ્યા મુનિવર નાથ, તુજ મરણ જરાકુમાર હાથ
સુણી વિસ્મિત યાદવ સાથ, હો રાજ... સાંભળો૦ ૮
કુમાર લજ્જા પામી, જિનવરને મસ્તક નામી
લેઈ ધનુષ્યને વનવાસ ગામી, હો રાજ... સાંભળો૦ ૯
સુણી દ્વૈપાયન દુભાણો, નગરી યાદવ રક્ષાને જાણો
ગયો અગોચર ઠાણો, હો રાજ... સાંભળો૦ ૧૦
પ્રણમી પ્રભુ અરવિંદ, યાદવ સાથે ગોવિંદ
મનમાં ધરતો દુઃખવૃંદ, હો રોજ... સાંભળો૦ ૧૧
સહુ સપના સરખું માને, ઈન્દ્ર જાલ પરે તિણ ટાણે
આવે સહુ યાદવ નિજ ઠાણે, હો રાજ... સાંભળો૦ ૧૨
સવિ મદિરા બ્હાર કઢાવે, કાદંબરી ગુફામાંહી ઠાવે
હરી આદેશે સહુ ભાવે, હો રાજ... સાંભળો૦ ૧૩
તે કુંડમાંહી સુરા લાવે, વાત સાંભરે દુઃખ વ્યાપે
હૈડાં થરથર બહુ કોપે, હો રાજ... સાંભળો૦ ૧૪
બલદેવનો સારથી એક, સિદ્ધારથ નામે વિવેક
વ્રત લેવાની મન ટેક, હો રાજ... સાંભળો૦ ૧૫
ભાખે બલભદ્રને એમ, દ્વારિકા કુલનો ક્ષય કેમ
દેખી ન શકાય ધરી પ્રેમ, હો રાજ... સાંભળો૦ ૧૬
મુજ આણા આપો તિણે, પ્રભુ પાસે વ્રત લેઉ જિણે
હું ઉભગ્યો પ્રભુજીને વયણે, હો રાજ... સાંભળો૦ ૧૭
તવ આંસું પાડતા બોલે, ભાઈ નતુ અમે તાહરી તોલે

પણ એક વચન દે કોલે, હો રાજ... સાંભળો૦ ૧૮
તમે દેવતા થાશો જે વારે, પ્રતિબોધો મુજને તે વારે
તો આણા દેઉં ઈણ વારે, હો રાજ... સાંભળો૦ ૧૯
હા માની દીક્ષા લીધી, ષટ માસ તપસ્યા કીધી
ઈણે પામી દેવની રિદ્ધિ, હો રાજ... સાંભળો૦ ૨૦
ચોથે ખંડે એ પહેલી ઢાળ, ત્રીજો અધિકાર રસાળ
પદ્મવિજયને મંગળમાળ, હો રાજ... સાંભળો૦ ૨૧

### દુહા

ઈણ અવસર ફલ ફલથી, મદિરા અતિ બલવંત
માધવ માસે તે થઈ, નવીન સુરપરે તંત... ૧
કોઈક ભાવી ભાવથી, સાંબ સેવક એકદિન
તરસ્યો પહોંચ્યો તિહાં, કને દેખી રીજ્યું મન... ૨
પીધી મદિરા હોંશથી, વળી ભાજન ભરી લીધ
હર્ષભર આવ્યો તિહાં, સાંબ ભણી તે દીધ... ૩
સાંબે પીધી તે સુરા, મદવંતા હુઆ તામ
દુર્ધંત કુમારે પરિવર્યા, પહોંચ્યા મદિરા ઠામ... ૪
કંઠ લગી પીધી સુરા, ફરે તે વન મોઝાર
દ્વૈપાયન ધ્યાને રહ્યો, દીઠો સવિ હું કુમાર... ૫
પરવશથી એમ ચિંતવે, એ અમારો ક્ષયકાર
પ્રથમ હણવા એહને, કરીયે ભલો પ્રકાર... ૬
સમ કાલે સહુએ કરે, તાડના તર્જના માર
નિર્દયપણે તે મારીયો, વમે તે રૂધિર અપાર... ૭
મદિરાથી શુદ્ધ બુદ્ધ ગઈ, સહુ સરખા મતિવંત
શુદ્ધ કુલે જે ઊપની, નવિ પીયે તે સંત... ૮
ધરણી તલે તાપસ પડ્યો, મૂર્ચ્છા લહ્યો તત્કાલ
જીવ ન રહી જાણી વલ્યા, સહુ નિજ પુર સમકાલ... ૯
વાત સુણી ચર મુખથી, નારાયણ એ દાય
અહો દુર્ધંત કુમાર એ, કુલ ક્ષય કારણ થાય... ૧૦
કૃષ્ણ રામ બેહું જણાં, આવ્યાં તે વનમાંહી

હરિ દ્વૈપાયન દેખીને, ઈણી પરે ભાખી ત્યાંહી... ૧૧

**ઢાળ-૨**

કૃષ્ણ કહે એમ વયણડાં, ખમવા ગમે હો અમચો અપરાધ કે
ક્રોધને દુઃખ દાયક કહ્યો, ક્રોધ કરી હો ન હારો નિરાબાધ કે
તુમે તો તપસ્વી લોક છો... ૧

મદિરા મત્ત હો અજ્ઞાની કુમાર કે, જે તુમને ઉપદ્રવ કર્યો
તુમે ખમવું હો કરૂણાં ભંડાર કે, તુમે૦... ૨
ભુંડુ કરતાં રૂડું કરે તે સજજન હો, જગમાં વિખ્યાત કે
વિનય સહિત સુણ્યા વયણડાં, પણ મનમાં હો ન થયો ઉપશાંત કે
તુમે૦... ૩

કહ્યું ત્રિદંડી તાપસે, સુણ કેશવ હો મેં કીધ તે જાણ કે
દુષ્ટ કુમારે જબ રોષ્યો, તિણે મ કહો હો હવે એહની વાત કે તુમે૦... ૪
એકતુમ બલદેવજી મૂકીને હું સહુનો હો કરૂં નાશ કે
એહ પ્રતિજ્ઞા નવી ફરે, કોઈ કાલે હો મારી દુઃખ નાશ કે તુમે૦... ૫
કેવલી વયણે જે ભાખિયા, નવિ અન્યથા હો જદી જગ પલટાય કે
એમ કહે નિજ બંધુને, ખેદ મ કરો હો ભાખ્યું જિનરાય કે તુમે૦... ૬
કર પદ નાસિકા જેહનાં, હોય વંકા હો વળી નયણ સોમ કે
જીભ ઓષ્ટ દાંત જેહનાં, તસ ન વળે હો ક્રોધ જે રોમ રોમ કે તુમે૦... ૭
આવ્યા નિજ નગરી હવે, બીજે દિન હો કહેરાવ્યું એમ કે
નગરમાંહી સહુ લોકને, દ્વૈપાયન હો ભાખ્યું છે જેમ કે તુમે૦... ૮
તપ જપ નિયમ ધરમ કરો, ઈણ અવસર હો આવ્યા નેમિ જિણંદ કે
યાદવ સૌ વંદન ગયા, સુણી દેશના હો પ્રભુ મુખ ગોવિંદ કે તુમે૦... ૯
સાંબ પ્રદ્યમ્ન નિષધ વળી, સુણી દેશના હો જાગ્યા મહાભાગ્ય કે
ઉદ્‌ભક સારણ આદિ દેઈ, કહું કેતા હો પામ્યા વૈરાગ્ય કે તુમે૦... ૧૦
રૂક્મણી જંબુવતી વલી, ગૌરી ને હો ગાંધારી નાર કે
કમલા સુશીમા, સત્યભામા, પદ્માવતી હો પમુહા ગુણધારી કે તુમે૦... ૧૧
દેશના પ્રભુની સાંભળી ઘર છાંડી હો લીયે સંયમભાર કે
હરિ પૂછયા પછી જિન કહે દ્વારિકા દાહ હો થશે વર્ષ બાર કે તુમે૦... ૧૨
સાંભળીને હરી ચમકીયા મન ચિન્તે ધન્ય તેહ રાજન કે

દીક્ષા લઈ પ્રભુ કને સમુદ્રાદિક હો રમ્યા આત્મધ્યાન કે તુમે૦... ૧૩
તવ પ્રભુજી બોલે ઈસ્યું, નિયાણું કરી હો થાય વાસુદેવ કે
નરકે અવશ્ય જવું પડે, તુમે જાશો હો ત્રીજી નરકે હવે કે તુમે૦... ૧૪
કેશવ તવ દુઃખ ધરે, પ્રભુજી કહે હો મન મ ધરો ખેદ કે
તિહાંથી નરભવ પામશો, વૈમાનિક હો થાશો પુંવેદ કે તુમે૦... ૧૫
તિહાંથી ચ્યવી આ ભરતમાં, શતદ્વાર પુર હો જીતશત્રુને ગેહ કે
અમમ નામે પ્રભુ બારમાં, થાશો ગુણ હો અનંતનું ગેહ કે તુમે૦... ૧૬
બળદેવ બ્રહ્મલોકે જશે, તિહાંથી નર હો વળી થાશે દેવ કે
તિહાંથી અમમ પ્રભુ તીરથે, શિવ લહેશે હો નિરૂપમ તતખેવ કે તુમે૦...૧૭
ત્રીજે ભવ જિનવર થાશે, એમ ભાખ્યું હો સૂત્ર છે જેહ કે
તેહ મતાંતર જાણવું, હીર પ્રશ્ને હો લખ્યું છે એહ કે તુમે૦... ૧૮
એમ કહી પ્રભુજી વિચર્યા, કેશવ હો આવ્યા તવ ગેહ કે
પડહ વજડાવે એણીપરે, પ્રભુજીએ કહ્યો દ્વારીકાનો દાહ કે તુમે૦... ૧૯
ધર્મ કરે સહુ તે સુણી, દ્વૈપાયન હો થયો અગ્નિકુમાર કે
પૂરવભવ નિજ દેખીને, નિજ દ્વારીકાપુરી આવ્યો તેણીવાર કે તુમે૦... ૨૦
ખંડ ચોથે અધિકાર એ, ત્રીજે કહી કો બીજીવર ઢાળ કે
પદ્મવિજય કહે શુભ મને, ધર્મ કરતા હોય મંગળમાળ કે તુમે૦... ૨૧

### દુહા

કોઈક કરે એકાંતરા, કોઈક છઠ્ઠ તપકાર
કોઈક આયંબિલ કરે, કોઈક બ્રહ્મવ્રત સાર... ૧
કેઈક શ્રાવકવ્રત ધરૂં, કેઈક સમકિત વંત
ધર્મ પ્રભાવે દેવતા, નવિ ઉપસર્ગ કરંત... ૨
છિદ્ર ગવેષે લોકના, વરસ અગિઆર વિલિન
આવ્યું વરસ તે બારમું, ચિંતે લોક વિલીન... ૩
ધર્મ થકી દ્વૈપાયન, નાઠો નિશ્ચય એહ
મદ્ય માસ સુખ વાપરે, રમવા લાગ્યો તેહ... ૪
છિદ્ર જડ્યું હુવે તેહને, આવે નગરી પાસ
બહુ ઉપસર્ગ દેખાવતો, કરતો અટ્ટહાસ... ૫

## ઢાળ-૩

દ્વારે જે જે પુતળી, તે પણ હસવા જાય
ભમદા આંખ ભમાડતી, દેખી ભય મન થાય
દ્વારિકા બળતી રે એણી પરે... ૧
દ્વારે ચિત્રિત દેવતા, કંપાવે ઘરબાર
તક્કસર ચાર દિશા બળે, કોઈ કોઈનો ન આધાર... ૨
ઉત્પાતો ઘણાં હોયે, ગ્રહ મૂકે બહુ ધૂમ
રવિમંડલ અગ્નિ ઝરે, દેખી આવે ને ઘુમ... ૩
વૈતાલ ભૂત ને શાકિનિ, સહિત ભમે તે દેવ
ગ્રહણ હોયે શશિ સૂર્યના, શ્વાપદ પૂરમાં ભમેવ... ૪
સ્વપ્ન દેખે બિહામણા, સંવર્તક તબ વાય
વિકુર્વે દુષ્ટ દેવતા, વાત તે ન કહાય... ૫
કાષ્ઠ તૃણાદિક સંહરે, લોક તે નાસી રે જાય
તેહને લાવી હોમે તિહાં, નયરી કાષ્ઠ ભરાય... ૬
સાઠ કુલ કોડિ તે યાદવા, વસતા નગરી બ્હાર
બહોતેર કુલ તે કોડિ તિમવલી વસતી નગરી મોજાર... ૭
તૃણકાષ્ઠાદિક બહુ ભરી, પીડા કરી સહુ લોક
અગ્નિ લગાડે રે ક્રોધથી લાગે ભડ ભડ ઉક... ૮
પવન જવાલા પ્રેરી થકી, આકાટો અડકંત
બાલક ઘરડાં સહું તિહાં, અશરણ બહુ વિલયંત... ૯
મંદિરની રે કોરો બળે, બળે પશુ તિરિ પંચ
કોલાહલ કરૂણા સ્વરે, હોવે અતિપરે સંચ... ૧૦
ચિત્રામણ પરે થંભિયા, કોઈથી નવિ નિકળાય
એક કહે હા હા માવડી, એક તે બાપ બોલાય... ૧૧
એ દ્વારાપુરી દાહનું, કોણ કહે રે સ્વરૂપ
કોઈ નાથ ન હો શિરે, દેખે કેશવ ભૂપ... ૧૨
બળતું નગર દેખીને, નારાયણ ને રામ
વસુદેવ દેવકી રોહિણી, આરોપે રથ તામ... ૧૩
અશ્વવૃષભનો હાલે નહીં, હુઆ કોડી ઉપાય

દ્વૈપાયને સહુ થંભિયા, વાતડી કાંઈ ન કહેવાય... ૧૪
પોતે રથને ખેંચતા, અશ્વભાગે તતખેવ
તો પણ નિજ બલે, ખેંચતાં નારાયણ બલદેવ... ૧૫
હાહા કૃષ્ણ ટાળો તુમે, હા ટાળો બલદેવ
મહાબલવંત તુમેય છો, અમે બળીયે સ્વયમેવ... ૧૬
અમને કાઢો રે માંહેથી રે, થાઓ અમારા રે નાથ
યાદવ રોતા રે એણીપરે, સાંભલે તે નર નાથ... ૧૭
સાંભળતા એમ ઘરઘરે, આવ્યા દ્વારની પાસ
દરવાજા દીયે દેવતા, જડીયા વજ્ર સંકાશ... ૧૮
ભાંજે પાટુ પ્રહારથી, બલદેવજી તામ
તો પણ રથ નવિ નિકળે, બોલે દેવ તે તામ... ૧૯
સાંભળો બલદેવ કેશવા, શાને કરો રે પ્રયાસ
મે તુમને રે પેલા કહ્યું, તિણે કિમ કરીયે રે વિશ્વાસ... ૨૦
ઉતરો તુમે બેહુ જણા, મૂકો એ માય ને તાય
સુરવર વાણી સાંભળી, બોલે વાસુદેવ રાય... ૨૧
નિકલો પુત્ર હવે તુમે, રાખો પોતાના પ્રાણ
જો તુમે હશો જીવતા, તો વળી રાજ્ય મંડાણ... ૨૨
તમે તો ખામી કોઈ નવિ કરી, પણ જે ભાવિ તે હોય
શાને દુ:ખ ધરીયે હૈયે, તુમચો વાંક ન કોય... ૨૩
શ્રી નેમિજિનેશ્વર કને, પૂર્વે દીક્ષા ન લીધ
ધિક્ ધિક્ હમચા મોહને, આવ્યા કર્મ જે કીધ... ૨૪
સમુદ્રવિજય નરપતિ, સાંબ આદી જે કુમાર
ધન્ય વળી જે મારી રાણીઓ, લીધા સંયમ ભાર... ૨૫
એમ કહી તેમ શરણ કરે, પચ્ચક્ખી ચારે આહાર
અરિહા સિદ્ધ મુનિ ધર્મનું, શરણ કરે સુવિચાર... ૨૬
એમ શુભ ધ્યાન પરાયણા, સમરતાં નવકાર
અગ્નિ વરસાવે દ્વૈપાયનો, પહોંચ્યા સ્વર્ગ મોઝાર... ૨૭
ચોથે ખંડે ત્રીજી ભલી, ત્રીજે અધિકાર ઢાળ
પદ્મવિજય કહે ધર્મથી, હોવે મંગળમાળ... ૨૮

### દુહા

રામ કૃષ્ણ બેઉ નીકળ્યા, પહોંતા જીર્ણ ઉધાન
બળતી દેખી દ્વારિકા, થાવે દુઃખ અસમાન... ૧
ઘર બળતા દેખે તિહાં, સાંભળે બહુ પ્રલાપ
બાળક વળગે માતને, માત કહે પણ બાપ... ૨
ધરતી ઢળે ને રાડ દે, એક એક ઉપર ધાપ
ફુટે ભવન ત્રુટે ગિરિ, કોડો કેશ તે ઠાય... ૩
ચંદન થાંભલા ભસ્મ તે, તિમ ગઢને કપીશીર્ષ
અનલ અનલ દેખે તિહાં, વળી અનલ ન વિષ... ૪
એમ અસમંજસ દેખીને, રૂદન કરે નરરાય
દીન વચન ભાખે તદા, હૃદયે દુઃખ ન માય... ૫

### ઢાળ-૪

મ્હારૂં બલ પરાક્રમ કિહાં ગયું, જાણે જીયો જરાસંઘજી
ત્રણસે સાઠ સંગ્રામ મે કર્યા, સાંભલો બલભદ્ર બાંધોજી... ૧
ખમીય ન શકીયે રે એ દુઃખ સાંભળી, તો શી દીઠાની વાતોજી
સુણતાં હૈડું રે કમ કમ કંપતું, હોય જેમ વજઘાતોજી... ૨
દેવ અધિષ્ઠ રયણે તે કિહાં રહ્યાં, વલી સુર સાઠ હજારજી
દેવની દીધી રે ભેરી કહાં ગઈ, ટાલે વિષય વિકારજી... ૩
સહાય શક્રની રે ધનદ તે કિહાં ગયા, જેણે દ્વારિકા નીપાઈજી
ધીર કુમાર મારા સહુ કીહાં ગયા, જબ એ આપદ આઈજી... ૪
મુકુટ બંધ સોલ સહસ તે રાજવી, કોઈ ન આવ્યું કાજજી
કાયર પરે રે ઉભા દેખીયે, ખોયું ત્રણ ખંડ એ રાજજી... ૫
તવ બલભદ્ર બંધવને એમ કહે, ન કરો ભાઈ વિષાદજી
પ્રભુજીએ ભાખ્યું તે નીપજયું, સુખ દુઃખ કર્મ પ્રસાદજી... ૬
લક્ષ્મી સ્થિર નહિં જગમાં કેહને, ઈંદ્ર જાલ સમ એહજી
પણ જીવને મોહ છે આકરો, અથિર ને થિર લહે જેહજી... ૭
જિનવર વયણાં જે તે ચિત્તવસ્યા, તે કેમ થાય દીનજી
આપદ આવી ધર તું ધીરતા, તેહ જગત નગીનાજી... ૮
અવલંબો હવે જિનવચન તુમે, ધીરા સંપદ પામેજી

કેશવ કહે બંધવ સાચું કહ્યું, પણ ન રહીયે એ ઠામજી... ૯
કિણ દિશિ જાશું સંપદ હીણડા, તવ બલભદ્ર તે બોલેજી
પાંડવ સજજન બંધન સાયલા, અન્ય નહિં ઈણ તોલેજી... ૧૦
દક્ષિણ મથુરાવાસી તેહ છે, પીતાંબર તવ ભામોજી
મેં પૂર્વે પાંડવને કાઢીયા, તે કેમ આદર દેશોજી... ૧૧
બલભદ્ર કહે સજજન વિસરે, તનુ પૂરવના ઉપકારજી
તુમે ઉપકાર પાંડવનો બહુ કર્યો, કરશે પૂજા સાકારજી... ૧૨
એમ તે ચાલ્યા મથુરા ભણી, પણ દુઃખોનો નહિ અંતોજી
એહનું દુઃખ એહ જ જાણે, કે જાણે ભગવંતોજી... ૧૩
રામપુત્ર કુબ્જ વાસુ નામથી, દ્વારિકામાંહિ તેહજી
મંદિર માથે રે આરોહી કરી, વચન કહે હવે એહજી... ૧૪
નેમિ જીનેશ્વર મુજને એમ કહ્યું, ચરમ શરીરી તુંહીજી
દ્વારિકા મુજને બળતા થકા, થાયે વિપરીત યુંહીજી... ૧૫
જિનમત સાચો રે જો હોયે, ઈણસમે તો થાઉં વ્રતધારીજી
ભમક દેવે રે મૂકયો તેણે સમે, પ્રભુ પાસે તે કુમારજી... ૧૬
પલ્લવ દેશે રે પ્રભુજી વિચરતા, હવે હરી મહિલા જેહજી
બત્રીસ સહસ તથાવલી રામની, અણસણ આદરે તેહજી... ૧૭
તેમ વલી બહુ બહુ નારી યાદવતણી, તેમ કુમાર બહુ હજારોજી
નેમિ જિનેશ્વર ચિત્તમાં ધરતાં, અણસણ કરે તે વારોજી... ૧૮
ષટમાસ લગે તે નગરી બળી, સાઠ-બહોંતેર કુલ કોડીજી
ભસ્મ પછી સાયર તિહાં કર્યા, જેહની હતી નહિ જોડજી... ૧૯
ધર્મકારજ કર્યા તે ઊગરીયા, તિહાં ધર્મ તે સવિ આરોધોજી
ચોથે ખંડે રે ચોખે વિત્તશું, ધર્મ કરો સુવિચારોજી... ૨૦
ત્રીજે અધિકારે ચોથી કહી, પદ્મવિજયે એહ ઢાળજી
શ્રુત ગુરૂ ઉત્તમવિજય કૃપા થકી, સુણતાં મંગલમાલજી... ૨૧
(શ્રી નેમીશ્વર રાસખંડ-૪ / અધિકાર-૩ / ઢાળ ૧ થી ૪)

## ૭૩. ધન્ના અણગારની સજઝાયો (૧)

ચરણ કમલ નમી વીરનાં રે, પૂછે શ્રેણિકરાય રે; મુનિ સ્યું મન માન્યો,
ચઉદ સહસ મુનિ તાહરે, અધિકો કોણ કહેવાય રે. મુનિ૦ ૧

જિન કહે અધિકો માહરે રે, ધન ધન્નો અણગાર રે; મુનિ૦
રિદ્ધિ છતી જેણે પરિહરી રે, તજી તરૂણી પરિવાર રે. મુનિ૦ ૨
સિંહ તણી પેરે નીકળી રે, પાળે વ્રત સિંહ સમાન રે; મુનિ૦
ક્રોધ લોભ માયા તજી રે, દૂર કર્યો અભિમાન રે. મુનિ૦ ૩
મુજ હાથે સંયમ ગ્રહી રે, પાળે નિરતિચાર રે; મુનિ૦
છટ્ઠ છટ્ઠ આંબિલ પારણે રે, લીયે નિરસ આહાર રે. મુનિ૦ ૪
વંછે ન કોઈ માનવી રે, તેવો લીયે આહાર રે; મુનિ૦
ચાલતાં હાડ ખડખડે રે, જેમ ખાખરાના પાન રે. મુનિ૦ ૫
શકટ ભર્યું જેમ કોચલે રે, તિમ ધન્ના મુનિનું વાન રે; મુનિ૦
પંચ સમિતિ ત્રણ ગુપ્તિશું રે, રંગે રમે નિશદિન રે. મુનિ૦ ૬
સર્વાર્થસિદ્ધ સુખ પામીયો રે, ધન ધન્નો અણગાર રે; મુનિ૦
નવમે અંગે જેહનો રે, વીરે કહ્યો અધિકાર રે. મુનિ૦ ૭
પંડિત જિનવિજય તણો રે, નમે તેહને વારંવાર રે; મુનિ૦
પ્રાતઃ ઉઠીને તેહનું રે, નામ લીજે સુવિચાર રે. મુનિ૦ ૮

## [X] ૭૪. ધન્ના અણગારની સજઝાય (૨)

ધન ધન્નો મુનિ વંદીએ રે લાલ, શ્રીવીર તણો અણગાર રે મહામુનિ;
કાકંદીપુર માંહે વસે રે લાલ, ભદ્રા માત મલ્હાર રે; મ૦ ધ૦ ૧
તૃણ જેમ છાંડી સંપદા રે લાલ, લીધો સંયમ ભાર રે. મ૦
તપ કરી કાયા શોષવી રે લાલ, કીધો ઉગ્ર વિહાર રે. મ૦ ધ૦ ૨
શુદ્ધ કિરિયા પાળે સદા રે લાલ, છંડી સર્વ પ્રમાદ રે; મ૦
વીર વખાણે એકદા રે લાલ, સુણી તજે સંવાદ રે. મ૦ ધ૦ ૩
ચઉદ સહસમાં કો નહિ રે લાલ, ધન્ના સમો અણગાર રે; મ૦
તપ જપ સંયમ આદર્યો રે લાલ, પાળે શુદ્ધ આચાર રે. મ૦ ધ૦ ૪
શીઘ્રથી શિવસુખ પામશે રે લાલ, જીહાં છે સુખ અનંત રે; મ૦
એહના ગુણ ગાતાં થકાં રે લાલ, ભવભવ દુઃખ નાસંત રે. મ૦ ધ૦ ૫
સુરનર સુણી હરખ્યાં ઘણું રે લાલ, વાંદે મુનિવર પાય રે; મ૦
નિરાગી માંહે ત નીલો રે લાલ, દીઠા આવે દાય રે. મ૦ ધ૦ ૬
અનુત્તર ઉવવાઈમાં કહ્યો રે લાલ, ધન્નાનો અધિકાર રે; મ૦

વિદ્યાકીર્તિ કહે સાધુના રે લાલ, નામ થકી નિસ્તાર રે. મ૦ ધ૦ ૭

## [X] ૭૫. (ક) ધન્ના અણગારની સજ્ઝાય (૩)

જિન વચને વૈરાગીયો હો ધન્ના માગે માત આદેસ
કહે જનની મત મૂકજો હો ધન્ના વહુયર જોબન વેશ રે, હું વારીધન્ના ૧
હું તજ જાવા ન દેશ હો ધન્ના તું મુઝ પ્યારો પ્રાણથી હું વારીધન્ના હું તુજ૦
એ તુમસું અતિરાગિણી હો ધન્ના કુમરિ કામણ વેસ હું વારીધન્ના હું તુજ૦ ૨
તુમ વિરહેં એ દોહલિ હો ધન્ના મીન જયું નિરજલ દેસ
તું સુકુમાલ સોહામણો હો ધન્ના સુંદર રૂપ સુકેસ હું વારીધન્ના હું તુજ૦ ૩
સંયમ મારગ દોહિલો હો ધન્ના દુષ્કર કયું નિરવહેસ
એ ઘર-કંચન-કામિની હો ધન્ના ભોગવી ભોગ વિશેષ હું વારીધન્ના હું તુજ૦ ૪
ભૂખ-તૃષા અતિ દોહિલી હો ધન્ના પરીષહ કેમ સહેસ
અરસ-નીરસ અન્ન જિમવું હો ધન્ના સ્વાદ નહિં લવલેસ હું વારીધન્ના હું તુજ૦ ૫
વનવાસે વસવો સદા હો ધન્ના ધીરજ કેમ ધરેસ
વનમાં રહે છે મરગલા હો અમ્મા તેને જોઈ સહન કરેસ હું વારીધન્ના હું તુજ૦ ૬
કુંવર કહે માતા પ્રતેં હો અમ્મા તેને સંસાર અસાર
જન્મ-જરા-મરણેં ભર્યો હો અમ્મા કોઈ ન રાખણ હાર
હો મારી અમ્મા મોહ ન કીજેં બે ૭
મોહ ન કીજે કહેસ્યું હો અમ્મા દ્યો અનુમતિ આદેશ
કાજ સુધારૂં હું આપણું હો અમ્મા જેથી શિવ સુખ લેશ.. હો મારી૦ ૮
ગિરી ન તોલઈ તોલતાં હો ધન્ના મંદિર ગિરિ ન તોલાય
મીણ તણે દાંતે કરી હો ધન્ના લોહચણા કેમ ચવાય રે, હું વારિ૦ હું તુજ૦ ૯
કોકિલો કુલકુજીત કરી હો અમ્મા તે તો વસંત પ્રતાપ
તેમ તુઝનેં માંયે કરી હો અમ્મા ટળસે સકલ સંતાપ, હો મારી૦ મોહ૦ ૧૦
કાયા-માયા-કામિની હો અમ્મા જાતાં ન લાગે વાર
કરમ શુભાશુભ જે કરે હો અમ્મા તે ભોગવે આતમરાય હો મોરી૦ મોહ૦ ૧૧
લેઈ આદેસ એહવો હો અમ્મા સંયમ સાધુ આચાર
અભિગ્રહ ઈણીપરિ આદરી હો અમ્મા સૂઝત લેવો આહાર હો મોરી૦ મોહ૦ ૧૨
વીરેં વખાણ્યો સૂત્રમાં હો અમ્મા ધન ધન્નો અણગાર
સર્વારથ સિદ્ધિ ગયો હો અમ્મા માસ કરી સંથાર હો મોરી૦ મોહ૦ ૧૩

એક ભવેં શિવ પામસે હો અમ્મા ક્ષેત્ર વિદેહ મોઝાર
અજરામર સુખ શાશ્વતા હો અમ્મા જબ હોસે લાભ અપાર હો મોરી૦ મોહ૦ ૧૪
આલણપુરમાંહે રચ્યે હો અમ્મા ધન્નાનો અધિકાર
દેવ કહેં ગુણ ગાવતાં હો અમ્મા હોવે જય જયકાર હો મોરી૦ મોહ૦ ૧૫

## ૭૫. (ખ) ધન્ના અણગારની સજ્ઝાય (૪) (ઢાળ-૨)

### ઢાળ ૧

(રાગ : કબીરના દુહાનો)

શીયાળામાં શીત ઘણી રે ધન્ના ઉનાળે લૂવાય
ચોમાસે જળવાદળાં રે ધન્ના એ દુઃખ સહ્યું ન જાય
હું તો વારી રે ધન્ના ! આજ નહિં સો કાલ... ૧
વનમાં તો રહેવું એકલું રે ધન્ના કોણ કરે તારી સાર
ભૂખ પરીષહ દોહિલો રે ધન્ના મતકર એસી વાત
હો ધનજી ! મત લીયો સંયમ ભાર... ૨
વનમાં તે મૃગ એકલો રે માતા કોણ કરે ઉનકી સાર
કરણી તો જેસી આપકી રે માતા ! કોણ બેટો કોણ બાપ
હો જનની ! હું લેઉં સંયમ ભાર... ૩
પંચ મહાવ્રત કો પાળવો રે ધન્ના પાંચે મેરૂ સમાન
બાવીસ પરીષહ જીતવા રે ધન્ના સંયમ ખાંડાકી ધાર... હો ધનજી૦ ૪
નીર વિનાની નદી કિસી રે ધન્ના ચંદ વિના કેસી રાત
પિયુ વિના કેસી કામિની રે ધન્ના વદન કમલ વિલખાય... હો ધનજી૦ ૫
દીપક વિના મંદિર કિસ્યાં રે ધન્ના કાન વિના કેસો રાગ
નયણ વિના કિસ્યું નિરખવું રે ધન્ના પુત્ર વિના પરિવાર... હો ધનજી૦ ૬
તું મુજ અંધા લાકડી રે ધન્ના સો કોઈ ટેકો રે હોય
જો કોઈ લાકડી તોડશે રે ધન્ના અંધો હોશે ખુવાર... હો ધનજી૦ ૭
રત્ન જડિતનો પિંજરો રે માતા તે જાણે સૂડો રે બંધ
કામભોગ સંસારના રે માતા જ્ઞાનીને મન ફંદ... હો જનની૦ ૮
કાયા તો કંચન સમી રે ધન્ના રાઈ પર્વત સમજાણ
જોબન વય ભરી નારીયો રે ધન્ના સમજુ છો ગુણવાન... હો ધનજી૦ ૯

નિત્ય ઉઠી ઘોડલે ફીરતો રે ધન્નો નિત્ય ઉઠી બાગ મે જાય
ચોડી પાલખીએ પોઢતો રે ધન્ના નિત્ય નિત્ય નઈ ખૂબી માણ...

હો ધનજી૦ ૧૦

આ તો બત્રીસ કામિની રે ધન્ના ઉભી કરે અરદાસ રે
મુનીશ્વરની વાણી સુણી રે માતા આ સંસાર અસાર હો જનની૦...

હો ધનજી૦ ૧૧

હાથમાં લેવો પાતરો રે ધન્ના ઘેર ઘેર માગવી ભીખ
કોઈ ગાળ જ દેઈ કાઢશે રે ધન્ના કોઈ દેવેંગે શીખ હો... હો ધનજી૦ ૧૨
તજી દીયાં મંદિરમાળિયાં રે માતા તજી દીયો સબ સંસાર
તજ દીની ઘરકી નારીઓ રે માતા છોડ ચલ્યો પરિવાર... હોજનની૦ ૧૩
જુઠાં તો મંદિર માળીયાં રે માતા જૂઠો સબ સંસાર
જીવતાં ચુટે કાળજું રે માતા મુઆ નરકે લેઈ જાય રે... હોજનની૦ ૧૪
રાત્રીભોજન છોડ દે હો ધન્ના પરનારી પચ્ચકખાણ
પરધન શું દૂરા રહો રે ધન્ના એહી જ સંયમ ભાર હો... હો ધનજી૦ ૧૫
માત-પિતા વરજે નહિં રે ધન્ના મત કર એસી વાત
એહ બત્રીસે કામિની રે ધન્ના એસા દેગી શ્રાપ... હો ધનજી૦ ૧૬
કર્મ તણાં દુઃખ મેં સહ્યાં રે માતા કોઈ ન જાણે ભેદ
રાગ-દ્વેષ કે પુંછડે રે માતા વધ્યાં વૈર વિરોધ... હો જનની૦ ૧૭
સાધુપણા મેં સુખ ઘણા રે માતા નહિં દુઃખરો લવલેશ
મળશે તેહી જ ખઈશું રે માતા સે ઈ સાધુ ઉપદેશ... હો જનની૦ ૧૮
એકલો ઉઠી જાયશે રે માતા કોઈ ન રાખણહાર
એક જીવકે કારણે રે માતા કયું કરે એટલો વિલાપ...હો જનની૦ ૧૯
ન કોઈ ધન્નો મરગયો રે માતા ન કોઈ ગયો પરદેશ
ઉગ્યા સોઈ આથમે રે માતા ખીલ્યા સો કરમાય... હો જનની૦ ૨૦
કાલ ઓચિંતો આવશે રે માતા કોણ છોડાવણહાર
કર્મ કાટ મુગતેં ગયા રે માતા કેઈ દેવલોક સંસાર... હો જનની૦ ૨૧
જે જેસી કરણી કરે રે માતા તેને તેવાં ફળ હોય
દયા ધર્મ સંયમ વિના રે માતા શિવસુખ પામે ન કોય... હો જનની૦ ૨૨

## ઢાળ ૨

વીર બત્રીસ કામિની રે ધન્ના રહી ઉભી પસ્તાય
રવિ આથમતો એમ કહે રે ધન્ના વદનકમલ વિલખાય
હું તો વારી ધન્ના આજ નહિં એસો કાલ... ૧
તું મુજ અંધા લાકડી રે ધન્ના તું મુજ પ્રાણ આધાર
તુજ વિના જગ સુનો પડયો રે ધન્ના ભાવે એ જાણ મ જાણ... હું તો૦ ૨
તન ધન જોબન કારમો રે માતા આ સંસાર અસાર
અનુમતિ દીયો મુજ માતજી રે હું તો લેઈશ સંજમભાર હો જનની... ૩
પંચ મહાવ્રત પાળવા રે ધન્ના પાંચેએ મેરૂ સમાન
બાવીસ પરીષહ જીતવા રે ધન્ના સંયમ ખાંડાની ધાર હો ધન્ના, સંયમ૦ ૪
રત્નજડીતનો પાંજરો રે માતા પોપટ જાણે છે બંધ
કામ ભોગ સંસારના રે માતા જ્ઞાની જાણે છે ફંદ જનની... હું તો૦ ૫
તુજ સરિખી કામિની રે ધન્ના લક્ષણ બત્રીસ જાણ
પાંચ ઈંદ્રિયનાં સુખ પરિહરે રે ધન્ના પછી પસ્તાવો કરીશ હો ધન્ના,
સંયમ૦ ૬
ધનજોબનમાયા સ્થિર નહિ રે માતા જેવું આવે એવું જાય
ઐસો ચંચલ જીવડો રે માતા જેવાં પીંપળ કેરાં પાન જનની, હું તો૦ ૭
ઘર બેઠા ધર્મ કીજીયે રે ધન્ના દાન શીયલ તપ ભાવ
સંયમ મારગ દોહિલો રે ધન્ના મત કર એવડો ઉન્માદ હો ધન્ના, સંયમ૦ ૮
રમણી શું રાચી રહ્યો રે ધન્ના નહિં રે ગણ્યો નવકાર
મન પસ્તાવો નહિ કર્યો રે ધન્ના ગયો જન્મારો હાર હો ધન્ના, સંયમ૦ ૯
રમણી શું રાચ્યો નહિં રે માતા માહરી મતિ ભરપૂર
જે રમણી શું રાચી રહ્યા રે માતા દુર્ગતિ જાશે હજૂર હો જનની,
હું તો૦ ૧૦
તું સુકુમાળ સોહામણો રે ધન્ના તુજ માતાજીને શોચ
શોચ કિશ્યો મોરી માતજી હું તો કરીશ કર્મનો લોચ હો જનની,
હું તો૦ ૧૧
દીપક વિના મંદિર કિશ્યો રે ધન્ના પુત્ર વિણ પરિવાર
વિરહ વિહુણી બેનડી રે ધન્ના ઝુરે વાર તહેવાર હો ધન્ના, સંયમ૦ ૧૨

ચંદ્ર વિના કિસી ચાંદની રે ધન્ના તારા વિના કેસી રાત
કંથ વિના કિસી કામિની રે ધન્ના ઝુરે બારે માસ હો ધન્ના, સંયમ૦ ૧૩
માતાને સમજાવીને રે ધન્ને લીધો સંયમ ભાર
માસ સંલેખણા પાળીને રે ધન્નો પહોંચ્યા અનુત્તર વિમાન રે ધન્ના,
સંયમ૦ ૧૪

ધન્ના ! વર્ત્યો જય જયકાર
દાન શીયલ તપ ભાવના રે ધન્ના એ જન્માંતર સાર
માન કહે મુનિ વાંદતા રે ધન્ના વર્ત્યો જયજયકાર હો, ધન્ના વર્ત્યો૦ ૧૫

## [?] ૭૬. ધન્ના શાલિભદ્રની સજ્ઝાયો (૧)

રાજગૃહી નગરી ભલી, શેઠજી ધન્નો ઉદાર રે;
પત્ની પતિવ્રતા આઠ છે, રૂપે રંભા અવતાર રે,
સુખી રે જીવન શાલિભદ્રનું. ૧
તેહીજ ગામમાં ધનપતિ, શાલિભદ્ર કહેવાય રે;
જેની ઋદ્ધિ જોવા કારણે, આવે શ્રેણિકરાય રે. સુખી૦ ૨
દેવલોકે થઈ દેવતા, પિતા ગોભદ્ર જીવ રે;
પેટી નવાણું પહોંચાડતા, પુત્રના પ્રેમે સદૈવ રે. સુખી૦ ૩
સમભૂમિકા ઉપરે, સાથે બત્રીસ નાર રે;
દોગુંદક દેવની પરે, ભોગવે સુખ અપાર રે. સુખી૦ ૪
રાયને કરીયાણું ગણ્યું, માતને આશ્ચર્ય થાય રે;
શ્રેણિક ખોળે બેસાડતા, સ્વેદથી શરીર ભરાય રે. સુખી૦ ૫
મનમાં શાલિભદ્ર ચિંતવે, પુણ્યમાં રહી મુજ ખામી રે;
ચારિત્ર પાળું જો નિર્મલું, તો શિર પર નહિ સ્વામી રે. સુખી૦ ૬
સંપૂર્ણ સુખને પામવા, ત્યાગનું પકડ્યું નિમિત્ત રે;
નારી એકેક નિત્ય પરિહરે, દીક્ષા લેવા અચિત્ત રે. સુખી૦ ૭
શેઠ ધન્નો તીણે અવસરે, તજે રમણીનો રાગ રે;
ખેર ભરી કાયાએ આવીયો, જોવા શાલિભદ્ર ત્યાગ રે. સુખી૦ ૮
કથા સુણી ધન્ના શેઠની, કરી માતાને વાત રે;
દીક્ષા લેવા મન દોડીયું, ધન્નાશેઠ સંગાથ રે. સુખી૦ ૯
રિદ્ધિ સિદ્ધિ તજી સામટી રે, તજી ભોગ વિલાસ રે;

મહેલ ઝરૂખા ને માળીયા, છોડ્યા દાસી ને દાસ રે. સુખી૦ ૧૦
રડતી માતા મૂકીને, સાથે બત્રીશ નાર રે;
પ્રેમના બંધન તોડીને, લીધો સંયમ ભાર રે. સુખી૦ ૧૧
હિરવિજય ગુરુ હિરલો રે, વીરવિજય ગુણ ગાય રે;
લબ્ધિવિજય ગુરૂ રાજીયો, તેહના પ્રણમું પાય રે. સુખી૦ ૧૨

## ૭૭. ધન્ના શાલિભદ્રની સજ્ઝાય (૨)

રાજગૃહી નગરી મોઝારો જી, વણઝારો દેશાવર સારો જી;
ઈણ વણજે જી, રત્નકંબલ લેઈ આવીયા જી. ૧
લાખ લાખની વસ્તુ લાખેણી,એ વસ્તુ છે અતિ ઝીણી;
કાંઈ પરિમલ જી, ગઢમઢ મંદિર પરિહરિ જી. ૨
પૂછે ગામને ચોતરે, લોક મલ્યા વિધવિધ પરે;
જઈ પૂછો જી, શાલિભદ્રને મંદિરીએ જી. ૩
શેઠાણી સુભદ્રા નિરખે જી, રત્નકંબલ લેઈ પરખે જી;
પહોંચાડો જી, શાલિભદ્રને મંદિરીએ જી. ૪
તેડાવ્યો ભંડારી જી, વીશ લાખ નિરધારી જી;
ગણી દેજ્યો જી, એહને ઘેર પહોંચાડજો જી. ૫
રાણી કહે સુણો રાજાજી, આપણું રાજ શેં કાજ જી;
મુજ માટે જી, એક ન લીધી કાંબલી જી. ૬
સુણ હો ચેલણા રાણી જી, એ વાત મેં જાણી જી;
પીછાણી જી, એ વાતનો અચંબો ઘણો જી. ૭
દાતણ તો તબ કરશું જી, જબ શાલિભદ્ર મુખ જોશું જી;
શણગારો જી, ગજરથ ઘોડા પાલખી જી. ૮
આગળ કૂંતલ હીંચાવંતા, પાછળ પાત્ર નચાવંતા;
રાય શ્રેણીક જી, શાલીભદ્ર ઘેર આવિયા જી. ૯
પહેલે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિયો;
કાંઈ જોજ્યોજી, આ ઘર તો ચાકર તણાં જી. ૧૦
બીજે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિયો;
કાંઈ જોજ્યો જી, આ ઘર તો સેવક તણાં જી. ૧૧
ત્રીજે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિઓ;

કાંઈ જોજ્યો જી, આ ઘર તો દાસી તણાં જી. ૧૨
ચોથે ત્રીજે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિઓ;
કાંઈ જોજ્યો જી, આ ઘર તો શ્રેષ્ઠિ તણાં જી. ૧૩
રાય શ્રેણીકની મુદ્રિકા, ખોવાઈ ખોળ કરે તિહાં;
માય ભદ્રા જી, થાળ ભરી તવ લાવિયા જી. ૧૪
જાગો જાગો મોરા નંદ જી, કેમ સુતા આણંદ જી;
કાંઈ આંગણે જી, શ્રેણીકરાય પધારીયા જી. ૧૫
હું નવિ જાણું માતા બોલમાં, હું નવિ જાણું માતા તોલમાં;
તુમે લેજ્યો જી, જેમ તમને સુખ ઉપજે જી. ૧૬
પૂર્વે કદી પૂછતાં નહીં, તો આમાં શું પૂછો સહી;
મોરી માતા જી, હું નવિ જાણું વણઝમાં જી. ૧૭
રાય કરિયાણું લેજો જી, મુહ માંગ્યા દામ દેજ્યો જી;
નાણાં ચુકવી જી, રાય ભંડારે નંખાવી દીયો જી. ૧૮
વલતી માતા ઈમ કહે, સાચુ નંદન સદ્દહે;
કાંઈ સાચે જી, શ્રેણિકરાય પધારીયા જી. ૧૯
ક્ષણમાં કરે કાંઈ રાજીઓ, ક્ષણમાં કરે બેરાજીઓ;
કાંઈ ક્ષણમાં જી, ન્યાય અન્યાય કરે સહી જી. ૨૦
પૂર્વે સુકૃત નવિ કીધા, સુપાત્રે દાન જ નવિ દીધાં;
મુજ માથે જી, હજુ પણ એવા નાથ છે જી. ૨૧
અબતો કરણી કરશું જી, પંચ વિષય પરિહરશું જી;
પાળી સંયમ જી, નાથ સનાથ થશું સહી જી. ૨૨
ઈંદુવત્ અંગ તેજ જી, આવે સહુને હેજ જી;
નખ શીખ લગે જી, અંગો પાંગ શોભે ઘણાં જી. ૨૩
મુક્તાફલ જીમ ચળકે જી, કાને કુંડળ ઝલકે જી;
રાય શ્રેણિક જી, શાલિભદ્ર ખોળે લીઓ જી. ૨૪
રાજા કહે સુણો માતા જી, તુમ કુંવર સુખ શાતા જી;
હવે એહને જી, પાછો મંદિર મોકલો જી. ૨૫
શાલિભદ્ર નિજ ઘર આવિયા, રાય શ્રેણિક ઘેર સિધાવિયા;
પછી શાલિભદ્ર જી, ચિંતા કરે મનમાં ઘણી જી. ૨૬

શ્રી જૈનધર્મ હું આદરૂં, મોહ માયાને પરિહરું;
હું છાંડુ જી, ગજ રથ ઘોડા પાલખી જી. ૨૭
સુણીને માતા વિલખે જી, નારીઓ સઘળી તલખે જી;
તેણી વેળાંજી, અશાતા પામ્યા ઘણી જી. ૨૮
માત પિતાને ભ્રાતજી, સહુ આળ પંપાળની વાત જી;
ઈણ જગમાં જી, સ્વારથના સહુ કો સગાં જી. ૨૯

હંસ વિના શ્યા સરોવરીયાં, પિયુ વિના શ્યા મંદિરીયાં;
મોહ વશ થકાંજી, ઉચાટ એમ કરે ઘણો જી. ૩૦
સર્વે નીર અમૂલ્ય જી, વાટકડે તેલ ફૂલેલ જી;
શાહ ધન્ને જી, શરીર સમારણ માંડીયો જી. ૩૧
ધન્ના ઘેર સુભદ્રાનારી જી, બેઠી મહેલ મોઝારી જી;
સમારંતા જી, એક જ આંસુ ખેરીયું જી. ૩૨
ગૌભદ્ર શેઠની બેટડી, ભદ્રાબાઈ તોરી માવડી;
સુણ સુંદરી જી, તે કેમ આંસુ ખેરીયું જી. ૩૩
શાલિભદ્રની બેનડી, બત્રીશ ભોજાઈની નણંદલી;
તવ તાહરે જી, શા માટે રોવું પડે જી. ૩૪
જગમાં એક જ ભાઈ માહરે, તે સંયમ લેવા મન કરે;
નારી એક એક જી, દિન દિન પ્રત્યે પરિહરે જી. ૩૫
એ તો મિત્ર કાયરું, શું સંયમ લેશે ભાયરું;
જીભલડી જી, મુખ માથાની જુદી જાણવી જી. ૩૬
કહેવું તો ઘણું સોહીલું, પણ કરવું અતિ દોહીલું;
સુણો સ્વામિ જી, એહવી ઋદ્ધિ કોણ પરિહરે જી. ૩૭
કહેવું તો ઘણું સોહીલું,પણ કરવું અતિ દોહીલું;
સુણ સુંદરી જી, આજથી ત્યાગી આઠને જી. ૩૮
હું તો હસતી મલકીને, તુમે કીયો તમાશો સલકીને;
સુણો સ્વામિ જી, અબ તો ચિંતા નવિ કરું જી. ૩૯
ચોટી અંબોડો વાળીને, શા ધન્નો ઉઠ્યાં ચાલીને;
કાંઈ આવ્યા જી, શાલિભદ્રને મંદિરીએ જી. ૪૦
ઉઠો મિત્ર કાયરું, આપણે સંયમ લઈએ ભાયરું;

આપણ દોય જણ જી, સંયમ શુદ્ધ આરાધિયે જી. ૪૧
શાલિભદ્ર વૈરાગીયા, શા ધન્નો અતિ ત્યાગીઆ;
દોનું રાગીયાં જી, શ્રી વીર સમીપે આવીયાં જી. ૪૨
સંયમ મારગ લીનો જી, તપસ્યાએ મન ભીનો જી;
શાહ ધન્નો જી, માસખમણ કરે પારણાં જી. ૪૩
તપ કરી દેહને ગાળી જી, દૂષણ સઘળાં ટાળી જી;
વૈભારગિરિ જી, ઉપર અણસણ આદર્યાં જી. ૪૪
ચઢતે પરિણામે સોય જી, કાળ કરી જણ દોય જી;
દેવગતિયેં જી, અનુત્તર વિમાને ઉપન્યા જી. ૪૫
સુર સુખને તિહાં ભોગવી, તિહાંથી દેવ દોનું ચ્ચવી;
વિદેહે જી, મનુષ્યપણું તેહ પામશે જી. ૪૬
શુદ્ધો સંયમ આદરી, સકલ કર્મનો ક્ષય કરી;
લહી કેવળ જી, મોક્ષ ગતિને પામશે જી. ૪૭
દાન તણાં ફલ દેખો જી, ધન્નો શાલિભદ્ર પેખો જી;
નહીં લેખો જી, અતુલ સુખને પામશે જી. ૪૮
ઈમ જાણી સુપાત્રને પોષો જી, જેમ વેગે પામો મોક્ષો જી;
નહીં ધોખો જી, કદીય જીવને હોયશે જી. ૪૯
ઉત્તમના ગુણ ગાવો જી, મનવંછીત સુખ પાવોજી;
કહે 'કવિયણ' જી, શ્રોતાજન તુમ સાંભળો જી. ૫૦

## [?] ૭૮. ધન્ના-શાલીભદ્રની સજ્ઝાય (૩)

સરસ્વતી સ્વામીને વિનવું રે, રંગના રસીયા;
સુગુરુ લાગુ પાય, પ્રીતમ મન વસીયા. ૧
ધન્નો બેઠા નાવણ કરે રે. રંગ૦
વાંસો ચોળે છે તેમની નાર. પ્રી૦ ૨
વાંસો ચોળંતા ગોરી ઝુરતા રે, રંગ૦
ગોરી તને શા આવડાં દુઃખ. પ્રી૦ ૩
મારે તો દુઃખ મારા મહિયરતણું રે, રંગ૦
તે સાલે હૃદય મોઝાર. પ્રી૦ ૪

શાલિભદ્ર સરીખો તારે બંધવો રે, રંગ૦
ધન્ના સરખો ભરથાર, પ્રી૦ ૫
મારો વીરો તે સ્વામી ! ત્યાગી થયો રે, રંગ૦
દિન પ્રત્યે છંડે એક નાર રે. પ્રી૦ ૬
તારો વીરો તે ગોરી ! મૂરખો રે, રંગ૦
એક એક છંડે છે નાર. પ્રી૦ ૭
કહેવું તે સ્વામી ઘણું સોહિલું રે, રંગ૦
તે કેવી રીતે સહ્યું જાય. પ્રી૦ ૮
ખેર ભર્યા તે ધન્ના ઉઠીયા રે, રંગ૦
આઠે ને મેલી નિરધાર. પ્રી૦ ૯
મેં રે કહ્યું તે સ્વામી સહેજમાં રે, રંગ૦
તાણી વાળો શું ગાંઠ. પ્રી૦ ૧૦
મેં રે કહ્યું તે મને છંડજો રે, રંગ૦
સાત જોડે રાખો સંસાર. પ્રી૦ ૧૧
નારી તે મોહની વેલડી રે, રંગ૦
છે સ્વારથીયો સંસાર. પ્રી૦ ૧૨
ઝાંપે જઈ ધન્નાએ કહાવીયું, રંગ૦
શાલિભદ્રે મેલી બત્રીશ નાર. પ્રી૦ ૧૩
શાલિભદ્રના માતાજી એમ વલવલે, રંગ૦
એકવાર પાછું વાળી જુઓ પ્રી૦ ૧૪
ધન્નાની માતજી એમ વલવલે, રંગ૦
એકવાર પાછું વાળી જુઓ. પ્રી૦ ૧૫
શીલા ઉપર કર્યો રે સંથારો રે, રંગ૦
ચારે આહારના કર્યા પચ્ચક્ખાણ. પ્રી૦ ૧૬
અણસણ કરી એક માસનું રે, રંગ૦
પહોંચ્યા સર્વારથ સિદ્ધ મોઝાર. પ્રી૦ ૧૭
હીરવિજય ગુરુ હીરલો રે, રંગ૦
'માનવિજય' ગુણ ગાય. પ્રી૦ ૧૮

## ૭૯. ધર્મરૂચિ અણગાર (કડવા તુંબડા)ની સજ્ઝાયો (૧)

સાધુજીને તુંબડું વહોરાવીયુંજી, કરમે હલાહલ થાય રે;
વિપરીત આહાર વહોરાવીયોજી, વધાર્યો અનંત સંસાર રે. ૧
આહાર લેઈ મુનિ પાછા વળ્યાંજી, આવ્યા આવ્યા ગુરુજીની પાસ રે;
ભાત પાણી આલોવીયાજી, એ આહાર નહિ તુજ યોગ રે. ૨
નિરવધ ઠામે જઈને પરઠવોજી, તુમે છો દયાના જાણ રે;
બીજો આહાર આણી કરીજી, તુમે કરો નિરધાર રે. ૩
ગુરુવચન શ્રવણ સુણીજી, પહોંચ્યા પહોંચ્યા વન મોઝાર રે;
એક જ બિંદુ તિહાં પરઠવ્યોજી, દીઠા દીઠા જીવના સંહાર રે. ૪
જીવદયા મનમાં વસીજી, આવી આવી કરૂણા સાર રે;
માસક્ષમણને પારણેજી, પડિવજ્યાં શરણાં ચાર રે. ૫
સંથારે બેસી મુનિ આહાર કર્યોજી, ઉપજી ઉપજી દાહજવાળ રે;
કાળ કરી સર્વાર્થ સિદ્ધેજી, પહોંચ્યા પહોંચ્યા સ્વર્ગ મોઝાર રે. ૬
દુ:ખિણી દુર્ભાગિણી બાહ્મણીજી, તુંબડા તણે અનુસાર રે,
*કાળ અનંતો તે ભમીજી, રૂલી રૂલી તિર્યંચ મોઝાર રે.* ૭
સાતે નરકે તે ભમીજી, પામી પામી મનુષ્યની દેહ રે;
ચારિત્ર લઈ તપસ્યા કરીજી, બાંધ્યું બાંધ્યું નિયાણું તેહ રે. ૮
દ્રુપદ રાજા ઘેર ઉપનીજી, પામી પામી યૌવન વેષ રે;
પાંચ પાંડવને તે વરીજી, હુઈ હુઈ દ્રૌપતી એહ રે. ૯
તે મનુષ્ય જન્મ પામી કરીજી, લેશે લેશે ચારિત્ર નિરધાર રે;
કેવલજ્ઞાન પામી કરીજી, જસ કહે જાશે જાશે મુકિત મઝાર રે. ૧૦

## [?] ૮૦. ધર્મરૂચિ અણગાર (કડવાતુંબડા)ની સજ્ઝાય (૨)

ચંપા નગરી અતિમનોહાર... ધર્મરૂચિ ઋષિ આવે રે
માસક્ષમણ ગુરૂ આજ્ઞા લઈને... ગૌચરી તે સિધાવે...
મુનિવર ધર્મરૂચિ ઋષિવંદો... મારા ભવોભવ પાપની કંદો... મુનિવર૦ ॥૧॥
ગૌચરી કારણ ફરતા મુનિશ્વર... નાગેશ્વરી ઘેર આવે...
સેજ ઉકરડો અમ ઘેર આવ્યો... બારણીએ કુણ જાવે... મુનિવર૦ ॥૨॥
કડવો તુંબો ઝેર હલાહલ... મુનિવર ને વહોરાવે...

તવ તે વરીયા વેગે વરીયા... ખબર કોઈ ન પાવે... મુનિવર૦ ||૩||
પુરણ જાણી પાછા વળીયા... ગુરૂને આવી ભળાવે...
આવો દાતાર કોણ તને મલીયો... પૂરણ પાત્ર ભરાવે... મુનિવર૦ ||૪||
નાના કહેતાં મુજને વહોરાવ્યો... ભાવ ઉલટ મન આણી...
દેખીને ગુરૂજી નિર્ણય કીધો... ઝેર હલાહલ જાણી... મુનિવર૦ ||૫||
આંખે દેખી દુરથી ભાસે... જો મુનિવર તુમે ખાસો...
નિરવદ્ય કોઠે ઝેર હલાહલ... અકાલે મરી જાસો... મુનિવર૦ ||૬||
આજ્ઞા લઈને પરઠવા ચાલ્યા... નિરવદ્ય ઠામે આવે...
એકજ બિંદુ મુકે ત્યાં તો... સહસ કીડી મરી જાવે... મુનિવર૦ ||૭||
આવા કારણે આવી હિંસા... મુખથી અનર્થ થાવે...
ખીર ખાંડ જાણી મુનિવર... તરત આહાર હરી જાવે... મુનિવર૦ ||૮||
પ્રબલ પીડા શરીરે ઉપની... ચાલણ શકતી નહિ...
પાદપોગમ તિહાં કીધો સંથારો... સમતા દઢ મન રાખી... મુનિવર૦ ||૯||
સર્વાર્થ સિદ્ધ પહોંચ્યા શુભયોગે... મહારમણીય વિમાન...
ચોસઠ મણનાં મોતી લટકે... કરણીનાં સુખ જાણ... મુનિવર૦ ||૧૦||
ખબર કાઢણ મુનિવર આવ્યા... ઋષિજીએ કાલ જ કીધો...
ધિગ-ધિગ-એ નાગેશ્વરી... મુનિને ઝેર જ દીધો... મુનિવર૦ ||૧૧||
હુઈ ફજેતી કર્મ બહુ બાંધ્યાં... પહોંચી નરક મોઝાર...
ધન્ય ધન્ય એ ધર્મઋષિને... પહોંચી ગયા પેલેપાર... મુનિવર૦ ||૧૨||
પોલસપુર માંહિ... સુખે રહ્યા ચોમાસું...
કહે રત્નચંદ્ર મુનિવર ના... નામથી શિવપુર વાસ... મુનિવર૦ ||૧૩||

## ૮૧. (ક) નળરાજાની સજ્ઝાયો (૧)

નથી ડરતી હો, નળરાજાની રાણી દમયંતીસતી,
વન ફરતી હો, નળરાજાએ મૂકી વનમાં એકલી. ૧
ભાઈ કૌશલદેશનો નૈષધપતિ, જેનો સુત છે નળરાજાપતિ;
ભાઈ કુબેર તેહની દુષ્ટ મતિ. નથી૦ ૨
ભાઈ કુબેર જુગટું ખોલાવે, ભલા રાજપાટ સબ મિલાવે;
નળરાજા એ વનમાં જાવે. નથી૦ ૩
નળરાજાના સુખને કહેનારો, કાંઈ રાજભવનમાં વસનારો;

સાથે દમયંતીનો સથવારો. નથી૦ ૪
જાગી નળરાજા જુએ છે, દમયંતીનું સુખ સાલે છે;
ચીર અર્ધું લઈને ચાલે છે. નથી૦ ૫
જાગી દમયંતી જુએ છે, નળરાજાને કંઈ નીરખે છે;
'નળનળ' કરતી ઝંખે છે. નથી૦ ૬
*તિહાં વાઘ વરૂ પણ ત્રાસે છે, દમયંતી જોઈને નાસે છે;*
વનદેવી જેહની પાસે છે. નથી૦ ૭
નવપદનું સ્મરણ કરતી, પછી પીયર મારગ સંચરતી;
વરસ સમ દિનરાત ધરતી. નથી૦ ૮
બાર વરસ વિત્યા જ્યારે, નળરાજા મળ્યા તેહને ત્યારે;
મુનિ માણેક ગુણ ગાવે ત્યારે. નથી૦ ૯

## ૮૧. (ખ) નળ દમયંતીની સજ્ઝાય (૨)

સમરી રંગે શ્રુતની દેવી, નીજ ગુરૂ કેરા ચરણ નમેવી
નળ દવદંતી દંપતી ગાશું, જસ જગવાસી ત્રિભુવન વાસું... ૧
નયરી અયોધ્યા નિષેધ નરેશ, તસ સુત નળ નૃપ અતિ સુવિશેષ
કુંડિનપુર નૃપ ભીમતી પુત્રી, પરણી ભૈમી શીલ પવિત્રી... ૨
કુબેર ભાઈશું જ્યું રમી હાર્યો, રમતાં ન રહ્યો કહેનો વાર્યો
ભૈમી સાથે નળ વન આવે કર્મે સહુને સુખ દુ:ખ પાવે... ૩
વ્યસને ઉત્તમ પણ નર ચૂકે સૂતી અબાળા વનમાંહિ મૂકે
જાગી જૂએ પતિ નવિ દેખે, તવ દુ:ખ પામે નારી અલેખે... ૪
વન ફળ લેવા પિયુ ગયો વનમાં, જાણે કામિનિ એવું મનમાં
પિયુ રૂપ દેખી કે વનદેવી, લેઈ ગઈ ચિંતે વાત તે એવી... ૫
જાણ્યું પિયુડો મૂકી ચાલ્યો, વિરહે વાહલો હિયડે ચાલ્યો
મારા મોહને શું કીધું રે, મુજને છંડી બહુ દુ:ખ દીધું... ૬
અબળા સાથે જોર ન કીજે, સૂણી સૂણ સાજન છેહ ન દીજે
દક્ષિણ કર તણી દીધી વાચ, છાંડી તવ તે કિમ હુવે સાચ... ૭
હઈ હઈ દરિશણ દુ:ખ ન ખમાવે તુજ વિણ વલ્લભ દિન કિમ જાવે
રોતી જોતી હિંડે ફરતી માર્ગ દીયે તો પેસુ ધરતી... ૮
ઈમ વિલવંતા પિયુ નવિ દીઠો, હઈ હઈ હૈયડાં કાં થયો ધીઠો

વલ્લભ વિરહે કાં નવિ ફાટે, કિમ દુઃખ દેખીશ તું પિયુ માટે... ૯
ગિરિ ઝરણા જિમ આંસુ નીર, લૂસે અબળા લેઈ ચીર
ચીરે લખિયા અક્ષર વાંચે, પિયુના લખીયા માટે રાચે... ૧૦
અક્ષર પિયુના વાંચી ચાલે, પીયર વાટે તે તવ હાલે
વાટે સાર્થપતિ એક મલીયો, ચોર તણો ભય તેહને ટળીયો... ૧૧
તિહાંથી ચાલે અબળા બાળા, પર્વત દીઠો બહુ વંસ જાળી
સાત વરસ તિહાં શાંતિજિણંદની પૂજે પ્રતિમા મન આણંદે... ૧૨
તિહાંથી માસી ઘેર આવી, જાણી તે તવ ભીમ તેડાવે
તાત તણે ઘરે પુન્ય પ્રતાપે, નીજ પતિ મિલીયો બહુ સુખ પાવે... ૧૩
કુબેર જીતી રાજ તે પાળે, સકલ પ્રજાના સહુ દુઃખ ટાળે
નળ દવદંતી છાંડી ભોગ, સદ્‌ગુરૂ પાસે લીધો યોગ... ૧૪
તપ જપ સંયમ બહુલા કીધા, દેવતણાં સુખ તાણી લીધાં
તપ ગણ ઉદયાચલ વર સૂર, દિન દિન ચઢતો તેહનો નૂર... ૧૫
શ્રી વિજયદેવસૂરી શણગાર, નિત નિત નામે જય જયકાર
શાંતિચંદ્ર ગુરૂ ગુણ ગણ ધામ, શિષ્ય અમૃત તસ
નિત્ય જપે નામ... ૧૬

## [?] ૮૨. નારદની સજઝાય

આવ્યા નારદ મુનિવર પાંડવ પાંચ તણે ઘરે રે લોલ
ઉઠી મળીયા યુધિષ્ઠિર રાય કે ભીમ હર્ષે કરી રે લોલ
અર્જુન નિકુલ બે જોડી હાથ કે નમન ભલું કરે રે લોલ
તેમ વળી સહદેવ લાગે પાય કે પધારો મુખ ઉચ્ચરે રે લોલ... ૧
માંહે બેઠા કુંતા માતા કે દ્રૌપદી પરિવારશું રે લોલ
તિહાં ગયો નારદ દેખી સભા સહુ ઉઠી હરખશું રે લોલ
દ્રૌપદી ઉઠી નવિ લગાર કે નવિ પૂજા કરી રે લોલ
રોષે ભરીયો નારદ મનમાં કે બોલે રોષે કરી રે લોલ... ૨
દ્રૌપદી પાંચ પાંડવની નાર કે મુજને કેમ નમે રે લોલ
એહને સંકટમાં નાખું આજ કે તો મારૂં મનગમે રે લોલ
ચિંતવી ચાલ્યો જાય આકાશ કે ધાતકી ખંડમાં રે લોલ
તિહાં છે પદ્મોત્તર વળી રાય કે સ્ત્રીના ઝકંડમાં રે લોલ... ૩

બોલે નારદ સુણ પદ્મોત્તર મુજ એક વાતડી રે લોલ
એક છે દ્રૌપદી નામે નાર કે રતિસમ રૂઅડી રે લોલ
સુણી તેહ પદ્મોત્તર વળી રાય કે દેવ આરાધીયો રે લોલ
દેવપાસે તેડાવી દ્રૌપદી નાર કે નેહ જગાડીયો રે લોલ... ૪
દ્રૌપદી તારે કારણે મેંય કે કઠોર જ દુઃખ સહયાં રે લોલ
ત્રીજે દિવસે તુજ મુખકમલના દરશન મેં લહયાં રે લોલ
પુણ્યે પામ્યો તાહરો જોગ કે વંછિત સુખ વિલસીએ રે લોલ
સુનજરે જોને સામું નાર કે દરિસણ દીજીયે રે લોલ... ૫
તવ કહે દ્રૌપદી નામેં નાર કે બંધવ ! રહે વેગળો રે લોલ
મારે વ્રત છે મોટું છમાસ કે શીયલ પાળું નિરમળું રે લોલ
બોલ્યાનું નહીં હમણાં કામ કે સહી પછી જે હોશે રે લોલ
એમ કહી વનિતા રહી તિહાં વાસ કે વળતું ઈહાં શું થયું રે લોલ...૬
ઉંઘથી ઉઠ્યો યુધિષ્ઠિર રાય કે અરહુ-પરહુ જુએ રે લોલ
રાતની રતિમાં કયાં ગઈ નાર કે એમ થાકીને સુવે રે લોલ
પ્રભાતે ઉઠી યુધિષ્ઠિર રાય કે ગામ ઢંઢોળીયું રે લોલ
કોઈએ દીઠી દ્રૌપદી નામે નાર કે પડહો વજડાવીઓ રે લોલ... ૭
વનિતા શોધ ન મળી લગાર કે નગરી કે દેશમાં રે લોલ
ત્યારે કુંતા ગઈ જદુનાથ કે કહ્યું સુખ વેશમાં રે લોલ
દિકરા ! દ્રૌપદી લઈ ગયો કોઈક વેરી દેવતા રે લોલ
અમને તેહ ન મળી ત્રણ ખંડ કે શોધ કરી ધો સુતા રે લોલ... ૮
નારાયણે તવ દીધો કોલ કે બોલ છે માહરો રે લોલ
દ્રૌપદી સોંપું તુમ હાથો હાથ કે ભત્રીજો તાહરો રે લોલ
એમ કહી ખબર કઢાવી ત્રણ ખંડ કે ભાળ ન મળી સતી રે લોલ
એહવેં નારદ આવ્યો તેણે કે પ્રગટ કરી સતી રે લોલ... ૯
પાંડવ પાંચને વાસુદેવ સાથ કે પહોંતા અપરકંકાપુરી રે લોલ
જીત્યો પદ્મોત્તર વળી રાય કે દ્રૌપદી વારી હરી રે લોલ
વજડાવી તિહાં જીતનો શંખ કે સહુ ઘરે આવીયા રે લોલ
મંગલ થાયે શીયલ પ્રભાવ કે ઘર ઘર ગુઠી ઉછળી રે લોલ... ૧૦
દ્રૌપદી પાળી નિર્મલ શીલ કે લીલ પામી ઘણું રે લોલ

દ્રૌપદી પાળી આયુ બ્રહ્મલોકે કે આગમ વચનેં સુણી રે લોલ
પોરબંદર(રાજનગર)માં રહી ચોમાસ કે સતી ગુણ વર્ણવ્યા રે લોલ
મુનિ(મયાચંદ)હરખને શ્રાવક સહુએ ભલે ભાવે વિનવ્યો રે લોલ... ૧૧

## ૮૩. નંદમણીયારની સજઝાય (ઢાળ-૩)

### દુહા

સ્વસ્તિ શ્રી કમલા ભજે જસ ધ્યાયકના પાય
તે શ્રી વીર જિણંદના પદ નમતાં સુખ થાય... ૧
જસ ધ્યાને દર્દુર થયો સોહમવાસી દેવ
તે સેવો ભવિ ભાવશું ચરમ પ્રભુ નિતમેવ... ૨

### ઢાળ-૧

રાજગૃહી નગરી ભલી ગુણશીલ વને જિનવીર
તિહાં સમવસર્યા ભવિહિત ભણી કામિત પ્રભુ કામ કરીર-
સોભાગી જિનવર સેવીયે ૧
સમવસરણ સુરવર રચે મીલે પર્ષદા બાર પ્રકાર
જિન દે દેશના ભવિજન તણે મનગમતી ને મનોહાર...
સોભાગી જિનવર સેવીયે ૨
એહવે પહેલા દેવ લોકથી આવે તિહાં દર્દુર દેવ
જિન પદકજ વંદે ભાવશું હિયડે બહુ હરખ ધરેવ...
સોભાગી જિનવર સેવીયે ૩
બત્રીસ બદ્ધ નાટક કરે અતિભાવે સુરસનેહ
સેવા સારે જિનવર તણી જિમ કામિત હોવે તેહ...
સોભાગી જિનવર સેવીયે ૪
તવ પૂછે ગૌતમ વીરને કહો ભગવંત કરી સુપસાય
કુણ કરમે દર્દુર ભોગવે સુર ઋદ્ધિ ભલી સુખદાય...
સોભાગી જિનવર સેવીયે ૫
સહુ પરષદ સાંભળતાં થકાં ભાખે તવ વીર જિનેશ
સુણ ગોયમ ! ઈણ રાજગૃહે હું તો બહુલ ધનેશ...
સોભાગી જિનવર સેવીયે ૬

નંદ નામે મણીયાર એ મુજ સંગથી પામ્યો ધર્મ
જીવા જીવાદિક તત્વના સમઝવા લાગ્યો મર્મ...
સોભાગી જિનવર સેવીયે ૭

અન્યદા સંગ અસાધુનો કરતાં સેવાને વાત
સમકિતના પર્યવ હારીયો સબળો થયો મિથ્યાત...
સોભાગી જિનવર સેવીયે ૮

ઈણ શેઠે ગ્રીષ્મ ઋતુ સમે અઠમનો તપ કીધ
પોષામાંહિ તૃષા ઉપની તવ આરતસું મન દીધ...
સોભાગી જિનવર સેવીયે ૯

મુજ ઘર બેઠા જો ઉપની તૃષા એહવી અસરાલ
પંથીજનને કુણ આસરો જબ દુઃસહ ગ્રીષ્મકાલ...
સોભાગી જિનવર સેવીયે ૧૦

ચિંતે ધન્ય તે નરવરા ધન્ય તેહના માય-તાય
જીવિત સફલ પણ તેહનું જે કુવા-વાવ કરાય...
સોભાગી જિનવર સેવીયે ૧૧

સર ખોદાવી શુભગતે ગયા તેહના જસ આજ ગવાય
હવે હું પણ શ્રેણીકને કહી કરૂં વાવતણો ઉપાય...
સોભાગી જિનવર સેવીયે ૧૨

પોષહ પારી તતખિણ ગયો વિનવીયો શ્રેણીકરાય
વાવ ખણાવી સુંદરૂ બહુ ધન ખરચી શુભ ઠાય...
સોભાગી જિનવર સેવીયે ૧૩

ચિહું દિશિ વર વાડી શોભતી તે માંહિ શાળા ચાર
પૂરવ દિશિ રાંધણ ઘર કર્યું વળી નાટક ઘર સુખકાર...
સોભાગી જિનવર સેવીયે ૧૪

બહુ જન આવે તિણ થાનકે કેઈ આસ્વાદે ફળ ફુલ
કેઈજન જલક્રીડા કરે કેઈ રસવતી જીમે અમૂલ...
સોભાગી જિનવર સેવીયે ૧૫

બહુજનમન ઈમ સંતોષાયે બહુ લોક પ્રશંસે શેઠ

તેહ સુણી મન ચિંતવે ધન્ય હું સહુ માહરે હેઠ...
સોભાગી જિનવર સેવીયે ૧૬

## દુહા

શેઠ શરીરે અન્યદા સોલ રોગ ઉત્પન્ન
તિણ વાવે આરતે મરી દેડક હુઓ સુપ્રસન્ન... ૧
લોક મુખે કીરતી સુણી જાતી સમરણ સાર
ઉપનું જબ શુભ ભાવસું અણુવ્રત કરે ઉચ્ચાર... ૨
ગૌતમ ! હું તિહાં આવીયો સાંભળે દેડકરાય
ચાલ્યો રાજપંથે જઈ મુજને વંદન કાજ... ૩
શ્રેણીક પણ આવે તિહાં વંદન લેઈ પરિવાર
એક કિશોરે દેડકો ચાંપ્યો તે નિરધાર... ૪
લૂલો ક્ષીણ બલી થયો ચાલી ન શકે જામ
એકણ દિશે જઈ થયો વીરજિન સન્મુખ તામ... ૫

## ઢાળ ૨

તવ તે દેડકરાય કરજોડી ચિત્ત લાય
જિનજીને થુણે એ કે નમુત્થુણં ભણે એ... ૧
અતિશયવંત મહંત તુંહીજ શ્રી અરિહંત
કરૂણા સાગરૂએ કે મહિમા આગરૂએ... ૨
પુરૂષોત્તમ ભગવંત તું પરમાતમ સંત
ભવિહિતકારકા એ કે ભવજલ તારકા એ... ૩
એટલા દિન જિનરાય ના'વ્યો હું તુજ પાય
ભવસાયર રૂલ્યોએ કે દુઃખ પણ નવિટળ્યો એ... ૪
હવે તું મિલીયો નાહ તો મુજ શી પરવાહ
કરમગણ ભીતીયો એ કે હવે હું જીતીયો એ... ૫

## ઢાળ ૩

ઈણીપરે જિનની સ્તવના કરતો કાલ કરી શુભ ભાવે રે
ચાર પલ્યોપમ આયુ પ્રમાણે સૌધર્મે સુર થાવે રે... ૧
મિથ્યા સંગતિ દૂર નિવારો સમકિત દઢ કરી ધારો રે

સમકિતવિણ ભવજલમાં પડતાં કોઈ ન રાખણહારો રે... ૨
ક્ષેત્રવિદેહે સંયમ લેશે હોસ્યે પંચમનાણી રે
બહુનરનારી પાર ઉતારી પરણશે શિવરાણી રે... ૩
એ દર્દુરની ઉત્પત્તિ ગોયમ ! વીરવદે ઈમ વાણી રે
ઈણ કારણ મિથ્યાત્વ નિવારો જિન આણા મન આણી રે... ૪
સંવત સત્તર (ઓગણીસ) છાસઠ વરસે રહી રાજનગર ચોમાસે રે
ભાદરવા સુદિ દશમને દિવસે ગુરૂવારે ઉલ્લાસે રે... ૫
શાહ ધરમસી તસ સુત માણેક શ્રાવક સમકિત ધારી રે
શુદ્ધ પરંપરા ધર્મધુરંધર જિનઆણા જસ પ્યારી રે... ૬
એહ પ્રબંધ મેં તાસ કથનથી છઠા અંગથી લીધો રે
તેરમે અધ્યયને છે પ્રસિદ્ધો તસ સજઝાય એ કીધો રે... ૭
વિમલ વિજય ઉવજ્ઝાય પસાયા શુભ વિજય બુધ રાયા રે
રામ વિજય તસ ચરણ પસાયા એ ઉપદેશ સુણાયા રે... ૮
જે નરનારી ભાવે ભણશે તેહના કારજ સરશે રે
દુઃખ દોહગ દૂરે નિવારી અનુક્રમે શિવસુખ વરશે રે... ૯

## ૮૪. નંદાસતીની સજઝાય

બેનાતટ નયરે વસે વ્યવહારી વડ મામ રે
શેઠ ધનાવહ નંદિની નંદાગુણ મણિ ધામ રે... સમકિત૦૧
સમકિત શીલ ભૂષણધરો જિમ લહો અવિચલ લીલ રે
સહજ મળે શિવસુંદરી કરીય કટાક્ષ કલ્લોલ રે... સમકિત૦ ૨
પ્રસેનજીત નરપતિ તણો નંદન શ્રેણીક નામ રે
કુમરપણે તિહાં આવીયો તે પરણી ભલે મામ રે... સમકિત૦ ૩
પંચ વિષય સુખ ભોગવે શ્રેણીકશું તે નાર રે
અંગજ તાસ સોહામણો નામેં અભય કુમાર રે... સમકિત૦ ૪
અનુક્રમે શ્રેણીક નૃપથયા રાજગૃહી પુરી કેરા રે
અભયકુમાર આવી મલ્યા તે સંબંધ ઘણેરા રે... સમકિત૦ ૫
ચઉવિહ બુદ્ધિ તણા ધણી રાજય ધુરંધર જાણી રે
પણ તેણે રાજ્ય ન સંગ્રહ્યું નિસુણી વીરની વાણી રે... સમકિત૦ ૬
બુદ્ધિ બળે આજ્ઞા ગ્રહી ચેલણાને અવદાત રે

કહે શ્રેણીક જા ઈહાં થકી એહની છે ઘણી વાત રે... સમકિત૦ ૭
નંદા માતા સાથસું લીધો સંયમ ભાર રે
વિજય વિમાને ઉપન્યા કરશે-એક અવતાર રે... સમકિત૦ ૮
શ્રેણીક કોણિકને થયા વેરતણા અનુબંધ રે
તે સવિ અભય સંયમ પછી જાણો કર્મ સંબંધ રે... સમકિત૦ ૯
જ્ઞાનવિમલ પ્રભુ વીરજી આણ ધરે જે સીસ રે
તે નિત નિત લીલા લહે જાગતી જાસ જગીસ રે... સમકિત ૧૦

## [X] ૮૫. નંદિષેણમુનિની સજ્ઝાયો (૧)

સાધુજી ન જઈએ રે પરઘર એકલાં રે, નારીનો કવણ વિશ્વાસ;
નંદિષેણ ગણિકા વચને રહ્યા રે, બાર વરસ ઘરવાસ. સા૦ ૧
સુકુલિની વર કામિની પાંચશેરે, સમરથ શ્રેણિક તાત;
પ્રતિબુઝયો વચને જિનરાજને રે, વ્રતની કાઢી રે વાત. સા૦ ૨
ભોગ કરમ પોતે વિણ ભોગવે રે, ન હોવે છુટક બાર;
વાત કરે છે શાસનદેવતા રે, તોય લીધો સંજમ ભાર. સા૦ ૩
કંચન કોમલ કાયા શોષવી રે, વિરસ નિરસ આહાર;
સંવેગી મુનિવર શિર સેહરો રે, બહુ બુદ્ધિ અક્કલ ભંડાર. સા૦ ૪
વેશ્યા ઘર પહોંચ્યો અણજાણતો રે, ધર્મ લાભ દીયે જામ;
ધર્મલાભનું કામ ઈહાં નહિ રે, અર્થ લાભનું કામ. સા૦ ૫
બોલ ખમી ન શક્યા ગરવે ચડ્યા રે, ખેંચ્યું તરણું રે નેવ;
દીઠું ઘર સારુ અરથે ભર્યું રે, જાણે પ્રત્યક્ષ દેવ. સા૦ ૬
હાવ ભાવ વિભ્રમ વસે આદરી રે, વેશ્યા શું ઘરવાસ;
પણ દિન પ્રતિ દશ દશ બુઝવી રે, મૂકે પ્રભુજીની પાસ. સા૦ ૭
એક દિવસ નવ તો આવી મલ્યા રે, દસમો ન બુઝે કોય;
આસંગાયત હાસ્ય મિષે કહે રે, પોતે દશમા રે હોય. સા૦ ૮
નંદિષેણ ફરી સંયમ લીયે રે, વિષય થકી મન વાળ;
ચૂકીને પણ જેપાછા વળે રે, તે વિરલા ઈણે કાળ. સા૦ ૯
વ્રત અકલંક જો રાખવા ખપ કરો રે, તો ઈણ જુઠે સંસાર;
કવિ જિનહર્ષ કહે તું એકલો રે, પરઘર ગમન નિવાર. સા૦ ૧૦

## ૮૬. નંદિષેણમુનિની સજઝાય (૨) (ઢાળ-૩)

### ઢાળ ૧

રાજગૃહી નગરીનો વાસી શ્રેણીકનો સુત સુવિલાસી, હો મુનિવર વૈરાગી
નંદિષેણ દેશના સુણી ભીનો ના-ના કહેતાં વ્રત લીનો... હો મુનિવર વૈરાગી ૧
ચારિત્ર નિત્ય ચોક્ખું પાળે સંયમ રમણીશું મ્હાલે, હો મુનિવર વૈરાગી
એક દિન જિનપાયે લાગી ગોચરીની અનુમતિ માગી... હો મુનિવર વૈરાગી ૨
પાંગરિયો મુનિ વહોરવા ક્ષુધાવેદની કર્મ હરવા, હો મુનિવર વૈરાગી
ઉંચ-નીચ-મધ્યમ કુલ મોટા અટતો સંયમરસ લોટા... હો મુનિવર વૈરાગી ૩
એક ઉંચુ ધવલ ઘર દેખી મુનિવર પેઠો શુદ્ધ ગવેખી, હો મુનિવર વૈરાગી
તિહાં જઈ દીધો ધર્મલાભ વેશ્યા કહે ઈહાં અર્થલાભ... હો મુનિવર વૈરાગી ૪
મુનિ મન અભિમાનજ આણી ખંડ કરી નાખ્યું તૃણ તાણી, હો મુનિવર વૈરાગી
સોવન વૃષ્ટિ હુઈ બાર કોડી વેશ્યા વનિતા કહે કરજોડી...
હો મુનિવર વૈરાગી ૫

### ઢાળ ૨

થેં તો ઉભા રહીને અરજ અમારી સાંભળો સાધુજી
થેં તો મોટા કુળના જાણી મૂકીધો આમળો સાધુજી
થેં તો લેઈ જાઓ સોવન કોડી ગાડા ઉટે ભરી સાધુજી
નહિં આવે અમારે કામ ગ્રહો પાછા ફરી... સાધુજી ૧
થારા ઉજવલ વસ્ત્ર દેખી મોહે મન માહરૂં સાધુજી
થારો સુરપતિથી પણ રૂપ અધિક છે વાહરૂ સાધુજી
થારા મૃગ સમ સુંદર નેત્ર દેખી હર્ષ લાગણો સાધુજી
થારો નવલો જોબન વેશ વિરહદુઃખ ભાંજણો... સાધુજી ૨
એ તો યંત્ર જડિત કબાટ કુંચી મેં કર ગ્રહી સાધુજી
મુનિ વળવા લાગ્યો જામ કે આડી-ઉભી રહી સાધુજી
મેં તો ઓછી સ્ત્રીની જાતિ મતિ કહી પાછળે સાધુજી
થેં તો સુગુણ ચતુર સુજાણ વિચારો આગળે... સાધુજી ૩
થેં તો ભોગ પુરંદર હું પણ સુંદરી સારી સાધુજી
થેં તો પહેરો નવલા વેશ ઘરેણાં જરતારી સાધુજી

મણિ મુકતા ફલ મુગટ બિરાજે હેમના સાધુજી
અમે સજીએ સોલ શણગાર કે પિયુરસ અંગના... સાધુજી ૪
જે હોયે ચતુર સુજાણ તે કદિય ન ચૂકશે સાધુજી
એહવો અવસર સાહિબ કદીય ન આવશે સાધુજી
એમ ચિંતે ચિત્ત મઝાર કે નંદિષેણ વાહલો સાધુજી
રહેવા ગણિકાને ધામ કે થઈને નાહલો... સાધુજી ૫

ઢાળ ૩ :

ભોગ કરમ ઉદય તસ આવ્યો શાસન દેવીએ સંભળાવ્યો, હોમુનિવર વૈરાગી
રહ્યા બાર વરસ તસ આવાસે વેશ મેલ્યો એકણ પાસે, હોમુનિવર વૈરાગી ૧

દશનર દિનપ્રતે પ્રતિબૂઝે દિન એક મૂરખ નવિ બૂઝે, હોમુનિવર વૈરાગી
બૂઝવતાં હુઈ બહુ વેળા ભોજનની થઈ અવેળા, હોમુનિવર વૈરાગી ૨

કહે વેશ્યા ઉઠાને સ્વામી એ દશમો ન બૂઝે કામી, હોમુનિવર વૈરાગી
વેશ્યા વનિતા કહે ધસમસતી આજ દશમા તુમે હી જ હસતી, હોમુનિવર વૈરાગી ૩

એહ વયણ સુણીને ચાલ્યો ફરી સંયમશું મન વાળ્યો, હોમુનિવર વૈરાગી
ફરી સંયમ લીધો ઉલ્લાસે વેશ લેઈ ગયો જિનજીની પાસે, હોમુનિવર વૈરાગી ૪

તપ-જપ-સંયમ કિરિયા સાધી ઘણા જીવને હી પ્રતિબોધી, હોમુનિવર વૈરાગી
ચારિત્ર્ય નિત્ય ચોક્ખું પાળી દેવલોકે ગયો દેઈ તાળી, હોમુનિવર વૈરાગી ૫

જયવિજય ગુરૂનો શિષ્ય તસ હર્ષ નમે નિશદીશ, હોમુનિવર વૈરાગી
શ્રી મેરૂવિજય ઈમ બોલે એહવા ગુરૂને કુણ તોલે, હોમુનિવર વૈરાગી ૬

## ૮૭. નાગકેતુની સજઝાય

શ્રી જિનવર ચરણેનમી રે સદ્ગુરુ ચરણ પસાય સલુણા
અઠમનો મહિમા કહું રે સાચો શિવપુર દાય... સલુણા ૧
ભાવ ધરી આરાધીયે રે અઠમ તપ સુખકાર સલુણા
નાગકેતુ અઠમ કરી રે જગમાં જય જયકાર... સલુણા ૨
ચંદ્રકાંતા નગરી ભલી રે વિજયસેન નરનાથ સલુણા
શ્રીકાંત વ્યવહારીયો રે શ્રી સખીને શીરનાદ... સલુણા ૩

દાય ઉપાય બહુ કરી રે શ્રી સખી પામી પુત્ર સલુણા
તે દંપતી આણંદીયા રે અબ રહેશે ઘર સુત... સલુણા ૪
પર્વ પજુસણ આવીયા રે અઠમની કરે વાત સલુણા
બાલુડો તે સાંભળી રે જાતિ સમરણ થાત... સલુણા ૫
અઠમતપ ભાવે આદરી રે બાલ તજ્યો સ્તનપાન સલુણા
લઘુ વયના સંયોગથી રે તનુદ્યુતિ હોત મ્લાન... સલુણા ૬
માતા-પિતા તે દેખીને રે મનમાં ખેદ ન માય સલુણા
મંત્ર તંત્ર મણિ ઔષધી રે કીધાં ક્રોડ ઉપાય... સલુણા ૭
મૂર્છિત થઈ ધરણી ઢળ્યો રે મૃત જાણી તે બાલ સલુણા
લેઈ ચાલ્યો તે ભૂમિકા રે પિતા પહોંચ્યો કાલ... સલુણા ૮
તપશકતેં ધરણી પતિ રે આસન કંપ્યું તામ સલુણા
અવધિજ્ઞાનેં દેખીને રે આવી તિહાં શિર નામ... સલુણા ૯
અમૃતપાને સીંચીને રે રાજપુરૂષ દૂર કરંત સલુણા
ધન હરતાં તે વારિયા રે શચી ભાખે વિરતંત... સલુણા ૧૦
ઓચ્છવશું ઘરે મૂકીયા રે ઈંદ્ર ગયા નિજ ધામ સલુણા
લોક સવિ હરખે કરી રે નાગકેતુ ધર્યા નામ... સલુણા ૧૧
છઠ અઠમ તપસ્યા કરે રે ધારે શીલ મહંત સલુણા
ચૈત્ય સંઘ નૃપ લોકને રે વ્યંતરથી વારંત... સલુણા ૧૨
એક દિન જિનવર પૂજતાં રે અંગે ડસ્યો ભૂજંગ સલુણા
ભાવના રસપૂર રંગમાં રે ધ્યાન શુકલ ધરે અંગ... સલુણા ૧૩
શ્રેણી ક્ષપક કેવલ લહ્યો રે મહીતલ કરે રે વિહાર સલુણા
શૈલેષી કરણે કરી રે કરે શિવરમણીશું પ્યાર... સલુણા ૧૪
ઓગણીસે ઓગણત્રીસમાં રે શ્રાવણમાસ સુદ બીજ સલુણા
વિનયવિજય પદ સેવતાં રે ભરપૂર દીયો ઉપદેશ... સલુણા ૧૫

## ૮૮. નાગદત્ત શેઠની સજઝાય

નગરી ઉજ્જયિની રે નાગદત્ત શેઠ વસે યશોમતી નામે નાર રે
પુત્ર છે નાનો રે તેહને વાલહો નાણું વિવિધ પ્રકારો રે
મમ કર મમતા રે સમતા આદરો-૧

તેહ શેઠને મહેલ ચણાવતાં બાર વરસ વહી જાય રે
ચિતારા વળી તેણે તેડાવ્યાં ભલામણ દીયે ચિત્ત લાય રે...મમ૦ ૨
વાદળીયા રંગના પૂરજો વળી કોઈ દિન તે નવિ જાય રે
તિહાંકને ચઉનાણીમુનિ નિકળ્યાં હસવું કરે તેણે ઠાય રે... મમ૦ ૩
શેઠ જોઈને મનમાં ચિંતવે મુનિ આચાર ન ગણાય રે
હું ભલામણ કરૂં મુજ મહેલની તેમાં મુનિને હસવું કેમ થાય રે... મમ૦ ૪
નવરો થાઉં તો જાઉં ગુરૂ પૂછવા એમ ચિંતવી જમવા આવે રે
પુત્ર જે નાનો તેને હુલરાવતો કરે માત્રું બાળસ્વભાવે રે... મમ૦ ૫
છાંટા પડીયા તેહ માત્રા તણાં તેહની થાળી મોઝારો રે
તે નવિ ગણકારી ખાવા મંડીયા ધૂત પેરે તેણીવારો રે... મમ૦ ૬
મુનિપણ ફરતાં ફરતાં ગોચરી આવ્યા તેહને ઘેર રે
વળી પણ મુનિને હસવું આવીયું તે જોઈ ચિંતવે તેહ રે... મમ૦ ૭
સંશય પડીયો નાગદત્ત શેઠને જમી દુકાને આવે રે
બોકડો લેઈ કસાઈ નિકળ્યો દુકાને તે ચડી જાવે રે... મમ૦ ૮
કહે કસાઈ શેઠ આપો મુજને નહિંતર ઘો તસ નાણું રે
નાગદત્ત ચિંતવે એ નાણાતણું દીસે નહિ ઠેકાણું રે... મમ૦ ૯
એમ ચિંતવી વસ્ત્ર આડું કરે તે બોકડો ઉતરી જાવે રે
ઉતરતાં તેને આંસુ પડે છે ત્યાં વળી અણગાર આવે રે... મમ૦ ૧૦
આંસુ દેખી મુનિનું મ્હોં મલકીયું ચિંતે શેઠ તે આમ રે
એ મુનિ ત્રણ વેળા હસવું કરે શું કામ ? એણે ઠામ રે... મમ૦ ૧૧
એમ તિહાં શેઠ મનમાં ચિંતવી ખાઈશ પછી મુખવાસ રે
ઉઠી તિહાંથી પૌષધ શાળામાં જઈ બેઠો મુનિપાસ રે... મમ૦ ૧૨
મુનિને પૂછે તુમે હાસ્ય કર્યું ત્રણવાર સ્યે કાજ રે
તેહનું કારણ આવ્યો પૂછવા કહો મહેર કરી મહારાજ રે... મમ૦ ૧૩
પહેલાં ચિતારાને ભલામણ કરતો'તો ત્યાં કરી તુમે હાંસી રે
ઘરનું કામ કોણ કરતાં નથી ? એમ જાણી થયો નિરાશી રે... મમ૦ ૧૪
તેહનું કારણ મુજને કીજીએ જેથી મન રાજી થાય રે
મુનિ કહે-તુજ પૂછ્યાનો કામ નહિં સુણ દેવાનુપ્રિય ભાઈ રે... મમ૦ ૧૫
તોપણ શેઠે હઠ લીધો આકરો મુનિ બોલ્યા તેણી વાર રે

સાત દિવસનું છે તુજ આઉખું સાંઝે કરીશ તું કાળ રે... મમ૦ ૧૬
મહેલની ભલામણ તો જગમાં દીયો કાંઈ તારૂં ભાતું ન થાવે રે
તેહ થકી મને હસવું આવ્યું એ કારણ પરભાવે રે... મમ૦ ૧૭
શેઠે પૂછયું વળી મુનિવર ભણી સ્યે રોગે મુજ કાળ રે
મુનિ કહે શુળ થાશે કપાળમાં આકરો રોગ પ્રકાર રે... મમ૦ ૧૮
જીવ આવ્યો તિમ જાશે એકલો પરભવ નહિં સથવારો રે
પુત્ર માતા પરિગ્રહ અસાર છે કલત્રાદિક પરિવારો રે... મમ૦ ૧૯
વનમાં એક વટવૃક્ષ મોટો હતો બહોળી શાખા જેહની રે
પશુ-પંખી ત્યાં આશરો લેતા શીતલ છાયા તેહની રે... મમ૦ ૨૦
દવતિહાં લાગ્યો માંડ્યા ઉડવા રહે એકીલો તરૂ સાર રે
તેમ પરભવ જાતાં જીવ એકલો પાપ છે દુઃખ દેનાર રે... મમ૦ ૨૧
જેમ કોઈ શહેરે રાજકુંવર હતો એકલો ગયો પરદેશે રે
ભાતું ન લીધું ઘણો મુંઝાણો તિમ પરભવ દુઃખ સહેશે રે... મમ૦ ૨૨
જેમ કોઈ મે'માન ઘેર આવીયો તેને જાતાં શી વાર રે
એમ ઉઠી ઓચિંતુ ચાલવું જુએ ન નક્ષત્ર તીથી વાર રે... મમ૦ ૨૩
ઘરના કામ તો સર્વ અધુરાં રહ્યા કોઈથી દુઃખ ન વહેંચાય રે
તું ભલામણ દેતો હતો મહેલની પણ પરભવમાં શું થાય રે... મમ૦ ૨૪
વાલેસર વિના એક જ ઘડી નવિ સોહાતું લગાર રે
તે વિના જન્મારો વહી ગયો નહિં કાગળ સમાચાર રે... મમ૦ ૨૫
તેણે કારણ શેઠજી ડરો પાપથી અંતરમાં વિચારો રે
સૂધી ધર્મકરણી સમાચરો તો તરશો એ સંસારો રે... મમ૦ ૨૬
વળી પણ શેઠે પ્રશ્ન જ પૂછીયો હું મુજ પુત્ર રમાડું રે
ત્યારે પણ તુમે હસવું કરીયું મુજ મન તેથી અકળાયું રે... મમ૦ ૨૭
મુનિ કહે તે તુજસ્ત્રીનો જાર છે તેં તારા હાથે માર્યો રે
તે વેર લેવા તુજ કુળ આવીયો હવે સાંભળ તેનો વિચારો રે... મમ૦ ૨૮
ઝેર દઈ તુજ નારીને મારશે વરતશે ભુંડો આચાર રે
નાણું ખોશે વ્યસની અતિઘણો મૂરખ બહુ અવિચાર રે... મમ૦ ૨૯
મોટો થાશે તે મહેલ જ વેચશે નહિં રહેવા દે કાંઈ રે
પેશાબ તું પીતો હતો તેહનો તેણે મુજ હસવું થાય રે... મમ૦ ૩૦

વળી શેઠે ત્રીજો પ્રશ્ન જ પૂછીયો જે બોકડાનો વૃત્તાંત રે
શા કારણે ત્યાં હસવું કરીયું તે ભાખો ભગવંત રે... મમ૦ ૩૧
મુનિ કહે કૂડ કપટ પ્રભાવથી વળી કૂડા તોલાને માપ રે
તેણે કર્મે જીવ તિર્યંચ થાયે જૂઠ માયાને પ્રતાપ રે... મમ૦ ૩૨
એક દિન શેઠ બેઠો'તો દુકાનમાં ત્યાં આવ્યો ચંડાળ રે
રૂઈ લેવાને નાણો આપીયો કેળવે કપટ અપાર રે... મમ૦ ૩૩
કપટ કેળવી રૂત ઓછો કીધો ખાઈ ગયો દોય સારો રે
ઘરે જઈ તેણે રૂત જ તોલીયો થયો કદાગ્રહ અપારો રે... મમ૦ ૩૪
કલેશ થયો પણ પાછો નવિ દીયો દેણું રહી ગયું તામ રે
મરીને તુજ બાપ જ થયો બોકડો મારવા લઈ જાય ઠામ રે... મમ૦ ૩૫
તે લઈ જતાં દુકાને જ આવીયો તુજ બાપ જ તેણી વાર રે
જાતિસમરણ દેખી ઉપજ્યું પેઠો દુકાન મઝાર રે... મમ૦ ૩૬
લોભના વશથી તું ન લઈ શક્યો મેષ ઉતરતાં તે વાર રે
આંસુ ચોધારાં તેને પડીયા આવ્યો ક્રોધ અપારો રે... મમ૦ ૩૭
તવ શેઠ જ પાધરો ઉઠીયો જ્યાં ચંડાળ ત્યાં આય રે
કહે મુજને તું દેને બોકડો તે કહે રહ્યો આ રંધાય રે... મમ૦ ૩૮
દેવા માંડ્યો ત્યારે નવિ લીધો તેને મેં મારી નાખ્યો રે
ભાંગે પગલે તે પાછો વળીયો પૂછે મુનિને તે દાખો રે... મમ૦ ૩૯
મુજ તાત પ્રભુ કઈ ગતિ સંચર્યો તવ મુનિવર કહે તામ રે
રૌદ્ર ધ્યાન તુજ ઉપરે આવીયો તેણે પહેલી નરકે ઠામ રે... મમ૦ ૪૦
નરકે ગયો તે બહુ દુઃખ અનુભવે કપટ તણે પરભાવે રે
એમ સુણી નાગદત્ત ધ્રુજીયો મનમાંહે પસ્તાય રે... મમ૦ ૪૧
તવ તે મુનિને કહે શેઠીયો સાત દિવસ મુજ આય રે
હવે હું ધર્મ શી રીતે કરૂં મુનિ કહે મત પસ્તાય રે... મમ૦ ૪૨
એક દિવસનું ચારિત્ર સુખ દીયે લહે સુરસંપદ સાર રે
જેવા ભાવ તેવા ફળ નીપજે મત કર ચિંતા લગાર રે... મમ૦ ૪૩
એમ સુણીને નાગદત્ત શેઠજી લેવે ચારિત્ર સાર રે
એહ પરિગ્રહ સઘળો અસાર છે તજતાં ન કરી વાર રે... મમ૦ ૪૪
ચાર દિવસ એણે ચારિત્ર પાળીયું ત્રણ દિન કર્યો સંથારો રે

સાતમે દિવસે કપાળમાં શૂળ થયું કરે આરાધના સારો રે... મમ૦ ૪૫
શરણાં સ્વીકારી પુરૂં કરી આઉખું રહી શુભ ધ્યાન મોઝાર રે
સુધર્મા દેવલોકે તેહ ઉપન્યો સુખ વિલસે શ્રીકાર રે... મમ૦ ૪૬
એમ જાણીને ધર્મજ આદરો તો સુખ પામો અપાર રે
જ્ઞાનવિમલસૂરિ ઈમ કહે ધર્મે જય જયકાર રે... મમ૦ ૪૭

## ૮૯. નાગિલાની સજ્ઝાય

ભવદેવભાઈ ઘેર આવીયા રે, પ્રતિબોધવા મુનિરાજ રે,
હાથમાં તે દીધું ઘૃતનું પાતરૂં રે, ભાઈ ! મને આઘેરો વોળાવ રે;
નવિ રે પરણ્યા તે ગોરી નાગિલા રે, ખટકે મારા હૈડા માંહિ રે. નવિ રે૦ ૧

એમ કરી ગુરુજી પાસે આવીયા રે, ગુરુજી પૂછે દીક્ષાનો કાંઈ ભાવ રે;
લાજે નકારો નવિ કર્યો રે, દીક્ષા લીધી ભાઈતણા ભાવ રે. નવિ રે૦ ૨

બાર વરસ સંયમમાં રહ્યા રે, હૈડે ધરતાં નાગિલાનું ધ્યાન રે;
હા-હા ! મૂરખ મેં શું કર્યું રે, નાગિલા તજી જીવન પ્રાણ રે. નવિ રે૦ ૩

શશીવયણી મૃગલોચની રે, વલવલતી મૂકી ઘરની નાર રે;
સોળ વરસની સુંદરી રે, સુંદર તનું સુકુમાલ રે. નવિ રે૦ ૪

માત-પિતા તેહને નથી રે, એકલડી અબળા બાળ રે;
મુજ ઉપર અનુરાગિણી રે, હવે લઉં એહની સંભાળ રે. નવિ રે૦ ૫

અમર લોક તજી કરી રે, નરક ગ્રહે કોણ હાથ રે;
પામ્યા સુખને તજી કરી રે, પડીયો દુઃખજંજાળ રે. નવિ રે૦ ૬

ભવદેવ ભાંગે ચિત્તે આવીયા રે, અણ ઓળખી પૂછે ઘરની નાર રે;
કોઈએ દીઠી તે ગોરી નાગિલારે, અમે આવ્યા છીએ વ્રત છોડણહાર રે. ૭

નારી ભણે સુણો સાધુજી રે, વમ્યો ન લીએ કોઈ આહાર રે;
હસ્તિ છંડીને ખર કોણ ગ્રહે રે, તમે છો જ્ઞાનના ભંડાર રે. નવિ રે૦ ૮

ઉદક વમ્યા લેવે આહારને રે, તે નવિ માનવનો આચાર રે;
તમે જે ઘર અને તરૂણી તજી રે, હવે તેહની શી સંભાળ રે. નવિ રે૦ ૯

ધન્ય સુબાહુ શાલિભદ્રજી રે, ધન્ય ધન્ય મેઘકુમાર રે;
નારી ત્યજીને સંયમ લીયો રે, ધન્ય ધન્ય ધન્નો અણગાર રે. નવિ રે૦ ૧૦

દેવકીસુત સુલસાતણા રે, નેમ તણી સુણી વાણી રે;
બત્રીસ - બત્રીસ પ્રિયાતણાં રે, પરિહર્યા ભોગ વિલાસ રે. નવિ રે૦ ૧૧

નારી નરકની ખાણ છે રે, નરકની દીવી છે નાર રે;
તમે તો મહામુનિરાજ છો રે, જેમ પામો ભવજલ પાર રે. નવિ રે૦ ૧૨

અંકુશે ગજ વશ આણીયો રે, રાજીમતીયે રહનેમ રે;
તેમ વચને અંકુશે આણીયો રે, નાગિલાએ ભવદેવ તેમ રે. નવિ રે૦ ૧૩

નાગિલાએ નાથ સમજાવીયો રે, ફરી લીધો સંયમ ભાર રે;
ભવદેવ દેવલોકે ગયા રે, હુઆ હુઆ શીવકુમાર રે. નવિ રે૦ ૧૪

ત્રીજે ભવે જંબુસ્વામીજી રે, પરણ્યા પદ્મિણી આઠ રે;
ક્રોડ નવાણું કંચન લાવીયા રે, તેહ છે સિદ્ધાંતનો પાઠ રે. નવિ રે૦ ૧૫

પ્રભવાદિક ચોર પાંચશે રે, પદ્મિણી આઠે નાર રે,
કર્મ ખપાવી મુકતે ગયા રે, સંઘવિજય સુખકાર રે. નવિ રે૦ ૧૬

## [X] ૯૦. નેમનાથરાજીમતીના ૯ ભવની સજ્ઝાય

રાણી રાજુલ કરજોડી કહે એ તો જાદવકુલ શણગાર રે, વાલામારા
ભવ રે આઠનો નેહલો પ્રભુ મત મેલો વિસારી રે... વાલામારા ૧
વારી હું જિનવર નેમજી એક વિનતડી અવધાર રે, વાલામારા
સુરતરૂ સરીખો સાહિબો હું તો નિત્ય નિત્ય ધરૂં દેદાર રે... વાલામારા ૨
પ્રથમ ભવે ધનવંતીનો તું ધન નામે ભરથાર રે, વાલામારા
નિશાળે જાતાં મુજને છાનો મેલ્યો મોતી કેરો હાર રે... વાલામારા ૩
દીક્ષા લેઈ હરખે કરી તિહાં દેવતણો અવતાર રે, વાલામારા
ક્ષણ વિરહો ખમતા નથી તિહાં પણ ધરતા પ્યાર રે... વાલામારા ૪
ત્રીજે ભવે વિદ્યાધરૂ તિહાં ચિત્રગતિ રાજકુમાર રે, વાલામારા
ભૂપની પદવી ભોગવી હું રત્નવતી તુજ નાર રે... વાલામારા ૫
મહાવ્રત પાળી સાધુનાં તિહાં ચોથે ભવે સુર દાર રે, વાલામારા
આરણ દેવલોકે બેઉ જણાં સુખ વિલસ્યાં શ્રીકાર રે... વાલામારા ૬
પાંચમો ભવ અતિ શોભતો તિહાં નૃપ અપરાજીત સાર રે, વાલામારા
પ્રીતમવતી હું તાહરી થઈ પ્રભુ હૈયાનો હાર રે... વાલામારા ૭
ગ્રહી દીક્ષા હરખે કરી તિહાં છઠે ભવે સુરદાર રે, વાલામારા

માહેંદ્ર દેવલોકે બેહુ તિહાં સુખ વિલસ્યાં વારો વાર રે... વાલામારા ૮
શંખ રાજાભવ સાતમો તિહાં યશોમતી પ્રાણ આધાર રે, વાલામારા
વીસ સ્થાનક તિહાં ફરસતાં જિનવર પદ બાંધ્યું સાર રે... વાલામારા ૯
આઠમે ભવે અપરાજીતે તિહાં વરસ ગયા સહસ બત્રીસ રે, વાલામારા
આહારની ઈચ્છા ઉપની એ તો પુરવ પુણ્ય પસાય રે... વાલામારા ૧૦
હરિવંશ કુળમાં હું ઉપની મારી શિવાદેવી સાસુ મલ્હાર રે, વાલામારા
નવમે ભવે કેમ પરિહરો પ્રભુ રાખો લોકવ્યવહાર રે... વાલામાલા ૧૧
એહ સંબંધ સુણી પાછલો તિહાં નેમજી ભણે બ્રહ્મચારી રે, વાલામારા
હું તમને તેડવા કારણે આવ્યો સસરાજીને વાસ રે... વાલામારા ૧૨
અવિચલ કીધો એણે સાહિબો રૂડો નેહલો મુક્તિ મોઝાર રે, વાલામારા
માની વચન રાજીમતી ચાલી પિઉડાની લાર રે... વાલામારા ૧૩
ધન્ય ધન્ય જિન બાવીસમો જેણે તારી પોતાની નાર રે, વાલામારા
ધન્ય ધન્ય ઉગ્રસેન નંદિની જે સતીયોમાં શિરદાર રે... વાલામારા ૧૪
સંવત સત્તર એકાણુએ તિહાં શુભવેલા શુભવાર રે, વાલામારા
મુનિ સુંદરે રાજુલના તિહાં ગુણ ગાયા શ્રીકાર રે... વાલામારા ૧૫

## ૯૧. પાંચ પાંડવની સજ્ઝાય

હસ્તિનાપુર વર ભલું જિહાં પાંડુ રાજા સાર
તસ ઘરણી કુંતા સતી વળી મદ્રી બીજી નાર... ૧
પાંડવ પાંચે વાંદતા, મન મોહે રે ત્રિજગમાંહે દીપતા, અતિસોહે રે
ત્રણ પાંડવ જાયા કુંતીના મન મોહે રે મદ્રીના પાંડવ દોય રે... અતિ૦ ૨
પાંચ પાંડવ કુંતા તણા મન મોહે રે તેમાં જગવિખ્યાત દોય રે અતિ૦
પાંચ સહોદર સારિખા મન મોહે રે નલ-કુબેર સરિખા હોય રે... અતિ૦ ૩
એક દિન સ્થવિર પધારીયા મન મોહે રે પાંચ પાંડવ વાંદવા જાય રે અતિ૦
દેશના સુણી મન ગહગહ્યો મન મોહે રે ભાઈ ! સમય જાય છે આય રે...
મનમોહન૦ ૪
જિનવર ચકી જે હુઆ મનમોહનમેરે સ્થિર ન રહ્યા દેવ ભૂપ રે મનમોહન મેરે
તન-ધનજોબન કારમા મનમોહન૦ સંસારનું વિષમ સ્વરૂપ રે... અતિ૦ ૫
સંસાર માંહી પલેવડું મનમોહનમેરે લાગ્યું તે કિમહી ઓલાય રે મનમોહનમેરે
જિનની વાણી સીંચતાં મનમોહનમેરે આપણા ભવભવના પાતક જાય રે...

મનમોહનમેરે ૬

પાંડવ પાંચે વિચારીયું મનમોહનમેરે આપણ લેશું સંયમ ભાર રે મનમોહનમેરે
પુત્રને રાજ્ય સોંપી કરી મનમોહનમેરે દ્રૌપદીસ્યું કરે વિચાર રે...
મનમોહનમેરે૭

દ્રૌપદી વળતું ઈમ કહે મનમોહનમેરે હું તો મેલું સંસારનો પાસ રે મનમોહનમેરે
કંત વિના શી કામિની મનમોહનમેરે મુજ ભલો નહિં ઘરવાસ રે...
મનમોહનમેરે ૮

પાંચે આવી ગુરૂને કહે મનમોહનમેરે અમે લેશું સંયમ ભાર રે મનમોહનમેરે
માનવ ભવ અતિ દોહિલો મનમોહનમેરે અમે પાળશું નિરતિચાર રે...
મનમોહનમેરે ૯

ગુરૂ કહે-પાંડવ સુણો મનમોહનમેરે તમે રાજપુત્ર સુકુમાલ રે મનમોહનમેરે
ચારિત્ર પંથ અતિ આકરો મનમોહનમેરે તમે કેમ સહેશો ભૂપાલ રે...
મનમોહનમેરે ૧૦

ઘર ઘર ભિક્ષા માગવી મનમોહનમેરે સરસ નીરસ આહાર રે મનમોહનમેરે
પાય અડવાણે ચાલવું મનમોહનમેરે વ્રત પાળવું ખાંડાની ધાર રે...
મનમોહનમેરે ૧૧

તપ તપે અતિ આકરા મનમોહનમેરે માસખમણ મન રંગ રે મનમોહનમેરે
'જિહાં લગે નેમ ન વાંદીયે' મનમોહનમેરે અભિગ્રહ કર્યો મન ચંગ રે...
મનમોહનમેરે ૧૨

હસ્તિશીર્ષપુર (હથુંડી) પધારીયા મનમોહનમેરે પારણાનો દિવસ તે જાણ રે મનમોહનમેરે
નગરમાં ફરતા ગોચરી મનમોહનમેરે સુણ્યું નેમિતણું નિર્વાણ રે...
મનમોહનમેરે ૧૩

આહાર વહોરી મુનિવર વળ્યા મનમોહનમેરે આવ્યા ગુરૂની પાસ રે મનમોહનમેરે
ગુરૂને કહે-અમે સાંભળ્યું મનમોહનમેરે નેમજી પહોંચ્યા શિવપુર વાસ રે...
મનમોહનમેરે ૧૪

મનના મનોરથ મનમાં રહ્યા મનમોહનમેરે નવિ ચઢીયાં ગઢ ગિરનાર રે મનમોહનમેરે
આહાર લેવો જુગતો નહિં મનમોહનમેરે અમને અણસણ સાર રે...
મનમોહનમેરે ૧૫

માસખમણનું પારણું મનમોહનમેરે નવિ કીધું મુનિવર કોય રે મનમોહનમેરે

આહાર પરઠવ્યો કુંભ શાળાએ મનમોહનમેરે પછે ચઢ્યા વિમલગિરિ સોય રે... મનમોહનમેરે ૧૬

તિહાં જઈ અણસણ આદર્યું મનમોહનમેરે પાદપોપગમન સાર રે મનમોહનમેરે
શીલા ઉપર કરી સાથરો મનમોહનમેરે ઋષિપોઢ્યા જિમ વૃક્ષની ડાળ રે... મનમોહનમેરે ૧૭

દોય માસની સંલેખણા મનમોહનમેરે અંતે પામ્યા કેવલ સાર રે મનમોહનમેરે
પાંડવ પાંચે મુગતે ગયા મનમોહનમેરે તવ હુઓ જય જયકાર રે... મનમોહનમેરે ૧૮

હીરવિજય સૂરિ રાજીયો મનમોહનમેરે તપગચ્છ ઉદ્યોતકાર રે મનમોહનમેરે
કરજોડી કવિયણ ભણે મનમોહનમેરે મુજ આવાગમન નિવાર રે... મનમોહનમેરે ૧૯

## ૯૨. પુંડરીક-કંડરીકની સજ્ઝાય (ઢાળ-૬)

### દુહા

સ્વસ્તિ શ્રી વરદાયિની સમરી શારદ માય
ગુણ ગાઉં કંડરીકના પુંડરીક ઋષિરાય... ૧
એહીજ જંબૂ દ્વીપના ક્ષેત્ર વિદેહ વખાણ
પુંડરિકિણી નામે પુરી પુષ્કલ વિજયે જાણ... ૨
મહાપદ્મ રાજા તિહાં ન્યાયે જિમ નૃપ રામ
શીલવિનયગુણ શાલિની પદ્માવતી પ્રિયા નામ... ૩
તે નૃપને બિહું પુત્ર છે શાસ્ત્ર વિશારદ સાર
પુંડરીક કંડરીક લઘુ અનુપમ રૂપ ઉદાર... ૪
મહાપદ્મ તે નરપતિ સુખભર રાજ્ય કરંત
પ્રજા પુત્ર તણી પેરે પાળે પ્રેમ ધરંત... ૫

### ઢાળ ૧

તિણ નગરીએ અન્યદા રે નલિની વન ઉદ્યાન
સુવ્રત સૂરિ સમોસર્યા રે બહુપરિકર શુભ ધ્યાન રે
મુનિજન ! પ્રણમો પદ ત્રણ કાળ જિમ લહો ઋદ્ધિ રસાળ રે... મુનિજન૦ ૧
વનપાલકે વધામણી રે નૃપને દીધ તિવાર

દાન દેઈ નૃપ આવીયો રે લેઈ બહુ પરિવાર... મુનિજન૦ ૨
વિનયસહિત ગુરુ વાંદીને રે બેઠો તે નરરાય
ગુરૂ પણ અવસર ઓળખી રે દેશના દે મુનિરાય... મુનિજન૦ ૩
શું પ્રાણી ભૂલા ભમો રે મૃગમદે જેમ કુરંગ
કુમતિ મિથ્યાત્વને છાંડીને રે રાખો ધર્મથી રંગ રે... મુનિજન૦ ૪
ધર્મદેશના સાંભળી રે પુત્રને થાપી પાટ
લીધું સંયમ નૃપતિએ રે આનંદે ગહગાટ રે... મુનિજન૦ ૫
છઠ્ઠ અઠ્ઠમ બહુ તપ તપે રે પૂરવ ચૌદ સુજાણ
અંતે માસ સંલેખના રે કરી પામ્યા નિરવાણ... મુનિજન૦ ૬
કેટલેક કાળે તિણ પુરે રે સમોસર્યા મુનિરાજ
સાંભળી પુંડરીક નરપતિ રે આવ્યો વંદન કાજ રે... મુનિજન૦ ૭
બેઠો કરીય પ્રદક્ષિણા રે વિનયવંત ગુણગેહ
યોગ્ય જીવ જાણી કહે રે ધર્મ ઉત્તમ ગુરૂ તેહ રે... મુનિજન૦ ૮

## ઢાળ ૨

હે પ્રાણી ! ભવસાગર ભમતાં નિર્ગમતાં કાળ અનંત
દુર્લભ નરભવ પુણ્યે પામ્યા ગિરિપત્થર વિરતંત
ચેતન ! ચેતો ચતુર સુજાણ સ્વારથીયો જગ જાણ... ચેતન૦ ૧
ચૌદ રાજના ચૌટા માંહે નવનવા વેશ બનાવ્યા
પણ બાજીગરને દષ્ટાંતે કોઈ કાજ ન આવ્યા... ચેતન૦ ૨
એ સંસાર માંહે સહુ ચંચળ પ્રાણ તરૂણી ધન ગેહ
સર્વ અનિત્ય પદારથ જગમાં નિશ્ચલ ધર્મ છે એહ... ચેતન૦ ૩
ફરી ફરી નરભવ કિમહી ન લહેશ્યો ધર્મ વિના તુમે પ્રાણી
નરભવ રત્નપ્રમાદતણે વશ કાં નાખો ગુણ ખાણી... ચેતન૦ ૪
પછી પસ્તાવો કર્યે શું થાશે ? જો એ અવસર જાશે
તે માટે તુમે ધર્મ આરાધો જેહથી સહુ સિદ્ધ થાશે... ચેતન૦ ૫
ઈત્યાદિક ઉપદેશ સુણીને ઘર આવે પુંડરીક
કહે નિજ બાંધવને બોલાવી સાંભળ એ કંડરીક !... ચેતન૦ ૬
અમે ગુરૂ પાસે સંયમ લેશું રાજ્ય તુમે હવે પાળો
હૈયે હરખ ધરીને ભાઈ અમને અનુમતિ આલો... ચેતન૦ ૭

રાજ્ય સાંસારિક સુખ બહુ વિલસ્યાં જગતીમાં જસ લીધો
જરા નિકટ આવી તે માટે વૈરાગ્ય અમૃત પીધો... ચેતન૦ ૮
તે સાંભળી કહે કંડરીક ભાઈ તમે રહે અમે વ્રત ધરશું
સંયમ મારગ સૂધો પાળી શિવસુંદરી વશ કરશું... ચેતન૦ ૯
પુંડરીક કહે-સંયમ કરણી દુષ્કર પોઢવું ધરણી
પંચમહાવ્રતગિરિ શિર ચઢવું માંડી નભનીસરણી... ચેતન૦ ૧૦
અશન બેંતાલીસ દોષે વર્જિત બાવીસ પરીષહ સહેવાં
તુજથી તો તે કિમ સહેવાશે સંયમ ભાર જે વહેવા... ચેતન૦ ૧૧
જિમ જિમ પુંડરીક તસ સમજાવે તિમ તિમ અનુમતિ જાચે
મોહ મહામદ દૂર કરીને સંયમ વરીયું સાચે... ચેતન૦ ૧૨
સંયમ નિરતિચારે પાળે કાળ બહુ શુભધ્યાને
કહે ઉત્તમ વિચરંતા આવ્યા પુષ્પાવતી ઉદ્યાને... ચેતન૦ ૧૩

## ઢાળ ૩

શુભધ્યાને કાઉસ્સગ્ગ રહ્યા કંડરીક ઋષિરાજ
સાંભળી પુરજન આવીયા મુનિવર વંદનકાજ-ધનધન સાધુ નીરાગીયા... ૧
એહવે સમય વસંતનો ફુલી ફળી વનરાજિ
નરનારી બહુ તિહાં મળ્યા ક્રીડા કરવાને કાજ... ૨
હસતાં-રમતાં જમે વળી પુત્ર રમાડે રે હાથ
આપે સુખલડી વળી બેઠાં દંપતી સાથ... ૩
કેઈ ગાતી કેઈ નાચતી ફરતી કુદડી કેઈ
બેઠી વાત કે વળી હસતી તાળી દેઈ... ૪
ગુંથે ચોસર ફુલના છેલછબીલા રે લોક
દેખી મુનિમન ચિંતવે ધનસંસારી રે લોક... ૫
સ્વર્ગ જિસ્યા સુખ ભોગ એ વનિતા તણા વિલાસ
ઈચ્છિત ભોજન નિત જમે ઉન્નત રહે આવાસ... ૬
સંયમ એહ શું કામનું નરક સમું વ્રત દુઃખ
વનવસવું મહી પોઢવું સંયમમાંહિ શું સુખ... ૭
રાજ્ય જઈ હવે ભોગવું ભામિની ભોગ રસાલ
ઈચ્છાભોજન જઈ કરૂં મૂકું એહ જંજાલ... ૮

એહવું ચિંતવી આવીયો નિજનગરે તત્કાલ
ઓઘો મુહપત્તી પાતરાં વળગાડ્યા તડ્ડાલ... ૯
દ્રવ્ય લિંગ મૂકી કરી બેઠો હરિત ઉદ્યાન
વધામણી સુણી આવીયો શ્રી પુંડરીક રાજાન... ૧૦
પંચાભિગમ સાચવી પ્રદક્ષિણા પ્રત્તિપત્ત
બાંધવ મુનિવર જાણીને સ્તવે ભાવે શુભ ચિત્ત... ૧૧

## ઢાળ ૪

થયો ચારિત્રવંતો, વિશ્વ વિદીતો સંયમી સાધુજી
મુનિ તુજ ગુણ ગાવે નિર્મલ થાયે આતમા સાધુજી
તમે બહુ ગુણવંતા સંયમવંતા સંયમી સાધુજી
વળી ત્રણ ગુપ્તિ પંચસમિતિ સાધતા સાધુજી... ૧
અપ્રમત્ત પ્રમત્તે ગુણ બિહું પત્તે સંયમી સાધુજી
નિર્મોહી અમાની તું શુભ ધ્યાની છે સદા સાધુજી
અકષાયી અલેશી ઉજ્જવલ લેશી સંયમી સાધુજી
તુમે અવરને આતમા એકણ ભાંતમાં ધારીયા સાધુજી... ૨
તું મોહન ગારો પૂજ્ય છે પ્યારો સંયમી સાધુજી
ઉપશમ કટારે દોય અટારા વારીયા સાધુજી
દહી કર્મ સમિધને પામશો સિદ્ધિને સંયમી સાધુજી
તુમે ચઢીય અયોગી શિવસુખ ભોગી થાયશો સાધુજી... ૩
પાંચ નિદ્રાની ફેટી દૂર ઉછેટી સંયમી સાધુજી
નહિં ક્રોધ કષાયા મોહને માયા ઉજ્જિયા સાધુજી
નવકોટમાં ખાસી નગરીના વાસી સંયમી સાધુજી
સમતા સાયરીયા ગુણમણિ ભરીયા શુદ્ધ તું સાધુજી... ૪
દ્રવ્ય-ભાવથી શૌચા સંયમ રાચ્યા સંયમી સાધુજી
તું નિજ મન મોજે પરીષહ ફોજે ભીડીયો સાધુજી
તુમે મરદ અવલ્લા વિશ્વ એકલ્લા સંયમી સાધુજી
તુમે કર્મના કુંભી તેહથી જુંભી જીતીયા સાધુજી... ૫
બલ કેશરી સરીખો મેં તુમ પરખ્યો સંયમી સાધુજી
મદ આઠ જે માઠા દૂરજે નાઠા તુજથી સાધુજી

શૈલેશને તોલે ધ્યાન અડોલે સંયમી સાધુજી
તું આતમ તારે વિશ્વ ઉદ્ધારે બોધથી સાધુજી... ૬
મોહવન નવિ ભમતાં અજજવ રત્તા સંયમી સાધુજી
શીલ સહસ અડારે તું રથ ધારે ધોરી જયું સાધુજી
મુદ્રા મનોહારી વિષયને વારી સંયમી સાધુજી
સબળા એકવીસ મોહની તીસા મોડીયા સાધુજી... ૭
ગુણ તુઝ અનંતા હું કહું કે'તા સંયમી સાધુજી
બહીં જિમ ઘનને તિમ મુઝ મનને વલ્લહો સાધુજી...
મુઝવંછિત થાયા પાપ પલાયા સંયમી સાધુજી
તુજ મુરત પેખી કુમતિ ઉવેખી આજથી સાધુજી... ૮
મેં પુણ્યથી પાયા ધન્ય ઋષિ રાયા સંયમી સાધુજી
વયતરૂણે ગ્રહીયું સંયમી વહીયું ભાવથી સાધુજી
ઈત્યાદિક ઉત્તે વચનની જુત્તે સંયમી સાધુજી
ઉત્તમ સુવિશાલે વચન રસાલે સંસ્તવ્યો સાધુજી... ૯

## ઢાળ ૫

ઈમ કોમલ વચને કરી રે ભગ્ન ચિત્ત મુનિરાય
સ્તવીયો તો હિ ન સમજીયો રે અંબુ મગ શેલ ન્યાય
ભવિકજન ! કર્મ સમો નહિં કોય ગતિ તેહવી મતિ હોય... ભવિકજન૦ ૧
વાંદી પહોંતો નિજ ઘરે રે પુંડરીક મહીપાલ
મુનિ પણ તિહાં થકી ચાલીયો રે ચિંતવતો જંજાલ... ભવિકજન૦ ૨
લસણકપૂરે વાસીયું રે નવિ મૂકે દુર્ગંધ
તિમ દુર્મતિ છંડે નહિં રે ઘેર્યો મોહને ધંધ... ભવિકજન૦ ૩
કિરિયા કરણી ચરણની રે ન કરે તેહ લગાર
નિજનગરે દિન કેટલે રે આવ્યો ફરી અણગાર... ભવિકજન૦ ૪
વંદન પુંડરીક આવીયો રે તવ કહે મુનિ કંડરીક
ચારિત્ર ખપ નહિં માહરે રે રાજયભાવ તહકીક... ભવિકજન૦ ૫
સાંભળી ઈમ પુંડરીક કહે રે બૂઝ બૂઝ કંડરીક
ચારિત્રરત્નને છાંડીને રે કિમ ગ્રહે ખંડ અકીક... ભવિકજન૦ ૬
તોહિ કુમતિ તજે નહિં રે આપ્યું રાજય તિવાર

મન માચ્યો રાચ્યો ઘણું રે લાજયો નહિંય લગાર... ભવિકજન૦ ૭
લોક કહે ધિક તેહને રે ચિંતે કંડરીક મન્ન
કરી ઈચ્છાભોજન પછી રે દંડીશું દુરજન્ન... ભવિકજન૦ ૮
ઈમ કહી અમૃત સારિખું રે કીધું ભોજનસાર
માગ ન રાખ્યો પાણીનો રે થયો આકુલ તિણવાર... ભવિકજન૦ ૯
બાંહ્ય ગ્રહીને સેવકે રે આણયો શય્યામાંહિ
શૂલ રોગ થયો તેહરે રે આર્ત-રૌદ્ર મન ત્યાંહિ... ભવિકજન૦ ૧૦
ધ્યાન અશુભ ધરી તે મરી રે સાતમી નરકે જાય
ઉષ્ણ શીત સહે વેદના રે ચરણ ભ્રષ્ટ ફળ પાય... ભવિકજન૦ ૧૧

## ઢાળ ૬

પુંડરીક હવે ચિંતવે ધન્ય મુજ ભાગ્ય વિશેષ
મમતા માયા પરિહરી લીધું સંયમ ભાવ અશેષ
પ્રણમીયે પુંડરીક ઋષિરાય ત્રિકરણ મન-વચ-કાય, પ્રણમીયે૦ ૧
ઉપકરણ જેહ ચરણનાં નિજ બાંધવના હતા જેહ
ઓઘો પાત્ર ને મુહપત્તી લીધાં આનંદ અધિક સનેહ... પ્રણમીયે૦ ૨
મનચિંતે હવે ધન્ય હું કરૂં આતમ કારજ સાર
પરભાતે જઈ ગુરૂ કને શુદ્ધપાળું સંયમ ભાર... પ્રણમીયે૦ ૩
ચાલ્યો તિહાંથી એકલો વન પંચાનન પરે જેહ
ઉર્વી ઉપર ચાલતો ખુંચે કાંકરી ચરણે તેહ... પ્રણમીયે૦ ૪
શ્રમ લાગ્યો તસ પંથનો મુનિ પુંડરિક મહારાય
તરણી તાપે તનુ તપે રહ્યા કોઈક ગામે આય... પ્રણમીયે૦ ૫
જોઈ ઉપાશ્રય અતિભલો રહ્યો શર્વરી તિણે ઠાય
દર્ભસંથારો કરી તિહાં બેઠો ધન્ય ધન્ય તે મુનિરાય... પ્રણમીયે૦ ૬
ધ્યાન ધરમનું ધારતો શુભ લેશ ભાવે શુદ્ધ
કયારે ગુરૂ પાસે જઈ પાળું સંયમ નિરમલ બુદ્ધ... પ્રણમીયે૦ ૭
તાસ શરીરે વેદના થઈ કોઈ કર્મવસેણ
નહિ માયા કાયા તણી મુનિધ્યાન અચલ મન તેણ... પ્રણમીયે૦ ૮
પુદ્ગલ આતમ તે બિહું ભિન્નભાવ જાણે તેહ
ભાવના દ્વાદશ ભાવતો ગુરૂ સમરે મુનિ ધન તેહ... પ્રણમીયે૦ ૯

મસ્તકે અંજલી માંડીને નમોડર્હતે સિદ્ધ સૂરીંદ
ખમી ખામે સહુ જીવને ટાળે અષ્ટાદશ અઘ વૃંદ... પ્રણમીયે૦ ૧૦
ધ્યાન જલે નિજ કાયનો ધોઈ પાપપંક સમાજ
અંતે અણઅણ આદરી પહોંતો સર્વાર્થ સિદ્ધ મુનિરાજ... પ્રણમીયે૦ ૧૧
ધન ધન તે જગ મુનિવરા ધન ધન ઉજવલ ભાવ
ભાવ વિના છે સહુ વૃથા જેમ શઢવિહૂણો નાવ... પ્રણમીયે૦ ૧૨
સંવત અંક મુનિ અડ મહી વળી દ્વિતીય આસો માસ
રિદ્ઠતેરસે રંગે કરી રચના અતિહિં ઉલ્લાસ... પ્રણમીયે૦ ૧૩
ગુરૂ ગૌતમ સીસ તેહના ખુશાલવિજય ગુરૂરાય
તાસતણે સુપસાયથી કહે ઉત્તમ આનંદ પાય... પ્રણમીયે૦ ૧૪
એહવા મુનિગુણ ગાવતાં લહું વંછિત ઋદ્ધિ રસાલ
ભણે-ગણે જે સાંભળે તસ ઘર મંગલ માળ... પ્રણમીયે૦ ૧૫

## ૯૩. પૃથ્વીચંદ ગુણસાગરની સજ્ઝાય (ઢાળ-૩)

### દુહા

શાસન નાયક સુખકરૂ વંદી વીર જિણંદ
પૃથ્વીચંદ મુનિ ગાયશું ગુણસાગર સુખકંદ... ૧
ઉત્તમના ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ
વાત ઘણી વૈરાગ્યની સાંભળજો મન રંગ... ૨
શંખ કલાવતી ભવ થકી ભવ એકવીસ સંબંધ
ઉત્તરોત્તર સુખ ભોગવી એકવીસમેં ભવે સિદ્ધ... ૩
પણ એકવીસમા ભવ તણો અલ્પ કહું અધિકાર
સાંભળજો સન્મુખ થઈ આતમને હિતકાર... ૪

### ઢાળ ૧ઃ

નગરી અયોધ્યા અતિભલી રાજ્ય કરે હરિસિંહ, મેરે લાલ
પ્રિયા પદ્માવતી તેહને સુખવિલસે ગુણગેહ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો
સર્વારથથી સુર ચવી તસ કુખે અવતાર, મેરે લાલ

૩૫ કળા ગુણ આગળો પૃથ્વીચંદ્ર કુમાર...મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૨
સમપરિણામી મુનિ સમો નિરાગી નિરધાર, મેરે લાલ
પિતા પરણાવે આગ્રહે કન્યા આઠ ઉદાર...મેરે લાલ ચતુરસનેહી સાંભળો...૩
ગીત-વિલાપને સમ ગણે નાટક કાય કલેશ, મેરે લાલ
આભૂષણ તનુ ભાર છે ભોગને રોગ ગણેશ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો...૪
હું નિજ તાતને આગ્રહે સંકટ પ્રડીયો જેમ, મેરે લાલ
પણ પ્રતિબોધું એ પ્રિયા માતપિતા પણ તેમ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો...૫
જો સવિ સંયમ આદરે તો થાયે ઉપકાર, મેરે લાલ
એમ શુભધ્યાને ગુણનીલો પહોંત્યો ભવન મોઝાર...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૬
નારી આઠને ઈમ કહે સાંભળો ગુણની ખાણ, મેરે લાલ
ભોગવૈતાં સુખ ભોગ છે વિપાક કડુવા જાણ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો...૭
કિંપાક ફલ અતિ મધુર છે ખાધે છડે પ્રાણ, મેરે લાલ
તેમ વિષયસુખ જાણજો એહવી જિનની વાણ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો...૮
અગ્નિ જો તૃપ્તો ઈંધણે નદીએ જલધિ પૂરાય, મેરે લાલ
તો વિષયસુખ ભોગથી જીવ એ તૃપ્તો થાય...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો...૯
ભવોભવ ભમતાં જીવડે જેહ આરોગ્યાં ધાન, મેરે લાલ
તે સવિ એકઠાં જો કરે તો સવિ ગિરિવર માન...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૧૦
વિષયસુખ સુરલોકમેં ભોગવીયા ઈણ જીવ, મેરે લાલ
તોપણ તૃપ્ત જ નવિ થયો કાલ અસંખ્ય અતીવ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૧૧
ચતુરા સમજો સુંદરી મુંઝો મત વિષયને કાજ, મેરે લાલ
સંસાર અટલી ઉતરી લહીયે શિવપુર રાજ...

મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૧૨
કુમરની વાણી સાંભળી બૂઝી ચતુર સુજાણ, મેરે લાલ
લઘુકર્મી કહે સાહિબા ઉપાય કહો ગુણખાણ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૧૩
કુમર કહે સંયમ ગ્રહો અદ્ભુત એહ ઉપાય, મેરે લાલ
નારી કહે અમ વિસરજો સંયમે વાર ન થાય...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૧૪
કુમર કહે પડખો તુમે હમણાં નહિં ગુરૂજોગ, મેરે લાલ
સદ્ગુરૂ જોગે સાધશું સંયમ છાંડી ભોગ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૧૫
માત-પિતા મન ચિંતવે નારીને વશ નવિ થાય, મેરે લાલ
ઉલટી નારી વશ કરી કુમરનું ગાયું ગાય...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૧૬
જો હવે રાજા કીજીએ તો ભળશે રાજ્યને કાજ, મેરે લાલ
નરપતિ ઈમ મન ચિંતવી થાપે કુમારને રાજ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો...૧૭
પિતા ઉપરોધે આદરે ચિંતે મોહના ઘાટ, મેરે લાલ
પાળે રાજ્ય વૈરાગીયો જોતો ગુરૂની વાટ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૧૮
રાજ્યસભાયેં અન્યદા પૃથ્વીચંદ્ર સોહંત, મેરે લાલ
ઈણ અવસર વ્યવહારીયો સુધન નામે આવંત...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૧૯
રાજા પૂછે તેહને કુણ કુણ જોયા દેશ, મેરે લાલ
આશ્ચર્ય દીઠું જે તમે ભાખો તેહ વિશેષ...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૨૦
શેઠ કહે સુણ સાહિબા એક વિનોદની વાત, મેરે લાલ
સાંભળતાં સુખ ઉપજે ભાખું તે અવદાત...
મેરે લાલ ચતુરસનેહી સાંભળો... ૨૧

## દુહા

કૌતુક જોતાં બહુ ગયો કાલ અનાદિ અનંત
પણ તે કૌતુક જગવડું સુણતાં આતમ શાંત... ૧
કૌતુક સુણતાં જે હુવે આતમને ઉપકાર
વકતા શ્રોતા મન ગહગહે કૌતુક તેહ ઉદાર... ૨

## ઢાળ-૨

આવ્યા ગજપુર નગરથી તિહાં વસે વ્યવહારી રે લો, અહો ! તિહાં વસે૦
રત્નસંચય તસ નમ છે સુમંગલા તસ નારી રે લોલ... અહો ! સુમંગલા૦ ૧
ગુણ સાગર તસ નંદનો વિદ્યાગુણનો દરિયો રે લોલ, અહો ! વિદ્યા૦
ગોખે બેઠો અન્યદા જુએ તે સુખ ભરીયો રે લો... અહો ! જુએ૦ ૨
રાજપંથે મુનિ મલપતો દીઠો સમરસ ભરીયો રે લો. અહો ! દીઠો૦
તે દેખી શુભચિંતને પૂરવ ચરણ સાંભરીયો રે લો,... `હો ! ચરણ૦ ૩
માત-પિતાને એમ કહે સુખીયો મુજ કીજે રે લો, અહો ! સુખીયો૦
સંયમ લેશું હું સહી આજ્ઞા મુજને દીજે રે લો... અહો આજ્ઞા૦ ૪
માત-પિતા કહે નાનડા સંયમે તું ઉમાહ્યો રે લો, અહો સંયમે૦
તો પણ પરણો પદમણી અમ મન હરખાવો રે લો... અહો ! અમનમન૦ ૫
સંયમ લેજો તે પછી અંતરાય ન કરશું રે લો, અહો ! અંતરાય૦
વિનયી વત અંગીકરી પછે સંયમ વરશું રે લો... અહો ! પછે૦ ૬
આઠ કન્યાના તાતને ઈમ ભાખે વ્યવહારી રે લો, અહો ઈમ ભાખે૦
અમ સુત પરણવા માત્રથી થાશે સંયમ ધારી રે લો... અહો ! થાશે૦ ૭
ઈભ્ય સુણી મન ચમકીયા વર બીજો કરશું રે લો, અહો ! વર૦
કન્યા કહે નિજ તાતને આ ભવ અવર ન વરશું રે લો... અહો ! આ ભવ૦ ૮
જે કરશે એ ગુણનિધિ અમો પણ તેહ આદરશું રે લો, અહો ! અમે૦
રાગી-વૈરાગી દોયમેં તસ આણા શિર ધરશું રે લો... અહો ! આણા૦ ૯
કન્યા આઠના વચનથી હરખ્યા તે વ્યવહારી રે લો, અહો ! હરખ્યા૦
વિવાહ મહોત્સવ માંડીયા ધવલ મંગલ ગાવે નારી રે લો... અહો ! ધવલ૦૧૦
ગુણસાગર ગિરૂઓ હવે વરઘોડે વરસોહે રે લો, અહો ! વર૦
ચોરીમાંહે આવીયા કન્યાના મન મોહે રે લો... અહો ! કન્યાના૦ ૧૧
હાથ મેળાવો હર્ષશું સાજન જન સહુ મળીયા રે લો, અહો ! સાજન૦

હવે કુમર શુભ ચિત્તમેં ધર્મધ્યાન સાંભરીયા રે લો... અહો ! ધર્મ૦ ૧૨
સંયમ લેઈ સદ્‌ગુરૂ કને શ્રુત ભણશું સુખકારી રે લો, અહો ! શ્રુત૦
સમતા રસમાં ઝીલશું કામકષાયને વારી રે લો... અહો ! કામ૦ ૧૩
ગુરૂ વિનય નિત્ય સેવશું તપ તપશું મનોહારી રે લો, અહો ! તપ૦
દોષ બેંતાલીસ ટાળશું માયા-લોભ નિવારી રે લો... અહો ! માયા૦ ૧૪
જીવિતમરણે સમપણું સમ તૃણ-મણિ ગણશું રે લો, અહો ! સમ૦
સંયમયોગે થિર થઈ મોહરિપુને હણશું રે લો, અહો ! મોહ૦ ૧૫
ગુણસાગર ગુણશ્રેણીયે થયા કેવલ નાણી રે લો, અહો થયા૦
નારી પણ મન ચિંતવે વરીયે અમે ગુણખાણી રે લો... અહો ! વરીયે ૧૬
અમે પણ સંયમ સાધશું નાથ નગીનાની સાથે રે લો, અહો ! નાથ૦
એમ આઠે થઈ કેવલી તે સવિ પિયુડા હાથે રે લો... અહો ! તે સવિ૦
અંબર ગાજે દુંદુભિ જયજયારવ કરતા રે લો... અહો ! જયારવ૦
સાધુવેષ તે સુરવરા સેવાને અનુસતા રે લો... અહો ! સેવાને૦ ૧૮
ગુણસાગર મુનિરાજના માત-પિતા તે દેખી રે લો, અહો ! માત૦
શુભસંવેગે કેવળી ઘાતીચાર ઉવેખી રે લો, અહો ! ઘાતી૦ ૧૯
નરપતિ આવે વાંદવા મન આશ્ચર્ય આણી રે લો, અહો ! આશ્ચર્ય૦
શંખ કલાવતી ભવ થકી નિજચરિત્ર વખાણી રે લો... અહો ! ચરિત્ર૦ ૨૦
ભવ એકવીસ તે સાંભળી બૂઝ્યા કેઈ પ્રાણી રે લો, અહો ! બૂઝ્યા૦
સુધન કહે ગુણ સાહિબા અત્ર આવ્યો ઉમાહી રે લો... અહો ! અત્ર૦ ૨૧
પણ તે કૌતુક દેખવા મનડો મુજ હરખાયો રે લો, અહો ! મનડો૦
કેવલજ્ઞાની મુજ કહે શું કૌતુક ઉલ્લાસે રે લો... અહો ! શું૦ ૨૨
એહથી અધિકું દેખશો અયોધ્યા નામા ગ્રામે રે લો, અહો ! અયોધ્યા૦
તે નિસુણી મુનિ પય નમી આવ્યો છું હું ઈણ ઠામે રે લો...
અહો ! આવ્યો૦ ૨૩
કૌતુક તુમ પ્રસાદથી જોશું સુજશ સુખકામી રે લો, અહો ! જોશું૦
એમ કહીને સુધન તિહાં ઉભો રહ્યો શિર નામી રે લો... અહો ! ઉભો૦ ૨૪

## દુહા

પૃથ્વીચંદ્ર તે સાંભળી વાધ્યો મન વૈરાગ
ધન ધન તે ગુણસાગરૂ પામ્યો ભવજલ તાગ... ૧

હું નિજ તાતને દાક્ષિણ્યે પડીયો રાજ્યમઝાર
પણ હવે નીસરશું કદા થાશું કબ અણગાર... ૨

**ઢાળ ૩ :**

ધન ધન જે મુનિવર ધ્યાનેં રમે કરતાં આતમ શુદ્ધ મુનીસર !
રાજા ચિંતે સદ્‌ગુરૂ સેવના કરશું નિર્મલ બુદ્ધ... શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૧

કબહુ શમદમ સમિતિ સેવશું ધરશું આતમધ્યાન શુદ્ધ મુનીસર !
ઈમ ચિંતવતાં અપૂરવ ગુણ ચઢે શ્રેણીએ શુકલધ્યાન...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૨

ધ્યાનબળે સવિ આવરણ ક્ષય કરી પામ્યા કેવલ જ્ઞાન શુદ્ધ મુનિસર !
હર્ષધરી સોહમપતિ આવીયા દઈ વેષ વંદે બહુમાન...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૩

સાંભળી માત-પિતા મન સંભ્રમે આવ્યા પુત્રની પાસ શુદ્ધ મુનિસર !
એ શું ? એ શું ? એણીપરે બોલતાં હરિ સિંહ હર્ષ ઉલ્લાસ શુદ્ધ મુનીસર !
ધનધન૦ ૪

દયિતા આઠ સુણી મન હર્ષથી ઉલટ અંગ ન માય શુદ્ધ મુનિસર !
સંવેગ રંગતરંગમેં ઝીલતી આઠે કેવલી થાય... શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૫

સુધન સારથ પણ મન ચિંતવે કૌતુક અદ્‌ભુત દીઠ શુદ્ધ મુનિસર !
નરપતિ પૂછે મુનિ ચરણેં નમી સ્નેહનું કારણ જિટ્ઠ...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૬

કેવલી કહે પૂરવભવ સાંભળો નયરી ચંપા જયરાય શુદ્ધ મુનિસર !
સુંદરી પ્રિયમતી નામે તેહને કુસુમાયુધ સુત થાય... શુદ્ધ મુનીસર ! ધનધન૦૭

દંપતી સંયમ પાળી શુભમના વિજયવિમાને તે જાય શુદ્ધ મુનિસર !
અનુત્તર સુખવિલસી સુર તે ચવ્યા થયાં તુમે રાણીને રાય...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૮

કુસુમાયુધ પણ સંયમી સુર ચવી થયો તુમ સુતતણે નેહ શુદ્ધ મુનિસર !
માત-પિતા પણ પૃથ્વીચંદ્રના સુણી થયા કેવલી તેહ...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૯

સારથ પૂછે પૃથ્વીચંદ્રને ગુણસાગર તુમે કેમ ? શુદ્ધ મુનિસર !
મુનિ કહે-પૂરવભવ અમ નંદનો કુસુમકેતુ તસ નામ...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૧૦

એહિ જ દયિતા દોયને તે ભવે સંયમ પાળી તે સાર શુદ્ધ મુનિસર !
સમ ધર્મે સવિ અનુત્તર ઉપન્યા આ ભવ પણ થઈ નાર...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૧૧

સાંભળી સુધન શ્રાવક વ્રત લહે બીજા પણ બહુ બોધ શુદ્ધ મુનિસર !
પૃથ્વી વિચરે પૃથ્વીચંદ્રજી સાદિ અનંત થયા સિદ્ધ...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૧૨

નિત નિત ઉઠી તસ વંદન કરૂં જેણે જગ જીત્યો રે મોહ શુદ્ધ મુનિસર !
ચડતે રંગે હો શમસુખ સાગરૂ કરતો શ્રેણી આરોહ...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૧૩

જગ ઉપકારી હો જગહિત વત્સલુ દીઠે પરમ કલ્યાણ શુદ્ધ મુનિસર !
વિરહ મ પડશો હો એહવા મુનિ તણો જાવ લહું નિરવાણ...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૧૪

મુનિવર ધ્યાને હો જિનઉત્તમપદવરે રૂપકલાગુણજ્ઞાન શુદ્ધ મુનિસર !
કીર્તિકમલા હો વિમલા વિસ્તરે જીવવિજયધરે ધ્યાન...
શુદ્ધ મુનીસર ! ધનધન૦ ૧૫

## ૯૪. પ્રદેશી રાજાની સજ્ઝાયો (૧)

### દુહા

સદ્ગુરૂ સેવો સાધુજન આણી આદર સાર
રાય પ્રદેશીની પરે જયું પામો ભવપાર... ૧
સદ્ગુરૂ સુરતરૂથી અધિક દોલતનો દાતાર
રાય પ્રદેશી જેણે કિયો સુરરમણી ભરથાર... ૨

### ઢાળ ૧ :

સદ્ગુરૂ સંગતિ કરજો ભાઈ એ સહી માનો વાત રે
નર નારી મન માન્યા પામે સુખ સઘળો વિખ્યાત રે... સદ્ગુરૂ૦ ૧

શ્વેતાંબી નગરીયે મોટો રાય પ્રદેશી પાપી રે
પણ સદ્ગુરૂની વાણી સુણીને વિરૂઈ વાત ઉત્થાપી રે... સદ્ગુરૂ૦ ૨
પહેલે સુરલોકે અવતરીયો સુર્યાભ દેવ વિમાને રે
અવલઆયુ લહ્યું લીલાયે ચાર પલ્યોપમ માને રે... સદ્ગુરૂ૦ ૩
તિહાંથી તે ચ્યવીને અવતરશે મહાવિદેહ શુભક્ષેત્રે રે
કેવલપામી સિદ્ધિયે જાશે વાત કહી એ સૂત્રે રે... સદ્ગુરૂ૦ ૪
પંડિત ઋદ્ધિવિજય ગુરૂ પાસે ગુરૂ સંગતિ ગુણ સુણીયા રે
તે પંડિત સુખ વિજયે બુદ્ધે ભાવ ધરીને ભણીયા રે... સદ્ગુરૂ૦ ૫

## ૯૫. પ્રદેશી રાજાની સજ્ઝાય (૨)

પ્રાણી ! ભવસાગર ભમતાં થકાં લાધ્યો નર અવતાર હો પ્રદેશીરાજા
આવો સાંભળીયે ગુરૂદેશના જેથી પામીયે ભવપાર હો પ્રદેશીરાજા
સૂરીશ્વર શ્વેતાંબી નગરી સમોસર્યા શ્રીકેશી ગણધાર હો...
આવો૦ પ્રદેશીરાજા ૧

પાપી આતમ શું નિદ્રા કહે એ તો જાગરણ કામ હો પ્રદેશીરાજા
નિશ્ચે નરકતણાં દુઃખ લાવવાં દૂતી એ હિંસા નામ હો...
આવો૦ પ્રદેશીરાજા ૨

પ્રાણી આતમ સરિખો પ્રાહુણો આવ્યો છે જમ ઘર દેહ હો પ્રદેશીરાજા
તો તું તેહને કેમ નથી દેખતો ? અસંખ્ય પ્રદેશી એહ હો...
આવો૦ પ્રદેશીરાજા ૩

એહનું મૂળઘર મોક્ષમાં મોટું એહને ઋદ્ધિઅપાર હો પ્રદેશીરાજા
એ તો અનંતચતુર્મયી આતમા એકત્રીસ ગુણનો ભંડાર હો...
આવો૦ પ્રદેશીરાજા ૪

ના'વે નજરે તે ચર્મનેત્રથી જ્ઞાનથી દેખો સરૂપ હો પ્રદેશીરાજા
એવા વચન સુણી ગણધરતણાં બોલ્યો નાસ્તિક ભૂપ હો...
આવો૦ પ્રદેશીરાજા ૫

સ્વામી ! જીવ કિહાં દીસે નહિં મેં જોયું ચોર શરીર હો પ્રદેશીરાજા
ઘાલી ભુંઈરામાંહે દઢ કીયો જિહાં ન સંચરે સમીર હો...
આવો૦ પ્રદેશીરાજા ૬

તો તે મરણ લઈ જીવ કયાં ગયો કયાંથી આવ્યા કરમીયાજીવ હો પ્રદેશીરાજા

એક જીવની સાટે એટલા આવ્યા તોય અજીવ હો...

આવો૦ પ્રદેશીરાજા ૭

જોયો ચૂર્ણકરી જીવ નહિં જડ્યો જોખી તોળીને ભાર હો પ્રદેશીરાજા
માટે જગમાંહે જીવ નથી કિહાં પંચભૂત પિંડ વિશેષ હો...

આવો૦ પ્રદેશીરાજા ૮

ગુરૂ કહે-શંખ શબ્દ ભુંઈ રે કરો સાંભળે બાહિર કેમ હો ? પ્રદેશીરાજા
કહોને શબ્દ કિહાંથી આવીયો જીવગતિ પણ તેમ હો...

આવો૦ પ્રદેશીરાજા ૯

અરણી કાષ્ઠ ચૂરણ કરી જોઈએ તો પણ અગ્નિ તે માંહે હો પ્રદેશીરાજા
દડીયો પત્રતણો કરી જોઈએ તેને તોલીયે ભાર હો...

આવો૦ પ્રદેશીરાજા ૧૦

ફરીને તે પાછો વળી તોલીએ કરીને પવન સંચાર હો પ્રદેશીરાજા
માટે સૂક્ષ્મ સ્વરૂપ એ જીવનો પામે કોઈ ન પાર હો...

આવો૦ પ્રદેશીરાજા ૧૧

પહોંચે આયુ અનંત પ્રભુતણાં કેવલજ્ઞાને સંયુક્ત હો પ્રદેશીરાજા
પણ તે ભાગ અનંતમો ન કહી શકે આતમ સૂક્ષ્મ અનંત હો...

આવો૦ પ્રદેશીરાજા ૧૨

પુણ્ય-પાપનું ફળ પ્રત્યક્ષ છે નિર્ભાગી ધનવંત હો પ્રદેશીરાજા
માટે પુણ્ય સંયોગે પામીયો રાજ્યની ઋદ્ધિ મહંત હો...

આવો૦ પ્રદેશીરાજા ૧૩

એવો ગુરૂ ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામ્યો ભૂપાલ હો પ્રદેશીરાજા
મૂલ સમકિત વ્રત બારે ગ્રહ્યાં વૈરાગ્ય ચિત્ત વિશાલ હો...

આવો૦ પ્રદેશીરાજા ૧૪

રાણી સૂરિકાંતા વ્યભિચારીએ દીધું રાજાને વિષ હો પ્રદેશીરાજા
શુભધ્યાને મરી સુર ઉપનો એ સૂર્યાભ વિમાન હો...

આવો૦ પ્રદેશીરાજા ૧૫

પામી નરભવ મોક્ષમાં તે જશે મહાવિદેહ ક્ષેત્ર મોઝાર હો પ્રદેશીરાજા
એમ વીરજિન ગૌતમને કહે રાયપસેણી વિચાર હો...

આવો૦ પ્રદેશીરાજા ૧૬

કેશી પાર્શ્વપ્રભુ સંતાનીયા કીધો ત્યાંથી વિહાર હો પ્રદેશીરાજા
ગૌતમ સ્વામી પાસે પડિવજ્યું વીરનું શાસન સાર હો...
આવો૦ પ્રદેશીરાજા ૧૭
એ તો ઉત્તરાધ્યયનથી જાણજો ગણધર પ્રશ્ન વિચાર હો પ્રદેશીરાજા
થાજો ખુશાલવિજય પસાયથી ઉત્તમ નિત્ય જયકાર હો...
આવો૦ પ્રદેશીરાજા ૧૮

## ૯૬. પ્રદેશી રાજાની સજ્ઝાય (૩)

શ્રી શંખેશ્વર પ્રણમું પાસ, પ્રગટ પ્રભાવી પૂરે આશ;
સાધુ શિરોમણિ કેશીકુમાર, મહા મુનિવર મોટા ગણધાર. ૧
શ્વેતાંબી નગરી સમોસરે, પ્રશ્ન દશ પ્રદેશી કરે;
સાંભળો સૂર નરકા સંદેહ, પિતા અધર્મી માહરો જેહ. ૨
પાપ કરી નરકે તે ગયો, પાછો નવિ આવી મુજ તે કહ્યો;
કેશી કહે નરક મંડાણ, સૂરિકંતા તુજ નારી સુજાણ. ૩
સેવંતી દીઠી વ્યભિચાર, તું કાં ન દીયે જાવા જાર;
તિમ તેહને ન દીયે આવવા, પરમાધામી નરકે એહવા ૪
વલી નૃપ કહે નથી સુરલોક, માતા માહરી ધર્મીશ્લોક;
ગઈ સરગે આવી નવિ કહ્યું, પુણ્ય થકી ફલ એ મેં લહ્યું. ૫
ગુરુ કહે જાય તું મજ્જન કરી, દેવકુલે શુચિ ચીવર ધરી;
કોઈક શ્વપચ તેડે નવિ જાય, તેમ સુર નાવે સુખમહિમાય. ૬
વલી સંશય મુજ જીવ સુરંગ, ચોર ગ્રહી ઠવ્યો કોઠી અભંગ;
ઘાલી જોયો નવિ દીઠો જીવ, કિહાં ગયો ગુરુ કહે સુણ પાર્થિવ.૭
ભૂમિગૃહ પેસી કોઈ ઢોલ, તાડે શબ્દ સુણાય અતોલ;
કુણ મારગે તે શબ્દ નીકળ્યો, તિમ જીવ વાયું સમો અટકળ્યો. ૮
વલી કહે તિહાં કીડા ઉપન્યા, જીવ કયે મારગ નીપન્યા;
ગુરુ કહે લોહ ખંડ તાપવ્યો, અગ્નિ કયે છિદ્રમાંહી ઠવ્યો. ૯
વહ્નિ જિમ પેઠો લોહમાંહિ, તિમ જીવ ઉપન્યા કોઠિમાંહિ;
વલી નૃપતિ કહે વૃદ્ધ જુવાન, નાખે બાણ ધરી એકતાન. ૧૦
એક આસન્ન એક દૂરે જાય, સરખા જીવ તો અંતર કાંય;
જીવ પદારથ ઈમ નહિ સહી, ગુરુ કહે સુણ રાજન ! ગહગહી. ૧૧

તન ઉપકરણ સવિ જુના થયા, સરીખા જીવ તો કરમે ગ્રહ્યા;
વલી કહે એક દિન ચોર ઝાલીયો, શૂલારોપ કરી ઉતારીયો. ૧૨
હિંસી તોલ્યો સરખો થયો, જીવ અજીવ અધિકો નવિ લહ્યો;
ગુરુ કહે દડો વાયે ભર્યો, ઠાલો તોલ્યો સમ ઉતર્યો. ૧૩
તિમ એ જીવ ગુરુલઘુ નવિ હોય, વળી રાજા જંપે ગુરૂ જોય;
ચોરગ્રહી જોયો વધ કરી, ખંડોખંડ કરી ફિરી ફિરી. ૧૪
નવિ લાધ્યો તે જીવ સુજાણ, કીયો નિશ્ચય મેં જીવ અઠાણ;
ગણધર કહે અરણી પાષાણ, તેહમાં અગ્નિ અછે નૃપ જાણ. ૧૫
નવિ દીસે તે બાહિર સહી, જીવ અછે પણ દીસે નહીં;
જંપે ભૂપતિ ઘટ પટ થંભ, દીસે છે પણ જીવ અચંભ. ૧૬
કાં નજરે નાવે તે જીવ, તે પણ મુઝ મન સંશય અતીવ;
આચારજ કહે સાંભળ ભૂપ, તરુ હાલે છે વાયુ સરૂપ. ૧૭
તરુ દીસે નવિ દીસે વાય, એહ સ્વરૂપી જીવ કહેવાય;
કહે નરપતિ કુંજર કુંથુઆ, સરીખા જીવ તો કાં જુજુઆ. ૧૮
એક મોટો એક લઘુનર હોય, એ સંશય મુજ હિયડે જોય;
ગણધર કહે દીવો ઘરમાંહી, અજુઆળું કરે સઘળે ત્યાંહી. ૧૯
કુંડકમાં મેલ્યો તવ તિહાં, અજુવાળું વ્યાપે વલી જિહાં;
તિમ એ જીવ તનુ વ્યાપી રહ્યો, ગુરુ લઘુ કાયાએ તિમ લહ્યો. ૨૦
દશમો પ્રશ્ન છે નૃપ વળી, સાંભળો ગણનાયક મન રૂલી;
પેઢી ગત કિમ મૂકું ધર્મ, હોય લાજ મુજ મર્મ. ૨૧
ગુરુ કહે વ્યાપારી જિમ કોય, વ્યાપારે પહોંચે તું જોય;
લોહ ખાણ દેખી તે ભરે, વળી તિહાંથી આઘા સંચરે. ૨૨
ત્રાંબુ દેખી છંડે લોહ, એક ન છંડે આણી મોહ;
રૂપું હેમ રયણ ઈમ લીયે, એક ન છંડે લોહું લીયે. ૨૩
ઘરે આવ્યા તે લીલા કરે, લોહ ગ્રાહક તે દુઃખીયો ફરે;
તિમ તું મત છંડે આપણો, કહેણ કરો અમ જિમ સુખ ઘણો. ૨૪
તેહ વચન નિજ હૈડે ધરે, ગુરૂ વાંદી ચરણે અનુસરે;
સ્વામિ તેં મુજ તાર્યો આજ, બેસાડ્યો શિવપુરને રાજ. ૨૫
બાર વ્રત ગુરૂ કને ઉચ્ચારી, શુદ્ધ શ્રાવકવ્રત આદરી;

પહેલે દેવલોકે થયો દેવ, સૂર્યાભ નામે કરે સુર સેવ. ૨૬
અવધિ કરી જોઈ જિન સંગ, બત્રીસબદ્ધ નાટક ઉછરંગ;
કરી વીર જિન વાંદી જાય, ગૌતમ પૂછે પ્રણમી પાય. ૨૭
સ્વામિ એ કુણ કિમ પામી ઋદ્ધિ, વાત સકલ ભાખી સુપ્રસિદ્ધિ;
એક ભવાંતર મુગતે જાશે, અવિચલ સુખ પૂરાં પામશે. ૨૮
ગુરૂ નામે લહીયે ગહગટ્ટ, ગુરૂ નામે લહિયે શિવવટ્ટ;
એહવા ગુરૂની સેવા મળે, તો મન વાંછિત આશા ફળે. ૨૯
સત્તર પચવીશ સંવત સાર, રાયપસેણીમાં અધિકાર;
શ્રીજયવિજય પંડિત સુપસાય, મેરૂવિજય રંગે ગુણ ગાય. ૩૦

## ૯૭. પ્રદેશી રાજાની સજ્ઝાય (૪)

જીહો પરમપુરૂષ પરમેશ્વરૂ રે લાલા, પુરૂષાદાણી રે પાસ;
જીહો ચરણ કમલ નમી તેહનારે લાલા, પૂરે વંછિત આશ; સુગુણ નર૦
સાંભળો સુગુરૂ ઉપદેશ, જીહો જે ટાલે ભવના કલેશ...સુગુણ નર૦ ૧
જીહો મોહ મિથ્યાત અજ્ઞાનનો રે લાલા, ભરીઓ રોગ અથાગ;
જીહો વૈદ્ય રાજગુરૂ વચનથી રે લાલા, ઔષધ જ્ઞાન વૈરાગ. સુગુણ નર૦ ૨
જીહો ગુરૂ કારીગર સારીખા રે લાલા, ટંકણ વચન વિચાર;
જીહો પથ્થરસેં પડિમા કરે રે લાલા, લહે પૂજા અપાર. સુગુણ નર૦ ૩
જીહો ચોથા પટધર પાર્શ્વના રે લાલા, કેશી નામે કુમાર;
જીહો ચાર મહાવ્રત આદરી રે લાલા, કરે બહુજીવ ઉપગાર. સુગુણ નર૦ ૪
જીહો વિચરતાં મુનિ આવીયા રે લાલા, શ્વેતાંબી નયરી મોઝાર;
જીહો તિહાં પરદેશી રાજીયો રે લાલા, અધરમી આચાર. સુગુણ નર૦ ૫
જીહો ચિત્ર સારથિ લેઈ આવીઓ રે લાલા, જીહાં કેશી ગણધાર;
જીહો વંદના રહિત બેઠો તિહાં રે લાલા, પૂછે પ્રશ્ન ઉદાર. સુગુણ નર૦ ૬
જીહો દાદો પાપી પ્રશ્ન ઉપર રે લાલા, સૂરિ કંતાનો રે ન્યાય;
જીહો દાદી ધરમી દેવ ઉપર રે લાલા, જીમ તું ભંગીઘર ન જાય.
સુગુણ નર૦ ૭
જીહો જીવ કોઠીથી નીકળ્યો રે લાલા, તે કૂટશાલાનો ન્યાય;
જીહો જીવ કોઠી માંહે ઉપન્યા રે લાલા, જીમ અગ્નિ પેઠી લોહમાંય.
સુગુણ નર૦ ૮

જીહો બાલક બાણ ચલે નહીં રે લાલા, ત્રુટે જીમ કબાન;
જીહો બુઢાસું ભાર વહે નહીં રે લાલા, જૂની કાવડ જ્યું જાણ.
સુગુણ નર૦ ૯

જીહો જીવ મારીને તોલીયો રે લાલા, દીવડી ન ઘટે રે જેમ;
જીહો પુરૂષ મારી જીવ જોઈઓ રે લાલા, તે કઠીઆરા એમ.
સુગુણ નર૦ ૧૦

જીહો આમળા પ્રમાણે જીવ પૂછીઓ રે લાલા, વૃક્ષપાન કોણ હલાય;
જીહો કુંજર કંથુઆ ઉપરે રે લાલા, દીવાનું દષ્ટાંત લગાય. સુગુણ નર૦ ૧૧

જીહો મુજથી લીધો મન છૂટે નહીં રે લાલા, તે લોહવાણીઆ જેમ;
જીહો પછે પસ્તાવો કર્યો રે લાલા, અગિયારમો દષ્ટાંત એમ.
સુગુણ નર૦ ૧૨

જીહો ઉત્તર અગિયારે સાંભળી રે લાલા, બૂઝ્યો પ્રદેશી રે રાય;
જીહો શ્રાવકનાં વ્રત આદરી રે લાલા, નિર્લોભી નિર્માય.
સુગુણ નર૦ ૧૩

જીહો સૂરિકંતા નિજ નારીયે રે લાલા, ઉપસર્ગ કીદો અપાર;
જીહો ક્ષમાએ કર્મ ખપાવીને રે લાલા, ઉપન્યો દેવ મોઝાય.
સુગુણ નર૦ ૧૪

જીહો ચાર પલ્યોપમ આઉખે રે લાલા, સુરીયાભ સુર સુખદાય;
જીહો ધર્મશાસ્ત્ર વાંચી ગ્રહ્યો રે લાલા, ધર્મ તણો વ્યવસાય.
સુગુણ નર૦ ૧૫

જીહો ત્યાં જિન પડિમા પૂજીને રે લાલા, કરે જિન ભક્તિ ઉદાર;
જીહો ચવી મહાવિદેહે ઉપજશે રે લાલા, પામશે ભવનો પાર.
સુગુણ નર૦ ૧૬

જીહો સંક્ષેપે સજ્ઝાય કહી રે લાલા, રાયપસેણી સૂત્રે વિસ્તાર;
જીહો પદ્મવિજય સુપસાયથી રે લાલા, જીત કહે જુઓ અધિકાર.
સુગુણ નર૦ ૧૭

## • ૯૮. પ્રસન્નચંદ્રરાજર્ષિની સજ્ઝાય

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય;
રાજ છોડી રળીયામણું રે,જાણી અથીર સંસાર,

વૈરાગે મન વાળીયું રે, લીધો સંયમ ભાર. પ્રસન્ન૦ ૧

સ્મશાને કાઉસ્સગ્ગ રહી રે, પગ ઉપર પગ ચઢાય;
બાહુ બે ઉંચા કરી રે, સૂરજ સામી દૃષ્ટિ લગાય. પ્રસન્ન ૦૨

દૂર્મુખ દુત વચન સુણી રે, કોપ ચઢ્યો તત્કાળ;
મનશું સંગ્રામ માંડીયો રે, જીવ પડયો જંજાળ. પ્રસન્ન૦ ૩

શ્રેણીક પ્રશ્ન પૂછે તે સમે રે, સ્વામી એહની કુણ ગતિ થાય;
ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય. પ્રસન્ન૦ ૪

ક્ષણ એક આંતરે પૂછીયું રે, સર્વારથ સિદ્ધ વિમાન;
વાગી દેવની દુંદુભી રે, ઋષિ પામ્યા કેવલજ્ઞાન. પ્રસન્ન૦ ૫

પ્રસન્નચંદ્ર ઋષિ મુગતે ગયા રે, શ્રી મહાવીરના શિષ્ય;
રૂપવિજય કહે ધન્ય ધન્ય, દીઠા એ પ્રત્યક્ષ. પ્રસન્ન૦ ૬

## ૯૯. બળદેવની સજ્ઝાયો (૧)

માસખમણને મુનિવર પારણેજી, આવી ઉતર્યા સરોવરિયા પાળજી,
મન મોહ્યું તુંગીયાપૂર નગર સોહામણુંજી........
આ રે નગરીમાં જઈશું ગોચરીજી, આ રે નગરીમાં કરશું આહારજી. મન૦ ૧

કૂવાને કાંઠે પાણીડા સંચર્યાજી, પાછળ બાલુડો જાયજી. મન૦
રૂપે સ્વરૂપે મુનિવર કુટડાજી, દેખી મનડું થયું અધીરજી. મન૦ ૨

ઘડાને બદલે બાલુડો ફાંસીયોજી, ગયો છે કૂવા મોઝારજી. મન૦
આ રે નગરીમાં નહિ જાવું ગોચરીજી, આ રે નગરીમાં નહિ કરું આહારજી. મન૦ ૩

સુકા તે વનમાં મુનિવર સંચર્યાજી, મૃગે કર્યો છે નમસ્કારજી. મન૦
ખત્રી વહેરે છે વનમાં લાકડાજી, ખતરાણી લાવી છે ભાતજી. મન૦ ૪

ખત્રીએ મુનિવરને વાંદીયાજી, લ્યો મુનિ સુઝતો આહારજી. મન૦
દોષ બેંતાલીસ ટાળીનેજી, લીધો છે સુઝતો આહારજી. મન૦ ૫

ખત્રી ખત્રાણી મુનિવર મૃગલોજી, જઈ બેઠા તરુવરની છાંયજી. મન૦
કેઈ દીસેથી પવન આવીઓજી, ભાંગી છે તરુવરની ડાળજી. મન૦ ૬

ખત્રી ખત્રાણી મુનિવર મૃગલોજી, ચારે જીવ સ્વર્ગમાં જાયજી. મન૦

મુનિ સત્યવિજયની શીખડીજી, ધર્મમાં ખરચી લેજો સાથજી. મન૦ ૭

## ૧૦૦. બલદેવની સજ્ઝાય (૨)

માસખમણને પારણે મુનિવર મોટા ઋષિરાય રે,
મુનિ તુંગીયાનગરી સમોસર્યા, મુનિવર ગોચરીએ જાય રે
મુનિ બલભદ્ર વસે રે વૈરાગ્યમાં.........૧

બલભદ્ર વસે રે વૈરાગ્યમાં, રૂપે સોહે દેદાર રે.
સૂરત મોહિ શ્યામની, ફરતી ઘર ઘર લાલ રે. મુનિ૦ ૨

જાદવકુળમાં ઉપન્યા, એસો રૂપ નિહાર રે,
કૂવા કાંઠે કામિની, ટાબર કીધો સંહાર રે. મુનિ૦ ૩

મુનિવર મનમાંહિ ચિંતવે, ધિક્ ધિક્ હોજો એ રૂપ રે,
ધિક્ જોવન જીવતર જાણું, રમણી મોહી રે રૂપ રે. મુનિ૦ ૪

આજ પછી વસતી વિષે, અન્ન પાણીના નીમ રે,
વનમાં જડે તો મોકળું, એ શો કાયા શું પ્રેમ રે. મુનિ૦ ૫

વનમાંહિ વસતાં થકાં. મોહ્યા અટવીના જીવ રે,
હરણાં સસલા ને શિયાળિયા, સેવા કરે નિશદિશ રે. મુનિ૦ ૬

એક હરણ અટવી તણું, નયણે જોવતું નીમ રે,
જાતિ સ્મરણ ઉપન્યું, પૂરવ પુણ્ય નજીક રે, મુનિ૦ ૭
માસક્ષમણને પારણે, સંજ્ઞા કરી લઈ જાય રે,
ગાતિ પાળે આવીયા, વન અટવીની માય રે. મુનિ૦ ૮

મુનિવર દેખી હરખીયા, ધન્ય ધન્ય દહાડો આજ રે,
વનમાં મુનિવર ભેટીયા, સર્યાં વાંછિત કાજ રે. મુનિ૦ ૯

વહોરાવે ભાવે કરી, પ્રગટયા પુણ્ય અંકુર રે,
તેનો રે જોગ આવી મલ્યો, હરણું દેખે છે દૂર રે. મુનિ૦ ૧૦

મૃગલો ભાવે ભાવના, નયણે નીર ઝંરત રે,
હું રે વહોરા હાથથી, જો હું માણસ હોત રે. મુનિ૦ ૧૧

ધન્ય એ ખાતાની માનવી, ધન્ય એ ખાતાની નાર રે,

ધન્ય સાધુની સેવા કરે, ખરચી બાંધે છે લાર રે. મુનિ૦ ૧૨

તેણે કાલે તેણે સમે, વાયુ વાયો અસરાલ રે,
અડધી કાપેલી ડાળી પડી, ત્રણે કરી ગયા કાળ રે. મુનિ૦ ૧૩

પાંચમે દેવલોકે ઉપન્યા, દશ સાગરનું આય રે,
ઉદયરત્ન મુનિ એમ ભણે, જેની કંચનવરણી કાય રે. મુનિ૦ ૧૪

## ૧૦૧. બાહુબલીની સજ્ઝાયો (૧)

આદિ જિન વાણી સુણી હરખી ભગિની દોય રે સુણ બંધવ મોરા
વિનય કરી ઈમ વિનવે આવી વનમાં જોય રે... સુણ બંધવ મોરા ૧
બાહુબલિ બલ આકરો બળીયા તું શિરતાજ રે સુણ બંધવ મોરા
બલ બલ છાંડી તું રહીયો તિમ છંડો ગજ રાજ રે... સુણ બંધવ મોરા ૨
બંધવ ગજ થકી ઉતરો ગજ કેહુ હવે કાજ રે સુણ બંધવ મોરા
ગજ ચઢે કેવલ ન પામીયે ઈમ કહે શ્રી જિનરાજ રે... સુણ બંધવ મોરા ૩
જે ગજ ચઢે દુઃખ પામીયે તે ગજ તજીયે દૂર રે સુણ બંધવ મોરા
બ્રાહ્મીને સુંદરી તણા વયણાં પ્રેમ અંકુર રે... સુણ બંધવ મોરા ૪
મીઠા મધુરાં લાલરા થોડાને સુકુમાલ રે સુણ બંધવ મોરા
ડાહ્યા ને મન ભાલતાં સુણીયાં વચન રસાલ રે...સુણ બંધવ મોરા ૫
બાહુબહી મન ચિંતવે એ મુજ ભગિની વચન રે સુણ બંધવ મોરા
જુઠું મુજ નવિ કહે જે જિન ચેલી રતન્ન રે... સુણ બંધવ મોરા ૬
મેં જાણ્યું સહી એ ખરૂં માન મતંગજ રૂઢ રે સુણ બંધવ મોરા
માન ન કીજે ભાઈસ્યું એમ શુભધ્યાન આરૂઢ રે... સુણ બંધવ મોરા ૭
તાત ખમિયેં જાયનેં વંદુ સવિ અણગાર રે સુણ બંધવ મોરા
લઘુ બંધવ સંયમે વડા તે પ્રણમું ગુણ ભંડાર રે... સુણ બંધવ મોરા ૮
ઈમ ધારી કાઉસગ્ગ પારીનેં ઉપાડે જબ પાય રે સુણ બંધવ મોરા
કેવલ કમળા તવ વરે જય જયરવ સુર ગાય રે... સુણ બંધવ મોરા ૯
દેવ કમલ રચના કરે બેસે બાહુબલિ ઈશ રે સુણ બંધવ મોરા
પ્રભુ પાસેં આવે થકેં પૂગી બહિની જગીશ રે... સુણ બંધવ મોરા ૧૦
આયુ પૂરણ પાળીને શિવ પહોંતો નિરાબાધ રે સુણ બંધવ મોરા
પંડિત જય વિજય તણો મેરૂ નમે એહવા સાધ રે... સુણ બંધવ મોરા ૧૧

## [X] ૧૦૨. બાહુબલીની સજ્ઝાયો (૨)

રાજ્યતણા અતિલોભીયા ભરત બાહુબલિ ઝુઝે રે
મુઠી ઉપાડી રે મારવા બાહુબલી પ્રતિ બુઝે રે
વીરા ! મોરા ગજ થકી ઉતરો ગજ ચડયે કેવલ ન હોય રે... વીરા મોરા૦ ૧
ઋષભદેવ તિહાં મોકલે બાહુબલજીની પાસે રે
બંધવ ! ગજ થકી ઉતરો બ્રાહ્મીસુંદરી એમ ભાખે રે... વીરા મોરા૦ ૨
લોચ કરીને ચારિત્ર લીયો વળી આવ્યો અભિમાન રે
લઘુ બાંધવ વાંદું નહીં કાઉસગ્ગ રહ્યા શુભ ધ્યાન રે... વીરા મોરા૦ ૩
વરસ દિવસ કાઉસગ્ગ રહ્યા શીતતાપથી સુકાણા રે
પંખીડે માળા ઘાલીયા વેલડીયે વિંટાણા રે... વીરા મોરા૦ ૪
સાધ્વીના વચન સુણી કરી ચમકયો ચિત્ત મોઝાર રે
હય-ગય-રથ સવિ પરહર્યું વળી આવ્યો અહંકાર રે... વીરા મોરા૦ ૫
વૈરાગ્યે મન વાળીયું મૂક્યું નિજ અભિમાન રે
પગ ઉપાડ્યો રે વાંદવા ઉપન્યું કેવલ જ્ઞાન રે... વીરા મોરા૦ ૬
પહોંચ્યા તે કેવલી પરષદા બાહુબલી મુનિરાયા રે
અજરામર પદવી લહી સમયસુંદર વંદે પાયા રે... વીરા મોરા૦ ૭

## ૧૦૩. બાહુબલીની સજ્ઝાયો (૩)

બહેની બોલે હો બાહુબલ સાંભળોજી, રૂડા રૂડા રંગ નિધાન;
ગયવર ચઢીયા હો કેવળ કેમ હુવેજી, જાણ્યું જાણ્યું પુરુષ પ્રધાન. ૧

તુજ સમ ઉપશમ જગમાં કુણ ગણેજી, અકલ નિરંજન દેવ;
ભાઈ ભરતેસર વહાલા વિનવેજી, તુજ કરે સુરવર સેવ. ૨

ભર વરસાળો હો વનમાં વેઠીયો જી, જિહાં ઘણાં પાણીનાં પૂર;
ઝરમર ઝરમર વરસે મેહલો ઘણુંજી, પ્રગટ્યાં પુણ્ય અંકુર. ૩

ચિહુ દિશિ વીંટ્યો હો વેલડીએ ઘણું જી, જેમ વાદળ છાયો સૂર;
શ્રીઆદિનાથે હો અમને મોકલ્યાજી, તુમ પ્રતિબોધન નૂર. ૪

વર સંવેગરસે હો મુનિવર ભર્યાજી, પામ્યા પામ્યા કેવળનાણ;
માણેકમુનિ જસ નામે હો હરખ્યો ઘણું જી, દિન દિન ચઢતે વાન. ૫

## ૧૦૪. બાહુબલીની સજ્ઝાયો (૪)

(રાગ : તેરે સુર ઔર મેરે ગીત)

વીરાજી માનો મુજ વિનંતી, કહે બેન સુકોમળ વાણી રે;
સુણ બાહુબલી ગુણવંત તુ, મન મ કરો તાણાતાણ રે,
પધારો, તેડે તાતજી. ૧

ગજ ચડીયા કેવલ નવિ ઉપજે, માનો વચન બ્હેન મુનિરાય રે;
વીરાજી ગજ થકી ઉતરો, કહે તાતજી કેવલ થાય રે. ૨

ઈમ ભાખે બ્રાહ્મી સુંદરી, વનમાંહી જાણી વીર;
વચણ સલુણા સાંભળી, ચિત્ત ચિંતવે સાહસ ધીર. ૩

મેં તો ગજરથ સવિ વોસિરાવ્યા, તીણે અહી નથી ગજ કોય;
જુઠુ તે જિન બોલે નહી, સહી માન ગયદ જ હોય. ૪

ઋષી કોમલ પરિણામે કરી, પારીને કાઉસ્સગ્ગ તામ;
જઈ વાંદુ સઘળા સાધુને, માહરે છે મુગતિનું કામ. ૫

પગ ઉપાડ્યો જેટલે, મુનિ બાહુબલી ગુણવંત;
તવ ઝળહળ કેવળ ઉપન્યો, થયા અક્ષય પ્રભુતાવંત. ૬

સમવસરણે શુભભાવથી, જઈ વાંદ્યા શ્રી જિનરાજ;
ઘણા પૂરવ કેવલ પાળીને, મુનિ સારે આતમ કાજ; ૭

અષ્ટાપદ અણસણ લીયો, ઋષભ જિનેશ્વર સાથ;
આઠ કરમને દૂર કરી, મુનિ મુગતિ રમણી ગ્રહે હાથ. ૮

અજરામર પદ પામીયા, સુખ શાશ્વત લીલ વિલાસ;
જ્ઞાનસાગર કહે સાધુને, મુજ વંદના હોજો ખાસ. ૯

## ૧૦૫. બાહુબલીની સજ્ઝાયો (૫)

તક્ષશિલા નગરીનો નાયક લાયક સંયમ ધારીજી
પાયક પરિ પાયે નમે ચક્રી વિનતિ કરે મનોહારી... ૧
બાંધવ બોલો, મનડાં ખોલો ભરતજી પાથરે ખોળો
ભાભીઓ બહુ દિયે ઓળંભા એક વાર ઘરે આવોજી

બાહુબલિ અતુલ બલી બંધવ ફિર ન કરૂં હવે દાવો... ૨
અભિમાની અભિનવ અનમિ, જીમ ભત્રીજી નમી-વિનમીજી
ઈમ અપરાધ ખમાવી પોંહતા ધરી ચક્રી પદ પ્રણમી... ૩
જનક ચાલે જે અંગજ ચાલે તેહી જ અંગજ વારૂજી
એહ ઉખાણો ચિત્ત ધરીને, રહ્યા વરસ લગે અણાહાર... ૪
શીત તાપ વાતાદિક પરીષહ ન ગણે મન અભિમાનેજી
લઘુબંધવને કહો કિમ નમીયે રહે કાઉસગ્ગ ધરીધ્યાને... ૫
કેવલ જ્ઞાન ને માન બેહુને ઈમ ઝગડો બહુ લાગોજી
જ્ઞાન બળે જિનેં અવસર જાણી યદ્યપિ છે નીરાગો... ૬
બ્રાહ્મી સુંદરી સાધવી આવે ગાવે મધુરાં ગીતજી
ગજ ચઢ્યે કેવળ ન હોવે વીરા ! ઉતરો ગજથી વિનીત... ૭
સુણી વચન મનમાંહિ ચિંતે જુઠું એહ ન ભાખેજી
ગજ અભિમાન કહ્યો એ વચનમાં તે ચારિત્ર શોભા નવિ રાખે... ૮
ઘર મૂક્યું પણ એ નવિ મૂક્યું એહ કરે ગુણ ઘાતજી
ઈમ તજી માનને ચરણ ઉપાડ્યા લહે કેવલ સાક્ષાત... ૯
ભેટ્યા તાત પ્રદક્ષિણા દેઈ વાંદી પર્ષદે બેઠાજી
અવર જે સાધુ આવીને વંદે જેઠા તે કિમ હોય હેઠા... ૧૦
સંયમ પાળી શિવસુખ લેવા અષ્ટાપદ ગિરિ ચઢીયાજી
એકજ સમયે એક શત આઠે સિદ્ધિ અનંત સુખ ગઢીયા... ૧૧
ધન ધન ઋષભ વંશ રયણાયર તરીયા બહુભવ દરિયાજી
જ્ઞાનવિમલ ગુણ સુયશ મહોદય સંપદ સુખ અનુસરિયા... ૧૨

## ૧૦૬. ભરતચક્રીની સજ્ઝાયો (૧)

આભરણ અલંકાર સઘળાં ઉતારી, મસ્તક સેંતી પાગી;
આપોઆપ થઈને બેઠા, તવ દેહ દીસે છે ત્યાગી,
ભૂપતિ થયો રે વૈરાગી. ૧

અનિત્ય ભાવના એસી ભાવી, ચાર કરમ ગયાં ભાગી;
દેવતાએ દીધો ઓઘો મુહપત્તિ, જેહ જિનશાસન રાગી. ભૂ૦ ૨
સ્વાંગ દેખી ભરતેશ્વર કેરો, સહીયરો હસવાને લાગી;

હસવાની અબ ખબર પડેગી, રહેજો અમશું અલગી. ભૂ૦ ૩

ચોરાશી લાખ હયવર-ગયવર, છન્નુ ક્રોડ હે પાગી;
ચોરાશી લાખ રથ સંગ્રામી, તતક્ષણ દીધા છે ત્યાગી. ભૂ૦ ૪

ચાર ક્રોડ મણ અન્ન નિત્ય સિઝે, દશ લાખ મણ લુણ લાગી;
ચોસઠ સહસ અંતેઉરી ત્યાગી, સુરતા મોક્ષસેં લાગી. ભૂ૦ ૫

અડતાલીસ કોશમાં લશ્કર પડે છે, દુશ્મન જાય છે ભાગી;
ચૌદ રત્ન તો અનુમતિ માગે, મમતા સહુશું ત્યાગી. ભૂ૦ ૬

તીન ક્રોડ ગોકુલ ધણ દુઝે, એક ક્રોડ હળે ત્યાગી;
આવી રિદ્ધિ સિદ્ધિ માટે ઝૂઝે, સમજણમાં આવે ત્યારે ત્યાગી. ભૂ૦ ૭

ભરી સભામાં ભરતેશ્વર બોલ્યા, ઊઠો ખડા રહો જાગી;
આલોક ઉપર નજર ન દેશો, નજર દેજો તુમે આગી. ભૂ૦ ૮

વચન સુણી ભરતેશ્વર કેરાં, દશ સહસ ઉઠ્યા છે જાગી;
કુટુંબ કબીલો હાટ હવેલી, તતક્ષણ દીધા છે ત્યાગી. ભૂ૦ ૯

એકલાખ પુરવ લગે સંયમ, પાળી કેવલ સારી;
શેષ અઘાતીકર્મ ખપાવી, પહોંચ્યા છે મોક્ષ મોઝારી રે. ભૂ૦ ૧૦

વિમલવિજય ઉવજ્ઝાય સદ્ગુરુનો, શિષ્ય તસ અણગાર;
ભરત મુનિવરના ગુણ ગાતાં, રામવિજય જયકાર. ભૂ. ૧૧

## • [X] ૧૦૭. ભરતચક્રીની સજ્ઝાય (૨)

મનમેં હી વૈરાગી, ભરતજી મનમેંહી વૈરાગી
બત્રીશ સહસ મુગટબદ્ધ રાજા, સેવા કરે વડભાગી;
ચોસઠ સહસ અંતેઉરી જાકે, તોહી ન હુઆ અનુરાગી. ભરતજી૦ ૧

લાખ ચોરાશી તુરંગમ જાકે, છન્નુ ક્રોડ હૈ પાગી;
લાખ ચોરાશી ગજરથ સોહીયે, સૂરતા ધર્મ શું લાગી. ભરતજી૦ ૨

ચાર ક્રોડ મણ અન્ન નિત સીઝે, લૂણ દશ લાખ મણ લાગી;
તીન ક્રોડ ગોકુળ ધણ દૂઝે, એક ક્રોડ હળ સાગી. ભરતજી૦ ૩

સહસ બત્રીશ દેશ વડભાગી, ભયે સર્વકે ત્યાગી;
છન્નુ ક્રોડ ગ્રામ કે અધિપતિ, તોહી ન હુવા સરાગી. ભરતજી૦ ૪

નવનિધિ રતન ચોઘડિયાં બાજે, મન ચિંતા સબ ભાગી;
કનકકીર્તિ મુનિવર વંદત હૈ, દેજો મુકિત મેં માંગી. ભરતજી૦ ૫

## ૧૦૮. ભરતચક્રીની સજ્ઝાય (૩)
## (ઢાળ ૩)

દુહા : ઢાળ-૧

સ્વસ્તિ શ્રી શારદા ભણી પ્રણમી ઋષભ જિણંદ
ગાઈશું તસ સુત અતિબલી બાહુબલી મુનિચંદ... ૧
ભરતે સાઠ સહસ વરસ સાધ્યા ષટ ખંડ દેશ
અતિ ઉચ્છવ આણંદશું વિનિતા કીધ પ્રવેશ... ૨
ચકરત્ન આવે નહિં આયુધ શાળા માંહિ
મંત્રીશ્વર ભરતને તદા કહે સાંભળ તું નાહ... ૩
સ્વામિ ! તેં નિજ ભુજ બળે વશ કીયાં ષટ ખંડ
પણ બાહુબલિ ભ્રાતનો નવિ દીઠો ભુજ દંડ... ૪
સુર-નર માંહે કો નહિં તસ જીપણ સમરત્થ
તો પ્રભુ તુમ બલ જાણશું જો સહેશે તસ હત્થ... ૫
સુણતાં મંત્રીવયણ ઈમ ચક્રી હુઓ સતેગ
બાહુબલિ ભણી મોકલ્યો નામે દૂત સુવેગ... ૬
ભટ રથ હયવર ઠાઠશું દૂતે કીધ પ્રયાણ
શુકન હુઆ બહુ વંકડા પણ સ્વામીની આણ... ૭
ધરા ઓળંગી અતિઘણી આવ્યો બહલી દેશ
જિહાં કોણ બાહુબલી વિના જાણે નહિં નરેશ... ૮
તક્ષશિલા નગરી જિહાં બાહુબલિ ભૂમિંદ
દૂત સુવેગ જઈ તિહાં પ્રણમ્યો પય અરવિંદ... ૯
બાહુબલી પૂછે કુશલ ભરત તણો પરિવાર
ચતુરાઈશું દૂત તવ બોલે બોલ વિચાર... ૧૦
આસન અર્ધું બેસવા આપે સુરપતિ જાસ

લક્ષ યક્ષ સેવા કરે જગત કરે જસ આસ... ૧૧
હેલે જીત્યા ખંડષટ કેદ ન હુવો કોય
ઋષભદેવ સાનિધ્ય કરે તસ કિમ કુશલ ન હોય... ૧૨
પણ પ્રભુ તુમ આવ્યા વિના માને સકલ નિરત્થ
કામ નહિં હવે ઢીલનું સેવો પ્રભુ સમરત્થ... ૧૩
નહિં તો જો તે કોપશે કોઈ ન રહેશે તીર
તસ ભુજદંડ પ્રહાર એક કેમ સહેસે તુજ શરીર... ૧૪
એ સેના વળી એ ઋદ્ધિ તિહાં લગે જાણો સર્વ
જિહાં લગે એ કોપ્યો નહિં મૂકો તે ભૂજ ગર્વ... ૧૫

## ઢાળ ૨

જારે શું તુજ મારૂં દૂત બાહુબલી બોલે થઈ ભૂત, રાજા નહિં નમે
કોપે ચઢ્યો છું તહારો રે નાંહિ એક મુઠીયે ધરૂં ધરતીમાંહિ...
રાજા નહિં નમે ૧

હું તો જાણતો તાતજી જેમ હવે ભાઈપણાનો જાણ્યો પ્રેમ, રાજા નહિં નમે
એકજ મારી કહેજે ગુજજ જો બળ હોય તો કરજે જુજઝ...
રાજા નહિં નમે ૨

દેઈ ચપેટા કાઢ્યો દૂત વિલખો થઈ વિનીતાયે પહુંત, રાજા નહિં નમે
સંભળાવ્યો સઘળો વૃત્તાંત કોપ્યો ભરતપતિ જેમ કૃતાંત...
રાજા નહિં નમે ૩

રણદુંદુભી વજડાવી જામ સેના સઘળી સજજહુઈ તામ, રાજા નહિં નમે
કોડ સવા નિજપુત્ર સકજજ રણના રસિયા હુઆ સજજ...
રાજા નહિં નમે ૪

લાખ ચોરાસી રથવળી જાણ ઘોડા લાખ ચોરાસી સાજ, રાજા નહિં નમે
લાખ ચોરાસી રથવળી જાણ લાખ ચોરાસી ધુરે નિશાણ...
રાજા નહિં નમે ૫

પાયય છન્નુ કોડિ ઝુઝાર વિદ્યાધર કિન્નર નહિં પાર, રાજા નહિં નમે
એમ સુભટની કોડાકોડ રણરસ વાધ્યો હોડા હોડ...
રાજા નહિં નમે ૬

પૃથ્વીકંપી સેનાને પૂર રજશું છાયો અંબર સૂર, રાજા નહિં નમે
સોળલાખ વાજે રણતુર ચક્રી ચાલ્યો સેનાને પૂર...
રાજા નહિં નમે ૭
પહોત્યો બહલી દેશની સીમ સુણ બાહુબલી થયો અતિભીમ, રાજા નહિં નમે
ત્રણ લાખ બાહુબલીના રે પૂત્ત ક્રોધે ચઢ્યા જાણે જમના રે દૂત...
રાજા નહિં નમે ૮
સેના સમુદ્રતણે અનુસાર કહેતા કિમ હી ન આવે પાર, રાજા નહિં નમે
ચક્રીશ્વરની સેના સર્વ તૃણ જેમ ગણતો મોટો ગર્વ...
રાજા નહિં નમે ૯
પહેરી કવચ અસવારી કીદ બાહુબલી રણડંકા દીધ, રાજા નહિં નમે
ભરતે પહેર્યો વજ્રસનાહ ગજરત્ને ચડ્યો અધિક ઉચ્છાહ...
રાજા નહિં નમે ૧૦
સામ સામાં આવ્યા બેહુના સૈન્ય કંપ્યા ગગન ને પૃથ્વી જેણ, રાજા નહિં નમે
ઘોડે ઘોડા ગજે ગજરાજ પાળે પાળા લડે રણ કાજ...
રાજા નહિં નમે ૧૧
ઝળકે ભાલા ભીમ ખડગ્ગ તીરે છાયો ગગનનો મગ્ગ, રાજા નહિં નમે
શૂરા સુભટ લડે છે તેમ નાખે ઉલાળી ગજ કાંકરી જેમ...
રાજા નહિં નમે ૧૨
રૂધિર નદીયો વહે ઠામોઠામ બારવરસ એમ કીધો સંગ્રામ, રાજા નહિં નમે
બેહુમાં કોઈ ન હાર્યો જામ ચમર સૌધર્મેન્દ્ર આવ્યા તામ...
રાજા નહિં નમે ૧૩
તાતજી સૃષ્ટિ નીપાઈ એહ કાંઈ પમાડો તેહનો છેહ, રાજા નહિં નમે
દોય ભાઈ ગ્રહો રણ ભાર જેમ ન હોય જનનો સંહાર...
રાજા નહિં નમે ૧૪
માન્યું વચન બે ભાઈએ જામ દેવે થાપ્યા ત્યાં પાંચ સંગ્રામ, રાજા નહિં નમે
દષ્ટિ વચન બાહુ મૂઠી ને દંડ બેહુભાઈ કરે યુદ્ધપ્રચંડ...
રાજા નહિં નમે ૧૫

**દુહા**

અનિમિષ નયણે જોવતાં ઘડી એક થઈ જામ

ચક્રીને નયણે તુરત આવ્યા આંસુ તામ... ૧
સિંહનાદ ભરતે કર્યો જાણે ફુટ્યો બ્રહ્માંડ
ગેંડાનાદે બાહુબળે તે ઢાંકયો અતિચંડ... ૨
ભરતે બાહુ પસારિયો તે વાળ્યો જિમ કંબ
વાનર જિમ હીંચે ભરત બાહુબલિ ભુજ લંબ... ૩
ભરતે મારી મુષ્ટિકા બાહુબલિ શિર માંય
જાનુલગે બાહુગલિ ધરતી માંહે જાય... ૪
ગગન ઉછાળી બાહુબળે મૂકી એહવી મૂઠ
પેઠો ભરતેશ્વર તુરત ધરતીમાંહે આકંઠ... ૫
ભરત દંડે બાહુતણો ચૂર્યો મુગટ સનુર
ભરત તણો બાહુબળે કીયો કવચ ચકચૂર... ૬
બોલ્યા સાખી દેવતા હાર્યા ભરત નરેશ
બાહુબલિ ઉપર થઈ ફુલ વૃષ્ટિ સુવિશેષ... ૭
ચક્રી અતિ વિલખો થયો વાચા ચૂકયો તામ
બાહુબલી ભાઈ ભણી મૂકયું ચક્ર ઉદ્દામ... ૮
ઘરમાં ચક્ર ફરે નહિં કરી પ્રદક્ષિણા તાસ
તેજે ઝળહળતું થકું આવ્યું ચક્રી પાસ... ૯
બાહુબલી કોપે ચઢ્યા જાણે કરૂં ચકચૂર
મૂઠી ઉપાડી મારવા તવ ઉગ્યો દયા અંકુર... ૧૦
તામ વિચારે ચિત્તમેં કિમ કરી મારૂં ભ્રાત
મૂઠી પણ કિમ સંહરૂં આવી બની દોય બાત... ૧૧
હસ્તિદંત જે નીકળ્યા તે કિમ પાછા જાય
ઈમ જાણી નિજ કેશનો લોચ કરે નરરાય... ૧૨

## ઢાળ ૩

તવ ભરતેશ્વર વિનવે રે ભાઈ ખમો ખમો મુજ અપરાધ
હું ઓછો ને ઉછાંછળો રે ભાઈ તું છે અતિહી અગાધ રે
બાહુબલિભાઈ ! યું કયું કીજે એ ? ૧
તું મુજ શીરનો સેહરોરે ભાઈ હું તુજ પગની રે ખેહ

એ સવિ રાજ્ય છે તાહરૂં રે ભાઈ મનમાને તસ દેહ રે... બાહુબલિ૦ ૨
હું અપરાધી પાપીયો રે ભાઈ કીધાં અનેક અકાજ
લોભવશે મૂકાવિયાં રે ભાઈ ભાઈ અઠાણુંના રાજ રે... બાહુબલિ૦ ૩
એક બંધવ તું માહરે રે ભાઈ તે પણ આદરે એમ
તો હું અપજશ આગળો રે ભાઈ રહેશું જગમાં કેમ રે... બાહુબલિ૦ ૪
ક્રોડવાર કહું તુજને રે ભાઈ તાતજી ઋષભની આણ
એકવાર હસી બોલને રે ભાઈ કર મુજ જન્મ પ્રમાણ રે... બાહુબલિ૦ ૫
ગુન્હો ઘણો છે માહરો રે ભાઈ બક્ષીસ કરીય પમાય
રાખો રખે દૂમણ કિશી રે ભાઈ લળી લળી લાગું છું પાયરે... બાહુબલિ૦ ૬
ચક્રીને નયણેં ઝરે રે ભાઈ આંસુડા કેરી ધાર
તે દુઃખ જાણે તે ઉરે રે ભાઈ કે જાણે કિરતાર રે... બાહુબલિ૦ ૭
નિજ નયરી વિનીતા ભણી રે ભાઈ જાતાં ન વહે પાય
હા મૂરખ ! મેં શું કિયું રે ભાઈ ઈમ ઉભો પસ્તાય રે... બાહુબલિ૦ ૮
વિવિધ વચન ભરતેશના રે ભાઈ સુણી નવિ રાચ્યા તેહ
લીધું વ્રત તે કયું ફિરે રે ભાઈ જેમ હથેળીમાં રેહ રે... બાહુબલિ૦ ૯
રાજ્ય છોડી હુઆ સંયમી રે ભાઈ ધરી અભિમાન મન ધ્યાન
બ્રાહ્મી સુંદરી પ્રતિબોધવા રે ભાઈ મોકલે ત્રિભુવન ભાણ રે...
બાહુબલિ૦ ૧૦
વીરા ! ગજ થકી ઉતરો રે ભાઈ ગજ ચડયે કેવલ ન હોય
બેન વચન શ્રવણેં સુણી રે ભાઈ ચેત્યો ચતુરનર સોય રે... બાહુબલિ૦ ૧૧
કેવલ લહી મુગતે ગયા રે ભાઈ બાહુબલી અણગાર
પ્રાતઃ સમય નિત્ય પ્રણમીયે રે ભાઈ જિમ હોય જય જયકાર રે...
બાહુબલિ૦ ૧૨

કળશ : શ્રી ઋષભ જિન સુપસાય ઈણિપરે સંવત સત્તર ઈકોતેરે
ભાદ્રવા શુદિ પડવા તણે દિન રવિવાર ઉલટ ભરે
વિમલ વિજય ઉવજ્ઝાય સદ્ગુરૂ સીસરતન કહે શુભ વરે
બાહુબલિ મુનિરાજ ગાતાં રામવિજય જયશ્રી વરે... ૧૩

## [+] ૧૦૯. ભરત-બાહુબલીની સજ્ઝાય

ભરતજી કહે કરજોડી બાહુબલિ આગળે
તું છે મોટો સાગર સમાન અગાધ જો
અજ્ઞાન વશ થઈ યુદ્ધમાં તુજને બોલાવીઓ
ક્ષમા કરો તે સર્વ મુજ અપરાધ જો... ૧
આયુધ શાળે ચક્ર ન પેઠું-તે કારણે
અઠ્ઠાણું ભાઈને બોલાવ્યા ધરી પ્રેમ જો
મુજ આણામાં રહીને રાજ્ય ભોગવો
દૂત મુખે મેં કહેવરાવ્યું હતું એમ જો... ૨
તેઓ સઘળાં વિરૂપ કરી ચાલ્યા ગયા
તાત પાસે જઈ લીધો સંયમ ભાર જો
તે તો ત્યાગી થયા ને તું પણ થાય છે
તો પછી મારે લેવો કોનો આધાર જો... ૩
વેષ તજીને પાછો વળી જા રાજ્યમાં
રાજ્ય બીજા પણ હર્ષથી દઉં છું આજ જો
નિર્ભય થઈને રાજ્ય તમારૂં ભોગવો
નહિં તો જગમાં કેમ રહેશે મુજ લાજ જો... ૪
નામ ને ગુણથી બાહુબલિ તુજ નામ છે
સત્ય કરી દેખાડ્યું તે નિરધાર જો
ગુણ તમારા એક મુખે ન કહી શકું
આપ છો મોટા ગુણ મણીના ભંડાર જો... ૫
મારી ભૂજા તો ખરી હતી બંધુ તમે
મુજને છોડી ચાલ્યા જશો નિરધાર જો
તો મુજ શિર પર ચડશે અપયશ ટોપલો
મુખ બતાવીશ કેવી રીતે હું બહાર જો... ૬
બાંધવ બાંધવ કહીને એકવાર બોલ તું
નહિં બોલો તો તાતજી ઋષભની આણ જો
સ્નેહભરી દૃષ્ટિથી મુજને ભેટશો
જેહથી મારો જશનો ઉગે ભાણજો... ૭

શું મોઢું લઈ જાવું હું વિનીતાપુરીમાં
ભાઈ વિના મને લાગે સૂનો સંસાર જો
ધ્રુસકે રડતાં કંઠથી અક્ષર ત્રુટતાં
ચક્રીની આંખે અશ્રુની પડતી ધારજો... ૮
લઘુભ્રાતાના રાજ્ય કરાવ્યા ખાલસા
તુજ સાથે લડી રૂધિરની કરી નીકજો
રાજ્યમદે ભાઈ-ભાઈનો સ્નેહ ત્યજાવીયો
લોભના વશથી ભવની ન રાખી બીકજો... ૯
રાંડ્યા પછી તો ડહાપણ આવે લોકમાં
એ કહેવત મને લાગુ પડતી થાય જો
પશ્ચાતાપનો પાર નથી હવે ઉરમાં
મુજ અંતરમાં સળગી ઉઠી છે લાય જો... ૧૦
મોહ ને ખેદના વાક્ય ભરતના સાંભળી
બોલે બાહુબલી સાંભળ ચક્રી નરેશ જો
રાજ્ય, રમા ને રાગનીરાગ ક્ષણીકતા
જાણી લીધો મેં સાચો સાધુવેશ જો... ૧૧
બાહુબલી બોલે છે ભરતની આગળે
મારૂં વ્રત છે હસ્તની રેખા સમાન જો
ખેદ તજીને રાજ્ય ભરતનું ભોગવો
સત્યવસ્તુનું આજે થયું મુજ ભાન જો... ૧૨
ભગિની ભ્રાતા પિતાના માર્ગે સહુ ગયા
ત્યાગ-વૈરાગ્યને ધર્મના થઈને જાણ જો
તત્ત્વરમણતા અનુભવ જ્ઞાનની ભૂમિકા
મુનિ મારગ છે અમૂલ્ય ગુણની ખાણજો... ૧૩
મુનિ મક્કમતા જોઈ ભરતજી વાંદતાં
સ્તુતિ કરંતા વિનીતા પુરીમાં જાય જો
નિર્લેપ રહીને નીતિથી રાજ્યને પાળતાં
ઉદય કરવા ગુણીના નિત્ય ગુણ ગાય જો... ૧૪

## ૧૧૦. ભાવડશા શેઠની સજ્ઝાય

શેઠ ભાવડ નામે વાણીયો રે મૂક સુપન લહે નાર રે
ઋણ સંબંધે સુત ઉપન્યો રે જાણ્યો મૃતયોગ વિચાર રે... શેઠ૦ ૧
માલણ નદી તટ જઈ કરી રે મૂકીયો સુકે ઝાડ રે
પ્રથમ રોયો પછી હસ્યો રે બોલીયો જડબું ફાડ રે... શેઠ૦ ૨
બાલક રોયો ઈણ કારણે રે માગું લાખ ટકાય રે
લેઈ અટવી માંહે મૂકીયો રે તાત મૂરખ કાંઈ ખાય રે... શેઠ૦ ૩
બાળ હસ્યો તેણે કારણે રે નહિં ધર્યા ટકા લાખ રે
તુમ ઘરે જુઠું બહુ હસે રે જાણો એ સાચી ભાખ રે... શેઠ૦ ૪
પાછો ઘેર લઈ આવીયો રે ખરચ્યું લાખ સુવર્ણ રે
જન્મ મહોત્સવ કરે તિહાં ઘણો રે છઠ્ઠે દિને પામ્યો મરણ રે... શેઠ૦ ૫
બીજો પુત્ર અવસરે જનમીયો રે ત્રણ લાખ દેવા તાત રે
મૂક્યો રણ તવ બોલીયો રે લાવ્યા ઘેર સંઘાત રે... શેઠ૦ ૬
ત્રણ લાખ ટકા ખરચીયા રે છઠ્ઠે દિવસે થયું મરણ રે
ત્રીજું સ્વપ્ન લઈ અવતર્યો રે દેહનો કંચન વરણ રે... શેઠ૦ ૭
તેહને માંડ્યો વન મૂકવા રે બોલ્યો મુખથી ભાખ રે
મુજને કાંઈ તજો તાતજી રે દેવા છે ઓગણીસ લાખ રે... શેઠ૦ ૮
સુણીય વચન સુતને ગ્રહ્યો રે દીધું ભાવડ નામ રે
અનુક્રમે તે યૌવન લહે રે બહુ વાધ્યા ગુણ ગ્રામ રે... શેઠ૦ ૯
*માત-પિતા પરભવ ગયા* રે ઓગણીસ લાખ ટકાય રે
માંડ્યા તેણે તિહાં ખરચવા રે ભરાવી ત્રણ પ્રતિમાંય રે... શેઠ૦ ૧૦
ઋષભ અને પુંડરીકની રે ચક્રેશ્વરી દેવી સંતુષ્ટ રે
નવ લાખ ટકા તેહને દિયા રે દશ લાખ કીધી પ્રતિષ્ઠ રે... શેઠ૦ ૧૧
અઢાર વહાણ ધન લાવીયા રે સોનું અસંખ્ય અપાર રે
શત્રુંજય ઉદ્ધાર કરાવીયો રે મણિમય બિંબ સુસાર રે... શેઠ૦ ૧૨
એમ ઋણ છુટી અનૃણ થયો રે કીધાં પુણ્ય અનેક રે
વિનય કહે દેણું નવિ ગમે રે જેહને પોતે વિવેક રે... શેઠ૦ ૧૩

## ૧૧૧. ભીલડીની સજ્ઝાય

સરસ્વતી સ્વામીને વિનવું માગું એક પસાય
સતી રે શિરોમણિ ગાઈશું ધિંગડમલ્લરાય, વન છે અતિ રૂઅડો... ૧
ભિલ્લી કહે સુણો સ્વામીજી મારૂં વચન અવધારો
ફલ રે ખાવા અમે જાઈશું ઈણે વન મોઝારો... વન૦... ૨
ભીલ કહે સુણો ગોરડી ઈણે વન ન જાશો
પરપુરૂષ તમને દેખશે ધિંગડ મલ્લરાય... વન૦... ૩
ભીલી કહે સુણો સ્વામીજી મારૂં વચન અવધારો
પરપુરૂષ ભાઈ-બાંધવ મારે ભીલ્લ છે રાય... વન૦... ૪
સ્વામી તણી આજ્ઞા લઈ ભીલી રમવાને ચાલી
વનરે દીઠો રળીયામણો ભીલી ખેલવા લાગી... વન૦... ૫
દ્રમકરાય પુંઠે ઉભો ઝબકી નાઠી રે ભીલી
કમળે કમળે ગુફા અછે ભીલી ભીંતમાં પેઠી... વન૦... ૬
ગજગતિ ચાલે ચાલતી તારાં દુઃખે છે પાય
નમણી પદ્મણી વાલહી પહેરણ પહેર્યા છે પાન... વન૦... ૭
રાય કહે પ્રધાન સુણો ભીલ્લી રૂપે છે રૂડી
ભોળ કરીને ભોળવો મારે મંદિરે લાવો તેડી...વન૦... ૮
પ્રધાન ચઢીને આવીયો લાગ્યો ભીલ્લીને પાય
રાયકહે હું પ્રાણ તજું શું કરવું મોરી માય... વન૦... ૯
કહે તું અપછરા દેવકન્યા કહે તું દેવજ પુત્રી
એક અચંબો મુજને પડ્યો પહેરણ પહેર્યા છે પાના... વન૦...૧૦
નહિં હું અપછરા દેવકન્યા નહિં હું દેવજ પુત્રી
જન્મ દીયો મુજ માવડી રૂપ દીયો કિરતાર... વન૦... ૧૧
વન વસોતુમે ઝુંપડા આવો અમારે આવાસ
અમ રે સરિખા રાજવી કેમ મેલો નિરાશ...વન૦... ૧૨
વન રે ભલું મારં ઝુંપડું ખપ નહિં રે આવાસ
અમ રે સરીખી ગોરડી તારે ઘેર છે દાસ... વન૦... ૧૩
સાલ દાલ ઘૃત સાલણા નિત્ય નવા રે તંબોલ
પહેરણ ચીર પટોળીયા બેસો હીંચકે હિંડોલ... વન૦... ૧૪

ભોજન કાંઈક કરાવીયે રાજા અર્થે અજાણ
ભોજન અમારો કદકીયાં તાંદળા દેજી વજીર... વન૦... ૧૫
પેરણ કાંઈક સરાવીએ, રાજા અર્થે અજાણ્યો,
પેરણ પાન પટોલિયા, મુજ ભીલને સોહે... વન૦... ૧૬
પૃથ્વીપતિનો રાજીઓ તે તો કહીયે બાપ
અમને પરિસહ કાં કરો તમને લાગે છે પાપ... વન૦... ૧૭
મેરૂ ડગે તો હું ના ડગું- ઉગે પશ્ચિમ જો ભાણ
મારૂં શીયલ ખંડિત નવિ કરૂં જો જાયે અમ પ્રાણ... વન૦... ૧૮
રાય તુરંગેથી ઉતર્યો લાગ્યો ભિલ્લીને પાય
વચન કુવચન કીધા ઘણા તે ખમજ્યો મોરી માય... વન૦... ૧૯
ભેરી વાગે ભુંગળ વાગે વાગે નવરંગ તાલ
ભીલી પધાર્યા મંદિરે વર્ત્યો જય જયકાર... વન છે અતિ રૂઅડો... ૨૦
ઉદય રત્નની વિનંતી, એ ઢાળ છે પૂરી,
નરનારી તમે સાંભળો, એ સતી છે રૂડી... વન૦... ૨૧

## [X] ૧૧૨. મદનમંજુષાની સજ્ઝાય

વહાણમાં રૂવે રે મદનમંજુષા કરતી અતિશય વિલાપ
પિયુજી પિયુજી એ ઝંખે ઘણું ધરતી મનમાં સંતાપ... વહાણમાં૦ ૧
મધ્ય દરિયે રે વ્હાણ ચલાવતાં ઉદય થયા સર્વે પાપ
પડતાં પીયુ આ સમુદ્રમાં અબળા થઈ આપો આપ... વહાણમાં૦૨
વૈરી થયો આ વાણીયો જેણે કીધો કાળો કેર
નિરાધાર મૂકી છે મુજને લીંધુ કિયા જનમનું વેર... વહાણમાં૦ ૩
મુજ રૂપે મોહ્યો તે પાપીયો કુબુદ્ધિનો ભંડાર
કાળીરાતે મુજ કંતને નાખ્યા સમુદ્ર મોઝાર... વહાણમાં૦ ૪
ઉંચો આભ નીચે નીર છે અંધારી છે વળી રાત
નજરે ન દેખું મારા નાથને પામ્યા સમુદ્ર વિઘાત... વહાણમાં૦ ૫
દૂર રહ્યા પીયર-સાસરા છૂટી પડ્યો જન્મ આધાર
પ્રભુજી વિના મારૂં કોઈ નથી જીવને પુણ્યનો છે આધાર...
વહાણમાં૦ ૬

કુશલ હોજો મુજ કંતને આજની છે અર્ધરાત
વેળા પડી વિષમ દુઃખની હું છું અજ્ઞાની જ બાળ... વહાણમાં૦ ૭
અન્ન-જળ લેવા તે મુજને આજથી છે પચ્ચખાણ
ધ્યાન ધરૂં જિનરાજનું પાળું પ્રભુજીની આણ... વહાણમાં૦ ૮
હીરવિજય ગુરૂ હીરલો વીરવિજય ગુણ ગાય
વિનયવિજય ગુરૂ રાજીયા તેહના વંદુ નિત્ય પાય... વહાણમાં૦ ૯

## ૧૧૩. મનકમુનિની સજઝાય

નમો નમો મનક મહામુનિ બાળપણે વ્રત લીધો રે
પ્રેમ પિતાશું રે પરઠીઓ માયશું મોહ ન કીધો રે... નમોનમો૦ ૧
પૂરણ ચૌદ પૂરવધણી સિજ્જંભવ જસ તાતો રે
ચોથો પટોધર વીરનો મહીયલમાંહે વિખ્યાતો રે... નમોનમો૦ ૨
શ્રી સિજ્જંભવ ગણધરે ઉદ્દેશી નિજપુત્રો રે
સયલ સિદ્ધાંતથી ઉદ્ધરી દશવૈકાલિક સૂત્રો રે... નમોનમો૦ ૩
છમાસે પૂરણ ભણ્યો દશ અધ્યયન રસાલો રે
આળસ અંગથી પરિહરી ધન ધન એ મુનિ બાલો રે... નમોનમો૦૪
ચરિત્ર ષટમાસ વાહલા પાળી પુણ્ય પવિત્રો રે
સ્વર્ગે સમાધિએ સિધાવીઓ કરી જગજનને મિત્રો રે... નમોનમો૦ ૫
પુત્ર મરણ પામ્યા પછી સિજ્જંભવ ગણધારો રે
બહુ શ્રુત દુઃખ મનમાં ધરે તેમ નયણેં જળધારો રે... નમોનમો૦ ૬
પ્રભુ તમે બહુ પ્રતિબોધીયા સમ સંવેગીયા સાધ રે
અમે આંસુ નવિ દીઠડા તુમ નયણે નિરાબાધ રે... નમોનમો૦ ૭
અમને એ મુનિ મનકલો સુત સબંધથી મળીયો રે
વિણસે અરથ કહ્યા થકાં પણ કેણે નવિ કળીયો રે... નમોનમો૦ ૮
શું કહીએ સંસારીને એ એહવી સ્થિતિ દીસે રે
તન દીઠે મન ઉલ્લસે જોતાં હીયડલું હીસે રે... નમોનમો૦ ૯
લબ્ધિ કહે ભવિયણ તુમે મકરો મોહ વિકારો રે
તો તુમ્હે મનકતણી પરે પામો સદ્‌ગતિ સારો રે... નમોનમો૦ ૧૦

## • ૧૧૪. મનોરમા સતીની સજ્ઝાય

મોહનગારી મનોરમા, શેઠ સુદર્શન નારી રે;
શીલ પ્રભાવે શાસન સુરી, થઈ જસ સાંનિધ્યકારી રે. મો૦ ૧

દધિવાહન નૃપની પ્રિયા, અભયા દીએ કલંક રે;
કોપ્યો ચંપાપતિ કહે, શૂલી રોપણ વંક રે. મો૦ ૨

તે નિસુણીને મનોરમા, કરે કાઉસ્સગ્ગ ધરી ધ્યાન રે;
દંપતિ શીલ જો નિર્મલું, તો વધો શાસન માન રે. મો૦ ૩

શૂલી સિંહાસન થઈ, શાસન દેવી હજુર રે;
સંજમ ગ્રહી થયાં કેવલી, દંપતી દોય સનુર રે. મો૦ ૪

જ્ઞાનવિમલ ગુણ શીલથી, શાસન શોભા ચઢાવે રે;
સુરનર સવિ તસ કિંકરા, શિવસુંદરી તે પાવે રે. મો૦ ૫

## ૧૧૫. મયણરેહા સતીની સજ્ઝાયો

નયર સુદર્શન મણિરથ રાજા યુગબાહુ યુવરાજાજી
મયણરેહા યુગબાહુની ઘરણી શીલતણાં ગુણતાજાજી... ૧

મણિરથ મોહ્યો તેહને રૂપે બંધન કીધો ઘાતજી
મયણરેહાએ તે નિઝામ્યો સુરસુખ લહ્યો વિખ્યાતજી... ૨

ચંદ્રયશા અંગજ ઘરછોડી ગર્ભવતી શીલવંતીજી
એકલડી પરદેશે પ્રસવ્યો સુંદર સુત સરપંતેજી... ૩

જલહાથીયે ગગને ઉછાળી વિદ્યાધર લીયે તેહનેજી
કામવયણ ભાખ્યા પણ ન ચળી, જિમમંદિર ગિરિ પવનેંજી... ૪

આશ્વાસી નંદીશ્વરદ્વીપે શાશ્વતતીર્થ ભેટેજી
તિહાં જ્ઞાની મુનિ અને નિજપતિસુર, દેખી દુઃખ સવિ મેટેજી... ૫

પૂરવભવ નિસુણીને સુતનો સવિસંબંધ જણાવ્યોજી
મિથિલાપુરીપતિ પદ્મરથ રાજા અશ્વે અપહર્યો આવ્યોજી... ૬

પુષ્પમાલાને તે સુત આપ્યો નમી ઠવ્યું તસ નામજી

તે મુનિ જનક છે વિદ્યાધરનો તસ વચને ગત કામજી... ૭

મયણરેહા ઈમ શીલ અખંડીત થઈ સાહુણી આપેજી
મણીરથ સર્પ ડસ્યો ગયો નરકે ચંદ્રયશા નૃપ થાપેજી... ૮

રાજા પદ્મરથે પણ નમીને રાજ્યદેઈ લીયે દીક્ષાજી
કેવલ પામી મુગતે પહોંચ્યા ગ્રહી સદ્ગુરૂની શિક્ષાજી... ૯

એક દિન નમિ રાજાનો હાથી ચંદ્રજસાપુરી જાયજી
તેહ નિમિત્તે નમિ-ચંદ્રયશાને યુદ્ધ સંબંધ તે થાયજી...૧૦

સાધ્વી યુદ્ધ નિવારણ કાજે બંધવચરિત્ર જણાવેજી
નમિને રાજ્ય દેઈને ચંદ્રજસા ગ્રહી સંયમ શિવજાવેજી... ૧૧

નમિરાય પણ દાહ જવર રોગે વલય શબ્દથી બૂઝયોજી
ઈંદ્ર પરીખ્યો પણ નવિ ચળીયો કર્મનૃપતિસ્યું ઝુઝયોજી... ૧૨

ઉત્તરાધ્યયને પ્રત્યેક બુદ્ધના વિસ્તારે સંબંધજી
મયણરેહા પણ શિવસુખ પામી જ્ઞાનવિમલ અનુબંધજી... ૧૩

## • ૧૧૬. મરૂદેવી માતાની સજ્ઝાયો (૧)

મરૂદેવી માતા રે એમ ભણે, ઋષભજી આવોને ઘેર;
હવે મુજ ઘડપણ છે ઘણું, મળવા પુત્ર વિશેષ મરૂદેવી૦ ૧

વત્સ તુમે વનમાં જઈ શું વસ્યા, તમારે ઓછું શું આજ;
ઈન્દ્રાદિક સાથે શોભતાં, સાધ્યા ષટ્ ખંડ રાજ. મરૂદેવી૦ ૨

સાચું સગપણ માતા તણું, બીજો કારમો લોક;
રડતાં પડતાં મેલો નહિ, હૃદય વિચારીને જોય. મરૂદેવી૦ ૩

ઋષભજી આવી સમોસર્યા, વિનીતા નગરી મોઝાર;
હરખે દેઉં રે વધામણા, ઉઠી કરું રે ઉલ્લાસ. મરૂદેવી૦ ૪

આઈ બેઠા ગજ ઉપરે, ભરતજી વાંદવા જાય;
દૂરથી વાજાં રે વાગીયાં, હૈડે હરખ ન માય. મરૂદેવી૦ ૫

હરખના આંસુ રે આવીયા, પડલ તે દૂરે પલાય;

પર્ષદા દીઠી રે પુત્રની, ઉપન્યું કેવળજ્ઞાન. મરૂદેવી૦ ૬

ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેહનો પરિવાર;
વિનયવિજય ઉવજ્ઝાયનો, વર્ત્યો છે જયજયકાર. મરૂદેવી૦ ૭

## • ૧૧૭. મરૂદેવી માતાની સજ્ઝાયો (૨)

તુજ સાથે નહીં બોલું રિખવજી, તેં મુજને વિસારી જી;
અનંત જ્ઞાનની ઋદ્ધિ તું પામ્યો, તો જનની ન સંભારી જી, તુજ૦ ૧

મુજને મોહ હતો તુજ ઉપરે, ઋષભ ઋષભ કરી જપતી જી;
અન્ન ઉદક મુજને નવિ રુચતું, તુજ મુખ જોવા તલપતી જી. તુજ૦ ૨

તું બેઠો શિરછત્ર ધરાવે, સેવે સુરનર કોટી જી;
તો જનનીને કેમ સંભારે, જોઈ જોઈ તારી પ્રીતિજી. તુજ૦ ૩

તું નથી કેનો ને હું નથી કેની, ઈહાં નથી કોઈ કેનું જી;
મમતા મોહ ધરે જે મનમાં, મૂર્ખપણું સવિ તેહનું જી. તુજ૦ ૪

અનિત્ય ભાવે ચડયા મરૂદેવા, બેઠા ગજવર ખંધે જી;
અંતગડ કેવળી થઈ ગયા મુગતે, રિખવને મન આણંદ જી, તુજ૦ ૫

## [X] ૧૧૮. મરૂદેવી માતાની સજ્ઝાયો (૩) (ઢાળ-૪)

### ઢાળ-૧

માતાજી મરૂદેવા રે ભરતને એમ કહે
ધન ધન પુત્ર મુજ કુલ તુજ અવતાર જો
પણ દાદીના દુઃખડાં તેં નવિ જાણીયા
કેઈવિધ કરી તુજ આગળ કરૂં પોકાર જો... માતાજી૦ ૧
જે દિનથી ઋષભજીએ દીક્ષા આદરી
તે દિનથી મુજ આ સઘળું ન ખમાય જો
આંખલડી અલૂણી રે થઈ ઉજાગરે
રાત દિવસ મુજ નિદ્રા વિહૂણા જાય જો... માતાજી૦ ૨
તુજ સરિખો કાંઈ પુત્ર જ માહરે લાડકો
તાતની ખબર ન લેતો દેશ-પરદેશ જો

અનેક સુખ વિલસે તું રંગમહોલમાં
ઋષભજી તો વનમાં વિરૂએ વેષ જો... માતાજી૦ ૩
ખરા બપોરે એકલો ફરતો ગોચરી
શિર ઉઘાડે પાય અડવાણે જોય જો
અરસ વીરસ ઉનાં જલ મેલાં કપડાં
ઘરઘર આંગણ ફરતો હીંડે સોય જો... માતાજી૦ ૪
બાળ લીલા મંદિરીયે રમતો આંગણે
યક્ષ વિદ્યાધર સોહમ ઈંદ્રને સંગ જો
હું દેખી મનમાંહી હૈડે હીસતી
ચોસઠ ઈંદ્ર આવી કરતા ઉમંગ જો... માતાજી૦ ૫
મ્હારા રે સુખડા તે સુત સાથે ગયા
દુ:ખના હૈડે ચઢી આવ્યા છે પૂરજો
પૂરવની અંતરાય તે આજે આવી નડી
કેઈવિધ કરીને ધીરજ રાખું ઉર જો... માતાજી૦ ૬
પુરી અયોધ્યા કેરો સુત તું રાજીયો
રાજઋદ્ધિ મંદિર બહોળો પરિવાર જો
રાજધાનીના સુખમાં વાત ન સાંભરે
રાતદિવસ રહેતો રંગ મહોલ મોઝાર જો... માતાજી૦ ૭
સહસ વરસ ઋષભજીને ફરતાં વહી ગયા
હજુ ખબર નહિં સંદેશો નહિં નામ જો
એહવું તે કઠણ રે હૈયું કેમ થયું
સુગુણ સુતના એહવા નવિ હોય કામ જો... માતાજી૦ ૮
ખબર કઢાવો સુભટ બહુલા મોકલી જુઓ
તાતતણી ગતિ શી-શી હોય જો
સેવકનાં સ્વામી રે એહવું કહાવજો
નિજ માતા દિનદિન વાટલડી જોય જો... માતાજી૦ ૯

## ઢાળ ૨

ઓળંભા ઈણવિધ સુણી દાદી તણા ભરતજી બોલે લળીલળી મધુરી વાણજો

તુજ સુતની વાતો રે દાદી શી કહું કેઈવિધ કરી હું મુખથી કરૂં વખાણજો...
ઓળંભા૦ ૧

પંચમહાવ્રત સુધાં તુજ સુતે આદર્યાં ટાળ્યા મનથી ક્રોધાધિક કષાય જો
વેર વિરોધ ઈંદ્રિય રે પાંચે વશ કરી નવ આડે શુદ્ધ પાળે છે બ્રહ્મચર્ય જો...
ઓળંભા૦ ૨

પંચાચાર ને વળી પંચસમિતિ ગ્રહી ત્રણ ગુપ્તિ એ આતમ શુદ્ધ કીયો સોય જો
સત્તાવીસ ગુણે રે કરીને શોભતાં નિર્દોષી અણગાર મુનીશ્વર હોય જો...
ઓળંભા૦ ૩

બારે ને મસવાડા તપ પૂરો તપ્યા સંચિત કર્મ કીધાં તે સઘળાં ચૂર જો
મોહ-માયાના દલ સઘળાં ચૂરણ કર્યા ચઢતે પરિણામે લડીયા જે રણ શૂરજો...
ઓળંભા૦ ૪

સ્વજન કુટુંબની તેહને મન ઈચ્છા નહિં રાજઋદ્ધિ સિદ્ધિ તસ સકલ અકામજો
અંતે તે અળગું અ સઘળું જાણીયું તે છંડી જઈ વિચર્યા અનેરે ધામ જો...
ઓળંભા૦ ૫

ધન્ય તે દેશને ધન્ય તે નગર સોહામણું, ધન્ય તેહની વન વાડી ધન્ય શુભ કામ જો
ધન્ય ભૂમિ જિહાં પ્રભુજી પગલાં માંડતાં, જેણે વાંધા તેહનાં સિદ્ધ હુઆ સવિ કામ જો...
ઓળંભા૦ ૬

ઋદ્ધિ અનંતી આગળ તુમ સુત પામશે શાશ્વતાં સુખ મુક્તિકેરાં સોય જો
થોડા રે દહાડામાં દાદી જાણજો, કેવલ મહોચ્છવ તુમ સુત કેરો હોય જો...
ઓળંભા૦ ૭

ઈમ દાદીને ધીરજ દેતાં દિનપ્રતેં સુણીસુણી દાદી ધીરજ ધરતી મન્નજો
આશાને વિલુધી રે માડી નિત રહે રોતી ઋષભનું ધ્યાન સુમનને તન્ન જો...
ઓળંભા૦ ૮

સહસવરસ ફરતાં ઈમ ઈણવિધે થયા કર્મ ખપાવી સમવસર્યા ઉદ્યાન જો
ઉગમતે સૂરે રે રૂકતળે ઉપન્યું ઝગમગજ્યોતિ નિર્મલ કેવલ જ્ઞાન જો...
ઓળંભા૦ ૯

ઈણ અવસરમાં ભરતસભામાં વધામણી પુરિમતાલે પિતાને કેવલનાણ જો
કરજોડી સેવકજન આપે લધામણી ભવબંધનથી છોડી કરો નિરવાણ જો...
ઓળંભા૦ ૧૦

## ઢાળ ૩

નગરી અયોધ્યામાં રે આજ આનંદ ઉપન્યો
સુણી સુણી શ્રી આદીશ્વર સમવસરણ જો
ભરતેશ્વરે જઈ દાદીને વધાવીયા
મુખથી કહેતા મીઠી અમૃતવાણ જો... નગરી૦ ૧
સુણો દાદી વધાઈ આજ છે માહરી
પુરિમતાલે પિતાજીને કેવલજ્ઞાન જો
ત્રિગડું રે રચીયું મળી ચોસઠ દેવતા
ઈંદ્ર ઈંદ્રાણી - ગંધર્વ કરતા ગાન જો... નગરી૦ ૨
ચોસઠ ઈંદ્ર ત્રિગડે જિનપદ સેવતાં
દેવદુંદુભીના નાદ હુવે છે રસાળ જો
દેવઘંટા ઝણકારની આભે ગર્જના
છપ્પન કુમરી મંગલ બોલે વિશાલ જો... નગરી૦ ૩
ત્રિગડા કેરી રચના દાદી શી કહું
જોજનમાંહી દીસે ઝાકઝમાળ જો
સોવનમય કોશીશારત્ન હીરે જડ્યા
રતને તોરણ દીસે રંગરસાલ જો... નગરી૦ ૪
કનક સિંહાસન મધ્યે મણિ રત્ને જડિત
તિહાં બિરાજે ત્રિભુવન કેરો નાથ જો
બારે તે પર્ષદા મિલી કાંઈ એકઠી
નાચે અપછરા ઓચ્છવ હુવે ઠાઠ જો... નગરી૦ ૫
માતાજી વધાઈ ઈણવિધ સાંભળી
આરતિ છાંડી ઉલટ હૈડે થાય જો
સાઠ-આઠ પગ સામા જઈ નીચે નમી
લળીલળી વાંદે ઋષભ જિણંદના પાયજો... નગરી૦ ૬
સહસ વરસના દુઃખડાં સર્વ મટી ગયા
ઉમંગ અંગે આનંદ રંગના રોળ જો
ભરતેશ્વરના દાદી લેતી વારણાં પુત્ર
હુવો એ સાચો તારો બોલજો... નગરી૦ ૭

માતાજીવંદન ઋષભજિન કારણે
પાખરીયો ઐરાવત હસ્તી સારજો
બહુ મૂલા આભરણને વસ્ત્ર જ પહેરીયા
સાથે સખી વળી સુભટ ને અસવાર જો... નગરી૦ ૮
બહુ આડંબરે વંદન કારણ સંચર્યા
પંચ શબ્દ તણા આગળ હોય અવાજ જો
એક જીભે મુખથી કેમ જાયે વર્ણવ્યા
ધન્ય જેણે તે નિરખ્યા સર્વે સાજ જો... નગરી૦ ૯
ભાવે ચઢ્યા માતાજી ચઢતે પરિણામ શું
તુટી જાળી કર્મતણી જે ભૂર જો
દૂરેથી ત્રિગડું રે નયણે નિરખતાં કેવલ
લહ્યું જેમ ઉગ્યો અંબરે સુર જો... નગરી૦ ૧૦
જન્મ મરણ દુઃખડાં રે સર્વ મટી ગયા
શાશ્વતા સુખ મુક્તિ કેરા પાય જો
ગુણી પુરૂષના ગુણગાવે શુદ્ધ ભાવથી
ઋષિરાયચંદ વદે તેહ મુક્તિમાં જાયજો... નગરી૦ ૧૧

## ઢાળ ૪

ઈણહી જંબુદ્વીપે હો ભરત ક્ષેત્રમાં રે વિરહો મુક્તિનો હોય
અઢાર કોડા કોડી હો સગર માહેરો કહ્યો, મુકતે ગયો નહિં કોય
માતા મરૂદેવા હો મુક્તિનો ખોલ્યો બારણો રે જડીયો જંબુકુમાર...
માતાજી૦૧
અંતક્રિયા તિહાં ભાખી હો પહેલાં પહોંત્યા નિરવાણ
સૂત્ર ઠાણાંગમાં રે વિવરીને કહ્યું આગમ વચન પ્રમાણ...
માતાજી૦ ૨
કેળસરખી કાયાં હો ઉંચી ધનુષ્ય પાંચસેં રે સોવન્ન વર્ણ શરીર
સુપનની માંહે હો કદીય ન જાણ્યો સાસરો રે ન જાણ્યો કદીય પીયર...
માતાજી૦ ૩
ક્રોડ પૂરવ લગે હો સોહાગણ રહ્યા સતી રે નિત નિત નવલા રે વેશ
ભુર જોબનમાંહે રહ્યા હો માતાજી જીવ્યાં જ્યાં લગે રે કાળા ભમ્મર કેશ...

માતાજી૦ ૪
ઓસડ એક ન લીધો હો માતાજી જીવ્યાં જ્યાં લગેરે કદી કસૂર ન હુઈ પેટ
માથું હાથ પગ હો પલક પણ નવિ દુખ્યાં રે ક્રોડ પૂરવ લગે ઠેઠ...
માતાજી૦ ૫
ક્રોડ પૂરવમેં હો એક જોડલો જણ્યો રે શ્રીમરૂદેવાજી માત
તારા સરખો બેટો હો કોઈ જનનીએ નહિં જણ્યો રે ત્રણ ભુવનનો નાથ...
માતાજી૦ ૬
દોનું સુંદરી હો સોવનવર્ણી શોભતી રે પરણી તે ઋષભ જિણંદ
ભરત ક્ષેત્રમાં હો વિવાહ પહેલો હુવો એ સૂત્રમાં સર્વ સંબંધ...
માતાજી૦ ૭
એકસો પુત્રો હો દાદીએ નયણેં નિરખીયા રે બ્રાહ્મી સુંદરી દોય
સર્વકબીલો સુખીયો હો દુઃખીયો કોઈનવિ દેખીયો રે એવું પુણ્ય કહેનું ન હોય...
માતાજી૦ ૮
ષટખંડ ભોકતા હો ભરતનો ધણી રે અરજ કરે કરજોડ
દાદીને પાય લાગે હો મુજરો લેજો માહરો રે મુખ આગળ મદમોડ...
માતાજી૦ ૯
હાથી હોદ્દે બેઠા હો દેખે પુત્રને રે રહ્યા ઋષભને જોય
મરૂદેવા માતા હો મનશું જીત્યો મોહને રે કેહનું સગું નહિં કોય...
માતાજી૦ ૧૦
કેવલ પામ્યા હો માતાજી મુકતે ગયા રે હાથી હોદ્દે વીતરાગ
પછી શિવ ગયા હો અસંખ્યાતા કેવી રે ખોલ્યો મુક્તિનો માર્ગ...
માતાજી૦ ૧૧
ચો(પાં) સઠહજાર પેઢી હો નયણેં નિરખી છે રે લાગે દાદીને પાય
તીર્થંકર ચક્રીહો હલધર કેશવા રે વળી રાણાને રાય...
માતાજી૦ ૧૨
માંજી સરખા સુખીયા હો કાને કોઈ ન સાંભળ્યા રે લખ્યું સૂત્રે ઠેર ઠેર
ઋષિરાયચંદજી હો ઢાળો જોડી જુગતિશું આછો શહેર અજમેર...
માતાજી૦ ૧૩
સંવત અઢારસે હો વરસ પંચાવને રે ગ્રીષ્મનો જેઠ જ માસ

પુજ્ય જેમલજી હો પુણ્ય પસાયથી રે કીદો જ્ઞાન અભ્યાસ...
માતાજી૦ ૧૪

## ૧૧૯. મહસેનમુનિની સજ્ઝાય

સહજ સોભાગી હો સાધુ શિરોમણિ શ્રી મહસેન નરિંદ મોહનીયા
સંવેગી સમતા રસ પૂરીઓ ચંપા પુરતણો ઈંદ મોહનીયા સહજ૦ ૧
મણિરથ વિદ્યાધર કુલ દિનમણિ મણિ માલા સુતસાર મોહનીયા
શ્રી સીમંધર જિન પાસે લિયે પંચ મહાવ્રત ભાર મોહનીયા સહજ૦ ૨
સુરતરૂ એક મનોહર વાવીઓ આપે સિંચ્યો રે રંગ મોહનીયા
શાખા ફલદલ પરિમલ પૂરીયો વાધ્યો અતિહિ ઉત્તંગ મોહનીયા સહજ૦ ૩
નિસ દિન તેહ પાસેં વિલસે ઘણું મંદિર કરી અદ્ભૂત મોહનીયા
નાટક નવ નવ છંદે દેખતાં જિમ નંદન પુરૂહૂત મોહનીયા સહજ૦ ૪
તેહ કુવાયવશેં તરૂ શોષીઓ શટિત જીરણ થયો રૂપ મોહનીયા
નિરખી નેહ થકી તવ ચિંતવે એ સંસાર સ્વરૂપ મોહનીયા સહજ૦ ૫
જોર જરામય ચિંતા વાયથી નિર્બલ હોઈ શરીર મોહનીયા
ધર્મ પરાક્રમ તિહાં થાવે નહીં કિમ લહિયેં ભવતીર મોહનીયા સહજ૦ ૬
ઈમ વૈરાગ્યે ચારિત્ર આદર્યું પંચસયાં સુત સાથ મોહનીયા
ચઉનાણી ચોખે ચિત્ત વિચરતાં પ્રણમે સુર-નર નાથ મોહનીયા સહજ૦ ૭
ઉત્તમ નર થોડા ઉપદેશથી ઈમ પામે પ્રતિબોધ મોહનીયા
જ્ઞાનવિમલ ગુણ આગરૂ વંદિયેં એહવા મુનિવર યોધ મોહનીયા સહજ૦ ૮

## ૧૨૦. મૃગાપુત્રની સજ્ઝાયો (૧)

(રાગ-ધારણી મનાવે રે મેઘકુમારને રે)

ભવિ તુમે વંદો રે મૃગાપુત્ર સાધુને રે, બલભદ્ર રાયનો નંદ;
તરૂણ વયે વિલસે નિજ નારીશું રે, જિમ તે સુર દોગુંદ. ભવિ૦ ૧

એક દિન બેઠા મંદિર માળીયે રે, દીઠા શ્રી અણગાર;
પગ અડવાણે રે જયણાં પાલતાં રે, ષટ્કાય રાખણહાર. ભવિ૦ ૨

તે દેખી પૂરવભવ સાંભર્યો રે, નારી મૂકી નિરાશ;
નિર્મોહી થઈ હેઠો ઉતર્યો રે, આવ્યો માયની પાસ. ભવિ૦ ૩

માતાજી આપો રે અનુમતિ મુજને રે, લેશું સંજમ ભાર;
તન ધન જોબન એ સવિ કારમું રે, કારમો એહ સંસાર. ભવિ૦ ૪

વચ્છ વચન સાંભળી ધરણી ઢળી રે,શીતળ કરી ઉપચાર;
ચેત વલ્યો તવ એણી પરે ઉચ્ચરે રે, નયણે વહે જલધાર. ભવિ૦ ૫

સુણ મુજ જાયા રે એ સવિ વાતડી રે, તુઝ વિણ ઘડીય છ માસ;
ખિણ ન ખમાયે રે વિરહો તાહરો રે, તું મુજ સાસ ઉસાસ. ભવિ૦ ૬

તુજને પરણાવી રે ઉત્તમ કુળ તણી રે, સુંદર વહુ સુકુમાળ;
વાંક વિહુણી રે કિમ ઉવેખીને રે, નાખે વિરહની ઝાળ. ભવિ૦ ૭

સુણ મુજ માડી રે મેં સુખ ભોગવ્યાં રે, અનંતી અનંતી વાર;
જિમજિમ સેવે રે તિમ વાધે ઘણું રે, એ બહુ વિષય વિકાર. ભવિ૦ ૮

સુણ વચ્છ માહરા રે સંજમ દોહિલું રે, તું સુકુમાલ શરીર;
પરીસહ સહવારે ભૂમી સંથારવું, પીવું ઊનું રે નીર. ભવિ૦ ૯

માતાજી સહ્યાં રે દુ:ખ નરકે ઘણાં રે, તે મુખે કહ્યા નહિ જાય;
તો એ સંજમ દુ:ખ હું નવિ ગણું રે, જેહથી શિવ સુખ થાય. ભવિ૦ ૧૦

વચ્છ તું રોગાંતકે પીડીયો રે, તવ કુણ કરશે રે સાર;
સુણ તું માડી રે મૃગલાની કોણ લીયે રે ખબર તે વન મોઝાર ભવિ૦ ૧૧

વન મૃગ જિમ માતાજી વિચરશું રે, ઘો અનુમતિ એણી વાર;
ઈમ બહુ વચને રે મનાવી માતને રે, લીધો સંજમ ભાર. ભવિ૦ ૧૨
સમિતિ ગુપ્તિ રૂડી પરે જાલવે રે, પાળે શુદ્ધ આચાર;
કર્મ ખપાવીને મુગતે ગયા રે, શ્રી મૃગાપુત્ર અણગાર. ભવિ૦ ૧૩

વાચક રામ કહે એ મુનિતણાં રે, ગુણ સમરો દિન રાત;
ધન ધન જે એહવી કરણી કરે રે, ધન તસ માત ને તાત. ભવિ૦ ૧૪

## ૧૨૧. મૃગાપુત્રની સજઝાયો (૨)

**દુહા**

પ્રણમી પાસ જિણંદને સમરી સરસતી માય
નિજ ગુરૂચરણ નમી કરી થુણશું મહા મુનિરાય... ૧

રાજઋદ્ધિલીલા પરિહરી લીધો સંયમ ભાર
તેહ મૃગાપુત્ર ગાયશું સુણજ્યો સહુ નરનાર... ૨
સંક્ષેપે કરી વર્ણવું સૂત્રે છે વિસ્તાર
ભણતાં થુણતાં ધ્યાવતાં લહીયે ભવનો પાર... ૩
ભોગી નરમાં ભમરલો ઋષિમાંહિ શિરદાર
તસ ગુણ વર્ણવતાં થકાં ત્રુટે કર્મ અપાર... ૪

**ઢાળ ૧**

સુગ્રીવ નગર સોહામણુંજી બલભદ્ર તિહાં રાય
તસ ઘર ઘરણી મૃગાવતીજી તસ નંદન યુવરાય,
હો માડી ! ક્ષણ લાખેણી રે જાય
બલ શ્રી નામે ભલોજી મૃગાપુત્ર પ્રસિદ્ધ
માતાને નામે કરીજી ગુણનિષ્પન્ન તસ દીધ... જાયા૦ ૨
ભણીગણી પંડિત થયોજી યૌવનવય જબ આય
સુંદરમંદિર કરાવીયાંજી પરણાવે નિજમાય... જાયા૦ ૩
તસ વય રૂપે સારિખીજી પરણ્યો બત્રીસ નાર
પંચ વિષય સુખ ભોગવેજી નાટકના ધમકાર... જાયા૦ ૪
રત્ન જડિત સોહામણાંજી અદ્‌ભૂત ઉંચા આવાસ
દેવ દોગુંદકની પરેજી વિલસે લીલ વિલાસ... જાયા૦ ૫
એક દિન બેઠા માળીયેજી નારીને પરિવાર
મસ્તક દાઝે પગતળાંજી દીઠા શ્રી અણગાર... જાયા૦ ૬
મુનિ દેખી ભવ સાંભર્યોજી વસિયો મન વૈરાગ
ઉતર્યો આમણ દૂમણોજી જનનીને પાયે લાગ... જાયા૦ ૭
પાયે લાગીને વિનવેજી સુણ સુણ મોરી માય
નટવાની પેરે નાચીયોજી લાખ ચોરાસી માંય... જાયા૦ ૮
પૃથ્વી પાણી તેઉમાંજી ચોથી રે વાઉકાય
જન્મ-મરણ દુઃખ ભોગવ્યાંજી તેમ વનસ્પતિ માંય... જાયા૦ ૯
વિગલેંદ્રિ તિર્યંચમાંજી મનુષ્ય દેવ મઝાર
ધર્મ વિહૂણો આતમાજી રડ વડીયો સંસાર... જાયા૦ ૧૦
સાતે નરકે હું ભમ્યોજી અનંતી અનંતી રે વાર

છેદન-ભેદન ત્યાં સહ્યાંજી કહેતાં ન આવે પાર... જાયા૦ ૧૧
સાયરના જળથી ઘણાંજી મેં પીધાં માય થાન
તૃપ્તિ ન પામ્યો આતમાજી અધિક આરોગ્યાં ધાન... જાયા૦ ૧૨
ચારિત્ર ચિંતામાણી સમોજી અધિક મ્હારે મન થાય
તન-ધન-જોબન કારમાજી ક્ષણ ક્ષણ ખૂટે આય... જાયા૦ ૧૩
માતા અનુમતિ આપીયેજી લેઈશું સંયમ ભાર
પંચ રતન મુજ સાંભર્યાજી કરશું તેહની સાર... જાયા૦ ૧૪
વયણ સુણી બેટા તણાંજી જનની ધરણી ઢળંત
ચિત્ત ઢળ્યું તવ આરડેજી નયણેં નીર ઝરંતરે
જાયા ! તુજ વિણ ઘડી રે છ માસ... જાયા૦ ૧૫
વળતી માતા ઈમ ભણેજી સુણ સુણ મોરા રે પુત્ર
મન મોહન તું વાલહોજી કાંઈ ભાંગે ઘર સૂત્ર રે... જાયા૦ ૧૬
મેટા મંદિર માળીયાજી રાન સમોવડ થાય
તુજ વિણ સહુ અળખામણાંજી કિમ જાયે દિન-રાત રે...જાયા૦૧૭
નવમાસ વળી ઉદર ધર્યોજી જન્મતણાં દુઃખ દીઠ
કનક કચોળે પોષીયોજી હવે હું થઈ અનીઠ રે... જાયા૦ ૧૮
જોબન વય નારીતણાંજી ભોગવો બહોળા રે ભોગ
જોબન વય વીત્યા પછેજી આદરજો તપ જોગ રે... જાયા૦ ૧૯
પડ્યો અજાડી જિમ હાથીયોજી મૃગલો પડીયો રે પાસ
પંખી પડ્યો જિમ પાંજરેજી તેમ કુંવર ઘરવાસ રે... જાયા૦ ૨૦
ઘર ઘર ભિક્ષા માગવીજી રસ-વિરસ આહાર
ચારિત્ર છે વચ્છ ! દોહિલુંજી જેવી ખાંડાની ધાર રે... જાયા૦ ૨૧
પંચ મહાવ્રત પાળવાજી પાળવા પંચ આચાર
દોષ બેંતાલીસ ટાળીનેજી લેવો સુઝતો આહાર રે... જાયા૦ ૨૨
મીણદાંતે લોહમય ચણાજી કિમ ચાવીશ કુમાર !
વેળુ સમોવડ કોળીયાજી જિને કહ્યો સંયમ ભાર રે... જાયા૦ ૨૩
પલંગ તળાઈએ પોઢતોજી કરવો ભૂમિ સંથાર
કનક કચોળાં છાંડવાંજી કાચલીયે આહાર રે... જાયા૦ ૨૪
માથે લોચ કરાવવાજી તું સુકુમાલ અપાર

બાવીસ પરીષહ જીતવાજી કરવા ઉગ્ર વિહાર રે... જાયા૦ ૨૫
પાય અડવાણે ચાલવુંજી શીયાળે શીત વાય
ચોમાસું વચ્છ ! દોહિલુંજી ઉનાળે લૂ વાય રે... જાયા૦ ૨૬
ગંગા સાયર આદે કરીજી ઉપમા દેખાડી રે માય
દુષ્કર ચારિત્ર દાખીયુંજી કાયર પુરૂષને થાય રે... જાયા૦ ૨૭
કુમર ભણે-સુણ માવડીજી સંયમ સુખ ભંડાર
ચૌદહ રાજ નગરી તણાંજી ફેરા ટાળણ હાર રે... જાયા૦ ૨૮
અનુમતિ તો આપું ખરીજી કુણ કરશે તુજ સાર
રોગ જબ આલી લાગશેજી નહિં ઔષધ ઉપચાર રે... જાયા૦ ૨૯
વનમાં રહે છે મરગલાજી કુણ કરે તેહની સાર
વનમૃગની પરે વિચરશુંજી એકલડા નિરધાર હો માડી... જાયા૦૩૦
અનુમતિ આપે માવડીજી આવ્યા વનહ મોઝાર
પંચ મહાવ્રત આદર્યાંજી પાળે સંયમસાર
મુનીસર ! ધન ધન તુમ અવતાર... જાયા૦ ૩૧
મૃગાપુત્ર ઋષિ રાજીયોજી ષટકાયા ગોવાલ
એ સમ નહિં વૈરાગીયોજી જિણે ટાળ્યો આતમસાલ... જાયા૦૩૨
ભણ્યો અધ્યયને ઓગણીસમેજી મૃગાપુત્ર અધિકાર
તપ-જપ-કિરિયા શુદ્ધ કરીજી આરાધી પંચાચાર... જાયા૦ ૩૩
સંયમ દુષ્કર પાળીયુંજી કરી એક માસ સંથાર
કર્મ ખપાવી કેવલ લહીજી પહોંત્યા મુક્તિ મઝાર... જાયા૦ ૩૪

## •૧૨૨. મેઘકુમારની સજ્ઝાયો (૧)

ધારણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એકજ પુત્ર;
તુજ વિણ જાયા રે સૂનાં મંદિર માળીયાં રે, રાખો રાખો ઘર તણાં સૂત્ર૦ ૧

તુજને પરણાવું રે આઠ કુમારિકારે, સુંદર અતિ સુકુમાળ;
મલપતી ચાલે રે જેમ વન હાથણી રે, નયણ વયણ સુવિશાળ. ધારણી૦ ૨

મુજ મન આશા રે પુત્ર હતી ઘણી રે, રમાડીશ વહુના રે બાળ;
દૈવ અટારો રે દેખી નવિ શક્યો રે, ઉપાયો એહ જંજાળ. ધારણી૦ ૩

ધન કણ કંચન રે ઋદ્ધિ ઘણી અછે રે, ભોગવો ભોગ સંસાર;

છતી ઋદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે, પછી લેજો સંયમ ભાર. ધારણી૦ ૪
મેઘકુમારે રે માતા પ્રત્યે બૂઝવીરે, દીક્ષા લીધી વીરજીની પાસ;
પ્રીતિવિમળ રે ઈણિ પરે ઉચ્ચરે રે, પહોતી મ્હારા મનડાની આશ. ધારણી૦ ૫

## ૧૨૩. મેઘકુમારની સજ્ઝાયો (૨) (ઢાળ-૬)

### ઢાળ-૧

સમરી શારદ સ્વામિની વાંદી વીર જિણંદ, લાલ રે
ઉલટ આણી અતિઘણો મોટો મેઘ મુણીંદ... ઢીલ ન૦ ૧
ઢીલ ન કીજે ધર્મની નરભવ નિગમો આલિ, લાલ રે
યૌવન વયમાં જાગીયો સાચા બોધો પાલી... ઢીલ ન૦ ૨
રાજગૃહી રાજે પુરી સબળ શ્રેણીક તિહાં રાય, લાલ રે
ધર્મની રાણી ધારિણી શીલ સુચંગી સદાય... ઢીલ ન૦ ૩
જગવંદ્ય તેહનો જાઈઓ નામે મેઘકુમાર, લાલ રે
યૌવનવયમાં પરણી જિણે કન્યા આઠ ઉદાર... ઢીલ ન૦ ૪
કન્યા આઠ ઉદાર ઝીલતો આનંદમાં નિત્યમેવ, લાલ રે
સુખ વિલસે સંસારના દોગુંદક જેમ દેવ... ઢીલ ન૦ ૫
એહવે આપણે પાઉલે કરતાં મહી પાવન્ન, લાલ રે
વીર જિણંદ સમાસર્યા રાજગૃહી થઈ ધન્ય... ઢીલ ન૦ ૬
મેઘકુમારે નિજ તાતશું જઈ વાંદ્યા જિનચંદ, લાલ રે
દીયે દેશના જિન વીરજી બુઝયો ધારિણી નંદ... ઢીલ ન૦ ૭

### ઢાળ ૨

મેઘ જઈ કહે માંને ઉમાહ્યો આજ લાગ મેં પાયો રે
માં મુને દીયો દીક્ષા આણા પુણ્યે પાયો એ ટાણો રે... માં મુને૦ ૧
જોગ ગુરૂનો મળ્યો એ દોહિલો એહનો થાઈશ ચેલો રે
માતા કહે-વચ્છ ! એ કચ મેલો ખાઓ, પીઓ ને ખેલો રે... માં મુને૦ ૨
વચ્છ ! વાત દીક્ષાની મોટી ચુંટાવવી એ ચોટી રે
વચ્છ ! દીક્ષાના દા'ડા નહિં એ આજે ખેલવાના દહાડા રે...
માતા કહે વચ્છ૦ ૩

વચ્છ કહે-માંજી ! યોવનીયો દશદિનનો પ્રાહુણીયો રે
માં ! સંસારતણી એ ક્રીડા અતિપ્રાયે એ પીડા રે... માં મુને૦ ૪
વચ્છ ! વિલસો સ્વાધીન સુખડાં હું લહું તુમહ દુઃખડાં રે
વચ્છ ! તું મને પ્રાણથી પ્યારો વિરહ કિમ ખમું તારો રે...
માતા કહે વચ્છ૦ ૫
એહવા સુખ મેં માતા અનંતી પામ્યો વાર અનંતી રે
માજી ! એ મળ્યે જનને જ્યારે પ્રાણ ન દીયો ત્યારે રે... માં મુને૦ ૬
ભાડી બખ્તર ચઢી ગજ બલિયે દુર્જનને જે દલીયે રે
વચ્છ ! લઘુવયમાં કીર્તિ કમાઓ આપણી આણ મનાઓ રે...
માતા કહે વત્સ૦ ૭
ઉપશમ જહાજ કરી અસવારી શીલ સન્નાહ તે ધારી રે
માં અંતરંગ દ્વેષને ટાળું મોહને આણ મનાવું રે... માં મુને૦ ૮
તું જમ સરસ ભોજન સુખલડી દોહિલી દીખલડી રે
વચ્છ કહે-જ્ઞાન ભોજન કરશું દેશવિદેશે ફરશું રે... માં મુને૦ ૯
વૃદ્ધ થયે વચ્છ ! લેજો જોગા અબ ભોગવોને ભોગા રે
લાહો યૌવનનો લીયો જાયા ! અંતે જાગે તે ડાહ્યા રે...
માતા કહે વચ્છ૦ ૧૦

## ઢાળ ૩

ભણે મેઘ ધર્મની ઢીલ ન કીજે કાલ કોણે દીઠી માતા રે
વાત સુણીમાં મોરી હો લાલ રે
હે ભવસમુદ્ર અપાર રે ક્યા કરૂં વિલંબ લગાર રે... વાત૦ ૧
અપની કરણી પાર ઉતરણી કીનકી માત ને તાત રે
સરસ વિષમ એ સુખ દુનિયાકા દુઃખ હે મેરૂ સમાન રે... વાત૦ ૨
સમજુ નર તિહાં કિમ રાચે જસ હુયે હઈડે સાન રે
વીરે વખાણ્યાં શિવસુખ તેહવા ઘરઘરની ક્યું લહું આશ રે... વાત૦ ૩
સરોવર સુખ દેખી ખાવડલે ક્યું રતિ પાવે હંસ રે
આપે શ્રી વીર જિન ઉપદેશ્યાં વિરૂવા નરક નિગોદ રે... વાત૦ ૪

તે માટે દીયો દીક્ષાની આણા તો મેં પાઉં મોદ રે
ભિક્ષા ભોજન કરતાં માંજી ગામોગામ સદાય રે... વાત૦ ૫
ભમું હું અવધૂત એકલડો તપ તપી ગાળું કાય રે
શુદ્ધ દિલ સુતનું લહી કહે માડી તમને ગમે તેહ કર પૂત રે...વાત૦ ૬
માતાની આણા લહી મેઘો હરખ્યો દિલ અદ્ભૂત રે
વીર જિનેશ્વર પાસે જઈને ચારિત્ર લીધું ઉલ્લાસ રે... વાત૦ ૭

## ઢાળ ૪

ઉઠી ઉલટ મામસુન પરમ હરખ પૂર એ
મોહ મદ મોડીને વીરજી હજીર રે,
કાંઈ તું મેઘા મસ્તી કરે૦ ૧
મેઘ લીયે દીખડી તો શીખડી ધરે
વીરની વિશ્વવંદ્ય વીરજી મેઘને
તેણી વાર રે સોંપે સ્થવિર સાધુને
શીખવા મુનિ આચાર રે... વીરજી૦ ૨
પભણે રાત્રી પોરસી સઘળા અણગાર રે
આવીયો તવ બારણે મેઘનો સંથાર રે... વીરજી૦ ૩
કોઈ વગાડે કુણીએ કોઈ દીએ ઠેસ રે
કોઈ નડ્યો ઢીંચણે મેઘ મુનિયેસ રે... વીરજી૦ ૪
ચૌદ સહસ સાધુજી આવે અને જાય રે
તાસ ચરણ રેખથી મેઘજી મુનિ ખેદાય રે... વીરજી૦ ૫
પૂરવે હું આવતો સાધુ સહુ તામ રે
માન દેતા બહુ મને આજ કરે છે આમ રે... વીરજી૦ ૬
વ્હાણે પૂછી વીરજીને જાઉં પરો હું ઘેર રે
મહાનુભાવા એ મુનિઓ દોહિલો એ પેર રે... વીરજી૦ ૭
અહો આટલી પરષદા એહને નમસ્કાર રે
દૂરથી રળીયામણાં ડુંગરા નિરધાર રે... વીરજી૦ ૮
એહવે મન ચિંતવે ધારણી કિશોર રે

ન માય નયણેં નિંદડી દોહિલો ભયે ભોર રે... વીરજી૦ ૯
શીખડી તવ માગવા વીરજી કને જાય રે
મધુર વયણેં વીરજી મેઘને બોલાય રે... વીરજી૦ ૧૦

## ઢાળ ૫

ધારણી ઉરસર હંસલો તું ગુણમણી ખાણ મેઘા
સમજી શુદ્ધવટ ચાલીયે શુભમતિ હૈયે આણ... ધારણી૦ ૧
વચ્છ ! તું તો છે ઉત્તમવંશી સાંભળ તું અમ શીખ
જગવંધ યતિની રે પગરજે શું તુજને ચઢી રીસ...
વચ્છ ! તું તો છે૦ ૨
રત્નચિંતામણી પામીને કુણ ગ્રહે કાચની ગુણ ?
ચક્રવર્તી પદવી રે પરિહરી દાસપણું ગ્રહે કુણ ?...
વચ્છ ! તું તો છે૦ ૩
અગ્નિમાં પડવું તે ભલું પણ ન ભલું વ્રત ભંગ
જીવિત જલબિંદુ જેહવું સુપન સરિખો રે રંગ...
વચ્છ ! તું તો છે૦ ૪
ત્રીજે ભવે વચ્છ તું હતો વૈતાઢ્યગિરિમાં હાથણી
સહસનો રે ધણી ધોળો ષટ દંતો ગજરાજ...
વચ્છ ! તું તો છે૦ ૫
સુમેરૂપ્રભ નામે તું હતો એકદા ગ્રીષ્મે ત્યાંહી
દવ બળતો અતિ તરસ્યો તું ગયો એક સરોવર માંહિ...
વચ્છ ! તું તો છે૦ ૬
નીર ન પામ્યો તિહાં કને અલ્પ જળ બહુ પંક
તિહાં પૂરવ વેરી ગજે હણીયો તું નિઃશંક...
વચ્છ ! તું તો છે૦ ૭
છેક થયો તું રે જાજરો પીડા ખમી દિન સાત
વરસ એકસો વીસનું ભોગવી આયુ સુજાત...
વચ્છ ! તું તો છે૦ ૮

આવી વળી તું વિંધ્યાચળે એતો કરત અવાજ
સાતસો હાથણીનો ધણી થયો ચઉદંતો ગજરાજ...
વચ્છ ! તું તો છે૦ ૯

## ઢાળ ૬

એક દિન દવ બળતો બહુ દેખી જંગલ માંહિ
જાતિ સમરણ ઉપન્યું તેહ ગજને હો ત્યાંહિ... દવદુ:ખ૦ ૧
દવદુ:ખ દેખી રે પાછલું વર્ષાઋતુ થઈ જાય
હાથણી સહિત તેં હાથીયે ઉદ્યમે આયો હો ત્યાંહિ... દવદુ:ખ૦ ૨
વર્ષાઋતુને તે સમે આદિ મધ્ય અંતરાઈ
વન ઢુંઢીને રે કીધલું માંડલું જોજન ત્યાંહિ... દવદુ:ખ૦ ૩
વર્ષા વીતીરે એકદા વ્યાપ્યો દવ વિકરાળ
વેગે જવાળા રે જવાળતો દહતો મહા તરૂ ડાળ... દવદુ:ખ૦ ૪
દવથી ડરતો રે તું તદા માંડલું કર્યું તેં હો જ્યાંહિ
હાથણી સાથે રે વેગશ્યું આવી તું રહ્યો ત્યાંહિ... દવદુ:ખ૦ ૫
દવ બળીયા સબ જંગલી આવી વસિયા હો ત્યાંહિ
એક સસલો તિહાં બાપડો ન લહે ઠામજ કયાંહિ... દવદુ:ખ૦ ૬
એહવે કાન ખંજોળવા ઉપાડ્યો તિહાં પાય
સસલો આલીને તિહાં રહ્યો રાંક સહી જીવરાય... દવદુ:ખ૦ ૭
તો પાછો પગ મૂકતો જાણી સસલો સુકુમાલ
જીવદયાને કારણે રાખ્યો પગ અંતરાલ... દવદુ:ખ૦ ૮
અઢી દિવસે તે દવ શમ્યો સાથી સહુ ગયા છોડી
તારા પગ તળે જે સસો તે પણ ગયો એક મોરી... દવદુ:ખ૦ ૯
ઠવે પગ હેઠો જેહવે ગબડી પડ્યો તું તામ
ત્રણ દિન પીડા તેં સહી અંતે શુભ પરિણામ... દવદુ:ખ૦ ૧૦
સો વરસનું રે આઉખું ભોગવી શ્રેણીક ગેહ
ધારણી ઉરે રે ઉપન્યો મેઘા ! તું જીવ તેહ... દવદુ:ખ૦ ૧૧
પૂર્વભવે જીવદયા પાળી તેં અંગ દુ:ખ ખમ્યું તેમ

ઋષિ પગરજ લાગી તેહથી ખેદાણો ઈહાં કેમ ?... દવદુ:ખ૦ ૧૨
વચણ સુણી એમ વીરનાં મેઘો કરે ઉહાપોહ
જાતિ સમરણ પામીને વીરને પ્રણમ્યો તેહ... દવદુ:ખ૦ ૧૩
ધન ધન તું જિન વીરજી ચિદાનંદ રવિચંદ ત્યાંહિ
ઉવટે જાતાં રે મુજને આણ્યો મારગમાંહિ... દવદુ:ખ૦ ૧૪
તું ખરો ધર્મનો સારથી દેવ ! હવે હું નિત્યમેવ
જગવંદ્ય એ સહુ સાધુની શીર ધરૂં પગરજ હેવ... દવદુ:ખ૦ ૧૫
હવે પછી મેં એક નયનની કરવી સારસંભાળ
ન કરૂં સાર એ અંગની અભિગ્રહ કરૂં છું કૃપાલ... દવદુ:ખ૦ ૧૬
ફિર વીરજી કને મેઘજી લેઈ સંયમ સાર
તપી દુસ્તર તપ દેહડી પાળી વરસાં હો બાર... દવદુ:ખ૦ ૧૭
અનુત્તર વિજય વિમાનમાં તે થયો દેવ અનૂપ
શ્રી વૃદ્ધિસાગર સૂરિજી જાગે તપગચ્છ ભૂપ... દવદુ:ખ૦ ૧૮
રાજે તે સહુના રાજમાં જિનસાગર કવિરાય
શિષ્ય જયસાગર સાધુના પ્રેમે પ્રણમું રે પાય... દવદુ:ખ૦ ૧૯

## ૧૨૪. મેતારજ મુનિની સજ્ઝાયો (૧)

ધન ધન મેતારજ મુનિ જેણે સંયમ લીધો
જીવદયાને કારણે તેણે કોપ ન કીધો... ધનધન૦ ૧
માસખમણને પારણે ગોચરીયે જાય
સોવનકાર તણે ઘરે પહોંત્યા મુનિરાય... ધનધન૦ ૨
સોવન જવ શ્રેણીકતણા ઋષિ પાસે મૂકી
ઘર ભીતર તે નર ગયો એક વાત ન ચૂકી... ધનધન૦ ૩
જવ સઘળાં પંખી ગળે મુનિવર તે દેખે
જબ સોની બહાર આવીયો જવ તિહાં ન દેખે... ધનધન૦ ૪
કહો મુનિવર જવ કિહાં ગયા કહોને કોણે લીધા ?
મુનિ ઉત્તર આપે નહિં તવ ચપેટા દીધા... ધનધન૦ ૫
મુનિવર ઉપશમ રસ ભર્યો પંખી નામ ન ભાખે

કોપ ધરીને સોની ઈમ કહે જવલા છે તુમ પાસે... ધનધન૦ ૬
જવ ચોર્યા રાજાતણા તું તો મોટો ચોર
આળા ચર્મ તણે કરી બાંધ્યો મસ્તકે દોર... ધનધન૦ ૭
નેત્રયુગલની વેદના તિણેં નીકળીયા તત્કાળ
કેવલજ્ઞાન તે નિર્મલું પામી કીધો કાળ... ધનધન૦ ૮
શીવનગરીમાં જઈ પહોંચ્યો એહવો સાધુ સુજાણ
ગુણવંતના ગુણ જે જપે તસ ઘર કોડી કલ્યાણ... ધનધન૦ ૯
નવકન્યા તેણે તજી તજી કંચન કોડી
નવ પૂરવધર વીરના પ્રણમું બે કર જોડી... ધનધન૦ ૧૦
સિંહ તણી પરે આદરી સિંહની પરે શૂરો
સંયમ પાળી શિવ લહી જશ જગમેં પૂરો... ધનધન૦ ૧૧
ભારી કાષ્ઠની બાઈ તિહાં ઉંચેથી નાખે
ધડકી પંખીએ જવ વમ્યા તે દેખી આંખે... ધનધન૦ ૧૨
તવ સોની મન ચિંતવે કીધું ખોટું કામ
વાત રાજા જો જાણશે તો ટાળશે ઠામ... ધનધન૦ ૧૩
તવ તે મનમાં ચિંતવી ભયથી જિન હાથે
સોવન કાર દીક્ષા લીયે નિજ કુટુંબ જ સાથે... ધનધન૦ ૧૪
શ્રી કનકવિજય વાચકવરૂ શીસ જંપે રામ
સાધુ તણાં ગુણ ગાવતાં લહીએ ઉત્તમ ઠામ... ધનધન૦ ૧૫

## ૧૨૫. મેતારજ મુનિની સજ્ઝાયો (૨)

શમદમ ગુણના આગરુજી રે, પંચ મહાવ્રત ધાર,
માસક્ષમણને પારણેજી, રાજગૃહી નગરી મોઝાર;
મેતારજી મુનિવર ધન ધન તુમ અવતાર. ૧

સોનીને ઘેર આવીયાજી, મેતારજ ઋષિરાય;
જવલા ઘડતો ઉઠીયોજી, વંદે મુનિના પાય. મેતારજ૦ ૨

આજ ફલ્યો ઘર આંગણેજી, વિણ કાળે સહકાર;

લ્યો ભિક્ષા છે સુઝતીજી, મોદકતણો એ આહારા. મેતારજ૦ ૩
ક્રૌંચ જીવ જવલા ચણ્યોજી, વહોરી વલ્યા ઋષિરાય;
સોની મન શંકા થઈ જી, સાધુ તણા એ કાજ. મેતારજ૦ ૪

રીસ કરી ઋષિને કહેજી, દ્યો જવલા મુજ આજ;
વાધર શિર્ષે વીંટીયુંજી, તડકે રાખ્યા મુનિરાજ. મેતારજ૦ ૫

ફટ ફટ ફૂટે હાડકાંજી ત્રટ તૂટે છે ચામ;
સોનીડે પરિષહ દીયોજી, મુનિ રાખ્યો મન ઠામ. મેતારજી૦ ૬

એવા પણ મોટા યતિજી, મન ન આણે રે રોષ;
આતમ નિંદે આપણોજી, સોનીનો શો દોષ. મેતારજ૦ ૭

ગજસુકુમાલ સંતાપીયાજી, બાંધી માટીની પાળ;
ખેર અંગારા શિરે ધર્યાજી, મુગતે ગયા તત્કાળ. મેતારજી૦ ૮

વાઘણે શરીર વલુરીયું જી, સાધુ સુકોશલ સાર;
કેવલ લહી મુગતે ગયાજી, ઈમ અરણિક અણગાર. મેતારજી૦ ૯

પાપી પાલકે પીલીયાજી, ખંધકસૂરિના રે શિષ્ય;
અંબડ ચેલા સાતશેંજી, નમો નમો તે નિશદિન. મેતારજ૦ ૧૦

એવા ઋષિ સંભારતાજી, મેતારજ ઋષિરાય;
અંતગડ હુઓ કેવલીજી, વંદે મુનિના પાય. મેતારજ૦ ૧૧

ભારી કાષ્ઠની સ્ત્રીએ તિહાંજી, લાવી નાંખી તેણીવાર;
ધબકે પંખી જાગીયોજી, જવલા કાઢયા તેણે સાર. મેતારજ૦ ૧૨

દેખી જવલા વિષ્ટામાંજી, મન લાજ્યો સોનાર;
ઓઘો મુહપત્તિ સાધુનાજી, લેઈ થયો અણગાર. મેતારજ૦ ૧૩

આતમ તાર્યો આપણોજી, સ્થિર કરી મન વચ કાય;
રાજવિજય રંગે ભણેજી, સાધુ તણી એ સજઝાય. મેતારજ૦ ૧૪

# ૧૨૬. (ક) મેતારજ મુનિની સજઝાયો (૩)

વીર જિનેશ્વર ચરણ સરોરૂહ, પ્રણમી નિજ મન ભાવે,
મેતારજ મુનિવર ગુણ ગાતાં, શિવરમણી સુખ આવે;
મહાયશ ! મેતારજ મુનિવંદો, ગયણાંગણ જિનચંદો. મ૦ ૧

નયરી રાજગૃહીનો વાસી, વ્યવહારી સુત સાર,
દેવતણે પ્રતિબોધે લીધો, દુષ્કર મહાવ્રત ભાર. મ૦ ૨

મન શુદ્ધે ચિત્ત ચોખે ચાલે, પાળે પંચાચાર,
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાજિત, દશવિધ યતિધર્મ. મ૦ ૩

બેંતાલીશ દોષે કરી વર્જિત, દેહ ધારણ લે આહાર,
ગોચરીયે વિચરંતો એક દિન, આવે ઘરે સોનાર. મ૦ ૪

સોની મુનિ સામો તે આવી, વંદી ઘરમાંહિ જાવે,
અશનાદિક દેવાને કાજે, મને ભલી ભાવના ભાવે. મ૦ ૫

એહવે પૂરવ ભવ કોઈ વૈરી, કૌંચ જીવ થઈ આવે,
જવ સોનાના શ્રેણિક કાજે, કીધા તે ચણી જાવે. મ૦ ૬

હવે સોનાર આવી વ્હોરાવે, રાખી નિજ મન નિષ્કામ,
વ્હોરી મુનિ પાછો જબ વલીયો, તવ નવિ દેખે તામ. મ૦ ૭

પાછો મુનિ તેડીને પૂછે, જવ નવિ દીસે ભાઈ,
મુનિ મુખથી લવલેશ ન ભાખે, જીવદયા ચિત્ત ધ્યાયી. મ૦ ૮

રીસ તણે વશ મુનિને સારી, વાધર વીટયું માથે,
તડકે બેસાડે તે પાપી, વળી તર્જન કરે હાથે. મ૦ ૯

મુનિ મનમાંહિ રોષ ન લાવે, અહિયાસી નિજ કર્મ,
સહે વેદન ભેદન શિર કેરી, તોડે નિકાચિત કર્મ. મ૦ ૧૦

ઘનઘાતિ કર્મને ચૂરી, સારી આતમ કાજ,
કેવલ પામી મુક્તે પહોંચ્યા, નમીયે એ મુનિરાજ. મ૦ ૧૧

એહવે કઠીયારો કોઈ આવી, નાંખે કાઠી ભારો;
શબ્દ સુણી જવ જીવે વમીયા, તે દેખે સોનાર. મ૦ ૧૨

ચિંતે વીરજિનેશ્વર કહેશે, વાત સકલ વિસ્તાર,
તો છુટું જો સંયમ લેઉં, વલી પામું ભવપાર. મ૦ ૧૩

શ્રેણિકનો ભય મનમાં આણી, જાણી અથિર ધન કાય,
સંયમ લેઈ સહુ જન સાથે, પાળી સદ્ગતિ જાય. મ૦ ૧૪

પંડિત જયવિજય કેરો, મેરૂ નમે ઋષિરાય,
એહવા મહા મુનિવરને નામે, લહીયે અવિચલ રાજ. મ૦ ૧૫

## ૧૨૬. (ખ) શ્રી યશોવિજય મહોપાધ્યાયની સજ્ઝાય (ઢાળ-૪)

### ઢાળ-૧

પ્રણમી સરસ્વતી સામિનીજી, સુગુરુનો લહી સુપસાય
શ્રી યશોવિજય વાચક તણાજી, ગાઈશું ગુણસમુદાય
ગુણવંતા રે મુનિવર ! ધન તુમ જ્ઞાન પ્રકાશ... ૧
વાદી વચન કસણે (સરાણે) ચઢયોજી, તુજ શ્રુત સુરમણિ ખાસ
બોધિવૃદ્ધિ-હેતે કરેજી, બુધજન તસ અભ્યાસ... ગુ૦ ૨
સકલ મુનીસર સેહરોજી, અનુપમ આગમ જાણ
કુમત-ઉત્થાપક એ જયોજી, વાચક કુલમાં રે ભાણ... ગુ૦ ૩
પ્રભવાદિક શ્રુતકેવલીજી, આગે હુઆ ષટ્ જેમ
કલિમાંહી જોતાં થકા જી, એ પણ શ્રુતધર તેમ... ગુ૦ ૪
જસ વર્દ્ધાપક શાસનેજી, સ્વસમય પરમત દક્ષ
પહોંચે નહિ કોઈ એહનેજી, સુગુણ અનેરા શત લક્ષ... ગુ૦ ૫
કૂર્ચાલી શારદ તણોજી, બિરુદ ધરે સુવિહિત
બાલપણે આલાપે જિણેંજી, લીધો ત્રિદશગુરુ જીત... ગુ૦ ૬
ગુજ્જરધરમંડણ અછેજી, નામે કનોડું વર ગામ
તિહાં હુઓ વ્યવહારિયોજી, નારાયણ એહવે નામ... ગુ૦ ૭
તસ ધરણી સોભાગદેજી, તસ નંદન ગુણવંત

લઘુ પણ બુદ્ધેં આગલોજી, નામે કુમર જસવંત... ગુ૦ ૮
સંવત સોળ અઠયાસિયેજી, રહી કુણઘેર ચોમાસ
શ્રી નયવિજય પંડિતવરુજી, આવ્યા કનોડે ઉલ્લાસ... ગુ૦ ૯
માતા પુત્રસ્યું સાધુનાજી, વાંદી ચરણ સુવિલાસ
સુગુરુ ધર્મ ઉપદેશથીજી, પામી વયરાગ પ્રકાશ... ગુ૦ ૧૦
અણહિલપુર પાટણે જઈજી, લે ગુરુપાસે ચારિત્ર
યશોવિજય એહવી કરીજી, પાપના નામની તત્ર... ગુ૦ ૧૧
પદમસીહ બીજો વળીજી, તસ બાંધવ ગુણવંત
તેહ પ્રસંગે પ્રેરિયોજી, તે પણ થયો વ્રતવંત... ગુ૦ ૧૨
વિજયદેવ ગુરુ હાથનીજી, વડી દીક્ષા હુઈ ખાસ
બિહુંને સોળઅઠયાસિયેંજી, કરતા યોગ અભ્યાસ... ગુ૦ ૧૩
સામાયિક આદે ભણ્યાજી, શ્રી જસ ગુરુમુખે આપ
સાકરદલમાં મિષ્ટતાજી, તિમ રહી મતિ શ્રુત વ્યાપ... ગુ૦ ૧૪
સંવત સોળ નવાણુંએજી, રાજનગરમાં સુજ્ઞાન
સાધે સાખે સંઘનીજી, અષ્ટ મહા અવધાન... ગુ૦ ૧૫
સા ધનજી સૂરા તિસેજી, વીનવિ ગુરુને એમ
યોગ્ય પાત્ર વિદ્યા તણુંજી, થાસ્યેં એ બીજો હેમ... ગુ૦ ૧૬
જો કાસી જઈ અભ્યસેજી, ષટ દર્શનના ગ્રંથ
કરી દેખાડે ઉજલુંજી, કામ પડયે જિનપંથ... ગુ૦ ૧૭
વચન સુણી સુહગુરુ ભણેજી, કાર્ય એહ ધનને અધીન
મિથ્યામતિ વિણ સ્વારથેજી, નાયે જિનશાસ્ત્ર નવીન... ગુ૦ ૧૮
નાણીના ગુણ બોલતાંજી, હુઈ રસનાની ચોષ(ખ)
સુજસવેલી સુણતા સધેજી, કાંતિ સકલ ગુણ પોષ... ગુ૦ ૧૯

### ઢાળ ૨

ધનજી સૂરા સાહ, વચન ગુરુનું સુણી હો લાલ
વચન ગુરુનું સુણી
આણી મન ઉત્સાહ, કહે ઈમ તે ગુણી, હો લાલ

કહે ઈમ તે ગુણી
દોઈ સહસ દીનાર, રજતના ખરચસ્યું હો લાલ, રજતના૦
પંડિતને વારંવાર, તથાવિધિ અરચસ્યું હો લાલ, તથાવિધિ૦ ૧
છે મુજ એહવી ચાહ, ભણાવો તે ભણી હો લાલ, ભણાવો૦
ઈમ સુણી કાશીનો રાહ, ગ્રહે ગુરુ દિનમણી હો લાલ, ગ્રહે૦
હૂંડી કરી ગુરુરાય, ભગતિ-ગુણ અટકલી હો લાલ, ભગતિ૦
ભગતિ પાછલથી સહાય, કરેવા મોકલી હો લાલ, કરેવા૦ ૨
કાશી દેશ મઝાર, પુરી વારાણસી હો લાલ, પુરી૦
ક્ષેત્ર તણો ગુણ ધારિ, જિહાં સરસ્વતી વસી હો લાલ, જિહાં૦
તાર્કિક કુલ માર્ત્તંડ, આચારજ ભટ્ટનો હો લાલ, આચારજ૦
જાણે રહસ્ય અખંડ, તે દર્શન ષટ્‌નો હો લાલ, તે૦ ૩
ભટ્ટાચારજ પાસ, ભણે શિષ્ય સાતસેં હો લાલ, ભણે૦
મીમાંસાદિ અભ્યાસ, કરે વિદ્યારસેં હો લાલ, કરે૦
તે પાસે જસ આપ, ભણે પ્રકરણ ઘણાં હો લાલ, ભણે૦
ન્યાયમીમાંસાલાપ, સુગત જૈમિનિ તણાં હો લાલ, સુગત૦ ૪
વૈશેષિક સિદ્ધાંત, ભણ્યાં ચિંતામણિ હો લાલ, ભણ્યાં૦
વાદિ-ઘટા દુર્દાન્ત વિબુધચૂડામણી હો લાલ, વિબુધ૦
સાંખ્ય પ્રભાકર ભટ્ટ, મતાંતર સૂત્રણા હો લાલ, મતાંતર૦
ધારે મહા દુરઘટ્ટ, જિનાગમ-મંત્રણા હો લાલ, જિનાગમ૦ ૫
પંડિતને દે આપ, રૂપૈયો દિન પ્રતિ હો લાલ રૂપૈયો૦
પઠન મહારસ વ્યાપ, ભણે જસ શુભમતિ હો લાલ ભણે૦
તીન વરસ લગી પાઠ, કરે અતિ અભ્યાસી હો લાલ. કરે૦
સંન્યાસી કરી ઠાઠ, આવ્યો એહવે ધસી હો લાલ. આવ્યો૦ ૬
તેહસું માંડ્યો વાદ, સકલ જન પેખતાં હો લાલ. સકલ૦
નાઠો તજિ ઉન્માદ, સંન્યાસી દેખતા હો લાલ સંન્યાસી૦
પંચ શબ્દ નીશાણ, ધુરંતિ ઈજતિ હો લાલ. ધુરંતિ૦
આવ્યા જસ બુધ-રાણ, નિજવાસે તિતિં હો લાલ. નિજા૦ ૭
વારાણસી શ્રી પાસ, તણી કીધી થુઈ હો લાલ તણી૦

ન્યાયવિશારદ તાસ, મહાકિરતિ થઈ હો લાલ મહા૦
કાશીથી બુધરાય, ત્રિહુ વરષાંતરે હો લાલ, ત્રિહુ૦
તાર્કિક નામ ધરાય, આવ્યા પુર આગરે હો લાલ આવ્યા૦ ૮
ન્યાયાચાર્યની પાસે, બુધ વલિ આગરે હો લાલ બુધ૦
કીધો શાસ્ત્રઅભ્યાસ, વિશેષથી આદરે હો લાલ વિશેષ૦
ચ્યાર વર્ષ પર્યંત, રહી અવગાહિયા હો લાલ રહી૦
કર્કશ તર્ક સિદ્ધાંત, પ્રમાણ પ્રવાહિયા હો લાલ પ્રજાણ૦ ૯
આગરાયે સંઘ સાર, રૂપૈયા સાતસેં હો લાલ રૂપૈયા૦
મૂકે કરી મનુહાર, આગેં જસનેં રસેં હો લાલ આગે૦
પાઠાં પુસ્તક તાસ, કરાય ઉમંગસ્યું હો લાલ કરાય૦
છાત્રોને સવિલાસ, સમર્પ્યાં રંગસ્યું હો લાલ સમર્પ્યાં૦ ૧૦
દુર્દમ વાદી વાદ, પરે પરે જીપતા હો લાલ પરે૦
આવ્યા અહમદાવાદ, વિદ્યાએ દીપતા હો લાલ. વિદ્યાએ૦
ઈણપરિ સુજસની વેલી, સદા ભણસ્યેં જિકે હો લાલ. સદા૦
કાંતિ મહારંગ રેલિ, સહી લહિસ્યેં તિકે હો લાલ સહી૦ ૧૧

### ઢાળ ૩

કાશીથી પાઉધારે શ્રી ગુરુજી ઈહાંજી, જીતી દિશિદિશિ વાદ
ન્યાયવિશારદ બિરૂદ ધરે વડો જી, આગે તૂર નિનાદ... ૧
ચાલો સાહેલી હે ! સુગુરુને વાંદવાજી, ઈમ કહે ગૌરી વેણ
શાસનદીપક શ્રી પંડિતવરુજી, જોવા તરસે નેણ. ચાલો૦ ૨
ભટ ચડ વાદી વિબુધે વીંટિયોજી, તારાઈ જિમ ચંદ
ભવિક ચકોર ઉલ્લાસન દીપતોજી, વાદી-ગરુડ ગોવિંદ. ચાલો૦ ૩
વાચક ચારણ ગણિ સલહીજતાજી, વીંટ્યા સંઘ સમગ્ર
નાગપુરીય સરાહેં પધારીયા જી, લેતા અર્થ ઉદગ્ર. ચાલો૦ ૪
કીરતિ પસરી દિશિદિશિ ઊજલીજી, વિબુધતણી અસમાન
રાજસભામાં કરતાં વર્ણનાજી, નિસુણે મહબ્બતખાન. ચાલો૦ ૫
ગુજરપતિને હૂંસ હુઈ ખરીજી, જોવા વિદ્યાવાન

તાસ કથનથી જસ સાધે વલીજી, અષ્ટાદશ અવધાન. ચાલો૦ ૬
પેખી જ્ઞાની ખાન ખુશી થયાજી, બુદ્ધિ વખાણે નવાબ
આડંબરસ્યું વાજિંત્ર વાજતેંજી, આવે સ્થાનક આપ. ચાલો૦ ૭
શ્રી જિનશાસન ઉન્નતિ તાં થઈજી, વાધી તપગચ્છ-શોભા
ગચ્છ ચોરાસીમાં સહુ ઈમ કહેજી, એ પંડિત અક્ષોભ ચાલો૦ ૮
સંઘ સકલ મિલિ શ્રી વિજયદેવનેજી, અરજ કરે કર જોડી
'બહુશ્રુત એ લાયક ચઉથે પદેજી, કુણ કરે એહની હોડિ !' ચાલો૦ ૯
ગચ્છપતિ લાયક એહવું જાણીનેજી, ધારે મનમાં આપ
પંડિતજીથાનક તપ વિધિસ્યું આદરેજી, છેદણ ભાવ સંતાપ. ચાલો૦ ૧૦
ભીના મારગ શુદ્ધ સંવેગનેજી, ચઢે સંયમ ચોષ(ખ)
જયસોમાદિક પંડિત-મંડલીજી, સેવે ચરણ અદોષ ચાલો૦ ૧૧
ઓલી તપ આરાધ્યું વિધિ થકીજી, તસ ફલ કરતલે કીધ
વાચક પદવી સતર અઢારમાંજી, શ્રી વિજયપ્રભે દીધ. ચાલો૦ ૧૨
વાચકજી જસ નામી જગમાંહે જયોજી, સુરગુરુનો અવતાર
સુજસવેલિ ઈમ સુણતાં સંપજેજી, કાંતિ સદા જયકાર. ચાલો૦ ૧૩

## ઢાળ ૪

શ્રી યશોવિજય વાચકતણા, હું તો ન લહું ગુણ વિસ્તારો રે
ગંગાજલ કણિકાથકી, એહના અધિક અ છેં ઉપચારો રે. શ્રી... ૧
વચન રચન સ્યાદ્વાદનાં, નય નિગમ અગમ ગંભીરો રે
ઉપનિષદા જિમ વેદની, જસ કઠિન લહે કોઈ ધીરો રે. શ્રી... ૨
શીતલપરમાનંદિની, શુચિ વિમલસ્વરૂપા સાચી રે
જેહની રચના ચંદ્રિકા, રસિયા જન સેવે રાચી રે. શ્રી... ૩
લઘુ બાંધવ હરિભદ્રનો, કલિયુગમાં એ થયો બીજો રે
છતાં યથાર્થ ગુણ સુણી, કવિયણ બુધ કો મત ખીજો રે. શ્રી... ૪
સત્તર ત્રયાલિ ચોમાસું રહ્યાં, પાઠક નગર ડભોઈ રે
તિહાં સુરપદવી અણુસરી, અણસણ કરી પાતક ધોઈ રે. શ્રી... ૫
શીત તલાઈ પાખતી, તિહાં થૂભ અ છે સસનૂરો રે

તે માંહિથી ધ્વનિ ન્યાયની, પ્રગટે નિજ દિવસિં પડૂરો રે. શ્રી... ૬
સંવેગી શિરસેહરો, જ્ઞાન રયણનો દરિયો રે
પરમત-તિમિર ઉછેદવા, એ તો બાલારૂપ દિન કરીઓ રે. શ્રી... ૭
શ્રી પાટણનાં સંઘનો લહી, અતિ આગ્રહ સુવિશેષે રે
શોભાવી ગુણફુલડે ઈમ સુજસવેલી મેં લેષિ (ખ) રે. શ્રી... ૮
ઉત્તમ ગુણ ઉદ્‌ભાવતાં, મેં પાવન કીધી જીહાં રે
કાંતિ કહે જસ વેલડી, સુણતાં હુઈ ધન ધન દીહા રે. શ્રી... ૯

## ૧૨૭. રત્નમાલાના ૫ બાંધવની સજ્ઝાય

રત્નવતી નગરી ભલી તિહાં રાજા નયસાર રે
રયણમાલાના રૂઅડાં પાંચ બાંધવ ગુણ ભંડાર રે...
પાંચ બાંધવ ગુણભંડાર મહામુનિ વાંદતાં
સુખ થાય રે સવિ દુઃખ જાય મહામુનિ વાંદતાં... ૧
ભગિની ભગિનીપતિ ભણી આવ્યાં તે મિલવાને હેત રે
એક દિન ગણધર વાંદવા પહોંચ્યા તે સયણ સમેત રે...
પહોંત્યા૦ મહામુનિ૦ ૨
ભવ પાછલા દઢ નૃપતિનાં શ્રીદેવી અંગજ હોય રે
ઉદ્યાને રમવા ગયા ચારણમુનિ મલ્યા દોય રે...
ચારણ૦ મહામુનિ૦ ૩
ધર્મસુણી ઘેર આવતાં વિજળીવિઘ્ને લહ્યા અંત રે
શુભ ધ્યાને મરી સાતે હુઆ સૌધર્મે સુરવર કંત રે...
સૌધર્મે૦ મહામુનિ૦ ૪
તિહાંથી ચ્યવી તુમે નિપન્યા સંપ્રતિ સંબંધી સાત રે
જાતિસમરણ પામીયા નિસુણી પૂરવ અવદાત રે...
નિસુણી૦ મહામુનિ૦ ૫
તન-ધન-જોબન જીવિત એ ચપલા પેરે ચલ ભાવ રે
તિહાં સ્થિર જિનવર ધર્મ છે ભવજલધિ તારણ વડનાવ રે...
ભવ૦ મહામુનિ૦ ૬

તિહાં કને સંયમ આદર્યો સવિ હુઆ આણી મન નેહ રે
શમ દમ સુધા સંયમી ગુણવંતા મુનિવર તેહ રે...
ગુણવંતા૦ મહામુનિ૦ ૭
માસખમણ અભિગ્રહ ધરી વાંદ્યા સીમંધર સ્વામી રે
વિચરે જિનવર સાથસું શ્રુતધર થયા તે અભિરામ રે...
શ્રુતધર૦ મહામુનિ૦ ૮
કેવલ લહી શિવ પામશે કરી આઠ કર્મનો અંત રે
અહનિશ તે આરાધીયે જ્ઞાનવિમલ મહોદયવંત રે...
જ્ઞાન૦ મહામુનિ૦ ૯

## ૧૨૮. રહનેમિને રાજીમતીની સજ્ઝાયો (૧)

### દુહા

રાજુલ સતી અણજાણતાં, પેઠા તે દરી માંહિ
અંધારે દેખે નહીં, તેહ ઋષિને ત્યાંહિ... ૧
કાઢી વસ્ત્ર નિજ અંગથી, કરે મોકળા તેહ,
નીચોવે નહીં વસ્ત્રને, મુનિવર મારગ એહ... ૨
નગ્ન દેખી નારી પ્રત્યે, કામાતુર થયો તેહ,
રહનેમી ભાખે ઈસ્યું, આણી અધિક સનેહ... ૩
ભોગ ભોગવીએ આપણે, કરીએ સફળ સંસાર,
યૌવન ફરી ફરી દોહિલું, દોહિલો એ અવતાર... ૪

### ઢાળ

રાજીમતી ગુણવંતી બોલે ધૈર્ય કછોટો વાળી
કુલવંતા નર એમ ન બોલો આવે ટીલી કાળી
અળગા રહેજો રે ત્રણ લોકપતિ દુહવાસે... અળગા૦ ૧
જગબંધવના બંધવ થાઓ વળી જગશરણના શિષ્ય
હજીય લગી દુર્બુદ્ધિ શી તુજને બિહું લોકે અજગીશ... અળગા૦ ૨
સર્વજ્ઞ શિષ્ય થઈ આતમહિત જો નવિ કરશો કાંઈ
તો ભમશો ભવસાયર માંહિ સુલભ નહિં એ છાંઈ... અળગા૦ ૩

દેવદ્રવ્ય હરવે સંયતીવ્રત ખંડનને ઋષિઘાત
શાસન ઉફ્ફાહક બોધિતરૂ મૂલે અગ્નિ વરસાત... અળગા૦ ૪
જેહ અગંધન કુળના જાયા નાગ વમ્યું નવિ ઈચ્છે
જલતી અગ્નિમાં તે પેસે તે પણ કેમ નવિ પ્રીછે... અળગા૦ ૫
એહ અસંયમી જીવિત કાજે વમીયા વાંછે ભોગ
ધિક્ અપયશકામી તુજ રૂડો મરણ તણો સંયોગ... અળગા૦ ૬
હું ભોગરાયના કુળમાં ઉપની તું અંધક કુલ જાયો
આપણો કુલ એક-એકથી દીસે સર્વ થકી સવાયો... અળગા૦ ૭
ગંધનકુલ સરિખા રખે થઈએ તેણે સંયમમાં મ્હાલો
ઉન્મારગ ચાલીને આતમ કાં દુર્ગતિમાં ઘાલો... અળગા૦ ૮
જ્યાં જ્યાં કામિની દેખશો ત્યાં ત્યાં, મન જો તમારૂં જાશે
તો વાતાહત વૃક્ષ પરે તુજ સહી મનડું ડોલાશે... અળગા૦ ૯
એહવા સતીના વયણ સુણીને જાગ્યો તે મહાભાગ
ઉન્મારગે જાતો તેમ વાળ્યો જેમ અંકુશે નાગ... અળગા૦ ૧૦
ભોગ તણી ઈચ્છા છાંડીને પ્રભુજી પાસે આલોવે
પશ્ચાતાપ કરંતો મુનિવર કર્મકલંકને ધોવે... અળગા૦ ૧૧
એક વરસ છદ્મસ્થ રહીને મુનિવર શુભ પરિણામે
ઘાતી કરમનો ક્ષય કરીને કેવલજ્ઞાન તે પામે... અળગા૦ ૧૨
ધન્ય રાજીમતી ધન્ય એ ઋષિજી જિણે સાર્યા નિજકાજ
ક્ષમાવિજય જિન ઉત્તમ ગુરૂપદ પદ્મ નમે મુનિરાજ... અળગા૦ ૧૩

## ૧૨૯. રહનેમિને રાજીમતીની સજ્ઝાયો (૨)

નાજી-નાજી-નાજી છેડો નાજી, દેવરીયા મુનિવર છેડો નાજી;
સંયમ વ્રત ભાંગે છેડો નાજી, યદુકુલ દુષણ લાગે. છેડો૦ ૧

અગ્નિકુંડમાં નિજ તનુ હોમે, વમ્યું વિષ નવિ લેવે;
જે અગંધન કુલના ભોગી, તે કેમ ફરી વિષ સેવે. છેડો૦ ૨

લોક હસે ને ગુણ સવિ નિકસે, વિકસે દુર્ગતિ બારી;
એમ જાણીને કહો કોણ સેવે, પાપ પંક પરનારી. છેડો૦ ૩

વળી વિશેષે સંયતિની સંગે, બોધિબીજ બળી જાવે;
સાહિબ બાંધવ નામ ધરાવો, તો કેમ લાજ ન આવે. છેડો૦ ૪

મૂરખ કોઈ દહી ગુણ ચંદન, છાર કોયલા કાજે;
વિષય હળાહળ પાન થકી પણ, કોણ ચિર જીવિત રાજે. છેડો૦ ૫

રાજુલ બાળા વચન રસાળા, જેમ અંકુશે સૂંઢાળા;
એમ થિર કરી રહનેમિ પ્રગટયા, જ્ઞાનવિમલ ગુણમાળા. છેડો૦ ૬

## ૧૩૦. રહનેમિને રાજીમતીની સજ્ઝાયો (૩)

કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ રહનેમી નામે, રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે,
દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો, ધ્યાન થકી હોય ભવનો પાર રે; દેવ૦
વરસાદે ભીનાં ચીવર મોકળા કરવા, રાજુલ આવ્યા તેણે ઠામ રે. દેવ૦ ૧

રૂપે રતિ રે વસ્ત્રે વર્જીત બાળા, દેખી ખેલાણો તેણે કામ રે; દેવ૦
દિલડું લોભાણું જાણી રાજુલ ભાખે, રાખો સ્થિર મન ગુણના ધામ રે.દેવ૦ ૨

જાદવ કુળમાં જિનજી નેમ નગીનો, વમન કરી છે મુજને તેણ રે; દેવ૦
બંધવ તેહના તમે શિવાદેવી જાયા, એવડો પટંતર કારણ કેણ રે. દેવ૦ ૩

પરદારા સેવી પ્રાણી નરકમાં જાય, દુર્લભ બોધી હોય પ્રાય રે; દેવ૦
સાધ્વી સાથે ચૂકી પાપ જે બાંધે, તેહનો છૂટકારો કદીય ન થાય રે. દેવ૦૪

અશુચિ કાયા રે મળ મૂત્રની ક્યારી, તમને કેમ લાગી એવડી પ્યારી રે; દેવ૦
હું તે સંયમી તમે મહાવ્રત ધારી, કામે મહાવ્રત જાશો હારી; દેવ૦ ૫
ભોગ વમ્યા રે મુનિ મનથી ન ઈચ્છે, નાગ અંગધન કુલના જેમ રે; દેવ૦
ધિક્ કુળ નીચા થઈ નેહ નિહાળે, ન રહે સંયમ શોભા એમ રે. દેવ૦ ૬

એવા રસીલા રાજુલ વયણ સુણીને, બુઝયા રહનેમી પ્રભુજી પાસ રે; દેવ૦
પાપ આલોયણ કરી સંયમ લીધું, અનુક્રમે પામ્યા શિવ આવાસ રે. દેવ૦ ૭

ધન્ય ધન્ય જે નરનારી શિયળને પાળે, સમુદ્ર તર્યા સમ વ્રત છે એહ રે; દેવ૦
રુપ કહે તેહના નામથી હોવે, અમ મન નિર્મળ સુંદર દેહ રે. દેવ૦ ૮

## ૧૩૧. રહનેમિને રાજીમતીની સજ્ઝાયો (૪)

રહનેમિ રાજુલ દીયર ભોજાઈ એક ગુફામાં ભેગા મળ્યા રે
વસ્ત્ર વિનાની રાજીમતી દેખીને ચરણે ચતુરના ચિત્ત ચળ્યા રે... રહનેમિ૦ ૧
કહે સાંભળ-રંગીલી રાજુલ ! પ્રીત પૂરવ હમ તુમ સમી રે
પ્રીતમેં પરિહરી ચરણ ધરી કિમ કાયા સોસે કારમી રે... રહનેમિ૦ ૨
નેમ ગયા જગ વરસ લગે તબ હું તુમ ઘર નિત આવતો રે
ભોજન ભૂષણ ચીર તિલક ફળ તુમ ચિત્તરંજન લાવતો રે... રહનેમિ૦ ૩
રંભા રૂપ કુમારી મેંલહી પિયુ વિના આમણ-દૂમણી રે
ઈચ્છા મુજબ તુજ પરણીને કરશું સંસારે લીલા ઘણી રે... રહનેમિ૦ ૪
તુરે પ્રભુવશ હુરે તેરે રસ તપ કરી યૌવન વન દહો રે
ચાલો ઘર જઈ ભુકત ભોગી થઈ અંતે સંયમશ્રી લહો રે... રહનેમિ૦ ૫
બોલે રાજીમતી મહાસતી તવ ચીર ધીરજ અંગે ધરી રે
માતા શિવાસુત સ્વામી સહોદર પ્રભુ હાથે દીક્ષા વરી રે... રહનેમિ૦ ૬
કુલ લજ્જા તજી બોલત ડોલત મહાવ્રત મેરૂ માંડણી રે
ભૂષણ ચીવર ઘર રહી લીધા તે દેવર બાંધવ સમ ગણી રે... રહનેમિ૦ ૭
અગ્નિપ્રવેશ ભલું વિષ ભક્ષણ નહિં જીવવું વ્રત ભંજઈ રે
કેવલી નાથ નિહાલત હમ તુમ નિર્લજ્જ લાજ કિહાં ગઈ રે... રહનેમિ૦ ૮
સંસાર ભોગ રોગ સમ વમીને ઉત્તમ ફરી વંછે નહિં રે
ઉપના નાગ અગંધન કુલના વિષ ચૂસે ન, મરણ સહી રે... રહનેમિ૦ ૯
રાજુલ વયણ અમીરસ ધારા કામ ઉત્તાપ સવિ ટલ્યા રે
થિર થઈ સંજમ શ્રેણી સમારૂહ રહનેમિ પ્રભુને મલ્યા રે... રહનેમિ૦ ૧૦
ધ્યાન હુતાશન આતમ કંચન કેવલ લહી મુગતે ગયા રે
અગુરૂલઘુ અવગાહન ધરતાં સાદિ અનંત સુખી થયા રે... રહનેમિ૦ ૧૧
ચારસેં વરસ ઘરે રહી રાજુલ પાંચસે વરસજ કેવલી રે
સહજાનંદ સુખી શિવમંદિર કર્મને પરિશાટન કરી રે... રહનેમિ૦ ૧૨
ધ્યેય સ્વરૂપી ને ધ્યાને ધ્યાયક લોકોત્તર સુખ પાવશે રે
શ્રી શુભવીરના શાસન માંહે ગુણીજન દોયને ગાવશે રે... રહનેમિ૦ ૧૩

## ૧૩૨. રહનેમિને રાજીમતીની સજઝાયો (૫)

ધિક ધિક ધિક મુનિ તુમને ધિક ધિક તુમારા વેણજી
ચારિત્ર તમારૂં એળે ગયું કૂડા તમારા કે'ણજી-
મોહ રે ઉતારો મુનિરાજજી ૧

માત-પિતા કુળ બોળીયું બોળ્યું ચારિત્ર આજજી
વિષય કારણ મોહ લાવીયા કૂડા કૃત્યને કાજજી...
મોહ રે ઉતારો મુનિરાજજી ૨

તપ-જપ કરલો છોડી દીયો રાણી રાજુલ નારજી
સંસારના સુખ ભોગવો કરો સફલ અવતારજી-
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૩

મેવા ફળ-ફુલ લાવતો હું તમારા આવાસજી
હોંશ ધરીને લેતા તુમે તેથી થઈ બહુ આશજી...
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૪

વસ્ત્ર-ભૂષણ લીધા પ્રેમથી જાણી દેવર જાતજી
વ્રત લઈને જેણે ભાંગીયા થયો નરકને પાતજી...
મોહ રે ઉતારો મુનિરાજજી ૫

રૈવત નાથ નિહાળતાં તુમ હમ દોનુને આજજી
નિર્લજ્જ લાજ કિહાં ગઈ ગયું જ્ઞાન મહારાજજી...
મોહ રે ઉતારો મુનિરાજજી ૬

એથી અધિક કહો મુજને રાજુલ પ્રાણ આધારજી
વહાલ તમારૂં નવિ વિસરે સુણો રાજુલ નારજી...
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૭

પીયુ વિણ રાજુલ એકલી જાણી તમારી દાઝજી
હોંશ ધરીને અમે આવતાં કરવા તુમારા કાજજી...
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૮

તારણ તંત્ર તોડી કર્યો મોહ મંત્રનો સંગજી
મોક્ષ પદવી તમે ખોઈને કર્યો સંયમ ભંગજી...

મોહ રે ઉતારો મુનિરાજજી ૯
સંસાર અસાર છોડી તમે લીધો સંયમ ભારજી
ઉત્તમ પુરૂષ વંછે નહિં ફરી સંસાર અસારજી...
મોહ રે ઉતારો મુનિરાજજી ૧૦
માયા કરી જે મીલે નહિં તે મૂરખની રીતજી
સંસારમાં શું લઈ જવું એક પૂરણ પ્રીતજી...
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૧૧
કુંવારી કન્યાને કંથ કેટલા સુણ સુણ રાજુલ નારજી
એકની ઉપર રાગ નવિ ઘટે કરો મુજને સ્વામી તારજી...
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૧૨
અમીરસ મૂકી કાં પીવો નારી અવગુણ વિખજી
સંસારમાં સાર કાંઈ નથી ધરો સંયમ શીખજી...
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૧૩
દીક્ષા લઈ પ્રભુ પાસથી પાળો શુદ્ધ આચારજી
વિષફળ ખાવા વાંછા ફરી લેવા પૃથ્વીનો ભારજી...
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૧૪
મેં જાણ્યું રાજુલ એકલી પતિ વિના મુંઝાયજી
પરણીને સુખ અપશું નહિં લેવા દઉં દીક્ષાયજી...
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૧૫
પુન્ય પ્રતાપે મેં ભેટીયા આજ કેટલે માસજી
ચાલો ઘરે જઈએ આપણે કરવા ભોગ વિલાસજી...
પ્રીતિ ધરો પ્રેમદા મુજથી ૧૬
બંધુ તુમારે ફરી ફરી જાણી અસ્થિર સંસારજી
શ્વાનપરે ઈચ્છા કાં કરો જમવા વમન વિકારજી...
મોહ રે ઉતારો મુનિરાજજી ૧૭
શ્વાન કહ્યો તુમે મુજને તો શો તુમથી સંસારજી
દીક્ષા આપી સારી સાધવી કર્યો તુમે ઉપગારજી...
ક્ષમા કરો મોરી માતજી ૧૮

## ૧૩૩. રાજીમતીની સજ્ઝાય

નેમ નેમ કરતી નારી કોઈની ન ચાલી કારી
રથ લીધો પાછો વાળી સાહેલી મોરી–કરમે કુંવારા રહ્યા રે સાહેલી મારી...૧
મનથી તો માયા મૂકી સૂની તો દીસે છે ડેલી હવે મારૂં કોણ બેલી રે
સાહેલી મારી... ૨
ચિત્ત મારૂં ચોરી લીધું પ્રીતિથી પરવશ કીધું, દુઃખડું તો અમને દીધું રે
સાહેલી મારી... ૩
જાઓ માં જાદવરાયા આઠ ભવની મૂકી માયા આવો શિવાદેવી જાયા રે
સાહેલી મારી... ૪
માછલી તો નીર વિણ બચે નહિં રખે ખિણ દા'ડા કેમ જાશે પીયરે રે
સાહેલી મારી... ૫
આજ તો બની ઉદાસી તુમ દરિસણ હતી પ્યાસી પરણવાની હતી આશી રે
સાહેલી મારી... ૬
જોબનીયું તો કેમ જાશે સ્વામી વિના કેમ રહેવાશે દુઃખડાં કોને કહેવાશે રે
સાહેલી મારી... ૭
જોતાં પ્રાણ જોડી મળી આઠ ભવની પ્રીતિ તોડી જોબનીયામાં ચાલ્યા છોડી રે
સાહેલી મારી... ૮
દેહી તો દાઝે છે મારી સ્વામી તુમેં શું વિસારી તમે જીત્યા હું તો હારી રે
સાહેલી મારી... ૯
પશુડા છોડાવી દીધાં પ્રભુએ અભયદાન દીધાં ઉદાસી તો અમને કીધાં રે
સાહેલી મારી... ૧૦
રાજુલ વિચારે એવું સુખ છે સપના જેવું હવે પ્રભુ નેમ સેવું રે
સાહેલી મારી... ૧૧
મનમાં વૈરાગ્ય આણી સહસાવન ગયા ચાલી સંયમ લીધો મન ભાવી રે
સાહેલી મારી... ૧૨
કરમનો કરી નાશ પહોંચ્યા શિવપુર વાસ રત્નવિજય કહે શાબાશ રે
સાહેલી મારી... ૧૩

## ૧૩૪. રાવણ મંદોદરીની સજ્ઝાયો (૧)

સુણો મંદોદરી ! નારાયણ નમવાનું મારે નેમ છે
હો રાણાજી રઘુવર કેરા ચરણો ધોઈ ધોઈ પીઓ... સુણો૦ ૧
મારે શુદ્ધ-બુદ્ધ આવી પાણી ભરે મારે નવનિધિઓ રસોઈ કરે
મારે ઘેર ચાંદો-સૂરજ આવી દીવા કરે... સુણો૦ ૨
મારે કંચન સરીખો કોટ છે મારે લંકા સરીખું રાજ્ય છે
મારે બિભીષણ જેવો ભાઈ છે... સુણો૦ ૩
મારે કોટ-કાંગરા-બારી છે દરવાજે ચોકી સારી છે
મારે કંસ-કરણ બે ભાઈ છે... સુણો૦ ૪
પણ આઉખાને અથિર જાણી તુમે સાંભળજો ઉત્તમ પ્રાણી
એમ બોલે મુનિ માણેક વાણી... સુણો૦ ૫

## ૧૩૫. રાવણ મંદોદરીની સજ્ઝાયો (૨) (ઢાળ-૪)

### ઢાળ ૧

અહો રાણાજી ! કહ્યું માનો તો અભિમાન દૂરે ટાળીએ
અહો રાણાજી ! રઘુપતિ કેરો ચરણ કમલ ધોઈ પીજીએ
અહો રાણાજી ! નાના છે પણ તે નર મોટા કહેવાય છે
અહો રાણાજી ! એના દર્શનથી મનોરથ સર્વ પૂરાય છે... ૧
એના દશરથ સરખા પિતા છે એની કૌશલ્યાજી માતા છે
એના લક્ષ્મણ સરીખા ભ્રાતા છે... અહો રાણાજી કહ્યું ૨
એના ભરત-શત્રુઘ્ન ભાઈ છે એને સુગ્રીવાદિ સખાઈ છે
એને હનુમાન સદા સુખદાયી છે અહો રાણાજી કહ્યું ૩

### ઢાળ ૨

સુણ મંદોદરી ! નારાયણ નમવાનું મારે નેમ છે
સુણ મંદોદરી ! આદિથી અંત સુધી નમવાનું મારે નેમ છે
મારે કુંભકર્ણ સરીખા ભાઈ છે મારે ગઢને ફરતી ખાઈ છે
મારે સવા લાખ જમાઈ છે... સુણી મંદોદરી૦ ૧
મારે ગઢને કાંગરા ભારી છે મારે બેઠક તો બહુ સારી છે
મારે અક્ષૌહિણી લશ્કર ભારી છે... સુણી મંદોદરી૦ ૨

મારે ઐરાવણ આકાશે વસે મારે બલભદ્ર તો પાતાલે વસે
મારે રાક્ષસ બહુલા પાસે વસે... સુણી મંદોદરી૦ ૩
મારે પવન વાસીંદુ વાળે છે મારે જમ તો પાણી તાણે છે
મારે ચંદ્ર-સૂર્ય છત્ર ધારે છે... સુણી મંદોદરી૦ ૪
વિદ્યાધરની વાતો જાણીને મેં નવગ્રહ બાંધ્યા તાણીને
હરી લાવ્યો છું રાઘવ રાણીને... સુણી મંદોદરી૦ ૫

## ઢાળ ૩

કહ્યું રે માનો રાય લંકેશ્વરી સીતા શીદ લઈ આવ્યા ?
સીતાના વારૂ શ્રી રામજી ઘણું રોષે ભરાયા... કહ્યું૦ ૧
સ્વામી ! સીતા લાવ્યા ત્યારથી દિવસ દેખું છું ઝાંખો
આપ સવારથ સાધવા કયાં વિષ પ્યાલો ચાખો... કહ્યું૦ ૨
પેટ ચોળીને પીડા ઉભી કરી વેર મોટા શું કીધું
અપયશ લીધો અતિઘણો મોત માગીને લીધું... કહ્યું૦ ૩
ચોથાવ્રતની આખડી અણઈચ્છતી નારી ત્યાગ
દેવ-ગુરૂની સાખે કરી તે વ્રત લઈ કેમ ભાંગ ?... કહ્યું૦ ૪
(અણઈચ્છતી નારી તણો સ્વામી કીધો છે ત્યાગ
તો એ વ્રતને ભાંગીને શીદ લગાડો ગુણને આગ)... કહ્યું૦ ૫
નિમિત્તિએ જોષ જોયો હતો ધુર પ્રથમથી એવો
સીતાના હરણે મોત પામશો સંયોગ છે તેવો... કહ્યું૦ ૬
સ્વામી સ્વપ્નું મેં લહ્યું જાણે લંકામાં લાય લાગી
રામચંદ્રજીએ બાણ સાંધીયું ત્યારે હું ઝબકીને જાગી... કહ્યું૦ ૭
પાણીમાં પત્થરે પાજ બાંધીને રામચંદ્રજી આવ્યા
લક્ષ્મણ સાથે લેઈ કરી બહુ રાજા સાથે લાવ્યા... કહ્યું૦ ૮
રામચંદ્રજીના દળ થકી નગરી થઈ છે બહેરી
સેના ચિહું દિશિ વિસ્તરી લીધો લંકાગઢ ઘેરી... કહ્યું૦ ૯
લુંટ્યા મંદિર માળીયા લુંટી શેરી બજાર
મહેલ લુંટશે સ્વામી આપણો લુંટશે મુજને આ વાર... કહ્યું૦ ૧૦
સ્વામી ! કહું છું હું તુમ ભણી માની લેજોને આપ
વારંવાર કહું હું કેટલું ? પરનારીમાં બહુ પાપ... કહ્યું૦ ૧૧

સ્વામી ! હું તો તુમ ભણી દુઃખ નજરે દેખું
સુખ નહિં મારે તુમ તણો આગળ કેટલું ભાખું ?... કહ્યું૦ ૧૨

## ઢાળ ૪

રાવણ કહે-સુણ મંદોદરી મત હાર તું હૈયું
સોનાનું દ્વાર ને કોટ છે નહિં જીતે દશરથનું છૈયું...
રાણીજી દઢમન રાખજો ૧
કુંભકર્ણ સરિખા બાંધવા ઈંદ્રજીત સરિખા પુત્ર
સમરથ સેના છે આપણી શું કરશે ? દશરથનો પુત્ર...
રાણીજી દઢમન રાખજો ૨
રાવણ કહે સુણ મંદોદરી આપણ અહંકારી છીએ
લીધી વાત ન મૂકીએ પાછો પગ નવિ ભરીએ...
રાણીજી દઢમન રાખજો ૩
મંદોદરી કહે અહંકારથી ચક્રી વાસુદેવ જેવા
પસ્તાવો કરી નરકે ગયા જીવો દુઃખ પામ્યા કે'વા...
કહ્યું રે માનો મારા કંથજી ૪
સુતો સિંહ જગાડીયો છંછેડ્યો કાળો નાગ
સીતાને કલંક લગાડીયો પ્રગટ્યા પૂર્વના પાપ...
કહ્યું રે માનો મારા કંથજી ૫
બિભીષણ કહે સુણો ભાઈજી સીતા જગતની માતા
સત્ય શીયલથી ચૂકે નહિં જો કરો ખોટી જ વાતાં,
કહ્યું રે માનો મુજ બાંધવા... ૬
ભાઈ ! સીતાને દીજીયે બેન કહીને પાછી
રામચંદ્રજીને હેતે કરી જગમાં વાત એ આછી...
કહ્યું રે માનો મારા કંથજી ૭
કહ્યું રે માનો રાય લંકાપતિ લેખ લખ્યો છે વિધાત્રે
કર્મગતિ એવી વાંકડી કરો છો ખોટી જ વાતો...
કહ્યું રે માનો મારા કંથજી ૮
હાક મારીને ઉઠીયો જા તું નજરેથી દૂર
નહિં તો તને હાથે હણું જા તું રામ હજુર...

કહ્યું ન માન્યું રાજા રાવણે ૯

બિભીષણ ત્યાંથી ચાલીયો આવ્યો રામની પાસ
વિગત સર્વ સંભળાવીને રહ્યો રામની પાસ...
કહ્યું ન માન્યું રાજા રાવણે ૧૦

કિષ્કંધાથી લશ્કર ઉપડ્યું આવ્યું લંકામાંય
છ માસ લગી બન્ને ઝૂઝીયા સામ સામા લશ્કર ત્યાંય...
કહ્યું ન માન્યું રાજા રાવણે ૧૧

દલ લશ્કર લેઈ કરી રાવણ થયો હજુર
લડતાં લક્ષ્મણે મારીયો પહોંત્યો નરક મોઝાર...
કહ્યું ન માન્યું રાજા રાવણે ૧૨

બિભીષણને રાજ્ય સોંપી કરી સીતા ઘેર લઈ આવ્યા
અયોધ્યામાં હર્ષ વધામણી સીતાને મોતીડે વધાવ્યા...
ધન ધન સીતા મહાસતી ૧૩

ધન્ય ધન્ય સીતા મહાસતી જેણે શીયલને રાખ્યું
સંયમ લેઈ સ્વર્ગે ગયા એમ જ્ઞાનીએ ભાખ્યું...
ધન ધન સીતા મહાસતી ૧૪

તપગચ્છ વિજય સેનસૂરિ વિમલહર્ષ ઉવજ્ઝાયા
તસ શિષ્ય મુનિ પ્રેમવિજયે સતી સીતાના ગુણ ગાયા...
ધન ધન સીતા મહાસતી ૧૫

## ૧૩૬. રૂક્મિણીની સજ્ઝાયો (૧)

વિચરંતા ગામોગામ, નેમિજિનેશ્વર સ્વામ;
આ છે લાલ, નયરી, દ્વારામતિ આવિયા જી. ૧

વનપાલક સુખદાય, દીયે વધામણી આય;
આછે લાલ, નેમિ જિણંદ પધારીયાજી. ૨

કૃષ્ણાદિક નરનાર, સહુ મલી પર્ષદાબાર;
અ છે લાલ, નેમિ વંદન તિહાં આવિયા જી. ૩

દેશના દીએ જિનરાય, આવે સહુને દાય;
આ છે લાલ, રૂક્મણી પૂછે શ્રી નેમને જી, ૪

પુત્રને મ્હારે વિયોગ, શ્યો હશે કર્મ સંયોગ;
આ છે લાલ, ભગવંત ! મુજને તે કહો જી. ૫

તવ ભાખે ભગવંત, પૂરવભવ વિરતંત;
આ છે લાલ, કીધાં કર્મ ન છૂટીયે જી. ૬
પૂરવભવ કોઈવાર, તું હતી નૃપની નાર;
આ છે લાલ, ઉપવન રમવા સંચર્યાં જી. ૭

ફરતા વન મોઝાર, દીઠો એક સહકાર;
આ છે લાલ, મોરલી વિયાંણી તિહાં કણે જી. ૮

સાથે હતો તુમ નાથ, ઈંડા ઝાલ્યા હાથ;
આ છે લાલ, કુંકુમ વરણાં તે થયાં જી. ૯

નવિ ઓળખે તિહાં મોર, કરવા લાગી શોર;
આ છે લાલ, સોળઘડી નવિ સેવિયાં જી. ૧૦

તિણ અવસર ઘમઘોર, મોરલી કરે છે શોર;
આ છે લાલ, ચિહુ દિશિ ચમકે વિજળી જી. ૧૧

પછી વુઠયો તિહાં મેહ, ઈંડા ધોવાણા તેહ;
આ છે લાલ, સોળ ઘડી પછી સેવિયાં જી. ૧૨

હસતાં તે બાંધ્યા કર્મ. નવિ ઓળખ્યો જિનધર્મ;
આ છે લાલ, રોતા ન છૂટે પ્રાણિયાં જી. ૧૩

તિહાં બાંધ્યો અંતરાય, ભાખે શ્રી જિનરાય;
આ છે લાલ, સોળ ઘડીના વર્ષ સોળ થયાં જી. ૧૪

દેશના સુણી અભિરામ, રૂક્ષ્મણી રાણી તામ;
આ છે લાલ, શુદ્ધો સંયમ આદર્યો જી. ૧૫

સ્થિર કરી મન વચ કાય, કેવળનાણ ઉપાય;
આ છે લાલ, કર્મ ખપાવી મુગતે ગયાં જી. ૧૬

તેહનો છે અધિકાર, અંતગડ સૂત્ર મોઝાર;
આ છે લાલ, રાજવિજય રંગે ભણે જી. ૧૭

## ૧૩૭. રૂક્મિણીની સજ્ઝાયો (૨)

કહે સીમંધર સ્વામી નારદ પ્રત્યે તિણ ઠામ આછેલાલ
સાંભળજે તુજને કહુંજી... ૧

પૂરવભવ હરિનાર બ્રાહ્મણી ઘર અવતાર આછેલાલ
રૂપ-કળા ગુણ ઓરડીજી... ૨

અમરીને અનુહાર અભિનવ રતિ અવતાર આછેલાલ
હુંતા સુંદર-સુંદરીજી... ૩

ચાલે પતિ આજ્ઞાય ગૃહિણી તે કહેવાય આછેલાલ
પિયુ મન ગ્રહિયું પાણિમાંજી... ૪

ભોળી ટોળી સંગ ગતવનધરીય ઉમંગ આછેલાલ
કોઈ કામિની ભલી મળીજી... ૫

રમે રામા કરી હોડ લેવે કુદરડી દોડ આછેલાલ
કેઈ ધુમરી ઘાલતીજી... ૬

ગાવે મધુરાં ગીત સુણતાં ઉપજે પ્રીત આછેલાલ
નારી નિકાચિત નાચતીજી... ૭

ન ધરે કોઈની બીક પિયુ પણ નહિં નજદીક આછેલાલ
મયગલ જ્યું મદ્ય પીધલોજી... ૮

થાકી સઘળી નાર બ્રાહ્મણી પણ તિણ વાર આછેલાલ
જઈ બેઠી તરૂ હેઠલેજી... ૯

મોરલીએ તિણ ઠાય મૂક્યા ધરીને ઉમાંહ આછેલાલ
ઈંડા સુંદરતરૂ હેઠલેજી... ૧૦

માણસ સણ સણ જાણ મૂકણ લાગી ઠાણ આછેલાલ
ભય ધરી ઉડી મોરલીજી... ૧૧

કૌતુક દેખણ કાજ બ્રાહ્મણી સુણીને સાદ આછેલાલ
ઈંડા મૂક્યા જોઈનેજી... ૧૨

કુમકુમ ખરડે હાથ ઈંડા લીધાં સાથ આછેલાલ
અરૂણ વરણ ઈંડા થયાંજી... ૧૩

મૂક્યાં તિણ હીજ ઠાય મનમેં ધરી ઉમાહ આછેલાલ
ફરી પાછી આવી ગ્રહેજી... ૧૪

મોરલી ઈંડા પાસ આવી થઈ ઉદાસ આછેલાલ

અરૂણ નિરખી નવિ સંગ્રહ્યાંજી... ૧૫

દેખી કરે એ પોકાર નયણે આંસુધાર આછેલાલ

દુઃખ ધરતી મન મોરલીજી... ૧૬

સોળ ઘડી પર્યંત અકુળી થઈ અત્યંત આછેલાલ

પંખીને શો આશરોજી... ૧૭

તિણ અવસર ઘનઘાટ ગાજે કરી ગડેડાટ આછેલાલ

કાજળ સરખી કંઠલાજી... ૧૮

વરસે જલધર જોર ભરીયાં સર નદી ઠોર આછેલાલ

ઉડે ઝબકતી વિજળીજી... ૧૯

જળ વહે ઠામો ઠામ મોરલી ઈંડા તામ આછેલાલ

જળથી ધોવાઈ ઉજ્વલ હુઆજી... ૨૦

ઉજ્વલ દેખી તેહ હઈડે હર્ષ સનેહ આછેલાલ

ઈંડા પાછાં આદર્યાંજી... ૨૧

બ્રાહ્મણ નારી જેહ હરિગૃહિણી થઈ તેહ આછેલાલ

પૂરવકર્મવશે કરીજી... ૨૨

પામી પુત્ર વિછોહ ઉપન્યો ચિત્ત અંદોહ આછેલાલ

સોળ વરસ લગે એહનેજી... ૨૩

ઘડી એક વરસ વિચાર જાણી વિરહની ઠાર આછેલાલ

વિયોગપણે દુઃખ હોયે ઘણુંજી... ૨૪

સાંભળી જિનની લાણી સંયમ લઈ કેઈ જાણી આછેલાલ

સમકિત ધારી કેઈ થયાજી... ૨૫

નિસુણી નારદ તામ જિનને કરીય પ્રણામ આછેલાલ

મોહન્ન વચનેં સંથુણ્યોજી... ૨૬

## [?] ૧૩૮. રેવતી શ્રાવિકાની સજઝાયો (૧)

સોનાને સિંહાસન બેઠા રેવતી બેઠા બેઠા મંદિર મોઝાર રે

ગજગતિ દીઠા મુનિ આવતાં સુંદર સિંહ અણગાર રે,

મંદિરે પધારો મેરે પૂજ્યજી ૧

આજ કલ્પતરૂ ફળ્યો આંગણે મોતીડે વૂઠ્યા છે મેહ રે
સિંહ અણગાર પધારતાં પ્રગટ્યો ધર્મ સનેહ રે... મંદિરે૦ ૨
ગંગાના જળમાં જિમ કમલડી મધુકર કેલી કરંત રે
તેમ મુજ મન મધુકર પરે ઉલસ્યો રાગ અત્યંત રે ૩
પૂજ્યજીનું વદન નિહાળતાં તેમ તેમ રંગની રેલ રે
શાંત સ્વભાવી સોહામણાં મૂરતિ મોહન વેલ રે... મંદિરે૦ ૪
આદરમાન દીધાં ઘણાં પૂછે કાંઈ સિંહ અણગાર રે
કહો પૂજ્ય કેમ પધારીયા આદેશ ધો સુવિચાર રે... મંદિરે૦ ૫
મુજ ગુરૂએ તુમ ઘર મોકલ્યો માનુની પાક વહોરાવ રે
રેવતી પૂછે-ગુરૂએ કેમ લહ્યું ? કેવલજ્ઞાન સુપસાય રે... મંદિરે૦ ૬
શુભ પરિણામે કરી આપીયો બીજોરા પાક ઉદાર રે
મણી રે માણેક મોતી તણી વૃષ્ટિ હુઈ તિણ વાર રે... મંદિરે૦ ૭
તીર્થંકર ગોત્ર જ તબ લહ્યું રેવતીએ તેણીવાર રે
વીર પ્રભુને સુખ સંપદા સફલ કર્યો અવતાર રે... મંદિરે૦ ૮
પુરૂષ ભલા રે સંસારમાં તેમ ભલી નારી સંસાર રે
રાજીમતી સીતા કુંતા દ્રૌપદી મૃગાવતી ચંદનબાળ રે... મંદિરે૦ ૯
ઈત્યાદિએ જૈનધર્મ આદર્યો ધન્ય ધન્ય તે નરનાર રે
વીર કિંકર ઈમ ઉચ્ચરે દાનથી જયજયકાર રે... મંદિરે૦ ૧૦

## ૧૩૯. રેવતી શ્રાવિકાની સજ્ઝાયો (૨)

ઔષધ દાન તે દીજીએ નિરવદ્ય નેં નિર્દોષ મેરેલાલ
પુણ્યવંત નર પ્રાણીયા કરે સુપાત્રા પેખ... મેરેલાલ ૧
ઔષધ દાન થકી લહ્યો અતુલ અધિક ફલ એહ મેરેલાલ
પુણ્યે વાધ્યો રેવતી તીર્થંકર પદ તેહ... મેરેલાલ ૨
મેઢ્ઢ ગામે જગગુરૂ સમોસર્યા શ્રીવીર મેરેલાલ
તેજો લેશ્યા પરાભવે પીડા કરે શરીર... મેરેલાલ ૩
દેવવિદ્યા ધર દુઃખ ધરે સીંહે સાંભળી વાત મેરેલાલ
માલુકચ્છા અંતરે રૂદન કરે વિખ્યાત... મેરેલાલ ૪
સોલ વરસ કેવલપણે ચિંતા મ કર લગાર મેરેલાલ
શ્રી વીરે બોલાવીયો સીંહો તે અણગાર... મેરેલાલ ૫

મેરે કાજે જે કીયો મત લ્યેજે કોલાપાક મેરેલાલ
રેવતી ઘર કારણે લાવે બીજોરા પાક... મેરેલાલ ૬
સીંહો લેવા સંચર્યો ચાલ્યો ચતુર ચાલાક મેરેલાલ
વહોરાવે તિહાં રેવતી ભાવે બીજોરા પાક... મેરેલાલ ૭
શ્રી જિનને શાતા થઈ દાને સીઝે કાજ મેરેલાલ
દાનેં દોલત શિવ મિલે પામે વંછિત કાજ... મેરેલાલ ૮
અહોદાને સુર દુંદુભિ સોવન વૃષ્ટિ પ્રધાન મેરેલાલ
રેવતી ઘર આંગણે સુર કેરે ગીત ગાન... મેરેલાલ ૯
સ્વર્ગે જઈને હોયસ્યે સત્તરમાં સમાધિ મેરેલાલ
આણંદ મુનિ આણંદસું જિણેં પ્રતિલાભ્યો સાધ... મેરેલાલ ૧૦

## • ૧૪૦. વજ્રસ્વામીની સજ્ઝાયો (૧)

સાંભળજો તુમે અદ્‌ભુત વાતો, વયરકુંવર મુનિવરની રે;
ષટ્ મહિનાના ગુરુ ઝોળીમાં, આવે કેલિ કરંતા રે;
ત્રણ વરસના સાધવી મુખથી, અંગ અગીયાર ભણંતા રે. સાં૦ ૧

રાજસભામાં નહિ ક્ષોભાણા,માત સુખલડી દેખી રે;
ગુરુયેં દીધાં ઓઘો મુહપત્તિ, લીધાં સર્વ ઉવેખી રે. સાં૦ ૨

ગુરુ સંગાથે વિહાર કરે મુનિ, પાળે શુદ્ધ આચાર રે;
બાળપણાથી મહા ઉપયોગી, સંવેગી શિરદાર રે. સાં૦ ૩
કોળા પાક ને ઘેબર ભિક્ષા, દોય ઠામેં નવિ લીધી રે;
ગગનગામિની વૈક્રિયલબ્ધિ, દેવે જેહને દીધી રે. સાં૦ ૪

દશપૂરવ ભણિયા જે મુનિવર, ભદ્રગુપ્ત ગુરુ પાસે રે;
ક્ષીરાસવ પ્રમુખ જે લબ્ધિ, પરગટ જાસ પ્રકાશે રે. સાં૦ ૫

કોટિ સેંકડો ધનને સંચે, કન્યા રૂક્મિણિ નામે રે;
શેઠ ધનાવહ દિયે પણ ન લીયે, વધતે શુભ પરિણામે રે. સાં૦ ૬

દેઈ ઉપદેશ ને રૂક્મિણી નારી, તારી દીક્ષા આપી રે;
યુગપ્રધાન જે વિચરે જગમાં, સૂરજ તેજ પ્રતાપી રે. સાં૦ ૭

સમકિત શિયળ તુંબ ધરી કરમાં, મોહ સાગર કર્યો છોટો રે;

તે કેમ બૂડે નારી નદીમાં, એ તો મુનિવર મોટો રે. સાં૦ ૮

જેણે દુર્ભિક્ષે સંઘ લેઈને, મૂકયો નગર સુકાળ રે;
શાસન શોભા ઉન્નતિ કારણ, પુષ્પ પદ્મ વિશાળ રે. સાં૦ ૯

બૌદ્ધરાયને પણ પ્રતિબોધ્યો, કીધો શાસન રાગી રે;
શાસન શોભા વિજય પતાકા, અંબર જઈને લાગી રે. સાં૦ ૧૦

વિસર્યો શુંઠ ગાંઠિયો કાને, આવશ્યક વેળા જાણ્યો રે;
વિસરે નહીં પણ એ વિસરિયો, આયુ અલ્પ પિછાણ્યો રે. સાં૦ ૧૧

લાખ સોનૈયે હાંડી ચડે તિણે, બીજે દિન સુકાળ રે;
એમ સંભળાવી વયરસેનને, જાણી અણસણ કાળ રે. સાં૦ ૧૨

રથાવર્ત ગિરિ જઈ અણસણ કીધું, સોહમહરિ તિહાં આવે રે;
પ્રદક્ષિણા પર્વતને દેઈને, મુનિવર વંદે ભાવે રે. સાં૦ ૧૩

ધન્ય સિંહગિરિ સૂરિ ઉત્તમ, જેહના એ પટધારી રે;
પદ્મવિજય કહે ગુરુપદ પંકજ, નિત્ય નમિયે નરનારી રે. સાં૦ ૧૪

## ૧૪૧. વજ્રસ્વામીની સજ્ઝાયો (૨)

### દુહા

નવ વરસ વયમેં કુંવરે, લીનો સંયમભાર,
સુનંદા તવ ચિંતવે, હવે કોણ આધાર... ૧
ઈમ મન ચિંતવતી થકી, લાવે મન વૈરાગ્ય,
સુનંદા મન સંયમ લાયો, ચઢવા શિવ ગિરિ પાય... ૨
ધન શ્રી ગૌતમ ગોત્રને, રત્નખાણ ઈહ સામ,
શ્રી ગૌતમ ગણધર પ્રમુખ, પુરૂષ રતન ગુણજામ... ૩
હવે મુનિવર શ્રી વયરજી, દિન દિન શ્રુત અભ્યાસ,
કરતે દશ પૂરવ ભણ્યા, પટ્ટધર લાયક ખાસ... ૪
લાયક દેખી વયરને, થાપે સિંહગિરિ પાટ,
ભૂમંડલ વિચરે સૂરિ, કુમતિ કરે નિર્ઘાટ... ૫

### ઢાળ

એક દિન ઉજ્જેણીને મારગ, સૂરિ વિચરંતા જાવેજી,

પૂરભવનો મિત્ર દેવતા, ઘેબર તિહાં વહોરાવે,

શ્રુતધર નમીએજી. ૧.

અનિમિષ નયણા મણકજ્જ સાહણા, એ ગાથા સંભારીજી;
દેવપિંડ જાણીને ન લીયો, આહાર તિહાં વ્રતધારી. શ્રુત૦ ૨
પ્રગટ થઈ વંદે ગુરૂ ચરણે, ગુણ સ્તુતિમાલા ગાવેજી;
આકાશગામિની વિદ્યા દઈને, સુર નિજ સ્થાનક આવે. શ્રુત૦ ૩
વલી એક દિવસ પરીક્ષા જોવા, તેહી સુર ફરી આવેજી;
શ્રાવક રૂપ કરી અતિ આદર, કોળાપાક વહોરાવે. શ્રુત૦ ૪
અનિમિષ નયણે સુર ઓળખીયો, દેવપિંડ તેહ જાણેજી;
ન લીયો આહાર તેહ ગુરૂરાજે, ધન્ય ઉપયોગી નાણી. શ્રુત૦ ૫
પ્રગટ થઈ સુર વૈક્રિય લબ્ધિ, દેઈ નિજ સ્થાનક જાવેજી,
ભૂમંડલ પર સૂરિ વિહરંતા, ભવિજન ધરમ સુણાવે. શ્રુત૦ ૬
કાલ સ્વભાવે કાળ પડ્યો તવ, કપડે સંઘ બેસારીજી,
બૌદ્ધરાયને દેઈ સુભિક્ષે, લેઈ ગયા ગણધારી. શ્રુત૦ ૭
અઠાઈ મહોત્સવ જિન પૂજનમાં ફુલ ન દેવે રાયજી;
ફૂલ વીશ લાખ લખમી પાસે, મંગાવે સૂરિરાજ. શ્રુત૦ ૮
જૈન ધરમ દિપાવી શાસન, સહુ આવ્યા નિજ દેશજી;
બૌદ્ધમતિ નિર્ઘાટ કરીને, જૈન ધરમ ઉવએસે. શ્રુત૦ ૯
સંવત એકસો આઠે વરસે, વયર સ્વામી ઉપદેશજી;
ઉદ્ધાર કીધો જાવડ ભાવડ, સિદ્ધગિરિ લાગ વિશેષ. શ્રુત૦ ૧૦
વૈક્રિય લબ્ધિ વિકુર્વી સુંદર, રૂપ ધરી સૂરિરાયજી;
દેઈ દેશના ભવ્ય જીવને, મોહન રૂપ સુહાય. શ્રુત૦ ૧૧
પાટલીપૂર કોટિધ્વજ નિવસે, વ્યવહારી ગુણવંતજી;
તાસ સુતા છે નામે રૂકિમણી, બાલકુમારી સંત. શ્રુત૦ ૧૨
અદ્દ્ભુત રૂપ સુણી સ્વામીનું, કરે પ્રતિજ્ઞા એહજી;
વરવો મારે વયર સ્વામીને, સાચે પૂરણ નેહ. શ્રુત૦ ૧૩
ગામ નગરપૂર પટ્ટણ ફેરતે, પાટલીપુર ગુરૂ આયાજી;
નિસુણી રૂકિમણી કહે તાતને, જામાતા તુમ આયા શ્રુત૦ ૧૪
વિવાહ સામગ્રી સહુ કરીઈ, મંડપ સખર બનાઈજી;

દીપવિજય કવિરાજ બહાદૂર, મંગળ ગીત વધાઈ. શ્રુત૦ ૧૫

## ૧૪૨. વજસ્વામીની સજ્ઝાયો (૩)

શ્રી ધનગિરિ મુનિ ગોચરી જાતાં, ગુરુ ઉપદેશે જોય;
સચિત અચિતરજ વ્હોરજો દોઉ, જો વ્હોરાવે કોય;
વંદો શ્રુતધર વયરકુમરને. ૧

ધનગિરિ ગોચરી ફરતાં ફરતાં, આયા પોતાને ઘેર;
બાળક છાનો ન રહે રાખ્યો, રૂદન કરે બહુ પેર. વંદો૦ ૨

તવ સુનંદા રીશ કરીને, બોલે એમ વચન;
રાત દિવસ સંતાપે છે બહુ, લ્યો એ તુમારો તન. વંદો૦ ૩

બાપે ઝોળીમાં વ્હોરીને લીધો,ધર્મલાભ કહી સોય;
આવ્યા ઉપાશ્રય ધનગિરિ મુનિવર, ભારે વજ સો હોય. વંદો૦ ૪

પારણે પોઢયા વયરકુમારને, હાલરૂઆ ગવાય;
મહાસતી સાધ્વી સૂત્ર ભણંતા, ધારે કુમર સુખદાય. વંદો૦ ૫

શ્રી આચારાંગ સુયગડાંગ ઠાણાંગ, સમવાયાંગ સોહાય;
ભગવતી જ્ઞાતાઅંગ ઉપાસક, અંતગડ અનુતરોવાય. વંદો૦ ૬

પ્રશ્નવ્યાકરણ વિપાકસૂત્ર એ, અંગ અગ્યાર કહેવાય;
પારણે સુતાં સહુએ ભણીયા, પુણ્ય પૂરવ સહાય. વંદો૦ ૭

મોટા થયા જબ વયરકુમરજી, તીન વરસ જબ આય;
લઘુબાલકમેં રમતાં દેખી, માતાજી લેવાને આય. વંદો૦ ૮

લાવોને સ્વામીજી પુત્ર અમારો, ધનગિરિ કહે તવ વાણ;
આવે તો લઈ જાવો કુમરને, એવડી શી ખેંચતાણ. વંદો૦ ૯

પુત્ર તુમારો, નહિ કાં અમારો, નિશ્ચે તુમારો જો હોય;
તો લઈ જાવ હાથ ગ્રહીને, સાચી કહેવત સોય. વંદો૦ ૧૦

માતા પુત્ર કને જબ આવી, પુત્ર ગયો તવ નાશી;
આવ્યો ધનગિરિતાત સમીપે, રહી તવ વાત વિમાસી. વંદો૦ ૧૧

સુનંદા ગઈ રાજનદ્વારે, જઈ ફરીયાદ પુકારે;

મુનિવર તેડયો નૃપતિ હજુરે, પૂછે વિચારી સહુએ. વંદો૦ ૧૨

નૃપ કહે એહનો ન્યાય શું કહીએ, અમથી ન્યાય ન હોય;
માત-પિતાનો પુત્રનો કજીયો, સમજણ સમજે હોય.વંદો૦ ૧૩

તે કરતાં સુત રાજી થઈને, જાવે જેહની પાસે;
તેહનો પુત્ર એ ન્યાય અમારો, જોવો વિમાસી હૈયે. વંદો૦ ૧૪

ફૂલડા રમકડા ને મીઠાઈ મેવા, પુત્રને માત દિખાવે;
દેખાડે ગુરુ ઓઘો મુહપતિ, તુર્ત ગુરુ કને આવે. વંદો૦ ૧૫

ઓઘો મુહપતિ મસ્તકે ઠવીને, નૃત્ય કરે તવ બાલ;
દીપવિજય કવિરાજ બહાદૂર, વયરકુમર સુકુમાલ. વંદો૦ ૧૬

## [?] ૧૪૩. વરદત્તકુમારની સજ્ઝાય

વિચરંતા નેમિ જિણેસર આવીયા રે ગઢગિરનાર સહસાવન જાય
સહસ અઢાર સંઘાતે સાધુ શોભતા રે ધર્મપ્રકાશે પર્ષદ માંય...
ધન ધન દહાડો રે ધન ઘડી આજની રે... ૧
વનપાલકની સુણી વધામણી રે હરખ્યાં કૃષ્ણાદિક નર-નાર
હય-ગય-રથ-પાયક-પરિવારશું રે વાંદીને સફળ કર્યો અવતાર... ધન૦ ૨
દોય દશ આવર્તે કરી વંદના રે નેમિ જિનેશ્વર ને મુનિરાય
શત્રુ-મિત્ર સર્વે સમ ભાવશું રે તે સુણી હરિ મન હરખિત થાય... ધન૦ ૩
સોળ શણગાર સજી સહુ સુંદરી રે સત્યભામા રૂકિમણી નાર
પ્રભુને વાંદીને ચૂરતાં કર્મને રે હરખે નિરખતાં પ્રભુનો દેદાર... ધન૦ ૪
કોઈ મુનિ ધ્યાન ધરે યોગાસને રે કોઈ મુનિ કરતા રે જ્ઞાન અભ્યાસ
કોઈ મુનિ તપ-જપ-કિરિયા આદરે રે કરવા આતમ નિજ ઉપગાર... ધન૦ ૫
ભવજલ તારણી સુણીને દેશના રે વરદત્ત કુમારને રાજુલ નાર
સહસ પુરૂષશું સંયમ આદર્યો રે કરવા શિવરમણીશું પ્યાર... ધન૦ ૬
પંચ આચાર નિવારો ક્રોધને રે ઈચ્છા નિરોધી સંબલ લેજ્યો સાર
એહવા મુનિજનને કરૂં વંદના રે વિમલદીપ કહે તેણિવાર... ધન૦ ૭

## ૧૪૪. વંકચૂલની સજ્ઝાય

જંબુદ્વિપમાં દીપતું રે લાલ, ક્ષેત્ર ભરત સુવિશાલ રે. વિવેકી૦

શ્રીપુરનગરનો રાજીયો રે લાલ, વિમલ જશા ભૂપાલ રે; વિ૦
આદરજો કાંઈ આખડી રે લાલ. ૧

સુમંગલા પટરાણીએ રે લાલ, જન્મ્યા તે યુગલ અમૂલ રે; વિ૦
નામ ઠરાવ્યું દોય બાલનું રે લાલ, પુષ્પચૂલા વંકચૂલ રે. વિ૦ ૨

અનુક્રમે ઉદ્ધત થયો રે લાલ, લોક કહે વંકચૂલ રે; વિ૦
લોક વચનથી ભૂપતિ રે લાલ, કાઢયો સુત વંકચૂલ રે. વિ૦ ૩

પુષ્પચૂલા લઈ બેનડી રે લાલ, પલ્લીમાં ગયો વંકચૂલ રે; વિ૦
પલ્લીપતિ કીયો ભીલડો રે લાલ, ધર્મ થકી પ્રતિકુલ રે. વિ૦ ૪

સાત વ્યસન સરસો રમે રે લાલ, ન ગમે ધર્મની વાત રે; વિ૦
વાટ પાડે ને ચોરી કરે રે લાલ, પાંચસો તેણી સંગાથ રે.વિ૦ ૫

ગજપુરપતિ દીએ દીકરી રે લાલ, રાખવા નગરનું રાજ રે; વિ૦
સિંહગુફા તિણે પલ્લિમાં રે લાલ, નિર્ભય રહે ભીલ્લરાજ રે. વિ૦ ૬

સુસ્થિત સદ્‌ગુરુથી તિણે રે લાલ, પામ્યા નિયમ તે ચાર રે; વિ૦
ફલ અજાણ્યું માંસ કાગનું રે લાલ, પટરાણી પરિહાર રે.વિ૦ ૭

સાત ચરણ ઓસર્યા વિના રે લાલ, ન દેવો શિર ઘાય રે; વિ૦
અનુક્રમે ચાર નિયમનાં રે લાલ, પારખા લહે ભિલ્લારાય રે. વિ૦ ૮

વંકચૂલે ચારે નિયમનાં રે લાલ, ફલ ભોગવ્યા પ્રત્યક્ષ રે; વિ૦
પરભવે સુરસુખ પામીયો રે લાલ, આગળ લેશે મોક્ષ રે. વિ૦ ૯

કષ્ટ પડે જે સાહસી રે લાલ, ન લોપે નિજ સીમ રે; વિ૦
જ્ઞાનવિમલ કહે તેહની રે લાલ, જેહ કરે ધર્મ નીમ રે. વિ૦ ૧૦

## ૧૪૫. વિજયશેઠ-વિજયાશેઠાણીની સજઝાયો (૧) (ઢાળ-૩)

### ઢાળ ૧

પ્રહ ઉઠી રે પંચ પરમેષ્ઠી સદા નમું,
મન શુદ્ધે રે જેને ચરણે નિત્ય નમું,
ધુર તેહમાં રે અરિહંત સિદ્ધ વખાણીએ,
તે પછી રે આચારજ મન આણીએ. ૧

આણીએ મન ભાવશુદ્ધે ઉપાધ્યાય મન રૂલી,
જે પન્નર કર્મભૂમિ માંહી સાધુ પ્રણમો તેહ વળી;
જેમ કૃષ્ણપક્ષે શુક્લપક્ષે શિયલ પાલ્યો તે સુણો,
ભરતારને સ્ત્રી બન્ને જેહનું ચારિત્ર ભાવે હું ભણું. ૨

ભરતક્ષેત્રે રે સમુદ્રતીરે દક્ષિણ દિસે,
કચ્છ દેશે રે વિજયશેઠ શ્રાવક વસે;
શીયળવ્રત રે અંધારા પક્ષનો લીયો,
બાળપણામાં રે એવો નિશ્ચે મન કીયો. ૩

મન કીયો નિશ્ચય તેણે એહવો, પક્ષ અંધારો પાળશું,
ધરી શિયળ નિશ્ચે એહ રીતે, વિષય દૂષણ ટાળશું;
એક છેય સુન્દરરૂપે વિજયા, નામે કન્યા તિહાં વળી,
તેણે શુકલપક્ષનો નિયમ લીધો, સુગુરુ જોગે મન રૂલી. ૪

કર્મજોગે રે માંહોમાંહે તે બેહું તણો,
શુભ દિવસે રે હુઓ વિવાહ સોહામણો;
તવ વિજયા રે સોળ શણગાર સજી કરી,
પિયુમન્દિર રે પહોંચી મન ઉલટ ધરી. ૫

મન ધરી ઉલટ અધિક પહોંચી, પિયુ પાસે સુન્દરી,
તે દેખી હરખી શેઠ ભાખે, આજ તો છે આખડી;
મુજ શિયળ નિયમ છે પક્ષ અંધારો, તેહના દિન ત્રણ છે,
તે નિયમ પાળી શુકલપક્ષે, ભોગ ભોગવશું પછે. ૬

એમ સાંભળી રે તવ વિજયા વિલખી થાએ,
પિયુ પૂછે રે કાં ચિંતા તુજને થાએ;
તવ વિજયા રે કહે શુકલપક્ષનો મેં લિયો,
બાળપણમાં રે વ્રત ચોથો નિશ્ચે કિયો. ૭

કિયો નિશ્ચે બાળપણમાં, શુક્લપક્ષ વ્રત પાળશું,
ઉભય પક્ષ હવે શિયળ પાળી, નિયમ દૂષણ ટાળશું;
તો તમે અવર નારી પરણીને, હવે શુકલપક્ષ સુખ ભોગવો,
કૃષ્ણપક્ષે નિયમ પાળી, અભિગ્રહ એમ જોગવો. ૮

તવ વળતો રે તસ ભરથાર કહે ઈસ્યું,
વિષયારસ રે કાલકૂટ હોય જીસ્યું,
તેહ છાંડી રે શિયળ-સબળ બેઉ પાળશું,
એહ વારતા રે માત-પિતાને ન જણાવશું. ૯

માત-પિતા જબ જાણશે, તવ દીક્ષા લેશું ધરી દયા,
એમ અભિગ્રહ લેઈને, તે ભાવ ચારિત્રીયા થયા;
એકત્ર સજ્યા શયન કરતાં, ખડ્ગધારા વ્રત ધરે,
મન વચન કાયાએ કરી, શુદ્ધ શિયળ બેઉ આચરે. ૧૦

## ઢાળ ૨

વિમળ કેવળી તામ, ચંપાનયરીએ, તતક્ષણ આવી સમોસર્યા એ;
આણી અધિક વિવેક, શ્રાવક જિનદાસ, કહે વિનયે ગુણે પરવર્યો એ. ૧૧
સહસ ચોરાશી સાધુ, મુજ ઘર પારણો, કરે જો મનોરથ તો ફળે એ;
કેવળજ્ઞાની અગાધ, કહે શ્રાવક સુણો, એહ વાત તો નવિ બને એ. ૧૨
કિહાં એટલા સાધુ, કિહાં વળી સુઝતો,ભાત-પાણી એટલો એ;
તો હવે તેહ વિચાર, કરો તુમ જિમ તિમ, દીધાં ફળ હુવે એટલો એ. ૧૩
છે એક કચ્છદેશ, શેઠ વિજય વળી, વિજયા ભાર્યા તસ ઘરે એ;
ભાવયતિ ગૃહી, ભેખ તેહને ભોજન, દીધે ફળ હુવે એટલો એ. ૧૪
જિનદાસ કહે ભગવન્ત, તિણ માંહે એટલા, ગુણ કુણ વ્રત છે ઘણા એ,
કેવળી કહે અનન્ત, ગુણ તસુ શિયળમાં, કૃષ્ણ શુકલ પક્ષ વ્રત તણા એ.૧૫

## ઢાળ ૩

કેવળી મુખે સાંભળી, શ્રાવક તે જિનદાસો રે;
કચ્છદેશે હવે આવીયો, પૂરે તે મનની આશો રે. ૧૬
ધન ધન શિયળ સોહામણો, શિયળ સમો નહીં કોઈ રે,
શિયળે સુર સાન્નિધ્ય કરે, શિયળે શિવસુખ હોય રે. ધન૦ ૧૭
શેઠ વિજય વિજયા ભણી, ભક્તિશું ભોજન દેઈ રે,
સહસ ચોરાશી સાધુના, પારણાનો ફળ લેઈ રે. ધન૦ ૧૮
માત પિતા જબ પૂછીયું, તેહનો શિયળ વખાણ રે,
કેવળી મુખે જિમ સુણ્યો, તિમ કહે ચતુર સુજાણ રે. ધન૦ ૧૯

કૃષ્ણ શુકલ પક્ષ દંપતી, ભોજન દે કોઈ ભાવે રે,
સહસ ચોરાશી સાધુના, પારણાનો ફળ પાવે રે. ધન૦ ૨૦
માતા પિતા જબ જાણીયો, પ્રગટ એહ સંબંધ રે,
શેઠ વિજય વિજયા વળી, ચારિત્ર લે અપ્રતિબન્ધ રે. ધન૦ ૨૧

**કળશ**

કેવલી પાસે ચારિત્ર લેઈ ઉદાર
મન મમતા મૂકી પાળે નિરતિચાર...
અષ્ટ કર્મ ખપાવી પામ્યા કેવલનાણ
તે મુગતે પહુંતા દંપતિ સુગુણ સુજાણ... ૨૨
તેહના ગુણ ગાવે ભાવે જે નરનાર
તે શિવ સુખ પામે પહોંચે ભવનો પાર...
નાગોરી તપગચ્છ શ્રીચંદ્રકીર્તિ સૂરિરાય
શ્રી હર્ષકીર્તિ સૂરિ જંપે તાસ પસાય... ૨૩
જિમ કૃષ્ણપક્ષને શુકલ પક્ષે શીયલ પાળ્યો નિરમલો
તે દંપતીના ભાલ શુદ્ધે સદા સદ્ગુરુ સાંભળો
જિમ દુરિત દોહગ દૂર જાએ સુખ થાએ બહુ પરે
વળી ધવલ મંગલ આવે વંછિત (સુખ) કુશલ ઘર અવતરે... ૨૪

## [?] ૧૪૬. વિજયશેઠ-વિજયાશેઠાણીની સજ્ઝાયો (૨)

શુક્લપક્ષ વિજયાવ્રત લીનો, શેઠ કૃષ્ણ પક્ષરો જાની,
ધન ધન શ્રાવક પુણ્ય પ્રભાવક, વિજયશેઠ શેઠાણી. ૧

સજી શણગાર ચઢી પિયુ મંદિર, હૈયે હર્ષ ઓર હુલસાણી,
ત્રણ દિવસ મુજ વ્રત તણા રે,શેઠ બોલે મધુરી વાણી. ધન૦ ૨

વચન સુણીને નૈણ ઢલિયાં, વદન કમલ થઈ વિલકાણી,
પ્રેમ ધરી પદ્મીણીને પૂછે, ચિંતા મનમાં કેમ આણી. ધન૦ ૩

શુક્લપક્ષ વ્રત ગુરુમુખ લીનો, થેં પરણોજી દુજી નારી,
દુજી નાર મારે બેન બરાબર, ધન ધીરજ તારી જાણી. ધન૦ ૪

હૈયે હાર શણગાર સજી સબ, શ્યામ ઘટા હિયે હુલસાની,

વર્ષાકાલ અતિ ઘણો ગરજે, ચિંહુધારા હો વરસે પાણી. ધન૦ ૫

એક શૈયાએ દોનું પ્રબલ, બેઉએ મન રાખ્યું તાણી,
ષટ્રસ ભોજન દ્વાદશસંવત્સર, બીજી નારીઓ ભરશે પાણી. ધન૦ ૬

મન વચન કાયા અખંડિત નિર્મલ, શીલ પાળ્યું ઉત્તમ પ્રાણી,
વિમલ કેવલી કરી પ્રશંસા, એ દોનું ઉત્તમ જાણી. ધન૦ ૭

પ્રગટ હુવા સંયમ વ્રત લીનો, મોહ કર્મ કીયા ધુળધાણી,
રતનચંદ કરજોડી વિનવે, કેવલ લહિ ગયા નિર્વાણી. ધન૦ ૮

## ૧૪૭. શાલ-મહાશાલની સજ્ઝાય

શારદ ગુરૂ ચરણે નમી ગાસ્યું સાલ-મહાસાલ રે
જેહનું ચરિત્ર રસાલ રે, પિઠચંપાનો ભૂપાલ રે, પ્રજાપાલ દયાલ રે
સાલ-મહાસાલ દોય મુનિવરા, તારણ-તરણ જહાજ રે...
સાલ-મહાસાલ૦ ૧

વીર જિનેશ્વરની સુણી, દેશના અમૃત વાણ રે, પાપથી દુઃખની ખાણ રે
ધર્મથી સુખ નિર્વાણ રે, દોય ભાઈ બુઝયા સુજાણ રે, ઉલ્લસ્યું પ્રમિત પ્રાણરે...
સાલ-મહાસાલ૦ ૨

રાજ દેઈ ભાણેજને, સંયમ લે જિનપાસ રે, નિશદિન શ્રુત અભ્યાસ રે,
તપ-જપ સાધે તે ખાસ રે, ન પડે મોહને પાસ રે...
સાલ-મહાસાલ૦ ૩

ખમ દમયંતાં રે મુનિવરા, વિનયીને ગુણવંત રે, ક્રોધાદિક વમંત રે
ભવ નિર્વેદ અત્યંત રે, જ્ઞાનદશા તે ધરંત રે... સાલ-મહાસાલ૦ ૪
પૃષ્ટચંપાયે તે આવીયા, ગૌતમ ગણધર સાથ રે, હરખ્યો નગરીનો નાથ રે
માત-પિતા લેઈ સાથ રે, રાયવંદે મુનિ નાથ રે... સાલ-મહાસાલ૦ ૫
ગૌતમ સ્વામી રે ઉપદિશે, તન-ધન યૌવન સાર રે, રાજઋદ્ધિ અસાર રે
અનિત્ય છે પરિવાર રે, ભવમાં કાંઈ ન સાર રે, સ્થિર એક ધરમ વિચાર રે...
સાલ-મહાસાલ૦ ૬

ગાંગલી રાજા રે બૂઝીયો, જસ મઈ પિઠર તામ રે, માત-પિતા ગુણધામ રે
દીક્ષા લિયે અભિરામ રે, નિરમલ જાસ પરિણામ રે... સાલ-મહાસાલ૦ ૭
સાલ-મહાસાલ દોય હરખીયા, ધન્ય એ તરીયા સંસાર રે, લીધો સંયમ ભાર રે

તે ત્રણે ચિંતે ઉપગાર રે સફલ થયો અવતાર રે, ઉતાર્યા ભવપાર રે...
સાલ-મહાસાલ૦ ૮

ક્ષપક શ્રેણી પાંચે ચઢ્યા, પાંચમું જ્ઞાન તે લીધ રે, ઋદ્ધિને કીર્તિ સમૃદ્ધ રે
અમૃતપદ વશ કીધ રે, સેવક માગે તે સિદ્ધ રે, હોજો ધર્મની વૃદ્ધિ રે...
સાલ-મહાસાલ૦ ૯

## ૧૪૮. શાલિભદ્રની સજ્ઝાયો (૧)

બોલો બોલો રે શાલીભદ્ર દોવરીયા, દોવરીયા દો ચાર વરીયા. ૧
માય તુમારી ખડીય પૂકારે, વહુઅર સબ આગે ખડીયા. ૨
પોઢયો પુત્ર શિલા પર પેખી, આંખે આંસુ ઝળહળીયા. ૩
ફૂલની શય્યા જેહને ખૂંચતી, તેણે સંથારો શીલા કરીયા. ૪
પૂરવ ભવ માડી આહિરણી, આહાર કરી અણસણ કરીયા. ૫
આજ પીછે ડુંગર ચડનેકી, સુંસ કરૂં હું ઈણ વરીયા. ૬
સનમુખ ખોલ જોયો નહીં માકું, ધ્યાન નિરંજન મન ધરીયા. ૭
કાજ સરે ઉદયરત્ન ઉનહિ કે, જીણે પલકમેં શિવ વરીયા. ૮

## ૧૪૯. શાલિભદ્રની સજ્ઝાયો (૨)

મહિમંડળમાં વિચરતાં રે, રાજગૃહી ઉદ્યાન શાલીભદ્રશું પરિવર્યા રે;
સમવસર્યા વર્ધમાન,શાલીભદ્ર ગાઈએ, કરતાં ઋષિ ગુણગાન, આનંદ પાઈએ. ૧

માસક્ષમણને પારણે રે, વાંદી વીર જિણંદ;
મુનિવર વહોરણ સંચર્યા રે, લહી જિનવર આદેશ. ૨

વચ્છ હોશે તુમ પારણું રે, આજ માતાને હાથ;
નિસુણી અતિ આનંદીયા રે, શાલિકુમાર મુનિ નાથ રે. ૩

જિનવર આવ્યા સાંભળી રે, સામૈયાનો સાજ રે;
હરખે ભદ્રા માવડી રે, કરે સૂત વંદન કાજ રે. ૪

મુનિવર ઈરિયા શોધતા,પહોંચ્યા માતાને ગેહ;
રૂધિર માંસ જેણે શોષવ્યા, તપ કરી દુર્બલ દેહ રે. ૫

ઘેર આવ્યા નહિ ઓળખ્યા, નવિ વાંધા ઉચ્છાંહિ;
અન્નપાણી વહોરણ તણા રે,વાત રહી મનમાંહિ રે. ૬

વિણ વહોર્યા પાછા વળ્યા રે, આણી મન સંદેહ;
મારગ મહિયારી મલી રે, મુનિવરને સસ્નેહ રે. ૭
નેહે તન મન ઉલસ્યાં રે, વિકસ્યાં નયન અપાર;
એ એ મોહ વસે વહે રે, દૂધ પયોધર ધાર રે. ૮
ગોરસ વહોરાવી વળી રે, મહિયારી તેણી વાર;
સંશય ધરતાં આવીયા રે, સમવસરણ મોઝાર રે. ૯
પૂરવ ભવ માતા તણો રે, શાલિભદ્ર વૃત્તાંત;
ચૌદ સહસ અણગારમાં, ભાખે શ્રી ભગવંત રે.૧૦
વૈભારગિરિ અનશન કરી રે, અનુત્તર સુરપદ વાસ;
મહાવિદેહમાં સિદ્ધશે રે, વિજયલક્ષ્મી સુવિલાસ રે.૧૧

## [X] ૧૫૦. શાલિભદ્રની સજ્ઝાયો (૩)

શાલિભદ્ર મોહ્યો રે, શિવરમણી રસે રે, કામણગારી હો નાર;
ચિત્તડું ચોર્યું રે, ધૂતારીએ રે, તેણે મેલી માય વિસાર. શા૦ ૧
એકદિન પૂછે રે શાલિભદ્ર સાધુજી રે, ભાખો ભગવન્ ! આજ;
પારણું હોશે રે પ્રભુ કેહને ઘરે રે, બોલ્યા વીર જિનરાજ. શા૦ ૨
માત તુમારી હાથે પારણું રે, સાંભળી શાલિભદ્ર ધન્ન;
વહોરવા પહોંતા રે ભદ્રા આંગણે રે, તપે કરી દુર્બળ તન્ન. શા૦ ૩
આંગણે આવ્યા કેણે નવિ ઓળખ્યા રે, વળીય તે અણગાર;
દહીં વહોરાવ્યું પૂરવ ભવની માવડી રે, મન ધરી હરખ અપાર. શા૦ ૪
વીર જિનવચને તેજ નિસુણી રે, મન ધરી અતિ હી વૈરાગ;
ગિરિ વૈભારે અણસણ આદર્યું રે, પાદોપગમન સાર. શા૦ ૫
ઈમ સુણીને ભદ્રા માવડી રે, અને વળી બત્રીશ નાર;
આવ્યા જીહાં તે મુનિવર પોઢીયા રે, વિલપે અતિ હી સંભાર. શા૦ ૬
ભદ્રા કહે રે પુત્ર તું માહરો રે, કિહાં તે સુખ વિસ્તાર;
શ્રેણિક શું રે આવ્યો નવિ જાણ્યું રે, કાંઈ કરો કષ્ટ અપાર. શા૦ ૭
ભદ્રા કહે છે પુત્ર સોહામણો રે, તું મુજ જીવન આધાર;
મેં પાપિણીએ સુત નવિ ઓળખ્યો રે, સુઝતો ન દીધો આહાર. શા૦ ૮
એકવાર સાહમુ જોને વાહલા રે, પૂરો અમારી રે આશ;

અવગુણ પાંખે કાંઈ વિસારીયા રે, તુજ વિણ ઘડીય છ માસ. શા૦ ૯
ઈમ ઝૂરતી ભદ્રા માવડી રે, અંતેઉર પરિવાર;
દુ:ખભર વંદી બેઉ સાધુને રે, આવ્યા નગર મોઝાર. શા૦ ૧૦
સર્વાર્થ સિદ્ધે મહાસુખ ભોગવે રે, શાલિભદ્ર દોય સુસાધ;
મુનિ મેઘરાજ સ્તવે ગુણ તેહના રે, પામ્યા સુખ નિરાબાધ. શા૦ ૧૧

## ૧૫૧. શાલિભદ્રની સજ્ઝાયો (૪)

સુભદ્રા માતા ઈમ ભણે, તુમ સાંભળો પુત્ર;
તુમ ઘરે શ્રેણિક આવીયા, ઉઠો સુત ! સુતા. ૧

માતાજી તુમે શું કહો, લેઈ ભરો વખાર;
લાભ આવતો જાણજો, ન કરો તે વાર. ૨

માતા વળતું ઈમ ભણે, વસીયે જેહ નિવાસ;
ભૂપતિ શ્રેણિક આવીયા, તેહના આપણે દાસ. ૩

કણમણતો તવ ઉઠીયો, આવીયો શ્રેણિક પાસ;
ભૂપતિ અંકે બેસાડીયો, મુખે એહવું ભાસ. ૪

ધન-ધન અવતાર એહનો, ધન-ધન મુજ ગામ;
જીહાં એહવા ધનપતિ વસે, ધન-ધન તેહનું ધામ. ૫

મોતી હાર કંઠે ઠવી, તવ શ્રેણિક વલીયા;
શાલીભદ્ર મંદીર ગયા, નિજ પ્રમદાને મલીયા. ૬
મન વૈરાગ્ય અતિ ઉપન્યો, મુજથી અધિકો સેહ;
ઓછા તપ મેં જે કર્યા, હવે કરૂં કર્મનો છેહ. ૭

એક એક દિન પરિહરી, આણી મન વૈરાગ;
ઈમ કરતાં એટલે દિને, સવિ કીધલું ત્યાગ. ૮

વીર પાસે સંયમ લીધો, પાળે નિરતિચાર;
માસ છમાસ તપ કરી, રૂડું પાળી ચારિત્ર. ૯

વૈભારગિરી અણસણ લીધો, પાળી સુખ અપાર;
ધનવિમલ ઈમ ભણે, પામ્યા સુર અવતાર.૧૦

## ૧૫૨. શિવકુમારની સજ્ઝાય

પદ્મરથ રાય વીત શોકાપુરી રાજીઓ રે તસુ વનમાલા નારિ જિણે જાયું રે
જાઉં રે ગિરૂઓ ને ગુણી આગળો રે નામે શિવકુમાર... રૂઅડો રાજહંસ રે
એક દિન બેઠો અંતે ઉરિસ્યું માળીયે રે પેખી સાધુ સુજાણ
તસુ સંયોગે સંસાર સરૂપ સુજાણીઓ રે જાણી જિનવર આણ... રૂઅડો૦ ૨
પાયે લાગીને માતપિતાને વિનવે રે અમ્હે લેસ્યું સંયમભાર
અણમાનીતો બેઠો અણ બોલીઓ થઈ રે છાંડી સર્વ આહાર... રૂઅડો૦ ૩
રૂપેં રૂઅડી પાંચસેં અંતેઉરી રે બોલાવી બહુ નેહ
ભૂખ દીયંતિ દિન પણિ દશ આંગળી રે સામી મ દાખો છેહ... રૂઅડો૦ ૪
એક દંતે તરણું દેતી પાયે પડી રે એક મૂંકે હું હુંકાર
આંસુ પાડે દુઃખ દેખાડે રોવતી રે બોલી બોલે વિકાર... રૂઅડો૦ ૫
એક આરિસો અલવિયે કરતી ઉગટે રે એક એક સિરિ ચંપક માલ
પાન સમારી બીડું આણી એક દીયે રે એક મૂકે મેવા થાળ... રૂઅડો૦ ૬
એક માદલ ભુંગળ વીણા વાંશ બજાવતી રે નવલા કરી શિણગાર
પાયે ઘુઘરી નેઉર નાચતી રે એક માંડે નાટક સાર... રૂઅડો૦ ૭
એક સિરિમંડલ મહુયરી સીંગપુરતી રે ગેલિ ગાઈ રાસ
એક સિંદૂરે સહીઅરી સિંઘઉ સારતી રે અંગિ કરી ઉચ્છાંહ... રૂઅડો૦ ૮
એક ચંદન ચરચે કપુરમાંહિ મારતી રે એક ઉડાડે વાય
એક ઉગાહેં અગર કપુર કસ્તુરડી રે વિલસી વસંત માસ... રૂઅડો૦ ૯
એક પહિરણી ચોળી રૂઅડી રે નયણેં તાકી બાણ
એક શિવ શિવ કરતી આગલિ પાછલિ ઉતરેરે તસ પગલે ફાટે પાહાણ...
રૂઅડો૦ ૧૦

હાવભાવે શિવ કીસેં નવિ ભેદીયો રે બેઠો મેરૂ સમાન
રમણીરૂપે કિમ ભોલે ન ભોળવ્યો રે હિયડે ધ્યાઈ ધ્યાન... રૂઅડો૦ ૧૧
ગીત વિલાપ સરિખ હીયડે ચિંતવે રે ભૂષણ માની ભાર
નાટક નીરતિ વિડંબના શિવની વસિ રે સ્ત્રી ભોગ દુઃખ ભંડાર...રૂઅડો૦ ૧૨
વિલખી વહુસર પંચ સિજઈ વિનવે રે ત્રીજે દિન નરનાહ
સામી કુંવર તુમારૂં અમ્હે નવિ ભેદીઓ રે એણી પહરીઓ શીલસનાહ...
રૂઅડો૦ ૧૩

દઢ ધર્મા તેડાવી રાય કુંવર મનાવીયેં રે તુમ્હે રહિખું મંદરમાય
ફાસુ પાણી આહાર આણી આપસું રે મનિ સંજમ આરાહિ... રૂઅડો૦ ૧૪
બિહું ઉપવાસી આંબિલ કરતો પારણે રે તપ સંવચ્છર બાર
છેહડે અણસણ આરાધે એક માસનું રે મનિ સમરતુ નવકાર... રૂઅડો૦ ૧૫
સુખી હુઓ સુર દેવલોક પંચમેં રે રૂપે લીલ વિલાસ
ઈણિપરે શીલ શિરોમણિ જે હોય રે તસ પાએ હું દાસ... રૂઅડો૦ ૧૬

## ૧૫૩. શ્રીપાળરાજા-મયણાસુંદરીની સજ્ઝાયો (૧)
## (પૂર્વભવની સજ્ઝાય)

હિરણ્યપુર નામે નયરમાં રે, રાય નામે શ્રીકાંત,
શ્રીમતી નામે રાણી તેહની રે, શુદ્ધ સમકિતવંત રે;
પ્રાણી ! આરાધો સિદ્ધચક્ર, જિમ લહીયે સુખ અભંગ રે. પ્રાણી૦ ૧

રાજા મિથ્યામતિ અતિ ઘણો રે, સુણે ન રાણીની વાત;
આહેડક વ્યસની ઘણો રે, કરે હિંસા તે કુજાત રે. પ્રાણી૦ ૨

એક દિન શિકારે જાવતાં રે, સાતસેં ઉલ્લંઠ સાથ;
કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર રહ્યા રે,મુનિ દેખે નરનાથ રે. પ્રાણી૦ ૩

હાંસીથી શ્રીકાંત રાજા કહે રે, કુષ્ઠરોગે પીડ્યો એહ;
ઉલ્લંઠ સાતસેં એમ સુણી રે, પીડે મુનિવર દેહ રે. પ્રાણી૦ ૪

તાડના કરે મુનિને ઘણી રે, જેમ જેમ ઉલ્લંઠ લોક;
તેમ તેમ રાજા રાજી હુવે રે, બાંધે પાપના થોક રે. પ્રાણી૦ ૫
એક દિન શિકારે એકલો રે, ગયો રાજા ધરી પ્યાર;
મૃગ આવ્યો એક હાથમા રે, ભુલ્યો મારગ તેણીવાર રે. પ્રાણી૦ ૬

નદી નજદીક આવતાં રે, દેખી મુનિવર એક;
કાને ઝાલીને જળમાં બોળતો રે, પીડે પ્રકાર અનેક રે. પ્રાણી૦ ૭

એક દિન ઝરૂખે બેસીને રે, નગર નિહાળે રાય;
ભિક્ષાર્થે ભમતો મુનિ દેખીને રે, રાજા દિલ દુભાય રે. પ્રાણી૦ ૮

સેવકને કહે સાધુને રે, કાઢો નગરથી બહાર;
રાય હુકમ સુણી કરી રે, થયા સેવકો તૈયાર રે. પ્રાણી૦ ૯

વાત જાણી એહ રાણીયે રે, નૃપને ઓળંભો દીધ;
સુણી તેડી ઘર આણીયા રે, વિનય બહુલો કીધ રે. પ્રાણી ૧૦

ભાવી બે જણ ભાવથી રે, પાપ નિવારણ કાજ;
મારગ પૂછે મુનિરાજને રે, ભવજલધિમાં જહાજ રે. પ્રાણી૦ ૧૧

નવપદ આરાધન કરો રે, મુનિવર ભાખે એમ ;
પાપ સકલ દૂરે ટળે રે, લહીયે વાંછિત એમ રે. પ્રાણી૦ ૧૨

રાજારાણી બેઉ તપ તપી રે, થયા મયણા ને શ્રીપાલ;
પૂર્વ કૃત કર્મ યોગથી રે, આપદ-સંપદ આળ રે. પ્રાણી૦ ૧૩

નવપદ મહિમા અતિ ઘણો રે, કહેતાં ના' વે પાર;
ગુરૂ અમૃત એમ ઉચ્ચરે રે, ભાવે સેવો નરનાર રે. પ્રાણી૦ ૧૪

## [+] ૧૫૪. શ્રીપાળરાજા-મયણાસુંદરીની સજ્ઝાયો (૨) ઢાળ ૪

### ઢાળ ૧

આસો માસે તે ઓળી આદરી રે લોલ, ધર્યું નવપદજીનું ધ્યાન રે;
શ્રીપાલ રાજાને મયણા સુંદરી રે લોલ... ૧
માલવ દેશનો રાજીયો રે લોલ, નામે પ્રજાપાલ ભૂપ રે... શ્રી૦ ૨
સૌભાગ્ય સુંદરી રૂપ સુંદરી રે, લોલ, રાણી બે રૂપ ભંડાર રે... શ્રી૦ ૩
એક મિથ્યાત્વી ધર્મની રે લો, બીજીને જૈન ધર્મરાગ રે... શ્રી૦ ૪
પુત્રી એકેકી બેઉને રે લોલ, વધે જેમ બીજ કેરો ચંદ રે... શ્રી૦ ૫
સૌભાગ્યસુંદરીની સુરસુંદરી રે લોલ, ભણે મિથ્યાત્વીની પાસ રે...શ્રી૦ ૬
રૂપસુંદરીને મયણાસુંદરી રે લોલ, ભણાવે જૈન ધર્મસાર રે... શ્રી૦ ૭
રૂપ કલા ગુણે શોભતી રે લો, ચોસઠ કલાની જાણ રે... શ્રી૦ ૮
બેઠા સભામાં રાજવી રે લોલ, બોલાવે બાલિકા દોય રે... શ્રી૦ ૯
સોળે શણગારે શોભતી રે લોલ, આવી ઉભી પિતાની પાસ રે... શ્રી૦ ૧૦
વિદ્યા ભણ્યાનું જોવા પારખું રે લોલ, રાજા પૂછે તિહાં પ્રશ્ન રે... શ્રી૦ ૧૧
(સાખી)-જીવ લક્ષણ શું જાણવું, કુણ કામદેવ ઘરનાર;
શું કરે પરણી કુમારિકા, ઉત્તમ કુલ શું સાર.
રાજા પૂછે એ ચારનો, આપો ઉત્તર એક;

બુદ્ધિ શાળી કુમારિકા, આપે ઉત્તર એક... શ્રી૦ ૧૨
શ્વાસ લક્ષણ પહેલું જીવમાં રે લોલ, રતિ કામ દેવ ઘર નાર રે... શ્રી૦ ૧૩
જાઈનું ફુલ ઉત્તમ જાતિનું રે લોલ, ચારે પ્રશ્નોના ઉત્તર એકમાં રે લોલ,
'કન્યા પરણીને સાસરે જાય રે...'... શ્રી૦ ૧૪
(સાખી)-પ્રથમ અક્ષર વિણ, જીવાડનાર જગનો કહ્યો;
મધ્યમ અક્ષર વિણ, સંહાર તે જગનો થયો;
અંતિમ અક્ષર કાઢતાં, સહુ મન મીઠું હોય,
આપો ઉત્તર એકમાં, જેમ સ્ત્રીને વ્હાલું હોય... શ્રી૦ ૧૫
આપે ઉત્તર મયણા સુંદરી રે લો, મારી આંખોમાં કાજળ સોહાય રે...
શ્રી૦ ૧૬
(સાખી)-પહેલો અક્ષર કાડતાં, નરપતિ સોહે સોય,
મધ્યમ અક્ષર વિના, સ્ત્રી મન વહાલું હોય;
અંતિમ અક્ષર કાઢતાં, પંડિતને પ્યારો થયો,
માંગુ ઉત્તર એકમાં, તાતે પુત્રીને કહ્યો... શ્રી૦ ૧૭
મયણાએ ઉત્તર આપીયો રે લોલ, અર્થ ત્રણેનો વાદળ થાય રે... શ્રી૦ ૧૮
રાજા પૂછે સુરસુંદરી રે લોલ, કહો પુન્યથી શું શું પમાય રે... શ્રી૦ ૧૯
ધન યૌવન સુંદર દેહડી રે લોલ, ચોથો મન ગમતો ભરથાર રે... શ્રી૦ ૨૦
મયણા કહે નિજતાતને રે લો, સહુ પામીએ પુન્ય પસાય રે... શ્રી૦ ૨૧
શિયળ વ્રતે શોભે દેહડી રે લોલ, બીજી બુદ્ધિ ન્યાયે કરી હોય રે...
શ્રી૦ ૨૨
ગુણવંત ગુણની સંગતિ રે લોલ, મળે વસ્તુ પુન્યને જોગ રે... શ્રી૦ ૨૩
બોલે રાજા અભિમાને કરી રે લોલ, કરૂં નિર્ધનને ધનવંત રે... શ્રી૦ ૨૪
સર્વ લોકો સુખ ભોગવેરે લોલ, એ સઘળો છે મારો પસાય રે... શ્રી૦ ૨૫
સુરસુંદરી કહે તાતને રે લોલ, એ સાચામાં શેનો સંદેહ રે... શ્રી૦ ૨૬
રાય તુઠ્યો સુરસુંદરી રે લોલ, પરણાવી પહેરામણી દીધ રે... શ્રી૦ ૨૭
શંખપુરીનો રાજીયો રે લોલ, અરિદમન છે જેનું નામ રે... શ્રી૦ ૨૮
રાય સેવાર્થે આવીયો રે લોલ, સુરસુંદરી આપી સોય રે... શ્રી૦ ૨૯
રાયે મયણાને પુછીયું રે લોલ, મારી વાતમાં તને સંદેહ રે... શ્રી૦ ૩૦
મયણા કહે નિજતાતને રે લોલ, તમે શાને કરો અભિમાન રે... શ્રી૦ ૩૧

સંસારમાં સુખ દુઃખ ભોગવે રે લોલ, એ કર્મ તણો છે પસાય રે...
શ્રી૦ ૩૨
રાજા ક્રોધે બહુ કળકળ્યો રે લોલ, મયણા શું ભાંખે વચણ રે... શ્રી૦ ૩૩
રત્ન હિંડોળે હિંચતી રે લોલ, પહેરી રેશમી ઉંચા પટકુળ રે... શ્રી૦ ૩૪
જગત સૌ જીજી કરે રે લોલ, તારી ચાકરી કરે પગ સેવ રે... શ્રી૦ ૩૫
તે મારા પસાયથી જાણજો રે લોલ, રૂઠે રોળી નાંખુ પલમાંય રે...શ્રી૦ ૩૬
મયણા કહે તુમ કુળમાં રે લોલ, ઉપજવાનો કયાં જોયો તો જોશ રે...
શ્રી૦ ૩૭
કર્મ સંયોગે ઉપની રે લોલ, મળ્યા ખાન પાન આરામ રે... શ્રી૦ ૩૮
તમે મોટા મને મલ્હાવતા રે લોલ, તે મુજ કર્મ તણો પસાય રે...શ્રી૦ ૩૯
રાજા કહે કર્મ ઉપરે રે લોલ, દિસે તને હઠવાદ રે... શ્રી૦ ૪૦
કર્મે આણેલા ભરથારને રે લોલ, પરણાવી ઉતારૂં ગુમાન રે... શ્રી૦ ૪૧
રાજાના ક્રોધને સમાવવા રે લોલ, લઈ ચાલ્યો રયવાડી પ્રધાન રે...
શ્રી૦ ૪૨
નવપદ ધ્યાન પસાયથી રે લોલ, સવી સંકટ દૂરે પલાય રે... શ્રી૦ ૪૩
કહે ન્યાયસાગર પહેલી ઢાળમાં રે લોલ, નવપદથી નવનિધિ થાય રે...
શ્રી૦ ૪૪

## ઢાળ ૨

રાજા ચાલ્યો રયવાડીએ, સાતે લીધો સૈન્યનો પરિવાર રે
સાહેલી મોરી ધ્યાન ધરો રે અરિહંતનું૦ ૧
ઢોલ નિશાન તિહાં ધુરકે, બરછીઓ ને ભાલાનો ઝલકાર રે... સાહેલી૦ ૨
ધૂળ ઉડે ને લોકો આવતા, રાજા પૂછે પ્રધાનને એ કોણ રે... સાહેલી૦ ૩
પ્રધાન કહે સુણો ભૂપતિ, એ છે સાતસે કોઢીયાનું સૈન્ય રે... સાહેલી૦ ૪
રાજાની પાસે આવે યાચવા, કોઢીયા સ્થાપિ રાજા એ રે... સાહેલી૦ ૫
કોઢે ગળી છે જેની આંગળી, યાચવા આવ્યો કોઢીયા કેરો દૂત રે...
સાહેલી૦ ૬
રાણી નહી રે અમ રાયને, ઉંચા કુળની કન્યા મળે કોય રે... સાહેલી૦ ૭
દાઢે ખટકે રે જાણે કાંકરો, નયણ ખટકે રે એ તો રેણું સમાન રે...સાહેલી૦ ૮

વચણ ખટકે રે જેમ વાઉલો, રાજાના હૈડે ખટકે મયણાના બોલ રે...
સાહેલી૦ ૯

કોડીયા રાજાને કહેવડાવીયું, આવજો નયરી ઉજ્જૈણીની માંય રે...
સાહેલી૦ ૧૦

કીર્તિ અવિચલ રાખવા, આપીશ મારી કુંવરી રાજકન્યાય રે...
સાહેલી૦ ૧૧

ઉંબર રાણો હવે આવીયો, સાથે સાતસેં કોઢીયાનું સૈન્ય રે... સાહેલી૦ ૧૨
આવ્યો વરઘોડો મધ્ય ચોકમાં, ખચ્ચર ઉપર બેઠા ઉંબર રાય રે...
સાહેલી૦૧૩

કોઈ લુલા ને કોઈ પાંગળાં, કોઈના મોટા સુપડા જેવડા કાન રે...
સાહેલી૦ ૧૪

કોઈ મુખે ચાંદા ચળચગે, કોઈ મુખે માખીઓનો રણકાર રે... સાહેલી૦ ૧૫
શોર બકોર સુણી સામટા, લાખો લોક જોવા ભેગા થાય રે...સાહેલી૦ ૧૬
સર્વ લોક મળી પૂછતાં, ભૂત પ્રેત કે હોય પિશાચ રે... સાહેલી૦ ૧૭
ભૂતડા જાણીને ભસે કુતરા, લોકોને મન થયો છે ઉત્પાત રે...સાહેલી૦ ૧૮
જાન લઈ ને અમે આવીયા, પરણે અમારો રાણો રાજકન્યાય રે...
સાહેલી૦ ૧૯

કૌતુક જોવાને લોકો સાથમાં, ઉંબરરાણો આવ્યો રાજાની પાસ રે...
સાહેલી૦ ૨૦

હવે રાય કહે મયણાં સાંભળો, કર્મે આવ્યો કરો ભરથાર રે...સાહેલી૦ ૨૧
તમે કરો અનુભવ સુખનો, જુઓ તમારા કર્મ તણો પસાય રે...
સાહેલી૦ ૨૨

કહ્યું ન્યાય સાગર બીજી ઢાળમાં, નવપદ ધ્યાને થાય મંગલ માલ રે...
સાહેલી૦ ૨૩

## ઢાળ ૩

તાત આદેશે મયણા ચિંતવે રે લોલ, જ્ઞાનીનું દીઠું થાય રે,
કર્મતણી ગતિ પેખજો રે લોલ... ૧

અંશ માત્ર ખેદ નથી આણતી રે લોલ, નહિ મુખડાનો રંગ પલટાય રે કર્મ૦ ૨
હશે જાયો રાજાનો કે રંકનો રે લોલ, પિતા સોંપે છે પંચની સાખ રે...

કર્મ૦ ૩
એને દેવની પેરે આરાધવો રે લોલ, ઉંચા કુળની સ્ત્રીનો આચાર રે...
કર્મ૦ ૪
મુખ રંગ પુનમની ચાંદની રે લોલ, શાસ્ત્રે લગ્નવેળા જાણી શુદ્ધ રે...કર્મ૦ ૫
એમ વિચારી મયણાસુંદરી રે લોલ, કર્યું તાતનું વચન પ્રમાણ રે... કર્મ૦ ૬
આવી ઉંબર રાણાની ડાબી બાજુએ રે લોલ, જાતે કરે છે હસ્ત મેળાપ રે...
કર્મ૦ ૭
કોઢીયા રાજાએ કહેવરાવીયું રે, કાગકંઠે મોતી ના સોહાય રે... કર્મ૦ ૮
હોય દાસી કન્યા તો પરણાવજો રે લો, કોઢીયા સાથે શું રાજકન્યાય રે...
કર્મ૦ ૯
માતા મયણાની ઝુરતી રે લોલ, રોવે માતા કુટુંબ પરિવાર રે... કર્મ૦ ૧૦
રાજા તે હઠ મૂકે નહી રે લોલ કહે મારો નહીં કોઈ દોષ રે... કર્મ૦ ૧૧
કોઈ રાજાના દોષને ધિક્કારતું રે લોલ, કોઈ કહે કન્યા અપરાધ રે...
કર્મ૦ ૧૨
દેખી રાજકુંવરી અતિ દીપતી રે લોલ, રોગી સર્વે થયા રળીયાત રે...
કર્મ૦ ૧૩
ચાલી મયણા ઉંબરની સાથમાં રે લોલ, કોઢીયાતણે આવાસ રે...
કર્મ૦ ૧૪
હવે ઉંબર રાણો મન ચિંતવે રે લોલ, ધિક્ ધિક્ મારો અવતાર રે...
કર્મ૦ ૧૫
સુંદર રંગીલી છબી શોભતી રે લોલ, તેનું જીવન કર્યું મે ધૂળ રે...કર્મ૦ ૧૬
કહે ઉંબર રાણો મયણા સુંદરી રે લોલ, તમે ઉંડો કરો આલોચ રે...
કર્મ૦ ૧૭
તારી સોના સરીખી દેહડી રે લોલ, મારી સંગતિથી થાશે વિનાશ રે...
કર્મ૦ ૧૮
તું તો રૂપે કરી રંભા સારિખી રે લોલ, મુજ કોઢીયા સાથે શું સ્નેહ રે...
કર્મ૦ ૧૯
પતિ ઉંબર રાણાના વચન સાંભળી રે લોલ, મયણા હૈડે તે દુ:ખ ન માય રે...
કર્મ૦ ૨૦

ઢળક ઢળક આંસુ ઢળે રે લોલ, કાગ હસવું દેડક જીવ જાય રે... કર્મ૦ ૨૧
(સાખી) કમલીની જલમાં વસે, ચંદ્ર વસે આકાશ,
જે જિહારે મન વસે, તે તિહારે પાસ... કર્મ૦ ૨૨
હવે મયણા કહે ઉંબર રાયને રે લોલ, તમે વહાલા છો જીવન પ્રાણ રે...
કર્મ૦ ૨૩
પશ્ચિમ રવિ ઉગે નહી રે લોલ, નવિ લોપે જલધિ મર્યાદ રે... કર્મ૦ ૨૪
સતી અવર પુરુષ ઈચ્છે નહી રે લોલ, કદી પ્રાણ જાય પરલોક રે...
કર્મ૦ ૨૫
પિતાએ પંચની સાખે પરણાવી રે લોલ, અવર પુરૂષ બંધવ હોય રે...
કર્મ૦ ૨૬
હવે પાય લાગીને વિનવું રે લોલ, તમે બોલો વિચારીને બોલ રે...
કર્મ૦ ૨૭
રાત્રી વીતી એમ વાતમાં રે લોલ, બીજે દિન થયો પ્રભાત રે... કર્મ૦ ૨૮
હવે મયણા આદીશ્વર ભેટવા રે લોલ, જાય સાથે લઈ ભરથાર રે...
કર્મ૦ ૨૯
પ્રભુ કેસર ચંદને કરી પૂજીયા રે લોલ, વળી કંઠે ઠવી ફુલમાળ રે...
કર્મ૦ ૩૦
કરી ચૈત્યવંદન ભાવે ભાવના રે લોલ, ધરે મયણા કાઉસગ્ગ ધ્યાન રે...
કર્મ૦ ૩૧
પ્રભુ હાથે બીજારૂં શોભતું રે લો, વળી કંઠે ઠવેલ ફુલમાળ રે... કર્મ૦ ૩૨
શાસન દેવતા સહુ દેખતા રે લોલ, આપ્યું બીજેરૂ હાથ માંય રે...કર્મ૦ ૩૩
લીધું ઉંબર રાણાએ તે હાથમાં રે લોલ, મયણા હૈડે તે હર્ષ ન માંય રે...
કર્મ૦ ૩૪
પૌષધશાલામાં ગુરૂ વાંદવા રે લોલ, લઈ ચાલી મયણા ભરથાર રે...
કર્મ૦ ૩૫
ગુરૂ આપે છે ધર્મ દેશના રે લોલ, દોહીલો મનુષ્ય અવતાર રે... કર્મ૦ ૩૬
પાંચે ભૂલ્યોને ચારે ચૂકીયો રે લોલ, ત્રણનું ન જાણ્યું નામ રે... કર્મ૦ ૩૭
જગત ઢંઢેરો ફેરીયો રે લોલ, બોલે છે શ્રાવક મારૂં નામ રે... કર્મ૦ ૩૮
લાલચ શું લાગી રહ્યો રે લોલ, વાલા નન્નો રહ્યો હજુર રે... કર્મ૦ ૩૯

ઉંબર મયણા એ ગુરૂ વાંદિયા રે લોલ, ગુરૂએ દીધો છે ધર્મલાભ રે... કર્મ૦ ૪૦
સખી પરિવારે તું શોભતી રે લોલ આજે સખી ન દીસે કોઈ કેમ રે... કર્મ૦ ૪૧
સર્વ વૃત્તાંત સુણાવીયો રે લોલ, છે એક વાતનું મને દુઃખ રે... કર્મ૦ ૪૨
દેખી જૈન શાસનની હેલના રે લોલ, કરે મુર્ખ મિથ્યાત્વી લોક રે... કર્મ૦ ૪૩
હવે મયણા ગુરૂને વિનવે રે લોલ, રોગ મટે જો ભરથાર રે... કર્મ૦ ૪૪
મંત્ર જંત્ર બુદ્ધી ઔષધી રે લોલ, મણી મંત્ર બીજો ઉપચાર રે... કર્મ૦ ૪૫
ગુરૂ કહે મયણા સુંદરી રે લોલ, નહી એ અમારો આચાર રે... કર્મ૦ ૪૬
પુણ્યેજય, પાપે ક્ષય કહ્યું રે લોલ, આરાધો નવપદ ધ્યાન રે... કર્મ૦ ૪૭
તેનાથી વિઘ્ન સવિ દૂરે થશે રે લોલ, ધર્મ ઉપર રાખો દઢ મન્ન રે... કર્મ૦ ૪૮
કહે ન્યાયસાગર ત્રીજી ઢાળમાં રે લોલ, તમે સાંભળો નરને નાર રે... કર્મ૦ ૪૯

## ઢાળ ૪

મયણા સિદ્ધચક્ર આરાધે, ગુલાબમાં રમતી'તી;
નિજ પતિ ઉંબરની સાતે જાપોને જપતી'તી. ૧
પહેલે પદ અરિહંત પૂજે ગુલાબ૦ હણ્યા ઘાતી અઘાતી ધ્રુજે. જાપોને૦ ૨
ત્રણ લોકની ઠકુરાઈ છાજે, ગુલાબ૦ વાણી પુરે યોજન ગાજે. જાપોને૦ ૩
બીજે પદ સિદ્ધ મહારાજ, ગુલાબ૦ ત્રણ લોકમાં થઈ શિરતાજ... જાપોને૦ ૪
ત્રીજે પદ આચારજ જાણો, ગુલાબ૦ મળી લાકડી અંધ પ્રમાણો... જાપોને૦ ૫
ચોથે પદ ઉપાધ્યાય સોહે, ગુલાબ૦ ભણે ભણાવે ભવિમન મોહે... જાપોને૦ ૬
પદ પાંચમે સાધુ મુનિરાયા, ગુલાબ૦ ગુણ સત્તાવીશ સોહાયા... જાપોને૦ ૭

મન વચન ગોપવી કાયા, ગુલાબ૦ વંદુ તેવા મુનિવર રાયા... જાપોને૦ ૮
છઠે દરિસણ પદ છે મૂલ, ગુલાબ૦ કોઈ આવે નહીં તસ તોલ...
જાપોને૦ ૯
સોહે સાતમું પદ વરનાણ, ગુલાબ૦ તેના ભેદ એકાવન જાણ...
જાપોને૦ ૧૦
જ્ઞાન પાંચમું કેવલ થાય, ગુલાબ૦ ત્રણ લોકના ભાવ જણાય...
જાપોને૦ ૧૧
પદ આઠમે ચારિત્ર આવે, ગુલાબ૦ દેવો ઈચ્છા કરે ના પાવે...
જાપોને૦ ૧૨
ભવિ જીવ તે ભાવના ભાવે, ગુલાબ- કોઈ રીતે ઉદયમાં આવે...
જાપોને૦ ૧૩
કરો નવમે તપપદ ભાવે, ગુલાબ૦ આઠ કર્મ બળી રાખ થાવે...
જાપોને૦ ૧૪
સિદ્ધિ આતમ અનંતી પાવે, ગુલાબ૦ દેવ દેવી મળી ગુણ ગાવે...
જાપોને૦ ૧૫
પ્રભુ પૂજો કેસર પદ ઘોળી, ગુલાબ૦ ભરો હરખે હેમ કચોળી...
જાપોને૦ ૧૬
ભરી શુદ્ધ જલે અંઘોળી, ગુલાબ૦ ચઉગતિની આપદા ચોળી...
જાપોને૦ ૧૭
દુર્ગતિના દુઃખ હરે ઢોળી ગુલાબ૦ આસો સુદ સાતમની ઓળી...
જાપોને૦ ૧૮
કરી નવ આંબીલની ઓળી, ગુલાબ૦ મળી સરખી સહિયરની ટોળી...
જાપોને૦ ૧૯
મયણા ધરે નવપદ ધ્યાન, ગુલાબ૦ પતિ કાયા થઈ કંચનવાન...
જાપોને૦ ૨૦
સહુ મંત્રમાં છે શિરદાર, ગુલાબ૦ તમે આરાધો સહુ નરનાર...જાપોને૦ ૨૧
ન્યાયસાગરે ઢાળ કહી ચોથી, ગુલાબ૦ હવે પૂજો જ્ઞાનની પોથી...
જાપોને૦ ૨૨

## ૧૫૫. શ્રીપાળરાજા-મયણાસુંદરીની સજઝાયો (૩)

સરસ્વતી માતા મયા કરો, આપો વચન વિલાસો રે,
મયણા સુંદરી સતી ગાઈશું, આણી હઈડે ભાવો રે. ૧

નવપદમહિમા સાંભલો, મનમાં ધરી ઉલ્લાસો રે;
મયણાસુંદરી શ્રીપાલને, ફલીયો ધરમ ઉદારો રે. નવ૦ ૨

માલવ દેશમાંહે વલી, ઉજેણી નયરી જામ રે;
રાજ કરે તિહાં રાજીયો, પ્રજાપાલ નરીંદ રે. નવ૦ ૩

રાય તણી મનમોહની, ધરણી અનોપમ દોય રે;
તાસ કુખે સુતા અવતરી, સુરસુંદરી-મયણા જોડ રે. નવ૦ ૪

સુરસુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાતો રે;
મયણાસુંદરી સિદ્ધાન્તનો, અરથ લીયો સુવિચારો રે. નવ૦ ૫

રાય કહે પુત્રી પ્રત્યે, હું તુઠો તુમ જેહ રે;
વંછિત વર માંગો તદા, આપું અનોપમ તેહ રે. નવ૦ ૬

સુરસુંદરી વર માગીયો, પરણાવી શુચિ ઠામો રે;
મયણાસુંદરી વયણ કહે, કર્મ કરે તે હોવે રે. નવ૦ ૭

કર્મે તુમારે આવીયો, વર વરો બેટી જેહ રે;
તાત આદેશે કર ગ્રહી, વરીયો કુષ્ઠી તેહ રે. નવ૦ ૮

આયંબિલનો તપ આદરી, કોઢ અઢાર તે કાઢે રે;
સદ્ગુરુ આજ્ઞા શિર ધરી, હુઓ રાય શ્રીપાલ રે. નવ૦ ૯

દેશ-દેશાંતર ભમી કરી, આયો તે વર્ષ અંતે રે;
નવ રાણી પરણ્યો ભલી, રાજ્ય પામ્યો મનરંગ રે. નવ૦ ૧૦

તપ પસાય સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહોંચ્યો રે;
ઉપસર્ગ સવિ દૂરે ટલ્યો, પામ્યો સુખ અનંતો રે. નવ૦ ૧૧

તપગચ્છ દિનકર ઉગીયો, શ્રી વિજયસેન સૂરીંદો રે;
તાસ શિષ્ય વિમલહેમ વિનવે, સતી નામે આણંદો રે. નવ૦ ૧૨

## ૧૫૬. શ્રેણીકરાજાની સજ્ઝાય

### દુહા

હવે ઈણ અવસર અન્યદા, આવ્યા શ્રી વર્ધમાન,
શીતકાળ ઋતુ છે તદા, ધરતા ભવિજન ધ્યાન... ૧
શ્રેણીક અંતેઉર સહિત, પરવરીયા પરિવાર,
વંદન પહુંતો જિન ભણી, સફળ કરણ અવતાર... ૨
વળતાં એક મુનિ પેખીયો, સરોવર કેરી પાળ,
વાસર થોડો જાણીને, કાઉસગ્ગ રહ્યો નિહાળ... ૩
રાજા રાણી ભાવશું, વાંધા મુનિવર પાય,
સંધ્યાયે ઘરે આવીયા, સહુકો' હર્ષિત થાય... ૪
સુંદર મંદિર આપણે, કરતાં કેલિ નિઃશંક,
રાજા રાણી ચેલ્લણા, પોઢ્યાં એક પલંગ... ૫

### ઢાળ

રાજા શ્રેણીક પોઢ્યો મંદિરે રે રાણી ચેલણા કેરે સાથ રે
નિદ્રાવશ રાણી નવિ લેખીયો રે સોડબાહિર રહી ગયો હાથ રે રાજા૦ ૧
શીતે કર ઠર્યો અતિ ઘણો રે ઝબકી જાગીને કહે એમ રે
તે કિમ હોશે ? પ્રીતમ એમ સુણી રે ચિંતે શ્રેણીક મનમાં તેમ રે... રાજા૦ ૨
અસતીને મન માંહે કુણ વસે રે ચંચળ ચિત્ત નારીનો હોય રે
વાયસ કદી ન હોવે નિર્મળો રે દેખો પંચામૃતશું ધોય રે... રાજા૦ ૩
અંતેઉર પરજાલણ ભણી રે દે મંત્રીસરને આદેશ રે
નરપતિ પહોંતા શ્રીજિન વાંદવા રે કહે મંત્રીને મગધેશ રે... રાજા૦ ૪
અભય વચન સુણી હિયડે ચમકીયો રે અવિચાર્યો દીધો આદેશ રે
મુજ માતા તો શીયલે નવિ ચલે રે જો પીતે આવે અમરેશ રે... રાજા૦ ૫
જેમ તેમ અંતેઉરને રાખવો રે બુદ્ધિપ્રપંચ કરી ઈહાં કોય રે
અંતેઉર પણ પ્રજાળવો રે રાય હુકમ પણ સાચાં હોય રે... રાજા૦ ૬
જીરણ જાળી કુંજરની કુટી રે મંત્રી હુવે એવા બુદ્ધિ વંત રે
વાંદી પૂછે નરપતિ એકમનારે ચેલણા કેવી કહો ભગવંતરે... રાજા૦ ૭
જિન બોલે-સાંભળ તું શુભમતિ રે સાતે સતીયોમાં શિરતાજ રે
નરપતિ ચેડાની સુતા સાંતે સતી રે ઈણિપરે ભગવંત સંશય ભાંજ રે...

રાજા૦ ૮

ઈમ સુણી નૃપ વેગે આવ્યો વહી રે શું તેં કીધો એમ પૂછે વાણ રે
અભય ભણે-તુમ હુકમ કીધો એમ રે તેં પણ કેમ ન છંડ્યા પ્રાણ રે...
રાજા૦ ૯

મંત્રી તાતતણો વચન સંગ્રહી રે બોલે બાલ મરણ ન કરૂં નિટોલ રે
એ અવસરે સંયમ લઈશ ભાવશું રે અભયકુમારે કહ્યાં એ બોલ રે...
રાજા૦ ૧૦

ચિંતા નિવારો રાજા ચિત્તની રે છે તુમ અંતે ઉરને ક્ષેમ રે
રાજા રાણી અતિ હર્ષિત થયા રે વળતો અભય ભણી કહે એમ રે...
રાજા૦ ૧૧

તું મુજ જીવનપ્રાણ જગતમેં રે તું મુજ માનસરોવર હંસ રે
ચિરંજીવ તું મંત્રી માહરો રે તુજથી ઓપ્યો મુજ વંશ રે... રાજા૦ ૧૨
સુખ ભોગવતો તું રહે શાશ્વતો રે સંતોષી ઈમ કહે સુવચન રે
બુદ્ધિએ જેણે અંતેઉર રાખીયો રે લક્ષ્મી વિજય કહે લોકમાં ધન ધન્ય રે...
રાજા૦ ૧૩

## ૧૫૭. સનત્કુમાર ચક્રવર્તિની સજ્ઝાયો (૧)
## (ઢાળ-૪)
### ઢાળ ૧

કુરૂદેશે ગજપુર ઠામે તિહાં સનતકુમાર એવે નામે
ચક્રવર્તી બેઠો સોહે તનુ તેજે ત્રિભુવન મોહે... ૧
રૂપવંત માંહિ એક રેખ વખાણ્યો ઈંદ્રે વિશેષ
સુરપતિની સાંભળી વાણી મનમાંહે સંશય આણી... ૨
દોય દેવ ભરાણા અંદેશે આવ્યા તિહાં બ્રાહ્મણ વેશે
નાહવા બેઠો રાજેંદ્ર જાણે ઉગ્યો પૂનમનો ચંદ્ર... ૩
નજર માંડીને નિરખે રૂપ દેખીને મન હરખે
અહો અહો એહનું રૂપ ત્રિભુવન માંહે અનૂપ... ૪
વિધાતાએ હાથે ઘડીઓ પુણ્યે એ નજરે પડીયો
બોલાવે જબ રાજેંદ્ર તવ વિપ્ર કહે એ વચન... ૫

તુજ રૂપ જોવા મહારાજ ! દૂરથી આવ્યા અમે આજ
શું જુઓ છો સસનેહી ખેરે પીઠી ખરડી મુજ દેહી... ૬
શિર છત્ર ધરાવું જ્યારે મારૂ રૂપ જોજોને ત્યારે
આભૂષણ પહેરી અંગે સભામાંહી બેસી રંગે... ૭
વેગે તે વિપ્ર તેડાવ્યા તે પણ તત્કાળ તિહાં આવ્યા
તવ વિપ્ર કહે તે વાણી સુણ સુણહો ચક્રી પ્રાણી... ૮

## ઢાળ ૨

એવડો શો અંતર દીસે તવ ચક્રી બોલ્યો રીસે
તમે પશ્ચાત બુદ્ધિ કહાવો વળી વિપ્ર તે નામ ધરાવો... ૧
પારખું કરી શું જાણો આભૂષણે રૂપ પલટાણો
તવ દેવ કહે સુણો સ્વામી તમારા રૂપમાંહે થઈ ખામી... ૨
સોળ રોગ મહાવિકરાળ ઘટમાં ઉપન્યા તત્કાળ
એમ સુણીને એણે ઠાય મનમાં કળકળીયો રાય... ૩
તંબોલે થુંકીને પેખે ટળવળતા કીડા દેખે
હયગય રથ રમણી પાળા વળી બત્રીસ સહસ ભૂપાળા... ૪
સહસ પચવીસ યક્ષજી વારૂ છખંડનું રાજ્ય દિદારૂ
દેશ નગરને ગરથ ભંડાર તે તો વોસિરાવ્યા તેણીવાર... ૫
શ્રી સનતકુમાર સોભાગી દીક્ષા લીયે વૈરાગી
મનથી મૂકી સર્વે માયા એકાકી કસી કાયા... ૬

## ઢાળ ૩

શેઠ સેનાપતિ વાધીયા રે મુગટ પુરી રાજન રે
કેડ ન મૂકે કામિની રે પુરોહિત ને પ્રધાન રે, પ્રાણજીવન ! ઘરે આવના રે
આવના રે દિલ લાવના રે પ્રાણજીવન ઘેર આવના રે... ઘરે આવના રે ૧
અરજ કરે રાણી રજીયા રે વિનંતિ કરે કર જોડ રે...
આંસુ ઢાળી કહે અંગજા સામું જુઓ એકવાર રે... ઘરે આવના રે ૨
ઠમક ઠમક પગલાં ઠવે નયણેં વરસે મેહ રે
સ્ત્રી રત્ન કહે સુણ સાહિબા છટકી ન દીજે છેહ રે... ઘરે આવના રે ૩
એક લાખને ઉપરે બાળા બાણુ હજાર રે

દાંતે દીયે દશ આંગુલી વિનવે વારંવાર રે... ઘરે આવના રે ૪
ખાંતે ખોળા પાથરે વિનંતિ કરે કરજોડ રે
એક વાર બોલો તાતજી એમ કહે સુત સવાક્રોડ રે... ઘરે આવના રે ૫
શિર ઉપર છત્ર ઢળે ચામર વીંઝે બેહુ પાસ રે
એમ કેડે ફરતાં થકાં વહી ગયા ષટ માસ રે... ઘરે આવના રે ૬
ન જુએ સાહમું બોલે નહિં તવ વંદીને પાય રે
સહુ સહુને થાનકે ગયા વિહાર કરે ઋષિરાય રે... ઘરે આવના રે ૭

### ઢાળ ૪

ધન્ય ધન્ય સનતકુમારને, ઈન્દ્ર સભામાં પ્રશંસે રે;
કર્મ અહીયાસે આપણાં, પણ પરિગ્રહશું ન પ્રેમ રે. ધન્ય૦ ૧

ઈન્દ્ર વચન અણમાનતો, વૈદ્ય રૂપે આવ્યો દેવ કોય રે;
પણ છળે ન પડ્યાં સાધુજી, અનેક ઉપાય કરી થાકયો સોય રે. ધન્ય૦ ૨

થુંક અડાડ્યું જેને થાન કે, સોનાવરણી થાય દેહ રે;
લબ્ધિ દેખી ઋષિરાયની, દેવલોકે દેવ ગયો તેહ રે. ધન્ય૦ ૩

ષટખંડ પૃથ્વી ભોગવી, ચક્રીપણે વરસ દોય લાખ રે;
લાખ વરસ દીક્ષા વહી, પાળી તે શાસ્ત્રની શાખ રે. ધન્ય૦ ૪

સાતસે વરસ લગે જેણે, રોગ પરિષહ સહ્યા રંગ રે;
પણ ઉપચાર કીધો નહિ, સમતાસું રાખ્યો મન સંગ રે. ધન્ય૦ ૫

પહોત્યો દેવલોક ત્રીજે એ, ચારિત્ર પાળી નિરતિચાર રે;
એક ભવને આંતરે, મુકિત જશે તે નિરધાર રે. ધન્ય૦ ૬

શ્રી ધર્મનાથના શાસને, ઉધોતકારી થયો ઋષિરાય રે;
ઉદયરત્ન ઋષિરાયના, કરજોડીને વંદે પાય રે. ધન્ય૦ ૭

## ૧૫૮. સનત્કુમાર ચક્રવર્તિની સજઝાયો (૨)

સરસતી સરસ વચન રસ માગું તોરે પાયે લાગું
સનતકુમાર ચક્રી ગુણ ગાઉં જિમ હું નિર્મલ થાઉં રે
રંગીલા રાણા ! રહો રહો જીવન ! રહો રહો, મેરે સનતકુમાર,
વિનવે સવિ પરિવાર રે... રંગીલા૦ ૧

રૂપ અનોપમ ઈંદ્રે વખાણ્યું સુર જાણે એ માયા
બ્રાહ્મણ રૂપ કરી દોય આયા ફરી ફરી નિરખત કાયા રે... રંગીલા૦ ૨
જેહવો વખાણ્યો તેહવો દીઠો રૂપ અનોપમ ભારી
સ્તવના સાંભળી મનમાં હરખ્યો આણ્યો ગર્વ અપારી રે... રંગીલા૦ ૩
અબ શું નિરખો લાલ રંગીલે ખેર ભરી મુજ કાયા
નાહી ધોઈ જબ છત્ર ધરાવું તબ જોજ્યો મોરી કાયા રે... રંગીલા૦ ૪
મુગટ કુંડલ હાર મોતીનાં કરી શણગાર બનાયા
છત્ર ધરાવી સિંહાસન બેઠા તવ ફરી બ્રાહ્મણ આયા રે... રંગીલા૦ ૫
દેખી જોતાં રૂપ પલટાણું સુણ હો ચક્રી રાયા
સોળ રોગ તેરી દેહમાં ઉપન્યા ગર્વ મ કર કૂડી કાયા રે... રંગીલા૦ ૬
કળકળીયો ચક્રી ઘણું મનમાં સાંભળી દેવની વાણી
તુરત તંબોલ નાખીને જોવે રંગભરી કાયા પલટાણી રે... રંગીલા૦ ૭
ગઢ મઢ મંદિરે પોળમાળીયા મેલ્યાં છંડી તે સવિ ઠકુરાઈ
નવનિધિ ચૌદ રતન સવિ મેલ્યાં મેલી તે સયલ સજાઈ રે... રંગીલા૦ ૮
હયગયરથ અંતે ઉરી મેલી મેલી તે મમતા માયા
એકલડો સંયમ લઈ વિચરે કેડ ન મેલે રાણા રાયા રે... રંગીલા૦ ૯
પાયે ઘુઘરી ઘમ ઘમ વાજે ઠમ ઠમ કરતી આવે
દશ આંગળીયે બે કર જોડી વિનતિ ઘણીય કરાવે રે... રંગીલા૦ ૧૦
તુમ પાખે મોરૂં દિલડું દાઝે દિન કેહી પેરે જાશે
એક લાખને બાણુ સહસને નયણેં કરી નિરખીજે રે... રંગીલા૦ ૧૧
માત-પિતા હેતે કરી ઝૂરે, અંતે ઉર સવિ રોવે
એક વાર સન્મુખ જુઓ ચક્રી સનત કુમાર નવિ જોવે રે... રંગીલા૦ ૧૨
ચામર ઢોળાવો છત્ર ધરાવો રાજ્યમેં પ્રતપો રૂડા
છ ખંડ પૃથ્વી આણ મનાવો તે કિમ જાણ્યા કૂડા રે... રંગીલા૦ ૧૩
છત્ર ધરે શિર ચામર ઢાળે રાવત પ્રતપો રૂડે
છ ખંડ પૃથ્વી રાજ્ય ભોગવો છ માસ લગી ફરે કેડે રે... રંગીલા૦ ૧૪
તવ ફરી દેવ છળવા કારણ વૈદ્ય રૂપ લહી આવે
તપશક્તિયે કરી લબ્ધિ ઉપની થુંકે કરી રોગ શમાવે રે... રંગીલા૦ ૧૫
બે લાખ વરસ મંડલીક ચક્રી લાખ વરસની દીક્ષા

પંદરમા જિનવરને વારે નરદેવ કરે જીવ રક્ષા રે... રંગીલા૦ ૧૬
શ્રી વિજયસેન સૂરીશ્વર વાણી તપગચ્છરાજે જાણી
વિનયકુશલ પંડિત વરખાણી તસ ચરણે ચિત્ત આણી રે... રંગીલા૦ ૧૭
સાતસે વર્ષે રોગ સમાયો કંચન સરખી કાયા
શાંતિકુશલમુનિ એમ પયંપે દેવલોક ત્રીજા પાયા રે... રંગીલા૦ ૧૮

## ૧૫૯. સનત્કુમાર ચક્રવર્તિની સજ્ઝાયો (૩)

જોને વિચારી એવું રે આ સ્વપ્ના જેવું તન તારૂં
ગણે ભલે કાંચન જેવું પણ અંતે તો રાખ થનારૂં... સ્વપ્ના૦ ૧
સનતકુમાર ચક્રી વળી જુઓ છ ખંડનો પ્રતિપાળ
રૂપ અનુપમ તેના દેહનું ક્ષણમાં થયું વિખરાળ
શું અભિમાન મન રાખો રે દેહનું તેજ જનારૂં... સ્વપ્ના૦ ૨
રંક જેમ સ્વપ્નાની માંહિ પામ્યો રાજ વિલાસ
વૈભવ દીઠા પણ નહિં વિલસ્યા જાગીને થયો રે ઉદાસ
એવું સુખ આભાસે રે અંતે તો જુઠું છે વારૂ... સ્વપ્ના૦ ૩
સેજ તળાઈમાં રોજ પોઢતો મસુરીયાં ધરી માલ
દિનરાત જાતાં નહીં જાણતાં તેણે પણ લઈ ગયા કાળ
ઓચિંતુ એકલું જાવું રે નથી કોઈ સાથે થનારૂં... સ્વપ્ના૦ ૪
ધણ કણ કંચન ને કામિની કોઈ ન આવે સાથ
સ્મશાન ભૂમિમાં સુકા કાસ્ઠે બળશો ભાઈ અનાથ
કેવલ મુનિ કહે છે રે ભક્તો ચેતી જાઓ તો સારૂં... સ્વપ્ના૦ ૫

## ૧૬૦. સંગ્રામ સોનીની સજ્ઝાય

**દુહા**

શ્રી શંખેશ્વર પાય નમી, શારદ માત પસાય,
સોનીશ્રી સંગ્રામના, ગુણગાયે નવનિધિ થાય... ૧
માંડવ ગઢનો રાજીયો, ગ્યાસુદ્દીન પાંતસાહ,
એક દિન બહાર ખેલવા, ચાલ્યો ધરી... ૨
સાથે સિત્તેર ખાન છે, બહોંતેર ઉમરાવ જાણ,
સોની પણ સંગ્રામ છે, તેહના કરૂં વખાણ... ૩

## ઢાળ

મારગ માથે આમ્રવૃક્ષ ઉગ્યો અતિસાર
ખી કોઈ દુષ્ટ જીવ બોલ્યો તેણી વાર... મારગ૦ ૧
એ આંબા હે વાંઝીયા સુણો સાહિબ મેરા
ભૂપ કહે તુમ દૂર કરો રાખો મત નેડા... મારગ૦ ૨
વળતો સોની ઉચ્ચરે હું કરૂં અરદાસ
આંબો મુઝને સાન કરે કહો તો જાઉં પાસ... મારગ૦ ૩
હુકમ લેઈને ત્યાં ગયો દીયે આંબાશું કાન
માંડી વાત છાની કહી આવ્યો તે બુદ્ધિ નિધાન...મારગ૦૪
સુણો સુલતાન આંબે કહી મુજને એકજ વાત
આવતા વર્ષે જો નવિ ફળું તો કરજો મુજ ઘાત...મારગ૦ ૫
ગ્યાસુદીન જાણી કહે જૂઠે હો સંગ્રામ
મોંશું ન બોલે રૂખડા યહ બકાલકે કામ... મારગ૦ ૬
વળતું સોની ઉચ્ચરે ન ફળે જો એહ
એને કરતાં જે તમે મુજને કરજો તેહ... મારગ૦ ૭
નિજ નિજ સ્થાનક સહુ વળ્યા સોની કરે ઉપાય
દેવ ગુરૂની પૂજા કરે આંબા પાસે જાય... મારગ૦ ૮
પ્રેમ સહિત ગહુંલી કરે સમરે શ્રી ગુરૂદેવ
જો મુજ ધર્મની આસતા, ફળજો નિતમેવ... મારગ૦ ૯
અનુક્રમે આંબો મોરીયો માળી આવી વધાવે
સર્વ આંબા પહેલાં ફળ્યો સોની તિહાં આવે... મારગ૦ ૧૦
પુત્ર બેસાડી હાથીએ કર સોવન થાળ
આંબા ભરી પાતશાહને મૂક્યા તે રસાળ... મારગ૦ ૧૧
રૂમાલ પાછો કરી પૂછીયો તુમ આંબ કે તાઈ
ગાજતે-વાજતે હરખશું કયા કરી બડાઈ ?... મારગ૦ ૧૨
વળતો સોની ઉચ્ચરે વાંઝીયા સહકાર
તેણે મેં પેક કસી કરી આણી હર્ષ અપાર... મારગ૦ ૧૩
ગ્યાસુદીન ઘોડે ચડી સાથે સબ પરિવાર
એ આંબા ફાલ્યા ફુલ્યા દેખી હર્ષ અપાર... મારગ૦ ૧૪

ગ્યાસુદ્દીન જાણી કહે ન ફળ્યા એ આમ
તેરી એ શ્રદ્ધા ફળી એ સબ ધર્મ કે કામ... મારગ૦ ૧૫
સોનેરી વાઘા સવે પહેરાવ્યા સહુ સાથ
ધન ધન તેરી માતકું ધન્ય ધન્ય તેરી જાત... મારગ૦ ૧૬
કે'તા દિન વીત્યા પછી ઉત્તમ ભગવતી સૂત્ર
ગુરૂકને જઈ સાંભળે કરે જનમ પવિત્ર... મારગ૦ ૧૭
મેલે સોનૈયા પ્રશ્ન પ્રત્યે જગમાં ઉત્તમ નામ
છત્રીસ સહસ સંખ્યા હુવે કીધાં ધર્મના કામ... મારગ૦ ૧૮
સકલ વાચક શિરોમણી ભાનુચંદ્ર કહાવે
તસ શિષ્ય ભાણચંદ્ર ભણે સુણે દોલત પાવે... મારગ૦ ૧૯

## ૧૬૧. સીતા સતીની સજ્ઝાયો (૧)

જનક સુતા સીતા સતી રે, રામચંદ્રની ઘરનારી રે;
કૈકેયી વર અનુભાવથી રે, પહોંત્યા વન મોઝારી રે,
શીલવંતી સીતા વંદીયે રે. ૧

અતિરૂપથી રાવણે હરી રે, તિહાં રાખ્યું શીલ અખંડ રે;
રાવણ હણી લંકા ગ્રહી રે, લક્ષ્મણ રામ પ્રચંડ રે. શીલ૦ ૨

અનુક્રમે અયોધ્યાએ આવીયા રે, કર્મ વશે થયો દોષ રે;
ગર્ભવતી વને એકલી રે, મૂકી પણ થયું સુખ રે. શીલ૦ ૩

લવ ને કુશ સુત પરગડા રે, વિદ્યાવંત વિશાલ રે;
અનુક્રમે ધીજે ઉતર્યા રે, અગ્નિઝાળ થયું પાણી રે. શીલ૦ ૪

દીક્ષા ગ્રહી સુરપતિ થયાં રે, અચ્યુત કલ્પે તેહ રે;
તિહાંથી ચવી ભવ અંતરે રે, શિવ લહેશે ગુણ ગેહ રે. શીલ૦ ૫

લવ ને કુશ હનુમાનજી રે, રામ લહ્યાં શિવ વાસ રે;
રાવણ લક્ષ્મણ પામશે રે, જિન ગણધર પદ ખાસ રે. શીલ૦ ૬

પદ્મ ચરિત્રે એહના રે, વિસ્તારે અધિકાર રે;
જ્ઞાનવિમલ ગુરુથી લહ્યો રે, સુખ સંપત્તિ જયકાર રે શીલ૦ ૭

## ૧૬૨. સીતા સતીની સજ્ઝાયો (૨)

જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતર જામી;
પાલવ મારો મેલોને પાપી, કુળને લાગે છે ખામી,
અડશો માંજો, માંજો માંજો માંજો માંજો અડશો૦,
મ્હારો નાવલીયો દુહવાય, મને સંગ કેનો ન સુહાય;
મ્હારું મન માંહેથી અકળાય. અ૦ ૧

મેરૂ મહીધર ઠામ તજે જો, પત્થર પંકજ ઉગે;
જો જળધિ મર્યાદા મૂકે, પાંગળો અંબર પૂગે. અ૦ ૨

તો પણ તું સાંભળરે રાવણ, નિશ્ચય શીલ ન ખંડું;
પ્રાણ હમારા પરલોક જાએ, તો પણ સત્ય ન છંડું. અ૦ ૩

કુણ મણિધરનો મણિ લેવાને, હૈડે ઘાલે હામ;
સતી સંગાથે સ્નેહ કરીને, કહો કુણ સાધે કામ. અ૦ ૪

પરદારાનો સંગ કરીને, આખર કોણ ઉગરીયો;
ઊંડું તો તું જોને આલોચી, સહી તુજ દહાડો ફરિયો. અ૦ ૫

જનક સુતા હું જગ સહુ જાણે, ભામંડળ છે ભાઈ;
દશરથ નંદન શિર છે સ્વામી, લક્ષ્મણ કરશે લડાઈ. અ૦ ૬

હું ધણીયાતી પિયુગુણ રાતી, હાથ છે માહરે છાતી;
રહે અળગો તુજ વચણે ન ચળું, કાં કુળે વાહે છે કાતી. અ૦ ૭

ઉદયરત્ન કહે ધન્ય એ અબળા, સીતા જેહનું નામ;
સતીયોમાંહે શિરોમણિ કહીયે, નિત્ય નિત્ય હોજો પ્રણામ. અ૦ ૮

## ૧૬૩. સીતા સતીની સજ્ઝાયો (૩)

(રાગ : અંજના વાત કરે છે મારી સખી)

મને કહી સંભળાવો વાત, હજુ ઘોર અંધારી છે રાત;
આ શું ઓચિંતો થયો ઉત્પાત, આવું નો' તું જાણ્યું રે,
મારા મનમાં, મારા નાથે તજી મને પલમાં. આવું. ૧
મને વાત કરો મારા વીર, મારું મન નથી રહેતું ધીર;

આ તો કોણે ઓઢાડ્યા કાળા ચીર. આવું. ૨
કાળો રથને કાળા તુરંગ, ચાલ્યા એકલા મારી સંગ;
આ તો રંગમાં કોણે પાડ્યો ભંગ. આવું. ૩
તુમે આવોને મારા દેરી, મારું કોણ થાશે બેલી;
મને રણ અટવીમાં જઈ મેલી. આવું. ૪
નથી પાપ કર્યાં મારા હાથે, રઘુવીર નથી મારી સાથે;
કેમ તજી દીધી મારા નાથે. આવું. ૫
નથી ઉઘાડા મેલ્યા મારા વાળ, નથી ચડાવ્યું કોઈને આળ;
આ તો કેવો રે આવ્યો મારો કાળ. આવું. ૬
નથી વાટમાં કોઈને વગોવ્યાં, નથી તીર્થ વચ્ચે લુગડા ધોયા;
નથી કરડી દૃષ્ટિએ મેં જોયાં. આવું. ૭
નથી ધર્મ કદી હું હારી, નથી સોબત કીધી નઠારી;
તો કેમ રામે કાઢી ઘરબારી. આવું. ૮
નથી પરબ પાણીની તોડી, નથી પાપને પગલે દોડી;
કેમ રામે મને તરછોડી. આવું ૯
નથી મહેમાન પાછા વાળ્યા, નથી આતમ કોઈના બાળ્યા;
નથી સાસુ નણંદને સંતાપ્યા. આવું. ૧૦
મારું જમણું ફરકે છે અંગ, નથી બેઠી હું કોઈની સંગ;
આ તો શું થયો રંગમાં ભંગ. આવું. ૧૧
મારે આડે ઉતર્યો છે નાગ, મારા માથે ફરકે છે કાગ;
મારું અંતર દાઝે છે અગાધ. આવું. ૧૨
મને સૂર્ય લાગે છે ઝાંખો, આજે દિવસ લાગે છે પાંખો;
હવે રથને અહીં ઉતારી નાંખો. આવું. ૧૩
આ વનની અઘોર ઝાડીમાંય, ત્યાં શબ્દ ભયંકર થાય;
આવી અટવીમાં કેમ રહેવાય ? આવું. ૧૪
વીર આવડો ક્રોધ કેમ કીધો, નથી બોલતાં શું વ્રત લીધો ?
કેમ રામે મને દેશવટો દીધો. આવું. ૧૫
પાય લાગી સીતાની શીખ માંગી, માણેકવિજયે મમતા ત્યાગી;
માતા તમને મેલ્યા છે રામે ત્યાગી. આવું. ૧૬

## [X] ૧૬૪. સીતા સતીની સજ્ઝાયો (૪)

છળે કરી સીતાને ઝાલી, લંકા એને લાવે;
કામે રાવણ દેખી રાતો, સીતા એને સમજાવે,
પરહો રહેને, મારો પાલવ શાને તાણે,
તને કંટક સહ કો' જાણે. પ૦ મારા પ્રાણ જાશે આ ટાણે... ૧

જનક સુતા હું રામની રાણી, તું પડ્યો મારી આલે;
શીલવ્રતથી જો કદી ચૂકું તો પૃથ્વી જાએ પાતાલે. પ૦ ૨

ખાઈશ ગાળો તું ભૂંડો દિસીશ, કહું છું રહેને સખણો;
કુળખંપણ કુળમાં અંગારો, કોણે જાયો કુલખણો. પ૦ ૩

રૂપ ઋદ્ધિ તારી ઠકુરાઈ, હું જાણું સવિ લાલા;
જ્યાં મર્યાદા કાંઈ ન દીસે, ચૂકત તારા ચાલા. પ૦ ૪

હું વ્યાભિચાર કદીએ ન સેવું, સિંહણી ચાર ન ખાય;
સમુદ્રની વેલ ચઢે આકાશે, પણ પુઢવી ન પલાય. પ૦ ૫

શીલ સંઘાતે પિંડ બંધાણું, તેણે ન હું જાઉં વાહી;
વાહી જાય એ સ્ત્રી બીજી, શાને આણી તે આંહી. પ૦ ૬

પરસ્ત્રીશું પ્રાર્થના કરતો, તું તરણાથી હળવો;
દરિયાનો જેમ ગર્વ ઉતરીયો, કર્યો અગત્સ્યે ચલવો. પ૦ ૭

વાંકી નજરે ક્યાં રે જુએ છે, કહું છું તુજને વાણી;
મારો દિયર એક અટારો, પાશે તુજને પાણી. પ૦ ૮

સતી સતાવ્યા શા દુઃખ હોવે, પૂછ મંદોદરી રાણી;
શીખામણ તું કાંઈ ન માને, કરતો એહવી કરણી. પ૦ ૯

મૂક સીતાને કહે મંદોદરી, મૂકતી મૂખ નિઃસાસા;
રામ અવાજે થરકી લંકા, શી ચુડાની આશા. પ૦ ૧૦

વૈરી જીતી સીતાને લઈ, રામ અયોધ્યા આવે;
લોકની ગાળે વળી સીતાને, અટવીમાં મૂકાવે. પ૦ ૧૧

ધીજ કર્યું અંતે સીતાએ, અગ્નિ થયું સવિ પાણી;

સુરનર ઠાઠ મલ્યા તિહાં જોવા, શિયળે શુદ્ધ વખાણી. પ૦ ૧૨

ધન્ય અખંડિત શિયલ જે રાખ્યું, પાળ્યું રૂડી રીતે;
શ્રીભાવપ્રભસૂરિ સતી સીતાના ગુણ ગાવે બહુ રીતે. પ૦ ૧૩

## [?] ૧૬૫. સીતા સતીની સજ્ઝાયો (૫)

જટા રે મુગુટ તારે પાયે નમું આવ્યો લંકાપતિ રાય
થાળ ભરીને વનફળ લાવીયો સીતાજી વન મોઝાર
મારે મન અવર પુરૂષની આણ ક્ષણ એક વિસરૂં ન રામ... મારે૦ ૧
પાવડીયે પગ મેલોને સીતાજી ખંભોલે ઠવોજી પાય
અંગુઠો મરડીને કંત જગાડ્યો લેઈ ગયો વન મોઝાર... મારે૦ ૨
સવા લાખ ટકાનો તને ચૂડલો ઘડાવું કંઠે નવસરો હાર
દશ આંગળીયે દશ વેઢ ઘડાવું શું કરીશ રામ ભરતાર... મારે૦ ૩
સવા લાખ બમણેલો તારો સમુદ્રમાં નાખું તોડી નવસેરો હાર
દશ આંગળીય તારા વેઢ ન જોઈએ ભવોભવ રામનું નામ... મારે૦ ૪
નાક પ્રમાણે તારે નથડી ઘડાવું કાને ઝબકની ઝાલ
બાંયે બાજુ બંધ બેરખા ઘડાવું ઉપર માહરૂં નામ... મારે૦ ૫
નાક પ્રમાણે મારે નથણી જ જોઈએ તોડી નાખું ઝબકની ઝાલ
બાંયે બાજુ બંધ તારં નામ ન જોઈયે ભવોભવ રામનું નામ... મારે૦ ૬
કેડ પ્રમાણે તારે મેખલા ઘડાવું પાયે ઝણ ઝણતી ઝાંઝ
પાય પ્રમાણે તારે મોજડી ઘડાવું ઉપર છીંટની હાર... મારે૦ ૭
કેડ પ્રમાણે મારે મેખલા ન જોઈયે તોડી નાખું ઝણઝણતી ઝાંઝ
પાયની મોજડી તારે મસ્તકે મારૂં ભવોભવ રામનું નામ... મારે૦ ૮
રામ સીતા વીર લક્ષ્મણ મળીને લઈશું અયોધ્યાનું રાજ
હીરવિજય ગુરૂ એણીપરે બોલે નહીં કોઈ સીતાની તોલે... મારે૦ ૯

## ૧૬૬. સીતા સતીની સજ્ઝાયો (૬)

આવું ન્હોતું જાણ્યું રે મારા મનમાં મારા નાથે તજી મને પલમાં
મને કહી સંભળાવો વાત હજુ ઘોર અંધારી છે રાત
આ શું ઓચિંતો થયો ઉત્પાત... આવું૦ ૧
મને કહી સંભળાવો મારા વીર મારા મનમાં રહેતી નથી ધીર

કેમ કાળા ઓઢાડ્યા ચીર... આવું૦ ૨
કાળા રથને કેમ કાળા તુરંગ ચાલ્યા એકલા માહરી સંગ
આ રંગમાં કોણે પાડ્યો ભંગ... આવું૦ ૩
નથી પાપ કર્યા મેં મારે હાથે રઘુવીર નાથ મારી સાથે
કેમ તજી દીધી મારા નાથે... આવું૦ ૪
નથી ધર્મ કદી મારો હારી નથી સોબત કીધી નઠારી
કેમ રામે કાઢી ઘર બારી... આવું૦ ૫
નથી પરબ પાણીની ફોડી નથી પાપને પગલે દોડી
કેમ રામે મને તરછોડી... આવું૦ ૬
નથી ઉઘાડા મેલ્યા મેં વાળ નથી ચઢાવી કોઈને મેં આળ
નથી દીધી મેં કોઈને ગાળ... આવું૦ ૭
નથી અભ્યાગતને પાછો વાળ્યો નથી આત્મા કોઈનો મેં દૂભવ્યો
કેમ રામે કર્યો મને ટાળો... આવું૦ ૮
નથી વાટમાં કોઈને મેં વગોવ્યાં નથી વાટમાં લુગડાં ધોયાં
નથી બૂરી દૃષ્ટિએ મેં જોયાં... આવું૦ ૯
મારૂં જમણું ફરકે છે અંગ નથી બેઠી હું કોઈને સંગ
આ તો શો થયો રંગમાં ભંગ... આવું૦ ૧૦
મારે આડે ઉતર્યો છે નાગ મારે માથે ઉતર્યો છે કાગ
મારૂં અંતર દાઝે છે અથાગ... આવું૦ ૧૧
મને સૂર્ય લાગે છે ઝાંખો મને દિવસ લાગે છે અટારો
હવે રથને અહિં થોભાવો... આવું૦ ૧૨
વન છે અઘોરી ઝાડી ત્યાં શબ્દ ભયંકર થાય
આવી અટવીમાં કેમ રહેવાય... આવું૦ ૧૩
માણેકવિજય કહે મમતા ત્યાગી સખી ! વેદન કરૂં પાય લાગી
સતી સીતાએ પાય જ લાગી... આવું૦ ૧૪

## ૧૬૭. સુકુમાલિકાની સજ્ઝાય (ઢાળ-૩)

### ઢાળ ૧

વસંતપુર સોહામણું રે રાજ્ય કરે તિહાં રાય

સિંહસેન નરપતિ રાજીયો રે રાણી સિંહલ્યા ત્યાંય રે
પ્રાણી ! જુઓ જુઓ કર્મની વાત
છાંડચે પણ છૂટે નહિં રે કર્યા કર્મ વિશેષ રે... પ્રાણી૦ ૧
શશક-ભશક દોય તેહના રે ઉપન્યા બાલ કુમાર
બાલિકા એક સુકુમાલિકા રે રૂપતણો ભંડાર રે... પ્રાણી૦ ૨
સશક ભશક સુકુમાલિકા રે વાધે તે રૂપ વિવેક;
અનુક્રમે મોટા થયા રે જ્ઞાનાદિ ગુણ સુવિશેષ રે... પ્રાણી૦ ૩
સાધુ સમીપે દીક્ષા ગ્રહી રે શસક ભશક સુકુમાલ;
પછી તેહનું શું થયું રે જુઓ કર્મ વિપાક રે... પ્રાણી૦ ૪
ગામ નગર પુર વિચરતા રે પાળતા જિનવર આણ;
તપ તપે અતિ આકરાં રે તોડે કર્મ નિદાન રે... પ્રાણી૦ ૫
બાલિકા એક સુકુમાલિકા રે તેનું અનુપમ રૂપ;
વિવરીને હું વર્ણવું રે જોવા આવે છે ભૂપ રે... પ્રાણી૦ ૬
ભ્રાતા દોય ચોકી કરે રે મેલી કુળ આચાર
ઋતુ ધારી ન ખમાવીયેરે અઠમ તપ અનુસાર રે... પ્રાણી૦ ૭
અંગોપાંગ હાલે નહિં રે જીવ થયો અસરાલ
કંઠે તો કાંટા પડે રે મરણ જાણ્યું સુકુમાલ રે... પ્રાણી૦ ૮
મરણ જાણી મેલી ગયા રે થઈ ઘડી એક જામ
શીતળ વાયો વાયરો રે, પ્રાણ સચેતન તામ રે... પ્રાણી૦ ૯
ચારે દિશાએ જુએ વળી રે વન મોટું વિકરાળ;
નયણે તો આંસુ ઝરે રે બેઠી વડતરૂ છાંય રે... પ્રાણી૦ ૧૦

## ઢાળ ૨

હવે એક સમયે આવ્યો પરદેશી વેપારી વ્હેપારે રે;
પાંચસો પોઠ ભરીને લાવ્યો; સારથવાહ શિરદાર,
જુઓ જુઓ જન્મ જરા જગ જોર કર્મ ન મેલે કેડો... જુઓ૦ ૧
પોઠ ઉતારી સરોવર તીરે ભરીયું ઘોર ગંભીર રે;
વડ તરૂ મોટી વાદળ છાયા તેમાં ભરીયું નીર... જુઓ૦ ૨
ઈંધણ પાણી લેવા સારૂ ફરે અનુચર જોતા રે;

બેઠી બાળા વનમાં દેખી તે તો ત્યાં કને પહોંતા રે... જુઓ૦ ૩
રે બાઈ તું એકલી વનમાં અહિયાં કેમજ આવી રે;
કહે છે બેની સાંભળ વીરા કર્મે મુજને લાવી રે... જુઓ૦ ૪
સાર્થવાહને જઈ સંભળાવ્યું અનુચરે તેણિ વાર
મહાવનમાં એક નારી અનુપમ બેઠી વડતરૂ છાંય રે... જુઓ૦ ૫
ઈંદ્રાણી ને અપછરા સરખી રૂપાળી રૂડું ગાત્ર રે;
કહો તો અહિંયા તેડી લાવું, જોયા સરખી પાત્ર રે... જુઓ૦ ૬
સાર્થવાહ કહે તેડીને લાવો ઘડી ન લગાડો વિલંબ રે;
અનુચર તેને તેડીને લાવ્યો, સાર્થવાહની પાસ રે... જુઓ૦ ૭
વાત વિનોદ કરી સમજાવી ભોળવી તે નાર ભમરી રે;
સારથવાહે ઘરમાં બેસાડી કર્મ તણી ગતિ ન્યારી રે... જુઓ૦ ૮
કર્મ કરે તે ન કરે કોઈ કર્મે સીતા નારી રે;
દમયંતી છોડી નળ નાઠો જુઓ જુઓ વાત વિચારી રે... જુઓ૦ ૯
સુકુમાલિકાએ મનમાં વિમાસી છોડ્યો સંજમ જોગ રે;
સાર્થવાહના ઘરમાં રહીને, ભોગવે નિત્ય નવા ભોગ રે... જુઓ૦ ૧૦
ભાઈ પોતાના સંયમ પાળે દેશ દેશોન્તર ફરતા રે;
અનુક્રમે તેહના ઘરમાં આવ્યાં ઘેર ઘેર ગોચરી ફરતા રે... જુઓ૦ ૧૧
મીઠા મોદક ભાવ ધરીને મુનિવરને વહોરાવ્યા રે;
મુનિ પણ મનમાં વિસ્મય પામ્યા સંદેહ મનમાં લાવ્યા રે... જુઓ૦ ૧૨
કહે છે બેની સાંભળ વીરા શી ચિંતા છે તુમને રે;
મનમાં હોય તે કહો મુજ આગળ જે હોય મનમાં તુજને રે... જુઓ૦ ૧૩
તારા જેવી એક બેન અમારી સૂધો સંજમ પાળી રે;
મોટું ફળ તે મરીને પામી, તે મનમાં શું વિચારી રે... જુઓ૦ ૧૪
કહે છે બેની સાંભળ વીરા જે બોલ્યા તે સાચું રે;
કર્મે લખ્યું તે મુજને થયું છે, તેમાં નહિં કાંઈ કાચું રે... જુઓ૦ ૧૫

## ઢાળ ૩

મનમાં સમજ્યા દોય ભાત વડેરો એમ કહે;
સાંભળ બેની વાત તે તો તું નવિ લહે;
નહિં કાંઈ તાહરો વાંક, પૂર્વ ભવ આંતરો

એમાં નહિં તુજ દોષ રખે કોઈ મન ધરો... ૧
આગળ સિધ્યા અનંત, સંયમથી લડથડયા
તપને બળે વળી શીવ મંદિરમાં તે ગયા;
આ સંસાર અસાર, નાટક નવલો સહી,
તે દેખી મત રાચો, તુમે કાચી મતી લહી... ૨
જેવો રંગ પતંગ કે સુખ સંસારનું
ઝાકળ વરસ્યો પાન કે મોતી ઠારનું;
એમ મીઠે વયણે બેનીને પ્રતિ બુઝવી,
સંયમ લહી મન શુદ્ધે વૈરાગી મન રૂલી... ૩
સમેત શિખર ગિરનાર આબુની જાત્રા કરી,
વળી શત્રુંજય ગિરિરાજ તેણે ફરસી કરી
વનમાં રહ્યા એકાકી કે કાયા કેળવી
વનચર જીવ અનેક તેહને પ્રતિ બુઝવી... ૪
છઠ્ઠ અઠ્ઠમ ઉપવાસ આંબિલ એકાસણું
પાળે જિનવર આણ કે સમકિત સોહામણું
એમ કરતાં કેઈ માસ થયા દિન કેટલા
કર્મરૂપી સુભટ હણ્યા તેણે તેટલા... ૫
એમ તપ કરતાં અઘોર કાયા થઈ દૂબળી
ન રહ્યા લોહી કે માંસ હાડ ગયા ગળી
સંલેખન એક માસનું અણસણ આદરી
એમ કરતાં સુકુમાલિકા આયુ પૂરણ કરી... ૬
એમ ચારિત્ર આરાધી ત્રિકરણ યોગથી
પહોંચી દેવલોક માંહી અંતે શિવગતિ લહી
સુમતિવિજયનો શિષ્ય રામવિજય ઈમ કહે
ઘેર ઘેર મંગળમાળ કે સુખ સંપત્તિ લહે... ૭

## ૧૬૮. સુકોશલ કીર્તિધર મુનિની સજ્ઝાયો (૧)

જંબુદ્વીપ મોઝાર રે, ભરતમાંહિ નગરી અયોધ્યા જાણીએ એ; ૧
તિહાં શ્રી વિજય નરિંદરે, દો સુત તેહને, વજ્રબાહુ પુરંદરૂ એ; ૨
વજ્રબાહુ કુમાર રે, ચાલ્યો ઘર થકી, એક દીન નાટાપુર ભણી એ; ૩

પરણી રાજકુમારી રે, નામે મનોરમા, પરણી ચાલ્યાં ઘર ભણી એ, ૪
આવ્યો સાળો સાથે રે, મારગ મુનિવરૂં, દેખીને તે હરખીયા એ; ૫
કુમર નીરખે સારરે, અનીમિષ લોયણે, વદન કમલ મુનિવર તણાં એ; ૬
બોલે સાળો તામરે, કુમર ઘણું દેખો, લેશો વ્રત મુનિવર કને એ; ૭
મુજને સાથે લેજો રે, બોલ સોહામણો, બોલે હાસ્ય મિષે કરીએ; ૮
આવ્યો અતિ વૈરાગ્ય રે, તે બેઉં જણા, સંયમ લે મુનિવર કને એ; ૯
તેહની સાથે નારી રે, ચારિત્ર આદરે, મન વૈરાગ્ય ધરી ઘણો એ; ૧૦
રાજકુમાર છવ્વીસ રે, સંયમ આદરી, મુક્તિ પહોંચ્યા તે સહુ એ; ૧૧
સાંભળી પુત્ર ચરિત્રરે, વિજય નરેસરૂ, રાજ્ય પુરંદરને દીએ એ; ૧૨
પાળે નિરતિચારરે, તપ સંયમ દોય, મુક્તિ મંદિર સંચર્યા રે; ૧૩
રાય પુરંદરધીર રે, રાજ્ય કીર્તિધરને, દેઈ દીક્ષા આદરે એ; ૧૪
તવ કીર્તિધરરાય રે, રાણી સહદેવી, સુખ વીલસે સંસારના એ; ૧૫
એક દિન પૃથ્વીપાલરે, સૂર્ય ગગન તળે દેખ્યો રાહુએ ગ્રસ્યો એ; ૧૬
રાય ધરે વૈરાગ્ય રે, સંયમ મનધરે, તવ વારે મંત્રીસરૂ એ; ૧૭
સ્વામિ અમે અનાથ રે, રાજ્ય ધુરંધર, પુત્ર પાખે કિમ છંડીએ એ; ૧૮
કરૂણાસાગર રાય રે, ભાવ મુનીપણે, તાસ વચને કેઈ દિન રહે એ; ૧૯
રાણી જાયો પુત્ર રે, તત્ક્ષણ સંયમ, લેઈ મુનિવર વિચરીઆ એ; ૨૦
માડી મન આણંદ રે, નામ સુકોશલ, દેઈ પુત્ર પઢાવિઓ એ; ૨૧
પાળે રાજ્ય સુજાણ રે, કુમાર સોહામણો, લોક તણે મન ભાવિઓ એ; ૨૨
પરણી સુંદર નારી રે, લીલા ભોગવે, દોગુંદુક જેમ દેવતા એ; ૨૩
કીર્તિધર મુનિરાય રે, એક દીન આવીયા, નગરમાંહિ ભિક્ષા ભમે એ; ૨૪
દેખી રાણી કંતરે, હૈડે ચિંતવે, માંહે આવે નહિ ભલો એ; ૨૫
રતન સરીખો એકરે, માહરે નંદન, ભોળવી ભામે પાડશે એ; ૨૬
સંયમવંતો સાધુ રે, સમતા ભાવતો, ભેજી જન તે કાઢીઓ એ; ૨૭
સુકોશલની ધાવ રે, દેખી મુનિવરને, કાઢંતો મન દુઃખ ધરે એ; ૨૮
ધરતી મુખ નીશાસરે, રડતી આવતી, રાય કને ઉતાવળી એ; ૨૯
સ્વામિ તુમચો તાતરે, વહોરણ આવતો, રાણીએ નિકાલીઓએ; ૩૦
એહવો દેખી સ્વરૂપ રે, કુમાર વિમાસતો, આપ સ્વારથ સહુ મિલ્યા એ; ૩૧
કુમર સુણી તે વાત રે, દોડી આવતો, સેવકને નિવારતો એ; ૩૨

છંડી મમતા પાશરે, સંયમ સંગ્રહે, ગુરૂ સાથે વિહરે સદા રે; ૩૩
રાણી પુત્ર વિયોગ રે, આર્ત વશે મરી, ચિત્રકૂટે હુઈ વાઘણી એ; ૩૪
તેહવે દો અણગાર રે, ચઉમાસી તપ, કરીને તિહાંથી નિસર્યા એ; ૩૫
ધાઈ વાઘણ પંથે રે, મુનિવર ઉપરે, દેખી કીર્તિધર ભણે એ; ૩૬
સુકોશલ તું બાલ રે, કમલ તણી પરે, કોમલ તનુ છે તાહરૂ એ; ૩૭
વાઘણ ખાશે દેહ રે, વેદન દોહિલી, સુણતાં હોંશે બાલુડા એ; ૩૮
તો પરહો રહે વીરરે, વલી સુકોશલ, વળતું કહે સુણો તાતજી એ; ૩૯
સહિયા દુઃખ અનંતરે, ચિહુગતીમાંહી, જે સુણતાં તનુ કંપીઓ એ; ૪૦
ચોરાશી લાખ યોનિ રે, જન્મ મરણે કરી, સઘળી ફરસી એકલી એ; ૪૧
સહેસું ઉપસર્ગ એહ રે, કર્મ નિવારીને, રાજ્ય કરીશું મુક્તિનું એ; ૪૨
રાખી નિજ મન ઠામ રે, સાહસ આદરી, સુકોશલ આગલ રહે એ; ૪૩
વાઘણ ખાયે અંગ રે, મુનિવર કેવલ, પામીને મુક્તિ ગયા એ; ૪૪
વાઘણ દેખી રેખરે, જાતિસ્મરણ, પામી દુઃખ હૈડે ધરે એ; ૪૫
ખાધો મેં સુત મંસરે, ધિગ્ધિગ્ મુજને, પાપિણી મેં એ શું કિઓ એ; ૪૬
કીર્તિધર મુનિ પાસ રે, અણસણ ઉચ્ચરી, દેવતણા સુખને લહે એ; ૪૭
કીર્તિધર અણગાર રે, સંયમ પાળીને, કર્મ ખપાવી સિદ્ધ થયા એ; ૪૮
શ્રી સુકોશલ સાધુ રે, વલી કીર્તિધર સમરંતા સુખ ઉપજે એ; ૪૯
સંવત સોલહ દોય રે, આસો માસમાં થુણીયા દો મુનિ પુંગવાએ; ૫૦
શ્રી વિજયદાન સૂરીંદરે, વિદ્યાસાગર, સેવક દેવચંદ્ર વિનવે એ; ૫૧

## ૧૬૯. સુકોશલ કીર્તિધર મુનિની સજ્ઝાયો (૨) (ઢાળ-૩)

### દુહા

અલખ નિરંજન ચિત ધરૂં શંખેશ્વર જિનરાજ
સકલ વંછિત કુશલાવલી પૂરે ગરીબ નિવાજ... ૧
ત્રિભુવનમાં વાણી વંદે તે સવિ તુજ પસાય
તિણકારણ કરૂં વિનતિ સાન્નિધ્ય કરજો માય... ૨
લઘુતાને ગુરૂતા કરે આણી ધર્મ સનેહ
પરમનાણ દાયક ગુરૂ ઉપકારી ગુણ નેહ... ૩
જિનવાણી ગુરૂ પાય નમી સરસ સંબંધ રસાલ
સુકોશલ મુનિવર તણો કહેવા મન ઉજમાલ... ૪

કિણ દેશે તે ઉપન્યા કિણ વિધ સંજમ લીધ
કિણ વિધ આતમ તત્વને પ્રગટ કરી થયો સિદ્ધ... ૫

## ઢાળ ૧

જંબુદ્વીપના ભરતમાં રે પૂરવ દેશ સમૃદ્ધ
નયરી અયોધ્યા રૂઅડી રે મહિમાયે સુપ્રસિદ્ધ રે, ભવિયણ સાંભળો ૧
પુણ્યધર્મ અધિકાર રે ભવિ૦ જિમ પામો ભવપાર રે ભવિયણ સાંભળો
વિજય નામેં તિહાં ભૂપતિ રે પાળે રાજ્ય નિઃશંક
વજ્ર બાહુ પુરંદરૂ રે દો નંદન નિકલંક રે... ભવિયણ સાંભળો ૨
ખીર-નીર સમ પ્રીતડી રે નીર વહે જે વડવીર
પુણ્ય ઉદયથી સંપજે રે બુદ્ધિ પરાક્રમ ધીર રે... ભવિયણ સાંભળો ૩
વજ્રબાહુ નિજ તાતની રે આણા લેઈ ભણી ભાંત
જોવા પ્રદેશ તે નીકળ્યો રે પુણ્ય સખાઈ સંઘાત રે... ભવિયણ સાંભળો ૪
કૌતુક નવ-નવ દેખતો રે આવ્યો નાગપુર ઠામ
રાજકન્યા અપછરા સમી રે રૂપે મનોરમા નામ રે... ભવિયણ સાંભળો ૫
તે પરણીને અનુભવે રે પંચવિષય સુખ ભોગ
પુણ્ય આકર્ષી મેળવ્યો રે વરકન્યા સંજોગ રે... ભવિયણ સાંભળો ૬
હવે ચાલે નિજપુર ભણી રે સાથે લેઈ વામાંગ
છવ્વીસ રાજકુમર થકા રે આવે સાળો સંગ રે... ભવિયણ સાંભળો ૭
અનુક્રમેં મારગ ચાલતાં રે દીઠો એક નિર્ગ્રંથ
ધ્યાનમુદ્રાયે સાધતો રે મુક્તિપુરીનો પંથ રે... ભવિયણ સાંભળો ૮
રોમાંચિત નૃપજા તનુ રે મનપંકજ વિકસંત
મુનિમુખ અનિમિષ લોચને રે પ્રેમભરી નિરખંત રે... ભવિયણ સાંભળો ૯
હાંસીરૂપે સાળો વદે રે જો વ્રત લીયો ધીમંત
તુમગતિ તે ગતિ માહરી રે આદરવી ગુણવંત રે... ભવિયણ સાંભળો ૧૦
વૈરાગ્યે મન જો દીયે રે કુંવર ધરે વ્રત રાગ
સાળા બનેવી બેહુજણા રે લીયે ચારિત્ર વડ ભાગ રે... ભવિયણ સાંભળો ૧૧
છવ્વીસ કુમાર કુંવરી ગ્રહે રે પંચ મહાવ્રત ભાર
નૃપ સંયમ વિધિ ઉચ્ચરી રે પાળે નિરતિચાર રે... ભવિયણ સાંભળો ૧૨
ધ્યાનપદે એ આતમા રે ભાવે અવિચલ અવિનાશ

અષ્ટકરમ ચૂરી સવે રે પામ્યા શિવ આવાસરે... ભવિયણ સાંભળો ૧૩

### દુહા

પુત્ર વ્યતિરેક સાંભળી ચતુર્મુખથી રાજન
મન વૈરાગ્યે પૂરીયો જાગ્યો અનુભવ જ્ઞાન... ૧
સોંપી રાજ્ય પુરંદરને છંડી ગૃહાશ્રમ પીક
શિવહેતુ વ્રત આદરી પાળી થયો નિર્ભીક... ૨
ન્યાય નિષ્કંટક ભોગવે રાજ્યરમણી વરભૂપ
કીર્તિધર નામે થયો પુત્ર વિરાસી ભૂપ... ૩
જાણી સમરથ રાજ્યનો પાટ મહોત્સવ કીધ
થાપી નૃપ સંયમ લીયે આતમ કારજ સીધ... ૪
રાય-રાણી મન મોદશું પંચ પ્રકારે સુખ
માણે, પણ જાણે નહિં સુપનાંતરમાં દુઃખ... ૫

### ઢાળ ૨

અન્ય દિવસ રવિરાજને રે લોલ ધર્યો સહુએ નામ રે રંગીલે
ગગન મંડલ તવ છાઈયો રે લોલ વિરચિત થયો રે વિરાગ રે...
રંગીલે અન્ય૦ ૧
રામચરિત્ર મહિમાનીલો રે લોલ છે અદભૂત પવિત્ર રે રંગીલે
માતપિતા ગુણ ભાવતો રે લોલ જાણી સંસાર અનિત્ય રે...
રંગીલે અન્ય૦ ૨
સહસ કિરણ ધર દિનમણિ રે લોલ દેવ નાયક વિખ્યાત રે રંગીલે
વિષમ અવસ્થા તેહને રે લોલ પડ્યા માણસ કુણ માત્ર રે...
રંગીલે અન્ય૦ ૩
એહસ્વરૂપ અવલોકતા રે લોલ ચમક્યો ચિત્ર ભૂપાલ રે રંગીલે
પાણી પહેલાં પામ બાંધીયે રે લોલ અવિહડ ચેતન પાલ રે...
રંગીલે અન્ય૦ ૪
ઈમ ચિંતી નૃપ ઉઠીયો રે લોલ દેવસ્વરૂપ નિહાલ રે રંગીલે
ચારિત્ર ધર્મ સખાઈયો રે લોલ કરવા થયો ઉજમાલ રે...
રંગીલે અન્ય૦ ૫

રાણી સચિવ કરજોડીને રે લોલ કહે-સુણો, દિન દયાલ રે રંગીલે
પુત્ર વિના નિજ રાજ્યને રે લોલ વિરમીયે કેમ કૃપાલ રે...
રંગીલે અન્ય૦ ૬
ગુણનિધિ રાજ દયા કરો રે લોલ નિજ પ્રજાની સાર રે રંગીલે
જબ લગે પુત્ર ન સાંપડે રે લોલ તબ લગે કરો હોંશિયાર રે...
રંગીલે અન્ય૦ ૭
ભાવમુનિપણું મન ધરી રે લોલ સુપરે રહે અગાર રે રંગીલે
પટરાણીએ પ્રસવ્યો મુદા રે લોલ અંગજ કુલ શણગાર રે...
રંગીલે અન્ય૦ ૮
સદગુરૂરાજ સંયોગથી રે લોલ મુનિધર્મ લેઈ વિચરંત રે રંગીલે
મળી કુટુંબ સુકોશલુ રે લોલ કુંવર અભિધા ધરંત રે...
રંગીલે અન્ય૦ ૯
લિખિત પંડિત સઘળી કલા રે લોલ શીખવી પાટ ઠવંત રે રંગીલે
નૃપ કન્યા શુભ વાસરે રે લોલ પરણી સુખ વિલસંત...
રંગીલે અન્ય૦ ૧૦
કેઈક વરસને આંતરે રે લોલ કીર્તિધર મુનિ આય રે રંગીલે
ગોચરીકાળે પાંગર્યા રે લોલ આવે વસ્તીમેં અમાય રે...
રંગીલે અન્ય૦ ૧૧
તત્ક્ષણે રાણીએ ઓળખ્યો રે લોલ તવ મન ઉપની જાલ રે રંગીલે
પુરમેં આવ્યો ભલો નહીં રે લોલ રત્ન સરીખ મુજ લાલ રે...
રંગીલે અન્ય૦ ૧૨
નિપટ ઠગારો ભોળવી રે લોલ લઈ જશે નિજ લાર રે રંગીલે
ઈમ ચિંતી ચર મોકલી રે લોલ પુરથી કઢાવે ગમાર રે...
રંગીલે અન્ય૦ ૧૩
કરે કદર્થના તે ઘણી રે લોલ પણ મન ન ધરે રોષ રે રંગીલે
સંવરભાવે ચિંતવે રે લોલ એ સવિ કર્મના દોષ રે...
રંગીલે અન્ય૦ ૧૪

### દુહા

અનુચિત દેખી એહવું ધાવમાતા કહે રાય

દીઠો કહ્યો જાતો નથી તુમ માતા અન્યાય... ૧
ભિક્ષા કારણ આવીયા આજ પિતા ઋષિરાય
માય કઢાવે બાહિરે લોપી સહુની લાજ... ૨
ગૃહ સંબંધની પ્રીતડી પાળવી રહી તે દૂર
સાહમી વિડંબે પાપિણી નિષ્કારણ થઈ ક્રૂર... ૩
સુણી વચન નૃપ ચિંતવે કૂડો અથિર સંબંધ
ખિણ એકત્વ મલી રહે ખીણમેં માલે ધંધ... ૪
એક કુટુંબ વિભાવિક કીધા અનંતીવાર
હવે સ્વાભાવિક આદરી તરી પામું ભવપાર... ૫

## ઢાળ ૩

તત્ક્ષણ ઉઠ્યો રાય સુકોશલ આવી નગરને દ્વારે
વિધિપૂર્વક પ્રણમી મુનિવરની ભાવભક્તિ બહુ સારે રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ
ગ્રહણા સેવના બહુવિધ પૃચ્છા કરી આતમ સુધારો રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧
લઘુપણે મોહ વિષય દલ મોડી રાજ્ય રમા સુખ છોડી
કહે મુજ ચારિત્ર ઘો ભવ ત્યાગી જિમ જાઉં શિવ દોડી રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૨
જાણી શુદ્ધ દશા તવ પ્રગટ્યો જ્ઞાન-ધ્યાન તસ અંગે
પંચ મેરૂ સમ પંચ મહાવ્રત લેઈ વિચરે ગુરૂ સંગે રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૩
ધ્યાન પ્રસાદ વિવેક ગુરૂખા નય સમ ભૂમિકા સોહાવે
ચરણ-કરણ ગુણ રચી ચિત્ર શાલી જ્ઞાન જ્યોતિ જગાવે રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૪
ધૈર્ય પિતા ક્ષમાસુત જનની સંયમ સુંદર ભાઈ
દયા ભગિની સંતોષ વર નારી સત્ય પુત્ર સુખદાયી રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૫
શીલ અચલ શણગાર બનાવે પંચ આચાર સંભાર

જૈન બારમેં વિવિધ પ્રકારે ખેલે ક્રિયા સુવિચાર રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૬
પુત્ર વિયોગ વિરહ દુ:ખદાયી સહદેવી દુર્ધ્યાને
મરણ લહીને ધર્યું ચિત્ર કૂટે વાઘણ રૂપ નિદાન રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૭
ચઉમાસીતપ કરીને તિહાંથી પાંગર્યા દોય અવિકારી
મારગ અધ વચ્ચે વાઘણ ઉઠી પૂર્વ વેર સંભારી રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૮
કીર્તિધર કહે મુનિ બાલુડા આવી રહો મુજ પીઠ
પાપિણી દુષ્ટ પરાભવ કરશે ક્રોધ મુખી ઘણું ધીઠ રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૯
પોયલ દલશી કાય સુકોમલ એ છે અતિ વિકરાલ
નખ દાઢા તીખી અસિ ધારા તે ખમશો કિમ બાલ રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૦
બોલે સુકોશલ મધુરી વાણી સાંભળજો મુજ વાત
ચઉગતિમાંહે દુ:ખ અનંતા તે સહ્યાં કેમ તાત રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૧
લાખ ચોર્યાસી જીવની યોની જન્મ-મરણે કરી પૂરી
તે સઘળી એકલડાએ ફરસી કોઈ નહિં છે અધૂરી રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૨
વેર સંબંધ હશે તો હણશે તો આતમ ઉદ્ધરશું
સહી ઉપસર્ગ ને કર્મ ખપાવી રાજ્ય મુક્તિનું વરશું રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૩
આગમધર ઉભો જઈ આગે આપ સ્વરૂપ સંભાળે
વાઘણ વળગી શ્રેણી આરોહી મુક્તિપુરીમાં મ્હાલે રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૪
મુખ મરકલડે સોનેરી રેખા નિરખી વિમાસે તિમ
જાતિ સમરણ લહી તવ ચિંતે અધમ કર્યું મેં કામ રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૫

મુજ પાપીને પડો ધિક્કાર પુત્ર ભક્ષણ મેં કીધો
કીર્તિધર મુનિવરની શાખે અણસણ પોતે લીધો રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૬

તન મન શુદ્ધા શ્રદ્ધા નિમવાલી નારી પહોંતી સ્વર્ગે
તિમ કીર્તિધર સંયમ સાધી સંચરીયા અપવર્ગ રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૭

મહિમાવંત મહંત મનોહર સાધુ ચરિત્ર સુરંગ
ભાવરૂચિ જીવ ભણશે-ગણશે તેહનું પુણ્ય અભંગ રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૮

નાગ ઈંદુમુનિ સિદ્ધિ વરસે (૧૭૧૯) ફાગણ સુદિ તિથિ અંગ
પાલનપુરમેં મન અભિલાષે ગુણગાયા મુનિ યંગ રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૧૯

તપગચ્છ ગયણ પ્રભાવક ભાનુ વિજય પ્રભસૂરિ સોહે
પ્રેમ વિજય બુધ કાંતિ સવાઈ રૂપ ગણે જસ મોહે રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૨૦

પંડિત કૃષ્ણ વિજય ગુણશાલી નામથી રંગ રસાલા
દીપવિજય કહે ગુરૂ ગુણ ગાતાં પ્રગટે જગ જશ માલા રે...
પ્રાણી ! વંદો સુકોશલમુનિ ૨૧

## [X] ૧૭૦. સુદર્શન શેઠની સજ્ઝાયો (૧)

શીળરતન જતને ધરો રે લોલ, જેહથી સહુ સુખ થાય રે. સલુણા,
શેઠ સુદર્શનની પરે રે લો, સંકટ સહુ મીટ જાય રે. સ. ૧

અંગદેશ ચંપાપુરી રે લો, દધિવાહન ભૂપાળ રે; સ૦
અભયા પ્રમુખ અંતેઉરી રે લો, સુંદર લહે સુકુમાર ર. સ૦ ૨

શેઠ સુદર્શન તિહાં વસે રે લો, નારી મનોરમા કંત રે; સ૦
કામ સમો રૂપે કરી રે લો, વ્રતધારી ગુણવંત રે. સ૦ ૩

અભયારાણી એકદા રે લોલ, કેળવી કૂડ મંડાણ રે; સ૦
કાઉસ્સગ્ગ કરતા શેઠજી રે લો, અણાવ્યા નિજ ઠાણ રે. સ૦ ૪

ઉપસર્ગ કીધા આકરાં રે લોલ, પણ નવિ ચૂક્યા તેહ રે; સ૦
આળ અલીક દીયો તીણે રે લોલ, નૃપ નવિ સદ્દહે એહ રે, સ૦ ૫

શેઠ ભણી પૂછે ઈશો રે લો, કહો એ કવણ વૃત્તાંત રે; સ૦
શેઠ મુખે બોલે નહીં રે લો, રૂઠયો ભૂપ અત્યંત રે. સ૦ ૬

મારણ હુકમ કીયો તદા રે લો, કીધી વિટંબના ભૂર રે; સ૦
તસ ઘરણી કાઉસ્સગ્ગ રહી રે લો, કષ્ટને કરવા દૂર રે. સ૦ ૭

શાસન સુરી સાનિધ્ય કરી રે લો, પ્રગટયો પુણ્ય પંડુર રે; સ૦
શૂળી સિંહાસન થયું રે લો, શીલ પ્રભાવ સનૂર રે. સ૦ ૮

રાજા બહુ આદર કરી રે લો, પહુંચાવ્યો નિજ ગેહ રે; સ૦
સબ અપરાધ ખમાવીઆ રે લો, વ્યાપ્યો સુજસ અછેહ રે. સ૦ ૯

અનુક્રમે સંયમ આદર્યો રે લો, સાર્યાં આતમ કામ રે; સ૦
કેવળ લહી મુગતે ગયા રે લો,શેઠ સુદર્શન સ્વામ રે. સ૦૧૦

મગધ દેશ પાટલીપુરી રે લો, વંદે શ્રી મુનિ ભાણ રે; સ૦
અમૃત ધર્મ સંયોગથી રે લો, શિષ્ય ક્ષમાકલ્યાણ રે. સ૦૧૧

## ૧૭૧. સુદર્શન શેઠની સજ્ઝાયો (૨) (ઢાળ-૬)

### ઢાળ ૧

સંયમી ધીર સુગુરૂ પયવંદી અનુભવજ્ઞાન સદા આનંદી
લલના લોચન બાણે વિંધ્યો શેઠ સુદર્શન જેહ પ્રસિદ્ધો... ૧
તેહ તણી ભાખું સજ્ઝાય શીલવ્રત જેહથી દઢ થાય
મંગલકમલા જિમ ઘર આવે ત્રિભુવન તિલક સમાન કહાવે... ૨
ઈતિ ઉપદ્રવે જેહ અકંપા જંબુ ભરતમાંહે પુરી ચંપા
દધિવાહન નૃપ અભયા રાણી માનુ લાલિત્યાદિ ગુણે ઈંદ્રાણી... ૩
ઋષભદાસ નૃપ અભિમત શેઠ લચ્છી કરે નિત જેહની વેઠ
ઘરણી નામે તસ અરિહાદાસી બેહુની જૈનમતે મતિવાસી... ૪
સુભગ નામ અનુચર સુકુમાલ તેહતણે ઘર મહિષી પાલ
માઘમાસે એક દિન વન જાવે સુવિહિત મુનિ દેખી સુખ પાવે... ૫
નિરાવરણ સહે શીત અપાર મુખે કહે ધન્ય તેહનો અવતાર

વંદી વિનય થકી આણંદ એહવે તેજે તપ્યો દિણંદ... ૬
નમો અરિહંતાણં મુખે ભાખી તિહાં મુનિ જિમ ગગને પંખી
આકાશગામિની વિદ્યા એહ સુભગે નિશ્ચય કીધો તેહ... ૭
સુવે જાગે ઉઠે બેસે એહિજ પદ કહેતો હૃદયે હિસે
શેઠ કહે વિદ્યા કિમ પામી મુનિસંબંધ કહ્યો શિર નામી... ૮
રે મહાભાગ ! સુભગ વળી એહથી દૂરે કર્મ ટળે ભવભયથી
એહ વિદ્યા ગુણપાર ન લહિયે ધન પ્રાણી જિણે હિયડે વહીએ... ૯
એમ કહી આખો મંત્ર શીખવ્યો સાધર્મિકનો સંબંધ ભાવ્યો;
એક દિન ઘન વૃષ્ટિ નદી પુરે ઘરે નવિ આવ્યો થયું અસૂરે... ૧૦
મહિષી સવિ પહેલાં ઘરે આવી સુભગે મનમાં વિદ્યા ભાવિ;
નદી ઉછળી પર તટે જાવે લોહ કીલકે હિયડે વિંધાવે... ૧૧
તોયે પણ તસ ધ્યાન ન ચૂકે ચિત્ત સમાધિ તે નવ મૂકે;
શેઠ તણે ઉપકારે ભરીયો અરિહા સ્ત્રી ગર્ભે અવતરિયો... ૧૨

## ઢાળ ૨

અનુક્રમે ગર્ભ પ્રભાવ શ્રી જિન બિમ્બ જુહારૂં;
સંઘભક્તિ કરૂં ખાસ શાસન શોભા વધારૂં
ઉત્તમ દોહલા તેહ પૂરે જન્મ થયોરી;
નામ સુદર્શન દીધ ઘરિ ઘરિ હર્ષ ભયોરી... ૧
સકલ કળા આવાસ યૌવન વય પ્રસર્યોરી;
નામે મનોરમા નારી પરણી હેજે વર્યોરી;
એહ જ નયર મોઝાર કપિલ પુરોહિત છેરી;
રાજમાન્ય ધનવંત કપિલા ઘરણી અછેરી... ૨
શેઠ સુદર્શન સાથ કપિલ તે પ્રેમ વહોરી
અહનિશ સેવે પાય કપિલા તામ કહોરી;
ષટ્ કર્માદિ આચાર મુકીએ દૂરિ ઘણોરિ
એહવું શું છે સ્વામિ દાખો તેહ સુણોરી... ૩
કપિલ કહે સુણ નાર શેઠ સુદર્શન છેરી;
જસ ગુણ સંખ્યા ન પાર કહેવા કોણ હવેરી;

રૂપે મદન રવિ તેજ જલધિ ગંભીર પણેરી;
સૌમ્યે ઈંદુ સુરવૃક્ષ અધિક તસ દાન ગુણેરી... ૪
કિંબહુના ગુણ રાશિ વાસિત દેહ ય છેરી;
ઈમ નિસુણી તે નારી તેહશું કામ રૂચેરી;
એક દિન રાય આદેશ કપિલ તે ગામ ગયોરી,
કુટિલા કપિલા દેહ મન્મથ પ્રગટ થયોરી... ૫
શેઠ તણે ઘરે જાઈ કહે તુમ મિત્ર તણેરી;
દેહે છે અસમાધિ દેખણ આવો ભણેરી;
આવ્યો તત્ક્ષણ તેહ કહે તે મિત્ર કિહાંરી,
સૂતા છે ઘરમાંહિ શય્યા સાજ જિહાંરી... ૬
દેઈ ઘરનાં બાર વળગી નારી તીસેરી;
દેખાવે નિજ ભાવ હાવ વિલાસ હસેરી;
જાણી કપટ પ્રપંચ શીલ સન્નાહ ધર્યોરી,
હું છું પંઢ પુરૂષ મુધા નરવેષ કર્યોરી... ૭
વિલખી થઈને તેહ કાઢ્યો ગેહ થકીરી;
આજ પછી પર ગેહ જાવા નિયમ નકીરી;
શેઠ સુદર્શન એમ; રહે નિત શીલ વહેરી,
અવની તલે ઉપમાન એહવું કવણ લહેરી... ૮

## ઢાળ ૩

એક દિન ઈન્દ્ર મહોત્સવે રાજાદિક સવિ લોક લલના,
ક્રીડા કારણ આવીયા સજ્જ કરી સઘળા થોક લલના;
શીલ ભલી પેરે પાળીએ... ૧
શેઠ સુદર્શન પ્રિયા નામે મનોરમા જેહ લલના;
દેખે દેવકુમર સમા ષટ સુત સુગુણ સનેહ લલના; શીલ૦ ૨
અભયા રાણીને કહે કપિલા દેખી તામ લલના;
પ્રિયાપુત્ર એ કુણ તણા તે દાખો મુજ નામ લલના; શીલ૦ ૩
અભયા કપિલાને કહે લક્ષ્મી અધિક અવતાર લલના;
શેઠ સુદર્શનની પ્રિયા પુત્ર તણે પરિવાર લલના; શીલ૦ ૪
કહે કપિલા એ કિહાં થકી એહને પુત્ર અચંભ લલના;

અભયા કહે અચરિજ કિશ્યું શચી પતિ પતિ એ રંભ લલના; શીલ૦ ૫
કહે કપિલા તે કિલબ છે જૂઠ ધરે નર વેશ લલના;
કિમ જાણ્યું રાણી કહે કહે વૃત્તાંત અશેષ લલના; શીલ૦ ૬
મુગ્ધે વંચી ઈમ કહી તુજને ઈણે નિરધાર લલના;
પરસ્ત્રી સાથે ષંઢ છે નિજ તરૂણી ભરતાર લલના; શીલ૦ ૭
કહે કપિલા સુણ અભયા ? જો નર હોવે તો ભજે કામ પ્રચંડ લલના;
લોહ પુરૂષ સરિખો ગળે પણ નિશ્ચે એ ષંઢ લલના; શીલ૦ ૮
કહે કપિલા ? અભયા મદ મત કરે એ નિશ્ચે અવિકાર લલના;
સુણ કપિલા કહે અભયા મુજ ફંદમાં કોણ ન પડે નિરધાર લલના; શીલ૦ ૯
કપિલા કહે હવે જાણશું એ તુજ વચન વિલાસ લલના
કોઈ પ્રપંચે એહને પાડો મન્મથ પાસ લલના; શીલ૦ ૧૦
કીધી પ્રતિજ્ઞા આકરી જલ જલનાદિ પ્રવેશ લલના;
અનુક્રમે ક્રીડા વન થકી પહોંત્યા નિજ નિજ નિવેશ લલના; શીલ૦ ૧૧

## ઢાળ ૪

હવે અભયા થઈ આકરી રે લાલ ચૂકવવા તસ શીલ રાયજાદી;
ધાવ માતા તસ પંડિતા રે લાલ કહે સવિ વાત સલીલ રાયજાદી.
ખલ સંગતિ નવિ કીજીયે રે લાલ... ૧
સુણ પુત્રી કહે પંડિતા રે લાલ તુજ હઠ ખોટી અત્યંત રાયજાદી,
નિજ વ્રત એ ભંજે નહિં રે લાલ જો હોવે પ્રાણાન્ત રાયજાદી... ખલ૦ ૨
કહે અભયા સુણ માવડી રે લાલ મુજ ઉપરોધે એ કામ રાયજાદી,
કરવું છલ-બળથી ખરૂં રે લાલ ન રહે માહરી મામ રાયજાદી... ખલ૦ ૩
માની વયણ ઈમ પંડિતા રે લાલ રાખી મનમાં ચૂપ રાયજાદી,
કૌમુદી મહોત્સવ આવીયો રે લાલ પડહ વજાવે ભૂપ રાયજાદી... ખલ૦ ૪
કાર્તિકી મહોત્સવ દેખવારે લાલ પૂર બાહિર સવિ લોક કહે રાજા,
જોવા કારણ આવજો રે લાલ આપ આપણા મલી થોક કહે રાજા... ખલ૦ ૫
ઈમ નિસુણી શેઠ ચિંતવે રે લાલ પર્વ દિવસનું કાજ કિમ થાશે,
રાય આદેશ માગી કરી રે લાલ ઘરે રહ્યો ધર્મને સાજ દુ:ખ જાશે... ખલ૦ ૬
સર્વ બિંબ પૂજા કરી રે લાલ ચૈત્ય પ્રવાડી કીધ મનોહારી રે
પોસહનિશિ પ્રતિમા રહ્યો રે લાલ એકાંતે ચિત્ત વૃદ્ધિ સુખકારી રે... ખલ૦ ૭

અભયા શિર દુઃખણ મિષે રે લાલ ન ગઈ રાજા સાથ રાયજાદી,
કપટે પંડિતા પંડિતા રે લાલ મૂરતિ કામની હાથ રાયજાદી... ખલ૦ ૮
ઢાંકી પ્રતિમા વસ્ત્રશું રે લાલ પેસાડે નૃપ ગેહ રાયજાદી,
પૂછ્યું તિહાં કણે પોળીયે રે લાલ કહે અભયા પૂજન એહ રાયજાદી...
ખલ૦ ૯
એક દોય ત્રણ ઈમ કામની રે લાલ મૂરતિ આણી તામ રાયજાદી,
પ્રતિમાધર ઈમ શેઠને રે લાલ કપટે આણ્યો ધામ રાયજાદી... ખલ૦ ૧૦

## ઢાળ ૫

અભયા કામ વિકાર કરી આલિંગતી હો લાલ-કરી૦
કોમલ કમલ મૃણાલ ભુજાશ્યું વિંટતી હો લાલ-ભૂજા૦...૧
નિજ થણ મંડલ પીડે તસ કરશું ગૃહી હો લાલ-તસ૦
અંગો પાંગે સર્વ કે ફરસે તે સહી હો લો-કે૦... ૨
અનુકૂલ ને પ્રતિકુલ કર્યા પરિસહ બહુ હો લાલ-કર્યા૦
કોપ્યા પોહરી લોક પોકાર્યા તે સહુ હો લાલ-પોકાર્યા૦ ૩
રાજા આવ્યો તામ કહે અભયા જિહાં હો લાલ-કહે૦
મુજ એકલડી જાણી કે એ આવ્યો ઈહાંહો લાલ-કે એ૦ ૪
ધર્મ પિશાચી એણ કદર્થી હું ઘણું હો લાલ-કદર્થી૦
એણે કીધો અન્યાય મુખે કેટલું ભણું હો લાલ-મુખે૦ ૫
નિસુણી રાજા વાત કે સંશય મન ધરે હો લાલ-સંશય૦
એહથી ઈમ નવિ થાય પ્રગટ દીસે પરે હો લાલ-પ્રગટ૦ ૬
કહે રાજા અન્યાય ઈણે મોટો કીધો હો લાલ-ઈણે૦
પુરમાં કરીય વિડંબન કે શુલીએ દીયો હો લાલ-શુલીએ૦ ૭
ફિરતાં ઈમ પુરમાંહે ઋષભદાસ મંદિરે હો લાલ-ઋષભ૦
નિસરીયો વિરૂપ પ્રિયા દેખી દુઃખ ધરે હો લાલ-પ્રિયા૦ ૮
મેરૂ ડગે પણ કંથ ન ક્ષોભે શીલથી હો લાલ-ન૦
કોઈક અશુભ વિપાક ઉદયના લીલથી હો લાલ-ઉદય૦ ૯
એહ ઉપસર્ગ ટળે તો મુજને પારણું હો લાલ-મુજને૦
નહિંતર અણસણ મુજ દેઈ ઘર બારણું હો લાલ-દેઈ૦ ૧૦

કરી કાઉસગ્ગ રહી ધ્યાન ધરી શાસન-સુરી હો લાલ-ધરી૦
શુળીએ દીધો શેઠ આરક્ષકે કર ધરી હો લાલ-આરક્ષકે૦ ૧૧
કનક સિંહાસન તેહ થયું દેખતે તીસે હો લાલ-થયું૦
તવ મૂકી કરવાલ કુસુમ પરે ગળે હો લાલ-કુસુમ૦ ૧૨
તેહ ચરિત્ર પવિત્ર કહે રાજા પ્રત્યે હો લાલ-કહે૦
ગજ ચઢી આવ્યો ભૂપ ખમાવે માન તે હો લાલ-ખમાલે૦ ૧૩
નારી વયણથી કાજ કર્યું અવિચારતે હો લાલ-કર્યું
એહ ખમજો અપરાધ કરી મનોહારને હો લાલ-કરી૦ ૧૪

## ઢાળ ૬

શેઠ સુદર્શન ગજ ઉપર ચઢયાજી વીંઝે તિહાં ચામર છત્રપવિત્ર રે,
જિત નિશાન બજાલે નયરમાંજી નાટક બત્રીસ બદ્ધ વિચિત્ર રે,
મોટો મહિમા છે મહિયલે શીયલનો રે... મોટો૦ ૧
દાન અવિરત દેતાં બહુ પરે રે આવે નિજ મંદિર કેરે બાર રે,
શોભા જિન શાસનની થઈ ઉજળી રે ધન ધન મનોરમા જસનાર રે,
કાઉસ્સગ્ગ પાર્યો તેણી વાર રે... મોટો૦ ૨
અભયા ગળે ફાંસો ખાઈને તે મૂઈ રે નાસી પાડલીપુરી ધાવ તે જાય રે,
દેવદત્તા ગણિકાનાં ઘરમાં રહી રે ચરિત્ર સુણીને અચરિજ થાય રે...
મોટો૦ ૩
શેઠ સંવેગે સંયમ આદરે શિક્ષાગ્રહી ગીતારથ થાય રે
તપે દુર્બલતનુ એકાકી પ્રતિમા ધરે રે વિચરંતા પાડલીપુર તે જાય રે...
મોટો૦ ૪
શેઠ સુદર્શન રૂપ વખાણથી રે ગણિકા થઈ ઉત્સુક મુનિને દેખી રે
ભિક્ષા ભમતાં ઘરમાંહિ રાખીયો રે કીધા કપિલા પરે ઉપસર્ગ અશેષરે...
મોટો૦ ૫
એમ કદર્થી સાંજે મૂકીયો રે આવી વનમાંહે ધ્યાન ધરંત રે
અભયા મરીને હુઈ વ્યંતરી રે દીઠો તેણે તિહાં મુનિ મહંત રે...
મોટો૦ ૬
ઉપસર્ગ તેણે અનેક વિધે કર્યા રે ચડિયો તવ ક્ષપક શ્રેણી મુણીંદ રે

ઘાતી કર્મક્ષયે કેવલ પામીયા રે આવ્યા તિહાં સુરનર કેરા વૃંદ રે...
મોટો૦ ૭

દેશના આપે જન પ્રતિબોધવારે કાપે સવિ પાતિક કેરા વૃંદ રે
ગણિકા પંડિતાને અભયા વ્યંતરી રે પામે તિહાં સમકિત રયણ અમંદરે...
મોટો૦ ૮

પહેલા કે'તાઈક ભવને અંતરે રે હું તો સ્ત્રી સંબંધે અભયા જીવરે
શૂળી ગાલીથી કર્મ જે બાંધીયું રે આવ્યું તેહનું ફળ ઉદયે અતીવરે...
મોટો૦ ૯

અનુક્રમે વિચરંતા ચંપાએ ગયા રે પ્રતિબોધ્યા રાજાદિ બહુ પરિવારરે
ધન ધન મનોરમા તસ સુંદરી રે સંયમગ્રહી પહોંતી મુક્તિ મોઝારરે...
મોટો૦ ૧૦

પરમપદ પામે સુદર્શન કેવલી રે જયવંતો જેહનો જગમાં જસવાદ રે
નિતનિત હોજો તેહને વંદના રે પહોંચે સવિ વાંછિત મનની આશરે...
મોટો૦ ૧૧

સહજ સોભાગી સમકિત ઉજળું રે ગુણીનાં ગુણગાતાં આનંદ થાય રે
જ્ઞાનવિમલ ગુણ વાધે અતિઘણા રે અધિક ઉદય હોવે સુજશ સવાય રે...
મોટો૦ ૧૨

## ૧૭૨. સુનંદા રૂપસેનની સજ્ઝાય (ઢાળ-૨)

### ઢાળ ૧ :

ખેટમુની કહે ધન્ય તુમે સાતે જણાં એક વયણે પ્રતિબોધ લહ્યો ન રહી મણાં;
શત ઉપદેશે પણ રાગીને યથાજલો, લક્ષ રવિ ઉદયે, નવિ દેખે આંધળો. ૧
ગર્ભવાસ ગદ ત્રાસ જરા મરણાં કરે, પરભવ સૌખ્ય કિહાંથી અમૃત ઉખરે;
જેમ ચકલો ચકલી તૃણ બિંદુએ આવીઆ, તું પી તું પી કહેતાં બેઉ મરણે ગયાં. ૨
નરનારીના રાગને નાગરે માંડવા, વાઘ ચિત્તર મંજાર ને મેલી જમાડવા;
વિષયી પ્રાણીયા ભવભવ દુઃખમાં પડે, વિષય રાગ નરભવ હારી, પરભવમાં નડે. ૩
તન ધન જોબન આયુ, સમય જાતાં વહી, આખંડલ કોદંડ, અખંડે રહે નહિ;
તિલકપૂરે કનકધ્વજ, રાણી યશોમતી, દો સુત ઉપર પુત્રી, સુનંદા રૂપે રતિ. ૪
લઘુ વયે ઘર ઉપર, ચઢી દેખે એક ઘરે, દોષ દઈ ગુણવંતીને પતિ તાડન કરે;

નિર્દય નર લહી, માને કહે સખી મોકલી, કરવો નથી વિવાહ, રહીશ હું એકલી. ૫
વલ્લભ સુખ નગણો, લઘુવય બાલા સહી, અનુભવ જ્ઞાન વિના, જેમ ધ્યાન નહિ;
જોબન વય ફલીયો, તવ અધર કુસુમ હસ્યા, રતિએ રીસાવ્યા, કામદેવ અંગે વસ્યા. ૬
જઠર તણી ગુરતા, કુંચ કુંભે વસી જઈ, ચરણ તણી ચંચળતા, ચક્ષુ વચ્ચે ગઈ;
અભિનવ જોબન, વેલા મેલા ખેલતી, એક દિન મંદિર ઉપર, જઈ ફરતી હતી. ૭
ઈભ્ય વડો ધનવંત, સમીપે તિહાં વસે, ખેલ વસંત પ્રિયાશું અગાશે સુરત હસે,
દેખી સુનંદા વિષય રૂચી કહે માતને, મુજ વિવાહ કરો, જણાવી નરરાયને. ૮
એક દિન ઘર સન્મુખ, તંબોલી દુકાન મેં, શેઠ વસુદત્ત રૂપસેન, લીયો જ્ઞાન મેં;
લાગ્યો નયણે નેહ, સખી હાથે દિયો, શ્લોક અર્થ લખી, પત્ર તે રૂપસેને લીયો. ૯
વાંચીને મન હરખી, અર્થ તેણે પૂરીયો, પાછો પત્ર સખીએ સુનંદાને દીયો;
વાંચી હરખી આ તન મન વિકસાવતી, પત્ર પ્રીતમકર ફરસીત હૈડે દાખતી. ૧૦
દાસી મુખે કહે, નિત્ય ઈહાં તુમે આવવું તુમ મુખ દીઠા વિના, નવિ ભોજન ભાવવું;
સાંભળીને રૂપસેન ગયો જલમંદિરે, દિન પાંચ ઓચ્છવ છે. કૌમુદી ઢંઢેરો ફરે. ૧૧
અવસર પામી સુનંદા, તાસ જણાવતી, જે દિન વન ઓચ્છવ, નરનારી જાવતી;
તે રાતે ઘર પાછળ પિયુ પધારજો, બાંધશું દોર નિસરણી, તેણે ચઢી આવજો. ૧૨
ચતુર વિચક્ષણ અવસર, ચિત્ત ન ચૂકશો, રંભા સમી મહિલા મલી, તે નવિ મૂકશો;
અહો નિશ વાલમ ધ્યાન ધરૂં, રહી વેગળી મારા પ્રેમની વાત, તેજાણે કેવલી. ૧૩
દાસી મુખે સુણી તે હરખે સંકેતીયા, વરસ સમા દિન પાંચ વિયોગે વીતીયા;
કૌમુદીને દીન રાણી સુતા તેહ કરે, સા કહે શિર દુઃખે છેતેણે રહીશું ઘરે. ૧૪
દોય સખીશું સુનંદા રહી નિજ મંદિરે, દોય નિસરણી ગોખ તળે રાતે ધરે;
તેણે અવસર એક જુગારીઓ ધન રાચીને, ચોરી કરવા ફરતો ધનપતિ ધારીને. ૧૫
દોરે દેખી મન કૌતુક ધારી તે ચડે, અણબોલી સખી લઈ ગઈ તસ ઓરડે;
હરખી સુનંદા સ્નાન તનુ શણગારતી, ચંદન લેપ કુસુમ આભૂષણ ધારતી. ૧૬
તેણે સમે રાણીયે દાસી જોવા મોકલી, દીપક બુજાવી તેહશું, સખી વાતે ભળી
કહે સખીઓ હમણાં વેદન સઘળી ટળી, સુતા સુનંદા સુખ ભર ક્ષણ નિદ્રા મળી. ૧૭
દાસી સુણી તે વાત કહી જઈ રાણીને, આવી સુનંદા ઓરડે ઘુંઘટ તાણીને;
શય્યા એ ફુલ પુંજ બિછાવ્યા મોકળાં બોલે સુનંદા નાથ વસ્યા કેમ વેગળાં. ૧૮
તાણી લીયે શય્યાએ વિરહ વ્યાકુલ થઈ, સુખ ભોગવતાં વિયોગ વેદના દૂરે ગઈ;
સુરત સમે નિદ્રાભર મૂકી ઊઠીયો, મુકતા ફળનો હાર જુગારીયો લેઈ ગયો. ૧૯

દોર નીસરણી સખીઓ ઘરમાં લાવતી, જાગી સુનંદા સખીઓ એમ પ્રજલ્પતી;
વલ્લભશું નવિ વાત વિચાર થયો કિશ્યો, રાણીની દાસી ભયે કરી વ્હેલો નિસર્યો. ૨૦
પૂરણ ભાગ્યે મેળો બન્યો, પણ ક્ષણે રહ્યો, અંધારે અંધારૂં કરીને તે ગયો;
મુજ ચિત્ત ચોરી ગયો, ફરી મિલન કઠીન ઘણો, દુર્ભગ દાસીએ ખેલ બગાડયો અમતણો.૨૧
હવે સુણજો રૂપસેન બન્યો જે પ્રીતમાં, રાત ઘડી ગઈ ચાર, ચિવટ થઈ ચિત્તમાં;
કંચન વરણો ચરણે ઘુઘરીઆ તગે, કસબી નાડે નંગ, જડ્યો તે ઝગ મગે. ૨૨
કંચુઓ કસબી કોરનો, હીરા હસી રહ્યાં, મેવા મીઠાઈ લેપ સુગંધી સંગ્રહ્યા;
ચીર પટોળી ભાત તે રીતે રૂચે ઘણી, નેઉરને કટી મેખલવાળી દામણી. ૨૩
હારાદિ અલંકાર લીયા બહુમૂલનાં, કુંડલ ધમ્મિલ હાથ ગજેરા ફુલનાં;
એ સઘળું લઈ ઉવટ મારગે સંચરે, સુનંદા મળવાનાં મનોરથ બહુ કરે. ૨૪
પંથે પડી ઘરભીત ચંપાઈ તે મૂઓ, સંસાર માંહે રાગ વિટંબણા એ જુઓ;
મરણ થયો ન ગયો રાગ રમણી રૂપનો, સુનંદા ઉદરે ગર્ભે જઈ ઉપન્યો. ૨૫
કર્યાતિકા કહે કંતને મરવું એણે સમે, હેઠ આહેડી બાણ ઉપર શરસે ભમે;
નાગ ડસ્યો ભિલ્લને, શકરો બાણે મુઓ, દેવગતિ વિપરીત ચારેના ચિંતન જુઓ. ૨૬
રાત્રિ જશે પરભાતે, રવિ જગ ઉગશે, જઈશું કુસુમવન પુષ્ટિ થશે પંકજ હસે;
કજ કોરો અલિ રાતે રડતો દિલશું લખે, વનગજ સરોજલ પીઈને કમલસાથે ભળે ૨૭
મનમાં મનોરથ સઘળાં તે મનમાં રહ્યાં, દષ્ટિરાગ વશ પડિયા તે દુઃખીયા કહ્યા;
પરરમણી રસ રાવણ, દસ મસ્તક ગયા, સીતા સતીવ્રત પાળી અચ્યુત પતિ થયા. ૨૮
વિષય વિનોદથી જેહ રહ્યાં સદા, આ ભવ પરભવ, તેહ લહે સુખ સંપદા;
ત્રીજે ખંડે ઢાળ એ છઠ્ઠી મન ધરો, શ્રી શુભવીર વચન રસ આસ્વાદન કરો. ૨૯

## દુહા

બીજે દિવસે ગવેષવા, વસુદત્તના સુત ચાર,
ભીંત પડી ઉપડાવતાં, મળીયા લોક હજાર... ૧
મૃતક તિહાં રૂપસેનનું, નીકળ્યું વસ્તુ સહીત,
વાત સુનંદા સાંભળી, ચિત્ત બન્યું વિપરીત... ૨
શોક ભરે સખીને કહે, આ શી બની ગઈ વાત,
અંધારે નવિ ઓળખ્યો, મળ્યો કોઈ કુજાત... ૩
વસ્તુની હાલત જાણીને, ધૂર્ત હરિ ગયો હાર,
પણ રૂપસેન મરણ સુણી, રૂદન કરે તેણી વાર... ૪

તસ શોકે દિન કાઢતાં, ગર્ભ વધ્યો દોય માસ,
દેખી રાય તણે ભયે, સખીયો પામી ત્રાસ... ૫
ઔષધે ગર્ભ જ પાડીયો, સા થઈ સજ્જીત દેહ,
રાય રથપુરે રાયને, દીધી સુનંદા તેહ... ૬

## ઢાળ ૨ :

પરણી નૃપ રથપુર લેઈ ગયો રૂપસેન તિહાં પન્નગ થયો;
ત્રીજે ભવ નરભવ હારીયો સુનંદા નજરે ધારીયો... ૧
ફણા વિસ્તારી નાગે નડીઓ ધાઈ સુનંદા કેડે પડીઓ;
હાં હાં કરતા નૃપ આવીઓ લેઈ ખડગ પૂંઠે ધાવીઓ... ૨
મારીઓ અહી ચોથે ભવ ગયો, તે વનવાસે વાયસ થયો;
એક દિન દંપતી વનમાં ગયાં, રાગ રંગ રસ રીઝે રહ્યા... ૩
વાયસ તે તરૂ ઉપર ચઢીયો સુનંદાનો રાગ નડીઓ;
કર્ણ કટુક શબ્દે તે ભણે તામ નરેસર બાણે હણે... ૪
હંસ થયો તે ભવ પાંચમો હંસ તણા ટોળામાં રમે;
રાજા રાણી સજળ જુએ હંસ સુનંદાના રાગે રૂએ... ૫
ઉડી બેઉ પાંખે આફણીઓ નૃપ સુભટે ખડ્ગે કરી હણીઓ;
તેહીજ વન છઠ્ઠો ભવ થયો હરણી ઉદરે હરણો થયો... ૬
દેખી રાણી રાગે કર્યો ઝૂરે ઉભો આંસુ ભર્યો;
આહેડી નૃપ બાણે હણી લીયો શીકાર તે ભક્ષણ ભણી... ૭
માંસ પકાવી તે મૃગ તણું ખાતા રાણી વખાણે ઘણું;
અવધિ નાણી દોય મુનિ જણા તે દેખી મસ્તક ધૂણતા... ૮
પૂછે રાણી મુનિને તીસે સ્વામી મસ્તક ધૂણે કીસે;
સાધુ કહે કારણ છે ઈહાં આવી સુણો અમો વસીએ જીહાં... ૯
તિહાં ગયા નૃપ રાણી મળી મુનિ મુખ વાત સકલ સાંભળી;
રાગી નરનું માંસ જ ભખો જ્ઞાન વિના તમે નવિ ઓળખો... ૧૦
રાણી કહે રૂપસેન કુમાર આગળ શો થાશે અવતાર;
તવ બોલ્યો જ્ઞાની અણગાર સાતમે ભવ હાથી અવતાર... ૧૧
તુજ ઉપદેશે સમતા વરી સમકિત પામી વ્રત આદરી;
સહસ્ત્રારે તુજ સ્વામિ થશે નરભવ પામી મોક્ષે જશે... ૧૨

ઈમ કહી મુનિ ઉપદેશ દીયે સાંભળી દંપતી દીક્ષા જ લીએ;
રાજ રૂષી ગુરૂ સાથે ગયા સંયમ પાળી સુખીયા થયા... ૧૩
ગુરૂણી પાસે સુનંદા ભણે અરિમિત્ર તૃણ મણી સરીખા ગણે;
લીયે આતાપના તાપે જઈ અવધિજ્ઞાની સુનંદા થઈ... ૧૪
રૂપસેન હસ્તી જીહાં ફરે સુનંદા તિહાં વસતિ કરે;
એણે અવસર હસ્તી મદ ચઢ્યો કંચનપુર કોટે જઈ અડયો... ૧૫
લોક કોલાહલ કરતાં ભમે, સુનંદા આવ્યા તેણે સમે;
રાજા સુભટે ઘણુંએ દમ્યો પણ સાધ્વી દેખી ઉપશમ્યો... ૧૬
સાધ્વી કહે સુણ મત ગમાર દુઃખના દહાડા તુજ સંભાર;
રાગ વિલુદ્ધો પામ્યો ઘાત પાતકો તેં કીધા સાત... ૧૭
રૂપસેન ગર્ભે ફણીધર વાયસ હંસ હરણનો અવતાર,
સાતમે ભવે તમે હાથી થયા ધર્મ વિના ભવ એળે ગયા... ૧૮
તે સુણતાં ગજ મૂર્છા લહી જાતિ સ્મરણ તે પામ્યો સહી;
લોક વચ્ચે ઉભો રહી રડ્યો સુનંદાને પાયે પડ્યો... ૧૯
સમકિત વ્રત ગજ ધરતો જીહાં લોક અચ્છેરૂ દેખે તિહાં;
ગુરૂણી કહે નૃપને એ ખરો સાધર્મી ગજ સેવા કરો... ૨૦
આદર કરી નૃપ તેડી ગયો નેહ સુનંદાનો સફલ કીયો;
સુનંદા આનંદીત થયા એ કેવલ પામી મોક્ષે ગયા... ૨૧
ખેટ મુનિ કહે રાજકુમાર વૈરાગ્ય રાગ તણી ગતિ ધાર;
સુખ માની જે વિષય રમે તે ભવ નાટક કરતા ભમે... ૨૨
માત પિતાને બાંધવ નાર સ્વારથીઓ છે સવિ સંસાર;
આયુ જોબન લક્ષ્મી મળી મેઘ ઘટ ચંચલ વિજલી... ૨૩
બાલપણે મલસૂત્રે ભર્યો શીલી ઓરીઓ દુઃખ સહ્યા
પરણ્યો તા આમય ખય થઈ જોબન વેળા નિષ્ફલ ગઈ... ૨૪
વૃદ્ધપણે નર પરવશ થયો પરભવ હાથ ઘસતો ગયો
તેણે નરભવ સામગ્રી લહી કરશે ધર્મ તે સુખીયા સહી... ૨૫
ત્રીજે ખંડે ગુણીજન ગમી ઢાળ કહી રસાળ સાતમી
શ્રી શુભવીર વચન રસ ઘડી સાકર દ્રાક્ષ કીસી શેલડી... ૨૬

## ૧૭૩. સુબાહુકુમારની સજ્ઝાય

હવે સુબાહુકુમાર એમ વિનવે,
અમે લઈશું સંજમભાર, માડી મોરી રે;
મા મેં વીર પ્રભુની વાણી સાંભળી,
તેણે મેં જાણ્યો અથિર સંસાર માડી મોરી રે.
હવે હું નહિ રહું આ સંસારમાં. ૧

હાંરે જાયા તુજ વિના સૂના મંદિર માળિયા,
જાયા તુજ વિના સુનો સંસાર રે;
જાયા મોરા રે, માણેક મોતી ને મુદ્રિકા,
કાંઈ ઋદ્ધિ તણો નહિ પાર જાયા મોરા રે.
તુજ વિના ઘડીય ન નિસરે. ૨

હાંરે માજી તનધન જોબન કારમું,
કારમો કુટુંબ પરિવાર માડી મોરી રે;
કારમા સગપમાં કુણ રહે,
તેથી મેં જાણ્યો અથિર સંસાર માડી મોરી રે. હવે હું૦ ૩

હાંરે જાયા સંજમ પંથ ઘણો આકરો,
જાયા વ્રત છે ખાંડાની ધાર, જાયા મોરા રે;
બાવીશ પરિસહ જીતવા,
જાયા રહેવું છે વનવાસ જાયા મોરા રે. તુજ૦ ૪

હાંરે માજી વનમાં તે રહે છે મૃગલાં,
તેની કોણ કરે છે સંભાળ,માડી મોરી રે રે;
વન મૃગની પરે ચાલશું,
અમે એકલડા નિરધાર માડી મોરી રે. હવે હું૦ ૫

હાંરે જાયા શિયાળે શીત બહુ પડે,
જાયા ઉનાળે લૂ વાય જાયા મોરા રે;
જાયા વરસાલો અતિ આકરો,
કાંઈ ઘડીએ વરસ સો જાય જયા મોરા રે તુજ૦ ૬

હાંરે માજી નરક નિગોદમાં હું ભમ્યો
ભમ્યો અનંત અનંતી વાર માડી મોરી રે;
છેદન ભેદન મેં સહ્યાં,
તે કહેતાં આવે ન પાર માડી મોરી રે. હવે હું૦ ૭

હાંરે જાયા પાંચશે પાંચશે નારીઓ,
રૂપે અપ્સરા સમાન જાયા મોરા રે;
ઊંચા તે કુલની ઉપની,
રહેવા પાંચસે પાંચસે મહેલ જાયા મોરા રે. તુજ૦ ૮

હાંરે માજી ઘરમાં જો નીકલે એક નાગણી,
સુખે નિદ્રા ન આવે લગાર
તો પાંચશે નાગણીયોમાં કેમ રહું,
મારું મનડું આકુળ વ્યાકુળ થાય. માડી૦ હવે હું૦ ૯

હારે જાયા આટલા દિવસ હું તો જાણતી,
રમાડીશ વહુરોના બાળ જાયા મોરા રે;
દિવસ અટારો રે આવીયો,
તું તો લે છે સંજમભાર જાયા મોરા રે. તુજ૦ ૧૦

હાંરે માજી મુસાફર આવ્યો કોઈ પરૂણલો,
ફરી ભેગો થાય ન થાય માડી મોરી રે;
એમ માનવ ભવ પામવો દોહિલો,
ધર્મ વિના દુર્ગતિમાં જાય માડી મોરી રે. હવે હું૦ ૧૧

હવે પાંચશે વહુરો એમ વિનવે,
તેમાં વડેરી કરે રે જવાબ વાલમ મોરા રે;
સ્વામી તમે તો સંજમ લેવા સંચર્યા,
સ્વામી અમને કવણ આધાર વાલમ મોરા રે.
વાલમ વિના કેમ રહી શકું. ૧૨

હાંરે માજી માત-પિતા ને ભાઈ બેનડી,
નારી કુટુંબને પરિવાર માડી મોરી રે;

અંત સમય અલગા રહે,
એક જિન ધર્મ તારણહાર. માડી૦ હવે હું૦ ૧૩
હાંરે માજી કાચી તે કાયા કારમી,
સડી પડી વિણસી જાય માડી મોરી રે;
જીવડો જાય ને કાયા પડી રહે.
મૂઆ પછી બાળી કરે રાખ. માડી૦ હવે હું૦ ૧૪

હવે ધારણી માતા એમ વિનવે,
આ પુત્ર નહીં રહે આ સંસાર ભવિકજનો રે;
એક દિવસનું રાજ ભોગવી,
સંજમ લીધું મહાવીર સ્વામિ પાસ.
ભાવિકજનો રે, સોભાગી કુંવરે સંજમ આદર્યો. ૧૫

તપ-જપ કરી કાયા શોષવી,
આરાધી ગયા દેવલોક ભવિકજનો રે;
પન્નર ભવ પૂરા કરી,
મહાવિદેહ ક્ષેત્રમાં જાશે મોક્ષ.
ભાવિકજનો રે સોભાગી કુંવરે સંજમ આદર્યો. ૧૬

હાંરે માજી વિપાકસુત્રમાં ભાખીયું,
બીજા સૂત્ર અખંડ મોઝાર ભવિકજનો રે;
પ્રથમ અધ્યયને પ્રરૂપીઓ,
સૂત્રવિપાકમાં અધિકાર, ભવિકજનો રે.
સૌભાગ્યવિજય ગુરુ એમ કહે. ૧૭

## ૧૭૪. સુભદ્રા સતીની સજ્ઝાયો (૧)

મુનિવર સ્હેજે વિચરતાં જીવના જતન કરંત
તરણું ખૂંચ્યું આંખમાં નયણે નીર ઝરંત... મુનિવર૦ ૧
કલ્પવૃક્ષ જેણે ઓળખ્યો આંગણે ઉભા જેહ
જીભે તરણું કાઢીયું સાસુને મન સંદેહ... મુનિવર૦ ૨
જેણે સ્વજન દુ:ખીયા સહુ જેણે કુળ નાણી લાગે લાજ
પુત્રવહુ રે સોના સમી નહિં અમારે ઘર કાજ... મુનિવર૦ ૩

ગુણ વિના સાગની લાકડી ગુણ વિના નાર કુનાર
મન રે ભાંગ્યું ભરથારનું નહિં રે અમારે ઘરબાર... મુનિવર૦ ૪
પિયુ વચન શ્રવણે સુણી સતી મન ચિંતવે જેહ
જૈન ધર્મ કલંક જાણી કરી કાઉસગ્ગ કીધો રે તેહ... મુનિવર૦ ૫
શાસનસૂરી આસન ચળ્યું સતી શિર આવ્યું રે આળ
ચંપાદ્વાર જડાવીએ તો રે ઉતરશે એ ગાળ... મુનિવર૦ ૬
ભોગળ તો ભાંગે નહિં ઘણ નવિ લાગે રે ઘાય
હલાવ્યો હાલે નહિં સૌ આકુળ-વ્યાકુળ થાય... મુનિવર૦ ૭
આકાશે ઉભા દેવતા બોલે એહવા બોલ
સતી જળ સીંચશે ચાલણી ત્યારે ઉઘડશે રે પોળ... મુનિવર૦ ૮
રાજા મન આણંદીયો નગરે ઘણી છેરે નાર
અંતેઉર છે માહરૂં સતીય શિરોમણી સાર... મુનિવર૦ ૯
અંતેઉર કર્યું એકઠું કૂવા કાંઠે નહિં માગ
કાચે તાંતણે ચાળણી ત્રુટી જાયે તાગ... મુનિવર૦ ૧૦
અંતેઉર થયું દયામણું રાજા થયો રે નિરાસ
સતીપણું મનમાં રહ્યું ધિક્ પડ્યો ઘરવાસ... મુનિવર૦ ૧૧
નગર પડહો વજડાવીયો વસ્તી દીસે હેરાન
પ્રજાને પીડા ઘણી કોઈ દ્યો રે જીવિત દાન... મુનિવર૦ ૧૨
પડહો આવ્યો ઘર આંગણે વસ્તી હાલકલોલ
જો માતાજી અનુમતિ દીયો તો હું ઉઘાડું પોળ... મુનિવર૦ ૧૩
વળી વળી વહુ તમને શું કહું નહિં નિર્લજજને લાજ
નવકુલ નાગ નાસી ગયા આવ્યું કાચંડે રાજ... મુનિવર૦ ૧૪
દોષ દીજે નિજકર્મને કલંક ચડાવ્યું રે માય
પડહો છબીને ઉભી રહી જઈ સંભળાવ્યો રાય... મુનિવર૦ ૧૫
વેગે ગઈ વધામણી રાજાને નહિં વિશ્વાસ
પ્રત્યક્ષ જુઓને પારખું ત્યાં જઈ કરોને તપાસ... મુનિવર૦ ૧૬
વેગે રાય પધારીયા હઈડે હરખ ન માય
પ્રજાને પીડા ઘણી વિલંબ ન કરો મોરી માય... મુનિવર૦ ૧૭
અવર પુરૂષ બંધવ પિતા સતી માંહિ કલા સોય

માનવ સહુ મેડીએ ચઢ્યું સતીને જુએ સહુ કોય... મુનિવર૦ ૧૮
કાચે રે તાંતણે ચાલણી સતી કળા ચઢી સોળ
કામિની કૂપ જળે ભરી ઉઘાડી ત્રણ પોળ... મુનિવર૦ ૧૯
કોઈ પીયર કોઈ સાસરે કોઈ હશે માંને મોસાળ
ચોથી પોળ ઉઘાડશે જે હશે શીલવતી નાર... મુનિવર૦ ૨૦
નાક રાખ્યું નગરી તણું ગામે ઉતારી રે ગાળ
રાય-રાણા પ્રશંસા કરે સતીય શિરોમણી સાર... મુનિવર૦ ૨૧
વાઘણ કેરાં દુધડાં સોવન કેરી થાળ
ભણે ગણે જે સાંભળે કાંતિવિજય ગુણમાળ... મુનિવર૦ ૨૨

## ૧૭૫. સુભદ્રા સતીની સજઝાયો (૨)

હું પભણું શી એહની વાત નામ સતીનું લીજીયે,
પ્રહ ઉઠી પહેલે પરભાત સત રે જો જો સુભદ્રા તણું; ૧
મુનિવર વહોરણ પાંગર્યા નિયમવંતી રે તિહાં આવે અધીર,
કોરણ ઉડે કાંકરા તરણું ખુંત્યુ રે તિહાં વાયે સમીર; સત રે૦ ૨
તરણું તે ખુંત્યું આંખમાં તેણે કરી રે વહે લોહીની ધાર,
સુભદ્રાને બારણે આવીયા નયણે નિરખે રે ઋષિ પીડા અપાર; સ૦ ૩
મસ્તકે મસ્તક ભીડીયા જીભે કરી રે કાઢે નયણની સાલ,
સાધુ નિરાબાધ થઈ ગયા પૂઠે જો જો રે એના થાય હવાલ. સ૦ ૪
શ્રાવક કુલમાં ઉપની, પરણાવી રે વળી માંએ મિથ્યાત,
તો એ સમકિત સૂધું વહે નિજ હૈડે દેવગુરૂ ધર્મને ધ્યાત; સ૦ ૫
સુભદ્રાને લલાટે ચાંદલો તે તો થયો રે સાધુને લલાટ;
સાસુ દેખી ક્રોધે ધડહડી રોષે ભરી રે દુહવાણી રાંડ. સ૦ ૬
સાંભળ વચ્છ કહું વાતડી રાતડી રે ઋષિ રાતડ દેત;
મનમાંહે વાત જ રાખજે જીમ આપણાં ઘરમાં ન થાય ફજેત. સ૦ ૭
ગુણહીણી તુજ ગોરડી જેણે અતિથિ શું રે આલિંગન દીધ,
મુજ ટળી કેણે ન દીઠડી પાપ એહવા રે તુજ વહુઅરે કીધ. સ૦ ૮
સાસુડીએ કૂડી સહી સંભળાવી રે સહુ સ્વજનને વાત;
ભરતાર પણ ભંભેરીયો કૂડે કલંકે રે ખેલે એમ ઘાત. સ૦ ૯
મન ભાંગ્યું ભરતારનું રયણિ ભર રે, નવિ રંગ ને રોલ;

નેહ નયણે નવિ નિરખતાં છતે જોગે રે સંયોગ વિયોગ. સ૦ ૧૦
શાસન નાયક દેવતા દુઃખ દેખી રે સતીનું અપાર;
દુઃખ ફેડવા તેણી વેળાએ દેવરાણાં રે ચંપાનાં દુવાર. સ૦ ૧૧
રાજાને જઈને સંભળાવીયું સુણો સ્વામિ રે નગરી ઉત્પાત;
ચંપા પોળ ચઉદિશે જડી પશું માનવી રે દુઃખડાં ન ખમાત; સ૦ ૧૨
રાજા તે રોષે ઊઠીયો ઘણ ઘાયે રે તે કરો ચકચૂર;
કમાડ કુહાડે ભાંગજો મથી મથી રે જોર સુભટ ભરપૂર. સ૦ ૧૩
વજ્રકમાડ પોળે જડયાં મથી મથી રે જોર કરીને જાય;
હાલ કલોલ લોક આકુલાં પશુ માનવી રે દુઃખડા ન ખમાય. સ૦ ૧૪
રાજા પ્રજા સહુ દુઃખ ધરે કહો કરવો રે હવે કિશ્યો ઉપાય;
દેવવાણી તત્ક્ષણ થઈ કહ્યું કરજો રે જેમ તુમ સુખ થાય. સ૦ ૧૫
મન વચ કાયાએ કરી શીલે સાચી રે વળી જે હોશે નાર,
કૂપ કાઠે ભરી ચાળણી છાંટી ઉઘાડે તે ચંપાના બાર. સ૦ ૧૬
વડા વડા રાયની કુંવરી સતી શિરોમણી રે મારે ઘેર છે નાર,
કૂપ કાઠે ભરી ચાળણી સૂત્ર તાંતણો રે ચાળણી ન ખમે ભાર. સ૦ ૧૭
સાત વાર ત્રુટી પડી નવ ચાળણી રે પડી કૂપ મઝાર;
રાજાનું મન ઝાંખુ થયું સતી કોઈ નહિં મારે ઘેર નાર. સ૦ ૧૮
રાજાએ પડહો વજડાવીઓ કોઈ ઉઘાડે રે ચંપાના બાર;
રાજ ભાગ વેંચી દઉં વળી આપું રે અર્થ ગરથ ભંડાર. સ૦ ૧૯
પડહો વાજંતો આવીયો આંગણે ઉભી રે સુભદ્રા નાર,
સાસુજી દીઓ મુજ શીખડી જઈ ઉઘાડું રે ચંપાનાં બાર. સ૦ ૨૦
વારી વારી વહુઅર શું કહું, તું નિર્લજ્જને કાંઈ નથી લાજ;
રાજા રાણી વિલખાં થયાં તું સતી ખરી રે પોળ ઉઘાડીશ આજ. સ૦ ૨૧
પડહ છબ્બી રે ઊભા રહ્યાં સંભળાવો રે કરો રાજાને જાણ;
રાજા આવી પાયે નમ્યાં માતા રાખો રે સહુ પ્રજાના પ્રાણ. સ૦ ૨૨
માત-પિતા સહુ દેખતાં દેખતાં રે સાસુ સસરો જેઠ;
રાજા પ્રજા સહુ દેખતાં તવ તે ચાળણી મેલી કુવા જલ હેઠ. સ૦ ૨૩
પરણ્યા વિના પુરૂષ આભડ્યો આ ભવે રે વળી મુજને કોય;
કલંક દીધું તેને શું કરૂં પરમેશ્વર રે પ્રીતે કરી જોય. સ૦ ૨૪

કાયા સુતરને તાંતણે ચાળણી બાંધે રે સીંચી કુવા જલ ઠામ;
ભરી ચાળણી તાણી લઈ સૌ પ્રશંસે રે શીલ ઠામો ઠામ. સ૦ ૨૫
ફુલ વૃષ્ટિ કરે દેવતા સેવતાં રે લોક રાણા ને રાણ;
મોતી થાળે વધાવતાં છાંટી ઉઘાડે રે ત્રણ પોળ સુજાણ. સ૦ ૨૬
કોઈ પીયર કોઈ સાસરે કોઈ સતી વળી માને મોસાળ;
ચોથી પોળ ઉઘાડશે શીલે સાચી રે વળી જે હોશે નાર. સ૦ ૨૭
શીલ વ્રત જગમાં વડું સહુ સાંભળીને પાળો નરનાર;
રાજા મન રાજી થયો સુભદ્રા સતીરે થઈ તત્કાળ. સ૦ ૨૮
સાસરે પીયર નિર્મલી થઈ નિર્મલ રે રાખ્યું જગમાં નામ;
નાક રાખ્યું સાસરા શહેરનું ગાળ ઉતારી ગામોગામ. સ૦ ૨૯
સાસુ ને સસરો ખમાવતાં ખમાવતાં રે વળી દિયર ને જેઠ
ભરતાર ભકતે ખમાવતાં સારા શહેરની સ્ત્રી તુજ પગ હેઠ. સ૦ ૩૦
સાસરે સમકિત સર્વને સંભળાવ્યો જૈન ધર્મ વિખ્યાત;
શ્રાવક ધર્મમાં સહુ સ્થિર કર્યા મેલ્યાં પૂર્વના પાપ માયા મિથ્યાત. સ૦ ૩૧
સાસુ વહુ પ્રીતે મળી મન મૂક્યાં રે વળી ધર્મ મિથ્યાત્વ;
સાધુ વૈયાવચ્છ વાતડી તરણું તાણ્યું રે કીધી સાસુને વાત. સ૦ ૩૨
શાસન સોહ ચઢાવીઓ ગિરૂઆ ગચ્છપતિ આણંદવિમલસૂરીંદ
તસપાટે અનુક્રમે હુઆ વિજયદેવસૂરિ વિજયપ્રભમુણીંદ. સ૦ ૩૩
દેવવિજય પંડિત તણો કરજોડીને શિષ્ય કરે અરદાસ
સુભદ્રા ચરિત્ર વખાણતાં વીરવિમલને વ્હાલો મુક્તિનો વાસ. સ૦ ૩૪

## ૧૭૬. સુભદ્રા સતીની સજઝાયો (૩)

ધન ધન જિનદત્ત અંગજા, ધન તેહનો અવતારજી;
નામે સુભદ્રા જીણીયે, સતીઓમાં શીરદારજી. ૧

સુભદ્રાજીને વરવા, આવ્યાં વર અનેક;
પણ શ્રાવક વિણ નહીં દઉં, એવી શેઠની ટેક. ૨

એક દિન ચંપાથી, આવીયો બૌદ્ધ ઋદ્ધિ બુદ્ધિદાસ;
સુશ્રાવિકાના રૂપથી, થયો મોહ મન જાશ. ૩

કરી કપટ શ્રાવક થઈ, સુણે ધર્મ સદાય;

અનુક્રમે સાચો શ્રાવક થયો, જાણી તત્ત્વ હિતદાય. ૪

ધર્મ પ્રભાવે પામીયો, સતી સુભદ્રા નાર;
પતિ સહ ચંપાએ આવી, કરે જિનધર્મ સદાય. ૫

બુદ્ધ ધર્મ ધર્મી સાસુથી, મહાસતી પામી આળ;
શાસનદેવી સહાયથી, ભાંગી સવિ જંજાળ. ૬

શીલવ્રતના પ્રભાવથી, ખોલ્યા ચંપાના દ્વાર;
શાસન પ્રભાવના કરી, કર્યા સફલ અવતાર. ૭

ભૂપાદિક બોધ પામીયા, વર્ત્યો જયજયકાર;
રોજ સ્મરે તેહ પામશે, અમૃત પદ શ્રીકાર. ૮

## [?] ૧૭૭. સુભદ્રા સતીની સજ્ઝાયો (૪) (ઢાળ-૬)

### ઢાળ ૧

નયરી તે એક ચંપાવતી રાજા બુદ્ધિના નિધાન રે;
લોકો તે સહુ સુખીયા વસે તે ઘેરે ધાન્યનો નહિં પાર રે;
સમકિત શેઠ વસે તિહાં રે તે ઘેર સુભદ્રા નાર રે... ૧
સાસુની સેવા કરે રે જાણી જનેતા એ માત રે;
મન વચન કાયાએ કરી રે બીજા ભ્રાત ને તાત રે... ૨
વૈશાખ સુદી ત્રીજને દિને રે આહાર વહોરતા મુનિરાય રે;
માસખમણનું મુનિને પારણું તરણું ખૂંચ્યું આંખ માંય રે... ૩
વાય વંટોળીયો ઊડે ઘણો મુનિ આકુળ વ્યાકુળ થાય રે;
એમાં સતીની નજરે પડે રે તુરત આવ્યા ઘરની માંય રે... ૪
જીભેથી તરણું કાઢીયું મુનિને મુખે એંધાણ રે;
કુમતિ સાસુજી ઘરે આવીયા અવર ન જોયું બીજી કાજ રે... ૫

### ઢાળ ૨

મેં જાણ્યું વહુ છે નાનેરૂં બાળ કંઈ નથી જાણતી;
કર્યા અનર્થ કામ વહુ આ તેં શું કર્યું;
સાધુને ચડાએલી આળ કુડા કલંક લાગીયા... ૧
કરે શોષ અફશોષ સાસુ મન અતિ ઘણાં;

પતિને જમાડીને જમતી એવા ઢોંગ તેં બહુ કર્યા... ૨
દીકરી તોલ ગણતી રે વહુ રે હું તુજને;
ન રહ્યું તેહનું પરિણામ અરે વહુ તેં શું કર્યું... ૩

### ઢાળ ૩

સાસુએ પુત્રને તેડાવીઓ કરે છે વિયોગની વાત;
પુત્રવધુ છે સોના સમી રે શોભે નહિ ઘરવાસ... ૧
માતાના વચન સુણીને રે કુંવર બોલે છે એમ;
ગુણવિના સિંહણશી લાકડી ગુણ વિના નારી કજાત રે... ૨
પિયુના વચન સતી સાંભળી મનમાં ચિંતવે એમ;
અઠમ તપ હવે આદરૂં ત્યારે ઉતરશે આળ રે... ૩
અઠમ તપ સતીએ આદર્યો કાઉસગ્ગ કીધો તેણીવારે;
ત્યાંથી તો સતી ચાલી ગયા રે જઈ રહ્યા નદીને કાંઠે રે... ૪

### ઢાળ ૪

સતી મનમાં ચિંતવે એમ પાપ મેં તો બહુ કર્યા;
સતીને ચડાવેલી આળ તેના રે પાપ જાગીયાં,
કરે શોષ અફશોષ સતી મન અતિ ઘણાં... કરે શોષ૦ ૧
કર્યા પાપ અનંતા તેના પાપ નથી મટ્યા;
જીવના કર્યા જીવ ભોગવે તેમાં તો નથી મણા... કરે શોષ૦ ૨
ભરડ્યા જીવ શેક્યા ધાન્ય અણગળ જળ વાપર્યા;
સતીને ચઢાવેલાં આળ ધાવતા બાળ વિછોડીયાં;
કૂડી પુરી છે શાખ તેના પાપ રે જાગીયા... કરે શોષ૦ ૩

### ઢાળ ૫

ઈન્દ્રતણું આસન ચળ્યું રે સતીને ચઢાવેલ આળ;
પોળ વસાવી નગર તણી રે ત્યારે ઉતરશે રે આળ... ૧
ભૂંગળ તો ભાંગે નહી રે ગણને લાગે નહિં ગાળ;
નગર લોક સહુ ટોળે મળ્યા રે આકુળ વ્યાકુળ થાય... ૨
વેગે પહોંચી છે વધામણી રે રાજા થયા છે નિરાશ;

રાયે તે નિમિત્તીયાને તેડાવીયા રે જોશ જુઓ તેણીવાર... ૩
જોશીયે જોઈને એમ કહ્યું રે સતી ઉઘાડશે પોળ;
કાચા સુતરે ચાલણી રે કુંભ સુતરનો જળ કાઢ... ૪
તે આ પોળને છાંટશે રે ત્યારે ઉઘડશે પોળ;
રાજા તે મનમાં હરખીયો રે મુજ ઘેર ઘણી છે નાર... ૫
નવશેં નવ્વાણું મારે રાણીઓ રે સર્વે સતીયો કહેવાય;
રાજાએ વરઘોડો ચઢાવીઓ રે ધામધૂમનો નહિં પાર... ૬
અંતેઉર એકઠું થયું રે રાણીઓ સર્વે જાય;
કોઈ ચડયું મંદિર માળીયે, રાણી ચઢ્યા કુવાની કાંઠ... ૭
કાચે સુતરે ચાલણી રે તૂટી તૂટી રે જાય...
એમ નવશેં નવાણું ચાલણી રે પડી કુવાની માંય... ૮
રાજા મનમાં ઉદાસ થયો રે નવસોંએ ન સર્યાં કાજ;
સમકિતી શેઠને બારણે રે, સતી સુભદ્રા કહેવાય... ૯
ઢોલી જઈ તિહાં ઢોલ ટીપે રે પડહો ઝીલો મોરી માય;
અઠમ તપ સતી પાળીને રે આવ્યા સાસુજીની પાસ... ૧૦
લળી લળી સાસુજીને વિનવે રે રજા આપોને મોરી માય
કોઈના કીધા રે હું એ ન માનું નજરે ન જોયા જાય... ૧૧
નવશેં નવાણું હેલે ગયા રે આવ્યા કાચીડે રાજ
નફ્ફટ વહુ તુજને શું કહું રે નહિં નિર્લજ્જને લાજ... ૧૨
વહુ સાસુને વિનવે રે રજા આપોને મોરી માય
જારે નફ્ફટ વહુ પડહો ઝીલો રે નહિં આવું તાહરી સાથ... ૧૩
વહુએ સાસુજીને વિનવી રે પડહો ઝીલ્યો સતીએ આજ
રાજાએ રથ મેના મોકલ્યાં રે બેસીને આવો મોરી માય... ૧૪
સાસુજી બેઠા રથમાં રે સતી ચાલતાં જાય
કોઈ ચઢ્યું મંદિર માળીયે રે સતી ચઢ્યાં કુવાની કાંઠ... ૧૫
કલાવતીને કર લાધીયા રે સતી સીતાની લાજ
જો સત હોય પ્રભુ માહરૂં રે તો રાખજો મુજ લાજ... ૧૬
નવકાર મંત્ર ગણી કરી રે ચાલણી મેલી કુવાની માંય
કાચે સુતરે ચાળણી રે કુંભ પાણીનો કાઢ્યો ત્યાંય... ૧૭

ઢાળ ૬

પહેલી તે પોળે સતી આવીયા રે ત્યાં તો છાંટ્યા છે નીર;
તરત ઉઘડી છે પોળ રે પ્રાણી શીયળનો મહિમા સાંભળો. ૧
બીજી તે પોળે સતી આવીયા રે ત્યાં તો છાંટ્યા છે નીર;
તરત ઉઘડી છે પોળ રે પ્રાણી ! શીયળનો મહિમા સાંભળો. ૨
એમ છએ પોળ ઉઘાડીને રે સાતમીએ કર્યો વિચાર.
કોઈ પિયર કોઈ સસ્સરે રે કોઈ હશે માને મોસાળ રે
તે ઉઘાડશે પોળ રે પ્રાણી ! શીયળનો મહિમા સાંભળો. ૩
હીરવિજય ગુરૂ એમ કહે રે જે પાળશે શીલવ્રત સાર રે
તે કરશે ઈચ્છિત કામ રે પ્રાણી ! શીયલનો મહિમા સાંભળો. ૪

## ૧૭૮. સુલસા સતીની સજ્ઝાયો (૧)

ધન ધન સુલસા સાચી શ્રાવિકાજી, જેહને નિશ્ચળધર્મનું ધ્યાન રે;
સમકિતધારી નારી જે સતીજી, જેહને વીરે દીયો બહુમાન રે. ૧

એકદિન અંબડ તાપસ પ્રતિબોધવાજી, જંપે એહવું વીર જિણેશ રે;
નયરી રાજગૃહી સુલસા ભણીજી, કહેજો અમારો ધર્મ સંદેશ રે. ધન૦ ૨

સાંભળી અંબડ મનમાં ચિંતવેજી, ધર્મલાભ ઈશોજી વયણ રે;
એહવું કહાવે જિનવર જે ભણીજી, કેવું રૂડું દઢ તસ સમકિત રયણ રે. ધન૦ ૩

અંબડ તાપસ પરીક્ષા કારણેજી, આવ્યા રાજગૃહીને બાર રે;
પહેલું બ્રહ્મારૂપ વિકુર્વ્યુંજી, વૈક્રિય શકિત તણે અનુસારે રે. ધન૦ ૪

પહેલી પોળે પ્રગટ્યો પેખીનેજી, ચૌમુખ બ્રહ્મા વંદન કોડ રે;
સઘળી રાજ પ્રજા સુલસા વિનાજી, તેને આવી નમે કરજોડ રે. ધન૦ ૫

બીજે દિન દક્ષિણ પોળે જઈજી, ધરિયો કૃષ્ણ તણો અવતાર રે;
આવ્યા પુરજન તિહાં સઘળાં મળીજી, નાવી સુલસા સમકિત ધારી રે. ધન૦ ૬

ત્રીજે દિવસે પશ્ચિમ બારણેજી, ધરિયું ઈશ્વર રૂપ મહંત રે;
તિમહી જ ચોથે થઈ પચવીસમો જી, આવી સમવસર્યો અરિહંત રે. ધન૦ ૭

તો પણ સુલસા નાવી વાંદવા જી, તેહનું જાણી સમકિત સાચ રે;
અંબડ સુલસાને પ્રણમી કરીજી, કરજોડી કહે એહવી વાચ રે. ધન૦ ૮

ધન્ય તું સમકિત ધારી શિરોમણીજી, ધન્ય તું સમકિત વિશવાવીશ રે;
એમ પ્રશંસી કહે સુલસા ભણીજી, જિનજીયે કહી છે ધર્મ આશીષ રે. ધન૦ ૯

નિશ્ચળ સમકિત દેખી સતી તણુંજી, તે પણ હુઓ દઢ મન માંય રે;
ઈણી પરે શાંતિવિમળ કવિરાયનોજી, બુધ કલ્યાણવિમળ ગુણ ગાય રે. ૧૦

## ૧૭૯. સુલસા સતીની સજઝાયો (૨)

(રાગ : અરણીક મુનિવર ચાલ્યા ગોચરી)

શીલ સુરંગીરે સુલસા મહાસતી,વર સમકિત ગુણ ધારીજી;
રાજગૃહી પૂરે નાગ રથિક તણી, સુલસા નામે નારીજી. શી૦ ૧

નેહ નિવિડ ગુણ તેહ દંપતિ તણો, સમકિત ગુણ થિર પેખીજી;
ઈન્દ્રપ્રશંસે રે તસ સત કારણે, આવ્યો હરિણગમેષીજી. શી૦ ૨

ગ્લાન મુનિને કાજે યાચીયા, ઔષધ કુંપા ચારજી;
ભગ્ન દેખાડયાં પણ નવિ ભાવથી, ઉણિમ ધરીય લગારજી. શી૦ ૩

પ્રગટ થઈ સુર સુત હેતે દીયે, ગુટિકા તિહાં બત્રીશજી;
તસ સંયોગે રે બત્રીસ સુત થયા, સકલકલા સુજગીશજી. શી૦ ૪

ચેલણા હરણે ચેટક નૃપશરે, તે પહોંતા પરલોકજી;
સામયિકમાં તેહજ સાંભળી, પર થિર મન નહિં શોકજી. શી૦ ૫

એક દિન વીર ચંપાપુરી થકી, ધર્માશીષ કહાવેજી;
અંબડ સાથે રે પરિક્ષા તે કરે, પણ સમકિત દૃઢ ભાવેજી. શી૦ ૬

દેશવિરતિનો રે ધર્મ સમાચરી, સુરલોકે ગઈ તેહજી;
નિર્મમ નામે રે ભાવિ જિન હોશે, પંદરમા ગુણ ગેહજી. શી૦ ૭

ઈણિ પરે દૃઢ મન સમકિત ગુણે, જ્ઞાનવિમલ સુપસાયજી;
તે ધનધન જગમાંહિ જાણીયે, નામે નવનિધિ થાયજી. શી૦ ૮

## ૧૮૦. સુંદરીની સજઝાયો (૧)

સરસ્વતી સ્વામીની કરો સુપસાય રે, સુંદરી તપની ભણું સજઝાય રે;
ઋષભદેવ તણી અંગતજાત રે, સુંદરીની સુંનદા માત રે,
ભવિજન ભાવે એ તપ કીજે રે, મનુષ્ય જન્મનો લાહો લીજે રે. ૧

ઋષભ દેવે જબ દીક્ષા લીધી રે, સુંદરીને આજ્ઞા નવિ દીધી રે;
ભરત જાણે મુજ થાશે નારી રે, એ મુજ પ્રાણ થકી છે પ્યારી રે. ૨

ભરતરાય જબ ષટ્ખંડ સાધ્યો રે, સુંદરીએ તપ માંડી આરાધ્યો રે;
સાઠ હજાર વર્ષ લગે સાર રે, આંબીલ તપ કીધો નિરધાર રે. ૩

ચૌદ રત્ન નવ નિધાન રે, લાખ ચોરાશી હાથીનું માન રે;
લાખ ચોરાશી જેહને વાજી રે, ભરતરાય આવ્યા તવ ગાજી રે. ૪

ભરતરાય મોટા નરદેવ રે, દોય સહસ યક્ષ કરે સેવ રે;
અયોધ્યા નગરીએ ભરતજી આવ્યા રે, મહિલા સર્વે મોતીડે વધાવ્યા રે. ૫

આ કુણ દીસે દુર્બળ નારી રે, સહુ કહે સુંદરી બેન તુમારી રે;
કહે તુમે એને કેમ દુબળી કીધી રે,મુજ બેનડીની ખબર ન લીધી રે. ૬

સહુ કહે આંબીલનો તપ કીધો રે, સાઠ હજાર વરસ પ્રસિદ્ધો રે;
જાઓ તુમે બેનડી દીક્ષા પાળો રે, ઋષભદેવનું કુળ અજવાળો રે. ૭

ભરતરાયની પામી શિક્ષા રે, સુંદરીએ લીધી તવ દીક્ષા રે;
કર્મ ખપાવીને કેવલ પામી રે, કાંતિવિજય પ્રણમે શીરનામી રે. ૮

## ૧૮૧. સુંદરીની સજ્ઝાયો (૨)

રૂડે રૂપે રે શીલ સોહાગણ સુંદરી
 સુંદરી સુલલિત રૂડે પંકજ દલસમ નયન રૂડે... રૂડે રૂપે રે૦ ૧
સાઠ સહસ સમ દિગ્ જય કરીને ભરત અયોધ્યાયે આવ્યા
બાર વરસ જિહાં ચક્રી પદને અભિષેકે ન્હવરાવ્યા... રૂડે રૂપે રે૦ ૨
એક દિન ચક્રી સુંદરી દેખે બાહુબલીની બહિન
દિનકર તેજે ચંદ્રકળા જિમ રૂપ-કાંતિ થઈ ખીણ... રૂડે રૂપે રે૦ ૩
વૈદ્ય પ્રમુખા સવિ તેડી કહો કિસ્યું ઉણું તાતવંસ
પરિતે તુમે દાખો જે જોઈએ તે હું પુરૂં સદંશ...રૂડે રૂપે રે૦ ૪
એ વહાલી સુંદરી કિમ કૃશ તનુ તેહ નિદાન કહીજે
સાઠ હજાર વરસ થયા એહને આંબીલનો તપ કીજે... રૂડે રૂપે રે૦ ૫
દીક્ષા લેતાં તુમે હીજ વારી સ્ત્રીરયણની ઈહા
તસ નયથી દુર્ધર તપ કીધાં ધન ધન એહના દીહા... રૂડે રૂપે રે૦ ૬

ઈમ નિસુણી કહે તાત અપત્યમાં તું હિજ મુકુટ સમાણી
વિષય દશાથી ઈણિ પરે વિરમી માત સુનંદા જાણી... રૂડે રૂપે રે૦ ૭
અમે તો વિષય પ્રમાદે નડીયા પડીયો છું સંસાર
નરપતિ ઉચ્છવ સાથે તે પ્રભુ હાથે લીયે વ્રત ભાર... રૂડે રૂપે રે૦ ૮
યુદ્ધેં ચક્રી હારી મનાવી બાહુબલી લીયો દીખ
વરસસમેં બ્રાહ્મી સુંદરીયેં કહેવરાવે પ્રભુ શીખ... રૂડે રૂપે રે૦ ૯
ગજ ચડ્યા કેવલ ન હોય વીરા ઈમ સુણી માન ઉતારે
પગ ઉપાડી કેવલ પામ્યા પ્રભુ પાસે પાઉ ધારે... રૂડે રૂપે રે૦ ૧૦
અનુક્રમે કેવલ સાધી સાધવી બ્રાહ્મી સુંદરી જોડી
જ્ઞાનવિમલ પ્રભુ ઋષભની બેટી પ્રણમું હું કરજોડી... રૂડે રૂપે રે૦ ૧૧

## [?] ૧૮૨. સૂરિકાંતાની સજ્ઝાય

સરસ્વતી સ્વામીને વિનવું રે સદ્ગુરૂ લાગું છું પાય, ભવિયણ સાંભળો
સૂરિકાંતા પૂછે પુત્રને રે કેવા વ્હાલા તારા તાત... ભવિયણ સાંભળો ૧
એ શું બોલ્યા મોરી માવડી રે પિતા પિતા રે ગુરૂને ઠામ ભવિયણ સાંભળો
સૂરિકાંતા મન ચિંતવે નકામો એ ભરથાર... ભવિયણ સાંભળો ૨
છઠ્ઠ અઠ્ઠમના પારણે જમવા તેડું રાય, ભવિયણ સાંભળો
વિષ ઘોળીને વિષ ભેળવું જમવા આવે ત્યાંય... ભવિયણ સાંભળો ૩
રત્ન કચોળે વિષ પિરસ્યા જમવા બેઠા રાય, ભવિયણ સાંભળો
ચતુર રાયે વિષ ઓળખ્યું ક્ષમા આપી ચિત્તમાંય... ભવિયણ સાંભળો ૪
અરિહંત મનમાં સમરીને ગ્રહણ કર્યું ઈણે ઠામ, ભવિયણ સાંભળો
નારી એ વિષની વેલડી નારી નરકની ખાણ... ભવિયણ સાંભળો ૫
ચળુ કરીને રાય ઉભા થયા ગયા પૌષધ શાલા માંય, ભવિયણ સાંભળો
ભોંય સંથારો રાયે કર્યો શરણ-ખામણા કરે ત્યાંય... ભવિયણ સાંભળો ૬
પરંપરાએ વાત સાંભળી સૂરિકાંતા આવે ત્યાંય, ભવિયણ સાંભળો
મારગડે હીંડે મલપતી મૂકી છૂટી વેણ... ભવિયણ સાંભળો ૭
મિત્રને કહે ખસ આઘા રહો આ શું થયું તત્કાળ, ભવિયણ સાંભળો
હૈ હૈ કરતી હૈડે પડી નખ દીધો ગળા હેઠ... ભવિયણ સાંભળો ૮
અરિહંત મનમાં સમરીને દેવલોક પહોંચ્યા તેણે ઠામ, ભવિયણ સાંભળો
હીરવિજય ગુરૂ હીરલો ધન્ય રાયના પરિણામ... ભવિયણ સાંભળો ૯

## ૧૮૩. સોહગદેવી સતીની સજ્ઝાય

પદ પંકજનમી જિનતણા સુર-નર ગણ વિશ્રામોજી
સોહગ દેવી સતી ગુણ ભણું મન ધરી મુદયભિરામોજી
અભિરામ મુદ નિજ મને આણી સુગુરૂ વાણી ચિત્ત ધરી
કુલતણી દીવી સાર જીવી વિશદ શીલ અલંકરી
ખેચર કુલ ખયકરી વચનિ ગયણ સૂરિજ થંભીઓ
તેહ તણો શીલ પ્રભાવ નિરખી સયલ લોક અચંભીઓ... ૧
રત્નપુર જગે જાણીએ અમરપુરી અનુસારોજી
રાજ કરે રામ રાજીઓ રઘુનંદન અવતારોજી
અવતાર ધનદ સમાન જેહનો શેઠ ધનદત્ત તિહાં વસે
દાન પુણ્યે સદા સોહે સુગુરૂ વચને ઉલ્લસે
ધન શ્રી તસ ઘરણી નિરૂપમ રૂપે રંભ સમાન એ
વિવિધ ભંગે ભોગ વિલસે તેહસ્યું ગુણવાન એ... ૨
શુભ શુકને કરે સા ધરી ઉદર ગરભ ઉદારોજી
પવર મનોરથ ઉપજે પૂરે પતિસું વિચારોજી
સુવિચાર પતિ સવે કરે પૂરા મનોરથ નિજ મન તણા
સમયપૂરે નહીં અધૂરે સુતા જનમી ઉલટ ઘણા
બહુ તપે તેજે જનમ સેજે ભવન અજુઆળું કરે
સહુ સજન નિરખી હીયેં હરખી નામ સોહગદેવી ધરે... ૩
માત-પિતા મન મોદતી દિન દિન વાધે સબલોજી
શ્વેતપખે જિમ શશિકલા શીખી ચાલી મરાલોજી
શીખી ચાલે મરાલ કેરી વિદ્યા સયલ અલંકરી
મુખ વચન બોલે અનીઅ તોલે જાણે સરસતી અવતરી
નવ યોવન પામી મોહ્યા કામી પિતા મન ચિંતા ઘણી
અનુરૂપ વર કુણ સુતા કેરો હોશે નરમાંહિ મણી... ૪
નયર કનકપુર વાસીઓ શેઠ ધનાવહ સંતોજી
તસ નંદન રતિપતિ સમો નર કુંજર ગુણવંતોજી
ગુણવંત વર નર કુંજર નિરખી શેઠ ધનદત્ત બહુ ધની
વિવાહ ઓચ્છવ કરે સુપરે દીએ તસ નિજ નંદિની

એક દિવસે રંગે રમેરામા માલીએ મોતી દડે
કોઈ ખેચર ગયણે જાયતાં સા તેહ તણી દષ્ટિ પડી... ૫
દેખી રૂપ રામાતણો મોહિઓ ખેચર ભૂપોજી
કામાતુર તિહાં આવીઓ દાખે આપ સરૂપોજી
દાખે આપ સરૂપ ખગપતિ કરે લાલચે લખ ખણી
એકવાર સાહમું જોઈએ સુંદરી મુઝ પ્રતિ બહુ ગુણ ખણી
ઈમ સુણી તેહના વચન નેહના ચિત્તિ સાન વિચાલએ
દઢ શીલ રાખે આપ સાખે ઉત્તર કિંપિ ન વાલ એ... ૬
તવ બોલે વળી પાપધી સુણ સુંદરી મુજ વાતોજી
કામ ભુજંગ મુજ તનુ દસિયો વિષ ભેદી સવિ ધાતોજી
સવિ ધાતુ ભેદી દેખે સુંદરી વચન મન્ત્ર પ્રકાશએ
તું આવિ અંગે રમે રંગિ કરિં ન મુઝ વિષ નાહ એ
અરે અધમ ખેચર વેગે સંચરે ભણે તવ સા ચંદ્રમુખી
પરદાર લંપટે ખડે સંકટ હોઈસી નર કિં બહુદુ:ખી... ૭
કહે પંચ બાણ પ્રહારની વેયણ ઘણી મુજ દેહોજી
પરિ રંભે સત્તુંજ બલે કરી માનની મ કરે સંદેહોજી
મ કરે તું સંદેહ માનિની પાપવચને સા કંપ એ
નવિ કેડે છંડે શીલ ખંડે મન વિચારી જંપએ
અરે સતી શીલ વ્રત ભંગ કરવા જો તું કરીશ પરાણ એ
તો રે તેણે પાપે સતી સરાપે જાઈશ ખય નિરવાણએ... ૮
દેશ નયર રાજ્ય તાહરો પુત્ર કલત્ર પરિવારોજી
જાઓ પ્રલય મુજ વચનથી સતી ઈમ ભણે જિણવારોજી
તેણિ વાર નિસુણી સતી ભાષિત ભણે ખેચર લજ્જા તજી
અરે મૂઢ માનિનિ કપટ ગામિની સ્યું કરૂં જો દિન હજી
હવે મને ભાવું રાતે આવું હરિઅ જાઉં મંદિરે
તુજ સાથે વિલસું રંગે મિલસું ભૂચરી તું સ્યું કરે... ૯
મુજ વચને રવિનાથમે તું રયણી કિમ થાયોજી
સતી કહિઓ મૂઢ અવગુણી સો નિજ નયરે જાયોજી
જાય સા નિજ નયર તતખિણ પઈવણં ઘર લગ્ગએ

રથ-પાયક-હય ગય કુટુંબ સરિસું જલી થયું સવિ ઢગ્ગ એ
સહુ દેસ લીધો જગ પ્રસીધો મિલી વૈરિ ભૂર એ
હવે કિસું થાસે મન વિમાસે એકાકી બહુ ઝૂરએ... ૧૦
હૈ હૈ દેવ ! કિસ્યું કીયો કવણ હૂઓ ઉતપાતોજી
બેઠો તરૂતલે ચિંતવી દુઃખે ગગે દિન-રાતોજી
રાતેદિન દુઃખે ગમે તતખિણ ખેચર તિહાં એક આવએ
અતિ સુંદરે સહજે હૃદય હેજે કોમલ વચન બુલાવ એ... ૧૧
સુણિમિત્ત મોરા ચિત્ત ચોરા તીરથ જઈ આવું જિસે
કનકપુર વર નયરમાંહિ દીઠું મહા અચરિજ તિસે... ૧૨
આજ દિવસ તીન તે હુઆ રવિ અસ્ત નવિ થાયોજી
શાંતિક પુષ્ટિક જન કરિ તિમ ઘણું નિશ્ચલ થાયોજી
થાય નિશ્ચલ ઘણું દિનકર રાજ પરજ ભયંકરો
સુણિ વચન ચમકયો હીએ ડમકયો હૂઓ સરાપ ખયંકરો
જાઉં સતી શરણે નમું ચરણે ખામું અવગુણ નિજવલી
દોય હાથ જોડું સરાપ વિછોડું જીવિત પાળું મનરૂલી... ૧૩
વેગે જઈ સતી પાય નમી ખામી કહે તતખેવોજી
હું અપરાધી ગાઢો હૂઓ માત મયા કરો હેવોજી
કરો માતા મયા મુજ ઉપરે સરાપ અનુગ્રહ કીજીએ
સવે રોષ ટાલી ચિત્તવાળી તું સુખે વલી જીવીએ
સતં સોઈ મનિ ભણીએ દૂહવ્યું મધુરૂં ગિરિ
જોઉ ઈષુ દંડ સુકરે ખંડહ પીડીઓ અમૃત ઝરે... ૧૪
પુરજન મેલી ખેચર ભણે સુણ જયો બાલ ગોપાલોજી
વચન પાપ મેં બાંધીઉ ફલીઓ મુજ તતકાલોજી
ફલ્યો મુઝ તત્કાલ લોકો રાજઋદ્ધિ સહુ ખય ગયું
સતી સરાપે શીલ પ્રતાપે સૂરિજ પુણ થંભણ થયું
સોહગ દેવી સતી કેરૂં ચરિત પુહવી પ્રસિદ્ધ કરી
વળી પાય લાગી માન માગી તવ સતી કરૂણા કરી... ૧૫
રાજ રમણી સુખ સંપદા પામીસ અધિક જગીસોજી
જાતું બંધવ નિજપુરી તૂઠી દેઉં આસીસોજી

આસીસ રૂઅડી સતીય કેરી લેઈ ચાલ્યો પુર ભણી
સુખ સંપત્તિ પામી ખેચર સામી ઠામે પુહતો દિનમણી
સતી જય જય વાદ પસર્યો પ્રશંસે સુર-નરપતી
શીલ ગુણે જાતા જગ વિખ્યાતા સોહગ દેવી મહાસતી... ૧૬
શીલે સંપદ સંપજે સુર નર કિન્નર ભૂતોજી
યશકીરતિ ભૂમંડલતમે સીલે સુંદર રૂપોજી
રૂપ સુંદર હુએ સીલે પ્રભુપાયે નમી સદા
ભૂતપ્રેત પિશાચ પીડા અંગે નાવે તે કદા
ધન્ન તે નરનારી પુહવી સાર શીલ અંગે ધરે
સોહગદેવી સતીની પરે વેગે શિવ લચ્છી વરે... ૧૭
શ્રી વિજયસેનસૂરીસરૂં શ્રી વિજય દેવ મુણિંદોજી
ભવિક કમલ પડિબોહ કરી ઉદયા દો એ દિણિંદોજી
દોય દિનકર સમાન ગણધર પાપ-તાપ તિમિર હરે
અચરિજ કારી ભૂમિ ચારી ભુવન અજુઆળુ કરે
અતિ રૂપ સુંદર મુનિપુરંદર કલ્યાણવિજય વાચક વરો
નિજ સીસ જાણે દયા આણી જયવિજય બહુ સુહંકરો... ૧૮

## [X] ૧૮૪. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજ્ઝાયો (૧)

પિઉડા આવો હો મંદિર આપણે રે ઉભી જોઉં થાહરી હો વાટ
તુજ વિણ સૂનાં હો મંદિર માળીયાં રે તુજ વિણ મનમાં ઉચાટ... પિઉડા૦ ૧
વિણ અવગુણ હો કાંઈ પરિહરી રે વાલમ ચતુર સુજાણ
મેં તો થારા પગરી મોજડી રે થેં છો મારા જીવન પ્રાણ... પિઉડા૦ ૨
તુઝ વિણ જાયે હો નિશદિન દોહિલા રે થાયે વરસ સમાન
નયણેં આલે નહિં હો નિંદડી રે ન રૂચે દીઠા જલ ધાન... પિઉડા૦ ૩
નેહ લગાઈ હો પ્રીતમ તું ગયો રે તેણે દહે મુઝ ગાત
ઝૂરી ઝૂરીને પંજર હું થઈ રે તુજ વિણ દુઃખિણી દિનરાત... પિઉડા૦ ૪
એવા નિઃસ્નેહી હો વ્હાલા કાં થયા રે કાં થયા કઠિન કઠોર
એટલા દિન હો સુખ બહુ ભોગવ્યા રે તોહી ન ભીંજી કોર... પિઉડા૦ ૫
પ્રીતમ પ્રીતિ હો એમ ન તોડીયે રે લાગી જેહ અમૂલ
સુગુણા કેરી હો સુંદર પ્રીતડી રે જાણે સુગંધા હો ફુલ... પિઉડા૦ ૬

દરિસણ દીજે હો મુજ પર કરી મયા રે લ્યો જોબન તન લાહ
એ અવસર છે પિયુજી દોહિલો રે હું નારી તુમે નાહ... પિઉડા૦ ૭
નાગર નાતિ સાગર ગુણ તણાં રે થુલિભદ્ર આવ્યા ચોમાસ
કોશ્યા હર્ષિત થઈ મનમાં ઘણું રે સફલ થઈ મુઝ આશ... પિઉડા૦ ૮
પ્રતિબોધી હો કોશ્યાને તિહાં રે કરી ચાલ્યો ચોમાસ
ધન્ય ધન્ય શ્રી થુલિભદ્ર મુનિપતિ રે ગુણ જિનહર્ષ પ્રકાશ... પિઉડા૦ ૯

## ૧૮૫. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજઝાયો (૨)

ઉઠ સખી ઉતાવળી રે સેર પરોવી લાલ, મોતીનું ઝુમખડું
લાવો આભૂષણ દાબડા રે કરવા સોલ શણગાર... મોતીનું ઝુમખડું ૧
સ્થુલિભદ્ર આવ્યા આંગણે રે જપતી જેહનો જાપ, મોતીનું ઝુમખડું
જબ ઝટ ઉઠી ઉતાવળી રે સજી સોલે શણગાર, મોતીનું ઝુમખડું ૨
નવા નવા નાટક નાચતી રે બોલતી વચન રસાલ, મોતીનું ઝુમખડું
આજ પરા શું થઈ રહ્યા રે જાણ્યો તુમારો જોગ, મોતીનું ઝુમખડું ૩
ઓઘો મુહપત્તી મેલો પરા રે કરોને રંગ વિલાસ મોતીનું ઝુમખડું
એ મનિવર ચળ્યા નહિં રે શીયલશું રાખ્યો રંગ... મોતીનું ઝુમખડું ૪
એ ડુંગર ડોલ્યા નહિં રે સળીએ હલાવ્યો મેર મોતીનું ઝુમખડું
માણેક મુનિવર એમ ભણે રે શીયલતણી સજઝાય... મોતીનું ઝુમખડું ૫

## ૧૮૬. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજઝાયો (૩)

લાલ સનેહી રે સ્થુલિભદ્ર દેખીયે રે જે મુજ પ્રાણ આધાર
આ ચિત્રશાળા રે ન ગમે તે વિના રે સાંભરે વાર હજાર... લાલ૦ ૧
મુજને કહ્યું હતું રે હું આવીશ વળી રે વળતાં લાગી રે વાર
પ્રીત ન કીજે રે સંયમી પંથીયા રે જે ઘર ઘરના ભમનાર...લાલ૦ ૨
નારી ધૂતારી રે જગમાં બહુહતી રે પણ તુજને શાબાશ
મનડું મેલીને રે રસકસ લઈ ગઈ રે ધરતો તે ન પડ્યો પાસ...લાલ૦ ૩
એહવા વાલેસર વળી દોહિલા રે બહુ ગુણ રયણ ભંડાર
લાજ ન કીજે રે તેહશું બોલતાં રે જિહાં મન માન્યું સો વાર... લાલ૦ ૪
ચોરાસી ચોવીસીમાં રે નામ નિજ રાખીયું રે કોશાને સમકિત દીધ
રૂપવિજય કહે સ્થુલિભદ્ર તું જયો રે નામે નવનિધ સિધ... લાલ૦ ૫

## • ૧૮૭. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજ્ઝાયો (૪)

એક દિન કોશ્યા ચિત્ત રંગે, બેઠી છે મનને ઉમંગે,
પાંચ સાત સાહેલી સંગે રે, સ્થૂલિભદ્ર મુનિ ઘેર આવે;
આવે આવે લાછલદેનો નંદ રે, સ્થૂલિભદ્ર મુનિ ઘેર. આવે૦ ૧

આજ મારે મોતીડે મેહ વૂઠયાં, દેવ દેવી સર્વે મુજ તુઠયાં;
મેં તો જીવન નયણે દીઠા રે. સ્થૂલિ૦ ૨

આવી ઉતર્યા ચિત્રશાલી, રૂડા રત્ને જડી રઢીયાળી;
માંહે મણીયા મોતીની જાલી રે. સ્થૂલિ૦ ૩

પકવાન જમ્યા બહુ ભાત, ઉપર ચોસઠ શાકની જાત;
તો યે ન ધરી વિષયની વાત રે, સ્થૂલિ૦ ૪

કોશ્યા સજતી સોળ શણગાર, કાજલ કુમકુમ ને ગળે હાર;
પગવટ અંગૂઠી વિછૂયા સાર રે. સ્થૂલિ૦ ૫

દ્વાદશ ધપમપ માદલ વાજે, ભેરી ભુંગલ વિણા ગાજે;
એમ રૂપે અપ્સરા વિરાજે રે. સ્થૂલિ૦ ૬

કોશ્યાએ વાત વિષયની વખાણી, સ્થૂલિભદ્રે હૃદયે નવિ આણી;
હું તો પરણ્યો સંયમ પટરાણી રે. સ્થૂલિ૦ ૭

એહવા બહુવિધ નાટક કરીયા, સ્થૂલિભદ્રે હૃદયે નવિ ધરીયાં;
સાધુ સમતારસના, દરિયા રે. સ્થૂલિ૦ ૮

સુખો એવો જીવે અનુભવ્યો, કાળ અનંતો એમ ગમ્યો;
તોયે તૃપ્તિ જીવ ન પામ્યો રે. સ્થૂલિ૦ ૯

વેશ્યાને કીધી સમકિત ધારી, વિષયસુખના રસથી નિવારી
એવા સાધુને જાઉં બલિહારી રે. સ્થૂલિ૦ ૧૦

એહવે પુરું થયું ચોમાસુ, સ્થૂલિભદ્ર આવ્યા ગુરુ પાસ;
દુષ્કર દુષ્કર વ્રત ઉલ્લાસ રે. સ્થૂલિ૦ ૧૧

નામ રાખ્યું છે જગમાંહે, ચોરાશી ચોવીશી માહે;
સાધુ પહોચ્યા છે દેવલોક માંહે. સ્થૂલિ૦ ૧૨

પંન્યાસ સુહસ્તિવિજય કવિરાય, એહવા સુગુરુતણે સુપસાય;
શિષ્ય ખુશાલવિજય ગુણ ગાય રે. સ્થૂલિ૦ ૧૩

## ૧૮૮. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજઝાયો (૫)

પીતડી ન કીજે નારી પર દેશીયા રે... ખિણખિણ દાઝે રે દેહ...
વિંછડીયો વાલેસર મળવો દોહિલો રે... સાલે અધિક સનેહ...
પ્રીતડી૦ ૧

આજે આવ્યા રે કાલે ઉઠી ચાલશે રે... ભમર ભમંતા રે જોય...
સાચાં સાજન વોળાવી સાલ તા રે... ધરતી ભાર ન હોય...
પ્રીતડી૦ ૨

મનના મનોરથ તે મનમાં રહ્યા રે... કહીયે કેહને જાય...
કાગળ લખતાં ભીંજે આશુંએ રે... આવે આવે દુર્જન હાથ...
પ્રીતડી૦ ૩

મુજને તુજ વિના વ્હાલો કો નહિ રે... એણે જગ તુજશું રે નેહ...
સયણ સલુણા સાંભળ વિનતી રે... જીવ એહ દોય દેહ...
પ્રીતડી૦ ૪

સુગુણ સયણ તુજ વયણ કહું કિસ્યા રે... પાલે પ્રીત અભંગ...
રખે વિસરો દુર્જનને કહે રે... રાખો રાખો અવિચલ રંગ...
પ્રીતડી૦ ૫

ઈણિપરે સ્થુલીભદ્રે કોશ્યાને બુઝવી રે... પાલ્યો પુરવ પ્રેમ...
શીલ સુરંગી દિધી ચુંનડી રે... કવિયણ બોલે રે એમ...
પ્રીતડી૦ ૬

## • ૧૮૯. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજઝાયો (૬)

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમાં શિરદારજો, ચોમાસુ આવ્યા કોશ્યા આગાર જો;
ચિત્રામણ શાળાયે તપજપ આદર્યા જો. ૧

આદરીયા વ્રત આવ્યા છો અમ ગેહ જો, સુંદરી સુંદર ચંપકવરણી દેહ જો;
અમ તુમ સરિખો મેળો આ સંસારમાં જો. ૨

સંસારે મેં જોયું સઘળું સ્વરૂપ જો, દર્પણની છાયામાં જેવું રૂપ જો;

સુપનાની સુખલડી ભૂખ ભાંગે નહિ જો. ૩

ના કહેશો તો નાટક કરશું આજ જો, બાર વરસની માયા છે મુનિરાજ જો;
તે છોડી કેમ જાઉં હું આશા ભરી જો. ૪

આશા ભરીયો ચેતન કાળ અનાદિ જો, ભૂલ્યો ધર્મને હીણ થયો પ્રમાદિ જો;
ન જાણી મેં સુખની કરણી જોગની જો. ૫

જોગી તો જંગલમાં વાસો વસીયા જો, વેશ્યાને મંદિરિયે ભોજન રસિયાજો;
તુમને દીઠાં એવા સંયમ સાધતા જો. ૬

સાધશું સંયમ ઈચ્છા રોધ વિચારી જો. કૂર્માપુત્ર નાણી થયાં ઘરબારી જો;
પાણીમાંહે પંકજ કોરૂં જાણીએ જો. ૭

જાણીએ તો સઘળી તુમારી વાત જો,મેવા મીઠાઈ રસવંતા બહુ જાત જો;
અંબર ભૂષણ નવ નવલી ભાતે લાવતાં જો. ૮

લાવતાં તો તું દેતી આદરમાન જો, કાયા જાણું રંગ પતંગ સમાન જો;
ઠાલી તે શી કરવી એવી પ્રીતડી જો. ૯

પ્રીતલડી કરતા તે રંગભર સેજ જો, રમતાંને દેખાડંતા ઘણું હેજ જો;
રીસાણી મનાવી મુજને સાંભરે જો. ૧૦

સાંભરે તો મુનિવર મનડું વાળે જો, ઢાંકયો અગ્નિ ઉઘાડ્યો પરજાળે જો;
સંયમમાંહિ એ છે દૂષણ મોટકું જો. ૧૧

મોટકું આવ્યું તું રાજા નન્દનું તેડું જો, જાતાં ન વહે કાંઈ તમારૂં મનડું જો;
મેં તુમને તિહાં કોલ કરીને મોકલ્યા જો. ૧૨

મોકલ્યા તો મારગ માંહિ મળીયા જો, સંભૂતિ આચારજ જ્ઞાને બળીયા જો;
સંયમ દીધું સમકિત તેણે શિખવ્યું જો. ૧૩

શિખવ્યું તો કહી દેખાડો અમને જો, ધર્મ કરંતા પૂણ્ય વડેરૂં તમને જો;
સમતાને ઘેર આવી કોશ્યા એમ વદે જો. ૧૪

વદે મુનીશ્વર શંકાનો પરિહાર જો, સમકિત મૂળે શ્રાવકનાં વ્રત બાર જો;
પ્રાણાતિપાતાદિક સ્થૂલિથી ઉચ્ચરે જો. ૧૫

ઉચ્ચરે તો વીત્યું છે ચોમાસું જો, આણા લઈને આવ્યા ગુરુની પાસે જો;

શ્રુતનાણી કહેવાણા ચૌદેપૂર્વી જો. ૧૬

પૂર્વી થઈને તાર્યા પ્રાણી થોક જો, ઉજ્વલ ધ્યાને તેહ ગયા દેવલોક જો;
ઋષભ કહે નિત્ય કરીએ તેહને વંદના જો. ૧૭

## [X] ૧૯૦. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજ્ઝાયો (૭)

વેશ જોઈને સ્વામી આપનો, લાગી મારા તનડામાં લ્હાયજી;
અણધાર્યું સ્વામી આ શું કર્યું, લાજે સુંદર કાયાજી,
કોણે રે ધૂતારે તમને ભોળવ્યા. ૧

આવી ખબર જો હોત તો, જાવા દેત નહીં નાથજી;
છેતરી છેહ દીધો મને, પણ નહીં છોડું હું સાથજી, કોણે૦ ૨
બોધ સુણી સુગુરુતણો, લીધો સંજમ ભારજી;
માતા પિતા પરિવાર સહુ, જુઠો આળ પંપાળજી,
નથી રે ધૂતારે મને ભોળવ્યો. ૩

એવું જાણી કોશ્યા સુંદરી, ધર્યો સાધુનો વેષજી;
આવ્યો ગુરુની આજ્ઞા લહી, દેવા તને ઉપદેશજી; નથી૦ ૪

કાલ સવારે ભેગા રહી, લીધાં સુખ અપારજી;
તે બોધ દેવા મને આવીયા, જોગ ધરી આ વારજી;
જોગ રે સ્વામી અહીં નહીં રહે. ૫

કપટ કરી મને છોડવા, આવ્યા તમે નિરધારજી;
પણ કદી નહીં છોડું હું નાથજી, નથી નારી ગમારજી, જોગ૦ ૬

છોડ્યા માત પિતા વળી, છોડ્યા સહુ પરિવારજી;
ઋદ્ધિ સિદ્ધિ મેં તજી દીધી, જાણી સઘળું અસારજી,
છેટી રહીને કર વાત તું. ૭

જોગ ધર્યો મેં સાધુનો, છોડ્યો સઘળાનો પ્યારજી;
માત સમાન તને ગણું, સત્ય કહું નિરધારજી. છેટી૦ ૮

બાર વરસની પ્રીતડી, પલમાં તૂટી ન જાયજી;
પસ્તાવો પાછળથી થશે, કહું લાગીને પાયજી, જોગ૦ ૯

નારી ચરિત્ર જોઈ નાથજી, તુરત છોડશો જોગજી;
માટે ચેતો પ્રથમ તુમે, પછી હસશે સહુ લોકજી. જોગ૦ ૧૦

ચાળા જોઈને તારા સુંદરી, ડગું નહીં લગારજી;
કામશત્રુ મેં કબ્જે કર્યો, જાણી પાપ અપારજી. છેટી૦ ૧૧

છેટી રહી ગમે તે કરે, મારા માટે ઉપાયજી;
તો પણ સામું જોઉં નહીં, શાને કરે તું હાયજી. છેટી૦ ૧૨

માછી પકડે છે જાલમાં, જલમાંથી જેમ મીનજી;
તેમ મારા નેત્રના બાણથી, કરીશ હું તમને આધિનજી. જોગ૦ ૧૩

ઢોંગ કરવા તજી દેઈ, પ્રીતે ગ્રહો મુજ હાથજી;
કાળજું કપાય છે માહરું, વચનો સુણીને નાથજી, જોગ૦ ૧૪
બાર વરસ તુજ આગળે, રહ્યો તુજ આવાસજી;
વિધવિધ વૈભવ ભોગવ્યાં, કીધાં ભોગ વિલાસજી,
આશા તજી દે હવે માહરી. ૧૫

ત્યારે હતો અજ્ઞાન હું, હતો કામનો અંધજી;
પણ હવે તે રસ મેં તજ્યો, સુણી શાસ્ત્ર પ્રબંધજી. આશા૦ ૧૬

જ્ઞાની મુનિ ને ઋષિયો,મોટા મુનિવર ભૂપજી;
તે પણ દાસ બની ગયા, જોઈ નારીનું રૂપજી. જોગ૦ ૧૭

સાધુપણું સ્વામી નહીં રહે, મિથ્યા વદુ નહીં લેશજી;
દેખી રે નાટારંભ માહરો, તજશો સાધુનો વેષજી, જોગ૦ ૧૮

વિધવિધ આભૂષણો ધારીને, સજી રૂડાં શણગારજી;
પ્રાણ કાઢી નાંખે તાહરો, કૂદી કૂદી આ વારજી. આશા૦ ૧૯

તો પણ સામું જોઉં નહિ, ગણું વિષ સમાનજી;
સૂર્ય ઉગે પશ્ચિમ કદી, તો પણ છોડું ન માનજી. આશા૦ ૨૦

વિધ વિધ નાટક મેં કર્યાં, સ્વામી આપની પાસજી;
તો પણ સામું જોઈ તુમે, પુરી નહિં મુજ આશજી;
હાથ રે ગ્રહો હવે માહરો. ૨૧

હસ્ત જોડી હવે વિનવું, પ્યારા પ્રાણ જીવનજી;
બાર વરસની પ્રીતડી, યાદ કરો તમે મનજી. હાથ૦ ૨૨

ચેત ચેત કોશ્યા સુંદરી, શું કહું વારંવારજી;
આ સંસાર અસાર છે, નથી સાર લગારજી.
સાર્થક કરો હવે દેહનું. ૨૩

જન્મ ધરી આ સંસારમાં, નવિ ઓળખ્યો ધર્મજી;
વિધ વિધ વૈભવ ભોગવ્યા, કીધા ઘણાં કુકર્મજી. સાર્થક૦ ૨૪

તે સૌ ભોગવવું પડે, મૂઆ પછી તમામજી;
અધર્મી પ્રાણીને મલે નહિ, શરણું કોઈ ઠામજી. સાર્થક૦ ૨૫

સિન્ધુ રૂપી સંસારમાં, માનવ મીન રૂપ ધારજી;
જંજાળ જાલ રૂપી ડગડગે, કાળરૂપી મચ્છીમારજી. સાર્થક૦ ૨૬
વિષય રસ વ્હાલો ગણી, લીધાં સુખ અપારજી;
ધર્મનાં કાર્ય કર્યાં નહીં, રાખી ભોગની આશજી,
ઉદ્ધાર કરો મુનિ હવે માહરો. ૨૭

વ્રત ચૂકાવવા આપનું, કીધાં નાચ ને ગાનજી;
છેડ કરી મુનિવર આપની, બની છેક અજ્ઞાનજી. ઉદ્ધાર૦ ૨૮

બાર વરસ સુખ ભોગવ્યાં, ખરચ્યાં ખૂબ દીનારજી;
તો પણ તૃપ્તિ થઈ નહિ, ધિક્ ધિક્ મુજ ધિક્કારજી. ઉદ્ધાર૦ ૨૯

શ્રેય કરો મુનિવર માહરું, બતાવી શુભ જ્ઞાનજી;
ધન્ય છે મુનિવર આપને, દિસો મેરૂ સમાનજી. ઉદ્ધાર૦ ૩૦

છોડી મોહ સંસારનો, ધારો શિયલ વ્રત સારજી;
તો સુખ-શાંતિ સદા મળે, પામો ભવજલ પારજી. સાર્થક૦ ૩૧

ધન્ય છે મુનિવર આપને, ધન્ય શકટાળ તાતજી;
ધન્ય સંભૂતિ વિજય મુનિ, ધન્ય લાછલદે માતજી,
મુક્ત કરી મોહજાળથી. ૩૨

આજ્ઞા આપો હવે મુજને, જાઉં મુજ ગુરુ પાસજી;

ચોમાસું પૂરું થયા પછી, સાધુ છાંડે આવાસજી,
રૂડી રીતે શિયલવ્રત પાળજો. ૩૩

દર્શન આપજો મુજને, કરવા અમૃત પાનજી;
સૂરીન્દુ કહે સ્થૂલિભદ્રજી, થયા સિંહ સમાનજી,
ધન્ય છે મુનિવર આપને. ૩૪

## [X] ૧૯૧. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજ્ઝાયો (૮)

અહો મુનિવરજી માહરી ઉપર, મ્હેર કરી ભલે આવીયા;
હું વાટ તમારી જોતી' તી, તુમ વિરહે નયણાં ભરતી' તી
વળી દૈવને ઓલંભા દેતી' તી. અહો૦ ૧

તુમે ચતુર ચોમાસું કરી ચાલ્યાં, તે ઉપર દિને મે ગાળ્યાં;
હવે ભલું થયું નયણે ભાળ્યાં. અહો૦ ૨

હવે દુઃખડા મારા ગયા દૂરે, આનંદ નહીં હરખે પૂરે;
હવે ચિત્ત ચિંતા સઘલી ચૂરે. અહો૦ ૩

મારા તાપ ટલ્યા સઘળા તનના, મારા વિલય ગયા વિકલ્પ મનના;
વલી વૂઠા નીર અમૃત ઘનના. અહો૦ ૪

એક ચોમાસું ને ચિત્રશાલી, એ નાટક ગીત તણી તાલી;
મુજ સાથે રમીએ મનવાલી. અહો૦ ૫

તવ બોલ્યા સ્થૂલિભદ્ર સુણ બાળા, તુંમ કરીશ ચિત્ત ચરિત્ર ચાળા,
એ વાત તણાં હવે દ્યો તાળાં;
અહો મનહરણી ! તુમે મુજ ઉપર રાગ સરાગ ન રાખો;
અહો સુખકરણી સંયમરસથી, રાગ હૈયામાં રાખો. અહો૦ ૬
હવે રસભરી વાત તિહાં રાખી, મેં સંયમ લીધું ગુરુ સાખી;
ચિત્ત ચોખે ચારિત્ર રસ ચાખી. અહો૦ ૭
હવે વિષય તૃષ્ણાથી મન વારો, હવે ધર્મ દયાથી દિલ ધારો;
એ ભવોદધિથી આતમ તારો. અહો૦ ૮
કોશ્યા મુનિ વચને પ્રતિબોધી, આશ્રવ કરણી તે સવિ રોધી;
તે વ્રત ચોથું લઈ થઇ શુદ્ધિ. અહો૦ ૯

જે નર એહવી પ્રીત પાલે, જે વિષમ વિષયથી મન વાલે;
તે તો આતમ પરિણતિ અજુવાળે. અહો૦ ૧૦
જે એહવા ગુણીના ગુણ ગાવે, જે ધર્મરંગ અંતર ધ્યાવે;
તે તો મહાનંદ પદ નિશ્ચલ પાવે. અહો૦ ૧૧

## ૧૯૨. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજઝાયો (૯)

લાછલદે માત મલ્હાર બહુ ગુણ રયણ ભંડાર
આજ હો૦ ભોગી રે રમે રંગે રૂડી નારીશુંજી... ૧
ભરજોબન વનમાંહ માતા મયગલ જયાંહ
આજ હો૦ ઝીલે રે સરોવરે કોશ્યા કેરડેજી... ૨
અહનિશ કરે રે ટંકોલ કોશ્યાસું રંગરોલ
આજ હો૦ ખેલે રે કલ્લોલે મોહન માળીયેજી... ૩
સ્થુલિભદ્રશું બહુ નેહ એક જીવ બે દેહ
આજ હો૦ જાતી રે ન જાણી રમતાં રાતડીજી... ૪
ઈણ અવસર નિજતાત મરણતણી સુણી વાત
આજ હો૦ એવું જાણીને સંયમ આદર્યુંજી... ૫
કોશ્યા લેઈ આદેશ વિચરે દેશ વિદેશ
આજ હો૦ ઝુરે રે વાલમ વિણ વિરહિણી એકલીજી... ૬
કુણ દેશે અંગોલ કુણ પીરસસે ધૃત ગોળ
આજ હો૦ વાધે રે કેશરીયે કસ કુણ બાંધશેજી... ૭
સહજ સુંવાળી સેજ મૂકી મારા મનડાની હેજ
આજ હો૦ મારો રે પ્રીતમ પોઢ્યો સાથરેજી... ૮
જે વિણ દિન નવિ જાય ખિણ વરસાં સો થાય
આજ હો૦ વ્હાલો રે વિછોહયો કહો કુણ મેળવેજી... ૯
ઈમ જપતાં બહુ માસ સ્થુલિભદ્ર ચતુર ચોમાસ
આજ હો૦ આવ્યા રે ઉલટ ધરી કોશ્યા આંગણેજી... ૧૦
હર્ષ જુઓ તિણે દિસ તે જાણે જગદીશ
આજ હો૦ નયણે રે રંગીલે કોશ્યા પાયે પડેજી... ૧૧
ષટરસ સરસ આહાર પડિલાભ્યા તેણીવાર

આજ હો૦ કોશ્યા રે હૈયે હરખે નવા નેહથીજી... ૧૨
પહેરી સોલ શણગાર ચતુર છયલ તવ નાર
આજ હો૦ બોલે રે અમીરસ વયણ સોહામણાંજી... ૧૩
જે આગળ શી રંભ દેખી રૂપ અચંભ
આજ હો૦ થંભ્યા રે આકાશે સૂરજ દેવતાજી... ૧૪
નવિ ભેધો મુનિસિંહ શીલવંતમાંહિ લીહ
આજ હો૦ ચોરાસી ચોવીશીએ નામ લખાવીયોજી... ૧૫
એ સ્થલિભદ્ર નિર્દોષ જેણે પ્રતિબોધી કોશ
આજ હો૦ દીધી રે સનેહી સમકિત સુખડીજી... ૧૬
એ સ્થુલિભદ્ર ચરિત્ર ભણતાં જન્મ પવિત્ર
આજ હો૦ પામી રે લબ્ધિ લીલા લખમી ઘણીજી... ૧૭

## [?] ૧૯૩. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજ્ઝાયો (૧૦)

એકને આગણ વાદળી રે સોહે સામે સુરંગ
યૌવનવય રંગરોળમાં પીયુ આવ્યો નિજ ગેહજી, વાતો કરૂં શું સંસારની
ગુરૂ આજ્ઞાલઈ આવીયા સ્થુલિભદ્ર ઋષિરાજજી
વેશ્યા કહે આવો પિયુ સફળ થયો ભવ આજજી... વાતો૦ ૨
ત્રણ ડગલા તું આઘી ઉભી રહેજે જેમ મરજી હોય તેમ કરજે
વૈરાગ્ય ભીનો થઈને હું આવ્યો ખસવાનો નથી કોઈ આરોજી... વાતો૦ ૩
સંયમ વ્હાલો મીઠો મારે મન અમને છે
અમૃતખાણ વ્હાલા છે ભાવપ્રાણ... વાતો૦ ૪
નાટક કરી નચાવતી ફેંકતી કામના બાણ
હાવભાવ હેવા થકી ફરી ફરી ભાખે વાણ... વાતો૦ ૫
હરખે કહું છું તુમને વ્હાલા જુઠડાચાળા શીદ કરોજી
પીયું તમારૂં મનમાને ત્યાં જાવ છો સુખ છંડી દુઃખી કિમ થાવ છો...
વાતો૦ ૬
સ્થુલિભદ્ર કહે કામિની આ સંસાર અસાર
ધૂમાડાના બાચકા ભરતાં જીવો થાય ખુવાર, સુખ છંડી... વાતો૦ ૭
વેશ્યાને વૈરાગ્ય જાગીયો વ્રત કરૂં હું મુનિરાય

બાધા કરૂં હું મારા સ્વામી સ્થુલિભદ્ર હો ગુરૂરાય... વાતો૦ ૮
સિદ્ધિસદા સુખ પામવા રે બારવ્રત લેઈ આરાધીયાજી
હીરવિજય ગુરૂ હીરલો રે લબ્ધિ વિજય ગુણ ગાય... વાતો૦ ૯

## ૧૯૪. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજ્ઝાયો (૧૧)

### દુહા

સરસ્વતીને ચરણે નમી, મન્મથ મારણ ટોલ,
સ્થૂલિભદ્ર ઋષિ આવીયા, કોશા મંદિર મહોલ... ૧
ઉઠ હાથ અળગી રહી, કોશા વદજે બોલ,
ચારમાસ ચિત્ર શાલીએ, મુનિવર રહ્યા અડોલ... ૨

### ઢાળ

કોશ્યા કહે સ્થુલિભદ્રજ રે કૂડા કરો ચકડોલ
સારી પાસા સોગઠા રે અમ ઘર રે રંગરોલ, સ્થુલિભદ્ર ! અમ૦ ૧
સ્થુલિભદ્ર વળતું ઈમ કહે રે સુણ કોશા અમ બોલ
અરિહંત નામ હૈયે ધરૂં રે અમઘર એ રંગરોલ રે, કોશા ! અમ૦ ૨
શાલ દાલ શુભ સાલણાં રે પોળી ઘીસું ઝબોલ
ભોજન કીજે ભાવતાં રે અમઘર એ રંગરોલ, સ્થુલિભદ્ર ! અમ૦ ૩
સરસ નીરસ કરી એકઠાં રે ભોજન કીજે ઘોલ
સ્વાદ લંપટપણું પરિહરી રે અમઘર એ રંગરોલ રે કોશા ! અમ૦ ૪
આંખડીયું દોય આંજીયે રે ઝળકે ગાલ કપોલ
પટ પીતાંબર પહેરીયે રે અમઘર એ રંગરોલ સ્થુલિભદ્ર ! અમ૦ ૫
લોચ કરાવું કેશનો રે માથે ન બાંધું મોલ
જીરણ વસ્ત્ર પહેરૂં સદા રે અમઘર એ રંગરોલ રે કોશા ! અમ૦ ૬
ચારૂ વિલેપન કીજીયે રે કીજીયે અંગ અઘોલ
શરીર સુંદર સોહાવીએ રે અમઘર એ રંગરોલ સ્થુલિભદ્ર ! અમ૦ ૭
ચારૂ વિલેપન વરજીએ રે વરજીયે અંગ અઘોલ
શીયલે શરીર સોહાવીએ રે અમઘર એ રંગરોલ રે કોશ્યા ! અમ૦ ૮
કપૂરે કીજે કોગળા રે મુખે દીજે તંબોલ
નવલખો હાર હૈડે ધરૂં રે અમઘર એ રંગરોલ સ્થુલિભદ્ર ! અમ૦ ૯

સુકૃત કરણી કોગળા રે મુખે વદીયે સત્ય બોલ
અરિહંત જાપ હિયડે ધરૂં રે અમઘર એ રંગરોલ રે કોશ્યા ! અમ૦ ૧૦
સુખ શય્યાએ પોઢીએ રે હિંચીયે હરખ હિંડોલ
ધૂપ ઘટી અતિ મહમહે રે અમઘર એ રંગરોલ સ્થુલિભદ્ર ! અમ૦ ૧૧
સંયમ સુંદર સુંદરી રે પાસે કરતી કલ્લોલ
જ્ઞાન દીપક દીપે સદારે અમઘર એ રંગરોલ રે કોશ્યા ! અમ૦ ૧૨
સોમવિમલ પંડિત તણો રે કોશા સ્થુલિભદ્ર બોલ
પ્રીતિવિમલ કહે પ્રાવીયા રે તસઘર નિત્ય રંગરોલ રે ભવિકા ! તસઘર૦ ૧૩

## ૧૯૫. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજ્ઝાયો (૧૨)(ઢાળ-૯)

### દુહા

સુખ સંપત્તિ દાયક સદા, પાયક જાસ સુરેન્દ્ર;
શાસન નાયક શિવગતિ, વંદુ વીર જિણંદ... ૧
જંબુદ્વીપનાં ભરતમાં, પાટલીપુર નૃપનંદ,
સકડાળ મંત્રી તસુ પ્રિયા, લાછલદે સુખકંદ... ૨
નાગર નાત શિરોમણી, નવ તેને સંતાન;
સાત સુતા સુત દોય છે, વંશ વધારણ વાન... ૩
સ્થુલિભદ્ર ભોગી ભમર, મુનિવરમાં પણ સિંહ;
વેશ વિલુદ્ધો તે સહિ, ન ગણે રાત ને દિન... ૪
કનક ટકા તેણે વાવર્યા, સાડી બાર કોડી;
વર્ષ બાર વોલી ગયા, પણ છતાં ન શકે છોડી... ૫
શકડાળ મ્હેં તો તીણે સમે, કવીશ્વર દુહવ્યો કોય;
તે માટે મરવું પડ્યું, તે જાણે સહુ કોય... ૬
શ્રીયક બંધવ તીણે સમે, પામી નૃપ આદેશ;
સ્થુલીભદ્રને તેડવા, આવ્યો મંદિર વેશ... ૭
હકીકત તેહની સાંભળી, સ્થુલિભદ્ર કહે સુણ નાર;
આજ્ઞા જો આપો તુમે, જઈ આવું એક વાર... ૮

### ઢાળ ૧

તમને મારા બાપના સમ, જાવા નહિં દઉલ રે;

તુજ થકી ઘડી એક, અળગી નહિ રહું રે;
નંદરાય જો આવશે પોતે, વા'લા મારા તેને ઉત્તર દેશું રે;
મીઠડા મારા ! જે તે ફરમાવશે, તે માથે ચઢાવી લેશું રે.
જાવા નહિં દઉં રે... ૧

પાટલીપુરની શેરીએ ભમતાં, રતન અમુલક લાધ્યું રે;
જાણ પુરૂષ મેં તુંહિજ દીઠો, તુજ શ્યું મનડું બાંધ્યું રે...
જાવા નહિં દઉં રે... ૨

સહેજે તારે દુઃખ પડે, વહાલા હું લોહી રેડું રે;
પ્રાણ જીવન ! પાછું વાળો, શ્રી નંદરાયનું તેડું રે...
જાવા નહિં દઉં રે... ૩

ખંતે કરી ખુંધું ખમશું, પણ નહિં મેલું છેડો રે;
ઈમ કરતાં જો પિયુ ! તુમે ચાલો તો મુજ સાથે તેડો રે...
જાવા નહિં દઉં રે... ૪

કોલ કરી સ્થુલિભદ્ર તિહાંથી, આવ્યા મન આણંદે રે;
ભૂપતિ ભેટી સંયમ લીધું, ઉદયરત્ન પાય વંદે રે...
જાવા નહિં દઉં રે... ૫

## ઢાળ ૨

આવ્યો અષાઢો માસ ના'વ્યો ધૂતારો રે; મુને ડંખ્યો વિરહ ભુજંગ કોઈ ઉતારો રે.
વિજોગ તણું વિષ વ્યાપીયું સઘળે રે; મારી ફુલ સમી દેહડી દાધી રે.
સકડાળના સુત પાખે, બીજો નહિં કોઈ મંત્રનો વાદી રે. ના'વ્યો

એહના ઝેરની ગતિ અનેરી, માને નહિ મંત્રને મોરો રે;
એક વાતનો અંત ન આવ્યો, દુઃખ પણ આપે દોહરો રે... ના'વ્યો ૨

ઝરમર ઝરમર મેહુલો વરશે, ખલહલ વ્યાકુલા વાજે રે;
બપૈયડો પિયુ પિયુ પોકારે, તિમ તિમ દિલડું દાઝે રે... ના'વ્યો ૩

વૈરીની પરે એ વરસાલો, મુજ આવી લાગ્યો આડો રે;
તન મન તલપાપડ થયું મળવા, મુને કોઈ પિયુડો દેખાડો રે... ના'વ્યો ૪

ઈણ અવસર શ્રી ગુરૂ આદેશે, સ્થુલિભદ્ર ચોમાસું આવ્યા રે;
ઉદયરત્ન કહે કોશ્યા રંગે, મોતીયે વધાવ્યા રે... ના'વ્યો ૫

## ઢાળ ૩

મારા મન માંહિ લાગે મીઠો, દહાડો આજનો;
હું પામી પુણ્ય સંજોગ રે, જોગ મને મોલુનો;
પ્રાણ નાથના પગલા થાતે, અમારૂં આંગણું નાચવા લાગ્યું રે,
હૈડામાંહિ હરખ ન સમાએ, વખત અંબર જઈ વાગ્યું રે... દહાડો૦ ૧
કુળ દેવીએ કરૂણા કીધી, લાલા ! મોતીડે મેહ વુઠયા રે;
આજ મારે આંગણે આંબો મોર્યો, પુણ્યે પૂરવજ ત્રુઠા રે... દહાડો૦ ૨
મંદિર હસીને સામું આવે, વાલા ! આ સાચું કે સુહણું રે;
આજ મારે ઘેર ગંગા આવી, સુખ નહિ કાંઈ ઉણું રે... દહાડો૦ ૩
એક ઘડીની અવધિ કરીને, વાલા ! ચાલ્યા ચિત્તડું ચોરી રે;
વળતી મુજને વિસારી તેં, કુણ મનાવે ગોરી રે... દહાડો૦ ૪
ઉંબરે આવી શું ઉભા છો, મારૂં મંદિર પાવન કીજે રે;
દાસી તુમારી અરજ કરે છે, મુજરો માનીને લીજે રે... દહાડો૦ ૫
ઉઠ હાથ અળગી સંચરજે, પછી જે જાણે તે કરજે રે;
ધપમપ માદલ ને ધોંકારી, કુદડીની પેરે ફરજે રે... દહાડો૦ ૬
ઈમ પરઠીને રહ્યા ચોમાસું, ઉદયરત્ન ઈમ ભાખે રે;
તેહને અમારી વંદના હોજો, મનડું દઢ રાખે રે... દહાડો૦ ૭

## ઢાળ ૪

મેં જોગ તુમારો જાણ્યો રે, મેલો ને આંટો રે;
મન ખટકે કાલજા માંહિ રે, પ્રેમનો કાંટો રે, મેલોને આંટો રે. મેલોને૦ ૧
જોગી હોય તે જંગલ સેવે, વાલા ! તો રહે જોગનું પ્રાણી રે;
અમ ઘર આવી જોગ જાળવશો, જોગની મુદ્રા જાણી રે. મેલોને૦ ૨
ઠમક ઠમક પાય વિછુઆ ઠમકે, વાલા ! રૂમઝુમ ઘુઘરી વાજે રે;
ઝાંજરડાના ઝમકારામાં, વ્રત સઘળાં ઈમ ભાંજે રે. મેલોને૦ ૩
એક ચોમાસું ને ચિત્રશાલા, ત્રીજો મેહુલો ટપટપચ્યું એ;
આંખલડીના ઉલાળામાં, મુનિપણ સામું ન જુવે રે. મેલોને૦ ૪
ધપમપ માદલને ધોંકારે, થેઈ થેઈ નાટક છંદે રે;
મુખના મરકલડામાં, કહો કુણ ન પડે ફંદે રે. મેલોને૦ ૫

એવા વચન સુણી કોશ્યાના, સ્થુલિભદ્ર કહે સુણ બાળા રે;
ના ના ના ના હવે નહિ ચૂકું, દેખી તારા ચાળા રે. મેલોને૦ ૬
ઉદયરત્ન કહે તે મુનિવરનાં, પ્રેમે પ્રણમું પાયા રે;
મનથી જેણે ઉતારી મેલી, બાર વર્ષની માયા રે. મેલોને૦ ૭

## ઢાળ ૫

માંડ્યો નાટારંભ મહારંગ વરસે રે, મેહશ્યું માંડ્યો વાદ; જાનની તરસે રે;
ગગન મંડળમાં ઉંડો ગાજે, મહેલમાં માદલ ગુંજે રે;
ચિત્રશાળામાં વીણા વાજે, મોર લવે ગિરિકુંજે રે; મહારંગ વરસે રે૦ ૧
પિયુ પિયુ પિયુ પિયુ ચાતક બોલે, વાલા ટુહુટુહુ કોયલ ટહુકે રે;
ઘુઘરીનાં ઘમકારામાં, તાથેઈ તાન ન ચૂકે રે. મહા૦ ૨
ઝળહળ કાને ઝાલ ઝબુકે, તે તો જલબાળા ને જીવે રે;
પાનીએ લાલ મમેલો જીત્યો, હરિઅ સાલુ અતિ દીપે રે... મહા૦ ૩
ઉઠ ક્રોડ રોમાં ઉછળીયા, એ તો જાલમ કીશો જોશ રે;
જલમાંહિ કમલ રહે જિમ કોરૂં, તિમ સ્થુલિભદ્ર રહ્યા કોરા રે; મહા૦ ૪
લળી લળી કુદડી લેતી જુવે, તે તો આડી નજરે રહે રે;
ઉદયરત્ન કહે ધન્ય મુનિવર, ન જુએ પાછું ફેરી રે... મહા૦ ૫

## ઢાળ ૬

તું શાને કરે છે ચાળા રે, હું નહિ ચૂકું રે;
મને વ્હાલી લાગે છે માળા રે, ધ્યાન ન મૂકું રે, હું નહિ ચૂકું રે... ૧
શીલ સાથે મેં કીધી સગાઈ, મેં તો મેલી બીજી માયા રે;
જાલીમ મયણને જેર કરીને, જીત નિશાન બજાયા રે... ૨
વજ્ર કછોટો વાળ્યો મેં સૂધો, તારો છોડ્યો નવિ છૂટે રે;
જો મંજારી ઘણું અકળાયે, તોયે તરાપેં શીકું ન તુટે રે... ૩
શશિહર જો અંગારા વરસે, અને જો સમુદ્ર મર્યાદા મૂકે રે,
પવને જો કનકાચળ ડોલે, નક્ષત્ર મારગ ચૂકે રે... ૪
તોપણ હું તારે વશ ના'વું, તું સુંદરી ! માનજે સાચું રે;
રાઈનો પહાડ વહી ગયો રાતે, હવે નતી મન કાચું રે... ૫
સો બાળક જો સામટા રૂવે, તો પાવઈ ન ચઢે પાનો રે;

ફોગટ શાને ફંદ કરે છે, લાગે ન હવે તાનો રે... ૬
જિણે મુનિવરે ત્રેવડી કોશ્યાને, એ તો પગની મોજડી તોલે રે;
તેહને અમારી વંદના હોજો, ઉદયરત્ન એમ બોલે રે... ૭

## ઢાળ ૭

સાંભળી તારા વયણાં રે, થઈ હું ઘેલી રે;
મને સાલે હૈડા માંહી રે, પ્રીતડી પહેલી રે... થઈ૦ ૧
બાર વરસની પ્રીત જે બાંધી, વ્હાલા આપના બોલ જે બોલ્યા રે;
કોલ કર્યો જે જમણે હાથે, વ્હાલા તે કેમ જાયે મેલ્યા રે... થઈ૦ ૨
એક ઘડી પણ અળગા રહેતા, મનમાં મહાદુઃખ થાતું રે;
આંખડીએ આસુડાં ખરતા ખોલી જુવે તે ખાતું રે... થઈ૦ ૩
એક દિવસેં મેં રીસ કરીને, તુજ શું કીધ માની રે;
બાંહ્ય ઝાલી મનાવી મુજને, તે વેળા કિહાં નાઠી રે... થઈ૦ ૪
પહેલે રાગ ધરી તેં મુજને, મેરૂને માથે ચઢાવી રે;
મૂળમાંથી તરછોડતા તુજને, મનમાં મહેર ન આવી રે... થઈ૦ ૫
નાગર સહિ તે નિર્દય હોવે મુખથી બોલે મીઠું રે;
કાળજા માંહેથી કપટ ન છંડે તે મેં પ્રત્યક્ષ દીઠું રે... થઈ૦ ૬
એવા ઓળંભા કાને સુણીને મુનિવર મન ન આણ્યું રે;
ઉદયરત્ન કહે ધન્ય લાછિલદે જિણે એવો દિકરો જાયો રે... થઈ૦ ૭

## ઢાળ ૮

મેં પરણી સંજમનારી રે તુને વિસારી રે;
તારા માથાની મળી તેહ કામણગારી રે, તુજને વિસારી રે... ૧
તેણે મુજને આકર્ષી લીધો એક પલક ન મેલે પાસો રે;
ઉઠ હાથ તુજ અળગી રાખે ન આપે વારો વારો રે... તુજને૦ ૨
તુંહી નજરમેળ મળવા તિણે મારૂં મનડું ઉલાળી લીધું રે;
તે આગળ શો જોર છે તારો બેસી રહો મન વાળી રે... તુજને૦ ૩
ચિહું પાસે ચોકી છે તેહની હાથે છે તાળું ને કુંચી રે;
ઘરમાં પગ ન પડે તારો જો થાએ ઉંચી નીચી રે... તુજને૦ ૪
મુહપત્તિ માળાને વળી ઓઘો અહનિશ રહે મુજ તીરે રે;

એ ત્રણે ચોકી છે તેહની તુજને તે તો કેમ ધીરે રે... તુજને૦ ૫
પાંચની સાખે તે છે પરણી તું તો છે મનની માની રે;
આખર તારો અમલ ન પહોંચે તે માટે રહે છાની રે... તુજને૦ ૬
સહેજે તુજ શું વાત કરૂં તો ચડશે તેહને ચટકો રે;
તલવારની ધારા પર રાખે પણ લાખિણો લટકો રે... તુજને૦ ૭
જોર ચોરના કિહાં લગે પહોંચે જિહાં લગે ધણી નવિ જાગે રે;
ધણી જ્યારે જાણીને જુએ ત્યારે ચોર સહુ મારગ લાગે રે... તુજને૦ ૮
એવાં વચણ સુણી મુનિવરનાં કોશ્યા સમકિત પામી રે;
બે કર જોડી વંદે તેહને ઉદયરત્ન શિર નામી રે... તુજને૦ ૯

## ઢાળ ૯

પામી તે પ્રતિબોધ ચોથું રે ચોથું રે વ્રત વળી ચોથું ચોખું ઉચ્ચરી રે;
સમકિત મૂળ વ્રત બાર કોશ્યા રે કોશ્યા રે મુનિવર વચને આદર્યા રે... ૧
ધન્ય લાછિલદે માતા ધન્ય રે ધન્ય રે તારા શકડાળ તાતને રે;
ધન્ય ધન્ય ગૌતમ ગોત્ર ધન્ય રે ધન્ય રે નિર્મળ નાગર ન્યાતને રે... ૨
ધન્ય ધન્ય જક્ષાદિ સાતે બેનડી રે વળી રે ધન્ય ધન સરિયા ભાતને રે;
ધાર્ય પણાને ધન્ય ધન્ય જગમાં રે ધન્ય ધન્ય તુજ અવદાતને રે... ૩
સંભૂતિ વિજય ગુરૂ ધન્ય જે થયો ધન્ય જે થયો ધર્માચાર જ તાહરો રે;
ધન્ય ધન્ય ચિત્ર શાળી જોતા રે જોતા રે ધન્ય ધન્ય જન્મારો માહરો રે... ૪
જે પામી હું તુંજસ્યું પ્રીતિ જો જો રે, જો જો રે મુઝમુઝા ઉગરી રે;
બાંહી ઝાલ્યા માટ મુજને રે વાહલા તે નિર્મલ કરી રે... ૫
કોશ્યા શું દેઈ શીખ મુનિવર રે મુનિવર રે વિહાર કરે તિહાંથી હવે રે;
પહોંત્યા સદ્ગુરૂ પાસ દુષ્કર રે દુષ્કર રે ફરી ફરી ગુરૂ મુખથી ચવે રે... ૬
નામ રાખ્યું જગમાંહી જેણે રે જેણે રે ચોરાસી ચોવિશી લગે રે;
ધન ધન તે નરનારી મનથી રે મનથી રે વિષય થકી જે ઉભગે રે... ૭
સત્તરસેં ઓગણસાઠ મૃગશીર રે મૃગશીર રે સુદી મૌન એકાદશી રે;
શીલ તણા ગુણ એહ ગાયા રે ગાયા રે મેં ઉંઝા ઉનાવા ઉલ્લસી રે... ૮
શ્રી સ્થુલીભદ્ર ઋષિરાય ગાતાં રે ગાતાં રે મુહ માગ્યા પાસા ઢળ્યા રે;
ઉદયરત્ન કહે એમ મનના રે મનના રે મનોરથ સહુ વેગે ફળ્યા રે... ૯

## ૧૯૬. સ્થૂલભદ્રજી અને કોશ્યાની સજ્ઝાયો (૧૩)(ઢાળ-૧૮)

### દુહા

સયલ સુહંકર પાસજી શંખેશ્વર સિરદાર;
શંખેશ્વર કેશવ જરા હરત્ત કરત્ત ઉપગાર... ૧
સરસ વચન રસ વરસતી સરસતી ભગવતી જેહ;
શુભ મતિદાયક શુભ ગુરૂ પ્રણમું ત્રિકરણ એહ... ૨
ભદ્રંકર સ્થુલિભદ્રજી સાધુ સકલ સિરદાર;
તાપ તપીત કંચન યથા ગુરૂ કહે દુ:કર કાર... ૩
લલીત વચન પદ પદ્ધતિ રચશું શીયલની વેલ;
બાળક બાહુ પસારીને જલનિધિ માન કરેલ... ૪
સુણતાં સજજન સુખ લહે દુર્જન મન ડોળાય;
પયપાને પુષ્ટિ વધે વિષધરને વિષ થાય... ૫
વ્રતધારી નિશ્ચલ હોવે ભદ્રકને ગુણ રાગ;
વૈરાગી વૈરાગ્યતા પંડીત વચનશું લાગ... ૬
જલધર જળ વરસે ભુવિ ઈક્ષુ પ્રમુખ રસ જેમ
ચતુર વિવેકી રીઝશે રચશું રચના તેમ... ૭

### ઢાળ ૧

પાટલીપુરમાં રે પ્યારે નવ નવ રસ કૌતુક શણગારે;
સુખીયા પ્રાણી રે ઝાઝા રાજ કરે છે શ્રી નંદરાજા... પાટલી૦ ૧
સકડાલ મંત્રી રે જાણો નાગર જ્ઞાતિ સુજાત વખાણો;
કમલમુખી કમલા અનુસરણી સુંદર લાછલદે તસ ઘરણી... પાટલી૦ ૨
પુત્ર ભલેરા રે પામે શ્રી સ્થુલિભદ્ર ને સિરિયા નામે;
પુત્રી સાતે રે મલીયા નવનંદન તેહને અટકળીયા... પાટલી૦ ૩
ચતુરાઈ કેરા રે કહીયે સ્થાનક નીતિશાસ્ત્રે એમ લહીયે;
પંડિત સાથે રે મલતાં રાજસભા નિવેશે ભમતાં... પાટલી૦ ૪
શાસ્ત્રપઠન દેશાંતર ભમીયે રહીયે નિત્ય વેશ્યા મંદીરીએ;
તો ચતુરાઈ રે આવે એમ સ્થુલિભદ્ર તિહાં દીલ ધ્યાવે... પાટલી૦ ૫
તાતની આણારે માગી દ્રવ્ય સહીત ચાલ્યા વડ ભાગી,

કોશ્યા દેખી રે થંભે શુભ શણગાર શરીર અચંભે... પાટલી૦ ૬

## ઢાળ ૨

વારવધૂ સોહામણી રૂપ રંગે સારી;
સકલ સ્વરૂપ નિહાલતાં સુરસુંદરી હારી... ૧
શરદ પુનમનો ચંદ્રમા મુખ દેખી હરાવે
અધર અરૂણ પરવાલની પણ ઉપમા ન આવે... ૨
દંત જીસ્યા દાઢમ કલી ફુલ વયણે ખરતાં;
નાસા ઉપમ ન સંભવે શુક ચંચુક ધરતાં... ૩
લોચનથી મૃગ લાજીયો શશી મંડલ બેઠો;
સુંદર વેણી વિલોકીને ફણિધર ભૂમિ પેઠો... ૪
પાણી ચરણને જોઈને જલ પંકજ વસીયાં;
કલશ ઉરોજને દેખીને લવણોદધિ ધસીયા... ૫
લંક કટીતટ કેશરી ગિરિ કંદર નાસી;
મોહનીમંત્રવશે ઘડી ઘાતે ઈહાં વાસી... ૬
દંત તણો ચૂડો ધર્યો હૈયે મોતીનો હાર;
કુંજરની ગતિ ચાલતી ત્રણ રત્નજ હાર... ૭
ખેદ ભરાણા હાથીઆ નાખે શિર છાર;
અબલા તે સબલા થઈ અમને ધિ:ક્કાર... ૮
કંચુક કશબી કોરનો હાથે સોનાનો ચુડો;
મોહનગારી પ્રેમમાં રસ વાધ્યો છે રૂડો... ૯
ચીર તિલક વાળી સજી શોભે શણગાર;
સ્થૂલિભદ્ર તે દેખતાં મોહ્યા તેણી વાર... ૧૦
તેહવે તે હરિણાક્ષીએ આલિંગ્યો ધરી નેહ;
પીનપયોધર બાગમાં ભૂલો પડ્યો તેહ... ૧૧
નિત્ય નવલી ક્રીડા કરે નિત્ય નવલા ભોગ;
સરસ ભોજન અમૃત સમા આરોગે સુરભોગ... ૧૨
પંચ વિષય સુખ લીલમાં બાર વરસ નિગમીયાં;
સાઢીબાર ધન કોડીશું શુભ રંગે રમીયાં... ૧૩

## ઢાળ ૩

કાલ ગયો નવી જાણીયો રે વેશ્યા વિલુદ્ધો તેહ, છેલ ન છોડીયા રે;
વરરૂચિ બ્રાહ્મણને સંયોગે સકડાલ મંત્રી જેહ... છેલ૦ ૧
નંદ નરેશ્વર કોપીયો રે મંત્રી મરણ લહે તામ છેલ૦
રાયે સિરિયાને તેડાવીયો રે દીએ મંત્રીપદ કામ... છેલ૦ ૨
મુજ બાંધવ વેશ્યા ઘરેરે રંગે રમે એક ચિત્ત છેલ૦
માંસ નખે જલ માછલી રે તાસ સરીખી પ્રીત... છેલ૦ ૩
મંત્રીપણું દીઓ તેહનેરે તેડાવી મહારાજ છેલ૦
નંદ કહે સિરિયા પ્રત્યેરે આણ તું એણે ઠાય... છેલ૦ ૪
શીખ લહી નર રાયનીરે પહોંતો સિરિયો ત્યાંહી છેલ૦
બાંધવને પ્રણમી કહેરે તેડે નરીંદ ઉચ્છાંહી... છેલ૦ ૫
સાંભળી કોશ્યાને કહેરે જઈ આવું એકવાર છેલ૦
હવે વળતું વેશ્યા કહેરે સુણ શુભવીર કુમાર... છેલ૦ ૬

## ઢાળ ૪

કોશ્યા વેશ્યા કહે રાગીજી મનોહર મન ગમતા... ૧
કીહાં જાશો પીયુ સોભાગીજી મનોહર મન ગમતા.
નહિ જાવા દઉં નિરધારજી, મનો૦ આપણે શો નૃપ દરબારજી... મનોહર૦ ૧
કરતી ચતુરાઈ ચિત્ત ચાળોજી, મનો૦ જાઓ મુજને દેજો ગાળોજી... મનોહર૦
એવડી શી કરવી આળોજી મનો૦ એહ પુરૂષને પાછો વાળોજી...
મનોહર૦ ૨
પ્રીતમ પ્યારા તુમ ટાળીજી મનો૦ નહીં કોઈની હું ઓશીઆળીજી... મનોહર૦
આવશે જો અવની ઈશજી મનો૦ તેહને પણ ઉત્તર દઈશજી... મનોહર૦ ૩
એમ કરતાં જો તમે હિંડોજી મનો૦ તો મુજને સાથે તેડોજી... મનોહર૦
નવિ છંડુ તુમચો કેડોજી મનો૦ પૂરવ પ્રીતે રસ રેડોજી... મનોહર૦ ૪
વન ચરતાં અમૃત ફલ દીઠુંજી મનો૦ ચાખંતાં લાગ્યું મીઠુંજી... મનોહર૦
કોઈ દેખણ તીહાં રઢ માંડેજી મનો૦ પણ તે કરથી નવી છાંડેજી...મનોહર૦ ૫
તેમ તુમસમ હીરો પાયોજી મનો૦ લાછલ દેવીનો જાયોજી... મનોહર૦
તુમે મોહનીમંત્રને સાધ્યોજી મનો૦ તુમશું મુજ પ્રેમ ને વાધ્યોજી...મનોહર૦ ૬

રસીયાશું હું રંગ રાતીજી મનો૦ પીયુ વીરહે ફાટે છાતીજી મનોહર૦
આ ઉભી પાલવ ઝાલીજી મનો૦ હું તમને અંતર વ્હાલીજી... મનોહર૦ ૭
સ્થુલિભદ્ર કહે હઠ મેલોજી મનો૦ નૃપ ભેટી આવીશ વહેલોજી... મનોહર૦
તારા સમ જો કીહાં રાચુંજી મનો૦ શુભવીર વચન છે સાચુંજી... મનોહર૦ ૮

## ઢાળ ૫

કરકોલ કરીને રે કે ચાલ્યા ગુણ ભરીયા;
ધરી વિનય વિવેકે રે કે જઈ નૃપને મળીયા... ૧
ભૂપાલના મુખથી રે કે વાત સકળ નિસુણી,
સંસાર સ્વરૂપને રે કે ચિંતે શિર ધૂણી... ૨
મેં વાત ન જાણી રે કે વેશ્યા ઘેર રમતાં,
આતમ ગુણ હાણી રે કે ભૂલાં ભવ ભમતાં... ૩
કહે અવની સ્વામી રે કે શી ચિંતા કીજે,
સકડાલની પાટે રે કે મંત્રીપણું લીજે... ૪
સ્થુલિભદ્ર કહે તવ રે કે આલોચી આવું,
આલોચ્યે આગળ રે કે સુખ સંપદ પાવું... ૫
પ્રણામ કરીને રે કે અશોક વન જાવે,
શમતત્ત્વ વિચારી રે કે લોચ કર્યો ભાવે... ૬
રતન કંબલનો રે કે તિહાં ઓઘો કીધો,
જઈ રાજ્ય સભામાં રે કે ધર્મલાભ જ દીધો... ૭
આલોચ્યું રાજા રે કે મસ્તકમેં ઈહાં,
મહાવ્રત ઉચ્ચરવા રે કે જઈશું ગુરૂ જીહાં... ૮
કોશ્યાઘર બુદ્ધે રે કે નૃપ જોવા ઉઠ્યો,
શબગંધ મુનિ સમ રે કે દેખી દિલ તુઠ્યો... ૯
સ્થુલિભદ્ર મુનીશ્વર રે કે પંથશીરે ચલીયા,
સંભૂતિવિજયજી રે કે મારગમાં મલીયા... ૧૦
ગુરૂ પ્રણમી બોલે રે મુજ દીક્ષા દીજે,
વદે સૂરિ સગાની રે તો અનુમતિ લીજે... ૧૧
સિરીયા ભાઈ કેરી રે તિહાં આણા માગી,
આચારજ પાસે રે લીયે વ્રત વૈરાગી... ૧૨

સૂરિ સાથ વિહારી રે શ્રુત નિત્ય અભ્યાસી,
આતમ સુવિલાસી રે રહે ગુરૂકુલવાસી... ૧૩
સંજમશું રમતા રે નિશદિન મુનિરાયા,
નહિ મોહ ને મમતા રે રંક સમા રાયા... ૧૪
ઈચ્છાદિક દશવિધ રે વલી સામાચારી,
ચોમાસા ઉપર રે ગુરૂ અભિગ્રહ ધારી... ૧૫
કુપાંતર જાવે રે એક હરિકંદરીયે,
અહિબીલ સ્થુલિભદ્ર રે વેશ્યા મંદીરીયે... ૧૬
ગુરૂ આણ વિહારી રે પાતકડાં ધુવે,
શુભવીર વિવેકી રે વેશ્યા વાટ જુવે... ૧૭

## ઢાળ ૬

હો૦ સજની રે, પ્રીતમજી પ્યારો રે, હજીય ન આવીયો,
હો૦ સજની રે, ચાતુર રે નર ખબર ન કાંઈ લાવીયો;
હો૦ સજની રે, ચાલ્યો રે મુજ કરી અવધિ ઘડી ચારની,
હો૦ સજની રે, સુખીયો તે શું જાણે વેદના નારની... ૧
હો૦ સજની રે, એક વિરહ દુઃખ બીજું ઘન જલ ગડગડે,
હો૦ સજની રે, દુઃખીયાના શિર ઉપર દુઃખ આવી પડે,
હો૦ સજની રે, પાવસ માસે જલ વરસે ઘન ઘોરીયો,
હો૦ સજની રે, માહરે રે કંદર્પ તણો વન મોરીયો... ૨
હો૦ સજની રે, અંગ વિનાનો પંદર સ્થાનકને દહે,
હો૦ સજની રે, અંગુઠે ઘુંટીરે, જંઘાએ રહે,
હો૦ સજની રે, જાનુને સાથલરે, ભગ નાભી ફરે,
હો૦ સજની રે, ખંધ ને છાતી રે, ઉરોજા ધરે... ૩
હો૦ સજની રે, ગલ્લસ્થળ લોચનરે, નિલાડે શિરે,
હો૦ સજની રે, વિષધરનું વિષ વ્યાપ્યું, મણિમંત્રે હરે,
હો૦ સજની રે, વિષયા ઉરગ ડંસે, મુજ કાયા ગલી,
હો૦ સજની રે, લાછલદે જાયા વિણ, નહીં કોઈ જાંગુલી... ૪
હો૦ સજની રે, ઈણીને વેળા રે, પીયુ આવી મળે,

હો૦ સજની રે, ફોગટીયો શણગાર રે, તો મુજને ફળે,
હો૦ સજની રે, બપૈયાને નિવાર રે, કેમ પીયુ પીયુ કરે,
હો૦ સજની રે, પાંખોને છેદીને ઉપર લુણ ધરે... ૫
હો૦ સજની રે, પીયુ માહરો હું પીયુની પીયુ પીયુ કરૂં,
હો૦ સજની રે, વેશ્યાને વલતું સા ભાખે સુંદરી,
હો૦ સજની રે, બપૈયો પીયુ પીયુ કરતો તુમને લવે,
હો૦ સજની રે, થોડે થોડે દુઃખડે જગ દાધું સેવે... ૬
હો૦ સજની રે, આષાઢે જલ વરસે ગાજે વીજળી,
હો૦ સજની રે, વ્હાલેશ્વર વિણ શી સોપારી ઉજળી,
હો૦ સજની રે, કાલાંતરે શુભવીર મુનિવર આવીયા,
હો૦ સજની રે, કોશ્યાએ મુકતાફલશું રે વધાવીયા... ૭

## ઢાળ ૭

વેશ્યા વધાવ્યા સ્વામી રે ઉભી આગળ સા શિર નામી રે,
કહે સાંભળો અંતર જામી રે વ્હાલાજીની વાટડી અમે જોતાં રે... ૧
વિરહાનલે દાધી દેહ રે ઘણાં વરસ રહી હું ગેહરે,
પણ નાવ્યો નગીનો નેહ... વ્હાલાજીની૦ ૨
કામી સમરે નિશિ ધોરા રે જેમ જલધર જંપે મોરા રે;
જલ ચાતુક ચંદ ચકોરા... વ્હાલાજીની૦ ૩
જેઠ માસ તો જેમ તેમ કાઢ્યો રે મને મયણ તે વ્યાપ્યો ગાઢો રે,
વળી આવ્યો તે માસ આષાઢો... વ્હાલાજીની૦ ૪
પડવે દિન પીયુ સાંભરતાં રે નિશિ મોર તે ટહુકા કરતાં રે,
આઠ પહોર ગયા દુઃખ ધરતાં... વ્હાલાજીની૦ ૫
બીજે બીજીઓને નીહાળી રે હું તો બાલપણાની બાળી રે,
મેલી મુજને શું તમે ટાળી... વ્હાલાજીની૦ ૬
ત્રીજે ટીંખળ એક જાગ્યું રે ચિત્રશાળીયે તુમ રૂપ રાગ્યું રે,
જોતાં મનડું તિહાં લાગ્યું... વ્હાલાજીની૦ ૭
ચોથે અવધિ ચડી ચાર રે કરી ચાલ્યા ચતુર તજી નાર રે,
દોય ચાર વરસની વાર... વ્હાલાજીની૦ ૮
પાંચમે પંચામૃત ખાધો રે પંચબાણ તણો રસ વાધ્યો રે,

જોતાં જીવન કીહાં નવી લાધ્યો... વ્હાલાજીની૦ ૯
છઠે ચટકીને મેલી રે જુઓ ચહુટે નાથ સહેલી રે,
હું ધરતી દુઃખ અકેલી... વ્હાલાજીની૦ ૧૦
સાતમ દિન શય્યા ઢાળી રે દીપ ધૂપ કુસુમને ટાળી રે,
કીધું શયન તે પાસું વાળી... વ્હાલાજીની૦ ૧૧
આઠમે ઉઠી પરભાતે રે સંભાર્યો પીયુ વરસાતે રે,
નિશિનાથ નડ્યો ઘણું રાતે... વ્હાલાજીની૦ ૧૨
નવમે નિદ્રા દીલ નાઈ રે જેમ રંગ પતંગ રચાઈ રે,
ઈસી નાગર જાતિ સગાઈ... વ્હાલાજીની૦ ૧૩
દશમે દેવળ બહુ માન્યા રે શુકનાવળીયે જોવરાવ્યા રે,
એમ કીધા ઘણા મેં છાના... વ્હાલાજીની૦ ૧૪
અગ્યારશે અંગ નમાવી રે જોઈ વાટ વાતાયને આવી રે,
મને કામ નટુવે નચાવી... વ્હાલાજીની૦ ૧૫
બારશ દિન બાર ઉઘાડી રે ઘેર આવી ગ્રહી કરનાડી રે,
સ્વપ્નાંતર પીયુડે જગાડી... વ્હાલાજીની૦ ૧૬
આજ તેરશનો દીન મીઠો રે પ્રાણજીવન નયણે દીઠો રે,
આજ અમૃત રસ ઘન વુઠો... વ્હાલાજીની૦ ૧૭
ચૌદશ દિન ચિંતા ટળશે રે હૈડું ઘણું હેજે હળશે રે;
મારો પ્રેમ તે તુમશું મળશે... વ્હાલાજીની૦ ૧૮
શણગાર સજી સંચરશું રે દુર્જનીયાંથી નવ ડરશું રે,
પૂનમ દિન પૂરા ઠરશું... વ્હાલાજીની૦ ૧૯
તમે રસ પહેલાનો જગાવો રે તીથિ અર્થ કરી ઘેર આવો રે,
શુભવીર વચનશું મિલાવો... વ્હાલાજીની૦ ૨૦

## ઢાળ ૮

રાજ પધારો મેરે મંદિર, શય્યા પાલન કીજેજી
દાસી તુમારી અરજ કરે છે, નરભવ લાહો લીજે, રસભર રમીયેજી૦ ૧
પૂરવ નેહ નિહાળી રસભર રમીયેજી
સાન કરંતાં સામુ જોશું; તુમ આણા હિર ધરશુંજી

કોઈ દિવસ તમને અણગમતું, કારજ કોઈ ન કરશું... રસભર રમીયેજી૦ ૨
સ્થુલિભદ્ર કહે કોશ્યાને, તથ્ય પથ્ય મિત વાણીજી
પાણી વિના શી પાળ કરે છે ભોજન વિણ શી ઉજાણી...
રસભર રમીયેજી૦ ૩
ઉઠ હાથ તું અળગી રહીને, દીલ ચાહે તે કરજેજી
નાટક નવ નવ રંગે કરજે, વલી શણગારને ધરજે... રસભર રમીયેજી૦ ૪
ષડ્ રસ ભોજન તુમ ઘેર વહોરી સંયમ અર્થે ખાશુંજી
એમ પરઠીને રહ્યા ચોમાસું કોશ્યા કરે હવે હાંસુ... રસભર રમીયેજી૦ ૫
વિણ પૂછ્યા સંયમ આચરીઓ પણ તે વ્રત નવી પળિઓજી
તો અમ ઘેર આવ્યા છો પાછા તુમ વ્રત અમને ફળીઓ...
રસભર રમીયેજી૦ ૬
બાર વરસ પ્રેમે વિલસ્યા પણ એવડો અંતર ન દાખ્યોજી;
યોગારંભ તજી મુજ સાથે રંગ હતો તે રાખ્યો... રસભર રમીયેજી૦ ૭
નિર્લોભી નિર્મોહીપણાશું સુણ કોશ્યા અમે રહીશુંજી;
યોગવશે શુભવીર જિનેશ્વર આણા મસ્તક વહીશું... રસભર રમીયેજી૦ ૮

## ઢાળ ૯

મેં જોગ તુમારો જાણ્યો રે પ્રીતમ૦ પાતળીયા;
શી કરવી તાણાતાણો રે પ્રીતમ૦ પાતળીયા;
તે જોગતણું ફળ લેવે રે પ્રીતમ૦ જે જોગી જંગલ સેવે રે... પ્રીતમ૦ ૧
વેશ્યામંદિર તજી ભોગ રે, પ્રીતમ૦ પૂરવે કેણે સાધ્યો જોગ રે, પ્રીતમ૦
આ ચિત્રશાળી મનમાની રે, પ્રીતમ૦ પંચબાણ તણી રાજધાની રે...
પ્રીતમ૦ ૨
જાતાં રઢ લાગશે તમને રે પ્રીતમ૦ જોગ મેલી મનાવશો અમને રે, પ્રીતમ૦
પડવાઈ કહી લોક ગાશે રે પ્રીતમ૦ ત્યારે જોગ તણાણો જાહે રે...
પ્રીતમ૦ ૩
તે માટે વચન મુજ માનો રે પ્રીતમ૦ હમણા જોગ છાંડો છાનો રે, પ્રીતમ૦
રમો રંગભર તમે તજી આંટી રે પ્રીતમ૦ મને મોટી પ્રેમની ઘાંટી રે...
પ્રીતમ૦ ૪

ચોમાસું અને ચિત્રશાળી રે પ્રીતમ૦ તુમ ભાગ્યે મળી લટકાળી રે, પ્રીતમ૦
રસ પ્રેમ હીંડોળે હીંચો રે પ્રીતમ૦ તરૂણી તનુવેલડી સીંચો રે... પ્રીતમ૦ ૫
ધરી પ્રેમ પીતાંબર પહેરો રે પ્રીતમ૦ રસદીપક બોલો દોહરો રે, પ્રીતમ૦
મુજ બાંહી ગ્રહીને લીજે રે પ્રીતમ૦ કરી પ્રેમને અંતર ન કીજે રે...
પ્રીતમ૦ ૬
પ્રેમ પૂરણ શો દીલ ગાંઠો રે પ્રીતમ૦ જોઈ લેજો શેલડી સાંઠો રે, પ્રીતમ૦
રજની ગઈ સૂની સજજારે પ્રીતમ૦ આવડી ક્યાં શીખ્યા લજજારે...
પ્રીતમ૦ ૭
અભિમાને ચઢ્યા છો બળીયારે પ્રીતમ૦ રામારસે કોણ નવી ચળીયારે
પ્રીતમ૦
ઈંદ્રાદિક જે લોકપાળારે પ્રીતમ૦ સબળા અબળા ઓશીઆળા રે...
પ્રીતમ૦ ૮
રહી બોલી બે કર જોડીરે પ્રીતમ૦ કહે કોશ્યા મુંહ મચકોડીરે, પ્રીતમ૦
શુભવીર વચન મુનિ બોલે રે પ્રીતમ૦ રૂષિ રામા પટંતર ખોલે રે...
પ્રીતમ૦ ૯

## ઢાળ ૧૦

રમણી શું રંગ રસે રમતાં સાધુનું સંયમ જાય, રંગીલી !, રમો મારગડો મેલીને.
પ્રેમદા પરિહરવી મુનિવરને એકાંતે કહે જિનરાય રંગીલી, રમો૦...૧
જેમ ગુણ જાએ કસ્તુરીનો જો દીજે હિંગનો વાસ રંગીલી;
કર્પુર તણો ગુણ જેમ ગળે ધરીએ જો લસણની પાસ રંગીલી, રમો૦... ૨
વર પંડિત મૂરકને સંગે વાયસ ટોળામાં હંસ રંગીલી;
પાપીષ્ટ અનાચારી સંગે ધર્મીષ્ટપણું કુળવંશ રંગીલી, રમો૦... ૩
અલછ વહુયે રસોઈ તણો જાંબુ સંગે જેમ દ્રાક્ષ રંગીલી;
ગળી પાસે ઉજ્જવલ વર્ણ ઘટે ચોરી સંગે ગુણ લાખ રંગીલી,રમો૦... ૪
તેમ માનિની સંગે મુનિવરા સ્થુલિભદ્ર કહે સુણનાર રંગીલી
ક્ષણમાત્ર મહીલાશું મ્હાલે હોય દુર્ગતિ દુ:ખ દાતાર રંગીલી, રમો૦... ૫
તું વ્યાકુલ થઈ વિરહીણી મેં વશ કીધો છે કામ રંગીલી;
શુભવીર વચનની ચાતુરી કોશ્યા વેશ્યા કહે તામ રંગીલી, રમો૦... ૬

## ઢાળ ૧૧

જોઈ જોઈરે જોગતણી દશા અલબેલાજી તમે નારીની નિંદ્યે વસ્યા અલબેલાજી
મન ગમતા ભૂષણ લાવતા અલબેલાજી સુંદર શણગાર ધરાવતા...
અલબેલાજી ૧

કર ઝાલીને બેસારતા અલબેલાજી કરતા વલ્લભ વારતા, અલબેલાજી
વર કવળ કરી ઘૃત ભેળીયા અલબેલાજી મેં તુમ મુખમાંહે મેલીયા...
અલબેલાજી ૨

વળી તુમચે હાથે હું જમી અલબેલાજી તુમ ઉત્સંગે રંગે રમી, અલબેલાજી
હવે ઉપરાઠાં તમે કેમ થયા અલબેલાજી તે દિવસ તુમારા કીહાં ગયા...
અલબેલાજી ૩

દોષાંતર દુહિતા કેમ કહો અલબેલાજી કાંઈ પ્રીતની વાત નવી લહો, અલબેલાજી
દોય કાન સુરત એક રીતડી અલબેલાજી દોય નયન જ્યોતિ સમ પ્રીતડી...
અલબેલાજી ૪

આ ભવ વિણસે સંજમ વરી અલબેલાજી ગુણ ગણ વિઘટે ગરવે કરી, અલબેલાજી
દરિદ્ર દશા સુરૂપ હરે અલબેલાજી બહુ તપ વિણસે ક્રોધજ ધરે...
અલબેલાજી ૫

રજલેપ વિનાસે દેહને અલબેલાજી તેમ વિરહ નસાડે સ્નેહને, અલબેલાજી
જગ દાન થકી કીર્તિ રહે અલબેલાજી ગુણિ વિનય કરંતા ગુણ લહે...
અલબેલાજી ૬

શશિ દર્શને સાયર સધે અલબેલાજી ઉદ્યમ કરતાં લક્ષ્મી વધે, અલબેલાજી
લજ્જા રહે આચારથી અલબેલાજી નર રાગ વધુ શણગારથી...
અલબેલાજી ૭

હુવે ધાન્ય યથા વૃષ્ટિ થકી અલબેલાજી તેમ પ્રેમ વધે દષ્ટિ થકી, અલબેલાજી
આ દીન વચન નારી વદે અલબેલાજી નવિ ભેદે કેમ તુમચે હદે...
અલબેલાજી ૮

નિશિ ચાર પહોર વાટી જળે અલબેલાજી પણ લોક કહે દીવો બળે, અલબેલાજી
શુભવીર ધીર મુનિ તો પડે અલબેલાજી જો પાવઈને પાનો ચડે...
અલબેલાજી ૯

## ઢાળ ૧૨

સ્થુલિભદ્ર કહે સુણ બાળા રે તું શાને કરે છે ચાળા રે;
વનિતાશું જાસ વિલાસ રે તે નર દુનીયાના દાસ રે... સ્થુલિભદ્ર૦ ૧
જોબનીયાનો જે લટકો રે તે તો ચાર ઘડીનો ચટકો રે;
પછે કાચનો સીસો ભટક્યો રે કાંઈ કામ ન આવે કટકો રે... સ્થુલિભદ્ર૦ ૨
જુગટીયાનો અલંકાર રે નાટકીયાનો શણગાર રે;
ધનવંત હુઓ નિર્ભાગ્ય રે જેહવો સંધ્યાનો રાગ રે; સ્થુલિભદ્ર૦ ૩
કુંપલ પીપલનું પાન રે કપટી નરનું જેમ ધ્યાન રે;
ભૂપાળતણું સનમાન રે ચળ કુંજરકેરો કાન રે... સ્થુલિભદ્ર૦ ૪
ચપળા નારીનાં નયણાં રે દુર્જનનાં મીઠાં વયણાં રે;
ઘડી ચાર તણી ચાંદરણી રે પછી ઘોર અંધારી રયણી રે... સ્થુલિભદ્ર૦ ૫
સંસાર સ્વરૂપને દેખી રે મેં મેલી તુજને ઉવેખી રે,
કોઈ વાયુને ત્રાજવે તોળે રે પવને કનકાચલ ડોલે રે... સ્થુલિભદ્ર૦ ૬
રવિ ચંદા ચરને ચૂકે રે જલધિ મર્યાદા મૂકે રે,
અલોક માંહે હો જાવું રે પણ હું તુજ હાથ ન આવું રે... સ્થુલિભદ્ર૦ ૭
પૂરવે રમીયા રંગ રોલે રે આજ તું પગ મોજડી તોલે રે,
પહેલાં તો કાંઈ ન દીઠું રે હવે સંયમ લાગ્યું છે મીઠું રે... સ્થુલિભદ્ર૦ ૮
માય બાપને મેં પરહરીયા રે માત તાત નવા મેં કરીયા રે
તજી બાંધવ કેરી સગાઈ રે, મેં કીધા નવા દશ ભાઈ રે... સ્થુલિભદ્ર૦ ૯
દોય નામે છે ચિત્રશાલી રે પરણી ઘરણી લટકાલી રે;
વિણતેલ દીપક અનુઆલે રે ચાર શય્યા તે નિત્ય ઢાળે રે... સ્થુલિભદ્ર૦ ૧૦
નિત્ય અમૃત ભોજન કરીયે રે રસ રંગભરે ઘેર રમીયે રે;
શૂચિ ધૂપઘટી પ્રગટાવે રે તિહાં તાહરૂં કાંઈ ન ફાવે રે... સ્થુલિભદ્ર૦ ૧૧
નવ કોટ વચ્ચે એક ગામ રે નિત્ય રહીયે છીએ તેણે ઠામ રે;
સ્વામી બળિયા શીર તાજા રે શુભવીર પ્રભુજી રાજા રે... સ્થુલિભદ્ર૦ ૧૨

## ઢાળ ૧૩

કોશ્યા કહે સુણજો સુમને આશે નિરાશ કર્યા અમને;
પ્રીતમજી ન ઘટે તુમને રસીલા સાથે અમે રમશું... ૧

ઉઠી પ્રભાતે સદા નમશું નિત્ય જમાડી પછે જમશું...
રસીલા૦ ૨

એહ સગાઈ નવી કરવી પીયુ ન ઘટે મતિ એ ધરવી પૂરવ નારી પરિહરવી...
રસીલા૦ ૩

બાર વરસ સુખ સાંભરતાં સાલે હઈડામાં બળતાં, આંખે આંસુડા ઝરતા...
રસીલા૦ ૪

માસ અસાડે અનેક ફળે દવ દાર્ધેલ તરૂ વેલ વળે, વલ્લભ વિરહે દેહ બળે...
રસીલા૦ ૫

શ્રાવણીયો સીંચે ધરતી મોરલડી ટહુકા કરતી વાદળી કામવશે ઝરતી...
રસીલા૦ ૬

ભાદરવે ભરજળ વરસે પંખીયુગલ માળે ઠરશે વિરહી નારી કીશુ કરશે...
રસીલા૦ ૭

આસો માસે દીવાળી સાકર સેવ ને સુંઆલી છાંડી થાળી પીયુ ભાળી...
રસીલા૦ ૮

દૂધ સીતા સસી ભોજનમાં કાર્તિક કેલી તણા વનમાં દેખી સાલે ઘણું મનમાં... રસીલા૦ ૯

માર્ગ શિરે મનમથ જાગે મોહનાં બાણ ઘણાં વાગે દુઃખ મોહન મળતાં ભાંગે...
રસીલા૦ ૧૦

પોસ તે શોષ કરે ધાન શું કરે સોપારી પાન વલ્લભ વિણ ન વળે વાન...
રસીલા૦ ૧૧

માહ માસે ટાઢો પડશે શીતલ વાયુ વપુ ચઢશે કામ અનંગ ઘણું નડશે...
રસીલા૦ ૧૨

ફાગુણે ખડખડતી હોળી પહેરી ચરણા ને ચોળી કેશર ઘોળી મળી ટોળી...
રસીલા૦ ૧૩

લોક વસંત મધુ રમશે કોયલ અંબવને ભમશે તે દિન મુજ શાથી ઝમશે...
રસીલા૦ ૧૪

વૈશાખે સરોવર જઈશું કેતકી ચંદન વન રહીશું દેખી ચંદ્ર શીતળ થઈશું...
રસીલા૦ ૧૫

પંથી પશુ પ્રેમદા મેળા જાણીયે મધ્ય નિશી વેળા જેઠ બપોરે મળી ભેળા...
રસીલા૦ ૧૬
મોહન માહાલો મહેર કરી દયિતા દેખી દુઃખ ભરી બારે માસ વિલાસ ધરી...
રસીલા૦ ૧૭
નાટક રંગ રસે કરશું દાવ લહી દિલડું હરશું કહે શુભવીર નવિ ચળશું...
રસીલા૦ ૧૮

## ઢાળ ૧૪

સ્થુ૦ મુનિરાજ કહે સુણ વેશ હાવ ન ભાવ્યા રે;
દેવા તુમને ઉપદેશ અમે ઈહાં આવ્યા રે... ૧
વેશ્યા૦ ગયો એટલો કાળ વિશેષ કદા નવી કરીયો રે;
સાહેબીયાનો ઉપદેશ સદા અનુસરીયો રે... ૨
સ્થુ૦ જૈન ધર્મ વશે શિવનારીનાં સુખ ચાખે રે;
કાંઈ એ સંસાર અસાર ગયો વ્રત પાખે રે... ૩
વેશ્યા૦ સંસાર માંહે એક સાર વલ્લભ નારી રે;
છાંડે તેહને ધિક્કાર ગયા ભવ હારી રે... ૪
સ્થુ૦ મેં ધ્યાનની તાલી લગાઈ નીશાન ચઢાયા રે;
શીલ સાથે કીધી સગાઈ તજી ભવ માયા રે... ૫
વેશ્યા૦ વાહલા એક દિવસે રીસાણી હતી તુમ સાથે રે;
કેમ બોલાવી ચીર તાણી તદા દોય હાથે રે... ૬
સ્થુ૦ સુરાપાને ભવી ભવચોક શું શું ન કરતાં રે;
કિંપાક પલાશી લોક પછી દુઃખ ધરતાં રે... ૭
વેશ્યા૦ મને વિરહ તણી ક્ષણ જાય વરસ સમાણી રે;
ઘણી મોહતણી લૂ વાય વલોવ્યું પાણી રે... ૮
સ્થુ૦ તાહરો મોહજનક રસ બોલ યોંગ ન છુટે રે;
મંજારી તલપને તોલ શીંકુ ન ત્રુટે રે... ૯
વેશ્યા૦ નાગરની નિર્દય જાત બોલે મીઠું રે;
કાળજામાં કપટની વાત મેં પ્રત્યક્ષ દીઠું રે... ૧૦
સ્થુ૦ શું કહીયે અનાણી લોકને દુઃખ લાગે રે;
ગ્રહી સાધુના તરૂ ફોક કહ્યું વીતરાગે રે... ૧૧

વેશ્યા૦ વીતરાગ શું જાણે રાગ રંગની વાતેરે;
આવો દેખાડું રાગનો લાગ પૂનમની રાતે રે... ૧૨
સ્થુ૦ શણગાર તજી અણગાર અમે નિર્લોભી રે;
નવ કલ્પી કરશું વિહાર મેલી તને ઉભી રે... ૧૩
વેશ્યા૦ વાહલા બાર વરસ લગે ઠેઠ લાડ લડાવી રે;
કેમ નાંખો ધરણી હેઠ મેરૂએ ચઢાવી રે... ૧૪
સ્થુ૦ કાકતાલીને દૃષ્ટાંત નરભવ લાધો રે;
થઈ પંચ મહાવ્રતવંત મેરૂપરે વાધો રે... ૧૫
વેશ્યા૦ જુઓ નાટક જો એકવાર નયન વિકાસી રે;
પછી સંયમ લેજો સાર વિચારી વિમાસી રે... ૧૬
શુભ વીર સાહેલી બહુત નાટક નયણાં રે;
એક એકજ ગાથા અંતર બેહુનાં વયણાં રે... ૧૭

## ઢાળ ૧૫

મજજન ચીર તિલક આદ્યંત ચતુર શણગાર સફાર ધરી;
મનોહર શિરવર ચીવર ચંભી કૌશંબીકી શોભ કરી... ૧
ચિહું દિશી ભાળી ફુલકી જાળી દીપકમાળી જ્યોત વરી;
ધુર પરિણામ સકામહ રામા શામા રંગે ગેલ કરી... ૨
નવ નવ રંગે છંદ બપૈયા ઉચ્ચરીયા રસ ગુણ ભરીયા;
ઠમક ઠમક પગ ભૂતલ ઠમકે ઝમકે રમઝમ ઝાંઝરીયા... ૩
હૃદયાનંદન કેતકીચંદન ફૂલ અમૂલ મલક મલકે;
ખલક ખલક કર કંકણ ખણકે ઝળક ઝળક ટીકો ઝળકે... ૪
ઝરમર ઝરમર મેહૂલો વરસે જલસેં ભરીયા વાદળીયાં;
ઘનન ઘનન ઘન ઘોર અંધારૂં ગાજે રીજે વીજળીયાં... ૫
ફુહુક ફુહુક અવિવેકા નેકા ભેકા સોચ સજોર ઘને;
કહુક-કહુક રસીલા નીલા કોકીલા સહકાર વને... ૬
બહુત પીપાસી મેઘજળાસી ફળી વનવાસી વેલડીયાં;
પ્રેમતણા રસ રેલા ચાલ્યા પણ સ્થુલિભદ્ર નવી પડીયાં... ૭
ટહુક ટહુક ગિરિ કેકા છેકા કરતા કેકી મહાલે છે

વૈરીની પરે એ વરસાળો વિરહીને ઘણું સાલે છે... ૮
ધપમપ માદલકે ધોંકારા કંસતાલ વીણા સખરી;
તાથેઈ તાથેઈ તાન ન ચૂકે મૂકે નેત સહેત ધરી... ૯
ફરસીત ખીણ તરૂ કુંતલ ભૂતલ ચંચળ અંચળ કર લેતી;
ગીત રીત મદ મોહ વિનોદે ફરક ફરક ફુદડી દેતી... ૧૦
લલક લલક ઢળકંતી કાયા કાચ ઢળાયા મેં છાયા;
જીવન કે પરીનેહ ઉપાયા બચન વદે કરતી માયા... ૧૧
પ્રીતમ પ્રેમકી બાત વિચારો ભમત ભમત રોતો ભમરો;
દગ્ધા કેતકી ભસ્મે લોટત પંડીત પૂછત કાંઈ કરો... ૧૨
ભમર કહે મોય દેહ દહે એક વિરહે કેતકી નારી તણે;
તસ રક્ષાયે વિરહે સમશું રમશું નહિ મરૂએ દમણે... ૧૩
કહે કવિ શામળતાહૈ સબતનુ પીળી પુંઠ કીશું કીધી;
પ્રેમકી ચોટ લગી મોય બહુલી તાસ ઉપર હલદી દીધી... ૧૪
કરી ચિત્ત બદને લટકે ચટકે મટકે નવી અટકે રાગે;
પ્રીતકી રીત અનોપમ નાટક કરતાં પ્રમદા દાન માગે... ૧૫
કહે મુનિ હેલી સુણો અલબેલી નાટક નવી કરતાં આવે;
શ્રી શુભવીર વજીર પસાયે ભવ નાટક સુણજો ભાવે... ૧૬

## ઢાળ ૧૬

મેઘરાગ ઉપર ભૈરવ રાત્રે કરીઓ રે, ઉદયની વેલા માલવ કૌશિકા;
પહોર સમે મધ્યાન્હે હીંડોલો દીપક રે પાછલે પહોરે શ્રી ઉપદેશીકા,
નાટક મેં ન દીઠું એ તોલેસિકા... ૧
સંસારે વસીયો રાગે તાણીઓ વ્યવહારે રસીયો જાતે વાણીયો;
વગડાનો વાસી આશી પ્રાણીયો અવિનાશી નિરાશી ધર્મ ન જાણીયો
એઆંકણી
ચઉદ રાજ ચૌદામાં વેશ બનાવે રે મિથ્યાત્વે પૂરિ રાતે અંધારીયો;
સૂક્ષ્મ બાદર પજ્જ અપજ્જ નિગોદે રે, નાટકમાં ન ભૂલ્યો મોહે મારીયો;
નાઠાની ન દીઠી એકે બારીયો... સં.વ્ય.વ.અ. ૨
વિગલેંદ્રીય પંચેંદ્રી થયો અનુક્રમે રે રૂપ ધની દુર્ભાગી વળી સોભાગીઓ;

બાળ કદા વિકરાળ કદા ભૂપાળો રે અવિવેકી પંડિત રસનો રાગીઓ;
રમણીને રંગે કોઈ દિન લાગીઓ... સં.વ્ય.વ.અ. ૩
જનરંજન ઉપદેશે ઉદરને ભરીયો રે ભોગી ને જોગી વેશ બનાવીયો;
નાગર ને ચંડાલ ચઢ્યો વરઘોડે રે દોડેરે આગે દાસ કહાવીયો;
સિદ્ધિનો વેશ કદા નવી લાવીયો... સં.વ્ય.વ.અ. ૪
માત ને બ્હેન થયાં નારી તેમ માતો રે ભ્રાત ને તાત હુઆ સંતાનમાં;
ભૂમંડલ ઠાકુરિયો થઈને બેઠો રે સુણજોરે સાને કોશ્યા કાનમાં;
એકલડો રોયો કોઈ દિન રાનમાં... સં.વ્ય.વ.અ. ૫
ચઉદ પૂરવધર પહોંતા જે સુરલોકે રે પૂરવ શ્રુત દેશ થકી સંભારતાં;
ચરણ ધરમ ધરવાની તાસ ન શક્તિ રે વિષયાકુલ ચિત્તે સુખને સેવતા;
અનુગામી અવધિ નાણી દેવતા... સં.વ્ય.વ.અ. ૬
લિંગ અનંતા ધરીયાં કામ ન સરીયાં રે હોળીનો રાજા ગુણ વિણ સંજમી;
નવવિધ જીવની હિંસા નિર્દય કીધી રે વાસુદેવ ચક્રી ચઉદ રતન વમી;
નારકી માંહે પહોંતા ગુણી જનને દમી... સં.વ્ય.વ.અ. ૭
જાતિ સમરણ નાણે નારકી જાણે રે પૂરવ ભવ કેરી સુખની વારતા;
દશ વિધ વેદન છેદન ભેદન પામીરે આયુને પાળી રે તિર્યંચે જતા;
માતાને પુત્ર વિવેક ન ધારતા... સં.વ્ય.વ.અ. ૮
શ્રી શુભવીર ગુરૂનાં વયણ રસાલાં રે સાંભળતાં વેશ્યા ચિત્ત ઉપશામીયું;
ત્રણ કરણશું ગ્રંથીભેદ કરંતી રે મિથ્યાત્વ અનાદિ કેરૂં વામીયુ;
કોશ્યાયે સુધું સમકીત પામીયું... સં.વ્ય.વ.અ. ૯

## ઢાળ ૧૭

મિથ્યાત્વ વામી કોશ્યા સમકિત પામીરે હર્ષ થયો અતિરેક વાલા૦
પારસ લોહવિવેક વાલા૦ વચન કહે સા છેક વાલા૦
આશ્રવ તે સંવર થયોરે માહરે સુણો મુનિરાય વાલા૦
લાછલદે ધન્ય માય વાલા૦ ધન્ય ધન્ય તુમ ગુરૂરાય... વાલા૦ ૧
ધન્ય ધન્યએ ચિત્રશાળી રસાલજ મારીરે સમકિત મૂલ વ્રતબાર વાલા૦
ઉચ્ચરિયા ધરી પ્યાર વાલા૦ સાધુજી પાસે સાર વાલા૦
કરે સામાયિક નિત્ય પ્રત્યેરે ચોમાસું વહી જાય વાલા૦

સાધુ વિહાર કરાય વાલા૦ કોશ્યાને દુઃખ થાય... વાલા૦ ૨
જુવે ગુરૂજી વાટ અમે હવે જઈશું રે પૂજજો જિન જયકાર વાલા૦
પાળજો તમે વ્રત બાર વાલા૦ ટાળજો અતિચાર વાલા૦
એમ શીખામણ દેઈ કરીરે ચાલંતા અણગાર વાલા૦
કોશ્યા આંસુ ધાર વાલા૦ ધર્મ સ્નેહનો પ્યાર... વાલા૦ ૩
દુઃકર દુઃકર કાર કહે ગુરૂ રાયારે સિંહ ગુફા મુનિ ખેદ વાલા૦
દુઃકરકાર ઉમેદ વાલા૦ ચાલ્યા ગુરૂ વચ છેદ વાલા૦
કામણગારી વિલોકતાંરે ચલીયા કામરૂ દેશ વાલા૦
કોશ્યાને ઉપદેશ વાલા૦ સ્થિર કીધો મુનિવેશ... વાલા૦ ૪
રથકારક પ્રતિબોધ લહ્યો કોશ્યાથીરે પંચ મહાવ્રત ધાર વાલા૦
પામ્યો સુર અવતાર વાલા કોશ્યાનો ઉપગાર વાલા૦
કોશ્યા ધર્મ કરીને ગઈ રે શુભ ગતિ અવતાર વાલા૦
અલ્પ કર્યો સંસાર વાલા૦ ધન્ય ધન્ય એ જગ નાર... વાલા૦ ૫
આઠવરસમાં આઠ પૂરવ મુનિ ભણીયારે એમ નિત્ય નિત્ય અભ્યાસ વાલા૦
ભદ્ર બાહુ ગુરૂ પાસ વાલા રહેતાં ગુરૂકુલવાસ વાલા૦
અર્થ થકી ચઉદ પૂરવ ભણ્યારે કોઈ કહે દશ સાર વાલા૦
સુત્રે અંતિમ ચાર વાલા૦ શ્રુત કેવળી નિરધાર... વાલા૦ ૬
ત્રીશ વરસ ઘર વાસે વસ્યારે વરસ વ્રતે ચોવીશ વાલા૦
યુગપદે પીસ્તાલીશ વાલા૦ આયુ નવાણું વરીશ વાલા૦
શ્રી શુભવીર પ્રભુ થકીરે વરસ પંદર શત દોય વાલા૦
સુરલોકે સુર હોય વાલા૦ એ મુનિસમ નહિં કોય... વાલા૦ ૭

## ઢાળ ૧૮

ગાયો ગૌતમ ગોત્ર મુણિંદ રસ વૈરાગ્ય ઘણો આયોરે;
મુનિજન તારકમાં એ ચંદ થુણીયો લાછલદે જાયોરે... ૧
ચોરાશીમી ચોવીશીયે એક મુનિ સ્થુલિભદ્ર સમ થાશેરે;
તાસ પટંતર વ્રતની ટેક ગુણીજન જિન મુખથી ગાશેરે... ૨
તપ ગચ્છમાં કેશરીયો સિંહ સિંહ સૂરિ શ્રુતજળ દરીયારે;
સત્યવિજય સંવેગ નિરીહ કપુર સમ ઉજ્જવલ ગુણ ભરીયારે... ૩

ખીમાવિજય વસી ઉપશાંત સુયશ વિજય અંતે વાસીરે;
પંડિત શ્રી શુભવિજય મહંત જગ જિનમત થીરતા વાસીરે... ૪
તાસ વિનેયેએ અણગાર શાસ્ત્ર તણી શાખે ધ્યાયોરે;
સહસ અઢાર શીલાંગના ધાર ઢાલ અઢાર કરી ગાયોરે... ૫
અઢારશેં બાસઠે શુદિ પોષ બારશ ગુરૂવારે ધ્યાઈરે;
રાજનગર મુનિવર નિર્દોષ શિયલવેલી પ્રેમે ગાઈરે... ૬
ધર્મ ઉત્સવ સમે ગાશે જેહ નરનારી સુણશે ભણશેરે;
કહે કવિ વીરવિજય નિત્ય તેહ શુચિ વિમળા કમળા વરશેરે... ૭

## ૧૯૭. હરિકેશી મુનિની સજ્ઝાય

સોવાંગ કુળમાં ઉપન્યા હો મુનિવર ગુણતણાં ભંડાર
સમતા ધારી સાધુજી હો મુનિવર લીધો સંયમ ભાર
ધન ધન તપસીજી હો મુનિવર હરિકેશી અણગાર... ૧
ઈંદ્રિય દમનતપ આદર્યો હો મુનિવર ધ્યાવે અરિહંત દેવ
તિંદુક વૃક્ષવાસી દેવતા હો મુનિવર સારે નિત નિત સેવ...
ધન ધન તપસીજી૦ ૨
માસખમણને પારણે હો મુનિવર યજ્ઞ પાડાની રે માંય
મેલા કચૂવા લુગડા રે હો મુનિવર સમોસર્યા ઋષી ત્યાંય...
ધન ધન તપસીજી૦ ૩
બ્રાહ્મણે દ્વેષે પાછા વાળીયા હો મુનિવર જાઓ અનેરે ઠામ
તુજ લાયક ભોજન નહીં હો મુનિવર અહીં દ્વિજનો કામ...
ધન ધન તપસીજી૦ ૪
યક્ષ પ્રભાવે મુનિ બોલીયા હો બ્રાહ્મણ મેં જીવતણા રખેવાળ
તુજ અર્થે અન્ન નીપજે હો બ્રાહ્મણ મારે ભિક્ષા તણો છે કાળ...
ધન ધન તપસીજી૦ ૫
ઉંચ-નીચ વરસે ભૂમિકા હો બ્રાહ્મણ જિહાં નીપજે ધાન
ઉંચ-નીચ ગણે નહિં હો બ્રાહ્મણ દાતાર દેવે દાન...
ધન ધન તપસીજી૦ ૬
હેલે નિંદે સાધુને હો બ્રાહ્મણ ક્રોધી પેલે પાર

કુશલ રાયની દીકરી હો બ્રાહ્મણ બેઠી મહોલ મોઝાર...
ધન ધન તપસીજી૦ ૭
યક્ષ પ્રભાવે મુજ પિતા હો બ્રાહ્મણ પરણાવી ઈણ સાથ
મને કરી વંછી નહીં હો બ્રાહ્મણ મત કરજો વિખવાદ...
ધન ધન તપસીજી૦ ૮
ગિરિ મત ખણો નખ થકી હો બ્રાહ્મણ પગે મત સ્પર્શો આગ
લોહ જવ ખાતાં દાંત ભાંગશે હો બ્રાહ્મણ મત છંડો મહા ભાગ...
ધન ધન તપસીજી૦ ૯
સાધુ મારણે ઉઠીયા હો બ્રાહ્મણ યક્ષ કોપ્યો તેણી વાર
મારી કૂટી કીધા પાધરા હો બ્રાહ્મણ મુખ વહે રૂધિરની ધાર...
ધન ધન તપસીજી૦ ૧૦
કીધાના ફળ પામીયા હો બ્રાહ્મણ યક્ષ પહોંત્યો નિજ ઠામ
બ્રાહ્મણ સબ મળી વિનવે હો મુનિવર પર ઉપગારી સ્વામ...
ધન ધન તપસીજી૦ ૧૧
વિપ્ર કહે મુનિરાયને હો મુનિવર જોડી દોનું હાથ
યજ્ઞ આજ સફલ કરો હો મુનિવર તરણતારણ જહાજ...
ધન ધન તપસીજી૦ ૧૨
વળતા મુનિવર બોલીયા હો મુનિવર મેં પાળું ષટકાય
કીડી કુંજર સમ ગણું હો મુનિવર ચાલું મારગ ન્યાય...
ધન ધન તપસીજી૦ ૧૩
અવસર દેખી મુનિ વહોરીયે હો મુનિવર તરણ તારણ જહાજ
પંચદિવ્ય પ્રગટ હુઆ હો મુનિવર વાજે દેવ દુંદુભિ નાદ...
ધન ધન તપસીજી૦ ૧૪
બ્રાહ્મણને પ્રતિબોધીયા હો મુનિવર ટાળી આતમ દોષ
ઋષભદાસ એમ વિનવે હો મુનિવર જઈ બિરાજયા મોક્ષ...
ધન ધન તપસીજી૦ ૧૫

## [+] ૧૯૮. હરિશ્ચંદ્ર રાજાની સજ્ઝાયો (૧)

### દુહો

સદ્ગુરૂપદ પંકજ નમી, સમરી શારદા માય,
સત્યવાદી હરિશ્ચન્દ્રની, ઉત્તમ કહું સજ્ઝાય... ૧

### ઢાળ

સત્ય શિરોમણિ હરિશ્ચંદ્ર પૃથ્વીપતિ, નગરી અયોધ્યા જેની સ્વર્ગ સમાન જો,
સુરગુરૂ સમ વસુભૂતિ મંત્રી જેહનો, રાણી સુતારાને કુંવર દેવ સમાન જો સત્ય૦ ૧
અવસર જાણી સુરપતિ એક દિન ઉચ્ચરે, હરિશ્ચંદ્રના ગુણ દેવને કરે જાણ જો
પ્રાણ જતાં પણ સત્યપણું છોડે નહિં, મનુષ્ય છતાં પણ કેટલા કરૂં વખાણ જો. ૨
સ્વામિ વચને શ્રદ્ધા નહિં બે દેવને, તેણે વિકુર્વ્યા તાપસો પુરની બાહ્ય જો;
સુવર થઈને નાશ કર્યા આરામનો, પોકાર કરતો ગયો તાપસ પુરમાંય જો... ૩
સાંભળી નૃપતિ ચાલ્યો તાપસ આશ્રમે, હાથમાં લઈને ખેંચી તાણ્યું તીરજો
ગર્ભિણી હરિણીને વચમાં લાગી ગયું, હરિણી મરતાં કુલપતિ કૂટે શિર જો. ૪
પશ્ચાતાપની સીમા ન રહી રાયને, કુલપતિ પાસે નૃપ નમાવી કાય જો;
પ્રાયશ્ચિત માટે રાજ્યપાટ દઉં આપને, પાપ હત્યા જો લાગેલી મુજ જાય જો. ૫
ઉપર લાખ સોનૈયા આપું પુત્રીને, પોષેલી મૃગલી જેણે દિવસને રાત જો,
કુળપતિ કહે હું રાજા, આજથી પુરનો, લાખ સોનૈયા, ધો વેચી તુમ જાત જો. ૬
રાજ્યને તજતાં, આડો મન્ત્રી આવીયો, ત્યારે તાપસે, કીદો મંત્રી કીર જો,
કપિંજલ અંગ રક્ષક વચમાં બોલીયો, તેને પણ કીધો જંબુક છાંટી નીર જો. ૭
કસોટી કીધી દેવે રાજ્ય તજાવીયું, તોપણ સત્યમાં અડગ રહ્યા છે ભૂપ જો,
કાશી નગરીમાં જઈ ચૌટામાં રહી, વેચાણ માટે ત્રણે ઉભાં છે ચૂપ જો. ૮
વેચાણ લીધી રાણીને એક બ્રાહ્મણે, કુમારને પણ વેચ્યો બ્રાહ્મણ ઘેર જો,
પોતે પણ વેચાણો ભંગીના ઘરે, કર્મ રાજાએ કીધો કાળો કેર જો. ૯
જળ વહન કર્યું બાર વરસ લગે નીચનું, નોકર થઈને વર્ત્યો ચંડાળ ઘેર જો,
દુઃખ સહન કરવામાં મણા રાખી નહિં, તોપણ કર્મે જરા'ન કીધી મ્હેર જો. ૧૦
રાક્ષસીરૂપ કરાવી કીધી વિંટબના, તારામતિને ભરી સભાની માંય જો,
નાગ ડસાલી મરણ કર્યો રોહિતાશ્વને, વિખુટો કર્યો તારામતિથી રાય જો. ૧૧
મૃતક અંબર લેવા પ્રેતવને ગયો, ચંડાળના કહેવાથી નોકર રાય જો,
આવી સુતારા કુમાર મૃતકને ઉંચકી, દહન ક્રિયા કરવાં મૂકી કાય જો. ૧૨

રૂદન કરતી છાતીફાટને કુટતી, ખોળામાં લઈને બાળક ઉપર પ્રેમ જો,
એટલામાં હરિ આવ્યો દોડતો આગળે, ઓળખી રાણીને, પૂછે છે કુશળ ક્ષેમ જો. ૧૩
સુતારા કહે પુત્ર મરણની આ દશા, ચંડાળ થઈને, મને વેચી દ્વિજ ઘેર જો,
રાજયપાટ ગયું કુટુંબકબીલો વેગળો, પુત્ર મરણથી વર્ત્યો કાળો કેરજો. ૧૪
બાર વરસ લગે ભંગીપણું આપે કર્યું, ચાકરડીપણું થયું મારે શિર તેમ જો,
કુંવર ડસાયો વનમાં કાષ્ટ લેવા જતાં, સ્વામિ હવે શું પુછો કુશળ ક્ષેમ જો ? ૧૫
પ્રભુ હવે તો દુઃખની હદ આવી રહી, શિરપર ઉગવા બાકી છે હવે તૃણ જો,
દુઃખ લખ્યું હશે કેટલું આપણા ભાગ્યમાં, નાથ હવે તો માગું છું હું મરણ જો. ૧૬
ગભરાયો નૃપ રાણીની વાતો સાંભળી, ધીરજ ધારી કર્યું હૃદય કઠીન જો,
સહન કરીશ હું જેટલું જે દુઃખ આવશે, પણ સૂર્યવંશી, થાશે નહિં કદી દીનજો. ૧૭
આટલું બોલી પ્રેમનું બંધન તોડીને, મુખ ફેરવીને માગ્યું મૃતકનું વસ્ત્ર જો,
રાયની સમસ્યા સુતારા સમજી નહિ, ફરી ફરી નૃપના હાથમાં દે છે પુત્ર જો. ૧૮
પુત્રના શબનું કામ નથી હવે માહરે, ત્યાં શું કહો છો બોલો થઈ સન્મુખ જો,
લજ્જા મૂકી, અશ્રુથી નેત્રો ભરી નૃપે, માગ્યું અંબર, મૃતકનું કરી ઉન્મુખ જો. ૧૯
એટલામાં કરી, દેવે વૃષ્ટિ પુષ્પની, સત્યવાદી તમે જય પામો મહારાજ જો,
કસોટી કીધી, દુઃખમાં નાખી આપને, ક્ષમા કરો તે સત્યતણા શિરતાજ જો ! ૨૦
દીધું વરદાન દેવે રાજય આબાદનું સંજીવન કરી પુત્રને ગયા દેવ લોક જો,
મંત્રીશ્વર-અંગરક્ષક બન્ને આવીયા શ્લાઘા થઈ છે નૃપની ત્રણે લોક જો. ૨૧
ધન્ય છે ધન્ય છે સત્ય શિરોમણિ રાયને જેમ જેમ કસીયે તેમ તેમ કંચનવાન જો,
સુરપતિ આગળ સ્તુતિ કરે હરિશ્ચંદ્રની દીઠો ન જગમાં ધૈર્યમાં મેરૂ સમાન જો. ૨૨
વિચરંતા પ્રભુ શાંતિ જિનેશ્વર આવીયા રાયને રાણી વંદન અર્થે જાય જો,
દેશનાંતે હરિશ્ચંદ્રે પૂરવભવ પૂછીયો સ્યા કારણથી ભંગીપણું મુજ થાય જો. ૨૩
બાર વરસ લગે દુઃખના ડુંગર દેખીયા સુતારા શિરપર આવ્યું મહાન કલંક જો,
વિખુટો કર્યો પુત્ર ને રાણીથી મુજને કારણ વિણ કદી કાર્ય બને ન નિઃશંક જો. ૨૪
પ્રભુ કહે રાય રાણી તુમે પૂર્વે હતા સાર્થ સાથે બે મુનિ આવ્યા તુમ ગામ જો,
રૂપ દેખીને રાણી વીંધાણી કામથી બોલાવે દંભથી દાસી દ્વારા ભીડી હામ જો. ૨૫
હાવ-ભાવ દેખાડ્યા બહુ એકાંતમાં પણ મુનિ કહે છે ભસ્મ થયો અમ કામ જો,
તેથી અમારો કામ હવે નથી જાગતો વળી મળ-મૂત્રની કુંડી કાયા છે ઉદ્દામ જો. ૨૬
નિરાશ થઈ રાણી નૃપકને જઈ ચડાવ્યું મુનિ ઉપર નિરધાર જો,

તાડન પૂર્વક બંદીખાને નખાવીશ માસાંતે રાય કરે પસ્તાવો અપાર જો. ૨૭
દોષ ખમાવી મુનિથી સમકિત પામીયા મુનિવર બન્ને કાળ કરી દેવલોક જો,
કસોટી મિષથી વૈર પૂરવ તેણે વાળીયું સુખદુઃખ નિમિત્ત કર્મ જાણી તજો શોક જો. ૨૮
રાય ને રાણી જાતિ સમરણ પામીયા અલ્પ નિદાનનો દીઠો વિપાક મહાન જો,
જગતની વિચિત્રતા સર્વે અનુભવી કર્મબંધનના છોડ્યા સકળ નિદાન જો. ૨૯
સાકેતપુરનું રાજ્ય દેઈ રોહિતાશ્વને દીક્ષા લીધી સોળમા જિનવર પાસ જો,
કેવળ પામી શિવપુરમાં સિધાવીયાં નીતિ ઉદયનો કરજો શિવપુર વાસ જો. ૩૦
(ગુરૂ ઉત્તમપદ પદ્મ નમે તસ ખાસજો. સત્વ શિરોમણિ હરિશ્ચંદ્ર પૃથ્વીપતિ.)

## [+] ૧૯૯. હરિશ્ચંદ્ર રાજાની સજ્ઝાયો (૨) (ઢાળ-૪)

### ઢાળ ૧

ઈણિ અવસર તિહાં આવીયા જિનવર જગદાનંદ
સાધુ ઘણાસું પરિવર્યા જગપતિ શાંતિ જીણંદ... ૧
દેવ દુંદુભિ વાજિંત્ર વાજે જલ્લર ભેરી
તાલ કંસાલ અને શ્રી માદલ નાદ ન ફેરી... ૨
મોટામહોત્સવે રાજા લોકસું હર્ષ ધરેવી
આયુધ છત્ર મુકુટ સઘલા હિ દૂર કરેવી... ૩
તીન પ્રદક્ષિણા દેઈ વાંધા શ્રી ભગવંત
રાય રાણી મંત્રીસરૂ તે બેઠા એકંત... ૪
યોજન વાણી વખાણે જાણે અમૃત ધાર
ધર્મકથા સાંભળવા બેઠી પર્ષદા બાર... ૫
નિજ નિજ ભાષાયે દાખવે સહુને શ્રી વીતરાગ
કેઈ શ્રાવક વ્રત આદરે કેઈ ચારિત્ર વૈરાગ... ૬
જલધર બુંદ તણી પરે ચાતક ચિત્ત હરિચંદ
સરસ વચન રસ પાવન કરત તૃપ્તિ નરીંદ... ૭
રાજા શ્રી હરિચંદજી કહે કરકમલને જોડ
ભવ ભય ભંજન જિનવર ભવ સંકટથી છોડ... ૮
કહો ભગવન ! પૂરણ ભવે પાપ કિયા કોણ કોડી
બહુવિધ આપદા ભોગવી લાગી સબલી ખોડી... ૯

કહે શ્રી શાંતિ જિનેશ્વરૂ નરવર ! સુણ અધિકાર
પૂર્વભવે જે કર્મ કિયા તસ એહ વિચાર... ૧૦
કર્મ પ્રમાણે ભોગવે પ્રાણી દુઃખ અપાર
પૂર્વદિશે અમરાવતી નયરી જોયણ બાર... ૧૧
અમરસેન રાજા તિહાં પાળે વર્ણ અઢાર
પટરાણી અમરાવતી મંત્રીશ્વર મતિસાર... ૧૨
અતુલબલી અલવેસરે રાજેસર અવનીશ
તેજ પ્રતાપે દિનપતિ નરપતિ વિસવાવીસ... ૧૩
એક દિવસ તિહાં આવીયા દોય યતિ ગુણવંત
ચારિત્રીયા વૈરાગીયા મોટા સાધુ મહંત... ૧૪
છ માસી તપને પારણે મુનિવર આવ્યા તેહ
એણે અવસર તિહાં ઝરમર ઝરમર વરસે મેહ... ૧૫
નૃપ અંતેઉર મંદિર ગોખ તલે પહોંચેય
ઈરિયાવહી પડિક્કમવા ઉભા મુનિવર બેય... ૧૬
સુરનર કિન્નર દિણયર અથવા પુરિસીહ એય
ઋષી દીઠો રાજાની રાણી મોહી તેમ... ૧૭
સુંદર મંદિર રૂપ પુરંદર સરિખો પ્રેમ
ભોગ ભોગવું ઋષી સાથે રાણી ચિંતે એમ... ૧૮
દાસી સાથે છત્રહ દેઈ બોલાયા સાધ
રાજ ભુવને બે આવ્યા મુનિવર સકલ અગાધ... ૧૯
આગળ આવી ઉભી રહી રાણી બે કરજોડ
હાવ-ભાવ કરી બોલી મુનિ પૂરો મુજ કોડ... ૨૦
જન્મ સફળ કર સરિસહુ સરસ મલ્યો સંયોગ
વર્ષ એક તુમ છાના રાખું વિલસો મુજશું ભોગ... ૨૧
તુમે તરૂણ વય યૌવન હું પણ બાલક વેશ
બીજો કો નહિં જાણશે રાજા નગર નરેસ... ૨૨
પ્રથમ ઢાળ પૂરી કરી સાધુ પડ્યો જંજાળ
સુણી મુનિવર પાછા બાહુ લીયા તત્કાળ... ૨૩
રાણી આગળ દોડી દીધા મહેલ કમાડ

કનકવિજય કહે ઈણી પરે પ્રીત ન થાયે માંડ... ૨૪

## ઢાળ ૨

રાણી બોલે ઋષી સુણો મ કરો હઠ અનંત બન્ને નહિં તો એકપણ વિલસો ભોગ મહંતરે
સાધુ કહે સુણ માતા ગંગા તું છે માત સમાન રે
તાહરે પુત્ર થકી અમે અધિકા હઠ કિસ્યો અસમાન રે
મોરી માતાજી જાવા ઘો બે સાધ રે અમે કવણ કીયો અપરાધ રે
અમને થાય છે અધિકો બાધ રે... મોરી માતાજી૦ ૨
વૈરાગી અમે બાલ બ્રહ્મચારી છાંડ્યો કુટુંબ પરિવાર રે
રમણી છાંડી અમે રંભા સરખી એહ અમારો આચાર રે... મોરી માતાજી૦ ૩
રન્ને વને રહીયે ઈંદ્રિય દમીયે સહીયે આતપ શીત રે
પ્રીત ન કરીયે ભવતટ લહીયે વહીયે ચારિત્ર ચિત્ત રે... મોરી માતાજી૦ ૪
કામ ન જાગે, પાપ ન લાગે વ્રત ન ભાંગે હીર રે
જે તું માગે નહીં અમ આગે વૈરાગે મન ધીર રે... મોરી માતાજી૦ ૫
ઈન્દ્રીય બાળી ભસ્મ કરી નાખી શું દીઠો કહે માત રે
અમશું આગ્રહ કરી એવડો કાંઈ વિણાસે ધાત રે... મોરી માતાજી૦ ૬
અમને દેખીને તું મોહી કારણ કેઉ દામ રે
શીલ રયણ અમ પાસ અનોપમ તે જોઈએ તો રાખ રે... મોરી માતાજી૦ ૭
સાધુ ઘણું રાણી સમજાવે પણ નહિં માને તેહ રે
ભીંજે પણ પાહાણ નવિ ભેદે વરસો બારે મેહ રે... મોરી માતાજી૦ ૮
ચોપડે ઘડે જેમ છાંટ ન લાગે ઉન્હે રંગ મજીઠ રે
તિમ મુનિને વચને નૃપ પત્ની પ્રતિબુઝે નહિં ધીઠ રે... મોરી માતાજી૦ ૯
ઢાળ રસાલ કહીએ બીજી કનકવિજય મુનિરાય રે
હાવ-ભાવ રાણી બહુ માંડે મુનિવર મન ન સુહાય રે... મોરી માતાજી૦ ૧૦

## ઢાળ ૩

બોલી રાણી પાપિણી વચન સુણો ઋષિરાજ
એકાંતે તુમને લહ્યા સહી ન છોડું આજ... ૧
ઋષિ જંપે માતા સુણો ચલે મેરૂ ગિરિરાય
શીલ અમારૂં નવિ ચળે વાતાં ઘણી બનાય... ૨

કામ લુબ્ધ કામિની કહે રાતી વિષયારસ
તુમને હું વિણ ભોગવ્યાં છોડું નહિં અવસ્સ... ૩
નિષ્ફલ નૃપ પત્ની તણાં થયા મનોરથ એહ
કરવા લાગી કુકૂઉ દુરાચારિણી તેહ... ૪
મંદિર બાર ઉઘાડીયા આવ્યા નૃપ જનમાંહિ
ઝાલ્યા તે બેહુ યતિ બાંધ્યા કાઠી સાહી... ૫
મુનિવર મુખ બોલ્યા નહિં મોહકર્મ બલ માર
રાજા આવ્યો એટલે રમી વન ગહન ઉદાર... ૬
વાત જણાવી રાયને તેડાવ્યા બે સાધ
નિરપરાધ નિષ્ઠુર પણે દીધી માર અગાધ... ૭
બંદીખાને લઈ ધર્યા માસ એક મુનિરાય
એક દિવસ રજની સમે મુનિ પભણે સજ્ઝાય... ૮
રાજા રાણી સાંભળે સૂતા મંદિર માંહિ
કાન દેઈ એક ચિત્તશું સુણે ઘણે ઉચ્છાહિ... ૯

## ઢાળ ૪

સાધુ કહે નિજ જીવને સાંભળ તું મનવીર
ભોગવ પૂર્વભવે કીયા એ દુઃખ કર્મ જંજીર... ૧
કર્મ કમાઈ આપણી છૂટે નહિં કોય
સુર-નર કર્મે વિટંબીયા ચિત્ત વિચારિ જોય... કર્મ કમાઈ આપણી૦ ૨
રે મન કર્મ વિટંબના મત આણો રોષ
કર્મ કમાઈ પ્રમાણને કેહનો નહિં દોષ... કર્મ કમાઈ આપણી૦ ૩
પર દુઃખ દેવું સોહિલું સવિ હુની રીત
આપને સહેતાં દોહિલું નવિ સુધી નીત... કર્મ કમાઈ આપણી૦ ૪
પરને પીડા જે કરે નવિ પૂછે ન્યાવ
સંકટ પામે સાધુ જયું અન્યાય પ્રભાવ... કર્મ કમાઈ આપણી૦ ૫
ઈમ સુણી રાજા ઉઠીયો આવ્યો તત્કાલ
છોડાવ્યા બેહુ જતી ચમક્યો ભૂપાલ... કર્મ કમાઈ આપણી૦ ૬
પાયે લાગી પ્રણિપતિ કરે. હું પાપી છું દુષ્ટ
ઋષિ મુજ મિચ્છામિ દુક્કડં થાઓ તુમ સંતુષ્ટ... કર્મ કમાઈ આપણી૦ ૭

રાણી પણ શંકી ઘણું મન ચિંતે એમ
એ મોટા અપરાધથી હું છૂટીશ કેમ... કર્મ કમાઈ આપણી૦ ૮
સમકિત વ્રત બેહુ આદરે ભાંગે મિથ્યાત
પાપ આલોયે આપણાં બિહું વિધ વિખ્યાત... કર્મ કમાઈ આપણી૦ ૯
તે રાણી તારા લોચની તું તેહ હરિચંદ
સાધુ સંતાપ્યા તેં જીકે પાયા દુઃખ દંદ... કર્મ કમાઈ આપણી૦ ૧૦
સાધુ મરી સુર ઉપના તાપ્રસ સુર કોય
તુજ દુઃખ દીધું જેટલું કર્મની એ ગતિ જોય... કર્મ કમાઈ આપણી૦ ૧૧
હરિચંદ્ર સુણી એમ ચિંતવે સાચી જિન વાણ
સંશય ભાંગી જીવનાં સુખની એ ખાણ... કર્મ કમાઈ આપણી૦ ૧૨
વાણી સુણી ભગવંતની હૈયે હર્ષ ન માય
જાતિ સમરણથી લહ્યું પૂરવભવ રાણી રાય... કર્મ કમાઈ આપણી૦ ૧૩
કહે હવે ચારિત્ર આદરૂં હરિચંદ્ર ભૂપાલ
કનકવિજય મુનિ વિનવે ચોથી ઢાલ રસાલ... કર્મ કમાઈ આપણી૦ ૧૪
હવે હરિચંદ્ર અંકની ધરે રોહિતાક્ષને રાજ
દેઈને ઉત્સુક થયો ચારિત્ર લેવા કાજ... કર્મ કમાઈ આપણી૦ ૧૫

## [?] ૨૦૦. હરિશ્ચંદ્ર રાજાની સજ્ઝાયો (૩)

ઉગતો સુરજ તપે નહિ રે લોલ... સૂરજ ઝાંખો નવિ થાય.
વીરા ભામણાં શિયલ નહિ ખંડુ પ્રાણ જાય તે રે લોલ ॥૧॥
હરિશ્ચંદ્ર રાજ છે મોટકો રે લોલ
નીચ ઘર પાણીડા જાય. વીરા ભામણાં૦ ॥૨॥
કાચીતે કુંભ દુધે ભર્યો રે લોલ...
બુંદ પડે ફરી જાય... વીરા ભામણાં૦ ॥૩॥
સોને તે શ્યામ વળે નહિ રે લોલ...
રત્ન ઝાંખેરુ નવિ થાય... વીરા ભામણાં૦ ॥૪॥
લોઢું તે વાળ્યું વળે નહિ રે લોલ...
પડી પટોળે ભાત... વીરા ભામણાં૦ ॥૫॥
બારમે શનીશ્વર કોપિયો રે લોલ...
નીચ ઘેર પાણીડા જાય... વીરા ભામણાં૦ ॥૬॥

રાંધણ સીંધણ હું કરું રે લોલ...
ત્યાં તો ભરી લાવું તોરાં નીર રે... વીરા ભામણાં૦ ॥૭॥
વાડા વાસીંદાં હું કરું રે લોલ...
અંગથી રહે જે તું દુર રે... વીરા ભામણાં૦ ॥૮॥
વેચ્યા તે મંદિર માળિયા રે લોલ...
વેચ્યા છે હિંડોળા ખાટ રે... વીરા ભામણાં૦ ॥૯॥
વેચ્યા છે તારાં લુગડાં રે લોલ
વેચ્યો છે પુત્ર રોહિત રે... વીરા ભામણાં૦ ॥૧૦॥
રાજિમતી ને દ્રૌપદી રે લોલ
મૃગાવતિને ચંદનબાલ... વીરા ભામણાં૦ ॥૧૧॥
સોળ સતીઓમાં સીતા સતી રે લોલ
સતીઓમાં શીરદાર... વીરા ભામણાં૦ ॥૧૨॥
હીરવિજય ગુરૂ હીરલો રે લોલ
વીરવિજય ગુણગાય... વીરા ભામણાં૦
શિયલ નહિ ખંડુ પ્રાણ જાય તે રે લોલ ॥૧૩॥

## ૨૦૧. હરિશ્ચંદ્ર રાજાની સજઝાયો (૪)

માતા ઊમિયાને અંગે પ્રગટ થયા રે... શિરૂ શંકરનો પરિવાર રે...
રાજા હરિશ્ચંદ્ર વેચાણો સત્ય કારણે રે લોલ... ૧

રાજા હરિશ્ચંદ્ર વેચાણા ભંગી ઘરે રે... સતી વેચાણાં નીચને ઘરે રે...
પુત્ર રોહિત વેચાણો ભીલી ઘરે રે... એવા બંનેના જુદા જુદા પ્રાણ રે...
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ... ૨

રાજાએ બાર બેડાનો બંધ ખોલીયો રે... એ તો લઈને પાણીડા જાય રે.
સતીને સામટા તે વાસણ માંજવા રે લોલ. એના કષ્ટ ભરેલા કર્મ રે...
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ... ૩

પુત્ર રોહિત પાણીડાં સંચર્યો રે લોલ... એ તો ફુલવાડી પાવા જાય રે...

એણે પાયો ચંપો ને પાયો મોગરો રે લોલ... વળી પાયો ડોલરનો છોડ રે...
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...

૪

કુંવર વીણે ડોલરનાં ફુલડાં રે લોલ, ફુલ વિણંતાં કરડ્યો કાળો નાગરે...
નાગ કરડ્યોને કુંવર પડી ગયો રે લોલ, એના પડતા તે ઉડ્યા પ્રાણ રે.
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...

૫

ત્યાં તો નગર નિશાળિયાં નિસર્યાં રે લોલ, એ તો આવ્યા સતીની પાસ રે
બાઈ રે પરદેશન તારો બેટડો રે લોલ, તારા કુંવરીયાને કરડ્યો કાળો નાગરે.
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...

૬

સતી રોતાં કકળતાં નિસર્યાં રે લોલ, એ તો આવ્યાં કુંવરીયાની પાસ રે
કોણ ઝાલે કુંવરની પાલખી રે લોલ, કોણ લઈને આવે શ્મશાન રે.
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...

૭

એને નથી કાકો નથી બાંધવો રે લોલ, એને નથી મામા કે મોસાળ રે
સતી હવે રોહિતના નામને રે લોલ ખંતીલો ખાંપણ વિના જાય રે
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...

૮

સતીએ લીધો કુંવરને બાથમાં રે લોલ, એણે લીધી શ્મશાન કેરી વાટ રે
ત્યાં તો આવી નગરની એક ડાંકણીરે લોલ એણે માગ્યાં શ્મશાન કેરાં દામરે
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...

૯

સતી વિણે છાણાં ને વીણે લાકડાં રે લોલ એતો ખડકે કુંવરની સેજ રે
સતીએ સઘળાં તે અંગ એમાં ખોલીયાં રે લોલ એનાં આવ્યા શ્મશાન કેરા દામ રે
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...

૧૦

સતીએ પોઢાવ્યા કુંવરને ચેહમાં રે લોલ એને જમણે અંગુઠે દીધો દાહ રે
ત્યાં ઈંદ્ર સિંહાસન કંપીયું રે લોલ દેવ આવ્યા કુંવરની પાસ રે

રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...
૧૧
કુંવર બળતી ચેહમાંથી ઉભા થયા રે એ તો ધરે પરમેષ્ટીનું ધ્યાન રે
ધન્ય ધન્ય રાજા હરિશ્ચંદ્ર નેરે લોલ તારી કસોટી પુરી થઈ આજ રે.
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...
૧૨
રાજા હરિશ્ચંદ્ર બેઠા અંબાડીએ રે લોલ સતીજી બેઠાં છે વેલ રે
પુત્ર રોહિત ઘોડા ખેલતો રે લોલ એ તો સત્યતણો પ્રભાવ રે
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...
૧૩
જેણે ગાયું ગોખ્યું ને સાંભળ્યું રે લોલ તેને સત્ય પર શ્રદ્ધા થાય રે
જેણે નથી ગાયું ને નથી સાંભળ્યું રે લોલ તેને સત્ય પર શંકા થાય રે
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...
૧૪
શ્રી ઉત્તમપદ ગુરૂ સેવના રે લોલ ભણે રામવિજય સજ્ઝાય રે
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સત્ય કારણે રે લોલ...
૧૫

## ૨૦૨. હેમચંદ્રાચાર્ય અને કુમારપાલ રાજાની અતિથિ સંવિભાગ વિષે સજ્ઝાય

બારમું વ્રત એમ પાળતો દેતો મુનિવર દાન રે
પાત્ર પોસી રે ભોજન કરે હૈયે નિરમલ ધ્યાન રે... બારમું૦ ૧
અતિથિ સંવિભાગ સાચવે દેતો જે મુનિને દાન રે
તે આહાર પોતે જમે પુણ્યવંત પ્રધાન રે... બારમું૦ ૨
સાધુ ભલા અને સાધ્વી શ્રાવક શ્રાવિકા સોય રે
સંઘ સકલને રે પોષતો પદ તીર્થંકર હોય રે... બારમું૦ ૩
એક દિન કુમાર નરેસરૂ આવ્યો વંદન કામ રે
ગુરૂ શિર ખાસર ઓઢીયું નૃપ લાજ્યો તેણે ઠામ રે... બારમું૦ ૪

વિનય કરી નૃપ બોલીયો સાંભળો હેમ સૂરીંદ રે
આ તુમે ખાસર ઓઢીયું લાજે કુમારે નરિંદ રે... બારમું૦ ૫
હેમ ભણે સુણો નરપતિ હું ગયો ગોચરી કામ રે
દુર્બલ શ્રાવક શુભમતિ પાય નમ્યો તેણે ઠામ રે... બારમું૦ ૬
ભાવ સહિત તે બોલીયો આવો મંદિરમાંહિ રે
લાજ ધરી મુજ આપીયું ચીવર ખાસર ત્યાંહિ રે... બારમું૦ ૭
તે મુનિ સોય મમતા નહિં કુણ ખાસર કુણ ચીર રે
ભાવ ભલો જગ જાણીએ ભાવે રાબડી ખીર રે... બારમું૦ ૮
તેહના હર્ષને કારણે ઓઢું ખાસર એહ રે
તે ધન્ય શ્રાવક જીવીયો અછતે વિક્રમ ગુણગેહ રે... બારમું૦ ૯
જે નર બહુધન પામીયા સમજ્યા શાસ્ત્રનો મર્મ રે
તે લક્ષ્મીનો વ્યય નવ કરે તે શું સમજ્યા ધર્મ રે... બારમું૦ ૧૦
આજ વડા તુમે નરપતિ ન કરો સાહમીની સાર રે
દિનકર તિમિર ન નીપજે કુણ ટાળે અંધકાર રે... બારમું૦ ૧૧
ખાસર દેખીને લાજીયા તો મુજ માનો વચન્ન રે
જે શ્રાવક કુળે નિરધના તે સ્થિર થાપીએ ધન્ન રે... બારમું૦ ૧૨
એણે વચને નૃપ હરખીયો લાગ્યો મુનિવર પાય રે
ચુક પડી તુમ દાસની તે સમજ્યો ઋષિરાય રે... બારમું૦ ૧૩
સદ્ગુરૂ વંદી નૃપ વળ્યો આવ્યો આપણે ઘેર રે
બહુધન શ્રાવક આપીયા વણિજ કરો સુપેર રે... બારમું૦ ૧૪
બહોંતેર લાખ સોવન ટકા મહેલ્યા શ્રાવક દંડ રે
પોષ કરે બહુ પ્રેમથી પામે વ્રત અખંડ રે... બારમું૦ ૧૫
જે નર સાહમી આપણા સીદાતા વળી હોય રે
સહસદીનાર દેઈ કરી નૃપ તેહનું મુખ જોય રે... બારમું૦ ૧૬
કોડી સોવન ધનવ્યય કરે શ્રાવક ભક્તિને કામ રે
સાતે ક્ષેત્ર સંભાળતો ધનવાવે શુભ ઠામ રે... બારમું૦ ૧૭
સુમતિવિજય કવિરાયનો રામવિજય ગુણ ગાય રે
ભણે ગણે ને સાંભળે બારમા વ્રતની સજ્ઝાય રે... બારમું૦ ૧૮

# સજ્ઝાય સરિતા

## (આગમોની સજ્ઝાયો)

❀ ❀ ❀

## તરંગ - ૨

**સજ્ઝાય ૨૦૩ થી ૨૦૭**

## ૨૦૩. અગિયાર અંગની સજ્ઝાય (ઢાળ-૧૨)

### શ્રી આચારાંગ સૂત્ર (ઢાળ ૧)

આચારાંગ પહેલું કહ્યું રે લો અંગ અગ્યાર મોઝાર રે ચતુર નર !
અઢાર હજાર પદો જિહાં રે લો દાખ્યો મુનિ આચાર રે ચતુર નર ! ૧
ભાલ ધરીને સાંભળો રે લો જિમ ભાંજે ભવભીતિ રે ચતુર નર !
પૂજા-ભક્તિ-પ્રભાવના રે લો સાચવીયે સવિ રીતિ રે ચતુર નર !
ભાવ ધરીને૦ ૨

દો સુઅખંધ સુહામણાં રે લો અજ્ઝયણાં પણ વીસ રે ચતુર નર !
શાશ્વતા અર્થે ઈહાં કહે રે લો યુક્તિ શ્રી જગદીશ રે ચતુર નર !
ભાવ ધરીને૦ ૩

મીઠડે વયણેં ગુરૂ કહે રે લો મીઠડું અંગજ એહ રે ચતુર નર !
મીઠડી રીતે સાંભળો રે લો સુખ લહે મીઠડાં તેહ રે ચતુર નર !
ભાવ ધરીને૦ ૪

સુરતરૂ સુરમણિ સુરગવી રે લો સુરઘટ પૂરે કામ રે ચતુર નર !
સાંભળવું સિદ્ધાંતનું રે લો તેહથી અતિ અભિરામ રે ચતુર નર !
ભાવ ધરીને૦ ૫

શ્રીનયવિજય વિબુધતણો રે લો વાચક જસ કહે સીસ રે ચતુર નર !
તમને પહેલા અંગનું રે લો શરણું હોજો નિશદીસ રે ચતુર નર !
ભાવ ધરીને૦ ૬

### શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર (ઢાળ ૨)

સૂયગડાંગ હવે સાંભળોજી બીજો મનને રંગ
શ્રોતાને આવે જે રૂચિજી તેહજ લાગે અંગ...
ચતુરનર ! ધારો સમકિત ભાવ એ છે ભવસાયરમાં નાવ...
ચતુરનર ધારો૦ ૧

સુયખંધા દોય ઈહાં ભલાજી અજ્ઝયણા તેવીસ
તિયસ તિસટ્ઠિ કુમતિ તણુંજી મતખંડન સુજગીસ... ચતુરનર ધારો૦ ૨
કહિઓ દવિય અણુયોગમાંજી એહ પહુત અધિકાર
સાધુ જવહરીનો ભલોજી જવહરનો વ્યાપાર... ચતુરનર ધારો૦ ૩
અર્ચક વર્ચકના ઈહાંજી શ્રોતાના અંતર હોય

ગુરૂ ભક્તા સુખ પામશેજી અવર ભમે મતિ ખોય... ચતુરનર ધારો૦ ૪
અંગે પૂજા પ્રભાવનાજી પુસ્તક લેખન દાન
ગુરૂ ઉપકાર સંભારવોજી આદર ભક્તિ નિદાન... ચતુરનર ધારો૦ ૫
વક્તા એહવો કોઈ નહીંજી જિમ ભાખ્યો તુમે ધર્મ
વાચકયશ કહે હર્ષશુંજી ઈમ તે વિનયનો મર્મ... ચતુરનર ધારો૦ ૬

## શ્રી સ્થાનાંગ સૂત્ર (ઢાળ ૩)

ત્રીજું અંગ હવે સાંભળો જિહાં એકાદિક દસ ઠાણ, મોહન !
ઉદ્દેસા છે અતિઘણા અર્થ અનંત પ્રમાણ, મોહન, ૧

વારી જાઉં હું જિન વચનની જેહના ગુણનો નહિં પાર મોહન !
જેહ ક્રૂર અને બહુ લંપટી તેહનો પણ કરે ઉદ્ધાર મોહન ! વારી જાઉ૦ ૨

ગીતારથ મુખ સાંભળ્યે લહે નય ભાવ ઉલ્લાસ મોહન !
તરણી કિરણ ફરસેં કરી હુયે સવિ કમલ વિકાસ મોહન ! વારી જાઉ૦ ૩

જે એહની દિયે શુભ દેશના તેમ હુઓ સદ્ગુરૂ પૂર મોહન !
તસ અંગ-વિલેપન કીજીયે ચંદન મૃગમદશું કપૂર મોહન ! વારી જાઉ૦ ૪

જિમ ભમર કમલવન સુખ લહે કોકિલ પામી સહકાર મોહન !
તિમ શ્રોતા વક્તાને મળે પામે શ્રુત-અર્થનો પાર મોહન ! વારી જાઉ૦ ૫

ખાંડ ગળી સાકર ગળી વળી અમૃત ગળ્યું કહેવાય મોહન !
માહરે તો મન શ્રુત આગળે તે કાંઈ ન આવે દાય મોહન ! વારી જાઉ૦ ૬

શ્રુતના ગુણ મન લાવીયે વળી ભાવિયે મન વૈરાગ મોહન !
ઠાણાંગે પ્રેમ જગાવીયે ઉપજાવીયે સુયશ સોભાગ મોહન ! વારી જાઉ૦ ૭

## શ્રી સમવાયાંગ સૂત્ર (ઢાળ ૪ )

ચોથું સમવાયાંગ તે સાંભળો મૂકી આમળો રે મનનો ધરી ભાવ કે
એના અર્થ અનોપમ અતિ ઘણા જગ જાણે રે એહનો સુપ્રભાવ કે...
ઉત્તમ ધરમેં થિર રહો ૧
સંખ્યા શત એગુણત્તરા અણેગુત્તરા રે બીજી પણ જાણ કે
સરવાળો ગણિ પિટકનો એહમાં છેરે જુઓ યુક્તિપ્રમાણ કે...

ઉત્તમ ધરમેં થિર રહ્યો ૨

ઈગ લખ પદ એહમાં કહ્યાં વળી ઉપર રે ચુંઆલ હજાર કે
અપ્રશસ્તના સંઘાતે દોષ જે કરે સદ્‌ગુરૂ રે તેહનો પરિહાર કે...
ઉત્તમ ધરમેં થિર રહ્યો ૩

જિનવયણે ન વિરોધ છે તસ ભાસને રે મંદબુદ્ધિ હોઈ કે
સદ્‌ગુરૂ વિરહેં અલપતા ગીતારથ હો ગુણ ગ્રાહક કોઈ કે...
ઉત્તમ ધરમેં થિર રહ્યો ૪

બલિહારી સદ્‌ગુરૂ તણી જે દાખે રે શ્રુત અર્થ નિચોલ કે
કીજે કોડિ વધામણાં લીજે ભામણાં રે નિત નિત રંગરોલ કે...
ઉત્તમ ધરમેં થિર રહ્યો ૫

સદ્‌ગુરૂ મુખ જે સાંભળે શ્રુતભક્તિ રે ઉજમણાં સાર કે
શ્રી નયવિજય વિબુધ તણો કહે સેવક હો તસ હુયે ભવ પારકે...
ઉત્તમ ધરમેં થિર રહ્યો ૬

## શ્રી ભગવતી પંચમાંગ સૂત્ર (ઢાળ ૫)

અંગ પાંચમું સાંભળો તુમે ભગવઈ નામે ચંગો રે
પૂજા કરો ને પ્રભાવના આણી મનમાં દઢ રંગો રે... સુગુણ૦ ૧

સુગુણ સનેહી સાજનાં તુમે માનોને બોલ અમારો રે
હિતકારી જે હિત કહે તે તો જાણીજે મન પ્યારો રે... સુગુણ૦ ૨

બ્રહ્મચારી ભુએ સુવે કરે એકાસણું ત્રિવિહારો રે
પડિકમણાં દોય વારનાં કરે સચિત્તતણો પરિહારો રે... સુગુણ૦ ૩

દેવ વાંદે ત્રણ ટંકના વળી કઠિણ વચન નવિ બોલે રે
પાપ સ્થાનક શકતેં ત્યજે ધર્મીશું હઈડું ખોલે રે... સુગુણ૦ ૪

કીજેં સૂત્ર આરાધના કાઉસગ્ગ લોગસ્સ પણવીસો રે
જપીયેં ભગવઈ નામની નવકારવાળી વીસો રે... સુગુણ૦ ૫

જે દિન એહ મંડાવીયે ગુરૂભક્તિ તે દેશવિશેષે રે
કીજે વળી પૂરે થયે ઉત્સવ બહુ જન દેખે રે... સુગુણ૦ ૬

ભક્તિ સાધુ સાહમ્મી તણી વળી રાતી જગો સુવિવેકો રે

લખમી લાહો અતિ ઘણો વળી ગૌતમ નામે અનેકો રે... સુગુણ૦ ૭

ત્રણ નામ છે એહનાં પહેલું તિહાં પંચમ અંગો રે
વિવાહપન્નત્તી બીજું ભલું ત્રીજું ભગવઈસૂત્ર સુરંગો રે... સુગુણ૦ ૮

એક સુયખંધ એહનો વળી વળી ચાલીશ શતક સુહાયા રે
ઉદ્દેસા તિહાં અતિ ઘણા ગમભંગ અનંત કહાયા રે... સુગુણ૦ ૯

ગૌતમ પૂછે પ્રભુ કહે તે તો નામ સુણ્યાં સુખ હોય રે
સહસ છત્તીસ તે નામની પૂજા કીજે વિધિ જોય રે... સુગુણ૦ ૧૦

મંડપગિરિ વવહારીયો જયો ધન્ય સોની સંગ્રામ રે
જિણેં સોનૈયેં પૂજાયાં શ્રીગુરૂ ગૌતમ નામ રે... સુગુણ૦ ૧૧

પુસ્તક સોનાને અક્ષરે તે તો દીસે ઘણા ભંડારો રે
કલ્યાણે કલ્યાણનો હોય અનુબંધ અતિ વિસ્તાર રે... સુગુણ૦ ૧૨

સફલ મનોરથ જસ હોયે તે પુણ્યવંતમાં પૂરો રે[1]
ઉમાહી અળગો રહે તે તો પુણ્ય થકી અધૂરો રે...સુગુણ૦ ૧૩

સૂત્ર સાંભળીયે ભગવતી લીજે લખમીનો લાહો રે
ભાવ ભૂષણમાં ધારીયે સદ્દહણા ઉચ્છાહો રે... સુગુણ૦ ૧૪

ઉત્કૃષ્ટી આરાધના ભગવઈ સુણતાં શિવ લહીયે રે
ત્રીજે ભવે વાચક જસ કહે ઈમ ભાખ્યું તે સદ્દહીયે રે... સુગુણ૦ ૧૫

## શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર (ઢાળ ૬)

જ્ઞાતાધર્મકથા છટ્ઠું અંગ સાંભળીયે મન ધરી રંગ
સુઅખંધ દોઈ ઈહાં સારા સુણી સફલ કરો અવતારા, હો લાલ
પ્યારી જિનવર વાણી લાગે મીઠી સાકર વાણી, હોલાલ પ્યારાં ૧
પહિલામાં કથા ઓગણીસ દસ વગ્ગ બીજે સુજગીસ
ઉઠ કોડી કથા તિહાં સારી છઠ્ઠા અંગની જાઉં બલિહારી, હોલાલ પ્યારાં ૨
ઉત્સવ આણંદ ધારો બીજા ધ્યાનેં જન તારો[2]

---

૧. પાઠાંતર : તે તો માણસ નહિ પણ ઢોરો રે અથવા તે તો પુચ્છ શિંગ વિણ ઢોરો રે.
૨. માનવ ભવ પામી બીજા ધાને કરી જને(ભવ) તારો રે.

રોમાંચિત હુઈ ચિત્ત ધારો સમકિત પર્યાય વધારો, હોલાલ પ્યારાં ૩
સહાય કરે શ્રુત સુણતાં તે સુખ પામે મનગમતાં
જે વિઘન કરે હુઈ આડો તે તો માણસ નહીં, પણ પાડો હોલાલ પ્યારાં ૪
વાચકયશ કહે સુણો લોગ શ્રુત ટાળે વિઘનનો સોગ
કહીયેં શ્રુતભક્તિ નવિ ત્યજીયેં ગુરૂ ચરણ કમલ નિત ભજીયેં હોલાલ પ્યારાં ૫

## શ્રી ઉપાસકદશાંગ સૂત્ર (ઢાળ ૭)

સાતમું અંગ ઉપાસક દશા તે સાંભળવા મન ઉલ્લસ્યાં
ટોળે મળી મનોહર ભાવ પામ્યો ધર્મ કથા પ્રસ્તાવ... ૧
શ્રાવક ધર્મ પ્રભાવક જ્યાં આણંદાદિક જે દઢ થયા
તેહનાં એહમાં સરસ ચરિત્ર સાંભળી કરીયેં જન્મ પવિત્ર... શ્રાવક ૨
શ્રાવક જિમ ઉપસર્ગ ખમેં તેડી મુનિનેં વીર કહે તમે
ગૃહીનેં ખમવું ઈમ ચિત્ત વસ્યું શ્રુત પાખે તુમ કહેવું કીશું... શ્રાવક ૩
જિમ જિમ રીઝે ચિત્ત શ્રુત સુણી તિમ તિમ શ્રોતા હોય બહુ ગુણી
રોમાંચિત હુયે કાયા સદ્ય જાયે નાઠા સકલ અવદ્ય... શ્રાવક ૪
જિનવાણી જેહને મનરૂચી તે સત્યવાદી તેહજ શુચિ
ધર્મ ગોઠી તેહશું કીજીયે વાચકયશ કહે ગુણે રીઝીયે... શ્રાવક ૫

## શ્રી અંતગડદશાંગ સૂત્ર (ઢાળ ૮)

આઠમું અંગ અંતગડદશા સાહેલડીયા સુણજો ધરીય વિવેક ગુણ વેલડીયા
બોલ્યા બોલ તે પાળીયે સાહેલડીયા નવિ તજીયેં ગુણ ટેક... વેલડીયા ૧

એક સુયખંધ છે એહનો સાહેલડીયા મોટો છે અડવગ્ગ વેલડીયા
ચરિત્ર સુણો બહુ વીરની સાહેલડીયા રોમાંચિત હુએ અંગ... વેલડીયા ૨

ધરમ તે સોવન ઘટ સમો સાહેલડીયા ભાંગે પણ નવિ જાય વેલડીયા
ઘાટ ઘડામણ જો ગયું સાહેલડીયા વસ્તુનું મૂલ કહાય... વેલડીયા ૩

નિત નિત રાચીયે માચીયે સાહેલડીયા યાચીયે એકજ મુક્તિ વેલડીયા
પુણ્યની પ્રકૃતિ નિકાચીયે સાહેલડીયા ધર્મરંગ એહ યુક્તિ... વેલડીયા ૪

શ્રી નયવિજય વિબુધતણો સાહેલડીયા વાચક યશ કહે સીસ વેલડીયા

મુજને જિનવાણી તણો સાહેલડીયા નેહ હોજો નિસ દીસ... વેલડીયા ૫

## શ્રી અનુત્તરોપપાતિકાંગ સૂત્ર (ઢાળ ૯)

નવમું અંગ હવે ભવિ સાંભળો અણુત્તરોવવાઈ નામ, સોભાગી
સુણતાં રે સકલ પ્રમાદને પરિહરો જિમ હોયે સમપરિણામ, વૈરાગી૦ નવમું ૧
બૂઝે રીઝે રે શ્રોતા જો સુણી તો સીઝે સવિ કામ, સૌભાગી
વાધે રે રંગ રે શ્રુત વક્તા તણો બિહું પ્રીતિ બહુ ધર્મ, વૈરાગી૦ નવમું ૨
અંધા આગેં રે દરપણ દાખવો બહેરા આગે રે ગાન, સૌભાગી
ધર્મ રહસ્ય કથા જડ આગળે ત્રણેં એહ સમાન, વૈરાગી૦ નવમું ૩
જે જેહવો હોયે તે સમઝે તિસ્યું નિઃસ્પૃહ કહેશે રે સાચ, સૌભાગી
ધર્મગોઠ ધર્મીશ્યું વાજશે બીજું મોરનું નાચ, વૈરાગી૦ નવમું ૪
ધર્મ કરી જે અનુત્તર સુર હુવા તેહના ઈહાં અવદાત, સૌભાગી
વાચકયશ કહે જે એ સાંભળે ધન્ય તસ માત ને તાત, વૈરાગી૦ નવમું ૫

## શ્રી પ્રશ્નવ્યાકરણાંગ સૂત્ર (ઢાળ ૧૦)

પ્રશ્નવ્યાકરણાંગ તે દશમો સાંભળતાં કાંઈ ન હુએ વિસમો
ભાવિયા પ્રવચનના રંગી આવિયા સુવિહિતના સંગી
આશ્રવ પંચ ને સંવર પંચ દશ અધ્યયને ઈહાં સુપ્રપંચ... ભાવિયા૦ ૧
એહિજ હિત જાણીને ધાર્યા અતિશય હુતા તે ઉતાર્યા ભાવિયા૦
જેહ અપુષ્ટાલંબન સેવી તેહને વિદ્યા સબલ ન દેવી ભાવિયા૦ ૨
નાગકુમાર સુવર્ણકુમાર વર દીયે નવિ લે અણગાર ભાવિયા૦
એહવા ઈહાં અક્ષર સંયોગ નંદીસૂત્રનો દીયો ઉપયોગ ભાવિયા૦ ૩
સર્વ સૂત્ર મહામંત્રની વાણી લબ્ધિ અઠયાવીસ ગુણની ખાણી ભાવિયા૦
પણ એ જગમાં અધિક ગવાણી પાઠ સિદ્ધ અતિશય સપરાણી ભાવિયા૦ ૪
ગુરૂભકતાનેં પ્રવચન રાગી સુવિહિત સંગ સદા સોભાગી ભાવિયા૦
વાચકયશ કહે પાતક દહશે શ્રુત સાંભળતાં તેસુખ લહસે ભાવિયા૦ ૫

## શ્રી વિપાકાંગ સૂત્ર (ઢાળ ૧૧)

અંગ અગીયારમો સાંભળો હવે ચિરવિપાક શુભ નામ રે
અશુભ વિપાક છેદશે વળી દશ વિપાક શુભ ધામ રે... અંગ૦ ૧

અશુભ કર્મ તે છાંડીયેં વળી આદરિયે શુભ કર્મ રે
સમઝી લ્યો રે ભવિયા એ સાંભળ્યા કેરો મર્મ રે... અંગ૦ ૨
મર્મ ન જાણે મૂળગો કંઠ શોષ કરાવે ફોક રે
તેહને હિત કિણિ પરે હુયે ફળ લીયે તે રોકારોક રે... અંગ૦ ૩
મત કોઈ જાણો રે ઉલટું અમે પ્રવચનના છીએ રાગી રે
શાસનની ઉન્નતિ કરે તે શ્રોતાને કહું સોભાગી રે... અંગ૦ ૪
ચેઈય કુલ ગણ સંઘનું આચારિય પ્રવચન શ્રુતનું રે
વેયાવચ્ચ તેણે નિત કર્યું જેહનું મન છે તપ-સંયમનું રે... અંગ૦ ૫
પણ વ્યવહારેં શોભીયેં વ્યવહાર તે ભક્તિ સાચો રે
કૃપણપણે જે વંચીયે તેહનો ભાવ જાણો કાચો રે... અંગ૦ ૬
જે ઉદાર આગરૂ ગુણ રસિયા કદીય નહિં આલસીયા રે
સાધુ વચન સુણવા ઉલ્લસિયા તે શ્રોતા ચોકસિયા રે... અંગ૦ ૭
એહવાનેં તુમેં અંગ સુણાવો ધરીયે ધર્મ સનેહો રે
ધર્મગોઠ એહવાશું વાઝે જે એક જીવ દોઈ દેહો રે... અંગ૦ ૮
ધન્ય તેહ વર અંગ ઉપાંગે જેહનું લાગું મન્ન રે
વાચકયશ કહે તસ ગુણ ગાવા કીજે કોડી યતન્ન રે... અંગ૦ ૯

## કળશ (ઢાળ ૧૨)

અંગ અગ્યારે સાંભળ્યા રે પહોંતા મનના કોડ, ટોડરમલ્લ જીત્યો રે
ગઈ આપદા સંપદા મિલી એ આવી હોડાહોટ... ટોડરમલ્લ જીત્યો રે ૧
દલિયેં તે દુર્જન દેખતાં રે વિઘનની કોડાકોડ ટોડરમલ્લ જીત્યો રે
સજજન માંહિ મલપતા રે ચાલે મોડામોડ... ટોડરમલ્લ જીત્યો રે ૨
જિમ જિન વરસી દાનમાં રે ન કરે ઉડાઉડ ટોડરમલ્લ જીત્યો રે
તિમ સદ્દગુરૂ ઉપદેશમાં રે વચન વિચારશું ઠોડ... ટોડરમલ્લ જીત્યો રે ૩
કર્મ વિવર ચર પોળીયો રે પોલે દીયે છે છોડ ટોડરમલ્લ જીત્યો રે
તખત વખત ફલ પામશું રે હૂઈ રહ્યા દોડાદોડ... ટોડરમલ્લ જીત્યો રે ૪
માત બગોઈ મંગલ પિતા રે રૂપચંદભાઈ ઉદાર ટોડરમલ્લ જીત્યો રે
માણેકશાયે કાંઈ સાંભળ્યા રે વિધિશું અંગ અગ્યાર... ટોડરમલ્લ જીત્યો રે ૫
યુગ યુગ મુનિ વિધુ સંવચ્છરે જસવિજય ઉવજ્ઝાય ટોડરમલ્લ જીત્યો રે
સુરત ચોમાસું રહી રે કીધો એ સુપસાય... ટોડરમલ્લ જીત્યો રે ૬

## ૨૦૪. આગમ આશાતનાની સજઝાય

(રાગ-વીરકુંવરની વાતડી કેને કહિયે)

આગમની આશાતના નવિ કરીયે, નવિ કરીયે રે નવિ કરીયે;
શ્રુતભક્તિ સદા અનુસરીયે, શક્તિ અનુસાર. આ૦ ૧

જ્ઞાનવિરાધક પ્રાણિયા મતિહીના, તે તો પરભવ દુ:ખીયા દીના;
ભરે પેટ તે પર આધીના, નીચ કુળ અવતાર. આ૦ ૨

અંધા લૂલા પાંગુલા પિંડ રોગી, જન્મ્યા ને માત વિયોગી;
સંતાપ ઘણો ને શોગી, યોગી અવતાર. આ૦ ૩

મૂંગા ને વળી બોબડા ધન હીના, પ્રિયા પુત્ર વિયોગે લીના;
મૂરખ અવિવેકે ભીના, જાણે રણનું રોઝ. આ૦ ૪

જ્ઞાનતણી આશાતના કરી દૂરે, જિનભક્તિ કરો ભરપૂરે;
રહો શ્રી શુભવીર હજુરે, સુખમાંહે મગન્ન. આ૦ ૫

## ૨૦૫. ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનની સજઝાય

સમવસરણ સિંહાસનેજી, વીરજી કરે રે વખાણ;
દશમે ઉત્તરાધ્યયનમેજી, દીયે ઉપદેશ સુજાણ,
સમયમે રે ગોયમ મ કર પ્રમાદ........

વીર જિનેશ્વર શીખવેજી, પરિહર મદ વિખવાદ. ૧
જિમ તરૂ પંડુર પાંદડુંજી, પડતાં ન લાગેજી વાર;
તિમ એ ચંચળ જીવડાજી, સ્થિર ન રહે સંસાર. સમયમેં૦ ૨

ડાભ અણી જાલ ઉસનોજીરે, ક્ષણ એક રહે જલબિંદુ;
તિમ એ ચંચલ જીવડો જી, ન રહે ઈન્દ્ર નરીન્દ્ર. સમયમેં૦ ૩
સૂક્ષ્મ નિગોદ ભમી કરીજી રે, રાશી ચઢ્યો વ્યવહાર;
લાખ ચોરાશી જીવાયોનિમાંજી, લાધ્યો નરભવ સાર. સમયમેં૦ ૪

શરીર જરાએ જર્જર્યુંજી, શિરપર પળીયા રે કેશ;
ઈન્દ્રિય બળ હીણા પડયાજી, પગ પગ પેખે કલેશ. સમયમેં૦ ૫

ભવસાયર તરવા ભણીજી, ચારિત્ર પ્રવહણ પૂર;
તપ જપ સંયમ આકરાજી, મોક્ષ નગર છે દૂર. સમયમેં૦ ૬

ઈમનિસુણી પ્રભુદેશનાજી ગણધર થયા સાવધાન;
પાપ પડલ પાછા પડયાજી, પામ્યા કેવલજ્ઞાન. સમયમેં૦ ૭

ગૌતમના ગુણ ગાવતાજી, ઘર સંપત્તિની ક્રોડ;
વાચક શ્રીકરણ ઈમ ભણેજી, વંદુ બે કરજોડ. સમયમેં૦ ૮

## ૨૦૬. ઉત્તરાધ્યયની સજઝાય (ઢાળ-૩૬)

### ઢાળ ૧ :

પવયણ દેવી ચિત્ત ધરી જી વિનય વખાણીશ સાર
જંબૂને પૂછે કહ્યોજી શ્રી સોહમ ગણધાર
ભવિકજન વિનય વહો સુખકાર ૧
પહેલે અધ્યયને કહ્યોજી ઉત્તરાધ્યયન મઝાર
સઘળા ગુણમાં મૂળગોજી જે જિનશાસન સાર... ભવિકજન૦ ૨
નાણ વિનયથી પામીયેજી નાણે દરિસણ શુદ્ધ
ચારિત્ર દરિસણથી હુવે જી ચારિત્રથી પુણ સિદ્ધ... ભવિકજન૦ ૩
ગુરૂની આણ સદા ધરે જી જાણે ગુરૂનો રે ભાવ
વિનયવંત ગુરૂ રાગીયો જી તે મુનિ સરલ સ્વભાવ... ભવિકજન૦ ૪
કણનું કુંડું પરિહરી જી વિષ્ટાશું મન રાગ
ગુરૂદ્રોહી તે જાણવા જી સૂઅર ઉપમ લાગ... ભવિકજન૦ ૫
કોહ્યા કાનની કૂતરી જી ઠામ ન પામે રે જેમ
શીલ હીણ અકહ્યાગરા જી આદર ન લહે તેમ... ભવિકજન૦ ૬
ચંદ્ર તણી પરે ઉજળી જી કીર્તિ તેહ લહંત
વિષય કષાય જીતી કરીજી જે નર વિનય વહંત... ભવિકજન૦ ૭
વિજય દેવગુરૂ પાટવી જી શ્રી વિજયસિંહ સૂરીંદ
શિષ્ય ઉદય વાચક ભણે જી વિનય સયલ સુખકંદ... ભવિકજન૦ ૮

### ઢાળ ૨ :

સોહમસામિ જંબૂ પ્રતે ઉપદેશે ધર્મ સુવિચાર રે
ઉત્તરાધ્યયન બીજે કહ્યો પરીષહતણો અધિકારરે
ઈંદ્રિયજય તુમેં આદરો ૧
ઈંદ્રિયજય તુમેં આદરો જિમ લહો સુખ સંસાર રે

અનુક્રમે નાણ-કિરિયા થકી શાશ્વતાં સુખ લહો સાર રે... ૨
ખુહ-તૃષા-શીત તે તાવડો ડંસ-અચેલ તિમ હોય રે
અરતિ-રતિ નારીચર્યા વળી નિસીહિ શય્યા પુણ જોય રે... ૩
તેમ આક્રોશ-વધ-રચના રોગ અલાભ-તૃણ ફાસ રે
મલ-સત્કાર-મતિ મૂઢતા હોય સમકિત સુખવાસ રે... ૪
એહ બાવીસ પરીષહ કહ્યા પ્રથમ તિહાં ઋષભ જિણંદ રે
સાંસહી વરસના પામીયું કેવલનાણ સુખકંદ રે... ૫
ઢંઢણ મુનિવરે સસિહ્યો પરીષહ નામ અલાભ રે
તેહથી તેહને ઉપનો કેવળ સંપદા લાભ રે... ૬
બહુવિધ પરીષહ સાંસહ્યા શાસનનાયક વીર રે
તેહથી નાણ અવિચલ લહ્યું મેરૂ ગિરિ સાહસ ધીર રે... ૭
શ્રી વિજયદેવ ગુરૂ પાટવી શ્રી વિજયસિંહ સૂરિંદ રે
શિષ્ય વાચક ઉદયવિજયની વાણી અવધારી નરવૃંદ રે... ૮

## ઢાળ ૩ :

પ્રથમ માનવભાવ દોહિલો સુણાવે ચિત્ત આણો
પાલવઉ સદહણા ખરી ધર્મ અંગ એહ જાણો... ૧
ચાર શુભ અંગ ભવિ ધારીયે કહે સોહમ સ્વામી
ત્રીજે અધ્યયને નિસુણ્યો જંબૂ શિર નામી... ૨
મણુઅભવ દુલ્લહતા કારિણી દશ હોઈ દિઠંત
સાંભળવો વળી દોહિલો જિનરાય સિદ્ધંત... ૩
જઈવિ તે સાંભળવું મલે તોહિ રૂચિ કિહાં સાચી ?
કબહુ કિરિયાતણી રૂચિ હુઈ બલશક્તિ તેહિ કાચી... ૪
ભાગ્યયોગેં લહે ચાર એ કોઈ ભવિયણ પ્રાણી
ધર્મનું આળસ મત કરો તુમ્હ તેણ હિત જાણી... ૫
શ્રી વિજયદેવ ગુરૂ પાટવી વિજયસિંહ મુનિરાય
શિષ્યતસ ઉપદિશે એણીપરે ઉદયવિજય સજ્ઝાય... ૬

## ઢાળ ૪ :

અજરામર જગ કો નહિ પ્રમાદને છાંડો રે

મિથ્યામતિ મૂકી કરી ગુણઆદર માંડો રે...
શુદ્ધ ધર્મનો ખપ કરો ૧
શુદ્ધ ધર્મનો ખપ કરો ટાળી વિષય વિકારો રે
ચઉથેં અધ્યયને કહે વીર એહ વિચારો રે... ૨
પાપ કરમ કરી મેળવે ધનના લખ જેહ રે
મૂરખ ધન છાંડી કરી નરકે ભમે તેહ રે... ૩
બંધવજનને પોષવા કરે જે નર પાપ રે
તેહતણાં ફળ દોહિલાં સહે એકલો આપ રે... ૪
ખાત્રતણે મુખે જે ગ્રહ્યો એક ચોર અયાણ રે
નિજકર્મે દુઃખ દેખતાં તેહને કુણ ત્રાણ રે... ૫
ઈમ જાણી પુણ્ય કીજીયે જેહથી સવિ સુખ થાયે રે
નવિ નવિ સંપદ અભિનવી વલી સુજશ ગવાયે રે... ૬
વિજયદેવ ગુરૂ પાટવી વિજયસિંહ મુણિંદો રે
શિષ્ય ઉદય કહે પુણ્યથી હોઈ પરમ આણંદો રે... ૭

**ઢાળ ૫ :**

પંચમ અધ્યયને કહે એ પંચમ શ્રીગણધાર
નિયજીએ સદહે એ જંબૂસ્વામી તે સહીએ... ૧
મરણ સકામ-અકામ એ મૂરખ મરણ અકામ એ
સકામ એ બીજઉ જાણપણા થકી એ... ૨
પ્રથમ અનંતી વાર એ જીવ લહે નિરધાર એ
સાર એ બીજા પુણ્યે કોઈક લહે એ... ૩
ઈહ-પરલોક ન સદ્દહે જે ભાવે તે સુખી કહે
નવિ રહે તત્વ તણી મન વાસના એ... ૪
પંચે આશ્રવ આદરે વિવિધપરેં માયા કરે
નવિ તરે તે અજ્ઞાની જીવડો એ... ૫
સામાયિક પોસહ ધરે સાધુતણા ગુણ અનુસરે
નિસ્તરે એ તે પ્રાણી નાણી સહી એ... ૬
ગુણ અવગુણ ઈમ જાણીયે ગુણ ધરીએ ગુણખાણી એ
વાણીએ વિજયસિંહ ગુરૂ શિષ્યની એ... ૭

## ઢાળ ૬ :

ઢાળ : સંસારે રે જીવ અનંત ભવેં કરી,
કરે બહુલા રે સંબંધ ગતિ ચિંહુ ફરી ફરી
નવિ રાખે રે કોઈને તવ નિજ કર ધરી
સગાઈ રે કહો કિણી પરે કહીયે ખરી... ૧

ત્રુટક : કહો ખરી કિણી પરે એહ સગાઈ કારમો સંબંધ એ
સવિ મૃષા માતા પિતા બહેની બંધુ નેહ પ્રબંધ એ
ઘરે તરૂણ ઘરણી રંગે પરણી ત્રાણ કારણ તે નહી
મણિ કણગ મુત્તિઅ ધન્ન ધણ કણ સંપદા સવિ સંગ્રહી... ૨

ઢાળ : એહ થાવર રે જંગમ પાતિક દોઈ કહ્યાં
જેહ કરતાં રે ચઉગઈ દુઃખ જીવે સહ્યાં
તેહ ટાળો રે પાતિક દૂરે ભવિયણા
જીમ પામો રે ઈહ પરભવ સુખ અતિ ઘણાં... ૩

ત્રુટક : અતિઘણાં સુખ તુમ્હે લહો ભવિયણ જૈનધર્મ કરી ખરો
પરદાર પરધન પરિહરી તિણે જૈનધર્મ સમાચરો
જે મદે માચે રૂપે રાચે ધર્મ સાચે નવિ રમે
અંજલિ જલ પરે જન્મજાતો મૂઢ તે ફળ વિણ ગમે... ૪

ઢાળ : અધ્યયને રે છઠ્ઠે શ્રી જિનવર કહે
શુભ દૃષ્ટિ રે તેહ ભલી પરે સદ્દહે
તે સદ્દહી રે તપ નિયમાદિક આદરે
આદરતો રે કેવળ લચ્છી પણ વરે... ૫

ત્રુટક : લચ્છી વરે જિન ધર્મ કરતો હલુઅ કર્મી જે હુવે
પાંચમો ગણધર સ્વામી જંબૂ પૂછીયો ઈણી પરે કહે
શ્રી વિજયદેવ સૂરીંદ પટધર વિજ્યસિંહ મુનીસરૂ
તસ શિષ્ય વાચક ઉદય ઈણીપરે ઉપદિશે ભવિ હિતકરૂ... ૬

## ઢાળ ૭ :

અજ જિમ કોઈક પોષે આંગણે પ્રાહુણડાને હેતે રે
તે અજ જબ મનગમતાં ચરણો તાસ વિપાક ન ચેતે રે... ૧

શ્રી જિનવર ઈણીપરે જપે વિષયવિકાર મ રાચો રે;
તપ-જપ-સંયમ-કિરિયાનો ખપ કીજે જે જગ સાચો રે... ૨
મધ-માંસ આહાર કરતો વિષયવિકાર ઉમાહ્યો રે
નરકતણું તે આઉખું બાધે અજપરિ કરમે વાહ્યો રે... ૩
કોડી લોભે સહસ ગમાવે મંદમતિ જિમ કોઈ રે
અંબતણાં ફલ કારણ છાંડિયે રાજ્યઋધિ ધરે સોઈ રે... ૪
તિમ નરભવ સુખકારણી છાંડે અમરતણાં સુખ ભોગ રે
તિમ વલી મોક્ષતણાં સુખ મોટા કિમ પામે જડ લોક રે... ૫
એણીપરે મૂઢપણું પરહરીયે પંડિત ગુણ આદરીયે રે
વિજયસિંહ ગુરૂ શિષ્ય કહે ઈમ ઉદય સદા સુખ વરીયે રે... ૬

## ઢાળ ૮ :

કેવલ નાણ ગુણ પૂરીયો ચોર પાંચશેં હેત રે
સુધન કપિલો મુનિ ઉપદિશે સુણો સુગુણ સચિત્ત રે... વિષમ૦ ૧
વિષમ વિષય રસ પરિહરો ધરો ધૈર્ય મનમાંહિ રે
કાયર નવિ છાંડી શકે ત્યજે શૂર ઉચ્છાંહિ રે... વિષમ૦ ૨
એહ સંસાર જલનિધિ સમો કહ્યો તે દુઃખ ભંડાર રે
વહાણ સરિસ એકજ સાહુ તિહાં ધર્મ આધાર રે... વિષમ૦ ૩
જેહ મન-વચન-કાયા કરી જયણા કરે સાર રે
તેહ સઘળાં દુઃખ પરહરી લહે સુખ શ્રીકાર રે... વિષમ૦ ૪
લાભ જિમ-જિમ હુવે અતિ ઘણો તિમ-તિમ લોભ વાધંત રે
દોઈ માસા ધન કારણે નવિ કોડિ સરંત રે... વિષમ૦ ૫
પંચસય એમ પ્રતિ બોધીયા ઋષિરાય ઉપદેશ રે
આઠમા એહ અધ્યયનનો કહ્યો અર્થ લવલેશ રે... વિષમ૦ ૬
વિજયદેવ ગુરૂ પાટવી વિજયસિંહ સૂરિંદ રે
શિષ્યતસ વાચક ઈમ ભણે ઉદય વિજય સુખ કંદ રે... વિષમ૦ ૭

## ઢાળ ૯ :

દેવતણી ઋદ્ધિ ભોગવી આવ્યો મિથિલા નયરી નરિંદો
નમિ નામિ જે ઈન્દ્રે પરખી જાણ્યો શુદ્ધ મુણિંદોરે

ભવિકા ! એહવા મુનિવર વંદો વંદીને આણંદોરે... ભવિકા૦
સુખ સંપત્તિ નિજહાથે કરીનેં જિમ ચિરકાલે નંદો રે... ભવિકા૦ ૧
ચારિત્ર લેઈ મિથિલા નાથો સંવેગ રસમાં ભીનો
નમિ રાય ઋષિ પંથે ચાલે રાગ ને રોષ અદીનો રે... ભવિકા૦ ૨
તાસ પરીક્ષા હેતેં સુરપતિ બાંભણ વેષે આવે
મિથિલા અગ્નિ જલતી દેખાડે સુરપતિ પૂછે ભાવે રે... ભવિકા૦ ૩
નિજ નગરી જલતી કાં મૂકી તિમ વલી આથિ અનેરી
મુનિ કહે માહરું કાંઈ ન વિણસે કેહની ઋદ્ધિ ભલેરી રે... ભવિકા૦ ૪
ઈન્દ્ર ભણે નગરી સમરાવી અરિયણ સવિ વશ કીજેં
અનુક્રમે સંયમ મારગ લેઈ અવિચલ સુખપદ લીજેં રે... ભવિકા૦ ૫
મુનિ બોલે જે અવિચલ નગરી તસ મંડાણ કરીશું
અથિર તણો પ્રતિબંધ તે છાંડી થિરશું પ્રીતિ ધરીશું રે... ભવિકા૦ ૬
કોડિ કટક જીતે જે તેહથી મન જીપે તે શૂરો
એમ પ્રશંસી હરિ સુરલોકે પહોંત્યો પુણ્યે પૂરો રે... ભવિકા૦ ૭
અવિચલ સુખ પામ્યા મુનિરાજા નવમે ઉત્તરાધ્યયને
વાત કહી કહે ઉદય વિજય ઈમ વિજયસિંહ ગુરૂ વચને રે... ભવિકા૦ ૮

## ઢાળ ૧૦ :

પંડુર પાન થયે પરિપાકે, તરૂથી પડે કોઈ કાલે રે;
તિમ ધન યૌવન જીવિત પણ તું, ગૌતમ જ્ઞાને નિહાલે રે... ૧
ગૌતમને શ્રી વીર પયંપે, મ કર સમય પ્રમાદ રે;
જેમ ઈહપરભવ સુખ પામીજે, ટાલીજેં વિખવાદ રે... ગૌ૦ ૨
ડાભતણી અણીએં જલકણિકા, જિમ હુવે અથિર સભાવ રે;
તિમ નરનો આઉખાં જાણો, ધર્મ સદા થિર ભાવ રે... ગૌ૦ ૩
ષટકાયામાંહિ કાલ અનંતો, ભમીયો દુઃખ સહંત રે;
વલિ જરા પલિ કેશ પંડુરા, ઈંદ્રિય શક્તિ ન હુંત રે... ગૌ૦ ૪
તેહવામાં જિનવર નવિ દીસે, પંચમ કાલે ભરતે રે;
મતમત નવ નવી વાણી દીસે, ધર્મ તે કહો કિહાં વરતે રે... ગૌ૦ ૫
જિન વાણી નિસુણી ઈમ ગૌતમ, અનુક્રમે કેવલનાણી રે;

બોલાવ્યો સુર કહે સુતા જો પરણે મુનિ સવિવેક... માતંગ મુનિવરૂ ૬
તો સાજી તત્ક્ષણ એ થાયે તે નિસુણી કન્યા તેહ
રાજાયેં મુનિને પરણાવી મૂકી જક્ખને ગેહ... માતંગ મુનિવરૂ ૭
રાતેં મુનિ અવિચલ તેણેં દીઠો આવી પ્રભાતેં ગેહ
ઋષિ નિરખીને યોગ્ય કહી ઈમ ઝાણી પુરોહિત તેહ... માતંગ મુનિવરૂ ૮
માંડે જાગ પુરોહિત એક દિન વિપ્ર મલ્યા લખ જોડ
માસખમણ પારણે તિહાં મુનિવર આવ્યો મનનેં કોડ... માતંગ મુનિવરૂ ૯
આરંભી અવિવેકી બાંભણ ન લહે ધર્મ વિચાર
મુનિ દેખી કહે કુણ તું દીસે જા અત્યંજ અવતાર... માતંગ મુનિવરૂ ૧૦
યક્ષ તદા મુનિ મુખથી બોલે યાગનું ફલ તુમ્હ એહ
શુદ્ધ પાત્ર ગોચરીયેં પહોંતો હું તુમ્હ બારણિ જેહ... માતંગ મુનિવરૂ ૧૧
રોષે બાંભણસુત તવ મુનિને કરવા યષ્ટિ પ્રહાર
ઉઠ્યા તવ તે જક્ષે કીધા રૂધિર વમંત કુમાર... માતંગ મુનિવરૂ ૧૨
પાય લાગી મુનિને તે ખામે પુરોહિત સુત અપરાધ
પ્રતિલાભી પ્રતિબોધ લહ્યો તિણે બાલકને થઈ સમાધ... માતંગ મુનિવરૂ ૧૩
મુક્તિ મુનિ પહોંતો જય વરત્યા એ અધિકાર અશેષ
અધ્યયને બારમે વખાણ્યો શ્રી મહાવીર જિનેશ... માતંગ મુનિવરૂ ૧૪
વિજયદેવ ગુરૂપટ્ટ પ્રભાવક શ્રી વિજયસિંહ સૂરિરાય
તેણ તણો બાલક ઈમ બોલે ઉદય વિજય ઉવજ્ઝાય... માતંગ મુનિવરૂ ૧૫

## ઢાળ ૧૩ :

ચિત્ર અને સંભૂત એ ગજપુરમાં વિહરંત એ,
મહંત એ, દોય માતંગ મુનીશ્વરા એ... ૧
એક દિન તેહને વંદેએ ચક્રી નિયમ નિછદે એ,
આણંદે એ, પટરાણી પણ વંદતી એ... ૨
નારી રયણ તે દીઠી એ કામ અગ્નિઅંગિઠી રે,
પઈઠી એ, મનમાં તે સંભૂતને એ... ૩
ચક્રીતણું નિયાણ એ કરે તે અજાણ એ,
જાણ એ, ચિત્રે વાર્યો નવિ રહે એ... ૪
ચિત્ર નિયાણાં વિણ શુદ્ધ એ સંભૂતો મુનિ અવિશુદ્ધ એ

દશમે અધ્યયને એમ ભાંખે, વીર જિનેશ્વર વાણી રે... ગૌ૦ ૬
વિજયદેવ ગુરૂ પટ્ટપ્રભાવક, વિજય સિંહ ગુરૂ શિષ્યો રે;
વાચક ઉદયવિજય એમ બોલે, પુણ્યે પહોંચે જગીશો રે... ગૌ૦ ૭

## ઢાળ ૧૧ :

વીર જિણંદની દેશના આગમ ગુણ દેખી
જે બહુ સૂઅ તે વરણવ્યો અવિનીત ઉવેખી... વીર જિણંદની૦ ૧
જે જે ભાવ વખાણીયા ભાવો તે ભવિ લોકો
જિમ ઈહભવ પરભવ હુવે તુમ સુખ સંયોગો... વીર જિણંદની૦ ૨
જે બહુશ્રુત મુનિવર હુવે તેહને ઉપમાન
સુરતરૂ સાયર શશી રવિ ગજ રથ બહુમાન... વીર જિણંદની૦ ૩
અધચક્રી ચક્રી હરિ ધન કોશ સિંહ
સીતા નદી મંદિર ગિરિ જંબૂ તરૂલીહ... વીર જિણંદની૦ ૪
ઈત્યાદિક ઉપમા ઘણી બહુ સુઅ અણગાર
અધ્યયનેં અગ્યારમેં સહુ એ અધિકાર... વીર જિણંદની૦ ૫
વિજયદેવ ગુરૂ પાટવી વિજયસિંહ સૂરિંદ
શિષ્ય ઉદય કહે સુઅધરા પ્રતપો ઉડુચંદ... વીર જિણંદની૦ ૬

## ઢાળ ૧૨ :

ઋષિ વનવાસી સુરવર સેવિત પાળે પંચ આચાર
પાંચે નિજઈદ્રિય વશ કરતો તપસી ઉગ્રવિહાર... માતંગ મુનિવરૂ ૧
માતંગ ઋષિ મુનિવરૂ હરિકેશી ધન્ય ધન્ય
સૂધો મુનિવર જે કહાયો કિરિયા ગુણ સંપન્ન... માતંગ મુનિવરૂ ૨
માસતણો તપસી હરિકેશી તિદુ:ખ જખની ઠાણી
મલશોભિત તનુ રહ્યો સંવેગી નિર્મલ કાઉસ્સગ્ગ જાણી... માતંગ મુનિવરૂ ૩
રાજ સુતા ભદ્રા તિહાં આવી યક્ષને નમવા કામ
ભમતીમાંહે મુનિવર દેખી મુંહ મચકોડે તામ... માતંગ મુનિવરૂ ૪
તે દેખી સુરવર તવ કોપ્યો કન્યા કીધી કુષ્ટ
ત્રોડે હારનેં મોડે તનુ સા પ્રલપે ભૂતાવિષ્ટ... માતંગ મુનિવરૂ ૫
તે નિસુણી રાજા તિહાં આવ્યો કરી ઉપચાર અનેક

સુરઋદ્ધિએ, ભવ બીજે દોય પામીયા એ... ૫
ત્રીજે ભવે મુનિ સંભૂત એ ચક્રી થયો નરપુર હુંત એ,
ધન્ય પૂત એ, ચિત્ર પુરિમતાલે થયો એ... ૬
સુવિહિતાને તે અનુસરે એ અનુક્રમેં સંયમ આદરે એ,
વિચરે એ, એક દિન તેં કપિલ પુરેં એ... ૭
પુરકંપિલે દોઈ જણા એ થયા એકઠા બહુગુણ એ,
અતિઘણાએ, ચક્રી કહે સુખ ભોગવો એ... ૮
ચિત્ર કહે લીજે દીખ એ તે ન લહે ચક્રી શીખ એ,
સુપરિક્ખ એ, કર્મતણી જગ એહવી એ... ૯
ચક્રી અપઈટ્ઠાણ એ મુનિ નિજ પુણ્ય પ્રમાણ એ,
જાણ એ, ઉત્તમ પદવી પામીયો એ... ૧૦
વિજયદેવ પટ ધારક એ વિજયસિંહ પ્રભાવક એ,
વાચક ઉદય એ કહે ગુણ મુનિતણાં એ... ૧૧

## ઢાળ ૧૪ :

દેવતણી ઋદ્ધિ ભોગવી રે પુર ઈક્ષુકાર મઝાર... મોરાલાલ
ભગુ પુરોહિત કુલ આવીયા રે સુર દોય શુભ તિથિવાર... મોરાલાલ
તે બાલક૦ ૧
તે બાલક મુનિ વંદીયે રે માત-પિતાની સાથ... મોરાલાલ
દિક્ખ લેઈ થયા કેવલી રે વળી રાણી નરનાથ... મોરાલાલ તે બાલક૦ ૨
માવિત્રેં બીહાવીયા રે ઋષિ દેખીતા સંત... મોરાલાલ
એક દિન ઋષિ તેણે દીઠડા રે તરૂતલે આહાર કરંત...
મોરાલાલ તે બાલક૦ ૩
જાતિસ્મરણે જાણીયું રે પૂરણભવ વિરતંત... મોરાલાલ
માત-પિતાને બૂઝવી રે ચારિત્ર તેહ લહંત... મોરાલાલ તે બાલક૦ ૪
માત-પિતા દીક્ષા લીયે રે તિમ વળી રાણી રાય... મોરાલાલ
એ ષટ જણ થયા કેવલી રે પહોંતા શિવપુર માંય... મોરાલાલ તે બાલક૦ ૫
વિજયદેવ ગુરૂ પાટલી રે શ્રીવિજયસિંહ મુનિરાય... મોરાલાલ
તેહતણો શિષ્ય ઉપદિશે રે ઉદયવિજય ઉવજ્ઝાય... મોરાલાલ તે બાલક૦ ૬

## ઢાળ ૧૫ :

તપ કરતાં મુનિરાજીયા લાલા ન કરે ભોગ નિયાણ
મુનિમારગ સુધો ધરે લાલા તે બોલ્યા ગુણખાણ...
મુનિવર તો ભિક્ખુગુણશુદ્ધ
પન્નરમા અધ્યયનમાં લાલા ઈમ ભાખે સંબુદ્ધ...
મુનિવર તો ભિક્ખુગુણશુદ્ધ ૧
મંત્ર-તંત્ર નવિ કેળવે લાલા તસ ન રાગ ન રોષ
શૂરા પરીષહ જીતવા લાલા ચારિત્રના નહિ દોષ...
મુનિવર તો ભિક્ખુગુણશુદ્ધ ૨
પરિચય નહીં ગૃહસ્થનો અરસ-વિરસ આહાર
પૂજાદિક વાંછે નહીં લાલા સાચા તે અણગાર...
મુનિવર તો ભિક્ખુગુણશુદ્ધ ૩
ઈણિપરે મુનિગુણ સાંભળી લાલા પરખી કિરિયા નાણ
સાધુપંથ તુમ્હે આદરો લાલા ત્રણ તત્ત્વના જાણ...
મુનિવર તો ભિક્ખુગુણશુદ્ધ ૪
વિજયદેવ ગુરૂ પાટવી લાલા વિજયસિંહ ગુરૂ લીહ
શિષ્યઉદય કહે એહવા લાલા મુનિ પ્રતપો નિશિ દીહ...
મુનિવર તો ભિક્ખુગુણશુદ્ધ ૫

## ઢાળ ૧૬ :

બ્રહ્મચર્યનાં દશ કહ્યાં સ્થાનક શ્રી વીર જિણંદ રે
અધ્યયને તે સોલમે જે પામે શુદ્ધ મુણિંદ રે
જેહ પામે શુદ્ધ મુણિંદ સંવેગરસ ભાવિયા ગુણ ગેહ એ
ગુણ ગેહ નિરેહ નિરાગ વિષયદલ જીપતાં સુચિદેહ એ... ૧
પશુપંડગ નારી વિના વસહી પહિલી નિરધાર રે
આસન તિણિ નવિ બેસીયે બેસે જિણ આસણ નાર રે
બેસે જિણ આસન નાર રે, સંવેગ રસ ભાવિયા ગુણ ગેહ એ... ૨
નારી કથા નવી કીજીયે નવિ નિરખે ઈન્દ્રિય તાસ રે
ભીંત પટંતર ટાળીયે નવિ ચિંતીયે પૂર્વ અભ્યાસ રે નવિ૦ સંવેગ૦...૩
સરસ ભોજન નવિ કીજીયે નવિ લીજીએ અધિક આહાર રે

ઉદ્‌ભટ વેષ ન ધારીયે તરીયે ઈણ સંસાર રે તરીયે૦ સંવેગ૦... ૪
ઉદય વિજય વાચક ભણી શીલવંત તે પુરૂષ રતન્ન રે
શ્રી વિજયદેવ ગુરૂ પટવી શ્રી વિજયસિંહ ગુરૂ ધન્ન રે શ્રી વિજયસિંહ૦
સંગવે૦... ૫

## ઢાળ ૧૭ :

શ્રી જિનધર્મ સુણી ખરો લહી દીક્ષા સાર
નિય છંદે જે સંચરે તે પુરૂષ ગમાર...
વીર જિનેસર ઉપદિશે૦ ૧
વીર જિનેસર ઉપદિશે પાપશ્રમણ જે તેહ
સત્તરમા અધ્યયનમાં મુનિ ભાંખ્યો જેહ... ૨
જ્ઞાનદાયક નિજ ગુરૂતણો લોપક જે સાધ
પંચ પ્રમાદવશે પડ્યો ચારિત્ર ન સમાધ... ૩
કંઠ લગે ભોજન ભલું કરી સૂવે જેહ
રાત-દિવસ વિકથા કરે ગુણની નહિં રેહ... ૪
ભવ બેહુ ચૂકી કરિ કરે કાય કલેશ
વિષમિશ્ર તેહને પરહરી ધરો સુગુણ વિશેષ... ૫
વિજય દેવ ગુરૂ પાટવી વિજયસિંહ સૂરીશ
શિષ્ય ઉદય કહે પુણ્યથી પહોંચે સચલ જગીશ... ૬

## ઢાળ ૧૮ :

કંપિલપુરનો રાજીયો, જગ ગાજીયો રે, સંજય નર રાય કે,
પાયનમે નર જેહના, પહોંચે ભડ વાયકે (ધન ધન સંજય નરવરૂ)... ૧
ધન ધન સંજય નરવરૂ, જગ સુરતરૂ રે, શાસન વન માંહિ કે,
બાંહ ગ્રહી ભવ કૂપથી, દુઃખ રૂપથી રે, જિનધર્મ સમાહિ કે, ... ૨
એક દિન કેશરી કાનનેં, રસ વાહ્યો રે, જાયે મૃગયા હેત કે,
ત્રાસ પમાડે જંતૂને, એક મૃગલો રે, દૂહવ્યો તિણ ખેત કે... ૩
તીરપીડાયે તડફડ્યો પડ્યો હરણલો રે, શ્રી મુનિવરની પાસકે
તે દેખી ચિંતા કરે રાય ખામતો રે મુનિ તેજે ત્રાસકે... ૪
રાય કહે મુનિરાયને હું તો તુમ્હ તણો રે અપરાધી એહકે

રાખ રાખ જબબંધુ તું મુજ ભાંખો રે જિનધર્મ સરેહ કે... ૫
ધ્યાન પારી મુનિવર ભણે રાય કાંહણે રે હરિણાદિક જીવ કે
નિરપરાધી જે બાપડા નિત્ય પાડતાં રે દુઃખીયા બહુ રીવકે... ૬
હય-ગય-રથ પાયક વળી ધન કામિની રે કારમું સવિ જાણકે
ધર્મ જ એક સાચો અછે એમ નિસુણી રે તેહ સંજય રાણકે... ૭
ગઈ ભાલી પાસે લીયે જિનદીક્ષા રે સંસારી સાર કે
ગુરૂ આદેશેં અનુક્રમે પુહવીતલે રે કરે ઉગ્ર વિહારકે... ૮
માર્ગે એક મુનિવર મલ્યો તેહ સાથે રે કરે ધર્મ વિચારકે
જિનદીક્ષા પામી તર્યો ભરતેસર રે ચક્રી સનતકુમાર કે... ૯
સગર મઘવ સંતી અરો કુંથુ પદ્મ અને હરિષેણ નરિંદ કે
જય ચક્રી નગઈ નમી કરકંડૂ રે દોમુહ મુણિચંદ કે... ૧૦
મહ બલ રાય ઉદાયણો વલી રાજા રે દશારણ ભદ્રકે
નાણ ક્રિયા પોતે કરી એ તો તરીયા રે સંસાર સમુદ્રકે... ૧૧
વિજયદેવ સૂરીશ્વરૂ પટોધર રે વિજયસિંહ ગુણ ખાણ કે
ઉદય વિજય કહે એ કહ્યો અધ્યયને રે અઢારમેં જાણ કે... ૧૨

## ઢાળ ૧૯ :

સુગ્રીવ નયરવર વનવાડી આરામ
બલભદ્ર નરેશ્વર રાજ કરે ગુણધામ
ઈંદ્રાણી સરખી રાણી મૃગા અભિરામ
મકરધ્વજ સુંદર કુંઅર બલશ્રી નામ ૧
બલશ્રી નામ કુંવર અતિ સુંદર જીત્યો કામ વિકાર
સંયમ લેઈ કર્મ ખપેઈ પામ્યો ભવ જલ પાર
ઓગણીશમેં અધ્યયને જિનવર વીર દિયે ઉપદેશ
ભણતાં ગુણતાં ભવોભવનાં નાસે પાપ કલેશ... ૨
એક દિન વરમંદિર અંતેઉર પરિવાર
પરવરિયો પેખે નયરમઝાર કુમાર
દીઠો તવ મુનિવર ઈર્યાયે મલપંત
તસ ઉહાપોહે જાતિસમરણ હુંત... ૩

જાતિસમરણ પામી પેખે પૂરવભવ સંબંધ,
પંચ મહાવ્રત સાંભરે વળી ચઉ ગઈ દુઃખ પ્રબંધ,
માત-પિતા આગળ જઈ બોલે દુઃખ અનંતી વાર,
જે જે મેં પામ્યાં તે કહેતાં કિમહી ન આવે પાર... ૪
સંસાર અસાર એ દીસે મલ ભંડાર
સંબલ વિણ વાટે જાતાં દુઃખદાતાર,
બહુ જનમ-મરણભય નરય-તિરિય દુઃખ ઠાણ
તિહાં બળતા ઘરથી સારગ્રહે તે જાણ... ૫
સાર ગ્રહે તે જાણ વિચારી આપણપું તારશું,
દ્યો પ્રભુ તુમ્હ આદેશ અહો હવે સંયમ ગુણ ધારશું,
શીલ-તાપ-છુહા તૃષા અનંતી દુઃસહ સંબલિરૂખ,
પૂતલી અગ્નિવર્ણ આલિંગી દીઠાં નરકે દુઃખ... ૬
દુઃખથી નીકળવા મૃગાપુત્ર નરસિંહ
માવિત્ર આદેશેં દીક્ખ લહે મુનિ લીહ
અનુક્રમે તે મુનિવર શિવપુર રાજ્યલહંત
જિહાં નાણ-દંસણવળી પરમાણંદઅનંત... ૭
પરમાણંદ અનંત તે લહીયેં સાધુતણા ગુણ ધરતા,
શ્રી જિન શાસન ઉત્તમ પામી સૂધી કિરિયા કરતા,
કિરિયાનો તે આગર ગણધર વિજયદેવ પટધાર,
વિજયસિંહ ગુરૂરાજ બિરાજે શિષ્ય ઉદય જયકાર... ૮

## ઢાળ ૨૦ :

મગધદેશ રાજગૃહી નગરી રાજા શ્રેણિક દીપે રે
ચતુરંગ સેનાએ પરવરિયો તેજે દિણયર ઝીપે રે
ધન ધન શ્રી ઋષિ૦ ૧
ધન ધન શ્રી ઋષિરાજ અનાથી રૂપે દેવકુમાર રે
સંવેગ રંગ તરંગે ઝીલે યૌવનવય અણગાર રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૨
એક દિન કાનન પહોંતો શ્રેણિક વંદ્યા શ્રી ઋષિરાય રે

લઘુવય દેખી હરખે પૂછે પ્રભુ તુમ્હ કોમલ કાય રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૩

આ તુમ્હ રૂપ અનોપમ યૌવન તરૂણીજન આધાર રે
ઈતિ અવસર નારીરસ લીજે વડપણ સંયમ ભાર રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૪

ધ્યાનપારી તવ મુનિવર બોલે રાજન હું છું અનાથ રે
નાથ વિના સંયમ મેં લીધું નૃપ કહે હું તુમ્હ નાથ રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૫

જોઈએ તે તુમ્હને હું પૂરું લ્યો તુમ્હે એ બહુ આથ રે
મુનિ કહે રાજન નાથ ન તાહરે કિમ થાઈશ મુઝ નાથ રે ?...
ધન ધન શ્રી ઋષિ૦ ૬

રાય કહે હય-ગય-રથ-પાયક મણિ-માણક ભંડાર રે
માહરે છે હું નાથ સહુનો તવ બોલે અણગાર રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૭

કોસંબી નયરીનો રાજા મુજ પિતા ગુણવંત રે
તાસ કુંવર હું અતિઘણો વલ્લભ લઘુ વય લીલાવંત રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૮

એક દિન મુજ અંગે થઈ વેદના ન ટળે કોઈ ઉપાયે રે
માત-પિતા માહરે દુઃખે દુઃખિયાં નારી હૈયડું ભરાય રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૯

બહુલ વિલાપ કર્યા તેણીયે મુઝ દુઃખ નવિ લેવાય રે
તવમેં નિર્ણય એહવો કીધો ધર્મજ એક સહાય રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૧૦

ઈમ ચિંતવતાં વેદન નાઠી પ્રાતઃ સંયમ મેં લીધો રે
નાથ-અનાથ તણો એ વિવરો સુણી નરનાથ પ્રસિદ્ધો રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૧૧

તે સુણી રાજા સમકિત પામ્યો મુક્તિ ગયો અણગાર રે
વીસમે અધ્યયને જિનવીરે એ ભાખ્યો અધિકાર રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૧૨

શ્રી વિજયદેવ સૂરીશ્વર પાટે વિજયસિંહ મુનિરાય રે
ઉદયવિજય વાચક તસ બાલક સાધુતણા ગુણ ગાય રે...
ધન ધન શ્રી ઋષિ૦ ૧૩

## ઢાળ ૨૧ :

નયરી ચંપામાં વસે એતો શ્રાવક પાલક નામ સજની
એક દિન પ્રવહણ પૂરિયાં પોતો પિહુડપુર ઠામ સજની સમુદ્રપાલ૦ ૧
સમુદ્રપાલ મુનિવર જયો એ તો સંવેગી વિખ્યાત સજની
અધ્યયને એકવીશમે એહ સયલ અવદાત સજની સમુદ્રપાલ૦ ૨
તે તિહાં ધન ભેળું કરી પરણ્યો વિદેશે નાર સજની
સગર્ભા નારી લેઈ ચઢ્યો નિયપુર આવણ હાર સજની સમુદ્રપાલ૦ ૩
સમુદ્રમાંહિ સુત જનમીયો સમુદ્રપાલ તસ નામ સજની
પુત્ર-કલત્ર લેઈ આવીયો પાલક ચંપા ઠામ સજની સમુદ્રપાલ૦ ૪
અનુક્રમે તાતે પરણાવીયો રૂકિમણી નારી સરૂપ સજની
એકદિન ગોખે બિરાજતો દેખે નગર સ્વરૂપ સજની સમુદ્રપાલ૦ ૫
એક ચોર તવ દીઠડો તસ કંઠ કણયરમાલ સજની
ગાઢે બંધને બાંધીયો ભોગવે દુઃખ અસરાલ સજની સમુદ્રપાલ૦ ૬
તે દેખી તસ ઉપનો મન વૈરાગ્ય અપાર સજની
સમુદ્રપાલ મન ચિંતવે જુઓ કઠિન કર્મ અધિકાર સજની સમુદ્રપાલ૦ ૭
માતાને પૂછી લિયે સંયમ ભાર કુમાર સજની
મુકિત ગયો મુનિરાજીયો સુખ પામ્યો શ્રીકાર સજની સમુદ્રપાલ૦ ૮
વિજયદેવ પાટે જ્યો વિજયસિંહ ગણધાર સજની
શિષ્ય ઉદય વાચક કહે મુનિ ગુણ મોહનગાર સજની સમુદ્રપાલ૦ ૯

## ઢાળ ૨૨ :

શૌરીપુર અતિ સુંદર શ્રી વસુદેવ નરિંદ
રોહણી દેવકી રાણી રામ-કેશવ દોઈ નંદ
સમુદ્રવિજય વળી રાજીયો રાણી શિવાદે કંત
મન આનંદન નંદન નેમિશ્વર અરિહંત... ૧
સહસ અઠ્યોતેર સુંદર લક્ષણ અંગ અભંગ,

અનુક્રમે પામ્યું મોહન યૌવન નવરસ અંગ,
એકદિન તેહતણે કારણ ગોપીનો ભરતાર
ઉગ્રસેન પાસે માગે રાજુલ રાજકુમારી... ૨
મન અતિ માલતી ચાલતી ગજપતિ ગેલી,
મયણતણી સેનાસજી વિકસી મોહનવેલી
વડ સોભાગિણી રાગિણી ત્રિભુવન કેરો સાર
જાન લેઈ તે પરણવા આવે નેમકુમાર... ૩
ચાલે હલધર ગિરિધર બંધૂર બંધવ જોડી
રવિ શશીમંડલ ઝીપતા દીપતા હોડા હોડિ,
શિર સિંદૂરીયા સાથિયા હાથિયા મત્ત ગિરિંદ
બંદિજન બિરૂદાવલી બોલે નવ નવ છંદ... ૪
ડંબરે અંબર ગાજે વાજે મંગલતૂર
ફેરી ન ફેરી ન ફેરીય ભેરીય ભુંગલ ભૂરિ
રાચે માચે નાચે જાચે સાચે પ્રેમ
ગુણમણિ ઓરડી ગોરડી મોરડી પોઉસી જેમ... ૫
કરે કેઈ સુકુમાલી બાલી ગીત કલ્લોલ
કેવિ સુભગ શણગારી પ્યારી ચઢે ચકડોલ
ચતુર ચકોરડી ગોરડી લૂણ ઉતારે એક
જય જય નાદ સુણાવતી આવતી ધરતી વિવેક... ૬
હય-ગય-રથ-પાયક વળી મિલીય યાદવની જાન
એણિપરે બહુ આડંબરે આવે યદુ સુલતાન
ગ્રહણમાંહે શશી પરે સોહે નેમિકુમાર
અનુક્રમે તોરણ બારણ પહોંતા સાથે મુરારી... ૭
પશુવાડે પશુ જાણીને આણી કરૂણા તાસ
સારથિને પ્રભુ પૂછે કેમ ભેળી પશુરાશિ ?
ગોરવ કારણ તુમ્હ તણી તે ભણે એ સહુ આજ
તે સુણી પશુ મૂકાવી પાછા વળ્યા જિનરાજ... ૮
સહસાવન જઈ બુઝીયો ઝૂઝીયો કર્મહ સાથ
વ્રત ધરી તપ કરી આદરી તીર્થંકર તણી આથ

તે સુણી અતિ ઘણી વેયણા વેદ રાજુલ નારી
અનુક્રમે જિનવર નાણી જાણી ગઈ ગિરનાર... ૯
દીખ લેઈ પ્રભુ પાસે અભ્યાસે ગુણરંગી
ઈક દિન ગિરિ ભણિ જાતાં વૃષ્ટે ભીનું અંગ
કંચૂક ચીર સુકાવવા પહોંતી ગિરિદરિમાંહિ
તવ મન મીઠી દીઠી રહનેમિ ઉત્સાહિ... ૧૦
નગ્ન નારી જોઈ મન વસી ધસમસી બોલ્યો બોલ
તે મુનિ ચારિત્ર ચૂકતો મૂકતો લાજની ઢોલ
મુનિ સુણિ સુંદરી મંદિરે ફરી કરિ પૂરિયે વાસ
યૌવનવય સુખ લીજીયે કીજીયે વિવિધ વિલાસ... ૧૧
સતીય શિરોમણિ ભાંખી આખે અણી મુઝ શીલ
વાડી ન લોપું તહ તણી ચઉણિ જિમ હોય લીલ
તુજ પણ દેખી તરૂણી રમણી ચૂકશે ચિત્ત
તો હઠ તરૂ પરે હોશે ચંચલ તુઝ ચરિત્ર... ૧૨
એમ અગમ ધન કુલ તણી ભણી ઉપમા સાર
બાલકુંવારી તારિયો રહનેમિ અણગાર
બિહુંજણ તે શિવપુર ગયા ગહગહયાં સુખ અભંગ
અધ્યયને બાવીસમે એ અધિકાર સુચંગ... ૧૩
ધન ધન ઉપની નિયકુલ રાજુલ બાલકુંવારી
ધન ધન નેમિ સહોદર રહનેમિ અણગાર
વિજયદેવ ગુરૂ પટદર વિજયસિંહ મુનિરાય
તેહ તણો એમ બાલક ઉદયવિજય ગુણ ગાય... ૧૪

## ઢાળ ૨૩ :

શિષ્ય જિણેસર પાસના કેશીકુમર મુણિંદ રે
ગોયમ વીર જિણંદના એક સૂરજ એક ચંદ રે
ધન ધન એ દો ગણધરા ૧
ધન ધન એ દો ગણધરા ગોયમ કેશીકુમાર રે
તિંદુક વન ભેળા મળી કરે જિનધર્મ વિચાર રે...
ધન ધન એ દો ગણધરા ૨

સંઘાડા બેહુ જિન તણા મનમાં આણે સંદેહ રે
મુક્તિમારગ દોઈ જિન કહે તો કાલ અંતર એહ રે...
ધન ધન એ દો ગણધરા ૩

ચાર મહાવ્રત કેશીને ગોયમને પુણ પંચ રે
કેશી પૂછે ગોયમા ! કહે ઉત્તર પરપંચ રે...
ધન ધન એ દો ગણધરા ૪

ઋજુ-જડ પહિલા જિનતણા અંતિમ વક્ર-જડ હોય રે
જાણ સરલ બાવીસના તિણે હુઆ માર્ગ દોય રે...
ધન ધન એ દો ગણધરા ૫

પરમારથ પૂરણ જોયતાં મારગભેદ મ લેહો રે
રૂડી મતિ તુઝ ગોયમા કેશી ટળીયા સંદેહો રે...
ધન ધન એ દો ગણધરા ૬

અધ્યયને ત્રેવીશમે જે જે પૂછું તેહ રે
ગોયમસ્વામીયેં સહુ કહ્યું કેશી ટળિયા સંદેહ રે...
ધન ધન એ દો ગણધરા ૭

મુક્તિ ગયા દોય ગણધરા જિહાં સુખખાણ અભંગ રે
શ્રી વિજયસિંહ સૂરીશ્વરૂ શિષ્ય ઉદય રસરંગ રે...
ધન ધન એ દો ગણધરા ૮

## ઢાળ ૨૪ :

સમિતિગુપ્તિ સૂધી ધરો ભવિ ચેતો રે ઈમ કહે વીરજિનેશ
ભવિકચિત્ત ચેતો રે
અધ્યયને ચઉવીસમેં ભવિ ચેતો રે એ અધિકાર અશેષ
ભવિકચિત્ત ચેતો રે ૧
વાટે જોઈ ચાલીયે ભવિ ચેતો રે જુગ લગ જયણા કાજ
ભવિકચિત્ત ચેતો રે
સત્યમધુર હિતકારીયું ભવિ ચેતો રે વયણ ભણો મુનિરાજ
ભવિકચિત્ત ચેતો રે ૨
સુડતાલીસ નિવારિયે ભવિ ચેતો રે એષણા કેરા દોષ
ભવિકચિત્ત ચેતો રે

પૂંજી લીજીયે-દીજીયે ભવિ ચેતો રે જિમ હુવે પુણ્યનો પોષ
ભવિકચિત્ત ચેતો રે ૩
મલ-મૂત્રાદિક પરઠવો ભવિ ચેતો રે પડિલેહી શુદ્ધ ઠામ
ભવિકચિત્ત ચેતો રે
મન પડતું થિર કીજીયે ભવિ ચેતો રે જીમ સીઝે સવિ કામ
ભવિકચિત્ત ચેતો રે ૪
મૌની મિત ભાષિયા ભવિ ચેતો રે નિશ્ચલ કાઉસગ્ગનો ઝાણ
ભવિકચિત્ત ચેતો રે
સમિતિ-ગુપ્તિ એમ જે ધરે ભવિ ચેતો રે તે સાચા જગ જાણ
ભવિકચિત્ત ચેતો રે ૫
વિજયદેવ ગુરૂ પાટવી ભવિ ચેતો રે શ્રી વિજયસિંહ સૂરીશ
ભવિકચિત્ત ચેતો રે
ઉદયવિજય વાચક ભણી ભવિ ચેતો રે બાલક તાસ જગીશ
ભવિકચિત્ત ચેતો રે ૬

## ઢાળ ૨૫ :

વાણારસી નગરી વસે વિજયઘોષ-જયઘોષ હો સુંદર !
અધ્યયને પચવીસમે દોઈ બાંમણી નિર્દોષ હો સુંદર !
એ દોય મુનિવર વાંદીયે ૧
એ દોય મુનિવર વાંદીયે જિમ સીઝે સવિ કામ હો સુંદર !
મુક્તિપુરીમાં જે વસ્યા ગુણમણિ અવિચલ ધામ હો સુંદર !
એ દોય મુનિવર વાંદીયે ૨
જયઘોષે દીક્ષા ગ્રહી કરતો ઉગ્ર વિહાર હો સુંદર !
એકદિન પહોંતો વાણારસી વિજયઘોષ જિહાં સાર હો સુંદર !
એ દોય મુનિવર વાંદીયે ૩
વિજયઘોષે તિહાં માંડીયો યાગ તે મહોટે મંડાણ હો સુંદર !
વિહરવા તિહાં મુનિવર ગયો ઉત્તર દિયે તે અયાણ હો સુંદર !
એ દોય મુનિવર વાંદીયે ૪
સમભાવે મુનિવર કહે તે પ્રતિબોધવા કાજ હો સુંદર !

વેદ ભણ્યા પણ તેહ તણો અર્થ કહો કુણ આજ હો સુંદર !
એ દોય મુનિવર વાંદીયે ૫
યાગ અને નક્ષત્રનું મુખ કહો કવણ કહાત હો સુંદર !
ધર્મવયણ કહો કહેવું તવ કહે વિપ્ર વિખ્યાત હો સુંદર !
એ દોય મુનિવર વાંદીયે ૬
સ્વામી તુમ્હે સહુ એ કહો મુનિ તવ ભાંખે પવિત્ર હો સુંદર !
વેદ અગ્નિહોત્ર મુખ કહ્યું યાગનું મુનિ જગ મિત્ર હો સુંદર !
એ દોય મુનિવર વાંદીયે ૭
ચંદ્ર તે નક્ષત્ર મુખ સહી ધર્મનું કાસવ ઈંદ હો સુંદર !
વિજયઘોષ ઈમ સમજીયો દોઈ ગયા મુક્તિ મુણિંદ હો સુંદર !
એ દોય મુનિવર વાંદીયે ૮
શ્રી વિજયદેવ ગુરૂ પાટવી શ્રી વિજયસિંહ સૂરિંદ હો સુંદર !
શિષ્ય ઉદય કહે મુનિવરા દોઈ પ્રતપો કુલચંદ હો સુંદર !
એ દોય મુનિવર વાંદીયે ૯

## ઢાળ ૨૬ :

દશ આચાર મુણિંદના બોલે વીર જિણંદ લાલ રે
ગોયમ સ્વામી સાંભળે જેહથી સુખ અમંદ લાલ રે દશ આચાર સમાચરો
દશ આચાર સમાચરો આણી મન વૈરાગ લાલ રે
મોક્ષતણા સુખ પામીયે જે સેવે વડભાગ લાલ રે દશ આચાર સમાચરો ૨
જાતાં આવસ્સહી કહો નિસિહી પેસતાં હોઈ લાલ રે
પુચ્છા આપણપે કરે પડિપુચ્છા પર કોઈ લાલ રે દશ આચાર સમાચરો ૩
પંચમે થાનકે છંડણા ઈચ્છા છટ્ઠે ઠાણ લાલ રે
સાતમે મિચ્છા દુક્કડં તહત્તિ આઠમે જાણ લાલ રે દશ આચાર સમાચરો ૪
નવમે હોયે મંત્રણા ઉપસંપદ તિમ જાણ લાલ રે
અધ્યયન છવ્વીસમે એ શ્રી જિનવર વાણ લાલ રે દશ આચાર સમાચરો ૫
વિજયદેવ ગુરૂ પાટવી શ્રી વિજયસિંહ ગણધાર લાલ રે
ઉદયવિજય કહે એહથી લહે જય જયકાર લાલ રે દશ આચાર સમાચરો ૬

## ઢાળ ૨૭ :

વીર ગોયમને ઈમ કહે અવિનીત ઉવેખો સીસજી
વાંકા બળદ તણી પરે કામવેલા આણે રીસજી... વીર ગોયમને૦ ૧
સમોલ તે ભાંજે જોતર્યા વલી સાહમાં માડે સીંગજી
તિમ સાહમું બોલે ઘણું એમ અવિનયથી ગુણભંગજી... વીર ગોયમને૦ ૨
આળસુઆ અકહ્યાગરા છાંડી જાયે નિજ નિજ છંદજી
પોષ્યા ગુરૂઈ વલી શીખવ્યા પણ તે ન ધરે ગુણવૃંદજી... વીર ગોયમને૦ ૩
બળદને ઉવેખી રહે જેમ સારથી સુખસમાધિજી
તેમ ગુરૂ પણ અવિનીતને ઉવેખી કારજ સાધેજી... વીર ગોયમને૦ ૪
શ્રી વિજયદેવ ગુરૂ પાટવી જ્યો શ્રી વિજયસિંહ ગણધારજી
અધ્યયને સગવીસમેં લહ્યો ઉદય કહે સુવિચારજી... વીર ગોયમને૦ ૫

## ઢાળ ૨૮ :

વર્ધમાન જિનવર કહે દંસણ-નાણ-ચારિત્ર રે
અધ્યયને અડવીસમેં જિણપાલે થાયે પવિત્ર રે.. વર્ધમાન જિ૦ ક૦ ૧
નાણપંચવિહ વરણવ્યું આઠે તે સમકિત ભેદ રે
ભેદ આઠ ચારિત્રના તપગુણ બારહ ભેદ રે... વર્ધમાન જિ૦ ક૦ ૨
નાણી ભાવ સવે લહે દંસણ સદ્દહે તેહ રે
ચારિત્ર પાતક આવતાં વારે નિઃસંદેહ રે... વર્ધમાન જિ૦ ક૦ ૩
પાપમેલ લાગો હુવે તે શોધે તપશુદ્ધ રે
ઈમ એ ચાર પ્રભાવથી મુનિ હુવે પરમ વિબુદ્ધ રે... વર્ધમાન જિ૦ ક૦ ૪
વિજયદેવ પટધર જ્યો વિજયસિંહ મુનિરાય રે
તાસ શિષ્ય ઈમ વિનવે ઉદયવિજય ઉવજ્ઝાય રે... વર્ધમાન જિ૦ ક૦ ૫

## ઢાળ ૨૯ :

સોહમ જંબુને કહે મે જિનપાસે વિચાર
સુણીયું ઓગણત્રીસમેં અધ્યયને સુખકાર રે... સમકિત આદરો ૧
તિહુંત્તર બોલ ઉદાર રે વલી કિરિઆ ધરો...
પ્રથમ બોલ સંવેગનો બીજા તે નિર્વેદ
ત્રીજે રૂચિ ધર્મહતણી હવે ચઉથાદિક ભેદ રે... સમકિત આદરો ૨

ભક્તિ સુગુરૂ સાહમીતણી પાપ પ્રકાશન નિંદ
ગર્હણયા સામાઈયં ચઉવિસત્થો અમંદ રે... સમકિત આદરો ૩
વંદણ પડિકમણું વલી કાઉસ્સગ્ગ પચ્ચકખાણ
પયથૂંયે મંગલ ચઉદમો બોલ તે નિયમ નિયાણ રે... સમકિત આદરો ૪
ચાર કાર પડિલેહણા ખામણ પ્રાયશ્ચિત્ત
સજઝાય ભણવું પૂછવું ગણવું ચિંતવું ચિત્ત રે... સમકિત આદરો ૫
ધર્મકથાશ્રુત સેવના મન એકાગ્ર નિવેશ
સંયમ તપને નિર્જરા નહિં દુસજઝાય પ્રવેશ રે... સમકિત આદરો ૬
ધરિય અપ્રતિબંધતા સયણાસણ સુવિવેક
વિષય નિવૃત્તિ સંભોગિયા પચ્ચક્ખાણની ટેક રે... સમકિત આદરો ૭
ઉપધિ આહાર કષાય એ યોગ શરીર સહાય
ભાવ અને સદ્ભાવના અડ પચ્ચક્ખાણ અમાય રે... સમકિત આદરો ૮
થિવિર તણી પડિરૂપતાં વૈયાવચ્ચ ગુણભૂરિ
વીતરાગતા પુણ ક્ષમા મુત્તિસરલતા અદૂર રે... સમકિત આદરો ૯
માર્દવભાવ સુસત્યતા કરણયોગના સાચ
મણ વય-કાય સુગુત્તતા શુભ મન કાય સુવાચ રે... સમકિત આદરો ૧૦
નાણ-દરિસણ ચારિત્ર એ પણ ઈંદ્રિય જયકાર
ક્રોધ-માન-માયા વશી લોભતણો પરિહાર રે... સમકિત આદરો ૧૧
પિજ્જદોષ મિચ્છત્તનો જય કરવો નિરધાર
શૈલેશીય અકમ્મયા એ તિહુત્તરિ અવધાર રે... સમકિત આદરો ૧૨
એતા બોલથકી લહે સાધુ પરમપદ સાર
વિજયસિંહ મુનિરાજનો ઉદય કહે હિતકાર રે... સમકિત આદરો ૧૩

## ઢાળ ૩૦ :

શ્રીવીરે તપ વર્ણવ્યો મોટો ગુણ જગ એહ
પાપકર્મ ટાળી કરી મુક્તિ પમાડે જેહ... શ્રીવીરે તપ વર્ણવ્યો ૧
જિમસરોવર કાદવ ભર્યો શોધે નાયક તાસ
ગરનાળાં બૂરી કરી સૂર કિરણની રે વાસ... શ્રીવીરે તપ વર્ણવ્યો ૨
તે મલ જેમ રવિ શોષવે જેમ રૂંધ્યાં ગરનાળ

આશ્રવે રૂંધ્યાં તપ તથા શોધિ કરે તતકાળ... શ્રીવીરે તપ વર્ણવ્યો ૩
ઉપવાસો ઉણોદરી વૃત્તિ તણો રે સખેવ
રસ વારણ સંલીનતા કાય કલેશ ધરેવ... શ્રીવીરે તપ વર્ણવ્યો ૪
વૈયાવચ્ચ આલોયણા વિનય અને સજ્ઝાય
કાઉસ્સગ્ગ ઝાણં તથા ષડ દુગ બારહ થાય... શ્રીવીરે તપ વર્ણવ્યો ૫
બારે ભેદે તપ કરો અંગીધરો રે સમાધ
અધ્યયને જિમ ત્રીસમેં બોલે અર્થ અગાધ... શ્રીવીરે, તપ વર્ણવ્યો ૬
વિજય દેવ ગુરૂ પાટવી વિજયસિંહ મુનિસિંહ
ઉદયવિજય કહે ગણધરા એ દોય ગુરૂ ગુણલીહ... શ્રીવીરે તપ વર્ણવ્યો ૭

## ઢાળ ૩૧ : (વિમલાચલ નિતુ... )

વર્ધમાન જિન ઉપદિસે ધરિયે સંયમ શુદ્ધિ કે
એક દિન ચારિત્તર દિયે કિંચિત માન કી સિદ્ધિ કે... સૂધી કિરિયા પાળીયે ૧
ઈંદ્રિય નિજ વશ કીજીયે વિકથા તજી મોષ કે
સમિતિ-ગુપ્તિ આરાધિયે પરહરીયે પુણ દોષ કે... સૂધી કિરિયા પાળીયે ૨
દશભેદે મુનિધર્મ જે તે આરાધો જાણિ કે
પ્રતિમા મુનિ શ્રાવક તણી વહો ધરો શુભ જાણિ કે... સૂધી કિરિયા પાળીયે ૩
જ્ઞાતા ધર્મ તણી કથા સાચી આણો ચિત્ત કે
બાવીસ પરીસહ સાંસહો બોલો વાણી સત્ય કે... સૂધી કિરિયા પાળીયે ૪
જે જે થાનકે ઈમ કહ્યા તે પાળો સુજગીશ કે
અધ્યયને એકત્રીશમેં બોલે શ્રીજગદીશ કે... સૂધી કિરિયા પાળીયે ૫
વિજયદેવ ગુરૂ પાટવી વિજયસિંહ ગુરૂ હીર કે
શિષ્ય ઉદય કહે દોઈ એ જાણો ગોયમ વીર કે... સૂધી કિરિયા પાળીયે ૬

## ઢાળ ૩૨

વીર કહે બત્રીશમે રે અધ્યયને સુવિચાર
પાપ હેતુ તે પરિહરો રે જિમ લહો ભવજલ પાર રે
ભવિયણ ! ભાવે ધરો ગુણરાશ જિમ ન પડો દુઃખ પાશ રે... ભવિયણ૦ ૧
નાણ ધરો મોહ પરિહરો રે જીતો રાગ ને રોષ
પાંચે ઈંદ્રિય વશ કરો રે મ ધરો વિષય સદોષ રે... ભવિયણ૦ ૨

તૃણચારી વસતો વને રે હરિણ જુઓ વેંધાય
નાદતણે રસે વાહિયો રે જો લયલીણો થાય રે... ભવિયણ૦ ૩
કરિણી ફરસે મોહિયો રે હાથિયો ચૂકે ઠામ
દરબારે આવી રહી રે પરવશ સેવે ગામ રે... ભવિયણ૦ ૪
રૂપે લુબ્ધ પતંગીયો રે દીવે હોમે અંગ
ગંધ તણે રસે પંકજે રે બંધન પામે ભૃંગ રે... ભવિયણ૦ ૫
આમિષ રસ વશ માછલો રે એક-મનો જો હોય
પેખો તતક્ષણ બાપડો રે વેદન પામે સોય રે... ભવિયણ૦ ૬
એકે કાને પરવશે રે જો એ દુઃખિયા થાય
તો પાંચે પરવશ તણી રે કહો ગતિ કેણ કહાય રે... ભવિયણ૦ ૭
ઈમ જાણી એ ઝીપતાં રે પામે નિત્ય આનંદ
વિજયસિંહ ગુરૂની પરે રે ઉદય સદા સુખકંદરે... ભવિયણ૦ ૮

## ઢાળ ૩૩ :

કેવલનાણે જાણતો રે લો બોલે શ્રી જિનવીર રે મુણિંદરાય
આઠ કરમને વશ પડ્યો રે લો ન લહે ભવજલતીર રે મુણિંદરાય
કર્મકઠિન દલ જીતીયે રે લો મુણિંદરાય કર્મ૦ ૧
આઠો એ જીતે તે લહે રે લો સુખ સઘળાં વડવીર રે મુણિંદરાય
નાણપંચને આવરે રે લો નાણાવરણીય સોય રે મુણિંદરાય
દંસણને જે આવરે લો તે નવભેદે હોય રે મુણિંદરાય કર્મ૦ ૨
દોય ભેદે કહ્યું વેદની રે લો મોહ ભેયા અડવીસ રે લો મુણિંદરાય
નરય-તિરિય-નર-સુર તણું રે લો આયુ કહે જગદીસ રે મુણિંદરાય કર્મ૦ ૩
તિન્નિ અધિકા એકસો રે લો નામકર્મના ભેદ રે મુણિંદરાય
ગોત્રતણા ભેદ દો કહ્યા રે લો વિઘન તણા પણ ભેદ રે મુણિંદરાય કર્મ૦ ૪
અઠાવનશું આગળી રે લો એકસો પયડી હોય રે મુણિંદરાય
અધ્યયને તેત્રીસમેં રે લો એ પરમારથ જોય રે મુણિંદરાય કર્મ૦ ૫
વિજયદેવ પાટે જ્યો રે લો શ્રી વિજયસિંહ ગણધાર રે મુણિંદરાય
તેહ તણો બાલક કહે રે લો ઉદય વિજય જયકાર રે મુણિંદરાય કર્મ૦ ૬

### ઢાળ ૩૪ :

કિસન નીલ કાપોતે એ તેજ પદ્મ ચઉપંચ
શુકલ છઠ્ઠી એહના હવે સુણો વર્ણપ્રપંચ... છ લેશ્યાસું વિચારીયે ૧
છ લેશ્યાશું વિચારીયે જિમ તરીયે સંસાર
પહેલી ત્રણ્યે પરહરી વલી ત્રણ ધરિયેં સાર... છ લેશ્યાસું વિચારીયે ૨
પહેલી કડુઈ સામલી બીજી નીલ તીખ
ત્રીજી શામલ રાતડી તે કષાયેલી પીખ... છ લેશ્યાસું વિચારીયે ૩
ચઉથી અંબિલ રાતડી પીલી આસવ સાર
પંચમી છઠ્ઠી ઉજલી સાકર સરખી ધાર... છ લેશ્યાસું વિચારીયે ૪
દુરભિગંધ ત્રણ પહેલડી ત્રણ આગલી રે સુગંધ
કુગતિ ત્રણ પહેલી દિયે સુગતિ ત્રણથી બંધ... છ લેશ્યાસું વિચારીયે ૫
એ લેશ્યા રે ચઉત્રીસમે અધ્યયને કહે વીર
તેમાં ઉત્તમ આદરે લચ્છીવરે મુનિ હીર... છ લેશ્યાસું વિચારીયે ૬
વિજયદેવ ગુરૂ પાટવી શ્રી વિજયસિંહ સૂરીશ
તેહતણો શિષ્ય ઉપદિશે ઉદય કહે સુજગીશ... છ લેશ્યાસું વિચારીયે ૭

### ઢાળ ૩૫ :

વીર કહે ભવિલોકને પાળો મુનિ આચાર રાજે
અધ્યયને પંચત્રીશમેં તેહ તણો અધિકાર રાજે વીર કહે ભવિલોકને ૧
પાપારંભે નિષેધીયે ધરિયે સંયમ ધીર રાજે
વસતિ વિશુદ્ધ સેવીયેં એમ લહિયેં ગુણ હીર રાજે વીર કહે ભવિલોકને ૨
ત્રસ-સ્થાવર નવિ હિંસિયે મૃષાવાદ પરિહાર રાજે
અણદીધું નવિ લીજિયે ધરિયે બંભ ઉદાર રાજે વીર કહે ભવિલોકને ૩
પરિગ્રહ પરિમિત કીજીયે રાખિયેં જય શુભધ્યાન રાજે
એણિપરે ધર્મ સમાચરે તસ ઘર નવે નિધાન રાજે વીર કહે ભવિલોકને ૪
વિજયદેવ ગુરૂ પાટવી વિજયસિંહ મુનિરાય રાજે
શિષ્ય તેહનો ઉપદિશે ઉદયવિજય ઉવજ્ઝાય રાજે વીર કહે ભવિલોકને ૫

### ઢાળ ૩૬ :

સોહમ સ્વામી એમ કહે રે સુણ જંબૂ અણગાર

વીર જિણેસર ભાંખિયો રે જીવ અજીવ વિચાર...
પરમારથ પરિચય કી૦ ૧

પરમારથ પરિચય કીજીયે લીજે પ્રવચન સાર
શુભનાણ અમીરસ પીજીયે પામીજે ભવપાર...
પરમારથ પરિચય કી૦ ૨

જીવ અજીવ દોય વર્ણવ્યા રે લોકાલોક મઝાર
જીવ અરૂપી તેહમાં રે જાણો દોઈ અજીવ પ્રકાર...
પરમારથ પરિચય કી૦ ૩

પુદ્ગલ રૂપી એ કહ્યો રે આકાશાદિક અરૂપ
સંક્ષેપથી અજીવનું રે વરણવ્યું એહ સ્વરૂપ...
પરમારથ પરિચય કી૦ ૪

ભેદ સુણ્યા દોઈ જીવના રે સિદ્ધ અને ભવવાસ
ભેદ પન્નર તો સિદ્ધના રે જેહ મલ્યા અલોક આકાશ...
પરમારથ પરિચય કી૦ ૫

પુઢવી જલ જલણાનિલા રે વણસ્સઈ બિતિ ચઉપંચ
ઈંદ્રિયમાને ભવતણી રે જાણજો સૂત્ર પ્રપંચ...
પરમારથ પરિચય કી૦ ૬

એ સવિ ભાવ જિણેસરે રે ભાંખ્યા ભવિ હિતકાજ
સૂધા સદ્દહતાં થકાં રે પામીયે અવિચલ રાજ...
પરમારથ પરિચય કી૦ ૭

વિજયદેવ સૂરીશ્વરૂ રે પટ્ટ પ્રાભાવિક સિંહ
વિજયસિંહ મુનિરાજીયો રે સુવિહિત ગણધર લીહ...
પરમારથ પરિચય કી૦ ૮

તાસ નામ સુપસાઉલે રે એ છત્રીસ સજ્ઝાય
ઉદયવિજય વાચક ભણે રે જેહથી નવનિધિ થાય...
પરમારથ પરિચય કી૦ ૯

## ૨૦૭. દશવૈકાલિક સૂત્રની સજ્ઝાય (ઢાળ-૧૧)

### ઢાળ ૧ :

સદ્ગુરૂ પદ પંકજ નમીજી વળી ધરી ધર્મની બુદ્ધિ
સાધુ ક્રિયા ગુણ ગાયશુંજી કરવા સમકિત શુદ્ધિ
મુનીસર ! ધર્મસયલ સુખકાર તુમે પાળો નિરતિચાર... મુનીસર૦ ૧
જીવદયા સંયમ તવોજી ધર્મ એ મંગલ રૂપ
જેના મનમાં નિત્ય વસેજી તસ નમે સુરનર ભૂપ... મુનીસર૦ ૨
ન કરે કુસુમ કિલામણાજી વિચરતાં જિમ તરૂ વૃંદ
સંતોષે વળી આતમાજી મધુકર ગ્રહી મકરંદ... મુનીસર૦ ૩
તેણીપરે મુનિ ઘરઘર ભમેજી લેવે શુદ્ધ આહાર
ન કરે બાધા કોઈનેજી દીયે પિંડને આધાર... મુનીસર૦ ૪
પહેલે દશવૈકાલિકેજી અધ્યયને અધિકાર
ભાખ્યો તે આરાધતાંજી વૃદ્ધિવિજય જયકાર... મુનીસર૦ ૫

### ઢાળ ૨ :

નમવા નેમિ જિણંદને રાજુલ રૂડી નાર રે
શીલ સુરંગી સંચરે ગોરી ગઢ ગિરનાર રે... ૧
શીખ સુહામણી મન ધરો તુમે નિરૂપમ નિર્ગ્રંથ રે
સવિ અભિલાષ તજી કરી પાળો સંયમ પંથ રે... શીખ૦ ૨
પાઉસ ભીની પદમિણી ગઈ ગુફામાંહિ તેમ રે
ચતુરા ચીર નિચોવતી દીઠી ઋષિ રહનેમ રે... શીખ૦ ૩
ચિત્ત ચળે ચારિત્રીયો વયણ વદે તવ એમ રે
સુખ ભોગવીયે સુંદરી આપણે પુરવ પ્રેમ રે... શીખ૦ ૪
તવ રાયજાદી ઈમ ભણે ભુંડા ! એમ શું ભાખે રે
વયણ વિરૂદ્ધ એ બોલતાં કાંઈ કુળલાજ ન રાખે રે... શીખ૦ ૫
હું પુત્રી ઉગ્રસેનની તું યાદવ કુળ જાયો રે
નિર્મળ કુલ છે આપણાં તો કેમ અકારજ થાયો રે... શીખ૦ ૬
ચિત્ત ચળાવીશ એણીપરે નિરખીશ જો તું નારી રે
તો પવનાહત તરૂપરે થઈશ અથિર નિરધારી રે... શીખ૦ ૭

ભોગ ભલા જે પરિહર્યા તે વળી વાંછે જેહ રે
વમન ભક્ષી કુકર સમો કહીએ કુકર્મી તેહ રે... શીખ૦ ૮
સર્પ અગંધન કુળ તણાં કરે અગ્નિ પ્રવેશ રે
પણ વમીયું વિષ નવિ લીયે જુઓ જાતિ વિશેષ રે... શીખ૦ ૯
તિમ ઉત્તમ કુળ ઉપના છાંડી ભોગ સંયોગ રે
ફરી તેહને વંછે નહીં હોય જો પ્રાણ વિયોગ રે... શીખ૦ ૧૦
ચારિત્ર કેમ પાળી શકે જો નવિ જાય અભિલાષ રે
સીદાતો સંકલ્પથી પગ-પગ ઈમ જિન ભાખ રે... શીખ૦ ૧૧
જો કણ-કંચન-કામિની અછતા અણ ભોગવતા રે
ત્યાગી ન કહીએ તેહને જો મનમેં સવિ જોગવતા રે... શીખ૦ ૧૨
ભોગ સંયોગ ભલા લહી પરિહરે જેહ નિરીહ રે
ત્યાગી તેહ જ ભાખીઓ તસ પદ નમું નિશદીહ રે... શીખ૦ ૧૩
ઈમ ઉપદેશ અંકુશડે મયગલ પરે મુનિરાજો રે
સંયમ મારગે સ્થિર કર્યો સાધ્યાંવંછિત કાજો રે... શીખ૦ ૧૪
એ બીજા અધ્યયનમાં ગુરૂહિત શીખ પ્રકાશે રે
લાભવિજય કવિરાયનો વૃદ્ધિવિજય એમ ભાખે રે.. શીખ૦ ૧૫

## ઢાળ ૩ :

આધાકર્મી આહાર ન લીજીએ નિશિ ભોજન નવિ કરીએ
રાજપિંડ ને શય્યાતરનો પિંડ વળી પરિહરીયે કે...
મુનિવર ! એ મારગ અનુસરીયે જિમ ભવ જલનિધિ તરીયે કે... મુનિવર૦ ૧
સામો આણ્યો આહાર ન લીજે નિત્ય પિંડ નવિ આદરીએ
શી ઈચ્છા ? એમ પૂછી આપે તે નવિ અંગી કરીએ કે... મુનિવર૦ ૨
કંદ મૂળ ફળ બીજ પ્રમુખ વળી લવણાદિક સચિત્ત
વર્જે તિમ વળી નવિ રાખીજે તે સન્નિધિ નિમિત્ત કે... મુનિવર૦ ૩
ઉવ્વટ્ટણ પીઠી પરિહરીએ સ્નાન કદા નવિ કરીએ
ગંધ વિલેપન નવિ આચરીયે અંગ કુસુમ નવિ ધરીએ કે... મુનિવર૦ ૪
ગૃહસ્થનું ભાજન નવિ વાવરીએ પરિહરીએ વળી આભરણ
છાયા કારણ છત્ર ન ધરીએ ધરે ન ઉપાનહ ચરણ કે... મુનિવર૦ ૫
દાતણ ન કરે દર્પણ ન ધરે દેખે નવિ નિજ રૂપ

તેલ ચોપડીને કાંસકી ન કીજે દીજે ન વસ્ત્રે ધૂપ કે... મુનિવર૦ ૬
માંચી પલંગે નવિ બેસીજે કીજે ન વીંઝણે વાય
ગૃહસ્થને ઘેર નવિ બેસીજે વિણ કારણ સમુદાય કે... મુનિવર૦ ૭
વમન વિરેચન રોગ ચિકિત્સા અગ્નિ આરંભ નવિ કીજે
સોગઠાં શેતરંજ પ્રમુખ જે ક્રીડા તે પણ સવિ વર્જીજે કે... મુનિવર૦ ૮
પાંચ ઈંદ્રિય નિજવશ આણીજે પંચાશ્રવ પચ્ચખીજે
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરીને છક્કાય રક્ષા કીજે કે... મુનિવર૦ ૯
ઉનાળે આતાપના લીજે શીયાળે શીત સહીએ
શાંત દાંત થઈ પરિષહ સહેવા સ્થિર વરસાળે રહીએ કે... મુનિવર૦ ૧૦
ઈમ દુક્કર કરણી બહુ કરતાં ધરતાં ભાવ ઉદાસી
કર્મ ખપાવી કેઈ કેવલી હુઆ શિવરમણી સુવિલાસી કે... મુનિવર૦ ૧૧
દશવૈકાલિક ત્રીજે અધ્યયને ભાખ્યો એહ આચાર
લાભવિજય ગુરૂચરણ પસાયે વૃદ્ધિવિજય જયકાર કે... મુનિવર૦ ૧૨

### ઢાળ ૪ :

સ્વામી સુધર્મા રે કહે જંબુ પ્રત્યે સુણ તું ગુણખાણી
સરસ સુધારસ હુંતી મીઠડી વીર જિનેશ્વર વાણી... સ્વામી૦ ૧
સૂક્ષ્મ બાદર ત્રસ થાવર વળી જીવ વિરાહણ ટાળ
મન-વચ-કાયા રે ત્રિવિધે સ્થિર કરી પહેલું વ્રત સુવિચાર... સ્વામી૦ ૨
ક્રોધ લોભ ભય હાસ્યે કરી મિથ્યા મ ભાખો રે વયણ
ત્રિકરણ શુદ્ધે વ્રત આરાધજે બીજું દિવસ ને રયણ... સ્વામી૦ ૩
ગામનગર વનમાંહી વિચરતાં સચિત્ત અચિત્ત તૃણ માત્ર
કાંઈ અણદીધાં મત અંગીકરો ત્રીજું વ્રત ગુણ પાત્ર... સ્વામી૦ ૪
સુર-નર-તિર્યંચ યોનિ સંબંધીયા મૈથુન કર પરહાર
ત્રિવિધે ત્રિવિધે તું નિત્ય પાળજે ચોથું વ્રત સુખકાર... સ્વામી૦ ૫
ધન કણ કંચન વસ્તુ પ્રમુખ વળી સર્વ અચિત્ત સચિત્ત
પરિગ્રહ મૂર્છા તેહની પરિહરી ધરી વ્રત પંચમ ચિત્ત... સ્વામી૦ ૬
પંચ મહાવ્રત એણીપરે પાળજો ટાળજો ભોજન રાતિ
પાપ સ્થાનક સઘળાં પરિહરી ધરજો સમતા સવિ ભાંતિ... સ્વામી૦ ૭

પૃથ્વી પાણી વાયુ વનસ્પતિ અગ્નિ એ થાવર પંચ
બિતિચઉ પંચિંદિ જલચર થલચર ખેચરા ત્રસ એ પંચ... સ્વામી૦ ૮
એ છકાયની વારો વિરાધના જયણા કરી સવિ પ્રાણ
વિણ જયણાએ પાપ વિરાધના ભાખે તિહુઅણ ભાણ... સ્વામી૦ ૯
જયણાપૂર્વક બોલતાં બેસતાં કરતાં આહાર નિહાર
પાપકર્મ બંધ કદીયે ન હોવે કહે જિન જગદાધાર... સ્વામી૦ ૧૦
જીવ અજીવને પહેલાં ઓળખો જિમ જયણા તસ હોય
જ્ઞાન વિના નવિ જીવદયા પળે ટળે ન આરંભ કોય... સ્વામી૦ ૧૧
જાણપણાથી રે સંવર સંપજે સંવરે કર્મ ખપાય
કર્મક્ષયથી રે કેવલ ઉપજે કેવલે મુક્તિ લહાય... સ્વામી૦ ૧૨
દશવૈકાલિક ચોથા અધ્યયનમાં અર્થ પ્રકાશ્યો રે એહ
સદ્ગુરૂ લાભવિજય પદ સેવતાં વૃદ્ધિવિજય લહે તેહ... સ્વામી૦ ૧૩

## ઢાળ ૫ :

સૂઝતા આહારનો ખપ કરોજી સાધુજી સંયમ સંભાળ
સંયમ શુદ્ધ કરવા ભણીજી એષણા દૂષણ ટાળ... સૂઝતા૦ ૧
પ્રથમ સજઝાયે પોરિસિ કરીજી અનુસરી વળી ઉપયોગ
પાત્ર પડિલેહણ આચરોજી આદરી ગુરૂ અનુયોગ... સૂઝતા૦ ૨
ઠાર ધુંઅર વરસાદનાજી જીવ વિરાહણ ટાળ
પગ પગ ઈર્યા શોધતાંજી હરિ કાયાદિક નિહાળ... સૂઝતા૦ ૩
ગેહગણિકા તણા પરિહરોજી જિહાં ગયા ચલ ચિત્ત હોય
હિંસક કુલ પણ તેમ તજોજી પાપ તિહાં પ્રત્યક્ષ જોય... સૂઝતા૦ ૪
નિજ હાથે બાર ઉઘાડીનેજી પેસીએ નવિ ઘરમાંહિ
બાલ પશુ ભિક્ષુકનેજી સંઘટ્ટી ન જઈએ ઘરમાંહિ... સૂઝતા૦ ૫
જલ ફલ જલણ કણ લુણશુંજી ભેટતાં જે દીયે દાન
તે કલ્પે નહિં સાધુનેજી વહોરવું અન્ન ને પાન... સૂઝતા૦ ૬
સ્તન અંતરાય બાળક પ્રત્યેજી કરીને રડતો ઠવેહ
દાન દીયે જો ઉલટ ભરીજી તો પણ સાધુ વજેહ... સૂઝતા૦ ૭
ગર્ભવતી વળી જો દીયેજી તેહ પણ અકલ્પ્ય હોય
માળ નીસરણી પ્રમુખે ચઢીજી આણી દીયે કલ્પે ન સોય... સૂઝતા૦ ૮

મૂલ્યે આણ્યું પણ મત લીયોજી મત લીયો કરી અંતરાય
વહોરતાં થંભ ખંભાદિકેજી ન અડો થિર ઠવો પાય... સૂઝતા૦ ૯
એણીપરે દોષ સવિ છાંડતાંજી પામીયે આહાર જો શુદ્ધ
તો લીયે દેહ ધારણ ભણીજી અણલહે તો તપવૃદ્ધિ... સૂઝતા૦ ૧૦
વયણ લજ્જા તૃષા ભૂખનાજી પરીષહથી થિર ચિત્ત
ગુરૂ પાસે ઈરિયા પડિક્કમીજી નિમંત્રેસાધુ ને નિત્ય...
સૂઝતા૦ ૧૧

શુદ્ધ એકાંત ઠામે જઈજી પડિક્કમી ઈરિયાવહી સાર
ભોજન દોષ સવિ છાંડીનેજી સ્થિર થઈ કરવો આહાર... સૂઝતા૦ ૧૨
દશવૈકાલિક પાંચમેજી અધ્યયને કહ્યો એ આચાર
લાભવિજય ગુરૂ સેવતાંજી વૃદ્ધિવિજય જયકાર... સૂઝતા૦ ૧૩

## ઢાળ ૬ :

ગણધર સુધર્મા ઈમ ઉપદિશે સાંભળો મુનિવર વૃંદ રે
સ્થાનક અઢાર એ ઓળખો જેહ છે પાપના કંદ રે... ગણધર૦ ૧
પ્રથમ હિંસા તિહાં છાંડીએ જૂઠ નવિ ભાખીએ વયણ રે
તૃણ પણ અદત્ત નવિ લીજીએ તજીએ સવિ મેહુણ સયણ રે...
ગણધર૦ ૨

પરિગ્રહ મૂર્છા પરિહરો નવિ કરો ભોયણ રાતિ રે
છંડો છકાય વિરાધના ભેદ સમજી સહુ ભાંતિ રે... ગણધર૦ ૩
અકલ્પ્ય આહાર ન લીજીયે ઉપજે દોષ જે માંહિ રે
ધાતુના પાત્ર મત વાવરો ગૃહી તણાં મુનિવર પ્રાંહી રે... ગણધર૦ ૪
ગાદીએ માંચીએ ન બેસીએ વર્જીએ શય્યા પલંગ રે
રાત રહીએ નવિ તે સ્થળે જિહાં હોવે નારી પ્રસંગ રે... ગણધર૦ ૫
સ્નાન મજ્જન નવિ કીજીયે જિણે હોય મનતણો થોભ રે
તેહ શણગાર વળી પરિહરો દંત નખ કેશતણી શોભ રે... ગણધર૦ ૬
છટ્ઠે અધ્યયને એમ પ્રકાશીયો દશવૈકાલિક એહ રે
લાભવિજય ગુરૂ સેવતાં વૃદ્ધિવિજય લહ્યો તેહ રે... ગણધર૦ ૭

## ઢાળ ૭ :

સાચું વચણ જે ભાખીએ રે સાચી ભાષા તેહ
સચ્ચા મોસા તે કહી રે સાચું મૃષા હોય જેહ
સાધુજી ! કરજો ભાષા શુદ્ધિ કરી નિર્મળ નિજ બુદ્ધિ... સાધુજી૦ ૧
કેવલ જૂઠ જિહાં હોવે રે તેહ અસચ્ચા જાણ
સાચું નહીં જૂઠું નહીં રે અસત્ય અમૃષા ઠાણ... સાધુજી૦ ૨
એ ચારે માંહે કહી રે પહેલી ભાષા દોય
સંયમ ધારીએ બોલવી રે વચન વિચારી જોય... સાધુજી૦ ૩
કઠિન વચણ નવિ ભાખીએ રે ટુંકારો ને રેકાર
કોઈના મર્મ ન બોલીયે રે સાચા પણ નિરધાર... સાધુજી૦ ૪
ચોરને ચોર ન ભાખીએ રે કાણાને ન કહે કાણ
કહીએ ન અંધો અંધને રે સાચું કઠિણ એ જાણ... સાધુજી૦ ૫
જેહથી અનરથ ઉપજે રે પરને પીડા થાય
સાચું વચણ તે ભાખતાં રે લાભથી ત્રોટો જાય... સાધુજી૦ ૬
ધર્મ રહિત હિતકારિયા રે ગર્વ રહિત સમતોલ
થોડલા તે પણ મીઠડા રે બોલ વિચારી બોલ... સાધુજી૦ ૭
એમ સવિ ગુણ અંગી કરી રે પરિહરી દોષ અશેષ
બોલતાં સાધુને નહિં હુવે રે કર્મબંધ લવલેશ... સાધુજી૦ ૮
દશવૈકાલિક સાતમે રે અધ્યયને એહ વિચાર
લાભવિજય ગુરૂથી લહે રે વૃદ્ધિવિજય જયકાર... સાધુજી૦ ૯

## ઢાળ ૮ :

કહે સદ્‌ગુરૂ સાંભળો ચેલા રે આચાર રે પુણ્યના વેલા રે
છકાય જીવવિરાહણ ટાળો રે ચિતચોખે ચારિત્ર પાળો રે... ૧
પુઢવી પાષાણને ન ભેદો રે ફળ ફુલ પત્રાદિ ન છેદો રે
બીજ કુંપલ વન મતિ ફરશો રે વીંઝણે કરી વાય મ કરશો રે... ૨
વળી અગ્નિ મ ભેટશો ભાઈ રે પીજો પાણી ઉનું સદાઈ રે
મત વાવરો કાચું પાણી રે એવી છે શ્રીવીરની વાણી રે... ૩
હિમ ધુંઅર વડ ઉંબરના રે ફળ કુંથુઆ કીડી નગરા રે

નીલ ફુલ હરી અંકુરા રે ઈંડાલ એ આઠે પૂરા રે... ૪
સ્નેહાદિક ભેદે જાણી રે મત હણજો સૂક્ષ્મ પ્રાણી રે
પડિલહી સવિ વાવરજો રે ઉપકરણે પ્રમાદ મ કરજો રે... ૫
જયણાયે ડગલાં ભરજો રે વાંટે ચાલતાં વાત મ કરજો રે
મત જયોતિષ નિમિત્ત પ્રકાશો રે નિરખો મત નાચ તમાસો રે... ૬
દીઠું અણદીઠું કરજો રે પાપ વયણ શ્રવણે ન ધરજો રે
અણસૂઝતો આહાર જ તજજો રે રાતે સન્નિધિ સવિ વરજો રે... ૭
બાવીસ પરીષહ સહેજો રે દેહ દુ:ખે ફળ સદ્દહજો રે
અણ પામે કાર્પણ્ય મ કરજો રે તપ શ્રુતનો મદ નવિ ધરજો રે... ૮
સ્તુતિ નિંદા સમતા તમે ગ્રહજો રે દેશકાળ જોઈને રહેજો રે
ગૃહસ્થશું જાતિ સગાઈ રે મત કાડજો મુનિવર ભાઈ રે... ૯
ન રમાડો ગૃહસ્થના બાળ રે કરો ક્રિયાની સંભાળ રે
મંત્ર-તંત્ર-ઔષધનો ભામો રે મત કરજો દુર્ગતિના કામો રે... ૧૦
ક્રોધે પ્રીતિ પૂરવની જાય રે વળી માને વિનય પલાય રે
માયા મિત્રાઈ નસાડે રે સવિગુણને લોભ વિણસાડે રે... ૧૧
તે માટે કષાય એ ચારે રે અનુક્રમે દમજો અણગાર રે
ઉપશમશું કેવલ ભાવે રે સરલાઈ સંતોષ અભાવે રે... ૧૨
બ્રહ્મચારીને જાણજો નારી રે જૈસી પોપટને માંજારી રે
તેણે પરિહરો તસ પ્રસંગ રે નવ વાડ ધરો વળી ચંગ રે... ૧૩
રસ લોલુપી થઈ મત પોષો રે નિજકાયા તપ કરી શોષો રે
જાણો અથિર પુદ્ગલ પિંડ રે વ્રત પાળજો પંચ અંખડ રે... ૧૪
કહ્યું દશવૈકાલિકે એમ રે અધ્યયને આઠમે તેમ રે
ગુરૂ લાભવિજયથી જાણી રે બુધ વૃદ્ધિવિજય મન આણી રે... ૧૫

**ઢાળ ૯ :**

વિનય કરજો ચેલા વિનય કરજો સદ્ગુરૂ આણાશિર ધરજો ચેલા સિર ધરજો
ક્રોધી માની ને પરમાદી વિનય ન શીખે વળી વિખવાદી
ચેલા વળી વિખવાદી... ૧
વિનય રહિત આશાતના કરતાં બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં ચેલા દુર્ગતિ ફરતાં

અગ્નિ સંપવિષ જેમ નવિ મારે ગુરૂ આસાયણ તેથી અધિક પ્રકારે ચેલા૦ ૨
અવિનયી દુ:ખીયો બહુલ સંસારી અવિનયી મુક્તિનો નહિં અધિકારી ચેલા નહિ૦
કૌહયા કાનની કુતરી જેમ હાંકી કાડે અવિનયી તેમ ચેલા અવિનયી તેમ...
ચેલા૦ ૩
અવિનયકારી ને ઈચ્છાચારી રત્નત્રયહારી થાય ભિખારી
વિનય શ્રુત તપ વળી આચાર કહીયે સમાધિના ઠામ એ ચાર... ચેલા૦ ૪
વળી ચાર ચાર ભેદે એકેક સમજો ગુરૂ મુખથી સવિવેક ચેલા૦
એ ચારેમાં વિનય છે પહેલો ધર્મ વિનય વિણ ભાખે તે ઘેલો... ચેલા૦ ૫
મૂળ થકી જિમ શાખા કહીએ ધર્મક્રિયા તિમ વિનયથી લહીએ ચેલા૦
ગુરૂ વિનયથી લહે સો સાર જ્ઞાનક્રિયા તપજપ આચાર... ચેલા૦ ૬
ગરથ પાખેં જિમ ન હોયે હાટ વિણ ગુરૂ વિનયે ધરમની વાટ ચેલા૦
ગુરૂનાનો પણ મ્હોટો કહીએ રાજા પરે તસ આણાં વહીએ... ચેલા૦ ૭
અલ્પ શ્રુત પણ બહુ શ્રુત જાણો ગુરૂ સાથે હઠવાદ મ તાણો ચેલા૦
જેમ શશી ગ્રહગણમાં બિરાજે મુનિ પરિવારમાં તેમ ગુરૂ ગાજે... ચેલા૦ ૮
ગુરૂથી અળગા મત રહો ભાઈ ગુરૂ સેવ્યે લહેશો ગિરૂઆઈ ચેલા૦
ગુરૂ વિનયે ગીતારથ થાશો વંછિત સવિ સુખ લક્ષ્મી કમાશો... ચેલા૦ ૯
શાંત દાંત વિનયી લજ્જાળુ તપ-જપ-કિરિયાવંત દયાળુ ચેલા૦
ગુરૂ કુલ વાસે વસતો શિષ્ય પૂજનીય હોયે વિસવાવીસ... ચેલા૦ ૧૦
દશવૈકાલિક નવમે અધ્યયને અર્થ એ ભાખ્યો કેવલી વયણેં ચેલા૦
ઈણપરે લાભવિજય ગુરૂ સેવી વૃદ્ધિવિજય થિર લક્ષ્મી લહેવી ચેલા૦ ૧૧

## ઢાળ ૧૦ :

તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદો રે;
નિર્મલ જ્ઞાન ક્રિયાનો ચંદો, તપ તેજે જેહવો દિણંદો રે. તે૦ ૧
પંચાશ્રવનો કરી પરિહાર, પંચ મહાવ્રતધારો રે
ષટ્કાયજીવ તણો આધાર, કરતો ઉગ્ર વિહારો રે. તે૦ ૨
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મ ધ્યાન નિરાબાધે રે;
પંચમ ગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઈમ વાધે રે. તે૦ ૩
ક્રય વિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિરહંકાર રે;
ચારિત્ર પાળે નિરતિચાર, ચાલતો ખડ્ગની ધાર રે. તે૦ ૪

ભોગને રોગ કરી જે જાણે, આપ પણું ન વખાણે રે;
તપ-શ્રુતનો મદ નવિ આણે, ગોપવી અંગ ઠેકાણે રે. તે૦ ૫
છાંડી ધન-કણ-કંચન-ગેહ, થઈ નિઃસ્નેહી નિરીહ રે;
ખેહ સમાણી જાણી દેહ, નવિ પોષે પાપે જેહ રે. તે૦ ૬
દોષ રહિત આહાર જે પામે, જે લુખે પરિણામે રે;
લેતો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠેઈ જામે રે. તે૦ ૭
રસના રસ રસીયો નવિ થાય, નિર્લોભી નિર્માય રે;
સહે પરિષહ સ્થિર કરી કાય, અવિચલ જિમ ગિરિરાય રે. તે૦ ૮
રાતે કાઉસ્સગ્ગ કરી સ્મશાને, જો તિહાં પરિષહ જાણે રે;
તો નવિ ચૂકે તેહવે ટાણે, ભય મનમાં નવિ આણે રે. તે૦ ૯
કોઈ ઉપર ન કરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે;
કર્મ આઠ જીતવા જોધ, કરતો સંયમ શોધ રે. તે૦ ૧૦
દશવૈકાલિક દશમાધ્યયને, એમ ભાખ્યો આચાર રે;
તે ગુરુ લાભવિજયથી પામે, વૃદ્ધિવિજય જયકાર રે. તે૦ ૧૧

## ઢાળ ૧૧ :

સાંધુજી સંયમ સૂધો પાળો વ્રત દૂષણ સવિ ટાળો રે
દશવૈકાલિક સૂત્ર સંભાળો મુનિ મારગ અજુઆળો રે... સાધુજી૦ ૧
રોગાંતિક પરીષહ સંકટ પરસંગે પણ ધાર રે
ચારિત્રથી મત ચૂકો પ્રાણી ઈમ ભાખે જિનસાર રે... સાધુજી૦ ૨
ભ્રષ્ટાચારી ભુંડો કહાવે ઈહ ભવ પરભવ હારી રે
નરક નિગોદ તણાં દુઃખ પામે ભમતો બહુ સંસારી રે... સાધુજી૦ ૩
ચિત્ત ચોખે ચારિત્ર આરાધે ઉપશમ નીર અગાધે રે
ઝીલે સુંદર સમતા દરિયે તે સુખ સંપત્તિ સાધે રે... સાધુજી૦ ૪
કામધેનુ ચિંતામણી સરિખું ચારિત્ર ચિત્તમેં આણો રે
ઈહ પરભવ સુખદાયક એ સમ અવર ન કાંઈ જાણો રે... સાધુજી૦ ૫
સિજ્જંભવ સૂરિએ રચીયાં દશ અધ્યયન રસાળા રે
મનક પુત્ર હેતે તે ભણતાં લહીએ મંગળ માળા રે... સાધુજી૦ ૬
શ્રીવિજયપ્રભસૂરિને રાજ્યે બુધ લાભવિજયના શિષ્યે રે
વૃદ્ધિવિજય વિબુધ આચાર એ ગાયો સકલ જગીશે રે... સાધુજી૦ ૭

# સજ્ઝાય સરિતા

## (પર્વતિથિઓની સજ્ઝાયો)

❀ ❀ ❀

## તરંગ - ૩

**સજ્ઝાય ૨૦૮ થી ૨૨૦**

## ૨૦૮. અગિયારસની સજ્ઝાયો (૧)

ગોયમ પૂછે વીરને, સુણો સ્વામીજી, મૌન એકાદશી કોણે કહી;
કોણે પાળી, કોણે આદરી, સુણો૦ એહ અપૂર્વ દિન સહી. ૧
વીર કહે ગોયમ, સુણો ગુણ ગેહાજી, નેમે પ્રકાશી એકાદશી;
મૌન એકાદશી નિર્મલી, સુણો ગોયમા, ગોવિંદ કરે મલારસી. ૨
દ્વારામતી નગરી ભલી, સુણો૦ નવ જોયણ આરામ વસી;
છપ્પન ક્રોડ જાદવ વસે. સુણો૦ કૃષ્ણ બિરાજે તિણે નગરી. ૩
વિચરતા વિચરતા નેમજી, સુવો૦ આવી રહ્યા ઉજ્જયંત શિખરે;
મધુરી ધ્વનિ દીયે દેશના, સુણો૦ ભવિયણને ઉપકાર કરે. ૪
ભવ અટવી ભીષણ ઘણી, સુણો૦ તે તરવા પંચપર્વી કહી;
બીજે દુવિધ ધર્મ સાચવો, સુણો૦ દેશવિરતિ સર્વવિરતિ સહી. ૫
પંચમીયે જ્ઞાન આરાધીયે, સુણો૦ પંચ વરસ પંચ માસ વળી;
અષ્ટમી દિન અષ્ટ કર્મનો. સુણો૦ પરભવ આયુનો બંધ કરે. ૬
ત્રીજે ભાગે નવમે ભાગે, સુણો૦ સત્તાવીસમે ભાગે સહી;
અથવા અંતર્મુહુર્ત સમે સુણો૦ શ્વાસોશ્વાસમાં બંધ કરે. ૭
માયા કપટ જે કેળવે સુણો૦ નરક તિર્યંચનું આયુ ધરે;
રાગતણે વશ મોહિયો, સુણો૦ વિકલ થયો પરવશ પણે. ૮
કરણી અકરણી નવિ ગણે સુણો૦ મોહ તિમિર અંધકાર પણે;
મોહે મદ ગાઢો ફરે, સુણો૦ દે ઘુમણી ઘણું જોર પણે. ૯
ઘાયલ જેમ રહે ઘૂમતો, સુણો૦ કહ્યું ન માને તેહ પણે;
જીવ રૂલે સંસારમાં સુણો૦ મોહ કર્મની સહી લાણી. ૧૦
અલ્પ સુખ શરસવ જેવું સુણો૦ તો તેને મેરૂ સમાન ગણે;
લોભે લંપટ વાહીયો, સુણો૦ નવિ ગણે તે અંધપણે. ૧૧
જ્ઞાની વિણ કહો કોણ લહે સુણો૦ શું જાણે છદ્મસ્થ પણે;
અષ્ટમી એકાદશી ચૌદશી, સુણો૦ સામાયિક પોસહ કરે. ૧૨
ધર્મને દિવસે કર્મનો, સુણો૦ આરંભ કરે જે નરનારી;
નિશ્ચય સદ્‌ગતિ નવિ લહે, સુણો૦ અશુભ કર્મના ફળ છે ભારી. ૧૩
પાંચ ભરત પાંચ ઐરવતે, સુણો૦ મહાવિદેહે તે પાંચ ભણો;
કર્મ ભૂમિ સઘળી થઈ, સુણો૦ કલ્યાણક પચાસ સોય ગણો. ૧૪

શ્રી વિશાળસોમસૂરીશ્વરું, સુણો૦ તપગચ્છકો શિરદાર મુણિ;
તસગુરૂ ચરણકમળ નમી સુણો૦ સુવ્રતરૂપ સજ્ઝાય ભણી. ૧૫

## • ૨૦૯. અગિયારસની સજ્ઝાયો (૨)

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીએ;
પૂછ્યાનો પડિઉત્તર પાછો, કેહને કાંઈ ન કહીએ. આજ૦ ૧
મારો નણદોઈ તુજને વહાલો, મુજને તારો વીરો;
ધૂમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો. આજ૦ ૨
ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એકે ન આવ્યો આડો;
પરભવ જાતા પાલવ ઝાલે, તે મુજને દેખાડો. આજ૦ ૩
માગશર શુદિ અગીયારસ મોટી, નેવું જિનના નિરખો;
દોઢસો કલ્યાણક મોટા, પોથી જોઈ જોઈ હરખો. આજ૦ ૪
સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો;
પાવક પુર સઘળો પરજાળ્યો, એહનો કાંઈ ન દહીયો. આજ૦ ૫
આઠ પહોર પોસહ તે કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ;
મન વચ કાયા જો વશ કરીએ, તો ભવસાગર તરીએ. આજ૦ ૬
ઈર્યાસમિતિ ભાષા ન બોલે, આડું અવળું પેખે;
પડિક્કમણાશું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે. આજ૦ ૭
કર ઉપર તો માળા ફિરતી, જીવ ફરે વનમાંહી;
ચિત્તડું તો ચિહું દિશિયે ડોલે, ઈણ ભજને સુખ નાંહિ. આજ૦ ૮
પૌષધશાળે ભેગા થઈને, ચાર કથા વળી સાધે;
કાંઈક પાપ મિટાવણ આવે, બાર ગણું વળી બાંધે. આજ૦ ૯
એક ઉઠંતી આળસ મોડે, બીજી ઉંઘે બેઠી;
નદીઓમાંથી કોઈક નિસરતી, જઈ દરિયામાં પેઠી. આજ૦ ૧૦
આઈ બાઈ નણંદ ભોજાઈ, ન્હાની મ્હોટી વહુને;
સાસુ સસરો મા ને માસી, શિખામણ છે સહુને. આજ૦ ૧૧
ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નરનારી રહેશે;
પોષહમાંહે પ્રેમ ધરીને, અવિચળ લીલા લહેશે. આજ૦ ૧૨

## • ૨૧૦. આઠમની સજઝાયો (૧)

શ્રી સરસ્વતીને ચરણે નમું આપો વચન વિલાસ, ભવિયણ
અષ્ટમી ગુણ હું વર્ણવું કરે સેવકને ઉલ્લાસ ભવિયણ ૧
અષ્ટમી તપ ભાવે કરો આણી હર્ષ ઉમેદ ભવિયણ
તો પાર પામશો ભવતણો કરશો કર્મનો ઉચ્છેદ ભવિયણ અષ્ટમી ૨
અષ્ટ પ્રવચન તે પાળીએ ટાળીએ મદનાં ઠામ ભવિયણ
અષ્ટ પ્રાતિહાર્ય મન ધરી જપીએ જિનનું નામ ભવિયણ અષ્ટમી ૩
એહવો તપ તુમે આદરો ધરો મનમાં જિનધર્મ ભવિયણ
તો આપદાથી છૂટશો ટાળશો ચિહું ગતિ મર્મ ભવિયણ અષ્ટમી ૪
જ્ઞાન આરાધન એહ થકી લહીએ શિવસુખસાર ભવિયણ
આવાગમન જન નહિં હુવે એ છે જગ આધાર ભવિયણ અષ્ટમી ૫
તીર્થંકર પદવી લહે તપથી નવે નિધાન ભવિયણ
જુઓ મલ્લિકુમરી પરે પામે તે બહુ જ્ઞાન ભવિયણ અષ્ટમી ૬
એ તપના છે ગુણ ઘણા ભાખે શ્રી જિન ઈશ ભવિયણ
શ્રી વિજયરત્નસુરીંદનો દેવ વાચક સુસીસ ભવિયણ અષ્ટમી ૭

## ૨૧૧. આઠમની સજઝાયો (૨)

અષ્ટમી પર્વ આરાધો પ્રીતે ભાખે શ્રી વર્ધમાનો રે
બારે પર્ષદા આગે પ્રકાશે વાણી અમીય સમાનો રે અષ્ટમી૦ ૧
શ્રેણીક નરપતિ વાંદવા આવે સુણતાં સવિ સુખકાર રે
ચાર કષાય ને વિષય પ્રમાદે જીવ રૂલે સંસાર રે... અષ્ટમી૦ ૨
વ્રત પચ્ચકખાણ વિણ અવિરતિએ થાય સફલ અવતાર રે
યથાશકિત તપને આચરીયે જીમ તરીયે સંસાર રે... અષ્ટમી૦ ૩
જો પ્રતિદિન યથાશક્તિ ન હોવે તો પર્વ દિવસ પરમાણ રે
પરભવ આયુનો બંધ જ હોવે પર્વના દિવસે જાણ રે... અષ્ટમી૦ ૪
અષ્ટમી તપ ફળ પૂછે ગોયમ ભાખે ચરમ જિણંદ રે
અષ્ટ મહાસિદ્ધિને અડ સંપદ આઠે કર્મ નિકંદ રે... અષ્ટમી૦ ૫
બુદ્ધિતણા ગુણ આઠ વિકાસે આઠે દષ્ટિ ઉલ્લાસ રે
શ્રી પ્રવચનના આઠ ફળ એથી આઠે મદ શોષાય રે... અષ્ટમી૦ ૬

ઋષભદેવનો જન્મ ને દીક્ષા જન્મ અજીત જિનરાય રે
સંભવ જિનનું ચ્યવન પ્રમાણો અભિનંદન શિવરાજો રે... અષ્ટમી૦ ૭
મુનિસુવ્રત નમી જન્મકલ્યાણક નેમીનાથ નિર્વાણ રે
પાર્શ્વપ્રભુજી અષ્ટમી દિવસે વરીયા અક્ષય ઠાણો રે... અષ્ટમી૦ ૮
એ તિથિનું આરાધન કરતાં દંડવીર્ય નરરાય રે
શાશ્વત સુખ પામ્યો અવિકારી તપ અનુપમ ફળદાય રે... અષ્ટમી૦ ૯
કુશળ દીપ એમ ધર્મ કરંતા દેવ સફલ મન આશ રે
અષ્ટમી પર્વ આરાધો પ્રીતે ભાંખે શ્રી વર્ધમાનો રે... અષ્ટમી૦ ૧૦

## ૨૧૨. દિવાળીની સજ્ઝાયો (૧)

દુઃખ હરણી દીપાલિકા રે લાલ પરવ થયું જગમાંહી ભવિ પ્રાણી રે
વીર નિર્વાણથી થાપના રે લાલ આજ લગે ઉચ્છાંહી ભવિ પ્રાણી રે
સમકિત દૃષ્ટિ સાંભળો રે લાલ૦ ૧
સ્યાદ્વાદ ઘર ધોળીએ રે લાલ દર્શનની કરી શુદ્ધિ ભવિ૦
ચારિત્ર ચંદ્રોદય બાંધીયો રે લાલ ટાળો દુષ્કર્મ બુદ્ધિ ભવિ૦ સમકિત૦ ૨
સેવા કરો જિનરાયની રે લાલ દીલ દીઠાં મિઠાશ ભવિ૦
વિવિધ પદારથ ભાવના રે લાલ તે પકવાન્નની રાશ ભવિ૦ સમકિત૦ ૩
ગુણ જિનપદની નામના રે લાલ તેહિજ જુહાર ભટ્ટાર ભવિ૦
વિવેક રતન મેરાઈયાં રે લાલ ઉચિત તે દીપ સંભાર ભવિ૦ સમકિત૦ ૪
સુમતિ સુવનિતા હેજશું રે લાલ મન ઘરમાં કરી વાસ ભવિ૦
વિરતિ સાહેલી સાથશું રે લાલ અવિરતિ અલચ્છી નિકાલ ભવિ૦ સમકિત૦૫
મૈત્ર્યાદિકની ચિંતના રે લાલ તેહ ભલા શણગાર ભવિ૦
દર્શન ગુણ વાધા બન્યા રે લાલ પરિમલ પર ઉપગાર ભવિ૦ સમકિત૦ ૬
પૂર્વ સિદ્ધકન્યા પખે રે લાલ જાનઈયા અણગાર ભવિ૦
સિદ્ધશિલા વર વેદિકા રે લાલ કન્યા નિવૃત્તિ સાર ભવિ૦ સમકિત૦ ૭
અનંત ચતુષ્ટય દાયજો રે લાલ શુદ્ધાયોગ નિરોધ ભવિ૦
પાણિ ગ્રહણ પ્રભુજી કરે રે લાલ સહુને હરખ વિબોધ ભવિ૦ સમકિત૦ ૮
ઈણિપરે પર્વ દીપાલિકા રે લાલ કરતા કોડી કલ્યાણ ભવિ૦
જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિશું રે લાલ પ્રગટે સકલ ગુણખાણ ભવિ૦
સમકિત૦ ૯

## [+] ૨૧૩. (ક) દિવાળીની સજઝાયો (૨)

દિવાળી રઢીયાળી પર્વ સોહામણું પ્રેમ ધરીને આરાધે નર-નાર જો
મનવચન-કાયાની સ્થિરતા કેળવી જીવનજ્યોત જગાવે જયજયકારજો, દિવાળી...૧
સુરપતિ નરપતિ સેવિત તીર્થપતિ પ્રભુ સિદ્ધારથ ત્રિશલા દેવીના નંદજો
ચોમાસું છેલ્લું કરવાને પધારીયા પાવાપુરીમાં ઘરઘર વર્ત્યો આનંદ જો... ૨
ચૌદશ દિવાળીનો છઠતપ આદરી પર્યંકાસને બેસી શ્રી ભગવાન જો
સોલ પહોર સુધી આપે મધુરી દેશના સમવસરણમાં કરવા જગ કલ્યાણ જો... ૩
પંચાવન અધ્યયન પુણ્ય વિપાકના પંચાવન પાપોના ફળનો વિસ્તાર જો
વણ પૂછ્યા છત્રીસ સવાલો દાખવે ઉપદેશે શ્રી અગમ-નિગમનો સારજો... ૪
દિવાળીની રાત્રે છેલ્લા પહોરમાં સ્વાતિ ચંદ્રે વર્ધમાન ભગવાન જો
નાગકરણમાં સવાર્થ સિદ્ધ મુહૂર્તમાં કર્મો તોડી પામ્યા પદ નિર્વાણ જો...૫
મલ્લકી નવ નવ લચ્છવિ ગણના રાજવી પોષહ લઈને સાંભળે ધર્મ રસાળ જો
ભાવ છધોત ગયો ને અંધારૂં થયું એમ જાણીને પ્રગટાવે દીપક માળજો... ૬
પડવે પ્રાતઃ કાળે ગૌતમ સ્વામીને પ્રગટ્યું કેવળ તેથી એ પર્વ પ્રધાન જો
બીજે જમાડ્યો બહેને નંદી રાયને ભાઈ બીજનું પર્વ થયું પ્રમાણ જો... ૭
ત્યારથી પર્વ દિવાળી પ્રગટ્યું વિશ્વમાં વીર સાંભરણું સ્થિર બન્યું જગમાંય જો
લોક લોકોત્તરમાં છે એ પર્વ મોટકું ઉજવતાં નરનારી સૌ હરખાય જો... ૮
ધર્મી જીવ દિવાળીનો છઠ ઉચ્ચરે દિવાળીનો પોષહ કરે બહુમાન જો
વીર વિભુને વંદન પૂજન જાપથી ભક્તિ ભાવે આરાધે એક તાન જો... ૯
મહાવીર સ્વામી સર્વજ્ઞ પારંગત પ્રભુ ગૌતમ સ્વામી સર્વજ્ઞનો કરજો જાપ જો
ૐ હ્રીં શ્રી આરંભે ને અંતે નમઃ માળાવીસ એ કાપે સઘળા પાપ જો... ૧૦
દિવાળીમાં સૂધો તપ જપ જે કરે લાખ કોડી ફળ પામે તે ઉજમાળ જો
નવલે વર્ષે ઉત્સવ રંગ વધામણાં ચારિત્ર દર્શન કહે મંગળ માળ જો... ૧૧

## ૨૧૩. (ખ) દિવાળીની સજઝાયો (૩)

વાંદી વીર જિનેશ્વર પાય સદ્ગુરુ ગોયમ ગણધર રાય
તસ નિર્વાણ અને વળી નાણ તે આરાધો શ્રાવણ જાણ... ૧
મુક્તે પહુંતા વીર જિણંદ ઓચ્છવ કરે સુરાસુર વૃંદ
કલ્યાણક દિન ભણીએ એહ તપે કરી આરાધો તેહ... ૨

શ્રાવક મળીયા રાય અઢાર આરાધે પોષહ આચાર
સોળ પહોર સાંભળે વખાણ છાંડે રંગ ભોગ તે જાણ... ૩
જિણ રાતે જિન મુકતે ગયા અણુદ્ધરી કુંથુઆ લહુ થયા
તિણ કારણે ગિરૂઆ ઋષિરાય અણસણ લઈને સાર્યા કાજ... ૪
જિનવર સાધુ સાધ્વી તણો પડ્યો વિયોગ તે કારણ ઘણો
તેહ દિવસ આવે જિણવાર કહો કિમ થાયે હરખ અપાર... ૫
તેણે કારણ કીજે તપ ઘણો સંભારીને કુલ આપણો
પૂજા કરીએ ધરીએ ધ્યાન રાગ ભોગ પરિહરીએ પાન... ૬
કોઈક જીવ અજ્ઞાની જાણ હરખ ધવે જેહ પાપને ઠાણ
માંડે મૂળ થકી આરંભ ખાવા પીવાનો પ્રારંભ... ૭
ઘઉં પલાળી વણાવે સેવ દિવાળી આવે છે હેવ
કરી (કળી) લાડુને સાંકળી ઈન્દ્રિયરસ વાહ્યો હલ ફલી... ૮
રાતે મસળે માટી છાણ, જગન્નાથની ભાંજે આણ
ખાંડે દળે નવિ જયણા કરે ખાટકી શાળા પાંચે વાવરે... ૯
ચોમાસામાંહિ બહુલા જીવ નીલ ફુલ કુંથુઆ અતીવ
કંસારી કીડી કરોળીયા રાતે અંધારે રોળીયા... ૧૦
નાઠી સાન વાસીયો કરે સામાયિક પોષહ પરિહરે
પાન ફળ સાડી શણગાર અધિકેરા તે કરે ગમાર... ૧૧
ધન તેરસના ભણી ઉલ્લાસ જીવ હણિને બાંધે પાસ
સેવ લાડવા હરખે જમે શીલ ન પાળે જુવટે રમે... ૧૨
ઘર લીપે કાઢે સાથીયા તાવી તળે જીકે આથીયા
પર્વ તણી નવિ લાભે સાર ચઉદસ અમાવસે ધર્મ સંભાર... ૧૩
વળી જુઓ અધિકેરો પાપ ફળ ફુલને કરે સંતાપ
ભાજી દાળ કરે તે ગેલ અગ્નિ પ્રજાલી માગે તેલ... ૧૪
ઘર ઘર દીવા લીધે ફરે બહુલા જીવ તેહમાંહી મરે
મેરઈયાનું મોઢે નામ ઘર ઘર ફરતો કરે પ્રણામ... ૧૫
પાખી પડિકમણાનો કાળ તે વિસારે મૂર્ખને બાળ
મુખે કહાવે શ્રાવક નામ નવિ જાણે શાસન દુર્લભ કામ... ૧૬
જલ ઝળ દીવ પચ્છિમ રાતી કાઢે અળસ જીમે પ્રભાત

ચોખા કૂર વિના નવિ જમે દેખો લોક અસાને ભમે... ૧૭
ગૌતમસ્વામી પામ્યા જ્ઞાન નેહ તણો તજીને નામ
જુહાર ભટારા કરતો ફિરે સાંઝે સજજન ભણી સંચરે... ૧૮
પહેરે ઓઢે બહુ શણગાર કામ ભોગ પૂરણ પરિવાર
હાંસી બાજી કરે ટંકોલ બાંધે કર્મ જાઈદ્રહ બોલ... ૧૯
પછી વળી કરે ભાઈબીજ ખાતાં પીતાં આવે રીજ
મૂલ મંત્ર ઘણાં સાધે જેહ ધર્મ ન આરાધે પ્રાણી તેહ... ૨૦
દિવાળીનું કલ્પી નામ સગાં સણિજાં જમાડે તામ
અન્ન કેવલી કરે આહાર જો જો લોક તણો વ્યવહાર... ૨૧
આવ્યો ધર્મ દિન એહ પાપે કરી વિરાધે તેહ
કર્મ નિકાચિત બાંધે બાળ એણી પરે રૂલે અનંતો કાળ... ૨૨
જેહને મુક્તિ અછે ઢુંકડી તેહની મતિ સંવરમાં ચઢી
સંસારી સુખ દુ:ખ સ્વરૂપ અહનિશ ભાવે આતમ ભૂપ... ૨૩
દોહિલો દીસે નરભવ જેહ તેહમાંહી દુર્લભ જિનધર્મ તેહ
દુર્લભ જિનવાણી તે સુણે મિથ્યામતિને દુર્લભ હણે... ૨૪
તપગચ્છ ગયણ વિભાસણ ભાણ શ્રી હીર વિજય સૂરીશ્વર જાણ
વાચક ભાનુચંદનો શીશ દેવચંદ્ર પ્રણમે નિશદીશ... ૨૫

## ૨૧૪. પન્નર તિથિની સજ્ઝાય (ઢાળ-૧૫)

### એકમ તિથિ (દુહા)

શ્રીમદ્ ગોડી જગધણી દાયક શિવગતિ જેહ
અલિય વિઘન દૂરે હરે ટાળે દુરિત અછેહ... ૧
સુધાદષ્ટિ હોવે સદા એહવી જેહની દષ્ટિ
ઉરગ તજી સુરપતિ કર્યો ગિરૂઓ ગુણે ગરિષ્ટ... ૨
ભાવિય પદ પંકજ સદા હું નિત્ય પ્રણમું તાસ
સકલ મનોરથ પૂરવે ત્રેવીસમો જિન પાસ... ૩
ભાવે પ્રણમું ભારતી પૂરે પૂરણ આશ
મૂરખને પંડિત કરે આપે વચન વિલાસ
વચન સુધારસ પોષવા વર દે શારદ માત... ૪
શક્તિ નહિં સિદ્ધાંતની બુદ્ધિ નહીં લવલેશ

વચન વિલાસ કરી કહું તે પણ નહિં સુવિશેષ... ૫
પણ મુજ એક આધાર છે સદ્ગુરૂ તણો પસાય
તસ અનુભાવે ઉપજે વચન સદા સુખદાય... ૬
આગમના અનુસારથી આણી મન પવિત્ર
પન્નરતિથિ સાતવારનાં પભણું તેહ ચરિત્ર... ૭
જિમ મૃગનાદ લીનો થકો નિસુણે થઈ એકરંગ
તિમ સુણજો ભવિયણ તુમે આણી ચિત્ત અભંગ... ૮

## (ઢાળ ૧)

પહેલી તિથિ એણીપેરે વદે રે સાંભળો પ્રાણી સાર
એક ધર્મ જગ આદરો રે જાણી અથિર સંસાર
રે પ્રાણી ! ધરજો ધર્મ શું રાગ જિમ પામો ભવ તાગો,
રે પ્રાણી ધરજો૦ ૧
દશ દષ્ટાંતે દોહિલો રે માનવભવ અવતાર
પામી ધર્મને સદ્દહો રે પામો જિમ જયકારો... રે પ્રાણી ધરજો૦ ૨
ધર્મ વડો સંસારમાં રે ભાખે શ્રી કિરતાર
સુરમણિસમ એ ધર્મ છે રે અડવાડિયાં આધારો... રે પ્રાણી ધરજો૦ ૩
ધર્મ થકી સંપદ મળે રે ધર્મ થકી નવનિધિ
ધર્મ થકી સંકટ ટળે રે ધર્મ થકી ઋદ્ધિ વૃદ્ધિ... રે પ્રાણી ધરજો૦ ૪
જુઓ ધર્મપ્રભાવથી રે ચકી ભરત નરેંદ્ર
અજરામર પદ શાશ્વતાં રે પામ્યો પરમાણંદો... રે પ્રાણી ધરજો૦ ૫
જે નર જિનધર્મ પામીને રે કરશે પ્રમાદ લગાર
તો પડવો કહે જીવડો રે પડશે નરક મઝાર... રે પ્રાણી ધરજો૦ ૬
એમ જાણી ભવિ ભાવશું રે કીજે અનુત્તર ધર્મ
વિજય લબ્ધિ સદા લહો રે છંડી મિથ્યા ભર્મ... રે પ્રાણી ધરજો૦ ૭

## બીજ તિથિ (ઢાળ ૨)

બીજ કહે ભવ્યજીવને રે લો નિસુણો આણી રીઝ રે સુગુણનર
સુકૃત કરણી ખેતમેં રે લો વાવો સમકિત બીજ રે સુગુણનર
ધરજો ધર્મશું પ્રીતડી રે લો કરી નિશ્ચય વ્યવહાર રે સુગુણનર

ઈહભવે પરભવે ભવોભવ રે લો હોવે જયું જગ જયકાર રે સુગુણનર ધરજો૦ ૧
કિરિયા તે ખાતર નાખીયે રે લો સમતા દીજેં ખેડ રે સુગુણનર
ઉપશમ નીરે સીંચીયે રે લો ઉગે જયું સમકિત છોડ રે સુગુણનર ધરજો૦ ૨
વાડ કરો સંતોષની રે લો તસ પાંખળી ચિહું ઠોર રે સુગુણનર
વ્રત પચ્ચખાણ ચોકી ઠવો રે લો વારે યું કર્મના ચોર રે સુગુણનર ધરજો૦ ૩
અનુભવ કેરે ફુલડે રે લો મહોરે સમકિત વૃક્ષ રે સુગુણનર
શ્રુતચારિત્ર ફલ ઉતરે રે લો તે ફલ ચાખો શિક્ષ રે સુગુણનર ધરજો૦ ૪
જ્ઞાનામૃત રસ પીજીયે રે લો સ્વાદ લ્યો સામ્ય તાંબૂલ રે સુગુણનર
ઈણરસે સંતોષ પામશો રે લો લહેશો ભવનિધિ કૂલ રે સુગુણનર ધરજો૦ ૫
ઈણ વિધ બીજ તમે સદ્દહો રે લો છાંડી રાગ ને દ્વેષ રે સુગુણનર
કેવલ કમલા પામીયે રે લો વરિયે મુક્તિ વિવેક રે સુગુણનર ધરજો૦ ૬
સમકિત બીજ તે સદ્દહે રે લો તે ટાળે નરકનિગોદ રે સુગુણનર
વિજય લબ્ધિ સદા લહે રે લો નિત નિત વિવિધ વિનોદ રે
સુગુણનર ધરજો૦ ૭

## ત્રીજ તિથિ (ઢાળ ૩)

ત્રીજ કહે મુજ ઓળખી રે આદરો દેવ-ગુરૂ-ધર્મ
જન્મ-જરા-મૃત્યુથી છૂટો રે ટાળો ભવ ભય ભર્મ,... ભવિકજન !
ધરજો ધર્મ શું રાગ જિમ પામો ભવનિધિ તાગ... ભવિકજન ધરજો૦ ૧
મોહની ત્રણે પરિહરો રે રાખો મન નિઃશલ્ય
ગારવ ત્રણે મત કરો રે છંડો ત્રણે શલ્ય... ભવિકજન ધરજો૦ ૨
માનવ ભવમાં મોટકાં રે કહિયાં તીને રતન્ન
જ્ઞાન-દર્શન-ચારિત્ર અછે રે તેહનું કરીયે જતન્ન... ભવિકજન ધરજો૦ ૩
એ ત્રણે રત્નયોગથી રે પામીયે ત્રિભુવન રાજ
શ્રી ભગવંત શકારશે રે સરશે વંછિત કાજ... ભવિકજન ધરજો૦ ૪
ત્રિવર્ગનાં સુખ મેળવો રે આણી ત્રણ્યે યોગ
મન-વચન-કાયા યોગથી રે ટાળો કર્મનાં રોગ... ભવિકજન ધરજો૦ ૫
ત્રણ ગુપ્તિ સૂધી ધરે રે જે નર ત્રીજ આરાધિ
વિજય લબ્ધિ તે પામશે રે દિન દિન સુખ સમાધિ... ભવિકજન ધરજો૦ ૬

## ચોથ તિથિ (ઢાળ ૪)

ચોથ કહે ભલિ સાંભળો રે માહરા ગુણ અભિરામ
માહરી શીખે ચાલશો રે તો લેશો મુક્તિનું ઠામ રે
પ્રાણી ! જિન વાણી ધરો ચિત્ત એ તો આણી મન શુભ રીત રે,
પ્રાણી ! જિન૦ ૧
વિકથા ચારે પરિહરો રે પરિહરો ચાર કષાય
ક્ષમા રૂપી ધન સંચીયે રે ભવો ભવ પાતક જાય રે... પ્રાણી ! જિન૦ ૨
ત્રિગડે બેસી જિનવરે રે ભાખ્યો ચઉવિહ ધર્મ
દાન-શીયલ-તપ-ભાવના રે એ ચારે સુખનાં હર્મ રે... પ્રાણી ! જિન૦ ૩
દાને દોલત પામીયે રે શીલે જસ સૌભાગ્ય
તપ કરી કર્મ વિનાશિયે રે ભાવેં ભાવઠ ભાગિ રે... પ્રાણી ! જિન૦ ૪
ભવ નિધિ પાર ઉતારવા રે એ ચારે નાવ સમાન
સકલ પદારથ આપવા રે એ ચારે પ્રગટ નિધાન રે... પ્રાણી ! જિન૦ ૫
ઈમ જાણી પુણ્ય કીજિયે રે સાંભળી સદ્ગુરૂ વાણ
ચિહુંગતિનાં દુઃખ ટાળીયે રે હોવે કોડી કલ્યાણ રે... પ્રાણી ! જિન૦ ૬
ચોથ તણાં ગુણ જાણીને રે જે ધરે ચઉ ધર્મદ્વાર
વિજય લબ્ધિ સદા લહે રે સાધી પદારથ ચાર રે... પ્રાણી ! જિન૦ ૭

## પાંચમ તિથિ (ઢાળ ૫)

પુનરપિ પાંચમ એમ વદે રે સાંભળો પ્રાણી ! સુજાણ
શ્રી જિન આણાએ ચાલીયે રે જિમ લહીએ સુખની ખાણ
ભવિકજન ! ધરજો ધર્મશું પ્રીતિ એ તો આણી મન શુભ રીતિ... ભવિકજન ૧
આશ્રવ પંચ દૂરે કરી રે કીજે સંવર પંચ
પંચસમિતિ શુભ પાળીને રે તમે મેલો શિવવધૂ સંચ... ભવિકજન ૨
પંચમહાવ્રત અનુસરી રે પાળો પંચ આચાર
ત્રિકરણ શુદ્ધિએ ધ્યાવજો રે પંચ પરમેષ્ઠી નવકાર... ભવિકજન ૩
સમકિત પંચ અજવાળજો રે ધરજો ચારિત્ર પંચ
પંચ ભૂષણને પડિવજી રે ટાળો દૂષણ પંચ... ભવિકજન ૪
મત કરો પંચ પ્રમાદને રે મત કરો પંચ અંતરાય

પંચમી તપ શુભ આદરો રે દિન દિન દોલત થાય... ભવિકજન ૫
પંચમી તપ મહિમાં ઘણો રે કહેતાં ના'વે પાર
વરદત્તને ગુણમંજરી રે જુઓ, પામ્યા ભવનો પાર... ભવિકજન ૬
પંચમી એમ આરાધીયે રે લહીયે પંચમ નાણ
ચૌદ રજ્જવાત્મક લોકનારે એ તો મન પજ્જવ શુભ જાણ... ભવિકજન ૭
ઘનઘાતી કર્મ ખપાવતાં રે વાજે હો મંગલ શબ્દ
પંચમીગતિ અવિચલ લહે રે તિહાં સુખ અનંત સુલબ્ધ... ભવિકજન ૮

## છઠ્ઠ તિથિ (દુહા)

ઈણ વિધ પાંચે તિથિ ભણી, બોલી શુભ પરિણામ,
એક એકથી ચઢતે ગુણે, મનોહર છે અભિરામ... ૧
છઠ્ઠી તણાં ગુણ વર્ણવું, મૂકી મન અભિમાન,
હવે ભવિયણ ભાવે કરી, નિસુણો થઈ સાવધાન... ૨

### ઢાળ ૬ :

છઠ્ઠી કહે મુજ ઓળખી રે છટકો પાપથી દૂર, સનેહી સાંભળો
છકાય રક્ષા કીજીયે રે હોવે જયું સુખ સનૂર... સાંભળો ૧
ચારકષાય રાગ-દ્વેષને રે નાખજો દૂર વિડાર સાંભળો
છ એ દ્રવ્યને ઓળખી રે પાળો નિરતિચાર... સાંભળો ૨
સમકિત શુદ્ધ જગાવીયે રે ભાગીયે દુ:ખની બેડી સાંભળો
મગ્ન રહો જિનધર્મમેં રે નાખો કુગતિ ઉખેડી... સાંભળો ૩
છઠ્ઠી આરાધો ભાવશું રે ભવિયણ થઈ ઉજમાલ સાંભળો
ભકિત મુકિત સદા લહો રે હોવે યું મંગળમાલ... સાંભળો ૪
લબ્ધિ કહે સાજન તુમેં રે મકરો પ્રમાદ લગાર સાંભળો
દિન દિન સંપદા અભિનવી રે હોવે શ્રી શ્રીકાર... સાંભળો ૫

## સાતમ તિથિ (ઢાળ ૭)

સાતમ કહે શાંત આતમા સુખકારી હે પ્રાણી રાખીયે સોય, સદા સુખકારી હે
સુખ આવે ગર્વ ન કીજીયે સુખકારી હે દુ:ખ આવે દીન ન હોય
સુખકારી હે ૧

સાત ભય નિવારીયે સુખકારી હે છંડીયે મિથ્યા શંસ સુખકારી હે
શાંત અમીરસ કુંડમાં સુખકારી હે ઝીલીયે થઈને હંસ સુખકારી હે ૨
સાતમ દિન સાત ખેતમેં સુખકારી હે વાવીયેં દ્રવ્ય વિશેષ સુખકારી હે
સુકૃત કર્ષણ ઉગીને સુખકારી હે ઉપજે ધાન્ય વિવેક સુખકારી હે ૩
વાડ કરો તુમે શીલની સુખકારી હે તસ પાંખડી ચિહું ઠોર સુખકારી હે
ચોકી ઠવો સહી ધર્મની સુખકારી હે અધિકો ન કરે જોર સુખકારી હે ૪
મનરૂપી માળો બનાવીયે સુખકારી હે બેસીયે તિહાં સાવધાન સુખકારી હે
વિરતિરૂપી ગોફણે કરી સુખકારી હે નાખિયેં ગોલા જ્ઞાન સુખકારી હે ૫
દુષ્કૃત પંખી ઉડાડીયે સુખકારી હે કરી નિશ્ચય વ્યવહાર સુખકારી હે
પોંખ આરોગિયે પુણ્યના સુખકારી હે ભવિયણ થઈ હુંશિયાર સુખકારી હે ૬
સાત નય જાણી તુમે સુખકારી હે તદ્રૂપી ખળાં બનાવ સુખકારી હે
કરૂણારસ જલ આણીને સુખકારી હે સાત નય ખળાં પિવરાવ સુખકારી હે ૭
જીવદયા સગટે ભરી સુખકારી હે સુકૃત કર્ષણ સાર સુખકારી હે
સંવર બળદને જોતરી સુખકારી હે આણીયે ખળા મઝાર સુખકારી હે ૮
ધ્યાનરૂપીથંભ રોપીને સુખકારી હે લણીયે ક્ષપક સંયોગ સુખકારી હે
જિન આણા સહી ભાવીયે સુખકારી હે હાલરૂઆં અશોગ સુખકારી હે ૯
દુ:ખરૂપી બૂરાં ઝાટકી સુખકારી હે નાખિયે દૂર સુજાણ સુખકારી હે
આતમબલ ભંડારમેં સુખકારી હે ભરજો સુકૃત ધ્યાન સુખકારી હે ૧૦
ઈહભવ પરભવ ભવો ભવે સુખકારી હે પામીયે સુખ વિચિત્ર સુખકારી હે
સંતોષ રાખી આતમા સુખકારી હે પીજે પુણ્ય પવિત્ર સુખકારી હે ૧૧
લબ્ધિ કહે ભવિ ઈણ વિધે સુખકારી હે આદરે પ્રાણી જેહ સુખકારી હે
સાત રજજવાતમ ભેદીને સુખકારી હે શિવ સુખ લહેશે તેહ સુખકારી હે ૧૨

## આઠમ તિથિ (ઢાળ ૮)

આઠમ કહે આઠ મદના પ્રાણી ! કરજો સુકૃત-કામ રે, ભવિયણ હિત ધરી
આઠ પ્રકારે આતમા ઓળખો તુમે અભિરામ રે ભવિયણ હિત ધરી ૧
પડિકમણાં પોષા કરી તોડો દુ:ખના વર્ગ રે ભવિયણ હિત ધરી
સમિતિ ગુપ્તિ સુધાં ધરી મેલો સુખ અપવર્ગ રે ભવિયણ હિત ધરી ૨
અષ્ટમહાગુણસિદ્ધના ધ્યાવો તે નિશદીસ રે ભવિયણ હિત ધરી
અષ્ટમહાસિદ્ધિ સંપજે પહોંચે મનહ જગીશ રે ભવિયણ હિત ધરી ૩

જિનદેવની કરો ચાકરી દિલશું કરી મન કોડિ રે ભવિયણ હિત ધરી
મનરૂપી ઘોડો બનાવીયે ગુરૂ જ્ઞાન લગામ જોડિ રે ભવિયણ હિત ધરી ૪
શીલની પાખરણી નાખીયે તપરૂપી ખડ્ગ લેઈ હાથ રે ભવિયણ હિત ધરી
ક્ષમા બખ્તર પહેરીને ધ્યાન કબ્બાન લેઈ સાથ રે ભવિયણ હિત ધરી ૫
વિરતિ તીર ચલાવીને અષ્ટ કરમ મદ મોડિ રે ભવિયણ હિત ધરી
વિષય કષાય જે આકરા તેહ મેવાસી તોડિ રે ભવિયણ હિત ધરી ૬
શ્રી જિન આણા માનીને મુજરો કરો કર જોડિ રે ભવિયણ હિત ધરી
શ્રી જિનકેરા પસાયથી મોક્ષ શહેર જાઓ દોડી રે ભવિયણ હિત ધરી ૭
આઠમ દિન શુભ જાણીને ધર્મના કરીયે વખાણ રે ભવિયણ હિત ધરી
કપટનો કોટ ઉડાડીયે વાજે જ્યું જીત નિશાન રે ભવિયણ હિત ધરી ૮
એણી પેરે અષ્ટમી ભાવશું આદરે પ્રાણી જેહ રે ભવિયણ હિત ધરી
લબ્ધિ કહે ભવિ તસ ઘરે પ્રગટે પુણ્યની રેહ રે ભવિયણ હિત ધરી ૯

## નોમ તિથિ (ઢાળ ૯)

જીરે નવમી કહે નમીયેં સદા એ તો શ્રી જિનકેરાં બિંબ, હો વિશેષ
નવઅંગે પૂજા બનાવીયે, એ તો મૂકી મનનો દંભ... હો વિશેષ ૧
જીરે ભવિયણ શુભ ભાવે કરી છંડો વિષય કષાય અતીવ હો વિશેષ
સ્નાત્ર મહોત્સવ કીજીયે એ તો દીજે દાન સદીવ... હો વિશેષ ૨
જીરે પૂજા ભક્તિ પ્રભાવના કરી રોપીજે કીર્તિ થંભ હો વિશેષ
સુખ અનંતાં તે વરે તસ જસ ભણે સુર રંગ... હો વિશેષ ૩
જીરે જિન આગે સ્તવના ભાવશું એ તો જે કરે નાટારંભ હો વિશેષ
લાભ અનંતો જિન ભણે જુઓ મહિમા ભાવ અચંભ... હો વિશેષ ૪
જીરે જિનસ્તવના ગુણ ગાવતાં એ તો સમકિત હોયે ઉદ્યોત હો વિશેષ
લંકાપતિ રાવણ પરે એ તો બાંધી તીર્થંકર ગોત... હો વિશેષ ૫
જીરે અરિહંત ભક્તિ પ્રભાવથી એ તો જાયે ભવનાં પાપ હો વિશેષ
નવનિધાન સુખ સંપજે વળી હોવે યું અધિક પ્રતાપ... હો વિશેષ ૬
જીરે નવપદ ધ્યાન સદા ધરી એ તો પાળીયે નવવિધ શીલ હો વિશેષ
નવ નોકષાયને પરિહરી એ તો લહીયે સુખની લીલ... હો વિશેષ ૭
જીરે નવતત્ત્વને ઓળખી એ તો પામી મનુષ્ય અવતાર હો વિશેષ
શત્રુ-મિત્ર સરિખા ગણો એ તો સકલ જંતુ નિરધાર હો વિશેષ ૮

જીરે ઉપકાર તે કીજીયે એ તો ટાળીયે પરની પીડ હો વિશેષ
નવમીયે નવપુણ્ય અનુસરી એ તો ભાંગીયે ભવની ભીડ હો... હો વિશેષ ૯
જીરે ઈણવિધ નવમી પ્રમોદશું એ તો આદરે પ્રાણી જેહ હો વિશેષ
લબ્ધિવિજય રંગે કરી એ તો શિવસુખ લહેશે તેહ હો... હો વિશેષ ૧૦

## દશમ તિથિ (ઢાળ ૧૦)

દશમીયે દુશ્મન વારિયેં કામ ક્રોધ મદ જોર રે
દશવિધ યતિધર્મ આચરી કાપીયે દુઃખ તણી દોર રે... લાલ સુરંગા રે આતમા
વહિયે ધર્મની હોર રે પ્રગટે પુણ્યનો તોર રે
લહિયે મુક્તિનો ઠોર રે વાધે જસ ચિહું ઓર રે... લાલ સુરંગા રે આતમા ૧
દશવિધ વિનયને અભ્યાસી તોડીયે મોહજંજાલ રે
દશવિધ મિથ્યાત્વ પરિહરી છંડીયે આળપંપાળ રે... લાલ સુરંગા રે આતમા
મેલીયે સુકૃતમાલ રે પ્રગટે ભાગ્ય વિશાલ રે
હોવે મંગલ માળ રે લહિયે સુખ તતકાળ રે... લાલ સુરંગા રે આતમા ૨
ત્રસ થાવર સર્વ જીવને સંજ્ઞા કહી તસ રંગ રે
તે સંજ્ઞા પ્રત્યે ઓળખી કીજે ગુરૂનો પ્રસંગ રે લાલ સુરંગા રે આતમા
સંજ્ઞા ધર્મની ચંગ રે રાખીયે ચિત્ત અભંગ રે
સુખતટિની વહે અંગ રે ઉલટે જ્યું ગંગતરંગ રે... લાલ સુરંગા રે આતમા ૩
દશવિધ પ્રાણ ત્રસ જીવને ભાખે જિનવર વીર રે
તે દશ પ્રાણ તું પામીને ધરિયે મનદયા ધીર રે લાલ સુરંગા રે આતમા
દશવિધ સુખ શરીર રે હરિયે દશવિધ પીર રે
તોડીયે દુઃખ જંજીર રે પામીયે ભવોદધિ તીર રે... લાલ સુરંગા રે આતમા ૪
દશ પચ્ચખાણ સિદ્ધાંતમેં પાળ્યા છે સહિ બોલ રે
તેહમાં નિત્ય એક ભાવશું કરે પચ્ચખાણ અમોલ રે લાલ સુરંગા રે આતમા
જાણી લાભ અતોલ રે મુક્તિ શું કરિ બંધ કોલ રે
લબ્ધિ ભણે દિલ ખોલ રે વાજે જીતના ઢોલ રે... લાલ સુરંગા રે આતમા ૫

## અગિયારસ તિથિ (દુહા)

ઈમ દશ તિથિ અધિકાર, અર્થ કિંચિત્ કહ્યો ચરિત્ર,
શાસ્ત્ર તણા અનુસારથી, વર્ણન કરી વિચિત્ર... ૧

હવે એકાદશી તિથિ તણા, કહે સૂરિજન મહારાજ,
ત્રિકરણ કરીને આતમા, નિસુણો થઈ મૃગરાજ... ૨

## (ઢાળ ૧૧)

હવે એકાદશી ઈમ વદે ભવિજન છંડીયેં વિષયાસત્ત હો
વસન ઓઢો નિર્વિકારનાં ભવિજન જેહની છે સબલ પ્રતીત હો... ગુણનારાગી
અવગુણ ત્યાગી સહી હોઈયે ભવિજન પામી મનુષ્યભવ સંગ હો...
ગુણનારાગી ૧

ધ્યાન તણી અંગીઠિકા ભવિજન ભોજન તિમ સંતોષ હો
આસવ સમતા પીવતાં ભવિજન કરજો કાયા પોષ હો... ગુણનારાગી ૨
માયામૃષા દૂરે કીજીયે ભવિજન શુદ્ધસ્વભાવે ક્ષીણ હો
તૈલાભ્યંગ તિમ ઉદાસીનતા ભવિજન શ્રુત તંબોલ પ્રવીણ હો...
ગુણનારાગી ૩

ઉંચા મહેલ વિવેકના ભવિજન વાસ કરો તેહ માંહે હો
અગ્યાર બોલ તે ધારિયેં ભવિજન રસપોષણ છે જેહ હો... ગુણનારાગી ૪
અગ્યાર અંગ રસ સાંભળી ભવિજન પ્રતિમા વહો અગ્યાર હો
કર્મ કઠિન દૂરે કરી ભવિજન લહિયે યું મુક્તિ દુવાર હો... ગુણનારાગી ૫
એકાદશી તપ કીજીયે ભવિજન એમ એકાદશ વર્ષ હો
અગ્યાર અંગ વાચક હોવે ભવિજન પામીયે સુજશ હર્ષ હો... ગુણનારાગી ૬
ઈણવિધ ભવિયણ આદરો ભવિજન જાણી એકાદશી સાર હો
લબ્ધિ કહે ભાવે સાંભળો ભવિજન હોવે જ્યું ભવનિસ્તાર હો...
ગુણનારાગી ૭

## બારસ તિથિ (ઢાળ ૧૨)

દ્વાદશી કહે ભવિ ! ભાવશું કીજે ધર્મની ગોઠ લાલ રે
વિણ દામે રસ લીજીયે જિમ સાકરની ભરી પોઠ લાલ રે,
ભાવે ભવિયણ સાંભળો
બારસે બાર ઉપાંગના નિસુણો જે કહ્યા બોલ લાલ રે ભાવે૦
સ્વાદ લ્યો અમૃત તેહના ટાળી જડતા નિટોલ લાલ રે ભાવે૦ ૨
બારે વ્રત ભવિ ઉચ્ચરી મેલીયે સુકૃત માળ લાલ રે
કર્મ મલિન દૂરે કરી શ્રાવક કુલ અજુવાળ લાલ રે ભાવે૦ ૩

બારે ભેદે તપ જે અછે આદરો છંડી ક્રોધ લાલ રે
બારે ભાવના ભાવિયે વારીયે મમતા વિરોધ લાલ રે ભાવે૦ ૪
કુરસ વચન કહેતાં થકાં દિવસ દતણું તપ જાય લાલ રે
અધિક ખીજંતા માસનું તપ તપ્યું નિષ્ફલ થાય લાલ રે ભાવે૦ ૫
શાપ દિયંતા વર્ષનું તપ જાયે સુણો ધીર લાલ રે
હણતાં શ્રમણપણું હણે એણીપરે બોલે વીર લાલ રે ભાવે૦ ૬
શ્રી જિનવીરે હો વર્ણવી ભિક્ખુપ્રતિમા બાર લાલ રે
તે તુમે ભવિયણ પડિવજી પાળીયે શુદ્ધ આચાર લાલ રે ભાવે૦ ૭
ઈણવિધ જે નર દ્વાદશી આદરે શુભપરિણામ લાલ રે
તે નર વંછિત પામશે શાશ્વતાં સુખ અભિરામ લાલ રે ભાવે૦ ૮
દ્વાદશી જે આરાધશે ધરશે જિનશું રાગ લાલ રે
લબ્ધિવિજય કહે તે નરા પામશે ભવનો તાગ લાલ રે ભાવે૦ ૯

## તેરસ તિથિ (ઢાળ ૧૩)

તેરસ શ્રોતા આગળે ભાખે મન આલ્હાદ હે
શ્રી જિનવાણી સાંભળી, તે રસ ચાખો સ્વાદ હે,
રસિયારે રે ! સૂરિજન ભાવે હે સાંભળો ૧
શ્રી જિનબિંબ ભરાવિયે કીજે જિન પ્રાસાદ હે
જ્ઞાન ભક્તિ સવિ સાચવી તે રસ ચાખો સ્વાદ હે..
રસિયારે રે ! સૂરિજન ભાવે હે સાંભળો ૨
કાઠિયા તેરે પરહરી કીજે નવપદ યાદ હે
સમકિત વાસ સદા લહી તે રસ ચાખો સ્વાદ હે...
રસિયારે રે ! સૂરિજન ભાવે હે સાંભળો ૩
શ્રી જિન અનુમતિ ચાલિયે તજીયે મિથ્યાવાદ હે
અનુભવ રૂપી શેલડી તે રસ ચાખો સ્વાદ હે...
રસિયારે રે ! સૂરિજન ભાવે હે સાંભળો ૪
તેરમે ગુણ ઠાણે સંચરી શુકલ ધ્યાન પ્રસાદ હે
કેવલ કમલા પામીને તે રસ ચાખો સ્વાદ હે...
રસિયારે રે ! સૂરિજન ભાવે હે સાંભળો ૫
તેરસના ગુણ જાણીને જે નર તજશે પ્રમાદ હે

તે નરના ગુણ બોલશે સુર નર અમૃત વાદ હે...
રસિયારે રે ! સૂરિજન ભાવે હે સાંભળો ૬
શુભભાવે સુકૃતપણે તેરસ ગુણ આરાધિ હે
લબ્ધિ વિજય કહે નેહશું લહિયે સુખ સમાધિ હે...
રસિયારે રે ! સૂરિજન ભાવે હે સાંભળો ૭

## ચઉદશ તિથિ (ઢાળ ૧૪)

હવે ચઉદશતિથિ ઈમ વદે રે હાં એ તો સાંભળો ચતુર સુજાણ,
ભવિયાં ભાવશું
શ્રુત સિદ્ધાંતના બોલ જે રે હાં એ તો તે કરો વચન પ્રમાણ...
ભવિયાં ભાવશું ૧
વડના કુસુમ તણી પરે રે હાં એ તો દોહિલો મનુ અવતાર, ભવિયાં ભાવશું
આર્ય દેશ પણ દોહિલો રે હાં એ તો દોહિલું શ્રાવક કુલ સાર...
ભવિયાં ભાવશું ૨
શ્રદ્ધા તે પણ દોહિલી રે હાં એ તો દોહિલો જ્ઞાન સંયોગ, ભવિયાં ભાવશું
દોહિલી જિનની સેવના રે હાં એ તો દોહિલો મનનો યોગ...
ભવિયાં ભાવશું ૩
એ સવિ દુર્લભ પામવા રે હાં જિમ રયણતણે દષ્ટાંત, ભવિયાં ભાવશું
તે તુમ પુણ્ય પ્રભાવથી રે હાં એ તો પામ્યો મનુષ્ય ભવસંત...
ભવિયાં ભાવશું ૪
પામી ચૌદશ તપ તણો રે હાં એ તો ખપ કરો મનને પ્રમોદ, ભવિયાં ભાવશું
ચૌદ નિયમ સંભારજો રે હાં એ તો સંક્ષેપજો તિમ ચૌદ...
ભવિયાં ભાવશું ૫
ચૌદ પૂરવના ભાવથી રે હાં એ તો ચૌદમે ચઢે ગુણઠાણ, ભવિયાં ભાવશું
અંતગડ કેવલી હોવે રે હાં એ તો અક્ષર પંચ પ્રમાણ... ભવિયાં ભાવશું ૬
ચૌદ ભુવન એ લોકનાં રે હાં એ તો દેખી જાણે ભાવ, ભવિયાં ભાવશું
ચૌદ રજજવાત્મક ભેદીને રે હાં એ તો શિવસુખ તે નિત્યપાવ...
ભવિયાં ભાવશું ૭
ચૌદ લાખ મનુ યોનિના રે હાં એ તો છૂટીયે દુઃખથી જીવ, ભવિયાં ભાવશું
ઈમ જાણી ચૌદશ આદરો રે હાં એ તો દિલ કરી ભાવ અતીવ...

ભવિયાં ભાવશું ૮

ચઉદશના ગુણ સાંભળી રે હાં ધરિયે સુવિહિત બુધ, ભવિયાં ભાવશું
લબ્ધિવિજય રંગે કરી રે હાં એ તો લહિયે ઋદ્ધિ સમૃદ્ધિ...
ભવિયાં ભાવશું ૯

## પૂનમ તિથિ (ઢાળ ૧૫)

પૂનમ કહે ભવ્ય જીવને રે સાંભળો સદ્‌ગુરૂ વાણી રે
અથિર તન ધન આઉખું રે જલ બુદ્‌બુદ પરે જાણી રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૧

અસાર સંસારને પેખીને રે ધર્મ શું ધરો પ્રતિબંધ રે
બાંધવ સયણ એ જાણજો રે સ્વાર્થભૂત સંબંધ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૨

સકલ કુટુંબને પોષવા રે જે નર કરેય છે પાપ રે
તેહ તણાં ફળ દોહિલાં રે સહેશે તે એકલો આપ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૩

જિમ મૃગ તૃષ્ણાને કારણે રે ભમતો રણમાં ધાય રે
ભમે અછે એ જીવડો રે ભવોભવ દુ:ખીયો થાય રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૪

એ ધન ધરણી એ ધામને રે કોઈ ન લેઈ ગયો સાથ રે
જિહાં જઈને જીવ ઉપનો રે તિહાં સહી હોયે તેહનેં હાથ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૫

ઈમ જાણીને ધર્મ કીજીયે રે ટાળી તે વિષય વિકાર રે
દિન દિન દોલત અભિનવી રે પામીયે હર્ષ અપાર રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૬

પૂરણ જીવિતવ્ય પામીને રે આદરો પૂરણ ધર્મ રે
પૂરણ શાંત સ્વભાવથી રે પૂરણ છેદો એ કર્મ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૭

પૂરણ જન્મ-જરા થકી રે પૂરણ છૂટીયે દુ:ખ રે
પૂરણ લીલા પામીયે રે પૂરણ સુર-નર સુખ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૮

પૂરણ પન્નર સિદ્ધના રે જાણીયે પૂરણ ભેદ રે
પૂરણ પન્નર યોગના રે તે પણ ભાવ નિર્વેદ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૯

પન્નર જાતિના ભાખીયાં રે પરમાધામી જોર રે
તે પણ દુઃખ થકી છૂટીયેં રે ટાળી તે કર્મ અઘોર રે...
ભાવેં હે ભવિયણ સાંભળો ૧૦

પન્નર કર્મભૂમિ ઓળખી રે છંડો કષાય તે સોલ રે
ભવિયણ દિન દિન પામીયે રે સંપદા પુણ્ય રંગ રોલ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૧૧

જિમ શશી સોળકલા સહી રે ભાખે જિનવર વાચ રે
તિમ એ ધર્મકલા શશી રે પામીયે જગતમાં સાચ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૧૨

પૂરણ માસી એ જાણીને રે જે સહી કરશે એ પુણ્ય રે
લબ્ધિવિજય કહેતે પામશે રે દિન દિન નિજ સુખ તન્ન રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૧૩

આઠમ ચઉદસ પૂર્ણિમા રે અંગ ઉપાંગે અધિકાર રે
જિનવરે કહ્યો મહાનિશીથમાં રે બીજ પ્રમુખનો વિચાર રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૧૪

તે સવિ જાણો વ્યવહારથી રે ધર્મ ઉદ્યમ ઉપદેશ રે
નિશ્ચયમાર્ગે અપ્રમાદી જે હોવે રે તે પાળે પન્નર તિથિ વિશેષ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૧૫

એમ જાણીને ભવિ ભાવિયે રે દ્રવ્યને ભાવથી ધર્મ રે
સઘળી તિથિ આરાધતાં રે લબ્ધિ કહે સદા સુખ શર્મ રે...
ભાવે હે ભવિયણ સાંભળો ૧૬

## [X] ૨૧૫. પર્યુષણ પર્વની સજઝાયો (૧)

પર્વપજુસણ આવીયાં રે લાલ, કીજે ઘણું ધર્મધ્યાન રે ભવિકજન !
આરંભ સકળ નિવારીએ રે લાલ, જીવોને દીજે અભયદાન રે. ભ૦ ૧
સઘળા માસમાં માસ વડો રે લાલ, ભાદ્રવ માસ સુમાસ રે ભ૦

તેહમાં આઠ દિન રૂઅડા રે લાલ, કીજે સુકૃત ઉલ્લાસ રે. ભ૦ ૨
ખાંડણ પીસણ ગારના રે લાલ, નાવણ ધોવણ જેહ રે; ભ૦
એહવા આરંભને ટાળીએ રે લાલ, વાંછો સુખ અછેહ રે. ભ૦ ૩
પુસ્તક વાસી ન રાખીએ રે લાલ, ઓચ્છવ કરીએ અનેક રે; ભ૦
ધર્મ સારૂ વિત્ત વાવરો રે લાલ, હઈડે આણી વિવેક રે. ભ૦ ૪
પૂજી અર્ચીને આણીએ રે લાલ, શ્રી સદ્‌ગુરુની પાસ રે; ભ૦
ઢોલ દદામા ફેરિયા રે લાલ, માંગલિક ગાવો ગીત રે. ભ૦ ૫
શ્રીફળ સરસ સોપારીયો રે લાલ, દીજે સાહમ્મીને હાથ રે; ભ૦
લાભ અનંતા બતાવીયા રે લાલ, શ્રીમુખ ત્રિભુવનનાથ રે ભ૦ ૬
નવ વાંચના કલ્પસૂત્રની રે લાલ, સાંભળો શુદ્ધ ભાવે રે; ભ૦
સાહમ્મિવચ્છલ્લ કીજીયે રે લાલ, ભવજળ તરવા નાવ રે. ભ૦ ૭
ચિત્તે ચૈત્ય જુહારીએ રે લાલ, પૂજા સત્તર પ્રકાર રે, ભ૦
અંગપૂજા સદ્‌ગુરુ તણી રે લાલ, કીજીયે હર્ષ અપાર રે. ભ૦ ૮
જીવ અમારિ પળાવીએ રે લાલ, તેહથી શિવસુખ હોય રે; ભ૦
દાન સંવત્સરી દીજીયે રે લાલ, ઈણ સમો પર્વ ન કોઈ રે. ભ૦ ૯
કાઉસ્સગ્ગ કરીને સાંભળો રે લોલ, આગમ આપણે કાન રે; ભ૦
છઠ્ઠ અઠ્ઠમ તપસ્યા કરો રે લાલ, કીજે ઉજવલ ધ્યાન રે. ભ૦ ૧૦
ઈણવિધ પર્વ આરાધશે રે લાલ, લેશે સુખની કોડ રે; ભ૦
મુક્તિ મંદિરમાં મહાલશે રે લાલ, મતિહંસ નમે કરજોડ રે. ભ૦ ૧૧

## ૨૧૬. પર્યુષણ પર્વની સજ્ઝાયો (૨) (ઢાળ-૧૧)

### ઢાળ ૧

પર્વ પજૂસણ આવીયા આનંદ અંગે ન માય રે
ઘર ઘર ઉત્સવ અતિઘણા શ્રી સંઘ આવે ને જાય રે... પર્વ પજુસણ૦ ૧
જીવ અમારી પળાવીએ કીજીએ વ્રત પચ્ચખાણ રે
ભાવધરી ગુરૂ વંદીએ સુણીયે સૂત્ર વખાણ રે... પર્વ પજુસણ૦ ૨
આઠ દિવસ એમ પાળીએ આરંભનો પરિહારો રે
નાવણ ધોવણ ખંડણ લીંપણ પીસણ વારો રે... પર્વ પજુસણ૦ ૩
શક્તિ હોય તો પચ્ચક્‌ખીએ અઠ્ઠાઈ તપ અતિસારો રે

પરમભક્તિ પ્રીતિ લાવીને સાધુને ચાર આહારો રે... પર્વ પજુસણ૦ ૪
ગાય સોહાગણ સવિ મલી ધવલ મંગલ ગીત રે
પકવાન્ને કરી પોષીએ પારણે સાહમી મન પ્રીત રે... પર્વ પજુસણ૦ ૫
સત્તર ભેદી પૂજા રચી પૂજીએ શ્રી જિનરાય રે
આગળ ભાવના ભાવીએ પાતક મલ ધોવાય રે... પર્વ પજુસણ૦ ૬
લોચ કરાવે રે સાધુજી બેસે બેસણા માંડી રે
શિર વિલેપન કીજીએ આળસ અંગથી છંડી રે... પર્વ પજુસણ૦ ૭
ગજગતિ ચાલે ચાલતી સોહાગણ નારી તે આવે રે
કુંકુમચંદન ગહુંઅલી મોતીયે ચોક પુરાવે રે... પર્વ પજુસણ૦ ૮
રૂપામહોરેં પ્રભાવના કરીયે તવ સુખકારી રે
શ્રી ક્ષમાવિજય કવિરાયનો બુધ માણેકવિજય જયકારીરે...
પર્વ પજુસણ૦ ૯

## ઢાળ ૨ :

પહેલે દિન બહુ આદર આણી કલ્પસૂત્ર ઘર આણો
કુસુમ વસ્ત્ર કેશર શું પૂજી રાત્રી જગે લીજે લાહો રે
પ્રાણી ! કલ્પસૂત્ર આરાધો, આરાધી શિવ સુખ સાધો રે ભવિજન
પ્રાણી૦ ૧

પ્રહઉઠીને ઉપાશ્રયે આવી પૂજી ગુરૂ નવ અંગે
વાજીંત્ર વાજતાં મંગલ ગાવતાં ગહુંલી કીજે મન રંગે રે... પ્રાણી૦ ૨
મન-વચ-કાયાએ ત્રિકરણ શુદ્ધે શ્રી જિનશાસન માંહિ
સુવિહિત સાધુતણે મુખ સુણીયે ઉત્તમ સૂત્ર ઉમાંહિ રે... પ્રાણી૦ ૩
ગિરિમાંહે જેમ મેરૂ ગિરિવર મંત્રમાંહે નવકાર
વૃક્ષમાંહે કલ્પવૃક્ષ અનુપમ શાસ્ત્રમાંહે કલ્પસાર રે... પ્રાણી૦ ૪
નવમા પૂર્વનું દશાશ્રુત સ્કંધ અધ્યયન આઠમું જેહ
ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુએ ઉદ્ધર્યું કલ્પસૂત્ર એહ રે... પ્રાણી૦ ૫
પહેલે મુનિ દશ કલ્પ વખાણો ક્ષેત્ર ગુણ કહ્યાતેર
તૃતીય રસાયન સરીખું એ સૂત્ર પૂરવમાં નહિં ફેર રે... પ્રાણી૦ ૬
નવસેં ત્રાણુ વરસે વીરથી સદા કલ્પ વખાણ
ધ્રુવસેન રાજાના પુત્રની આરતિ આનંદપુર મંડાણ રે... પ્રાણી૦ ૭

અઠ્ઠમતપ મહિમા ઉપર જે નાગકેતુ દૃષ્ટાંત
એ તો પીઠિકા હવે સૂત્ર વાંચના વીરચરિત્ર સુણો સંતરે... પ્રાણી૦ ૮
જંબુદ્વીપમાં દક્ષિણ ભરતે માહણકુંડ સુઠામ
અષાડ સુદિ છટ્ઠે પ્રભુ ચવીયા સુરલોકથી અભિરામ રે... પ્રાણી૦ ૯
ઋષભદત્ત ઘરે દેવાનંદા કુખે અવતરીયા સ્વામ
ચૌદ સુપન દેખી મન હરખી પિયુ આગળ કહે તામ રે... પ્રાણી૦ ૧૦
સુપન અર્થ કહ્યો સુત હોશે એહવે ઈંદ્ર આલોચે
બ્રાહ્મણ ઘર અવતરીયા દેખી બેઠા સુરપતિ શોચે રે... પ્રાણી૦ ૧૧
ઈંદ્રે સ્તવી તિહાં ઉલટ આણી પૂરણ પ્રથમ વખાણ
મેઘકુમાર કથાથી સાંજે કહે બુધમાણેક જાણ રે... પ્રાણી૦ ૧૨

## ઢાળ ૩ :

ઈંદ્રવિચારે ચિત્તમાંજી એ તો અચરિજ વાત
નીચકુલે ન આવે કદાજી ઉત્તમ પુરૂષ અવદાત
સુગુણનર ! જુઓ જુઓ કર્મપ્રધાન કર્મસબલ બલવાન... સુગુણનર૦ ૧
આવે તો જન્મે નહીંજી જિનચક્રી હરિ રામ
ઉગ્ર ભોગ-રાજન કુલેંજી આવે ઉત્તમ ઠામ... સુગુણનર૦ ૨
કાલ અનંતે ઉપનાજી દશ અચ્છેરાં રે હોય
તિણે અચ્છેરૂં એ થયુંજી ગર્ભહરણ દશમાંય... સુગુણનર૦ ૩
અથવા પ્રભુ સત્યાવીસમાંજી ત્રીજા ભવમાં રે જન્મ
મરીચિભવે કુલમદ કીયોજી તેથી બાંધ્યું નીચકર્મ... સુગુણનર૦ ૪
ગોત્રકર્મ ઉદયે કરીજી માહણ કુલે ઉવવાય
ઉત્તમ કુલ જે અવતરેજી ઈંદ્રજીત થાય... સુગુણનર૦ ૫
હરિણગમેષી તેડીને જી હરિ કહે એહ વિચાર
વિપ્રકુલેથી લઈ પ્રભુજી ક્ષત્રિય કુલે અવતાર... સુગુણનર૦ ૬
રાય સિદ્ધારથ ઘર ભલીજી રાણી ત્રિશલાદેવી
તાસ કુખે અવતારીયાજી હરિ સેવક તતખેવ... સુગુણનર૦ ૭
ગજ વૃષભાદિક સુંદરૂજી ચૌદ સુપન તિણવાર
દેખી રાણી જેહવાંજી વર્ણવ્યાં સૂત્રે સાર... સુગુણનર૦ ૮
વર્ણન ચાર સુપન તણુંજી મૂકી બીજું વખાણ

શ્રી ક્ષમાવિજય ગુરૂતણોજી કહે માણેક ગુણ ખાણ... સુગુણનર૦ ૯

### ઢાળ ૪ :

દેખી સુપન તવ જાગી રાણી એ તો હિયડે હેત જ આણી રે
પ્રભુઅર્થ પ્રકાશે
ઉઠીને પિયુપાસે તે આવે કોમલ વચને જગાવે રે... પ્રભુઅર્થ પ્રકાશે ૧

કરજોડીને સુપન સુણાવે ભૂપતિને મન ભાવે રે; પ્રભુઅર્થ પ્રકાશે
કહે રાજા સુણ પ્રાણ પિયારી તુમ પુત્ર હોશે સુખકારી રે... પ્રભુઅર્થ પ્રકાશે ૨

જાઓ સુભગે સુખ શય્યાએ શયન કરીને સજ્ઝાયે રે, પ્રભુઅર્થ પ્રકાશે
નિજ ઘર આલી રાત્રી વિહાઈ ધર્મકથા કહે બાઈ રે... પ્રભુઅર્થ પ્રકાશે ૩

પ્રાત:સમય થયો સૂરજ ઉગ્યો ઉઠ્યો રાય ઉમાહ્યો રે, પ્રભુઅર્થ પ્રકાશે
કૌટુંબિક નર વેગે બોલાવે સુપન પાઠક તેડાવે રે... પ્રભુઅર્થ પ્રકાશે ૪

આવ્યા પાઠક આદરપાવે સુપન અર્થ સમજાવે રે... દ્વિજઅર્થ પ્રકાશે
જિનવર ચક્રીજનની પેખે ચૌદ સુપન સુવિશેષે રે... દ્વિજઅર્થ પ્રકાશે ૫

વસુદેવની માતા સાત ચાર બલદેવની માત રે, દ્વિજઅર્થ પ્રકાશે
તે માટે જિન ચક્રી સારો હોશે પુત્ર તુમારો રે... દ્વિજઅર્થ પ્રકાશે ૬

સુપનવિચાર સુણી પાઠકને સંતોષે નૃપ બહુ દાને રે, દ્વિજઅર્થ પ્રકાશે
સુપન પાઠક ઘેર બોલાવી નૃપ રાણી પાસે આવી રે... દ્વિજઅર્થ પ્રકાશે ૭

સુપન અર્થ કહ્યા સંખેવે સુખ પામી પ્રિયા તતખેવે રે, દ્વિજઅર્થ પ્રકાશે
ગર્ભ પોષણ કરે હવે હરખે રાણીઅંગ આનંદ વરસેરે...
દ્વિજઅર્થ પ્રકાશે ૮

પંચ વિષય સુખ રંગે વિલસે અબ પુણ્ય મનોરથ ફળશે રે, દ્વિજઅર્થ પ્રકાશે
એટલે પુરૂં ત્રીજું વખાણ કરે માણેક જિનગુણ ગાન રે... દ્વિજઅર્થ પ્રકાશે ૯

### ઢાળ ૫ :

ધનદ તણે આદેશથી રે મનમોહના તિર્યગ જાંભક દેવ રે જગસોહના
રાયસિદ્ધારથને ઘરે રે મનમોહના વૃષ્ટિ કરે નિત્યમેવ રે જગસોહના ૧

કનકરયણમણિ રૌપ્યની રે મનમોહના ધન કણ ભૂષણ પાન રે જગસોહના

વરસાવે ફળ ફુલની રે મનમોહના નૂતન વસ્ત્રનિધાન રે જગસોહના ૨

વાધે દોલત દિન પ્રત્યે રે મનમોહના તેણે વર્ધમાન હેત રે જગસોહના
દેશું નામ જ તેહનું રે મનમોહના માતા-પિતા સંકેત રે જગસોહના ૩

માતાની ભક્તિ કરી રે મનમોહના નિશ્ચલ રહ્યા પ્રભુ તામ રે જગસોહના
માતા અરતિ ઉપની રે મનમોહના શું થયું ગર્ભને આમ રે જગસોહના ૪

ચિંતાતુર સહુ દેખીને રે મનમોહના પ્રભુ હાલ્યા તેણી વાર રે જગસોહના
હર્ષ થયો સહુ લોકને રે મનમોહના આનંદમય અપાર રે જગસોહના ૫

ઉત્તમ દોહલા ઉપજે રે મનમોહના દેવપૂજાદિક ભાવ રે જગસોહના
પૂરણ થાય તે સહુ રે મનમોહના પૂરવ પુણ્ય પ્રભાવ રે જગસોહના ૬

નવ માસ પૂરા ઉપરે મનમોહના દિવસ સાડા સાત રે જગસોહના
ઉચ્ચસ્થાને ગ્રહ આવતાં રે મનમોહના વાયે અનુકુલ વાત રે જગસોહના ૭

વસંતઋતુ વન મોરીયા રે મનમોહના જનમનહર્ષ ન માય રે જગસોહના
ચૈત્ર માસ સુદિ તેરસે રે મનમોહના જિન જન્મ્યા આધીરાત રે જગસોહના ૮

અજુઆલું ત્રિહું જગ થયું રે મનમોહના વર્ત્યો જય-જયકાર રે જગસોહના
ચોથું વખાણ પૂરણ ઈહાં રે મનમોહના બુધ માણેકવિજય હિતકાર રે
જગસોહના ૯

## ઢાળ ૬ :

જિનનો જન્મ મહોત્સવ પહેલો રે છપ્પન દિશિકુમરી વહેલો રે
ચોસઠ ઈંદ્ર મળી પછેં ભાવે રે જિનને મેરૂશિખર લઈ જાવે રે... ૧
ક્ષીરસમુદ્રનાં નીર અણાવી રે કનક-રજત-મણિ કુંભ રચાવી રે
એક કોટિ સાઠ લાખ ભરાવે રે એહવે ઈંદ્રને સંદેહ આવે રે... ૨
જલધારા કેમ ખમશે બાળ રે તવ પ્રભુ હરિનો સંશય ટાળ રે
અંગુઠે કરી મેરૂ હલાવે રે હરિ ખામીને જિન ન્હવરાવે રે... ૩
બાવના ચંદન અંગે લગાવે રે પૂજી પ્રણમી ઘરે પધરાવે રે
સબલવિધાની સિદ્ધારથ રાજા રે દશ દિન ઉત્સવ કરી તાજા રે... ૪
કુંકુમ હાથા દિયે ઘર બારે રે વાજા વાગે વિવિધ પ્રકારે રે
ધવલ મંગલ ગોરી ગાવે રે સ્વજન કુટુંબ તે આનંદ પાવે રે... ૫

પકવાન્નશું પોષી નાતરે નામ ધર્યું વર્ધમાન વિખ્યાત રે
ચંદ્રકલા જિમવાધે વીર રે આઠ વરસના થયા વડ વીર રે... ૬
દેવસભામાં ઈંદ્ર વખાણે રે મિથ્યાદૃષ્ટિ સુર નવિ માને રે
સાપનું રૂપ કરી વિકરાળ રે આવ્યો દેવ બીવરાવવા બાળ રે... ૭
નાખ્યો વીરે હાથેં સારી રે બાલક રૂપ કરી સુર ત્યાંહી રે
વીરની સાથે આવ્યો રમવા રે જાણી હાર્યો સુર તે બલમાં રે... ૮
નિજ ખંધોલે વીરને ચડાવે રે સાત-તાડ પ્રમાણ તે થાવે રે
વીરે માર્યો મુષ્ટિપ્રહાર રે બીનો સુર તે કર્યો પોકાર રે... ૯
દેવખમાવી કહે સુણ ધીર રે જગમાં મોટો તું મહાવીર રે
માતપિતા હવે મુહૂર્ત વારૂ રે સુતને મ્હેલે ભણવા સારૂ રે... ૧૦
આવી ઈંદ્ર તે પૂછવા લાગ્યો રે વીરે સંશય સઘળો ભાંગ્યો રે
જૈનવ્યાકરણ તિહાં હોવે રે પંડિત ઊભા આગળ જોવે રે... ૧૧
શ્રુતઅવધિજ્ઞાને પૂરા રે સંયમ ક્ષમા તપેં શૂરા રે
અતિ આગ્રહથી પરણ્યા નારી રે સુખ ભોગવે તેહશું સંસારી રે... ૧૨
નંદિવર્ધન ભાઈ વડેરો રે બ્હેની સુંદસણા બહુ સુખદાયી રે
સુરલોકે પહોંતા માયને તાય રે પૂર્ણ અભિગ્રહ વીરનો થાય રે... ૧૩
દેવ લોકાંતિક સમય જણાવે રે દાન સંવત્સરી દેવા મંડાવે રે
માગશિર વદિ દશમી વ્રત લીનો રે તીવ્ર ભાવથી લોચ તવ કીનો રે... ૧૪
દેશવિદેશે કરે વિહાર રે સહે ઉપસર્ગ જે સબલ ઉદાર રે
પાંચમું વ્યાખ્યાન પુરૂં આંહી રે પભણે માણેક વિબુધ ઉમાંહી રે... ૧૫

## ઢાળ ૭ :

ચારિત્ર લેતા ખંધે મૂકયું દેવદૂષ્ય સુરનાથેજી
તેહનું અર્ધું પ્રભુજીએ આપ્યું બ્રાહ્મણને નિજહાથેજી... ૧
વિહાર કરતાં કાંટે વળગ્યું બીજું અર્ધ તે ચેલજી
તેરમાસ સચેલક રહીયા પછે કહીયે અચેલજી... ૨
પન્નર દિવસ રહી તાપસ આશ્રમેં સ્વામી પ્રથમ ચોમાસેજી
અસ્થિ ગ્રામે પહોંતા જગગુરૂ શૂલપાણીની પાસેજી... ૩
કષ્ટ સ્વભાવ વ્યંતર તેણે કીધાં ઉપસર્ગ અતિ ઘોરજી
સહી પરિષહ તે પ્રતિબોધી મારી નિવારી જોરજી... ૪

મોરાક થાટે કાઉસગ્ગ પ્રભુજી તાપસ તિહાં કર ભેદીજી
અહચ્છંદકનું માન ઉતાર્યું ઈંદ્રે આંગુલી છેદીજી... ૫
કનક બળે ચંદ્ર કૌશિક વિષ ધર પરમેશ્વરે પડિબોહ્યોજી
ધવલ રૂધિર દેખી જિન દેહે જાતિસમરણ સોહ્યોજી... ૬
સિંહ દેવજીએ કીયો પરીષહ ગંગાનદી ઉતારેજી
નાવને મજજન કરતો દેખી કંબલ-સંબલ નિવારેજી... ૭
ધર્માચાર્ય નામે મંખલી પુત્રે પરિઘવ જવાલાજી
તેજોલેશ્યા મૂકી પ્રભુને તેહને જીવિતદાન આલ્યાંજી... ૮
વાસુદેવભવે પૂતના રાણી વ્યંતરી તાપસ રૂપેજી
જટાભરી જલ છાંટે પ્રભુને તોપણ ધ્યાન સ્વરૂપેજી... ૯
ઈંદ્રપ્રશંસા અણમાનતે સંગમે સુરે બહુ દુઃખ દીધાંજી
એક રાત્રીમાં વીસ ઉપસર્ગ કઠોર-તિઠોર તેણે કીધાંજી... ૧૦
છ માસવાડા પુંઠે પડીયો આહાર અસુઝતો કરતોજી
નિશ્ચલ ધ્યાન નિહાળી પ્રભુનું નાઠો કર્મથી ડરતોજી... ૧૧
હજી કર્મ અઘોર તે જાણી મને અભિગ્રહ ધારેજી
ચંદનબાલા અડદને બાકુળે ષટ્માસી તપ પારે જી... ૧૨
પૂરવભવ વૈરી ગોવાળે કાને ખીલા કોહ્યાજી
ખરક વૈદ્યે તે ખેંચી કાઢ્યા ઈણ પેરે સહુ કર્મ રોકયાંજી... ૧૩
બારવર્ષ સહેતાં ઈમ પરિષહ વૈશાખ સુદિ દિન દશમીજી
કેવલજ્ઞાન ઉપન્યું પ્રભુને વારી ચિહું ગતિ વિષમીજી... ૧૪
સમોસરણ તિહાં દેવે રચીયું બેઠા ત્રિભુવન ઈશજી
શોભતા અતિશય ચોત્રીસેં વાણી ગુણ પાંત્રીસજી... ૧૫
ગૌતમ પ્રમુખ એકાદશ ગણધર ચૌદસહસ મુનિરાયજી
સાધવી છત્રીસ સહસ અનોપમ દીઠે દુર્ગતિ જાયજી... ૧૬
એક લાખ તે સહસ ઓગણ સાઈઠ શ્રાવક સમકિત ધારીજી
ત્રણ લાખ ને સહસ અઢારસેં શ્રાવિકા સોહે સારીજી... ૧૭
સ્વામી ચઉવિહ સંઘ અનુક્રમે પાવાપુરી પાઉધારેજી
કાર્તિક વદિ અમાવાસ્યા દિવસે પહોંતા મુક્તિ મઝારે જી... ૧૮
પર્વ દિવાળી તિહાંથી પ્રગટ્યું કીધો દીપ ઉદ્યોતજી

રાય મળીને તિણે પ્રભાતે ગૌતમ કેવલ હોતજી... ૧૯
તે શ્રી ગૌતમ નાપ જપંતાં હોવે મંગલ માળજી
વીર મુગતે ગયાથી નવસેં એંસી ત્રાણું વરસે સિદ્ધાંતજી... ૨૦
ચરમ જિણેસર તવ એ ચરિત્રે, મૂકયું છઠ્ઠું વખાણજી,
ક્ષમાવિજય શિષ્ય બુધ માણેક કહે સાંભળો શ્રોતા સુજાણજી... ૨૧

## ઢાળ ૮ :

કાશી દેશ બનારસી સુખકારી રે અશ્વસેન રાજન, પ્રભુ ઉપકારી રે
પટરાણી વામાસતી સુખકારી રે રૂપે રંભા સમાન...
પ્રભુ ઉપકારી રે ૧
ચૌદ સુપન સૂચિત ભલાં સુખકારી રે જન્મ્યા પાર્શ્વકુમાર પ્રભુ ઉપકારી રે
પોષ વદિ દશમી દિને સુખકારી રે સુર કરે ઉત્સવ સાર... પ્રભુ ઉપકારી રે ૨
દેહમાન નવ હાથનું સુખકારી રે નીલવરણ મનોહાર પ્રભુ ઉપકારી રે
અનુક્રમે જોબન પામીયા સુખકારી રે પરણ્યા પ્રભાવતી નાર...
પ્રભુ ઉપકારી રે ૩
કમઠતણો મદ ગાળીયો સુખકારી રે કાઢ્યો જલતો નાગ પ્રભુ ઉપકારી રે
નવકાર સુણાવી તે કીયો સુખકારી રે ધરણ રાય મહા ભાગ...
પ્રભુ ઉપકારી રે ૪
પોષવદિ એકાદશી સુખકારી રે વ્રત લેઈ વિચરે સ્વામ પ્રભુ ઉપકારી રે
વડ તળે કાઉસ્સગ્ગે રહ્યા સુખકારી રે મેઘમાળી સુર તામ...
પ્રભુ ઉપકારી રે ૫
કરે ઉપસર્ગ જલ વૃષ્ટિનો સુખકારી રે આવ્યું નાસિકા નીર પ્રભુ ઉપકારી રે
ચૂક્યા નહિં પ્રભુધ્યાનથી સુખકારી રે સમરથ સાહસ ધીર...
પ્રભુ ઉપકારી રે ૬
ચૈત્ર વદિ ચોથને દિને સુખકારી રે પામ્યા કેવલ નાણ પ્રભુ ઉપકારી રે
ચઉવિહ સંઘ થાપી કરી સુખકારી રે આવ્યા સમેત ગિરિ ઠાણ..
પ્રભુ ઉપકારી રે ૭
પાળી આયુ સો વર્ષનું સુખકારી રે પહોંત્યા મુક્તિ મહંત પ્રભુ ઉપકારી રે
શ્રાવણ સુદિ દિન અષ્ટમી સુખકારી રે કીધો કર્મનો અંત...
પ્રભુ ઉપકારી રે ૮

પાસ-વીરને આંતરૂ સુખકારી રે વર્ષ અઢીસેં જાણ પ્રભુ ઉપકારી રે
કહે માણેક જિનદાસને સુખકારી રે કીજે કોડીં કલ્યાણ...
પ્રભુ ઉપકારી રે ૯

### ઢાળ ૯ :

શૌરીપુર સમુદ્રવિજય ઘરે શિવાદેવી કુખે સારો રે
કાર્તિક વદિ બારસ દિને અવતર્યા નેમ કુમારો રે, જ્યો જ્યો જિન બાવીસમો
ચૌદ સ્વપ્ન રાણીયે પેખીયાં કરવો સ્વપ્નતણો વિચાર રે
શ્રાવણ સુદિ દિન પંચમી પ્રભુ જન્મ હુઓ જયકાર રે... જ્યો૦ ૨
સુરગિરિ ઉત્સવસુર કરે જિન ચંદ્રકલા જિમ વાધે રે
એક દિન રમતાં રંગમાં હરિ આયુધ સઘળાં સાધે રે... જ્યો૦ ૩
ખબર સુણી હરિ શંકિયા પ્રભુ લઘુવય થકી બ્રહ્મચારી રે
બળવંત જાણી જિનને વિવાહ મનાવે મુરારી રે... જ્યો૦ ૪
જાન લેઈ જાદવ આગ્રહે જિન આવ્યા તોરણ બાર રે
ઉગ્રસેન ઘર આંગણે તવ સુણીયો પશુ પોકાર રે... જ્યો૦ ૫
કરૂણાનિધિએ રથ ફેરવ્યો નવિ માન્યો કહેણ કેહનો રે
રાજુલને ખટકે ઘણું નવ ભવનો સ્નેહ છે જેહનો રે... જ્યો૦ ૬
દાન દેઈ સંયમ લીયો શ્રાવણ છઠ અજુઆળી રે
ચોપન દિન છદ્મસ્થે રહી લહ્યું કેવલ કર્મને ગાળી રે... જ્યો૦ ૭
આસો વદિ અમાવાસ્યાએ દે દેશના પ્રભુજી સારી રે
પ્રતિબોધ પામી વ્રત લીયો રહનેમ રાજુલનારી રે... જ્યો૦ ૮
આષાઢ સુદિ દિન અષ્ટમી પ્રભુ પામ્યા પદ નિર્વાણો રે
રૈવત ગિરિવર ઉપરે મધ્યરાત્રિયે તે મન આણોરે... જ્યો૦ ૯
શ્રી પાર્શ્વનાથ થયા પહેલાં ક્યારે નેમ થયા નિરધારો રે
સાડા સાતસે બ્યાસી હજાર વર્ષે ચિતમાંહે ચતુર વિચારો રે...
જ્યો૦ ૧૦
સહુકો જિનનાં આંતરાં મન દેઈ મુનિવર વાંચે રે
ઈહાં પૂરણ વ્યાખ્યાન સાતમું સુણી પુણ્ય ભંડારને સાંચે રે... જ્યો૦ ૧૧

## ઢાળ ૧૦ :

ઈક્ષ્વાકુભૂમે નાભિ કુલકર ઘરેજી સોહે મરૂદેવી તસ નાર રે
અષાડવદિ ચોથે સુરલોકથી ચવીજી અવતરિયા જગ સુખકાર રે
પ્રણમો ભવિજન ! આદિ જિણેસરૂ રે... ૧
ગજ વૃષભાદિક ચૌદ સુહણાંજી દીઠાં માડીયે માઝમ રાત રે
સુપન અર્થ કહે નાભિ કુલકરૂંજી હોશે નંદન વીર વિખ્યાત રે...
પ્રણમો ૨
ચૈત્ર અંધારી આઠમે જનમીયાજી સુર મળી ઉત્સવ સુરગિરિ કીદ રે
દીઠો વૃષભ તે પહેલે સુપનેજી તેણે કરી નામ ઋષભ તે દીધ રે...
પ્રણમો ૩
વાધે ઋષભજી કલ્પવેલી જયું રે દર્શન દીઠે સકલ સમૃદ્ધિ રે
બાળક રૂપ કરીને દેવતાજી ખેલે જિન સાથે હિતવૃદ્ધિ રે...
પ્રણમો ૪
કુમરી સુનંદા બીજી સુમંગલાજી જિનને પરણાવી હરિ આય રે
થાપી અયોધ્યા નગરી વસાવીને રે થાપી રાજનીતિ તિણ ઠાય રે...
પ્રણમો ૫
રીતિ પ્રકાશી સઘળી વિશ્વની રે કિયો અસી મષી કષી વ્યવહાર રે...
એકસો વીસ અને નરનારી કળા રે પ્રભુજી યુગલા ધર્મ નિવાર રે...
પ્રણમો ૬
ભરતાદિક શતપુત્ર સોહામણાં રે બેટી બ્રાહ્મી સુંદરી સાર રે
લાખવ્યાસી પૂરવ ગૃહિપણે રે ભોગવી ભોગ ભલા મનોહાર રે...
પ્રણમો ૭
દેવ લોકાંતિક સમય જણાવીયો રે કે જિનને દીક્ષાનો વ્યવહાર રે
એક કોટી આઠ લાખ સોવન દિન પ્રત્યે રે દેઈ વરસીદાન ઉદાર રે...
પ્રણમો ૮
ચૈત્ર અંધારી આઠમે આદર્યો રે સંયમ મુષ્ટિયે કરી લોચ રે
શ્રેયાંસ કુમર ઘરે વરસી પારણુંજી કીધું ઈક્ષુ રસે ચિત્ત સાચ રે...
પ્રણમો ૯
સહસ્ર વર્ષ લગેં છદ્મસ્થપણે રહાયાંજી પછી પામ્યા કેવલ જ્ઞાન રે

ફાગુણ અંધારી અગ્યારસ દિનેજી સુર કરે સમવસરણ મંડાણ રે...
પ્રણમો ૧૦

ત્યાં બેસી પ્રભુ ધર્મ દેશના રે સન્મુખ બેસી સુણે પર્ષદા બાર રે
પ્રતિબોધાણા કેઈ વ્રત ગ્રહેજી કેઈ શ્રાવકના વ્રત બાર રે...
પ્રણમો ૧૧

થાપ્યાં ચોરાશી ગણધર ગુણનીલાજી મુનિવર માન ચોરાસી હજાર રે
સાધવી ત્રણ લાખ શ્રાવક એટલાજી ઉપર પાંચ સહસ અવધાર રે...
પ્રણમો ૧૨

પાંચ લાખ ચોપન હજાર શ્રાવિકાજી થાપી ચઉવિહ સંઘ સુજાણ રે
મહાવદિ તેરસે મુકતે પધારિયાજી બુધ માણેક નમે સુવિહાણ રે...
પ્રણમો ૧૩

## ઢાળ ૧૧ :

સંવત્સરી દિન સાંભળો એ બારસા સૂત્ર સુજાણ, સફલદિન આજનો એ
શ્રીફળની પ્રભાવના એ રૂપા નાણું જાણ... સફલદિન આજનો એ ૧
સામાચારી ચિત્ત ધરો એ સાધુતણો આચાર સફલદિન આજનો એ
વડા લહુડાઈ ખામણા એ ખામો સહુ નર-નાર... સફલદિન આજનો એ ૨
રીસવસે મન રૂસણાં એ રાખીને ખમાવે જેહ સફલદિન આજનો એ
કોહ્યું પાન જિમ કાઢવું એ સંઘ બાહિર સહિ તેહ... સફલદિન આજનો એ ૩
ગલિત વૃષભ વધકારકું એ નિર્દય જાણી વિપ્ર સફલદિન આજનો એ
પંક્તિ બાહિર તે કહ્યો એ જિમ મહા સ્થાને ક્ષિપ્ર... સફલદિન આજનો એ ૪
ચંદનબાલા મૃગાવતી એ જેમ ખમાવ્યું તેમ સફલદિન આજનો એ
ચંડપ્રદ્યોતન રાયને એ ઉદાયન ખમાવ્યું જેમ... સફલદિન આજનો એ ૫
કુંભકાર શિષ્યની પરે એ તિમ ન ખમાવો જેમ સફલદિન આજનો એ
બારબોલે પટ્ટાવલી એ સુણતાં વાધે પ્રેમ... સફલદિન આજનો એ ૬
પડિકમણું સંવત્સરી એ કરીયે સ્થિર કરી ચિત્ત સફલદિન આજનો એ
દાન સંવત્સરી દેઈને એ લીજે લાહો વિત્ત... સફલદિન આજનો એ ૭
ચઉવિહ સંઘ સંતોષીયે એ ભક્તિ કરી ભલી ભાત સફલદિન આજનો એ
ઈણી પરે પર્વ પજૂષણા એ ખરચો લક્ષ્મી અનંત... સફલદિન આજનો એ ૮
જિનવર પૂજા રચાવીએ એ ભક્તિ મુક્તિ સુખદાય સફલદિન આજનો એ

ક્ષમાવિજય પંડિત તણો એ બુધ માણેકવિજય મન ભાય...
સફલદિન આજનો એ ૯

## ૨૧૭. પાંચમની સજ્ઝાયો (૧)

સદ્‌ગુરૂ ચરણ પસાઉલે રે લાલ પંચમીનો મહિમાય રે હો આતમ
વિવરીને કહિશું સુણો રે લાલ સુણતાં પાતક જાય રે હો આતમ
પંચમી તપ પ્રેમે કરો રે લાલ... ૧

મન શુદ્ધે આરાધતાં રે લાલ તૂટે કર્મ નિદાન રે હો આતમ
ઈહ ભવ સુખ પામે ઘણાં રે લાલ પરભવ અમર વિમાન રે હો આતમ
પંચમી તપ પ્રેમે કરો રે લાલ... ૨

સયલ સુત્ર રચના કરી રે લાલ ગણધર હુઆ વિખ્યાતરે હો આતમ
જ્ઞાને કરીને જાણતાં રે લાલ સ્વર્ગ-નરકની વાત રે હો આતમ
પંચમી તપ પ્રેમે કરો રે લાલ... ૩

ગુરૂ જ્ઞાને કરી દીપતા રે લાલ તે તરીયા સંસાર રે હો આતમ
જ્ઞાનવંતને સહુ નમે રે લાલ ઉતારે ભવપાર રે હો આતમ
પંચમી તપ પ્રેમે કરો રે લાલ... ૪

અજુઆળી પક્ષ પંચમી રે લાલ કરો ઉપવાસ જગીશ રે હો આતમ
નમો નાણસ્સ ગુણણું ગણો રે લાલ નવકારવાળી વીશ રે હો આતમ
પંચમી તપ પ્રેમે કરો રે લાલ... ૫

પંચ વરસ એમ કીજીયે રે લાલ ઉપરવળી પંચ માસ રે હો આતમ
શક્તિ અનુસારે ઉજવો રે લાલ જેમ હોય મનને ઉલ્લાસ રે હો આતમ
પંચમી તપ પ્રેમે કરો રે લાલ... ૬

વરદત્ત ને ગુણમંજરી રે લાલ તપથી નિર્મલ થાય રે હો આતમ
કીર્તિવિજય ઉવજ્ઝાયનો રે લાલ કાંતિવિજય ગુણ ગાય રે...
પંચમી તપ પ્રેમે કરો રે લાલ... ૭

## ૨૧૮. પાંચમની સજ્ઝાયો (૨) (ઢાળ-૫)

### ઢાળ ૧ :

શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર વયણથી રે રૂપ કુંભ કંચન મુનિ દોય

રોહિણી મંદિર સુંદર આવીયા રે નમી ભવ પૂછે દંપતિ સોય
ચઉનાણી વયણે દંપતિ મોહિયા રે... ૧
રાજા રાણી નિજ સુત આઠનો રે તપફલ નિજભવ ધારી સંબંધ
વિનય કરી પૂછે મહારાજને રે ચાર સુતાના ભવ પ્રબંધ... ચઉનાણી૦ ૨
રૂપમતી શીલવતી ને ગુણવતી રે સરસ્વતી જ્ઞાન કલા ભંડાર
જનમથી રોગ સોગ દીઠો નથી રે કુણ પુણ્યે લીધો એ અવતાર...
ચઉનાણી૦ ૩

## ઢાળ ૨ :

ગુરૂ કહે વૈતાઢ્ય ગિરિવરે રે પુત્રી વિદ્યાધરી ચાર
નિજ આયુ જ્ઞાનીને પૂછીયું રે કરવા સફલ અવતાર,
અવદારો અમ વિનતિ રે... ૧
ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથી રે એક દિવસ તુમ આય
અલ્પકાળ જાણી કરી રે મનમાં વિમાસણ થાય... અવ૦ ૨
થોડામાં કાર્ય ધરમના રે કેમ કરીયે મુનિરાજ
ગુરૂ કહે યોગ અસંખ્ય છે રે જ્ઞાનપંચમી તુમ કાજ... અવ૦ ૩
ક્ષણ આરાધે સવિ અઘ ટળે રે શુભ પરિણામે સાધ
કલ્યાણક નેવુ જિન તણાં રે પંચમી દિવસે આરાધ... અવ૦ ૪

## ઢાળ ૩ :

ચૈત્ર વદિ પાંચમ દિને, સુણો પ્રાણીજી રે
ચવીયા ચંદ્રપ્રભુ સ્વામ લહી સુખ ઠામ, સુણો પ્રાણીજી રે
અજીત સંભવ અનંતજી સુણો પ્રાણીજી રે
સુદિ પંચમી શિવધામ શુભપરિણામ... સુણો પ્રાણીજી રે ૧

વૈશાખવદિ પંચમી દિને સુણો પ્રાણીજી રે
સંયમ લીયે કુંથુનાથ બહુ નર સાથ સુણો પ્રાણીજી રે
જેઠ સુદિ પંચમી વાસરે સુણો પ્રાણીજી રે
મુક્તિ પામ્યા ધર્મનાથ શિવપુર સાથ... સુણો પ્રાણીજી રે ૨

શ્રાવણ સુદિ પંચમી દિને સુણો પ્રાણીજી રે
જન્મ્યા નેમિ સુરંગ અતિ ઉછરંગ સુણો પ્રાણીજી રે

માગસર વદિ પંચમી દિને સુણો પ્રાણીજી રે
સુવિધિ જન્મ સુખ સંગ પુણ્ય અભંગ... સુણો પ્રાણીજી રે ૩

કાર્તિક વદિ પંચમી દિને સુણો પ્રાણીજી રે
સંભવ કેવલજ્ઞાન કરો બહુમાન સુણો પ્રાણીજી રે
દશ ક્ષેત્રે નેવુ જિનતણા સુણો પ્રાણીજી રે
પંચમી દિનના કલ્યાણ સુખના નિધાન... સુણો પ્રાણીજી રે ૪

## ઢાળ ૪ :

હાંરે મારે-જ્ઞાની ગુરૂના વયણ સુણી હિતકાર જો
ચાર વિદ્યાધરી પંચમી વિધિશું આચરે રે લોલ
હાંરે મારે શાસન દેવને પંચ જ્ઞાન મનોહાર જો
ટાળી રે આશાતના દેવવંદન કરે રે લોલ... હાંરે૦ ૧
હાંરે મારે તપપૂરણથી ઉજમણાનો ભાવ જો
એહવે વિદ્યુતયોગે સુરપદવી વર્યા રે લોલ
હાંરે મારે ધર્મ મનોરથ આળસ તજતાં હોય જો
ધન્ય તે આતમ અવિલંબે કારજ સર્યા રે લોલ... હાંરે૦ ૨
હાંરે મારે દેવથકી તુમકુખે લીયો અવતાર જો
સાંભળી રોહિણી જ્ઞાન આરાધન ફળ ઘણાં રે લોલ
હાંરે મારે ચારે ચતુરા વિનય વિવેક વિચાર જો
ગુણ કેટલા આલેખીએ તુમ પુત્રી તણાં રે લોલ... હાંરે૦ ૩

## ઢાળ ૫ :

જ્ઞાનીના વયણથી ચારે બેની જાતિસમરણ પામી રે, જ્ઞાની ગુણવંતા
ત્રીજા ભવમાંહે ધારણા કીધી સિધ્યાં મનના કામો રે જ્ઞાની ગુણવંતા ૧
શ્રી જિનમંદિર પાંચ મનોહર પંચવર્ણી જિન પ્રતિમા રે જ્ઞાની ગુણવંતા
જિનવર આગમને અનુસારે કરે ઉજમણાનો મહિમા રે જ્ઞાની ગુણવંતા ૨
પંચમી તિથિ આરાધતાં પંચમ કેવલ નાણી તે થાય રે જ્ઞાની ગુણવંતા
વિજયલક્ષ્મીસૂરિ અનુભવ નાણે સંઘસકલ સુખદાય રે... જ્ઞાની ગુણવંતા ૩

## ૨૧૯. સિદ્ધચક્ર (ઓળી)ની સજ્ઝાયો (ઢાળ-૩) (૧)

### ઢાળ ૧ :

દેશ મનોહર માલવો, નિરૂપમ નયરી ઉજ્જેણ લલના;
રાજ કરે તિહાં રાજીયો, પ્રજાપાલ ભૂપાલ લલના શ્રી સિદ્ધચક્ર આરાધીયે...
તસ અંગજ બે બાલિકા, મયણા જગ વિખ્યાત લલના;
જિન મતિ પાસે વિદ્યા ભણી, ચોસઠ કળા વિશાળ લલના... શ્રી૦ ૨
સાતસે કોઢીનો અધિપતિ, શ્રી શ્રીપાલ નરિંદ લલના;
પરણાવી મયણા તેહને, કોડીશું ધરતી નેહ લલના... શ્રી૦ ૩
પિયુ ચાલો દેવ જુહારીયે, ઋષભ જિણંદ ઈષ્ટ દેવ લલના;
પૂજી પ્રણમી આવીયા, ગુરૂ પાસે સસનેહ લલના... શ્રી૦ ૪
કહે મયણા સુણો પૂજ્યજી, તુમ શ્રાવકનો રોગ લલના;
કવણ કર્મ સંયોગથી, કેમ થશે એ નિરોગ લલના... શ્રી૦ પં
ગુરૂ કહે વત્સ સાંભળો, નહીં અમ અવર આચાર લલના;
સિદ્ધચક્ર યંત્ર જોઈને, કરશું તુમ ઉપકાર લલના... શ્રી૦ ૬
આસો સુદી સાતમ દિને, કીજે ઓળી ઉદાર લલના;
પાંચે ઈંદ્રિયો વશ કરો, કેવલ ભૂમિ સંથાર લલના... શ્રી૦ ૭
પડિક્કમણાં દો ટંકનાં, દેવવંદન ત્રણ કાલ લલના;
વિધિશું જીનવર પૂજીયે, ગણણું તેરહજાર લલના... શ્રી૦ ૮
એમ નવદિન આયંબીલ કરે, મયણા ને શ્રીપાલ લલના;
પંચામૃત ન્હવણે કરી, નવરાવે ભરથાર લલના... શ્રી૦ ૯
શ્રી સિદ્ધચક્ર સેવા ફળી, પામ્યા સુખ શ્રીપાલ લલના;
પૂરવ પુણ્ય પસાયથી, મુક્તિ લહે વરમાળ લલના... શ્રી૦ ૧૦

### ઢાળ ૨ :

સદ્‌ગુરૂ વયણે તપ કરે રે લાલ, નારી અને ભરથાર રે, ચતુરનર;
ભક્તિ યુક્તિ ઘણી સાચવે રે લાલ રહે સ્વામિ આવાસ રે... ચતુરનર૦ ૧
શ્રી અરિહંત પહેલે પદે રે લાલ બીજે સિદ્ધનું ધ્યાન રે ચતુરનર;
ત્રીજે આચાર્ય ઉવજ્ઝાયને રે લાલ સકળ સાધુ પ્રણમે પાયરે... ચતુરનર૦ ૨
જ્ઞાન દર્શન ચારિત્રના રે લાલ ગુણસ્તવે ચિત્ત ઉદાર રે; ચતુરનર;
નવમે તપ પુરૂ થયું રે લાલ ફળીયા વાંછિત કાજ રે... ચતુરનર૦ ૩

એમ નવદિન આંબીલ કરે રે લાલ મયણા ને શ્રીપાલ રે; ચતુરનર;
દંપતી સુખ લીએ સ્વર્ગના રે લાલ વિલસે સુખ શ્રીકાર રે... ચતુરનર૦ ૪
સોય જિમ દોરા પ્રતે રે લાલ આણી કસિદે ઠાય રે ચતુરનર;
મયણાએ બે કુલ ઉદ્ધર્યા રે લાલ શ્રી જિનધર્મ પસાય રે... ચતુરનર૦ ૫
ગુરૂ દીવો ગુરૂ દેવતા રે લાલ ગુરૂ મોટો મહિરાણ રે ચતુરનર;
ભવોદધિ પાર ઉતારવા રે લાલ જલધિએ જેમ નાવ રે... ચતુરનર૦ ૬
જે નવપદ ગુરૂજી દીયા રે લાલ ધરતા તેહશું નેહ રે ચતુરનર;
પૂરવ પુણ્યે પામીયા રે લાલ મુક્તિ વર્યા ગુણ ગેહ રે... ચતુરનર૦ ૭

## ૨૨૦. સિદ્ધચક્રની સજઝાય (૨)

### ઢાળ ૩

રાજગૃહી ઉદ્યાન, સમોસર્યા ભગવંત, આછે લાલ;
શ્રેણિક વંદન આવિયાજી. ૧
હયગય રથ પરિવાર, મંત્રી અભયકુમાર, આછે લાલ;
બહુ પરિવાર સુપરિવર્યાજી. ૨
વાંદ્યા પ્રભુજીના પાય, બેઠી પરષદા બાર, આછે લાલ;
જિનવાણી સુણવા ભણીજી. ૩
દેશના દિયે જિનરાય, સાંભળે સહુ નરનાર, આછે લાલ;
નવપદ મહિમા વરણવેજી. ૪
આસો-ચૈતર માસ, કીજે ઓળી ઉલ્લાસ, આછે લાલ,
સુદિ સાતમથી માંડીયેજી. ૫
પંચ વિષય પરિહાર, કેવળ ભૂમિ સંથાર, આછે લાલ;
જુગતે જિનવર પુજીએજી. ૬
ગણીએ શ્રી નવકાર, દેવવંદન ત્રણ કાલ, આછે લાલ;
અઢાર હજાર ગણણું ગણોજી. ૭
નવ આંબીલ નિરમાય, કીજે ઓળી ઉદાર, આછે લાલ;
દંપતિ સુખ લિયે સ્વર્ગનાજી. ૮
મયણાં ને શ્રીપાલ, જપતાં નવપદ જાપ, આછે લાલ;
અનુક્રમે શિવરમણી વર્યાજી. ૯
(ઉત્તમસાગર શિષ્ય, પ્રણમે ને નિશદિશ, આછે લાલ;
નવપદ મહિમા જાણીએજી. ૧૦)

# સજ્ઝાય સરિતા

(કાઠીયા-કષાય-પાપસ્થાનકની સજ્ઝાયો)

❀ ❀ ❀

## તરંગ - ૪

**સજ્ઝાય ૨૨૧ થી ૨૩૫**

## ૨૨૧. અઢાર પાપ સ્થાનકની સજઝાયો (ઢાળ-૧૮)

### (ઢાળ ૧)

પાપ સ્થાનક પહેલું કહ્યું રે, હિંસા નામે દુરંત,
મારે જે જગ જીવને રે, તે લહે મરણ અનંત રે,
પ્રાણી ! જિનવાણી ધરો ચિત્ત. ૧
માતાપિતાદિ અનન્તના રે, પામે વિયોગ તે મંદ;
દારિદ્ર દોહગ નવિ- ટલેં રે, મિલે ન વલ્લભવૃંદ રે. ૨
હોએ વિપાકે દશગણું રે, એકવાર કીયું કર્મ;
શત સહસ કોડી ગમે રે, તીવ્ર ભાવના મર્મ રે. ૩
'મર' કહેતા પણ દુઃખ હુવે રે, મારે કિમ નહિ હોય;
હિંસા ભગિની અતિ બૂરી રે. વૈશ્વાનરની જોય રે. ૪
તેહને જોરે જે હુઆ રે, રૌદ્રધ્યાન પ્રમત્ત;
નરક અતિથિ તે નૃપ હુઆ રે, જિમ સુભૂમ બ્રહ્મદત્ત રે. ૫
રાય વિવેક કન્યા ક્ષમા રે; પરણાવે જસ સાય;
તેહ થકી દૂરે ટલે રે. હિંસા નામે બલાય રે. ૬

### (ઢાળ ૨)

બીજું પાપનું સ્થાન, મૃષાવાદ દુર્ધ્યાન;
આજ હો છંડો રે ભવી ! મંડો ધર્મશું પ્રીતડી જી... ૧
વેર ખેદ અવિશ્વાસ, એહથી દોષ અભ્યાસ,
આજ હો થાય રે નવિ જાયે, વ્યાધિ અપથ્યથી જી... ૨
રહેવું કાલિક સૂરિ, પરિજન વચન તે ભૂરિ,
આજ હો સહેવું રે નવિ કહેવું, જૂઠ ભયાદિકે જી... ૩
આસન ધરત આકાશ, વસુ નૃપ હુઓ સુપ્રકાશ,
આજ હો જૂઠે રે સુર રૂઠે, ઘાલ્યો રસાતલે જી... ૪
જે સત્ય વ્રત ધરે ચિત્ત તે હોય જગમાં પવિત્ત,
આજ હો તેહને રે નવિ ભય, સુર-વ્યતંર-યક્ષથી જી... ૫
જે નવિ ભાખે અલીક, બોલે ઠાવું ઠીક,
આજ હો ટેકે રે સુવિવેકે સુયશ તે સુખ વરે જી... ૬

## (ઢાળ ૩)

ચોરી વ્યસન નિવારીએ, પાપસ્થાનક હો ત્રીજું કહ્યું ઘોર કે,
ઈહભવ પરભવદુ:ખ ઘણા. એહ વ્યસને હો પામે જગત ચોર કે... ચોરી૦ ૧
ચોર તે પ્રાયે દરિદ્રી હુએ, ચોરીથી હો ધન ન ઠરે નેટ કે,
ચોરને કોઈ ધણી નહિં, પ્રાયે ભૂખ્યું હો રહે ચોરનું પેટ કે... ચોરી૦ ૨
જિમ જલમાંહી નાંખીયો, તલે આવે હો જલને અયગોલ કે,
ચોર કઠોર કરમ કરી, જાય નરકે હો તિમ નિપટ નિટોલ કે... ચોરી૦ ૩
નાઠું પડયું વળી વિસર્યું, રહ્યું રાખ્યું હો થાપણ કર્યું જેહ કે,
તૃણ તુસ માત્ર ન લીજીએ, અણદીધું હો કિહાં કોઈનું તેહ કે... ચોરી૦ ૪
દૂરે અનર્થ સકલ ટળે, મિલે વ્હાલા હો સઘળે જશ થાય કે,
સુરસુખનાં હુએ ભેટણાં, વ્રત ત્રીજું હો આવે જસ દાય કે... ચોરી૦ ૫
ચોરપણું ત્યજી દેવતા, હોયે નિશ્ચલ હો રોહીણીયો જેમ કે,
એ વ્રતથી જસ સુખ લહે, વળી પ્રાણી હો વહે પુણ્યશું પ્રેમ કે... ચોરી૦ ૬

## (ઢાળ ૪)

પાપસ્થાનક ચોથું વર્જીએ, દુર્ગતિ મૂલ અબ્બંભ,
જગ સવિ મુંઝયો છે એહમાં, છાંડે તેહ અચંભ. ૧
રૂડું લાગે રે એ ધુરે, પરિણામે અતિ અતિ ક્રૂર;
ફલ કિંપાકની સારિખું, વરજે સજ્જન દૂર. ૨
અધર વિદ્રુમ સ્મિત ફૂલડાં, કુચ ફલ કઠિન વિશાલ,
રામા દેખી ન રાચીએ, એ વિષવેલી રસાલ. ૩
પ્રબલ જવલિત અયપૂતલી, આલિંગન ભલુ તંત,
નરક દૂવાર નિતંબિની, જઘન સેવન તે દુરંત. ૪
દાવાનલ ગુણવન તણો, કુલ મશીકૂર્ચક એહ,
રાજધાની મોહરાયની, પાતક-કાનન મેહ. ૫
પ્રભુતાએ હરિ સારીખો, રૂપે મયણ અવતાર,
સીતાએ રે રાવણ યથા, છાંડો પર નર નાર. ૬
દશ શિર રજમાંહે રોળિયા, રાવણ વિવશ અબ્બંભ,
રામે ન્યાયે રે આપણો, રોપ્યો જગિ જય થંભ. ૭

પાપ બંધાએ રે અતિઘણાં, સુકૃત સકલ ક્ષય જાય,
અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદિય સફલ નવિ થાય. ૮
મંત્ર ફલે જગિ જસ વધે, દેવ કરે રે સાનિધ,
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ. ૯
શેઠ સુદર્શનને ટલી, શૂલિ સિંહાસન હોય,
ગુણ ગાયે ગગને દેવતા, મહિમા શીલનો જોય. ૧૦
મૂલ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન,
શીલ સલિલ ધરે જિ કે, તસ હુએ સુજશ વખાણ. ૧૧

## (ઢાળ ૫)

પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મૂલ, સલૂણે,
પરિગ્રહ જેહ ધરે ઘણો, તસ તપ-જપ પ્રતિકૂલ. સલૂણે.
પરિગ્રહ મમતા પરિહરો...........૧
નવિ પલટે મૂલ રાશિથી, માર્ગી કદિય ન હોય; સલૂણે,
પરિગ્રહ ગ્રહ છે અભિનવો, સહુને દિએ દુઃખ સોય. સલૂણે. પરિ૦ ૨
પરિગ્રહ મદ ગુરૂઅત્તણે, ભવમાંહિ પડે જંત; સલૂણે,
યાનપાત્ર જિમ સાયરે, ભારાક્રાંત અત્યંત, સલૂણે. પરિ૦ ૩
જ્ઞાન-ધ્યાન હય-ગયવરે, તપ-જપ-શ્રુત પરિતંત; સલૂણે,
છોડે પ્રથમ પ્રભુતા લહે, મુનિ પણ પરિગ્રહવંત. સલૂણે. પરિ૦ ૪
પરિગ્રહગ્રહ વશે લિંગિયા, લે કુમતિરજ સીસ; સલૂણે,
જિમ તિમ જગ લવતા ફિરે, ઉન્મત્ત હુઈ નિશદીસ. સલૂણે. પરિ૦ ૫
તૃપતો ન જીવ પરિગ્રહે, ઈંધણથી જિમ આગ; સલૂણે,
તૃષ્ણાદાહ તે ઉપશમે, જલ સમ જ્ઞાન વૈરાગ. સલૂણે. પરિ૦ ૬
તૃપતો સગર સુતેં નહિ, ગોધનથી કૂચીકર્ણ; સલૂણે,
તિલકશેઠ વળી ધાન્યથી, કનકે નંદ સકર્ણ. સલૂણે. પરિ૦ ૭
અસંતુષ્ટ પરિગ્રહભર્યા, સુખીયા ન ઈંદ-નરિંદ; સલૂણે,
સુખી એક અપરિગ્રહી, સાધુ સુજસ સમકંદ. સલૂણે. પરિ૦ ૮

## (ઢાળ ૬)

ક્રોધ તે બોધ નિરોધ છે, ક્રોધ તે સંયમઘાતી રે;

ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત પક્ષપાતી રે. પાપ૦ ૧
પાપસ્થાનક છઠ્ઠું પરિહારો, મન ધરી ઉત્તમ ખંતી રે;
ક્રોધભુજંગની જાંગુલી, એહ કહી જયવંતી રે. પાપ૦ ૨
પૂરવ કોડિ ચરમ ગુણે, ભાવ્યો છે આતમા જેણે રે;
ક્રોધ વિવશ હુંતાં દોય ઘડી, હારે સવિ ફલ તેણે રે. પાપ૦ ૩
બાળે તે આશ્રમ આપણો, ભજના અન્યને દાહે રે;
ક્રોધ કૃશાનું સમાન છે, ટાળે પ્રશમ પ્રવાહે રે. પાપ૦ ૪
આક્રોશ-તર્જના-ઘાતના, ધર્મભ્રંશને ભાવે રે;
અગ્રિમ અગ્રિમ વિરહથી, લાભ તે શુદ્ધ સ્વભાવે રે. પાપ૦ ૫
ન હોય ને હોય તો ચિર નહિ, ચિર રહે તો ફલ છેહો રે;
સજ્જન ક્રોધ તે એહવો, જેહવો દુરજન નેહો રે. પાપ૦ ૬
ક્રોધી મુખે કટું બોલણા, કંટકીઆ કુટ સાખી રે;
અદીઠ કલ્યાણકરા કહ્યાં, દોષ તરૂં શત શાખી રે. પાપ૦ ૭
કુરગડુ ચઉતપ કરા, ચરિત સુણી શમ આણો રે;
ઉપશમ સાર છે પ્રવચને, સુજશ વચન એ પ્રમાણો રે. પાપ૦ ૮

## (ઢાળ ૭)

પાપસ્થાનક કહે સાતમું શ્રી જિનરાજ એ.
માન માનવને હોય દુરિતશિરતાજ એ,
આઠ શિખર ગિરિરાજતણાં આડાં વળે,
નાવે વિમલાલોક તિહાં કિમ તમ ટળે ? ૧
પ્રજ્ઞામદ તપસદ વળી ગોત્રમદેં ભર્યા
આજીવિકા મદવંત ન મુક્તિ અંગી કર્યા
ક્ષયોપશમ અનુસારે જો એહ ગુણ વહે,
શ્યો મદ કરવો એહમાં ? નિર્મદ સુખ લહે. ૨
ઉચ્ચભાવ દગદોષે મદજવર આકરો,
હોય તેહનો પ્રતિકાર કહે મુનિવર ખરો,
પૂર્વપુરૂષ સિંધુરથી લઘુતા ભાવવું,
શુદ્ધ ભાવન તે પાવન શિવસાધન નવું. ૩
માને ખોયું રાજ્ય લંકાનું રાવણે,

નરનું માન હરે હરિ આવી ઐરાવણે,
સ્થૂલિભદ્ર શ્રુતમદથી પામ્યા વિકાર એ,
માને જીવને આવે નરક અધિકાર એ. ૪
વિનય શ્રુત તપ શીલ ત્રિવર્ગ હણે સવે,
માન તે જ્ઞાનનો ભંજક હોય ભવોભવે,
લુંપક છેક વિવેકનયણનો માન છે,
એહને છાંડે તાસ ન દુઃખ રહે પછે. ૫
માને બહુબલી વરસ લગે કાઉસ્સગ્ગ રહ્યા,
નિર્મદ ચક્રી સેવક દોય મુનિ સમ કહ્યા,
સાવધાન ત્યજી માન જે ધ્યાન ધવલ ધરે,
પરમા સુજસ રમા તસ આલિંગન કરે. ૬

## (ઢાળ ૮)

પાપસ્થાનક કહ્યું આઠમું સુણો સંતાજી !
છાંડો માયા મૂલ, ગુણવંતાજી !
કષ્ટ કરે વ્રત આદરે, સુ૦ માયાએ તે પ્રતિકૂલ. ગુણ૦ ૧
નગન માસ ઉપવાસિયા, સુ૦ સીથ લીએ કૃશ અન્ન, ગુણ૦
ગર્ભ અનંતા પામશે સુ૦ જો છે માયા મન્ન. ગુણ૦ ૨
કેશ-લોચ-મલ-ધારણા સુ૦ ભૂમિશય્યા વ્રત યાગ, ગુણ૦
સુકર સકલ છે સાધુને, સુ૦ દુષ્કર માયા ત્યાગ. ગુણ૦ ૩
નયન વચન આકારનું, સુ૦ ગોપન માયાવંત, ગુણ૦
જેહ કરે અસતી પરે, સુ૦ તે નહિ હિતકર તંત. ગુણ૦ ૪
કુસુમપુરે ઘરે શેઠને, સુ૦ હેઠે રહ્યો સંવિજ્ઞ, ગુણ૦
ઉપરિ તસ બીજો રહ્યો, સુ૦ મુત્કલ પણ સુગુણજ્ઞ. ગુણ૦ ૫
દંભી એક નિંદા કરે, સુ૦ બીજો ધરે ગુણ રાગ, ગુણ૦
પહેલાને ભવ દુસ્તર કહે, સુ૦ બીજાને કેવલ તાગ. ગુણ૦ ૬
વિધિ નિષેધ નવિ ઉપદેશે, સુ૦ એકાંતે ભગવંત, ગુણ૦
કારણે નિષ્કપટી હવું, સુ૦ એ આણાં છે તંત. ગુણ૦ ૭
માયાથી અળગાં ટળો, સુ૦ જિમ મિલે મુગતિસ્યું રંગ, ગુણ૦
સુજસવિલાસ સુખી રહો, સુ૦ લક્ષણ આવે અંગ. ગુણ૦ ૮

## (ઢાળ ૯)

જીરે મારે લોભ તે દોષ અથોભ, પાપસ્થાનક નવમું કહ્યું જીરેજી,
જીરે મારે સર્વ વિનાશનું મૂલ, એહથી કોણે ન સુખ લહ્યું જીરેજી... ૧
જીરે મારે સુણીએ બહુ લોભાંધ, ચક્રવર્તી હરિની કથા જીરેજી,
જીરે મારે પામ્યા તે કટુક વિપાક, પીવક રક્ત જલો યથા જીરેજી... ૨
જીરે મારે નિર્ધનને શત ચાહ, શત લહે સહસ જોડિએ જીરેજી,
જીરે મારે સહસ લહે લખ લોભ, લખ લાભે મન કોડિએ જીરેજી... ૩
જીરે મારે કોટીશ્વર નૃપઋદ્ધિ, નૃપ ચાહે ચક્રીપણું જીરેજી,
જીરે મારે ચાહે ચક્રી સુરભોગ, સુર ચાહે સુરપતિપણું જીરેજી... ૪
જીરે મારે મૂલે લઘુપણે લોભ, વાધે શરાવ તણી પરે જીરેજી,
જીરે મારે ઉત્તરાધ્યયને અનંત, ઈચ્છા આકાશ સમી કહી જીરેજી... ૫
જીરે મારે સ્વયંભૂરમણ સમુદ્ર, કોઈક અવગાહી શકે જીરેજી
જીરે મારે તે પણ લોભસમુદ્ર, પાર ન પામે બળ થકે જીરેજી... ૬
જીરે મારે કોઈક લોભને હેત, તપ શ્રુત હારે જે જટા જીરેજી,
જીરે મારે કાગ ઉડાવણ હેત, સુરમણિ નાંખે તે ખડા જીરેજી... ૭
જીરે મારે લોભ તજે જે ધીર, તસ સવિ સંપત્તિ કિંકરી જીરેજી,
જીરે મારે સુજસ સુપુણ્ય વિલાસ, ગાવે તસ સુરસુંદરી જીરેજી... ૮

## (ઢાળ ૧૦)

પાપસ્થાનક દશમું કહ્યું રાગ રે, કુણહી ન પામ્યો તેહનો તાગ રે;
રાગે વાહ્યા હરિ હર બંભા રે, રાચે નાચે કરેય અચંભા રે... ૧
રાગ કેશરી છે વડરાજા રે, વિષયાભિલાષ તે મંત્રી તાજા રે,
જેહના છોરૂ ઈંદ્રિય પંચો રે, તેહનો કીધો એ સકલ પ્રપંચો રે... ૨
જેહ સદાગમવશ હુઈ જાશે રે, અપ્રમત્તતા શિખરે વાસે રે,
ચરણ ધરમ નૃપ શૈલ વિવેકે રે, તેહશું ન ચળે રાગી ટેકે રે... ૩
બીજા તો સવિ રાગે વાહ્યા રે, એકાદશ ગુણઠાણે ઉમાહ્યા રે,
રાગે પાડ્યા તે નર ખુત્તા રે, નરકનિગોદે મહાદુઃખ જુત્તા રે... ૪
રાગહરણ તપ જપ શ્રુત ભાખ્યા રે, તેહથી પણ જેણે ભવફલ ચાખ્યા રે,
તેહનો કોઈ ન છે પતિકારો રે, અમીય હોય વિષ ત્યાં શ્યો ચારો રે ?... ૫

તપબળે છૂટ્યા તરણું તાણી રે, કંચન કોડિ આષાઢાભૂતિ નાણી રે,
નંદિષેણ પણ રાગે નડિયા રે, શ્રુતનિધિ પણ વેશ્યાવશ પડિયા રે... ૬
બાવીશ જિન પણ રહી ઘરવાસે રે, વરત્યા પૂરવ રાગ અભ્યાસે રે,
વજબંધ પણ જસ બળે તૂટે રે, નેહતંતુથી તેહ ન છૂટે રે... ૭
દેહઉચ્ચાટને અગ્નિનું દહવું રે, ઘણ-કુટ્ટન એ સવિ દુઃખ સહવું રે,
અતિ ઘણું રાતી જે હોય મજીઠ રે, રાગતણો ગુણ એહજ દીઠ રે... ૮
રાગ ન કરજો ક્રોધ નર કોઈશું રે, નવિ રહેવાય તો કરજો મુનિશું રે,
મણિ જિમ ફણિ વિષનું તિમ તેહો રે, રાગનું ભેષજ સુજસ સનેહો રે... ૯

## (ઢાળ ૧૧)

દ્વેષ ન ધરીએ લાલન દ્વેષ ન ધરીએ,
દ્વેષ તજ્યાથી લાલન શિવસુખ વરીએ... લા૦શિ૦
પાપસ્થાનક અગ્યારમું કૂડું,
દ્વેષરહિત ચિત્ત હોય સવિ રૂડું... લા૦હો૦ ૧
ચરણ કરણ ગુણ બની ચિત્રશાળી,
દ્વેષધૂમે હોય તે સવિ કાળી... લા૦તે૦ ૨
દોષ બેંતાલીશ શુદ્ધઆહારી,
ધૂમ્રદોષે હોય પ્રબલ વિકારી... લા૦પ્ર૦ ૩
ઉગ્ર વિહાર ને તપ જપ કિરિયા,
કરતા દ્વેષ તે ભવમાંહે ફિરિયા... લા૦ભ૦ ૪
યોગનું અંગ અદ્વેષ છે પહેલું,
સાધન સવિ લહે તેહથી વહેલું... લા૦તે૦ ૫
નિર્ગુણ તે ગુણવંત ન જાણે,
ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે... લા૦દ્વે૦ ૬
આપ ગુણી ને વળી ગુણરાગી,
જગમાંહે તેહની કીરતિ જાગી... લા૦કી૦ ૭
રાગ ધરીજે જિહાં ગુણ લહીએ,
નિર્ગુણ ઉપરે સમચિત્ત રહીએ... લા૦સ૦ ૮
ભવથિતિ ચિંતન સુજશવિલાસે,
ઉત્તમના ગુણ એમ પ્રકાશે... લા૦એ૦ ૯

## (ઢાળ ૧૨)

કલહ તે બારમું પાપનું સ્થાન, દુર્ગતિવનનું મૂલ નિદાન,
સાજન ! સાંભળો, મોટો રોગ કલહ કાચ કામળો;
દંતકલહ જે ઘરમાંહે હોય, લચ્છી-નિવાસ તિહાં નવિ જોય... સાજન૦ ૧
શું સુંદરી તું ન કરે સાર ? ન કરે નાપે કાંઈ ગમાર; સાજન૦
ક્રોધમુખી તું તુજને ધિક્કાર, તુજથી અધિકો કુણ ? કલિકાર...સાજન૦ ૨
સાહમું બોલે પાપિણી નિત્ત, પાપી તુજ પિતા જુઓ ચિત્ત; સાજન૦
દંતકલહ ઈમ જેહને થાય, તે દંપતીને સુખ કુણ ઠાય ?... સાજન૦ ૩
કાંટે કાંટે થાયે વાડ, બોલે બોલે વાધે રાડ: સાજન૦
જાણી મૌન ધરે ગુણવંત, તે સુખ પામે અતુલ અનંત... સાજન૦ ૪
નિત્યે કલહણ કોહણશીલ, ભંડણશીલ વિવાદ ન શીલ; સાજન૦
ચિત્ત ઉતાપ ધરે જે એમ, સંચમ કરે નિરર્થક તેમ... સાજન૦ ૫
કલહ કરીને ખમાવે જેહ, લઘુ ગુરૂ આરાધક હોય તેહ; સાજન૦
કલહ શમાવે તે ધન્ન ધન્ન, ઉપશમસાર કહ્યો સામન્ન... સાજન૦ ૬
નારદ નારી નિર્દય ચિત્ત, કલહ ઉદીરે ત્રણે નિત્ત; સાજન૦
સજ્જન 'સુજસ' સુશીલ મહંત, વારે કલહ સ્વભાવે સંત... સાજન૦ ૭

## (ઢાળ ૧૩)

પાપસ્થાનક તે તેરમું છાંડીએ, અભ્યાખ્યાન દુરંતોજી
અછતા આળ જે પરના ઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી...
ધન ! ધન ! તે નર જે જિનમત ધરે... ૧
અછતે દોષે રે અભ્યાખ્યાન જે, કરે ન પૂરે ઠાણોજી
તે તે દોષે રે તેહને દૂષિયે, ઈમ ભાખે જિનભાણોજી... ધન૦ ૨
જે બહુ મુખરી રે વળી ગુણ-મત્સરી, અભ્યાખ્યાની તે હોયજી
પાતક લાગે રે અણકીધાં સહી, તે કીધું સવિ ખોયજી... ધન૦ ૩
મિથ્યામતિની રે દશ સંજ્ઞા જિકે, અભ્યાખ્યાનના ભેદોજી
ગુણ અવગુણનો રે જે કરે પાલટો, તે પામે બહુ ખેદોજી... ધન૦ ૪
પરને દોષ ન અછતા દીજીએ, પીજીએ જો જીનવાણીજી
ઉપશમરસશું રે ચિત્તમાં ભીંજીએ, કીજીએ 'સુજસ' કમાણીજી... ધન૦ ૫

## (ઢાળ ૧૪)

પાપસ્થાનક હો કે ચૌદમું આકરૂં, પિશુનપણાનું હો વ્યસન છે અતિભૂરૂં
અશન માત્રનો હો કે શુનક કૃતજ્ઞ છે, તેહથી ભૂંડો હો કે પિશુન લવે પછે... ૧
બહુ ઉપકરીએ હો કે પિશુનને પરિપરિ, કલહનો દાતા હોકે હોય તે ઉપરિ
દૂધે ધોયો હો કે વાયસ ઉજળો, કિમ હોયે પ્રકૃતે હો કે જે છે શામળો... ૨
તિલહ તિલત્તણ હો કે નેહ છે ત્યાં લગે, નેહ વિણઠે હો કે ખલ કહીએ જગે
ઈમ નિ:સ્નેહી હો કે નિર્દય હૃદયથી, પિશુનની વાર્તા હો કે નવિ જાયે કથી... ૩
ચાડી કરતાં હો કે વાડી ગુણતણી, સૂકે ચૂકે હો કે ખ્યાતિ પુણ્યતણી;
કોઈ નવ દેખે હો કે વદન પિશુનતણું, નિર્મળ કુલને હો કે દીએ તે કલંક ઘણું... ૪
જિમ સજ્જનગુણ હો કે પિશુનને દૂષિયે, તિમ તિણે સહેજે હો કે ત્રિભુવન ભૂષિયે
ભસ્મે માંજ્યો હો કે દર્પણ હોય ભલો, સુજસ સવાઈ હો કે સજ્જન કુલ તિલો... ૫

## (ઢાળ ૧૫)

જિહાં રતિ કોઈક કારણેજી, અરતિ તિહાં પણ હોય
પાપસ્થાનક તે પન્નરમુંજી, તિણે એ એક જ જોય...
સુગુણ નર ! સમજો ચિત્ત મોઝાર ૧
ચિત્ત અરતિ રતિ પાંખશુંજી, ઉડે પંખી રે નિત્ત
પિંજર શુદ્ધ સમાધિમેંજી રૂંધ્યો રહે તે મિત્ત... સુગુણનર૦ ૨
મનપારદ ઉડે નહિંજી, પામી અરતિ રતિ આગ
તો હુએ સિદ્ધિ કલ્યાણનીજી, ભાવઠ જાયે ભાગ... સુગુણનર૦ ૩
પરવશે અરતિ રતિ કરીજી, ભૂતારથ હોય જેહ
તસ વિવેક આવે નહિંજી, હોય ન દુ:ખનો છેહ... સુગુણનર૦ ૪
રતિ અરતિ છે વસ્તુથીજી, તે ઉપજે મનમાંહિ
અંગજ વલ્લભ સુત હુઓજી, યૂકાદિક નહિ કાંહિ... સુગુણનર૦ ૫
મનકલ્પિત રતિ અરતિ છે જી, નહિં છે સત્ય પર્યાય
નહિ તો વેચી વસ્તુમાંજી, કિમ તે સવિ મિટ જાય... સુગુણનર૦ ૬
જેહ અરતિ રતિ નવિ ગણેજી, સુખદુ:ખ દોય સમાન
તે પામે 'જસ' સંપદાજી, વાધે જગ તસ વાન... સુગુણનર૦ ૭

## (ઢાળ ૧૬)

સુંદર ! પાપસ્થાનક તજો સોલમું, પરનિંદ અસરાલ હો;
સુંદર ! નિંદક જે મુખરી હુવે, તે ચોથો ચંડાલ હો. ૧
સુંદર ! જેહને નિંદાનો ઢાલ છે, તપ કિરિયા તસ ફોક હો,
સુંદર ! દેવ કિલ્બિષ તે ઉપજે, એહ ફલ રોકા રોક હો. ૨
સુંદર ! ક્રોધ અજીરણ તપ તણું, જ્ઞાન તણું અહંકાર હો,
સુંદર ! પરનિંદા કિરિયાતણું, વમન અજીર્ણ આહાર હો. ૩
સુંદર ! નિંદકનો જેહ સ્વભાવ છે, તાસ કથન નવિ નિંદ હો;
સુંદર ! નામ ધરી જે નિંદા કરે, તેહ મહા મતિમંદ હો. ૪
સુંદર ! રૂપ ન કોઈનું ધારીયે, દાખીએ નિજ નિજ રંગ હો;
સુંદર ! તેહમાંહિ કોઈ નિંદા નહી, બોલે બીજું અંગ હો. ૫
સુંદર ! 'એ કુશીલણી' ઈમ કહે, કોપ હુઓ જેહ ભાખે હો,
સુંદર ! તેહ વચન નિંદા તણું, દશવૈકાલિક સાખે હો. ૬
સુંદર ! દોષ નજરથી નિંદા હુવે, ગુણ નજરે હુવે રાગ હો;
સુંદર ! જગ સવિ ચાલે માદલ મઢ્યો, સર્વ ગુણી વીતરાગ હો. ૭
સુંદર ! નિજ મુખ કનક કચોલડે, નિંદક પરમલ લેઈ હો,
સુંદર ! જેહ ઘણા પરગુણ ગ્રહે, સંત તે વિરલા કોઈ હો. ૮
સુંદર ! પરપરિવાદ વ્યસન તજો, મ કરો નિજ ઉત્કર્ષ હો,
સુંદર ! પાપ કરમ ઈમ સવિ ટલે, પામે સુજસ તે હર્ષ હો. ૯

## (ઢાળ ૧૭)

સત્તરમું પાપનું ઠામ, પરિહરજો સદ્‌ગુણ ધામ
જિમ વાધે જગમાં મા'મ હો લાલ, માયામોસ નવિ કીજીયે... ૧
એ તો વિષને વળીય વઘાર્યું, એ તો શસ્ત્રને અવળું ધાર્યું
એ તો વાઘનું બાલ વકાર્યું હો લાલ... માયા૦ ૨
એ તો માચી ને મુસાવાઈ, થઈ મ્હોટો કરે ઠગાઈ
તસ હેઠે ગઈ ચતુરાઈ હો લાલ... માયા૦ ૩
બગલાં પરે પગલાં ભરતાં, થોડું બોલે જાણે મરતાં
જગધંધે ઘાલે ફિરતાં હો લાલ... માયા૦ ૪

જે કપટી બોલે જૂઠું, તસ લાગે પાપ અપૂઠું
પંડિતાં હોયે મુખ ભૂંઠું હો લાલ... માયા૦ ૫
દંભીનું જૂઠું મીઠું, તે નારી ચરિત્રે દીઠું
પણ તે છે દુર્ગતિ ચીઠું હો લાલ... માયા૦ ૬
જે જૂઠો દિયે ઉપદેશ, જન રંજનનો ધરે વેશ
તેનો જૂઠો સકલ કલેશ હો લાલ... માયા૦ ૭
તેણે ત્રીજો મારગ ભાખ્યો, વેશ નિંદે દંભે રાખ્યો
શુદ્ધ ભાષકે શમસુખ ચાખ્યો હો લાલ... માયા૦ ૮
જૂઠું બોલી ઉદર જે ભરવું, કપટીને વેશે ફરવું
તે જમવારે શું કરવું હો લાલ... માયા૦ ૯
પંડે જાણે તો પણ દંભે, માયામોસને અધિક અચંભે
સમકિતદષ્ટિ મન થંભે હો લાલ... માયા૦ ૧૦
શ્રુતમર્યાદા નિરધારી, રહ્યા માયામોસ નિવારી
શુદ્ધ ભાષકની બલિહારી હો લાલ... માયા૦ ૧૧
જે માયાએ જૂઠ ન બોલે, જગ નહિં કોઈ તેહને તોલે
તે રાજે 'સુજસ' અમોલે હો લાલ... માયા૦ ૧૨

## (ઢાળ ૧૮)

અઢારમું જે પાપનું સ્થાનક, તે મિથ્યાત્વ પરિહરીએજી,
સત્તરથી પણ તે એક ભારી, હોએ તુલાએ જો ધરીએજી;
કષ્ટ કરો પરે પરે દમો અપ્પા, ધર્મ અર્થે ધન ખરચોજી,
પણ મિથ્યાત્વ છતે તે જૂઠું, તિણે તેહથી તુમે વિરમોજી... ૧
કિરિયા કરતો ત્યજતો પરિજન, દુઃખ સહતો મન રીઝેજી,
અંધ ન જીતે પરની સેના, તિમ મિથ્યાદષ્ટિ ન સીઝેજી;
વીરસેન શૂરસેન દષ્ટાંતે, સમકિતની નિર્યુક્તેજી,
તે જોઈને ભલી પરે મન ભાવો, એહ અરથ વર યુક્તેજી... ૨
ધમ્મે અધમ્મ અધમ્મે ધમ્મહ, સન્ના મગ્ગે ઉમગ્ગાજી,
ઉન્માર્ગે મારગની સન્ના, સાધુ અસાધુ સંલગ્ગાજી;
અસાધુમાં સાધુની સન્ના, જીવે અજીવ અજીવ જીવ વેદોજી,
મુત્તે અમુત્તિ અમુત્તે મુત્તહ, સન્ના એ દશ ભેદોજી... ૩

અભિગ્રહિક નિજનિજ મતે અભિગ્રહ, અનભિગ્રહિક સહુ સરિખાજી
અભિનિવેશી જાણતો કહે જૂઠું, કરે ન તત્ત્વપરિક્ખાજી
સંશય તે જિનવચનની શંકા, અવ્યક્તે અનાભોગાજી,
એપણ પાંચ ભેદ છે વિશ્રુત, જાણે સમજું લોગાજી... ૪
લોક લોકોત્તર ભેદ એ ષડવિધ દેવ ધર્મ વળી ગુરૂપર્વજી
શકતેં તિહાં લૌકિક ત્રણ આદર, કરતાં પ્રથમ નિગર્વજી
લોકોત્તર દેવ માને નિયાણે, ગુરૂ જે લક્ષણ હીનાજી
પર્વનિષ્ઠે ઈહ લોકને કાજે, માને ગુરૂપદ લીનાજી... ૫
એમ એકવીશ મિથ્યાત્વ ત્યજે જે, ભજે ચરણ ગુરૂ કેરાજી
સજે ન પાપે રજે ન રાખે, મત્સર દ્રોહ અનેરાજી
સમકિત ધારી, શ્રુત-આચારી તેહની જગે બલિહારીજી
શાસન સમકિતને આરાધે, તેહની કરો મનોહારીજી... ૬
મિથ્યાત્વ તે જગિ પરમ રોગ છે, વલીય મહા અંધકારોજી
પરમ શત્રુ ને પરમ શસ્ત્ર તે, પરમ નરક સંચારોજી
પરમ દોહગ ને પરમ દરિદ્ર તે પરમ સંકટ તે કહિયેજી
પરમ કંતાર પરમ દુર્ભિક્ષ તે, તે છાંડે સુખ લહીએજી... ૭
જે મિથ્યાત્વ લવલેશ ન રાખે, સૂધો મારગ ભાખેજી
તે સમકિત સુરતરૂ ફલ ચાખે, રહે વળી અણીએ આખેજી
મહોટાઈ શી હોય ? ગુણ પાખે, ગુણ પ્રભુ સમકિત દાખેજી
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક 'જસ' ઈમ ભાખેજી... ૮

## ૨૨૨. અઢાર પાપ સ્થાનકની સજ્ઝાય (૨)

રે પ્રાણી ! જીવની હિંસા નિવાર જૂઠી વાત ન કરીએ કે'વાર
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર
વસ્તુ પરાઈ ન લહીએ લગાર અબ્રહ્મચર્યનો કીજે પરિહાર...
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર ૧
મૂર્છા ન રાખીએ વિત્તની ચિત્તે જેહથી આત્મા હોવે પુનિત
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર
કોઈના ઉપર કરીએ ન ક્રોધ વિનયે હણીયે અભિમાન યોધ...
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર ૨

ત્રોડી ના ખીજે માયા જંજાળ તૂટી જોડી તો ભવ ઘટમાળ
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર
લોભ છે સર્વદુઃખોની ખાણ સેવ્યાં લહીએ વિધવિધ ઠાવ...
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર ૩
રાગ છે મોટો કેસરી સિંહ દ્વેષ ગજેન્દ્ર છે મહા અબીહ
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર
અપૂર્વકરણાભિધ મુદ્‌ગરે એહ હણતાં રહીએ સંસાર છેહ...
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર ૪
કોઈથી ન કરીએ કલેશ કંકાશ કોઈને ન દીજે અછતા આળ
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર
ચાડીની ટેવ ન રાખીએ ચિત્ત નિંદાએ મુખ નવિ કીજે અપવિત્ત...
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર ૫
રતિ-અરતિનો કરતાં નાશ રત્નત્રયીનો થાય પ્રકાશ
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર
કપટરહિત જે જૂઠી વાણ બોલતાં થાય ન આત્મકલ્યાણ...
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર ૬
મિથ્યાત્વદર્શન શાલ્ય મજબૂત પાપ અઢારમાં મોહનો દૂત
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર
એહને હણે તે મહા શૂરવીર એહ સમ નહિં જગમાં કોઈપીર...
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર ૭
પાપ અઢારનો જે કરે ત્યાગ તે નર જગમાં મોટો મહાભાગ
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર
માણેકમુનિ કહે લહે તત્કાળ તે શિવપુરનું સુખ રસાળ...
મેરે આતમા ! પાપસ્થાનકનિવાર ૮

## ૨૨૩. આઠ મદની સજઝાય

મદ આઠ મહામુનિ વારીયે, જે દુર્ગતિના દાતારો રે,
શ્રી વીર જિનેસર ઉપદિશે, ભાખે સોહમ ગણધારો રે. મદ૦ ૧
હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીયે કીધો રે;
ચંડાળતણે કુળ ઉપન્યો, તપથી સવિ કારજ સીધો રે. મદ૦ ૨

હાંજી કુળ મદ બીજો દાખીયો, મરિચી ભવે કીધો પ્રાણી રે;
કોડાકોડિ સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો ઈમ મન જાણી રે. મદ૦ ૩
હાંજી બળ મદથી દુઃખ પામીયા, શ્રેણીક વસુભૂતિ જીવો રે;
જઈ નરકતણાં દુઃખ ભોગવ્યા, મુખે પાડંતા નીત રીવો રે મદ૦ ૪
હાંજી સનતકુમાર નરેસરૂં, સુર આગળ રૂપ વખાણ્યું રે;
રોમ રોમ કાયા બગડી ગઈ, મદ ચોથાનું એ ટાણું રે. મદ૦ ૫
હાંજી મુનિવર સંયમ પાળતાં, તપનો મદ મનમાં આયો રે;
થયા કૂરગડુ ઋષિરાજીયા, પામ્યા તપનો અંતરાયો રે. મદ૦ ૬
હાંજી દેશ દશારણનો ધણી, રાય દશાર્ણભદ્ર અભિમાની રે;
ઈંદ્રની ઋદ્ધિ દેખી બૂઝીયો, સંસાર તજી થયો જ્ઞાની રે. મદ૦ ૭
હાંજી સ્થૂલિભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાઈ રે;
શ્રુત પુરણ અર્થ ન પામિયા, જુઓ માન તણી અધિકાઈ રે. મદ૦ ૮
રાય સુભૂમ ષટ્ ખંડનો ધણી, લાભનો મદ કીધો અપાર રે;
હય ગય રથ સબ સાયર ગયું, ગયો સાતમી નરક મોઝાર રે. મદ૦ ૯
ઈમ તન ધન જોબન રાજ્યનો, મ ધરો મનમાં અહંકારો રે;
એ અસ્થિર અસત્ય સવિ કારમું, વિણસે ક્ષણમાં બહુ વારો રે. મદ૦ ૧૦
મદ આઠ નિવારો વ્રતધારી, પાળો સંયમ સુખકારી રે;
કહે માનવિજય તો પામશો, અવિચળ પદવી નર નારી રે. મદ૦ ૧૧

## ૨૨૪. માનની સજ્ઝાય

રે જીવ ! માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં; તો કિમ સમકિત પાવે રે ? રે૦ ૧
સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે;
મુક્તિના સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ જુક્તિ રે. રે૦ ૨
વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે;
માને ગુણ જાયે ગળી, પ્રાણી જોજો વિચારી રે. રે૦ ૩
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યો રે. રે૦ ૪
સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયીએ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. રે૦ ૫

## ૨૨૫. ચાર કષાયની સજઝાય

જીવ ક્રોધ ન કરજે, લોભ ન ધરજે, માન મ લાવીશ ભાઈ,
કૂડા કર્મ ન બાંધીશ, ધર્મ ન ચૂકીશ, વિનય મ મૂકીશ ભાઈ,
રે જીવડા ! દોહીલો માનવભવ લાધ્યો, તુમે કાંઈ કરી ધર્મને સાધો.
કાંઈ આપ સવારથ સાધો, રે ભોળા દોહિલોમાનવભવ લાધ્યો જીવલડા૦ ૧
ઘર પછવાડે દેરાસર જાતા, વીસ વિસામા ખાય;
ભૂખ્યો ને તરસ્યો રાઉલે રોક્યો, માથે સહેતો ધાય. જીવલડા૦ ૨
ધર્મતણી પોષાળે જાતા, સુણવા સદ્‌ગુરુ વાણી;
એક વાત કરે બીજો ઉઠી જાય. નયણે નીંદ ભરાણી. જીવલડા૦ ૩
નામે બેઠો લોભે પેઠો, ચાર પહોર નિશિ જાગ્યો;
બે ઘડીનું પડિક્કમણું કરતાં, ચોખ્ખો ચિત્ત ન રાખ્યો. જીવલડા૦ ૪
આઠમ ચૌદશ પૂનમ પાખી, પર્વ પજૂસણ સારો;
બે ઘડીનું પચ્ચક્ખાણ કરતાં, એક બીજાને વારો. જીવલડા૦ ૫
કીર્તિ કારણ પગરણ માંડી, અરથગરથ સવિ લૂંટે;
પૂન્યને કાજે પારકું પોતાનું, હાથ થકી નવિ છૂટે. જીવલડા૦ ૬
ઘર ઘરણીના ઘાટ ઘડાવ્યા, પહેરણ આછા વાઘા;
દશઆંગળીએ દશવેઢ જ પહેર્યા, નિર્વાણે જાવું છે નાગા. જીવલડા૦ ૭
વાંકો અક્ષર માથે મીંડું, નિલવટ આધા ચંદા;
મુનિ લાવણ્યસમય ઈમ બોલે, એ ત્રણ કાલે વંદો. જીવલડા૦ ૮

## ૨૨૬. ક્રોધની સજઝાયો (૧)

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસતણો રસ જાણીએ, હળાહળ તોલે. ક૦ ૧
ક્રોધે ક્રોડ પૂરવતણું, સંયમફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. ક૦ ૨
સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ્ય;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીયો નાગ. ક૦ ૩
આગ ઊઠે જે ઘરથકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે તો, પાસેનું પ્રજાળે. ક૦ ૪

ક્રોધતણી ગતિ એહવી, કહે કેવળનાણી;
હાણ કરે જે હિતની, જાળવજો એમ જાણી. ક૦ ૫
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી;
કાયા કરજો નિર્મળી, ઉપશમરસે નાહી. ક૦ ૬

## ૨૨૭. ક્રોધની સજ્ઝાય (૨)

(રાગ-સાંભળજો મુનિ સંજમ રાગે)

ક્રોધ ન કરીએ ભલા પ્રાણી, ક્રોધે દુરગતિ ખાણી રે;
ક્રોધ તપ જપ હોયે હાણી, ઈમ વદે જિનવાણી રે. ક્રો૦ ૧
ક્રોધે દૂરે શિવ પટરાણી, જાયે જિમ રીસાણી રે;
ક્રોધ ચંડાલતણી નિસાણી, કાયલતા કુમલાણી રે. ક્રો૦ ૨
ક્રોધે નવલાં વેર બંધાયે, પ્રેમ પૂરવલો જાય રે;
ક્રોધે નવલી પ્રીતિ ન થાયે, ક્રોધે આપ મરાય રે. ક્રો૦ ૩
આપ તપે પરને સંતાપે, જે નર ક્રોધે વ્યાપે રે;
ક્રોધે નરનારીને શ્રાપે, પિંડ ભરાયે પાપ રે. ક્રો૦ ૪
ક્રોધ લજ્જાના તંતુને ત્રોડે, પુણ્ય તરુવર મોડે રે;
સદ્‌ગતિ કેરાં સુખ સંકોડે, દુરગતિ સામો દોડે રે. ક્રો૦ ૫
માતપિતા સુત બાંધવ છોડે, ક્રોધે મૂછને મરડે રે;
રાજા દંડે દૈવ વખોડે, અપજશના ફળ જોડે રે. ક્રો૦ ૬
ક્રોધે સઘળા કાજ વિણાસે, પરના મર્મ પ્રકાશે રે;
સજ્જન તે પણ અળગા નાસે, કોઈ ન રાખે પાસે રે. ક્રો૦ ૭
આતમ શુભ શિખલડી આ છે, જો તું શિવપુર વાંછે રે;
પરનિંદાથી રહીને પાછે, મિચ્છામિ દુક્કડં વાંસે રે. ક્રો૦ ૮
શ્રી જિન આગમને અભ્યાસે, ભાવસાગર ઈમ ભાખે રે;
ધર્મ કરો મનને ઉલ્લાસે, ઉપશમ આણો પાસે રે. ક્રો૦ ૯

## ૨૨૮. તેર કાઠીયાની સજ્ઝાય (ઢાળ-૧૩)

દુહા

પાસ જિણેસર પય નમી સમરી સરસતી માય
સાન્નિધ્ય કરજો માહરી દેવિ કરી સુપસાય... ૧

ભવિ પ્રાણી ભલે ભાવસ્યું સુણજો દેઈ કાન
આપણપું. વિચારીને પરિ હર્યો અભિમાન... ૨
ધર્મ ફરસન નવિ દિયે દુરજન કાઠીયા તેર
નરગ પંથ નિશ્ચે હોઈ નહિં તિહાં ફારને ફેર... ૩
આલસ મોહ અવન્ના થંભા કોહા પમાય કિવિણાય
ભય સોગ અન્નાણા વક્ખેવ કોઉહલા રમણા... ૪

## ઢાળ ૧ :

આળસ અંગથી પરિહરો આળસ છે દુઃખદાય સલુણા
અળસ આળસુ ઘર વસે લચ્છી તે દૂર પલાય સલુણા આળસ... ૧
આળસુ અલગો ધરમથી આળસુને સંદેહ સલુણા
ખણ ખણ નિત નવા ઉપજે હિયડે તે સુવિશેષ સલુણા આળસ... ૨
પુણ્યે નર ભવ પામીયો ચિહું ગતિ ભમતાં જોય સલુણા
આર્યજ દેશ ઉત્તમ કુળે ભાગ્યે જનમ જ હોય સલુણા આળસ... ૩
આળસ પરિહરો પ્રાણીયા ધર્મે ઉદ્યમ માંડ સલુણા
સામગ્રી સુધી લહી આળસ કાઠીયો છાંડ સલુણા આળસ... ૪
ઈદ્રિય પૂરી પામીને સાંભળ સૂત્ર સિદ્ધાંત સલુણા
દેવ ગુરૂ ધર્મને ઓળખી સેવો મન એકાંત સલુણા આળસ... ૫
આળસે બાંધ્યા પ્રાણીયા ન કરે ધર્મ વ્યાપાર સલુણા
પામ્યો ચિંતામણી પરિહરી તે ગ્રહે કાચ ગમાર સલુણા આળસ... ૬
ઉદ્યમથી સુખ સંપજે ઉદ્યમે દારિદ્ર જાય સલુણા
વિદ્યા લક્ષ્મી ચાકરી ઉદ્યમે સફલું થાય સલુણા આળસ... ૭
આળસ ઉંઘે પીડીયાં ઈહલોકે સિદાય સલુણા
પરલોકનું શું પૂછવું ભવોભવ દુઃખીયા થાય સલુણા આળસ... ૮
નારી ગમાર છે તેહને આળસુ માંહે ઈન સલુણા
સજ્જનમાં શોભા નહિં આળસુ દુઃખીયો દીન સલુણા આળસ... ૯
પાપી નર આળસુ ભલા ધર્મી ઉદ્યમવંત સલુણા
પંચમ અંગે ભાખીયો ભાવે તે ભગવંત સલુણા આળસ... ૧૦
ધર્મે દીસે બહુ આળસુ પાપે ઉદ્યમવંત સલુણા

પાપે પરભવ દુઃખ લહે ધર્મે સુખ અનંત સલુણા આળસ... ૧૧
આર્દ્ર અરણીક અર્જુનમુનિ દઢપ્રહારી ધીર સલુણા
આળસ ગોદડુ નાખીને ઉદ્યમે થયા વડવીર સલુણા આળસ... ૧૨
એહવું જાણીને ઉદ્યમે ધર્મ કરો નરનાર સલુણા
વીર કહે આળસ વિરમીય વિશુદ્ધ કરીય વિચાર સલુણા આળસ... ૧૩

## ઢાળ ૨ :

મોહે વાહ્યો પ્રાણીયો રે ન કરે ધર્મસુચંગ કે, મોહે મુંઝીઓ રે
દેવ-ગુરૂ નવિ ઓળખે રે ન કરે ઉત્તમ સંગ કે... મોહે મુંઝીઓ રે ૧
છોરૂડામાં છક્યો રહે રે રમે રામાને ધામ કે મોહે મુંઝીઓ રે
ઘડી અથવા અધ ઘડી રે ન કરે આતમ કામ કે... મોહે મુંઝીઓ રે ૨
હું એહનો એ માહરો રે એ મારો પરિવાર કે મોહે મુંઝીઓ રે
રાત-દિવસ રાતો રહે રે ભરમે ભૂલ્યો ગમાર કે... મોહે મુંઝીઓ રે ૩
ધર્મે નાવે ઢુંકડો રે બેઠો રમાડે બાળ કે મોહે મુંઝીઓ રે
સુખનું મૂળ એ સુંદરી રે અવર આળ-પંપાળ કે... મોહે મુંઝીઓ રે ૪
ધન ઘર રમણી કારણે રે ન ગણે માય ને બાપ કે મોહે મુંઝીઓ રે
લોકની લજ્જા પરિહરી રે ન ગણે પુણ્ય ને પાપ કે... મોહે મુંઝીઓ રે ૫
રાગી નર બહુ દુઃખ સહે રે જિમ જગ ચોલ મજીઠ કે મોહે મુંઝીઓ રે
તલ-સરસવને પીલતાં રે વેલુક નયન દીઠ કે... મોહે મુંઝીઓ રે ૬
રાગ-દ્વેષ મૂલ કર્મનું રે રસનું મૂળ એ વ્યાધ કે મોહે મુંઝીઓ રે
દુઃખનું મૂળ સનેહ છે રે એ છાંડે સમાધ કે... મોહે મુંઝીઓ રે ૭
શિવપુર જાતાં શૃંખલા રે હોયે દુશ્મન જોર કે મોહે મુંઝીઓ રે
શાતનું સાહુ નવિ રહે રે નાઠે મોહની ચોર કે... મોહે મુંઝીઓ રે ૮
સ્વારથીઓ જગમાં સહુ રે ભોળાને પડી ભૂલ કે મોહે મુંઝીઓ રે
સૂરિકાંતા ચુલણી પરે રે એ સંસારનું સૂલ કે... મોહે મુંઝીઓ રે ૯
એહવું જાણીને ઉદ્યમે રે મોહને દેશે માર કે મોહે મુંઝીઓ રે
શૂરામાં શિરોમણી રે સિદ્ધિ વધૂ ઉર હાર કે... મોહે મુંઝીઓ રે ૧૦
વીર કહે મોહ કાઠીયો રે વિરમો વિસવાવીસ કે મોહે મુંઝીઓ રે
વિરમ્યાથી જગમાં થશે રે વિશુદ્ધ જગના ઈશ કે...
મોહે મુંઝીઓ રે ૧૧

## ઢાળ ૩ :

જીહો અવજ્ઞા કરતાં જીવડા પ્રાણી બાંધે બહુલાં રે કર્મ
જીહો ભવસાયર ભૂરિ ભમે પ્રાણી દુષ્કર તસ શિવ શર્મ...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૧
જીહો આપ ગુણે અધુરડા પ્રાણી પરગુણ લેવા રે મુંગ
જીહો બોધિ બીજ દુષ્કર તસે પ્રાણી ભવમાંહિ ભમે તુંગ...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૨
જીહો નિંદક નર એહવા હોયે પ્રાણી જિમ જગ લોક સ્વભાવ
જીહો રૂધિર પીયે પય પરિહરે પ્રાણી હરખે છીદ્રે પાવ...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૩
જીહો સુધા સમ સદાગમ તજી પ્રાણી પીયે નંદક વિષ પૂર
જીહો ભુંડ સુવર ભૂખર કરે પ્રાણી પરિહરે કુર કપૂર...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૪
જીહો આપણી ઉન્નતિ કારણે પ્રાણી અછતા પરના રે દોષ
જીહો તલસમ છીદ્ર પરતણો પ્રાણી દાખવે મેરૂ લેખ...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૫
જીહો અવજ્ઞા કરતા બાપડા પ્રાણી ન ગણે શ્રાવક સાધ
જીહો શ્વાનપરે ભસતા દીસે પ્રાણી બાંધે કર્મ અગાધ...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૬
જીહો ધર્મધ્યાનથી વેગળા પ્રાણી સાધુસંગમથી રે દૂર
જીહો ખર લોટે જિમ રાખમાં પ્રાણી છાંડી ગંગાજલ પૂર...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૭
જીહો એહવું જાણીને આદરો પ્રાણી સેવો સદ્‌ગુરૂ પાય
જીહો કારણે કારજ જાણીયે પ્રાણી શિવસાધન ઉપાય...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૮
જીહો સમભાવે રહતે મીલે પ્રાણી શિવસુખ કેરી રે સંધ
જીહો તપ કિરિયા તસ ફુલ હોયે પ્રાણી નહિંતર હોય બંધ...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૯
જીહો અવજ્ઞા કાઠિયો પરિહરી પ્રાણી કીજે ઉત્તમ સંગ

જીહો વીર કહે વિશુદ્ધ એહજ પ્રાણી શિવપુર જાવા એ અંગ...
ચતુરનર ! અવજ્ઞા દૂર નિવાર ૧૦

## ઢાળ ૪ :

માન ન કીજે માનવી રે, માન તે દુઃખ નિદાન,
માને હોય મલીનતા રે, જિમ જગ કોહ્યું પાન;
સુગુણનર ! ગર્વપણે ગુણ જાય, ગર્વપણું દુઃખદાય સુ૦ ૧
અતિ અભિમાની આકરો રે, ન નમે દેવગુરુ પાય,
હુંહુંકારો કરે ખર પરે રે, સાધુ સંગે નવિ જાય. સુ૦ ૨
માની મનમાં ચિંતવે રે, હું એક ચતુર સુજાણ,
અમે કામ મોટા કર્યા રે, શું જાણે લોક અજાણ. સુ૦ ૩
શેલ ખંભ જીમ સદા રહે રે, વંકો વયરી અભિમાન,
નમાવ્યો નમે નહિ રે, દૂરે તસ ધર્મ ધ્યાન. સુ૦ ૪
શું જઈએ ઉપાશ્રયે રે, કોઈ નવિ દીયેં બહુમાન,
ધર્મલાભ ગુરુ નવિ દીયે રે, એમ બોલે અભિમાન. સુ૦ ૫
મૂરખ મનમાં નવિ લહે રે, તુજમાં હોશ્યે જો ગુણ,
આદરે આઘો બેસાડશે રે, કહેવા જાશે કુણ. સુ૦ ૬
માનીનું મન રાખવા રે, બોલાવી દીયે માન,
તિમ તિમ ફૂલી દડો હુએ રે, અધિક ધરે અભિમાન. સુ૦ ૭
સન્નિપાત એક સહજનો રે, સાકર દૂધ વળી સંગ,
વિણ ઉદ્યમ વધતો હોવે રે, જિમ ગળીનો રે રંગ. સુ૦ ૮
વરસ વને કાઉસ્સગ્ગ રહ્યા રે, બાહુબલી બલવંત,
માન મેલી મુગતે ગયા રે, આપ થયા અરિહંત. સુ૦ ૯
ચોથો ચંડાલ કાઠીયો રે, દૂરે તજો અભિમાન,
વીર વિશુધ્ધે આદરો રે, શિવરમણી કરી શાન. સુ૦ ૧૦

## ઢાળ ૫ :

પાંચમો કાઠિયો પરિહરો પ્રાણી પરમ પદનો વયરી
ધર્મધનનો ધૂતણહાર જાજલમાન એ ઝેરી... રે પ્રાણી ! ક્રોધ કરો પરિહાર

સમકિત સુરતરૂ છાયા પામે દેશ વિરત રહે દૂર
સર્વ વિરત સુર સંપદ કેરા પામે નહિં સુખ પૂર... રે પ્રાણી૦ ૨
ક્રોધે કરી મુખ હોયે કાળું ભ્રકુટી ભયંકર રાતી
કીનાસ કુંઅર સરિખો દીસે આતમ ગુણનો ઘાતી... રે પ્રાણી૦ ૩
ક્રોધઆવરો કાંઈ ન જાણે હિત અહિત નિવાર
વારે તિમ તિમ વધતો થાયે કરે કેઈ ઉતપાત... રે પ્રાણી૦ ૪
ધર્મી ઉપર દ્વેષ ધરીને ધર્મ સ્થાનકને છોડે
એક ઉપર અદેખાઈ આણી સહ સંઘાતે તોડે... રે પ્રાણી૦ ૫
જો એ આવશે એણે ઠામે તો મુઝ આવણ નિયમ
મન મેલે મચ્છરાઈ કરતો સદ્ગતિ પામે કેમ... રે પ્રાણી૦ ૬
માઈ મત્સરી મુસાવાઈ ક્રોધી કુગતિ ગામી
અદીઠ કલ્યાણીયા ઉદ્વેગકારી પ્રત્યક્ષ પરમાધામી... રે પ્રાણી૦ ૭
પૂરવ કોડિ લગે જે પાળ્યું સંયમ સુખનુંમૂળ
દોય ઘડીમાં ક્રોધે બાળી ધમ્યું સોનું કર્યું ધૂળ... રે પ્રાણી૦ ૮
ક્રોધ અંતર દાહ સમાવો સિંચો સદાગમ વાણી
સુગુરૂ શીખ સુધા સમ પીજે વરવા શિવ પટરાણી... રે પ્રાણી૦ ૯
ક્રોધ કાઠિયો દૂર નિવારી અરિહંત આણા પાળે
વીર વિમલ કહે વિશુદ્ધ તે નર આત્મ ગુણ અજુઆળે... રે પ્રાણી૦ ૧૦

## ઢાળ ૬ :

છઠ્ઠો કાઠિયો છંડીયે આતમને અહિત કારો રે
વેરી તે વા'લા ન કીજિયે દુર્ગતિના દાતારો રે... પ્રમાદ પરિહરો પ્રાણી ૧
પ્રમાદે પૂરા પ્રાણીયા ઈહલોકે સીદાઈ રે
પરલોકે શું પૂછવું ભવો ભવ દુઃખીયા થાય રે... પ્રમાદ પરિહરો પ્રાણી ૨
મધરાયક્ષયું તું ઉદ્ધારિકા વિષય લલિતાંગ વિગોયો રે
ક્રોધે કેઈ કુગતિ ગયા વિકથાયે ધર્મને ખોયો રે... પ્રમાદ પરિહરો પ્રાણી... ૩
પરમાદે પૂરવ વીસરે વિસરે અરથ વિચારો રે
રાંક થઈ તે રડવડ્યા રૂલે બહુલ સંસાર રે... પ્રમાદ પરિહરો પ્રાણી... ૪
રસનાયે રસીયા કરે વિકથા ચાર રસાળો રે
કરતા સરસ સંવાદને નિરવહેતાં જંજાળો રે... પ્રમાદ પરિહરો પ્રાણી... ૫

આળ જંજાળ કરે ઉંઘમાં ઝંખવાણા બહુ જંજાળો રે
હાંસીમાં હર્ષ ઘણો કરે કડુવા કર્મ રસાળો રે... પ્રમાદ પરિહરો પ્રાણી... ૬
પંચ મહાવ્રત પાળતાં પાળતા પંચ આચારો રે
પ્રમાદ પરવશે તે જુઓ નરકે ગયા નિરધારો રે... પ્રમાદ પરિહરો પ્રાણી... ૭
પ્રમાદ પરિહરો પ્રાણીયા સેવો સદ્ગુરૂ પાયો રે
વિનય વિવેક વિચારણા લહીયે શિવ ઉપાયો રે... પ્રમાદ પરિહરો પ્રાણી... ૮
સુગુરૂ સદાગમ સેવીયે પરિહરો પાંચ પ્રમાદો રે
વીર વિશુદ્ધ પદ એહથી લહીયે જગ જસવાદો રે...
પ્રમાદ પરિહરો પ્રાણી... ૯

## ઢાળ ૭ :

કૃપણપણાથી બીહતો રે, નાવે ધર્મ સુઠામ,
યાચકજન આવે થકે રે, ઉઠી જાએ કામ રે,
પ્રાણી ! જિનવાણી ધરો ચિત્ત. ૧
દર્શન દૂરે તેહનું રે, નામ જપે ન કોઈ,
દર્શન ચાહે ન તેહનું રે, ચાલે શુકન ન જોઈ રે પ્રાણી૦ ૨
કૃપણ તે કુગતિ વરે રે, સંબલ ન લહે સાથ,
પૂન્ય કાજે એક પાઈકો રે, હરખે ન આપે હાથ રે. પ્રાણી૦ ૩
સજજન લોક આવ્યા આંગણે રે, થર થર ધ્રુજે હાથ,
પરજન દેખી પીરસતાં રે, આંખો નીચી અનાથ રે. પ્રાણી૦ ૪
બેટાબેટી પરણાવતા રે, હરખે ખરચે હજાર;
ધર્મઠામે લેખુ ગણે રે, કરે તે વીસ વિચાર રે. પ્રાણી૦ ૫
ભુંજીને ભૂંઈ વાવીયે રે, ઉખર ક્ષેત્ર બીજ,
સિદ્ધક્ષેત્રે હોય સોગણું રે, અધિક હોયે રસ રીઝ. પ્રાણી૦ ૬
શાલિભદ્ર સુખ ભોગવે રે, દેતાં દાન પસાય;
શ્રેણીક સરીખો રાજીઓ રે, જોવા આવ્યો ઉલ્લાસ રે. પ્રાણી૦ ૭
મૂરખનર જાણે નહીં રે, દાને દારિદ્ર જાય,
જગ જસવાદ હોયે ઘણો રે, દાન તે શીવ ઉપાય રે. પ્રાણી૦ ૮
કૃપણપણું ભવિ પરિહરો રે, દીયો સુપાત્રે દાન;
વીર વિશુદ્ધ પદ એહ છે રે, ઈમ ભાખે ભગવાન રે. પ્રાણી૦ ૯

## ઢાળ ૮ :

કર્મ ઉદય હોય જેહને હો રાજ ના'વે ધર્મ સુઠામ રે, ભવિકજન સાંભળો
બીહતો રહેતો બાપડો હો રાજ શીત તાપ બહુ તામ રે... ભવિકજન૦ ૧
શું જઈયે ઉપાશ્રયે હો રાજ ગુરૂ કહે ગિરૂઆ દુઃખ રે, ભવિકજન૦
ભોળા જનને ભોળવે હો રાજ દેખાડે ઈમ બીક રે... ભવિકજન૦ ૨
રાત દિવસ રહે રંગમેં હો રાજ વાણી વદે ઈમ સાધ રે, ભવિકજન૦
પાપ કરમ કરી પરભવે હો રાજ દુઃખ સહે અગાધ રે... ભવિકજન૦ ૩
ભમે સંસારી પ્રાણીયા હો રાજ આપણે ચાલે કેમ રે, ભવિકજન૦
પાપે પેટ ભરવું સદા હો રાજ ગુરૂ ભાખે છે ઈમ રે... ભવિકજન૦ ૪
આપ અનાણે આવર્યા હો રાજ કરે નાણીની ખીજ રે, ભવિકજન૦
રોષ ધરે ધર્મી ઉપરે હો રાજ દુષ્કર તસ બોધિ બીજ રે... ભવિકજન૦ ૫
ધર્મી જનથી વેગળો હો રાજ ના'વે સાધુને સંગ રે, ભવિકજન૦
ફેરૂ જિમ ફરતા રહે હો રાજ જિમ વન રોજ કુરંગ રે... ભવિકજન૦ ૬
મૂરખ નર જાણે નહીં હો રાજ સુણતાં સૂત્ર સિદ્ધાંત રે, ભવિકજન૦
ભવ સાયર ભૂરિ તરે હો રાજ એહ જ મંત્ર મહંત રે... ભવિકજન૦ ૭
ભય તજી ભવિ સેવીયે હો રાજ સુગુરૂ સદાગમ રીઝ રે, ભવિકજન૦
શ્રી વીર કહે વિશુદ્ધ સહી હો રાજ તે લહે સુખે બોધિ બીજ રે...
ભવિકજન૦ ૮

## ઢાળ ૯ :

શ્રી વીર વાણી ચિત્ત ધરો વારો સોગ સંતાપ રે
સોગ કરંતો કરમ બાંધે આઠ તેણ હું આપ રે... શ્રીવીર૦ ૧
માત પિતા પરિવાર પરભવ પોહતાં મંડે શોક રે
ખાય ખરચે પહેરે પહોળાં ધરમ ઠામે રોક રે... શ્રીવીર૦ ૨
કુટુંબ કારજ વાત જાણીજ કરે ઘરનાં કામ રે
યાત્રા પૂજા ગુરૂ વંદણ ના'વે ધરમશું ઠામ રે... શ્રીવીર૦ ૩
વારૂ વસ્ત્ર પહેરી જાય જિમણ કાજે નિઃશંક રે
પુત્ર પુત્રી પરણાવે પ્રેમે ધરમે કાઢે વંક રે... શ્રીવીર૦ ૪
ઈમ ન જાણે મૂરખ મનમાં એ સંસાર સ્વરૂપ રે

ગગન બદરી ઉદક બુદ બુદ વિજળી સંઝા રૂપ રે... શ્રીવીર૦ ૫
સંઝ વેળા એક તરૂવર વિહગ લે વિસરામ રે
થયે પ્રભાત તેહ જ પંખી જાયે ઠામો ઠામ રે... શ્રીવીર૦ ૬
સયલ પરિજન એહ ન્યાયે મિલિયો તુઝ પરિવાર રે
સહુ આપણી ગતે જાશે કરણીને અનુસાર રે... શ્રીવીર૦ ૭
ચઉ ગતિ માંહે ફરતાં જીવે કર્યા કેઈ પરિવાર રે
કઈ ગતિનો શોક કરશો ઈમ અનંતી વાર રે... શ્રીવીર૦ ૮
મોહનીનો ઉદય મોટો સિત્તેર કોડા કોડ રે
શ્રી વીર વાણી વિશુદ્ધ પીજે નવમો કાઠિયો છોડ રે... શ્રીવીર૦ ૯

## ઢાળ ૧૦ :

અજ્ઞાન પણાને હો જોરે કેઈ પ્રાણીયા ન સુણે સૂત્ર સિદ્ધાંત
સુણતાંને શંકા હો અન્નાણી મન ઉપજે એહસું ભાખ્યું મહંત... અજ્ઞાન ૧
ઉદક બિંદુમાં હો અસંખ્યાતા કહ્યા અસંખ્યાતે સમુદ્રે ઈમ
સોયને અગ્રે હો મૂલે અનંતા કહ્યા તેહ મનાયે કેમ... અજ્ઞાન ૨
નરક ને સ્વર્ગ હો કેણ જોઈ આવીયો પુણ્ય પાપ કુણ હોય
ઉપદેશેં કુશલા હો જગમાંહે ઘણા પોથી વેંગણ જોય... અજ્ઞાન ૩
તપ-જપ હો કિરિયા તનુ શોષવું ખાઓ પીઓ કરો ખેલ
ભંત મ દિસે હો જગ એ વાતની સઘળો ધીનો મેલ... અજ્ઞાન ૪
સુગુરૂ સેવે હો સદાગમ સાંભળે તે જુઓ પાપ કરંત
અજાણ પણાનો હો કોઈ ધોખો નહિં જાણ્યાનો દોષ મહંત... અજ્ઞાન ૫
જાણીને કરે હો તેહની આલોચણ કસી ભોળા ભોળી સિદ્ધ
અનાણપણાની હો આલોચણ કહી જાણને કદીય ન દીધ... અજ્ઞાન ૬
અંધો નર હો જુઓ અગડે પડે દેખતો પામે ઠામ
અન્નાણી નર હો અળગો ધર્મથી જ્ઞાની લહે ગુણ ગ્રામ... અજ્ઞાન ૭
અન્નાણપણામાં હો કાલ અનંતો ગયો જાણ પણમાં થોય
જાણ-અજાણ હો જો એ'તું અંતરૂ સુરજ-ખજુઆ જોય... અજ્ઞાન ૮
એક નર હો જુઓ બેસે પાલખી એક ઉપાડે ઉજાય
પુણ્ય ને પાપ હો જુઓ પટંતરો મૂઢા એમ શું મુંઝાય... અજ્ઞાન ૯
સૂક્ષ્મ ભાવ હો કેવલી ગમ્ય રહ્યા મૂરખ ન લહે ભેદ

જ્ઞાન ગુણ હો ભવિ અંગે કરો જે કરે કર્મ ઉચ્છેદ... અજ્ઞાન ૧૦
દશમો દૂરે હો અજ્ઞાણ કરી કાઢીઓ સેવો સદ્‌ગુરૂ પાય
ધરમ આરાધો હો જે જિનવરે કહ્યો શિવ સાધન ઉપાય... અજ્ઞાન ૧૧
વીર વાણી હો પીતાં પ્રાણી પ્રેમસ્યું નાસે કુતર્ક વિભાવ
વિશુદ્ધ હોય હો આતમ આપણો પ્રગટે સહજ સ્વભાવ... અજ્ઞાન ૧૨

## ઢાળ ૧૧ :

રાત દિવસ વ્યાક્ષેપમાં લાલ કાળ જાય કેઈ વોલી રે લાલ
ઘર ઘરણી પરિવામાં લાલ મનડું મેલું ડોલી રે લાલ,
વ્યાક્ષેપ ચિંતે વાઈઓ...૧
વ્યાક્ષેપ ચિત્તમાં નવિ હોયે લાલ કારજની કોઈ સિદ્ધ રે લાલ
એકો પદારથ નવિ હોયે રે લાલ બાજીગર જિમ રિદ્ધ રે લાલ... વ્યાક્ષેપ૦ ૨
પડિકમણાં પોસો કરે લાલ સામાયિક ને ધ્યાન રે લાલ
વ્યાક્ષેપ ચિત્તમાં જેહને લાલ ન રહે તે કાંઈ માન રે લાલ... વ્યાક્ષેપ૦ ૩
ધર્મ થાનક આવે કદા લાલ વ્યાક્ષેપ ચિંતે બેસે રે લાલ
જિનવાણી પ્રાણી નવિ પીયે લાલ આરત ધ્યાને પેસે રે લાલ... વ્યાક્ષેપ૦ ૪
કીધું ને કરવું ઘણું લાલ સંસારીનું કારજ સાર રે લાલ
વ્યાક્ષેપ ચિત્તમાં કરે ઘણું લાલ આગળી આંખ વિચાર રે લાલ...
વ્યાક્ષેપ૦ ૫
બેટા બેટી પરણાવવા લાલ પરિજન પોષણ કાજ રે લાલ
ઢોર જિમ ધસતો ફિરે લાલ ચિંતે અનેક ઈલાજ રે લાલ... વ્યાક્ષેપ૦ ૬
વિષય વિષ સરખા કહ્યા લાલ વિષ એક ભવ હારે રે લાલ
વિષય નાણી વિધતા કહ્યા લાલ મારે અનંતી વાર રે લાલ... વ્યાક્ષેપ૦ ૭
તનુ વ્યાપિત વિષમંત્રથી લાલ ગારૂડી ડંકે આણે રે લાલ
સકલ વ્યાપિત મન સંકળી લાલ પરમ પદને માણે રે લાલ... વ્યાક્ષેપ૦ ૮
દીપ શિખા પરે ડોલતો લાલ વ્યાક્ષેપ ચિત્તને રાખે રે લાલ
વીર કહે તેહ જ નરા લાલ વિશુદ્ધ પદને ચાખે રે લાલ... વ્યાક્ષેપ૦ ૯

## ઢાળ ૧૨ :

કુતુહલ વાહ્યો પ્રાણીયો રાજ ન કરે ધર્મશું રંગ હો રાજ

બેઠાં ચોરે ને ચૌટે રાજ કરે હીણાનો સંગ હો રાજ... કુતુહલ૦ ૧
હાંસી કરતાં પ્રાણીયા રાજ લઘુતા પામે જોર હો રાજ
સજ્જનમાં શોભા નહિ રાજ બાંધે કર્મ કઠોર હો રાજ... કુતુહલ૦ ૨
નટ વિટસું મળતો રહે રાજ વેશ્યાસું રાખે વગ હો રાજ
જુએ રમે જૂઆરીસું રાજ દૂરે સગ્ગ-અપવગ્ગ હો રાજ... કુતુહલ૦ ૩
સુગુરૂ ચરણ સેવે નહિં રાજ સાતે વ્યસને સુરા હો રાજ
ઘેલે બોલે કોલને રાજ પાપી નર તે પૂરા હો રાજ... કુતુહલ૦ ૪
વ્રત ગણે વિષ સારિખું રાજ ધર્મીસું ન મળે ધાત હો રાજ
સાધુ સંગે આવે નહિં રાજ દૂરે ધરમની વાત હો રાજ... કુતુહલ૦ ૫
ભાંડ ભવૈયા બોડા રાજ વાડી નવ નવ ખંડ હો રાજ
જોયે ધોયે ધોતીયાં રાજ બય તમ બોલો ભંડ હો રાજ... કુતુહલ૦ ૬
રખે રમતા કોઈ સોગઠે રાજ નહીં ઉત્તમ આચાર હો રાજ
રમતે રસ રીઝ ઉપજે રાજ સેવે બહુ અનાચાર હો રાજ... કુતુહલ૦ ૭
પાંડવ પાંચે દ્રૌપદી રાજ નલદમયંતી જોય હો રાજ
વચને તેહ વિડંબીયા રાજ સઘળું બેઠા ખોય હો રાજ... કુતુહલ૦ ૮
કુતુહલ હાંસી નિવારીને રાજ સેવો સદ્‌ગુરૂ પાય હો રાજ
જ્ઞાન આરાધી રંગસ્યું રાજ શિવ સાધન ઉપાય હો રાજ... કુતુહલ૦ ૯
બાર માસ સીમ બારમો રાજ કાઠીયો જગમેં જોર હો રાજ
મેલે ઠેલી નરકમાં રાજ પામે દુઃખ અઘોર હો રાજ... કુતુહલ૦ ૧૦
સજ્જન સાતે પ્રીતડી રાજ કરતાં હોય ગુણ ગોઠ હો રાજ
વિશુદ્ધ કહે તે રીઝની રાજ કરણી ના'વે હોઠ હો રાજ... કુતુહલ૦ ૧૧

### ઢાળ ૧૩ :

જગમાં જાલમી જોર તરજાત તેરમો કાઠીયોજી
દુર્ગતિ વનનું મૂળ અસલ સલાવે એ કાઠીયોજી... ૧
એહનું અકળ સરૂપ કહ્યું ન જાય કામિનીજી
રમણતાનું ધામ ભૂમાંહે એક ભામિનીજી... ૨
રાત દિવસ રસ રંગ રામાસ્યું રાતો રહેજી
બેલ જિમ બલવંત રામા આણા સિર વહેજી... ૩
બેટા-બેટી ને નાર વયણે નર તે વશ હુઆજી

નિરખી હરખી ચિત્ત ઘાટ ઘડાવે નવ નવાજી... ૪
ન કરે ધરમ લગાર લલના લોયણ રાતો રહેજી
પુણ્યે પામ્યો એહ વારંવાર મુખે કહેજી... ૫
વિષય વિડંબા જેહ વિષય વિલાસ વાડી જોયજી
મોહે મોહીયા લોક લાખેણા દિવસો ખોયજી... ૬
ઈંદ્રિય આવરણ જેહ નરભવ ખોયે બાપડાજી
પામી ચિંતામણ સાર કાગ ઉડાવે તે જડાજી... ૭
મનની મેલી એહ ગરજની ઘેલી કામિનીજી
છટકે દીયે છેહ જિમ ચમકંતી દામિનીજી... ૮
અશુચિનો ભંડાર શુચિ કપટકળા કેળવેજી
ચિત્તનો નાવે છેહ મૂરખ તે મહિલા વશ હુઆજી... ૯
રખે કરતા વિસવાસ કામિની ન હોય કેહનીજી
મુંજ પરદેશી રાય જુઓ અગડદત્ત ગેહિનીજી... ૧૦
છેતરી સચોવાઈ દેવ સોનાર ઘરણીની કથાજી
મનુષ્ય તે કુણ માત્ર મેલો મહિલાની તથાજી... ૧૧
ચતુર વિચારી ચિત્ત રમણીરાગ નિવારીયેજી
દેવ-ગુરૂ ધર્મ આરાધી આતમ તારીયેજી... ૧૨
વીર વિમલ ગુરૂ સીસ વિશુદ્ધ વાણી મન ધરીજી
ધરમ કરો સુખદાય કરમ કાઠીયા પરિહરીજી... ૧૩

## ૨૨૯. માયાની સજઝાયો (૧)

સમકિતનું મૂળ જાણીએજી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસે જી, માયામાં મિથ્યાત્વ રે;
પ્રાણી ! મ કરીશ માયા લગાર. ૧
મુખ મીઠો જૂઠો મને જી, કૂડ કપટનો રે કોટ;
જીભે તો જી જી કરે જી, ચિત્તમાં તાકે ચોટ રે. પ્રા૦ ૨
આપ ગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરો જી, એ માયાનો પાસ રે. પ્રા૦ ૩
જેહશું બાંધે પ્રીતડીજી, તેહ શું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મન તણો જી, એ માયાનું મૂળ રે પ્રા૦ ૪

તપ કીધો માયા કરી જી, મિત્રશું રાખ્યો રે ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજો જી, તો પામ્યા સ્ત્રીવેદ રે. પ્રા૦ ૫
ઉદયરત્ન કહે સાંભળો જી, મૂકો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણો જી, એ મારગ છે શુદ્ધ રે પ્રા૦ ૬

## ૨૩૦. માયાની સજ્ઝાય (૨)

ભવિયણ ! માયા મૂળ સંસારનું, માયા મોહની રીઝ હો;
ભવિયણ ! માયાએ જગ સહુ નડ્યાં, માયા દુરગતિ બીજ હો. ભ૦ ૧
ભ૦ જિમ દાહિણ પવને કરી, મેઘ હુએ વિસરાળ હો;
ભ૦ તિમ માયાના જોરથી, પુન્ય ઘટે તતકાળ હો. ભ૦ ૨
ભ૦ મરમ વચન બોલ્યા થકી, જિમ સ્વજન પ્રતિકૂળ હો;
ભ૦ તિમ તપ-જપ-સંજમક્રિયા, માયાએ થાયે ધૂળ હો. ભ૦ ૩
ભ૦ મલ્લિ જિનેસર બાંધીયો, માયાએ સ્ત્રીવેદ હો;
ભ૦ ઉત્તમ નર કરજો તુમે, તે માટે તસ છેદ હો. ભ૦ ૪
ભ૦ માયાગારા માનવી, સેવ કરે કર જોડી હો;
ભ૦ માયાએ રીઝે માનવી, આપે ધનની કોડી હો. ભ૦ ૫
ભ૦ ઈમ જાણીને મત કરો, માયા સાથે રંગ હો;
ભ૦ જિમ જોગીસર મોટકા, ન કરે નારીનો સંગ હો. ભ૦ ૬
ભ૦ ભાવસાગર કહે ભવિજના, સાંભળો સદ્ગુરુ વાણ હો;
ભ૦ માયાના પરિહારથી, લહીએ સુખ નિરવાણ હો. ભ૦ ૭

## ૨૩૧. માયાની સજ્ઝાય (૩)

(રાગ: વંદો કેવળજ્ઞાન)

માયા મનથી પરિહરો રે, માયા આળપંપાળ,
માયાવી જગ જીવની રે, કોઈ ન કરે સંભાળરે,
પ્રાણી ! માયા શલ્ય નિવાર, એહ છે દુર્ગતી દ્વાર રે. પ્રાણી૦ ૧
માયા વિષની વેલડી રે, માયા દુઃખની ખાણ,
માયા દોષ પ્રગટ કરે રે, માયા હલાહલ જાણ રે. પ્રાણી૦ ૨
માયામાં મોહિત થઈ રે, અંધો જીવ ગમાર,
કૂડ-કપટ બહુ કેળવે રે, આણે ન શરમ લગાર રે પ્રાણી૦ ૩

માયાવીને નિદ્રા નહિં રે, નહિં સુખનો લવલેશ,
માયાવી ધર્મ ન ચિંતવે રે, પગ-પગ પામે કલેશ રે પ્રાણી૦ ૪
રાત-દિવસ રહે ઝુરતો રે, માયા સેવનથી જીવ,
દુર્ગતિમાં જઈ ઉપજે રે, પાડે નિરંતર રીવ રે. પ્રાણી૦ ૫
માયાવી નર ફીટીને રે, પામે સ્ત્રીનો અવતાર,
સ્ત્રી મટીને નપુંસક હોવે રે, એહી જ માયાને સાર રે. પ્રાણી૦ ૬
મણિવિજય કહે માયાને રે, વર્જે ધન્ય નર જેહ,
સંતોષે સુખી થઈ રે, શિવસુખ પામે તેહ રે. પ્રાણી૦ ૭

## ૨૩૨. કલહ-કજીયાંની સજઝાય

રાડ કલહ સવિ મૂલે નિવારે વિંધ્યા બોલ મ બોલો રે
કલહ કરંતા ભલપણ જાયે મર્મગાંઠ મમખોલો રે... વચન૦ ૧
વચન વિચારી ખમો રે ભાઈ ખમતાં ખિમાગુણ આવે રે
ખમતાં દોષ ન ચડાવે કોઈ વિઘન વિલય સવિ થાવે રે... વચન૦ ૨
જિમતિમ કલહ કરંતા બોલે રીસવસે જીવ વાણી રે
બંધ નિકાચિત તેહથી પાડે કડવા ફલ લહે પ્રાણી રે... વચન૦ ૩
જેમ તેમ નીચ લવે અણજાણ્યો ઉત્તમ હિયડે ન આણે રે
પાન તરફડે વાયે અતિઘણું થડ નિશ્ચલ નિજ ઠાણે રે... વચન૦ ૪
શ્રાપ મધો કરકડા મ માંડો કલહ કરંતા રીસે રે
વચન તેણે અવસરે બોલાશે તે પોતે ભોગવશે રે... વચન૦ ૫
લોહતણાં કાંટા જેમ ખૂંચે તેહવા મર્મ વચન્ન રે
સાલ ન શકશે તે કો કાઢી ખમશે તે ધન ધન્ન રે... વચન૦ ૬
હલુઆં થાવે અતિ બોલંતો ખમતો થાય ગંભીર રે
ખિમા કરે જે નર ને નારી તે કહેવાયે ધીર રે... વચન૦ ૭
રીસવસે જો વચન બોલાયે તો પગે લાગી ખમાવો રે
ક્રોધ અગ્નિ પરજલતો જાણી ખીમાજલે ઓલ્હાવો રે... વચન૦ ૮
જિણે મુખે રૂડાં નામ લેવાયે તેણે કાં વિરૂઆ લીજે રે
કૂરકપૂર અમીરસ જીમીયે તેણે કાં અશુચિ પીજે રે... વચન૦ ૯
કલહ કરંતા કીર્તિ નાસે ક્રોધી નામ ધરાવે રે
જસકીર્તિ સૌભાગ્ય ન હોવે ભૂંડામાંહિ ગિણાવે રે... વચન૦ ૧૦

સૂત્રવચન સદ્‌ગુરૂ મુખ સુણીને કલહ સદાય નિવારે રે
તેહતણા ગુણ ઉદયરત્ન કહે સુરનર નિત્ય સંભારે રે... વચન૦ ૧૧

## ૨૩૩. લોભની સજ્ઝાયો (૧)

લોભ ન કરીએ પ્રાણીયા રે, લોભ બૂરો સંસાર,
લોભ સમો જગ કો નહીં રે, દુર્ગતિનો દાતાર;
ભવિકજન ! લોભ બૂરો સંસાર, વરજો તુમે નિરધાર;
જિમ પામો ભવપાર ભવિકજન !, લોભ બૂરો સંસાર. ૧
અતિ લોભે લક્ષ્મીપતિ રે, સાગર નામે શેઠ;
પુર પયોનિધિમાં પડ્યો રે, જઈ બેઠો તસ હેઠ. ભવિક૦ ૨
સોવન મૃગના લોભથી રે, દશરથ સુત શ્રીરામ;
સીતા નારી ગુમાવીને રે, ભમિયો ઠામો ઠામ. ભવિક૦ ૩
દશમા ગુણઠાણા લગે રે, લોભ તણું છે જોર;
શિવપુર જાતાં જીવને રે, એહિ જ મોટો ચોર. ભવિક૦ ૪
નવવિધ પરિગ્રહ લોભથી રે, દુર્ગતિ પામે જીવ;
પરવશ પડીયો બાપડો રે, અહોનિશ પાડે રીવ. ભવિક૦ ૫
પરિગ્રહના પરિહારથી રે, લહિયે શિવ સુખ સાર;
દેવદાનવ નરપતિ થઈ રે, જાશો મુક્તિ મોઝાર. ભવિક૦ ૬
ભાવસાગર પંડિત ભણે રે, વીરસાગર બુધ શિષ્ય;
લોભ તણે ત્યાગે કરી રે, પહોંચે સયલ જગીશ. ભવિક૦ ૭

## ૨૩૪. લોભની સજ્ઝાયો (૨)

આશા દાસી વશ પડ્યા, જડ્યા કર્મ જંજીર;
પરિગ્રહ ભાર ભરે નડ્યા, સહે નરકની પીર.
પરિગ્રહ ભાર ભર્યા પ્રણી, પામે અધોગતિ દુઃખ ખાણી;
જસ મતિ લોભે લલચાણી રે,
*ચેતન ચતુર સુણો ભાઈ, લોભ દશા તજો દુઃખદાઈ રે. ૧*
*લોભે લાલચ જાસ ઘણી, પરિણતિ નીચી તેહ તણી,*
લટપટ કરે બહુ લોક ભણી રે. ચેતન૦ ૨

લોભી દેશ વિદેશ ભમે, ધન કારણ નિજ દેહ દમે,
તડકા ટાઢનાં દુ:ખ ખમે રે. ચેતન૦ ૩
લોભે પુત્રપિતા ઝગડે, લોભે નરપતિ રહે વગડે;
લોભે બાંધવ જોર લડે રે; ચેતન૦ ૪
હાટ હાથી લોભે લીનો, કોણીકે સંગર બહુ કીનો;
માતામહને દુ:ખ દીનો રે. ચેતન૦ ૫
લોભારંભે બહુ નડીઆ, કાલાદિક નરકે પડીયા;
નિરયાવલી પાઠે ચઢીયા રે. ચેતન૦ ૬
લોભ તજી સંવર કરજો, ગુરુ પદ પદ્મને અનુસરજો;
રૂપવિજય પદને વરજો રે. ચેતન૦ ૭

## ૨૩૫ પ્રમાદ વર્જવાની સજઝાય

અજરામર જગ કો નહીં, પરમાદ તે છાંડો રે;
મિથ્યામતિ મૂકી કરી, ગુણ આદર તે માંડો રે. અજરા૦ ૧

શુદ્ધ ધરમનો ખપ કરો, ટાળી વિષય વિકારો રે;
ચોથે અધ્યયને કહે, શ્રી વીર એહ વિચારો રે. અજરા૦ ૨

પાપ કરમ કરી મેળવે, ધનના લખ જેહ રે;
મૂરખ ધન છાંડી કરી, નરકે ભમે તેહ રે. અજરા૦ ૩

બંધવ જનને પોષવા,કરે તે મરણ પરે પાપ રે;
તેહના ફળ છે દોહીલાં, સહે એકલો આપ રે. અજરા૦ ૪

ખાતર તણે મુખે જિમ ગ્રહ્યો, એવો ચોર અજાણ રે;
નિજ કરમેં દુ:ખ દેખતાં, તેહનો છે કુણ જાણ રે. અજરા૦ ૫

ઈમ જાણી પુણ્ય કીજીયે, જેહથી સુખ થાય રે;
દિન દિન સંપદ અનુભવી, વળી સુજસ ગવાય રે. અજરા૦ ૬

વિજય દેવગુરુ પાટવી, વિજયસિંહ મુણિંદો રે;
શિષ્ય ઉદય કહે પુણ્યથી, હુવે પરમ આણંદો રે. અજરા૦ ૭

# સજઝાય સરિતા

## (આત્મગુણ પોષક સજઝાયો)

## તરંગ - ૫

**સજઝાય ૨૩૬ થી ૨૫૭**

## ૨૩૬. અષ્ટપ્રવચન માતાની સજ્ઝાય (ઢાળ-૯)

**દુહા**

વનજ વદન વાગેશ્વરી, પ્રણમી તિમ ગુરૂ પાય
અડ પવયણ માતા તણા, ગુણ ગાઉં ચિત્ત લાય... ૧
માતા પુત્ર શુભંકરી, તિમ એ પ્રવચન માય
ચારિત્ર ગુણગણ વર્ધની, નિરમલ શિવસુખ દાય... ૨
ભાવ અયોગી સાધવા, મુનિવર ગુપ્તિ ધરંત
યદિ ગુપ્તે ન રહી શકે, તો સમિતે વિચરંત... ૩
દ્રવ્યે દ્રવ્યથી ચરણતા, ભાવે ભાવ ચરિત્ત
ભાવ દૃષ્ટિ દ્રવ્યતઃ ક્રિયા, કરતાં શિવ સંપત્તિ... ૪
શુચિ અંતિમ ગુણથી થયો, જે સાધક પરિણામ
સમિતિ ગુપ્તિ તે જિન કહે, સાધ્ય સિદ્ધિ શિવ ઠામ... ૫
નિશ્ચય ચરણરૂચિ મુનિ, સમિતિ ગુપ્તિ પ્રતિપાળ
સાધ્ય ધર્મને સાધવા, જેહ થયા ઉજમાળ... ૬
જે મુનિ સમિતિ ગુણે રમે, તસ ગુપ્તિ નિરધાર
ભજના ગુપ્તિ એ સમિતિની, કહે જિનગણધર સાર... ૭

**ઢાળ ૧ :**

પ્રથમ અહિંસા વ્રતની જાણીયે, ભાવના ઉત્તમ એહ મુનીશ્વર
સંવર કારણ જિનવર ઉપદિશે, સમતા રસ ગુણ ગેહ મુનીશ્વર૦ ૧

ઈરિયા સમિતિ શોધન મુનિ કરો, મન ધરો સંવર ભાવ મુનીશ્વર
આશ્રવ કર તનુ જોગ ચંચલપણું, પરિહરો તન મન પાવ મુનીશ્વર ઈરિયા૦ ૨

કાય ગુપ્તિ ઉત્સર્ગથી સાદતા, પ્રથમ સમિતિ અપવાદ મુનીશ્વર
દિનકર કર શુચિ પંથે ચાલવું, ઈર્યા સમિતિ સંવાદ મુનીશ્વર ઈરિયા૦ ૩

કાઉસ્સગ્ગ જ્ઞાન ધ્યાન ઉપયોગમાં, થિયર બેઠા ઋષિરાય મુનીશ્વર
શ્યાને ચંચળતા ધરે જોગની, વિણ કારણ મહારાય મુનીશ્વર ઈરિયા૦ ૪

જિન વંદન વૈયાવચ્ચ શ્રુત ગ્રહણ, આહાર વિહાર નિહાર મુનીશ્વર

એ ખટકારણ પામી સંચરે, જયણા યુત અણગાર મુનીશ્વર ઈરિયા૦ ૫

રાગ વધે થિરવાસથી ક્ષેત્રનો, જ્ઞાન વિના પરમાદ મુનીશ્વર
નિરમોહી પદ સાધન કારણે, વિચરે સાધુ સાલ્હાદ મુનીશ્વર ઈરિયા૦ ૬

એહ દેહ સંસારનું મૂલ છે તસ પોષક તે આહાર મુનીશ્વર
જાવ અજોગી ગુણ નવિ ઉપજે, તિહાં લગે એહ આચાર મુનીશ્વર ઈરિયા૦ ૭

અન્ય અતનું જે પરમ પદે રહ્યા, છંડી સકલ ઉપાધિ મુનીશ્વર
માહણ શ્રમણ દયાનિધિ સંજમી, સાધે શુદ્ધ સમાધિ મુનીશ્વર ઈરિયા૦ ૮

ઈર્યા સમિતિ ઈણીપેરે પાળતા, જિન ઉત્તમ નિર્ગ્રંથ મુનીશ્વર
તસ પદ પદ્મવિજય પદ સેવતાં, લહે ચિદ્ રૂપ સુપંથ મુનીશ્વર ઈરિયા૦ ૯

**દુહો**

હિત મિત મધુર મ તુચ્છતા, ગર્વ રહિત મિતવાચ,
પૂર્વાપર અવિરોધી પદ, વાણી વદે મુનિ સાચ... ૧

**ઢાળ ૨ :**

સમિતિ બીજી મુનિ આદરો, ભાષા સમિતિ નામ, સાધુજી
ઉત્સર્ગે ગુપ્તિ ધરો એ અપવાદે તામ સાધુજી સમિતિ ૧
વચન વિચારી ઉચ્ચરો, પરિહરો મૃષાવાદ સાધુજી
ક્રોધ લોભ ભય હાસથી ન કરે મુનિ સંવાદ સાધુજી સમિતિ ૨
વચન પર્યાપ્તિના યોગથી, મુનિ વદે વચન તે સાચ સાધુજી
જ્ઞાન ધ્યાન તપ સાધવા, આરાધના જિન વાચ સાધુજી સમિતિ ૩
મુનિ નિજ વચનથી પરતણો, ન કરે ગ્રહણ ને ત્યાગ સાધુજી
નિર્ગ્રંથ વચન ગુપ્તિ રહે, એહ ઉત્સર્ગ મુનિ માર્ગ સાધુજી સમિતિ ૪
સાધક સાધ્યને સાધવા, આદરે પંચ સજઝાય સાધુજી
અશન વસન આસન ગ્રહે તે અપવાદને ઠાય સાધુજી સમિતિ ૫
સૂત્ર અર્થ તદુભય થકી, વાચના દિયે નિર્ગ્રંથ સાધુજી
ગૌતમ પરે પૃચ્છા કરે, સાધવા મુગતિનો પંથ સાધુજી સમિતિ ૬
સૂત્ર ભણે ગણે ચિંતવે, છંડી નિત્ય પ્રમાદ સાધુજી

નય નિક્ષેપ વિચારણા, કરે નિત્ય ધરી આલ્હાદ સાધુજી સમિતિ ૭
સોળ વયણને જાણતાં, દશવિધ ધર્મના ધાર સાધુજી
દશવિહ ચઉવિહ સત્યથી, દેશના દિયે અણગાર સાધુજી સમિતિ ૮
જ્ઞાન ધ્યાન સમતા ભર્યા જિન ઉત્તમ મહારાજ સાધુજી
તસ પદ પદ્મવિજય કહે શાશ્વત શિવ સામ્રાજ સાધુજી સમિતિ ૯

### દુહો

મુનિ મુગતિ પદ સાધવા, આરાધવા જિનવાણ,
એષણા શુદ્ધિ સાધવા, સાધે સિદ્ધનું ઠાણ... ૧

### ઢાળ ૩ :

ત્રીજી સમિતિ સમાચરોજી, એષણા નામે રે ખાસ
દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથીજી, સાધી લહો શિવ વાસ, મુનીસર !
એષણા સમિતિ સંભાર જિમ લહો ભવનો પાર મુ૦ એષણા ૧
અશન વસન આસન તણીજી, એષણા કરતા રે સાધ
સાધે સંવર ભાવને જી, પામે સુખ અગાધ... મુ૦ ૨
કાય જોગ પુદ્ગલ ગ્રહેજી, આતમ ધર્મ ન એહ
અનભિસંધિ વીરજ તણીજી, ચંચળતા ધરે દેહ... મુ૦ ૩
આતમ તત્ત્વ અનંતતાજી, જ્ઞાન વિના ન જણાય
તેહ પ્રગટ કરવા ભણીજી, કરે મુનિ નિત્ય સજ્ઝાય... મુ૦ ૪
તનુ અનુયાયી વીર્યનાજી, કારણ અશન આહાર
વૃદ્ધ યષ્ટિ સમ જાણીનેજી, અશનાદિક ગ્રહે ચાર... મુ૦ ૫
સાધ્ય સાધકતા નવિ અડેજી, તો ન ગ્રહે આહાર
બાધક પરિણતિ વારવાજી, લીયે મુનિ ઓછો આહાર... મુ૦ ૬
તત્ત્વ રૂચિ તત્ત્વાશ્રયીજી, તત્ત્વ રસિક નિર્ગ્રંથ
ખુહા દોષને વારવાજી, મુનિ માને પલિમંથ... મુ૦ ૭
સુડતાલીશ આહારનાજી, દોષ તજી અણગાર
અસભ્રાંત મૂર્છા વિનાજી, કરે મુનિ ઉચિત આહાર... મુ૦ ૮
અણાહારતા સાધતાજી, તપ તપે દ્રવ્ય ને ભાવ

ઈહ પરલોક પરિહરેજી, આશંસાનો દાવ... મુ૦ ૯
એષણા સમિતિએ ચાલતાંજી, ધન્ય ઢંઢણ અણગાર
તસ પદ પદ્મવંદન થકીજી, રૂપવિજય જયકાર... મુ૦ ૧૦

દુહો

ચોથી સમિતિ સોહામણી, પાલંતા અણગાર,
ગ્રહણ વિમુચન વસ્તુનો, જયણાએ ધરનાર... ૧

ઢાળ ૪ :

સાધુજી સમિતિ ચોથી ધરો પરિહરો સયલ પરમાદ રે
જોગ અહિંસક ભાવથી, સાધીયે સિદ્ધિ સ્યાદ્વાદ રે... સા૦ ૧
આતમ તત્ત્વ સાધનરસી, ઉલ્લસી આગમ શક્તિ રે
વ્યક્તિએ સર્વ પરિગ્રહ તજી, સાદતા સાધ્ય પદ મુક્તિ રે... સા૦ ૨
ભાવ અહિંસકતા ભણી, દ્રવ્ય અહિંસક સાધ રે
ધરે રજોહરણ મુખ વસ્ત્રિકા, સાધવા જોગ સમાધ રે... સા૦ ૩
વસ્ત્ર ને પાત્ર અશને કરી, જ્ઞાન ભણતાં સદા સાધ રે
જયણાએ ગ્રહણ મુંચન કરે, ધરી મન જોગ સમાધ રે... સા૦ ૪
બાલ ને તરણ તરૂણી મને, નગન દુર્ગંછના મૂલ રે
તિણે મુનિ વસ્ત્ર અંગે ધરે, મોક્ષ મારગ અનુકૂલ રે... સા૦ ૫
લધુ ત્રસ જીવ રક્ષા ભણી સચિત્ત રજ જયણાને કાજ રે
ધર્મ ઉપકરણ મુનિવર ધરે, પામવા મોક્ષનું રાજ રે... સા૦ ૬
જ્ઞાન ઉપયોગમાં મ્હાલતા ચાલતા સંજમ માગ રે
રાગ ને દ્વેષ દૂરે તજી, કરે મુનિ ઈંદ્રિનો ત્યાગ રે... સા૦ ૭
બાધક ભાવ દૂરે તજી, સાધક ભાવમાં શૂર રે
શાન્ત ને દાન્ત મહાવ્રતી, ધરે થિરાદિક દગનૂર રે... સા૦ ૮
સંયમ શ્રેણી ચડતા સદા, ઉત્તમ મુનિ મહારાજ રે
તસ પદ પદ્મવંદન થકી, રૂપવિજય વધે લાજ રે... સા૦ ૯

## દુહો

સંવર વંત સુસંજમી, જયણાયુત અણગાર,
પારિટ્ઠાવણીયા સમિતિમાં, વરતે નિરતિચાર... ૧

## ઢાળ ૫ :

પારિટ્ઠાવણીયા નામથી રે, પંચમ સમિતિ સાર
દ્રવ્ય ભાવથી પરિઠવે રે, જયણાયુકત અણગાર, મુનિસર
પંચમ સમિતિ સાર, જિમ લહો ભવનો પાર... મુનિસર૦ ૧
અંગ મલાદિક દ્રવ્યથી રે, ભાવથી રાગ ને દ્વેષ
મૃદુ કરણાદિક ગુણભર્યા રે, પરિઠવે જયણા વિશેષ... મુનિસર૦ ૨
થિરતા ભાવથી સંયમી રે, નિરમલ સંવરવંત
જોગની ચંચળતા તજી રે, સાધે સાધ્ય મહંત... મુનિસર૦ ૩
ચાલતાં બેસતાં ઉઠતાં રે, સૂવતાં ખાવંતા સાધ
જયણા યુત મુનિ સંવરી રે, પરિઠવે જોગ ઉપાધ... મુનિસર૦ ૪
સ્થવીર કલ્પી અણગારને રે, પારિઠાવણિઆ અનેક
જિનકલ્પાદિક યથાલંદી રે, વિણ પારિઠાવણીઆ એક... મુનિસર૦ ૫
નિશિ પ્રશ્રવણાદિ પરિઠવે રે, વિધિ કૃત મંડલ ઠામ
સ્થવીર કલ્પી અપવાદથી રે, ગ્લાનાદિકને કામ... મુનિસર૦ ૬
સંજમ બાધક જોગનો રે, ભાવથી પરિઠવે સાધ
સંજમ શ્રેણીએ સંચર્યા રે, લહે મુનિ સુખ અગાધ... મુનિસર૦ ૭
પંચ સમિતિ પરિણામથી રે, ક્ષમા કોશ ગત રોશ
ભાવન પાવન ભાવતા રે, કરતા ગુણનો પોષ... મુનિસર૦ ૮
સાધ્ય સાધતા સંજમી રે, જિન ઉત્તમ મહારાજ
તસ મુખ પદ્મવચન સુણી રે, રૂપવિજય સર્યાં કાજ... મુનિસર૦ ૯

## દુહો

ક્રોધ શમન ઈંદ્રિયદમન, ચરણ કરણ ધર સાધ,
જ્ઞાન ધ્યાનમાં મન ધરી, સાધે સુખ અગાધ... ૧

## ઢાળ ૬ :

પંચ સમિતિ સમિતા સદા સાધુજી, ભાવદયા ભંડાર હો
મનડાના મોહન મારે મન વસ્યા સાધુજી,
ટાળે અવિધિ જોગને, સા૦ પામે ભવોદધિ પાર હો મનડાના૦ ૧
પંચ મહાવ્રત પાળવા, સા૦ પંચાશ્રવ કરી દૂર હો મનડાના૦
સાધ્ય રસીક મન ગોપના, સા૦ ધરે મુનિ ધ્યાનનું પૂર હો મનડાના૦ ૨
મન મર્કટ ચંચળ ઘણું, સા૦ મોહ મહીપનો પૂત હો મનડાના૦
ત્રસ થાવર સહુ જંતુનો, સા૦ જેહ નડે જમદૂત હો મનડાના૦ ૩
જ્ઞાન ધ્યાન લયમાં રહ્યા, સા તપ જપ જયણાવંત હો મનડાના૦
સાધન જોગે સાધ્યને, સા૦ સાધે કરણાવંત હો મનડાના૦ ૪
સવિકલ્પ ગુણ સાધના, સા૦ ધ્યાનીને આવે ન દાય હો મનડાના૦
નિર્વિકલ્પ અનુભવરસી, સા૦ આતમાનંદી પાય હો મનડાના૦ ૫
રત્નત્રયીની ભિન્નતા, સા૦ એ સઘળો વ્યવહાર હો મનડાના૦
ત્રિગુણ વીર્ય એકત્વતા, સા૦ કરતા લહે ભવપાર હો મનડાના૦ ૬
જ્ઞાનાનંદી આતમા, સા૦ મનન કરે નિજ શુદ્ધ હો મનડાના૦
પરપરિણતિ તજી વેગળી, સા૦ નિરાવરણી હોય બુદ્ધ હો મનડાના૦ ૭
મનગુપ્તિમાં મ્હાલતા, સા૦ ચાલતા શુદ્ધાચાર હો મનડાના૦
ગજસુકુમાલાદિક મુનિ, સા૦ પામ્યા ભવોદધિ પાર હો મનડાના૦ ૮
આણા જીન આરાધતા, સા૦ સેવતા ગુરૂપદ પદ્મ હો મનડાના૦
રૂપવિજય કહે વંદીયે, સા૦ જિમ લહીયે શિવ સદ્મ હો મનડાના૦ ૯

### દુહો

વચન વદે મુખથી મુનિ, કારણ પામી પંચ,
વિણ કારણ રહે ધ્યાનમાં, ભાવ ક્રિયાનો સંચ... ૧

## ઢાળ ૭ :

સાધુજી વયણ ગુપ્તિ ધરો પરિહરો જોગનો ચાળો રે
નિર્દૂષણ ભાણા વદી, દૂજી ગુપ્તિ સંભાળો રે... સાધુજી૦ ૧
વચનાતીત એ આતમા, સિદ્ધ સ્વરૂપ અરૂપ રે

તે કારણ સાદન ભણી મૌની હોય મુનિ ભૂપ રે... સાધુજી૦ ૨
ભાષા પુદ્‌ગલ વરગણા, ગ્રહણ તે કર્મ ઉપાધિ રે
ટાળવા ધ્યાન દિશા ધરે, આતમ જ્ઞાન સમાધિ રે... સાધુજી૦ ૩
આતમ તત્ત્વ રૂચિ મુનિ, મુગતિ રમણી રસ રાતા રે
ધ્યાતા ચિદ્‌ઘન સંપદા, જગ બંધવ જગ ત્રાતા રે... સાધુજી૦ ૪
મધુર નિપુણ હિત મિત વચે, દશવિધ ધર્મને દાખે રે
જ્ઞાન અમૃત આસ્વાદત્તા, વચન ગુપ્તિ રસ ચાખે રે... સાધુજી૦ ૫
આતમ રૂચી શુચિતા મયી, સંજમ રથના ધોરી રે
ચઢતાં સંજમ શ્રેણીએ, વંદુ મુનિ કર જોડી રે... સાધુજી૦ ૬
વચન જોગના વાસના, વાસિત જોગના ચાળા રે
વશ કરતા મુનિ સંજમી, વરે મુગતિ વરમાળા રે... સાધુજી૦ ૭
પંચાશ્રવ વિરતિ મુનિ, પંકજની પરે ન્યારા રે
તત્ત્વરસી ઉપશમ ભર્યા, લહે ભવવારિધિ પારા રે... સાધુજી૦ ૮
સાધન સાધે સાધ્યતા, શમ દમ સંવરવંત રે
તસ પદ પદ્મવંદન કરી, રૂપવિજય ઉલ્લસંત રે... સાધુજી૦ ૯

### દુહો

ઈન્દ્રિય દમન સાતમ રસી, સમિતિ ગુપ્તિ ધરનાર,
ત્રિવિધ અવંચક જોગયુત, લહે મુનિ ભવપાર... ૧

### ઢાળ ૮ :

ગુપ્તિ ત્રીજીરે સાધુજી સાચવો રે, કાયગુપ્તિ જસ નામ
ત્રિવિધ અવંચક જોગે સાધતા રે, શુચિ સંયમ પરિણામ... ગુપ્તિ૦ ૧
અશુભાશ્રવ કિરિયા કરી ભવ ભમ્યો રે, પણ ન રમ્યો શુભ ભાવ
ચંચળ જોગ તે આશ્રવ મૂળ છે રે, તજે મુનિ ધ્યાન પ્રભાવ... ગુપ્તિ૦ ૨
સાધન સકલ સાધ્ય પદ સાધવા રે, શુદ્ધ કરે અણગાર
કાળ લબ્ધિ સંહનનાદિક બળે રે, સાધે શુદ્ધ આચાર... ગુપ્તિ૦ ૩
સ્થિર ઉપયોગે નિર્મળ ધ્યાનમાં રે, સોહંપદ કરે જાપ
ધ્યાતા ધ્યાન ધ્યેય એકતત્વતા રે, કરી લહે પરમ સમાધ... ગુપ્તિ૦ ૪

જોગ ચંચળતા તજવા સંચરી રે, કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન
પરિસહ બાવીશ શૂરપણે સહે રે, ઉપસર્ગે નહીં દીન... ગુપ્તિ૦ ૫
દશવિધ ધર્મધૂરા ધોરી પરે રે સંયમ રથ વહનાર
માનાપમાને સમ મુનિ મન ધર રે પામવા ભવજલ પાર... ગુપ્તિ૦ ૬
કરમ ગહનવન દહન ઋષીશ્વરૂ રે ધ્યાન શુકલે કરી નાશ
આતમ ઋદ્ધિ અનંતી સાધવા રે, કરે મુનિ જોગ અભ્યાસ... ગુપ્તિ૦ ૭
ખિમાવિજય જિન ઉત્તમ પદ્મથી રે, વિજય પદે મનોહાર
રૂપવિજય કહે એ મુનિ વંદતા રે, સુખ જસ લચ્છી ઉદાર... ગુપ્તિ૦ ૮

## દુહો

પંચ સમિતિ સમિતા, મુનિ, ત્રણ ગુપ્તિ પ્રતિપાળ,
પ્રેમે પ્રણમું તેહના, ચરણ કમલ ત્રણકાળ... ૧

## ઢાળ ૯ :

આજ સફળ દિન મુનિ મને મળીયા, ટળીયા પાપના ચાળા રે
મહાવ્રત ધારી મહા ઉપકારી, ખટ જીવના રખવાળા રે... આજ૦ ૧
ઈરિયા સમિતિવંત મહામુનિ, જ્ઞાન ધ્યાન રસ રાતા રે
ખટ કારણે મારગ ચાલતા, ત્રસ થાવરના ત્રાતા રે... આજ૦ ૨
જ્ઞાની ધ્યાની મોની મુનીવરા, ભાસા સમિતિ સમિતા રે
પંચ પ્રકાર સજ્ઝાય સદા કરે, છંડી પુદ્ગલ મમતા રે... આજ૦ ૩
દોષ બેંતાલીશ વર્જિત મુનિવર અંતપંત આહારી રે
સાધ્ય સાધવા દેહને દમતા, હું જાઉં બલિહારી રે... આજ૦ ૪
પુદ્ગલ ખંધ ગ્રહણ મુંચનતા, દ્રવ્યે સદા મુનિ કરતા રે
ભાવે નવ નવી પરિણતિ ધરતા, સાધ્ય ભાવ અનુસરતા રે... આજ૦ ૫
પરમ અહિંસક ભાવને ભજતા, તજતા મમતા માયા રે
મન વચ કાય ગુપ્તિ દ્રવ્ય ભાવે, અનુસરતા મુનિરાયા રે... આજ૦ ૬
અધ્યાતમ પરિણતિ સાધન ગ્રહી,ઉચિતાચારે ચાલે રે
જિન આણા આરાધક સાધક, મુનિ સંજમમાં મ્હાલે રે... આજ૦ ૭
જિન ઉત્તમ મુખ પદ્મવચન રસ, જેહ પીયે નરનારી રે

તેહ કર્મ મળ દૂર કરીને, વરે શિવસુંદરી પ્યારી રે... આજ૦ ૮
તપગચ્છ વિજયદેવ સૂરિ પટ્ટધર, વિજયસિંહ સૂરિ રાયા રે
શિષ્ય તાસ શ્રી સત્યવિજય ગણી, સંવેગ મારગ ધ્યાયા રે... આજ૦ ૯
કપૂર ખિમા જિન ઉત્તમ નામથી વિજય પદે સોહાયા રે
શ્રી ગુરૂ પદ્મવિજય પદ સેવી રૂપવિજય મુનિ ગાયા રે... આજ૦ ૧૦
વેદ ગગન નંદ ચંદ સુવરસે પોષ સિત અષ્ટમી દિને રે
રાજનગર ચઉમાસ રહી મુનિ ગાયા ચિત્ત પ્રસન્ને રે... આજ૦ ૧૧

## ૨૩૭. આઠ યોગદષ્ટિની સજઝાયો (૧) (ઢાળ-૯)

### ઢાળ ૧ :

શિવ સુખ કારણ ઉપદિશી યોગતણી અડદિટ્ઠી રે
તે ગુણ થુણી જિનવીરનો કરશ્યું ધર્મની પુઠ્ઠી રે વીર જિણેસર દેશના ૧
સઘન અઘન દિનરયણીમાં બાલ વિકલ ને અનેરા રે
અર્થ જુઓ જિમ જૂજૂઆ તિમ ઓઘ નજરના ફેરા રે... ૨
દર્શન જે હુઆ જૂજૂઆ તે ઓઘ નજરને ફેરે રે
ભેદ થિરાદિક દષ્ટિમાં સમકિત દષ્ટિને હેરે રે... ૩
દર્શન સકલના નય ગ્રહે આપ રહે નિજ ભાવે રે
હિતકારી જનસંજીવની ચારો તેહ ચરાવે રે... ૪
દષ્ટિ થિરાદિક ચારમાં મુગતિ પ્રયાણ ન ભાજે રે
રયણી શયન જિમ શ્રમ હરે સુર નર સુખ તિમ છાજે રે... ૫
એહ પ્રસંગથી મેં કહ્યું પ્રથમ દષ્ટિ હવે કહિયે રે
જિહાં મિત્રા તિહાં બોધ જે તે તૃણ અગનિસ્યો લહિયે રે... ૬
વ્રત પણ યમ ઈહાં સંપજે ખેદ નહિં શુભ કાજે રે
દ્વેષ નહિ વળી અવરશ્યું એહ ગુણ અંગે વિરાજે રે... ૭
યોગનાં બીજ ઈહાં ગ્રહે જિનવર શુદ્ધ પ્રણામો રે
ભાવાચારજ - સેવના ભવ ઉદ્વેગ સુઠામો રે... ૮
દ્રવ્ય અભિગ્રહ પાળવાં ઔષધ પ્રમુખને દાને રે
આદર આગમ આસરી લિખનાદિક બહુમાને રે... ૯

લેખન પૂજને આપવું શ્રુત વાચના ઉદ્‌ગ્રાહો રે
ભાવ વિસ્તાર સજ્ઝાયથી ચિંતન ભાવન ચાહો રે... ૧૦
બીજ કથા ભલી સાંભળી રોમાંચિત હુએ દેહ રે
એહ અવંચક યોગથી લહિયે ધરમ સનેહ રે... ૧૧
સદ્‌ગુરૂ યોગે વંદનક્રિયા તેહથી ફલ હોએ જેહો રે
યોગ - ક્રિયા - ફલ ભેદથી ત્રિવિધ અવંચક એહો રે... ૧૨
ચાહે ચકોર તે ચંદ્રને મધુકર માલતી ભોગી રે
તેમ ભવી સહજ ગણે હોયે ઉત્તમનિમિત્ત સંયોગી રે... ૧૩
એહ અવંચક યોગ તે પ્રગટે ચરમાવર્તે રે
સાધુને સિદ્ધ દશા સમું બીજનું ચિત્ત પ્રવર્તે રે... ૧૪
કરણ અપૂર્વના નિકટથી જે પહેલું ગુણઠાણું રે
મુખ્યપણે તે ઈહાં હોએ 'સુજસ' વિલાસનું ટાણું રે... ૧૫

## ઢાળ ૨ :

દર્શન તારા દૃષ્ટિમાં, મનમોહન મેરે, ગોમય અગ્નિ સમાન મન૦
શૌચ સંતોષ ને તપ ભલું મનમોહન મેરે સજ્ઝાય ઈશ્વર ધ્યાન મન૦ ૧
નિયમ પંચ ઈહાં સંપજે મનમોહન મેરે, નહિં કિરિયા ઉદ્વેગ મન૦
જિજ્ઞાસા ગુણ તત્ત્વની મનમોહન મેરે પણ નહિં નિજ હઠ ટેગ મન૦ ૨
એહ દૃષ્ટિ હોય વરતતાં મનમોહન મેરે યોગકથા બહુ પ્રેમ મન૦
અનુચિત તેહ ન આચરે મનમોહનમેરે વાળ્યો વળે જિમ હેમ મન૦ ૩
વિનય અધિક ગુણીનો કરે મનમોહન મેરે દેખે નિજ ગુણ-હાણ મન૦
ત્રાસ ધરે ભવ ભય થકી મનમોહન મેરે ભવ માને દુઃખ-ખાણ મન૦ ૪
શાસ્ત્ર ઘણાં મતિ થોડલી મનમોહન મેરે શિષ્ટ કહે તે પ્રમાણ મન૦
'સુજસ' લહે એ ભાવથી મનમોહન મેરે ન કરે જૂઠ ડફાણ મન૦ ૫

## ઢાળ ૩ :

ત્રીજી દૃષ્ટિ 'બલા' કહીજી કાષ્ટ અગ્નિ સમ બોધ
ક્ષેપ નહિ આસન સધેજી શ્રવણ સમીહા શોધ રે
જિનજી ! ધન ધન તુજ ઉપદેશ૦ ૧

તરૂણ સુખીસ્ત્રી પરિવર્યોજી જિમ ચાહે સુરગીત
સાંભળવા તિમ તત્ત્વનેજી એ દૃષ્ટિ સુવિનીત રે... જિ૦ધન૦ ૨
સરિ એ બોધ-પ્રવાહનીજી એ વિણ શ્રુત થલકૂપ
શ્રવણ સમીહા તે કિસીજી શયિતસુણે જિમ ભૂપરે... જિ૦ધન૦ ૩
મન રીઝે તન ઉલ્લસેજી રીઝે બૂઝે એક તાન
તે ઈચ્છા વિણ ગુણ-કથાજી બહેરા આગળ ગાન રે... જિ૦ધન૦ ૪
વિઘન ઈહાં પ્રાયે નહીંજી ધર્મ-હેતુ માંહે કોય
અનાચાર-પરિહારથીજી 'સુજસ' મહોદય હોય રે... જિ૦ધન૦ ૫

### ઢાળ ૪ :

યોગ દૃષ્ટિ ચોથી કહીજી દીપ્રા તિહાં ન ઉત્થાન
પ્રાણાયામ તે ભાવથીજી દીપ-પ્રભાસમ જ્ઞાન
મનમોહન જિનજી ! મીઠી તાહરી વાણ૦ ૧
બાહ્ય ભાવ રેચક ઈહાંજી પૂરક અંતર ભાવ
કુંભક થિરતા ગુણે કરીજી પ્રાણાયમ સ્વભાવ... મન૦ ૨
ધર્મ અર્થે ઈહાં પ્રાણનેજી છાંટે પણ નહીં ધર્મ
પ્રાણ અર્થે સકટ પડેજી જુઓ એ દૃષ્ટિનો મર્મ... મન૦ ૩
તત્ત્વશ્રવણ મધુરોદકેજી ઈહાં હોએ બીજ-પ્રરોહ
ખાર ઉદક સમભાવ ત્યજેજી ગુરૂભક્તિ અદ્રોહ... મન૦ ૪
સૂક્ષ્મ બોધ તો પણ ઈહાંજી સમકિત વિણ નવિ હોય
વેદ્ય સંવેદ્ય પદે કહ્યોજી તે ન અવેદ્યે જોય... મન૦ ૫
વેદ્ય બંધ શિવહેતુ છેજી સંવેદન તસ નાણ
નય-નિક્ષેપે અતિભલુજી વેદ્ય સંવેદ્ય પ્રમાણ... મન૦ ૬
તે પદ ગ્રંથી-વિભેદથીજી છેહલી પાપ-પ્રવૃત્તિ
તપ્ત લોહ પદ ધૃતિ સમીજી તિહાં હોય અંતે નિવૃત્તિ... મન૦ ૭
એહ થકી વિપરીત છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય
ભવાભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય... મન૦ ૮
લોભી-કૃપણ-દયામણોજી માયી-મચ્છર ઠાણ

ભવાભિનંદી ભયભર્યોજી અફળ આરંભ અયાણ... મન૦ ૯
એહવા અવગુણવંતનુંજી પદ જે અવેદ્ય કઠોર
સાધુ સંગ આગમ તણોજી તે જીતે ધરી જોર... મન૦ ૧૦
તે જીત્યે સહેજે ટળેજી વિષમ કુતર્ક પ્રકાર
દૂર નિકટ હાથી હણેજી જિમ એ બઠર વિચાર... મન૦ ૧૧
હું પામ્યો સંશય નહિજી મૂરખ કરે એ વિચાર
આળસુઆ ગુરૂ શિષ્યનોજી તે તો વચન પ્રકાર... મન૦ ૧૨
ધીજે તે પતિઆવવુંજી આપ-મતે અનુમાન
આગમને અનુમાનથીજી સાચું લહે સુજ્ઞાન... મન૦ ૧૩
નહિં સર્વજ્ઞ તે જૂજૂઆજી તેહના તે વલી દાસ
ભગતિ દેવની પણ કહીજી ચિત્ર અચિત્ર પ્રકાશ... મન૦ ૧૪
દેવ સંસારી અનેક છેજી તેહની ભક્તિ વિચિત્ર
એક રાગ પર દ્વેષથીજી એક મુક્તિની અચિત્ર... મન૦ ૧૫
ઈંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી જ્ઞાન છે આગમ હેતુ
અસંમોહ શુભ કૃતિ ગુણેજી તેણે ફલ ભેદ સંકેત... મન૦ ૧૬
આદર કિરિયારતિ ઘણીજી વિઘન ટળે મિલે લચ્છી
જિજ્ઞાસા બુધ સેવનાજી શુભ કૃતિ ચિન્હ પ્રત્યચ્છી... મન૦ ૧૭
બુદ્ધિ ક્રિયાભવફલ દિએજી જ્ઞાન ક્રિયા શિવ અંગ
અસંમોહ ક્રિયા દિએજી શીઘ્ર મુગતિ ફલ ચંગ... મન૦ ૧૮
પુદ્ગલ રચના કારમીજી તિહાં જસ ચિત્ત ન લીન
એક માર્ગ તે શિવ તણોજી ભેદ લહે જગ દીન... મન૦ ૧૯
શિષ્યભણી જિન દેશનાજી કહે જન પરિણતિ ભિન્ન
કહે મુનિની નય દેશનાજી પરમાર્થથી અભિન્ન... મન૦ ૨૦
શબ્દભેદ-ઝઘડો કિશ્યોજી પરમારથ જો એક
કહો ગંગા કહો સુરનદીજી વસ્તુ ફિરે નહિ છેક... મન૦ ૨૧
ધર્મ ક્ષમાદિક પણ મટેજી પ્રગટે ધર્મ સંન્યાસ
તો ઝઘડા મોટા તણોજી મુનિને કવણ અભ્યાસ... મન૦ ૨૨
અભિનિવેશ સઘળો ત્યજીજી ચાર લહી જેણે દૃષ્ટિ

તે લહેશ્યે હવે પાંચમીજી સુજસ અમૃત ઘન વૃષ્ટિ... મન૦ ૨૩

## ઢાળ ૫ :

દૃષ્ટિ થિરા માંહે દર્શને નિત્યે રત્ન પ્રભા સમ જાણો રે
ભ્રાંતિ નહિ વળી બોધ તે સૂક્ષ્મ પ્રત્યાહાર વખાણો રે... ૧
એ ગુણ વીર તણો ન વિસારૂં સંભારૂં દિનરાત રે
પશુ ટાળી સુર રૂપ કરે જે સમકિતને અવદાત રે... એ ગુણ૦ ૨
બાળ ધૂલિ ઘર લીલા સરખી ભવ-ચેષ્ટા ઈહાં ભાસે રે
ઋદ્ધિ વૃદ્ધિ ઘટમાં સવિ પ્રગટે અષ્ટ મહાસિદ્ધિ પાસે રે... એ ગુણ૦ ૩
વિષય વિકારે ન ઈંદ્રિય જોડે તે ઈહાં પ્રત્યાહારો રે
કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે શેષ ઉપાય અસારો રે... એ ગુણ૦ ૪
શીતલ ચંદનથી પણ ઉપન્યો અગનિ દહે જિમ વનને રે
ધર્મજનિત પણ ભોગ ઈહાં તિમ લાગે અનિષ્ટ તે મનને રે... એ ગુણ૦ ૫
અંશે હોય ઈહાં અવિનાશી પુદ્‌ગલ જાળ તમાસી રે
ચિદાનંદઘન સુજસવિલાસી કેમ હોય જગનો આશીરે... એ ગુણ૦ ૬

## ઢાળ ૬ :

અચપલ રોગ રહિત નિષ્ઠુર નહિં અલ્પ હોય દોય નીતિ
ગંધ તે સારો રે કાન્તિ પ્રસન્નતા સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ
'ધન ધન શાસન શ્રી જિનવરતણું... ૧
ધીર પ્રભાવી રે આગલે યોગથી મિત્રાદિક યુત ચિત્ત
લાભ ઈષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા જન પ્રિયતા હોય નિત્ત... ધન૦ ૨
નાશ દોષનો રે તૃપતિ પરમ લહે સમતા ઉચિત સંયોગ
નાશ વૈરની રે બુદ્ધિ ઋતંભરા એ નિષ્પન્નહ યોગ... ધન૦ ૩
ચિન્હ યોગનાં રે જે પરગ્રંથમાં યોગાચારય દિઠ
પંચમ દૃષ્ટિ થકી સવિ જોડીયે એહવા તેહ ગરિઠ... ધન૦ ૪
છઠ્ઠી દિઠિ રે હવે કાન્તા કહું તિહાં તારાભ-પ્રકાશ
તત્ત્વમીમાંસારે દઢ હોયે ધારણા નહિં અન્ય શ્રુતનો સહવાસ... ધન૦ ૫
મન મહિલાનું રે વાહલા ઉપરે બીજાં કામ કરંત

તિમ શ્રુતધર્મે રે એહમાં મન ધરે જ્ઞાનાક્ષેપકવંત... ધન૦ ૬
એહવે જ્ઞાને રે વિઘન-નિવારણા ભોગ નહિં ભવ હેત
નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી મનગુણ અવગુણ ખેત... ધન૦ ૭
માયા પાણી રે જાણી તેહને લંઘી જાય અડોલ
સાચું જાણી રે ત બીહતો રહે ન ચળે ડામાડોલ... ધન૦ ૮
ભોગ તવનો રે એ ભય નવિ ટળે જૂઠા જાણે રે ભોગ
તે એ દષ્ટિ રે ભવસાયર તરે લહે વળી સુજસ સંયોગ... ધન૦ ૯

## ઢાળ ૭ :

અર્ક-પ્રભાસમ બોધ પ્રભામાં ધ્યાન-પ્રિયા એ દિઠ્ઠિ
તત્ત્વતણી પ્રતિપત્તિ ઈહાં વળી રોગ નહિં સુખ પુટ્ઠિરે
ભવિકા ! વીર-વચન ચિત્ત ધરીયે ૧
સઘળું પરવશ તે દુઃખ લક્ષણ નિજ વશ તે સુખ લહીયે
એ દષ્ટે આતમગુણ પ્રગટે કહો સુખ તે કુણ કહિએ રે... ભ૦ ૨
નાગર સુખ પામર નવિ જાણે વલ્લભ-સુખ ન કુમારી
અનુભવ વિણ તિમ ધ્યાનતણું સુખ કુણ જાણે નરનારી રે... ભ૦ ૩
એહ દષ્ટિમાં નિર્મલ બોધે ધ્યાન સદા હોએ સાચું
દૂષણ રહિત નિરંતર જ્યોતિએ રતન તે દીપે જાચું રે... ભ૦ ૪
વિષભોગક્ષય શાંતવાહિતા શિવમારગ ધ્રુવ નામ
કહે અસંગ ક્રિયા ઈહાં યોગી વિમળ સુજસ' પરિણામ રે... ભ૦ ૫

## ઢાળ ૮ :

દષ્ટિ આઠમી સાર સમાધિ નામ 'પરા' તસ જાણુંજી
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ શશિસમ બોધ વખાણુંજી
નિરતિચાર પદ એહમાં યોગી કહિયે નહિ અતિચારીજી
આરોહે આરૂઢે ગિરિને તિમ એહની ગતિ ન્યારીજી ૧
ચંદન ગંધ સમાન ક્ષમા ઈહાં વાસકને ન ગવેખેજી
આસંગે વર્જિત વળી એહમાં કિરિયા નિજ ગુણ લેખેજી
શિક્ષાથી જિમ રતનનિયોજન દષ્ટિ ભિન્ન તેમ એહોજી

તાસ નિયોગે કરણ અપૂરવ લહે મુનિ કેવલ-ગેહોજી ૨
ક્ષીણદોષ સર્વજ્ઞ મહામુનિ સર્વ લબ્ધિ-ફલ ભોગીજી
પર ઉપગાર કરી શિવસુખ તે પામે યોગ અયોગીજી
સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય પૂરણ સર્વ સમીહાજી
સર્વ અરથ યોગે સુખ તેહથી અનંતગુણ નિરીહાજી ૩

## ઢાળ ૯ :

એ અડ દિટ્ઠિ કહી સંક્ષેપે યોગશાસ્ત્ર સંકેતેજી
કુલયોગીને પ્રવૃત્તચક્ર જે તેહ તણે હિત હેતેજી
યોગી કુલે જાયા તસ ધર્મે અનુગત તે કુલયોગીજી
અદ્વેષી ગુરૂ-દેવ-દ્વિજ-પ્રિય દયાવંત ઉપયોગીજી... ૧
શુશ્રુષાદિક અડ ગુણ સંપૂરણ 'પ્રવૃત્તચક્ર' તે કહીયેજી
યમદ્વય-લાભી પરદુગ અર્થી આદ્ય અવંચક લહીયેજી
ચાર અહિંસાદિક યમ ઈચ્છા પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામેજી
શુદ્ધ રૂચે પાળે અતિચારહ ટાળે ફલ પરિણામેજી... ૨
કુલ-યોગી ને પ્રવૃત્તચક્રને શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી
યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે તેણે કહી એ વાતજી
શુદ્ધ ભાવ ને સૂની કિરિયા બેહુમાં અંતર કેતોજી ?
ઝળહળતો સૂરજને ખજૂઓ તાસ તેજમાં જેતોજી... ૩
ગુહ્ય ભાવ એ તેહને કહિયે જેહશું અંતર ભાંજેજી
જેહશું ચિત્ત પટંતર હોવે તેહશું ગુહ્ય ન છાજેજી
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો કરશે મોટી વાતોજી
ખમશે તે પંડિત પરષદમાં મુષ્ટિ-પ્રહાર ને લાતોજી... ૪
સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ નંદી સૂત્રે દીસેજી
તે જાણી એ ગ્રંથ યોગ્યને દેજો સુગુણ જગીશેજી
લોક પૂરજો નિજ નિજ ઈચ્છા યોગભાવ ગુણ રયણેજી
શ્રી નયવિજય વિબુધ પય સેવક વાચક જસને વયણેજી... ૫

## ૨૩૮. આઠ દષ્ટિની સજ્ઝાય (૨)

ચિદાનંદ પરમાતપ રૂપ પ્રણમી બોલું દષ્ટિ સરૂપ
યોગદષ્ટિ સમુચ્ચયથી લહી આઠ દષ્ટિ જે પ્રવચન કહી... ૧

મિત્રા તારા દીપ્રા બલા સ્થિરા પ્રભા કાંતા સુણ પરા
આઠે યોગદષ્ટિનાં નામ એ સમ્મત કિરિયાનાં ઠામ... ૨

આઠ કર્મક્ષય ઉપશમે હોય ઓઘદષ્ટિ જાણો સહુ કોય
નિયમાદિક સહુ રૂઢિ કરે ગ્રંથી પાસે તે ફિરવું કરે... ૩

મિથ્યા ગુણઠાણ જિહાં હોય મિત્રાદષ્ટિ કહીજે સોય
રાગદ્વેષ મંદ પરિણામ નિયમ કરે પણ નહિં મન ઠામ... ૪

અનુદ્વેગ ને ઈચ્છાસાર તારાદષ્ટિ કહીજે સાર
દીપકપરે કરે ઘરને પ્રકાશ ઈહઈ મોક્ષ પણ પઢમ ગુણવાસ... ૫

દીપ્રાદષ્ટિ કહીજે તાસ જસ વાંછક ને ક્રિયા અભ્યાસ
બલા ચોથી દષ્ટિ કહાય શાસ્ત્રબોધ પણ નહીં નિરમાય... ૬

ગ્રંથીભેદ જબ કરે સુજાણ સ્થિરાદષ્ટિ તવ પામે ભાણ
વિષયકષાય દમી કરે દયા સર્વ જીવસ્યું રાખી મયા... ૭

પ્રભા દષ્ટિથી સકલ વિવેક પ્રગટે જ્ઞાનદીપક તવ છેક
કાંતા દષ્ટિ સહુને નમે પ્રમાદ પાંચે ને વળી દમે... ૮

નિરતિચાર ક્રિયાનુષ્ઠાન શુદ્ધ ઉપયોગ સઘળે સાવધાન
ધર્મોદ્યમ કરવા ઉજમાળ શુદ્ધવિધે કરણીને ઢાળ... ૯

ધ્યાનાદિક સમવસ્થા કરે જે કુવિકલ્પ સવિ પરિહરે
નિર્વિકલ્પ ગુણ ધ્યાનારૂઢ પરાદષ્ટિ જિહાં કિરિયા ગૂઢ... ૧૦

તૃણ ગોમય કાષ્ઠાનિલ લેશ દીપશિખા તારા રવિ દેશ
ચંદ્ર સમાન પ્રભા એહની આઠે દષ્ટિ પ્રભા તેહની... ૧૧

પ્રથમ ચાર અનુસારે ક્રિયા કરતાં પામે ભવ વિક્રિયા
અંતિમ ચાર થકી સુખ લહે દર્શન જ્ઞાન ચરિત જિહાં કહે... ૧૨

અંતિમ એક પુદ્‌ગલ સંસાર ભવ્ય લહે મિત્રાદિક ચાર
અર્ધ પુદ્‌ગલે સ્થિરાદિક હોય અભવ્ય જીવ ન લહે એ કોય... ૧૩

જ્ઞાન દૃષ્ટિ સહુ એહવી દૃષ્ટિ જેહ વિચારે તેહ વિશિષ્ટ
ચેતન જ્ઞાન લહી અબ ચેત જ્ઞાનવિમલસૂરિ કહે ભવિ હેત... ૧૪

## ૨૩૯. ઉપશમની સજઝાય

ભગવતી ભારતી મન ધરીજી, પ્રણમી ગોયમ પાય;
સદ્‌ગુરુ ચરણ પસાઉલે જી, કહું ઉપશમ સજઝાય રે પ્રાણી,
આણને ઉપશમ સાર, જે વિણ તપ જપ ખપ કરીજી,
ચારિત્રની હોય હાણ રે પ્રાણી. ૧

ઉપશમથી સંકટ ટળેજી, ઉપશમ ગુણહ ભંડાર;
ઉપશમથી સવિ સુખ મળેજી, ઉપશમથી ભવપાર રે. પ્રાણી૦ ૨
ઉપશમ સંયમ મૂળ છે જી, ઉપશમ સંયમ કોડ;
વૈરી વેર વિના થઈજી, આગળ રહે કર જોડ રે. પ્રાણી૦ ૩
રીસવશે પરવશ પડયોજી, હારે બે ઘડી માંહ;
ચારિત્ર પૂરવ કોડનુંજી, ગણધર દે ઈમ સાહ રે. પ્રાણી૦ ૪
ક્રોધ વૃક્ષ કડુઆ તણાંજી, વિષમાં ફલફૂલ જાણ;
ફૂલ થકી મન પરજલેજી, ફલથી હોય ધર્મ હાણ રે. પ્રાણી૦ ૫
વિરૂઆ વૈરી શું કરે જી, મારે એક જ વાર;
ક્રોધરૂપ રિપુ જીવનેજી, આપે અનંત સંસાર રે. પ્રાણી૦ ૬
જો કો વારે કોઈ દીયેજી, આપણ પહેલી રે ગાલ;
તે વારે ઉપશમ ધરીજી, વળતું વચન મ વાલ રે. પ્રાણી૦ ૭
મત્સર મનમાંહી ધરીજી, કીજે કિરિયા કલાપ;
તે રજ ઉપર લીંપણુંજી, વળી જેમ રાન વિલાપ રે. પ્રાણી૦ ૮
રાઈ સરસવ જેવડાંજી, પરના દેખે રે છિદ્ર;
બીલાં સરખાં આપણા, નવિ દેખે મન રૂદ્ર રે. પ્રાણી૦ ૯
પર અવગુણ મુખ ઉચ્ચરેજી, કાંઈ વખાણે આપ;
પરભવે સહેતાં દોહિલાંજી, પરનિંદાના પાપ રે. પ્રાણી૦ ૧૦

શુદ્ધ ગુરુ શુદ્ધ દેવનેજી, હીલે હીનાચાર;
કેવલજ્ઞાનીએ એમ કહ્યોજી, તાસ ઘણો સંસાર રે. પ્રાણી૦ ૧૧
પરની તાંતે બાપડોજી, મુધા ગુંથે રે જાળ;
નરક તિર્યંચ ગતિ દુઃખ લહેજી, રૂલે અનંતોકાળ રે. પ્રાણી૦ ૧૨
નરભવ નિંદક નિર્ગમેજી, ધર્મ મર્મ અણજાણ;
આપ પિંડ પાપે ભરેજી, તસ જીવિત અપ્રમાણ રે. પ્રાણી૦ ૧૩
પરના પાતક ધોઈએજી, નિપજાવી પરતાંત;
મૂકી પૈશુન્યપણું પરહુંજી, નિજ અવગુણ કર શાંત રે. પ્રાણી૦ ૧૪
મેતારજ મુનિ રાજીયોજી, શમરસ તણો નિધાન;
પરિષહ રીસ વિના સહીજી, પામ્યો મુક્તિ પ્રધાન રે. પ્રાણી૦ ૧૫
ખંધકસૂરિ તણાં યતિજી, ક્ષમા તણાં ભંડાર;
ઘાણીએ ઘાલી પીલતાં રે, ન ચળ્યું ચિત્ત લગાર રે. પ્રાણી૦ ૧૬
કુરગડુ હુઆ કેવલીજી, કૂડી છાંડી રીશ;
તપીયા મુનિ મૂકી સૂરિજી[1] , પહેલી નામે શીશ રે. પ્રાણી૦ ૧૭
ગિરૂઓ ગજસુકુમાલજી રે, કર્યો કોપ લગાર;
સસરે શિર ઉપર ધર્યાજી, ધગધગતા અંગાર રે. પ્રાણી૦ ૧૮
દૂરમુખ વચન સુણી કરીજી, પ્રસન્નચંદ્ર ઋષિરાય;
ક્રોધ ચડ્યો કર્મે નડ્યો જી, બાંધ્યું નરકનું આય રે. પ્રાણી૦ ૧૯
મસ્તક લોચ દેખી કરીજી, વલીયો મુનિ વન માંહી;
ક્રોધ ગયો નિરમળ થયોજી, લહ્યો કેવળ તિણ ઠાય રે. પ્રાણી૦ ૨૦
ક્ષમા ખડ્ગ નહિ જેહનેજી, તે દુખીયા સંસાર;
ક્રોધ યોધશું ઝુંઝતાજી, કિમે નવિ પામે પાર રે. પ્રાણી૦ ૨૧
તપ વિણસે રીસે કરીજી, સ્ત્રીથી શીલ વિનાશ;
માને વિનય વિણાસીયેજી, ગરવે જ્ઞાન અભ્યાસ રે. પ્રાણી૦ ૨૨
જેહને મન ઉપશમ રમેજી, નહીં તસ દુઃખ દંદોલ;
કહે શિષ્ય ઉવજ્ઝાયનોજી, મુનિ લક્ષ્મીકલ્લોલ રે. પ્રાણી૦ ૨૩

૧. દેવી.

## ૨૪૦. ચૌદ ગુણસ્થાનકની સજ્ઝાય (ઢાળ-૧૪)

### ઢાળ ૧ :

જ્ઞાન દિવાકર ભાખીઓ રે લો ગુણસ્થાનક વિચાર રે સુગુણનર
લેશ થકી હું વર્ણવું રે લો શાસ્ત્રતણે અનુસાર રે સુગુણનર
બાલો મીત્વાને આવતો રે લો જિમ સીઝે સવિ કામ રે સુગુણનર બાલો૦ ૧
પરમાદે કરી જીવને રે લો ઉધ થકી બંધ હોય રે સુગુણનર
પયડી એક શત વીસનો રે લો એ પરમારથ જોય રે સુગુણનર બોલો૦ ૨
એકસો બાવીસ આગલી રે લો પયડી ઉદય થાય રે સુગુણનર
ઉદયે નાયુ જેહને રે લો તે ઉદીરણા કહેવાય રે સુગુણનર બોલો૦ ૩
એહના ભેદ વળી તેટલા રે લો સત્તાના વળી ભેદ રે સુગુણનર
અટ્ઠાવન ને એકસો રે લો થાયે તે ધ્રુવોદ રે સુગુણનર બોલો૦ ૪
પહલે ગુણ ઠાંણે હુવે રે લો એકસો સત્તર બંધ રે સુગુણનર
તીર્થંકર નામ ભેલતા રે લો આહારક દોય અબંધ રે સુગુણનર બોલો૦ ૫
પયડી મિશ્ર સમકિત સુણો રે લો આહારદ્વિક જિનનામ રે સુગુણનર
ઉદય મહી એ પાંચનો રે લો ગુણ ઠાણે પહલે જામ રે સુગુણનર બોલો૦ ૬
કર્મ સ્થિત સત્તા કહી રે લો પયડી સત અડયાલ રે સુગુણનર
ગુણ ઠાંણે પહલે સહી રે લો ભાખી દેવ દયાલ રે સુગુણનર બોલો૦ ૭
એહ મિથ્યાત્વથી ટાળીયે રે લો શ્રી જિન જગદાધાર રે સુગુણનર
કપુર વિજય ગુરૂ રાજથી રે લો લહીયે ભવજલ પાર રે સુગુણનર બોલો૦ ૮

### ઢાળ ૨ :

બીજું ગુણ ઠાણું સુણો રે સાસ્વાદન તસુ નામ
સમકિત વમન પછે હવે રે જેહથી ન સરે કામ રે
સાજન ! છાંડો એ પરિણામ રે જીમ લહો ગુણ અભિરામ રે સાજન ૧
નરતીરિક જાતિ ચઉ રે થાવર હુંડ સંસ્થાન
આતપ નપુંસક છઠું રે મિચ્છત્ત સોલ માન રે... સાજન૦ ૨
એકસો એક પયડી તણો રે બંધન ઈણ ગુણ ઠાણ
સૂક્ષ્મત્રિક આતપ વળી રે મિથ્યાત્વ પંચ વખાણ રે... સાજન૦ ૩

નરકની આનુ પૂરવી રે એકસો અગ્યાર પ્રમાણ
ઉદય કહ્યો પયડી તણો રે ઉદીરણાં તિમ જાણ રે... સાજન૦ ૪
સત્તાયે એક શત ઉપરે રે પયડી સુડતાલીસ
જિન નામ કર્મતણી ઈહાં રે ન કહીસત્તા જગદીસ રે... સાજન૦ ૫
સાસ્વાદન ગુણ ઠાણા તણો રે અર્થ કહ્યો લવ લેશ
મણિવિજય બુધ ઈમ કહે રે સુણજો છાંડી કલેશ રે... સાજન૦ ૬

## ઢાળ ૩ :

મિશ્ર ગુણ ઠાણું હવે ત્રીજું ભાખ્યું ત્રિભુવન ભાણ રે
અંતર્મુહૂરત સ્થિતિ કહી જેહની સુણજો ચતુર સુજાણ રે... મિશ્ર૦ ૧
તિર્યંચત્રિક થીણદ્ધી ત્રિક દુભગત્રિક વળી કહિયે રે
ચાર અનંતાનુબંધી વિરૂઆ સંઠાણા ચાર મન લહીયે રે... મિશ્ર૦ ૨
પહેલું છેલ્લું સંઘયણ ટાળી નીચ ગોત્રઉદ્યોત નામ રે
અશુભ વિહાયોગતિ વેદ સ્ત્રીનો એ પયડીનાં નામ રે... મિશ્ર૦ ૩
ગુણ ઠાણે એ ત્રીજે પચવીસ પયડી બંધન થાય રે
ઉદયે ચાર અનંતાનુબંધી થાવર એકેંદ્રી કહાય રે... મિશ્ર૦ ૪
વિકલેંદ્રિત્રિક્ તિરિ નર સુરની આનુપૂર્વી નવિ લહીયે રે
મિશ્રોદય મિશ્ર પયડી અંત્યંજ ઉદય એકસો કહીયે રે... મિશ્ર૦ ૫
ઉદીરણા વળી ઉદય તણી પરે જાણો ભવિજન પ્રાણી રે
સત્તાયે સાસ્વાદન ઈણી પરે ભાખે કેવલ નાણી રે... મિશ્ર૦ ૬
ભાવ અનેક બીજે ગુણ ઠાણે કહેતાં પાર ન આવે રે
કપુરવિજય બુધ ચરણ પસાયે મણિવિજય આનંદ પાવે રે... મિશ્ર૦ ૭

## ઢાળ ૪ :

હવે ગુણઠાણું સમકિત ધરીયે રે શીવરમણી જિમ સહેજે વરીયે રે
તે સમકિતના પંચમ ભેદ રે બોલે આગળ જે ધ્રુવેદ રે... હવે૦ ૧
જિન નામકર્મ સુરનર આય રે બંધે સત્યોતેર કહેવાય રે
સમકિત અનુપૂર્વી વિચાર રે ઉદયે એકસો ચાર વિચાર રે... હવે૦ ૨
તેમ ઉદીરણા આગમ ભાખી રે સત્તા સુણજો જેહવી દાખી રે

અપૂર્વાદિક ચઉદે ગુણઠાણે રે ચાર અનંતાનુબંધી જાણે રે... હવે૦ ૩
તિરિ-નિરયનું આઉખું કહીયે રે એકસો બેંતાલીસ સત્તા લહીએ રે
ક્ષપકે સમકિત વારે ઠાણ રે નરક-તિરિ સુર આયુ જામ રે... હવે૦ ૪
પયડી એકસો ને પિસ્તાલીસ રે સાત વિના એકસો અડત્રીસ રે
નવમે અનિવૃત્તિ પહેલે ભાગે રે સત્તા બોલી શ્રી વીતરાગે રે... હવે૦ ૫
કેવલ નાણી ભાખ્યો ધર્મ રે જેહથી લહીયે શીવના શર્મ રે
એ વૃણ તત્ત્વ સુધા જાણી રે મણિવિજય કહે આદરો પ્રાણી રે... હવે૦ ૬

## ઢાળ ૫ :

પંચમ નાણી રે જિનવર ઈમ કહે દેશવિરતિ ગુણઠાણ
સુધો શ્રાવક તેહને જાણીયે જે ધરે જિનવર આણ... પંચમ નાણી રે૦ ૧
પહેલું સંઘયણ નરત્રિક જાણીયે અપ્રત્યાખ્યાન કસાય
તેહના ભેદ રે ચાર વખાણીયે ઔદારિક દોય કહેવાય... પંચમ નાણી રે૦ ૨
એ દશપયડી કે બંધન નવિ હે યે દેશ વિરતિ મઝાર
સતસઠ પયડી રે બંધજ ઈહાં સહી જોજ્યો હૃદય વિચાર...
પંચમ નાણી રે૦ ૩
ઉદય ચાર રે અપચ્ચખાણીયા આનુપૂર્વી નર તિરિયંચ
શ્રુતત્રિક નરત્રિક તે ષટ ભણ્યા વૈક્રિય દુગ વળી સંચ... પંચમ નાણી રે૦ ૪
દુભગ અનાદિ અસંયમ એ વલી સત્તર પયડીઈમ હોય
સત્યાસીનો રે ઉદય ઈહાં કહ્યો તિમ ઉદીરણા રે જોય... પંચમ નાણી રે૦ ૫
સત્તા ચોથો રે એ ગુણ ઠાણથી જાણો ચતુર સુજાણ
મણિવિજય કહે નિત્ય જે એ ધરે તેહને કોડી કલ્યાણ... પંચમ નાણી રે૦ ૬

## ઢાળ ૬ :

છટ્ઠું ગુણ ઠાણું હવે કહેતાં હરખ અપાર રે... સુણો જિનવાણી
પ્રમત્ત નામ છે જેહનું સાધન કહ્યું નિરધાર રે... સુણો જિનવાણી ૧
બંધ થકી નિશ્ચય હોવે ત્રેસઠ પયડી જાણ રે... સુણો જિનવાણી
પ્રત્યાખ્યાની ચારનો બંધ નહીં ઈણ ઠાણ રે... સુણો જિનવાણી ૨
ઉદય થકે હવે સાંભળો તિર્યંચગતિ તિરિ આય રે... સુણો જિનવાણી

નીચગોત્ર ઉદ્યોતનો પ્રત્યાખ્યાની કષાય રે... સુણો જિનવાણી ૩
ઉદયનહીં એ આઠનો આહારક દોય ઉદાર રે... સુણો જિનવાણી
તે ભેળવતાં એકયાસીનો ઉદય કહ્યો સુવિચાર રે... સુણો જિનવાણી ૪
ઉદારણાએ અંત હોવે શાતા-અશાતા દોય રે... સુણો જિનવાણી
આહારકદ્વિક થીણ ત્રિક નર આયુ આઠ તે જોય રે... સુણો જિનવાણી ૫
સત્તા સમકિતથી લહ્યો દાખી આગમ સાર રે... સુણો જિનવાણી
કપુરવિજય ગુરૂજી જયો મણિવિજય હિતકાર રે... સુણો જિનવાણી ૬

## ઢાળ ૭ :

શ્રી જિનવર ઈમ ઉપદિશે અપ્રમત્ત ગુણઠાણે રે
સર્વવિરતિ ઈહાં કહી ધારો મુનિ ગુણખાણી રે... શ્રી જિનવર૦ ૧
સોગ્ અરતિ અથિર દુગુંછા અયશ અશાતા કેરો રે
બંધ નહીં ઈહાં ખટ તણો સુર આયુ બંધ અનેરો રે... શ્રી જિનવર૦ ૨
એકે ઉણી સાઠનો અથવા અઠાવન બંધ રે
આહાર જુગલ માંહે ભેળીયે બીજી પયડી અબંધ રે... શ્રી જિનવર૦ ૩
ઉદય થકી બિહોત્તર પયડી થીણદ્ધી ત્રિક દાખી રે
આહારદ્વિક એ પાંચનો ઉદય નહીં સૂત્ર સાખી રે... શ્રી જિનવર૦ ૪
અપ્રમત્ત આદિ ગુણ ઠાણે શાતા અશાતા નર આય રે
પયડી ત્રણ ઉણી કરો ઈમ ઉદીરણા થાય રે... શ્રી જિનવર૦ ૫
સમકિત ચોથે ગુણ ઠાણે સત્તા તિહાંથી પેખો રે
મણિવિજય બુધ ઈમ કહે પરમાદ ઠાણ ઉવેખો રે... શ્રી જિનવર૦ ૬

## ઢાળ ૮ :

ગુણ ઠાણું હવે આઠમું ભાખ્યું શ્રી જિનરાય
નિવૃત્તિ નામે જાણીયે જેહથી સીઝે કાજ...
સાધુજી સહુ તુમે ચિત્ત ધરો ૧
સાધુજી ! સહુ તુમે ચિત્ત ધરો આણી ઉલટ અંગ
અધ્યવસાય વિશેષથી હોવે એહ સુચંગ... સાધુજી૦ ૨

સાત ભાગ કરીયે તેહના પહેલે અઠાવન
નિદ્રા દોયનો અંત કરે પણ ભાગ છપ્પન... સાધુજી૦ ૩
સમચઉરંસ નિર્માણ ને જિન નામ સુફાર
વરણ ચાર વળી કહ્યા અગુરૂલહુ ચાર... સાધુજી૦ ૪
(સુરદુગ પંચેંદ્રી શુભગતિ ત્રસ નવ નિરધાર
ચાર શરીર ઉરલ વિના દો અંગોપાંગ ઉદાર.... ૪)
એ ત્રીસ પયડી અંત કરેં છઠે ભાગ વિચાર
બંધ કહ્યો છવ્વીસનો સાતમા બાગ મઝાર... સાધુજી૦ ૫
હાસ્ય-રતિ-ભય-દુગુંછનો અંત જીનને વયણ
ઉદય થકી સમકિત વળી છેહલ્લા ત્રણ સંઘયણ... સાધુજી૦ ૬
(ઉદય નહીં એ ચારનો બિહોત્તર ઉદયે જાણિ
ઉદીરણા અપ્રમત્તથી ભાખી કેવલ નાણિ... સાધુજી૦ ૬)
ચોથા સમકિત ઠાણથી સત્તા દિલમાં આણ
કપુર વિજય ગુરૂરાજથી મણિ વદે ઈમ વાણ... સાધુજી૦ ૭

## ઢાળ ૯ :

અનિવૃત્તિ નવમું આદરો ગુણઠાણું હો મુનિવર સુખકાર કે
અંતર્મુહૂરત સ્થિતિ જેહની સ્થિતિ જાણો હો શાસ્ત્રને અનુસાર કે અનિવૃત્તિ૦ ૧

બંધ કહ્યો બાવીસનો વળી કીજે હો એહના પાંચ ભાગ કે
પુરૂષવેદ સંજવલચાર એ કેકો હો કીજે એહ ત્યાગ કે... ૨

ઉદય હોવે છાસઠનો હાસ્યરતિનો હો વળી અરતિ નિવાર કે
ભય સોગ દુગુંછા ષટ તણો નવિ લહીયે હો ઉદય વિચાર કે... ૩

ઉદીરણા ત્રેસઠની સત્તા દાખી હો બીજા ભાગ મઝાર કે
થાવર તિરિ નવય દુગ આદિમ દુગ હો થિણદ્ધિ ત્રણ નિરધાર કે... ૪

એકેંદ્રી વિકલ સાધારણ એ સોળે હો સત્તા નવિ હોય કે
એકસો બાવીસ ઉપરે બીજે ભાગે હો સત્તાનું જોય કે... ૫

ત્રીજે ભાગે સાંભળો ક્ષય થાયે હો બિય તિય કષાય કે
ચોથે પાંચમે ષટ્ભાગે સાત આઠમે હો એકસો ચાર પાય કે... ૬

નૌમે સો ત્રણ ઉપરે નપુંસક હો સ્ત્રીવેદ ષટ હાસ્ય કે
પુરૂષવેદ સંજવલનએ ત્રણનો ક્ષય હોવે હો ભાગે અનુક્રમે જાસ કે... ૭

નવમા ભાગને છેહડે માયાનો હો પ્રભુ ભાખ્યો અંત કે
કપુર વિજય ગુરૂ રાજનો સીસ પભણે હો નિજમનમેં ખંત કે... ૮

## ઢાળ ૧૦ :

સૂક્ષ્મ સંપરાય નામે દશમું ગુણ ઠાણું તે જાણ
ચઢતે પરિણામ તે હોવે ભાખ્યું ત્રિભુવન ભાણ રે,
મુનિવર જો જ્યો હૃદય વિચારી ૧
બંધ કહ્યો ઈહાં સિત્તેર પયડી દર્શન કહીયાં ચાર
ઉચ્ચ ગોત્ર યશ નાણાવરણી અંતરાય દશ વાર રે... મુનિવર૦ ૨
એ સોળે પયડી ગુણ ઠાણું ટાળો તે નિરધાર
ઉદય કહ્યો ઈહાં આઠજ પયડી વેદ ત્રણ નિવાર રે... મુનિવર૦ ૩
સંજવલત્રિક એ છ પયડી ઉદય નહીં ઈણે ઠાય
ઉદીરણા સત્તાવન જાણે સત્તા શત દુગ થાય રે... મુનિવર૦ ૪
સંજવલનો લોભ અંત કરે ઈહાં જુઓ સૂત્ર અનુસાર
કપુરવિજય પંડિત સુપસાયે મણિવિજય જયકાર રે... મુનિવર૦ ૫

## ઢાળ ૧૧ :

હવે સુણજો ભવિયણ પ્રાણી શ્રી જિનવર કેરી વાણી
ઉપશાંત મોહ ગુણઠાણું એકાદશમું એ જાણી... ૧
બંધે કહી પયડી અક આગમે જોઈ સુવિવેક
સાતા વેદની બંધ ઉદાર બીજી પયડી નહી નિરધાર... ૨
ઉદય થકી હવે સુણિયે એકે ઉણી આઠે ગણિયે
લોભ સંજવલ કેરો અંત ઈણ ઠાણે એહીજ તંત... ૩
ઉદીરણા તણો અધિકાર સાંભળતાં હર્ષ અપાર

ભાખી પયડી છપ્પન જેહ મનમાંહે આણો તેહ... ૪
સકલ પંડિત શિરદાર કપૂરવિજય સુખકાર
તસ ચરણ પસાયજ પામી મણિવિજય કહે શિરનામી... ૫

## ઢાળ ૧૨ :

શ્રી જિનવરજી એમ બોલે વાણી તે અમૃત તોલે, હો, સુણો મુનિ સમભાવે
ક્ષીણ મોહ ગુણઠાણ દ્વાદશમું ગુણ મણીખાણ હો... સુણો૦ ૧
બંધ કહ્યો સત્તા કેરો ઉદયે તે ભેદ અનિરોહો હો સુણો૦
ઋષભ નારાચ દુગ ટાળો સત્તવિન ઉદય નિહાળો હો... સુણો૦ ૨
ઉદય છેહલે છે ભાગે નિદ્રા પ્રચલા નવિ લાગે હો સુણો૦
ઉદીરણા ચોપન કેરી સત્તાયે પયડી અનેરી હો... સુણો૦ ૩
છેલ્લા દુગ સમય જોય એકસો એક પયડી હોય હો સુણો૦
નિદ્રા નિદ્રા પ્રચલા અંત નવાણું ભેદ એ તંત હો... સુણો૦ ૪
દંસણ ચાર પંચ જ્ઞાન અંતરાય પણ ચઉદ જ માન હો સુણો૦
અંત કરે એહનો છેહડે નવિ ઉપજે તે ફરી કેડે હો... સુણો૦ ૫
સકલ પંડિત શિણગાર કપુરવિજય શિરદાર હો સુણો૦
તસ સુપસાયેં એ ભાવ જાણ્યા મણિવિજય તેહ વખાણ્યા હો... સુણો૦ ૬

## ઢાળ ૧૩ :

ગુણ ઠાણો હવે તેરનો રે ભાખ્યો શ્રી જિનરાય રે
સયોગી નામે ભલું રે આવ્યું તે નવિ જાણ રે... ગુણ ઠાણો૦ ૧
બંધે શાતાવેદની રે ઉદય કહ્યું નિરધાર રે
નાણાવરણી પાંચે સહી રે અંતરાય પંચ વિચાર રે... ગુણ ઠાણો૦ ૨
દર્શન ચારે ચઉદનો રે ઉદય નહીં ઈણ ઠાણ રે
તીર્થંકર નામ ભેળતાં રે બેંતાલીસ ઉદય પરિણામ રે... ગુણ ઠાણો૦ ૩
ઉદે થીર ખગે ઈગ દુગે રે પ્રત્યેક ત્રિક છ સંઠાણ રે
અગુરૂ લઘુ વર્ણ ચારનો રે નિર્માણ તેયસ જાણ રે... ગુણ ઠાણો૦ ૪
કાર્મણ પહેલાં સંઘયણનો રે દૂસર સુસર જોય રે
શાતા અશાતા એકનો રે એત્રીસનો અંત હોય રે... ગુણ ઠાણો૦ ૫

એક ઉણી ચાલીસની રે ઉદીરણા અવદાત રે
પંચાશી પયડી તણી રે સત્તા જેહ વિખ્યાત રે... ગુણ ઠાણો૦ ૬
સંપ્રતિ પંચ વિદેહમાં રે વિચરે વીસ મુણિંદ રે
સયોગી ઠાણે અલંકર્યા રે સેવે સુર નર વૃંદ રે... ગુણ ઠાણો૦ ૭
દોય કોડી સાધુ કેવલી રે વંદન તેહને ત્રિકાલ રે
કપુરવિજય ગુરૂ નામથી રે મણિવિજય મંગલ માલ રે... ગુણ ઠાણો૦ ૮

## ઢાળ ૧૪ :

અયોગી નામે ચૌદમું એ ગુણઠાણું શ્રીકાર
કહ્યું એ જિનવરૂ એ અ, ઈ, ઉ, ઋ, લૃ સમાન
કે માનજ એહનું એ જેહથી શિવસુખ સાર...
કહ્યું એ જિનવરૂએ૦ ૧
બંધ નહીં પયડી તણો એ ઉદયતણો સાવજોય
સુભગ આદેય જશવળીએ વેદની ત્રસ ત્રિક હોય...
કહ્યું એ જિનવરૂએ૦ ૨
પંચેંદ્રી જાતિ નર આઉખુંએ નરની ગતિ જિન નામ
ઉંચગોત્ર ત્રણ બારનો એ અંત થાય છેહડે તામ...
કહ્યું એ જિનવરૂએ૦ ૩
ઉદીરણા ઈહાં નવિ લહીયે સત્તા સુણો વિરતંત
છેહલા દુગસમે જાણીયે એ બિહોતર પયડીનો અંત...
કહ્યું એ જિનવરૂએ૦ ૪
નામ થકી હવે તે કહું એસ્વર ખગે ગંધ દોય
ફરસ આઠ વર્ણ પાંચનો એ રસ તનું બંધન સોય...
કહ્યું એ જિનવરૂએ૦ ૫
સંઘાતન એ સવિ તણીએ પંચ પંચ પયડી જેહ
નિર્માણ નામ તે ભેળતાં એ ચાલીશ પુરી એહ...
કહ્યું એ જિનવરૂએ૦ ૬
સંઘયણ અથિર ષટ સહીયે સંસ્થાન ખસુ વિવેક

અગુરૂ લઘુ ચાર અપજજત્તાએ અશાતા શાતા એક...

કહ્યું એ જિનવરૂએ૦ ૭

પ્રત્યેક ઉપાંગ ત્રિણ ત્રિણ કહ્યા એ સુસર નીચ ગોત્ર જાણ
એ બહોંતેર પયડી તણો એ અંત હોયે ઈણ ઠામ...

કહ્યું એ જિનવરૂએ૦ ૮

છેહ સમયે પયડીતણો એ અંત કરે ગુણવંત
આઠે કર્મને ખેપવી એ પામે સુખ અનંત...

કહ્યું એ જિનવરૂએ૦ ૯

ઈમ અનેક ભેદ સુંદરૂ એ આગમ શાસ્ત્ર મઝાર
મણિવિજય બુધ ઉપદિસે એ શાસ્ત્રતણે અનુસાર...

કહ્યું એ જિનવરૂએ૦ ૧૦

## કળશ

શંખેશ્વર પરમેશ્વર સાહેબ એ સમ દેવ ન દૂજો રે

પૂજો પૂજો રે પ્રભુ પાસજીને પૂજો ૧

જેહને નામે નવનિધિ પામે મુક્તિ વધુ તસ કામે
સુર નર નારી બે કરજોડી આવીને શીર નામે રે... પૂજો૦ ૨
તેહ તણે સુપસાયે હરખે ગુણઠાણા સુવિચાર
બંધ ઉદય ઉદીરણા સત્તા ભાખી પર ઉપગાર રે... પૂજો૦ ૩
શાપુર મંડણ શાંતિ જિનેશ્વર મહિમા મહિયલ ગાજે
પાસ ચિંતામણી ચિંતાચૂરે સહસ ફણા જિનરાજે રે... પૂજો૦ ૪
કેસર ચંદન મૃગમદ ઘોળી પૂજે જે નર નારી
ભાવના ભાવે જિનવર આગે તેહની દુર્ગતિ વારી રે... પૂજો૦ ૫
તપગચ્છ નાયક પુણ્યે પુરી શ્રી વિજયદેવસૂરીંદ
તસ પટ્ટ ધારક કુમતિવારક શ્રી વિજયપ્રભમુણીંદો રે... પૂજો૦ ૬
સકલ પંડિત શિર મુગટ નગીનો કપૂરવિજય ગુરૂ સીસ
મણિવિજય બુધ ઈણ પેરે જલ્પે પૂરો સંઘ જગીસ રે... પૂજો૦ ૭

## ૨૪૧. બાર ભાવનાની સજ્ઝાયો (૧) (ઢાળ-૧૨)

### દુહા

પાસ જિનેસર પયનમી સદ્‌ગુરૂને આધાર
ભવિયણ જનને હિત ભણી ભણશું ભાવના બાર... ૧
પ્રથમ અનિત્ય અશરણપણું એહ સંસાર વિચાર
એકલપણું અન્યત્ત્વ તિમ અશુચિ આશ્રવ ભાર... ૨
સંવર નિર્જર ભાવના લોકસરૂપ સુબોધિ
દુલ્લહ ભાવના જિન ધરમ એણીપરે કરે જીઉ સોધિ... ૩
રસકૂપી રસ ભાવિઓ લોહથકી હોય હેમ
જીઉ ઈણ ભાવન સુદ્ધ હુયે પરમરૂપ લહે તેમ... ૪
ભાવ વિના દાનાદિક જાણો અલૂણું ધાન
ભાવરસાંગ મળ્યા પછી ત્રુટે કરમ નિદાન... ૫

### ઢાળ ૧

પહેલી ભાવના એણીપેરે ભાવીએજી અનિત્યપણું સંસાર
ડાભ અણી ઉપર જલબિંદુઓજી ઈંદ્ર ધનુષ અનુહાર... સહજ૦ ૧

સહજ સંવેગી સુંદર આતમાજી ધર જિન ધર્મશું રંગ
ચંચળ ચપળાની પરે ચિંતવેજી કૃત્રિમ સવિહુ સંગ... સહજ૦ ૨

ઈંદ્રજાળસુહણા શુભ-અશુભશુંજી કૂડો તોષ ને રોષ
તિમ ભમ ભૂલા અથિર પદારતેજી શ્યો કીજે મન શોષ ?... સહજ૦ ૩

ઠાર ત્રેહ પામરના નેહ જ્યુંજી યૌવન એ રંગરોલ
ધનસંપદ પણ દીસે કારમીજી જેહવા જલધિ કલ્લોલ... સહજ૦ ૪

મુંજ સરીખે માગી ભાખડીજી રામ રહ્યા વનવાસ
ઈણ સંસારે એ સુખસંપદાજી જિમ સંધ્યારાગ વિલાસ... સહજ૦ ૫

સુંદર એ તનુ શોભા કારમીજી વિણસંતા નહીં વાર
દેવતણે વચને પ્રતિબૂઝીયોજી ચક્રી સનતકુમાર... સહજ૦ ૬

સૂરજ રાહુ ગ્રહણે સમઝીઓજી શ્રી કીર્તિધર રાય
કરકંડુ પ્રતિબુઝયો દેખીનેજી વૃષભ જરાકુલ કાય... સહજ૦ ૭

કિહાં લગે ધુંઆ ધવલહરા રહેજી જલ પરપોટો જોય
આઉખું અથિર તિમ મનુષ્યનું જી જે ક્ષણમાં ખેરૂ હોય
ગર્વ મ કરશો કોય... સહજ૦ ૮

અતુલબલી સુરવર જિનવર-જિસ્યાજી ચક્રી હરિબલ જોડી
ન રહ્યા ઈણે જગે કોઈ થિર થઈજી સુરનર ભૂપતિ કોડી... સહજ૦ ૯

## દુહા

પલપલ છીજે આઉખું અંજલી જલ જયું એહ
ચલતે સાથે સંબલો લેઈ શકે તો લેહ... ૧
લીયે અચિંત્ય ગલશું ગ્રહી સમય સિંચાણો આવી
શરણ નહીં જિનવયણ વિણ તેણે હવે અશરણ ભાવી... ૨

## ઢાળ ૨ :

બીજી અશરણ ભાવના ભાવો હૃદય મઝાર રે
ધરમ વિના પરભવ જતાં પાપે ન લહીશ પાર રે
જાઈશ નરક દુવાર રે, તિહાં તુજ કવણ આધાર રે... લાલ૦
લાલ સુરંગા રે પ્રાણીઆ મૂકને મોહ જંજાળ રે
મિથ્યામતિ સવિ ટાળ રે માયા આળ પંપાળ રે... લાલ૦ ૧
માત-પિતા-સુત-કામિની ભાઈ ભઈણી સહાય રે
મેં-મેં કરતાં રે અજપરે કર્મે ગ્રહ્યો જીઉ જાય રે
તિહાં આડો કો નવિ થાય રે દુઃખ ન લીયે વહેંચાય રે... લાલ૦ ૨
નંદની સોવન્ન ડુંગરી આખર ન આવી કો કાજ રે...
ચક્રી સુભૂમ તે જલધિમાં હાર્યો ષટખંડ રાજ રે
બૂડ્યો ચર્મ જહાજ રે દેવ ગયા સવિ ભાજ રે, લોભે ગઈ તસ લાજ રે...
લાલ૦ ૩

દ્વીપાયન દહી દ્વારિકા બલવંત ગોવિંદ-રામ રે
રાખી ન શક્યા રે રાજવી માતપિતા સુત ધામ રે
તિહાં રાખ્યા જિન નામ રે શરણકીયો નેમિ સ્વામ રે
વ્રત લેઈ અભિરામ રે પહોંત્યા શિવપુર ઠામ રે... લાલ૦ ૪
નિત્યમિત્ર સમ દેહડી સયણાં પર્વ સહાય રે
જિનવર ધર્મ ઉગારશે જિમ તે વંદનીક ભાય રે
રાખે મંત્રી ઉપાય રે સંતોષ્યો વળી રાય રે, ટાળ્યા તેહના અપાય રે...
લાલ૦ ૫
જન્મ-જરા-મરણાદિકા વયરી લાગ્યા છે કેડ રે
અરિહંત શરણ તું આદરી ભવભ્રમણ દુઃખ ફેડ રે
શિવસુંદરી ઘર તેડ રે, નેહનવલ રસ રેડ રે, સીંચ સુકૃત સુર પેડ રે...
લાલ૦ ૬

### દુહા

થાવચ્ચા સુત થરહર્યો જોર દેખી જમધાડ
સંયમ શરણું સંગ્રહ્યું ધણ-કણ-કંચન છાંડ... ૧
ઈણ શરણે સુખીયા થયા શ્રી અનાથી અણગાર
શરણ લહ્યા વિણ જીવડા ઈણી પેરે રૂલે સંસાર... ૨

### ઢાળ ૩ :

ત્રીજી ભાવના ઈણી પેરે ભાવીએ રે એહ સ્વરૂપ સંસાર
કર્મવશે જીવ નાચે નવનવ રંગશું રે એ-એ વિવિધ પ્રકાર-
ચેતન ચેતીયે રે ૧
ચેતન ચેતીયે રે લહી માનવ અવતાર
ભવનાટકથી જો હુઆ ઉભગા રે તો છાંડો વિષયવિકાર... ચેતન૦ ૨
કબહી ભૂજલ જલણાનિલતરૂમાં ભમ્યો રે કબહી નરક નિગોદ
બિતિચઉરિંદ્રીયમાંહે કેઈ દિન વસ્યો રે કબહીક દેવ વિનોદ... ચેતન૦ ૩
કીડી પતંગ હરિ માતંગપણું ભજે રે કબહીક સર્પ શીયાળ
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય કહાવતો રે હોવે શૂદ્ર ચંડાલ... ચેતન૦ ૪

લખ ચોરાશી ચૌટે રમતો રંગશું રે કરી કરી નવનવા વેશ
રૂપ-કુરૂપ ધની નિર્દ્રવ્ય સોભાગીઓ રે દુર્ભાગી દરવેશ... ચેતન૦ ૫
દ્રવ્ય-ક્ષેત્ર સૂક્ષ્મને બાદર ભેદશું રે કાલભાવ પણ તેમ
અનંત અનંતા પુદ્‌ગલ પરાવર્ત કર્યા રે કહ્યો પન્નવણા એમ... ચેતન૦ ૬
ભાઈ બ્હેન નરનારી તાતપણું ભજે રે માતપિતા હોયે પુત્ર
તેહી જ નારી વૈરી ને વળી વાલહી રે એહ સંસારહ સૂત્ર... ચેતન૦ ૭
ભુવન ભાનુ જિન ભાખ્યાં ચરિત્ર સુણી ઘણાં રે સમજ્યા ચતુર સુજાણ
કર્મ વિવર વશ મૂકી મોહ વિંટબના રે મળ્યા મુગતિ જિન ભાણ...
ચેતન૦ ૮

## દુહા

ઈમ ભવો ભવ જે દુઃખ સહ્યાં તે જાણે જગનાથ
ભયભંજણ ભાવઠ હરણ ન મળ્યો વિહડ સાથ... ૧
તેણે કારણ જીવ એકલો છોડી રાગ ગલ પાસ
સણિસંસારી જીવશું ઘર ચિત્ત ભાવ ઉદાસ... ૨

## ઢાળ ૪ :

ચોથી ભાવના ભવિયણ મન ધરો ચેતન ! તું એકાકી રે
આવ્યો તિમ જાઈશ પરભવ વળી ઈહાં મૂકી સવિ બાકી રે... ૧
મ-મ કર મમતા રે સમતા આદરો આણી ચિત્ત વિવેકો રે
સ્વારથીયા સ્વજન સહુએ મળ્યાં સુખ-દુઃખ સહેશે એકો રે... મમ૦ ૨
વિત્ત વહેંચણ આવી સહુએ મળે વિપત્તિ સમય જાય નાસી રે
દવ બળતો દેખી દશદિશેં પુલે જેમ પંખી તરૂવાસી રે... મમ૦ ૩
ષટખંડ નવનિધિ ચૌદ રયણ ધણી ચોસઠ સહસ સુનારી રે
છેડો છોડી તે ચાલ્યા એકલા હાર્યો જેમ જુગારી રે... મમ૦ ૪
ત્રિભુવન કંટક બિરૂદ ધરાવતા કરતા ગર્વ ગુમાનો રે
ત્રાગાવિણ નાગા તે સહુ ચાલ્યા રાવણ સરિખા રાજાનો રે... મમ૦ ૫
માત રહે ઘર સ્ત્રી વિશ્રામિતા પ્રેતવના લગે લોકો રે
ચય લગે કાયા રે આખર એકલો પ્રાણી ચલે પર લોકો રે... મમ૦ ૬

નિત્ય કલહો બહુ મેળે દેખીઓ બિહુંપણે ખટપટ થાય રે
વલયાની પરે વિહરીશ એકલો ઈમ બૂઝયો નમિરાય રે... મમ૦ ૭

## દુહા

ભયસાયર બહુ દુઃખ જલે જન્મ-મરણ તરંગ
મમતા તંતુ તિણે ગ્રહ્યો ચેતન ચતુર માતંગ... ૧
ચાહે જો છોડણ ભણી તો ભજ ભગવંત મહંત
દૂર કરે પર બંધને જિમ જળથી જલકંત... ૨

## ઢાળ ૫ :

પાંચમી ભાવના ભાવીયે રે, જીવ અન્યત્વ વિચાર;
આપ સવારથી એ સહુ રે, મળીયો તુજ પરિવાર. સં૦ ૧

સંવેગી સુંદર બુઝ, મા મુઝ ગમાર;
તારું કો નહીં ઈણ સંસાર, તું કેહનો નહી નિરધાર. સં૦ ૨

પંથશિરે પંથી મળ્યા રે, કીજે કિણહીશું પ્રેમ;
રાતિ વસે પ્રહ ઊઠી ચલે રે, નેહ નિર્વાહ કેમ ? સં૦ ૩

જિમ મેળો તીરથે મળે રે, જન જન વણજની ચાહ;
કૈ ત્રોટો કૈ ફાયદો રે, લેઈ લેઈ નિજ ઘર જાહ. સં૦ ૪

જિહાં કારજ જેહનાં સરે રે, તિહાં લગે દાખે નેહ;
સૂરિકાંતા નારી પરે રે, છટકી દેખાડે છેહ. સં૦ ૫

ચૂળણી અંગજ મારવા રે, કૂડુ કરે જતુગેહ;
ભરત બાહુબલી જુઝીયા રે, જો જો નિજના નેહ. સં૦ ૬

શ્રેણિક પુત્રે બાંધીયો રે, લીધું વહેંચી રાજ્ય;
દુઃખ દીધું બહુ તાતને રે, દેખો સુતના કાજ. સં૦ ૭

એ ભાવનાએ શિવપુર લહે રે, શ્રી મરૂદેવી માય;
વીર શિષ્યે કેવળ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય. સં૦ ૮

### દુહા

મોહ વશી મન મંત્રવી ઈંદ્રિય મળ્યા કલાલ
પ્રમાદ મદિરા પાય કે બાંધો જીવ ભૂપાલ... ૧
કર્મ જંજીર જડી કરી સુકૃત માલ સવિ લીધ
અશુભ વિરસ દુર્ગંધમય તનુ રહેવાને દીધ... ૨

### ઢાળ ૬ :

છઠ્ઠી ભાવના મન ધરો જીઉ અશુચિ ભરી એ કાયા રે
શી માયા રે માંડે કાચા પિંડશું એ... ૧

નગરખાળ પરે નિતુ વહે કફમલમૂત્ર ભંડારો રે
તિમ દ્વારો રે નર નવ, દ્વાદશ નારીનાં એ... શી માયા રે૦ ૨

દેખી દુર્ગંધ દૂરથી તું મુંહ મચકોડે માણે રે
નવિ જાણે રે તિણ પુદ્ગલ નિજતનુ ભર્યું એ... શી માયા રે૦ ૩

માંસ રૂધિર મેદા રસેં અસ્થિ મજ્જા નર બીજે રે
શું રીઝે રે રૂપ દેખી દેખી આપણું એ... શી માયા રે૦ ૪

કૃમિ વાલાદિક કોથળી મોહરાયની ચેટી રે
એ પેટી રે ચર્મજડિત ઘણા રોગની એ... શી માયા રે૦ ૫

ગર્ભવાસ નવ માસમાં કૃમિ પરે મળમાં વસિયો રે
તું રસિયો રે ઉંધે માથે ઈમ રહ્યો એ... શી માયા રે૦ ૬

કનક કુંવરી ભોજન ભરી તિહાં દેખી દુર્ગંધ બૂઝ્યા રે
અતિ ઝુઝયા રે મલ્લિ મિત્ર નિજ કર્મશું એ... શી માયા રે૦ ૭

### દુહા

તન છિલ્લર ઈંદ્રિય મચ્છા વિષય કલણ જંબાળ
પાપકલુષ પાણી ભર્યું આશ્રવ વહે ઘડ નાળ... ૧
નિર્મલપખ સહજે સુગતિ નાણ વિન્નાણ રસાલ
શું બગની પરે પંક જલ ચુંથે ચતુર મરાલ... ૨

## ઢાળ ૭ :

આશ્રવભાવના સાતમી રે સમજો સુગુરૂ સમીપ
ક્રોધાદિક કાંઈ કરો રે પામી શ્રી જિન દીપો રે
સુણ સુણ પ્રાણીયા પરિહર આશ્રવ પંચ
દશમે અંગે જિન કહ્યાં જેહના દુષ્ટ પ્રપંચો રે... સુણસુણ૦ ૧

હોંશે જે હિંસા કરે રે તે લહે કટુક વિપાક
પરિહોસે ગોત્રાસની રે જોજો અંગ વિપાકો રે... સુણસુણ૦ ૨

મિથ્યાવચણે વસુ નડ્યો રે મંડિક પરધન લેઈ
ઈમ અબ્રહ્મે રોળવ્યાં રે ઈંદ્રાદિક સુર કેઈ રે... સુણસુણ૦ ૩

મહાઆરંભ પરિગ્રહે રે બ્રહ્મદત્ત નરક પહૂત
સેવ્યાં શત્રુપણું ભજે રે પાંચે દુર્ગતિ દૂતો રે... સુણસુણ૦ ૪

છિદ્ર સહિત નાવા જલે રે બૂડે નીર ભરાય
તિમ હિંસાદિક આશ્રવે રે પાપે પિંડ ભરાયો રે... સુણસુણ૦ ૫

અવિરતિ લાગે એકેંદ્રિયા રે પાપસ્થાનક અઢાર
લાગે પાંચે હી ક્રિયા રે પંચમ અંગ વિચારો રે... સુણસુણ૦ ૬

કટુક ક્રિયા થાનક ફળ્યાં રે બોલ્યા બીજે રે અંગ
કહેતાં હીયડું કમકમે રે વિરૂઓ તાસ પ્રસંગો રે... સુણસુણ૦ ૭

મૃગ પતંગ અલી માછલું રે કરી એક વિષય પ્રપંચ
દુઃખીયા તે કિમ સુખ લહે રે જસ પરવશ એહ પંચો રે...સુણસુણ૦ ૮

હાસ્ય નિંદ વિકથા વસે રે નરક નિગોદે રે જાત
પૂરવધર શ્રુત હારીને રે અવરાંની શ્રી વાતો રે... સુણસુણ૦ ૯

## દુહા

શુભમાનસ માનસ કરી ધ્યાન અમૃદરસ રેલી
નવદલ શ્રી નવકાર પદ કરી કમલાસન કેલી... ૧

પાતક પંક પખાલીને કરી સંવરની પાળ
પરમહંસ પદવી ભજો છોડી સકલ જંજાળ... ૨

## ઢાળ ૮ :

આઠમી સંવર ભાવનાજી, ધરી ચિત્તશું એકતાર;
સમિતિ ગુપ્તિ સૂધી ધરોજી, આપોઆપ વિચાર;
સલૂણા ! શાંત સૂધારસ ચાખ,........
વિરસ વિષય ફળ ફૂલડેજી, અટતો મન અલિ રાખ. સ૦ ૧

લાભ અલાભે સુખ દુઃખેજી, જીવિત મરણ સમાન;
શત્રુ મિત્ર સમ ભાવતોજી, માન અને અપમાન. સ૦ ૨

કયારે પરિગ્રહ છાંડશુંજી, લેશું સંયમ ભાર;
શ્રાવક ચિંતે હું કદાજી, કરીશ સંથારો સાર. સ૦ ૩

સાધુ આશંસા ઈમ કરેજી, સૂત્ર ભણીશ ગુરુ પાસ;
એકલ મલ્લ પ્રતિમા રહીજી, કરીશ સંલેષણ ખાસ. સ૦ ૪

સર્વ જીવ હિત ચિંતવોજી, વયર મ કર જગ મિત્ત;
સત્ય વચન મુખ ભાખીએજી, પરિહર પરનું વિત્ત. સ૦ ૫

કામ કટક ભેદણ ભણીજી, ધર તું શીલ સન્નાહ;
નવવિધ પરિગ્રહ મૂકતાંજી, લહીએ સુખ અથાહ. સ૦ ૬

દેવ મણુઅ ઉપસર્ગશું જી, નિશ્ચળ હોય સધીર;
બાવીશ પરીસહ જીતીયેજી, જિમ જીત્યા શ્રી વીર. સ૦ ૭

## દુહા

દઢપ્રહારી દઢ ધ્યાન ધરી ગુણનિધિ ગજસુકુમાલ
મેતારજ મદન ભ્રમો સુકોશલ સુકુમાલ... ૧
ઈમ અનેક મુનિવર તર્યા ઉપશમ સંવર ભાવ
કઠિનકર્મ સવિ નિર્જર્યા તેણે નિર્જર પ્રસ્તાવ... ૨

## ઢાળ ૯ :

નવમી નિર્જર ભાવના, ચિત્ત ચેતો રે આદરો વ્રત પચ્ચખાણ ચતુર ચિત્ત ચેતો રે
પાપ આલોચો ગુરૂ કન્હે ચિત્ત ચેતો રે ધરિયે વિન સુજાણ ચિત્ત ચેતો રે ૧

વૈયાવચ્ચ બહુવિધ કરો ચિત્ત ચેતો રે દુર્બળ બાળ ગિલાન ચિત્ત ચેતો રે
આચારજ વાચક તણો ચિત્ત ચેતો રે શિષ્ય સાધર્મિક જાણ ચિત્ત ચેતો રે ૨

તપસી કુલ ગણ સંઘનો ચિત્ત ચેતો રે સ્થવિર પ્રવર્તક વૃદ્ધ ચિત્ત ચેતો રે
ચૈત્ય ભક્તિ બહુ નિર્જરા ચિત્ત ચેતો રે દશમે અંગ પ્રસિદ્ધ ચિત્ત ચેતો રે ૩

ઉભયટંક આવશ્યક કરો ચિત્ત ચેતો રે સુંદર કરી સજ્ઝાય ચિત્ત ચેતો રે
પોષહ સામાયિક કરો ચિત્ત ચેતો રે નિત્ય પ્રત્યે નિયમન ભાય ચિત્ત ચેતો રે ૪

કર્મસૂદન કનકાવલી ચિત્ત ચેતો રે સિંહ નિક્રીડિત દોય ચિત્ત ચેતો રે
શ્રી ગુણરયણ સંવત્સરૂ ચિત્ત ચેતો રે સાધુ પડિમા દશ દોય ચિત્ત ચેતો રે ૫

શ્રુત આરાધન સાચવો ચિત્ત ચેતો રે યોગ વહન ઉપધાન ચિત્ત ચેતો રે
શુક્લધ્યાન સૂધું ધરો ચિત્ત ચેતો રે આયંબિલ તપ વર્ધમાન ચિત્ત ચેતો રે ૬

ચૌદ સહસ અણગારમાં ચિત્ત ચેતો રે ધન ધન્નો અણગાર ચિત્ત ચેતો રે
સ્વયંમુખ વીર પ્રશંસીયો ચિત્ત ચેતો રે ખંધક મેઘકુમાર ચિત્ત ચેતો રે ૭

## દુહા

મન દારૂ તન નાલી કરી ધ્યાનાનલ સળગાવી
કર્મ કટક ભેદન ભણી ગોળા જ્ઞાન ચલાવી... ૧
મોહ રાય મારી કરી ઉંચો ચઢી અવલોય
ત્રિભુવન મંડપ માંડણી જિમ પરમાનંદ હોય... ૨

## ઢાળ ૧૦ :

દશમી લોકસ્વરૂપ રે ભાભના ભાવીએ નિસુણી ગુરૂ ઉપદેશથી એ... ૧
ઉર્ધ્વ પુરૂષ આકાર રે પગ પહોળા કરી કર દોય કટી રાખીએ એ... ૨

એણે આકારે લોક રે પુદ્ગલ પૂરીઓ જિમ કાજળની કુંપળી એ... ૩
ધર્મ અધર્મ આકાશ રે દેશ પ્રદેશ એ જીવ અનંતે પૂરીઓ એ... ૪
સાતરાજ દેશો ન રે ઉર્ધ્વ તિરિય મળી અધો લોગ સાત સાધિકું એ... ૫
ચૌદ રાજ ત્રસ નાડી રે ત્રસ જીવાલય એક રજ્જુ દીર્ઘ વિસ્તરૂ એ... ૬
ઉર્ધ્વ સુરાલય સાર રે નિરય ભુવન નીચે નાભી નરતિરિ દો સુરા એ... ૭
દ્વીપ-સમુદ્ર અસંખ્ય રે પ્રભુમુખ સાંભળી રાય ઋષિ શિવ સમજીએ એ... ૮
લાંબી પહોળી પણયાલ રે લખ જોયણ લહી સિદ્ધ શિલા શિર ઉજળી એ... ૯
ઉંચો ધનુસયતીનરે તેત્રીસ સાધિકે સિદ્ધ યોજનને છેહડે એ... ૧૦
અજર અમર નિકલંક રે નાણદંસણમય તે જોવા મન ગહગહે એ... ૧૧

### દુહા

વાર અનંતી ફરસીઓ છાલી વાટક ન્યાય
નાણ વિના નવિ સાંભરે લોકભ્રમણ ભડવાય... ૧
રત્નત્રય ત્રિહું ભુવનમે દુલહા જાણી દયાળ
બોધિરયણ કાજે ચતુર આગમખાણ સંભાળ... ૨

### ઢાળ ૧૧ :

દશ દષ્ટાંતે દોહિલો રે લાધો મણુઅ જમારો રે
દુલહો અંબર ફુલ જ્યું રે આરજ ઘર અવતારો રે... મોરા જીવન રે
બોધિભાવના ઈગ્યારમી રે ભાવો હૃદય મઝારો રે... મોરા જીવન રે ૧

ઉત્તમ કુલ તિહાં દોહિલો રે સદ્ગુરૂ ધર્મ સંયોગો રે
પાંચે ઈંદ્રિય પરવડાં રે દુલ્લહો દેહ નીરોગો રે... મોરા જીવન રે ૨

સાંભળવું સિદ્ધાંતનું રે દોહિલું તસ ચિત્ત ધરવું રે
સૂધી સદ્દહણા ધરી રે દુષ્કર અંગે કરવું રે... મોરા જીવન રે ૩

સામગ્રી સઘળી લહી રે મૂઢ મુધા મમ હારો રે
ચિંતામણી દેવે દીયો રે હાર્યો જેમ ગમારો રે... મોરા જીવન રે ૪

લોહ કીલકને કારણે રે કુણ યાન જલધિમાં ફોડે રે
ગુણકારણ કોણ નવ લખો રે હાર હીયાનો તોડે રે... મોરા જીવન રે ૫

બોધિરયણ ઉવેખીને રે કોણ વિષયાર્થે દોડે રે
કંકર મણિ સમોવડ કરે રે ગજ વેચે ખર હોડે રે... મોરા જીવન રે ૬

ગીત સુણી નટડી કને રે ક્ષુલ્લકે ચિત્ત વિચાર્યું રે
કુમારાદિક પણ સમજીયા રે બોધિરયણ સંભાર્યું રે... મોરા જીવન રે ૭

## દુહા

પરિહર હરિહર દેવ સવિ સેવ સદા અરિહંત
દોષ રહિત ગુરૂ ગણધરા સુવિહિત સાધુ મહંત... ૧
કુમતિ કદાગ્રહ મૂક તું શ્રુત ચારિત્ર વિચાર
ભવજલ તારણ પોત સમ ધર્મ હિયામાં ધાર... ૨

## ઢાળ ૧૨ :

ધન ધનધર્મ જગ હિતકરૂ ભાખ્યો ભલો જિન દેવ રે
ઈહ પરભવ સુખદાયકો જીવડા ! જનમ લગે સેવ રે
ભાવના સરસ સુર વેલડી રોપ તું હૃદય આરામ રે
સુકૃત તરૂ લહિય બહુ પસરતી સફળ ફળશે અભિરામ રે... ભાવના૦ ૧
ક્ષેત્ર શુદ્ધિ કરીય કરૂણારસે કાઢી મિથ્યાદિક સાલ રે
ગુપ્તિ ત્રિહું કોપ રૂડી પરે નીક તું સમિતિની વાળ રે... ભાવના૦ ૨
સીંચજે સુગુરૂ વચનામૃતે કુમતિ કંથેર તજી સંગ રે
ક્રોધ માનાદિક સૂકરા વાનરા વારિ અનંગ રે... ભાવના૦ ૩
સેવતાં એહને કેવલી પન્નર સય તીન અણગાર રે
ગૌતમ શિષ્ય શિવપુર ગયા ભાવતાં દેવગુરૂ સાર રે... ભાવના૦ ૪
શુક પરિવ્રાજક સીધલો અર્જુનમાળી શિવવાસ રે

રાય પ્રદેશી હુતો પાપીયો કાપીયો તાસ દુ:ખ પાસ રે... ભાવના૦ ૫
દુષમ સમય દુપ્પસહ લગે અવિચલ શાસન એહ રે
ભાવશ્યું ભવિયણ જે ભજે તેહ શુભમતિ ગુણગેહ રે... ભાવના૦ ૬

## દુહા-કળશ

તપગચ્છપતિ વિજય દેવગુરૂ, વિજયસિંહ મુનિરાય,
શુદ્ધ ધર્મદાયક સદા, પ્રણમો એહના પાય... ૧

## ઢાળ ૧૩

તુમે ભાવો રે ભવિ ! ઈણીપરે ભાવના ભાવો,
તન મન વયણ ધર્મેલય લાવો જિમ સુખ સંપદ પાવો રે... ભવિ૦ ૧
લલના લોચન ચિત્ત ન ડોલાવો, ધન કારણ કાંઈ ધાવો,
પ્રભુશું તારો તાર મિલાવો, જો હોય શિવપુર જાવો,
આસક્તિ ભાવ તજો ન ભવિયાં, કાંઈ ગર્ભાવાસ ન આવો... ભવિ૦ ૨
જંબુની પરે જીવ જગાવો, વિષય થકી વિરમાવો,
એ હિત શીખ અમારી માની, જગજસ પડહ વજાવો રે... ભવિ૦ ૩
શ્રી જસસોમ વિબુધ વૈરાગી, જસ યશ ચિહુંખંડ ચાવો,
તાસ શિષ્ય કહે ભાવના ભાવતાં, ઘરઘર હોય વધાવો રે... ભવિ૦ ૪

## દુહા

ભોજન નભ ગુણ વરસ, શુચિ સીત તેરસ કુ જવાર,
ભગતિ હેતુ ભાવના ભણી, જેસલમેર મોઝાર... ૧

## ૨૪૨. અશરણ ભાવનાની સજઝાય

કો નવિ શરણં કો નવિ શરણં, મરતાં કુણને પ્રાણી રે,
બ્રહ્મદત્ત મરતો નવિ રાખ્યો, જસ હય ગય બહુરાણી રે.
તસ નવનિધિ ધન ખાણી રે કો નવિ. ૧

માતપિતાદિક ટગમગ જોતાં, યમ લે જનને તાણી રે,
મરણ થકી સૂરપતિ નવિ છૂટે, નવિ છૂટે ઈન્દ્રાણી રે. કો નવિ૦ ૨

હય ગય રથ નર કોડી વિદ્યાધર, રહે ન નિત રાયા રાય રે,
બહુ ઉપાય તે જીવન કાજે, કરતાં અશરણ જાય રે. કો નવિ૦ ૩

મરણ ભીતિથી કદાચિત જીવો, જો પેસે પાયાલે રે,
ગિરિ દરિ વન અંબુધિમાં જાવે, તો ભી હરિયે કાળે રે. કો નવિ૦ ૪

અષ્ટાપદ જેણે બળે ઉપાડયો, સો દશમુખ સંહરીયો રે,
કો જગ ધર્મ વિના નવિ તરીયો, પાપી કો નવિ તરીયો રે. કો નવિ૦ ૫

અશરણ અનાથ જીવ જીવન, શાંતિનાથ જગ જાણે રે,
પારેવો જેણે શરણે રાખ્યો, મુનિ તસ ચરિત્તે વખાણ્યો રે. કો નવિ૦ ૬

મેઘકુમાર જીવ ગજગતિમાં, સસલો શરણે રાખ્યો રે,
વીર પાસે જેણે ભવભય કચર્યો, તપ સંયમ કરી નાખ્યો રે. કો નવિ૦ ૭

મત્સ્યપરે રોગી તડફડતો, કોણે નવિ સુખી કરીયો રે,
અશરણ અનાથ ભાવના ભરીયો, અનાથી મુનિ નિસર્યો રે. કો નવિ૦ ૮

## ૨૪૩. એકત્વભાવનાની સજઝાય

આવ્યો પ્રાણી એકલો રે, પરભવ એકલો જાય,
પુણ્ય પાપ સાથે ચલે રે, સ્વજન ન સાથી થાય રે;
પ્રાણી ! ધર જિનધર્મસું રંગ, પામો સુખ અભંગ રે. પ્રાણી૦ ૧
માલ રહે ઘર સ્ત્રી વળે રે, પોળે વળાવી કંથ,
સ્વજન વળે સમશાનથી રે, પ્રાણ ચલે પરપંથ રે. પ્રાણી૦ ૨
સ્વારથીયો મેળાવડો રે, સ્વજન કુટુંબ સમુદાય,
સુખદુઃખ સહે જીવ એકલો રે, કૂળમાં નહીં વહેંચાય રે. પ્રાણી૦ ૩
પ્રાણી ભોગ લખ આપીને રે, વસુમતિ કરી નિજ હાથ,
ચક્રી-હરિ ગયા એકલા રે, પૃથ્વી ન ગઈ તસ સાથ રે. પ્રાણી૦ ૪
લખપતિ છત્રપતિ સૌ ગયા રે, રીદ્ધિ ન ગઈ તસ સાથ,
હાક સુણી જન થરથરે રે, તે ગયા ઠાલે હાથ રે, પ્રાણી૦ ૫
અભિમાની રાવણ ગયો રે, જગ જશ લેઈ ગયો રામ,

આખર જાવું એકલું રે, અવસર પહોંચે જામ રે. પ્રાણી૦ ૬
એકાકીપણું આદર્યું રે, મૂક્યું મિથિલા રાજ,
વલય દષ્ટાંતે બૂઝીયો રે, ત્યાગી થયો નમિ રાજ રે. પ્રાણી૦ ૭

## ૨૪૪. શીયલની સજઝાયો (૧)

શીયલ સમું વ્રત કો નહિ, શ્રી જિનવર એમ ભાખે રે;
સુખ આપે જે શાશ્વત, દુર્ગતિ પડતા રાખે રે. શીયલ૦ ૧

વ્રત પચ્ચક્ખાણ વિના જુઓ, નવ નારદ જેહ રે;
એકજ શિયલ તણે બલે, ગયા મુક્તે તેહ રે. શીયલ૦ ૨

સાધુ અને શ્રાવક તણાં, વ્રત છે સુખદાયી રે;
શિયલ વિના વ્રત જાણજો, કુશકા સમ ભાઈ રે. શીયલ૦ ૩

તરૂવર મૂળ વિના જિસ્યો, ગુણ વિણ લાલ કમાન રે;
શીયલ વિના વ્રત એહવું, કહે વીર ભગવાન રે. શીયલ૦ ૪

નવ વાડે કરી નિર્મળું, પહેલું શીયલ જ ધરજો રે;
ઉદયરત્ન કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે. શીયલ૦ ૫

## ૨૪૫. શીયલની સજઝાયો (૨)

તે તરીયા ભાઈ તે તરીયા, જે નારી સંગથી ડરીયા રે;
તે ભવસમુદ્રને પાર ઉતરીયા, જઈ શિવ-રમણી વરીયા રે. ૧

સ્થૂલભદ્રને ધન્ય જે જઈને, વેશ્યાને ઘર રહીયા રે;
સરસ ભોજન ને વેશ્યા રાગિણી, પણ શીલે નવિ ચલીયા રે. ૨

સીતા દેખી રાવણ ચલીયા, પણ સીતા નવિ ફરીયા રે;
રહનેમિ રાજુલને મલીયા, પણ રાજુલ નવિ પડીયા રે. ૩

રાજુલે તેહને ઉદ્ધરીયા, તે પણ શિવઘર મલીયા રે;
રાણીએ ક્રોડ ઉપાય તે કરીયા, સુદર્શન નવિ ચલીયા રે. ૪

ક્ષપકશ્રેણીમાંહે તે ચઢીયા, કેવલ ધરણી વરીયા રે;

ઉત્તમપદ પદ્મને અનુસરીયા, તેના ભવ ફેરા ટળીયા રે. ૫

## ૨૪૬. શીયલની સજઝાયો (૩)

(રાગ - એ મેરે પ્યારે વતન)

ગીરૂઆરે ગુણ શીયલના, જે પાલે નરનારી રે;
જગમાં કીર્તિ તેહની, મળી ગાવે દેવકુમારી રે. ૧

શીલે નવનિધિ પામીયે, શીલે ગરથ ભંડાર રે;
શીલે નારદ ઉધ્ધર્યા રે, શીલે શીવ કુમાર રે. ૨

શીલે સુદર્શન જાણીયે, શીલે જંબકુમાર રે;
શીલે સીતા રામની, વળી સુભદ્રા નાર રે. ૩

શીલે દ્રૌપદી ગહગહી, લઈ સંયમ સુરગતિ જાય રે;
ઈણી પરે શીલ ગાવતા, મુજ રસના પાવન થાય રે. ૪

શ્રી વિજયરાજ સૂરીશ્વર, તપગચ્છપતિ ગુણખાણી રે;
દયાવિજય વિબુધ તણો, વંદે સુખવિજય શુભવાણી રે. ૫

## [X] ૨૪૭. શીયલની સજઝાયો (૪)

(નવવાડની સજઝાય)

નવવાડ મુનીસર મન ધરો જે સંયમનું છે સારો રે
વર્ધમાન જિનેશ્વર ઈમ ભણે સહુ સાંભળો પર્ષદા બારો રે... નવવાડ૦ ૧

નારીની વસતીએ નવિ રહે રહેતાં તો વાડ લોપાયે રે
જિમ બિલાડી ઘર પ્રાહુણો હંસ ચતુર કહો કિમ થાયે રે... નવવાડ૦ ૨

જે કુળ બળ રૂપ નારી તણો ન વખાણે બ્રહ્મચારી રે
તેની વાડ બીજી તાજી રહે કામ ન કરે તિહાં અસવારી રે... નવવાડ૦ ૩

નારીને બેસણે નવિ બેસે જે શીલરયણના ધોરી રે
જિમ આહેડીયે પાસો રચ્યો મૃગ છંડે તો સુખકારી રે... નવવાડ૦ ૪

એહનું મુખ રૂડું કુચ કણસલા એહની આંખ ભલી અણીયાળી રે
ઈમ નીરખે અંગ જે નારીનો તેહની ચોથી વાડ ઉલાળી રે... નવવાડ૦ ૫

જે ભીંત અંતર નવિ રહે જિહાં નારી સબ્દ સંભળાય રે
જિમ પારદ પૃથ્વીમાંહી રહે સ્ત્રી શબ્દે ઉધાન ધાઈ રે... નવવાડ૦ ૬

પૂરવે ભોગ જે ભોગવ્યા વ્રત લીધા પછી ન સંભારે રે
જિમ વરસે અહિ વિષ વિસ્તરે તે તો શીયલની વાડી સંહારે રે... નવવાડ૦ ૭

સરસ આહારના લોલુપી થઈ સરસ આહારને જારે રે
તેની વાડ નિશ્ચે રહે નહીં સ્થૂલિભદ્ર ઉપનય તારે રે... નવવાડ૦ ૮

ઉણોદરી વ્રત નવિ આદરે અણભાવતું ખાયે અગલંચે રે
આહાર લેવા સમે નવિ ઓળખે તેહની વાડીસ્યું રહે સંચ રે... નવવાડ૦ ૯

નખકેશ વેશ શોભા ધરે તનમલ ફેડે શુભ રૂપ રે
તેહનું શીલરત્ન સમળીપરે ઝડપી લેઈ નાખે તે કૂપ રે... નવવાડ૦ ૧૦

નવવાડ રૂડી પેરે સાચવે ધન શીયલતણું જગ જેહો રે
શ્રી મહિમાપ્રભ સૂરીશના ભાવતે સાધુશું નેહો રે... નવવાડ૦ ૧૧

## સમકિતના ૬૭ બોલની સજ્ઝાય

### દોહા

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસતિ માત;
સમકિત સડસઠ બોલની, કહિશું મધુરી વાત. ૧
સમકિતદાયક ગુરૂ તણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ૨
દાનાદીક કિરિયા ન દિયે, સમકિત વિણ શિવ શર્મ;
તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ. ૩
દર્શન મોહ વિનાશથી જે નિર્મળ ગુણઠાણ
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહના એ અહિઠાણ. ૪

## ઢાળ ૧- લી

(રાગ : વીર જિનેશ્વર ઉપદિશે)

ચઉ સદ્દહણા તિલિંગ છે,દશવિધ વિનય વિચારો રે;
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. ૫

## ત્રોટક છંદ

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણિયે,
ષટજયણા ષટ આગાર ભાવના, છવ્વિહા મનઆણિયે;
ષટ ઠાણ સમકિત તણા સડસઠ, ભેદ એહ ઉદાર એ,
એહનો તત્ત્વ વિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૬
ચહુવિહ સદ્દહણાં તિહાં, જીવાદિક પરમત્થો રે;
પ્રવચનમાં જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે. ૭
તેહનો અર્થ વિચાર કરિયે, પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહની જે, જાણ મુનિ ગુણ જવહરી;
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજિયે જિમ, પીજિયે, સમતા સુધા. ૮
સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવ ને અહછંદા રે;
પાસત્થા ને કુશીલિયા, વેષ વિડંબક મંદા રે. ૯
મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ તજિયે, ચોથી સદ્દહણા કહી;
હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જયું જલધિ જલમાં ભલ્યું, ગંગાનીર લૂણપણું. ૧૦

## ઢાળ ૨જી

(રાગ : જંબુદ્વિપના ભરતમાં રે)

ત્રણ લિંગ સમકિત તણાં રે, પહિલો શ્રુત અભિલાષ;
જેહથી શ્રોતા રસ લહે રે, જેવો સાકર દ્રાખ રે,
પ્રાણી ! ધરીયે સમકિત રંગ, જિમ લહિયે સુખ અભંગ રે. પ્રા૦ ૧૧

તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુર ગીતઃ
તેહથી રાગે અતિ ઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે. પ્રા૦ ૧૨
ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ;
ઈચ્છે તિમ જે ધર્મને રે, તેહી જ બીજું લિંગ રે. પ્રા૦ ૧૩
વૈયાવચ્ચ ગુરૂ-દેવનું રે, ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક તણી પરે રે, આલસ નવિ ય લગાર રે. પ્રા૦ ૧૪

## ઢાળ ૩જી

(રાગ : સમકિતનું મૂલ જાણીએજી)

અરિહંત તે જિન વિચરતાંજી, કર્મ ખપી હુઆ સિદ્ધ;
ચેઈય જિન પડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ.
ચતુર નર ! સમજો વિનય પ્રકાર,........
જિમ લહિયે સમકિત સાર. ચ૦ ૧૫
ધર્મ ક્ષમાદિક ભાખિઓજી, સાધુ તેહના રે ગેહ;
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ. ચ૦ ૧૬
ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણિયેજી, દરિસણ સમકિત સાર. ચ૦ ૧૭
ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદય પ્રેમ બહુમાન;
ગુણ થુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનાની હાણ. ચ૦ ૧૮
પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂલ;
સીંચે તેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મૂલ. ચ૦ ૧૯

## ઢાળ ૪- થી

(રાગ : ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે)

ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મન શુદ્ધિ રે;
શ્રીજિનને જિનમત વિના રે, જૂઠ સકલ એ બુદ્ધિ રે.
ચતુર વિચારો ચિત્તમાં રે.......૨૦

જિન ભગતે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે;
એવું જે મુખ ભાખિયે રે, તે વચન શુદ્ધિ કહેવાય રે. ચ૦ ૨૧
છેદ્યો ભેદ્યો વેદના રે, જે સહતો અનેક પ્રકાર રે;
જિન વિણ પરસુર નવિ નમે રે, તેહની કાયા શુદ્ધિ ઉદાર રે. ચ૦ ૨૨

## ઢાળ ૫-મી

(રાગ : કડવાં ફલ છે ક્રોધનાં)

સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહેલી છે શંકા રે;
તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે.
સમકિત દૂષણ પરિહરો................૨૩
કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજિયે;
પામી સુરતરૂ પરગડો, કિમ બાઉલ ભજિયે. સ૦ ૨૪
સંશય ધર્મનાં ફલ તણો, વિતિગિચ્છા નામે;
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે. સ૦ ૨૫
મિથ્યામતિ ગુણ વર્ણનો, ટાલો ચોથો દોષ;
ઉન્મારગી થુણતાં હુવે, ઉન્મારગ પોષ. સ૦ ૨૫
પાંચમો દોષ મિથ્યામતિ, પરિચય નવિ કીજે;
ઈમ શુભ મતિ અરવિંદની, ભલી વાસના લીજે. સ૦ ૨૭

## ઢાળ ૬ ઠ્ઠી

(રાગ : અભિનંદન જિન દરિશણ તરસીએ)

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ;
વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણ ખાણ.
ધન ધન શાસન મંડન મુનિવરા.........૨૮
ધર્મકથી તે બીજો જાણિયે, નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ. ધન૦ ૨૯
વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે રે જય કમલા વરે, ગાજંતો જિમ મેહ. ધન૦ ૩૦

ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પર મત પણ કાજ;
તેહ નિમિત્તિ રે ચોથો જાણિયે, શ્રીજિનશાસન રાજ. ધન૦ ૩૧
તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ;
આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ. ધન૦૩૨
છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલિ, જિમ શ્રીવયર મુણિંદ;
સિદ્ધ સાતમો રે અંજન યોગથી, જિમ કાલિક મુનિ ચંદ. ધન૦ ૩૩
કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મ હેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અઠ્ઠમ વર કવિ તેહ. ધન૦ ૩૪
જબ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિ પૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધન૦ ૩૫

## ઢાળ ૭-મી

સોહે સમકિત જેહથી, સખિ ! જિમ આભરણે દેહ;
ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખિ મન વસ્યાં,
તેહમાં નહિ સંદેહ, મુજ સમકિત રંગ અચલ હોજો. ૩૬
પહેલું કુશલપણું તિહાં, સખિ વંદનને પચ્ચક્ખાણ;
કિરિયાનો વિધિ અતિ ઘણો, સખિ૦ આચરે તેહ સુજાણ. મુજ૦૩૭
બીજું તીરથ સેના, સખિ તીરથ તારે જેહ;
તે ગીતારથ મુનિવરા, સખિ તેહશું કીજે નેહ. મુ૦ ૩૮
ભગતિ કરે ગુરૂ દેવની, સખિ ત્રીજું ભૂષણ હોય;
કિણહી ચલાવ્યો નવિ ચલે, સખિ ચોથું ભૂષણ જોય. મુ૦ ૩૯
જિનશાસન અનુમોદના, સખિ જેહથી બહુ જન હુંત;
કીજે તેહ પ્રભાવના, સખી પાંચમું ભૂષણ ખંત. મુ૦ ૪૦

## ઢાળ ૮-મી

(રાગ : ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું)

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધૂર ઉપશમ અનુકૂલ સુગુણ નર.
અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીયે પ્રતિકૂળ.

સુગુણનર ! શ્રીજિનભાષિત વચન વિચારીએ.....૪૧
સુર-નર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક; સુ૦
બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગ શું ટેક. સુ૦ ૪૨
નારક ચારક સમ ભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ; સુ૦
ચાહે નિકલવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ. સુ૦ ૪૩
દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ; સુ૦
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ. સુ૦ ૪૪
જે જિન ભાખ્યું તે નહીં અન્યથા, એહવો જે દઢ રંગ; સુ૦
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો ભંગ. સુ૦ ૪૫

## ઢાળ ૯-મી

(રાગ : ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી)

પર તીર્થી પરના સુર જેણે, ચૈત્ય ગ્રહ્યા વલી જેહ,
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ ભેય રે.
ભવિકા ! સમકિત યતના કીજે.......... ૪૬
વંદન તે કરયોજન કહિયે, નમન તે શીશ નમાડે;
દાન ઈષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભગતિ દેખાડે રે. ભવિકા. ૪૭
અનુપ્રદાન તે તેહને કહિયે, વારંવાર જે દાન;
દોષ કુપાત્રે પાત્ર મતિયે, નહિ અનુકંપા માન રે. ભવિકા૦ ૪૮
અણબોલાવે જેહ બોલવું, તે કહિયે આલાપ;
વારંવાર આલાપ જે કરવો, તે કહિયે સંલાપ રે. ભવિકા૦ ૪૯
એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર;
એહમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર રે. ભવિકા૦ ૫૦

## ઢાળ ૧૦-મી

શુદ્ધ ધરમથી નવિ ચલે, અતિ દઢ ગુણ આધાર લલના,
તો પણ જે નવિ એહવા, તેહને એ આગાર લલના. ૫૧

બોલ્યું તેહવું પાલિયે, દંતિ દંત સમ બોલ લલના;
સજ્જન ને દુર્જન તણા, કચ્છપ કોટિને તોલ લલના. બો૦ પર
રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ લલના;
તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ લલના. બો૦ પ૩
મેળો જનનો ગણ કહ્યો, બલ ચોરાદિક જાણ લલના;
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ લલના. બો૦ પ૪
વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર લલના;
તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર લલના. બો૦ પપ

## ઢાળ ૧૧-મી

ભાવિજે રે સમકિત જેહથી રૂઅડું,
તે ભાવના રે ભાવો મન કરી પરવડું;
જો સમકિત રે તાજું સાજું મૂલ રે.
તો વ્રતતરૂ રે દીયે શિવફલ અનુકૂલ રે. પ૬

## ત્રોટક છંદ

અનુકૂલ મૂલ રસાલ સમકિત, તેહ વિણ મતિ અંધ રે,
જે કરે કિરિયા ગર્વ ભરિયા, તેહ જૂઠો ધંધ રે;
એ પ્રથમ ભાવના ગુણે રૂડી, સુણો બીજી ભાવનાં,
બારણું સમકિત ધર્મપૂરનું, એહવી તે પાવના. પ૭

## ઢાળ

ત્રીજી ભાવના રે સમકિતપીઠ જો દઢ સહી,
તો મોટો રે ધર્મ પ્રાસાદ ડગે નહીં;
પાયે ખોટે રે મોટે મંડાણ ન શોભીયે,
તેહ કારણ રે સમકિતશું ચિત્ત થોભીયે. પ૮

## ત્રોટક છંદ

થોભીયે ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવિયે,

સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવિયે;
તેહ વિણ છૂટા રત્ન સરિખા, મૂલ ઉત્તર ગુણ સવે,
કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવો ભવે. ૫૯

### ઢાળ

ભાવો પંચમી રે ભાવના શમ દમ સાર રે,
પૃથ્વી પરે રે સમકિત તસ આધાર રે;
છઠ્ઠી ભાવના રે ભાજન સમકિત જો મિલે,
શ્રુત શીલનો રે તો રસ તેહમાંથી નવિ ઢલે. ૬૦

### ત્રોટક છંદ

નવિ ઢલે સમકિત ભાવના રસ, અમિય સમ સંવર તણો,
ષટ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો;
ઈમ ભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ, ૬૧

### ઢાળ ૧૨-મી

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહના ષટવિધ કહિયે રે,
તિહાં પહેલું સ્થાનક છે 'ચેતન' લક્ષણ આતમ લહિયેં રે;
ખીર નીર પરે પુદ્ગલ મિશ્રિત, પણ એહથી છે અળગો રે,
અનુભવ હંસચંચૂ જો લાગે, તો નવિ દીસે વળગો રે. ૬૨
બીજું સ્થાનક 'નિત્ય અતમા', જે અનુભૂત સંભારે રે,
બાળકને સ્તનપાન વાસના,પૂરવ ભવ અનુસારે રે;
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાય રે,
દ્રવ્ય થકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમરાય રે.૬૩
ત્રીજું સ્થાનક 'ચેતનકર્તા', કર્મતણે છે યોગે રે,
કુંભકાર જિમ કુંભ તણોજે, દંડાદિક સંયોગે રે;
નિશ્ચયથી નિજ ગુણનો કર્તા, અનુપરિત વ્યવહારે રે,

દ્રવ્ય કર્મનો નગારાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૬૩
ચોથું સ્થાનક ચેતન ભોક્તા પુણ્ય-પાપ ફલ કેરો રે,
વ્યવહારે નિશ્ચયનય દષ્ટે, ભુંજે નિજ ગુણ નેરો, રે;
પાંચમું સ્થાનક છે પરમપદ, અચલ અનંત સુખ વાસો રે,
આધિ વ્યાધિ તન મનથી લહિયે, તસ અભાવે સુખ ખાસો રે.૬૫
છઠ્ઠું સ્થાનક મોક્ષ તણો છે, સંજમ જ્ઞાન ઉપાયો રે,
જો સહેજે લહિયે તો સઘળે, કારણ નિષ્ફલ થાયો રે;
કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી કીરિયા રે,
ન લહે રૂપું રૂપું જાણી, છીપ ભણી જે ફિરિયા રે, ૬૬
કહે કિરિયા નય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશે રે,
જલ પેસી કર પદ ન હલાવે, તારૂં તે કિમ તરશે રે;
દૂષણ ભૂષણ છે ઈહાં બહુલાં, નય એકેકને વાદે રે,
સિદ્ધાંતી તે બેહુ નય સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ૬૭
ઈણિ પરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે,
રાગદ્વેષ ટાલી મન વાલી, તે સમ સુખ અવગાહે રે;
જેહનું મન સમકિતમાં નિશ્ચલ, નહીંકોઈ તસ તોલે રે,
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક જસ ઈમ બોલે રે.૬૮

## ૨૪૯. સિદ્ધ ભગવંતની સજ્ઝાય

અષ્ટકર્મ ચૂરણ કરી રે લાલ આઠ ગુણે પ્રસિદ્ધ, મેરે પ્યારે રે
ક્ષાયિક સમકિતના ધણી રે લાલ વંદુ વંદુ એહવા સિદ્ધ મેરે પ્યારે રે...
અષ્ટકર્મ૦ ૧

અનંત જ્ઞાન-દર્શન ધરા રે લાલ ચોથું વીર્ય અનંત મેરે પ્યારે રે
અગુરૂલઘુ સુખમય કહ્યા રે લાલ અવ્યાબાધ મહંત મેરે પ્યારે રે...
અષ્ટકર્મ૦ ૨

જેહની કાયા જેહવી રે લાલ ઉણી ત્રીજે ભાગ મેરે પ્યારે રે
સિદ્ધ શિલાથી જોયણે રે લાલ અવગાહના વીતરાગ મેરે પ્યારે રે...
અષ્ટકર્મ૦ ૩

સાદિ અનંતા તિહાં વસ્યા રે લાલ સમય સમય તેહ જાય મેરે પ્યારે રે
મંદિરમાંહિ દીપાલિકા રે લાલ સઘળાં તેજ સમાય મેરે પ્યારે રે...
અષ્ટકર્મ૦ ૪

માનવભવથી પામીયે રે લાલ સિદ્ધ તણાં સુખ સંગ મેરે પ્યારે રે
એહનું ધ્યાન સદા ધરો રે લાલ એમ બોલે ભગવતી અંગ મેરે પ્યારે રે...
અષ્ટકર્મ૦ ૫

શ્રી વિજયદેવ પટોધરૂ રે લાલ શ્રી વિજયસિંહસૂરીશ મેરે પ્યારે રે
સિદ્ધતણાં ગુણ એ કહાયા રે લાલ દેવ દીયે આશીષ મેરે પ્યારે રે...
અષ્ટકર્મ૦ ૬

## ૨૫૦. વિનયની સજ્ઝાયો (૧)

વિનય કરો ચેલા ગુરુ તણો, જિમ લહો સુખ અપારો રે;
વિનય થકી વિદ્યા ભણો, તપ જપ સૂત્ર આચારો રે. વિનય૦ ૧

ગુરુ વચન નવિ લોપીયે, નવિ કરીયે વચન વિઘાતો રે;
ઊંચે આસન નવિ બેસીયે, વચ્ચે વચ્ચે નવિ કરીએ વાતો રે. વિનય૦ ૨

ગુરુ આગળ નવિ ચાલીએ, નવિ રહીયે પાછળ દૂર રે;
બરોબર ઉભા નવિ રહીયે, ગુરુને શાતા દીજે ભરપૂર રે. વિનય૦ ૩

વસ્ત્ર પાત્ર નિત્ય ગુરુતણાં, પડિલેહીએ દોય વારો રે;
આસન બેસણ પુંજીએ, પાથરીએ સુખકારો રે. વિનય૦ ૪

અસન વસનાદિ સુખ દીએ, ગુરુ આણાએ મુખ નિરખો રે;
વિબુધવિમલસૂરિ ઈમ કહે, શિષ્ય થાયે ગુરુ સરખો રે. વિનય૦ ૫

## ૨૫૧. વિનયની સજ્ઝાયો (૨)

પવયણ દેવી ચિત્ત ધરી જી, વિનય વખાણીશ સાર;
જંબૂને પૂછે કહ્યોજી, શ્રી સોહમ ગણધાર;
ભવિક જન !, વિનય વહો સુખકાર. ૧

પહેલે અધ્યયને કહ્યોજી, ઉત્તરાધ્યયન મઝાર;
સઘળા ગુણમાં મૂળગોજી, જે જિનશાસન સાર. ભ૦ ૨

નાણ વિનયથી પામીયે જી, નાણે દરિસણ શુદ્ધ;
ચારિત્ર દરિસથી હુવે જી, ચારિત્રથી પુણ સિદ્ધ. ભ૦ ૩

ગુરુની આણ સદા ધરે જી, જાણે ગુરુનો ભાવ;
વિનયવંત ગુરુ રાગીયા જી, તે મુનિ સરળસ્વભાવ. ભ૦ ૪

કણનું કુંડું પરિહરી જી, વિષ્ઠાશું મન રાગ;
ગુરુદ્રોહી તે જાણવા જી, સૂઅર ઉપર લાગ. ભ૦ ૫

કોહ્યા કાનની કુતરી જી, ઠામ ન પામે રે જેમ;
શિલ હીણ અકહ્યાગરા જી, આદર ન લહે તેમ. ભ૦ ૬

ચંદ્ર તણી પરે ઉજળી જી, કીરતિ તેહ લહંત;
વિષય કષાય જીતી કરીજી, જે નર વિનય વહંત. ભ૦ ૭

વિજય દેવગુરુ પાટવી જી, શ્રી વિજયસિંહ સૂરીંદ;
શિષ્ય ઉદયવાચક ભણે જી, વિનય સયળ સુખકંદ. ભ૦ ૮

## ૨૫૨. વિનયની સજ્ઝાયો (૩)

શ્રી જંબૂમુનિ વિનવ્યા રે, શ્રીસોહમ ગણધાર;
ભાખે ઉત્તરાધ્યયનમાં રે, પહેલું વિનય વિચાર રે,
પ્રાણી ! વિનય ધરો ગુણ અંગ.
જેથી ઉપજે જ્ઞાન તરંગ રે પ્રાણી, તેથી દર્શન ચરણ પ્રસંગ રે પ્રાણી;
તે શિવસુખ હેતુ અભંગ રે. પ્રાણી૦ ૧

ગુરુ આજ્ઞા નિત્ય ધારવી રે, પાળવી ગુરુની શિખ;
નિજ છંદે નવિ વર્તવું રે, તો હોય સફળી દીક્ષ રે. પ્રાણી૦ ૨

શિષ્ય વિનિતની ઉપરે રે, ગુરુ મન હોય સુપ્રસન્ન;

આપે તેહને ઉજમે રે, આગમ વચન રતન રે. પ્રાણી૦ ૩

ગુરુ દ્રોહી મત્સર ભર્યા રે. ન કરે ગુરુ બહુમાન;
તે અપમાન લહે ઘણું રે, જિમ કોહ્યા કાનનો શ્વાન રે. પ્રાણી૦ ૪

શુકર જેમ તજી શાળને રે, અશુચિ કરે આહાર;
તેમ અવિનિતને વાલહો રે, અવિનયનો આચાર રે પ્રાણી૦ ૫

ગુરુ અવિનયી કુલવાલુઓ રે, પડીયો ગણિકા પાસ;
ભવમાંહે ભમશે ઘણું રે, બાંધી કર્મની રાશ રે. પ્રાણી૦ ૬

ગુરુ વચને રૂસે નહિ રે, જાણે આપણો વાંક;
તે નવ દીક્ષિતની પરે રે, સાધે સાધ્ય નિશંક રે. પ્રાણી૦ ૭

વિનયથી ગુણ વધે ઘણાં રે, જગમાં લહે જસવાદ;
ધર્મનું મૂળ વિનય કહ્યો રે, સેવો તજી પ્રમાદ રે. પ્રાણી૦ ૮

વિનયથી રીઝે દેવતા રે, વિનયથી દાનવ વશ થાય;
વિનયથી ઈહભવ પરભવે રે, કાર્ય સિદ્ધિ સવિ થાય રે. પ્રાણી૦ ૯

વિનયને વશ છે ગુણ સવે રે, તે માર્દવથી થાય;
માટે વિનિત સરલાશયી રે, પામે સુજસ સવાઈ રે. પ્રાણી૦ ૧૦

વાચક રામવિજય કહે રે, વિનય કરે તે ધન્ય;
અધ્યયને પહેલે કહ્યાં રે, સાચા વીરના વચન રે. પ્રાણી૦ ૧૧

## ૨૫૩. સમતાની સજઝાય

જબ લગ સમતા ક્ષણ નહિ આવે, જબ લગ ક્રોધ વ્યાપક હૈ અંતર,
તબ લગ જોગ ન સુહાવે- જબ૦ ૧

બાહ્ય ક્રિયા કરે કપટ કેળવે, ફીરકે મહંત કહાવે;
પક્ષપાત નહીં છોડે કબહુ, ઉનકું કુગતિ બતાવે. જબ૦ ૨
જિણ જોગીને ક્રોધ કિયા તે, ઉનકું સુગુરુ બતાવે;

નામ ધારક ભિન્ન ભિન્ન બતાવે, ઉપશમ વિન દુઃખ પાવે. જબ૦ ૩
ક્રોધ કરી ખંધક આચારજ, હુઓ અગ્નિકુમાર;
દંડકી નૃપનો દેશ પ્રજાલ્યો, ભમીયો ભવ મોઝાર. જબ૦ ૪
શાંબ-પ્રદ્યુમ્નકુમારે સંતાપ્યો, કષ્ટ દ્વૈપાયન પાય;
ક્રોધ કરી તપનો ફલ હાર્યો, કીધો દ્વારિકા દાહ. જબ૦ ૫
કાઉસ્સગ્ગમાં ચઢીયો અતિ ક્રોધ, પ્રસન્નચંદ્ર ઋષિરાય;
સાતમી નરકતણાં દલ મેલી, કડવા તે ન ખમાય. જબ૦ ૬
પાર્શ્વનાથને ઉપસર્ગ કીધો, કમઠ ભવાંતર ધીઠ;
નરક તિર્યંચ તણાં દુઃખ પામી, ક્રોધ તણાં ફલ દીઠ. જબ૦ ૭
એમ અનેક સાધુ પૂરવધર, તપીચા તપ કરી જેહ;
કારજ પડે પણ તે નવિ ટકીયા, ક્રોધ તણા બલ એહ. જબ૦ ૮
સમતા ભાવે જે મુનિ વરીયા, તેહનો ધન્ય અવતાર;
ખંધકઋષિની ખાલ ઉતારી, ઉપશમે ઉતર્યા પાર. જબ૦ ૯
ચંડરૂદ્ર આચારજ ચાલતાં, મસ્તકે દીધાં પ્રહાર;
સમતા કરતા કેવલ પામ્યો, નવદીક્ષિત અણગાર. જબ૦ ૧૦
સાગરચંદનું શીર પ્રજાળ્યું, ઋષભસેન નરિંદ;
સમતાભાવ ધરી સુરલોકે, પહોંચ્યા પરમાનંદ. જબ૦ ૧૧
ક્ષમા કરતા ખરચ ન લાગે, ભાગે ક્રોડ કલેશ;
અરિહંત દેવ આરાધક થાયે, વાધે સુજસ પ્રવેશ. જબ૦ ૧૨

## ૨૫૪. સુપાત્રદાનની સજઝાય

પ્રણમી શ્રી ગોયમ ગણધર, જેહને નામે જયજયકાર;
સુપાત્રદાન તણાં ફલ કહું, શ્રીજિનવરના મુખથી લહું. ૧
સાર્થવાહ ધનાવહ સાર, વંદી મુનિને હરખ અપાર;
ધૃતનું દાન દીધું ગહગહી, તીર્થંકરની પદવી લહી. ૨
ખીરદાન ભવ પહેલે દીધ, શાલિભદ્ર પામ્યા બહુ ઋદ્ધ;
નિજવર હાથે સંયમ લીધ, પહોંતા તે સર્વારથસિદ્ધ. ૩

ભવ પહેલે ગંગદત્તકુમાર, ભાવે પડિલાભે અણગાર;
ભવ બીજે કયવન્નો હોઈ, બહુ સોભાગી ધનવંત સોઈ. ૪
ચંદનબાલા કેવળ વરી, અડદબાકુળાં આપ્યા મન ધરી;
વીરજિનવરને હરખ અપાર, સોવનવૃષ્ટિ થઈ તિણે વાર.૫
સાધુ દાનનો મહિમા જોઈ, મૂલદેવ મહારાજા હોય;
ભાવસહિત જે દીયે દાન, એણિપેરે પામે નવનિધાન. ૬
ઉત્તમના નીત લીજે નામ, જિમ મનવંછિત સીઝે કામ;
માનવિજય પંડિતનો શિષ્ય, દીપવિજયની પૂરો જગીશ.૭

## • ૨૫૫. તપની સજ્ઝાય

કીધા કર્મ નિકંદવા રે, લેવા મુક્તિનું દાન;
હત્યા પાતિક છૂટવા રે, નહિ કોઈ તપ સમાન.
ભવિકજન ! તપ કરજો મન શુદ્ધ. ૧
ઉત્તમ તપના યોગથી રે, સેવે સુરનર પાય;
લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનવાંછિત ફળ થાય. ભાવિક૦ ૨
તીર્થંકર પદ પામીયે રે, નાસે સઘલા રોગ;
રૂપ લીલા સુખ સાહિબી રે, લહીયે તપ સંયોગ. ભાવિક૦ ૩
તે શું છે સંસારમાં રે, તપથી જે નવિ હોય;
જે જે મનમાં કામીયે રે, સફલ ફળે સવિ તેહ. ભાવિક૦ ૪
અષ્ટ કરમના ઓઘને રે, તપ ટાળે તત્કાળ;
અવસર લહીને તેહનો રે, ખપ કરજો ઉજમાલ. ભાવિક૦ ૫
બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર;
હોજો તેહની ચાલમાં રે, જિમ ધન્નો અણગાર. ભાવિક૦ ૬
ઉદયરત્ન કહે તપ થકી રે, વાધે સુજસ સનુર;
સ્વર્ગ હોવે ઘર આંગણે રે, દુર્ગતિ જાવે દૂર. ભાવિક૦ ૭

## • ૨૫૬. ભાવ વિષે સજ્ઝાય

રે ભવિ ! ભાવ હૃદયે ધરો, જે છે ધર્મનો ધોરી;

એકલ મલ્લ અખંડ જે, કાપે કર્મની દોરી રે. ભવિ૦ ૧
દાન-શિયલ-તપ ત્રણ એ, પાતક મળ ધોવે;
ભાવ જો ચોથો નવિ મળે, તો તે નિષ્ફળ હોવે રે. ભવિ૦ ૨
વેદ પૂરાણ સિદ્ધાંતમાં, ષટ દર્શન ભાખે;
ભાવ વિના ભવસંતતિ, પડતાં કોણ રાખે રે. ભવિ૦ ૩
તારક રૂપ એ વિશ્વમાં, જંપે શ્રીજગભાણ;
ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિર્વાણ રે. ભવિ૦ ૪
ઔષધ અન્ય ઉપાય જે, યંત્ર મંત્ર ને મૂળ;
ભાવે સિદ્ધ હોવે સદા, ભાવ વિણ સહુ ધૂળ રે. ભવિ૦ ૫
ઉદયરત્ન કહે ભાવથી, કોણ કોણ નર તરીઆ;
શોધી જોજો સૂત્રમાં, સજ્જન ગુણ દરિયા રે. ભવિ૦ ૬

## , ૨૫૭. વાણી સંયમની સજઝાય

(રાગ- આંખડી મારી પ્રભુ હરખાય છે)

ચેતનજી ! વાણીનો સંયમ આદરો, ન બોલ્યામાં લાખો ગુણ નિર્ધારજી;
વીર્યાપાત કરતા પણ વાણી પાતથી, વિના વિચારે હાની અપરંપારજો.
ભાષા સમિતિ કરતાં વાણીગુપ્તિથી, ફળ ઘણું આગમમાં ભાખ્યું જાણજો;
કોટીવાર વિચારી શબ્દો બોલતાં, લાભ ઘણો છે નિજ પરને જગ માનજો.
જ્ઞાન વિના સુણ મૌન જગતમાં જાણવું, મૌન સિદ્ધિ વચન સિધ્ધ થાય જો;
મૌન રહ્યાથી સંયમની શોભા વધે, મન કાયાથી ચંચલતા દૂર થાય જો;
વાણી સંયમ વિણ અવતાર થતા ઘણાં, થયા શ્રમણજી રાજાને ઘેર પુત્રજો;
શુક હણાયો વાણીના સંતાપથી, વાણીના સંયમથી શીવસુખ સુત્ર જો.
બહુ બોલ્યાથી થાય અસર નહીં વિશ્વમાં, વાણીના સંયમ વિણ પગ પગ કલેશ જો
વાણી સંયમ કરતાં કલેશો ઉપશમે, વૈર વિરોધ વિણસે આનંદ બેસજો.
વાણી સંયમ સિધ્ધ થતાં જગ જાણજો, સુત્ર સમો જગ થાશે એકેક બોલજો;
દુનિયામાં તે સત્વર પ્રસરી જાવશે, લાભ વિચારી કર મન તોલજો;
વાણી સંયમ કરવામાં બહુ લાભજો, સમજ સમજ ચેતનજી ઘર નિર્ધારજો;
રંગવિજય વાણી સંયમ સિધ્ધથી, મૌન છતાં જગ બોધ લહે સુખકાર જો.

# સજ્ઝાય સરિતા

## (વૈરાગ્યની સજ્ઝાયો)

## તરંગ - ૯

સજ્ઝાય ૨૫૮ થી ૩૨૮

## , ૨૫૮. આપ સ્વભાવની સજ્ઝાય

આપ સ્વભાવમાં રે,અવધૂ સદા મગન મેં રહેના;
જગત જીવ હે કરમાધીના, અચરિજ કછુ અ ન લીના. આ૦ ૧

તુ નહિ કેરા કોઈ નહિ તેરા, કયા કરે મેરા મેરા ?
તેરા હે સો તેરી પાસે, અવર સબ અનેરા. આ૦ ૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આ૦ ૩

રાગ ને રીસા દોય ખવિસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આ૦ ૪

પરકી આશા સદા નિરાશા, એ હૈ જગજન પાસા;
વો કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા. આ૦ ૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી. આ૦ ૬

શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી. આ૦ ૭

## [?] ૨૫૯. આત્મા નિંદા-ગર્હાની સજ્ઝાય

શી કહું કથની મારી વીર, શી કહું કથની મારી,
જન્મ પેલા મેં આપની પાસે, કીધો કોલ કરારી.
અનંત જન્મના કર્મ મીટાવવા, મનુષ્ય જન્મ દિલધારી હો. વીર૦ ૧

સંસાર વાયરાની લહેર થકી હું, વિસર્યો આજ્ઞા તુમારી;
બાલપણામાં રહ્યો અજ્ઞાની, મનુષ્યજન્મ ગયો હારી હો. વીર૦ ૨

જોબનવયમાં વિષયવિકારી, રાચી રહ્યો દિલ ધારી;
ધર્મ ન પામ્યો ધર્મ ન સાધ્યો, ધર્મને મેલ્યો વિસારી હો. વીર૦ ૩

જોતજોતામાં ઘડપણ આવ્યું, શકિત ગઈ સહુ મારી;
ધનદોલતની આશાએ વળગ્યો, ગયો મનુષ્ય ભવ હારી હો. વીર૦ ૪

ભરતભૂમિમાં પંચમ કાળે, નહીં કોઈ કેવળ ધારી;
સંદેહ સઘળા કોણ નિવારે, મતિ મુંઝાય છે મારી હો. વીર૦ ૫

ઉદયરત્ન કરજોડી કહે છે, કરો હો મહેર મોઝારી;
ભકિતવત્સલ બહુ સહાય કરીને, લેજો મુજને ઉગારી હો. વીર૦ ૬

## [?] ૨૬૦. આત્માને ઉપદેશની સજઝાય

તનનો ભરોસો નથી રે, ચેતન તારા તનનો ભરોસો નથી રે;
ચંચળ જલ કલ્લોલ આવરદા છે, ફોગટ રહ્યો શું મથી. ચેતન૦ ૧

જનમ્યા જે નર જગમાંહિ, તે નિશ્ચે મરનાર;
આશા અંબર જેવડી રે, તૃષ્ણાનો નહિ પાર. ચેતન૦ ૨

છત્રપતિ લખપતિ ગયા રે, ગયા નૃપતિ કેઈ લાખ;
એક હુંકારે લાખ ઉઠતા રે, બાળી કીધા કેઈ રાખ. ચેતન૦ ૩

ખમા ખમા પરિજન કરે રે, રાવણ સમ અભિમાન;
નામદાર નરવર ગયા રે, ઠામ કર્યા રે સ્મશાન. ચેતન૦ ૪

પરિગ્રહ ને આરંભથી રે, કર્યા કુકર્મ અપાર;
પાપે પૈસો મેળવી રે, થયો શ્રેષ્ઠ શાહુકાર. ચેતન૦ ૫

લોકો કહે લખપતિ થયો રે, પણ શું પામ્યો બેલ;
તુજ સાથે શું આવશે રે, તપાસ તારો મેળ. ચેતન૦ ૬

નિજ હાથે જે વાપરે રે, તે પોતાનું થાય;
પછી વધારો જે વધે રે, માલિક બીજો ગણાય. ચેતન૦ ૭

મધપૂડો માખી રચે રે, દાન ન કીધું પાન;
લુંટનારો લુંટી ગયો રે, ઘસી પગ ખોયા પ્રાણ. ચેતન૦ ૮

હજી બાજી છે હાથમાં રે, કરી લે સુકૃત કામ;
પરમાર્થે જે વાપરે રે, પામે અમર નિજ નામ. ચેતન૦ ૯

ભવનાટકના ભવનમાં રે, ભજવ્યો વિધ વિધ વેશ;
રાય રંક ખગ પશુ બન્યો રે, પુણ્ય ન કરે લવલેશ. ચેતન૦ ૧૦

આતમ અર્પો નિર્મળો રે, પ્રભુ ચરણે ચિત્ત લાય;
તાપ મિટે પ્રભુ ધ્યાનથી રે, ઉદયરત્ન સુખ થાય. ચેતન૦ ૧૧

## ૨૬૧. વૈરાગ્યની સજ્ઝાય

કયાં તન માંજતાં રે, એક દિન મીટ્ટીમે મીલ જાના;
મીટીમેં મીલ જાના બંદે, ખાખમેં ખપ જાના. કયાં૦ ૧

મીટ્ટીયા ચૂન ચૂન મહેલ બંધાયાં, બંદા કહે ઘર મેરા;
એક દિન બંદે ઉઠ ચલેંગે, યહ ઘર તેરા ન મેરા. કયાં૦ ૨
મીટ્ટીયા ઓઢણ મીટ્ટીયા બીછાવણ, મીટ્ટીકા સીરાના;
ઈસ મીટ્ટીકા એક ભૂત બનાયા. અમર જાલ લુભાના. કયાં૦ ૩

મીટ્ટીયા કહે કુંભારને રે, તું કયાં ખોદે મોય;
એક દિન એસા આવેગા પ્યારે, મેં ખુદુંગી તોય. કયાં૦ ૪

લકડી કહે સુથારને રે, તું કયાં છોલે મોય;
એક દિન ઐસા આવેગા પ્યારે, મે ભુંજુંગી તોય. કયાં૦ ૫

દાન-શીયલ-તપ-ભાવના રે, શિવપુર મારગ ચાર;
આનંદઘન કહે ચેતલો પ્યારે, આખર જાના ગમાર. કયાં૦ ૬

## ૨૬૨. વૈરાગ્યની સજ્ઝાય

હો ચેત જીવલડા ! મ કર તું બહુ જંજાલ જો
હો ચેત બાપલડા ભોગવીશ એકલો જ તું તાહરૂં રે લો
હો ચેત જીવલડા ! તું જાણતો હૃદય મોઝાર જો
માત ઉદરથકી જો હું વહેલો નીસરૂં રે લો... ૧
હો ચેત જીવલડા ! તો કરૂં ધર્મ સમાધ જો
ગર્ભાવાસનાં દુઃખમહીં કદી નવિ પડું રે લો
હો ચેત જીવલડા ! તિહાં ધરતો ભગવંત ધ્યાન જો
ઊંધે મુખ તો જનની કુખ તું ઉપનો રે લો... ૨
હો ચેત જીવલડા ! જન્મ હુઓ જબ તુજ જો
તે દુઃખ તો તિહાં સર્વ વિસારીયાં રે લો
હો ચેત જીવલડા ! હર્ષે હુઓ અતિ અંધ જો

જિહાંથી નિસર્યો તે હોંશે ઈચ્છતો રે લો... ૩
હો ચેત જીવલડા ! છાંડ સંસાર ગમાર જો
છાંડીશ તો સુખ પામીશ તું શિવપુરનાં રે લો
હો ચેત જીવલડા ! એહ સંસાર અસાર જો
એણે જગમાં આપણો તે કોઈ નહિં હુઓ રે લો... ૪
હો ચેત જીવલડા ! કેહના માય ને બાપ જો
કેહના ભાઈ-ભત્રીજા કેહના દીકરા રે લો
હો ચેત જીવલડા ! વાદલ વાયુ સંજોગ જો
વાયે તો પાછા તે સવિ વિખેરીયા રે લો... ૫
હો ચેત જીવલડા ! તિમ જગમાં સહુ સ્નેહી જો
કર્મસંયોગે આવીને ભેળા થયા રે લો
હો ચેત જીવલડા ! ભોગવી નિજ નિજ આય જો
પંખીના પરે જાયે સવિ ઉડી કરી રે લો... ૬
હો ચેત જીવલડા ! કર્યા શુભાશુભ કર્મ જો
તુજ સાથે તે વિણ બીજો નહિં આવશે રે લો
હો ચેત જીવલડા ! એહવું નિજ મન ધારજો
ધર્મ પ્રવર્તન આદરજે શુભ ભાવથી રે લો... ૭
હો ચેત જીવલડા ! ધર્મથી નવનિધિ થાય જો
ઈહ ભવ પરભવ સાચો ધર્મ સખાઈઓ રે લો
હો ચેત જીવલડા ! કુણ રાજા કુણ રંક જો
ઈણ જગમેં ન રહ્યા કોઈ થિર થઈ રે... ૮
હો ચેત જીવલડા ! ધર તપશું બહુ પ્રેમ જો
જેહથી દુરગતિનાં દુઃખ છેદે પ્રાણીયો રે લો
હો ચેત જીવલડા ! પંડિત રત્નનો શિષ્ય જો
'વિનીતવિજય' એમ ભાખે અતિ ઉલટ ભરે રે લો... ૯

## [?] ૨૬૩. વૈરાગ્યની સજ્ઝાય

(રાગઃ સગુ તારૂં કોણ સાચું રે)

ચેતે તો ચેતાવું તને રે, પામર પ્રાણી
તારે હાથે વપરાશે, તેટલું જ તારું થાશે,

બીજું તો બીજાને જાશે રે, પામર૦ ૧
સજી ઘરબાર સારું, મિથ્યા કહે છે મારું મારું,
તેમાં નથી કશું તારું રે. પામર૦ ૨
માખીએ મધ ભેળું કીધું, ન ખાધું ન ખાવા દીધું,
લૂંટનારે લૂંટી લીધું રે. પામર૦ ૩
ખંખેરીને હાથ ખાલી, ઓચીંતુ જવું છે ચાલી,
કરે માથાફોડ ઠાલી રે. પામર૦ ૪
શાહુકારીમાં સવાયો, લખોપતિ તું લેખાયો,
કહે સાચું શું કમાયો રે ? પામર૦ ૫
કમાયો તું માલ કેવો, તારી સાથે આવે એવો,
અવેજ તપાસ એવો રે. પામર૦ ૬
હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી,
તારી મૂડી થાશે તાજીરે. પામર૦ ૭
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે,
કશું ન કરી શકાશે રે. પામર૦ ૮
ખોળામાંથી ધન ખોયું, ધૂળથી કપાળ ધોયું,
જાણપણું તારું જોયું રે. પામર૦ ૯

## [?] ૨૬૪. વૈરાગ્યની સજઝાય

જાવું જરૂર મરી, જીવડા ત્હારે જાવું જરૂર મરી;
અનંતકાલથી ભવમાં ભટકતાં, પુન્યે નરદેહ ધરી. જીવડા૦
મલમૂત્રમાં ઊંધે શીર લટકયો, જયું વડવાગુલી. જીવડા૦ ૧
ગર્ભાવાસની અંદર તુજને, વેદના અનંતી પડી; જીવડા૦
જન્મટાણે મહાકષ્ટ સહ્યાં, તે તો જાણે એક હરિ. જીવડા૦ ૨
સંસારનો જબ વાયુ વાયો તબ, વેદના ગયો વિસરી; જીવડા૦
પયપાન માતાનું કરીને, જોબન વય ધરી. જીવડા૦ ૩
કામિની સાથે પ્રેમ કરીને, કર્મનો બંધ કરી; જીવડા૦
માતપિતાથી જુદો પડીને, વસ્તુ ઘરમાં ભરી. જીવડા૦ ૪
છોરૂ પ્રિયાની ટાપટીપ તું, કરતો પલપલ ધરી. જીવડા૦

સદ્‌ગુરુથી નિત્ય દૂરે ફરતો, જયું સાધુ સંતથી ડરી. જીવડા૦ ૫

ગયું યૌવન ને આવ્યું બુઢાપન, શરીર ગયું જરજરી; જીવડા૦
દેવ આંખના ઝાખા થયા, વળી ઉજજડ કર્ણપુરી. જીવડા૦ ૬

ઉંબર ડુંગર પાદર પરદેશ, ગોળી ગંગા સરી; જીવડા૦
હૃષ્ટ પુષ્ટ કાયા ઘટીને, નબળાઈ દેહે વરી. જીવડા૦ ૭
વૃદ્ધ વયમાં કુટુંબ કબીલે, ચાકરી નવિ કરી; જીવડા૦
અંતકાળે જિન નામ ન લીધું, મ્હારૂં મ્હારૂં કરી. જીવડા૦ ૮

મરતી વખતે બૂરે હવાલે, જીવ જશે નિસરી; જીવડા૦
જન્મ મરણની વેદનાં સુણતાં, હૈડું જાય થરથરી. જીવડા૦ ૯

વીતરાગનું નામ વિસારી, દુર્ગતિ હાથ ધરી; જીવડા૦
નરક નિગોદના કારાગૃહમાં, બેસીશ તું કેમ ઠરી. જીવડા૦ ૧૦

ધર્મમાર્ગ છોડેથી પામ્યો, લખચોરાશી ફરી; જીવડા૦
વીરમુનિ કહે ધર્મ કરો તો, સંસાર જાઓ તરી. જીવડા૦ ૧૧

## [?] ૨૬૫. વૈરાગ્યની સજઝાય

તુંને સંસાર સુખ કેમ સાંભરે રે લોલ, દુઃખ વિસર્યાં શું ગર્ભાવાસ જો;
નવ માસ રહ્યો તું માને ઉદરે રે લોલ, મળ મૂત્ર અશૂચિ વિશરામ જો. ૧

તિહાં હવા પાણી નહિ સંચરે રે લોલ, નહિ સેજ તલાઈ પલંગ જો;
તિહાં લટકી રહ્યો ઊંધે શિરે રે લોલ, દુઃખ સહત અપાર અનંત જો. ૨

ઊંટ કોડી સૂઈ તાતી કરી રે લોલ, સમ કાળે ચાંપે કોય રાય જો;
તેથી અનંતગણું તિહાં કને રે લોલ, દુઃખ સહેતાં વિચાર તે થાય જો. ૩

હવે પ્રસવે જો મુજને માવડી રે લોલ, તો કરું હું તપ જપ ધ્યાન જો;
હવે સેવું સદા જિનધર્મને રે લોલ મૂકું કુગુરુનો સંગ અજ્ઞાન જો. ૪

જ્યારે જન્મ્યો ત્યારે ભૂલી ગયો રે લોલ, 'ઉંઆં ઉંઆં' રહ્યો ઈમ કહેવાય જો;
તિહાં લાગી લાલચ રમવા તણી રે લોલ, આયુ અંજલી જળ સમ જાય જો. ૫

ઈમ બાળક વય રમતા ગઈ રે લોલ, થયા યૌવને મકરધ્વજ સહાય જો;
ચિત્ત લાગ્યો તદા રમણી સુખે રે લોલ, પુત્ર-પૌત્ર દેખી હરખાય જો. ૬

થઈ ચિંતા વિવાહ વાજમ તણી રે લોલ, ધન કારણે ધાવે દેશોદેશ જો;
પુણ્યહીણો થાઈ પામે નહિ રે લોલ, ચિંતે ચોરી કરૂં કે લૂટું દેશ જો. ૭

ગયું યૌવન આવી જરા ડાકણી રે લોલ, ધ્રૂજે કર પગ શિર ને શરીર જો;
ઘરે કહ્યું કોઈ માને નહિ રે લોલ, પડયો કરે પોકાર નહિ ધીરે જો. ૮

ઈમ કાળ અનંતો વહી ગયો રે લોલ, અબ ચેત મૂરખ સરદાર જો;
આવો જોગ મળવો મુશ્કેલ છે રે લોલ, સેવો શ્રી જિન શિવ સંકેત જો; ૯

કવિ દાસ કહે મુજ સાહિબો રે લોલ, કૂડો કપટી કુશીલ શિર મોડ જો;
મેં તો દીઠો નહિ કોઈ દેશમાં રે લોલ, મોટો ધર્મનો ઠગ ઠાકોર જો. ૧૦

મુનિ તત્ત્વસાગરના પસાયથી રે લોલ, ધર્મધ્યાને થયો ઉજમાળ જો;
સંઘ સેવા કરે શાંતિનાથની રે લોલ, તેથી મંગલ માલ વરતાય જો. ૧૧

ઓગણીશે ત્રીશ અષાઢની રે લોલ, શુદ એકમને બુધવાર જો;
પ્રભુ કરો કૃપા કવિદાસ પરે રે લોલ, ઘનઘાતીયા ચાર નિવાર જો. ૧૨

## ૨૬૬. વૈરાગ્યની સજઝાય

રાત દિવસ કાયા મૂઢ પોષે રે, પછી અનંત દુઃખી જીવ હોયે રે;
જીવ ! જોને હૃદય વિચારી રે, આંખ મીંચી તો રિદ્ધિ પરાઈ રે;
એ તો કાયા અમર ન હોય રે, વીર વચન સુણો સહુ કોઈ રે. ૧
દહીં દૂધે દેહને લાલે રે, વળી પાણીએ ઘણું પખાળે રે;
શણગાર તણો રંગ લાગ્યો રે, જીવ ! નિશ્ચયે જાઈશ નાગો રે. એ૦ ૨
પાંચે ઈન્દ્રિયના સુખ નવિ છાડે રે, ધર્મ કારણે આળસ માંડે રે;
ખાય ખેલે હસે મદ આણે રે, ભોળો ધર્મનું નામ ન જાણે રે. એ૦ ૩
પુત્ર પત્ની ધનને મોહે રે, ઘૃત કારણ જળને વલોવે રે;
જીવ ધનને સબળો ધ્યાવે રે, પણ પૂર્વે દીધું પાવે રે. એ૦ ૪
અતિ લોભ કિહાં ન સમાવે રે, લાખ કોડે તૃપ્તિ નવિ થાવે રે;
સોનાની ડુંગરી કીધી રે, નવનંદે સાથે નવિ લીધી રે. એ૦ ૫
ચાર ચોર કાયા થકી ટાળો રે, તપ કરી કાયા અજવાળો રે;
શુદ્ધ સમકિત શીલવ્રત પાળો રે, રાગ દ્વેષ વૈરી દોય ટાળો રે. એ૦
એવી શીખ લહે જે કોઈ રે, તેને અવિચલ પદવી હોઈ રે;
એવા જ્ઞાની ગુરુ ઉપકારી રે, વીર વચન સુણો નરનારી રે. એ૦

## ૨૬૭. વૈરાગ્યની સજ્ઝાય

કહાં કરૂં મંદિર કહાં કરૂં ડમરા ન જાણું કહાં ઉડ બેઠેગા ભમરા
જોરી જોરી ગયે છોરી દુમાલા ઉડ ગયા પંખી પડ રહ્યા માલા... કહા૦ ૧
પવનકી ગઠરી કૈસે ઠરાઉં ઘર ન બસત આય બેઠે બટાઉ
અગ્નિ બુઝાની કાહેકી માળા દીપ છીપે તબ કૈસે ઉજાળા... કહા૦ ૨
ચિત્રકે તરૂવર કબહુ ન મોરે માટીકા ઘોરા કે'તેક દોરે
ધુંયેકી ડેરી તુરકા થંભા ઉહાં ખેલે હંસા દેખો અચંબા... કહા૦ ૩
ફિર ફિર આલત જાત ઉસાસા લાંપરે તારેકા કયા વિસવાસા
આ દુનિયાકી જૂઠી હે યારી જૈસી બનાઈ બાજીગર બારી... કહા૦ ૪
પરમાતમ અવિચલ અવિનાશી સોહે શુદ્ધ પરમ પદવાસી
વિનય કહે સો સાહિબ મેરા ફિર ન કરૂં આ દુનિયામેં ફેરા... કહા૦ ૫

## ૨૬૮. વૈરાગ્યની સજ્ઝાય

અબધૂ એસો જ્ઞાન વિચારી વામે કૌન પુરૂષ કૌન નારી એ ટેક૦
બહમનકે ઘર ન્હાતી ધોતી જોગીકે ઘર ચેલી
કલમા પઢ પઢ ભઈ રે તુરકડી આપહી આપ અકેલી... અબધૂ૦ ૧
સસરો હમારો બાળો ભોળો સાસુ બાલ કુંવારી
પીયુજી હમારો પોઢે પારણીએ તો મેં ઝુવાલન હારી... અબધૂ૦ ૨
નહીં હું પરણી નહીં હું કુંવારી પુત્ર જણાવન હારી
કાલી ડાડીકો મેં કોઈ છોડ્યો હજુએ હું બાલકુંવારી... અબધૂ૦ ૩
અઢી દ્વીપ મેં ખાટ ખટુલી ગગન ઓશીકું તળાઈ
ધરતીકો છેડો આભ પીછોડી તો ભી ન સોડ ભરાઈ... અબધૂ૦ ૪
ગગન મંડલમેં ગૌવા વિયાણી વસુધા દૂધ જમાઈ
સૌ સુનો ભાઈ વલોણું વલોવે તત્ત્વ અમૃતકો પાઈ... અબધૂ૦ ૫
ન જાઉં સસુરાલ પીયરીએ પાયુજી સૈંજ બિછાઈ
'આનંદઘન' કહે સુનો ભાઈ સાધુ જ્યોત સે જ્યોત મિલાઈ... અબધૂ૦ ૬

## ૨૬૯. વૈરાગ્યની સજ્ઝાય

તે ગિરૂઆ ભાઈ તે ગિરૂઆ જે વિષય ન સેવે વિરૂઆ
નાગ નચિંત વસે પાતાલે સુણે મધુર સૂર મીઠો રે

જે જાઈ કરંડકમાં પેઠો વાત વહંતો દીઠો રે... તે ગિરૂઆ૦ ૧
દીપક દેખી પતંગીઓ કાંઈ લોચન લોભે છલીયો રે
રૂપ નિહાળણ કારણે કાંઈ દીપક દેખી બળીયો રે... તે ગિરૂઆ૦ ૨
ભમર ભમંતો જે વેલડીયાં કાંઈ વિણ સ્વારથ વિગુતો રે
નાસિકા ઈંદ્રિયને કારણ એ તો કેતકી કાનને ખૂતો રે... તે ગિરૂઆ૦ ૩
પાણી માંહિ પલેવણું કાંઈ માછલડી નવિ દીઠો રે
ગલીય ગલંતા જીભલડી કાંઈ એહવો રસ લાગ્યો મીઠો રે... તે ગિરૂઆ૦ ૪
વિંધ્યાચલ પર્વતનો રાજા કાંઈ મયગલ નામે મોટો રે
ફરસ ઈંદ્રિયને કારણે કાંઈ તે પામે બહુ તોટો રે... તે ગિરૂઆ૦ ૫
એક એક ઈંદ્રિયને કારણે કાંઈ જીવ કે'તાં દુઃખ પાવે રે
પંચેન્દ્રિય પરવશ છે જેહ તેહ ભણો કેઈ ગતિ જાવે રે... તે ગિરૂઆ૦ ૬
પંચેન્દ્રિયો સાંભળજો કાંઈ વિષય મ સેવો ભોળા પ્રાણી રે
મુનિ લાવણ્ય સમય ઈમ બોલે સાંભળજો મન આણી રે... તે ગિરૂઆ૦ ૭

## ૨૭૦. વૈરાગ્યની સજઝાય

(રાગ : સાંભળજો મુનિ સંજમ રાગે)(ઉપશમ આણો)

તે ગિરુઆ ભાઈ તે ગિરુઆ, જે બોલ ન બોલે વિરુઆ રે;
તસ ઘરે આવે સોવન ચરૂઆ, ફલવંતા સુરતરુઆ રે. તે૦ ૧

છતી શકતે જે દીયે ધન દાતા, પરરમણી નવિ રાતા રે;
અહર્નિશ તે પામે સુખશાતા, ધન ધન તેહની માતા રે. તે૦ ૨

જે મન શુદ્ધે કરશે કિરિયા, તે તરશે ભવ દરિયા રે;
શીયલ ગુણે કરી જે નર ભરીયા, પાપ થકી ઓસરીયા રે. તે૦ ૩

જે નર જિનવરને આરાધે, મુનિજનને ન વિરાધે રે રે;
અહર્નિશ નિજ આતમને હિત સાધે, તેહ તણા ગુણ વાધે રે. તે૦ ૪

જે મન મદ મત્સર નવિ આણે, જે પરવેદન જાણે રે;
તે પહોંચે ઉત્તમ ગુણઠાણે, કવિજન તાસ વખાણે રે. તે૦ ૫

જે નર ખીજાવ્યા નવિ ખીજે, ઉપશમ રસમાં ભીંજે રે;
લબ્ધિ કહે તસ સેવા કીજે, તેહના પાય પ્રણમીજે રે. તે૦ ૬

## ૨૭૧. અમૃતવેલની સજઝાયો (૧)

ચેતન ! જ્ઞાન અજુવાળીયે, ટાળીયે મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે. ૧

ઉપશમ અમૃતસર પીજીએ, કીજીએ સાધુ ગુણ ગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે. ૨

ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીએ વયણ મુખ સાચ રે;
સમકિત રત્નરૂચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે. ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ મિત્ત રે. ૪

જે સમોસરણમાં રાજતાં, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે. ૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવ નગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથ રે;
મૂળ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે. ૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયાભાવ રે;
જેહ સુખ હેતુ જિનવરે કહ્યો, પાપ જલ તરવા નાવ રે. ૮

ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણા નિંદિએ, જીમ હોયે સંવર વૃદ્ધિ રે. ૯

ઈહભવ પરભવ આચર્યા, પાપ અધિકરણ મિથ્યાત્વ રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિએ તેહ ગુણઘાત રે. ૧૦

ગુરુતણાં વચન જે અવગણી, ગુંથિયા આપ મત જાલ રે;
બહુપરે લોકને ભોળવ્યાં, નિંદિએ તેહ જંજાળ રે. ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખીયાં, કીધલો કામ ઉન્માદ રે. ૧૨

જેહ ધન ધાન્ય મૂર્ચ્છા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગ ને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાય રે. ૧૩

જૂઠ જે આળ પરને દિયા, જે કર્યાં પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદ માયા મૃષા, વળીય મિથ્યાત્વ સંતાપ રે. ૧૪

પાપ જે એહવા સેવિયાં, નિંદિએ તેહ ત્રિહુ કાલ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોય કર્મ વિસરાલ રે. ૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તેહ ગુણ તાસ અનુમોદિએ, પુણ્ય અનુબંધ શુભયોગ રે. ૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે. ૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જેહ વળી સાધુતા, મૂળ ઉત્તર ગુણ ધામ રે. ૧૮

જેહ વિરતિ દેશશ્રાવક તણી, જેહ સમકિત સદાચાર રે;
સમકિત દષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિયે સાર રે. ૧૯

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત બીજ નિરધાર રે. ૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ૨૧

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમાં જાણ રે. ૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધનય ભાવના, પાપનાશય તણું ઠામ રે. ૨૩

દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ૨૪

કર્મથી કલ્પના ઊપજે, પવનથી જેમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દષ્ટિ સ્થિર મેલ રે. ૨૫

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહવડ ચોર રે;
જ્ઞાનરૂચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ૨૬

રાગ વિષ દોષ ઉતારતાં, ઝારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે. ૨૭

દેખીએ માર્ગ શિવ નગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીએ, પામીએ જિમ પરમધામ રે. ૨૮

શ્રી નયવિજય ગુરુ શિષ્યની, શીખડી અમૃત વેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુયશ રંગરેલ રે. ૨૯

## ૨૭૨. અમૃતવેલની સજ્ઝાયો (૨)

ચેતન ! જ્ઞાન અજુઆળજે ટાળજે મોહ સંતાપ રે
દુરિત નિજ સંચિત ગાળજે પાળજે આદર્યું આપ રે... ચેતન જ્ઞાન૦ ૧
ખલતણી સંગતિ પરિહરે મત કરે કોઈશ્યું ક્રોધ રે
શુદ્ધ સિદ્ધાંત સંભારજે ધારજે મતિ પ્રતિબોધ રે... ચેતન જ્ઞાન૦ ૨
હરખ મત આણજે તૂસવ્યો દૂહવ્યો મત ધરે ખેદ રે
રાગ દ્વેષાદિ સંધે રહે મનિ વહે ચારૂ નિર્વેદ રે... ચેતન જ્ઞાન૦ ૩
પ્રથમ ઉપકાર મત અવગણે તું ગણે ગુરૂગુણ શુદ્ધ રે
જિહાં-તિહાં મત ફરે ફૂલતો ઝૂલતો મમ રહે મુદ્ધ રે... ચેતન જ્ઞાન૦ ૪
સમકિત રાગ ચિત્ત રંજજે આંજજે નેત્ર વિવેક રે
ચિત્ત મમકાર મત લાવજે ભાવજે આતમ એક રે... ચેતન જ્ઞાન૦ ૫
ગારવપંકમાં મમ ઝુલે મત ધરે મચ્છર ભાવ રે
પ્રીતિ મ ત્યજે ગુણવંતની સંતની પંતિમાં આદિ રે... ચેતન જ્ઞાન૦ ૬
બાહ્ય ક્રિયા કપટ તું મત કરે પરિહરે આરતધ્યાન રે
મીઠડો વદન-મને મેલડો ઈણ કિમ તું શુભજ્ઞાન રે... ચેતન જ્ઞાન૦ ૭
ચાલતો આપછંદે રખે મત ભખે પુંઠનો મંસ રે
કથન ગુરૂનું સદા ભાવજે આપ શોભાવજે વંશ રે... ચેતન જ્ઞાન૦ ૮
હઠ પડ્યો બોલ મત તાણજે આણજે ચિત્તમાં સાન કે
વિનયથી દુઃખ નવિ બાંધસ્યે વાંધસ્યે જગતમાં માન રે...ચેતન જ્ઞાન૦ ૯
કોકવારે તુઝ ભોળવ્યો ઓળવે ધર્મનો પંથ રે

ગુરૂવચન-દીપ તો કર ધરે અનુસરે પ્રથમ નિર્ગ્રંથ રે... ચેતન જ્ઞાન૦ ૧૦
ધારજે ધ્યાનની ધારણા અમૃતરસ પારણા પ્રાય રે
આળસ અંગનું પરિહરે તપ કરી શોષજે કાય રે... ચેતન જ્ઞાન૦ ૧૧
કલિચરિત દેખી મત ભડકજે અડકજે મન શુભ યોગ રે
સૂખડી નવમરસ પાવના ભાવના આણજે ભોગ રે... ચેતન જ્ઞાન૦ ૧૨
લોક ભયથી મન ગોપવે રોપવે તું મહાદોષ રે
અવર સુકૃત કીધા વિના તુઝ દિન જતિ શુભ શોષ રે... ચેતન જ્ઞાન૦ ૧૩
લોક સન્નાવમાં ચતુર તું કાંઈ અછતું નવિ બોલ રે
ઈમ તુઝ મુગતિસ્યું બાઝસ્યે વાસસ્યે જિમ ગૃહી મોલ રે...ચેતન જ્ઞાન૦૧૪
જ્ઞાન-દર્શન-ચરણ ગુણતણા અતિઘણો ધરે પ્રતિબંધ રે
તન-મન-વચન સાચો રહે તું વહે સાચલી સંધ રે... ચેતન જ્ઞાન૦ ૧૫
પોપટ જિમ પડ્યો પાંજરે મનિ ધરે સબલ સંતાપ રે
તિમ પડે મત પ્રતિબંધ તું સંધિ સંભાળજે આપ રે... ચેતન જ્ઞાન૦ ૧૬
મન રમાડે શુભગ્રંથમાં મત ભમાડે ભમ પાશ રે
અનુભવ રસવતી ચાખજે રાખજે સુગુરૂની આશ રે... ચેતન જ્ઞાન૦ ૧૭
આપ સમ સકલ જગ લેખવે શીખવે લોકને તત્ત્વ રે
માર્ગ કહેતો મત હારજે ધારજે તું દઢ સત્ત્વ રે... ચેતન જ્ઞાન૦ ૧૮
શ્રી નયવિજય ગુરૂ શિષ્યની શીખડી અમૃતવેલ રે
સાંભળી જેહ એ અનુસરે તે લહે જસ રંગરેલ રે... ચેતન જ્ઞાન૦ ૧૯

## ૨૭૩. મરણ વિષેની સજ્ઝાય

મરણ ન છૂટે રે પ્રાણીયા, કરતાં કોટી ઉપાય રે;
સુર નર અસુર વિદ્યાધરા, સહુ એક મારગ જાય રે. મરણ૦ ૧
ઈન્દ્ર ચંદ્ર રવિ હરિ વળી, ગણપતિ કામ કુમાર રે
સુરગુરુ સુરવૈદ્ય સારીખા, પહોંચ્યા જમ દરબાર રે. મરણ૦ ૨
મંત્ર જંત્ર મણિ ઔષધિ, વિદ્યા હુન્નર હજાર રે;
ચતુરાઈ કેરા રે ચોકમાં, જમડો લૂંટે બજાર રે. મરણ૦ ૩
ગર્વ કરી નર ગાજતાં, કરતાં વિવિધ તોફાન રે;
માથે મેરૂ ઉપાડતાં, પહોચ્યાં તે શ્મશાન રે. મરણ૦ ૪

કપડાં ઘરેણાં ઉતારશે, બાંધશે ઠાઠડી માંય રે;
ખોખલી હાંડલી આગળે, રોતા રોતા સહુ જાય રે. મરણ૦ ૫

કાયા માયા સહુ કારમી, કારમો સહુ ઘરબાર રે;
રંક ને રાય છે કારમો, કારમો સકળ સંસાર રે. મરણ૦ ૬

બાંધી મુઠી લઈ અવતર્યો, મરતાં ખાલી છે હાથ રે;
જીવડા જોને તું જગતમાં, કોઈ ન આવે છે સાથ રે. મરણ૦ ૭

નાના મોટા સહુ સંચર્યા, કોઈ નહિ સ્થિર વાસ રે;
નામ રૂપ સહુ નાશ છે, ધર્મરત્ન અવિનાશ રે. મરણ૦ ૮

## ૨૭૪. મરણ વિષેની સજ્ઝાય

ચેતન ! ચેતજો રે એ કાળ ન મેલે કે'ડો
ભાતું બાંધજો રે જમડો પકડે છે તુમ કે'ડો
ચેતન ચેતજો૦ ૧

કોઈક બહાનું કાઢી જીવને છેતરશે એ છાનો
ઓચિંતો આવી પકડી જાશે કાંઈક ચડાવી બાનો...
ચેતન ચેતજો૦ ૨

શરીર પિંજર જીવ મુસાફિર તૃષ્ણા બગીચે ફરતો
જુલ્મી જમડોએ સમળી પેરે લેઈ જાશે જટ ભમતો...
ચેતન ચેતજો૦ ૩

બાળા બુઢ્ઢા ગરભે હુંતા જુવાનને લેઈ જાવે
કાચા પાકા સઘળા બેડાં જમને દયા ન આવે...
ચેતન ચેતજો૦ ૪

તું જાણે પરવારી જઈશું લોચા સઘળા ધોઈ
હા-હો કરતાં જમ લઈ જાહે સહુકો રહે એમ જોઈ...
ચેતન ચેતજો૦ ૫

તું અમર પરે થિર થઈ બેઠો લોચા વાળે મૂઢ
લખપતિ નરપતિ શેઠ સત્થવાહ તુજ આગળ કેઈ બૂઢ...
ચેતન ચેતજો૦ ૬

આજ કાલને પો'ર પરાર ધર્મે વિલંબ જ કરતો
ક્ષણ ક્ષણ આયુ ઓછું થાયે અંજલિજલ જિમ ખરતો...
ચેતન ચેતજો૦ ૭

તારે તો રોહણમાં ગાજે બહેરો થઈને બેઠો
માથે મોતની નોબત વાગે તુંએ પંથે પેઠો...
ચેતન ચેતજો૦ ૮

વાર-કુવાર સુખી-દુઃખી એ ન ગણે જમડો ટાણું
અવર રૂઠે તો ધનથી મનાવે ન વળે જમડાનું આણું...
ચેતન ચેતજો૦ ૯

નિશ્ચિંત થઈ સુતો શું જીવડા જમનો ઝાઝો જોરો
માત-પિતાદિક જોતાં રહેશે કેહનો ન ચાલે તોરો...
ચેતન ચેતજો૦ ૧૦

સમય થયે ચેત્યો નહિં પ્રાણી આવે આયુ બહુ ઝુરે
બૂડતાં વાર જ કેવી લાગે સાયરને જિમ પૂરે...
ચેતન ચેતજો૦ ૧૧

રાત-દિવસ ચાલે એ પંથે કિણે ન જાયે કળીયો
થાવચ્ચાદિક તે મુનિ ચેત્યા તેહને એ ભય ટળીયો...
ચેતન ચેતજો૦ ૧૨

પાણી પહેલાં પાળ જે બાંધે તે જગમાંહે બળીયા
ઘર બળે ત્યારે કુવો જે ખોદે તે મૂરખમાં ભળીયા...
ચેતન ચેતજો૦ ૧૩

જરા કુત્તિ જોબન એ સસલો આહેડી જમ જાણો
જિહાં જાહે ત્યાં એ જમ મારે ચિત્તમાં કાં નવિ આણો...
ચેતન ચેતજો૦ ૧૪

એહવું જાણી ધર્મ આરાધો શું કરે જમડો બળીયો
વીરવિમલ ગુરૂ શિષ્ય વિશુદ્ધ કહે જઈ શિવપુરમાં ભળીયો...
ચેતન ચેતજો૦ ૧૫

## [X] ૨૭૫. મરણ વિષેની સજ્ઝાય

સુણ સાહેલી રે ! કહું એક હૃદયની વાતું,

જરૂર જીવને મરવું સાચું સાથે ન લીધું ભાતું સુણ૦
મરવાટાણે રે ! મારાથી કેમ મરાશે ?
કેમ મરાશે શી ગતિ થાશે વિપત્તિ કેમ વેઠાશે ? મરવાટાણે રે મારાથી૦ ૧
સાસુને સંતાપ્યા રે નણદીને કાંઈ ન આપ્યું
હાથમાંહે તો કરવત લઈને મૂળ પોતાનું કાપ્યું... મરવાટાણે રે મારાથી૦ ૨
બે બાલકડાં રે બાઈ મારે છે લાડકડા
અંત સમે જઈ અળગા રહેશે પોતાના કેમ કહેવાશે ?...
મરવાટાણે રે મારાથી૦ ૩
ભર્યા ને ભાદર્યા રે આ ઘર કેમ મૂકાશે
મરવાની તો ઢીલ જ નથી પણ આ ઘર કેમ સોંપાશે...
મરવાટાણે રે મારાથી૦ ૪
હતું છતાં હાથે નવદીધું, પથારીયે જઈ પડશું
હવે તો શી ગતિ થાશે મારી ભાતું કાંઈન લીધું...
મરવાટાણે રે મારાથી૦ ૫
શ્વાસ ચઢશે રે ધબ કે આંખો ઉઘડશે
અહીંથી તો ઉઠાતું નથી ને ભૂખ્યા કેમ ચલાશે ?...
મરવાટાણે રે મારાથી૦ ૬
જમદૂત આવશે રે ત્યારે એકદમ ભડકા બળશે
ઝાઝા જોરની જ્વાળા ચડશે ડચકા કેમ ખવાશે ?...
મરવાટાણે રે મારાથી૦ ૭
સમયસુંદર કહે રે, સહુ સમજીને રહેજો
સમજ્યા તે તો સ્વર્ગે પહોંચ્યા ગાફિલ ગોથાં ખાશે...
મરવાટાણે રે મારાથી૦ ૮

## ૨૭૬. વૈરાગ્યની સજઝાય

મારું મારું મ કર જીવ તું, જગમાં તાહરૂં નહિ કોય રે;
આપ સ્વારથે સહુ મિલ્યાં, હૃદય વિચારીને જોય રે. મા૦ ૧
દિન દિન આયુ ઘટે તાહરૂં, જિમ જલ અંજલિ હોય રે;
ધર્મની વેળા નાવે ટુંકડો, કવણ ગતિ તાહરી હોય રે. મા૦ ૨

રમણી સંગે રાચ્યો રમે, કેમ દીયે બાઉલે બાથ રે;
તન ધન જોબન સ્થિર નહી, પરભવ નાવે તુજ સાથ રે. મા૦ ૩

એક ઘરે ધવલ મંગલ હુવે, એક ઘરે રુવે બહુ નાર રે;
એક રામા રમે કંતશું, એક છંડે સકલ શણગાર રે. મા૦ ૪

એક ઘરે સહુ મલી બેસતાં, નિત નિત કરતા વિલાસ રે;
તે રે સાજનીયાં ઉઠી ગયાં, સ્થિર ન રહ્યો એક વાસ રે. મા૦ ૫

એહવું સ્વરૂપ સંસારનું, ચેત ચેત જીવ ગમાર રે;
દશ દ્રુષ્ટાંતે દોહીલો, પામવો મનુષ્ય અવતાર રે. મા૦ ૬

હર્ષવિજય કહે એહવું, જે ભજે જિનપદ રંગ રે;
તે નરનારી વેગે વરે, મુકિતવધુ કેરો સંગ રે. મા૦ ૭

## ૨૭૭. વૈરાગ્યની સજ્ઝાય

માનમાં માનમાં માનમાં રે, જીવ મારું કરીને માનમાં,
અંતકાળે તો સર્વ મૂકીને, ઠરવું છે જઈ સ્મશાનમાં રે. જીવ૦ ૧
વૈભવ વિલાસી પાપ કરો છો, મરી તિર્યંચ થાશો રાનમાં રે. જીવ૦ ૨
રાગના રંગમાં ભૂલા ભમો છો, પડશો ચોરાશીની ખાણમાં રે. જીવ૦ ૩
જગતમાં તારું કોઈ નથી રે, મન રાખને ભગવાનમાં રે. જીવ૦ ૪
વૃદ્ધાવસ્થા આવશે ત્યારે, ધાકો પડશે તારા કાનમાં રે. જીવ૦ ૫
કોક દિન જાનમાં તો કોક દિન કાણમાં, મિથ્યા ફરે અભિમાનમાં રે. જીવ૦ ૬
કોકદિન સુખમાં તો કોકદિન દુઃખમાં, સઘળા તે દિન સરખા જાણમાં રે. જીવ૦ ૭
સુત્ત વિત્ત દારા પુત્રી ને ભૃત્યો, અંતે તે તારા જાણમાં રે. જીવ૦ ૮
આયુ અસ્થિરને ધન ચપળ છે. ફોગટ મોહ્યો તેના તાનમાં રે જીવ૦ ૯
છેલ બટુક થઈ શાને ફરો છો, અધિક ગુમાન માન તાનમાં રે. જીવ૦ ૧૦
મુનિ કેવળ કહે સુણો સજજન સહુ, ચિત્ત રાખોને પ્રભુ ધ્યાનમાં રે. જીવ૦ ૧૧

## ૨૭૮. વૈરાગ્યની સજ્ઝાય

ઊંચા તે મંદિર માળીયા, સોડ વાળીને સૂતો;
કાઢો રે કાઢો એને સહુ કહે, જાણે જન્મ્યો જ નહોતો,
એક રે દિવસ એવો આવશે, મન સબળો જી સાલે. ૧

મંત્રી મળ્યા સર્વે કારમાં, તેનું કંઈ નવ ચાલે. એક૦ ૨

સાવ સોનાનાં રે સાંકળા, પહેરણ નવનવા વાઘા;
ધોળું વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. એક૦ ૩

ચરૂ કઢાઈઆ અતિ ઘણા, બીજાનું નહિ લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું. એક૦ ૪

કેના છોરૂં ને કેના વાછરૂં, કેના માય ને બાપ;
અંતકાળે જાવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપ. એક૦ ૫

સગી રે નારી એની કામિની, ઉભી ટગમગ જુવે;
તેનું પણ કાંઈ ચાલે નહીં, બેઠી ધ્રુસકે રૂવે. એક૦ ૬

વ્હાલા તે વ્હાલા શું કરો, વ્હાલાં વોળાવી વળશે;
વ્હાલા તે વનના લાકડાં, તે તો સાથે જ બાળશે. એક૦ ૭

નહીં ત્રાપો નહીં તુંબડી, નથી તરવાનો આરો;
ઉદયરત્ન મુનિ ઈમ ભણે, મને પાર ઉતારો. એક૦ ૮

## [?] ૨૭૯. વૈરાગ્યની સજ્ઝાય

આવ્યો ત્યારે મુઠી વાળી, જાતી વેળા ખાલી રે;
જીવડા..... ! સમય સુધાર,.........
બહુ ફાલ્યો બહુ ફુલ્યો, અંતે દેશે બાળી રે. જી૦ ૧

ઉહાં ઉહાં તું તો કરતો, જનમતાં તે વારે રે,
સઘળું તે રહી ગયું, પ્રભુને દરબારે રે. જી૦ ૨

આવ્યો ત્યારે સાકર વહેંચી, હરખ ન માય રે;
જાતી વેળા રોવા લાગ્યા, કરે હાય હાય રે. જી૦ ૩

આવ્યો ત્યારે પહેરવાના, ખાવાના અપાર રે;
જાતી વેળા તારૂં બધું, લૂંટી લેવાય રે. જી૦ ૪

આવ્યો ત્યારે પારણામાં, ઝુલાવે અપાર રે;
જાતી વેળા વાંસ લાવશે, સાડા ત્રણ હાથ રે. જી૦ ૫

જીવવું ટુંકું જગતમાં, આશા બહુ લંબાય રે;
રાત થોડી વેશ ઝાઝા, વખત વહી જાય રે. જી૦ ૬

ખાશે તે તો ધરાશે ને, બાકી ભૂખ્યા જાશે રે;
માટે ભજી લેને પ્રભુ તું, થાય બેડો પાર રે. જી૦ ૭

મોહ માયા છોડી ભજ, નિરાગી પ્રભુ આજ રે;
ધર્મ કેરો સંગ કરી, છોડી દે તું કાજ રે. જી૦ ૮
મારૂં તારૂં છોડી દેને, કરી લે ભલાઈ રે;
ઉદયરત્ન કહે ભલા, સાધી લે તું કાજ રે. જી૦ ૯

## [?] ૨૮૦. વૈરાગ્યની સજ્ઝાય

તું થોડું ફાટી જા કોણ છે થોરી રે પ્રાણીયા પાપી રે...
પ્રભુ જાણે છે ચિંતડાની ચોરી રે પ્રાણીયા પાપી રે... ૧
કાંઈક તારાથી પુણ્યવાન પાડા રે પ્રાણીયા પાપી રે...
તેં તો વાળી નાંખ્યા છે આંક આડા રે પ્રાણીયા પાપી રે... ૨
શ્વાન તારાથી બાપડા સારા રે પ્રાણીયા પાપી રે...
તેહથી દુષ્ટ કર્મ છે તારા રે પ્રાણીયા પાપી રે... ૩
કુળ ઉંચું ને કામ તારા કાળા રે પ્રાણીયા પાપી રે...
હૈયે વસ્યા છે ટંકશાળી તાળા રે પ્રાણીયા પાપી રે... ૪
શેઠ ભોળાને કાટણા કુડા રે પ્રાણીયા પાપી રે...
ખટે ખંત એક પૂંછડાની ખામી રે પ્રાણીયા પાપી રે... ૫
પશુ પાહડમાં મનુષ્ય જન્મ પામી રે પ્રાણીયા પાપી રે...
હૃદયે રોસ ન વાળે વેણ રૂડા રે પ્રાણીયા પાપી રે... ૬
આર્યદેશમાં મનુષ્ય જન્મ પામી રે પ્રાણીયા પાપી રે...
ખટે ખંત એક શીંગડાની ખામી રે પ્રાણીયા પાપી રે... ૭
તારૂં લક્ષણ કહેતા હું મરૂ રે પ્રાણીયા પાપી રે...
ગુરૂ રામવિજય થાયે કેમ રાજી રે પ્રાણીયા પાપી રે... ૮

## ૨૮૧. વૈરાગ્યની સજ્ઝાય

જંજાળી જીવડા ! જાગ તું આયુષ્ય ઓછું થાય

સુરજ ઉગે ને આથમે તેમ પલપલ આયુ કપાય... જંજાળી૦ ૧
ઘર ઘર સળગતી હોળીને જોઈ જીવડા કંઈક વિચાર
ધર્મ વિહૂણા જીવડા પામે દુઃખ અપાર... જંજાળી૦ ૨
સમજ સમજ મન માનવી દીવો લઈ પડે કેમ કૂપ
કરમ ન મૂકે કોઈને ભલે હોય મોટો ભૂપ... જંજાળી૦ ૩
જગમાં સુખીયો કો નહિં ઘર ઘર કરજે ખોજ
મતલબીયા સૌ સંસારમાં લડતા-ઝગડતા રોજ... જંજાળી૦ ૪
મા જાણે મારો દીકરો કરશે માહરી સેવ
દુઃખ વેઠીને મોટો કર્યો હૈયે ધરતી હેજ... જંજાળી૦ ૫
પુત્ર હરખે પરણાવીયો વહુઅર આવી ઘેર
મતલબ નિજ સરકતાં થકાં માત-પિતા લાગે ઝેર... જંજાળી૦ ૬
ધસમસી ધન ભેગું કર્યું ન ગણ્યા પુણ્ય ને પાપ
તે ધનનો માલિક પુત્ર થયો મા બાપને આપે તે ખાય... જંજાળી૦ ૭
માત પિતાને લાગ્યા ધમકાવવા બેસી રહો તુમ ઠોર
ટકટક કરવાની ટેવ જ પડી પુત્ર વધુનું વધ્યું જોર... જંજાળી૦ ૮
સાસુની સામે ધુરકે વહુ પુત્ર મારવા ધાય
બે આંખે આંસુ સારતાં માતપિતા અકળાય... જંજાળી૦ ૯
કોઈ માતપિતાની લાડકી કરતી નિત્ય કલ્લોલ
આવી આશા ભરીને સાસરે પામીશ સુખ અમૂલ... જંજાળી૦ ૧૦
પણ તેને પતિ પાપી મળ્યો ભટકતો ચારે કોર
સીતમ અતિ ગુજારતો કામ ધંધાનો ચોર... જંજાળી૦ ૧૧
સદ્ગુણી સતી વહુ સાંપડી પણ સાસુ છે વિકરાળ
નિત્ય વહુને સંતાપતી દેતી ખોટાં આળ... જંજાળી૦ ૧૨
ધમ પછાડા કરી ધમકાવતી કરતી શોર બકોર
તાળા કુંચી જયાં ત્યાં કરે વદતી વચન કઠોર... જંજાળી૦ ૧૩
કોઈ ઘેર ભાઈ-ભાઈ વચ્ચે અંતરમાં ઉંડાવેર
એક બીજાનું નિત્ય ખોદતા વરતાવે કાળો કેર... જંજાળી૦ ૧૪
દેરાણી જેઠાણીના દિલમાં ઈર્ષ્યાનો નહિં પાર
પતિ મારે નિજ પત્નીને અંતરમાં-સળગતી લ્હાય... જંજાળી૦ ૧૫

કોઈક પુત્ર મારે બાપને ધન લોભે લલચાય
બાપ મારે નિજ પુત્રને એ સંસાર કહાય... જંજાળી૦ ૧૬
કોઈ રોગી કોઈ સોગીયા કોઈના પેટ ન ભરાય
કોઈ બાળ વિધવા બાપડી મુખે મૂકતી હાય... જંજાળી૦ ૧૭
સંસાર સ્વરૂપ આવું જાણીને જીવડા જતન કરી જોય
સ્વારથીયા સંસારમાં સગું તારૂં નથી કોય... જંજાળી૦ ૧૮
ક્ષમા ખડગ લઈ હાથમાં કર્મ કઠિન વિદાર
શ્રી જિનશાસન પામીને કરી લે આત્મ ઉદ્ધાર... જંજાળી૦ ૧૯
તજ તજ જગ જંજાળને ભજ ભજ શ્રી ભગવંત
રૂપવિજય કહે જીવને તો પામીશ ભવનો અંત... જંજાળી૦ ૨૦

## ૨૮૨. વૈરાગ્યની સજઝાય

(રાગ : આવ્યો ત્યારે મુઠી વાળી)

જોને તું પાટણ જેવા, સારા હતા શહેર કેવા;
આજ તો ઉજ્જડ જેવા રે, આ જીવ જોને, જાય છે જગત ચાલ્યું રે. આ૦ ૧
વળી સિદ્ધપુર વાળો, મોટો જોને રૂદ્ર મહાલો, કિહાં ગયો તે રૂપાળો રે. આ૦ ૨
રૂડા રૂડા રાણી જાયા, મેળવી અથાગ માયા, કાલે તેની પડી કાયા રે.આ૦ ૩
છત્ર જેને છાયા થતી, રૂડી જેની રીતિ હતી, કિહાં ગયો કરોડપતિ રે. આ૦ ૪
કોઈ તો કે વાતા કેવા, આભના આધાર જેવા,ઉઠી ગયા હેવા હેવા રે. આ૦ ૫
જોબનીયાને જાતું જોઈ, રોકી શકયા નહિ કોઈ, સગા સર્વે રહ્યા રોઈ રે. આ૦ ૬
હુકમે હાજર થાતા, ખમાખમા મુખે કહેતા, વિશ્વમાંથી થયા વહેતા રે. આ૦ ૭
મુઆ જન જેની સાથે, હેતથી પોતાને હાથે, મરણ ન મૂકે માથે રે. આ૦ ૮
જસ લીધો શત્રુ જીતી, નવીન ચલાવી રીતિ, વેળા તેની ગઈ વીતી રે. આ૦ ૯
જગમાંહી ખૂબ જામ્યો, વૈર વારી વિસરામ્યો, પણ તે મરણ પામ્યો રે. આ૦ ૧૦
નેક નામદાર નામે, જઈ વસ્યા સ્મશાન ઠામે, રત્નવિજય કહે નવિ કામે રે. આ૦ ૧૧

## ૨૮૩. વૈરાગ્યની સજઝાય

જાઉં બલિહારી વૈરાગ્યની, જેના મનમાં એ ગુણ આયો રે,
મોક્ષના મોતીએ જીવડા, નરભવ સફલ તેણે પાયો રે. જાઉં૦ ૧
જેમ ભિખારીને ભાંગ્યો ઠીકરો, તેને તજવો દોહિલો હોય રે,
ષટખંડ તજવા સોહિલા, જો વૈરાગ્ય મનમાં હોય રે. જાઉં૦ ૨

સંસારમાં નથી કોઈ કોઈનું, સૌ સ્વારથીયા સગા વહાલા રે,
કર્મ ધર્મ સંયોગે સહુ સાંપડયાં, અંતે જાશે સહુ ઠાલા રે. જાઉં૦ ૩

મારૂં મારૂં મ કરો પ્રાણીયા, તારૂં નથી કોઈ એણી વેળા રે,
ખાલી પાપના પોટલા બાંધવા, નરકમાં થાશે ઠેલમઠેલા રે. જાઉ૦ ૪

ગરજ સરે જો એહથી, તો સંસાર મુનિ કેમ છોડે રે,
પણ જુઠી બાજી છે સંસારની, ઈન્દ્રજાળની બાજી તોલે રે. જાઉ૦ ૫

નગારા વાગે માથે મોતના, કેમ નિશ્ચિંત થઈને સૂતો રે,
મધુબિંદુ સુખની લાલચે, ખાલી કિચડમાં કેમ ખૂંતો રે. જાઉ૦ ૬

લાખ ચોરાસી જીવાયોનિમાં, નથી છૂટવાનો કોઈ આરો રે,
એક જ મહ્ન વૈરાગ્ય છે, તમે ધર્મરતન સંભારો રે. જાઉ૦ ૭

## ૨૮૪. વૈરાગ્યની સજઝાય

તન ધન જોબન કારમુંજી રે, કોના માત ને તાત;
કોના મંદિર માળિયાંજી રે, જેસી સ્વપ્નની વાત.
સૌભાગી શ્રાવક ! સાંભળો ધર્મ સજઝાય. ૧

ફોગટ ફાંફાં મારવાજી, અંતે સગું નહિ કોઈ;
ઘેબર જમાઈ ખાઈ ગયોજી, કુટાઈ ગયો કંદોઈ. સૌ૦ ૨
પાપ અઢાર સેવીનેજી, લાવે પૈસો એક;
પાપના ભાગી કો નહીંજી, ખાવાવાળા છે અનેક. સૌ૦ ૩

જીવતાં જસ લીધો નહીંજી, મુવા પછી શી વાત;
ચાર ઘડીનું ચાંદણુંજી, પછી અંધારી રાત. સૌ૦ ૪

ધન્ય તે મોટા શ્રાવકોજી, આણંદ ને કામદેવ;
ઘરનો બોજો છોડીનેજી, વીર પ્રભુની કરે સેવ. સૌ૦ ૫

બાપ દાદા ચાલ્યા ગયાજી રે, પૂરા થયા નહિ કામ;
કરવી દેવની વેઠડીજી, શેખચલ્લીના પરિણામ. સૌ૦ ૬

જો સમજો તો શાનમાંજી, સદ્ગુરુ આપે છે જ્ઞાન;
જો સુખ ચાહો મોક્ષનાજી, ધર્મરત્ન કરો ધ્યાન. સૌ૦ ૭

## ૨૮૫. વૈરાગ્યની સજ્ઝાય

જીવ તું ઘેનમાંહે પડ્યો, ત્હારી નિંદરડીને વાર રે;
નરક તણાં દુ:ખ દોહિલાં સેવ્યા તેં અનંતી વાર રે, ચેતન ચેતજો પ્રાણીયા. ૧

ધન-કુટુંબને કારણે, ગાફિલ રહ્યો તું રાત-દિવસ રે;
લાખ ચોરાશીને ખોળીએ, કર્યા તે નિત નવા વેષ રે. ચેતન૦ ૨

જ્યા જઈશ તિહાં કર્મ આગલે; ત્યાં તારા પડી રહેલા પાસ રે;
ભોગવ્યા વિના છૂટકો નહિ, કર્યા કર્મનો તું દાસ રે. ચેતન૦ ૩

જેમ રે પંખી વાસો વસે, તેમ તું જાણ સંસાર રે;
આ રે સંસાર અસાર છે, આવખાનો ન કર વિશ્વાસ રે. ચેતન૦ ૪

ભવિક જીવ ! તુમે સાંભળો, પાળજો જીવદયા સાર રે;
સત્યવિજય પંડિત ઈમ ભણે, પ્રભુ ! આવાગમન નિવાર રે. ચેતન૦ ૫

## ૨૮૬. વૈરાગ્યની સજ્ઝાય

જીવડા ચૂપ કરીને ચેતો, જીવડા આ અવસર બહુ રૂડો;
પછી તુમે ઘણી ઝુરના કરશો, જિમ પિંજરમાં સુડો. જીવડા૦ ૧

સુખમાં પ્રભુ સમરતાં નથી ને, કરો કાંઈ ખોટાઈ;
કાળ આવીને કંઠ પકડશે, નગરી જાશે લુંટાઈ. જીવડા૦ ૨

રત્ન ચિંતામણી હાથમાં આવ્યું, પારખું કરીને જુઓ;
અતિ મોંઘેરો મનખો ગુમાવી, હાથે કરી કાં ખોવો. જીવડા૦ ૩

દુર્લભ માંહે દુર્લભ પામ્યો, માનવનો અવતાર;
નવઘાટી ઓલંગી આવ્યો, રહી નહીં મણા લગાર. જીવડા૦ ૪

આળ પંપાળ પરિહરીને, એક જ પ્રભુ ધ્યાનમાં રાખો;
કૂડી માયામાં શું લલચાણા, વિષ મૂકી અમૃત ચાખો. જીવડા૦ ૫

ખોટી માયામાં શું ખોટી થાવું,શાને મરો છો દોડી;
અંત સમયે કોઈ કામ ન આવે, સાથ ન આવે કોડી. જીવડા૦ ૬

માલમતા જે મેળવી અધિકી, તે તો રહેશે આંહી;
રામવિજય કહે અહીંથી ભૂલ્યો, તો નથી ઠેકાણું ક્યાંઈ. જીવડા૦ ૭

## [?] ૨૮૭. વૈરાગ્યની સજ્ઝાય

કોરા કાગળની પૂતળી મન મેરા રે
એને ઘડતાં ન લાગે વાર... સમજમન મેરા રે ૧
કાચો કુંભ જલે ભર્યો મન મેરા રે
એને ફુટતાં ન લાગે વાર... સમજમન મેરા રે ૨
ભરલાકડ ગાડા ભર્યા મન મેરા રે
ખોખરી દોણી તેની સાથ... સમજમન મેરા રે ૩
ઘરની લુગાઈ ઘર રહી મન મેરા રે
શેરી લગે સગી માય... સમજમન મેરા રે ૪
સીમા લગે સાજન ભલું મન મેરા રે
પછી હંસ એકલો જાય... સમજમન મેરા રે ૫
સુંદર વર્ણી ચેહ બળે મન મેરા રે
એનો ધૂમાડો આકાહે જાય... સમજમન મેરા રે ૬
પાંચે આંગળીયે પુણ્ય પાપ મન મેરા રે
અંતે થાય સખાઈ... સમજમન મેરા રે ૭
હીર વિજય ગુરૂ હીરલો મન મેરા રે
લબ્ધિ વિજય ગુણ ગાય... સમજમન મેરા રે ૮

## [?] ૨૮૮. વૈરાગ્યની સજ્ઝાય

અહિંસા ધર્મકા ડંકા, બજા લે જિસકા જી ચાહે;
જીવનકા કયા ભરોંસા હૈ, જગત ગફલતકા ડેરા હૈ. અહિંસા૦ ૧

બડે બડે વીર મહારાજા, ચલ ગયે છોડ સામ્રાજ્યા;
નગારા મોતકા બજતાં, હુકમ કે સાથ જાના હૈ. અહિંસા૦ ૨

ગયે સબ પીર ઓર કાજી, પહલવાન, શેઠ બાબાજી;
કરંતા મોત કો રાજી, જમીં અંદર સમાના હૈ. અહિંસા૦ ૩

જિન્હોંકા કેશ થા કાલા, જો ખૂશબુતેલ લગાતા થા;
આખિર સબ આગમેં જલતા, કરે ફોગટ ગુમાના હૈ. અહિંસા૦ ૪

જિન્હોં શિર શોભતે ચીરે, ચાવતે પાનકે બીરે;

તિન્હોં કો ખા ગયે કીડે, તું હોતા ક્યોં દિવાના હૈ. અહિંસા૦ ૫

કહત ક્ષાંતિ સમજ પ્યારા, ચલેંગે છોડ પરિવારા;
લગાવો ધ્યાન જિનવરકા, જો ચાહો સુખ કમાના હૈ. અહિંસા૦ ૬

## ૨૮૯. વૈરાગ્યની સજ્ઝાય

આ સંસાર અસાર છે ચિત્ત ચેતો રે, જૂઠો સકલ સંસાર ચતુર ચિત્ત ચેતો રે. ૧
સંધ્યા રંગ સમાન છે ચિત્ત૦ ખાલી આ ઈન્દ્રજાળ. ચતુર૦ ૨
એકલો આવ્યો જીવડો ચિત્ત૦ જાશે એકલો આપ. ચતુર૦ ૩
સઘળું અહીં મૂકી જશે ચિત્ત૦ સાથે પુણ્ય ને પાપ. ચતુર૦ ૪
કરણી પાર ઉતારશે ચિત્ત૦ કોણ બેટો કોણ બાપ. ચતુર૦ ૫
રાજ નહિ પોપાબાઈનું ચિત્ત૦ જમડો લેશે જવાબ. ચતુર૦ ૬
સુખમાં સજ્જન સહુ મળ્યા ચિત્ત૦ દુઃખમાં દૂર પલાય. ચતુર૦ ૭
અવસર સાધો આપણો ચિત્ત૦ છંડો દૂર બલાય. ચતુર૦ ૮
ફરી અવસર મળતો નથી ચિત્ત૦ હીરો સાંપડ્યો હાથ. ચતુર૦ ૯
રંકને રત્નચિંતામણિ ચિત્ત૦ રણમાં સજ્જન સાથ. ચતુર૦ ૧૦
સમતાના ફલ મીઠડાં ચિત્ત૦ સંતોષ શિવતરૂ મૂળ. ચતુર૦ ૧૧
બે ઘડી સાધો આપણી ચિત્ત૦ ધર્મરત્ન અનુકૂળ. ચતુર૦ ૧૨

## ૨૯૦. વૈરાગ્યની સજ્ઝાય

નથી સાર જગમતાં ભાઈ, હવે કરી લે સુકૃત કમાઈ,
જીવ ! જોવું જરૂર તપાસી, બહુ ભટક્યો લાખ ચોરાશી;
મલ્યો માનવ તન સરસાઈ. નથી૦ ૧
તું માતા ઉદરે આવ્યો, નવ માસ કેદ પુરાયો;
તિહાં ભોગવી બહુ દુઃખ દાઈ. નથી૦ ૨
તું ઊંધે શીર લટકાયો, તું ઉંચો નીચો પછડાયો;
આડો આવે તો જાય કપાઈ. નથી૦ ૩
જન્મ પ્રસંગની પીડા, જાણે જીવતા નારકીના કીડા;
કાંઈ પતો ન પામે ભાઈ. નથી૦ ૪
સહી આધિ વ્યાધિ ને ઉપાધિ, તેં પાપની ગાંઠડી બાંધી;
કેમ છૂટે કહો છોડાઈ. નથી૦ ૫

માત પિતા સુત ને દારા, સઘળા તુજથી છે ન્યારા;
સહુ સ્વાર્થની છે સગાઈ. નથી૦ ૬
સંસાર સ્વપ્ના જેવો છે,વળી ફોગટ પાણી વલોવો;
ઠાલી શી કરે ઠકુરાઈ. નથી૦ ૭
ધરે મેરૂ જેવો અભિમાન, પલમાંહે જઈશ સ્મશાન;
ડુબી જશે સબ ચતુરાઈ. નથી૦ ૮
સદ્દગુરૂ શીખડી દે છે, જેવું દેખે તેવું જ કહે છે;
જો માને તો તારી ભલાઈ. નથી૦ ૯
લાગ્યા પાપ કરમના ગોદા, છે હાર જીતના સોદા;
બધી અસ્થિર બાજી રચાઈ. નથી૦ ૧૦
મલ્યો માનવનો અવતાર, હવે લગરીક ભાર ઉતાર
સવા ક્રોડની કરી લે કમાઈ. નથી૦ ૧૧
મન કેસર મંત્રી મનાવો, શુભ સુમતિ સોહાગણ લાવો;
છે ધર્મરત્ન સુખદાઈ. નથી૦ ૧૨

## ૨૯૧. વૈરાગ્યની સજ્ઝાય

એ સંસાર અસાર છે રે જીવડા, બુઝે તે વિરલો કોય;
એ સંસાર તજી ગયા રે જીવડાં, તે નર સુખીયા હોય;
ચતુરનર ! ચેતો રે ચિત્તમાંહી. ૧

ડાભ અણી જલ બિંદુઓ રે જીવડા, જેહવો સંધ્યાનો રાગ;
એણીપરે ચંચલ આઉખું રે જીવડા, જાગી શકે તો જાગરે. ૨

ધન ધાન્ય રામા કાંઈ કરે રે જીવડા, કારમો એહ સંસાર;
સોવનમય નવ ડુંગરી રે જીવડા, નંદે તજી નિરધાર. ૩

માતો મયગલની પરે રે જીવડા, મન્મથ થયો રે અપાર;
નરક નિગોદમાં જાયશો રે જીવડા, તેહવો જાણી સંસાર. ૪
યૌવન વય વઈ જાશે રે જીવડા, ઘરડપણું નિવાર;
ખૂણે ઘાલ્યો ખાટલો રે જીવડા, કોઈ ન પૂછે સાર. ૫

અંગ ગળે ને માથું ફરતું રે જીવડા, જર્જરી હુએ દેહ;
સગાં સણીજા ઈમ ભણે રે જીવડા, ડોસો કરાવે વેઠ. ૬

મગધ દેશનો રાજીયો રે જીવડા, શ્રેણીક નામે નરેશ;
કાષ્ટ પિંજર કોણીકે દીયો રે જીવડા, જો જો પૂર્વના વેર રે. ૭

આદીશ્વર અંગજ ઉપન્યા રે જીવડા, ભરત બાહુબલ ભાઈ;
માંહોમાંહે ઝુઝીયા રે જીવડા, એ સંસારની સગાઈ. ૮

પરમેશ્વર નિત પુજીએ રે જીવડા, નિત્ય જપીએ નવકાર;
સુગુરુ શિખામણ મન ધરો રે જીવડા, જિમ પામો ભવપાર; ૯

અરિહંત નિશદિન ધ્યાઈએ રે જીવડા, પુગે મનના કોડ;
પંડિત શિયલવિજય તણો રે જીવડા, શિષ્ય સિદ્ધિ કહે કરજોડ. ૧૦

## [+] ૨૯૨. વૈરાગ્યની સજઝાય

પરષદા આગે દીયે મુનિ દેશના જુઓ સંસારના રૂપ હો
જગમાં જોતાં રે કોઈ કોઈનું નહિં અર્થે લાગે અનૂપ હો...
હે રે ચેતન ચેતજો ૧

સ્વારથ સૂધીરે સહુ ખુંધું ખમે જેમ દૂઝણી ગાયની લાત હો
બૂધે મારે બૂઢીને જુઓ એમ અનેક અવદાત હો...
હે રે ચેતન ચેતજો ૨

ધૂરા વહેરે ધોરી જિહાં લગે તિહાં લગે દીયે છે ગવાર હો
નાથે ઝાલીરે ઘી પાયે વળી પછી ન નીરે ચાર હો...
હે રે ચેતન ચેતજો ૩

સુતને ધવરાવે માતા સ્વારથે સ્વારથે સુત ધાવંત હો
લેણું લીજે રે દેણું દીજીયે ભાંખે એમ ભગવંત હો...
હે રે ચેતન ચેતજો ૪

સગપણ સઘળાં રે સંબંધ લગે જે કરે પુણ્યને પાપ હો
નવાનો ઉધારો જૂના ભોગવે કુણ બેટો કુણ બાપ હો...
હે રે ચેતન ચેતજો ૫

પહોંતી અવધે રે કોઈ પડખે નહિં કીજીએ કોડી ઉપાય હો
રાખ્યું તે કેહનું કોઈ નવિ રહે પાકા પાનનો ન્યાય હો...
હે રે ચેતન ચેતજો ૬

મોહની જાળેરે સહુ મુંઝી રહ્યા એક રાગને બીજો દ્વેષ હો

બલવંત બન્નેરે બંધન એ કહ્યાં તે માંહે રાગ વિશેષ હો...
હે રે ચેતન ચેતજો ૭

જે જેવું કરે રે તે તેવું ભોગવે કડવા કર્મ વિપાક હો
વિષયનો વાહ્યો રે જીવ ચેતે નહિં ખાતો ફળ કિંપાક હો...
હે રે ચેતન ચેતજો ૮

આખર સૌને રે ઉઠી ચાલવું કોઈ આજ કે કોઈ કાલ હો
પરદેશી આણા રે પાછા નહિં વળે એમ સંસારની ચાલ હો...
હે રે ચેતન ચેતજો ૯

નરપતિ સુરપતિ જિનપતિ સારીખા રહી ન શક્યા ઘડી એક હો
તો બીજાનો રે શ્યો છે આશરો કાળ ચૂકે નહિં ટેક હો...
હે રે ચેતન ચેતજો ૧૦

એહવું જાણીને ધર્મજ આદરો કેવલી ભાષિત જેહ હો
પરોપકારને નીતિ ઉદયરત્તન વદે જગમાં સારે છે એહ હો...
હે રે ચેતન ચેતજો ૧૧

## ૨૯૩. વૈરાગ્યની સજ્ઝાય

સગુ તારૂં કોણ સાચું રે, સંસારીયામાં,
પાપનો તો નાખ્યો પાયો, ધરમમાં તું નહિધાયો;
ડાહ્યો થઈને તું દબાયો રે, સંસારીયામાં. સગુ૦ ૧

કૂડું કૂડું હેત કીધું, તેને સાચું માની લીધું;
અંત કાલે દુઃખ દીધું રે, સંસારીયામાં. સગુ૦ ૨

વિશ્વાસે વહાલા કીધાં, પ્યાલા ઝેરના પીધા;
પ્રભુને વિસારી દીધા રે, સંસારીયામાં. સગુ૦ ૩

મન ગમતામાં મહાલ્યો, ચોરને મારગે ચાલ્યો;
પાપીઓનો સંગ ઝાલ્યો રે,સંસારીયામાં. સગુ૦ ૪

મુખે બોલ્યો મીઠી વાણી, ધન કીધું ધુળધાણી;
જીતી બાજી હારી ગયો રે, સંસારીયામાં. સગુ૦ ૫

ઘરને ધંધે ઘેરી લીધો, કામિનીયે વશ કીધો;
ઋષભદાસ કહે દગો દીધો રે, સંસારીયામાં. સગુ૦ ૬

## ૨૯૪. વૈરાગ્યની સજઝાય

સાર નહિ રે સંસારમાં, કરો મનમાં વિચાર જી;
નેત્ર ઉઘાડીને જોઈએ,કરીએ દષ્ટિ પસાર જી. સાર૦ ૧
જાગ જાગ ભવિ પ્રાણીઆ, આયુ ઝટપટ જાય જી;
ગયો વખત નહિ આવશે, કારજ કાંઈ ન થાય જી. સાર૦ ૨
દશ દષ્ટાંતે રે દોહિલો, પામી નર અવતાર જી;
દેવ ગુરુનો જોગ પામીને, કરીએ ધર્મશું રાગ જી. સાર૦ ૩
મારું મારું કરી જીવ તું, ફરીઓ સઘળે ઠાણ જી;
આશા કોઈ ફળી નહી, પામ્યો સંકટ ખાણ જી. સાર૦ ૪
માત-પિતા સુત બાંધવા, ચડતી સમે આવે પાસજી;
પડતી સમે કોઈ નવિ રહે,દેખો સ્વારથી સંસાર જી. સાર૦ ૫
રાવણ સરિખો રે રાજવી, લંકાપતિ જે કહાય જી;
ત્રણ જગતમાંહિ ગાજતો,ધરતો મન અભિમાન જી. સાર૦ ૬
અંત સમય ગયો એકલો, નહિ ગયું કોઈ તેની સાથ જી;
એહવું જાણીને ધર્મ કીજીએ, હોશે ભવજલ પાર જી. સાર૦ ૭
મોહ નિદ્રાથી જાગીને, કરો ધર્મશું પ્રેમ જી;
એવી સૌભાગ્યની વાણીને, ધારો મનશું પ્રેમ જી. સાર૦ ૮

## ૨૯૫. વૈરાગ્યની સજઝાય

કેના રે સગપણ કેની રે માયા, જીવ રહ્યો છે લોભાઈ રે;
અથિર સંસારમાં કોઈ નથી તારૂં, સાચી ધર્મ સગાઈ રે. કેના૦ ૧

શ્રેણિકરાયને પિંજરે પૂર્યો, કોણીકે રાજ્ય લોભાઈ રે;
પુત્ર પિતાને અતિ દુઃખ દીધું, ક્યાં ગઈ પુત્ર સગાઈ રે. કેના૦ ૨

ભરત બાહુબલી રાજ્યને માટે, માંડી મોટી લડાઈ રે;
ચક્ર મૂક્યું નિજ ભાઈની ઉપર, ક્યાં ગઈ ભ્રાતૃ સગાઈ રે. કેના૦ ૩

મયણરેહા વશે મોહ્યો મણિરથ, માર્યો યુગબાહુ ભાઈ રે;

વિષય-કષાયમાં મસ્ત બનીને, ક્યાં ગઈ ભ્રાતૃ સગાઈ રે. કેના૦ ૪

બાહ્મણી નિજ પુત્રને વેચે, ધનને અર્થે લોભાઈ રે;
અમરકુમારને મારણ કાજે, ક્યાં ગઈ પુત્ર સગાઈ રે. કેના૦ ૫

સૂરીકાન્તાએ પરદેશીને માર્યો, ગળે અંગુઠો દબાઈ રે;
રાયપસેણીમાં ભગવંતે ભાખ્યું, ક્યાં ગઈ પત્ની સગાઈ રે. કેના૦ ૬

શેઠાણી નિજ શેઠને નાંખે, ઊંડા કૂવાની માંહી રે;
કર્મ તણી જો જો વિચિત્રતા, ક્યાં ગઈ પત્ની સગાઈ રે. કેના૦ ૭

ચુલણી માતા નિજ પુત્રને બાળે, લાખનું ઘર બનાઈ રે;
વિષયમાં અતિ લંપટ થઈને, ક્યાં ગઈ માતૃસગાઈ રે. કેના૦ ૮

કેની રે માતા ને કેના રે પિતા, કેના ભાઈ ભોજાઈ રે;
વિનયવિજય પંડિત એમ બોલે, સાચી ધર્મસગાઈ રે. કેના૦ ૯

## ૨૯૬. વૈરાગ્યની સજ્ઝાય

આતમરામે રે મુનિ રમે ચિત્ત વિચારીને જોય રે
તારૂં દીસે નવિ કોય રે સહુ સ્વારથિયું મલ્યું જોય રે
જનમ મરણ કરે લોય રે પૂંઠે સવિ મિલી રોય રે... આ૦ ૧
સ્વજન વર્ગ સવિ કારમો કૂડો કુટુંબ પરિવાર રે
કોઈ ન કરે તુજ સાર રે ધર્મ વિણ નહીં કોઈ આધાર રે
જેણે પામો ભવ પાર રે... આ૦ ૨
અનંત કલેવર મૂકિયા તે કીયા સગપણ અનંત રે
ભવઉદ્‌વેગે રે તું ભમ્યો તોયે નહિ આવ્યો તુજ અંતરે
ચેતો હૃદયમાંહિ સંત રે... આ૦ ૩
ભોગ અનંતા તેં ભોગવ્યા દેવ મનુષગતિમાંહિ રે
તૃપ્તિ ન પામ્યો રે જીવડો હજી તુજ વાંછા છે તિહાંઈ રે
આણ સંતોષ ચિત્તમાંહી રે... આ૦ ૪
ધ્યાન કરો રે આતમતણું પરવસ્તુથી ચિત્ત વારી રે
અનાદિ સંબંધ તુજકો નહિ શુદ્ધ નિશ્ચય ઈમ ધારી રે
ઈણ વિધ નિજ ચિત્ત ઠારી રે મણિચંદ્ર આતમ તારી રે...આ૦ ૫

## ૨૯૭. વૈરાગ્યની સજ્ઝાય

સજીઘર બાર સાર, મિથ્યા કહે છે મારૂ મારૂ, તેમાં નથી કશું તારૂ રે;
પામર પ્રાણી ચેત તો ચેતાવું તને રે... ૧
તારે હાથે વપરાશે, એટલું જ તારૂ થાશે, બીજું તો બીજાને જાશે રે...
પામર૦ ૨
માખીએ તો મધ કીધું, ન ખાધું ન દાન દીધું, લૂંટનારે લૂંટી રે...
પામર૦ ૩
ખંખેરીને હાથે ખાલી, ઓચિંતા જવું ચાલી, કરે માથાકૂટ ખાલી રે...
પામર૦ ૪
સાહુકારી માં તું સવાયો, લક્ષાધિપતિ તું કહેવાયો, સાચું કેને શું કમાયો રે...
પામર૦ ૫
આવે તે સાથે લેવો, કમાયો તું માલ કેવો, આવે તેતો જટ લેવો રે...
પામર૦ ૬
દેવે તને મણી દીધો, તેની ન કીંમત કીધી, મણી સાટે મસી લીધી રે...
પામર૦ ૭
ખોળામાંથી ધન ખોયું, ધૂળમાં કપાળ ધોયું, જાણપણું તારૂ જોયું રે...
પામર૦ ૮
હજી હાથમાં છે બાજુ, કરતું પ્રભુને રાજી, કર તારી મૂડી તાજી રે...
પામર૦ ૯
મનનો વિચાર તારો, મનમાં રહી જનારો, વળી પાછો નાવે વારો રે...
પામર૦ ૧૦
હાથમાંથી બાજી જાશે, પાછળથી પસ્તાવો થાશે, પછી નહિ કરી શકાશે રે...
પામર૦ ૧૧
નીકળ્યો તું શરીરથી, પછી તું માલિક નથી, રત્નવિજય કહે કથી રે...
પામર૦ ૧૨

## [X] ૨૯૮. વૈરાગ્યની સજ્ઝાય

ભમી ભમીને ભવ અટવીમાં ભૂલ્યો ભવનું ભાન
માનવ ભવની મુસાફરીમાં બની ગયો મસ્તાન...
ચેતન ! ચેતી લે ચેતી લે ૧

આ ચાર ઘડીનું ચોઘડીયું બદલાશે... ચેતન૦ ૨
(તું વીર ભજન કર પ્રાણી તેરી ક્ષણ ભંગુર જિંદગી ચેતન૦ ૨)
સંસાર સ્વરૂપી કૂવો તેમાં જે પડ્યો તે મુવો... ચેતન૦ ૩
તું મોહ મદિરા પીતો જમડાથી જરા ના બ્હીતો... ચેતન૦ ૪
તું ચોરાશીમાં ડૂબ્યો તું ધર્મ મારાગને ભૂલ્યો... ચેતન૦ ૫
તન ધન જોબન આ તારાં એ ક્ષણ ક્ષણ વીણશે ન્યારાં... ચેતન૦ ૬
એ સમજે જે ઝાંઝવા જેવાં જીમ જૂઠા સ્વપ્નના મેવા... ચેતન૦ ૭
એ માત-પિતા સુત તારા એ સબ મતલબકા ક્યારા... ચેતન૦ ૮
તારી કાચા કુંભ જેવી કાયા જૂઠી જગતકી માયા... ચેતન૦ ૯
તું ખાલી હાથે આવ્યો તેં ફોગટ જન્મ ગમાયો... ચેતન૦ ૧૦
તેં પાપની પોટલી બાંધી તેં નરક ગતિ ન સાધી... ચેતન૦ ૧૧
વિષય સુખવિષના પ્યાલા વિષય ભુજંગ વિકારા... ચેતન૦ ૧૨
તું ચારે ગતિમાં રમીયો તું મોહ રાજાને નમીયો... ચેતન૦ ૧૩
તું મુસાફરપણું છાંડે તું જઈશ જમડાને ખોળે... ચેતન૦ ૧૪
જમડા વાળ્યા નહીં વળશે ભયંકર ભવદુઃખ કરશે... ચેતન૦ ૧૫
તું સર્વ છોડીને ચાલ્યો ત્યાં કાળકોટવાળે ઝાલ્યો... ચેતન૦ ૧૬
માથે મેતિની નોબત વાગે પણ મસ્તાનો ના જાગે... ચેતન૦ ૧૭
તારી આયુષ્યની સીટી વાગી તું જઈશ પુદ્‌ગલ ત્યાગી...
ચેતન૦ ૧૮
નંદરાજા જે મહાભાગી તેણે નવે ડુંગરીયો ત્યાગી... ચેતન૦ ૧૯
રાવણની લંકા લુંટાણી એ સબ કર્મોકી કહાણી... ચેતન૦ ૨૦
જીવ બને આશાનો દાસ પણ જમડા પાસે નિરાશ... ચેતન૦ ૨૧
તું જન્મ મરણ જીવ કરતો જમડાથી જરી ન ડરતો...ચેતન૦ ૨૨
તું ભજ લે વીર પ્રભુ વાણી તો વરશે શિવપટરાણી...ચેતન૦ ૨૩
શિવસુખદાતા એ વીરજિન જિનહર્ષ નમે નિશદિન... ચેતન૦ ૨૪

## ૨૯૯. વૈરાગ્યની સજ્ઝાય

હારે લાલ સિદ્ધ સ્વરૂપી આતમા પ્રણમી તેહના પાય રે લાલ
નરભવના ગુણ વર્ણવું ધર્મ સદા સુખદાય રે લાલ... સિદ્ધ૦ ૧
હારે લાલ ધર્મ વિના નરભવ કિસ્યો વિનય વિના જેમ શિષ્ય રે લાલ

જ્ઞાન વિનાનો ગુરૂ કિસ્યો નાથ વિના જેમ વૃષ રે લાલ... સિદ્ધ૦ ૨
હરિ લાલ ધન વિના ઘર શોભે નહિં પ્રેમ વિના શો નેહ રે લાલ
નીર વિના સરોવર કિસ્યો નારી વિના જેમ ગેહ રે લાલ... સિદ્ધ૦ ૩
હરિ લાલ દુઃખ વિના પુરૂષ કિસ્યો સુલક્ષણ વિના જેમ પુત્ર રે લાલ
સ્વામી વિના સૈન્ય શું કરે ચારિત્ર વિના જેમ સૂત્ર રે લાલ... સિદ્ધ૦ ૪
હરિ લાલ રસ વિના ગીતા કારમી આદર વિના શો દાન રે લાલ
અંકુશ વિના ગજ સો વસે કાઢ્યા પછી શો માન રે લાલ... સિદ્ધ૦ ૫
હરિ લાલ પરાક્રમ વિના જેમ કેસરી નરભવ જસ વિણ લાધ રે લાલ
વાજિંત્ર વિના નાટક કિસ્યો ઈંદ્રિય વિના જિમ સાધ રે લાલ... સિદ્ધ૦ ૬
હરિ લાલ પ્રેમ કિસ્યો પરવશપણે ગુણ કિસ્યો પ્રમાણે આપ રે લાલ
પરજન પરરાગી કિસ્યો દુશ્મનશું શો મેળાપ રે લાલ... સિદ્ધ૦ ૭
હરિ લાલ ઉપદેશ શો અભવ્યને બ્હેરા આગળ શું ગીત રે લાલ
મૂરખ આગળ રસકથા અંધા આગળ દર્પણ રીત રે લાલ... સિદ્ધ૦ ૮
હરિ લાલ ધર્મ કરો આનંદથી જેમ આત્માને હિતકાર રે લાલ
મુનિ આણંદના પ્રમોદથી લહો કેવલ શિવપુર સાર રે લાલ... સિદ્ધ૦ ૯

## ૩૦૦. વૈરાગ્યની સજ્ઝાય

ખબર નહીં આ જગમેં પલકી,
સુકૃત કરનાં હોય સો કરલે, કોણ જાણે કલકી;
આ દોસ્તી હે જગત વાસકી, કાયા મંડલકી,
સાસ ઉસાસ સમર લે સાહિબ, આયુ ઘટે પલકી. ખબર૦ ૧

તારા મંડલ રવિ ચંદ્રમા, સબ હે ચલને કી,
દિવસ ચારકા ચમત્કાર, જયું વીજલી આભલકી. ખબર૦ ૨

કુડ કપટ કર માયા જોડી, કરી બાંતાં છલકી,
પાપકી પોટલી બાંધી શીર પર, કૈસે હોય હલકી. ખબર૦ ૩

યા જગ હે સુપનેકી માયા, જૈસે બુંદ જલકી,
વિણસંતા તો વાર ન લાગે, દુનિયા જાય ખલકી. ખબર૦ ૪

માત તાત પ્રિયા સુત બાંધવ, સબ જગ મતલબકી,
કાયા માયા નાર હવેલી, એ તેરી કબકી. ખબર૦ ૫

મન માનવ તન ચંચલ હસ્તી, મસ્તી હે બલકી,
સદ્‌ગુરુ અંકુશ ધરો શીરપર, ચલો માર્ગ સતકી. ખબર૦ ૬

જબ લગ હંસા રહે દેહમેં, ખુશીયાં મંગલકી,
હંસા છોડ ચલ્યા જબ દેહી, મિટીયા જંગલકી. ખબર૦ ૭

પર ઉપકાર સમો નહી સુકૃત, ઘર સમતાં સુખકી,
પાપ વળી પર પ્રાણી પીડન, હર હિંસા દુઃખકી. ખબર૦ ૮

કોઈ ગોરા કોઈ કાળા પીળા, નયણે નિરખનકી,
એ દેખી મત રાચો પ્રાણી, રચના પુદ્‌ગલકી. ખબર૦ ૯

અનુભવ જ્ઞાને આતમ બૂઝી, કર બાતા ઘરકી,
અમરપદ અરિહંતકું ધ્યાયાં, પદવી અવિચલકી. ખબર૦ ૧૦

## ૩૦૧. વૈરાગ્યની સજ્ઝાય

તારું ધન રે જોબન ધૂળ થાશે રે, કંચન જેવી કાયા રાખમાં રોળાશે;
પેટ પીડા ને કાયા કળતર, જીવતા કેમ જોવાશે,
કળ ઉપડશે ને મુંઝારો થાશે પછી, કડવાઔષધ કુણ પાશે રે. તારૂં૦ ૧

વૈદ્ય તેડાવશે ને વૈદું કરાવશે, ને તારી નાડીઓ ઝલાવશે;
તુટી એની બુટી નહિ, તારા નાકની દાંડી મરડાશે રે. તારૂં૦ ૨

દશ દરવાજા તારા બંધ થઈ જશે, ને અતિ આતુરતા વધશે;
આંખ ફરકશે ને અકળામણ થાશે, જીભલડી તારી ઝલાશે રે. તારૂં૦ ૩
જેના વિના એક ઘડી ન ચાલતું, તે તારી પ્રિયા રંડાશે;
ભવોભવના છેટા પડશે તમારે, તારા નામની ચુડીઓ ભંગાશે રે. તારૂં૦ ૪

ખોખરી હાંડલીમાં આગ જલાવશે ને, સ્મશાને લાકડા નાખશે;
સગા કુટુંબ મળી સળગાવી દેશે, પછી બહારના કાગળ લખાશે રે. તારૂં૦ ૫

દશ દા'ડા પછી સૂતક કાઢશે, માથું ને મૂંછ મુંડાવશે;
સારી પેઠે તારૂં સુતક કાઢી, પછી બારમાની સુખડી ખાશે રે. તારૂં૦ ૬

દયા ધર્મ ને ભકિત વિના તારૂં, ધન ને રાજ લુંટાશે;
જ્ઞાનવિમલ કહે પ્રભુ ભજન વિણ, મોટા મોટા લૂંટાશે રે. તારૂં૦ ૭

## ૩૦૨. વૈરાગ્યની સજ્ઝાય

(રાગ : સુહાની ચાંદની રાત....)

ભરોસે શું રહ્યાં ભૂલી, પલકમાં પ્રાણ જાવાના,
જુઓ છો અન્યના એવા, નક્કી નિજ હાલ થાવાના. ૧

વાળેલી મુઠીએ આવ્યા, નથી સાથે કશું લાવ્યા,
ધરા ધન ધામને મેલી, સ્મશાને સૌ સમાવાના. ૨

સુખથી શું હજી સૂતાં, ખરેખર ખાણમાં ખૂંતા,
સમય વીત્યા પછી પ્યારા, કુશળ ક્યાંથી કમાવાના. ૩

રહોને સર્વદા સંપી, જગત ઝંઝાળમાં જંપી,
મમત્વે મોહ થવાથી, વિના મોતે મરાવાના. ૪

તમારૂં શું તમે લેખો, કરી ઝીણી નજરે દેખો,
ધરા ધન ધામને કામે, નથી નિશ્ચે ધરાવાના. ૫

ભમાઈ ભૂલ કીધાથી, વિષયની વાટ લીધાથી,
પરાયા પાપને યોગે, ભવે ભાંઠે ભરાવાના. ૬

ખબર પડતી નથી એ તો, નથી ગુણ દોષની ગણત્રી,
ચડેલા કાળની કાંટે, ચડી ચૌટે ચડાવાના. ૭

સદા સત્સંગને સાધી, શુભવિજય વાતને બાંધી,
કૃપા ગુરુદેવની થાતા, નથી દુઃખે દબાવાના. ૮

## ૩૦૩. વૈરાગ્યની સજ્ઝાય

પુણ્યસંયોગે પામીયોજી રે, નરભવ આરજ ક્ષેત્ર;
શ્રાવકકુળ ચિંતામણિજી રે, ચેતી શકે તો ચેત રે.
જીવડા ! આ સંસાર અસાર.........

સાર માત્ર જિનધર્મ છે જીરે, આપણું ઘર સંભાળ રે, જીવડા૦ ૧
માતપિતા સુત બાંધવા જીરે, દાસ-દાસી પરિવાર;
સ્વાર્થ સાધે સહુ આપણો જીરે, સહુ મતલબના યાર રે. જીવડા૦ ૨
સરોવર જળનો દેડકો જીરે, તાકે આપણો ભક્ષ;

સાપ તાકે છે દેડકો જીરે; સહુને આપણો લક્ષ રે. જીવડા૦ ૩
મયૂર તાકે છે સાપને જીરે, આહેડી તાકે છે મોર;
મચ્છ ગળાગળ ન્યાય છે જીરે, નિર્ભય નહિ કોઈ ઠોર રે. જીવડા૦ ૪

કર્મે નાટક માંડીયો જીરે, જીવડો નાચણહાર;
નવા નવા લેબાશમાં જીરે, ખેલે વિવિધ પ્રકાર રે. જીવડા૦ ૫

ચોરાસી ચોગાનમાં જીરે, રૂપ-રંગના ઠાઠ;
તમાશા ત્રણ લોકમાં જીરે, બાજીગરના પાઠ રે. જીવડા૦ ૬

બહોત ગઈ થોડી રહી જીરે, પરભવ ભાતું રે બાંધ;
સમતાસુખની વેલડી જીરે, ધર્મરત્ન પદ સાધ રે. જીવડા૦ ૭

## ૩૦૪. વૈરાગ્યની સજઝાય

(રાગ : વિમલાચલ નિતુ વંદીયે)

આપ અજવાળજો આતમા, એનો મહાતમ જાણી;
ખાણી પુન્ય રયણ તણી, એહવી જિનવર વાણી. આપ૦ ૧

સ્ફટિક રયણ જિમ રંગથી, ધરે નવ નવ રૂપ;
તિમ એ અષ્ટ કરમ થકી, થાયે વિવિહ સ્વરૂપ. આપ૦ ૨

આદિ ઉત્પત્તિ નહિ એહની, નહિ કોઈની એહ;
દેહ એ કારમો કરમથી, ધરે થઈ નિઃસનેહ. આપ૦ ૩

નિરમલ આતમ આપણો, રમે રંગ નિઃશંક;
નાણરયણ તણો સાયરૂં, પ્રભુએ નિષ્કલંક. આપ૦ ૪

દેહથી દુઃખ પરંપરા, પામે એ ભગવંત;
લોહ કુસંગતે તાડીએ, જેમ અગ્નિ અત્યંત. આપ૦ ૫

કારમો દેહ પામી કરી, કરો પર ઉપકાર;
સાર અસારમાં એ અછે, કહે લબ્ધિ વિચાર. આપ૦ ૬

## ૩૦૫. વૈરાગ્યની સજઝાય

સુણ આતમા ! મત પડ મોહ પિંજરમાં, સંસાર માયાજાળ રે,
ધનધાન્ય જોબન રૂપ રામા, સુત સુતા ઘરબાર રે;

હુકમ હોદ્દા હાથી ઘોડા, કારમો પરિવાર રે. ૧

અતુલ બળ ચક્રી હરી રામા, ભૂજોર્જિત મદમત્ત રે;
ક્રૂર જમ બળ નીકટ આવે, ગલિત જાવે સત્ત રે. ૨

પૃથ્વીને જે છત્ર પરે ધરે, મેરૂનો કરે દંડ રે;
તેહ પણ ગયા હાથ ઘસતા, મૂકી સર્વ અખંડ રે. ૩

જે તખ્તે બેસી હુકમ કરતા, પહેરી નવલા વેશ રે;
પાઘ શેલા ધરત ટેઢા, મરી ગયા જમદેશ રે. ૪

મુખ તંબોલને અધર રાતા, કરત નવનવા ખેલ રે;
તેહ નરબળ પુણ્ય નાકે, કરત પરઘર ટહેલ રે. ૫

ભજ સદા ભગવંત ચેતન !, સેવ ગુરુ પદ પદ્મ રે;
રૂપ કહે કર ધર્મકરણી, પામે શાશ્વત સદ્મ રે. ૬

## ૩૦૬. વૈરાગ્યની સજ્ઝાય

આ તન છે રંગ પતંગી રે, તેની શી ધરવી માયા;
ક્ષણમાં થાશે બેરંગી રે, જૈસી બાદલ કી છાયા. ૧

જન્મ્યા તે તો જરૂર જ મરશો, નથી અમર રહેવાના;
વૃદ્ધો જુવાન ને ન્હાના મોટા, સહુએ અવધે જવાના;
વિચારો મન એવું રે, કોન અમર હો કે આયા. ૨

તારા દેખતા તો કેઈ ગયા ચાલી, તારે જવું આ વાટ;
શ્યાને મન કરતો નથી અલ્યા, સદ્‌ગતિ જવાના ઉચાટ;
અરે ગુમાની ઘેલા રે, છોડી દે મમતા ને માયા. ૩

કાયા તારી દીસે જરજરી, જેવો કાચનો કૂપ;
વિણસી જાતાં વાર ન લાગે, તેમ એ રૂપ કુરૂપ;
એમાં તું શું રાચે રે, જુઠી છે સઘળી માયા. ૪

કાષ્ટ સમ બળશે તુજ કાયા, ઘાસ સમ બળશે કેશ;
એવું દુઃખ સ્મશાને નિરખે, તોયે ન સમજ્યો લેશ;

આ કુડી છે કાયા રે, તેની શી ધરવી માયા. ૫

માટીના તો મંદિર ચણી ચણી, પાયો નાંખ્યો મજબૂત;
આયુ છે અસ્થિર તારું, તેહ ન વિચારે તું ભુત;
વીર કહે છે રે ભીત કાચી, તેની જેમ કુડી માયા. ૬

## ૩૦૭. વૈરાગ્યની સજ્ઝાય

અમે તો આજ તમારા, બે દિનના મહેમાન;
સફલ કરો સહજ સમાગમ, સુખનું એહી જ નિદાન. અમે૦ ૧

આવ્યા જેમ જાશું તે રીતે, સર્વે એમ સમાન;
પાછા કોઈ દિન નહિ મળીયે, ક્યાં કરશો સન્માન. અમે૦ ૨

સાચવજો સંબંધ પરસ્પર, ધર્મ રાખી ધ્યાન;
સંપી સદ્‌ગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન. અમે૦ ૩

લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન;
હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન. અમે૦ ૪

શીવસુખની ઈચ્છા હોય તો, સંવરમાં કરજો પ્રયાણ;
પરંપરાએ કર્મ રહિત થઈ, પામો પદ નિરવાણ. અમે૦ ૫

સંસાર તજી તમે સંયમે મ્હાલો, ભાંગી જગ જંજાલ;
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે, રૂપ ભજે સમભાવ. અમે૦ ૬

## • ૩૦૮. વૈરાગ્યની સજ્ઝાય

ચેત ચેત ચેત પ્રાણી, શ્રાવક કુલ પાયો;
ચિંતામણીસેં દુર્લભ ઐસો, મનુષ્ય જન્મ પાયો. ૧

માયામાં મગન થઈ, સારો જનમ ખોયો;
સુગુરુ વચન નિર્મલ નીરે, પાપ મેલ ન ધોયો. ૨

ક્ષણ ક્ષણ ઘટત આયુ, જ્યું અંજલી જલમાંહિ;
યૌવન ધન માલ મિલ્કત, સ્થિર ન રહેશે કાંઈ. ૩

પરનારી કે પ્રસંગ મેં, રાત દિવસ રાચ્યો;
અજ્ઞાની જીવ જાણે નહીં, શીયલ રત્ન સાચો. ૪

અબ તો દેવગુરુ ધર્મ, ભાવ ભકિત કીજે;
ઉદયરત્ન કહે તીનરત્ન, યત્ન કરી લીજે. ૫

## ૩૦૯. વૈરાગ્યની સજઝાય

ચેતન અબ કછુ ચેતીએ, જ્ઞાન નયણ ઉઘાડી;
સમતા સહજપણું ભજો, તજો મમતા નારી, ચેતન૦ ૧

યા દુનિયા હે બાઉરી, જેસી બાજીગર બાજી;
સાથ કીસીકે ના ચલે, જયું કુલટા નારી. ચેતન૦ ૨

માયા તરૂ છાયા પરે, ન રહે થિરકારી;
જાનત હે દિલમેં સભી, તો ભી કરત બિગારી. ચેતન૦ ૩

મેરી મેરી ક્યા કરે, કરે કિનસે યારી;
પલટે એકહી પલકમેં, જયું ઘન અંધિયારી. ચેતન૦ ૪

પરમાતમ અવિચળ ભજો, ચિદાનંદ આકારી;
નય કહે નિયત સદા કરો, સબ જન સુખકારી. ચેતન૦ ૫

## [?] ૩૧૦. વૈરાગ્યની સજઝાય

પંથીડા પ્યારા મુસાફરખાનું તારું;
ઉચાળા ભરશો અણધાર્યો નિરધારું,
વાદળ ગોટો જળપરપોટો, ખેલ જગતનો ખોટો;
કાયા કાચો કુંભ પકડશે, કાળકંઠનો રે ટોટો. પંથીડા૦ ૧

પર્ણકુટીમાં રહ્યો મુસાફર, કાયમનો હક માગી;
પવન પ્રચંડે પડે તૂટી તવ, જાય મુસાફર રે ભાગી. પંથીડા૦ ૨

અવધે જીર્ણ ઝરૂખો પડશે, નિશ્ચે હંસા રે જાણો;
નવીન મહેલ પણ વાવાઝોડે, પડે આચિંત્ય અજાણ્યો રે. પંથીડા૦ ૩

એક દિન જીવ વિના કાયાની, તાણી બાંધશે ઝોળી;
સ્વજન સંબંધી ફૂંકી બાળશે, જેમ ફાગણની રે હોળી. પંથીડા૦ ૪

પંથીડા રે પરદેશ જવાનું, એકદિન નિશ્ચે રે જાણો;
સાંકળચંદ કહે સત્સંગે, જગના નાથને રે પિછાણો. પંથીડા૦ ૫

## [?] ૩૧૧. વૈરાગ્યની સજ્ઝાય

મુસાફર જીવડા ! કાયાનો મહેલ નથી તારો;
માને શું મોહે મારો મારો રે.... મસા૦

લાખ ચોરાશીમાં દેહ ધર્યા બહુ, જન્મ જરા દુઃખ પામી;
માનવભવ એળે ચૂક ન જીવડા, ભજી લેને અંતરયામી. ૧

કાયા મહેલનો કાંઈ ન ભરોસો, જળમાં ઉઠેલ પરપોટો;
અમૂલ્ય શ્વાસોશ્વાસ વહે છે મૂરખ, વાળ નહીં ગોટો રે. ૨

કળા કરો કાયા માટે કરોડ પણ, તારી ન થાય કોઈ કાળે;
ચેતો ચેતનજી સમજી સ્વરૂપ નીજ, પડ નહીં મોહ જંજાળે રે. ૩

આ રે જગતમાં જન્મીને જીવડા શું, ધર્મ સાધન તે તો સાધ્યું;
ક્ષણ ક્ષણમાં ભૂલ્યો ભાન પોતાનું, મનડું તો મોહમાંહી વાધ્યું રે. ૪

વિષય વાસનાના અવળા જે ઘાટો, ઓળંગી ચાલજે રે વાટે;
ચિદાનંદ ઘન ખેલ નથી બાળકનો, શિવસુખ છે શિર સાટે રે. ૫

## - ૩૧૨. વૈરાગ્યની સજ્ઝાય

રે... નર ! જગ સપને કી માયા.....
સપનેમેં રાજ પાય કોક રંક જયું, કરત કાજ મન ભાયા;
ઉઘડત નયનમાં હાથ લખ ખપ્પર, મન હું મન પસ્તાયા. રે નર૦ ૧

ચપલા ચમકારા જીભ ચંચલ, નરભવ સૂત્ર બતાયા,
અંજલી જલસમ જગપતિ, જિનવર આયુ અથિર દરસાયા. રે નર૦ ૨

યૌવનસંધ્યા રાગ રૂપ ફૂની, મલમલીન અતિકાયા.
વિણસત જાસ વિલંબનરંચક, જિમ તરૂવરકી છાયા. રે નર૦ ૩

સરિતવેગ સમાન જ્યું સંપત્તિ, સ્વારથ સૂત મિત્ત જાયા,
આમિષ લુબ્ધ મીન જિમ તીન સંગ, મોહ જાલ બંધાયા. રે નર૦ ૪

એ સંસાર અસાર સાર પિણ, યાંમેં ઈતના પાયા,
ચિદાનંદ પ્રભુ સુમરન સેંતિ, ધરિયે નેહ સવાયા. રે નર૦ ૫

## [?] ૩૧૩. વૈરાગ્યની સજ્ઝાય

હતું બાળકપણું પછી નિશાળે ભણવું;
પંડિતપણું મેલી, મુરખપણું લેવું,
આ સંસાર સુકુડો રે સુજ્ઞાની સુધર્મી. ૧

આવ્યો શાળો ને શાળી, વચ્ચે મેલો ને થાળી;
ભાઈએ બેન જ ટળી, જોજો હૃદય વિચારી. આ૦ ૨

દીકરે દગો જ દીધો, વહુએ દાવો જ કીધો;
ઓરડો જુદો લીધો, પીયુ પોતાનો કીધો. આ૦ ૩

પિતા વિચારી જોજો, ભાગ વેંચીને દેજો;
ન્યાય ચૂકવીને આલો, નઈતર કોરટે ચાલો. આ૦ ૪

ડોસી ખાટે બેસી ખાય, ડોસો કાંઈ ન કમાય;
ભૂંડો મરીય ન જાય, ઘરમાં મોકળું ન થાય. આ૦ ૫

એવી હીરવિજયની વાણી, સુણી સમજો સહુ ભવિ પ્રાણી;
ધર્મ કરશે તે તરશે, નઈતર સંસારે રઝળશે. આ૦ ૬

## [?] ૩૧૪. વૈરાગ્યની સજ્ઝાય

જગત હે સ્વાર્થકા સાથી, સમજ લે કૌન હૈ અપના;
યે કાયા કાચકા કુંભા, નાહક તું દેખકે ફુલતા,
પલકમેં ફુટ જાવેગા, પતા જ્યું ડાલસે ગિરતા. જગત૦ ૧

મનુષ્યકી એસી જીંદગાની, અબી તું ચેત અભિમાની;
જીવનકા ક્યાં ભરોસા હૈ, કરી લે ધર્મ કી કરણી. જગત૦ ૨

ખજાના માલ ને મિલ્કત, તું કયું કહેતા મેરા મેરા;
ઈહાં સબ છોડ જાના હૈ,ન આવે સાથ અબ તેરા. જગત૦ ૩

કુટુંબ પરિવાર સુત દારા, સુપન સમ દેખ જગ સારા;
નીકલ જબ હંસ જાવેગા, ઉસી દિન હૈ સભી ન્યારા. જગત૦ ૪

ઈસી સંસાર સાગરમેં, જપે જો નામ જિનવરકો;
કહે ખાન્તિ વહી પ્રાણી, હઠાવે કર્મ જંજીર કો. જગત૦ ૫

## [?] ૩૧૫. વૈરાગ્યની સજ્ઝાય

સંસાર ધૂમાડાનાં બાચકા રે, જાતાં નહિ લાગે વાર;
રંગ પતંગિયું ઉડી જશે, સ્વપ્નું થાશે સંસાર. હેતે ધર્મરસ પીજીએ.૧

કઠિન ચોટ છે કાળની રે, મરણ મોટું રે માન;
કેઈક રાજા કેઈક રાજીયા, છોડી ચાલ્યા સંસાર. ધર્મરસ૦ ૨

કેનાં છોરૂ ને કેનાં વાછરૂં રે, કેના ભાઈને બાપ રે;
અંત કાલે જાવું એકલાં, સાથે પુન્ય ને પાપ. ધર્મરસ૦ ૩

માળિ વીણે રૂડાં ફૂલડાં રે, કળીયો કરે રે વિચાર;
આજનો દિન રળિયામણો, કાલે આપણા શું ઘાત. ધર્મરસ૦ ૪

વીરવિજયની સેવના રે, ભવિ કરજો દિન-રાત;
પુન્ય રૂપી બારીઓમાં,સૂનો થાશે રે સંસાર. ધર્મરસ૦ ૫

## ૩૧૬. વૈરાગ્યની સજ્ઝાય

જબ લગે વિષય તૃષ્ણા ના મિટી;
તબ લગે તપ જપ સંયમ કિરીયા, કાંઈ કરે કપટી ? જબ૦ ૧

વાત વિનોદ કરી જનમન રંજે, જૈસે નૃત્ય નટી;
ઈમ કામ કરતાં તું કયું, પાવેગા ભવસમુદ્ર તટી. જબ૦ ૨

કુણ જોગી જંગમ ઔર જંદા,કુણ ભગત યતિ;
મલિન દેહી કયા બહુત વધારે, ઓઢે મલિન પટી. જબ૦ ૩

ધ્યાન ધરે બહુ લોક વિપ્રતારે, કરે બહોત ચટી;
બાર વરસ લગે ઉભો રહેતો, સહે પંચાગ્નિ નિરટી. જબ૦ ૪

સોય સિદ્ધનર વડ વૈરાગી, જામની વિષય નટી;
લબ્ધિવિજય કહે સો ગુરુ મેરા, જિણે વિષ વેલી કટી.જબ૦ ૫

## [?] ૩૧૭. વૈરાગ્યની સજ્ઝાય

(રાગ : જનારૂં જાય છે જીવન....) (દયાસિન્ધુ)

મોંઘેરો દેહ આ પામી, જુવાની જોરમાં જામી;
ભજ્યાં ભાવે ના જગસ્વામી, વધારો શું કર્યો સારો. ૧

પડીને શોખમાં પૂરાં, બની શૃંગારમાં શુરા;
કર્યાં કૃત્યો બહુ બુરા, પછી ત્યાં શી રીતે વારો. ૨

ભલાઈ ના જરા લીધી, સુપાત્રે પાઈ ના દીધો;
કમાણી ના ખરી કીધી, કહો કેમ આવશે આરો. ૩

ગુમાને જીંદગી ગાળી, ન આણા વીરની પાળી;
જશો અંતે અરે ખાલી, લઈ ભલા પાપનો ભારો. ૪

નકામા શોખને ત્યાગો, કરો ઉપકારના કામો;
અચળ રાખો રૂડા નામો, વિવેકી વાત વિચારો. ૫

સદા જિનધર્મને ધરજો, ગુરુભકિત સદા કરજો;
ચિદાનંદ સુખને વરજો, વિવેકી મુકિતને વરજો. ૬

## ૩૧૮. વૈરાગ્યની સજ્ઝાય

કાંઈ નવિ ચિંતે હો ચિત્તમાં જીવડા રે, આયુ ગળે દિનરાત;
વાત વિચારી રે પૂરવ ભવતણી, કુણ કુણ તાહરી જાત. કાંઈ૦ ૧

દોહિલો દીસે રે ભવ માનવતણો રે શ્રાવક કુળ અવતાર;
પ્રાપ્તિ પૂરી રે ગિરુઆ ગુરુતણી રે, તુજ ન મળે વારંવાર. કોઈ૦ ૨

તું મન જાણે રે એ ધન માહરું રે, કુણ માત કુણ તાત;
આપ સવારથે સહુકો મિલ્યું રે, મ કર પરાઈ તું વાત. કાંઈ૦ ૩

પુણ્ય વિહુણા રે દુઃખ પામે ઘણા રે, દોષ દિયે કિરતાર;
આપ કમાઈ રે પૂરવ ભવ તણી રે, નવિ સંભારે ગમાર. કોઈ૦ ૪

કઠણ કર્મને અહનિશ તું કરે રે, જેહના સબળ વિપાક;
હું નવિ જાણું રે કુણ ગતિ તાહરી રે, તે જાણે વીતરાગ. કાંઈ૦ ૫

તુજ દેખંતા રે જો ને જીવડા, કેઈ કેઈ ગયા નરનાર;

એમ જાણીને રે નિશ્ચય જાવું, ચેતન ચેતો ગમાર. કાંઈ૦ ૬

તેં સુખ પામ્યા રે બહુ રમણી તણા રે, અનંત અનંતી વાર;
લબ્ધિ કહે રે જે જિનને ભજે રે, તે પામે મોક્ષ દુવાર. કાંઈ૦ ૭

## [?] ૩૧૯. વૈરાગ્યની સજ્ઝાય

તુમે શ્રીજિનના ગુણ ગાવો રે, તુમે મનુષ્યભવમાં જાજો રે;
બાજીગર બાજી રાચી રે, તારી કાયા પડશે કાચી રે. તુમે૦ ૧

જોબનમાં નારી વ્હાલી રે, સહુ જનને મેલ્યાં વિસારી રે;
તું પરનારીશું મોહ્યો રે, તેં તારો જન્મારો ખોયો રે. તુમે૦ ૨

ચાલીસે ચિત્તડું માર્યું રે, તારૂં માયામાં મનડું ભાર્યું રે;
પચાસે આવ્યા પરીયાં રે, તારા મુખના ડાચા ફરીયાં રે. તુમે૦ ૩

સાઈઠે બુદ્ધિ નાઠી રે, તારી ભમતાં જીભડી ગાઠી રે;
સીત્તેરે કાંઈ ન સુઝે રે, તારી કાયા થરથર ધ્રુઝે રે. તુમે૦ ૪

એંશીએ અઘરૂં લાગ્યું રે, તારૂ ઘરમાંથી તોલ ભાંગ્યુ રે;
નેવું વરસે થયો ઘરડો રે, તું તો બેઠો રહેને પયડો રે. તુમે૦ ૫

સો વરસે સોડ તાણી સૂતો રે, એને સર્વ મલીને કુટો રે;
જીવ થૈ થૈ કરે પોકાર રે, પેલા જમડાને કોણ વારે રે. તુમે૦ ૬

એવે ધર્મરાજાએ પૂછ્યું રે, ભાઈ શું છે તાહરૂં પુણ્ય રે;
મેં નથી કીધાં પુણ્યના કામ રે, મેં નથી દીધાં સુપાત્રે દાન રે. તુમે૦ ૭

એનાં પુણ્યના પાના જોયા રે, એને કાઢી મેલ્યા સર્વે કોરા રે;
એવી હીરવિજયની વાણી રે, જિન ભજો સહુકો પ્રાણી રે. તુમે૦ ૮

## ૩૨૦. વૈરાગ્યની સજ્ઝાય

આતમધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપે રહેવું;
કર્માધીન છે સહુ સંસારી, કોઈને કાંઈ ન કહેવું. આતમ૦ ૧
કોઈ જન નાચે, કોઈ જન ખેલે, કોઈ જન યુદ્ધ કરંતાં;
કોઈ જન જન્મે, કોઈ જન રૂવે, દેશાટન કોઈ કરતા. આતમ૦ ૨

વેળુ પીલી તેલની આશા, મૂરખ જન મન રાખે;
બાવળીઓ વાવીને કેરી, આંબા રસ શું ચાખે. આતમ૦ ૩

રાગીથી તો રાગ ન કીજે, દ્વેષીથી નહિ દ્વેષ;
સમભાવે સહુ જીવને ગણીએ, તો શિવસુખનો લેશ. આતમ૦ ૪

જૂઠી જગની પુદ્‌ગલબાજી, ત્યાં નવિ થઈએ રાજી;
તન ધન જોબન સાથ ન આવે, આવે ન માત પિતાજી. આતમ૦ ૫

લક્ષ્મી સત્તાથી શું થાયે, જોજો મનમાં વિચારી;
એક દિન ઉઠી જાઉં આ, દુનિયા સહુ વિસારી. આતમ૦ ૬

ભલા ભલા પણ ઉઠી ચાલ્યા, જોને કેઈક ચાલે;
બિલાડીની દોટે ચડીયો, ઉંદરડો શું મહાલે. આતમ૦ ૭

કાળઝપાટા સહુને વાગે, યોગીજન ઝટ જાગે;
ચિદાનંદઘન આતમઅર્થી, રહેજો સૌ વૈરાગે. આતમ૦ ૮

## [?] ૩૨૧. વૈરાગ્યની સજ્ઝાય

જીવડા સુકૃત કરજો સાર, નહિતર સ્વપ્નું છે સંસાર;
પલકતણો નિશ્ચય નથી ને, નથી બાંધી તે ધર્મની પાળ. જીવડા૦ ૧

ઉંચી મેડી ને અજબ ઝરૂખા, ગોખ તણો નહિ પાર;
લખપતિ છત્રપતિ ચાલ્યા ગયા, તેના બંધ રહ્યા છે બાર. જીવડા૦ ૨

ઉપર ફૂલડાં ફરફરે ને, બાંધ્યા શ્રીફળ ચાર;
ઠાકઠીક કરી અને ઠાઠડીમાં બાંધ્યો, પછી પૂઠે તે લોકનો પોકાર. જીવડા૦ ૩

શેરી લગે સબ સાથે ચલેંગી, નારી તણો પરિવાર;
કુટુંબ કબીલો પાછો ફરીને, સૌ કરશે ખાનપાન સાર. જીવડા૦ ૪

સેજ તલાઈ વિના નવિ સુતો, કરતો ઠાઠ હજાર;
સ્મશાને જઈ ચેહમાં સુવું, ઉપર કાષ્ઠના ભાર. જીવડા૦ ૫

અગ્નિ મૂકીને અળગા રહેશે, ત્યાર વરસસે અંગે અંગાર;

ખોળી ખોળીને બાળશે જેમ, લોઢું ગાળે લુહાર. જીવડા૦ ૬

સ્નાન કરીને ચાલીયા, સૌ સાથે મીલી નરનાર;
દશ દિવસ રોઈ રોઈને રહેશે, પછી તે મૂકીયા વિસાર. જીવડા૦ ૭

એવું જાણીને ધર્મ કરી લે, કરી લે પર ઉપકાર;
સત્ય શિયળથી પામી લે જીવડા, શિવતરૂ ફળ સહકાર. જીવડા૦ ૮

## ૩૨૨. વૈરાગ્યની સજ્ઝાય

ગરભાવાસમાં ચિંતવે રે, હવે ન કરશું પાપ;
જબ આયો તબ વિસર્યો રે, માંડ્યો માંડ્યો ઘણો રે સંતાપ કે,
સુણ રે ચંચળ જીવડા રે, તું તો પરભવ કૈસો લઈશ કે. ૧

જો નવકાર ગણાવીયે તો, નયણે નીંદ ભરાય;
નાટક ચેટક નિરખતા તો, જાયે રયણી વિહાય કે. સુણ૦ ૨

જો સામાયિક કરાવીયે તો, લાગે થાક અપાર;
વાતો સાથે જો મીલે તો, કરે કરે પહોર દો ચાર કે. સુણ૦ ૩

ઉભા કાઉસ્સગ્ગ કરાવીએ તો, કહે દુ:ખે મોરા પાય;
માથે પોટકું મૂકીએ તો; દોડ્યો દોડ્યો મારગે જાય કે. સુણ૦ ૪

જો ઉપવાસ કરાવીએ તો, લાગે ભૂખ અપાર;
લેણા કારણ રોકીએ તો, લાંઘે લાંઘે દો દિન ચાર કે. સુ૦ ૫

ધર્મને કાજે માગીએ તો, એક બદામ ન દેય;
રાજ્ય કે વૈદ્યક રોકી લે તો, ખૂણે બેસી ગણી ગણી દેય કે. સુણ૦ ૬

લોભને વશ થઈ પ્રાણીયો રે, મેળવે ઘણેરી રે આથ;
*દાન સુપાત્ર દેવતાં તો, થર થર ધ્રુજે છે હાથ કે. સુણ૦ ૭*

ત્રણ તત્ત્વ આરાધીયે રે, જપીએ શ્રી નવકાર;
ખિમાવિજય ગુણ આણીએ તો, પહોંચે મુક્તિ મોઝાર કે. સુણ૦ ૮

## [?] ૩૨૩. વૈરાગ્યની સજ્ઝાય

(રાગ : દયાસિન્ધુ દયાસિન્ધુ)

અરે કિસ્મત તું ઘેલું, હસાવે તું રડાવે તું;
ઘડી ફંદે ફસાવીને, સતાવે તું રીબાવે તું. અરે૦ ૧

ઘડી આશામહી વહે તું, ઘડી અંતે નિરાશા છે;
વિવિધ રંગો બતાવે તું, હસે તેને રડાવે તું. અરે૦ ૨

કોઈની લાખ આશાઓ, ઘડીમાં ધુળધાણી થઈ;
પછી પાછી સજીવન થઈ, રડેલાને હસાવે તું. અરે૦ ૩

રહી મશગુલ અભિમાને, સદા મોટાઈ મન ધરતાં;
નિડરને પણ ડરાવે તું, ન ધાર્યું કોઈનું થાતું. અરે૦ ૪

વિકટ રસ્તા અરે તારા, અતિ ગંભીર ને ઊંડા;
ન તને કોઈ શકે જાણી, અતિ તું ગૂઢ અભિમાની. અરે૦ ૫

સદાચારી ને સંતોને, ફસાવે તું રડાવે તું;
કરે ધાર્યું અરે તારૂં, બધી આલમ ફના કર તું. અરે૦ ૬

અરે આ નાવ જિંદગીનું, ધર્યું મેં હાથ એ તારે;
ડુબાડે તું ઉગારેતું, શુભવીરની આવે વ્હારે તું. અરે૦ ૭

## ૩૨૪. વૈરાગ્યની સજ્ઝાય

સુરતરુની પરે દોહીલો રે, લાધ્યો નર અવતાર;
લહી એળે મત હારજો રે, કાંઈ કરજો રે મનમાં વિવેક રે,
ચેતો રે ચિત્ત પ્રાણી........
મત રાચો રે રમણીને સંગ કે, માચો રે જિનવાણી. ૧
તે કારણ તુમે સદ્દહો, જે ભાખ્યો જગનાથ;
પાંચે આશ્રવ પરિહરો, કાંઈ દુલ્લહો રે માનવભવ સાથ કે. ચેતો૦ ૨
જીવવાને વાંછે સહુ, મરણ ન વાંછે કોય;
આપણની પરે પાળવા, ત્રસસ્થાવર હણવા નવિ દોય કે. ચેતો૦ ૩
અપજસ કીર્તિ ઈણ ભવે, પરભવ દુઃખ અનેક;

કૂડ કરતા પામીયા રે, જેણે ન આણ્યો મનમાંહિ વિવેક કે. ચેતો૦ ૪
માતપિતા બાંધવ સહુ રે, પુત્ર-કલત્ર પરિવાર;
સ્વાર્થ લગે એ સહુ સગા રે, કોઈ પરભવ નહિ રાખણહાર કે. ચેતો૦ ૫
પુત્ર-કલત્ર-ઘર-હાટની, મમ કરો મમતા ફોક;
જે પરિગ્રહ માંહી હતા, તે છોડી ગયા બહુધા લોક કે. ચેતો૦ ૬
અલ્પ દિવસનો પ્રાહુણો, સહુ કોઈ ઈણે સંસાર;
એક દિન ઉઠી જાયવો, કુણ જાણે કેહવો અવતાર કે. ચેતો૦ ૭
અંજલિગત જલની પરે, ખિણ ખિણ ખૂટે આય;
જાવે તે નહિ બાંહુડે રે, જરાશું ધુરે યૌવનને ધાય કે. ચેતો૦૮
આરંભ છંડી આતમા, પીઓ સંજમરસ ભરપૂર;
સિદ્ધિવધૂને કારણે રે, ઈમ બોલે શ્રી વિજયદેવસૂર કે. ચેતો૦ ૯

## ૩૨૫. વૈરાગ્યની સજ્ઝાય

સદ્‌ગુરુ ચરણ પસાઉલે કહીશુ શિખામણ સાર;
મન સમજાવો આપણું, જિમ પામો ભવપાર. ૧

કહે ભાઈ ! રૂડું તે શું કર્યું, આતમને હિતકાર;
ઈહભવ પરભવ સુખ ઘણા, લહીયે જય જયકાર. ભાઈ૦ ૨

લાખ ચોરાસી યોનિ ભમી, પામ્યો નર અવતાર;
દેવગુરુધર્મ ન ઓળખ્યા, ન જપ્યો મન નવકાર. ભાઈ૦ ૩

નવ માસ માતાએ ઉદરે ધર્યો પાળી મોટો રે કીધ;
માય તાય સેવા કીધી નહિ, ન્યાયે મન નવિ દીધ. ભાઈ૦ ૪

ચાડી કીધી રે ચૌતરે દંડાવ્યા ભલા લોક;
સાધુજનને સંતાપીયા આળ ચઢાવ્યા તેં ફોક. ભાઈ૦ ૫

લોભે લાગ્યો રે પ્રાણીઓ, ન ગણે રાત્રિને દીહ;
હા હો કરતા રે એકીલો, જઈને હાથ ઘસીસ. ભાઈ૦ ૬

કપટ છળ ભેદ તે કર્યા, ભાખ્યા પરના રે મર્મ;
સાત વ્યસનને સેવીયા, નવિ કીધો જિનધર્મ. ભાઈ૦ ૭

ક્ષમા ન કીધી તે, દયા ન કીધી રેખ;
પરવેદન તે જાણી નહી તો, શું લીધો તે ભેખ. ભાઈ૦ ૮

સન્ધ્યા રાગ સમ આઉખું, જળ પરપોટો રે જેમ;
ડાભ અણી જળ બિંદુઓ અથિર સંસાર છે એમ. ભાઈ૦ ૯

અભક્ષ્ય અનંતકાય તે વાપર્યા, પીધા અળગણ નીર;
રાત્રીભોજન તેં કર્યાં, કિમ પામીશ ભવતીર. ભાઈ૦ ૧૦

દાન શીયલ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર;
તે તેં ભાવે ન આદર્યાં, રઝળીશ અનંતો સંસાર. ભાઈ૦ ૧૧

પાંચે ઈન્દ્રિય રે પાપિણી, દુર્ગતિ ઘાલે છે જેહ;
તે તો મૂકી તેં મોકળી કિમ પામીશ શિવગેહ. ભાઈ૦ ૧૨

ક્રોધે વિંટયો રે પ્રાણીઓ, માન ન મૂકે રે કેડ;
માયા સાપણીને સંગ્રહી, લોભને લીધો તે તેડ. ભાઈ૦ ૧૩

પર રમણી રસ મોહીયો, પરનિંદાનો રે ઢાળ;
પર દ્રવ્ય તે નવિ પરિહર્યું, પરને દીધીરે ગાળ. ભાઈ૦ ૧૪

ધર્મની વેળા તું આળસું, પાપ વેળા ઉજમાળ;
સંચ્યું ધન કોઈ ખાઈ જશે, જીમ મધમાખી મહુઆળ. ભાઈ૦ ૧૫

મેલી મેલી મૂકી ગયા, જેહ ઉપાર્જી રે હાથ;
સંચય કીજે રે પુણ્યનો, જે આવે તુજ સાથ. ભાઈ૦ ૧૬

સંવત સત્તર ચઉદોત્તરે ભાખી એહ સજઝાય;
ધર્મ મુનિ કહે ધ્યાનશુ સાંભળો ચિત્ત લાય. ભાઈ૦ ૧૭

## [?] ૩૨૬. વૈરાગ્યની સજઝાય

વૃથા કરે તું ગુમાન મનવા, વૃથા કરે તું ગુમાન;
ઈન્દ્ર ચન્દ્ર ચક્રી મહારાજા, મળ્યા માટીમાં જાણ,
આગમાં ખાખ થશે તુજ કાયા, જાશે એકલડી જાણ. મનવા૦ ૧

કુડ કપટ કરી જિંદગી કાઢી, મિથ્યા કરે અભિમાન,

કાળરાજાની ફાળ જ્યાં પડશે, બનીશ તું બેભાન. મનવા૦ ૨

ચંચળ લક્ષ્મી ચંચળ આયુ, જાય પલકમાં પ્રાણ,
લટપટ ખટપટ સઘળું છોડી, ભજી લેને ભગવાન. મનવા૦ ૩

વિષય કષાયના પાસમાં પડીયો, ભૂલી ગયો તું ભાન,
નરક નિગોદમાં રુળી રઝળી, પામ્યો તું દુઃખ અમાન. મનવા૦ ૪

લાખ ચોરાશિ યોનિ ભટકયો, ભટકયો તું ભવરાન,
મહા પુન્યે માનવ ભવ લાધ્યો, સમજ સમજ ઈન્સાન. મનવા૦ ૫

પ્રિયતમ પુત્રો પ્રિયતમ નારી, સ્વારથના સહુ જાન,
એકલો આવ્યો એકલો જાશે, તારૂ તે કોઈ ના માન. મનવા૦ ૬

અક્કડ થઈને ફક્કડ ફરતો, કરતો ન કાંઈ દાન,
ચોરી દારીને પરનિંદામાં, સદા રહ્યો મસ્તાન. મનવા૦ ૭

આશા મોટી મોટી રાખે, ચાહે તું દેવવિમાન,
કર્મરાજા જો કોપે ચડશે, કરી દેશે હેરાન. મનવા૦ ૮

હાટ હવેલીને માણેક મોતી, ક્ષણમાં વિનાશી જાણ,
લાડી વાડી, ગાડીને મોજે, મૂકી જાવું છે સ્મશાન. મનવા૦ ૯

દાન શિયળ તપ ભાવના ભાવો, કરવા જિન ગુણગાન,
અમી સમી જિનવાણી જાણી, કરો ઘુંટ ઘુંટ પાન. મનવા૦ ૧૦

વિતરાગનું શાસન પામ્યો, જ્ઞાનમાં બન ગુલતાન,
અધ્યાતમમાં મસ્ત બનેથી, શિવપુરીમાં પ્રયાણ. મનવા૦ ૧૧

અનંત ચતુષ્ટ કેરો ખજાનો, તેને તું લે પિછાન,
અધ્યાતમ નયનોને ખોલી દે તું, પ્રગટે જ્ઞાન નિધાન. મનવા૦ ૧૨

## ૩૨૭. વૈરાગ્યની સજઝાય

શત્રુમિત્ર સમાન રાગ દ્વેષ મત આણ આ છે લાલ ધર્મદયા ચિત્ત રાખીયેજી,
પંચમહાવ્રત ધાર પાળો નિરતિચાર આ છે લાલ અસત વચન નવિ ભાખીયેજી. ૧

ચોરી અદત્તાદાન લોભ તજો ગુણ ખાણ આ છે લાલ વિણ દીયે લીજે નહીંજી,
જો ચાહે શિવધામ તો તજીયે સુખવામ આ છે લાલ વિષમ ભલો ન કહીજી. ૨

પરિગ્રહ કીજે દૂર સુખ ઉપજૈ ભરપુર આ છે લાલ તપ- જપ-સંયમ ખપ કરોજી,
કાય શક્તિ પચખાણ થિર મન કીજૈ ધ્યાન આ છે લાલ સમતા નિજ મનમેં
ધરોજી. ૩

ચંચલમન વશ આણ સુગુરૂવચન સુણ કાન આ છે લાલ બોલીયે બોલ સોહામણોજી,
પાયો નર અવતાર અબકે તૂં મત હાર આ છે લાલ તો પાવે મન ભાવણોજી. ૪

જ્ઞાની જ્ઞાન વિચાર મત ભરમેં સંસાર આ છે લાલ તુઝમેં હૈ તેરા ધણીજી,
ચેતન ચેતો આપ મત કરજો કોઈ પાપ છે લાલ સુખ સંપત્તિ પાવે ઘણીજી. ૫

## ૩૨૮. વૈરાગ્યની સજઝાય

(રાગ : સમરો મંત્ર ભલો)

નાવમાં નદીયાં ડૂબી જાય, મુજ મન અચરિજ થાય,
નાવમાં નદીયા ડૂબી જાય.
કીડી ચાલી સાસરે મેં, સો મણ ચૂરમો સાથ,
હાથી ધરીયો ગોદમેં, ઊંટ લપેટયો જાય... નાવ૦ ૧
કચ્ચા ઈંડા બોલતાં, બચ્ચા બોલે નાય,
ષડ્દર્શન મેં સંશય પડીયો, તો જ મુક્તિ મીલ જાય... નાવ૦ ૨
એક અચંબો એસો દીઠો, મડદો રોટી ખાય,
મુખસે બોલે નહિં, ડગડગ હસતો જાય... નાવ૦ ૩
બેટી બોલે બાપને વિણ જાયો વર લાય,
વિણ જાયો વર ના મિલે તો, મુજ શું ફેરા ખાય... નાવ૦ ૪
સાસુ કુંવારી વહુ પરણેલી નણદલ પેરા ખાય,
દેખણવાલી હુલર જાયો, પાડોસણ હુલરાય... નાવ૦ ૫
એક અચંબો એસો દીઠો, કૂવામાં લાગી આગ,
કચરો કરબટ સબહી બળ ગયો પણ ઘટ ભરભર જાય... નાવ૦ ૬
આનંદઘન કહે સુણ ભાઈ સાધુ એ પદસેં નિરવાણ,
ઈસ પદકા કોઈ અર્થ કરેંગા, શીઘ્ર હોવે કલ્યાણ,
નાવમેં નદીયાં ડૂબી જાય... નાવ૦ ૭

# સજ્ઝાય સરિતા

## (વૈવિધ્યસભર સજ્ઝાયો)

## તરંગ - ૭

સજ્ઝાય ૩૨૯ થી ૪૩૨

## ૩૨૯. અનંતકાયની સજ્ઝાય

અનંત કાયના દોષ અનંતા, જાણી ભવિયણ પ્રાણી રે
ગુરૂ ઉપદેશે તે પરિહરજો એહવી જીનવર વાણી રે... અનંત૦ ૧

પુઢવી પાણી અગનિ ને વાયુ, વનસ્પતિ પ્રત્યેકા રે
એ પાંચે થાવર ગુરૂમુખથી, સાંભળજો સુવિવેકા રે... અનંત૦ ૨

એકેંદ્રિય બેઈંદ્રિય તેઈંદ્રિય, પંચેંદ્રિય ચઉરિંદ્રિ પ્રમુખા રે
એકેકી કાયે જિનરાયે, ભાખ્યા જીવ અસંખ્યા રે... અનંત૦ ૩

એ છ કાય તણા જે જીવા, તે સવિ એકણ પાસે રે
કંદમૂલ સૂઈને અગ્રભાગે, જીવ અનંત પ્રકાશે રે... અનંત૦ ૪

બહુ હિંસાનું કારણ જાણી, આણી મન સુવિચારો રે
કંદમૂલ ભક્ષણ પરિહરજો, કરજો સફલ જન્મારો રે... અનંત૦ ૫

અનંત કાયના બહુ ભેદ ભાખ્યા, પન્નવણા ઉપાંગે રે
શ્રી ગૌતમ ગણધરને આગે, વીર જિણંદ મનરંગે રે... અનંત૦ ૬

નરકતણા છે ચાર દુવારા, રાત્રિ ભોજન છે પહેલું રે
પરસ્ત્રી બીજું બોળ અથાણું ત્રીજું, અનંત કાય જિમ છેલ્લું રે... અનંત૦ ૭

એ ચારે જે નર પરિહરશે, દયા ધરમ આદરશે રે
કીર્તિ કમલા તસ વિસ્તરશે, શિવમંદિર સંચરશે રે... અનંત૦ ૮

ચૌદ નિયમ સંભારી સંક્ષેપો, પડિક્કમણું દોયવાર રે
ગુરૂ ઉપદેશ સુણો મનરંગે, એ શ્રાવક આચાર રે... અનંત૦ ૯

પાંચે પરવી પોસહ કીજે, ભાવે જીન પૂજીજે રે
સંપત સારૂ દાન જ દીજે, ઈમ ભવ લાહો લીજે રે... અનંત૦ ૧૦

પરઉપગાર કરો નિજ શક્તેં, કુમતિ કદાગ્રહ મૂકો રે
નવા નવા ઉપદેશ સુણીને, મૂલ ધરમ નવિ મૂકો રે... અનંત૦ ૧૧

તપગચ્છનાયક શિવસુખદાયક, શ્રીવિજયપ્રભસૂરિંદા રે
તાસ પસાયે દિન દિન થાયે, ભાવસાગર આનંદા રે... અનંત૦ ૧૨

## ૩૩૦. અન્ન દેવતાની સજ્ઝાયો (૧)

મારા અન્નદેવતા વેગે પધારો રાજ, તુમ બીન ઘડી ન સરે કાજ
અનીયો નાચે અનીયો ફિરે, અનીયો તાલ બજાવે
એક દીન અનીયો નહિં મિલે તો, નિઃશંક હાય-વોય થાવે... મારા૦ ૧

અનીયો રાજા અનીયો પરજા, અનીયો હું ઉમરાવ
એક રોટીકા કારણે, પડે નીચ કપાળ... મારા૦ ૨

નહી કે રાજા નહી કે પરજા, નહી કે રાજા દીવાન
એક રોટી કે કારણે, વીણે જંગલમાં છાણ... મારા૦ ૩

ઉપવાસ કીધા બેલા કીધા, કીધા તેલા ચોલા
પંચરો જબ આયો પારણો, અબ હું દેવે હેલા... મારા૦ ૪

અનીયો નાચે અનીયો ફીરે, અનીયો કરે ગટરકા
એક દિન અનીયો નહીં મળે તો, મીટ જાય સવિ ભટરકા... મારા૦ ૫

અન્ન સહુકા કારણે, સહુકા દુ:ખ ભાંગે
ઓજણ પામી લારે લાગ્યો, બાટી સાથે ભાગા... મારા૦ ૬

આનંદઘન કહે સુણ ભાઈ બનીયા, અન્ન છોડે તેને ધન્ન
અન્નદેવ સુહીલી મળે તો, જાણું તારો મન્ન... મારા૦ ૭

## ૩૩૧. અન્ન દેવતાની સજ્ઝાયો (૨)

સર્વદેવ દેવ મેં પ્રત્યક્ષદેવ રોટી, તાન માન સર્વ વાત એહ વિના ખોટી... ૧

જિનરાજ મુનિરાજ, બડે ધ્યાન ધ્યાવે, ઘડી થાય સોળમી તો ગોચરી સંભારે... ૨

શેઠ બડે શાહુકાર લખે લાખ હુંડી, ઘડી થાય સોળમી ને આંખ જાય ઊંડી... ૩

સંઘ લઈ સંઘવી પ્રયાણ પંથ ચાલે, ઘડી થાય સોળમી તો મુકામ ઠામ ઝાલે... ૪

ચક્રવર્તી વાસુદેવ પુન્યના છે બળીયા, ઘડી થાય સોળમી ને અંગ જાય ગળીયા... ૫

નિઃસ્નેહી નગનભાવે ભસ્મ અંગ લગાવે, ઘડી થાય સોળમી તો અલેક જગાવે... ૬

ધ્યાન ધરે નાસિકા ડબક માળા મોટી, ઘડી થાય સોળમી તો યાદ કરે રોટી... ૭

પટે પડે રોટલો તો સર્વ વાત સૂઝે, પેટ પૂરણ ઘાસ અન્ન ગાય ભેંસ દૂઝે... ૮

ધનધન વીતરાગ ઋષભદેવસ્વામી, એક વરસ આહાર ત્યાગી વંદુ શિરનામી... ૯

વીર ધીર મહાવીર જગને વિષે દીપે, ષટ્માસ આહાર ત્યાગી કર્મ સર્વ જીપે... ૧૦

દીપવિજય કવિરાજ અઢી દ્વીપ છાજે, છઠ્ઠ અઠ્ઠમ માસ પાસ ધીર મુનિ ગાજે... ૧૧

## ૩૩૨. અનુભવની સજ્ઝાય

અનુભવિયાના ભવિયા રે, જાગીને જોજો;
આગળ સુખ છે કેવા રે, જીવો તે જોજો. ૧

બાલપણે ધર્મ ન જાણ્યો રે, તે રમતાં ખોયો;
જોબનમેં મદ માતો રે, વિષયમાં મોહ્યો. ૨

ધર્મની વાત ન જાણી રે, ખોટી લાગી માયા;
જોબન જાશે જરા આવશે રે, ત્યારે કંપશે રે કાયા. ૩

મોહ માયામાં માંચ્યો રે, સમકિત કિમ વરસે;
ક્રોધ વ્યાપ્યો સબલો રે, બોલતો નવિ ખલસે. ૪

ધનને કાજે ધસમસતો રે, હિંડે હલફલતો;
પાસે પૈસો પુર છે રે, ધર્મ નથી કરતો. ૫

નેત્ર ને નાસિકા ગળશે રે, વળી વળશો વાંકા;
બોલ્યું કોઈ ન માનશે રે, ત્યારે પડશો ઝાંખા. ૬

દાંત પડીયા મુખ ખાલી રે, ત્યારે કેને કહેશો;
ધર્મની વાત ન જાણી રે, પ્રભુજીને કેમ મલશો. ૭

ઉંબર ડુંગર થાશે રે, ગોળી થાશે ગંગા;
પ્રભુજીનું નામ સંભારો રે, હોવે જિમ રંગા. ૮

શેરી પર શેરી થાશે રે, ત્યારે બેસી રહેશો;
લોભ ને લલુતા વધશે રે, બેઠાં કચ-કચ કરશો. ૯

દિકરડાની વહુરો રે, રીસડીએ બળશે;
એ ઘરડા ઘરમાંથી રે, કે દહાડે ટળશે. ૧૦

પીંપળ પાન ખરંતા રે, હસતી કુંપળીયા;

અમ વીતી તુમ વીતશે રે, ધીરી બાપડીયા. ૧૧

રાવણ સરીખા રાજવી રે, ગયા જનમારો ખોતાં;
પાપી હાથ ઘસંતાં રે, જાણે જન્મ્યા નોતા. ૧૨

ધન તે જીહાં તિહાં વેરી રે, એકાકી જાવું;
લોભ ને લલુતા મૂકી રે, અરિહંતને ધ્યાવો. ૧૩

શિવરમણી સુખ ચાખો રે, અનુભવનો મેવો;
ચેતવું હોય તો ચેતજો રે, સંસાર છે એવો. ૧૪

કવિ ઋષભની શીખડી રે, હૃદયમાં ધારો;
જીતી બાજી હાથથી રે, તમે કેમ વિસારો. ૧૫

## ૩૩૩. અફીણ વર્જવાની સજઝાય

શ્રીજિનવાણી મન ધરી સદ્ગુરૂ દીયે ઉપદેશ મેરે લાલ
બાવીસ અભક્ષ્યમાંહે કહ્યું અમલ અભક્ષ્ય વિશેષ મેરે લાલ... ૧

અમલ મ ખાઓ સાજના અમલ વિગોવે તન્ન મેરે લાલ
ઉંઘ બગાસાં ઘેરણી આવ્યે આખો દિન્ન મેરે લાલ... અમલ૦ ૨

અમલી અમલને સારિખો આવ્યે આનંદ થાય મેરે લાલ
ઉતરતાં અરતિ ઘણી ધીરજ જીવ ન ધરાય મેરે લાલ... અમલ૦ ૩

આળસ ને ઉજાગરો બેઠો ઢબકાં ખાય મેરે લાલ
અકલ ન કાંઈ ઉપજે ધર્મકથા ન સુણાય મેરે લાલ... અમલ૦ ૪

કાળા અહિથી ઉપન્યું નામે જે અહિફીણ મેરે લાલ
સંગ કરે કોણ એહનો પંડિત લોક પ્રવીણ મેરે લાલ... અમલ૦ ૫

પહેલું મુખ કડવું હુવે વળી ઘાંટો ઘેરાય મેરે લાલ
ઉદર વ્યથા નિત્ય આફરો ઈણથી અવગુણ થાય મેરે લાલ... અમલ૦ ૬

નાક બંધાયે બોલતાં આધું વચન બોલાય મેરે લાલ
અમીય સુકાયે જીભનું એહને ખાય બલાય મેરે લાલ... અમલ૦ ૭

દાઢી ને મૂંછોદિશિ ઉગે નહીં અંકૂર મેરે લાલ

કાયા કાળી મશ હુએ ગાબડી ગાળે નૂર મેરે લાલ... અમલ૦ ૮

પલક અવેરૂં જો લીએ તો આતમ અકુળાય મેરે લાલ
નાક ચૂવે, નયણાં ઝરે કામ કરી ન શકાય મેરે લાલ... અમલ૦ ૯

અધબિચ મારગમાં પડે જીવન મૃત્યુ સમાન મેરે લાલ
હાથ પગોની નસ ગળે અમલી આવી શાન મેરે લાલ... અમલ૦ ૧૦

આગરાઈ આછો કહ્યો માળવી માંહે ભેળ મેરે લાલ
આપદશું સખરૂં નહીં મિસરીશું મન મેળ મેરે લાલ... અમલ૦ ૧૧

નવટાંક જે નર જીરવે તસુ અહિવિષ ન જણાય મેરે લાલ
અમલ ઘણું ખાધા થકી કંદર્પ બળ મિટ જાય મેરે લાલ... અમલ૦ ૧૨

અમલીને ઉનું રૂચે ટાઢું નાવે દાય મેરે લાલ
ખોભી રોટી ખાંટ ઘી ઉપર દૂધ સુહાય મેરે લાલ... અમલ૦ ૧૩

કુલવંતી જે કામિની જાણે જુગતિ સુજાણ મેરે લાલ
કાંતિ વિખી ઋણ કરી અમલીને દીએ આણ મેરે લાલ... અમલ૦ ૧૪

પ્રીતમ આશા પૂરતી ન કરે રીશ લગાર મેરે લાલ
કથન ન લોપે કંથનું તે વિરલી સંસાર મેરે લાલ... અમલ૦ ૧૫

દુર્ભાગણી નારી જીકા બોલી કર્કશ વાણ મેરે લાલ
રે રે અધમ અફીણિયા આળશવંત અજાણ મેરે લાલ... અમલ૦ ૧૬

પરણી જાઈ પારકી શું કીધું તેં ધીઠ મેરે લાલ
પોતાનું પણ પેટ એ નિઠુર બરાય ન નીઠ મેરે લાલ... અમલ૦ ૧૭

કાન કોટ ભૂષણ સહુ વેચી ખાધું તેહ મેરે લાલ
નિર્લજ તુજ ઘરવાસમાં કહે સુખ પામ્યું જેહ મેરે લાલ... અમલ૦ ૧૮

અમલ સમો અસુગો નહીં માનો એ મુઝ શીખ મેરે લાલ
બાળે સુંદર દેહડી અંતે મંગાવે ભીખ મેરે લાલ... અમલ૦ ૧૯

દારિદ્રીને દોહિલું સૂર ઉગ્યાનું શાલ મેરે લાલ
શ્રીમંતને પણ નહીં ભલું જોતાં એ જંજાલ મેરે લાલ... અમલ૦ ૨૦

સાસુ-વહુ વઢતાં છતાં રીસે અમલ ભખંત મેરે લાલ
બાળક ખાયે અજાણતાં જો ઘર અમલ હવંત મેરે લાલ...અમલ૦ ૨૧

પ્રાણીવધ જિણશું હુવેતે તો તજીયે દૂર મેરે લાલ
કર્માદાન દશમું કહ્યું વિષ વ્યાપાર પડૂર મેરે લાલ... અમલ૦ ૨૨

ચતુર વિચાર એ ચિત્તધારી કીજે અમલ પરિહાર મેરે લાલ
ખિમાવિજય પંડિત તણો કહે માણેક મનોહાર મેરે લાલ... અમલ૦ ૨૩

## ૩૩૪. અંધેરી નગરીની સજઝાય

અજ્ઞાન મહા અંધેર નગરે જેહની નહીં આદિ રે
મિથ્યાતમંદિર મોહ મહાનિશી પર્યંક તિહાં પ્રમાદ રે
જીવ જાગ તું ગઈ રાતડી ભગવંત ઊગ્યો ભાણ રે... જીવ૦ ૧

ગતિ ચાર તે ઈશ ઉપલાંને કષાય પાઈયા ચાર રે
ભ્રાંતિ ભરડી સભર ભરીયો વહાણ વેદ વિચાર રે... જીવ૦ ૨

તૃષ્ણા તળાઈ પાથરીને ગોદડાં મહા ગર્વ રે
ગતિભંગ ગાલમસૂરીઆં તે સજ્યાં કુમતિને સંગ રે... જીવ૦ ૩

રોશનાઈ બની તિહાં રાગની ને અષ્ટમદ ઉલ્લોચ રે
પડ્યો ન પાસું પાલટી સહુ તજ્યા તે સંકોચ રે... જીવ૦ ૪

ચોરાશીલખ સુપન લાધ્યાં ફરી ફરી બહુવાર રે
કુમતિ વાસ્યો બકે બહુવિધ હજુ ન આવ્યો પાર રે... જીવ૦ ૫

સ્નેહસાંકળે સાંકળ્યો ને મોહની મદિરા પાન રે
સૂતો પણ નવિ સળવળે નહિં શુદ્ધિસુમતિ ને સાનરે... જીવ૦ ૬

ઊંઘ તિહાં વાસી આપદાને જાગી તિહાં વસી જોખ રે
કુટુંબ મેળો કારમો જિમ ગગન વાદળ ગોખ રે... જીવ૦ ૭

હર્ષને શોક રહ્યો હેરી સંયોગ ને વિયોગ રે
ભોગ ભવની ભાસકીની રૂપ તિહાં બહુ રોગ રે... જીવ૦ ૮

આખરે જાવું એકલાને કોઈ ન આવે કેડી રે
વહાલાં વળાવી વળીયાં પાછાં સહુ સ્નેહી નેહ નિમેડી રે... જીવ૦ ૯

જિન વયણે નર જાગિયા તે પામ્યા પરમ કલ્યાણરે
જંબુ આદે જોઈ લેજયો જગમાં જે હુઆ જાણરે... જીવ૦ ૧૮

એમ ભવ્યને ઉપદેશ ભાખે 'ઉદયરતન' ઉવજઝાય રે
સાર શ્રી જિનવચને છે જગિ મુક્તિ જેહથી થાય રે... જીવ૦ ૧૧

## ૩૩૫. આચંબિલની સજ્ઝાયો (૧)

સમરી શ્રુત દેવી શારદા સરસ વચન વર આપે સદા
આંબીલ તપનો મહિમા ઘણો ભવિજન ભાવથકી તે સુણો... સમરી૦ ૧

વિગઈ સકલનો જિહાં પરિહાર અશન માંહી ઘણા ભેદવિચાર
વિદળ સર્વ તિલ તુવેર વિના અલસી કોદ્રવ કાંગની મના... સમરી૦ ૨

ખડધાન પુંહૂક દુકટ ફલ સર્વ વર્જીજે આંબીલને પર્વ
ઓસામણ પરે જો જલ મિલે તો આંબીલ અંબીલ રસ ટળે... સમરી૦ ૩

બલવણ સૂંઠ મરીચ ને સૂઆ મેથી સંચલ રામઠ કહ્યા
અજમાદિક ભેળ રંધાય તો આંબીલમાં લેવા થાય... સમરી૦ ૪

જીરૂ ભળે તે જે વડી કહી તે સૂઝે પણ જીરૂ નહીં
ગોમૂત્ર વિના અછે અણાહાર તે સવિ લેવાનો વિવહાર... સમરી૦ ૫

સાઠિ જાતિ જે તંદુલ તણી તે સૂજતી આંબીલમાં ભણી
સેકેલ ધાન અપકવી દાળ માંડા ખાખર લેવા ટાળ... સમરી૦ ૬

હળદર લવિંગ પીંપર પીંપલી હરડે સીંધવ વેસણ વલી
ખાદિમ સ્વાદિમ જે કહેવાય તે આંબીલમાં નવિ લેવાય... સમરી૦ ૭

ઉત્કૃષ્ટ વિધેં ઉષ્ણ જલનીર જઘન્ય વિધેં કાંજીનું નીર
એમ નિર્દૂષણ આંબીલ કરે મુખ ધોવણ દાતણ નવિ કરે... સમરી૦ ૮

જે નિર્દૂષણ લિયે આહાર ઓદનનો તેહને વ્યવહાર
આટો લિંગટ પાણી વતું તે પણ આંબીલમાં સૂઝતું... સમરી૦ ૯

અશઠ ગીતારથ અણ મચ્છરી જે જે વિધિ બોલે તે ખરી
લાભાલાભ વિચારે જેહ વિધિ ગીતારથ કહીયે તેહ... સમરી૦ ૧૦

આંબીલ તપ ઉત્કૃષ્ટો કહ્યો વિઘન વિદારણ કારણ લહ્યો
વાચક કીર્તિવિજય સુપસાય ભાખે વિનય વિજય ઉવજ્ઝાય.. સમરી૦ ૧૧

## ૩૩૬. આયંબિલની સજ્ઝાયો (૨)

ગુરુ નમતાં ગુણ ઉપજે, બોલે આગમ વાણ;
શ્રી શ્રીપાળને મયણા, સદા એ ગુણખાણ;
શ્રી મુનિચંદ્ર મુનિસરુ, બોલે અવસર જાણ. ૧
આયંબિલનો તપ વર્ણવે, નવપદ નવે રે નિધાન;
કષ્ટ ટળે આશા ફળે, વાધે વસુધા વાન. શ્રી૦ ૨
રોગ જાયે રોગી તણાં, જાએ શોક સંતાપ;
વહાલા વૃંદ ભેળા મળે, પુન્ય વધે ઘટે પાપ. શ્રી૦ ૩
ઉજ્જવલ આસો સુદિ થકી, તપ માંડ્યો તિણે જેહ;
પૂરો તપ પૂનમ લગે, કામિની કંથ સનેહ. શ્રી૦ ૪
ચૈત્ર સુદી સાતમ થકી, નવ આયંબિલ નિરમાય;
એમ એકાસી આયંબિલે, એ તપ પૂરો થાય. શ્રી૦ ૫
રાજનિષ્કંટક પાલતો, નવશત વર્ષ વિલંબ
દેશવિરતિપણું આદર્યું, કરવા કર્મ વિચ્છિન્ન. શ્રી૦ ૬
ગજ રથ સહસ તે નવ ભલાં, નવ લખ તેજી તોખાર;
નવ કોટિ પાયદલ ભલું, નવ નંદન નવ નાર. શ્રી૦ ૭
તપ જપ ઉજવી તે થકી, લીધું નવમું સ્વર્ગ;
સુરનરના સુખ ભોગવી, નવમે ભવ અપવર્ગ. શ્રી૦૮
હંસવિજય કવિરાયનો, જિમ જલ ઉપર નાવ;
આપ તર્યા પર તારશે, મોહન સહજ સ્વભાવ. શ્રી૦ ૯

## ૩૩૭. આહાર-અણાહાર વિષેની સજ્ઝાય

સમરૂં ભગવતી ભારતી પ્રણમી ગુરૂ ગુણવંતો રે
સ્વાદિમ જે દુવિહારમાં સુઝે તે કહું કંતો રે... ૧
શ્રી જિનવચન વિચારીએ કીજીએ ધર્મ નિઃસંગો રે
વ્રત પચ્ચખાણ ન ખંડીએ ધરીએ સંવર રંગો રે... શ્રી જિન૦ ૨
પીંપર સૂંઠ તીખા ભલા હરડે જીરૂ તે સાર રે

જાવંત્રી જાયફલ એલચી લવંગ ઈમ નિરધાર રે... શ્રી જિન૦ ૩
કાઠ - કુલંજર કુમઠા - ચણીકબાબા - કચુરો રે
મોથ ને કંટા સેલિયો પોહોકર-મૂલ-કપુરો રે... શ્રી જિન૦ ૪
હીંગલા અષ્ટક બાપચી બુકી હિંગુ ત્રેવીસો રે
બલવણ સંચલ સુજતાં સંભારો નિશ દિશો રે... શ્રી જિન૦ ૫
હરડાં બેહડાં વખાણીએ કાથો પાન સોપારી રે
અજ અજમોદ અજમો ભલો ખેર વડી નિરધારી રે... શ્રી જિન૦ ૬
તજ ને તમાલ લવીંગશું જેઠીમધ ગણો ભેળા રે
પાન વળી તુલસી તણા દુવિહારે લેજયો વેળા રે... શ્રી જિન૦ ૭
મૂલ જવાસાના જાણીયે વાવડિંગ કસેલો રે
પીંપળીમૂલ જોઈ લીજીએ રાખજો વ્રત વેલો રે... શ્રી જિન૦ ૮
બાવળ ખેર ને ખેજડો છાલી ધવાદિક જાણો રે
કુસુમ સુગંધ સુવાસીયો વાંસી પુનિ તર્યો પાણી રે... શ્રી જિન૦ ૯
એહવા ભેદ અનેક છે સાદીમ નીતી માંહે રે
જીરૂ સ્વાદિમ કહ્યું ભાષ્યમાં ખાદીમમાં બીજે ઠામે રે... શ્રી જિન૦ ૧૦
મધુ ગોળ પ્રમુખ જે ગ્રંથમાં સ્વાદિમ જાતિમાં ભાખ્યો રે
તે પણ તૃપ્તિને કારણે આવરણા એ નવિ રાખ્યો રે... શ્રી જિન૦ ૧૧
હવે અણાહાર તે વર્ણવું જે ચૌવિહારમાં સુજે રે
લીંબ પંચાંગ ગલો કડું જેહથી મતિ નવિ મુંઝે રે... શ્રી જિન૦ ૧૨
રાખ ધમાસો ને રોહણી સુખડ ત્રિફળા વખાણો રે
કરીયાતો અતિવિષ ઓળીયો રીંગણી પણ તિ જાણો રે... શ્રી જિન૦ ૧૩
આછી આસંધ ચીતરો ગુગળ હરડાં દામો રે
વોણ કહી અણાહારમાં વળી મજીઠ નિહાળો રે... શ્રી જિન૦ ૧૪
કણેરના મૂલ પૂંવાડીઆ બોલવીયો તે જાણો રે
હલદર સૂજે ચોવીહારમાં વળી ઉપલોટ વખાણો રે... શ્રી જિન૦ ૧૫
ચોપચીની વજ જાણીએ બોરડી મૂલ કંથેરી રે
ગાય ગોમૂત્ર વખાણીયે વળી કુંવાર અનેરી રે... શ્રી જિન૦ ૧૬
કંદરૂ વડકુડા ભલા તે અણાહારમાં કહીએ રે
એહવા ભેદ અનેક છે પ્રવચનથી સવી લહીએ રે... શ્રી જિન૦ ૧૭

વસ્તુ અનિષ્ટ ઈચ્છા વિના તે મુખમાં ધરીજે રે
ચાર આહારથી બાહિરો તે અણાહાર કહીજે રે... શ્રી જિન૦ ૧૮
એહ જુગતશું જે લહી વ્રત પચ્ચખાણ ન ખંડો રે
તેહ સમજુ અનુરાગથી શિવ લચ્છિરતિ મંડો રે... શ્રી જિન૦ ૧૯
શ્રી નયવિજય સુગુરૂ તણાં લેઈ પસાય ઉદાર રે
વાચક જસવિજયે કહ્યો એહ વિશેષ વિચાર રે... શ્રી જિન૦ ૨૦
તપગચ્છગયણ દિવાયરૂ શ્રીપ્રભસૂરિ રાજ્યે રે
એ સજ્ઝાય રચે ભલો ભવિયણને હિત કાજે રે... શ્રી જિન૦ ૨૧

## ૩૩૮. ઈરિયાવહીની સજ્ઝાયો (૧)

ગુરુ સન્મુખ રહી વિનય વિવેક, ઈરિયાવહી પડિક્કમીયેજી,
આ ભવ પરભવ પાતિક હણીયે, ગુણ શ્રેણીએ ચઢીએ.
શ્રુત અનુસરીયેજી... ૧
તરીએ આ સંસાર પાતક હણીયેજી, સદ્ગુરુને આધાર પાર ઉતરીયેજી
ષટ અક્ષરનો અર્થ સુણીને, જાણનું મસ્તક ડોલેજી,
મિચ્છામિ દુક્કડં નિર્યુક્તે, ભદ્રબાહુ ગુરુ બોલેજી... શ્રુત૦ ૨
પુઢવી અપ તેઉ વાઉ સાધારણ, તરૂ બાદર સુહુમીસજી,
પ્રત્યેક તરૂ વિગલેન્દ્રિ પજ્જત્તા, અપજ્જત્તા અડવીસ... શ્રુત૦ ૩
હવે પંચેન્દ્રિય જલ થલ ખેચર, ઉરપરિ ભુજપરિ દીસેજી,
ગર્ભ સંમુચ્છિમ દસ પજ્જતા, અપજ્જતા એ વીસ... શ્રુત૦ ૪
નારકી સાતે પજ્જ અપજ્જા, ચૌદ ભેદ મન ધારોજી,
કર્મભૂમિ અકર્મભૂમિના, પન્નર ત્રીસ વિચારો... શ્રુત૦ ૫
છપ્પન અંતર દ્વીપના માણસ, ગર્ભ સમૂચ્છિમ ભેદેજી,
એ અપજ્જત્ત પજ્જત્તા, ગર્ભજ, ત્રણસેં ને ત્રણ ભેદ... શ્રુત૦ ૬
ભવનપતિ દસ દસ તિરિજૃંભક, પન્નર પરમાધામીજી,
વ્યંતર સોલ જ્યોતિષી દસ ત્રણ, કીલ્બિષિયા સુર પામી... શ્રુત૦ ૭
બાર સ્વર્ગ નવ લોકાંતિક નવ, ગ્રૈવેયક પાંચ અનુત્તરનાજી,
એ નવાણું પજ્જત્તા અપજ્જત્તા, એકસો અઠાણું સુરના... શ્રુત૦ ૮
અભિહયાદિ દશ પદ સાથે, પાંચસે ત્રેસઠ ગુણતાંજી,
છપ્પનસો ને ત્રીશ થયાં તે, રાગને દ્વેષે હણતાં... શ્રુત૦ ૯

અગિયાર સહસ ને બસેં સાઠએ, મન વચ કાયાએ ત્રિગુણાજી,
તેત્રીસ સહસ ન સાતસેં એંશી, તે વળી આગળ ત્રિગુણા... શ્રુત૦ ૧૦
કરે કરાવે ને અનુમોદે, એક લાખ તેરસેં ને ચાલીશજી,
ગણ કાલશું ગુણતાં તિગ લખ, ચાર હજારને વીશ... શ્રુત૦ ૧૧
કેવલી સિદ્ધ મુનિ દેવસુર ગુરૂ આતમ, છગુણા લાખ અઢારજી,
ચોવીસ સહસને એકસો વીશ, સરવાળે અવધાર... શ્રુત૦ ૧૨
છઠે વરસે દીક્ષા લીધી, નવમે કેવલ ધારીજી,
જલક્રીડા કરતાં અઈમત્તા, મુનિવરની બલિહારી... શ્રુત૦ ૧૩
એમ કોઈ સાધુ શ્રાવક પાતક, ટાળી લહે ભવ પારજી,
શ્રી શુભવીરનું શાસન વરતે, એકવીસ વરસ હજાર... શ્રુત૦ ૧૪

## ૩૩૯. ઈરિયાવહીની સજ્ઝાયો (૨)

નારી મેં દીઠી એક આવતી રે જાતી ન દીઠી કોય રે
જે નર તેહને આદરે રે તેહને સદ્ગતિ હોય રે... નારી૦ ૧
એકસો નવાણું રૂડા બેટડારે મોટા તે ચોવીશ ઈશ રે
નાનડીયા તમે સાંભળો રે શત પંચોતેર ઈશ રે... નારી૦ ૨
જૈન તણે મુખે રહે રે પગ બત્રીસ કહેવાય રે
ધર્મીનર પાસે વસે રે પાપી સંગ ન જાય રે... નારી૦ ૩
આઠ સંપદાયે પરવરીરે નારી છે દેવ સરૂપ રે
મુગતિ રમણી ઘણા મેળવ્યા રે વડા વડેરા સૂપ રે... નારી૦ ૪
ગૌતમ સ્વામી પૂછીયું રે ઉપદેશ્યું શ્રી વર્ધમાન રે
અઈમત્તો ઋષિ પામીયો રે ક્ષણમાં કેવલ જ્ઞાન રે... નારી૦ ૫
અઢાર લાખ જુદા બેટડા રે ઉપર ચોવીશ હજાર રે
એક સો ને વીશ મૂકીયે રે પામીજે સ્વરગ દુવાર રે... નારી૦ ૬
સાધુ શ્રાવક સહુ આદરે રે આદરે અરિહંત દેવ રે
'મેઘવિજય' ગણિ શિષ્ય કહે રે એહની કરો ઘણી સેવ રે... નારી૦ ૭

## [?] ૩૪૦. ઉણોદરી વ્રતની સજ્ઝાય

સાસુ ને વહુ મંદિરે ગયાં'તાં મને આવી લાજ પચ્ચખ્યું એકાસણું...
મને૦ ૧

સાસુએ લીધા બેલાના પચ્ચખાણ જેઠાણીએ લીધા તેલાના પચ્ચખાણ... મને૦ ૨

ઘરે આવીને ભઠ્ઠીઓ સળગાવી સળગાવ્યા ચૂલા બે-ચાર પચ્ચખ્યું... મને૦ ૩

પહેલે ચૂલે ભાત જ ઓર્યો બીજે ચૂલે ઓરી ઢાળ... મને૦ ૪

ત્રીજે ચૂલે કંસાર કેળવ્યો ચોથે પાણી ઉકાળ... મને૦ ૫

બજારમાંથી સસરાજી આવ્યા લાવ્યા ઘેબર હાથ વહુને એકાસણું... મને૦ ૬

મેડીમાંથી સાસુજી આવ્યાં લાવ્યાં પાપડ સાથ... મને૦ ૭

દુકાનેથી જેઠજી આવ્યા લાવ્યા દૂધડે ભાર ભાભીને... મને૦ ૮

ઓરડામાંથી જેઠાણી આવ્યાં લાવ્યાં ખાખરા બે ચાર દેરાણીને... મને૦ ૯

બજારમાંથી દિયરજી આવ્યા લાવ્યા ફલ ફૂલ સાથ ભાભીને... મને૦ ૧૦

પરશાળેથી દેરાણી આવ્યાં લાવ્યાં મુખવાસ હાથ... મને૦ ૧૧

રૂમઝુમ કરતી નણંદો આવી લાવી પકવાન સાથ... મને૦ ૧૨

મહેલમાંથી સ્વામીજી આવ્યા લાવ્યા લાડુ બે ચાર ગોરીને... મને૦ ૧૩

કામ કરતો ઘાટી જ આવ્યો ઢાળીયા બાજોઠ બે ચાર શેઠાણીને... મને૦ ૧૪

એકાસણું કરીને વહુજી ઊઠ્યા કીધી લોટાલોટ પચ્ચખ્યું... મને૦ ૧૫

ચાર પાંચ કોળીયા ઊણા રહીએ તો ઉણોદરી વ્રત કહેવાય... મને૦ ૧૬

હીરવિજયજીની વિનંતી એ તો વીરવિજય ગુણ ગાય... મને૦ ૧૭

## ૩૪૧. ઉત્તમ મનોરથની સજ્ઝાય

ધન ધન તે દિન ક્યારે આવશે, જપશું જિનવરનામ;

કર્મ ખપાવી રે જે થયા કેવળી, કરશું તાસ પ્રણામ. ધન૦ ૧
મન વચ કાયા રે આપણા વશ કરી, લેશું સંયમ યોગ;
સમતા ધરશું રે સંયમ યોગમાં, રહેશું છંડી રે ભોગ. ધન૦ ૨
વિનય વૈયાવચ્ચ ગુરુ ચરણે કરી, કરશું જ્ઞાન અભ્યાસ;
પ્રવચન માતા રે આઠે આદરી, ચાલશું પંથ વિકાસ. ધન૦ ૩
પરિગ્રહ વસતી રે વસ્ત્ર ને પાત્રમાં, આડંબર અહંકાર;
મૂકી મમતા રે લોકની વાંછના, પાલશું શુદ્ધ આચાર. ધન૦ ૪
તપ તપી દુર્લભ દેહ કસી ઘણું, સહીશું શીત ને તાપ;
પુદ્‌ગલ પરિણતિ રંગ નિવારીને, રમશું નિજગુણ આપ. ધન૦ ૫
સસલા સાબર મૃગ ને રોઝડા, સૂંઘે તનુ મુખ નાસ;
ખોળે મસ્તક મૂકી ઊંઘસે, આણી મન વિશ્વાસ. ધન૦ ૬
પદ્માસન ધરી નિશ્ચળ બેસશું, ધરશું આતમધ્યાન;
ગુણઠાણાની રે શ્રેણી ચઢી કરી, સાધશું મોક્ષનું ઠામ. ધન૦ ૭
કરી સંલેખણ અણસણ આદરી, યોનિ ચોરાશી રે લાખ;
મિચ્છામિ દુક્કડં સર્વ જીવો પ્રતિ, દઈશું સદ્‌ગુરુ સાખ. ધન૦ ૮
મોટા મુનિવર આગે જે હુઆ, સમરી તસ અવદાત;
પરિષહ સહશું રે ધીરપણું ધરી, કરશું કર્મનો ઘાત. ધન૦ ૯
વાધર વીંટી રે ડોળા નીસર્યા, ધન્ય મેતારજ સાધુ;
ખંધક શિષ્યો રે ઘાણી પીલીયા, રાખી સમતા અગાધ. ધન૦ ૧૦
માથે પાળી કરી સગડી ભરી, ભરીયાં માંહી અંગાર;
ગજસુકુમાલે રે શીર બળતું સહ્યું, તે પામ્યા ભવ પાર. ધન૦ ૧૧
સિંહ તણી પરે સામા ચાલીયા, સુકોશલ મુનિરાય;
વિરૂઈ વાઘણ ધસતી ખાવા, વોસિરાવી નિજ કાય. ધન૦ ૧૨
દેવ પરીક્ષા રે કરતાં વળી વળી, ચક્રી સનત કુમાર;
રોગે પીડિયો રે વરસ તે સાતસે, ન કરી દેહની સાર. ધન૦ ૧૩
નિશદિન એહવી રે ભાવના ભાવતા, સરે નિજ આતમકાજ;
મુનિ બુધવિજય બોલે પ્રેમશું, ભાવના ભવોદધિ જહાજ. ધન૦ ૧૪

## ૩૪૨. ઋતુવંતી સ્ત્રીની સજ્ઝાયો (૧)

સરસતી માતા આદે નમીને સરસ વચન દેનારી
અસજમીયનું સ્થાનક બોલું ઋતુવંતી જે નારી અળગી રહેજે
ઠાણાંગની વાણી કાને સૂણીને... ૧
મોટી આશાતના ઋતુવંતીની જિનજીએ પ્રકાશી
મલિનપણું જે મન નવિ ધારે તે મિથ્યામતિ વાસી અળગી રહેજે...૨
પહેલ દિન ચંડાલણી સરિખી બ્રહ્મઘાતિની વળી બીજે
પરશાસન કહે ધોબણ ત્રીજે ચોથે શુદ્ધ વદીજે... ૩
ખાંડે પીસે રાંધે પિયુને પરને ભોજન પીરસે
સ્વાદ ન હોવે ષટરસ દોષે ઘરની લક્ષ્મી શોષે... ૪
ચોથે દિવસે દરિસન સૂઝે સાતમે પૂજા ભણીયે
ઋતુવંતી મુનિને પડિલાભે સદ્ગતિ સહેજે હણીયે... ૫
ઋતુવંતી પાણી ભરી લાવે જિન મંદિર જલ લાવે
બોધિબીજ નવી પામે ચેતન બહુલ સંસારી થાવે... ૬
અસજ્ઝાયમાં જમવા બેસે પાંત વિચે મન હિંસે
નાત સર્વે અભડાવી જમતી દુર્ગતિમાં બહુ ભમશે... ૭
સામાયિક પડિક્કમણે ધ્યાને સૂત્ર અક્ષર નવિ જોગી
કોઈ પુરૂષને નવિ આભડીયે તસ ફરસે તનુ રોગી... ૮
જિન મુખ જોતાં ભવમાં ભમીયે ચંડાલણી અવતાર
ભુંડણ લુંડણ સાપિણી હોવે પરભવે ઘણી વાર... ૯
પાપડ વડી ખેરાદિક ફરસે તેહનો સ્વાદ વિણાસી
આતમનો આતમ છે સાખી હૈડે જોને તપાસી... ૧૦
ઈમ જાણી ચોક્ખાઈ ભજીએ સમકિત કિરિયા શુદ્ધિ
ઋષભવિજય કહે જિન આણાથી વહેલા વરશો સિદ્ધિ... ૧૧

## ૩૪૩. ઋતુવંતી સ્ત્રીની સજ્ઝાયો (૨)

પવયણ દેવી સમરી માત, કહીશું મધુરી શાસન વાત;
ધર્મ આશાતન વર્જી કરો, પૂણ્ય ખજાનો પોતે ભરો. ૧
આશાતન કહિયે મિથ્યાત્વ, તસ વર્જન સમકિત અવદાત;

આશાતન કરવા મન કરે, દીર્ઘ ભવ દુઃખ પોતે વરે. ૨

અપવિત્રતા આશતન મૂલ, તેહનું ઘર ઋતુવંતી પ્રતિકૂલ;
તે ઋતુવંતી રાખો દૂર, જો તુમે વાંછો સુખ ભરપૂર. ૩

દર્શન પૂજા અનુક્રમે ઘટે, ચારે સાતે દિવસે મટે;
પરશાસન પણ એમ સદ્દહે, ચારે શુદ્ધ હોયે તે કહે. ૪

પહલે દિન ચંડાલણી કહી, બીજે દિન બ્રહ્મઘાતીની સહી;
ત્રીજે દિન ધોબણ સમ જાણ, ચોથે શુદ્ધ હોયે ગુણ ખાણ. ૫

ઋતુવંતી કરે ઘરનું કામ, ખાંડણ પીસણ રાંધણ કામ;
તે અન્ને પ્રતિલાભ્યા મુનિ, સદ્ગતિ સઘલી પોતે હણી. ૬

તેહજ અન્ન ભર્તાદિક જમે, તેણે પાપે ધન દૂરે ગમે;
અન્ન સ્વાદ ન હોય લવલેશ, શુભ કરણી જાયે પરદેશ. ૭

પાપડ વડી ખેરાદિક સ્વાદ, ઋતુવંતી સંગતિથી લાદ
બુંડણ ભુંડણ ને સાપિણી, પરભવે તે થાય પાપિણી. ૮

ઋતુવંતી ઘરે પાણી ભરે, તે પાણી દહેરાસર ચડે;
બોધિબીજ નવિ પામે કિમે, આશાતનથી બહુ ભવ ભમે. ૯

અસજઝાયમાં જમવા ધસે, વિચે બેસીને મનમાં હસે;
પોતે સર્વે અભડાવી જમે, તેણે પાપે દુર્ગતિ દુઃખ ખમે. ૧૦

સામાયિક પડિક્કમણું ધ્યાન, અસજઝાઈએ નવિ સુઝે દાન;
અસજઝાઈએ જો પુરુષ આભડે, તેણે ફરસે રોગાદિક નડે. ૧૧

ઋતુવંતી એક જિનવર નમી, તેણે કર્મે તે બહુ ભવ ભમી;
ચંડાલણી થઈ તે વલી, જિન આશાતના તેહને ફલી. ૧૨

એમ જાણી ચોખાઈ ભજો, અવિધિ આશાતના દૂરે તજો;
જિનશાસન કિરિયા અનુસરો, જિમ ભવસાયર વહેલા તરો. ૧૩

શ્રદ્ધાલુ સેવા વિધિ સાર, અનુષ્ઠાન નિજ શકિત અપાર;
દ્રવ્યાદિક દૂષણ પરિહરો, પક્ષપાત પણ તેહનો કરો. ૧૪

ધન્ય પુરુષને હોય વિધિજોગ, વિધિ પક્ષારાધક સવિ ભોગ;
વિધિ બહુમાની ધન્ય જે નરા, તેમ વિધિપક્ષ અદૂષક ખરા. ૧૫

આસન સિદ્ધિ તે હોવે જીવ, વિધિ પરિણામી હોય તસપીવ;
અવિધિ આશાતન જે પરિહરે, ન્યાયે શિવ લચ્છી તસ વરે. ૧૬

## ૩૪૪. ઓઘાની સજઝાય

સુગુણનર ! એ કોણ પુરૂષ કહાયો મુજ દેખણસે સુખ પાયો સુગુણનર૦
નિર્મળ તનુ બહુ નારી મળીને પુરૂષ હી એક બનાયો
માત-પિતા વિણ બેટો જાયો સકલ જંતુ સુખદાયો... સુગુણનર૦ ૧
હાથપગ દીસે નહિં એહને શિરપર કેશ ન સોહે
ખાવે ન પીવે, નિદ્રા ન લેવે તોહી પુષ્ટ દેખાયે... સુગુણનર૦ ૨
ધોતી-કબડો-કોટ ન પહેરે ખંભે પછેડી ન દીસે
મસ્તકે મુગટ નહીં ગળે ભૂષણ નહીં તોહી રૂપવિશેષે... સુગુણનર૦ ૩
નયણ રહિત નિત્ય યતના કરતો જીવદયા નિત્યપાળે
નર-નારી શું રંગે રમતો દુર્ગતિ દોષ નિવારે... સુગુણનર૦ ૪
દેવગુરૂચરણે સદાય નમતો સુમતિને મન ભાવ્યો
કુમતિ કુદારાકો કાજ સરે નહિં યોગીકે પાસ રહીયો... સુગુણનર૦ ૫
દોય અક્ષર સુંદર છે એહના અનુભવ લીલા વરજો
રવિવિજય કહે સહુ સજજનને અર્થ લેઈ આદરજો... સુગુણનર૦ ૬

## ૩૪૫. ગૌતમ પૃચ્છાની સજઝાય

ગૌતમ સ્વામી પૃચ્છા કરે, કહોને સ્વામી વર્ધમાન જી રે;
કેણે કર્મે નિરધન નિરવંશી, કેણે કર્મે નિષ્ફળ હોય. સ્વામી૦ ૧

ગૌતમ ! પરઘર ભાંગે ને પરદમે, તેણે કર્મે નિર્ધન હોય;
ગૌતમ ! થાપણ મોસો જે કરે, તેણે કર્મે નિરવંશી હોય. ગૌતમ૦ ૨

ઘાત ગાળે ગર્ભાવાસની, તેણે કર્મે નિષ્ફળ હોય. હો ગૌતમ;
કેણે કર્મે વેશ્યા ને વિધવા; કેણે કર્મે નપુસંક હોય. સ્વામી૦ ૩

દુર્ગચ્છા કરે જિન ધર્મની, તેણે કર્મે વેશ્યા હોય, ગૌતમ;
શિયલ ખંડીને ભોગ ભોગવે, તેણે કર્મે વિધવા હોય. ગૌતમ૦ ૪

વેશ્યાનો સંગ જે કરે, તેણે કર્મે નપુસંક હોય, ગૌતમ;
કેણે કર્મે ગર્ભ ગળી જાયે, કેણે કર્મે પીઠી ભર્યા જાય. સ્વામી૦ ૫

વાડી વેડાવે કુણા મોગરા, તેણે કર્મે ગર્ભથી ગણી જાય. ગૌતમ;
ફૂલ વિંધીને કર્મ બાંધીયા, તેણે કર્મે પીઠી ભર્યા જાય. ગૌતમ૦ ૬

કેણે કર્મે હુંઠાં ને પાંગળા, કેણે કર્મે જાતિ અંધ હોય. ગૌતમ;
પાંખો કાઢે પરજીવની; તેણે કર્મે પાંગળા હોય. ગૌતમ૦ ૭

આંખો કાઢે પરજીવની, તેણે કર્મે જાતિ અંધ હોય. ગૌતમ;
કેણે કર્મે શોક ઉપજે, કેણે કર્મે કલંક ચડંત. સ્વામી૦ ૮
વેરો વંચો જે કરે, તેણે કર્મે શોક ઉપજંત. ગૌતમ;
જુઠી સાખ ભરી કર્મ બાંધિયા, તેણે કર્મે કલંક ચડંત. ગૌતમ૦ ૯

કેણે કર્મે વિષધર ઉપજે, કેણે કર્મે જશહીન હોય. સ્વામી;
રીસ ભર્યા મોં અણ બોલીયા, તેણે કર્મે વિષધર હોય. ગૌતમ૦ ૧૦

જે જીવ રાગે વ્યાપીયા, તેણે કર્મે જસહીન હોય. ગૌતમ;
કેણે કર્મે જીવ નિગોદમાં, કેણે કર્મે તિર્યંચમાં જાય. સ્વામી૦ ૧૧

જે જીવ મોહે વ્યાપીયા, તેણે કર્મે નિગોદમાં જાય. ગૌતમ;
જે જીવ માયામાં વ્યાપિયા, તેણે કર્મે તિર્યંચમાં જાય. ગૌતમ૦ ૧૨

કેણે કર્મે જીવ એક ઈન્દ્રિયમાં, કેણે કર્મે પંચેન્દ્રિય હોય. સ્વામી;
પાંચ ઈન્દ્રિય વશ નવિ કરી, તેણે કર્મે એકેન્દ્રિય હોય. ગૌતમ૦ ૧૩

પાંચે ઈન્દ્રિય જેણે વશ રાખી, તેણે કર્મે પંચેન્દ્રિય હોય. ગૌતમ;
કેણે કર્મે જીવડા બહુ ભમે, કેણે કર્મે થોડો સંસાર હો. ગૌતમ૦ ૧૪

જે જીવ મોહ મત્સર કરે, તેણે કર્મે સંસાર ભમંત. ગૌતમ;
જે જીવ સંતોષ પામીયા, તેણે કર્મે થોડો રે સંસાર. ગૌતમ૦ ૧૫

કેણે કર્મે જીવડાં નીચ કુલે, કેણે કર્મે ઊંચકુલ હોય સ્વામી;
દાન દીયાં અણસૂઝતાં, તેણે કર્મે નીચકુલ હોય. ગૌતમ૦ ૧૬

દાન દીયા સુપાત્રને, તેણે કર્મે ઊંચ કુલ હોય, ગૌતમ;

કેણે કર્મે જીવડા નરકમાં, કેણે કર્મે સ્વર્ગ વિમાન. સ્વામી૦ ૧૭

જે જીવ લોભે વ્યાપીયા, તેણે કર્મે નરકમાં હોય. ગૌતમ;
દાન-શીયલ-તપ-ભાવના, તેણે કર્મે સ્વર્ગ વિમાન. ગૌતમ૦ ૧૮

રાજગૃહી પ્રભુ આવીયા, શ્રેણીક વાંદવા જાય. ગૌતમ;
ચેલણા કરે મોતીની ગહુંલી, હૈડે હરખ ન માય. ગૌતમ૦ ૧૯

ગૌતમે કેવલ માગીયું, દીયો તે વીર વર્ધમાન. સ્વામી;
એણે મોહે કેવલ ન પામીએ, મોહે ન હોય નિરવાણ. ગૌતમ૦ ૨૦

રૂપવિજય ગુણ એણી પરે, ભાખે શ્રી ભગવંત. ગૌતમ;
જે નર ભણે તે સાંભળે, તસ ઘરે મંગળ માલ. ગૌતમ૦ ૨૧

## [?] ૩૪૬. કર્મની સજઝાયો (૧)

(રાગ : દ્વારાપુરીનો નેમ રાજીયો....)

પ્રભુજી મારા કર્મો લાગ્યાં છે મારા કેડલે;
ઘડીએ ઘડીએ આતમરામ મુંઝાય રે, પ્રભુજી મારા... ૧

જ્ઞાનાવરણીએ જ્ઞાન રોકીયું, દર્શનાવરણીયે રોકયો છે દર્શનનો પ્રવાહ રે. પ્ર૦ ૨

વેદની કર્મે વેદના મોકલી, મોહનીય કર્મે ખવરાવ્યો છે માર રે. પ્ર૦ ૩

આયુ કર્મે રે તાણી બાંધીયો, નામ કર્મે નચાવ્યો છે નાચ રે. પ્ર૦ ૪

ગોત્ર કર્મે બહુ રઝળાવીઓ, અંતરાય કર્મે આડો વાળ્યો આંક રે. પ્ર૦ ૫

આઠે કર્મોનો રાજા મોહ છે. મુંઝવી મારે ચોવીશે કલાક રે. પ્ર૦ ૬

આઠે કર્મોને જે જીતશે, તેનો હોશે મુક્તિપુરીમાં વાસ રે. પ્ર૦ ૭

હીરવિજય ગુરુ હીરલો, સ્નેહી રત્નવિજય ગુણ ગાય રે. પ્ર૦ ૯

## • ૩૪૭. કર્મની સજઝાયો (૨)

(મહાવીર પંચકલ્યાણકની ઢાળ)

(રાગ : પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા.....)

જુઓ જુઓ કર્મે શું કીધું રે ? અન્ન વર્ષ ઋષભે ન લીધું રે;
કર્મવશ મ કરો કોઈ ખેદ રે, મલ્લીનાથ પામ્યા સ્ત્રીવેદ રે. જુઓ૦ ૧

કર્મે ચક્રી બ્રહ્મદત્ત નડીયો રે, સુભૂમ નરકમાંહે પડીઓ રે;
ભરત બાહુબલશું લડીયો રે, ચક્રી હાર્યો રાય જશ ચડીયો રે. જુઓ૦ ૨

સનતકુમારે સહ્યા રોગ રે, નળદમયંતી વિયોગ રે;
વાસુદેવ જરાકુમારે માર્યો રે, બલદેવ મોહનીએ ધાર્યો રે. જુઓ૦ ૩

ભાઈ શબ મસ્તકે વહીઓ રે, પ્રતિબોધ સુર મુખે લહીઓ રે;
શ્રેણિક નરકે એ પહોંતો રે, વન ગયા દશરથ પૂત્રો રે. જુઓ૦ ૪
સત્યવંત હરિશ્ચન્દ્ર ધીર રે, ડુંબ ઘરે શિર વહ્યું નીર રે;
કુબેરદત્તને કુયોગ રે, બ્હેન વળી માતાશું ભોગ રે. જુઓ૦ ૫

પરહત્થે ચંદનબાલા રે, ચઢિયો સુભદ્રાને આલ રે;
મયણરેહા મૃગાંકલેખા રે, દુઃખ ભોગવીઆ તે અનેક રે. જુઓ૦ ૬

કરમે ચંદ્ર કલંક્યો એ, રાય રંક કોઈ ન મૂકયો રે;
ઈન્દ્ર અહલ્યાશું લુબ્ધો રે, રયણાદેવી રવિ માઉ કીધો રે. જુઓ૦ ૭

ઈશ્વર નારીએ નચાવ્યો રે, બ્રહ્મા ધ્યાનથી ચૂકાવ્યો રે;
અઈ ! અઈ ! કરમ પ્રધાન રે, જીત્યા જીત્યા શ્રી વર્ધમાન રે. જુઓ૦ ૮

## [?] ૩૪૮. કર્મની સજઝાયો (૩)

દેવ દાનવ તીર્થંકર ગણધર, હરિહર નરવર સબળા;
કર્મસંયોગે સુખદુઃખ પામ્યા, સબળા હુવા મહા નબળા રે.
પ્રાણી ! કર્મ સમો નહીં કોઈ,.............
કિધા કર્મ વિના ભોગવીઆ, છૂટકબારો ન હોય રે. પ્રાણી૦ ૧

આદીશ્વરને અંતરાય વિટંબ્યો, વરસ દિવસ રહ્યા ભૂખે;
વીરને બાર વરસ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કૂખે રે. પ્રાણી૦ ૨

સાઠ સહસ સુત એક દિન મૂવા, સુરા સામંત જેસા;
સગર હુવો મહા પુત્રે દુઃખીયો, કર્મતણા ફલ એસા રે. પ્રાણી૦ ૩

બત્રીસ સહસ દેશનો સાહિબ, ચક્રી સનતકુમાર;
સોલ રોગ શરીરે ઉપન્યા, કરમે કીધો તસ ખૂવાર રે. પ્રાણી૦ ૪

સુભૂમ નામે આઠમો ચક્રી, કર્મે સાયર નાખ્યો;

સોલ સહસ યક્ષે ઉભા દીઠો, પણ કિણહી નવિ રાખ્યો રે. પ્રાણી૦ ૫

બ્રહ્મદત્તનામે બારમો ચક્રી, કર્મે કીધો અંધો;
એમ જાણી પ્રાણી વિણ કામે, કોઈ કરમ મત બાંધો રે. પ્રાણી૦ ૬

વીશ ભુજા દશ મસ્તક હુંતા, લક્ષ્મણે રાવણ માર્યો;
એકલડે જગ સહુને જીત્યો, કર્મથી તે પણ હાર્યો રે. પ્રાણી૦ ૭

લક્ષ્મણ રામ મહાબલવંતા, વળી સત્યવંતી સીતા;
બાર વરસ લગે વનમાંહે ભમીયા, વિતક તસ બહુ વિત્યા રે. પ્રાણી૦ ૮

છપ્પન્ન કોડી જાદવનો સાહિબ, કૃષ્ણ મહાબળી જાણી;
અટવીમાંહિ એકલડો મૂવો, વલવલતો વિણ પાણી રે. પ્રાણી૦ ૯

પાંડવ પાંચ મહા ઝુઝારા, હારી દ્રૌપદી નારી;
બાર વરસ લગે વન દુઃખ દીઠાં, ભમિયાં જેમ ભિખારી રે. પ્રાણી૦ ૧૦

સતીય શિરોમણી દ્રૌપદી કહીએ, પાંચ પુરુષની નારી;
સુકુમાલિકા ભવે બાંધ્યું નિયાણું, પામી પંચ ભરતાર રે. પ્રાણી૦ ૧૧

કર્મે હલકો કીધો હરિશ્ચંદ્રને,વેચી સુતારા રાણી;
બાર વરસ લગે માથે આણ્યું, ડુંબ તણે ઘર પાણી રે. પ્રાણી૦ ૧૨

દધિવાહન રાજાની બેટી, ચાવિ ચંદનબાળા;
ચૌપદની પેરે ચૌટે વેચાણી, કર્મતણાં એ ચાળા રે. પ્રાણી૦ ૧૩

સમકિતધારી શ્રેણિક રાજા, બેટે બાંધ્યો મૂશકે;
ધર્મી નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કિસકા રે. પ્રાણી૦ ૧૪

ઈશ્વર દેવને પાર્વતી રાણી, કર્તા પુરુષ કહેવાય;
અહોનિશ શ્મશાન માંહે વાસો, ભિક્ષા ભોજન ખાય રે. પ્રાણી૦ ૧૫

સહસ કિરણ સૂરજ પ્રતાપી, રાત દિવસ રહે ભમતો;
સોલ કલા શશહર જગ ચાવો, દિન દિન જાએ ઘટતો રે. પ્રાણી૦ ૧૬

નળરાજા પણ જુગટે રમતાં, અરથ ગરથ રાજ્ય હાર્યો;
બાર વરસ લગે વન દુઃખ દીઠા, તેને પણ કર્મે ભમાડયો રે. પ્રાણી૦ ૧૭

સુદર્શનને શૂળીએ દીધો, મુંજ રાજે માગી ભીખ;
તમસ ગુફા મુખ કોણીક બળીયો, માની ન કોઈની શિખ રે. પ્રાણી૦ ૧૮

ગજસુકુમાલ શીર સગડી મૂકી, સોમિલે બાળ્યું શિશ;
મેતારજ મુનિ વાધરે વીંટાણા, ક્ષણ ન આણી રીશ રે. પ્રાણી૦ ૧૯

પાંચસે સાધુ ઘાણીમાં પીલ્યા, રોષ ન આણ્યો લગાર;
પૂર્વ કર્મે ઢંઢણઋષિને, ષટ્માસ ન મળ્યો આહાર રે. પ્રાણી૦ ૨૦

ચૌદ પૂર્વધર કર્મ તણે વશ, પડીયા નિગોદ મોઝાર;
આર્દ્રકુમાર ને નંદીષેણે, ફરી વાસ્યો ઘરવાસ રે. પ્રાણી૦ ૨૧

કલાવતીના કર છેદાણાં, સુભદ્રા પામી કલંક;
મહાબળ મુનિનું ગાત્ર પ્રજાળ્યું, કર્મતણા એ વંક રે. પ્રાણી૦ ૨૨

દ્રૌપદી હેતે પદ્મનાભનું, ફોડયું કૃષ્ણે ઠામ;
વીરના કાને ખીલા ઠોકાણા, પગે રાંધી ખીર તામ રે. પ્રાણી૦ ૨૩

કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્નિ મોઝાર;
મેરૂશિખર ઉપર ચઢે પણ, કર્મ ન મૂકે લગાર રે. પ્રાણી૦ ૨૪

એહવા કર્મ જીત્યાં નરનારી, પહોંચ્યાં શિવપુર ઠામ;
પ્રભાતે ઉઠો નિત્ય નિત્ય વંદો, ભક્તિએ તેહના પાય રે. પ્રાણી૦ ૨૫

એમ અનેક નર ખંડયા કર્મે, ભલ ભલેરા જેસા;
ઋષિ હર્ષ કરજોડીને કહે, નમો નમો કર્મ મહારાજ રે. પ્રાણી૦ ૨૬

## ૩૪૯. કર્મની સજઝાયો (૪)

સુખ દુ:ખ સરજયા પામીયે રે, આપદ સંપદ હોય;
લીલા દેખી પરતણી રે, રોષ મ ધરજો કોય રે;
પ્રાણી ! મન ન આણો વિખવાદ, એતો કર્મ તણો પ્રસાદ રે. પ્રા૦ ૧

ફળને આહારે જીવીયા રે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લઈ ગયો રે, કર્મ તણા એ કામ રે. પ્રા૦ ૨

નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ;
નીચ તણે ઘર જળ વહ્યો રે, શીર ધરી હરિશ્ચંદ્ર રે. પ્રા૦ ૩

નળે દમયંતી પરીહરી રે, રાત્રિ સમય વનમાંય;
નામ-ઠામ-કૂળ ગોપવી રે, નળે નિરવાહ્યો કાળ રે. પ્રા૦ ૪

રૂપ અધિક જગ જાણીએ રે, ચક્રી સનત કુમાર;
વરસ સાતશે ભોગવી રે, વેદના સાત પ્રકાર રે. પ્રા૦ ૫

રૂપે વળી સૂર સારીખા રે, પાંડવ પાંચ વિચાર;
તે વનવાસે રડવડ્યા રે, પામ્યા દુઃખ અપાર રે. પ્રા૦ ૬

સુરનર જસ સેવા કરે રે, ત્રિભુવન પતિ વિખ્યાત;
તે પણ કર્મે વિટંબીયા રે, તો માણસ કેઈ માત્ર રે. પ્રા૦ ૭

દોષ ન દીજે કેહને રે, કર્મ વિડંબણહાર;
દાન મુનિ કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે પ્રા૦ ૮

## [?] ૩૫૦. કર્મની સજઝાયો (૫)

કેઈ કેઈ નાચ નચાવે કરમચંદ, કેઈ કેઈ નાચ નચાવે;
એ અચરિજ મન પાવે કરમચંદ, કેઈ કેઈ નાચ નચાવે.૧

આદિ જિનેશ્વર અંતરયામી, દુઆ આદિના કર્તા;
તુમ પસાયે આહારને કાજે, રહ્યા વરસ લગે ફીરતા. ૨

સગરચક્રી સાઠહજાર, સુત પુત્ર મહાપરાક્રમી;
તુમ પસાયે એકી સાથે, હુવા પલકમાં ભસ્મી. ૩

અતુલપ્રેમી મહાવીર સરિખા, અંગુઠે મેરૂ કંપાવ્યો;
તુમ પસાયે અનાર્યદેશે, સંગમ ચાલીને આવ્યો. ૪

દધિવાહનરાજાની બેટી, ચંદનબાલા કહીયે;
તુમ પસાયે રાજગ્રહીકે, ચૌરે યે મીલ વેચાઈ. ૫

હરિશ્ચંદ્રરાજા તારારાણી, પુત્ર લઈને નિસર્યા;
સુભંગી કુલકી કરી ચાકરી, પાણી વહને રહ્યા. ૬

ઈત્યાદિક મોટા પુરૂષોત્તમ, કરણી કરી ઠામ પાયા;
આનંદઘન ઈમ બોલે કર્મથી, મેરા પાર ન આયા. ૭

## ૩૫૧. કલિયુગની સજ્ઝાય

સરસ્વતી સ્વામીની પાય નમીને ઉલટ મનમાંહી આયો
તીરથ નહિં કોઈ ઈણ સંસારે તેણે એ કલિયુગ આયો
દેખો બે યારો કૂડો કલિયુગ આયો
માંય કહે મારી નાનડી બેટી દિન દિન મૂલ્ય સવાયો... દેખોબે૦ ૧
રાજા સ્વયં પ્રજાને પીડે કુનર કામ ભળાયો
બોલબંધ છે નહિં મંત્રીને ગોચર ક્ષેત્ર ખેડાયો દેખો બેચારો... દેખોબે૦૨
ગુરૂને ગાળ દીયે નિજ ચેલો વેદ પુરાણ પઢાયો
સાસુ ચૂલે ને વહુ ખાટલડે ફુંકે શરીર જલાયો... દેખોબે૦ ૩
એંશી વરસનો હોશે હીડે મૂછે હાથ ઘલાયો
પંચતણી સાખે પરણીને અબળા અર્થ ગમાયા... દેખોબે૦ ૪
જોગી જંગમ તે સન્યાસી ભાંગ ભખે મદ વાહ્યો
ચોર ચાડ પરધનને ખાયે સાધુ જન સીદાયો... દેખોબે૦ ૫
નિર્ધનને બહુ બેટા બેટી ધનવંત એક ન પાયો
નીચતણે ઘર અતિઘણી લક્ષ્મી ઉત્તમજન સીદાયો... દેખોબે૦ ૬
ન મળે બાપ સંઘાતે બેટો ઘણે મનોરથે જાયો
હાથ ઉપાડી માંયરે મારે પરણીશું ઉમાહયો... દેખોબે૦ ૭
ઘરડાને ઘેલો કહે બેટો આપ તણો મદ વાહ્યો
વહુ સૂતી ને વર હીંડોળે સાસરે સુવાને ધાયો... દેખોબે૦ ૮
હળખેડે બ્રાહ્મણ ગો જુતી નીરદહી નાક ફડાયો
મા બાપે બેટી વેચીને બેટાને પરણાવ્યો... દેખોબે૦ ૯
રાગતણે વશ ગુરૂ ને ગુરૂણી કામ કરે પરાયો
કાગતણી પરે કલહો મોડી કુલ ગુરૂ નામ ધરાયો દેખો બેયારો કૂડો...દેખોબે૦ ૧૦
બૈયર બાર વરસની બેટો દીઠો ગોદ ખેલાયો
માંગ્યા મેહ ન વરસે મહિયલ લોભે ધખ્યો સવાયો... દેખોબે૦ ૧૧
કૂડા કલિ યુગની એ કૂડી માયા દેખી ગીત ગવાયો
પભણે પ્રીતિવિમલ પરમારથ જિનવચને સુખ પાયો... દેખોબે૦ ૧૨

## [+] ૩૫૨. કાયા-જીવના સંવાદની સજ્ઝાય

કામણગારી કાયાનારી તેં કરી મારી ખુવારી ગયો નરભવ હારી રે, કૃતઘ્ની કાયા૦

રાત દિવસ પાળી પોષી માલ ભરિયો ઠાંસી ઠાંસી અંતે મારી કરી હાંસી રે...

કૃતઘ્ની કાયા૦ ૧

મલીદા ઉડાવી ખાધા લગારે ન લીધી બાધા છતાં તારા તુટ્યા સાંધા રે, કૃતઘ્ની કાયા૦
સારૂં સારૂં ખાવું-પીવું પથારી પાથરીને સૂવું નિરંતર ન્હાવું ધોવું રે...

કૃતઘ્ની કાયા૦ ૨

વિલાસો કરાવ્યા ઘણા શોભામાં ન રાખી મણા તારે માટે જીવો હણ્યા રે, કૃતઘ્ની કાયા૦
ભોળપણું મારૂં ધારી ફજેતી કરાવી મારી, અંતે તું નીકળી નઠારી રે...

કૃતઘ્ની કાયા૦ ૩

રાત દિવસ કરી સેવા ખવરાવ્યા મીઠાઈ-મેવા કરાવ્યા ઠઠારા કે'વા રે, કૃતઘ્ની કાયા૦
પૂજારી હું થયો તારો ધર્મ નહિં દિલ ધાર્યો બોજો પાપનો વધાર્યો...

કૃતઘ્ની કાયા૦ ૪

તારી સાથે સંગ કીધો દુર્ગતિનો પંથ લીધો છતાં તેં તો દગો દીધો રે, કૃતઘ્ની કાયા૦
બેસવા ન દીધી માખી રોગથી બચાવી લીધી તેમાં તો કેવલી સાખી રે...

કૃતઘ્ની કાયા૦ ૫

જે જે માગ્યું તે તે દીધું હોઠથી પડતું જ લીધું તોયે ન ઉતર્યું સીધું રે, કૃતઘ્ની કાયા૦
ફટકો તેં મોટો દીધો દુઃખી દુઃખી મને કીધો સીધો નરકમાંહિ લીધો રે...

કૃતઘ્ની કાયા૦ ૬

કાયા કહે સુણ ભોળા ખાનારી હું આખા કોળા, ગગડાવું મોટા ગોળા રે, કૃતઘ્ની કાયા૦
મારી સંગે જેહ રાચ્યો તેને હું મારૂં તમાચો તોયે નહિં મૂકુ માંચો રે...

કૃતઘ્ની કાયા૦ ૭

હમારી જે જડ જાતિ રહું રાતદિન ખાતિ તો હું રહું મદમાતી રે, કૃતઘ્ની કાયા૦
સ્ત્રી અને પુરૂષ વેદ મારો ને તારો છે ભેદ તેમાં શાને ધરે છે ખેદ રે...

કૃતઘ્ની કાયા૦ ૮

બાંધ્યા જેવા તારે હાથે તો તમારી સંધાતે તેમાં નહિં મારે માથે રે, કૃતઘ્ની કાયા૦
આજથી તારૂં ને મારૂં અંતર છે ન્યારૂં તને નહિં દિલ ધારૂં રે...

કૃતઘ્ની કાયા૦ ૯

ગોઝારી કાયાની વાણી સાંભળજો ભવિ પ્રાણી તેનો તજો સંગજાણી રે, કૃતઘ્ની કાયા૦
કાયાની માયાને તજો નીતિનો શણગાર સજો ઉદયથી પ્રભુ ભજો રે...

કૃતઘ્ની કાયા૦ ૧૦

## ૩૫૩. ખામણાની સજ્ઝાય

અરિહંતજીને ખામણાં રે જેહના ગુણ છે બાર, કરો ભવિ ખામણા રે
ચોત્રીસ અતિશયે રાજતાં રે વાણી ગુણ પાંત્રીસ, કરો ભવિ ખામણા રે ૧

ગામ નગર પુર વિચરતા રે કરતાં ભવિ ઉપગાર, કરો ભવિ ખામણા રે
સિદ્ધ સર્વને ખામણાં રે જેહના ગુણ છે આઠ, કરો ભવિ ખામણા રે ૨

સિદ્ધ શિલાને ઉપરે રે જ્યોતમાં જ્યોત નિવાસ, કરો ભવિ ખામણા રે
જે સુખ નહિં સુરરાયને રે નહીં રાયા નહીં રાય, કરો ભવિ ખામણા રે ૩

તે સુખની ઈચ્છા કરો તો પ્રણમો સિદ્ધના પાય, કરો ભવિ ખામણા રે
આચારજને ખામણા રે જેહના ગુણ છત્રીસ, કરો ભવિ ખામણા રે ૪

છત્રીસે છત્રીસે ગુણે રે બારસે છન્નુ થાય, કરો ભવિ ખામણા રે
એહવે ગુણે કરી શોભતા રે જંબૂ ગૌતમ સુધર્મ, કરો ભવિ ખામણા રે ૫

ઉપાધ્યાયજીને ખામણાં રે જેહના ગુણ પચવીસ, કરો ભવિ ખામણા રે
પચ્ચીસે પચ્ચીસે ગુણે રે છસય પચવીસ થાય, કરો ભવિ ખામણા રે ૬

રાજકુંવર પરે શોભતા રે આચારજ પદ યોગ્ય, કરો ભવિ ખામણા રે
સર્વ સાધુજીને ખામણાં રે અઢી દ્વીપમાં જેહ, કરો ભવિ ખામણા રે ૭

ગુણ સત્તાવીસે શોભતાં રે લેતાં સુઝતો આહાર, કરો ભવિ ખામણા રે
સાધ્ય એક છે જેહનું રે સાધનમાં ભેદ અનેક, કરો ભવિ ખામણા રે ૮

સંઘ સરવને ખામણા રે અરિહંતે માન્યો જેહ, કરો ભવિ ખામણા રે
શાસનને શોભાવતાં રે અડતાલીસ ગુણ જેહ, કરો ભવિ ખામણા રે ૯

સર્વ સતીને ખામણાં ચંદન બાલા મૃગાવતી આદ, કરો ભવિ ખામણા રે
જીવ સયલ ખમાવીયે રે યોની ચોરાસી લાખ, કરો ભવિ ખામણા રે ૧૦

આઠમ પાખી ખામણાં રે ચોમાસી ત્રણવાર, કરો ભવિ ખામણા રે
સંવત્સરી ખમાવીયે રે સંઘ સકલ જયકાર, કરો ભવિ ખામણા રે ૧૧

જે ન ખમાવે ખામણાં રે તેહનો નરકમાં વાસ, કરો ભવિ ખામણા રે
ખમીયે ને ખમાવીયે રે એ જિન શાસન રીત, કરો ભવિ ખામણા રે ૧૨

હરખે ખમાવે જે ખામણાં રે તેહનો સ્વર્ગમાં વાસ, કરો ભવિ ખામણા રે

એણી પરે કીજે ખામણાં રે તો તરીયે સંસાર, કરો ભવિ ખામણા રે ૧૩

મૂકી મેલને કીજે ખામણાં રે નિજ રૂપ લહે મનોહાર, કરો ભવિ ખામણા રે
અમીકુંવર એણી પરે ભણે રે તે પામે મંગલ માલ કરો ભવિ ખામણા રે ૧૪

## ૩૫૪. ખાદ્ય વસ્તુના કાલ-માનવિચારની સજ્ઝાય

પ્રવચન અમરી સમરી સદા ગુરૂપદપંકજ પ્રણમી મુદા
વસ્તુ તણું કહું કાલ પ્રમાણ અચિત્ત સચિત્ત વિધિ લહે જિમ જાણ... ૧
બિહું ઋતુ મળી ચોમાસા માન ષટ ઋતુ મળીને વર્ષ પ્રમાણ
વર્ષા શીત ઉષ્ણ ત્રણ કાળ ત્રિહું ચોમાસે વરસ રસાલ... ૨
શ્રાવણ ભાદ્રવો આસો માસ કાર્તિક ઈમ વરસાલા વાસ
માગસર પોષ માહ ને ફાગ એ ચારે શીયાલા લાગ... ૩
ચૈત્ર વૈશાખ ને જેઠ અષાડ ઉષ્ણકાળ એ ચાર અગાઢ
વર્ષા શરદ શિશિર હેમંત વસંત ગ્રીષ્મ ષટ્ ઋતુ ઈમ તંત... ૪
વર્ષા પનર દિવસ પકવાન ત્રીસ દિવસ શીયાળે માન
વીસ દિવસ ઉનાળે રહે પછી અભક્ષ્ય શ્રીજિનવર કહે... ૫
રાંધ્યું વિદળ રહે ચઉયામ ઓદન આઠ પહોર અભિરામ
સોલ પ્રહર દધિકાંજી છાસ પછેં રહે તો જીવ વિનાશ... ૬
પાપડ લોઈયા વટક પ્રમાણ ચાર પહોર તિમ પોલી જાન
માતર પ્રમુખ નીવી પકવાન ચલિત રસે તસ કાલ પ્રમાણ... ૭
ધાન ધોવણ છઘડી પ્રમાણ દોય ઘડી જલવાણી જાણ
ફલ ધોયણ એક પ્રહર પ્રમાણ ત્રિફલાજલ બે ઘડીનું માન... ૮
ત્રણ વાર ઉકળીયો જેહ શુદ્ધ ઉષ્ણ જલ કહીયે તેહ
પ્રહર તીન ચઉ પંચ પ્રમાણ વર્ષા શીત ઉન્હાલે જાણ... ૯
શ્રાવણ ભાદ્રપદે દિન પંચ મિશ્રલોટ અણચાલિત સંચ
આસો કાર્તિક ચઉદિન માન માગસર પોષ દિન ત્રણ પ્રમાણ... ૧૦
મહા ફાગણે કહ્યું પણ યામ ચૈત્ર વૈશાખે ચિહું પહોર અભિરામ
જ્યેષ્ઠ આષાઢ પ્રહર ત્રણ જોય તિણ ઉપરાંત સચિત્ત તે હોય... ૧૧
ગેહું સાલિ ખડ ધાન કપાસ જવ ત્રણ વરસે અચિત્ત તે ખાસ
વિદલ સર્વ તિલ તુયરી ને વાલ પાચે વરસે હોય અચિત્ત રસાલ... ૧૨

અલસી કોદ્રવા કાંગ ને જુવાર સાતે વરસે અચિત્ત વિચાર
શીત તાપ વર્ષાદિક જોઈ સચિત્ત યોનિ અચિત્ત તે હોઈ... ૧૩
હરડિ પીપરી મરીચ બદામ ખારેક દ્રાખ એલા અભિરામ
શત જોયણ જલ વટમાં વહે સાઠ જોયણ થલવટમાં કહે... ૧૪
સચિત્ત વસ્તુ પ્રવહણની જેહ થાય અચિત્ત પ્રવચન કહે તેહ
ધૂમ અગ્નિ પરિઆટણ કરી અચિત્તયોનિ તસ થાય ખરી... ૧૫
બાર પહોર રહે જુગલી-રાબ સોલ પહોર રાઈતાં અજાબ
પહોર ચોવીસ ગોમૂત્રનું માન બે દિન અતીત દહીં છાસનું માન... ૧૬
ખોરૂં ઘૃત જે કાલાતીત પલટાયે વર્ણાદિક રીત
કાચું દુધ વિદલ સંયોગ થાય અભક્ષ્ય કહે મુનિ લોગ... ૧૭
ઢુંઢણીયાદિક વિદલની દાળ સેક્યાં ધાન નિર્ણીત નહિં કાળ
ચાર પહોર શીરો લાપશી વિદલ પરેતે પ્રવચન વસી... ૧૮
પ્રથમ દિવસ પ્રારંભી ગણો કાલ પ્રમાણ સવિ તેહનું ભણો
ચલિતરસ જેહનો જિહાં થાય તિહાં તે વસ્તુ અભક્ષ્ય કહેવાય... ૧૯
ધોળો સિંધવ કહ્યો અચિત્ત શ્રાદ્ધવિધે અક્ષર પરતીત
ઈલાદિક ઓળા જે થાય તેહ અચિત્ત થાપના નવિ થાય... ૨૦
તેલ નીર મિશ્રિત અચ્છાણ તેહ ન લેવે પ્રવચન જાણ
દહીં રાઈ વિદલે દેખાય ઉષ્ણ કર્યું તે શુદ્ધ કહેવાય... ૨૧
અથાણા પ્રમુખ સહુ જાણ ચલિતરસે તસ કાલનું માન
અલ્પ શુદ્ધિને પડે સંદેહ તેહ ભણી ઈહાં ન કહ્યો તેહ... ૨૨
ગીતારથને વયણેં જોય આચીર્ણ અનાચીરણ હોય
આર્દ્રધાન અંકુરા નીકળે તે સહુ વસ્તુ અભક્ષ્યમાં ભળે... ૨૩
ગેરૂ મણસિલ લૂણ હરિયાલ આવે જલવટમાંહિ રસાલ
તેહ અચિત્ત હોય પ્રવચન સાખ પણ લેવાની નહિં તસ ભાખ... ૨૪
ઈમ બોલ્યા લવલેશ વિચાર વિસ્તર પ્રવચન સારોદ્ધાર
ધીરવિમલ પંડિત સુપસાય કવિ નયવિમલ કીધી સજ્ઝાય... ૨૫

## ૩૫૫. ઘડપણની સજ્ઝાય

ઘડપણ ! તું આવીયો રે, તુજ કોણ જુએ છે વાટ;

તું સહુને અળખામણો રે, જેમ માંકડ ભરી ખાટ રે... ઘડ૦ ૧

ગતિ ભાંજે તુજ આવતાં રે, ઉદ્યમ ઉડી રે જાય;
દાંતલડા પણ ખસી પડે રે, લાળ પડે મુખમાંય રે... ઘડ૦ ૨

બળ ભાંગે આંખો તણું રે, શ્રવણે સુણ્યું નવિ જાય;
તુજ આવે અવગુણ ઘણા રે, વળી ધોળી હોવે રોમ રાય રે... ઘડ૦ ૩

કેડ દુઃખે ગુડા રહે રે, મુખમાં શ્વાસ ન માય;
ગાલે પડે છે કરચલી રે, રૂપ શરીરનું જાય રે... ઘડ૦ ૪

જીભલડી પણ લડથડે રે, આણ ન માને કોય;
ઘરે સહુને અળખામણો રે, સાર ન પૂછે કોય રે... ઘડ૦ ૫

દીકરા સહુ નાહી ગયા રે, વહુઅર દે છે ગાળ;
દીકરી ન આવે ઢુંકડી રે, સબળ પડ્યો છે જંજાળ રે... ઘડ૦ ૬

કાને તો ધાકો પડી રે, સાંભળે નહીંય લગાર;
આંખે તો છાયા વળી રે, એ તો દેખી ન શકે લગાર રે... ઘડ૦ ૭

ઉંબરો તો ડુંગર થયોરે, પોળ થઈ પરદેશ;
ગોળી તો ગંગા થઈ રે, તમે જુઓ જરાના વેશ રે... ઘડ૦ ૮

ઘડપણ વહાલી લાપશી રે, ઘડપણ વહાલી ભીંત;
ઘડપણ વહાલી લાકડી રે, તુમે જુઓ ઘડપણની રીત રે... ઘડ૦ ૯

ઘડપણ તું અકહ્યાગરો રે, અણતેડ્યો મ આવેશ;
જોબનિયું જગ વાલહું રે, જતન હું તાસ કરેશ રે... ઘડ૦ ૧૦

ફટફટ તું અભાગીયા રે, યૌવનનો તું કાળ;
રૂપ રંગને ભાંગતો રે, તું મ્હોટો ચંડાળ રે... ઘડ૦ ૧૧

નીસાસે ઉસાસમેં રે દૈવને દીજીએ ગાળ
ઘડપણ કાં તું સરજીયો રે લાગ્યો માહરે નિલાડ રે... ઘડ૦ ૧૨

ઘડપણ તું સદા વડો રે હું તુજ કરૂં રે જુહાર
જે મેં કહી છે વાતડી રે જાણજે તાસ વિચાર રે... ઘડ૦ ૧૩

કોઈ ન વંછે તુજને રે તું તો દૂર વસાય
વિનયવિજય ઉવજ્ઝાયનો રે રૂપવિજય ગુણ ગાય રે... ઘડ૦ ૧૪

## ૩૫૬. ઘડીયાળાની સજ્ઝાય

જોબનીયાની મોજો ફોજો જાય નગારા દેતી રે
ઘડી ઘડી ઘડીયાળા વાગે તોય ન જાગે તેથી રે... જોબનીયાની૦ ૧

જરા રાક્ષસી જોર કરે છે ફેલાવે ફજેતી રે
આવી અવધે ઉચકી લેશે લખપતીને પણ લેતી રે... જોબનીયાની૦ ૨

મહોલે બેઠી મોજ કરે છે ખાંતે જોવે ખેતી રે
જમડો ભમરો તાણી લેશે ગોફણ ગોળાં સેતી રે... જોબનીયાની૦ ૩

જે તે ઉપર જોર કરો છો ચતુર ! જુઓને ચેતી રે
માંદાતા સરખા નર બળીયા રાજવીયા થયા રેતી રે... જોબનીયાની૦ ૪

જિન રાજાને શરણે જાઓ જોરાલો કો' ન જે'થી રે
દુનિયામાં દૂજો દીસે નહિં આખર તરશો તે'થી રે... જોબનીયાની૦ ૫

દાંત પડ્યા ને ડોશો થયો કાજ સર્યું નહિ કે'થી રે
ઉદયરત્ન કહે આપે સમઝો કહીયે વાતો કે'તી રે... જોબનીયાની૦ ૬

## ૩૫૭. ચરણસિત્તરી કરણસિત્તરીની સજ્ઝાય

પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ સત્તર ભેદે સંયમ પાળેજી
વૈયાવચ્ચ દશ નવવિધ બ્રહ્મહ વાડી ભલી અજુઆળેજી
ભવિજન ભાવે મુનિગુણ ગાવો... ૧

જ્ઞાનાદિક ત્રય બારે ભેદે તપ કરે જે અનિયાણેજી
ક્રોધાદિક ચારેનો નિગ્રહ એ ચરણ સિત્તરી માનેજી... ભવિજન૦ ૨

ચઉવિહ પિંડ વસતિ વસ્ત્ર પાત્રહ નિર્દૂષણ જે લેવેજી
સમિતિ પાંચ વળી પડિમા બારે ભાવના બારહ સેવેજી... ભવિજન૦ ૩

પચવીસપડિલેહણ પણઈંદ્રિય વિષય કષાયને વારેજી
ત્રણ ગુપ્તિ ને ચાર અભિગ્રહ દ્રવ્યાદિક સંભારેજી... ભવિજન૦ ૪

કરણસિત્તરી એહવી ધારી ગુણ અનંત વળી ધારેજી
સંયમી સાધુ તેહને કહીયે બીજા સવિ નામ ધરાવેજી... ભવિજન૦ ૫

એ ગુણ વિણ પ્રવ્રજ્યા બોલી આજીવિકાને તોલેજી
તે ષટકાય અસંયમી જાણો ધર્મદાસ ગણી બોલેજી... ભવિજન૦ ૬

જ્ઞાનવિમલ ગુરૂ આણાધારી સંયમ શુદ્ધ આરાધોજી
જેમ અનોપમ શિવસુખ સાધો જગમાં સુયશ કીર્તિ વાધોજી...ભવિજન૦ ૭

## [+] ૩૫૮. ચા દેવીની સજ્ઝાય

જાઉં તારી બલિહારી હો ચાદેવી જાઉં તારી બલિહારી
દેશ-પરદેશ ને ગામોગામને વશકીધા તેં ભારી,
હો ચાદેવી જાઉં૦ ૧

ધર્મશાળા મુસાફરખાના જ્યાં ત્યાં તારી સવારી
બુઢ્ઢા બાળ જુવાન નરનારી સેવા કરે સૌ તારી...
હો ચાદેવી જાઉં૦ ૨

ભૂલી ભગવાનને તને ભજે છે તું છે ચિત્તહરનારી
સાધુ સંત ત્યાગી વૈરાગી તેની સંજ્ઞા નહિં વારી...
હો ચાદેવી જાઉં૦ ૩

તારા વિના તેને નવ ચાલે તું લાગે છે બહુપ્યારી
ઉજમણું સંઘ પોથી પારણે હોય તારી તૈયારી...
હો ચાદેવી જાઉં૦ ૪

વિવાહ અર્થે સગા આવે ત્યાં આખી રાત ઉડનારી
ચાલતાં ચાર જણ ભેગા મળે ત્યારે નીકળે છે વાત તારી...
હો ચાદેવી જાઉં૦ ૫

તારા પંજામાં આવી ફસાયા કરે છે તેહની ખુવારી
શેરીની નાકે મહોલ્લાના મુખમાં ઠેર ઠેર હૉટલ ભારી...
હો ચાદેવી જાઉં૦ ૬

અળગણ પાણીમાં ઉકમે તું તો સહુન સરખા કરનારી
દુધનો દાટવાળી ખાના ખરાબી કરી હાડ માંસને ચૂસનારી...
હો ચાદેવી જાઉં૦ ૭

રોગ શોકમાં રંગે રાતી તારી ગતિ છે ન્યારી
ખેડુત મજુરો કોઈને ના છોડે ખળા ખેતરમાં સવારી...
હો ચાદેવી જાઉં ૮

અડધી કોફીમાં ત્રણભાગ તાહરા બચ્ચાને ભૂખે મારનારી
ખુવાર થઈને જવું જ પડશે શાંતિથી જાય તો સારી...
હો ચાદેવી જાઉં ૯

હાર્ટ ફેલ જેવા રોગ ઉપજાવે મરણ સંખ્યાને વધારી
કપુર કહે એ જીવતી ડાકણ જલ્દી કરો દેશપારી...
હો ચાદેવી જાઉં ૧૦

## ૩૫૯. છઠ્ઠા આરાની સજ્ઝાય

છઠ્ઠો આરો એવો આવશે, જાણશે જિનવર દેવ;
પૃથ્વી પ્રલય થાયશે, વરસશે વિરૂવા મેહ રે,
જીવ ! જિન ધર્મ કીજીએ........... ૧

તાવડે ડુંગર તરડશે, વાએ ઉડી ઉડી જાય;
ત્યાં પ્રભુ ગૌતમે પૂછીયું, પૃથ્વી બીજ કેમ થાય રે. રે જીવ૦ ૨
વૈતાઢ્ય ગિરિ ઠામે શાશ્વતી, ગંગા સિંધુ નદી નામ;
તેણે બે કેડે બેહુ ભેખડો, બોતેર બીલની ખાણ રે. રે જીવ૦ ૩
સર્વે મનુષ્ય તિહાં રહેશે, મનખા કેરી રે ખાણ;
સોલ વરસનું આઉખું, મુંઢા હાથની કાય રે. રે જીવ૦ ૪
છ વરસની સ્ત્રી ગર્ભ ધરશે, દુઃખી મહાદુઃખી થાય;
રાતે ચરવા નીકળે, દિવસે બીલમાંહે જાય રે. રે જીવ૦ ૫
સર્વ ભક્ષી સર્વે માછલા, મરી મરી દુર્ગતિ જાય;
નરનારી હોશે બહુ, દુર્ગંધી તસ કાય રે. રે જીવ૦ ૬
પ્રભુ બાલની પેરે વિનવું, છટ્ઠે આરે જન્મનિવાર;
કાંતિવિજય કવિરાયનો, મેઘ ભણે સુખમાલ રે. રે જીવ૦ ૭

## ૩૬૦. છત-અછતની સજ્ઝાય

છત-અછત દો બેનડી છતમાં આવે સૌ સાથ
વીરા કહી લીયે વારણા ભલે હોય તેરા ભાઈ... છત૦ ૧

એક માતાની બે દિકરી એકને ખમ્મા-ખમ્મા થાય
એકને પીવા નહિં રાબડી રાંકડી દુ:ખમાં રીબાય... છત૦ ૨
અછત લાગે અળખામણી કરે જીવને ઉદાસ
સગીરે બેન તેની વાલહી ના'વે બંધુરે પાસ... છત૦ ૩
અછતમાં બેનીએ કરાવીઓ ચુલાતણો કુંકનાર
મિજબાની કરી ચોળી પિરસ્યા કાઢ્યો વીર નિરધાર... છત૦ ૪
અછતમાં નાથ કુવે નાખીયો પીયરે વસી ગઈ બાઈ
છતમાં નારી તે નાથને વસ્ત્રથી કરતી રે છાંય... છત૦ ૫
સહોદર ઘેર ગઈ બેનડી દુ:ખના દિવસો રે જોઈ
માન ન પામી ભાઈ-ભોજાઈથી આવી દુ:ખણી તે રોઈ... છત૦ ૬
જમાઈ કાઢ્યો ઘર બારણે જો ન હોય પાસે અર્થ
સાસુ સસરાએ છેદ દીધો અર્થ વિણ ઘણી વ્યર્થ... છત૦ ૭
સધન-નિર્ધન સરખાગણે તે તો જૈની અણગાર
પદ્મવિજય કહે તેહને વંદુવાર હજાર... છત૦ ૮

## ૩૬૧. છીંક વિચારની સજ્ઝાય

છીંક શુકનનો કહું વિચાર સુગુરૂ સમીપ સુણ્યો મેં સાર
આગળમાં જો છીંકજ હોય અશુભતણી જાણે જે કોય... ૧

પહેલાં શુકન હુવા શુભ ઘણાં છીંક હોયે નિષ્ફલ તે તણાં
છીંકજ હુઆ પછી જે જાણ શુકન તે કરો પ્રમાણ... ૨

ડાબી છીંક હોય અધ ફળ કહે જમણી છીંક બુરી સહુ કહે
પુંઠે છીંક સુખદાયક સહી ઘણી છીંક તે નિષ્ફળ કહી... ૩

હાંસે ભય ઉપાધીયે કરી હઠ ઘણો મનમાંહે ધરી
એક છીંક તે નિષ્ફલ જાણ કુતર છીંક તો નિષ્ખર આણ... ૪

મંજાર છીંક તે મરણજ કરે ઈસી છીંક કષ્ટ કારી સરે
વસ્તુ વેચતાં છીંકજ હોય આણ્યું કરી આણું મોઘુ હોય... ૫

વસ્તુ લેતાં છીંકજ હોય બમણો લાભ સઘળાનો જોય
ગઈ વસ્તુ જો જોવા જાય છીંક હોય તો લાભ ન થાય... ૬

નવાં વસ્ત્ર વળી પહેરતાં છીંક હોયે આગળ અણછતાં
ભોજન હોમ પૂજાનું કામ મંગલીક જે ધર્મ સુઠામ... ૭

કામ એટલા કીધાની અંત વળી ક્રિયા કરાવે ખંત
રતિ સ્નાન કરીને રહે છીંક હોય તો પુત્રજ લહે... ૮

ઋતુવંતીને દીધે દાન પછી હોવે પુત્ર નિદાન
વૈરી જીતી જાશું જોય છીંકે વૈરી સબળો હોય... ૯

રોગીકાજ વૈદ્ય તેડવા જાતાં છીંકે જો નવ નવા
તે રોગીને મૃત્યુ જાણીયે કામ વિના વૈદ્યે નાણીયે... ૧૦

વૈદ્ય રોગીને ઘરે આવતાં છીંક હોયે ઔષધ આપતાં
રોગી તણો રોગ તે સમે આહાર લેતે જમવું ગમે... ૧૧

વ્યાપારે લીધે વ્યાપાર છીંક હોય તો વૃદ્ધિ અપાર
લેખું શુદ્ધ દીધું રાયને છીંક ફોક થાયે તેહને... ૧૨

પાણી પીતાં અથ પ્રીસંવાદ છીંકે દષ્ટિ દોષ અનિવાદ
નવે ઘરે વસવી આવીયે છીંક હોય તો ઉચાલીયે... ૧૩

વ્યાજે દ્રવ્ય કેહને આપતાં વળી પૃથ્વીમાં ધન દાટતાં
કર્ષણ જોવા જાતાં વળી વૃષ્ટિ હોય પુહવી મન રૂલી... ૧૪

છીંક શુકન નર જાણે જેહ પગપગ સંપદ પામે તેહ
છીંક વિચાર જાણે જો કોઈ ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કર હોઈ... ૧૫

## ૩૬૨. જીભલડીની સજ્ઝાય

બાપલડી રે જીભલડી, તું કાં નવિ બોલે મીઠું;
વિરૂવાં વચન તણાં ફળ વિરૂવાં, તેં શું તે નવિ દીઠું રે. બાપ૦ ૧

અન્ન ઉદક અણગમતાં તુજને, જો નવિ રૂચે અનીઠા;
અણ બોલાવી તું શા માટે, બોલે કુવચન ધીઠાં રે. બાપ૦ ૨

અગ્નિએ દહ્યું નવ પલ્લવ થાએ, કુવચન દુર્ગતિ ઘાલે;
અગ્નિ થકી તે અધિકું કુવચન, તે તો ક્ષણ ક્ષણ સાલે રે. બાપ૦ ૩

તે નર માન મોટપ નવિ પામે, જે નર હોય મુખ રોગી;
તેહને તો કોઈ નવિ બોલાવે, તે તો પ્રત્યક્ષ શોગી રે. બાપ૦ ૪

ક્રોધ ભર્યોતે કડવું, બોલે, અભિમાને અણગમતે;
આપ તણો અવગુણ નવિ દેખે, તે કિમ જાશે મુગતે રે. બાપ૦ ૫

જનમ જનમની પ્રીત વિણાશે, એકણ કડુયે બોલે;
મીઠાં વચન થકી વિણ ગરથે, લેવો સબ જગ મોલે રે. બાપ૦ ૬

આગમને અનુસારે હિત મતિ, જે નર રૂડું ભાખે;
પ્રગટ થઈ પરમેશ્વર તેહની, લજ્જા જગમાંહિ રાખે રે.બાપ૦ ૭

સુવચન કુવચન ફળ જાણી, ગુણ અવગુણ મન આણી;
વાણી બોલો અમિય સમાણી, લબ્ધિ કહે સુણ પ્રાણી રે. બાપ૦ ૮

## ૩૬૩. જીવદયાની સજ્ઝાયો (૧)

આદિ જિનેશ્વર પાય પ્રણમેવ, સરસ્વતી સ્વામિની મન ધરેવ;
જીવદયા પાળો નરનાર, તો તરશો નિશ્ચય સંસાર. ૧

પાણી ગળતાં જયણા કરો, ખારાં મીઠાં જુદાં ધરો;
જેહને મન દયા પ્રધાન, તે ઘર હોશે બહુ સંતાન. ૨

મારે જૂ ને ફોડે લીખ, નર નારીને એહિજ શીખ;
તેહને ઘરે નહીં સંતાન, દુઃખ દેખે તે મેરુ સમાન. ૩

પક્ષી ઉંદર માણસના બાલ, જે પાપી મારે ચિરકાલ;
તેને પરભવે એહીજ દુઃખ છોરુ તણાં નવિ હોવે સુખ. ૪

માખણ મધ બોલઅથાણ, આદૂ સૂરણ વર્જે જાણ;
ગાજર મૂળા રતાળુ જેહ, શુદ્ધ શ્રાવક છંડે તેહ. ૫

ફોગટ ફૂલે ને માયા કરે, કહો કેમ તે ભવ સાયર તરે;
જેહને દેવ-ગુરુશું દ્વેષ, સુખ નવિ પામે તે લવલેશ. ૬

બહુ દહાડાનું ભેગુ કરી, માખણ તાવે અગ્નિએ ધરી;
તેહ મરીને નરકે જાય, માનવ હોય તો દાહજવર થાય. ૭

દૂધ તણે વલી લોભે જેહ, પાડા ભૂખે મારે તેહ;

ફરતાં ઢોરમાં તે જાય વળી, ભૂખે તરશે મરે ટળવળી. ૮

'આંખ ફૂટે' દીયે જે ગાલ, પરભવ અંધો થાયે બાલ;
'મરો ફીટો' દિયે જે ગાલ, પરભવ સુખ ન પામે તે લગાર.૯

પાટ પાટલા ને વસ્ત્રદાન, સુવિવેકે વલી રાંધ્યું ધાન;
મુનિવરને દેઈ કરે ઉલ્લાસ, તસ ઘરે લક્ષ્મી કરે થિરવાસ. ૧૦

દેતાં દાન વિમાસણ કરે, દેઈ દાન મન ચિંતા ધરે;
સુખ સંપત્તિ પામે અભિરામ, છેડે ન હોય વસવા ઠામ. ૧૧

ધન થોડું ને દીયે દાન, મહિયલ તેહને વાધે વાન;
ઋષિને દેઈ કરે રંગરોલ, તસ ઘરે લક્ષ્મી કરે કલ્લોલ. ૧૨

સુખ સંપત્તિ જો આવે મલી, ડોસાને દેવામતિ ટળી;
ધન ઉપર જે રાખે સ્નેહ, પરભવ સાપપણે થાયે તેહ. ૧૩

અધિકો ઓછો બાંધે તોલ, દે વાચા નવિ પાળે બોલ;
તેહની લોકમાં ન હોય લાજ, પરભવ તેહના ન સરે કાજ. ૧૪

'પોથી બાળો'બોલે જેહ, પરભવ મૂરખ થાયે તેહ;
ભણે ગુણ દે પોથી દાન, પરભવ નર તે વિદ્યાવાન. ૧૫

નાના મોટાં કુંપલા હરી, ખાંતે ચૂંટે લીલા કરી;
કીધા કર્મ નવિ ઠેલાય, મરીને નર તે કોઢીયો થાય. ૧૬

પાંખ પંખીની કાઢે જેહ, પરભવ ઠુંઠો થાયે તેહ;
પગ કાપે ને કરે ગલગલો, મરીને નર તે થાય પાંગલો. ૧૭

પાડોશીશું વઢે દિન રાત, પરભવ ન તે પામે સંગાથ;
માતપિતા સુત દેયર ધણી, પરભવ તેહને વઢાવઢ ઘણી. ૧૮

અણદીઠું અણસાંભલ્યું કહે જેહ, પરભવ બેહરો થાયે તેહ;
પારકી નિંદા કરે નરનાર, જશ નહીં પામે તેહ લગાર. ૧૯

પરના અવગુણ ઢાંકે જેહ, નરનારી જશ પામે તેહ;
નિંદા કરે ને દિયે જે ગાળ, પરભવ નર તે પામે આળ. ૨૦

રાત્રિ ભોજન કરે નરનાર, તે પામે ઘુવડ અવતાર;

રાત્રે પંખી ન ખાયે ધાન, માણસ હૈયે ન દીસે સાન. ૨૧

સૂરજ સરીખો આથમે દેવ, માણસને ખાવાની ટેવ;
ધર્મી લોક જ હોયે જેહ, રાત્રિ ભોજન ન કરે તેહ. ૨૨

ગૌતમ પૃચ્છાને અનુસાર, એહ સજઝાય કરી શ્રીકાર;
પંડિત હર્ષસાગર શિષ્યસાર, શિવસાગર કહે ધર્મ વિચાર. ૨૩

## ૩૬૪. જીવદયાની સજઝાયો (૨)

ગજભવે સસલો ઉગારીયો રે, કરૂણા આણી અપાર;
શ્રેણીકને ઘેર ઉપન્યો રે, અંગજ મેઘકુમાર ચતુરનર !
જીવદયા ધર્મસાર, જેથી પામીયે ભવનો પાર. ચતુર૦ ૧

વીર વાંદી વાણી સુણી રે, લીધો સંયમ ભાર;
વિજય વિમાને ઊપન્યો રે, સિઝશે મહાવિદેહ મોઝાર. ચતુર૦ ૨

નેમિ પ્રભુ ગયા પરણવા રે, સુણી પશુડાનો પોકાર;
પશુડાની કરૂણા ઉપની રે, તજ્યા રાજીમતી નાર. ચતુર૦ ૩

શરણે પારેવો ઉગારીયો રે, જુઓને મેઘરથ રાય;
શાંતિનાથ ચક્રી થયા રે, દયા તણે સુપસાય. ચતુર૦ ૪

માસખમણને પારણે રે, ધર્મરૂચિ અણગાર;
કીડીઓની કરૂણાએ કર્યો રે, કડવા તુંબડાનો આહાર. ચતુર૦ ૫

સર્વાર્થસિદ્ધમાં ઉપન્યા રે, સિદ્ધયા વિદેહ મોઝાર;
ધર્મઘોષના શિષ્ય થયા રે, રૂડી દયા તણા એ પસાય. ચતુર૦ ૬

અર્જુનમાલી જાણજો રે, લીધો સંયમ ભાર;
કર્મ છ માસે ક્ષય કરી રે, પહોંતા મુગતી મોઝાર. ચતુર૦ ૭

દેવકીનંદન સોહામણા રે, નામે તે ગજસુકુમાલ;
ધગધગતી સગડી સહી રે, આણી દયા રે અપાર. ચતુર૦ ૮

ધર્મરત્ન સુરતરૂ સમો રે, જેહની શીતલ છાંય;
સેવક જન નીત સેવજો રે, એહ છે મુકિતનો દાય. ચતુર૦ ૯

## ૩૬૫. જિનધર્મની સજ્ઝાય

સાંભળ સયણાં સાચી સુણાવું, પૂરવ પૂન્યે તું પામ્યો ભાઈ,
નરક નિગોદમાં ભમતાં નરભવ, તે નિષ્ફળ કેમ વામ્યો રે. ૧

જૈનધર્મ જયવંતો જગમાં, ધારિ ધર્મ ન સાધ્યો રે;
મેઘઘટા સરિખા ગજ સાટે, ગર્દભ ઘરમાં બાંધ્યો રે. ૨

કલ્પવૃક્ષ કુહાડે કાપી, ધત્તુરો ઘેર ધારે રે,
ચિન્તામણી ચિન્તિત છે પૂરણ, કાગ ઉડાડણ કાજ રે. ૩

એમ જાણી જવા નવિ દીજે, નરનારી નરભવને રે,
ઓળખી શુદ્ધ ધર્મને સાધો, જે માન્યો મુનિ મન મેરે. ૪

જે વિભાવ પરભાવમાં ભજીએ, રમણ સ્વભાવમાં કરીયે રે,
ઉત્તમપદ પદ્મને અવલંબી, ભવિયણ ભવજલ તરિયે રે. ૫

## ૩૬૬. સાચા જૈનત્ત્વની સજ્ઝાયો (૧)

જૈન કહો ક્યું હોવે, પરમગુરુ ! જૈન કહો ક્યું હોવે ?
ગુરુ ઉપદેશ બિના જન મૂઢા, દર્શન જૈન વિગોવે. પરમ૦ ૧

કહત કૃપાનિધિ શમ-જલ ઝીલે, કર્મ-મેલ જો ધોવે,
બહુલ પાપ-મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. પરમ૦ ૨

સ્યાદ્વાદ પૂરન જો જાને, નયગર્ભિત જસ વાચા;
ગુન પર્યાય દ્રવ્ય જો બૂઝે, સોઈ જૈન હૈ સાચા. પરમ૦ ૩

ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચલત ચાલ અપૂઠી;
જૈન દશા ઉનમેં હી નાહી, કહે સો સબહી જૂઠી. પરમ૦ ૪

પરપરિણતિ અપની કર માને, કિરિયા ગર્વે ગહિલો;
ઉનકું જૈન કહો ક્યું કહિયે ?, સો મૂરખમે પહિલો. પરમ૦ ૫

જૈનભાવ જ્ઞાને સબમાંહી, શિવ સાધન સદ્દહિએ;
નામ વેષશું કામ ન સીઝે, ભાવ-ઉદાસે રહીએ. પરમ૦ ૬

જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી,

ક્રિયા કરત ધરતું હે મમતા, યાહી ગલેમેં ફાસી. પરમ૦ ૭

ક્રિયા બિના જ્ઞાન નહિ કબહું, ક્રિયા જ્ઞાન બિનું નાહી;
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહતું હૈ, જ્યોં જલ-રસ જલમાંહી. પરમ૦ ૮

ક્રિયા મગનતા બાહિર દીસત, જ્ઞાન શકિત જસ ભાંજે,
સદ્ગુરુ શીખ સુને નહી કબહું, સો જન જનમેં લાજે. પરમ૦ ૯

તત્ત્વ-બુદ્ધિ જિનકી પરિણતિ હૈ, સકલ સૂત્ર કી કૂંચી,
જગ જસવાદ વદે ઉનહી કો, જૈન દશા જસ ઊંચી. પરમ૦ ૧૦

## ૩૬૭. સાચા જૈનત્ત્વની સજઝાયો (૨)

જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી,
કેવા વ્રતધારી આગે થયા નરનારી રે;
થયા નરનારી તેને વંદના હમારી. જુઓ૦ ૧

જુઓ જુઓ જંબુસ્વામી, બાળ વયે બોધ પામી;
તજી ભોગ રિદ્ધિ જેણે, તજી આઠ નારી. જુઓ૦ ૨

ગજસુકુમાલ મુનિ, ધખે શિર પર ધૂણી;
અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ના લગારી. જુઓ૦ ૩

કોશ્યાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થૂલભદ્ર;
વેશ્યા સંગ વાસો તોયે, થયા ના વિકારી. જુઓ૦ ૪

સતી તે રાજુલ નારી, જગમાં ન જોડી એની;
પતિવ્રતા કાજે કન્યા, રહી તે કુંવારી. જુઓ૦ ૫

જનક સુતા તે સીતા, બાર વર્ષ વનમાં વીત્યા;
ઘણું કષ્ટ વેઠ્યું તોયે, ડગ્યા ના લગારી. જુઓ૦ ૬

વિજયશેઠ ને વિજયાનારી, કચ્છદેશે બ્રહ્મચારી;
કેવલીએ શીલ વખાણ્યું, સંયમે ચિત્ત આણ્યું. જુઓ૦ ૭

સુદર્શનને અભયારાણીએ, ઉપસર્ગ કીધો ભારી;
શૂળીનું સિંહાસન થયું, સંયમે મનડું વાળી. જુઓ૦ ૮

ધન્ય ધન્ય નરનારી, એવી દ્રઢ ટેક ધારી;
જીવિત સુધાર્યું જેણે, પામ્યા ભવ પારી. જુઓ૦ ૯

એવું જાણી સુજ્ઞજનો, એવા ઉત્તમ આપ બનો;
વીરવિજય ધર્મ પ્રેમે, દીએ ગતિ સારી. જુઓ૦ ૧૦

## ૩૬૮. દશ ચંદરવા બાંધવાની સજ્ઝાયો (૧) (ઢાળ-૩)

દુહા

સમરી સિદ્ધ અનંત મહંત કેવલ જ્ઞાની સિદ્ધિ વરંત
ચંદરવા ઘરમાં દશ ઠામ તેહતણાં કહું સુણજો નામ... ૧

ભોજન પાન પીષણ ખંડણે શય્યા સંથારે અન્નતણે
દેરાસર સામાયિક જાણ છાશ દહીં વિગયાદિક ઠામ... ૨

ચૂલા ઉપર ચતુર સુજાણ ચંદરવો બાંધો ગુણખાણ
તેહતણાં ફળ સુણજો સહુ શાસ્ત્રાંતરથી જાણી કહું... ૩

જંબુદ્વીપ ભરત મંડણે શ્રીપુરનગર દુરિત ખંડણો
રાજ કરે શ્રીજિન મહારાજ તસ નંદન કુષ્ટિ દેવરાજ... ૪

ત્રિક ચોક ચાચર ને ચોતરે પડહ વજાવી એમ ઉચ્ચરે
કોઢ ગમાવે નૃપ સુત તણો અર્ધરાજ દેઉં તસ આપણો... ૫

જસો દિત્ય વ્યવહારી તણી કુંવરી લક્ષ્મીવંતી સબલી ભણી
પડહ છબી તેણે ટાળ્યો રોગ પરણ્યાતે બહુ વિલસે ભોગ... ૬

અભિનંદનને આપી રાજ દીક્ષા લહે શ્રી જિનમહારાજ
દેવરાજ હુઆ મહારાજ અન્ય દિવસે આવ્યા મુનિરાજ... ૭

સુણી વાત વંદન સંચર્યો હય-ગય રથ પાયક પરિવર્યો
અભિગમ પાંચે તિહાં અનુસરી નૃપ બેઠા તબવંદન કરી... ૮

સુણી દેશના પૂછે વાત વિલસી સાત વરસ જે વ્યાપ
કિમ કુંવરી કર ફરસે ટળી કિમ કરપીડન એહશું વળી... ૯

જ્ઞાની ગુરૂ કહે સુણતું ભૂપ પૂરવ ભવનું એહ સ્વરૂપ
મિથ્યામતિ વાસિત પ્રાણીઓ દેવદત્ત નામે વાણીયો... ૧૦

મહેશ્વરી નંદન તસ સુત ચાર લઘુ બંધવ તું તેહ મોઝાર
કૂડ કપટ કરી પરણી હુઆ મૃગસુંદરી શ્રાવકની ધુઆ... ૧૧

લઘુ વયથી તેણીને નિયમ જિન વંદન વિણ નહિં ભોજન
શુભ ગુરૂને વળી દેઈ દાન રાત્રી ભોજનનું કરે પચ્ચખાણ... ૧૨

પરણીને ઘરે તેડી વહુ રાત્રે જમવા બેઠા સહુ
મૂળા મોઘરી ને વંતાક ઈત્યાદિક તિહાં પિરસ્યાં શાક... ૧૩

તેડે વહુ જમવા પાંતમાં તે કહે હું ન જમું જિહાં લગે આતમા
સસરો કહે તું મત પડ ફંદમાં મત વાંદો જિનવર મહાતમા... ૧૪

ત્રણ દિવસ કીધાં ઉપવાસ ચોથે દિન ગઈ મુનિવર પાસ
વાંદી કહે નિશિ ભોજન તજું કિમ જિનચરણ કમલને ભજુ... ૧૫

## ઢાળ ૨ :

કિણી પેરે દઉં મુનિવરને દાન મિથ્યામતિ ઘરમાં અસમાન
શાસ્ત્ર વિચારી ગુરૂ કહે રે સુણ મૃગસુંદરી બાલ
ચૂલા ઉપર ચંદ્રવો રે તું બાંધે ચોસાલ રે... લાભ અછેઘણો૦ ૧
પંચતીર્થ દિન પ્રતિ કરે રે શત્રુંજય ગિરનાર
આબુ અષ્ટાપદ વળી રે સમેત શિખર શિરદારો રે... લાભ અછેઘણો૦ ૨
પાંચ મુનિવરને ભાવથી રે પડિલાભે જે ફળ હોય
તેટલું ફળ તુ જાણજે રે એક ચંદ્રોદયે થાય રે... લાભ અછેઘણો૦ ૩
ગુરૂવાંદી નિજ ઘર જઈ રે ચૂલા ઉપર ચંગ
ચંદ્રોદય તેણે બાંધીયો રે જીવદયા મન રંગ રે... લાભ અછેઘણો૦ ૪
સસરે નિજ સુતને કહ્યું રે દેખી તેણે તતકાલ
તુજ કામિનીયે કામણ કીયાં રે તેણે તે નાખ્યો જવાલ રે...
લાભ અછેઘણો૦ ૫
વળી વળી બાંધે કામિની રે વળી વળી જ્વાલે રે કંત
સાતવાર એમ જ્વાલીયો રે ચંદ્રોદય તેણે તંતરે... લાભ અછેઘણો૦ ૬
સસરો કહે શું માંડીયો રે એ ઘરમાંહે ધંધ
ઈશ્યો ચંદ્રવો શું કરે રે નિશિ ભોજન તુમે મંડો રે... લાભ અછેઘણો૦ ૭
સા કહે જીવજતના ભણી રે એ સઘળો છે પ્રયાસ

નિશિ ભોજન હું નવિ કરૂં રે જો આ કાયામાં શ્વાસ રે... લાભ અછેઘણો૦ ૮
શેઠ કહે નિશિ ભોજન કરો રે તો રહો અમ આવાસ
નહિં તો પીયર પહોંચજો રે તુમશ્યું શ્યો ઘરવાસ રે... લાભ અછેઘણો૦ ૯
સા કહે જેમ જન પરિવર્યો રે તેડી લાવ્યો રે ગેહ
તિમ મુજ પરિવારે પરિવર્યો રે પહોંચાડો સસનેહરે... લાભ અછેઘણો૦ ૧૦

## ઢાળ ૩ :

દેવદત્ત વ્યવહારીઓ રે આણી મનમાં રીશ
વહુ વોળાવણ ચાલીયો રે લેઈ સાથે જગીશો રે... ૧

પ્રાણી ! જીવદયા મન આણી એ સઘળા જિનની વાણી રે, પ્રાણી
એ તો ધર્મરાય પટરાણી રે પ્રાણી એ તો આપે ક્રોડ કલ્યાણી રે, પ્રાણી૦ ૨

અનુક્રમે મારગ ચાલતાં રે શેઠ સહોદર ગામ
જામિની જમવા તેડીયા રે તે તેણે નિજ ધામ રે... પ્રાણી૦ ૩

ન જમે શેઠ તે વહુ વિના રે વહુ પણ ન જમે રાતે
શેઠના સાથી નવિ જમ્યા રે વાધી બહુલી રાતરે... પ્રાણી૦ ૪

શેઠના સગા રાત્રે જમ્યા રે મરી ગયા તે આપ
ચોખાના ચરૂમાં દેખીયો રે રાત્રે રંધાણો સાપ રે... પ્રાણી૦ ૫

શેઠ કહે અમ કુલતણી રે તું કુલ દેવી માય !
કુટુંબ સહુ જીવાડીયો રે એમ કહી લાગ્યો પાય રે... પ્રાણી૦ ૬

નવકાર મંત્ર ભણી કરી રે છાંટીયા સહુને નીર
ધર્મ પ્રભાવે તે થયા રે ચેતન સઘળા શરીર રે... પ્રાણી૦ ૭

મૃગસુંદરીએ પ્રતિ બુઝવ્યો રે શેઠ સયલ વડ ભાગ
જિનશાસન દીપાલિયો રે પામીતે સયલ સોભાગ રે... પ્રાણી૦ ૮

રયણી ભોજન પરિહર્યો રે ચંદરવો સુવિશાલ
ઠામ ઠામ બંધાવીયા રે વર્ત્યો જય જયકાર રે... પ્રાણી૦ ૯

ચૂલક ઘંટી ઉખલો રે ગ્રસની સંમાર્જની જેહ
પાણીઆરૂ એ ઘર કેરૂં રે પાંચે આખેટક એહ રે... પ્રાણી૦ ૧૦

પાંચે આખેટક દિન પ્રત્યે રે કરતા પાતિક જેહ
ચૂલા ઉપર ચંદ્રવો રે નવિ બાંધે તસ ગેહ રે... પ્રાણી૦ ૧૧

સાત ચંદ્રવા એમ બોલીયા રે તેણે કારણ ભવ સાત
કોઢ પરાભવ તે સહ્યો રે ઉપર વરસ સાત રે... પ્રાણી૦ ૧૨

જ્ઞાની ગુરૂ મુખથી સુણી રે પૂર્વ ભવ વિસ્તાર
જાતિ સમરણ ઉપન્યું રે જાણ્યો અથિર સંસાર રે... પ્રાણી૦ ૧૩

પંચ મહાવ્રત આદરી રે પામી નિરતિચાર
સ્વર્ગે સિધાવ્યા દંપતી રે જિહાં માદલના ધોંકાર રે... પ્રાણી૦ ૧૪

સંવત સત્તર અડત્રીસ સમે રે વદિ દશમી બુધવાર
રત્નવિજય ગણિવર તણો રે એ રચીયો અધિકાર રે... પ્રાણી૦ ૧૫

તપગચ્છ નાયક સુંદરૂ રે શ્રી વિજયપ્રભસૂરીંદ
કીર્તિવિજય વાચક તણો રે માનવિજય કહે શિષ્ય રે... પ્રાણી૦ ૧૬

## ૩૬૯. દાનધર્મની સજઝાય

ચોત્રીશ અતિશયત, સમવસરણે બેસી હો જગગુરુ;
ઉપદેશે અરિહંત, દાનતણા ગુણ હો પહેલે સુખકરૂ. ૧
દાન દોલત દાતાર, દાન ભાંજે હો ભવનો આમળો;
દાનના પાંચ પ્રકાર, ઉલટ આણી હો ભવિયણ સાંભળો. ૨
પહેલું અભય સુદાન, દયા હેતે હો નિજ તનુ દીજીએ;
જિમ મેઘરથ રાજન, જીવ સર્વને હો નિરભય કીજીએ. ૩
બીજું દાન સુપાત્ર, સત્તર ભેદે હો સંજમ જે ધરે;
નિર્મલ વ્રત ગુણ ગાત્ર, તૃણ મણિ કંચન હો અદત્ત જે પરિહરે.૪
અશનાદિક જે આહાર, હેજે દીજે હો હાજર જે હોવે;
જિમ શાલિભદ્રકુમાર, સુપાત્ર દાને હો-મહા સુખ ભોગવે. ૫
અનુકંપા દાન વિશેષ, ત્રીજું દેતાં હો પાત્ર ન જોઈએ;
અન્નનો અરથી દેખી, તેહને આપી હો પુણ્યવંતા હોઈએ. ૬
ધન પામી સસનેહ, અવસર આવે હો જ્ઞાતિ જે પોષીએ;
ઉચિત ચોથું એહ, સ્વજન કુટુંબ હો જેહથી સંતોષીએ. ૭

પાંચમું કીરતી દાન, યાચક જનને હો જે કાંઈ આપીએ;
વાધે તેણે યશ વાત, જગમાં સઘળે હો, ભલપણ થાપીએ. ૮
પામી ચિત્ત વિત્ત પાત્ર, જેહથી પ્રાણીઓ હો, અવિચલ સુખ લહે;
ધન દેતાં ક્ષણ માત્ર, વિલંબ ન કીજે હો, ઉદયરત્ન કહે. ૯

## ૩૭૦. દાન-શીલ-તપ ભાવની સજ્ઝાય

(રાગ : અહો અહો સાધુજી સમતાના દરીયા)

શ્રી મહાવીરે ભાખીયા, સખી ધર્મના ચાર પ્રકાર રે;
દાન-શીયલ-તપ ભાવના, સખી પંચમી ગતિ દાતાર રે. શ્રીમહા૦ ૧
દાને દોલત પામીયે, સખી દાને ક્રોડ કલ્યાણો રે;
દાન સુપાત્ર પ્રભાવથી, સખી કયવન્નો શાલિભદ્ર જાણો રે. શ્રીમહા૦ ૨
શિયળે સંકટ સવિ ટળે, સખી શિયળે વાંછિત સિદ્ધ રે;
શિયળ સુર સેવા કરે, સખી સોળ સતી પ્રસિદ્ધ રે. શ્રીમહા૦ ૩
તપ તપો ભવિ ભાવશું, સખી તપથી નિર્મળ તન્ન રે;
વરસ ઉપવાસી ઋષભજી, સખી ધન્નાદિક ધન્ય ધન્ય રે. શ્રીમહા૦ ૪
ભરતાદિક શુભ ભાવથી, સખી પામ્યા પંચમ ઠામ રે;
ઉદયરત્ન મુનિ તેહને, સખી નિત્ય કરે પ્રણામ રે. શ્રીમહા૦ ૫

## ૩૭૧. દીવાની સજ્ઝાય

દીવામાં દીવેલ ખૂંટયું, હવે નથી વાર;
મનમાં મસ્તાન હીંડે, છોગા મેલ્યા ચાર.
મૂરખ મનમાં વિચાર. ૧

માથા ઉપર મરણ ભમે, કોપી રહ્યો કાળ;
ઓચિંતાની આવી પડશે, જમ કેરી ધાડ. મૂરખ૦ ૨

ઊંચા મંદિર માળીયા, ગોખોનો નહીં પાર;
પડે જાશે પડયું રહેશે, કાઢશે ઘરની બહાર. મૂરખ૦ ૩

લીલા વાસની પાલખી, શ્રીફળ જોઈએ ચાર;
મુજને દોરીએ તાણી બાંધશે, ઉંચકનાર ચાર. મૂરખ૦ ૪

સગુ વહાલું સવારથીયું, કરશે કાગારોળ;

ઝાંપા સુધી વળાવીને, ઝટ પાછું વાળ. મૂરખ૦ ૫

વન કેરી કાઠી, છાતી ઉપર ભાર;
સુંદર વરણી કાયા બળે, ઉડી જશે રાખ. મૂરખ૦ ૬

જે સંભારે અરિહંત, તેને ઉતારે ભવપાર;
લબ્ધિવિજય ઈમ કહે, કરો ધર્મના કામ. મૂરખ૦ ૭

## . [X] ૩૭૨. ધોબીડાની સજ્ઝાય

ધોબીડા ! તું ધોજે મનનું ધોતીયું રે રખે રાખતો મેલ લગાર રે
એણે રે મેલે જગ મેલો કર્યો રે અણધોયું ન રાખે લગાર રે... ધોબીડા૦ ૧
જિનશાસન સરોવર સોહામણું રે સમકિત તણી રૂડી પાળ રે
દાનાદિક ચારે બારણાં રે માંહી નવતત્વ કમલ વિશાલ રે... ધોબીડા૦ ૨
તિહાં ઝીલે મુનિવર હંસલા રે પીયે છે તપ-જપ નીર રે
શમ દમ આદે જે શિલા રે તિહાં પખ લે આતમ ચીર રે... ધોબીડા૦ ૩
તપાવજે તપ તડકે કરી રે જાળવજે નવ બ્રહ્મ વાડ રે
છાંટા ન ઉડાડે પાપ અઢારનાં રે એમ ઉજળું હોશે તતકાલ રે... ધોબીડા૦ ૪
આલોયણ સાબુડો સુધો કરે રે રખે આવે માયા સેવાળ રે
નિશ્ચે પવિત્ર પણું રાખજે રે પછે આપણા નિયમ સંભાળ રે...ધોબીડા૦ ૫
રખે મૂકતો મન મોકળું રે પડમેલીને સંકેલ રે
સમયસુંદરની શીખડી રે સુખડી અમૃતવેલ રે... ધોબીડા૦ ૬

## [+] ૩૭૩. નટવાની સજ્ઝાય

હું નટવો થઈને નાટક એવા નાચ્યો હો જિનવરીયાં;
પહેલા નાચ્યો પેટમાં, માતાના બહુવાર,
ઘોર અંધારી કોટડી, કોણ સુણે પોકાર;
જીહાં માથું નીચું ને, છાતી મારી ઉંચી હો જિનવરીયા. ૧
હાડમાંસનો પીંજરો, ઉપર મઢીયો ચામ;
મળમુત્રામાંહે ભર્યો, માન્યો સુખનો ધામ,
જીહાં નવ નવ મહિના ઉંધે મસ્તકે લટક્યો હો જિનવરીયા. ૨
ઊંટ ક્રોડ રોમરોમમાં, કરી-ધગધગતી સોય,
કોઈ ભોંકે જો સામટી, કષ્ટ અષ્ટગણું હોય

પછી માતાને મેં જમના દ્વાર દેખાડ્યા હો જિનવરીયા. ૩
બાંધી મુઠી દોયમાં, લાવ્યો પુણ્ય ને પાપ
ઉંવા ઉંવા કરી હું રડું, જગમાં હરખ ન માય.
પછી પડદામાંથી રંગભૂમિપર આવ્યો હો જિનવરીયા. ૪
પારણીયામાં પોઢીયો, માતા હાલો ગાય,
ખરડાયો મળમૂત્રમાં, અંગુલી મુખમાં જાય,
પછી ભીનામાંથી સૂકામાં સુવડાવ્યો હો જિનવરીયા. ૫
છોટાનો મોટો થયો, રમતો ધુળીમાંય
પિતાએ પરણાવીયો, માતા હરખ ન માય.
પછી નારીનો નચાવ્યો થૈ થૈ નાચ્યો હો જિનવરીયા. ૬
કુટુંબ ચિંતા કારમી, ચુંટ કલેજા ખાય
તેથી તો ભલી ડાકીણી, મનડું માંહી મુંઝાય
જાણે કોશેટાનો કીડો જાળ ગુંથાણો હો જિનવરીયા. ૭
દાઢો ને દાંતો પડ્યા, નીચા ટળીયા નેણ,
ગાલોની લાલી ગઈ, ખું ખું થઈ ગઈ રેણ,
પછી ડોસો થઈને ડગમગ ડગમગ ચાલ્યો હો જિન૦ ૮
ચારગતિના ચોકમાં, નાચ્યો નાચ અપાર
ન્યાયસાગર નાચ્યો નહીં, રત્નત્રયી મોઝાર
જાણે કુમતિનો ભરમાવ્યો કાંઈ નહીં સમજ્યો હો જિન. ૯

## ૩૭૪. નરકદુઃખની સજઝાય

સુણ ગોયામજી, વીર પયંપે નરક તણી દુઃખ વારતા;
પરનારી સંગત જે કરતા, વળી પાપ થકી પણ નહી ડરતાં,
જમરાયની શંકા નવિ ધરતાં. સુણ૦ ૧
હે શ્રોતાજનો, નરકનાં દુઃખ સુણતા હૈયા થરથરે;
હે ગુણવંતા, વીરવાણી સાંભળી ધર્મખજાનો ભરો,
લોહની પૂતળીને તપાવે છે, અતિ અગ્નિમય બનાવે છે;
તસ આલિંગન દેવરાવે છે. સુણ૦ ૨
પાંચસો જોજન ઉછાળે છે,પછી પટકી ભોંય પછાડે છે;

પછી તેહના દેહને બાળે છે. સુણ૦ ૩

શ્વાન થઈને તેહને કરડે છે, ઝાલી પરમાધામી મરડે છે;
વળી તેહની પાછળ દોડે છે. સુણ૦ ૪

મૃગની જેમ પાસમાં પકડે છે, કરવતથી તેહને ફાડે છે;
વળી પકડી પકડી ભમાવે છે. સુણ૦ ૫

વળી તેહને શૂળીએ ચડાવે છે, કાન નાક પણ તેહના કાપે છે;
વળી ભરસાડમાં તેહને ભારે છે. સુણ૦ ૬

વલી ખાલ ઉતારી જલાવે છે, તાતા તેલમાં પણ ઘાલે છે;
વિરૂઆ વિપાકોને દેખાડે છે. સુણ૦ ૭

માંસ કાપીને ખવડાવે છે, એમ જીવ ઘણા દુઃખ પાવે છે;
અતિ ત્રાસમાં સમય વિતાવે છે. સુણ૦ ૮

વળી શરીરમાં ખાલ મિલાવે છે, એમ પરમાધામી દુઃખ દેખાડે છે;
શુભવીરની વાણીથી શીતળ થાવે છે. સુણ૦ ૯

## ૩૭૫. નવકાર મંત્રના ફળની સજઝાયો (૧)

એ નવકારતણું ફળ સાંભળી હૃદયકમલ ધરી ધ્યાન
આગેં અનંત ચોવિસી હુઈ તિહાં એ પંચ પ્રધાન,
હો આતમ ! સમર નવકાર
જિન શાસનમાં સાર, પંચ પરમેષ્ઠી ઉદાર, ત્રણ કાર નિરધાર... જિન૦ ૧
વનમાં એક પુલિંદ પુલિંદી મુનિ કહે તસ નવકાર
અંતકાલે બિહું મંત્ર પ્રભાવે નૃપ મંદિર અવતાર... જિન૦ ૨
રાયસિંહ અને રત્નવતી તે પ્રમદાને ભરતાર
ત્રીજે ભવે તે મૂકતે જાશે આવશ્યકે - અધિકાર... જિન૦ ૩
ચારૂદત્તે અજ પ્રતિબોધ્યો સંભળાવી નવકાર
સુરલોકે તે સુર થઈ ઉપન્યો કરી સાન્નિધ્ય તિણિવાર... જિન૦ ૪
નગર રતનપુરે જોઉં મિથ્યાતણી વહુઅરને દિયે આળ
મહામંત્ર મુખે જપે મહાસતુ સર્પ થયો ફુલ માળ... જિન૦ ૫
ભૂમી પડી સમળીને દેખી દીધો મુનિ નવકાર

સિંહલરાય તણે ઘર કુંવરી ભરૂયચ્છે કર્યો વિહાર... જિન૦ ૬
નગર પોતનપુર શેઠ તણો સુત મલીયો ત્રિંદડી સાથ
મહાસત્ત્વ મને મંત્ર જપતો ખડ્ગ મૃતકને હાથ... જિન૦ ૭
તેહ વિઘન સવિ દૂરે નાઠાં સોવનપુરિસો પામી
કનકતણું જિનભુવન કરાવી થાપ્યા ત્રિભુવન સ્વામી... જિન૦ ૮
યક્ષ પ્રસન્ન કરી બીજોરૂ લેવે મંત્ર પ્રભાવે
હુંડિક યક્ષને પિંગલ તસ્કર એહથી સુરપદ પાવે... જિન૦ ૯
સોમદત્તને મણિરથ સિંહરથ માવતને કુવિંદ
એમ અનેક પરમેષ્ઠિ ધ્યાને તરિયા ભવિજન વૃંદ... જિન૦ ૧૦
ગર્ભવાસી જીવ ઈમ ચિંતવતો ધર્મ કરીસ્યું સાર
જબ જનમ્યો તબ વીસરી વેદન એળે ગયો અવતાર... જિન૦ ૧૧
જિહાં લગે આથ તિહાં સહુ સાતી નિર્ધનને તે મૂકે
કૂડ કુટુંબતણે હિત કાજે કાં આતમ હિત ચૂકે... જિન૦ ૧૨
યમરાજા કેણે નવિ જીત્યો સુકૃત કર્યું તે પોતે
અવસર બેર બેર નહીં આવે જાય જનમ ઈમ જોતે... જિન૦ ૧૩
સાર એહ છે અસાર સંસારે શ્રીજિનસેવા કરીયે
વિષય કષાયથી રહીને અળગા જ્ઞાનવિમલ ગુણ ધરીયે... જિન૦ ૧૪

## [X] ૩૭૬. નવકાર મંત્રની સજ્ઝાય (૨)

શ્રી નવકાર જપો મનરંગે શ્રી જિન શાસન સાર રે
સર્વ મંગલમાં પહેલું મંગલ જપતાં જય જયકાર રે... શ્રી૦ ૧
પહેલે પદે ત્રિભુવન જનપૂજિત પ્રણમું શ્રી અરિહંત રે
અષ્ટ કર્મ વર્જિત બીજે પદે ધ્યાવો સિદ્ધ અનંત રે... શ્રી૦ ૨
આચારજ ત્રીજે પદે સમરૂં ગુણ છત્રીસ નિધાન રે
ચોથે પદે ઉવજ્ઝાય જપીજે સૂત્ર સિદ્ધાંત સુજાણ રે... શ્રી૦ ૩
સર્વ સાધુ પંચમ પદ પ્રણમું પંચ મહાવ્રત ધાર રે
નવ પદ અષ્ટ ઈહાં છે સંપદા અડસઠ વરણ સંભાર રે... શ્રી૦ ૪
સાત અક્ષર અછે ગુરૂ જેહના એકસઠ લઘુ ઉચ્ચાર રે
સાત સાગરનાં પાતક હણાયે પદ પચાશ વિચાર રે... શ્રી૦ ૫

સંપૂરણ પણસય સાગરનાં જાયે પાતક દૂર રે
ઈહ ભવ સર્વ કુશલ મનવાંછિત પરભવ સુખ ભરપૂર રે... શ્રી૦ ૬
યોગી સોવન પુરિસો કીધો શિવકુમરે ઈણે ધ્યાન રે
સર્પ મટી હુઈ તિહાં ફૂલમાળા શ્રીમતીને પરધાન રે... શ્રી૦ ૭
યક્ષ ઉપદ્રવ કરતો વાર્યો પરચો એ પરસિદ્ધ રે
ચોર ચંડપિંગલને ને હુંડક પામે સુર તણી ઋદ્ધ રે... શ્રી૦ ૮
એ પંચ પરમેષ્ઠિ છે જગ ઉત્તમ ચૌદ પૂરવનો સાર રે
ગુણ બોલે શ્રી પદ્મરાજ ગણી મહિમા જાસ અપાર રે... શ્રી૦ ૯

## ૩૭૭. નવકાર મંત્રની સજઝાય (૩)

(રાગ : ઋષભ જિનરાજ મુજ...)

સમર જીવ એક નવકાર નિજ હેજ શું, અવર કાં આળ-પંપાળ દાખે;
વર્ણ સડસઠ નવકારના નવ પદ, સંપદા આઠ અરિહંત ભાખે. ૧

આદિ અક્ષર નવકારના સ્મરણથી, સાત સાગર ટળી જાય દુરા;
એક પદ ઉચ્ચરે દુરિત દુઃખડા હરે, સાગરા આયુ પચાશ પૂરા. ૨

સર્વ પદ ઉચ્ચરતા પાંચશે સાગર, સહસ ચોપન નવકારવાલી;
સ્નેહે મન સંહરી હર્ષભર હેજ ધરી, લાખ નવ જાપથી કુગતિ ટાળી. ૩

લાખ એક જાપ જિનપૂજી પૂરા જપે, પદવી પામે અરિહંત કેરી,
અશોક તરૂવર તળે આઠ પર્ષદા મીલે, ગડગડે દુંદુભિ નાદ ભેરી. ૪

અષ્ટવલી અષ્ટસય અષ્ટ સહસાવલી, અષ્ટ લાખ જપે અષ્ટ કોડી;
કીર્તિવિમલ કહે મુક્તિ લીલા લહે, આપણા આઠ કર્મ વિછોડી. ૫

## ૩૭૮. નવકાર મંત્રની સજઝાય (૪)

કહેજો ચતુરનર ! એ કોણ નારી ધરમી જનને પ્યારી રે
જેણે જાયા બેટા સુખકારી પણ છે બાલ કુમારી રે... કહેજો૦ ૧
કોઈ ઘેર રાતી ને કોઈ ઘેર લીલી કોઈ ઘેર દીસે પીળી રે
પંચ રૂપી છે બાલ કુમારી મનરંજન મતવાળી રે... કહેજો૦ ૨
હઈડા આગળ ઊભી રાખી નયણાશું બંધાણી રે
નારી નહિં પણ મોહનગારી જોગીશ્વરને પ્યારી રે... કહેજો૦ ૩

એક પુરૂષ તસ ઉપર ઠાહે ચાર સખીશું ખેલે રે
એક મેર છે તેહને માથે તે તસ કેડ ન મેલે રે... કહેજો૦ ૪
નવ નવા નામે સહુ કોઈ માને કહેજો અર્થ વિચારી રે
વિનયવિજય ઉવજ્ઝાયનો સેવક રૂપવિજય બુદ્ધિસારી રે... કહેજો૦ ૫

## ૩૭૯. નવકાર મંત્રની સજ્ઝાય (૫)

બાર જપું અરિહંતના ભગવંતનારે ગુણસ્તવું નિશદીશ, નવકારવાળી વંદીયે...
સિદ્ધ આઠ ગુણ જાણીયે વખાણીયે રે ગુણ સૂરિ છત્રીસ...
નવકારવાળી વંદીયે ૧

નવકારવાળી વંદીયે ચિર નંદીયે રે ઉઠી ગણાયે સવેર, નવકારવાળી વંદીયે
સૂત્રતણા ગુણ ગુંથીઆ મણાઆ મોહનરે માંહે મોટો મેર...
નવકારવાળી વંદીયે ૨

પંચવીસ ગુણ ઉવજ્ઝાયના સત્તાવીસ રે ગુણ છે શ્રી અણગાર, નવકારવાળી વંદીયે
ઓસો આઠ ગુણે કરી ઈમ જપીયે રે ભવિયણ શ્રી નવકાર...
નવકારવાળી વંદીયે ૩

મોક્ષનો જાપ અંગુઠડે વૈરી રૂઠે રે તર્જની અંગુલી જોય, નવકારવાળી વંદીયે
બહુ સુખદાયક મધ્યમાં અનામિકા રે વશ્યારથ હોય...
નવકારવાળી વંદીયે ૪

આકર્ષણ ટચી અંગુલી વળી સુણજો રે એ ગણવાની રીત, નવકારવાળી વંદીયે
મેરૂ ઉલ્લંઘન મત કરો મ-મ કરજો રે નખ અગ્રશું પ્રીત...
નવકારવાળી વંદીયે ૫

નિશ્ચલ ચિત્તે જે ગણે વળી જે સ્તવે રે સંખ્યાદિકથી એકાંત, નવકારવાળી વંદીયે
નેહને ફળ હોય અતિઘણું ઈમ બોલે રે વીર જિનવર સિદ્ધાંત...
નવકારવાળી વંદીયે ૬

શંખ પ્રવાલ સ્ફટિક મણી વસ્તાંજલી રે પિતાંજિ મોતીની સાર, નવકારવાળી વંદીયે
રૂપા સોવન રયણ તણી ચંદન વરની રે અગર ને ઘનસાર...
નવકારવાળી વંદીયે ૭

ઉત્તમ ફળ રૂદ્રાક્ષની જપમાલિકા રે રેશમની અપાર, નવકારવાળી વંદીયે
પંચવરણ સમ સૂત્રની વળી વસ્તુ વિશેષ તણી રે ઉદાર...
નવકારવાળી વંદીયે ૮

ગૌતમ પૂછંતા કહ્યો મહાવીરે રે એ સયલ અધિકાર, નવકારવાળી વંદીયે
લબ્ધિ કહે ભવિયણ સુણો ગણજો ભણજો રે નિત્યનિત્ય શ્રીનવકાર...
નવકારવાળી વંદીયે ૯

## ૩૮૦. નાણાવટીની સજ્ઝાય

હો નાણાવટી ! નાણું નિર્ભય ખરૂં પરખાવી લેજે
તને ધૂતી જશે પારખસરનું નિરમલ નજરે જોજે
આ શહેરમાં ઠગ બહુ આવે છે, તે તો ખોટા રૂપિયા લાવે છે
સહુ સંસારને મન ભાવે છે... હો નાણાવટી૦ ૧
ચૌટે બેસી લેજે નાણું ખરૂં-ખોટું પરખી સવિ જાણું
તારે આ અવસર રળવા ટાણું... હો નાણાવટી૦ ૨
હાટે બેસી વેપાર કરજે કોથળીમાં નાણું ખરૂં ભરજે
કપટીની સંગત પરિહરજે... હો નાણાવટી૦ ૩
અહીં રૂપૈયા-સિક્કા સહી ચાલે તારૂં પારખું હોય તો પારખી લે
જો ખોટા હશે તો નહિં ચાલે... હો નાણાવટી૦ ૪
તું તો લોભી શહેરનો છે રાજા તને લોભે મળીયા ઠગઝાઝા
જેહવા રાજા તેહવી પ્રજા... હો નાણાવટી૦ ૫
તું તો માઝમ રાતનો વહેપારી તારી પરદેશે ચિઠ્ઠીઓ ચાલી
તારા નામની હુંડીઓ સિકારી... હો નાણાવટી૦ ૬
નહિં જાણે કપટીની વાતો ખોટે નાણે રખે તું લલચાતો
તું તો સુરત શહેરનો વટ વાતો... હો નાણાવટી૦ ૭
ઈમ બોલે વિવેકવિજય વાણી કવિ રૂપવિજય દિલમાં આણી
તમે સાંભળજો ભવિયણ પ્રાણી... હો નાણાવટી૦ ૮

## ૩૮૧. નિદ્રાની સજ્ઝાય

વેરણ નિદ્રા ! તું ક્યાંથી રે આવી સુઈ સૂઈને સારી રાત ગમાવી... ૧
નિદ્રા કહે હું તો બાલીને ભોળી મોટા મોટા મુનિવરને નાખું છું ઢોળી... ૨
નિદ્રા કહે હું તો જમડાની દાસી એક હાથમાં મુક્તિને બીજા હાથમાં ફાંસી... ૩
ચાલો ચેતનજી ! સિદ્ધાચલ જઈએ આદીશ્વર ભેટીને પાવન થઈએ... ૪
આનંદઘન કહે સુનો ભાઈ બનીયા આપમૂઆ પછી ડુબ ગઈ દુનીયા... ૫

## ૩૮૨. નિયાણું નિવારક સજઝાય

સુધા સાધુજી રે, તુમે નિયાણું નિવારો;
નિયાણું કરીને તુમેં, તપ સંયમ કાં હારો. ૧
પંદરમા અધ્યયને પ્રગટ, વીર વદે એમ વાણી;
સંજમ માંહી મ ધરો સંશય, ખરા તો ગુણી ખાણી. ૨
મંત્ર જંત્રના ભામા છોડી. છોડો રાગ ને રોષ;
પરિષહે પગ પાછા મ ધરો, દૂર કરો સવિ દોષ. ૩
પરિચય ગૃહસ્થ તણો પરિહરીએ, અરસ નિરસ લ્યો આહાર;
પૂજાદિક વંછો મા કયારે, એ ઉત્તમ આચાર. ૪
સાવધ ભાષા નિત્ય પરિહરજો, ધરજો નિર્મળ ધ્યાન;
વિષય કષાય વિકથા વર્જીને, કરજો આગમજ્ઞાન. ૫
એણી પેરે સાધુ આચારે, જે ચારિત્રીયો ચાલે;
ખરી ક્રિયાનો ખપ કરે તો, મુક્તિપૂરીમાં મ્હાલે. ૬
સમિતિએ સમિતા ગુપ્તિએ ગુપ્તા, સત્તાવીશ ગુણધાર;
ઉદયરત્ન કહે એહને મેરો, નિત્ય હોજો નમસ્કાર. ૭

## [X] ૩૮૩. નિંદાની સજઝાય

નિંદા ન કરજો કોઈની પારકી રે નિંદાના બોલ્યા મહાપાપ રે
વૈર-વિરોધ વાધે ઘણો રે નિંદા કરતો ન ગણે માય ને બાપ રે...નિંદા૦ ૧
દૂર બળંતી કાં દેખો તુમે રે પગમાં બળતી દેખો સહુ કોય રે
પરના મેલમાં ધોયાં લુગડાં રે કહો કેમ ઉજળાં તે હોય રે... નિંદા૦ ૨
આપ સંભાળો સહુકો આપણો રે નિંદાની મૂકો પડી ટેવ રે
થોડે-ઘણે અવગુણે સહુ ભર્યા રે કેહનાં નળીયાં ચુએ, કેહનાં નેવરે..
નિંદા૦ ૩
નિંદા કરે તે થાયે નારકી રે તપ-જપ કીધું સહુ જાય રે
નિંદા કરો તો કરજો આપણી રે જેમ છુટક બારો થાય રે... નિંદા૦ ૪
ગુણ ગ્રહેજો સહુ કો' તણા રે જેહમાં દેખો એહ વિચાર રે
કૃષ્ણ પરે સુખ પામશો રે સમયસુંદર સુખકાર રે... નિંદા૦ ૫

## [?] ૩૮૪. પચ્ચખાણની સજ્ઝાય

નવકારશી કરૂં તો મારે મન વસી રે પોરસીના કરૂં પચ્ચખાણ, સતીય શિરોમણી (રે)
એકાસણા રૂપી બે મોતીડા રે નીવી રૂપી નવસેરો હાર, સતીય શિરોમણી (રે)
આંબિલરૂપી ઝાલ ઝબુકતી રે ઉપવાસે ઝબુકીયા મોર, સતીય શિરોમણી (રે) ૧

ત્રણ ઉપવાસે ત્રિભુવન મોહી રહ્યા રે પાંચ ઉપવાસે મોહ્યો ગુજરાત, સતીય શિરોમણી (રે)
આઠ ઉપવાસે આઠ કર્મક્ષય કર્યા એ દશ ઉપવાસે તાર્યો સંસાર, સતીય શિરોમણી (રે) ૨

પન્નર ઉપવાસે ઈંદ્રના બેસણાં રે માસખમણે મુક્તિનો વાસ, સતીય શિરોમણી (રે)
એવા તપતપીયા બ્રાહ્મી સુંદરી રે રાજીમતી સુકુમારી, સતીય શિરોમણી (રે) ૩

ધર્મે ભવ સફલો કીજીયે રે ધર્મના ચાર પ્રકાર, સતીય શિરોમણી (રે)
દાન-શીયલ-તપ-ભાવના રે તેહથી ભવજલ પાર, સતીય શિરોમણી (રે) ૪

દાનદઈ લાહો લીજીયે રે દાનથી જય જયકાર, સતીય શિરોમણી (રે)
તપ તપી કર્મ ખપાવીયા રે જ્ઞાનવિમલ સુખકાર, સતીય શિરોમણી (રે) ૫

## ૩૮૫. પરસ્ત્રી વર્જવાની સજ્ઝાય

પ્રભુ સાથે જો પ્રીત વંછો તો, નારી સંગ નિવારો રે;
કપટની પેટી કામણગારી, નિશ્ચે નરક દુવારો રે. ૧

એહની ગત એહ જ જાણે, રખે કોઈ સંદેહ આણો રે,
અબળા એવું નામ ધરાવે, સબળાને સમજાવે રે;
હરિહર-બ્રહ્મા-પુરંદર સરખા, તે પણ દાસ કહાવે રે. ૨

જાંગ ચીરીને માંસ ખવડાવ્યું, તો પણ ન થઈ એહની રે;
મુખની મીઠી દીલની જુઠી, કામિની ન હોય કોઈની રે. ૩

પગલે પગલે મન લલચાવે, શ્વાસોશ્વાસની જુદી રે;
ગરજ પડે ત્યારે ઘેલી થાયે, કામ સરે જાયે કુદી રે. ૪

કરણી એહની કહી નવિ જાએ, કામિની તણી ગતિ ન્યારી રે,
ગાયું એહનું જે નર ગાશે, તેણે સદ્‌ગતિ હારી રે. ૫

જો લાગી તો સર્વસ્વ લૂંટે, રૂઠી તો રાક્ષસી તોલે રે;
એમ જાણીને અળગા રહેજો, ઉદયરત્ન ઈમ બોલે રે. ૬

## ૩૮૬. પંચ પરમેષ્ઠીની સજ્ઝાય

### ઢાળ ૧ :

વારી જાઉં શ્રી અરિહંતની, જેહના ગુણ છે બાર; મોહન૦
પ્રાતિહારજ આઠ છે, મૂલ અતિશય ચાર. મો૦ વા૦ ૧
વૃક્ષ અશોક સુર કુસુમની, વૃષ્ટિ દિવ્ય ધ્વનિ વાણ; મો૦
ચામર-સિંહાસન-દુંદુભિ, ભામંડલ છત્ર વખાણ. મો૦ વા૦ ૨
પૂજા અતિશય છે ભલો, ત્રિભુવન જનને માન; મો૦
વચનાતિશય જોજન ગામી, સમજે ભવિઅ સમાન. મો૦ વા૦ ૩
જ્ઞાનાતિશય અનુત્તર તણા, સંશય છેદનહાર; મો૦
લોકાલોક પ્રકાશતાં, કેવલજ્ઞાન ભંડાર. મો૦ વા૦ ૪
રાગાદિક અંતરરિપુ, તેહનો કીધો અંત; મો૦
જિહાં વિચરે જગદીશ્વરૂં, તિહાં સાતે ઈતિ સમંત મો૦ વા૦ ૫
એહવા અપાયાપગમનો, અતિશય અતિ અદ્‌ભુત; મો૦
અહર્નિશ સેવા સારતા, કોડી ગમે સુર હુંત. મો૦ વા૦ ૬
માર્ગ શ્રી અરિહંતનો, આદરીયે ધરી નેહ; મો૦
ચાર નિક્ષેપે વાંદીયે, જ્ઞાનવિમલ ગુણ ગેહ. મો૦ વા૦ ૭

### ઢાળ ૨ :

નમો સિદ્ધાણં બીજે પદે રે લાલ, જેહના ગુણ છે આઠ રે; હું વારી લાલ;
શુકલધ્યાન અનલે કરી રે લાલ, બાળ્યા કર્મ કઠોર રે. હું૦ ન૦ ૧
જ્ઞાનાવરણી ક્ષયે લહ્યું રે લાલ, કેવલ જ્ઞાન અનંત રે; હું૦
દર્શનાવરણીય ક્ષયથી થયા રે લાલ, કેવલ દર્શન કંત રે. હું૦ ન૦ ૨
અક્ષય અનંત સુખ સહજથી રે લાલ, વેદની કર્મનો નાશ રે; હું૦
મોહનીય ક્ષયે નિર્મલો રે લાલ, ક્ષાયિક સમકિત વાસ રે. હું૦ ન૦ ૩
અક્ષય સ્થિતિ ગુણ ઉપજ્યો રે લાલ, આયુ કર્મ અભાવ રે; હું૦
નામકર્મ ક્ષયે નિપન્યો રે લાલ, રૂપાદિક ગત ભાવ રે. હું૦ ન૦ ૪
અગુરુલઘુ ગુણ ઉપન્યો રે લાલ, ન રહ્યો કોઈ વિભાવ રે; હું૦

ગોત્રકર્મના નાશથી રે લાલ, નિજ પ્રગટ્યા જસ ભાવ રે. હું૦ ન૦ ૫
અનંતવીર્ય આતમતણું રે લાલ, પ્રગટ્યો અંતરાય નાશ રે. હું૦
આઠે કર્મ નાશી ગયા રે લાલ, અનંત અક્ષય ગુણવાસ રે. હું૦ ન૦ ૬
ભેદ પંદર ઉપચારથી રે લાલ, અનંતર પરંપર ભેદ રે. હું૦
નિશ્ચયથી વીતરાગના રે લાલ, ત્રિકરણ કર્મ ઉચ્છેદ રે. હું૦ ન૦ ૭
જ્ઞાનવિમલની જ્યોતિમાં રે લાલ, ભાસિત લોકાલોક રે; હું૦
તેહના ધ્યાન થકી થશે રે લાલ, સુખીયા સઘળાં લોક રે. હું૦ ન૦ ૮

## ઢાળ ૩ :

આચારી આચાર્યનુંજી, ત્રીજે પદે ધરો ધ્યાન;
શુભ ઉપદેશ પ્રરૂપતાંજી, કહ્યા અરિહંત સમાન.
સૂરીશ્વર નમતાં શિવસુખ થાય, ભવોભવનાં પાતિક જાય. ૧
પંચાચાર પલાવતાંજી, આપણતે પાલંત;
છત્રીશ છત્રીશી ગુણે કરીજી, અલંકૃત તનુ વિલસંત. સૂ૦ ૨
દર્શન જ્ઞાન ચારિત્રનાજી, એકેક આઠ આચાર;
બારહ તપ આચારનાજી, ઈમ છત્રીશ ઉદાર. સૂ૦ ૩
પડિ રૂપાદિક ચૌદ છેજી, વલિ દશવિધ યતિ ધર્મ;
બારહ ભાવના ભાવતાંજી, એ છત્રીશ મર્મ. સૂ૦ ૪
પંચેન્દ્રિય દમે વિષયથીજી, ધારે નવનિધ બ્રહ્મ;
પંચ મહાવ્રત પોષતાંજી, પંચાસાર સમર્થ. સૂ૦ ૫
સમિતિ-ગુપ્તિ શુદ્ધિ ધરેજી, ટાળે ચાર કષાય;
એ છત્રીશી આદરેજી, ધન્ય ધન્ય તેહની માય. સૂ૦ ૬
અપ્રમત્તે અર્થ ભાખતાંજી, ગણિ સંપદ જે આઠ;
છત્રીશ ચઉ વિનયાદિકેજી, એમ છત્રીશે પાઠ. સૂ૦ ૭
ગણધર ઉપમા દીજીએજી, યુગ પ્રધાન કહાય;
ભાવ ચારિત્રી એહવાજી, જિહાં જિન માર્ગ ઠરાય. સૂ૦ ૮
જ્ઞાનવિમલ ગુણ ગાવતાંજી, ગાજે શાસન માંહી;
તે વાંદી નિર્મળ કરોજી, બોધિ બીજ ઉચ્છાંહી. સૂ૦ ૯

## ઢાળ ૪ :

ચોથે પદે ઉવજ્ઝાયનું, ગુણવંતનું ધરો ધ્યાન રે;
યુવરાજ સમ તે કહ્યા, પદ સૂરિ ને સમાન રે. ચોથે૦ ૧
જે સૂરિસમાન વ્યાખ્યાન કરે, પણ મન ન ધરે અભિમાન રે;
વળી સૂત્ર અર્થનો પાઠ દીયે, ભવિજીવને સાવધાન રે. ચોથે૦ ૨
અંગ અગિયાર ચૌદ પૂર્વ જે, વલી ભણે ભણાવે જેહ રે;
ગુણ પચવીશ અલંકર્યા, દૃષ્ટીવાદે અર્થના ગેહ રે. ચોથે૦ ૩
બહુ નેહે અર્થ અભ્યાસે સદા, મન ધરતા ધર્મ ધ્યાન રે;
કરે ગચ્છ નિશ્ચિંત પ્રવર્તક, દીયે સ્થવિરને બહુ માન રે. ચોથે૦ ૪
અથવા અંગ અગ્યાર જે વલી, તેહના બાર ઉપાંગ રે;
ચરણ કરણની સિત્તરી, જે ધારે આપણે અંગ રે. ચોથે૦ ૫
વલી ધારે આપણે અંગે, પંચાંગી મતે શુદ્ધ વાણ રે;
નય ગમ ભંગ પ્રમાણ વિચાર ને, દાખતા જિન આણ રે. ચોથે૦ ૬
સંઘ સકલ હિત કારીયા, રત્નાધિક મુનિ હિતકાર રે;
પણ વ્યવહાર પ્રરૂપતાં, કહે દશ સામાચારી આચાર રે. ચોથે૦ ૭
ઈન્દ્રિય પંચથી વિષય વિકારને, વારતાં ગુણ ગેહ રે;
શ્રી જિનશાસન ધર્મધૂરા, નિર્વહેતા શુચિ દેહ રે. ચોથે૦ ૮
પચવીશી પચવીશ ગુણ તણી, જે ભાખી પ્રવચન માંહી રે;
મુક્તાફલ શુક્તી પરે, દીપે જસ અંગ ઉચ્છાંહી રે. ચોથે૦ ૯
જસ દીપે અતિ ઉચ્છાંહે, અધિક ગુણે જિનથી એકતાન રે;
એહવા વાચકનું ઉપમાન શું કહું, જેહથી શુભ ધ્યાન રે. ચોથે૦ ૧૦

## ઢાળ ૫ :

તે મુનિને કરૂં વંદન ભાવે, જે ષટકાય વ્રત રાખે રે;
ઈન્દ્રિય પણ દમે વિષય વિકારથી, વણી શાન્ત સુધારસ ચાખે રે.તે૦ ૧
લોભ તણા નિગ્રહ ને કરતા, વલી પડિલેહણાદિક કિરિયા રે;
નિરાશંસ યતના એ બહુ દીપે, વળી કરણ શુદ્ધિ ગુણ દરિયા રે. તે૦ ૨
અહર્નિશ સંયમ યોગશું યુકતા, દુર્ધર પરિષહ સહેતા રે;
મન-વચ-કાય કુશલતા યોગે, વરતાવે ગુણ અનુસરતા રે. તે૦ ૩

છંડે નિજ તનું ધર્મને કાજે, વલી ઉપસર્ગાદિક આવે રે;
સત્તાવીશ ગુણે કરી સોહે, સૂત્રાચાર ને ભાવે રે. તે૦ ૪

જ્ઞાન-દર્શન-ચારિત્ર તણા જે, ત્રિકરણ યોગ આચાર રે.
અંગે ધરે નિસ્પૃહતા શુદ્ધિ, તે સત્તાવીશ ગુણ સાર રે. તે૦ ૫

અરિહંત ભક્તિ સદા ઉપદેશે, વાચક સૂરિના સહાઈ રે;
મુનિ વિના સર્વ ક્રિયા નવિ સુઝે, તીર્થ સકલ સુખદાઈ રે. તે૦ ૬

પદ પાંચમે ઈણીપરે ધ્યાવો, પંચમી ગતિને સાધો રે;
સુખી કરજો શાસનનાયક, જ્ઞાનવિમલ ગુણ વાધો રે. તે૦ ૭

## ૩૮૭. પાંજરાની સજઝાય

પાંજરૂ પોતાનું પોપટ જાળવે જો કાંઈ તું છે ચતુર સુજાણ જો
પારધી પુંઠે પુંઠે ફીરે જો કાંઈ ઓચિંતુ આવશે બાણ જો...પાંજરૂ૦ ૧

કડવા ફળ છે ચાર કષાયના જો કાંઈ સારૂં ફળ છે ધર્મ જો
સુર-નર સરિખા જાળવે જોએ તો જૈનધર્મનો મર્મ જો... પાંજરૂ૦ ૨

એ રે કાયા પોપટ પાંજરે જો કાંઈ ઈંદ્રિયોનો પહેરેલો વેષ જો
મૂકી માયા રે જમડા પારધી જો કર્મ સુથારે ઘડીયું તેહ જો... પાંજરૂ૦૩

કડવા કષાયલા ખાટાં ખારવા જો તેમાં બોળીશ નહિં ચાંચ જો
સારૂં ફળ હોય તો સેવજે જો એમ કવિયણ કહે કરજોડ જો... પાંજરૂ૦ ૪

તું જઈ બેસજે ઝાડવે ઝાડવે જો ત્યાં મળશે કોઈક પોપટડાનો સાથ જો
કોઈક આવશે તુજને તેડવા જો કહે કાંતિવિજય કરજોડ જો...
પાંજરૂ૦ ૫

## ૩૮૮. પુણ્યફળની સજઝાય

સરસ્વતિ સામિણી પય નમીજી રે, પ્રણમી સદ્‌ગુરૂ પાય,
દાન તણાં ગુણ હું ભણુંજી, સાંભળતા સુખ થાય.
રે જીવડા ! દીધાના ફળ જોય..........
વિણ દીધાં કેમ પામીએજી, હૃદયે વિચારી જોય રે. ૧

એક ઘેર ઘોડા હાથીયાજી, પાયક સંખ્યા ન પાર;

મ્હોટા મંદિર માળીયાજી, વિશ્વ તણો આધાર રે. જીવડા૦ ૨

ભરીયાને સહુકો ભરેજી, વૂઠયા વરસે મેહ;
સુખીયાના સહુ કો સગાજી દુઃખીયાશું નહીં નેહ રે. જીવડા૦ ૩

બેઉ નર સાથે જનમીયાજી, એવડો અંતર આજ;
એક માથે ભારો વહેજી, એક તણે ઘેર રાજ રે. જીવડા૦ ૪

એક સુખીયા દીસે સદાજી; દુઃખીયા એક જ હોય;
સુખ દુઃખ બેઉ આંતરૂજી, પુણ્ય તણાં ફળ જોય રે. જીવડા૦ ૫

સેવ સુંવાળી લાપસીજી, ભોજન કુર કપૂર;
એકને કુકશ ઢોકળાંજી, પેટ ન પહોંચે પૂર રે. જીવડા૦ ૬

એક ઘર આંગણ મલપતીજી, મીઠાબોલી રે નાર;
એક ઘર કાળી કુબડીજી, કોઈ ન ચડે ઘર દ્વાર રે. જીવડા૦ ૭

એક ચઢી ઘોડે હાલતાજી, એક આગળ ઉભાય;
એક નર પોઢે પાલખીજી, એક ઉવાણે પાય રે. જીવડા૦ ૮

એક ઘર બેટા સુંદરૂજી, રાખે ઘરના સૂત્ર;
એક ઘેર દીસે વાંઝીયાજી, એક કુળ ખાંપણ કુપુત્ર રે. જીવડા૦ ૯

એક પાય પટોળી પહેરેજી, પહેરણ ઝાકઝમાળ;
એક તણે નહી પહેરવાજી, ફાટલ-તૂટેલ ચીર રે. જીવડા૦ ૧૦

એક ચિહું માંહે જાણીયેજી, વિશ્વમાંહે ચોસાળ;
એક નામ ન જાણીયેજી, નામ હોયે ધનપાળ રે. જીવડા૦ ૧૧

રોષ ન ધરજ્યો માનવીજી, દૈવ ન દેજો રે ગાળ;
જો કર વાવ્યા કોદરાજી, તો કેમ લણશો શાળ રે. જીવડા૦ ૧૨

દત્તવિણ ગર્વ ન કીજીયેજી, ભોળા મૂરખ લોક,
જિમ દીપક તેલ જ વિનાજી, ક્ષણમાં થાએ ફોક રે. જીવડા૦ ૧૩

પાત્ર કુપાત્રનો આંતરોજી, જોજો કરીને વિચાર;
શાલિભદ્ર સુખ ભોગવેજી, પાત્ર તણે અનુસાર રે. જીવડા૦ ૧૪

આણ મ ખંડો જિનતણીજી, શુભ-અશુભ ફળ જાણ;

મુનિ લાવણ્યસમય ભણેજી, એ સવિ પુણ્ય પ્રમાણ રે. જીવડા૦૧૫

## [+] ૩૮૯. પૈસાની સજ્ઝાયો (૧)

પૈસા પૈસા પૈસા તારી વાત લાગે પ્યારી
રાત-દિવસ પૈસા ને માટે ભટકે નર ને નારી...
રે ભાઈ ! ભટકે નરને નારી-૧
ભણવું-ગણવું પૈસા માટે પૈસો ઘેબર-ધારી
પૈસાથી બાલુડા છાના પૈસે મોટી યારી...
રે ભાઈ ! પૈસે મોટી યારી-૨
પૈસાથી પરમેશ્વર નાના પૈસો દેવ વેચાવે
પૈસાની પૂજારી દુનિયા પૈસો નાચ નચાવે...
રે ભાઈ ! પૈસા નાચ નચાવે-૩
હિંસા-ચોરી પૈસા માટે પૈસો સર્વે વહાલું
આજીજી પૈસાને માટે વેણ બોલવું કાલું...
રે ભાઈ ! વેણ બોલવું કાલું-૪
પૈસા માટે નોકર રહેવું પૈસા માટે શેઠો
પૈસા માટે રાજા-રયૈત પૈસા માટે વેઠો...
રે ભાઈ ! પૈસા માટે વેઠો-૫
પૈસા આગળ ગુરૂ નકામા પૈસા માટે દોડે
પૈસા માટે ગાંડો-ઘેલો ઝંખ્યો માથું ફોડે...
રે ભાઈ ! ઝંખ્યો માથું ફોડે-૬
પૈસાથી વહાલા છે બાપા પૈસા માટે છાપા
પૈસાના લોભે છે ટંટા યુદ્ધે કાપં કાપા...
રે ભાઈ ! યુદ્ધે કાપં કાપા-૭
પૈસાથી દૂરે જે રહેતાં તે જન સાચા ત્યાગી
બુદ્ધિસાગર નિર્લોભીજન મુનિવર છે વૈરાગી...
રે ભાઈ ! મુનિવર છે વૈરાગી-૮

## ૩૯૦. પૈસાની સજ્ઝાયો (૨)

દેશ મુલકને પરગણે હાકમ હુકમ કરંત

છડીદાર ચોપદાર ઉભા ચામરછત્ર ધરંત...
રૂપિયાની શોભારે શી કહું ૧
હાથી-ઘોડા રે આંગણે સોના-રૂપાના સાજ
જડીયા મોતીને હીરલે એ સહુ ભાઈની લાજ...
રૂપિયાની શોભારે શી કહું ૨
કસબી સેલા ને પાલખી રથ ધોરી ઘુઘર માળ
સેવક દોડે રે મલપતાં એ ધનપાલની ચાલ...
રૂપિયાની શોભારે શી કહું ૩
ઉંચા મંદિર માળીયાં કોરણીયાળા છે ગોખ
ગાદી તકિયા રે ઢોલીયા બેઠા માણે છે મોજ...
રૂપિયાની શોભારે શી કહું ૪
ખરચે ને વાપરે ખંતશું અઢળક દેતાં રે દાન
આવો, પધારોજી, સહુ કહે લાકડવાયાના માન...
રૂપિયાની શોભારે શી કહું ૫
વિવાહ વાજન ઉજળા સંઘપતિ માન ધરાય
સંઘ ચલાવે રે તીરથે સહુએ રૂપિયા પસાય...
રૂપિયાની શોભારે શી કહું ૬
ગરથ વિહુણો રે ગાંગલો ગરથે ગાંગજી શેઠ
ગરથ વિનાના રે પ્રાણીયા દીઠા કરતાં રે વેઠ...
રૂપિયાની શોભારે શી કહું ૭
સંગ્રામ સોની રે વાપરે મહોરો છત્રીસ હજાર
વસ્તુપાલ તેજપાળ ઉજળા એ સહુ ભાઈના ઉપકાર...
રૂપિયાની શોભારે શી કહું ૮
પામી ખરચે નહિં લોભીયા સંચે બહોળી રે આથ
મમ્મણ સરિખારે પ્રાણીયા જાય ઘસતા રે હાથ...
રૂપિયાની શોભારે શી કહું ૯
જિનપતિ ગણપતિ ઈમ કહે જીવને છે દશપ્રાણ
રૂપિયા શેઠજીને જગ કહે એ અગીયારમો પ્રાણ...
રૂપિયાની શોભારે શી કહું ૧૦

દીપવિજય કવિરાજજી પ્રભુ દીએ વરસી રે દાન
જગમાં કહેવાય ઉજળા એ કુદડીયાળાના માન...
રૂપિયાની શોભારે શી કહું ૧૧

## ૩૯૧. પ્રતિક્રમણની સજ્ઝાયો (૧)

કર પડિક્કમણું ભાવશુંજી, સમભાવે ચિત્ત લાય;
અવિધિ દોષ જો સેવશોજી, તો નહિ પાતક જાય,
ચેતનજી ! એમ કેમ તરશોજી. ૧

સામાયિકમાં સામટીજી, નિદ્રા નયણે ભરાય;
વિકથા કરતાં પારકીજી, અતિ ઉલ્લસિત મન થાય. ચેતનજી૦૨

કાઉસ્સગમાં ઉભા થકા, કરતાં દુ:ખે રે પાય;
નાટક પ્રેક્ષણ જોવતાંજી, ઉભા રયણી જાય. ચેતનજી૦ ૩

સંવરમાં મન નવિ રૂચેજી, આશ્રવમાં હુંશિયાર;
સૂત્ર સુણે નહિ શુભ મનેજી, વાત સુણે ધરી પ્યાર. ચેતનજી૦૪

સાધુજનથી વેગલોજી, નીચશું ધારે નેહ;
કપટ કરે ક્રોડો ગમેજી, ધર્મમાં ધ્રુજે દેહ. ચેતનજી૦ ૫

ધર્મની વેલા નવિ દીએજી, ફૂટી કોડી રે એક;
રાજાએ રૂંધ્યો થકોજી, ખૂણે ગણી દીએ છેક. ચેતનજી૦ ૬

જિનપૂજા ગુરુ વંદનાજી, સામાયિક પચ્ચકખાણ;
નવકારવાલી નવિ રૂચેજી, કરે મન આર્તધ્યાન. ચેતનજી૦ ૭

ક્ષમા દયા મન આણીયેજી, કરીયે વ્રત પચ્ચકખાણ;
ધરીયે મનમાંહિ સદાજી, ધર્મ-શુકલ દોય ધ્યાન. ચેતનજી૦૮

શુદ્ધ મને આરાધશોજી, જો ગુરુના પદપદ્મ;
રૂપવિજય કહે પામશોજી, તો સુર શિવસુખ સદ્મ. ચેતનજી૦ ૯

## • [?] ૩૯૨. પ્રતિક્રમણની સજ્ઝાયો (૨)

કર પડિક્કમણું ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન લાલ રે;
પરભવ જાતાં જીવને, સંબળ સાચું જાણ લાલ રે. કર૦ ૧

શ્રી મુખ વીર ઈમ ઉચ્ચરે, શ્રેણિકરાય પ્રતે જાણ લાલ રે;
લાખ ખાંડી સોના તણી; દીયે દિન પ્રત્યે દાન લાલ રે. ક૨૦૨
લાખ વર્ષ લગે ને વળી, એમ દીયે દ્રવ્ય અપાર લાલ રે;
એક સામાયિકને તોલે, નાવે તેહ લગાર લાલ રે. ક૨૦ ૩
સામાયિક ચઉવીસત્થો, ભલું વંદન દોય દોય વાર લાલ રે;
વ્રત સંભારો રે આપણા, તે ભવ કર્મ નિવાર લાલ રે. ક૨૦ ૪
કર કાઉસ્સગ્ગ શુભ ધ્યાનથી, પચ્ચક્ખાણ સૂધુ વિચાર લાલ રે;
દોય સજ્ઝાયે તે વળી, ટાળો ટાળો અતિચાર લાલ રે. ક૨૦ ૫
શ્રી સામાયિક પ્રમાદથી, લહીયે અમર વિમાન લાલ રે;
ધર્મસિંહ મુનિ એમ ભણે, એ છે મુક્તિ નિદાન લાલ રે. ક૨૦ ૬

## ૩૯૩. પ્રતિક્રમણની સજ્ઝાયો (૩)

ગોયમ પૂછે શ્રી મહાવીરને રે, ભાખો ભાખો પ્રભુજી સંબંધ રે;
પ્રતિક્રમણથી શ્યું ફળ પામીએ રે, શું શું થાયે પ્રાણીને બંધ રે. ગો૦ ૧

સાંભળો ગોયમ જે કહું પુન્યથી રે, કરણી કરતાં પુન્યનો બંધ રે;
પુન્યથી બીજો અધિકો કો નહિ રે, જેથી થાયે સુખ સંબંધ રે. ગો૦ ૨

ઈચ્છા પડિક્કમણું કરી પામીએ રે, પ્રાણી પુન્યનો બંધ રે;
પુન્યની કરણી જે ઉવેખશે રે, પરભવ થાશે અંધોઅંધ રે. ગો૦ ૩

પાંચ હજાર ઉપર પાંચશે રે, દ્રવ્ય ખરચી લખાવે જેહ રે;
જીવાભિગમ ભગવઈ પન્નવણા રે, મૂકે ભંડારે પુન્યની રેહ રે. ગો૦ ૪

પાંચ હજાર ઉપર પાંચશે રે, ગાયો ગર્ભવતી જેહ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે, મુહપત્તિ આપ્યાનું પુન્ય એહ રે. ગો૦ ૫

દસ હજાર ગોકુલ ગાયો તણી રે, એકે કો દશ હજાર પ્રમાણ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે, ઉપજે પ્રાણીને નિરવાણ રે. ગો૦ ૬

તેથી અધિકું ઉત્તમફળ પામીએ રે, પરને ઉપદેશ દીધાનું જાણ રે;
ઉપદેશ થકી સંસારી તરે રે, ઉપદેશે પામે પરિમલ નાણ રે. ગો૦ ૭

શ્રી જિનમંદિર અભિનવ શોભતાં રે, શિખરનું ખરચ કરાવે જેહ રે;
એકે કો મંડપ બાવન ચૈત્યનો રે, ચરવલો આપ્યાનું પુન્ય એહ રે. ગો૦ ૮

માસખમણની તપસ્યા કરે રે, અથવા પંજર કરાવે જેહ રે;
એહવા ક્રોડ પંજર કરતાં થકાં રે, કાંબલિયું આપ્યાનું ફળ એહ રે. ગો૦ ૯

સહસ અઠ્યાસી દાનશાળા તણો રે, ઉપજે પ્રાણીને પુન્યનો બંધ રે;
સ્વામી સંઘાતે ગુરુ સ્થાનકે રે, પ્રવેશે થાએ પુન્યનો બંધ રે. ગો૦ ૧૦

શ્રી જિનપ્રતિમા સોવનમય કરે રે, સહસ અઠ્યાસી પ્રમાણ રે;
એકેકી પ્રતિમા પાંચશે ધનુષ્યની રે, ઈરયાવહી પડિક્કમતાં ફલ જાણ રે. ગો૦ ૧૧

આવશ્યક પન્નવણા જુગતે ગ્રંથમાં રે, ભાખ્યો એ પડિક્કમણાનો સંબંધ રે;
જીવા ભગવઈ આવશ્યક જોઈને રે, સ્વમુખ ભાખે વીરજિણંદ રે. ગો૦૧૨

વાચક જસ કહે શ્રદ્ધા ધરો રે, પાલે શુદ્ધ પડિક્કમણાનો વ્યવહાર રે;
અનુત્તર સમ સુખ પામે માટે મોટકું રે, પામશે ભવિજન ભવજલ પાર રે.
ગો૦૧૩

## ૩૯૪. પાંચ ગતિની સજઝાયો (૧)

આરંભ કરતો રે જીવ છોડી શકે નહિ, ધન મેલણ તૃષ્ણા અપારોજી;
ઘાત કરે પંચેન્દ્રિય જીવનો, વળી કરે મધ માંસનો આહારોજી,
એ ચાર પ્રકારે રે જીવ જાયે નારકી. ૧

કુડકપટ ને ગૂઢ માયા કરે, વળી બોલે મૃષાવાદજી;
કુંડા તોલા ને કુડાં રાખે માપલાં, ખોટા લેખ લખાયજી,
એ ચાર પ્રકારે રે જીવ જાય તિર્યંચમાં. ૨

ભદ્રિક પરિણામે રે સરલ સ્વભાવથી, વળી વિનયતણાં ગુણ ગાયજી;
દયાભાવ રાખે જે દીલમાં, મત્સર નહી ઘટમાંયજી,
એ ચાર પ્રકારે રે જીવ જાય મનુષ્યમાં. ૩

સરાગપણાથી રે પાળે સાધુપણું, વળી શ્રાવકનાં વ્રત બારજી;
અજ્ઞાનકષ્ટ ને અકામ નિર્જરા, તિણશું સુર અવતારો જી,
એ ચાર પ્રકારે રે જીવ થાય દેવતા. ૪

જ્ઞાનથી જાણે રે જીવ-અજીવને, શ્રદ્ધાથી સમકિત થાય જી;
ચારિત્રથી રોકે નવાં કર્મ આવતાં, તપથી પૂર્વલાં કર્મ ખપાવેજી.

એ ચાર પ્રકારે રે જીવ જાય મોક્ષમાં. ૫

આર્ત-રૌદ્રધ્યાન બેઉ પરિહરો, ધર્મ-શુકલ ધરો ધ્યાનજી;
પરપરિણતિ તજી નિજપરિણતિ ભજો, તો જીવનું શિવનિશાનજી.
મતિ પ્રમાણે રે ગતિ થાય જીવની;

## [?] ૩૯૫. પાંચ ગતિની સજઝાયો (૨)

આરંભ કરતો જીવડો રે સેવે પાપ અઢાર;
ક્રોધ-લોભ-તૃષ્ણા ઘણી રે મદ્યમાંસ કરે આહાર,
સોભાગી પ્રાણી ! જો જો આપ કમાઈ. ૧

અતિનિર્દય બની કરી રે,પંચેંદ્રિય કરે ઘાત;
વેર-વિરોધ ઘણાં કેળવે રે, તેહનો નરકમાં પાત. ૨

કૂડ-કપટ છલપ્રપંચ ઘણાં રે, લુંટણવૃત્તિ ધરનાર;
કૂડા તોલા કૂડા માપલા રે, કેળવે માયા અપાર. ૩

ખોટા લેખ લખે ઘણાં રે, જુઠા બોલા કહેવાય;
ખોટી સાક્ષીઓ જે પૂરે રે, તિર્યંચગતિમાં તે જાય. ૪

સરલ સ્વભાવી આતમા રે, પરિણામે ભદ્રિક હોય;
વિનય વિવેક દિલમાં વસે રે, દૂભવે ન જીવને કોય. ૫

પરસુખે સુખીયો રહે રે, પરદુઃખે દુઃખીયો થાય;
જિનવર ધર્મ આરાધતો રે, ફરી મનુષ્યભવ પાય. ૬

ચારિત્ર પાળે સરાગથી રે, શ્રાવકનાં વ્રત બાર;
અજ્ઞાન તપ કરે આકરા રે, સહેતો કષ્ટ અપાર. ૭

કોઈ કેશલુંચન કરે રે, કોઈ જટા શિર ધરાય;
એવી અકામ નિર્જરા થકી રે, સામાન્ય દેવ તે થાય. ૮

જિનાગમ ભણવા થકી રે, જાણે ધર્મ અધર્મ;
જડ-ચેતનના ભેદનો રે, પામે તેહનો મર્મ. ૯
ચારિત્ર રોકે નવા કર્મને રે, જુના કર્મ તપથી ખપાય;
સમભાવે રમતો થકો રે, તે જીવ મોક્ષમાં જાય. ૧૦

શુભાશુભ કૃત કર્મથી રે, જીવ પામે સુખ-દુઃખ;
જો સુખ ઈચ્છો પ્રાણીયા રે,તો બાળો કર્મના મુખ. ૧૧

ક્ષમાદિ ગુણને આદરી રે, કરો જિનવરની સેવ;
'આણાએ ધમ્મો' જિને કહ્યું રે, બાલ કહે ટાળો ભવહેવ. ૧૨

## ૩૯૬. ફુલની માળાની સજ્ઝાય

એક નારી દોય પુરૂષ મળીને, નારી એક નિપાઈ
હાથ-પગ નવિ દીસે તેહના, માં વિના બેટી જાઈ...
ચતુરનર ! એ કુણ કહીયે નારી એ તો દીસે છે રંગ રસીલી... ચતુરનર૦ ૧
ચીર ચુંદડી ચયણા ચોળી નવિ પહેરે તે સાડી
છેલ પુરૂષ દેખીને મોહે એવી તેહ રૂપાળી... ચતુરનર૦ ૨
ઉત્તમ જાતિ નામ ધરાવે મનમાને ત્યાં જાવે
કંઠે વળગી લાગે પ્યારી સાહેબને રીઝાવે... ચતુરનર૦ ૩
*ઉપાસરે તો કદીય ન જાવે દેહરે જાયે હરખી*
નર-નારીશું રંગે રમતી સહુકો સાથે સરખી... ચતુરનર૦ ૪
એક દિવસનું યૌવન તેહનું ફરી ન આવે કામ
પાંચ અક્ષર છે સુંદર તેહના શોધી લેજો નામ... ચતુરનર૦ ૫
ઉદયરતન વાચક એમ જંપે સુણજો નર ને નારી
એ હરિયાળીનો અર્થ કરે જે સજ્જનની બલિહારી... ચતુરનર૦ ૬

## ૩૯૭. બીડીની સજ્ઝાય

દેખાદેખીએ ચાલતાંજી, પામર પામે સંતાપ;
વ્યસન વિલુધા બાપડાજી, બાંધે બહુલા પાપ રે..
પ્રાણી ! બીડી વ્યસન નિવાર, ફોગટ ભવ કેમ હાર રે. પ્રાણી૧
ધર્મ ધન ધાતુ હણેજી, છકાય જીવ વિનાશ;
કર્મ જોરે જઠર વ્યથાજી રે, પ્રગટે શ્વાસ ને ખાંસ રે. પ્રાણી૦ ૨
પ્રતિદિન પંચવીસ પીવતાંજી રે, સો વર્ષે નવ લાખ;
ગતિ-મતિ વિણસે સદાજી, છાતી હોવે ખાખ રે. પ્રાણી૦ ૩
ચિત્ત બંધાણું ચોરટીજી રે, હારે જન્મ નિટોલ;
ધુમાડે બાચકા ભરેજી, અંદર પોલમપોલ રે. પ્રાણી૦૪

નવકારસી પોરસી નહિંજી રે, નહિં પોષધ ઉપવાસ;
રાત્રે ચોવિહાર નહિં બનેજી, બાંધ્યો બીડીએ પાસ રે. પ્રાણી૦૫
મુખ ગંધા માનવ તણીજી રે, નાત વધારે જાય;
વાર્યા ન વળે બાપડાજી, પછી ઘણાં પછતાય રે. પ્રાણી૦ ૬
દાંત પડે આંખ્યું ગળેજી રે, અતિશય થાય હેરાન;
ધર્મરતન ચેતો હવેજી રે, લ્યો બીડી પચ્ચક્ખાણ રે. પ્રાણી૦૭

## [?] ૩૯૮. ભવિષ્યની સજ્ઝાય

ભવિષ્યમાં લખ્યું હોય તે થાય,
ડહાપણ કોઈનું કામ ન આવે, ક્રોડ કરોને ઉપાય. ભ૦ ૧

રાજાને મન રઢ જ લાગી, ત્યારે મૃગયા રમવા જાય;
સાધુ મુનિ સંતાપ્યા ત્યારે, સર્પ ડસે શું થાય. ભ૦ ૨

મંગલ મુહૂરત શુભ ચોઘડીયું, પ્રથમ ગ્રહ પૂજાય;
જાણ જોશી જાણતાં છતાં, રંગભેર શીદને રંડાય. ભ૦ ૩

રામચંદ્રજી જાણતાં છતાં, વનમાં શીદને જાય;
સતી સીતાને કલંક આવ્યું, ત્યારે રાવણ રણમાં રોળાય. ભ૦ ૪

અર્જુન-ભીમ-નકુલ-સહદેવ, રાજા ધર્મી કહેવાય;
પાંચ પાંડવ જાણતાં છતાં, દ્રૌપદી શીદને લુંટાય. ભ૦ ૫

ચંદનબાળા ચૌટે વેચાણી, રાખ્યા છે મૂળાને ઘેર;
હાથે પગે બેડી ડસકલાં એમને, રાખ્યાં છે ગુપ્ત ભંડાર. ભ૦ ૬
સતી સુભદ્રાને કલંક આવ્યું ત્યારે, સાસુએ દીધી છે આળ;
જીહ્‌વાએ કરી તરણું કાઢ્યું ત્યારે, મુનિને કપાળે ટીલું થાય. ભ૦૭

સતી અંજનાને કલંક આવ્યું ત્યારે, સાસુએ દીધી છે આળ;
માબાપે પણ પાણી ન પાયું, કાઢ્યા છે ઉજ્જડ વનવાસ. ભ૦ ૮

હીરવિજય ગુરુ હીરલો, લબ્ધિવિજય ગુણ ગાય;
માણેકવિજય ગુરુ ઈમ ભણે, તમે સાંભળી લેજો સાર. ભ૦ ૯

## ૩૯૯. મનની સજ્ઝાયો (૧)

ક્યાં કરૂં મન સ્થિર નહી રહતા, અધર ફીરે મન મેરા રે;
યહ મનકો બેરબેર સમજાયા, સમજ સમજ મન મેરા રે. ૧
બેઠ કહું તો ઉઠ ચલત હે, મન દોડે મન ધીરા રે;
પલક પલક મન સ્થિર નહી રહેતા, કોણ પનીયારા મન મેરા રે. ૨
કુડ કપટ મહ વિષ ભરીયો, પરનારી સંગ કેરા રે;
ભવભવમાં જીવ કાલ ભટકતો, ફોગટ ફરીયા ફેરા રે. ૩
કુટુંબ કબીલા માલ ખજાના, ઈસમેં નહિ કોઈ તેરા રે;
સાંજ ભઈ જબ ઉઠ ચલેગા, જંગલ હોગા ડેરા રે. ૪
કહત આનંદઘન મન સમજાયા, મન કાયર મન સુરા રે;
મનકા ખેલ અજબકા પ્યાલા, પીએ સો પીવન હારા રે. ૫

## ૪૦૦. મનની સજ્ઝાયો (૨)

મન માંકલડું આણા ન માને, અરિહંત કહો કિમ કીજે રે;
રાત દિવસ હિંડે હલફલતું, શીખામણ શી દીજે રે. મન૦ ૧
રાજમાર્ગ મૂકી બાપડલું, ઉવટ વાટે જાવે રે;
આઠ પહોર અટતો નિરંતર, તૃપતો કિમહી ન થાવે રે. મન૦૨
ક્ષણ ધરાયો ક્ષણ ભૂખ્યો, ભૂંડો ક્ષણ રૂપે ક્ષણ તુસે રે;
ધર્મ તણા ફળ સરસ ન ચાખે, પાપ તણા ફળ લુસે રે. મન૦ ૩
લાખ ચોરાશી ચાચર ચઢીયો, રંકપણે રડવડીઓ રે;
ધર્મ વિના તે ભવ ભવ હીંડે, કર્મ તણે વશ પડીઓ રે. મન૦ ૪
આશા બાંધે ડુંગર જેવડી, ત્રેવડ કીમહી ન પહોંચે રે;
ચિંતા જાળ પડયું પસ્તાવે, પરવશ પડીઉ વિગુચે રે. મન૦ ૫
મૂળ મંત્ર ને તંત્ર કરીને, મન માંકડ વશ આણે રે;
પભણે પ્રીતવિમલ મન સાચે, એહને સહુએ વખાણે રે મન૦ ૬

## ૪૦૧. મનની સજ્ઝાયો (૩)

મનાજી તું તો જિન ચરણે ચિત્ત લાય, તેરો અવસર વિત્યો જાય,
ઉદર ભરણ કે કારણ રે, ગૌઆ વનમેં જાય;
ચારો ચરે ચિહું દિશિ ફરે રે, વાંકુ ચિત્તડું વાછરીયામાંય. મનાજી૦ ૧

ચાર પાંચ સાહેલી મલીને, હીલમીલ પાણી જાય;
તાળી દિયે ખડ ખડ હસે રે, વાંકું ચિત્તડું ગાગરીયા માય. મનાજી૦ ૨
નટવો નાચે ચોકમાં રે, લખ આવે લખ જાય;
વંશ ચઢી નાટક કરે રે, વાંકું ચિત્તડું દોરડીયા માય. મનાજી૦ ૩
સોની સોનાના ઘાટ ઘડે રે, વળી ઘડે રૂપાના ઘાટ;
ઘાટ ઘડે મન રીઝવે રે, વાંકું ચિત્તડું સોનૈયા માંય. મનાજી૦ ૪
જુગટીયા મન જુગટું રે, કામિનીને મન કામ;
આનંદઘન એમ વિનવે રે, ઐસો પ્રભુ કો ધર ધ્યાન. મનાજી૦ ૫

## [X] ૪૦૨. મનની સજઝાયો (૩)

ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો ભમીયો દિવસે ને રાત
માયાનો બાંધ્યો પ્રાણીઓ ભમે પરિમલ જાત... ભૂલ્યો૦ ૧
કુંભ કાચો રે કાયા કારમી તેહનો કરો રે જતન્ન
વિણસતાં વાર લાગે નહી નિર્મળ રાખો રે મન... ભૂલ્યો૦ ૨
કેના છોરૂ ને કોના વોછરૂં કેના માયને લાય
અંત રે જાવું છે એકલું સાથે પુણ્યને પાપ... ભૂલ્યો૦ ૩
જીવને આશા ડુંગર જેવડી મરવું પગલાં રે હેઠ
ધન સંચી સંચી રે કાંઈ કરો કરો દૈવની વેઠ... ભૂલ્યો૦ ૪
ધંધો કરી ધન મેળવ્યું લાખ ઉપર કોડ
મરણની વેલા રે માનવી લીધો કંદોરો છોડ... ભૂલ્યો૦ ૫
મૂરખ કહે ધન માહરૂં ધોખે ધાન ન ખાય
વસ્ત્ર વિના જઈ પોઢવું લખપતિ લાકડા માય... ભૂલ્યો૦ ૬
ભવસાગર દુ:ખ જલે ભર્યો તરવો છે રે તેહ
વધમાં ભય સબળો થયો કર્મ વાયરો ને મેહ... ભૂલ્યો૦ ૭
લખપતિ છત્રપતિ સવિ ગયા ગયા લાખ બે લાખ
ગર્વ કરી ગોખે બેસતા સર્વ બળી થયા રાખ... ભૂલ્યો૦ ૮
ધમણ ધખંતી રે રહી ગઈ બુઝ ગઈ લાલ અંગાર
એરણકો ઠબકો મીટ્યો ઉઠ ચાલ્યો રે લુહાર... ભૂલ્યો૦ ૯
ઉવટ મારગ ચાલતા જાવુ પેલે રે પાર
આગળ હાટ ન વાણીયો શંબલ લેજો રે સાથ... ભૂલ્યો૦ ૧૦

પરદેશ પરદેશમાં કુણશું કરો રે સનેહ
આયા કાગળ ઉઠ ચલ્યા ન ગણે આંધીને મેહ... ભૂલ્યો૦ ૧૧
કેઈ ચાલ્યા રે કેઈ ચાલશે કેઈ ચાલણહાર
કેઈ બેઠા રે બૂઢા બાપડા જાયે નરક ઓઝાર... ભૂલ્યો૦ ૧૨
જે ઘર નોબત્ત વાગતી થાતા છત્રીસે રાગ
ખંડેર થઈ ખાલી પડ્યા બેસણ લાગ્યા છે કાગ... ભૂલ્યો૦ ૧૩
ભમરો આવ્યો કમલમાં લેવા પરિમલ પૂર
કમળ મીંચાયે માંહે રહ્યો જબ આથમતે સૂર... ભૂલ્યો૦ ૧૪
રાતનો ભૂલ્યો રે માનવી દિવસે મારગ આય
દિવસનો ભૂલ્યો રે માનવી ફિર ફિર ગોથા ખાય... ભૂલ્યો૦ ૧૫
સદ્‌ગુરુ કહે વસ્તુ વોરીયે જે કાંઈ આવે રે સાથ
આપણો લાભ ઉગારીયે લેખુ સાહિબ હાથ... ભૂલ્યો૦ ૧૬

## [?] ૪૦૩. રત્ન ચિંતામણીની સજઝાય

આ ભવ રત્ન ચિંતામણી સરિખો,વારોવાર ન મલશે જી;
ચેતી શકે તો ચેતજે જીવડા, આવો સમય નહિં મલશે જી. આ૦૧

ચાર ગતિ ચોરાશી યોનિ, તેમાં તું ભમી આવ્યો જી;
પુણ્ય સંયોગે સ્વપ્નની સંગતે, માનવનો ભવ પામ્યો જી. આ૦૨

વહેલો થા તું વહેલો જીવડા, લે જિનવરનું નામ જી;
કુગુરુ કુદેવ કુધર્મને છંડી, કીજે આતમ કામ જી. આ૦૩

જેમ કઠિયારે ચિંતામણી લાધો, પુણ્ય તણે સંયોગ જી;
કાંકરાની પરે નાંખી દીધો, ફરી નહીં મલવા જોગ જી. આ૦૪

તેહની વચ્ચે તું બેઠો જીવડા, કાલ આહેડી નિકાશે જી;
એક કાલે તું આવ્યો જીવડા, એક કાલે તું જાશે જી. આ૦ ૫

ધન્ય સાધુ જે સંયમ પાલે, સુધો મારગ દાખે જી;
સાચું નાણું ગાંઠે બાંધે, ખોટે દષ્ટિ ન રાખે જી. આ૦ ૬

માત પિતા દારા સુત બાંધવ, બહુવિધમાં વિરતી જોડે જી;

તે માંહેથી જો કાજ સરે તો, સાધુ ઘર કેમ છોડે જી. આ૦ ૭

માયા મમતા વિષય સહુ છંડી, સંવર ક્ષમા એક કીજે જી;
ગુરુ ઉપદેશ સદા સુખકારી, સુણી અમૃતસર પીજે જી. આ૦ ૮

જેમ અંજલીમાં નીર ભરાણું, ક્ષણ ક્ષણ ઓછું થાય જી;
ઘડી ઘડીયે ઘડીયાળા વાજે, ક્ષણ લાખેણી જાય જી. આ૦ ૯

સામાયિક મન શુદ્ધે કીજે, શિવરમણી ફલ પામીજે જી;
માનવભવ મુક્તિનો કામી, તેમાં ભરોશો શાનો લીજે જી. આ૦ ૧૦

દેવગુરુ તમે દઢ કરી ધારો, સમકિત શુદ્ધ આરાધો જી;
છક્કાય જીવની રક્ષા કરીને, મુક્તિનો પંથ જ સાધો જી. આ૦ ૧૧

હૈડા ભીતર સમતા રાખો, જનમ ફરી નવિ મલશે જી;
કાયર તો કાદવમાં ખુંતા, શૂરા પાર ઉતરશે જી. આ૦ ૧૨

ગુરુ કંચન ગુરુ હીરા સરિખા, ગુરુ જ્ઞાનના દરિયા જી;
કહે અભય સદ્‌ગુરુ ઉપદેશે, જીવ અનંતા તરીયા જી. આ૦ ૧૩

## [?] ૪૦૪. મનુષ્યભવની સજ્ઝાય

મનુષ્ય ભવનું ટાણું રે, કાલે વહી જશે રે, અરિહંતના ગુણ ગાવો નર નાર;
રત્ન ચિંતામણિ આવ્યો હાથમાં રે, ભગવંતના ગુણ ગાવો નર નાર. ૧

બળદ થઈને રે ચીલાએ ચાલશો રે, ચઢશો વળી ચોરાશીની ચાલ;
ચોકડું બાંધીને ઘાણીએ ફેરવશે રે, ઉપર બેસી મૂરખ દેશે માર. ૨

કૂતરા થઈને ઘર ઘર ભટકશો રે, ઘરમાં પેસવા નહીં દે કોય;
કાનમાં કીડા રે પડશે અતિ ઘણાં રે, ઉપર પડશે લાકડીઓના માર. ૩

ગધેડા થઈને રે ગલીઓમાં ભટકશો રે, ઉપાડશો અણતોલ ભાર;
ઉકરડાની ઓથે રે જઈને ભૂંકશો રે, સાંજ પડે ધણી ન લીએ સંભાળ.૪

ભૂંડ થઈને પાદર ભટકશો રે, કરશો વળી અશુચિનો આહાર;
નજરે દીઠા રે કોઈને નવિ ગમો રે, ઉપર પડશે પથ્થરના પ્રહાર. ૫

ઊંટ થઈને રે બોજો ઉપાડશો રે, ચરશો વળી કાંટા ને કંથાર;

હાથને હડશેલે ઘર ભેગા થાશો રે, ઉપર પડશે પાટુના પ્રહાર. ૬

ઘોડા થઈને રે ગાડીઓ ખેંચશો રે, ઉપર પડશે ચાબૂકના પ્રહાર;
ચોકડું બાંધીને ઉપર બેસશે રે, રાયજાદા થઈ અસવાર. ૭

ઝાડ થઈને વનમાં ધ્રુજશો રે, સહેશો વળી તડકો ને ટાઢ;
ડાળે ને પાંદડે રે પંખી માળા ઘાલશે રે, ઉપર પડશે કુહાડાના ઘા. ૮

ઉત્તમ નરભવ ફરી ફરી આતમા રે, મેળવવો છે મુશ્કેલ;
હીરવિજયની એણી પેરે શિખડી રે, તુમે સાંભળજો અમૃત વેલ. ૯

## ૪૦૫. માંકડની સજ્ઝાય

માંકડનો ચટકો દોહિલો કેહને નવિ લાગે સોહિલો રે, માંકડ મૂછાળો
એ તો નિર્લજજને નહિં કાન એહને હીયડે નહિં શાન રે...
માંકડ મૂછાળો ૧

એ તો પાટ-પલંગમાં આવે ચટકો દેઈ છાનો જાવે રે, માંકડ મૂછાળો
રાતે રાણો થઈને ફરતો રાજા-રાણીથી નવિ ડરતો રે...
માંકડ મૂછાળો ૨

એતો ચરણા ચીર છોડાવે નર-નારીની નિંદ ગમાવે રે, માંકડ મૂછાળો
ગિરૂઆ ગુણસાગર સાધ તેહની તમે રાખજો લાજ રે...
માંકડ મૂછાળો ૩

વરસાલે થાયે મદમાતો શીયાલે સુંહાલો સાતો રે, માંકડ મૂછાળો
ખાટ માંહે ખલ ગોત્રજ ખોટા સવિ સરિખા નાના-મોટા રે...
માંકડ મૂછાળો ૪

એ તો ન જુએ ઠામ-કુઠામ એહને પેટ ભર્યા શું કામ રે, માંકડ મૂછાળો
એ તો હરામી હઠીલી જાત એહને રૂડી લાગે છે રાત રે...
માંકડ મૂછાળો ૫

લોહી પી થાયે રાતો લાલ એ તો સોડ માંહેલો સાલ રે, માંકડ મૂછાળો
એ ઉપકાર તણી મતિ આણી ચટકો દઈ સજ્જ કરે પ્રાણી રે...
માંકડ મૂછાળો ૬

ગુણી હો તો ગુણ કરી લેજો માંકડને દોષ મ દેજો રે, માંકડ મૂછાળો

માણેક મુનિ કહે સુણો સયણા ! તુમે જીવની કરજો જયણા રે...
માંકડ મૂછાળો ૭

## ૪૦૬. મુનિની સજ્ઝાયો (૧)

તે સુખીયા ભાઈ તે સુખીયા, જે પર દુઃખે દુઃખીયાજી;
પરસુખ દેખી જે સંતોષીયા, જેને જિનધર્મ ઓળખીયાજી.૧
જ્ઞાનાદિક બહુ ગુણના દરિયા, ઉપશમ રસજળ ભરીયાજી;
જે પાળે નિત સુધી કિરીયા, ભવસાયર તે તરીયાજી. ૨
દાન તણે રંગે જે રાતા, શીલગુણે કરી માતા રે;
સવિ જગજીવને દિએ જે શાતા, પર વનિતાના ભ્રાતા રે.૩
જેણે છાંડ્યા ઘરના ધંધા, જે પરધન લેવા અંધા રે;
જે નવિ બોલે બોલ નિબંધા, તપ તપવે જે જોદ્ધા રે. ૪
પરમેશ્વર આગળ જે સાચા, જે પાળે સુધી વાચાજી;
ધર્મકામે કબહી નહી પાછા, જિનગુણ ગાવે જાચા રે. ૫
પાપ તણાં દૂષણ સવિ ટાળે, નિજ વ્રત નિત સંભાળેજી;
કામ ક્રોધ વૈરીને ગાળે, તે આતમકુળ અજુવાળેજી. ૬
નિશદિન ઈર્યાસમિતિએ ચાલે, નારી અંગ ન ભાળે જી;
શુક્લધ્યાન માંહે જે મ્હાલે, તપ તપી કર્મ ગાળે જી. ૭
જે નવિ બોલે પરની નિંદા, જે અમીરસ કંદાજી;
જેણે ત્રોડ્યા ભવના ફંદા, તસ દેખત પરમ આનંદાજી. ૮
જે પૂજે ભાવે જિન ઈંદા, સૌમ્ય ગુણે જિમ ચંદાજી;
ધર્મે ધીર ગુરુ ચિરનંદા, નય કહે હું તસ બંદાજી. ૯

## ૪૦૭. મુનિની સજ્ઝાયો (૨)

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગત સહુ જોઈ.
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉત્થાપ ન હોઈ;
અવિનાશી કે ઘરકી બાતાં, જાનેંગે નર સોઈ અવ૦ ૧
રાય રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણકો નહી પરિચય, તે શિવમંદિર દેખે. અવ૦ ૨
નિન્દા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;

તે જગમેં જોગીશ્વર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે. અવ. ૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જિમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા. અવ૦ ૪
પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જિમ ન્યારા;
ચિદાનન્દ ઐસા જન ઉત્તમ, સો સાહિબ કા પ્યારા. અવ૦ ૫

## [X] ૪૦૮. મુનિની સજ્ઝાયો (૩)

તે ભણીયા રે ભાઈ તે ભણીયા જેણે, સૂત્ર સુગુરૂમુખ સુણીયા રે;
પરમારથગ્રાહક જે ગુણીયા, જણણી તે ભલે જણીયા રે. તે૦ ૧
જે ન હણે ન હણાવે પ્રાણી, જીવદયા મન જાણી રે;
ઉપશમભાવ હૈયામાંહે આણી, બોલે મુખ મધુરીવાણી રે. તે૦ ૨
જે ઉપદેશ દયામાંહે ભાખે, શ્રી જિનવરની સાખે રે;
જે રૂડીપેરે નિજ વ્રત રાખે, દુનિયા તસ ગુણ દાખે રે. તે૦ ૩
જે સુધા ઉપયોગે ચાલે, નયણે જીવ નિહાલે રે;
જે પ્રવચનની શીખામણ પાળે, તે આતમ અજુવાળે રે. તે૦ ૪
જે કરણી ચિત્ત ચોક્ખે કરશે, તે ભવસાગર તરશે રે;
કાહ્નમુનિ કહે તે સુખ વરશે, અવિચલપદ અનુસરશે રે. તે૦ ૫

## • ૪૦૯. મુનિની સજ્ઝાયો (૪)

સમતા સુખના જે ભોગી, અષ્ટાંગ ધરણ જે જોગી;
સદાનંદ રહે જે અસોગી, શ્રદ્ધાવંત જે શુદ્ધોપયોગી,
ભવિજન ! એહવા મુનિ વંદો.......
જેહથી ટલે સવિ દુઃખ દંદો, જે સમકિત સુરતરૂ કંદો. ૧
જ્ઞાનામૃત જે રસ ચાખે, જિન આણા હિયડે રાખે;
સાવદ્ય વચન નવિ ભાંખે, ભાખ્યું જિનજીનું ભાખે. ભવિ૦ ૨
આહાર લીયે નિરદોષ, ન ધરે મન રાગ ને રોશ;
ન કરે વળી ઈન્દ્રિય પોષ, ન ચિકિત્સે ન જૂએ જોષ. ભવિ૦ ૩
બાહ્યાંતર પરિગ્રહ ત્યાગી, ત્રિકરણથી જિનમત રાગી;
જસ શિવરમણી રઢ લાગી, વિનયી ગુણવંત વૈરાગી. ભવિ૦ ૪
મદ આઠ તણા માન ગાલે, એક ઠામે રહે વરસાલે;

પંચાચાર તે સૂધા પાલે, વળી જિનશાસન અજુઆલે. ભવિ૦ ૫
પંચાશ્રવ પાપ નિરોધે, જ્ઞાનદર્શન ચારિત્ર શોધે;
નવિ રાચે ન કોઈથી ક્રોધે, ઉપગાર ભણી ભવિ બોધે. ભવિ૦ ૬
ભિક્ષા લે ભમર પરે ભમતાં, મનમાં ન ધરે કાંઈ મમતા;
રાગદ્વેષ સુભટને દમતા, રહે જ્ઞાનચોગાનમાં રમતા. ભવિ૦ ૭
સુધા પંચ મહાવ્રત વહેતા, ઉપશમ ધરી પરિષહ સહેતા;
વળી મોહ ગહનવન દહતા, વિચરે ગુરુ આણાએ રહેતા. ભવિ૦ ૮
જે જ્ઞાન ક્રિયા ગુણ પાત્ર, અણદીધું ન લે તૃણ માત્ર;
સદા શીલે સોહાવે ગાત્ર, જાણે જંગમ તીરથ જાત્ર. ભવિ૦ ૯
દયા પાળે વીશવાવીશ, ધરે ધ્યાન ધર્મ નિશદિશ;
જગજંતુ તણા જે ઈશ, જશ ઈંદ્ર નમાવે શીશ. ભવિ૦ ૧૦
ક્રોધ લોભ-અભિમાન ને માયા, તજીયા જેણે ચાર કષાયા;
બુધ ખિમાવિજય ગુરૂરાયા, શિષ્ય જિનવિજય ગુણ ગાયા. ભવિ૦ ૧૧

## [?] ૪૧૦. મુરખાની (જીવનગાડીની)સજઝાયો (૧)

મુરખો ગાડી દેખી મલકાએ, ઉંમર તારી રેલ તણી પરે જાવે,
સંસાર રૂપી ગાડી બનાવી, રાગ દ્વેષ દોનું પાટા,
દેહ ડબ્બાને પળ પળ પૈંડા, એમ ફરે આઉખાનાં આંટા. મુરખો૦ ૧
કર્મ એન્જિનમાં કષાય અગ્નિ, વિષયવારિ માંહિ ભરીયું,
તૃષ્ણા ભુંગળું આગળ કરીને, ચાર ગતિ માંહિ ફરીયું. મુરખો૦ ૨
પ્રેમરૂપી અંકોડા વળગાડ્યા, ડબ્બે ડબ્બે જોડયા ભાઈ,
પૂરવભવની ખરચી લઈને, ચેતન બેસારૂ બેઠા માંહી. મુરખો૦ ૩
કોઈએ ટીકીટ લીધી નરક તિર્યંચની, કોઈએ લીધી મનુષ્ય દેવા,
કોઈએ ટીકીટ લીધી સિદ્ધિગતિની, તેણે પામ્યા અમૃતમેવા. મુરખો૦ ૪
ઘડી ઘડી ઘડીયાળ જ વાગે, નિશદિન એમ વહી જાય,
વાગે સીટી ને ઉપડે ગાડી, આડા અવળા મહેલ થાય. મુરખો૦ ૫
જાણી નરકમાં મરાજ પાસે, જઈને સોંપ્યો તત્કાળ;
આરામ કરીને આવ્યો પરોણો, તેની ખાંભીએ પાકમાંહી ઘાલ્યો. મુરખો૦ ૬
લાખ ચોરાશી જીવાયોનીમાં, જીવડો રૂલે વારંવાર,

સદ્ગુરુ શીખે ધર્મ આરાધે, તે પામે છે મુક્તિના દ્વાર. મુરખો૦ ૭
સંવત અઢાર છ્યાંસી ના વરસે, આતમ ધ્યાન લગાઈ,
ગોપાળ ગુરુના પૂણ્ય પસાયે, મોહન ગાયે ભવ ગાડી. મુરખો૦ ૮

## ૦ ૪૧૧. મુરખાની સજઝાય (૨)

જ્ઞાન કદિ નવિ થાય, મૂરખને જ્ઞાન કદિ નવિ થાય;
કહેતાં પોતાનું પણ જાય. મૂરખને૦ ૧

શ્વાન હોય તે ગંગાજળમાં, સો વેળા જો ન્હાય;
અડસઠ તીરથ કરી આવે પણ, શ્વાનપણું નવિ જાય. મૂરખને૦ ૨

ક્રૂરસર્પ પયપાન કરંતા, સંતપણું નવિ થાય;
કસ્તૂરીનું ખાતર જો કીજે, વાસ લસણ નવિ જાય. મૂરખને૦ ૩

વર્ષાસમે સુગ્રી તે પક્ષી, કપિ ઉપદેશ કરાય;
તે કપિને ઉપદેશ ન લાગ્યો, સુગ્રી ગૃહ વિખરાય. મૂરખને૦ ૪

નદીમાંહે નિશદિન રહે પણ, પાષાણપણું નવિ જાય;
લોહધાતું ટંકણ જો લાગે, અગ્નિ તુરત ઝરાય. મૂરખને૦ ૫

કાગકંઠમાં મુક્તાફળની, માળા તે ન ધરાય;
ચંદનચર્ચિત અંગ કરીજે, ગર્દભ ગાય ન થાય. મૂરખને૦ ૬

સિંહચર્મ કોઈ શિયાળ સુતને, ધારે વેશ બનાય;
શિયાળસુત પણ સિંહ ન હોવે, શિયાળપણું નવિ જાય. મૂરખને૦૭

તે માટે મૂરખથી અલગા, રહે તે સુખીયા થાય;
ઉખરભૂમિમાં બીજ ન ઉગે, ઉલટું બીજ તે જાય. મૂરખને૦ ૮

સમકિતધારી સંગ કરીજે, ભવભય ભીતિ મીટાય;
મયાવિજય સદ્ગુરુ સેવાથી, બોધિબીજ-સુખ પાય. મૂરખને૦ ૯

## [?] ૪૧૨. મોક્ષનગરની સજઝાય

મોક્ષનગર મારૂં સાસરૂં, અવિચલ સદા સુખવાસ રે;
આપણા જિનવર ભેટીયે, તિહાં કરો લીલ વિલાસ રે. મો૦ ૧
જ્ઞાન દર્શન આણા આવીયા, કરો કરો ભક્તિ અપાર રે;

શીયળ શણગાર પહેરો શોભતાં, ઉઠી ઉઠી જિન સમરંત રે. મોર
વિવેક સોવન ટીલું તપતપે, જીવદયા કુમકુમ રોલ રે;
સમકિત કાજલ નયણરો, સાચું સાચું વચન તંબોલ રે. મો૦ ૩
સમતા વાટ સોહામણી, ચારિત્ર વેલ જોડાવ રે;
તપ જપ બળદ ધોરી જોતરો, ભાવના ભાવો રસાલ રે. મો૦ ૪
કારમું સાસરૂં પરિહરો, ચેતો ચેતો ચતુર સુજાણ રે;
જ્ઞાનવિમળ મુનિ ઈમ ભણે, તિહાં છે મુગતિનું ઠામ રે. મો૦ ૫

## ૪૧૩. વણઝારાની સજઝાય

વણઝારો ધૂતારો કામણગારો સુંદર વર કાયા છોડ ચલ્યો વણઝારો ૧
ઈણ રે કાયામેં પ્રભુજી ! પાંચ પણીયારી પાણી ભરે છે ન્યારી ન્યારી સુંદરવર૦ ૨
ઈણ રે કાયામેં પ્રભુજી ! સાત સમુદ્રો તેનું નીર છે મીઠું ને ખારૂં... ૩
ઈણ રે કાયામેં પ્રભુજી ! નવસો વાવડીઓ તેનો સ્વભાવ છે ન્યારો ન્યારો ૪
ઈણ રે કાયામેં પ્રભુજી ! પાંચ રતનીયા પરખે પરખણ હારો... ૫
ખૂટ ગયું તેલ બૂઝ ગઈ બતીયાં મંદિરમેં પડ ગયો અંધેરો... ૬
ખસ ગયો થંભો ને પડ રહી દેહડી મિટ્ટીમેં મીલ ગયો ગારો... ૭
આનંદઘન કહે-સુન ભાઈ સાધુ આવાગમન નિવારો... ૮

## ૪૧૪. વર્ધમાનતપની સજઝાયો (૧)

પ્રભુ ! તુજ શાસન અતિ ભલું તપ વર્ધમાન રે, એહ
સમતાભાવે સેવતાં, જલ્દી લહે શિવગેહ રે. પ્રભુ૦ ૧
ષટરસ તજી ભોજન કરે, વિગય કરે ષટ દૂર રે,
ખટપટ સઘળી પરિહરી, કર્મ કરે ચકચૂર રે. પ્રભુ૦ ૨
પડિકમણાં દોય ટંકના, પોષહવ્રત ઉપવાસ રે,
નિયમ ચિંતા કરે સર્વદા, જ્ઞાન-ધ્યાન સુવિલાસ રે. પ્રભુ૦ ૩
દેહને દુઃખ દેવા થકી, મહાફલ પ્રભુ ભાખે રે,
ખડ્ગધારા વ્રત એ સહી, આગમ અંતગડ સાખે રે. પ્રભુ૦૪
ચૌદ વર્ષ સાધિક હોવે, એ તપનું પરિણામ રે,
દેહના દંડ દૂરે કરે, તપચિંતામણી જાણ રે. પ્રભુ૦ ૫
સુલભ બોધિ જીવને, એ તપ ઉદયે આવે રે,

શાસન સુર સાન્નિધ્ય કરે, ધર્મરત્ન પદ પાવે રે. પ્રભુ૦ ૬

## ૪૧૫. વર્ધમાનતપની સજઝાયો (૨)

મોરા ચેતન હોકે કહું અનુભવની વાત કે સાંભળ સ્થિર થઈ મિત્ર તું
જિમ પામે હોકે તું શિવસુખ સાર કે ક્ષણમાં હોય પવિત્ર તું... ૧

તપ આંબિલ હોકે કરજે તપવર્ધમાનકે વિઘ્ન વિદારણ કેશરી
અષ્ટ સિદ્ધિ હોકે અણિમાદિક થાયકે પ્રગટે ઋદ્ધિ પરમેશ્વરી... ૨

ભય સાતે હોકે તાસ દૂર પલાયકે આંબિલ તપ લગે બળી નહિં
દ્વારિકા દેવ હોકે હરે સહુ કષ્ટ કે મંત્ર તંત્ર ફળ કારકા... ૩

મયણા સુંદરી હોકે શ્રીપાલ નરેશ કે આંબિલ તપથી સુખીયા થયા
કેઈ જન સેવ્યો હોકે એ તપ સુર વૃક્ષ કે ભક્તિ-મુક્તિ પદવી લહ્યા... ૪

નવકારશી વ્રતથી હોકે પાપ તોડે એકસો વર્ષ કે નરકાયુ સુરનું કરે
પોરસી વ્રતથી હોકે પાપ વર્ષ એક હજાર કે અયુત સાડ પોરસી હરે...૫

એક લાખ વરસાં હોકે પુરિમડ્ઢે પાપ હરંત કે એકાશન દશ લાખનું
નીવી કરંતા હોકે ક્રોડ વર્ષ પાપ કપાય કે એકલઠાણું દશક્રોડનું... ૬

કાપે સો કોડ હોકે પાપ એકલદત્તી કે હજાર ક્રોડ વર્ષ આંબિલે
ઉપવાસ તપથી હોકે દશસહસ ક્રોડકે નરકાયુષ્ય તું કાપી લે... ૭

એ તપ વ્યાખ્યા હોકે મધ્યમફળ જાણકે કેવળ લહે ઉત્કૃષ્ટથી
દશધારો તપ હોકે એ અસિ સૂર્યહાસ કે મુષ્ટિજ્ઞાને ગ્રહો મુષ્ટિથી... ૮

નમો તવસ્સ હોકે ગણીયે દોય હજાર કે ખમાસમણાં બાર ઘો
ગણો લોગસ્સ હોકે બાર કાઉસગ્ગ રૂપ કે સાચો કર્મ કુઠાર હો... ૯

યથાશક્તિ કહ્યું હોકે કરી તપ અનુકૂળ કે સંયમ શ્રેણી આદરો
તપજપ કરતાં હોકે વર્ધમાન પરિણામકે ધર્મરત્ન પદ અનુસરો... ૧૦

## ૪૧૬. વહુની સજઝાય

ઉત્તર દિશાથી રે સાધુ આવ્યા વહુએ દીક્ષા લીધી રે
પાંચ સાત સૈયર ટોળે મળીને વહુને વ્યાકુલ કીધી રે

ઓ મારી નાનકડી વહુ ભગવાન ભજવાને ચાલી... ૧
તારૂં મારૂં ધન એકઠું કર્યુંને કાંઈ ન આવ્યું સાથે રે
ચતુર હોય તો ચેતી લેજો જાવું ઠાલે હાથે રે... ભગવાન૦ ૨
સવારે ઉઠીને સામાયિક કરતી પર્વે પોષહ કરતી રે
આઠ કર્મનો ક્ષય કરવાને જેમ જપાય તેમ જપતી રે... ભગવાન૦ ૩
કેણો રે સસરો ને કેણી રે સાસુ કેણો રે ઘરનો સ્વામી રે
ઘરના સુખ તે ઘરમાં મેલ્યા વહુ ઉપાસરે ચાલી રે... ભગવાન૦ ૪
ઘરમાં રે ડોશી ડગમગે ને વહુ દેવલોકમાં પહોંચ્યા રે
બીજે ભવે કેવલજ્ઞાન જ ઉપન્યું કાંતિવિજયનો શિષ્ય બોલે રે...
ભગવાન૦ ૫

## ૪૧૭. વાણીયાની સજઝાય

વાણીયો વણજ કરે છે રાજ ઓછું આપીને મલકાય
ગરાગ દેખીને ઘેલો થાય આવો, બેસો કહે ત્યાંય...
ત્રાજુડીને ટક્કર મારી પૈસા લુંટી લેવાય... વાણીયો૦ ૧
વિવાહે ધન વાવરે વાણીયો પાલખી લેવા જાય
એક બદામને કાજે વાણીયો સો સો ગાળો ખાય... વાણીયો૦ ૨
દોઢા-સવાયા કરે વાણીયો ઘરમાં ભેળું થાય
કરમીનું કાંઈ કામ ન આવે બારે વાટે જાય... વાણીયો૦ ૩
વાણીયો દીસંતો વહેવારીયો કોટે સોવન કંઠી
ધૂત્યાનો જેને ઢાલ પડ્યો છે તેની વેળા વંઠી રે... વાણીયો૦ ૪
આઈ બાઈ કાકો મામો બોલાવે બહુ માને
જીભનો મીઠો મનનો મેલો જુએ છે એ બગ ધ્યાને રે... વાણીયો૦ ૫
ગરાગ દેખી ઘેલો થાય હલફલ થઈને હરખે
લુંબે આવ્યું લૂંસી લીયે પાપકરમ નવિ પરખે રે... વાણીયો૦ ૬
અસંખ્યાતા જીવને ઘાતે એક બદામ કમાય
આરંભે અભિમાને ખરચે મહુર મહુર પોમાય... વાણીયો૦ ૭
પાપ કરંતા પાછું ન જુએ સો સો સોગન ખાય
કરહો કાઢે જુઠું બોલે જિમતિમ ભેળું થાય... વાણીયો૦ ૮
વહાણવટુ કરતા તે વ્હાણીયા હવે દુકાનો હોય

નાત-જાતનો સંબંધ નથી ઈહાં શીખલેજો સો કોઈ... વાણીયો૦ ૯
પાપ કર્યું તે પાસે રહેશે સ્વજનો ખાશે આથ
વિશુદ્ધવિમલ કહે વીરજીની વાણી આવે કમાઈ સાથ...વાણીયો૦ ૧૦

## [?] ૪૧૮. શિખામણની સજ્ઝાય

અણસમજુને શી શિખામણ દઉં રે મન માને નહિં
જીવ મારૂં મારૂં મિથ્યા કરવું એક પેટ બહુ પ્રપંચે ભરવું
થોડું જીવવું ને ફુલી ફરવું... અણસમજુને૦ ૧
ભોળો વિષય મળ્યો ને કરે વાતલડી મુખે મીઠું બોલે ને હૈયે કાતરડી
એ તો જાશે નરકની સાતલડી... અણસમજુને૦ ૨
તમે સાહયબી દેખીને મન મ્હાલો છો તમે અહંકાર અભિમાન આણો છો
વળી જમ લઈ જાશે તે જાણો છો... અણસમજુને૦ ૩
ઘરે હાથી ઘોડાને વેલ અંબાડી ચારે દિશે આણ ફરે તોરી
પાસે નથી પુણ્યની પુંજી સારી... અણસમજુને૦ ૪
એક ભાગ્યવતી સાથે ભમતો પાસે પૈસા છે ને પુણ્ય નથી કરતો
એ તો દીઠો દીવી પેઠે બળતો... અણસમજુને૦ ૫
એક ચંપા વિના શી ચંપેલી સાંજ પડે ને ચકવા ચકવી જોડી
એક નેમ વિના રાજુલ ઘેલી... અણસમજુને૦ ૬
એક પંડિત મહા મુનિવર ડાહ્યા એ તો ધ્યાન મેલી ધનને ધ્યાયા
એને ઝડપ લઈ કાળે ઝાલ્યા... અણસમજુને૦ ૭
એક રૂપવિજય કહે સાચું છે કાયાને રહેવું કાચું છે
મહાવીરે ભાખ્યું તે સાચું છે... અણસમજુને૦ ૮

## [X] ૪૧૯. શ્રાવક કરણીની સજ્ઝાય

(રાગ : આદિ જિનેશ્વર પાય પ્રણમેવ)

શ્રાવક તું ઉઠે પરભાત, ચાર ઘડી રહે પાછલી રાત;
મનમાં સમરે શ્રી નવકાર, જેમ પામે ભવસાયર પાર. ૧
કવણ દેવ કવણ ગુરુ ધર્મ, કવણ અમારું છે કુલ કર્મ;
કવણ અમારો છે વ્યવસાય, એવું ચિંતવજે મનમાંય. ૨
સામાયિક લેજે મનશુદ્ધ, ધર્મતણી હિયડે ધરજે બુદ્ધ;

પડિક્કમણું કરે રયણિતણું, પાતિક આલોઈએ આપણું. ૩
કાયા શકતે કરે પચ્ચકખાણ, સુધિ પાલે જિનની આણ;
ભણજે ગણજે સ્તવન સજઝાય, જિણ હુંતી નિસ્તારો થાય.૪
ચિંતે નિત્ય ચૌદહ નીમ, પાળે દયા જીવોની સીમ;
દેહરે જાઈ જુહારે દેવ, દ્રવ્ય ભાવથી કરજે સેવ. ૫
પૂજા કરતા લાભ અપાર, પ્રભુજી મોટા મુક્તિ દાતાર;
જે ઉત્થાપે જિનવર દેવ, તેહને નવ દંડકની ટેવ. ૬
પોશાળે ગુરુવંદને જાય, સુણે વખાણ સદા ચિત્ત લાય;
નિર્દુષણ સૂઝતો આહાર, સાધુને દેજે સુવિચાર. ૭
સામી વચ્છલ કરજે ઘણું, સગપણ મ્હોટું સામી તણું;
દુઃખીયા હીણા દીના દેખ, કરજે તાસ દયા સુવિશેષ. ૮
ઘર અનુસારે દેજે દાન, મોટાશું મ કરે અભિમાન.
ગુરુને મુખ લેજે આખડી, ધર્મ ન મૂકીશ એકે ઘડી. ૯
વારૂ શુદ્ધ કરે વ્યાપાર, ઓછા અધિકાનો પરિહાર;
મ ભરજે કોઈની કૂડી સાખ, કૂડા જનશું કથન મ ભાખ. ૧૦
અનંતકાય કહ્યા બત્રીશ, અભક્ષ્ય બાવીશે વિશ્વાવીશ;
તે ભક્ષણ નવિ કીજે કિમે, કાચા કુણાં ફલ મત જિમે. ૧૧
રાત્રી ભોજનનાં બહુ દોષ, જાણીને કરજે સંતોષ;
સાજી સાબુ લોહ ને ગળી, મધુ ધાવડીયા મત વેચીશ વળી.૧૨
વળી મ કરાવે રંગણ પાસ, દૂષણ ઘણાં કહ્યાં છે તાસ;
પાણી ગળજે બે બે વાર, અળગણ પીતાં દોષ અપાર. ૧૩
જીવાણીના કરજે યત્ન, પાતક છંડી કરજે પુણ્ય;
છાણાં ઈંધણ ચૂલો જોય, વાવરજે જિમ પાપ ન હોય. ૧૪
ઘૃતની પેરે વાવરજે નીર, અણગળ નીર મ ધોઈશ ચીર;
બ્રહ્મવ્રત સુધા પાળજે, અતિચાર સઘળાં ટાળજે. ૧૫
કહીયાં પન્નર કર્માદાન, પાપ તણી પરહરજે ખાણ;
માથે મ લેજે અનરથદંડ, મિથ્યા મેલ મ ભરજે પિંડ. ૧૬
સમકિત શુદ્ધ હૈડે રાખજે, બોલ વિચારીને ભાખજે;
પાંચતિથિ મ કરે આરંભ, પાળે શિયળ તજી મન દંભ. ૧૭

તેલ તક્ર ઘૃત દૂધ અને દહીં, ઉઘાડા મત મેલો સહી;
ઉત્તમ ઠામે ખરચે વિત્ત, પર ઉપગાર ધરે શુભ ચિત્ત. ૧૮
દિવસ ચરિમ કરજે ચોવિહાર, ચારે આહાર તણો પરિહાર;
દિવસ તણાં આલોવે પાપ, જિમ ભાંજે સઘળા સંતાપ. ૧૯
સંધ્યા આવશ્યક સાચવે; જિનવર ચરણ શરણ ભવભવે;
ચારે શરણ કરી દૃઢ હોવે, સાગારી અણસણ લઈ સૂવે. ૨૦
કરે મનોરથ મન એહવા, તીરથ શેત્રુંજે જાયવા;
સમેતશિખર-આબૂ-ગિરનાર,ભેટીશ હું ધન્ય ધન્ય અવતાર. ૨૧
શ્રાવકની કરણી છે એહ, એહથી થાયે ભવનો છેહ;
આઠે કર્મ પડે પાતળા, પાપ તણાં છૂટે આમળા. ૨૨
વારૂ લહીએ અમર વિમાન, અનુક્રમે પામે શિવપુર ધામ;
કહે જિનહર્ષ ઘણે સસનેહ, કરણી દુઃખ હરણી છે એહ. ૨૩

## [?] ૪૨૦. સટોડીયાની સજઝાય

સુણ સટોડીયા ! સટ્ટાના કુસંગે બટ્ટો લાગશે,
તજ ટેવ બુરી, બાવળીયો વાવ્યાથી શૂળો લાગશે
એ ધંધો પાપી પાકો છે, એ જુગારનો પણ કાકો છે,
એ ફોગટ ફાંફાનો ફાંકો છે. સુણો....૧
છે દ્વાર દુરાચારી જનનું, ભક્ષણ કરતું કીર્તિ ધનનું,
રક્ષણ નવ રહેતું તન મનનું..... સુણ૦ ૨
વ્યવહાર નથી જગમાં એનો, વિશ્વાસ ન કરે કોઈ એનો,
ચિંતાતુર રહે જીવડો જેનો... સુણ૦ ૩
ચાંદી પેટી ને જોટાનો, ધંધો એ મોટો ટોટાનો,
રસ્તો છે દોરી લોટાનો.... સુણ૦ ૪
સજ્જન કો સંગ નહિ કરતું, ચકડોલ સમું રે મન ફરતું,
મળતા સંગી ત્યાં મન ઠરતું... સુણ૦ ૫
એ વગર મહેનતના ધંધાથી, તારાજ થયા લક્ષાધિપતિ,
મડદાં ને ખાંપણ મળતું નથી... સુણ૦ ૬
પળમાં ધનવાન બને તું તો, પળ એક પછી આંસુ લૂંછતો,
ઢીલા લમણે દેખ્યો સૂતો રે... સુણ૦ ૭

મીઠો એ મારગ લાગ્યાથી, બકરી સમ બન્યા બહુ હાથી,
ભીખ માંગીને ભાગ્યા ત્યાંથી... સુણ૦ ૮
ઘરબાર ઘરેણાને મેલી, ખત લખી આપે જુગટું ખેલી,
બૈરી બાળકનો કુણ બેલી... સુણ૦ ૯
વ્યસનો વધશે એથી ઝાઝા, નિજ કુળ તણી જાશે માઝા,
ફીટકાર તણાં વાગે વાજાં.... સુણ૦ ૧૦
છે સટ્ટામાંહી પાપ અતિ, મૃત્યુથી પામે માઠી ગતિ
નરકાદિક પણ સંઘરતું નથી... સુણ૦ ૧૧
ઉદયરત્ન શીખ ધરજો સારી, તજ સટ્ટાને શત્રુ ધારી,
હારી બેઠા કેઈ જખ મારી....સુણ૦ ૧૨

## ૪૨૧. સર્વાર્થ સિદ્ધવિમાનની સજ્ઝાય

સાંભળજો મુનિ સંયમરાગે ઉપશમ શ્રેણીયે ચડિયા રે
શાતાવેદની બંધ કરીને શ્રેણીથકી તે પડિયા રે.. સાંભળજો૦ ૧
ભાખે ભગવઈ છઠ્ઠ તપ બાકી સાતલવ આયુ ઓછે રે
સર્વારથ સિદ્ધે પહોંતા મુનિવર પૂર્ણાયુ નવિ છોછે રે... સાંભળજો૦ ૨
શય્યામાં પોઢ્યા નિત્ય રહેવે શિવમારગ વિસામો રે
નિર્મળ અવધિ નાણે જાણે કેવલી મન પરિણામો રે... સાંભળજો૦ ૩
તે શય્યા ઉપર ચંદરવો ઝુમખડે છે મોતી રે
વચલું મોતી ચોસઠ મણનું ઝગમગ જાલિમ જ્યોતિ રે...સાંભળજો૦ ૪
બત્રીસ મણના ચઉપાંખડીયે સોળમણાં અડ સુણીયા રે
આઠ મણા સોલસ મુક્તાફલ તિમ બત્રીસ ચઉ મણીયા રે... સાંભળજો૦૫
દો મણ કેરા ચોસઠ મોતી એકસો અડવીસ ભણીયા રે
દોસય ને વળી ત્રેપન મોતી સર્વ થઈને ગણિયા રે... સાંભળજો૦ ૬
એ સઘળાં વિચલા મોતીસું આફળે વાયુ પ્રયોગે રે
રાગ-રાગિણી નાટક પ્રગટે લવસત્તમ સુર ભોગે રે... સાંભળજો૦ ૭
ભૂખ-તરસ છીપે રસ લીને સુરસાગર તેત્રીસ રે
શાતા લહેરમાં ક્ષણ-ક્ષણ સમરે વીરવિજય જગદીશ રે...સાંભળજો૦ ૮

## ૪૨૨. સહજાનંદીની સજ્ઝાય

સહજાનંદી રે આતમા સૂતો કાંઈ નિશ્ચિંત રે
મોહ તણા રસીયા ભમે જાગ જાગ મતિવંત રે
લૂંટે જગતના જંત રે નાખી વાંક અત્યંત રે
નરકાવાસ ઠવંત રે કોઈ વિરલા ઉગરંત રે... સહજાનંદી૦ ૧
રાગદ્વેષ પરિણતિ ભજી માયા-કપટ કરાય રે
કાશ કુસુમ પરે જીવડો ફોગટ જનમ ગમાય રે
માથે ભય જમરાય રે શ્યો મન ગર્વ ધરાય રે
સહુ એક મારગ જાય રે કોણ જગ અમર કહાય રે... સહજાનંદી૦ ૨
રાવણ સરિખા રે રાજવી નાગા ચાલ્યા વિણ ધાગ રે
દશ માથા રણમાં રડ વડ્યા ચાંચ દીયે શીર કાગ રે
દેવગયા સવિ ભાગ રે ન રહ્યો માનનો લાગ રે
હરિ હાથે હણ્યો હરિનાગ રે જો જો ભાઈઓના રાગ રે...સહજાનંદી૦ ૩
કેઈ ચાલ્યા કેઈ ચાલશે કે'તા ચાલણ હાર રે
મારગ વહેતો રે નિત્ય પ્રત્યે જોતાં લગ્ન હજાર રે
દેશ-વિદેશ સધાય રે તે નર એણે સંસાર રે
જાતાં જમ દરબાર રે ન જુએ વાર-કુવાર રે... સહજાનંદી૦ ૪
નારાયણપુરી દ્વારિકા બળતી મેલી નિરાશ રે
રણમાં રોતા તે એકલા નાઠા દેવ આકાશ રે
કિહાં તરૂ છાયા આવાસ રે જળ-જળ કરી ગયો સાસ રે
બલભદ્ર સરોવર પાસ રે સુણી પાંડવ શિવવાસ રે... સહજાનંદી૦ ૫
રાજી-ગાજીને બોલતાં કરતાં હુકમ હેરાન રે
પોઢ્યા અગ્નિમાં એકલા કાયા રાખ સમાન રે
બ્રહ્મદત્ત નરક પ્રયાણ રે એ ઋદ્ધિ અથિર નિદાન રે
જેવું પીંપળ પાન રે મત ધરો જૂઠ ગ્રમાન રે... સહજાનંદી૦ ૬
વાલેસર વિના એક ઘડી નવિ સોહાતું લગાર રે
તેવિણ જનમારો વહી ગયો નહિં કાગળ કે સમાચાર રે
નહિં કોઈ કોઈનો સંસાર રે સ્વારથીયો પરિવાર રે
માતા મરૂદેવી સાર રે પહોંચ્યા મુક્તિ મોઝાર રે... સહજાનંદી૦ ૭

માત-પિતા-સુત-બાંધવા અધિકો રાગ વિચાર રે
નારી આશારી રે ચિત્તમાં વાંછે વિષય ગમાર રે
જુઓ સૂરિકાંતા જે નાર રે વિષ દીધો(દેતી) ભરતાર રે
નૃપ જિન ધર્મ આધાર રે સ્વજનનો નેહ નિવાર રે... સહજાનંદી૦ ૮
હસી હસી દેતાં રે તાળીઓ શય્યા કુસુમની સાર રે
તે નર અંતે માટી થયા લોક ચણે ઘરબાર રે
ઘડતાં પાત્ર કુંભાર રે એહવું જાણી અસાર રે
છોડ્યો વિષય વિકાર રે ધન્ય તેહનો અવતાર રે... સહજાનંદી૦ ૯
થાવચ્ચાસુત શિવ વર્યાં વળી ઈલાચી કુમાર રે
ધિક ધિક વિષયા રે જીવને લઈ વૈરાગ્ય રસાળ રે
મેલી મોહ જંજાળ રે ઘેર રમે કેવલ બાળ રે
ધન્ય કરકંડુ ભૂપાલ રે જેણે લહ્યું શિવ સુદાલ રે... સહજાનંદી૦ ૧૦
શ્રી શુભવિજય સુગુરૂ લહી ધર્મરયણ ધરો છેક રે
વીર વચનરસ શેલડી ચાખે ચતુર વિવેક રે
ન ગમે તે નર ભેક રે ધરતાં ધર્મની ટેક રે
ભવજલ તરીયા અનેક રે ઈમ જાણી સેવો વિવેક રે...સહજાનંદી૦ ૧૧

## ૪૨૩. સાધુ સમુદાયની સજઝાય

પ્રણમુ શાસનપતિ શ્રીવીર, લબ્ધિવંત ગૌતમગણિ ધીર;
જિનશાસનમાં જે મહાશૂર, નામ લેઉ તસ ઉગતે સૂર. ૧

નેમિનાથ જિન બાવીશમાં, વિકટ કામકટક જેણે દમ્યા;
તજી નારી પશુ ઉગારીયા, જઈ રૈવતગિરિ ચઢી તરીયા. ૨

સ્થુલીભદ્રની મોટી મામ, રાખ્યું ચોરાશી ચોવીશી નામ;
કામ ગેહ કોશ્યા બની ધર્મી, થાપી કીધી ઉત્તમ કર્મી. ૩

કંચન કોડી નવાણું છોડી, નારી આઠ તણો નેહ તોડી;
સોલ વરસે સંયમ લીધ, જંબૂ સ્વામી થયા સુપ્રસિદ્ધ. ૪

કપિલા-અભયા બેઉ સુંદરી, કામકદર્થના બહુ પરે કરી;
શૂલી ફીટી સિંહાસન થયો, શેઠ સુદર્શન જગમાં જયો. ૫

દેખી નટવી લાગ્યો મોહ, રાય દુર્બુદ્ધિ ન તજે લોહ;
મુનિ દેખી અનિત્યભાવનાએ સિદ્ધ, પુત્ર ઈલાચી કેવલ લીધ. ૬

ધન્ના શાલીભદ્રના અવદાત, રમણી બુદ્ધિ સુખના સુગાત;
કેટલાં કીજે તાસ વખાણ, પામ્યા સર્વારથ વિમાન. ૭

નંદિષેણ મોટા અણગાર, લબ્ધિવંત ને પૂરવધાર;
સહસ ત્રેતાલીસ એકસો નવાણું, પ્રતિબોધ્યા દેશનાથી જાણું.૮

ક્ષમાવંત માંહી જે લીહ, ગયસુકુમાલ મુનિ માંહિ સિંહ;
સસરે શિર બાંધી માટીની પાળ, ભરીયા રીસ કરી અંગાર. ૯

બાળી કર્મને અંતગડ થયા, કીર્તિધર સુકોશલ વલી લહ્યા;
વાઘણ કેરા સહી ઉપસર્ગ, બાલ્યા સઘળા કર્મના વર્ગ. ૧૦

ખંધક સૂરીનાં પાંચસે શિષ્ય, ઘાણી ઘાલ્યા પણ ન લહી રીસ;
થયા અંતગડ જે કેવલી, મુક્તિ ગયા પહોંત્યા મન રૂલી. ૧૧

અહંકારી ને કેવલ લીધ, બાહુબલી અભિમાન પ્રસિદ્ધ;
લેઈ ચારિત્ર નૃપ દશાર્ણભદ્ર, પાય લગાડ્યો જેણે ઈન્દ્ર. ૧૨

પનર સયા ત્રણ ગૌતમ શિષ્ય, તાપસ ઋષીને દીધી દીખ;
કવલ ભરંતા કેવલ લહ્યા, દુઃખ માત્ર જેણે નવિ સહ્યા. ૧૩

ભરત ભૂપની મતિ નિરમલી, આરિસા ઘરે જે કેવલી;
સુખે સુખે જેણે લહીયું મોક્ષ, તે જિન શાસનનો રસ પોષ.૧૪

મમતા તજી નિરાસક્તિ ભજે, તે હળુકર્મી જીવ શિવ ભજે;
રાયે હળ ઉપરી જે નીમીયો, આવ્યો ભાતે અંતરાય કીયો. ૧૫

પનરસે જીવને કર્યો અંતરાય, બાંધત કર્મ પુરા બહુ ભવ થાય;
અનુક્રમે કૃષ્ણ તણો સુત થાય, ઢંઢણ નામે ઢંઢણા માય. ૧૬

નેમી હાથે જેણે સંયમ લીધો, પૂર્વ કર્મે અભિગ્રહ કીધો;
અન્નઉદક વિણ રહ્યા છ માસ, કેવલ પામ્યા પહોંચી આશ.૧૭

ઈમ જિનશાસનમાં થયાં અનેક, શમદમ સંયમ તપે વિવેક;
તે મુનિવરના સેવો ચરણ, જિમ તુમે છુટો જન્મ મરણ. ૧૮

નામ સમરતાં કોડી કલ્યાણ, જે ભણે પ્રહ ઉગમતે ભાણ;
ધીરવિમલ કવિરાય પસાય, નયવિમલ કવિ ભણે સજ્ઝાય. ૧૯

## ૪૨૪. સુધર્મા દેવલોકની સજ્ઝાય

સુધર્મા દેવલોકમાં રે વિમાન બત્રીસ લાખ
કેઈ ભોળા શંકા કરે રે એ તો ભગવતી સૂત્રની શાખ રે
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૧
સુધર્મા દેવલોકમાં રે પાંચસે જોજન મહેલ
૨૭ યોજન ભુંઈ તળીયા રે એ સુખ તો નહિં સહેલ રે...
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૨
વેગા ગતિ ચાલે દેવતા રે લાખ યોજન કરે દેહ
એકેકા વિમાનનો રે ના'વે છઠ્ઠે મહિને છેહ રે...
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૩
હાવભાવ કરતી થકી રે દેવીઓ આવે હજૂર
ઈણ ઠામે આવી ઉપન્યા રે સ્વામી ! શા કીધાં પુણ્ય પડૂર રે...
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૪
નામ બતાવો ગુરૂ તણું રે નિર્લોભી ઋષિરાય
ભવ સાગરમાં બૂડતા રે તુમ હાથ લીયો સબાય રે...
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૫
નિર્લોભી નહિં લાલચી રે માગી બદામ ન એક
દુર્ગતિ પડતાં રાખીયો રે મને મોકલીયો દેવલોક રે...
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૬
દેવી પ્રત્યે કહે દેવતા રે હું જાઉં એકણ વાર
સમાચાર કહું મારા કુટુંબને રે નિત્ય કરજો દયા ધર્મ સાર રે...
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૭
દેવ પ્રત્યે દેવીઓ કહે રે સુણો વલ્લભ મોરા નાથ
નાટક જુઓ એક અમતણું રે પછી જાજો સગાની પાસ રે...
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૮
એક નાટક કરતાં થકાં રે ગયા વર્ષ દોય હજાર
દેવતા મનમાં ચિંતવે રે હવે કરવો કવણ વિચાર રે...

ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૯

સઘળું કુટુંબ પુરૂં થયું રે હવે કહીશું કેહને જાય
દુર્ગંધ ઉડે મનુષ્ય લોકની રે હવે જાય અમારી બલાય રે...
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૧૦

ઉદયરત્ન વાચક કહે રે દેવલોકની એ સજ્ઝાય
ભણે ગણેને સાંભળે રે તેના ભવ ભવના પાતક જાય...
ભાઈ ! પુણ્યના ફળ જોજ્યો૦... ૧૧

## [X] ૪૨૫. સુમતિ-કુમતિના સંવાદની સજ્ઝાય

### ઢાળ ૧ :

હો દુરમતડી ! વેરણ થઈ લીધો રે મારા કંથને
હો પુરપતની ! શીયલ-સિથિલ કીધો રે સંગીત સંતને
તુંને મમતા માતાયે જાઈ છે તું તો દૂત પણામાં ડાહી છે તું તો વાઘણ થઈને વાહી છે ૧

તું તો મિથ્યાચારની બેટી છે તું તો કપટપણાની પેટી છે તું તો લોભ સંઘાતે લેટી છે ૨

મોહમદિરાપ્યાલો પાયો છે મારો નાથ તિણે ભરમાવ્યો છે તેં સુકૃતખજાનો ખાયો છે ૩

તેં કપટ કેળવણી કીની છે વળી વાત કરે બહુ ઝીણી છે પણ ગુણ ઠાણે ગુણહીણી છે ૪

મારો કંથપાસમાં પાડ્યો છે મારો વિવેકપુત્ર વિણસાડ્યો છે મારો સુકૃતમિત્ર તેં તાડ્યો છે ૫

તારો માન પુત્ર મનખારો છે એ તો દુર્મતિ કેરો ધાર્યો છે એ તો પાપીને મન પ્યારો છે ૬

કહે દુર્મતિ દોષ નહિં માહરો, મેં તેડ્યો નહિ સ્વામી તારો
એ તો ઉપાધિતણો છે ઉપચારો... હો દુરમતડી૦ ૭

### ઢાળ ૨ :

હો સુમતિજી ! મુજને એવડો દોષ દીઓ શા માટે ?
હો જગજનની ! ઉલટ ચાલતો આવે અમ ઘેરે વાટે

નીર વહેનેં નીચે હાલે એ તો ઉંચો ચલે કોઈ કાલે
એ તે કલબલ કરીને કોઈ વાલેં... હો સુમતિજી૦ ૧
મેલા ખેલા જિહાં આવે એ તો અણતેડ્યો જગ સહુ જોવે
એ તો ખંતી તીસ્યે સઘળી ખોવે... હો સુમતિજી૦ ૨
સંત કથા સુણવા આવે તિહાં આગળસે ઉંઘ ઘણી આવે
ભગવાન વચન મન ના ભાવે... હો સુમતિજી૦ ૩
જિહાં દેવ-ગુરૂનું દર્શન કરવા કથા સુણે પાતિક હરવા
તિહાં મોહ આવે છે મન હરવા... હો સુમતિજી૦ ૪
સહી કંથ તુમારો સમઝાવો કોઈ મર્મ વચન કરી પરસાવો
તિહાં દુર્મતિ કેરો નહિં દાવો... હો સુમતિજી૦ ૫
જે સુમતિવાત ચિત્તમાં ધરસ્યે સુધા સમકિતને તેહિજ વરસે
તે ભવસાયર હેલે તરસ્યે તે તો મહાનંદ પદવી મલસ્યે... હો સુમતિજી૦૬

## [?] ૪૨૬. સોબતની સજઝાય

લોઢું લાલ બને અગ્નિ સંગથી, એતો રાતું રહે ક્ષણવાર,
નીકળે જો બહાર, સંગત એને શું કરે ?,
જેના અંતર જાણે કઠોર, સંગત એને શું કરે ?, ૧
બારે મેઘ વરસે બહુ જોરથી, મગશેલીયો ન ભીંજાય,
બીજા ગળી જાય. સંગત૦ ૨
દૂધસાકર ઘીથી સીંચો સદા, લીંબડાની કડવાશ ન જાય.
મધુરો નવિ થાય. સંગત૦ ૩
ચંદનવૃક્ષના મૂલે વસી રહ્યો, ફણીધરે છોડ્યો ન સ્વભાવ,
જાણ્યો ના પ્રભાવ. સંગત૦ ૪
પાણીમાંહે પડ્યો રહે સદા, કાલમિંઢ તણું એવું જોર,
ભીંજાય ન કોર. સંગત૦ ૫
આંધણ ઉકળતાં માંહે ઓરીયે, પણ કોરડું ના રંધાય,
બીજા ચઢી જાય. સંગત૦ ૬
સો મણ સાબૂએ સાફ કર્યા છતાં, કોલસાની કાળાશ ના જાય,
ઉજ્વલ નવિ થાય. સંગત૦ ૭
ખરને નિર્મલ જલે નવરાવીએ, પણ રાખ દેખી તત્કાલ,

ધરે બહુ વ્હાલ. સંગત૦ ૮
કાળા રંગનું કપડું લઈ કદી, રાતા રંગમાં બોળ ઝબોળ,
ભીંજાય નહીં ડોળ. સંગત૦ ૯
ઝરમર ઝરમર મેહુલો વરસો રહ્યો, વનસ્પતિઓ લીલી થાય,
જવાસો સૂકાય. સંગત૦ ૧૦
કાગે હંસ તણી સોબત કરી, પણ ચૂક્યો ના પોતાનું ચરિત્ર,
જો જો એની રીત. સંગત૦ ૧૧
કસ્તૂરી ને કપુરના ગંજમાં, દાટે કદી ડુંગળીને કોય,
સુંગધી ન હોય. સંગત૦ ૧૨
કસ્તુરીનાં ક્યારાં માંહે રોપતાં, નવિ જાયે લસણ કેરી વાસ,
દુષ્ટ જેનો પાસ. સંગત૦ ૧૩
સતી સદ્ગુણવંતના સંગથી, નવિ આવે કુંભારજાને રંગ;
ખોટા જેના ઢંગ. સંગત૦ ૧૪
દુર્જને સજ્જનની સોબત કરી, પણ કપટપણું નવિ જાય,
સીધો નવિ થાય. સંગત૦ ૧૫
ગાઢ અજ્ઞાની જ્ઞાને પામે નહી, પામે જો સંત સમાગમ,
કહે મુનિ રામ. સંગત૦ ૧૬

## ૪૨૭. સત્સંગની સજઝાય

સત્સંગનો રસ ચાખ, પ્રાણી ! તું તો સત્સંગનો રસ ચાખ;
પ્રથમ લાગે તીખો ને કડવો, અંતે આંબા કેરી સાખ. પ્રા૦ ૧
મેડી મંદિર માલ ખજાના, પડ્યા રહેશે ઘરબાર. પ્રા૦ ૨
આ રે કાયાનો ગર્વ ન કરશો, અંતે થવાની છે રાખ. પ્રા૦ ૩
જુગતિ જોઈને રાચ મા જરીયે, ખોટો બધો છે આ ખેલ. પ્રા૦ ૪
ચાર ગતિમાં જીવ તું ભમીયો, પંચમી ગતિ સંભાળ. પ્રા૦ ૫
તન ધન જોબન તે નથી તારા, અંતે માટીમાં મળનાર. પ્રા૦ ૬
મારું મારું કરી દાન ન દીધું, સાથે આવે ના તલભાર. પ્રા૦ ૭
રાયપ્રદેશી રાજ્યમાં ખુંચ્યો, ગુરુ સંગત જુવો સાર. પ્રા૦ ૮

ગુરુ ઉપદેશથી રાય પરદેશી, પામશે મોક્ષ દુવાર. પ્રા૦ ૯
શ્રેણિક રાજા સમકિત પામ્યા, ગુરુ અનાથી મુનિરાય. પ્રા૦ ૧૦
જ્ઞાનવિમલ કહે સત્સંગનું ફળ, રત્નચિંતામણી ભાઈ. પ્રા૦ ૧૧

## ૪૨૮. સોદાગરની સજઝાય

સુણ સોદાગર બે દિલ કી બાત હમારી
તે સોદાગર દૂર વિદેશી સોદા કરણકું આયા
મોસમ આયે માલ સવાયા રતનપુરીમાં ઠાયા... સુણ૦ ૧

તીનું દલાલકું હર સમઝાયા જિનસે બહોત ન ફાયા
પાંચું દીવાનું પાઉં જડાયા એકકું ચોકી બિઠાયા... સુણ૦ ૨

નફા દેખકર માલ બિહરણા ચૂઆ કટે નયું ઘરના
દોનું દગા બાજુ દૂર કરના દીપકી જ્યોતે ફિરના... સુણ૦ ૩

એક દિનવળી મહેલમે રહના બંદરકું ન હિલાના
દશ શહરસે દોસ્તી હી કરતા ઉનસે ચિત્ત મિલાનાં... સુણ૦ ૪

જનહર તજના જિનવર ભજના સજના દિનકું દલાઈ
નવસર હાર ગલેમે રખના જખના લખકી કટાઈ... સુણ૦ ૫

શિરપર મુગટ ચમર ઢોળાઈ અમ ઘર રંગ વધાઈ
શ્રી શુભવીર વિજય ઘર જાઈ હોત સતાબી સગાઈ... સુણ૦ ૬

## ૪૨૯. સ્ત્રીને હિતશિક્ષાની સજઝાય

નાથ કહે તું સુણને નારી, શિખામણ છે સારી જી;
વચન તે સઘળાં વીણી લેશે, તેહના કારજ સરશે, શાણી થઈએ જી.૧

જાત્રા જાગરણ ને વિવાહમાં, માતા સાથે રહીએ જી;
સાસરિયામાં જળ ભરવાને, સાસુ સાથે જઈએ. શા૦ ૨

દિશા અંધારી ને એકલડાં, માર્ગમાં નવિ જઈએ જી;
એકલી જાણી આળ ચઢાવે, એવું શાને કરીએ. શા૦ ૩

વ્હાણામાં વ્હેલેરા ઉઠી, ઘરનો ધંધો કરીએ જી;

નણંદ જેઠાણી પાસે જઈને, સુખ દુઃખ વાત ન કરીએ. શા૦ ૪

ચોકમાં ચતુરાઈએ રહીએ, રાંધતા નવિ રમીએ જી;
સહુકો' ને પ્રસાદ કરાવી, પાછળ પોતે જમીએ. શા૦ ૫

ગાઠે પહેરી ઘરમાં રહીએ, બહાર પગ નવિ ભરીએ જી;
સસરા - જેઠની લાજ કરીને, મ્હોં આગળથી ખસીએ. શા૦ ૬

છૂટે કેશે શિર ઉઘાડે, આંગણામાં નવિ જઈએ જી;
પુરુષ તણો પડછાયો દેખી, મ્હોં આગળ નવિ રહીએ. શા૦ ૭

એકાંતે દિયરીયા સાથે, હાથે ન તાળી લઈએ જી;
પ્રેમ તણી જો વાત કરે તો, મ્હોં આગળથી ખસીએ. શા૦ ૮

આભરણ પહેરી અંગ શોભાવી, હાથે દર્પણ ન લઈએ જી;
પિયુડો જો પરદેશ સિધાવે તો, કાજળ રેખ ન દઈએ. શા૦ ૯

પિયુડા સાથે ક્રોધ ન કરીએ, રિસાયેલા નવિ રહીએ જી;
છૈયાં-છોરૂં-છોકરડાંને, તાડન કદીય ન કરીયે. શા૦ ૧૦

ઉજ્જડ મંદિરમાંહિ ક્યારે, એકલડાં નવિ જઈએ જી;
એકલી જાણી આળ ચઢાવે, એવું સાને સહીએ. શા૦ ૧૧

ફિરિયલ નારીનો સંગ ન કરીએ, તસ સંગે નવ ફરીયે જી;
મારગ જાતાં વિચાર કરીને, ઊંડો પાવ ન ધરીએ. શા૦ ૧૨

ઉદયરત્ન વાચક એમ બોલે, જે નરનારી ભણશે જી;
તેહના પાતક દૂરે ટળશે, મુક્તિપુરીમાં જઈ મળશે. શા૦ ૧૩

## ૪૩૦. સ્થાપનાચાર્ય કલ્પની સજ્ઝાય

પૂરવનવમાંથી ઉદ્ધરી જિમ ભાખે ભદ્રબાહુ રે
સ્થાપનાકલ્પ અમે કહું તિમ સાંભળજો સહુ સાહુ રે...
પરમ ગુરૂ વયણે મન દીજીયે તો સુરતરૂ શિવફળ લીજે રે... ૧

લાલ વરણ જે સ્થાપના માંહે રેખા તે શ્યામ જોય રે
આયુ જ્ઞાન બહુ સુખ દીયે તે તો નીલકંઠ સમ હોય રે... પરમ૦ ૨

પીત વરણ જે સ્થાપના માંહે પીતબિંદુ તેમ શ્વેત રે
તેહ પખાળી પાઈએ સવિરોગનો વિલય હોત રે... પરમ૦ ૩

શ્વેત વરણ જે સ્થાપના માંહે પીત બિંદુ તસનીર રે
નયન રોગ છાંટે ટળે પીતાં ટળે શૂળ શરીર રે... પરમ૦ ૪

નીલવરણ જેહ સ્થાપના રે માંહે પીતબિંદુ તે સાર રે
તેહ પખાળી પાઈએ હોય અહિ વિષનો ઉતાર રે... પરમ૦ ૫

ટાળે વિસૂચિકા રોગ જે ધનલાભ હોઈ ધૃતવન્ન રે
રકતવર્ણ પાસે રહ્યો મોહે માનિની કેરો મન્ન રે... પરમ૦ ૬

શુદ્ધ શ્વેત જે સ્થાપના માંહે દીસે રાતી રેખ રે
ડંખ થકી વિષ ઉતરે વળી સીઝે કાર્ય અશેષ રે... પરમ૦ ૭

અર્ધરકત જે સ્થાપના વળી અર્ધપીત પરિપુષ્ટ રે
તેહ પખાળી છાંટીએ હરે અક્ષિરોગને દુષ્ટ રે... પરમ૦ ૮

જંબુ વર્ણ જે સ્થાપના માંહે સર્વ વર્ણના બિંદુ રે
સર્વ સિદ્ધિ હોય તેહથી મોહે નરનારીના વૃંદ રે... પરમ૦ ૯

જાતિપુષ્પ સમ સ્થાપના સુતવંશ વધારે તેહ રે
મોર પીચ્છ સમ સ્થાપના વાંછિત દીયે ન સંદેહ રે... પરમ૦ ૧૦

સિદ્ધિ કરે ભય અપહરે પારદ સમ બિંદુ તે શ્યામ રે
મૂષક સમ જે સ્થાપના તે ટાળે અહિવિષ ઠામ રે... પરમ૦ ૧૧

એક આવર્તે બલ દીયે બિહું આવર્તે સુખ ભંગ રે
ત્રિહું આવર્તે માન દીયે ચિહું આવર્તે નહિં રંગ રે... પરમ૦ ૧૨

પંચ આવર્તે ભય હરે છ આવર્તે દીયે રોગ રે
સાત આવર્તે સુખ કરે વળી ટાળે સઘળા રોગ રે... પરમ૦ ૧૩

વિષમ આવર્તે સુખ-ફળ ભલું સમ આવર્તે ફલહીન રે
ધર્મનારી હોય છેદથી એમ કહે તત્વ પ્રવીણ રે... પરમ૦ ૧૪

જેહ વસ્તુમાં સ્થાપીએ દક્ષિણ આવર્તે તેહ રે
તેહ અખૂટ સઘળું હુવે કહે વાચક જસ ગુણ ગેહ રે... પરમ૦ ૧૫

## ૪૩૧. હોકાની સજ્ઝાય

હોકો રે હોકો શું કરો રે હોકો તે નરકનું ઠામ
જીવ હણાયે અતિ ઘણા રે વાયુકાય અભિરામ,
ભવિકજન ! મૂકો હોકાની ટેવ ૧

સુખપામો સ્વયમેવ, ભવિકજન !
જ્યાં લગે હોકો પીજીયે રે ત્યાં લગે જીવ વિનાશ
પાપ બંધાયે આકરાં રે દયાતણી નહિં આશ... ભવિકજન૦ ૨

જે પ્રાણી હોકો પીવે રે તે પામે બહુ દુઃખ
ઈમ જાણીને પરિહરો રે પામો બહોળું સુખ... ભવિકજન૦ ૩

ગજ લગે ધરતી બળે રે જીવ હણાયે અનંત
જે નર હોકો મેલશે રે તસ મળશે ભગવંત... ભવિકજન૦ ૪

દાવાનલ ઘણા પરજળે રે હોકાનાં ફળ એહ
નરકે જાશે બાપડા રે ધર્મ ન પામે તેહ... ભવિકજન૦ ૫

એકેન્દ્રી બેઈદ્રિમાં રે ફિરે અનંતી વાર
છેદન-ભેદન-તાડના રે તિહાં લહે દુઃખ અપાર... ભવિકજન૦ ૬

વ્યસની જે હોકાતણા રે તલપ લાગે જબ આય
વનમાં વૃક્ષ છેદી કરી રે અગ્નિ પ્રજવલિત કરાય... ભવિકજન૦ ૭

તિહાં ષટ્કાયના જીવની રે હિંસા નિરંતર થાય
હોકાનું જળ જિહાં ઢોળીયે રે તિહાં બહુજીવ હણાય... ભવિકજન૦ ૮

પોતે પાપ પૂરણ કરે રે અન્યને દે ઉપદેશ
વળી અનુમોદન પણ કરે રે ત્રિકરણે થાયે ઉદ્દેશ... ભવિકજન૦ ૯

મુખ ગંધાયે પીનારનું રે બેસી ન શકે કોઈ પાસ
જગમાં પણ રૂડું નહીં રે પુણ્ય તણો થાય નાશ... ભવિકજન૦ ૧૦

સંવત અઢાર ને છોંતેર રે ઉજવલ શ્રાવણ માસ

વાર બૃહસ્પતિ શોભતો રે પૂનમ દિન શુભ ખાસ... ભવિકજન૦ ૧૧

તપગચ્છ મંડન સેહરો રે દાનરતન સૂરિ રાય
મલુકરતન શિષ્ય શોભતા રે આણંદહરખ ન માય... ભવિકજન૦ ૧૨

પ્રતાપ પૂરણ ગિરૂઆ ધણી રે શિવરતન તસ શીશ
હોકાનાં ફળ ઈમ કહ્યાં રે ખુશાલરતન સુજગીશ... ભવિકજન૦ ૧૩

## [?] ૪૩૨. હોંશનો અતિરેક ન કરવા વિષેની સજ્ઝાય

હોંશીડા ભાઈ ! હોંશ ન કીજે મોટી
વાવી છે બંટી-બાજરી તો શાલિ કેમ લહીયે ચૂંટી રે...
હોંશીડા ભાઈ૦ ૧

જેણે દીધું તેણે લીધું જે દેશે તે લેશે
જેણે નવિ દીધું તેણે નવિ લીધું દીધા વિના કેમ લેશે રે...
હોંશીડા ભાઈ૦ ૨

વાવ્યા વિના કર્ષણ કેમ લહીયે સેવ્યા વિના કેમ ઠરીયે
પુણ્ય વિના મનોરથ શા મોટા ? દીધા વિના કેમ લહીયે રે...
હોંશીડા ભાઈ૦ ૩

શીશાની અકોટી આપી આપી તરૂઆની ત્રોટી
તે સોનાર કને કેમ માગીશ સોનાની કરી મ્હોટી રે...
હોંશીડા ભાઈ૦ ૪

શાલિભદ્ર ધન્નો કયવન્નો મૂળદેવ ધનસાર
પુણ્ય વિશેષે પ્રત્યક્ષ પામ્યા અલવેસર અવતાર રે...
હોંશીડા ભાઈ૦ ૫

એવું જાણીને રૂડું કુલજ પામી કરજો ધર્મ સખાઈ
સાધુ હર્ષ કરજોડી વિનવે, છોડી દેજો અન્યાઈ રે...
હોંશીડા ભાઈ૦ ૬

# સજ્ઝાય સરિતા

❀ ❀ ❀

## પરિશિષ્ટ

### પ્રથમપદનો અકારાદિ અનુક્રમ

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| | **અ-આ-એ-ઐ-ઓ-ઔ** | |
| ૧. | એકદિન બેઠાં માળીયે રે લાલ | ૪ (ઢાળ નં. ૨) |
| ૨. | અહો ! વિધાતા મુઝ એહનું | ૫ (ઢાળ નં. ૩ દુહા) |
| ૩. | અમકાતે વાદળ ઉગીયો સૂર | ૭ |
| ૪. | અરણીક મુનિવર ચાલ્યા ગોચરી | ૯ |
| ૫. | અંજના વાત કરે છે મારી સખી | ૧૨ |
| ૬. | આષાઢાચાર્ય અણગાર | ૧૯ (ક) ઢાળ-૧ |
| ૭. | આષાઢાચાર્ય ચિત્ત ચિંતવે | ૧૯ (ક) ઢાળ-૨ દુહા |
| ૮. | આષાઢાચાર્ય ઈમ ચિંતવે | ૧૯ (ક) ઢાળ-૨ |
| ૯. | આદિ જિનવર ધ્યાઉં ગાઉં દાન પ્રભાવ | ૨૬ |
| ૧૦. | અરિહંત પદ પંકજ નમી | ૩૨ (ઢાળ-૧) દુહા |
| ૧૧. | અવંતી નગરી સોહામણી રે | ૩૭ |
| ૧૨. | આધારજ હતો રે એકમને તાહરો રે | ૪૬ |
| ૧૩. | આભારે નગરી ઉધાનમાં | ૫૦ |
| ૧૪. | અનંત સિદ્ધ આગે હુઆ | ૬૦ (દુહો) |
| ૧૫. | આદીશ્વરને રે પાય પ્રણમી કરી | ૬૬ |
| ૧૬. | આવ્યા નારદ મુનિવર | ૮૨ |
| ૧૭. | એણી પેરે જિનની સ્તવના કરતો | ૮૩ (ઢાળ-૩) |
| ૧૮. | આવ્યા ગજપુર નયરથી | ૯૩ (ઢાળ-૨) |
| ૧૯. | આભરણ અલંકાર સઘળા ઉતારી | ૧૦૬ |
| ૨૦. | આદિ જિણંદ વાણી સુણી | ૧૦૧ |
| ૨૧. | અનિમિષ નયણે જોવતાં | ૧૦૮ દુહો (ઢાળ-૩) |
| ૨૨. | ઓળંભા ઈણ વિધ સુણો દાદી તણા | ૧૧૮ (ઢાળ-૨) |
| ૨૩. | એક દિન દવ બળતો બહુ | ૧૨૩ (ઢાળ-૬) |
| ૨૪. | અહો રાણાજી કહ્યું માનો તો | ૧૩૫ (ઢાળ-૧) |
| ૨૫. | ઔષધ દાન તે દીજીએ | ૧૩૯ |
| ૨૬. | એક દિન ઉજ્જેણીને મારગ | ૧૪૧ |
| ૨૭. | આસો માસે તે ઓળી આદરી રે લોલ | ૧૫૪ (ઢાળ-૧) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૨૮. | એવડો શો અંતર દીસે | ૧૫૭ (ઢાળ-૨) |
| ૨૯. | આવું નોતું જાણ્યું રે મારા મનમાં | ૧૬૬ |
| ૩૦. | અન્ય દિવસ રવિરાજને રે લાલ | ૧૬૯ (ઢાળ-૨) |
| ૩૧. | અનુક્રમે ગર્ભપ્રભાવ | ૧૭૧ (ઢાળ-૨) |
| ૩૨. | એકદિન ઈંદ્રે મહોત્સવે | ૧૭૧ (ઢાળ-૩) |
| ૩૩. | અભયા કામ વિકાર | ૧૭૧ (ઢાળ-૫) |
| ૩૪. | એકદિન કોશ્યા ચિત્ત ને રંગે | ૧૮૭ |
| ૩૫. | અહો મુનિવરજી માહરી ઉપર | ૧૯૧ |
| ૩૬. | આવ્યો અષાઢો માસ નાવ્યો ધૂતારો રે | ૧૯૫ (ઢાળ-૨) |
| ૩૭. | આચારાંગ પહેલું કહ્યું રે લોલ | ૨૦૩ (ઢાળ-૧) |
| ૩૮. | અંગ પાંચમું સાંભળો તુમે | ૨૦૩ (ઢાળ-૫) |
| ૩૯. | આઠમું અંગ અંતગડ દશા | ૨૦૩ (ઢાળ-૮) |
| ૪૦. | અંગ અગ્યારમો સાંભળો | ૨૦૩ (ઢાળ-૧૧) |
| ૪૧. | અંગ અગ્યારે સાંભળ્યાં રે | ૨૦૩ (ઢાળ-૧૨) |
| ૪૨. | આગમની આશાતના નવિ કરીએ | ૨૦૪ |
| ૪૩. | અજરામર જગ કોં નહીં | ૨૦૬ (ઢાળ-૪) |
| ૪૪. | અજજિમ કોઈક પાષે આંગણ | ૨૦૬ (ઢાળ-૭) |
| ૪૫. | આધાકર્મી આહાર ન લીજીયે | ૨૦૭ (ઢાળ-૩) |
| ૪૬. | આજમારે એકાદશી રે નણદલ | ૨૦૯ |
| ૪૭. | અષ્ટમી પર્વ આરાધો પ્રીતે | ૨૧૧ |
| ૪૮. | આઠમ કહે આઠ મદના | ૨૧૪ (ઢાળ-૮) |
| ૪૯. | અઢારમું જે પાપનું સ્થાનક | ૨૨૧ (ઢાળ-૧૮) |
| ૫૦. | આળસ અંગથી પરિહરો | ૨૨૮ (ઢાળ-૧) |
| ૫૧. | અજ્ઞાનપણાને હો જો રે કેઈ પ્રાણી યા | ૨૨૮ (ઢાળ-૧૦) |
| ૫૨. | આશા દાસી વસ પડ્યા | ૨૩૪ |
| ૫૩. | અજરામર જગ કો નહીં | ૨૩૫ |
| ૫૪. | આજ સફળ દિન મુનિ મને મળિયા | ૨૩૬ (ઢાળ-૯) |
| ૫૫. | અચપલ રોગ રહિત નિષ્ઠુર નહીં | ૨૩૭ (ઢાળ-૬) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૫૬. | એ અડદિઠ્ઠી કહી સંક્ષેપે | ૨૩૭ (ઢાળ-૯) |
| ૫૭. | અર્હ પ્રભાસમ બોધ પ્રભામાં | ૨૩૭ (ઢાળ-૭) |
| ૫૮. | અનિવૃત્તિ નવમું આદરો ગુણઠાણું હો | ૨૪૦ (ઢાળ-૯) |
| ૫૯. | અયોગી નામે ચૌદમું એ | ૨૪૦ (ઢાળ-૧૪) |
| ૬૦. | આશ્રવ ભાવના સાતમી રે | ૨૪૧ (ઢાળ-૭) |
| ૬૧. | આઠમી સંવર ભાવનાજી | ૨૪૧ (ઢાળ-૮) |
| ૬૨. | આવ્યો પ્રાણી એકલો રે | ૨૪૩ |
| ૬૩. | અરિહંત તે જિન વિચરતાજી | ૨૪૮ (ઢાળ-૩) |
| ૬૪. | આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા | ૨૪૮ (ઢાળ-૭) |
| ૬૫. | અષ્ટકરમ ચૂરણ કહી રે લાલ | ૨૪૯ |
| ૬૬. | આપ સ્વભાવમાં રે અવધૂ | ૨૫૯ |
| ૬૭. | અવધૂ ઐસે જ્ઞાન વિચારી | ૨૬૮ |
| ૬૮. | આવ્યો ત્યારે મૂઠી વાળી | ૨૭૯ |
| ૬૯. | અહિંસા ધર્મ કા ડંકા | ૨૮૮ |
| ૭૦. | આ સંસાર અસાર છે ચીત ચેતો | ૨૮૯ |
| ૭૧. | આ સંસાર અસાર છે | ૨૯૧ |
| ૭૨. | આતમ રામે રે મુનિવર રમે | ૨૯૬ |
| ૭૩. | આપ અજવાળ જો આત્મા | ૩૦૪ |
| ૭૪. | આ તન છે રંગ પતંગી | ૩૦૬ |
| ૭૫. | અમે તો આજ તમારા એ | ૩૦૭ |
| ૭૬. | આતમ ધ્યાનથી રે સંતો સદા | ૩૨૦ |
| ૭૭. | અરે કિસ્મત તું ઘેલું | ૩૨૩ |
| ૭૮. | અનંતકાયના દોષ અનંતા | ૩૨૯ |
| ૭૯. | અનુભવિયાના ભવિયા રે | ૩૩૨ |
| ૮૦. | અજ્ઞાન મહા અંધેર નગરે | ૩૩૪ |
| ૮૧. | એ કોણ પુરૂષ કહાયો સુગુણ નર ! | ૩૪૪ |
| ૮૨. | અરિહંત જીને ખામણાં રે | ૩૫૩ |
| ૮૩. | આદિ જિનેશ્વર પાય પ્રણમેવ | ૩૬૩ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૮૪. | એ નવકાર તણું ફળ સાંભળો | ૩૭૫ |
| ૮૫. | આરંભ કરતો રે જીવ | ૩૯૪ |
| ૮૬. | આરંભ કરતો જીવડો રે | ૩૯૫ |
| ૮૭. | આચારી આચાર્યનોજી | ૩૮૬ (ઢાળ-૩) |
| ૮૮. | એકનારી દોય પુરૂષ મળી રે | ૩૯૬ |
| ૮૯. | આભવ રત્ન ચિંતામણી સરીખો | ૪૦૩ |
| ૯૦. | અવધૂ નિરપક્ષ વિરલા (હોઈ) કોઈ | ૪૦૭ |
| ૯૧. | અણસમજુને શી શિખામણ દઉં રે | ૪૧૮ |
| | **ઈ** | |
| ૧. | ઈણ અવસર નાનો બાલુડો રે હાંઈ | ૪ (ઢાળ-૩) |
| ૨. | ઈલાચીકુમાર ચિત્ત ચિંતવે | ૨૧ |
| ૩. | ઈણ અવસર ફલ ફલથી | ૭૨-ખ (ઢાળ-૨ દુહા) |
| ૪. | ઈમ કોમલ વચને કરી રે | ૯૨ (ઢાળ-૫) |
| ૫. | ઈણહી જંબુદ્વીપે હો ભરત ક્ષેત્રમાં રે | ૧૧૮ (ઢાળ-૪) |
| ૬. | ઈંદ્ર તણું આસન ચલ્યું રે | ૧૭૭ (ઢાળ-૫) |
| ૭. | ઈણ અવસર તિહાં આવિયા | ૧૯૯ (ઢાળ-૧) |
| ૮. | ઈણ વિધ પાંચે તિથિ ભણી | ૨૧૪ (ઢાળ-૬ દુહા) |
| ૯. | ઈણ દશતિથિ અધિકાર | ૨૧૪ (ઢાળ-૧૧ દુહા) |
| ૧૦. | ઈંદ્ર વિચારે ચિત્તમાંજી | ૨૧૬ (ઢાળ-૩) |
| ૧૧. | ઈક્ષ્વાહુ ભૂમે નાભિકુલકર ધરેજી | ૨૧૬ (ઢાળ-૧૦) |
| ૧૨. | ઈંદ્રિય દમન આતમ રસા | ૨૩૬ (દુહો) |
| ૧૩. | ઈમ ભાવો ભવ જે દુઃખ સહ્યાં | ૨૪૧ (દુહો) |
| | **ઉ** | |
| ૧. | ઉપશમ આણો ઉપશમ આણો | ૩૧ |
| ૨. | ઉપશમ સુખકંદો જ્ઞાના નંદો | ૬૭ (ઢાળ-૫) |
| ૩. | ઉઠી ઉલટમાં મસું | ૧૨૩ (ઢાળ-૪) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૪. | ઉઠ સખી ઉતાવળી રે | ૧૮૫ |
| ૫. | ઉગતો સૂરજ તપે નહી રે | ૨૦૦ |
| ૬. | ઉંચા તે મંદિર માળિયા | ૨૭૮ |
| ૭. | ઉત્તર દિશાથી સાધુજી આવ્યા | ૪૧૬ |
| | ઋ | |
| ૧. | ઋદ્ધિથી ભરપુરને રૂડું વણિક ગ્રામ | ૧૫ |
| ૨. | ઋષિવનવાસી સુરવર સેવિત | ૨૦૬ (ઢાળ-૧૨) |
| | ક | |
| ૧. | કઠીન ઈમ નિર્જર કરી | ૫ (ઢાળ-૪ દુહા) |
| ૨. | કર્મની કથની ભારી હો રાજ | ૧૩ |
| ૩. | ક્યાંથી રે ઋષભપ્રભુ અવતર્યા | ૨૩ |
| ૪. | કપિલ નામે કેવળી રે | ૨૫ |
| ૫. | કરતા એમ અનુમોદના | ૩૨ (ઢાળ-૫ દુહા) |
| ૬. | કિયારે ભવનું વેર કપૂત તેં વાળ્યું ! | ૩૬ |
| ૭. | કંચન કેરી કિંમત જ્યારે | ૪૨ |
| ૮. | કૃષ્ણ નારી હવે ઢંઢણા | ૬૪ (ઢાળ-૨) |
| ૯. | કૃષ્ણજી તમને કહું કરજોડ કે | ૬૯ |
| ૧૦. | કૃષ્ણ કહે અમે વયણડાં | ૭૨ (ખ) ઢાળ-૨ |
| ૧૧. | કોઈક કરે એકાંતરા | ૭૨ (ખ) ઢાળ-૩ દુહા |
| ૧૨. | કાશીથી પાઉધારે શ્રીગુરૂજી | ૧૨૬ (ક) ઢાળ-૩) |
| ૧૩. | કાઉસગ્ગ ધ્યાને મુનિ રહનેમી નામે | ૧૩૦ |
| ૧૪. | કહ્યું રે માનો રાય લંકેશ્વરી | ૧૩૫ (ઢાળ-૩) |
| ૧૫. | કહે સીમંધર સ્વામ | ૧૩૭ |
| ૧૬. | કેવલીને મુખ સાંભળી | ૧૪૫ (ઢાળ-૩) |
| ૧૭. | કુરૂદેશે ગજપુર ઠામે | ૧૫૭ (ઢાળ-૧) |
| ૧૮. | કોશ્યા કહે સ્થુલભદ્ર જીરે | ૧૯૪ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૧૯. | કાલગયો નવિ જાણીયો રે | ૧૯૬ (ઢાળ-૩) |
| ૨૦. | કોશા વેશ્યા કહે રાગીજી | ૧૯૬ (ઢાળ-૪) |
| ૨૧. | કરકોલ કરીને રે હે ચાલ્યા ગુણ ભરીયા | ૧૯૬ (ઢાળ-૪) |
| ૨૨. | કોશ્યા કહે સુણજો સુમને | ૧૯૬ (ઢાળ-૧૩) |
| ૨૩. | કેવલ નાણ ગુણ પૂરીયો | ૨૦૬ (ઢાળ-૮) |
| ૨૪. | કંપિલ પુરનો રાજિયો | ૨૦૬ (ઢાળ-૧૮) |
| ૨૫. | કેવલ નાણે જાણતો રે | ૨૦૬ (ઢાળ-૩૩) |
| ૨૬. | કિસન નિલ કાપો તે એ | ૨૦૬ (ઢાળ-૩૪) |
| ૨૭. | કહે સદ્ગુરૂ સાંભળો ચેલા રે | ૨૦૭ (ઢાળ-૮) |
| ૨૮. | કાશીદેશ વણારસી સુખકારી રે | ૨૧૬ (ઢાળ-૮) |
| ૨૯. | ક્રોધ તે બોધ નિરોધ છે | ૨૨૧ (ઢાળ-૬) |
| ૩૦. | કલહ તે બારમું પાપનું સ્થાન | ૨૨૧ (ઢાળ-૧૨) |
| ૩૧. | ક્રોધ ન કરીએ ભોળા પ્રાણી | ૨૨૭ |
| ૩૨. | કડવાં ફળ છે ક્રોધનાં | ૨૨૬ |
| ૩૩. | કૃપણપણાથી બીહતો રે | ૨૨૮ (ઢાળ-૭) |
| ૩૪. | કર્મ ઉદય હોય જેહને હો લાલ | ૨૨૮ (ઢાળ-૮) |
| ૩૫. | કુતુહલ વાહ્યો પ્રાણીઓ | ૨૨૮ (ઢાળ-૧૨) |
| ૩૬. | ક્રોધ શમન ઈંદ્રિય દમન | ૨૩૬ દુહો |
| ૩૭. | કો નવિ શરણં કો નવિ | ૨૪૨ |
| ૩૮. | કીધાં કર્મની કંદવા રે | ૨૫૫ |
| ૩૯. | ક્યાં તન માંઝતાં રે એકદિન | ૨૬૧ |
| ૪૦. | કહાંકરૂ મંદિર કહાં કરૂં ડમરા | ૨૬૭ |
| ૪૧. | કોરા કાગજની પૂતળી મન મેરા | ૨૮૭ |
| ૪૨. | કેના રે સગપણ કેની રે માયા | ૨૯૫ |
| ૪૩. | કાં નવિ ચિંતેહો ચિત્તમાં | ૨૧૮ |
| ૪૪. | કેઈ કેઈ નાચ નચાવે | ૩૫૦ |
| ૪૫. | કામણગારી કાયા તારી | ૩૫૨ |
| ૪૬. | કિણી પરે દઉં મુનિવરને દાન | ૩૬૮ (ઢાળ-૨) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૪૭. | કહેજો ચતુર નર ! એ કોણ નારી | ૩૭૮ |
| ૪૮. | કર પડિકમણું ભાવ શું જી | ૩૯૧ |
| ૪૯. | કર પડિકમણું ભાવ શું જી | ૩૯૨ |
| ૫૦. | ક્યાં કરૂં ? મન સ્થિર નહિ રહતા | ૩૯૯ |
| | **ખ** | |
| ૧. | ખંધક સાધુ વિચાર | ૩૮ (ખ) ઢાળ-૧ |
| ૨. | ખેટ મુનિ કહે ધન્ય તુમે સાતે જણાં | ૧૭૨ (ઢાળ-૧) |
| ૩. | ખબર નહીં આ જગમેં | ૩૦૦ |
| | **ગ** | |
| ૧. | ગુરૂ આદેશે ગોચરી | ૧૪ |
| ૨. | ગ્રીષ્મકાળના જોરથી રે | ૩૨ (ઢાળ-૧) |
| ૩. | ગજસુકુમાર મહામુનિજી | ૪૦ |
| ૪. | ગાયો ગૌતમ ગોત્ર મુણિંદ | ૧૯૬ (ઢાળ-૧૮) |
| ૫. | ગણધર સુધર્મા ઈમ ઉપદેશે | ૨૦૭ (ઢાળ-૬) |
| ૬. | ગોયમ પૂછે વીરને સુણો સ્વામીજી | ૨૦૮ |
| ૭. | ગુરૂ કહે વૈતાઢ્ય ગિરિવરે | ૨૧૮ (ઢાળ-૨) |
| ૮. | ગુપ્તિ ત્રીજી રે સાધુજી સાચવો | ૨૩૬ (ઢાળ-૮) |
| ૯. | ગુણઠાણું હવે આઠમું | ૨૪૦ (ઢાળ-૮) |
| ૧૦. | ગુણઠાણું હવે તેરમું | ૨૪૦ (ઢાળ-૧૩) |
| ૧૧. | ગીરૂઆ રે ગુણ શીયલના | ૨૪૬ |
| ૧૨. | ગરભાવાસમાં ચિંતવે | ૩૨૨ |
| ૧૩. | ગુરૂ નમતાં ગુણ ઉપજે | ૩૩૬ |
| ૧૪. | ગુરૂ સન્મુખ રહી વિનય વિવેક | ૩૩૮ |
| ૧૫. | ગૌતમ સ્વામી પૃચ્છા કરે | ૩૪૫ |
| ૧૬. | ગજભવે સસલો ઉગારીઓ રે | ૩૬૪ |
| ૧૭. | ગૌતમ પૂછે શ્રી મહાવીર ને રે | ૩૯૩ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| | **ઘ** | |
| ૧. | ઘડપણ તું કાં આવિયો રે | ૩૫૫ |
| | **ચ** | |
| ૧. | ચંપાનગરી અતિભલી હું વારી લાલ | ૨૭ |
| ૨. | ચૌદશેં બાવન ગણપતિ | ૪૩ (ઢાળ-૧) |
| ૩. | ચંપાનગરી સોહામણી | ૬૦ (ઢાળ-૧) |
| ૪. | ચરણ કમલ નમી વીરનારે | ૭૩ |
| ૫. | ચંપાનગરી અતિ મનોહાર | ૮૦ |
| ૬. | ચોથું સમવાયાંગ તે સાંભળો | ૨૦૩ (ઢાળ-૩) |
| ૭. | ચિત્ર અને સંભૂત એ | ૨૦૬ (ઢાળ-૧૩) |
| ૮. | ચોથ કહે ભવિ સાંભળો | ૨૧૪ (ઢાળ-૪) |
| ૯. | ચારિત્ર લેતાં ખંધે મૂક્યું | ૨૧૬ (ઢાળ-૭) |
| ૧૦. | ચૈત વદી પાંચમદિને સુણો પ્રાણી જીરે | ૨૧૮ (ઢાળ-૩) |
| ૧૧. | ચોરી વ્યસન નિવારીએ | ૨૨૧ (ઢાળ-૩) |
| ૧૨. | ચોથી સમિતિ સોહામણી | ૨૩૬ (દુહો) |
| ૧૩. | ચિદાનંદ પરમાતમ રૂપ | ૨૩૮ |
| ૧૪. | ચોથી ભાવના ભવિયણ મનધરો | ૨૪૧ (ઢાળ-૪) |
| ૧૫. | ચઉસદ્દહણા તિલિંગ છે | ૨૪૮ (ઢાળ-૧) |
| ૧૬. | ચેતનજી વાણીનો સંયમ | ૨૫૭ |
| ૧૭. | ચેતે તો ચેતાવું તને રે પામર પ્રાણી | ૨૬૩ |
| ૧૮. | ચેતન જ્ઞાન અજુવાળીએ | ૨૭૧ |
| ૧૯. | ચેતન જ્ઞાન અજુવાળ જે | ૨૭૨ |
| ૨૦. | ચેતન ! ચેતજો રે એ કાળ ન મેલે કેડો | ૨૭૪ |
| ૨૧. | ચેત ચેત ચેત પ્રાણી | ૩૦૮ |
| ૨૨. | ચેતન અબ કુછ ચેતીએ | ૩૦૯ |
| ૨૩. | ચોત્રિશ અતિશય વંત | ૩૬૯ |
| ૨૪. | ચોથે પદે ઉવજ્ઝાયનું | ૩૮૬ (ઢાળ-૪) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| | **છ** | |
| ૧. | છલે કરી સીતાને ઝાલી લંકા એને લાવે | ૧૬૪ |
| ૨. | છઠ્ઠી કહે મુજ ઓળખી રે | ૨૧૪ (ઢાળ-૬) |
| ૩. | છઠ્ઠો કાંઠીયો છંડીએ | ૨૨૮ (ઢાળ-૬) |
| ૪. | છઠ્ઠું ગુણઠાણું હવે | ૨૪૦ (ઢાળ-૬) |
| ૫. | છઠ્ઠી ભાવના મનધરો | ૨૪૧ (ઢાળ-૬) |
| ૬. | છઠ્ઠો આરો એવો આવશે | ૩૫૯ |
| ૭. | છત અછત બે બેનડી | ૩૬૦ |
| ૮. | છીંક શુકનનો કહું વિચાર | ૩૬૧ |
| | **જ** | |
| ૧. | જિન વચને બુઝીયા | ૧૮ સજ્ઝાય (ઢાળ-૩) |
| ૨. | જુઓ જન્મ થયો જિનનો જાણીરે | ૨૪ (ઢાળ-૨) |
| ૩. | જુઓ ઋષભદેવ દીક્ષા લીપે રે | ૨૪ (ઢાળ-૩) |
| ૪. | જરાકમાર ભાખે હવે... | ૩૨ (ઢાળ-૨) દુહો |
| ૫. | જરાકુમાર એમ સાંભળી રે | ૩૨ (ઢાળ-૪) |
| ૬. | જેના ઘરમાં કુંભારજા નાર | ૩૫ (ઢાળ-૧) |
| ૭. | જસ મુખ સોહે સરસ્વતી માય | ૫૨ (ખ) |
| ૮. | જંબુદ્વીપ સોહે સુવિચાર | ૫૪ |
| ૯. | જંબુદ્વીપે ભરત મોઝાર | ૪૩ (ઢાળ-૨૭) |
| ૧૦. | જિનપાલિત મનમેં ધારી | ૬૦ (ઢાળ-૪) |
| ૧૧. | જિનવર રૂપ દેખી મન હરખી | ૬૮ |
| ૧૨. | જિન વચને વૈરાગીયો હો ધન્ના | ૭૫ (ઢાળ-૧) |
| ૧૩. | જિનવર ચરણેં નમીરે | ૮૭ |
| ૧૪. | જીહો પરમ પુરૂષ પરમેશ્વર રે લાલ | ૯૭ |
| ૧૫. | જીરે શું તુજ મારૂં કુત | ૧૦૮ (ઢાળ-૨) |
| ૧૬. | જંબુદ્વીપમાં દીપતું રે લાલ | ૧૪૪ |
| ૧૭. | જોને વિચારી એવું રે આ સ્વપ્ન જેવું | ૧૫૯ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૧૮. | જનક સુતા સીતા સતીરે | ૧૬૧ |
| ૧૯. | જનક સુતા હું નામ ધરાવું | ૧૬૨ |
| ૨૦. | જટા રે મુગટ તારે પાય લાગું | ૧૬૫ |
| ૨૧. | જંબુદ્ધિપ મોઝાર | ૧૬૮ |
| ૨૨. | જંબુદ્ધીપના ભરતમાં | ૧૬૯ (ઢાળ-૧) |
| ૨૩. | જોઈ જોઈ રે જોગતણી દશ | ૧૯૬ (ઢાળ-૧૧) |
| ૨૪. | જીરે નવમી કહે નમીયેં સદા | ૨૧૪ (ઢાળ-૯) |
| ૨૫. | જિનનો જન્મ મહોત્સવ પહેલો રે | ૨૧૬ (ઢાળ-૬) |
| ૨૬. | જિહાં રતિ કોઈક કારણે જી | ૨૨૧ (ઢાળ-૧૫) |
| ૨૭. | જીરે મારે લોભ તે દોષ અથોભ | ૨૨૧ (ઢાળ-૯) |
| ૨૮. | જીવ ! ક્રોધ મ કરજે | ૨૨૫ |
| ૨૯. | જીહો અવજ્ઞા કરતાં જીવડા | ૨૨૮ (ઢાળ-૩) |
| ૩૦. | જગમાં જાલ મ જોર | ૨૨૮ (ઢાળ-૧૩) |
| ૩૧. | જબ લગ સમતા ક્ષણ | ૨૫૩ |
| ૩૨. | જાવું જરૂર મરી જીવડા | ૨૬૪ |
| ૩૩. | જૈનો કહો ક્યું હોવે ! પરમગુરૂ ! | ૨૬૬ |
| ૩૪. | જુઓ જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી | ૨૬૭ |
| ૩૫. | જંજાળી જીવડા ! જાગ તું | ૨૮૧ |
| ૩૬. | જોને તું પાટણ જેવા | ૨૮૨ |
| ૩૭. | જાઉં બલિહારી વૈરાગ્યની | ૨૮૩ |
| ૩૮. | જીવતું ઘેન માંહે પડ્યો | ૨૮૫ |
| ૩૯. | જીવડા ચુપ કરીને ચેતો | ૨૮૬ |
| ૪૦. | જગત હૈ સ્વાર્થકા સાથી | ૩૧૪ |
| ૪૧. | જબ લગે વિષય તૃષ્ણા | ૩૧૬ |
| ૪૨. | જીવડા સુકૃત કરજે સાર | ૩૨૧ |
| ૪૩. | જુઓ જુઓ કર્મે શું કીધું રે | ૩૪૭ |
| ૪૪. | જોબનીયાની મોજો ફોજો | ૩૫૬ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| | **ઝ** | |
| ૧. | ઝાંઝરીયા મુનિવર ઝગજ્યો | ૬૧ |
| | **ઠ** | |
| ૧. | ઠેરે જિહાં સમકિત તે થાનક | ૨૪૮ (ઢાળ-૧૨) |
| | **ઢ** | |
| ૧. | ઢંઢણ ઋષિને વંદના હું વારિલાલ | |
| | **ત** | |
| ૧. | તવ મંજુષા તિહાં થકી | ૫ (ઢાળ-૨) દુહા |
| ૨. | તાત કહે સુણ કુંવરી | ૫ (ઢાળ-૩) |
| ૩. | તારે હો અમ તારો તરણ જહાજ | ૫ (ઢાળ-૫) |
| ૪. | તવ પાલક સુખ પામતો | ૩૮ (ખ) ઢાળ-૨ |
| ૫. | તારા વિના વીર કોની સાથે બોલશું | ૪૫ |
| ૬. | તારા મુખડા ઉપર જાઉં વારી રે | ૪૮ |
| ૭. | તેજપાલ એકદિન એમ ચિંતે | ૪૩ (ઢાળ-૩) |
| ૮. | ત્રિશલાના જાયા જિનજી | ૫૯ |
| ૯. | તવ તે દેડકરાય | ૮૩ (ઢાળ-૨) |
| ૧૦. | તિણ નગરીએ રે અન્યદા રે | ૯૨ (ઢાળ-૧) |
| ૧૧. | તવ ભરતેશ્વર વિનવે રે ભાઈ | ૧૦૮ (ઢાળ-૩) |
| ૧૨. | તક્ષ શીલા નગરીનો નાયક | ૧૦૫ |
| ૧૩. | તુમ સાથે નહિ બોલું રે ઋષભજી | ૧૧૭ |
| ૧૪. | તાત આદેશે મયણ ચિંતવેરે લોલ | ૧૫૪ (ઢાળ-૩) |
| ૧૫. | તત્ક્ષણ ઉઠ્યો રાય સુકોશલ | ૧૬૯ (ઢાળ-૩) |
| ૧૬. | તમને મારા બાપના સમજો જાવા નહિં દઉંરે | ૧૯૫ (ઢાળ-૧) |
| ૧૭. | તું શાને કરે છે રાળા રે | ૧૯૫ (ઢાળ-૬) |
| ૧૮. | ત્રીજું અંગ હવે સાંભળો | ૨૦૩ (ઢાળ-૩) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૧૯. | તપ કરતાં મુનિ રાજીયા લાલા | ૨૦૬ (ઢાળ-૧૫) |
| ૨૦. | તે મુનિ વંદો તે મુનિ વંદો | ૨૦૭ (ઢાળ-૧૦) |
| ૨૧. | ત્રીજ કહે મુજ ઓળખી રે | ૨૧૪ (ઢાળ-૩) |
| ૨૨. | તેરસ શ્રોત આગળે | ૨૧૪ (ઢાળ-૧૩) |
| ૨૩. | ત્રીજી સમિતિ સમાચરોજી | ૨૩૬ (ઢાળ-૩) |
| ૨૪. | ત્રીજી દષ્ટિ બલા કહીજી | ૨૩૭ (ઢાળ-૩) |
| ૨૫. | ત્રીજી ભાવના એણી પેરે ભાવીયેજી | ૨૪૧ (ઢાળ-૩) |
| ૨૬. | તન છિલ્લર ઈંદ્રિય મચ્છા | ૨૪૧ (ઢાળ-૭) દુહા |
| ૨૭. | તપગચ્છ મુનિ વિજયદેવગુરૂ | ૨૪૧ (ઢાળ-૧૩) દુહો |
| ૨૮. | તુમે ભાવો રે ભવિ ! | ૨૪૧ (ઢાળ-૧૩) |
| ૨૯. | ત્રણલિંગ સમકિત તણાં રે | ૨૪૮ (ઢામ-૨) |
| ૩૦. | ત્રણ શુદ્ધિ સમકિત તણીરે | ૨૪૮ (ઢાળ-૪) |
| ૩૧. | તે તરીયા ભાઈ ! તે તરીયા | ૨૪૫ |
| ૩૨. | તુમે ભાવોરે ભવિ | ૨૪૧ (ઢાળ-૧૩) |
| ૩૩. | તનનો ભરોસો નથી રે ચેતન | ૨૬૦ |
| ૩૪. | તને સંસાર સુખ કેમ સાંભરે રે | ૨૬૫ |
| ૩૫. | તે ગિરૂઆ ભાઈ તે ગિરૂઆ | ૨૬૯ |
| ૩૬. | તું થોડું ફાટી જા કોણ છે પોરી રે | ૨૮૦ |
| ૩૭. | તન ધન જોબન કારમુંજી | ૨૮૪ |
| ૩૮. | તારૂં ધનરે જોબન ધૂળ થાસે | ૩૦૧ |
| ૩૯. | તુમે થી જિનના ગુણ ગાજોરે | ૩૧૯ |
| ૪૦. | વારી જાઉં બલિહારી હોચા દેવી | ૩૫૮ |
| ૪૧. | તે મુનિને કરૂં વંદન ભાવે | ૩૮૬ (ઢાળ-૫) |
| ૪૨. | તે સુખીયા ભાઈ તે સુખીયા | ૪૦૬ |
| ૪૩. | તે ભણીયા રે ભાઈ તે ભણીયા | ૪૦૮ |
| | **થ** | |
| ૧. | થેં તો ઉભા રહીને | ૮૬ (ઢાળ-૨) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૨. | થયો ચારિત્ર વંતો | ૯૨ (ઢાળ-૪) |
| ૩. | થાવચ્ચા સુત થરહર્યો | ૨૪૧ (દુહો) |
| | **દ** | |
| ૧. | દર્શન પરિષહ બાવિસમો | ૧૯ (ક) ઢાળ-૧ દુહા |
| ૨. | દીક્ષા લેવાને એક વરસ ભમ્યા વૈરાગીજી | ૨૪ (ઢાળ-૪) |
| ૩. | દુઃખભર હૈડે રોવતો રે... | ૩૨ (ઢાળ-૩) |
| ૪. | દેખી ચિંતે રાજીયો | ૩૮ (ખ) ઢાળ-૨ દુહા |
| ૫. | દોનુંભાઈ ચિત્ત ચિંતવે | ૬૦ (દુહો ઢાળ-૩) |
| ૬. | દ્રોપદી ધ્રુજે સંભામાંહિ | ૭૧ |
| ૭. | દોનું બંધવ આરડે | ૭૨ (ક) દુહો |
| ૮. | દ્વારે જે જે પુતળી | ૭૨ (ખ) ઢાળ-૩ |
| ૯. | દેવતણી ઋદ્ધિ ભોગવી આવ્યો | ૨૦૬ (ઢાળ-૯) |
| ૧૦. | દેવતણી ઋદ્ધિ ભોગવી રે | ૨૦૬ (ઢાળ-૧૪) |
| ૧૧. | દશ આચાર મુણિંદના | ૨૦૬ (ઢાળ-૨૬) |
| ૧૨. | દુઃખ હરણી દીપાલિહા રે લાલ | ૨૧૨ |
| ૧૩. | દિવાળી રઢીયાળી પર્વ સોહામણું | ૨૧૩ (ક) |
| ૧૪. | દશમીયેં દુશ્મન વારીયેં | ૨૧૪ (ઢાળ-૧૦) |
| ૧૫. | દ્વાદશી કહે ભવિ ભાવશું | ૨૧૪ (ઢાળ-૧૨) |
| ૧૬. | દેખી સુપન તવ જાગી રાણી | ૨૧૬ (ઢાળ-૪) |
| ૧૭. | દેશ મનોહર માલવો | ૨૧૯ (ઢાળ-૧) |
| ૧૮. | દ્વેષ ન કરીએ લાલન ! દ્વેષ ન કરીએ | ૨૨૧ (ઢાળ-૧૧) |
| ૧૯. | દર્શન તારા દષ્ટિમાં | ૨૩૭ (ઢાળ-૨) |
| ૨૦. | દષ્ટિ થિરા માંહે દર્શન નિત્યે | ૨૩૭ (ઢાળ-૫) |
| ૨૧. | દષ્ટિ આઠમાં સાર સમાધિ | ૨૩૭ (ઢાળ-૮) |
| ૨૨. | દઢ પહારી દઢ ધ્યાન ધરી | ૨૪૧ (દુહો) |
| ૨૩. | દશમી લોક સ્વરૂપ રે | ૨૪૧ (ઢાળ-૧૦) |
| ૨૪. | દશ દષ્ટાંતે દોહિલો રે | ૨૪૧ (ઢાળ-૧૧) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૨૫. | દેવદાનવ-તીર્થંકર ગણધર | ૩૪૮ |
| ૨૬. | દેવદત્ત વ્યવહારીએ રે | ૩૬૮ (ઢાળ-૩) |
| ૨૭. | દીવામાં દીવેલ ખુટ્યું | ૩૭૧ |
| ૨૮. | દેશ મુલકને પરગણે | ૩૯૦ |
| ૨૯. | દેખા દેખીએ ચાલતા જી | ૩૯૭ |
| | **ધ** | |
| ૧. | ધનદત્ત શેઠનો દીકરો | ૧૯ |
| ૨. | ધ્યાવે સ્થાવર તીર્થનેરે | ૪૩ (ઢાળ-૪) |
| ૩. | ધન ધન્નો મુનિ વંદીએરે લાલ | ૭૪ |
| ૪. | ધન ધન મુનિવર જે ધ્યાને રમે | ૯૩ (ઢાળ-૩) |
| ૫. | ધારણી મનવે રે મેઘકુમારને રે | ૧૨૨ |
| ૬. | ધારણી ઉરસર હંસલો | ૧૨૩ (ઢાળ-૪) |
| ૭. | ધન ધન મેતારજ મુનિ | ૧૨૪ |
| ૮. | ધનજી સૂરા સાહ | ૧૨૬ (ક) ઢાળ-૨ |
| ૯. | ધિગ્ ધિગ્ ધિગ્ મુનિ તુમને | ૧૩૨ |
| ૧૦. | ધન્ય ધન્ય સનતકુમારને | ૧૫૭ (ઢાળ-૪) |
| ૧૧. | ધન ધન જિનદત્ત અંગજ્ઞ | ૧૭૬ |
| ૧૨. | ધન ધન સુલસ સાચી | ૧૭૮ |
| ૧૩. | ધનદ તણે આદેશથી રે | ૨૧૬ (ઢાળ-૫) |
| ૧૪. | ધન ધન ધર્મ જગહિત કરૂં | ૨૪૧ (ઢાળ-૧૨) |
| ૧૫. | ધન ધન તે દિન ક્યારે આવશે | ૩૪૧ |
| ૧૬. | ધોબીડા તું ધોજે મનનું ધોતિયું રે | ૩૭૨ |
| | **ન** | |
| ૧. | નગરી તે માંહે વાસો વસે | ૫ (ઢાળ-૨) |
| ૨. | નામે એલાચીપૂત્ર જાણીએ | ૨૦ |
| ૩. | નટવો નાચે ચોકમાં ને | ૨૨ |

| ક્રમાંક | સજઝાયનું પ્રથમ પદ | સજઝાય નંબર |
|---|---|---|
| ૪. | નગરી કૌશાંબીનો રાજા કહીએ | ૨૯ |
| ૫. | નગરી દ્વારીકામાં નેમિ જિનેશ્વર | ૩૩ |
| ૬. | નમો નમો ખંધક મહામુનિ | ૩૮ (ઢાળ-૧) |
| ૭. | નમો નમો જય ભુષણમુનિ | ૫૫ |
| ૮. | નથી ડરતી હો નલરાજાની રાણી | ૮૧ |
| ૯. | નગરી ઉજ્જયિની રે નાગદત્ત શેઠ વસે | ૮૮ |
| ૧૦. | નગરી અયોધ્યા અતિ ભલી | ૯૩ (ઢાળ-૧) |
| ૧૧. | નમો નમો મનક મહામુનિ | ૧૧૩ |
| ૧૨. | નગરી અયોધ્યામાં રે આજે આણંદ | ૧૧૮ (ઢાળ-૩) |
| ૧૩. | નયરી સુદર્શન મણીરથ રાજા | ૧૧૫ |
| ૧૪. | નાજી નાજી નાજી છેડો નાજી | ૧૨૯ |
| ૧૫. | નેમ નેમ કરતી નારી | ૧૩૩ |
| ૧૬. | નવ વરસ વયમેં કુંવરે | ૧૪૧ દુહા |
| ૧૭. | નયરી તે એક ચંપાવતી | ૧૭૭ (ઢાળ-૧) |
| ૧૮. | નવમું અંગ હવે ભવિ સાંભળો | ૨૦૩ (ઢાળ-૯) |
| ૧૯. | નયરી ચંપામાં વસે | ૨૦૬ (ઢાળ-૨૧) |
| ૨૦. | નમવા નેમિ જિણંદને | ૨૦૭ (ઢાળ-૨) |
| ૨૧. | નવમી નિર્જર ભાવના | ૨૪૧ (ઢાળ-૯) |
| ૨૨. | નવ વાડ મુનિસર ! મન ધરો | ૨૪૭ |
| ૨૩. | નાવમેં નદીયાં ડૂબી જાય | ૩૨૮ |
| ૨૪. | નારી મેં દીઠી એક આવતી રે | ૩૩૯ |
| ૨૫. | નટવો થઈને નાટક એવા નાચ્યો હો | ૩૭૩ |
| ૨૬. | નિંદા મ કરજો કોઈ પારકી રે | ૩૮૩ |
| ૨૭. | નવકારશી કરૂં તો મનવસી રે | ૩૮૪ |
| ૨૮. | નમો સિદ્ધાણં બીજે પદેરે લાલ | ૩૮૬ (ઢાળ-૨) |
| | **પ** | |
| ૧. | પહેલાં તે સમરૂં પાસ પંચાસરો રે | ૪ (ઢાળ-૧) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૨. | પૂછે વાસુદેવને | ૩૨ (ઢાળ-૩) |
| ૩. | પંકજ ભૂતનયા નમી | ૬૭ (દુહો) |
| ૪. | પ્રભુ આગળ નૃપ બેઠો | ૬૭ (ઢાળ-૪) |
| ૫. | પાસ જિનેસર પાયનમી | ૫૪ (દુહા) |
| ૬. | પુંડરીક હવે ચિંતવે | ૯૨ (ઢાળ-૬) |
| ૭. | પ્રદેશી રાજા આવો સાંભળીયે ગુરૂદેશના | ૯૫ |
| ૮. | પ્રણમું તુમારા પાય પ્રસન્નચંદ્ર | ૯૮ |
| ૯. | પૃથ્વીચંદ્ર તે સાંભળી | ૯૩ (દુહો) |
| ૧૦. | પ્રણમી સરસ્વતી સામિનીજી | ૧૨૬ (ક) ઢાળ-૧ |
| ૧૧. | પ્રહ ઉઠીરે પંચ પરમેષ્ઠી સદાનમું | ૧૪૫ (ઢાળ-૧) |
| ૧૨. | પદ્મરથ રાય વીત શોકાપુરી રાજીયોરે | ૧૫૨ |
| ૧૩. | પરણી નૃપ રથપુર લેઈ ગયો | ૧૭૨ (ઢાળ-૨) |
| ૧૪. | પહેલી તે પોળે સતી આવીયાં રે | ૧૭૭ (ઢાળ-૬) |
| ૧૫. | પદ પંકજ નમી જિન તણાં | ૧૮૩ |
| ૧૬. | પિઉડા ! આવો હો મંદિર માહરે રે | ૧૮૪ |
| ૧૭. | પ્રીતડી ન કીજે રે | ૧૮૮ |
| ૧૮. | પામી તે પ્રતિબોધ ચોથું રે | ૧૯૫ (ઢાળ-૯) |
| ૧૯. | પાટલી પુરમાં રે પ્યારે | ૧૯૬ (ઢાળ-૧) |
| ૨૦. | પવયણ દેવી ચિત્ત ધરીજી | ૨૦૬ (ઢામ-૧) |
| ૨૧. | પ્રશ્ન વ્યાકરણાંગ તે દશમો | ૨૦૩ (ઢાળ-૧૦) |
| ૨૨. | પ્રથમ માનવ ભવ દોહિલો | ૨૦૬ (ઢાળ-૩) |
| ૨૩. | પંચમ અધ્યયને કહે એ | ૨૦૬ (ઢાળ-૫) |
| ૨૪. | પંડુર પાન થયે પરિપાકે | ૨૦૬ (ઢાળ-૧૦) |
| ૨૫. | પહેલી તિથિ એણી પેરે વદે રે | ૨૧૪ (ઢાળ-૧) |
| ૨૬. | પુનરપિ પાંચમ એમ વદે રે | ૨૧૪ (ઢાળ-૫) |
| ૨૭. | પૂનમ કહે ભવ્ય જીવને રે | ૨૧૪ (ઢાળ-૧૫) |
| ૨૮. | પર્વ પર્યુષણ આવીયારે લાલ | ૨૧૫ |
| ૨૯. | પર્વ પજુસણ આવીયાં | ૨૧૬ (ઢાળ-૧) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૩૦. | પહેલે દિન બહુ આદર જાણી | ૨૧૬ (ઢાળ-૨) |
| ૩૧. | પાપસ્થાનક પહેલું કહ્યું રે | ૨૨૧ (ઢાળ-૧) |
| ૩૨. | પાપસ્થાનક ચોથું વરજીએ | ૨૨૧ (ઢાળ-૧) |
| ૩૩. | પરિગ્રહ મમતા પરિહરો | ૨૨૧ (ઢાળ-૫) |
| ૩૪. | પાપસ્થાનક કહે સાતમું | ૨૨૧ (ઢાળ-૭) |
| ૩૫. | પાપસ્થાનક કહ્યું આઠમું | ૨૨૧ (ઢાળ-૮) |
| ૩૬. | પાપસ્થાનક દશમું કહ્યું રાગ રે | ૨૨૧ (ઢાળ-૧૦) |
| ૩૭. | પાપસ્થાનક તે તેરમું છાંડીયે | ૨૨૧ (ઢાળ-૧૩) |
| ૩૮. | પાપસ્થાનક હો કે ચૌદમું આકરૂં | ૨૨૧ (ઢાળ-૧૪) |
| ૩૯. | પાંચમો કાઠિયો પરીહરો | ૨૨૮ (ઢાળ-૫) |
| ૪૦. | પાસ જિનેસર પયનમી | ૨૨૮ (દુહો) |
| ૪૧. | પ્રથમ અહિંસા વ્રતની જાણીએ | ૨૩૬ (ઢાળ-૧) |
| ૪૨. | પારિઠા વણિયા નામથી રે | ૨૩૬ (ઢાળ-૫) |
| ૪૩. | પંચ સમિતિ સમિતા સાધુજી | ૨૩૬ (ઢાળ-૬) |
| ૪૪. | પાંચ સમિતિ સમિતા મુનિ | ૨૩૬ (દુહો) |
| ૪૫. | પંચમ નાણી રે જિનવર ઈમ કહે | ૨૪૦ (ઢાળ-૫) |
| ૪૬. | પૂજો પૂજો રે પ્રભુ પાસજીને પૂજો | ૨૪૦ (કલશ) |
| ૪૭. | પાસ જિનેશ્વર પયનમી | ૨૪૧ (દુહો) |
| ૪૮. | પહેલી ભાવના એણી પેરે ભાવી | ૨૪૧ (ઢાળ-૧) |
| ૪૯. | પલ પલ છીજે આઉખું | ૨૪૧ (દુહો) |
| ૫૦. | પાંચમી ભાવના ભાવીયે રે | ૨૪૧ (ઢાળ-૫) |
| ૫૧. | પરિહરૂ હરિહર દેવ સદા | ૨૪૧ (દુહો) |
| ૫૨. | પર તીર્થી પરના સુરજેણે | ૨૪૮ (ઢાળ-૯) |
| ૫૩. | પવયણ દેવી ચિત્ત ધરીજી | ૨૫૧ |
| ૫૪. | પ્રણમી શ્રી ગોયમ ગણધર | ૨૫૪ |
| ૫૫. | પર્ષદા આગે દીયે મુનિ દેશના | ૨૯૨ |
| ૫૬. | પુણ્ય સંયોગે પામીયો જીરે | ૩૦૩ |
| ૫૭. | પંથીડા પ્યારા મુસાફર ખાનું તરૂં | ૩૧૦ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
| --- | --- | --- |
| ૫૮. | પવયણ દેવી સમરી માત | ૩૪૩ |
| ૫૯. | પ્રભુજી મારા ! કર્મો લાગ્યા છે મારે કેડલે | ૩૪૬ |
| ૬૦. | પ્રવચન અમરી સમરી સદા | ૩૫૪ |
| ૬૧. | પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ | ૩૫૭ |
| ૬૨. | પ્રભુ સાથે જો પ્રીત વંછો તો | ૩૮૫ |
| ૬૩. | પાંજરૂ પોતાનું પોપટ જાળવે જો | ૩૮૭ |
| ૬૪. | પૈસા પૈસા પૈસા તારી વાત લાગે પ્યારી રે | ૩૯૦ |
| ૬૫. | પ્રભુ તુજ શાસન અતિભલું | ૪૧૪ |
| ૬૬. | પ્રણમું શાસનપતિ શ્રી વીર | ૪૨૩ |
| ૬૭. | પૂર્વ નવમાંથી ઉધ્ધરી | ૪૩૦ |
| | **બ** | |
| ૧. | બંભસારે વનમાં ભમતાં | ૬ |
| ૨. | બહેન લીલાવતી તમને વિનવું | ૨૮ |
| ૩. | બાળક મારે વચનથી રે | ૩૮ (ખ) ઢાળ-૩ |
| ૪. | બોધ સુણી સુધર્મા સ્વામીનો | ૫૬ |
| ૫. | બાલકુમારી ચંદનબળા | ૪૯ |
| ૬. | બળતી દ્વારિકા દેખીને રે ભાઈ | ૭૨ |
| ૭. | બેનાતટ નયરે વસે | ૮૪ |
| ૮. | બહેની બોલે હો બાહુબલી | ૧૦૩ |
| ૯. | બોલો બોલો રે શાલિભદ્ર દો વરિયાં | ૧૪૮ |
| ૧૦. | બીજે દિવસે ગવેષવા | ૧૭૨ (દુહા) |
| ૧૧. | બોલી રાણી પાપિણી | ૧૯૯ (ઢાળ-૩) |
| ૧૨. | બારમું વ્રત એમ પાળતો | ૨૦૨ |
| ૧૩. | બ્રહ્મચર્યનાં દશ કહ્યાં સ્થાનક | ૨૦૬ (ઢાળ-૧૬) |
| ૧૪. | બીજ કહે ભવ્ય જીવને રે | ૨૧૪ (ઢાળ-૨) |
| ૧૫. | બીજું પાપનું સ્થાન | ૨૨૧ (ઢાળ-૨) |
| ૧૬. | બીજું ગુણઠાણું સુણો રે | ૨૪૦ (ઢાળ-૨) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૧૭. | બીજી અશરણ ભાવના | ૨૪૧ (ઢાળ-૨) |
| ૧૮. | બાપલડી રે જીભ લડી તું | ૩૬૨ |
| ૧૯. | બાર જપું અરિહંતના | ૩૭૯ |
| | **ભ** | |
| ૧. | ભવિ તુમે વંદો રે | ૧૯ (ખ) |
| ૨. | ભોગ કરમ ઉદય તસ આવ્યો | ૮૬ (ઢાળ-૩) |
| ૩. | ભુદેવ ભાઈ ઘેર આવીયા રે | ૮૯ |
| ૪. | ભરતજી કહે કરજોડી | ૧૦૯ |
| ૫. | ભવિ તુમે વંદો રે | ૧૨૦ |
| ૬. | ભણે મેઘ ધર્મની ઢીલ ન કીજે | ૧૨૩ (ઢાળ-૩) |
| ૭. | ભવિયણ ! માયા મૂળ | ૨૩૦ |
| ૮. | ભગવતી ભારતી મન ધરીજી | ૨૩૯ |
| ૯. | ભૂત સાયર બહુ દુઃખ જલે | ૨૪૧ (દુહો) |
| ૧૦. | ભાવી જેરે સમકિત જેહથી રૂઅડું | ૨૪૮ (ઢાળ-૧૧) |
| ૧૧. | ભાવો પંચમીરે ભાવના શમદમ સારરે | ૨૪૮ (ઢાળ-૧૨) |
| ૧૨. | ભુલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો | ૪૦૨ |
| ૧૩. | ભમી ભમીને ભવ અટવીમાં | ૨૯૮ |
| ૧૪. | ભરોસે શું રહ્યા ભૂલી | ૩૦૨ |
| ૧૫. | ભવિષ્યમાં લખ્યું હોય તે થાય | ૩૯૮ |
| | **મ** | |
| ૧. | મથુરા નગરી રે કુબેર સેના ગણિકા વસે | ૩ |
| ૨. | મનોહર માલવ દેશ | ૧૬ |
| ૩. | મુનિ અરણીક ચાલ્યા ગોચરી રે વનવાસી | ૧૧૦ |
| ૪. | મહિયલમાં મુનિવર કહુંજી | ૬૨ |
| ૫. | મુદિતા લોક વસે જાજા | ૬૭ (ઢાળ-૧) |
| ૬. | માન કરશ્યો નવિ માનવીજી | ૬૭ (ઢાળ-૩) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૭. | મ્હારૂં બલ પરાક્રમ કિહાં ગયું | ૭૨ (ખ) ઢાળ-૪ |
| ૮. | માસખમણને મુનિવર | ૯૯ |
| ૯. | માસખમણને પારણે | ૧૦૦ |
| ૧૦. | મનમેંહી વૈરાગી ભરતજી | ૧૦૭ |
| ૧૧. | મોહનગારી મનોરમા | ૧૧૪ |
| ૧૨. | મરૂદેવી માતા રે એમ ભણે | ૧૧૬ |
| ૧૩. | માતાજી મરૂદેવા રે ભરતને ઈમ કહે | ૧૧૮ (ઢાળ-૧) |
| ૧૪. | મેઘ જઈ કહે માને ઉમાહ્યો | ૧૨૩ (ઢાળ-૨) |
| ૧૫. | મહિમંડલમાં વિચરતા રે | ૧૪૯ |
| ૧૬. | મયણા સિદ્ધચક્ર આરાધે | ૧૫૪ (ઢાળ-૪) |
| ૧૭. | મને કહી સંભળાવો વાત | ૧૬૩ |
| ૧૮. | મનમાં સમજ્યા દોય ભ્રાત | ૧૬૭ (ઢાળ-૩) |
| ૧૯. | મુનિવર સેજે વિચરતા જીવનાં જતન કરત | ૧૭૪ |
| ૨૦. | મેં જાણ્યું વહુ છે નાનેરૂ બાળ | ૧૭૭ (ઢાળ-૨) |
| ૨૧. | મારગ માથેં આમ્રવૃક્ષ ઉગ્યો અતિ સાર | ૧૬૦ |
| ૨૨. | મારા મનમાંહિ લાગે મીઠો | ૧૯૫ (ઢાળ-૩) |
| ૨૩. | જોં જોગ તુમારો જાણ્યો રે | ૧૯૫ (ઢાળ-૪) |
| ૨૪. | માંડ્યો નારારંભ મહારંગ વરસે રે | ૧૯૫ (ઢાળ-૫) |
| ૨૫. | મેં પરણી સંયમ નારી રે | ૧૯૫ (ઢાળ-૮) |
| ૨૬. | મેં જોગ તુમારો જાણ્યો રે | ૧૯૬ (ઢાળ-૯) |
| ૨૭. | મુનિરાજ કહે સુણવેશ | ૧૯૬ (ઢાળ-૧૪) |
| ૨૮. | મજ્જન ચીર તિલક આદ્યંત | ૧૯૬ (ઢાળ-૧૫) |
| ૨૯. | મેઘરાગ ઔર ભૈરવ રામે કરીઓ રે | ૧૯૬ (ઢાળ-૧૬) |
| ૩૦. | મિથ્યાત્વવામી કોશ્યા સમકિત પામી રે | ૧૯૬ (ઢાળ-૧૭) |
| ૩૧. | માતા ઉમિયાને અંગે પ્રગટ થયા રે | ૨૦૧ |
| ૩૨. | મગધદેશ રાજગૃહી નગરી | ૨૦૬ (ઢાળ-૨૦) |
| ૩૩. | મદ આઠ મહામુનિ વારીએ | ૨૨૩ |
| ૩૪. | મોહે વાહ્યો પાપીઓ રે | ૨૨૮ (ઢાળ-૨) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૩૫. | માન ન કીજે માનવીરે | ૨૨૮ (ઢાળ-૪) |
| ૩૬. | માયા મનથી પરિહરી રે | ૨૩૧ |
| ૩૭. | મુનિ મુગતિ પદ સાધવા | ૨૩૬ (દુહો) |
| ૩૮. | મિશ્ર ગુણઠાણું હવે ત્રીજુ | ૨૪૦ (ઢાળ-૩) |
| ૩૯. | મોહવશી (શે) મન મંત્રવી | ૨૪૧ (દુહો) |
| ૪૦. | મન ધરૂ તન નાલી કરી | ૨૪૧ (દુહો) |
| ૪૧. | મારૂં મારૂં મ કર જીવતું | ૨૭૬ |
| ૪૨. | મરણ ન છુટે રે પ્રાણીયા | ૨૭૩ |
| ૪૩. | માનમાં માનમાં માનમાં રે | ૨૭૭ |
| ૪૪. | મુસાફર જીવડા ! કાયાનો મહેલ | ૩૧૧ |
| ૪૫. | મોંઘેરો દેહ આ પામી | ૩૧૭ |
| ૪૬. | મારા અન્નદેવતા ! વેગે પધારો રાજ | ૩૩૭ |
| ૪૭. | મન માંકલડું આણા ન માને | ૪૦૦ |
| ૪૮. | મનાજી ! તું તો જિન ચરણે | ૪૦૧ |
| ૪૯. | મનુષ્ય ભવનું ટાણું રે કાલે | ૪૦૪ |
| ૫૦. | માંકડનો ચટકો દોહિલો | ૪૦૫ |
| ૫૧. | મુરખો ગાડી દેખી મલકાવે | ૪૧૦ |
| ૫૨. | મોક્ષનગર મારૂં સાસરૂં | ૪૧૨ |
| ૫૩. | મોરા ચેતન હો કે કહું | ૪૧૫ |
| | **ય** | |
| ૧. | યક્ષે ડરીયો જાણીને ઢાળી દીધો | ૬૦ (દુહો ઢાળ-૪) |
| ૨. | યોગ દૃષ્ટિ ચોથી કહીજી | ૨૩૭ (ઢાળ-૪) |
| | **ર** | |
| ૧. | રાજગૃહી નગરી ભલી | ૮ |
| ૨. | રાય પડાવ વિકુર્વ્યોએ | ૧૯ (ક) ઢાળ-૩ |
| ૩. | રૂપ કીયો દેવતા તણો રે | ૧૯ (ક) ઢાળ-૫ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૪. | રાજીમતિ રૂક્મિણી પમુહારે | ૩૨ (ઢાળ-૫) |
| ૫. | રાય સેવક તવ કહે સાધુને | ૩૮ (ઢાળ-૨) |
| ૬. | રાજગૃહી નગરી વસે | ૫૭ |
| ૭. | રયણાદેવી તેણે અવસરે | ૬૦ (દુહો ઢાળ-૨) |
| ૮. | રાજા મન મોદે કરી રે | ૬૭ (ઢાળ-૨) |
| ૯. | રામ કૃષ્ણ બેઉ નીકળ્યા | ૭૨ (ખ) ઢાળ-૪ દુહા |
| ૧૦. | રાજગૃહી નગરી ભલી | ૭૬ |
| ૧૧. | રાજગૃહી નગરી મોઝારોજી | ૭૭ |
| ૧૨. | રાજગૃહી નગરી ભલી | ૮૩ (ઢાળ-૧) |
| ૧૩. | રાજગૃહી નગરીનો વાસી | ૮૬ (ઢાળ-૧) |
| ૧૪. | રાણી રાજુલ કરજોડી કહે | ૯૦ |
| ૧૫. | રાજ્યતણા અતિ લોભીયાજી | ૧૦૨ |
| ૧૬. | રત્નાવલી નયરી ભલી | ૧૨૭ |
| ૧૭. | રાજુલ સતી અણજાણતાં | ૧૨૮ (દુહા) |
| ૧૮. | રાજીમતી ગુણવંતી બોલે | ૧૨૮ (ઢાળ-૧) |
| ૧૯. | રહનેમી રાજુલ દીયર ભોજાઈ | ૧૩૧ |
| ૨૦. | રાવણ કહે સુણ મંદોદરી | ૧૩૫ (ઢાળ-૫) |
| ૨૧. | રાજા ચાલ્યો રયવાડીએ | ૧૫૪ (ઢાળ-૨) |
| ૨૨. | રાજા શ્રેણીક પોઢ્યો મંદિરે રે | ૧૫૬ |
| ૨૩. | રૂડે રૂપે રે શીલ સોહાગણ સુંદરી | ૧૮૧ |
| ૨૪. | રાજ પધારો મેરે મંદિર | ૧૯૬ (ઢાળ-૮) |
| ૨૫. | રમણી શું રંગ રસે રમતાં | ૧૯૬ (ઢાળ-૧૦) |
| ૨૬. | રાજગૃહી ઉદ્યાન સમોસર્યા ભગવાન | ૨૧૯ (ઢાળ-૩) |
| ૨૭. | રે પ્રાણી ! જીવની હિંસા નિવાર | ૨૨૧ |
| ૨૮. | રે જીવ ! માન ન કીજીયે | ૨૨૩ |
| ૨૯. | રાત દિવસ વ્યાક્ષેપમાં લાલ | ૨૨૮ (ઢાળ-૧૧) |
| ૩૦. | રાડ કલહ સવિ મૂલે નિવારે | ૨૩૨ |
| ૩૧. | રે ભવિ ભાવ હૃદયે ધરો | ૨૫૬ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૩૨. | રાત દિવસ કાયા મૂઢ પોષે રે | ૨૬૬ |
| ૩૩. | રે નર ! જગ સપને કી માયા | ૩૧૨ |
| | **લ** | |
| ૧. | લખિત ભાવ ટળે નહિ | ૩૮ (ખ) ઢાળ-૩ દુહા |
| ૨. | લજ્જા મોરી રાખો રે દેવ ખરી | ૭૦ |
| ૩. | લાલ સનેહી રે સ્થુલભદ્ર દેખીયેં રે | ૧૮૬ |
| ૪. | લાછલ દે માત મલ્હાર | ૧૯૨ |
| ૫. | લોભ ન કરીએ પ્રાણીયા | ૨૩૩ |
| ૬. | લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં | ૨૪૮ (ઢાળ-૮) |
| ૭. | લોઢું લાલ બને અગ્નિ સંગથી | ૪૨૬ |
| | **વ** | |
| ૧. | વીર જિણંદ વાંદીને ગૌતમ | ૧ |
| ૨. | વીર ધીર ગંભીર વર વાસિત જે પદ શિવ | ૫ (દુહો) |
| ૩. | વીણા પુસ્તક હાથ હંસા ગજ ગામિની | ૧૮ (ઢાળ-૧) |
| ૪. | વાડી ફરી જયું બાગમેં | ૫ (ઢાળ-૫) દુહા |
| ૫. | વસુદેવ રાયરાણી જરા રે | ૩૨ (ઢાળ-૨) |
| ૬. | વીર જિનેશ્વર રે ગૌતમ ને કહે | ૩૪ |
| ૭. | વીર પ્રભુજી પધારો નાથ | ૪૭ |
| ૮. | વાસી દિલ્હી રે નયરના | ૫૩ |
| ૯. | વીર બત્રીશ કામિની રે ધન્ના | ૭૫ (ઢાળ-૩) |
| ૧૦. | વીરાજી માનો મુજ વિનતી | ૧૦૪ |
| ૧૧. | વહાણામાં રૂવે રે મદન મંજુષા | ૧૧૨ |
| ૧૨. | વીર જિનેસર ચરણ સરોરૂહ | ૧૨૬ |
| ૧૩. | વિચરંતા નેમિ જિનેશ્વર આવિયા રે | ૧૪૩ |
| ૧૪. | વિમલ કેવલી તામ ચંપા નયરીએ | ૧૪૫ (ઢાળ-૨) |
| ૧૫. | વિચરંતા ગામોગામ નેમિ જિનેશ્વર સ્વામ | ૧૩૬ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૧૬. | વસંતપુર સોહામણું રે | ૧૬૭ (ઢાળ-૧) |
| ૧૭. | વેશ જોઈને સ્વામી આપનો | ૧૯૦ |
| ૧૮. | વાર વધુ સોહામણી રૂપે રંગે સારી | ૧૯૬ (ઢાળ-૨) |
| ૧૯. | વેશ્યાયે વધાવ્યા સ્વામી રે | ૧૯૬ (ઢાળ-૭) |
| ૨૦. | વીર જિણંદની દેશના | ૨૦૬ (ઢાળ-૧૧) |
| ૨૧. | વાણારસી નગરી વસે | ૨૦૬ (ઢાળ-૨૫) |
| ૨૨. | વીર ગોયમને ઈમ કહે | ૨૦૬ (ઢાળ-૨૭) |
| ૨૩. | વર્ધમાન જિનવર કહે | ૨૦૬ (ઢાળ-૨૮) |
| ૨૪. | વર્ધમાન જિન ઉપદેશે | ૨૦૬ (ઢાળ-૩૧) |
| ૨૫. | વીર કહે ભવિ લોકને | ૨૦૬ (ઢાળ-૩૫) |
| ૨૬. | વિનય કરજો ચેલા વિનય કરજો | ૨૦૭ (ઢાળ-૯) |
| ૨૭. | વીર કહે બત્રીશમેં રે | ૨૦૬ (ઢાળ-૩૨) |
| ૨૮. | વાંદી વીર જિનેશ્વર પાય | ૨૧૩ (ખ) |
| ૨૯. | વન જ વદન વાગેશ્વરી | ૨૩૬ (દુહો) |
| ૩૦. | વચન વદ મુખથી મુનિ | ૨૩૬ (દુહો) |
| ૩૧. | વાર અનંતિ ફરસીયો | ૨૪૧ (દુહો) |
| ૩૨. | વિનય કરો ચેલા ગુરૂ તણો | ૨૫૦ |
| ૩૩. | વૃથા કરે તુ ગુમાન | ૩૨૬ |
| ૩૪. | વેરણ નિદ્રા તું કયાંથી રે આવી | ૩૮૧ |
| ૩૫. | વારી જાઉં શ્રી અરિહંતની | ૩૮૬ (ઢાળ-૧) |
| ૩૬. | વણઝારો ધૂતારો કામણગારો | ૪૧૩ |
| ૩૭. | વાણીયો વણજ કરે છે રાજ | ૪૧૭ |
| | **શ** | |
| ૧. | શાંતિ કરણ શાંતિ કરો | ૧૮ (દુહો) |
| ૨. | શીખ લેઈ વાસુદેવની | ૩૨ (ઢાળ-૪) દુહા) |
| ૩. | શી કહું કથની મારી રાજ | ૩૦ |
| ૪. | શીખ સુણો સખી માહરી | ૬૪ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૫. | શારદા ગુરૂ જિનવર નમી | ૭૨ (ખ) ઢાળ-૧ દુહો |
| ૬. | શીયાળામાં શીત ઘણી રે ધન્ના | ૭૫ (ઢાળ-૨) |
| ૭. | શેઠ શરીરે અન્યદા | ૮૩ (દુહો) |
| ૮. | શુભધ્યાને કાઉસગ્ગ | ૯૨ (ઢાળ-૩) |
| ૯. | શેઠ ભાવડ નામે વાણીયો રે | ૧૧૦ |
| ૧૦. | શમદમ ગુણના આગરૂજી | ૧૨૫ |
| ૧૧. | શુક્લ પક્ષ વિજયા વ્રત લીનો | ૧૪૬ |
| ૧૨. | શાલિભદ્ર મોહ્યો રે શિવરમણી | ૧૫૦ |
| ૧૩. | શારદ ગુરૂ ચરણે નમી | ૧૪૭ |
| ૧૪. | શેઠ સેનાપતિ વાધીયારે | ૧૫૭ (ઢાળ-૩) |
| ૧૫. | શીલ રતન જતનેં ધરો રે લોલ | ૧૭૦ |
| ૧૬. | શેઠ સુદર્શન ગજ ઉપર ચઢ્યાજી | ૧૭૧ (ઢાળ-૬) |
| ૧૭. | શીલ સુરંગી રે સુલસા મહાસતી | ૧૭૯ |
| ૧૮. | શૌરીપુરી અતિ સુંદર | ૨૦૬ (ઢાળ-૨૨) |
| ૧૯. | શિષ્ય જિનેશ્વર પાસના | ૨૦૬ (ઢાળ-૨૩) |
| ૨૦. | શૌરીપુર સમુદ્રવિજય ઘરે | ૨૧૬ (ઢાળ-૯) |
| ૨૧. | શિવસુખ કારણ ઉપદિશે | ૨૩૭ (ઢાળ-૧) |
| ૨૨. | શુભ માનસ માનસ કરી | ૨૪૧ (દુહો) |
| ૨૩. | શીયલ સમું વ્રત કો નહિ | ૨૪૪ |
| ૨૪. | શુદ્ધ ધરમથી નવિ ચલે | ૨૪૮ (ઢાળ-૧૦) |
| ૨૫. | શી કહું કથની મારી | ૨૫૯ |
| ૨૬. | શત્રુ મિત્ર સમાન | ૩૨૭ |
| | **સ** | |
| ૧. | સંયમ રંગે રંગ્યું જીવન | ૨ |
| ૨. | સાધવી કહે સુણજો સહું | ૫ (ઢાળ-૫) દુહા |
| ૩. | સદ્ગુરૂ ચરણે ચરણે નમી કહું સાર... | ૧૧ |
| ૪. | સુહસ્તી નામે દશ પૂર્વધર નાણી | ૧૭ |

| ક્રમાંક | સજઝાયનું પ્રથમ પદ | સજઝાય નંબર |
|---|---|---|
| ૫. | સદ્ગુરૂ ચરણ કમલ નમીજી રે | ૨૪ (ઢાળ-૧) |
| ૬. | સોના કેરાં કાંગરાં ને રૂપાકેરો ગઢ | ૩૯ |
| ૭. | સંવેગ રંગમાં ઝીલતો રે | ૪૧ |
| ૮. | સ્વસ્તિ શ્રી મરૂદેવીનોજી | ૫૧ (ઢાળ-૧) |
| ૯. | સ્વસ્તિ શ્રી વિમલાપુરે | ૫૧ (ઢાળ-૨) |
| ૧૦. | સુપન દેખી પહેલડે રે | ૫૨ |
| ૧૧. | સરસ્વતી સ્વામીને વિનવું | ૫૮ |
| ૧૨. | સાંભળો સાધુ સોહામણો રે લોલ | ૬૪ (ઢાળ-૨) |
| ૧૩. | સરસ્વતિ સ્વામીને વિનવું રે | ૭૮ |
| ૧૪. | સાધુજીને તુંબડું વોરા વિયું રે | ૭૯ |
| ૧૫. | સમરી રંગે શ્રુતની દેવી | ૮૧ (ખ) |
| ૧૬. | સાધુજી ન જઈએરે પરઘર એકલા | ૮૫ |
| ૧૭. | સ્વસ્તિ શ્રી કમલા ભજે | ૮૩ (દુહો) |
| ૧૮. | સ્વસ્તિ શ્રી વરદાયિની | ૯૨ (દુહો) |
| ૧૯. | સદ્ગુરૂ સંગતિ કરજો ભાઈ | ૯૪ |
| ૨૦. | સ્વસ્તિ શ્રી શારદા ભણી | ૧૦૮ (ઢાળ-૧) દુહો |
| ૨૧. | સરસ્વતી સ્વામીને વિનવું | ૧૧૧ |
| ૨૨. | સહજ સોભાગી હો સાધુ શિરોમણી | ૧૧૯ |
| ૨૩. | સુગ્રીવ નગર સોહામણું જી | ૧૨૧ |
| ૨૪. | સમરી શારદ સ્વામિની | ૧૨૩ (ઢાળ-૧) |
| ૨૫. | સુણ મંદોદરી નારાયણ નમવાનો મારે નેમ છે | ૧૩૪ |
| ૨૬. | સુણ મંદોદરી નારાયણ નમવાનો મારે નેમ છે | ૧૩૫ (ઢાળ-૨) |
| ૨૭. | સાંભળજો તુમે અદ્ભુત વાતો | ૧૪૦ |
| ૨૮. | સુભદ્રા માતા ઈમ ભણે | ૧૫૧ |
| ૨૯. | સરસ્વતી માતા મયા કરો | ૧૫૫ |
| ૩૦. | સરસતી સરસ વચન રસ માગું | ૧૫૮ |
| ૩૧. | સંયમ ધીર સુગુરૂ પયવંદી | ૧૭૧ (ઢાળ-૧) |
| ૩૨. | સાસુએ પુત્રને તેડાવીયો | ૧૭૭ (ઢાળ-૩) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૩૩. | સતી મનમાં ચીંતવે એમ | ૧૭૭ (ઢાળ-૪) |
| ૩૪. | સરસ્વતી સ્વામિની કરો | ૧૮૦ |
| ૩૫. | સરસ્વતી સ્વામિને વિનવું રે | ૧૮૨ |
| ૩૬. | સરસ્વતીને ચરણે નમી | ૧૯૪ (દુહો) |
| ૩૭. | સુખ સંપત્તિ દાયક સદા | ૧૯૫ (દુહા) |
| ૩૮. | સાંભળી તારાં વયણાં રે થઈ હું ઘેલી રે | ૧૯૫ (ઢાળ-૭) |
| ૩૯. | સયલ સુહંકર પાસજી | ૧૯૬ (દુહા) |
| ૪૦. | સ્થુલિભદ્ર કહે સુણ બાળા રે | ૧૯૬ (ઢાળ-૧૨) |
| ૪૧. | સોવાંગ કુળમાં ઉપન્યા | ૧૯૭ |
| ૪૨. | સદ્‌ગુરૂ પદ પંકજ નમી | ૧૯૮ (દુહો) |
| ૪૩. | સત્ય શિરોમણી હરીશ્ચંદ્ર પૃથ્વીપતિ | ૧૯૮ (ઢાળ) |
| ૪૪. | સાધુ કહે સુણો માતા ગંગા | ૧૯૯ (ઢાળ-૨) |
| ૪૫. | સાધુ કહે નિજ જીવને | ૧૯૯ (ઢાળ-૪) |
| ૪૬. | સૂયડાંગ હવે સાંભળોજી | ૨૦૩ (ઢાળ-૨) |
| ૪૭. | સાતમું અંગ ઉપાસક દશા | ૨૦૩ (ઢાળ-૭) |
| ૪૮. | સમવ સરણ સિંહાસનેજી | ૨૦૫ |
| ૪૯. | સંસારે રે જીવ અનંત ભવે કરી | ૨૦૬ (ઢાળ-૬) |
| ૫૦. | સુગ્રીવ નયર વર વનવાડી આરામ | ૨૦૬ (ઢાળ-૧૯) |
| ૫૧. | સોહમ સ્વામી જંબુ પ્રત્યે | ૨૦૬ (ઢાળ-૨) |
| ૫૨. | સમિતિ ગુપ્તી સુધી ધરો ભવિ | ૨૦૬ (ઢાળ-૨૪) |
| ૫૩. | સોહમ જંબુને કહે | ૨૦૬ (ઢાળ-૨૯) |
| ૫૪. | સોહમ સ્વામી એમ કહે રે | ૨૦૬ (ઢાળ-૩૬) |
| ૫૫. | સદ્‌ગુરૂ પદ પંકજ નમી | ૨૦૭ (ઢાળ-૧) |
| ૫૬. | સ્વામી સુધર્મા રે કહે જંબુ પ્રત્યે | ૨૦૭ (ઢાળ-૪) |
| ૫૭. | સુઝતા આહારનો ખપ કરોજી | ૨૦૭ (ઢાળ-૫) |
| ૫૮. | સાચું વયણ જે ભાખીયે રે | ૨૦૭ (ઢાળ-૭) |
| ૫૯. | સાધુજી સંયમ સુધો પાળે | ૨૦૭ (ઢાળ-૧૧) |
| ૬૦. | સાતમ કહે શાંત આતમા | ૨૧૪ (ઢાળ-૭) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૬૧. | સંવચ્છરી દિન સાંભળો એ | ૨૧૬ (ઢાળ-૧૧) |
| ૬૨. | સદ્ગુરૂ વયણેં તપ કરે રે લાલ | ૨૧૯ (ઢાળ-૨) |
| ૬૩. | સુંદર ! પાપ સ્થાનક તજો સોળમું | ૨૨૧ (ઢાળ-૧૬) |
| ૬૪. | સદ્ગુરૂ ચરણ પસાઉ લે રે લાલ | ૨૧૭ |
| ૬૫. | સત્તરમું પાપનું ઠામ | ૨૨૧ (ઢાળ-૧૭) |
| ૬૬. | સમકિતનું મૂળ જાણીએજી | ૨૨૯ |
| ૬૭. | સમિતિ બીજી મુનિ આદરો | ૨૩૬ (ઢાળ-૨) |
| ૬૮. | સાધુજી સમિતિ ચોથી પાળો | ૨૩૬ (ઢાળ-૪) |
| ૬૯. | સંવર વંત સુ સંયમી | ૨૩૬ (દુહો) |
| ૭૦. | સાધુજી વચણ ગુપ્તિ ધરો | ૨૩૬ (ઢાળ-૭) |
| ૭૧. | સુક્ષ્મ સંપરાય નામે દશમું | ૨૪૦ (ઢાળ-૧૦) |
| ૭૨. | સોનાને સિંહાસન બેઠાં રેવતીજી | ૧૩૮ |
| ૭૩. | સુકૃત વલી કાદંબિની | ૨૪૮ (દુહો) |
| ૭૪. | સમકિત દુષણ પરિહરો | ૨૪૮ (ઢાળ-૫) |
| ૭૫. | સોહે સમકિત જેહથી | ૨૪૮ (ઢાળ-૭) |
| ૭૬. | સુણ સુણ સાહેલીરે કહું હૃદયની વાત | ૨૭૫ |
| ૭૭. | સગું તારૂં કોણ સાચું રે | ૨૯૦ |
| ૭૮. | સાર નહિ રે સંસારમાં | ૨૯૪ |
| ૭૯. | સજી ઘરબાર સારૂં મિથ્યા કહે છે મારૂં મારૂં | ૨૯૭ |
| ૮૦. | સુણ આતમા મત પડ મોહ | ૩૦૫ |
| ૮૧. | સંસાર ધુમાડાના બાચકા રે | ૩૧૫ |
| ૮૨. | સુરતરૂની પરે દોહિલો રે | ૩૨૪ |
| ૮૩. | સદ્ગુરૂ ચરણ પસાઉં લે | ૩૨૫ |
| ૮૪. | સર્વ દેવદેવ મેં પ્રત્યક્ષદેવ રોટી | ૩૩૧ |
| ૮૫. | સમરી શ્રુત દેવી શારદા | ૩૩૫ |
| ૮૬. | સમરૂ ભગવતી ભારતી | ૩૩૭ |
| ૮૭. | સાસુંને વહુ બેઉં મંદિરે ગયાં તાં | ૩૪૦ |
| ૮૮. | સરસ્વતી માતા આદે નમી રે | ૩૪૨ |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૮૯. | સુખ દુઃખ સરજ્યાં પામીયે રે | ૩૪૯ |
| ૯૦. | સરસ્વતિ સ્વામીને પાય નમી રે | ૩૫૧ |
| ૯૧. | સાંભળ સયણાં સાચી સુણાવું | ૩૬૫ |
| ૯૨. | સમરી સિદ્ધ અનંત મહંત | ૩૬૮ (ઢાળ-૧) |
| ૯૩. | સુણ ગોયમજી વીર પયંપે નરક તણાં | ૩૭૪ |
| ૯૪. | સમર રે જીવ ! નવકાર નિત્ય | ૩૭૭ |
| ૯૫. | સુધા સાધુજી રે તમે | ૩૮૨ |
| ૯૬. | સરસતિ સ્વામીની પય નમીજી રે | ૩૮૮ |
| ૯૭. | સમતા સુખના જે ભોગી | ૪૦૯ |
| ૯૮. | સુણ સહ્રોડીયા સટ્ટાના સંગે બટો લાગશે | ૪૨૦ |
| ૯૯. | સાંભળ જો મુનિ સંયમરાગે | ૪૨૧ |
| ૧૦૦. | સહજાનંદીરે આતમા | ૪૨૨ |
| ૧૦૧. | સુધર્મા દેવલોકમાં રે | ૪૨૪ |
| ૧૦૨. | સત્સંગનો રસ ચાખ | ૪૨૭ |
| ૧૦૩. | સુણ સોદાગર બે દિલકી બાત હમારી | ૪૨૮ |
| | **હ** | |
| ૧. | હરે મારે વર્તુલાહારે વિસ્તરીયો | ૫ (ઢાળ-૧) |
| ૨. | હાલો વીરા ! હાલો બાંધવ ! મત રૂઓ | ૫ (ઢાળ-૪) |
| ૩. | હવે આદનપુર અભિરામજી | ૧૮ (ઢાળ-૨) |
| ૪. | હે ઈંદ્રભૂતી તારા ગુણો | ૪૫ |
| ૫. | હાથ જોડીને એમ કહે રે લાલ | ૬૦ (ઢાળ-૨) |
| ૬. | હરિ લાલ દોનું ભાઈ રૂવે ઘણું | ૬૦ (ઢાળ-૩) |
| ૭. | હવે બોલે નેમિ જિણંદ | ૭૨ (ખ) ઢાળ-૧ |
| ૮. | હસ્તિનાપુર વર ભલું | ૯૧ |
| ૯. | હે પ્રાણી ! ભવસાગર ભમતાં | ૯૨ (ઢાળ-૨) |
| ૧૦. | હિરણ્યપુર નામે નયરમાં રે | ૧૫૩ |
| ૧૧. | હવે ઈણ અવસર અન્યદા | ૧૫૬ (દુહા) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૧૨. | હવે એક સમયે આવ્યો પરદેશી | ૧૬૭ (ઢાળ-૨) |
| ૧૩. | હવે અભયા થઈ આકરી રે લાલ | ૧૭૧ (ઢાળ-૪) |
| ૧૪. | હવે સુબાહુકુમાર એમ વિનવે | ૧૭૩ |
| ૧૫. | હું પભણું શું એહની વાત | ૧૭૫ |
| ૧૬. | હો સજ્જની રે પ્રીતમજી પ્યારો રે | ૧૯૬ (ઢાળ-૬) |
| ૧૭. | હવે ચૌદશ તિથિ ઈમ વદે રે | ૨૧૪ (ઢાળ-૧૪) |
| ૧૮. | હવે એકાદશી ઈમ વદે ભવિજન | ૨૧૪ (ઢાળ-૧૧) |
| ૧૯. | હાંરે મારે જ્ઞાની ગુરૂના વચણ સુણી | ૨૧૮ (ઢાળ-૪) |
| ૨૦. | હિત મિત મધુર મ તુચ્છતા | ૨૩૬ (દુહો) |
| ૨૧. | હવે ગુણઠાણું સમકિત ધરીયે રે | ૨૪૦ (ઢાળ-૪) |
| ૨૨. | હવે સુણજો ભવિયણ પ્રાણી | ૨૪૦ (ઢાળ-૧૧) |
| ૨૩. | હો ચેત જીવલડા ! મ કર તું જંજાળતો | ૨૬૨ |
| ૨૪. | હાંરે લાલ સિદ્ધ સ્વરૂપી આતમા | ૨૯૯ |
| ૨૫. | હતું બાલક પણું | ૩૧૩ |
| ૨૬. | હો નાણાવટી ! નાણું નિર્ભય ખરૂં | ૩૮૦ |
| ૨૭. | હો દુરમતડી ! વેરણ થઈ લીધો રે | ૪૨૫ (ઢાળ-૧) |
| ૨૮. | હો સુમતિજી ! મુજને એવડો દોષ | ૪૨૫ (ઢાળ-૨) |
| ૨૯. | હો કો હો કો શું કરો... રે | ૪૩૧ |
| ૩૦. | હોંશીડા ભાઈ ! હોંશ ન કીજે મોટી | ૪૩૨ |
| | **શ્ર** | |
| ૧. | શ્રી રાજગૃહી નગરી વિષે | ૩૫ (દુહો) |
| ૨. | શ્રી મુનિસુવ્રત જિન નમું | ૩૮ (ખ) ઢાળ-૧ દુહા |
| ૩. | શ્રી વરદા જગદંબિકા | ૫૧ (ઢાળ-૨) દુહા |
| ૪. | શ્રી શંખેશ્વર પ્રણતું પાસ | ૯૬ |
| ૫. | શ્રી યશોવિજય વાચક તણા | ૧૨૬ (ક) ઢાળ-૪ |
| ૬. | શ્રી ધનગિરિ મુનિ ગોચરી જતા | ૧૪૨ |
| ૭. | શ્રી શંખેશ્વર પાય નમી | ૧૬૦ (દુહા) |

| ક્રમાંક | સજ્ઝાયનું પ્રથમ પદ | સજ્ઝાય નંબર |
|---|---|---|
| ૮. | શ્રી સ્થુલિભદ્ર મુનિગણમાં શિરદાર જો | ૧૮૯ |
| ૯. | શ્રી જિન ધર્મ સુણી ખરો | ૨૦૬ (ઢાળ-૧૭) |
| ૧૦. | શ્રી વીરે તપ વર્ણવ્યો | ૨૦૬ (ઢાળ-૩૦) |
| ૧૧. | શ્રી સરસ્વતિને ચરણે નમું | ૨૧૦ |
| ૧૨. | શ્રીમદ્ ગોડી જગધણી | ૨૧૪ (દુહો) |
| ૧૩. | શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર વયણથી રે | ૨૧૮ (ઢાળ-૧) |
| ૧૪. | શ્રી વીરવાણી ચિત્ત ધરો | ૨૨૮ (ઢાળ-૯) |
| ૧૫. | શ્રી જિનવર ઈમ ઉપદિશે | ૨૪૦ (ઢાળ-૭) |
| ૧૬. | શ્રી જિન વિરજી ઈમ બોલે | ૨૪૦ (ઢાળ-૧૨) |
| ૧૭. | શ્રી જંબુમુનિ વિનવ્યા રે | ૨૫૨ |
| ૧૮. | શ્રી જિનવાણી મન ધરી | ૩૩૩ |
| ૧૯. | શ્રી મહાવીરે ભાખીયા | ૩૭૦ |
| ૨૦. | શ્રી નવકાર જપો મનરંગે | ૩૭૬ |
| ૨૧. | શ્રાવક તું ઉઠે પરભાત | ૪૧૯ |
| | **જ્ઞ** | |
| ૧. | જ્ઞાતા ધર્મ કથા છઠ્ઠું અંગ | ૨૦૩ (ઢાળ-૩) |
| ૨. | જ્ઞાનીના વયણથી ચારે બહેનો | ૨૧૮ (ઢાળ-૩) |
| ૩. | જ્ઞાન દિવાકર ભાખીયો રે લાલ | ૨૪૦ (ઢાળ-૧) |
| ૪. | જ્ઞાન કદિ નવ થાય મુરખ ને જ્ઞાન | ૪૧૧ |







સંયમ સુવાસ